

# શાસન પ્રભાવક સૂરિવરો

## (જીવનચરિત્ર સંગ્રહ)


માર્ગદર્શક : પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

સંયોજક-સંપાદક : પૂ.પંન્યાસ શ્રી હિતપ્રજ્ઞવિજયજી ગણિવર

# શાસન પ્રભાવક સૂરિવરો

## (જીવનચરિત્ર સંગ્રહ)

- માર્ગદર્શક -

પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજ

- સંયોજક-સંપાદક -

પૂ. પંન્યાસજી શ્રી **હિતપ્રજ્ઞવિજયજી** ગણિવર

-: પ્રકાશક :-

**સન્માર્ગ પ્રકાશન,**

અમદાવાદ.

પુસ્તકનું નામ : શાસન પ્રભાવક સૂરિવરો (જીવન ચરિત્ર સંગ્રહ)

સંયોજક-સંપાદક : પૂ. પંન્યાસજી શ્રી હિતપ્રજ્ઞવિજયજી ગણિવર

આવૃત્તિ : પ્રથમ વિ.સં. ૨૦૬૬ વિ.સં. ૨૫૩૬ ઈ.સ. ૨૦૧૦

નકલ : ૨૦૦૦

મૂલ્ય : ગુણકીર્તન-ગુણગ્રહણ

– પ્રકાશક-પ્રાપ્તિસ્થાન –

સન્માર્ગ પ્રકાશન

જૈન આરાધના ભવન ટ્રસ્ટ

પાછીયાની પોળ, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૫૩૫૨૦૭૨ - ફેક્સ : ૨૫૩૯૨૭૮૯

Email : sanmarg.prakashan@gmail.com

**સંઘ સમાધિદાતા પૂ.આ.શ્રી**
**વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ**
**સ્વહસ્તાક્ષરમાં લખી આપેલ**



# હિતશિક્ષા

आत्मप्रवृत्तावतिजागरूकः,
परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी
लोकोत्तरं साम्यमुपैति योगी ॥१॥

આત્માને શિવપદનો સ્વામી બનાવવો હોય તો લોકોત્તર સામ્ય (એટલે કોઈ પણ સારા નરસા કોઈ કર્મજન્ય પ્રસંગમાં રાગ-દ્વેષની હાજરીમાં પણ રાગ અને દ્વેષથી રહિત રહેવું તે.) ને પામ્યા વિના ચાલે તેવું નથી અને એવા સામ્યને પામવા માટે પુણ્યોદયથી મળેલા મન-વચન-કાયાના યોગોના સ્વામી બની સાચા યોગી બનવું જોઈએ. એવા સાચા યોગી બનવા માટે પ્રથમ તો સદાય ચિદાનન્દપદ એટલે મોક્ષના જ ઉપયોગવાળા બનવું જોઈએ. આ ઉપયોગને સદા માટે જીવન્ત રાખવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ જે આત્માનું હિત કરનારી પ્રવૃત્તિમાં અતિજાગરૂક એટલે અતિશય અપ્રમાદી બનવું જોઈએ. એવા અપ્રમાદી બની રહેવા માટે આત્મહિતકર ઉપર જણાવેલી જે પ્રવૃત્તિ તેનાથી વિરૂદ્ધ જતી પ્રવૃત્તિ સાંભળવા માટે બહેરા બનવું જોઈએ, જોવા માટે અન્ધ બનવું જોઈએ અને બોલવા માટે મુંગા બનવું જોઈએ. આવી યોગી દશા નજીકમાં એ જ એકની એક સદા માટેની - શુભાભિલાષા.

# પ્રકાશકીય બે બોલ

**'શાસન પ્રભાવક સૂરિવરો'** આ પુસ્તકમાં અનુક્રમણિકામાં જણાવ્યા મુજબ પૂ. વડીલ મહાપુરુષો તથા

- ❖ પૂજ્ય આ.શ્રી. **આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચંદ્રસૂરિ** મહારાજાનો સમુદાય.
- ❖ પૂજ્ય આ.શ્રી. વિજય **સિદ્ધિસૂરિ મહારાજા** (પૂ. બાપજી મ.)નો સમુદાય.
- ❖ પૂજ્ય આ.શ્રી વિજય **લબ્ધિસૂરિ મહારાજા**નો સમુદાય.
- ❖ પૂજ્ય શ્રી **જિતવિજયજી દાદા**નો સમુદાય.
- ❖ પૂજ્ય આ. શ્રી વિજય **કર્પૂરસૂરિ મહારાજા**નો સમુદાય

તે દરેક સમુદાયોના પૂજ્ય પુરુષોના જીવન ચરિત્રનો સંગ્રહ છે.

પૂજ્ય પુરુષોના જીવન ચરિત્ર અંગે આજ સુધીમાં અલગ-અલગ અનેક પુસ્તકો બહાર પડેલ છે, પરંતુ દરેક પૂજ્ય પુરુષોના જીવન અંગે વિસ્તારપૂર્વક એક જ પુસ્તકરૂપે સંગ્રહ પહેલી જ વખત બહાર પડી રહ્યો છે. આમાંથી કોઈપણ પૂજ્ય પુરુષોના જેમને ગુણાનુવાદ કરવા હોય તેમને આ એક જ પુસ્તકમાંથી જરૂરી વિગત મળી શકશે.

દીક્ષાના દાનવીર, પનોતી પુણ્યાઈના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, સકલ સંઘ હિતચિંતક, તપાગચ્છાધિરાજ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂ. પંન્યાસજી શ્રી **હિતપ્રજ્ઞવિજયજી** ગણિવરશ્રીએ ૮૦ વર્ષની ઉંમરમાં નાજુક શરીર તરફ ધ્યાન આપ્યા વિના છેલ્લા એકાદ વર્ષથી ખાસ પ્રયત્ન કરીને સકલ સંઘને માટે ઉપયોગી આ પુસ્તકનું સંપાદન કરેલ છે તે અનુમોદનીય છે.

આ ગ્રંથના પ્રકાશન કાર્યમાં **મોતીશા લાલબાગ જૈન સંઘ**ના અગ્રણી આરાધક સુશ્રાવક તપસ્વી શ્રી **સુરેશભાઈ પુખરાજજી પરમાર**ના સુયોગ્ય પ્રયત્નથી ઉદારદિલ એવા આરાધક ભાઈઓએ સારો લાભ લીધેલ છે. તેનાથી આ ગ્રંથનું પ્રકાશન-કાર્ય સરળ બનેલ છે. તે દરેકની અનુમોદના કરીએ છીએ. ભવિષ્યમાં પણ તેઓ આવા સારા કાર્યમાં લાભ લેતા રહેશે તેવી આશા છે.

જૈનશાસનમાં કેવા-કેવા પ્રભાવક પુરુષો થઈ ગયા ? તેનો ટૂંકમાં ઈતિહાસ જાણવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતે આ પુસ્તક વાંચવા સાથે પોતાના પરિવારના પ્રત્યેક સભ્યને પણ એનું વાંચન કરાવવું જોઈએ. એના વાચનથી એ મહાપુરુષોના તપ, ત્યાગ, વૈરાગ્ય, આરાધના, પ્રભાવના અને શાસન સુરક્ષાદિ ગુણોનો પરિચય થશે અને તે દ્વારા આત્મિક પ્રેરણાઓ મળ્યા કરશે.

*- સન્માર્ગ પ્રકાશન*

# આ પુસ્તકમાં લાભ લેનાર પુણ્યશાળીઓની નામાવલી

## વિશિષ્ટ લાભાર્થી

માતુશ્રી રેવાબેન વ્રજલાલ અંદરજી લાકડાવાળા,
હ. રાજુભાઈ લાકડાવાળા, વાંકાનેર નિવાસી ભૂલેશ્વર, સર્વોદયનગર, મુંબઈ.

**તથા**

માતુશ્રી શાંતાબેન રવજીભાઈ કલ્યાણજીભાઈ શાહ પરિવાર,
હ. કીર્તિભાઈ. આધોઈ (કચ્છ-વાગડ,) ૧૦૭-એ, ચંદ્રલોક, નેપયન્સી રોડ, મુંબઈ.

૨ પૂ. માતુશ્રી ગવરીબેન સરેમલજી ભેરાજી સાકરીયા, બેડા-રાજસ્થાન - મુંબઈ

૩ શા. રતનચંદજી લાદમલજી સિંઘવી **તથા** શાહ સાકલચંદજી તુલશાજી કોઠારી પરિવાર બાંકલી - મુંબઈ

૪ શા. સુરજમલજી મુલતાનજી શ્રીશ્રીશ્રીમાલ પરિવાર સાંચોર - મુંબઈ

૫ મોતીલાલજી લચ્છીરામજી પરિવાર વિસલપુર - મુંબઈ

૬ શા. તારાચંદજી મુલતાનમલજી શ્રીશ્રીશ્રીમાલ પરિવાર, સાંચોર - મુંબઈ

૭ રતનચંદ વાગાજી ગોલંક, લુણાવા - મુંબઈ

૮ શા. ફતેચંદજી પન્નાજી સાકરીયા પરિવાર બેડા - મુંબઈ

૯ કોશીલાવ નિવાસી સેકુબાઈ ઝવેરચંદજી-મુંબઈ

૧૦ શાંતાબેન ભુરમલજી મનાજી, પિંડવાડા-મુંબઈ

૧૧ શ્રીમતી ઉષાબેન ભરતભાઈ રમણીકલાલ શાહ દાઠાવાળા, મુલુંડ, મુંબઈ

૧૨ શાશ્વત પરિવાર, દીપક જ્યોતિ ટાવર, કાલાચોકી, મુંબઈ

૧૩ જવાહરભાઈ મોતીલાલ શાહ પરિવાર માલેગાંવવાળા, મુંબઈ

૧૪ કમુબેન ગુલાબચંદ ઝવેરી, સુરત - મુંબઈ

૧૫ ચોથીબેન ચંદનમલજી દેવીચંદજી લુણાવા **તથા** ચુનીલાલજી સાકળચંદજી જસાજી ફાગણીયા લુણાવા - મુંબઈ

૧૬ સ્વ. નાનાચંદ જુઠાભાઈ દોશી **તથા** સ્વ. લાભકુંવરબેન નાનચંદ દોશી ચલાળાવાળા, માટુંગા, મુંબઈ

૧૭ શ્રીમતી હર્ષાબેન ધનવંતરાય વાડીલાલ શાહ પાલીતાણાવાળા - કલકત્તા

૧૮ શાહ છોટાલાલજી પુનમચંદજી પિંડવાડા-મુંબઈ

૧૯ શ્રીમતી લીલાવંતીબેન ધીરજલાલ વનમાળીદાસ કોરડીયા, અમરેલીવાળા, કલકત્તા

૨૦ શ્રીમતિ લીલાવંતીબેન રતિલાલ કરમચંદ ખંડોર, રાધનપુર-મુંબઈ

૨૧ સંઘવી શાંતિલાલ મિશ્રીમલજી ઘમંડીરામજી સાંચોર - મુંબઈ.

૨૨ શ્રી ભિવાન્ડી જૈન સંઘ તથા શ્રી ક્ષમાનંદી સેવા સમિતિ ભિવાન્ડી

૨૩ અચલચંદજી પ્રેમચંદજી કારસીયા બેડા - મુંબઈ

૨૪ પાર્વતીબેન રીખવચંદ હકમચંદ પાનસોવોરા પરિવાર, રામપુરાવાળા-સુરત

૨૫ કંથરાવી નિવાસી લીલાવંતીબેન રિખવચંદ મોહનલાલ શાહ - મુંબઈ

૨૬ શ્રીમતી મંજુલાબેન મણિકાંત હરખચંદ વસનજી શાહ સહ પરિવાર પ્રભાસપાટણ-મુંબઈ

૨૭ શાહ કલ્યાણજી હેમરાજ સહ પરિવાર આધોઈ, (કચ્છ-વાગડ) મુંબઈ

૨૮ સંઘવી વીરચંદ પુનમચંદ બાપલાવાળા-મુંબઈ

૨૯ ટીપુબેન મિશ્રીમલજી ધરમાજી ચંદન પરિવાર સાંચોર, મુંબઈ

૩૦ ઝવેરબેન લાલજી નેણશી ગાલા દેશલપુર (કંઠી) કચ્છ-મુંબઈ.

૩૧ સરલાબેન કનૈયાલાલ તારાચંદ કોરડીયા પરિવાર અમરેલીવાળા, મુલુંડ-મુંબઈ

૩૨ જૂના ડીસા નિવાસી શ્રીમતિ સવિતાબેન જેસિંગલાલ ચોથાલાલ મેપાણી પરિવાર મુંબઈ

૩૩ શા. નિહાલચન્દજી દેવીચન્દજી ગુર્જર બીજાપુર નિવાસી મુંબઈ

૩૪ રાધનપુર નિવાસી શ્રીમતિ સુશીલાબેન સુરેશચંદ્ર વખારીયા મુંબઈ

# निच्चं झाएअ सूरिवरे...

**"સિરિ સિરિવાલ કહા"** એ મયણાસુંદરી અને શ્રીપાલ મહારાજાની જીવનકથાને વર્ણવતો મહાન ગ્રંથ છે. અરિહંત આદિ નવપદોની ઉપાસનાથી શ્રીપાલ મહારાજા અને મયણા સુંદરી અનેક પ્રકારની સુખ સમૃદ્ધિ પામી નવભવમાં મોક્ષપ્રાપ્તિની નિશ્ચિતિ કરનારા બન્યા. એ અરિહંત આદિ નવપદનું વર્ણન કરતાં આ ગ્રંથમાં ગ્રંથકારે સૂરિપદનો મહિમા બતાવી આચાર્ય ભગવંતોનું હંમેશા ધ્યાન કરવું જોઈએ એવું ફરમાવ્યું છે.

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીમાં અપેક્ષાએ ગુરુતત્ત્વનું મહત્ત્વ વધારે છે. ગુરુતત્ત્વ સાધકને બાકીના બે તત્ત્વોની સાચી ઓળખ અને સાચી આરાધના કરાવે છે. એકવાર સાચું તત્ત્વ પ્રાપ્ત થઈ જાય તો સાધક અવશ્ય બાકીનાં બે તત્ત્વોને પામી પોતે પરમપદને પામે છે. આ મહત્ત્વને સમજીને શાસ્ત્રકાર ભગવંતે સૂરિભગવંતોનું ધ્યાન કરવાનું કહ્યું છે. ત્રણ વિશેષણો દ્વારા સૂરિ ભગવંતોનો પરિચય આપતાં ગ્રંથકાર કહે છે કે, "જ્ઞાનાચારાદિ પંચવિધ આચારથી જેઓએ પોતાના આત્માને પાવન કર્યો છે, વિશુદ્ધ સિદ્ધાન્તની દેશના આપવામાં હંમેશા જેઓ જોડાયેલા છે અને પરોપકાર કરવામાં જેઓ પરાયણ છે, એવા સૂરિભગવંતોનું ધ્યાન ધરવું જોઈએ." આ ત્રણ વિશેષણો દ્વારા જૈનશાસનના પંચ પરમેષ્ઠીપદમાં તૃતીયપદે બિરાજમાન આચાર્ય ભગવંતોના ગુણવૈભવને રજૂ કર્યો છે.

આચાર્ય ભગવંતો જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એમ પાંચ પ્રકારના આચારોને જીવનમાં આત્મસ્થ કરે છે. ઉપરાંત શરણાગત જીવોને પણ તે પંચાચાર પાળવામાં સહાય કરે છે. તેઓશ્રીનું સંપૂર્ણ જીવન જેમ સાક્ષાત્ આચારમય હોય છે તેમ સાનિધ્યમાં આવનાર ભવ્યાત્માઓમાં પંચાચારનું સામર્થ્ય પ્રગટાવનાર બને છે.

પંચાચારનું પાલન કરવાની સાથે આચાર્ય ભગવંતો પ્રભુ શાસનના વિશુદ્ધ અને સનાતન સિદ્ધાન્તની દેશના કરનારા હોય છે. સિદ્ધાન્તની દેશનામાં ક્યારેય તેઓને ભય, લજ્જા આદિ હીન ભાવો સ્પર્શતા નથી. સત્ત્વની મૂર્તિ બનીને તેઓ સિદ્ધાન્તની પ્રરૂપણા કરવા દ્વારા મોક્ષમાર્ગની સ્થાપના-પ્રભાવના કરે છે. માન, અપમાનની સ્વાર્થ અને શ્રમની લેશ સરખી ચિંતા રાખ્યા વિના નિર્મળ અને નિર્દોષ એવા સિદ્ધાન્તોને ભવ્યજીવો સુધી તેઓ પહોંચાડે છે. એકમાત્ર પ્રભુ વચનને આંખ સામે રાખી ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સ્થિરીકરણ તેઓ દેશના દ્વારા કરતા હોય છે.

તેઓ સિદ્ધાન્તની દેશનાના માધ્યમે આત્માનો બોધ કરાવી આત્માનું હિતાહિત સમજાવી, અહિતથી રોકી હિતનો માર્ગ બતાવીને ભાવોપકાર પણ કરનારા હોય છે. અભ્યંતર સાધના દ્વારા સ્વઉપકારની સાથોસાથ તેઓશ્રી પોતાની શક્તિ, સામર્થ્ય, પુણ્ય પ્રભાવ આદિ ગુણોથી ભવ્યજીવો ઉપર ઉપકારની હેલી વરસાવતા હોય છે.

પંચાચારનું પાલન, વિશુદ્ધ દેશના અને પરોપકાર રૂપ મુખ્ય ત્રણ ગુણોથી મંડિત અનેક સૂરિભગવંતોએ આજ સુધી શાસનની ધુરાને પોતાના વૃષભ સ્કંધો પર વહન કરી છે. શાસન શિરતાજ

શ્રી ગૌતમસ્વામી મહારાજા, પંચમગણધર શ્રી સુધર્માસ્વામીજી મહારાજા આદિ ગણધર ભગવંતો, ચૌદ પૂર્વધર મહર્ષિઓ, પૂર્વધર મુનિસત્તમો, અવધિજ્ઞાની અને વિશિષ્ટ જ્ઞાની મહાપુરુષોની ઉજ્જ્વળ પરંપરામાં પૂ. ઉમાસ્વાતિજી મહારાજા, પૂ.આ.શ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજા, પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરિજી મહારાજા, પૂ.આ.શ્રી. અભયદેવસૂરિજી મહારાજા, પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા, પૂ.આ.શ્રી સોમસુન્દરસૂરિજી મહારાજા, પૂ.આ.શ્રી મુનિસુન્દરસૂરિજી મહારાજા આદિ પ્રભાવક પુણ્ય પુરુષો સ્વસમયમાં શાસનને અજવાળનારા થયા.

અવસર્પિણી કાળના પ્રભાવે સર્જાતી શાસનની વિકટ પરિસ્થિતિમાં મોતને વહાલું કરી શાસનની સુરક્ષા-પ્રભાવના કરનારા મહાપુરુષોનો જે ઈતિહાસ આજે ઉપલબ્ધ થાય છે તે જોતાં એકવાર તો બહુમાન ભાવે મસ્તક ઝુકી જાય છે. જેમ શાસન અનેક આરોહ-અવરોહમાંથી પસાર થયું તેમ તે કાળમાં સૂરિભગવંતોએ શાસની રક્ષા કરવા દ્વારા મહદ્ ઉપકાર પણ કર્યો છે. છેલ્લે અકબર પ્રતિબોધક પૂ.આ.શ્રી.હીરસૂરિજી મહારાજાએ પણ શાસનને દિગંતવ્યાપી બનાવ્યું હતું. તે પછી ફરી નબળી પરિસ્થિતિ સર્જાઈ. સુવિહિત સાધુ સંસ્થામાં શિથિલતાએ પગપેસારો કર્યો. સુવિહિતતા નંદવાઈ. યતિ સંસ્થાનો જન્મ થયો. યતિ સંસ્થા ફાલી અને ફૂલી. શાસનની ધુરા પણ યતિઓએ પોતાના હસ્તક કરી. સુવિહિત સાધુની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી ગઈ. તેઓને પણ યતિઓના વર્ચસ્વ નીચે જીવવાનો વારો આવ્યો. યતિઓએ તે કાળમાં શાસનને ભયંકર નુકશાન કર્યું.

પાછો કાળ કાંઈક સારો આવ્યો. જેમ પ્રભુ શાસન આજ સુધી દરેક વિકટ સંયોગોમાં પસાર થઈને પણ જયવંતુ રહ્યું છે તેમ ત્યારે પણ જયવંતુ રહ્યું. પૂજ્ય પં.શ્રી સત્યવિજયજી મ. પૂ. મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ., પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જેવા જૂજ મહાપુરુષોએ યતિસંસ્થા સામે ઝીંક ઝીલીને, અનેક પ્રકારના કષ્ટો વેઠીને સુવિશુદ્ધ સાધુ મર્યાદા અને સત્ય સિદ્ધાન્તો જીવંત રાખ્યા. છેલ્લે પૂ.પં.શ્રી મણિવિજયજી ગણિવર, પૂ.મુ.શ્રી બુટેરાયાજી મહારાજના સામ્રાજ્યમાં પાંચાલ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ પૂ.આ.શ્રી. વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજાએ એ યતિ સંસ્થાની રહી સહી તાકાતને તોડી ફરીથી સુવિહિત સંવેગી માર્ગને જગજયવંતો બનાવ્યો. પરિણામે "બહુરત્ના વસુંધરા"ના ન્યાયે થયેલા સુવિહિત સાધુ ભગવંતો અને પ્રભાવક સૂરિભગવંતોની એક શ્રેણી શાસનને પ્રાપ્ત થઈ.

અનંતર સૈકાને સ્પર્શેલી આ શ્રેણીમાં થયેલા શાસન પ્રભાવક સૂરિ ભગવંતોના જીવનને સંગ્રહીત કરવાનો આ પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્મૃતિગ્રંથો, જીવન ચરિત્રો અને જીવન વિશેષાંકરૂપ અનેક પુસ્તકોના સહારે ૪૮ મહાપુરુષોના જીવનને આ પુસ્તકમાં સંગ્રહીત કર્યું છે. પરમતારક, પરમશ્રદ્ધેય, પરમ ગુરુદેવ પૂ.આ.શ્રી.વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પંન્યાસ શ્રી **હિતપ્રજ્ઞવિજયજી** ગણિવરશ્રીએ વૃદ્ધ વયમાં અનેક પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં પલટીને ઘણો પરિશ્રમ ઉઠાવીને આ સ્તુત્ય સંપાદન કરેલ છે.

આ પુસ્તકના સહારે ગુણાનુરાગી જીવો તે-તે મહાપુરુષોના યથાર્થ જીવનને જાણી શકશે, યથાર્થ ગુણોને પીછાણી શકશે. તે દ્વારા યથાશક્તિ ગુણોને જીવનમાં કેળવીને પોતાના જીવનનું શ્રેષ્ઠ ઘડતર પણ કરી શકશે. આ જ આ પુસ્તકની ફળશ્રુતિ છે.

પ્રવચનકાર મહાત્માઓ પણ આ પુસ્તકના વાંચન દ્વારા તે-તે મહાપુરુષના ગુણાનુવાદ બહુ જ સરળતાથી કરી શકશે અને તે મહાપુરુષોના જીવનની સુવાસ ફેલાવી શકશે. એ પણ એક આ પુસ્તકની ઉપયોગિતાને દર્શાવે છે.

છેલ્લા કેટલાય સમયથી આસન્ન ઉપકારી અને ગુણ સમુદાયથી શોભિત એવા આદર્શ સૂરિ ભગવંતોના જીવન કવનને સાંકળતા એક પુસ્તકની આવશ્યકતા તો હતી જ. પ્રસ્તુત પુસ્તક દ્વારા એ આવશ્યકતાની પરિપૂર્તિ થઈ રહી છે.

પ્રાંતે, નિર્મળ અને મધ્યસ્થ દૃષ્ટિને વરેલા ગુણાનુરાગી જીવો આ પુસ્તકના વાંચન, શ્રવણ અને મનન દ્વારા ઉત્તમ પ્રેરણાઓ મેળવી સાધના જીવનને ઉલ્લસિત બનાવે, પ્રમાદનો ત્યાગ કરી ગુણાનુરાગના સહારે ગુણ પ્રાપ્તિની સાધના કરવામાં ઉદ્યમશીલ બને અને એના ફળરૂપે આ ભવમાં સર્વવિરતિની પ્રાપ્તિ, એની સુંદર આરાધના અને તેનાય ફળરૂપે શાશ્વત, સ્વાધીન, સંપૂર્ણ મુક્તિ સુખના સ્વામી બને એ જ સદાને માટેની શુભાભિલાષા.

**જિનાજ્ઞા આરાધનાભૂમિ**
J-S, ટાવર બી. દહાણુકરવાડી,
J-૨૮, મહાવીરનગરની સામે,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭
વિ.સં. ૨૦૬૬ ફાગણ વદ-૪ ગુરુવાર

તપાગચ્છાધિરાજ ભાવાચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યોત્તમ વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી.
વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાનો શિષ્યલેશ
**વિજય કીર્તિયશસૂરિ**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ નમામિ નિત્યં ગુરુ રામચન્દ્રમ્ ॥

# અંતરની વાત

## 'ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ'

આ પુસ્તક રચનાનું મૂળ કારણ વર્ષ દરમ્યાન જે પૂજ્ય પુરુષોના ગુણાનુવાદ કરવાનો મારે પ્રસંગ આવતો તે અંગે મેં દરેક પૂજ્ય પુરુષોના જીવનચરિત્રના પુસ્તકમાંથી ટૂંકી નોંધ લખીને પ્રતાકારે તૈયાર કરેલ. તેનાથી ગુણાનુવાદ કરવાનું સરળ બનતું અને તે લખાણ દર વર્ષે ઉપયોગમાં આવતું.

શ્રી શંખેશ્વર મહાતીર્થના વિહારમાં આ પ્રત મેં પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી.વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વાન મુનિરાજ શ્રી **વિવેકયશવિજયજી** મ.ને બતાવી. તો તેમણે કહ્યું કે, 'તમોએ જે મહેનત કરીને આ જીવન ચરિત્રનો સંગ્રહ કરેલ છે તે જો પુસ્તક રૂપે તૈયાર થાય તો દરેક મહાત્માઓને ગુણાનુવાદ કરવામાં ઉપયોગી થશે.' મેં જણાવ્યું કે, 'આ કામ કરવું મારા એકલા માટે ઘણું મુશ્કેલ છે' તેમણે જણાવ્યું કે, 'પૂજ્યશ્રીને જણાવીએ. તેઓશ્રી જો સંમતિ આપે તો આ કાર્ય શરૂ કરીએ. હું મારાથી શક્ય સહકાર આપીશ. સારા ભાવથી આ કાર્યની શરૂઆત થાય તો સારું.' બસ ! સારી પળોમાં મેં પ્રણિધાન કર્યું કે આ કાર્ય અવશ્ય કરવું. પછી અમારે મુંબઈ આવવાનું થયું.

પૂર્વતૈયારી શરૂ કરું તે પહેલાં તે સમયે સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજા શ્રીપાળનગર, વાલકેશ્વર મુંબઈમાં (વિ.સં. ૨૦૬૪) બિરાજમાન હતા. ત્યારે તેઓશ્રીની પાસે હું ગયો. વંદના કરવાપૂર્વક આ કાર્યની વાત કરી કે, "આપણા સમુદાયમાં જે-જે મહાપુરુષોની સ્વર્ગારોહણ તિથિ ઉજવાય છે તે તે સ્વર્ગસ્થ પૂજ્ય મહાપુરુષોના જીવન ચરિત્રનો સંગ્રહ કરવાની ભાવના છે. જેથી કોઈને ગુણાનુવાદ કરવા હોય તો તેમને કામ લાગે તેમજ ભવિષ્યને માટે એક ઉપયોગી ઇતિહાસ તૈયાર થઈ જાય."

પૂ. ગચ્છાધિપતિશ્રીજીએ જણાવ્યું કે, "જો તમારાથી આ કાર્ય થાય તો ઘણું જ સુંદર છે. આપણા સમુદાય માટે એક સુંદર પુસ્તક તૈયાર થઈ જશે. તે માટે મારા તમોને ભાવપૂર્વક આશીર્વાદ છે." તેમ કહીને મને વાસક્ષેપ નાખી આપ્યો, મેં તહત્તિ કહ્યું, મારા શુભ કાર્ય માટે એક ઉત્તમ આશીર્વાદ તથા પીઠબળ મળ્યું.

ત્યાર બાદ આ વાત મેં મારા વડીલ ગુરુબંધુ અને સાંનિધ્યદાતા વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી. વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી.વિજય **કીર્તિયશ-સૂરીશ્વરજી** મહારાજને જણાવતાં તેઓશ્રીએ પણ જણાવ્યું કે, 'આ કાર્ય થાય તો ઘણું જ ઉત્તમ છે' આમ કહી તેઓશ્રીએ પણ સંમતિ અને આશીર્વાદ આપ્યા. તેનાથી મારી શુભ ભાવના વિશેષ ઉલ્લસિત થઈ અને શુભ કાર્યમાં વેગ મળ્યો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્

# જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા



**સૌજન્ય :** અમારા કોરડીયા કુટુંબના ઉપકારી પૂ.પં.શ્રી **હિતપ્રજ્ઞવિજયજી** ગણિ તથા પૂ. સાધ્વીજી શ્રી **ભવ્યપ્રજ્ઞાશ્રીજી** મ.ના સદ્‌ઉપદેશથી **સરલાબેન કનૈયાલાલ તારાચંદ કોરડીયા પરિવાર**
અમરેલીવાળા, મુલુંડ, મુંબઈ. હ. કિરીટભાઈ, સતીશભાઈ

આ કાર્ય માટે જે મહાપુરુષોના જીવન ચરિત્રની જરૂર હતી તે માટે જરૂરી સાહિત્ય મેળવવા પ્રયત્ન શરૂ કર્યો. પૂર્વકૃત કોઈ પુણ્યોદયે તેમજ પૂ. વડીલોની કૃપાથી ધીમે ધીમે જરૂરી દરેક મહાપુરુષોના જીવન ચરિત્રનાં પુસ્તકો તેમજ બીજું સાહિત્ય મળવા લાગ્યું. તેમાંથી દરેક મહાપુરુષોના જીવનને સ્પર્શતી વાતો સંગૃહીત કરી કાર્યને આકાર આપ્યો.

અહીં લખાયેલા પૂજ્ય પુરુષોના જીવન પ્રસંગો સાધાર લખાયા છે; તે માટે જે જે પુસ્તકોનો આધાર લીધો છે. તેનાં નામો આ જ પુસ્તકમાં એક સાથે પરિશિષ્ટમાં જણાવેલ છે તે દરેક પુસ્તકના લેખક-સંપાદકો સ્મરણીય રહેશે.

આ પુસ્તકમાં મારું વ્યક્તિગત કોઈ લખાણ નથી. જ્યાં જ્યાંથી જે પ્રસંગો મળ્યા ત્યાંથી ભેગા કરીને દરેક જીવન ચરિત્રની ગોઠવણી કરી, એક બે વખત વાંચી જતો અને તેમાં અધૂરી ખૂટતી જરૂરી વિગતો પણ શોધીને મારા ક્ષયોપશમ મુજબ સંકલન કરવા પ્રયત્ન કરતાં વર્તમાનરૂપ તૈયાર થયું છે.

વિદ્વાન મુનિરાજ **શ્રી વિવેકયશવિજયજી** મ. ને સમયનો અભાવ હોવા છતાં તેઓ મારા દરેક લખાણને વાંચીને જરૂરી ફેરફાર કરી આપતા. પછી કંપોઝ કરવા માટે મોકલવાનું થતું. પ્રૂફ આવે એટલે તેઓ કાળજી રાખીને તપાસી આપતા. આ રીતે દરેક કાર્યમાં તેમણે જે સાથ અને સહકાર આપેલ છે તે ખરેખર ભૂલી શકાય તેમ નથી.

આ જીવન ચરિત્ર સંગ્રહ કરવામાં બને ત્યાં સુધી પ્રત્યેક મહાપુરુષના જીવનને લગતી જરૂરી વિગતોનો સમાવેશ કરેલ છે. ટૂંકમાં પણ નહિ અને વિસ્તારથી પણ નહિ, તે રીતે સંકલન કર્યું છે. છતાં પુસ્તકનું કદ મોટું થયું છે. ભાવના એવી હતી કે ગ્રંથ ભલે મોટો થાય પરંતુ દરેક પૂજ્યોના જીવનના જરૂરી પ્રસંગો તો લઈ જ લેવા. જેથી ભવિષ્યમાં ૫૦-૧૦૦ વર્ષે કોઈ વાંચન કરે તો મહાપુરુષોના જીવનને સંપૂર્ણ જાણી શકે.

આ પુસ્તકમાં નજીકના ભૂતકાળમાં જૈન શાસનમાં ઉદ્યોત સમાન પ્રભાવકતા ફેલાવનાર, સાહિત્ય સર્જન ક્ષેત્રે તથા યોગમાર્ગના દાન કરનાર, સિદ્ધાન્ત રક્ષાની જવાબદારી વહન કરનારા મહાપુરુષો અને ઉપકારી વડીલ પૂજ્યોના જીવન ચરિત્રનો તેમજ મારા ભવોદધિતારક પરમપૂજ્ય આ.શ્રી.વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યત્વને વરેલા પદસ્થ **ગુરુબંધુઓનો** સમાવેશ કરેલ છે.

આ પુસ્તકમાં કોઈપણ મહાપુરુષોના જીવન ચરિત્ર લખવામાં મારાથી કંઈપણ ભૂલ થયેલ હોય, કોઈક પ્રસંગો ન લખાયા હોય, અલ્પોક્તિ કે અતિશયોક્તિ થઈ હોય તે બદલ ક્ષમા માગું છું.

ભવિષ્યમાં કોઈપણ મહાત્મા આ ગ્રંથને ઐતિહાસિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કરશે તો મને અતિ આનંદ થશે.

મારા પરમોપકારી દીક્ષા દાતા પરમગુરુદેવ વ્યાખ્યાન વાચસ્પતિ, તપાગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા, પરમ વાત્સલ્યનિધિ, સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી** મહારાજા, સમતાનિધિ સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્

વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજાની દિવ્ય કૃપા, તેમજ જેઓશ્રીની નિશ્રામાં છેલ્લા ૧૪ વર્ષથી હું વર્ધમાન ઉલ્લાસ સાથે સંયમની આરાધના કરી રહ્યો હતો તે વર્ધમાન તપોનિધિ મારા વડીલ ગુરુબંધુ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાની દિવ્યકૃપા તથા તેઓશ્રીના પ્રભાવક શિષ્યરત્ન આધ્યાત્મિક પ્રવચનકાર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજના સાંનિધ્યમાં તેઓશ્રીમદ્ના આજ્ઞા આશીર્વાદ અને સંપૂર્ણ માર્ગદર્શનથી આ પુસ્તકનાં સંકલન-સંપાદન અને પ્રકાશનનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું છે.

અનેક પૂજ્યોએ આ પ્રકાશન માટે પુસ્તક-લેખાદિ સામગ્રી મોકલીને હાર્દિક સહાય કરેલી છે. પ્રવચન પ્રદીપ પૂ.આ.શ્રી.વિજય **પુણ્યપાલસૂરિજી** મહારાજા, પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી** મહારાજ, વૈયાવચ્ચ કુશળ પંન્યાસ પ્રવર શ્રી **હર્ષવર્ધનવિજયજી** ગણિવર્ય, સ્વાધ્યાય વ્યાસંગી મુનિપ્રવર શ્રી **પ્રશાંતદર્શનવિજયજી** મહારાજ, વિદ્વાન મુનિ શ્રી **રત્નયશવિજયજી** મહારાજ, મુનિ શ્રી **વિવેકયશવિજયજી** મહારાજ, મારા શિષ્ય મુનિ શ્રી **જિતપ્રજ્ઞવિજયજી** મહારાજ, વાત્સલ્યનિધિ સા. શ્રી **ત્રિલોચનાશ્રીજી** મહારાજના શિષ્યા વિદુષી સા. શ્રી **જ્ઞાનરત્નાશ્રીજી** મહારાજ આદિએ અનેક રીતે માર્ગદર્શન, આલેખન, સંશોધન, આદિમાં સહાય પ્રદાન દ્વારા આ કાર્યને સુશક્ય બનાવ્યું છે તે બદલ તેઓ સહુ અનુમોદનાના અધિકારી છે.

આ પુસ્તકમાં જે મહાપુરુષોના જીવન ચરિત્રોનો સમાવેશ કર્યો છે તેઓના જીવનમાં અનેક વિશિષ્ટ ગુણો જાણવા મળે છે. ઉત્તમ પ્રકારનું ચારિત્ર, ઉત્તમ પ્રકારનો તપ, ઉત્તમ પ્રકારની શાસન પ્રભાવના , ઉત્તમ પ્રકારની ખુમારી-ખમીરી અને વફાદારી, શ્રેષ્ઠ પ્રકારની સિદ્ધાંત નિષ્ઠા વગેરે ગુણોને વાંચીને તે તે મહાપુરુષો પ્રત્યે મને અહોભાવ, બહુમાન ભાવ અને પૂજ્યતાનો ભાવ પેદા થયો છે અને મહાપુરુષોના તે ગુણોમાંથી મારા જીવનમાં યત્કિંચિત્ ગુણ આવે અને સમાધિમરણ મળે, તે દ્વારા પરંપરાએ સદ્ગતિની ઉજળી પરંપરા અને અંતે પરમપદની પ્રાપ્તિ થાય એ જ ભાવના ગ્રંથના સંકલન, સંપાદન વખતે સતત હૈયામાં રમતી રહી છે.

આ પુસ્તક તૈયાર કરવામાં લગભગ ૧ાા થી ૨ વર્ષનો સમય થયો છે. તે સમય સ્વાધ્યાયમાં પસાર થયો છે. તેથી ઘણો જ આત્મિક આનંદ થયો છે. આ પુસ્તકમાના કોઈપણ પૂજ્યોના જીવન ચરિત્રમાંથી કોઈપણ સાધુ-સાધ્વી-શ્રાવક કે શ્રાવિકા સારી પ્રેરણા મેળવશે અને તેમના જીવનમાં તે મહાત્માઓના ગુણો પ્રગટશે તેમાં હું આ ગ્રંથની વધુ સફળતા માનીશ.

**શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય**
૨૧૨-L પાંજરાપોળ કંપાઉન્ડ,
ભૂલેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૪
વિ.સં. ૨૦૬૬ ચૈત્ર સુદ-૫ શનિવાર
તા. ૨૦-૩-૨૦૧૦

લિ. દીક્ષાયુગ પ્રવર્તક, વ્યાખ્યાન વાચસ્પતિ,
સકલ સંઘ હિતચિંતક, તપાગચ્છાધિરાજ,
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**રામચન્દ્રસૂરીશ્વરજી** મ.નો ચરણકિંકર
**પં. હિતપ્રજ્ઞવિજય ગણી**



ભગવાન મહાવીરના ઉપદેશથી
બોધ પામેલા ૧૧ બ્રાહ્મણ પંડિતોને દીક્ષા પ્રદાન,
વાસક્ષેપ દ્વારા આશીર્વાદ, ગણધર પદે સ્થાપના અને શાસ્ત્ર રચના

## વર્તમાન શાસનપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાટ પરંપરા

૧-પૂ.આ.શ્રીસુધર્માસ્વામીજી.
૨-પૂ.આ.શ્રીજંબૂસ્વામીજી
૩-પૂ.આ.શ્રીપ્રભવસ્વામીજી.
૪-પૂ.આ.શ્રીશય્યંભવસૂરિજી.
૫-પૂ.આ.શ્રીયશોભદ્રસૂરિજી
૬-પૂ.આ.શ્રીસંભૂતિવિજયજી અને
૬-પૂ.આ.શ્રીભદ્રબાહુસ્વામીજી.
૭-પૂ.આ.શ્રીસ્થૂલિભદ્રસ્વામીજી.
૮-પૂ.આ.શ્રીઆર્યમહાગિરિજી અને
૮-પૂ.આ.શ્રીઆર્યસુહસ્તિસૂરિજી.
૯-પૂ.આ.શ્રીસુસ્થિતસૂરિજી અને
૯-પૂ.આ.શ્રીસુપ્રતિબદ્ધસૂરિજી.
૧૦-પૂ.આ.શ્રીઈન્દ્રદિન્નસૂરિજી.
૧૧-પૂ.આ.શ્રીદિન્નસૂરિજી.
૧૨-પૂ.આ.શ્રીસિંહગિરિજી.
૧૩-પૂ.આ.શ્રીવજ્રસ્વામીજી.
૧૪-પૂ.આ.શ્રીવજ્રસેનસૂરિજી.
૧૫-પૂ.આ.શ્રીચન્દ્રસૂરિજી.
૧૬-પૂ.આ.શ્રીસામંતભદ્રસૂરિજી.
૧૭-પૂ.આ.શ્રીવૃદ્ધદેવસૂરિજી.
૧૮-પૂ.આ.શ્રીપ્રદ્યોતનસૂરિજી.
૧૯-પૂ.આ.શ્રીમાનદેવસૂરિજી૧લા
૨૦-પૂ.આ.શ્રીમાનતુંગસૂરિજી.
૨૧-પૂ.આ.શ્રીવીરસૂરિજી.

૨૨-પૂ.આ.શ્રીજયદેવસૂરિજી.
૨૩-પૂ.આ.શ્રીદેવાનંદસૂરિજી.
૨૪-પૂ.આ.શ્રીવિક્રમસૂરિજી.
૨૫-પૂ.આ.શ્રીનરસિંહસૂરિજી.
૨૬-પૂ.આ.શ્રીસમુદ્રસૂરિજી.
૨૭-પૂ.આ.શ્રીમાનદેવસૂરિજી૨જા
૨૮-પૂ.આ.શ્રીવિબુધપ્રભસૂરિજી.
૨૯-પૂ.આ.શ્રીજયાનંદસૂરિજી.
૩૦-પૂ.આ.શ્રીરવિપ્રભસૂરિજી.
૩૧-પૂ.આ.શ્રીયશોદેવસૂરિજી.
૩૨-પૂ.આ.શ્રીપ્રદ્યુમ્નસૂરિજી.
૩૩-પૂ.આ.શ્રીમાનદેવસૂરિજી ૩જા
૩૪-પૂ.આ.શ્રીવિમલચંદ્રસૂરિજી
૩૫-પૂ.આ.શ્રીઉદ્યોતનસૂરિજી.
૩૬-પૂ.આ.શ્રીસર્વદેવસૂરિજી.
૩૭-પૂ.આ.શ્રીદેવસૂરિજી.
૩૮-પૂ.આ.શ્રીસર્વદેવસૂરિજી ૨જા
૩૯-પૂ.આ.શ્રીયશોભદ્રસૂરિજી.
૪૦-પૂ.આ.શ્રીમુનિચન્દ્રસૂરિજી.
૪૧-પૂ.આ.શ્રીઅજિતદેવસૂરિજી.
૪૨-પૂ.આ.શ્રીસિંહસૂરિજી.
૪૩-પૂ.આ.શ્રીસોમપ્રભસૂરિજી અને
૪૩-પૂ.આ.શ્રીમણિરત્નસૂરિજી.
૪૪-પૂ.આ.શ્રીજગચ્ચન્દ્રસૂરિજી.

૪૫-પૂ.આ.શ્રીદેવેન્દ્રસૂરિજી.
૪૬-પૂ.આ.શ્રીધર્મઘોષસૂરિજી.
૪૭-પૂ.આ.શ્રીસોમપ્રભસૂરિજી.
૪૮-પૂ.આ.શ્રીસોમતિલકસૂરિજી.
૪૯-પૂ.આ.શ્રીદેવસુંદરસૂરિજી.
૫૦-પૂ.આ.શ્રીસોમસુંદરસૂરિજી
૫૧-પૂ.આ.શ્રીમુનિસુંદરસૂરિજી
૫૨-પૂ.આ.શ્રીરત્નશેખરસૂરિજી
૫૩-પૂ.આ.શ્રીલક્ષ્મીસાગરસૂરિજી
૫૪-પૂ.આ.શ્રીસુમતિસાધુસૂરિજી
૫૫-પૂ.આ.શ્રીહેમવિમલસૂરિજી
૫૬-પૂ.આ.શ્રીઆનંદવિમલસૂરિજી
૫૭-પૂ.આ.શ્રીવિજયદાનસૂરિજી
૫૮-પૂ.આ.શ્રીહીરસૂરિશ્વરજી
૫૯-પૂ.આ.શ્રીવિજયસેનસૂરિજી
૬૦-પૂ.આ.શ્રીવિજયદેવસૂરિજી
૬૧-પૂ.આ.શ્રીવિજયસિંહસૂરિજી
૬૨-પૂ.પં.શ્રીસત્યવિજયજીગણી
૬૩-પૂ.પં.શ્રીકર્પૂરવિજયજીગણી
૬૪-પૂ.પં.શ્રીક્ષમાવિજયજીગણી
૬૫-પૂ.પં.શ્રીજિનવિજયજીગણી
૬૬-પૂ.પં.શ્રીઉત્તમવિજયજીગણી
૬૭-પૂ.પં.શ્રીપદ્મવિજયજીગણી
૬૮-પૂ.પં.શ્રીરૂપવિજયજીગણી
૬૯-પૂ.પં.શ્રીકીર્તિવિજયજીગણી
૭૦-પૂ.પં.શ્રીકસ્તુરવિજયજીગણી

# પાટ પરંપરા

### પૂ.શ્રી મણિ-બુદ્ધિ-આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-હેમભૂષણસૂરિ મ.

(૭૧) પૂ.પં. શ્રી મણિવિજયજી ગણી
(૭૨) પૂ. બુદ્ધિવિજયજી મ. (પૂ. બુટેરાયજી મ.)
(૭૩) પૂ.આં. શ્રીમદ્ વિજયાનંદસૂરિ મ.સા. (પૂ.આત્મારામજી મ.)
(૭૪) પૂ.આ.શ્રીમદ્ વિજયકમલસૂરિ મ.સા.
(૭૫) પૂ.આ.શ્રીમદ્ વિજયદાનસૂરિ મ.સા.
(૭૬) પૂ.આ.શ્રીમદ્ વિજયપ્રેમસૂરિ મ.સા.
(૭૭) પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ મ.સા.
(૭૮) પૂ.આ.શ્રીમદ્ વિજય મહોદયસૂરિ મ.સા.
(૭૯) પૂ.આ.શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરિ મ.સા.

### પૂ. શ્રી મણિ-સિદ્ધિ-મેઘ-મનોહર-વિબુધપ્રભસૂરિ મ.

પૂ.પં.શ્રી મણિવિજયજી ગણી
પૂ.આ.શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરિ મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયમેઘસૂરિમ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયમનોહરસૂરિ મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજય વિબુધપ્રભસૂરિ મ.સા.

પૂ.શ્રી **મણિ-સિદ્ધિ-વિનય**

પૂ.આ.શ્રીમદ્ વિજય ભદ્રસૂરિ મ.સા.

### પૂ.શ્રી આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલકસૂરિ મ.

પૂ.આ.શ્રીમદ્ વિજયાનંદસૂરિ મ.સા. (પૂ.આત્મારામજી મ.)
પૂ.આ.શ્રીમદ્ વિજયકમલસૂરિ મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિ મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિ મ.સા.

### પૂ. શ્રી મણિ-પદ્મ-જિત-હીર-કનક-દેવેન્દ્રસૂરિ મ.

પૂ.પં.શ્રી મણિવિજયજી ગણી
પૂ. દાદા શ્રી પદ્મવિજયજી મ.સા.
પૂ.શ્રી.જિતવિજયજી દાદા
પૂ.દાદા શ્રી હીરવિજયજી મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયકનકસૂરિ મ.સા. (કચ્છવાગડ)
પૂ.આ.શ્રીમદ્ વિજય દેવેન્દ્રસૂરિ મ.સા. (કચ્છવાગડ)

### પૂ. શ્રી મણિ-પદ્મ-જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચન્દ્રસૂરિ મ.

પૂ.શ્રી. જિતવિજયજી દાદા
પૂ. દાદા શ્રી હીરવિજયજી મ.સા.
પૂ.શ્રી બુદ્ધિવિજયજી મ.સા. (ભાભર)
પૂ.પં. શ્રી તિલકવિજયજી ગણી (ભાભર)
પૂ.આ.શ્રીમદ્ વિજય શાંતિચન્દ્રસૂરિ મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયકનકપ્રભસૂરિ મ.સા. (ભાભર)
પૂ.આ.શ્રીમદ્ વિજય સોમચન્દ્રસૂરિ મ.સા.

### પૂ.શ્રી મણિ-બુદ્ધિ-આણંદ-હર્ષ-કર્પૂર-અમૃત-જિનેન્દ્રસૂરિ મ.

પૂ.પં.શ્રી મણિવિજયજી ગણી
પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ.સા. (પૂ. બુટેરાયજી મ.)
પૂ.પં. શ્રી આણંદવિજયજી મ.સા.
પૂ.શ્રી હર્ષવિજયજી મ.સા.
પૂ.આ.શ્રીમદ્ વિજયકર્પૂરસૂરિ મ.સા. (હાલાર)
પૂ.આ.શ્રીમદ્ વિજય અમૃતસૂરિ મ.સા. (હાલાર)
પૂ.આ.શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરિ મ.સા. (હાલાર)

## વર્ષ દરમ્યાન આવતી પૂજ્યોની સ્વર્ગારોહણ તિથિ

## મહિના પ્રમાણે અનુક્રમણિકા


| | | નામ | પાના નં. |
|---|---|---|---|
| ૧. | મા.સુદ ૧૧ સ્મૃતિ દિન | - પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર | ૧૧૫ |
| ૨. | વિ.સં. ૧૯૩૮ | - પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ. (પૂ. બુટેરાયજી મ.) | ૩૧ |
| ૩. | કાર્તિક સુદ ૪ | - પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિ મ.સા | ૧૬૩ |
| ૪. | કા. સુદ-૫ | - પૂ.પં. શ્રી તિલકવિજયજી ગણિવર (ભાભર) | ૩૩૧ |
| ૫. | માગસર સુદ-૫ | - પૂ.આ.શ્રી વિજય રવિચંદ્રસૂરિ મ.સા | ૨૩૪ |
| ૬. | માગસર સુદ-૮ | - પૂ.આ.શ્રી વિજય જંબૂસૂરિ મ.સા | ૧૫૭ |
| ૭. | માગસર વદ-૮ | - પૂ.ઉપા.શ્રી વીરવિજયજી મ.સા | ૭૧ |
| ૮. | માગસર વદ ૧૨ | - પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરિ મ.સા | ૧૯૮ |
| ૯. | પોષ વદ ૧ | - પૂ.આ.શ્રી વિજય ચંદ્રોદયસૂરિ મ.સા | ૨૫૩ |
| ૧૦. | મહા સુદ ૨ | - પૂ.આ.શ્રી વિજય દાનસૂરિ મ.સા | ૭૭ |
| ૧૧. | મહા સુદ ૧૧ | - પૂ.આ.શ્રી વિજય કર્પૂરસૂરિ મ.સા. (હાલાર) | ૩૫૮ |
| ૧૨. | મહા વદ ૬ | - પૂ.આ.શ્રી વિજય કમલસૂરિ મ.સા | ૬૧ |
| ૧૩. | મહા વદ ૧૧ | - પૂ. મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ.સા. (ભાભર) | ૩૩૧ |
| ૧૪. | મહા વદ ૦)) | - પૂ.આ.શ્રી. વિજય જિનેન્દ્રસૂરિ મ.સા. (હાલાર) | ૩૬૬ |
| ૧૫. | ફાગણ સુદ ૬ | - પૂ.આ.શ્રી વિજય જિતમૃગાંકસૂરિ મ.સા | ૧૯૪ |
| ૧૬. | ફાગણ સુદ ૧૦ | - પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરિ મ.સા. (હાલાર) | ૩૬૧ |
| ૧૭. | ચૈત્ર સુદ ૬ | - પૂ.આ.શ્રી વિજય મિત્રાનંદસૂરિ મ.સા | ૨૪૫ |
| ૧૮. | ચૈત્ર સુદ ૧૪ | - પૂ.આ.શ્રી વિજય દેવેન્દ્રસૂરિ મ.સા. (કચ્છ-વાગડ) | ૩૨૯ |
| ૧૯. | ચૈત્ર વદ ૨ | - પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરિ મ.સા | ૨૧૪ |
| ૨૦. | ચૈત્ર વદ ૭ | - પૂ.આ.શ્રી વિજય કનકપ્રભસૂરિ મ.સા. (ભાભર) | ૩૪૧ |
| ૨૧. | વૈશાખ સુદ ૧૦ | - પૂ.આ.શ્રી વિજય મનોહરસૂરિ મ.સા | ૩૦૪ |
| ૨૨. | વૈશાખ સુદ ૧૪ | - પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર | ૧૮૭ |
| ૨૩. | વૈ. સુદ ૧૫ | - પૂ.આ.શ્રી વિજય ભુવનસૂરિ મ.સા | ૧૬૦ |
| ૨૪. | વૈશાખ વદ ૧૧ | - પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરિ મ.સા | ૮૪ |

| | નામ | પાના નં. |
|---|---|---|
| ૨૫. જેઠ સુદ ૨ | - પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂરિ મ.સા................ | ૩૧૮ |
| ૨૬. જેઠ સુદ ૮ | - પૂ.આ.શ્રી વિજયાનંદસૂરિ મ.સા (પૂ.આત્મારામજી મ.) | ૩૩ |
| ૨૭. જેઠ સુદ ૮ | - પૂ.આ.શ્રી વિજય ભદ્રસૂરિ મ.સા........................ | ૩૦૦ |
| ૨૮. જેઠ સુદ ૧૧ | - પૂ.આ.શ્રી વિજય સોમચન્દ્રસૂરિ મ.સા................... | ૩૪૬ |
| ૨૯. જેઠ સુદ ૧૪ | - પૂ.પં.શ્રી ભદ્રશીલવિજયજી ગણિવર.................... | ૨૭૦ |
| ૩૦. જેઠ વદ ૪ | - પૂ.આ.શ્રી વિજય શાંતિચન્દ્રસૂરિ મ.સા................. | ૩૩૫ |
| ૩૧. જેઠ વદ ૭ | - પૂ.આ.શ્રી વિજય હેમભૂષણસૂરિ મ.સા................. | ૨૫૮ |
| ૩૨. અષાઢ સુ. ૧ | - પૂ.મુનિ શ્રી મંગલવિજયજી મ.સા........................ | ૯૬ |
| ૩૩. અષાઢ વદ ૬ | - પૂ.શ્રી જિતવિજયજી દાદા................................ | ૩૨૧ |
| ૩૪. અષાઢ વદ ૧૧ | - પૂ.આ.શ્રી મેરુસૂરિ મ.સા................................ | ૧૦૦ |
| ૩૫. અષાઢ વદ ૧૪ | - પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરિ મ.સા................... | ૧૦૨ |
| ૩૬. શ્રાવણ સુદ ૪ | - પૂ.આ.શ્રી વિજય વિબુધપ્રભસૂરિ મ.સા................. | ૩૧૦ |
| ૩૭. શ્રાવણ સુદ ૫ | - પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરિ મ.સા...................... | ૩૧૩ |
| ૩૮. શ્રાવણ વદ ૪ | - પૂ.આ.શ્રી વિજય કનકસૂરિ મ.સા. (કચ્છ વાગડવાળા) | ૩૨૪ |
| ૩૯. શ્રાવણ વદ ૫ | - પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરિ મ.સા................. | ૨૦૬ |
| ૪૦. શ્રાવણ વદ ૭ | - પૂ.આ.શ્રી વિજય માનતુંગસૂરિ મ.સા.................... | ૨૪૧ |
| ૪૧. શ્રાવણ વદ ૧૦ | - પૂ.ઉપા. શ્રી ચારિત્રવિજયજી ગણિવર................... | ૧૬૯ |
| ૪૨. ભાદરવા સુ. ૧૧ | - જગદ્ગુરુ પૂ.આ.શ્રી હીરસૂરિ મ.સા. (અકબર પ્રતિબોધક)... | ૧ |
| ૪૩. ભા. વદ ૩ | - પૂ.પં.શ્રી કાંતિવિજયજી ગણિવર......................... | ૧૭૮ |
| ૪૪. ભા. વદ ૧૪ | - પૂ.આ.શ્રી વિજય સિદ્ધિસૂરિ મ.સા...................... | ૨૮૪ |
| ૪૫. આસો સુદ ૧ | - પૂ.આ.શ્રી વિજય મેઘસૂરિ મ.સા......................... | ૨૯૧ |
| ૪૬. આસો સુદ ૮ | - પૂ.પં.શ્રી મણિવિજયજી દાદા.............................. | ૨૪ |
| ૪૭. આસો સુદ ૯ | - પૂ.આ.શ્રી વિજય કનકચંદ્રસૂરિ મ.સા................... | ૧૭૩ |
| ૪૮. આસો વદ ૪ | - પૂ.આ.શ્રી વિજય ગુણયશસૂરિ મ.સા.................... | ૨૭૩ |

# અનુક્રમણિકા


| નામ | પાના નં. |
|---|---|
| ૧. જગદ્‌ગુરુ પૂ.આ.શ્રી હીરસૂરિ મ.સા. | ૧ |
| ૨. પૂ. ઉપા. શ્રી યશોવિજયજી ગણિવર | ૧૫ |
| ૩. પૂ.પં.શ્રી મણિવિજયજી દાદા | ૨૪ |
| ૪. પૂ. બુદ્ધિવિજયજી મ. (પૂ. બુટેરાયજી મ.) | ૩૧ |
| **પૂ.આ.શ્રી.આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિ મ.નો સમુદાય** | |
| ૫. પૂ.આ.શ્રી વિજયાનંદસૂરિ મ.સા. (પૂ.આત્મારામજી મ.) | ૩૩ |
| ૬. પૂ.આ.શ્રી.વિજયકમલસૂરિ મ.સા | ૬૧ |
| ૭. પૂ.ઉપા. શ્રી વીરવિજયજી મ.સા | ૭૧ |
| ૮. પૂ.આ.શ્રી વિજય દાનસૂરિ મ.સા | ૭૭ |
| ૯. પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરિ મ.સા. | ૮૪ |
| ૧૦. પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ.સા | ૯૬ |
| ૧૧. પૂ.આ.શ્રી.વિજય મેરુસૂરિ મ.સા | ૧૦૦ |
| ૧૨. પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિ મ.સા | ૧૦૨ |
| ૧૩. પૂ.આ.શ્રી વિજય જંબૂસૂરિ મ.સા | ૧૫૭ |
| ૧૪. પૂ.આ.શ્રી વિજય ભુવનસૂરિ મ.સા | ૧૬૦ |
| ૧૫. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિ મ.સા | ૧૬૩ |
| ૧૬. પૂ. ઉપા.શ્રી ચારિત્રવિજયજી ગણિવર | ૧૬૯ |
| ૧૭. પૂ.આ.શ્રી વિજય કનકચન્દ્રસૂરિ મ.સા | ૧૭૩ |
| ૧૮. પૂ.પં. શ્રી કાંતિવિજયજી ગણિવર | ૧૭૮ |
| ૧૯. પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર | ૧૮૭ |
| ૨૦. પૂ.આ.શ્રી.વિજય જિતમૃગાંકસૂરિ મ.સા | ૧૯૪ |
| ૨૧. પૂ.આ.શ્રી.વિજય મુક્તિચન્દ્રસૂરિ મ.સા | ૧૯૮ |
| ૨૨. પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરિ મ.સા | ૨૦૬ |
| ૨૩. પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરિ મ.સા | ૨૧૪ |
| ૨૪. પૂ.આ.શ્રી વિજય રવિચન્દ્રસૂરિ મ.સા | ૨૩૪ |
| ૨૫. પૂ.આ.શ્રી વિજય માનતુંગસૂરિ મ.સા | ૨૪૧ |

| નામ | પાના નં. |
|---|---|
| ૨૬. પૂ.આ.શ્રી વિજય મિત્રાનંદસૂરિ મ.સા. | ૨૪૫ |
| ૨૭. પૂ.આ.શ્રી વિજય ચંદ્રોદયસૂરિ મ.સા. | ૨૫૩ |
| ૨૮. પૂ.આ.શ્રી વિજય હેમભૂષણસૂરિ મ.સા. | ૨૫૮ |
| ૨૯. પૂ.પં.શ્રી ભદ્રશીલવિજયજી ગણિવર | ૨૭૦ |
| ૩૦. પૂ.આ.શ્રી વિજય ગુણયશસૂરિ મ.સા. | ૨૭૩ |
| **પૂ. બાપજી મ.નો સમુદાય** | |
| ૩૧. પૂ.આ.શ્રી વિજય સિદ્ધિસૂરિ મ.સા. | ૨૮૪ |
| ૩૨. પૂ.આ.શ્રી વિજય મેઘસૂરિ મ.સા. | ૨૯૧ |
| ૩૩. પૂ.આ.શ્રી વિજય ભદ્રસૂરિ મ.સા. | ૩૦૦ |
| ૩૪. પૂ.આ.શ્રી વિજય મનોહરસૂરિ મ.સા. | ૩૦૪ |
| ૩૫. પૂ.આ.શ્રી વિજય વિબુધપ્રભસૂરિ મ.સા. | ૩૧૦ |
| **પૂ.આ.શ્રી.વિજય લબ્ધિસૂરિ મ.નો સમુદાય** | |
| ૩૬. પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરિ મ.સા. | ૩૧૩ |
| ૩૭. પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂરિ મ.સા. | ૩૧૮ |
| **પૂ.શ્રી. જિતવિજયજી દાદાનો સમુદાય** | |
| ૩૮. પૂ.શ્રી જિતવિજયજી દાદા | ૩૨૧ |
| ૩૯. પૂ.આ.શ્રી વિજય કનકસૂરિ મ.સા. (કચ્છ વાગડ) | ૩૨૪ |
| ૪૦. પૂ.આ.શ્રી. વિજય દેવેન્દ્રસૂરિ મ.સા. (કચ્છ વાગડ) | ૩૨૯ |
| ૪૧. પૂ. મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ.સા. (ભાભર) | ૩૩૧ |
| ૪૨. પૂ.પં. શ્રી તિલકવિજયજી ગણિવર (ભાભર) | ૩૩૧ |
| ૪૩. પૂ.આ.શ્રી વિજય શાંતિચંદ્રસૂરિ મ.સા. | ૩૩૫ |
| ૪૪. પૂ.આ.શ્રી વિજય કનકપ્રભસૂરિ મ.સા. (ભાભર) | ૩૪૧ |
| ૪૫. પૂ.આ.શ્રી વિજય સોમચન્દ્રસૂરિ મ.સા. | ૩૪૬ |
| **પૂ.આ.શ્રી. કર્પૂરસૂરિ મ.નો સમુદાય** | |
| ૪૬. પૂ.આ.શ્રી વિજય કર્પૂરસૂરિ મ.સા. (હાલાર) | ૩૫૮ |
| ૪૭. પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરિ મ.સા. (હાલાર) | ૩૬૧ |
| ૪૮. પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્રસૂરિ મ.સા. (હાલાર) | ૩૬૬ |
| ૪૯. પરિશિષ્ટ, આધારભૂત પુસ્તકોનાં નામો | ૩૭૦ |

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : હીરજી |
| જન્મ | : વિ.સં. ૧૫૮૩ મા. વદ-૯, **પાલનપુર** |
| માતા | : નાથીબાઈ |
| પિતા | : કુરાશાહ |
| દીક્ષા | : વિ.સં. ૧૫૯૬ કા. વદ ૨, **પાટણ** |
| દીક્ષાની ઉંમર | : ૧૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી હીરહર્ષવિજય મ. |
| પંન્યાસ-ઉ. પદવી | : વિ.સં. ૧૬૦૮ **નાડલાઈ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૬૧૦ પો. સુદ ૫ **સિરોહી** [રાજસ્થાન] |
| ભટ્ટારક પદવી | : વિ.સં. ૧૬૨૨ **વડાવલી** [ગચ્છાધિપતિ] |
| આ. પદ પર્યાય | : ૪૨ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૬ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૧૬૫૨ ભા. સુદ -૧૧ ઉના [સૌરાષ્ટ્ર] |
| આયુષ્ય | : ૬૯ વર્ષ |

**સૌજન્ય**

**પૂ. માતુશ્રી ગવરીબેન સરેમલજી ભેરાજી સાકરીયા**ની

જીવનમાં કરેલી વિવિધ તપસ્યાઓની અનુમોદનાર્થે બેડા (રાજસ્થાન)

અકબર બાદશાહ પ્રતિબોધક,
સમર્થ અને પ્રતાપી, શાસન પ્રભાવક, પરમ પ્રભાવી જગદ્ગુરુ,
શ્રીસુધર્માસ્વામીની ૫૮મી પાટને શોભાવનારા

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજા

**स्तौमि हीरसूरीशानामाज्ञानिष्ठामलौकिकाम् ।**
**यया ऽनुच्चरितेनापि वाग्मी राजा प्रबोधितः ।।**

જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાની લોકોત્તર એવી આજ્ઞાનિષ્ઠાની હું સ્તવના કરું છું, આ આજ્ઞાનિષ્ઠાનાં બળે, બોલ્યા વિના પણ એક વાચાળ રાજા [સમ્રાટ અકબર] ધર્મ પામ્યો હતો.

જગદ્ગુરુ આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા ભારત વર્ષ સમ્રાટ અકબરના સમયમાં જૈનશાસનના નભોમંડળમાં સૂર્ય સમાન તેજસ્વી હતા. તેઓશ્રી એક મહાન, સમર્થ, પ્રતાપી અને પરમ પ્રભાવી આચાર્ય પ્રવર હતા. તેમનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપોબળ અગાધ હતું. તેમનું પ્રદાન, પ્રભુત્વ અને પ્રાબલ્ય અત્ર-તત્ર-સર્વત્ર હતું. જેમ ગુર્જરનરેશ સિદ્ધરાજ અને કુમારપાળના શાસનકાળમાં કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.નું સાહિત્યક્ષેત્રે અસાધારણ પ્રદાન હતું, તેવું સમ્રાટ અકબર બાદશાહના મુગલકાળમાં જગદ્ગુરુ આ. શ્રી હીરસૂરીશ્વરજી મ.નું તીર્થક્ષેત્રે અસાધારણ પ્રદાન હતું. અકબર બાદશાહે શત્રુંજય, ગિરનાર, તારંગા, આબુ, સમ્મેતશિખર અને રાજગૃહીના પાંચેય પર્વતો આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મ.ને (અર્થાત્ જૈન શ્વેતાંબર સંઘને) અર્પણ કર્યા હતા. આ હકીકત્ત પૂ. આચાર્ય શ્રી હીરસૂરિ મ.ની વિરલ સિદ્ધિનાં દર્શન કરાવે છે. પૂ. આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મ. તપાગચ્છીય શ્રમણ પરંપરામાં, શ્રી સુધર્માસ્વામીની પાટે આવેલા પટ્ટધરોમાં **૫૮મી પાટે થયા હતા.** તેમના ગુરુ આ. શ્રી વિજયદાનસૂરિ મ. હતા. તેઓશ્રીએ પોતાની પાટે તપાગચ્છના નાયકપદે પૂ.આ.શ્રી.હીરસૂરિ મ.ને સ્થાપ્યા હતા.

**જન્મ-માતા-પિતા :**

**પૂ.આચાર્ય શ્રી હીરસૂરિ મ.નો જન્મ વિ.સં. ૧૫૮૩માં માગશર સુદ ૯ને દિવસે પ્રહ્લાદપુર (પાલનપુર)માં, ખીમસરા ગોત્રીય ઓશવાલ પરિવારમાં થયો હતો.**

## પાલનપુરની જાહોજલાલી :

એ સમયે પાલનપુરના એક જ દેરાસરમાં દરરોજ સોળ(૧૬) મણ સોપારી અને એક મૂડો (પચાસ મણ) ચોખાની ઉપજ થતી.

તે નગરમાં શ્રીમંતો ઘણા વસતા હતા. દરરોજ ૮૪ શ્રીમંતો પાલખીમાં બેસી રસ્તામાં યાચકોને દાન આપતા-આપતા જિનવાણી સાંભળવા જતાં. પિતાનું નામ **કુરા શાહ** અને માતાનું નામ **નાથીબાઈ** હતું. તેમનું પોતાનું જન્મ નામ **હીરજી** હતું. હીરજીને સંઘજી, સુરજી અને શ્રીપાલ નામે ત્રણ ભાઈ તથા રંભા, રાણી અને વિમલા નામે ત્રણ બહેન હતાં. હીરજી સૌથી નાનો અને સૌને પ્રિય ભાઈ હતો. તેનો વાન ઊજળો અને ચહેરો તેજસ્વી હતો. તેની વાક્છટા અને ગ્રાહ્યશક્તિ કોઈને પણ મુગ્ધ કરે તેવી હતી. તેણે વ્યાવહારિક અભ્યાસ શાળામાં મેળવ્યો, જ્યારે ધાર્મિક અભ્યાસ સાધુ ભગવંતોના સંપર્કથી જીવવિચાર નવતત્ત્વ, સંગ્રહણી આદિનો પ્રાપ્ત કર્યો. જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાનરુચિના કારણે સાધુ ભગવંતોનો સંસર્ગ તેનો દિવસો દિવસ વધવા લાગ્યો. તે સાથે તેના આચાર-વિચાર-ઉચ્ચાર સર્વ ધર્મપરાયણ બનવા લાગ્યા. **હીરજીની ઉંમર બાર વર્ષની** થઈ હશે ત્યાં **થોડા થોડા અંતરે માતા-પિતા સ્વર્ગવાસી થયા.** ઘર માથેથી છત્ર છીનવાઈ ગયું. બહેનો બધી સાસરે હતી. હીરજી સૌથી નાનો એટલે સૌને તેની ચિંતા વધુ થતી. પાટણ રહેતી બે બહેનો-રાણી અને વિમલા ભાઈ હીરજીને પોતાની પાસે રહેવા માટે તેડી ગઈ.

## દીક્ષા :

પાટણમાં એ સમયે ક્રિયોદ્ધારક **આ. શ્રી આનંદવિમલસૂરિ**ના પટ્ટધર **પૂ. આ.શ્રી વિજયદાનસૂરિ મ. બિરાજતા હતા. માતા-પિતાના સ્વર્ગવાસનો આઘાત હીરજી માટે વિરક્તભાવમાં પરિણમ્યો હતો.** ધર્મની નજીક હોય તેને આવો બોધ થવો સુલભ હતો. **હીરજી રોજ ગુરુવંદન અને વ્યાખ્યાન-શ્રવણ નિમિત્તે ઉપાશ્રયે જવા લાગ્યો.** આ. શ્રી વિજયદાનસૂરિ મ. ની વૈરાગ્યરસ ઝરતી વાણી સાંભળી તેનો વૈરાગ્યભાવ પ્રદીપ્ત થયો અને તેણે દીક્ષા લેવાનો નિર્ધાર કરી, એ નિર્ણયની જાણ બહેનોને કરી. મા વિનાના હીરજી પર બહેનોને સ્નેહરાગ પ્રબળ હતો; પણ હીરજીના દૃઢ નિશ્ચય અને સમજ આગળ એ સ્નેહરાગ છૂટી ગયો. **વિ.સં. ૧૫૯૬માં કાર્તિક વદ બીજને દિવસે** ૧૩ વર્ષની વયે, પૂ. આ.શ્રી વિજયદાનસૂરિ મ.ના હસ્તે હીરજીએ **દીક્ષા અંગીકાર કરી.** પૂ.આ.શ્રી વિજયદાનસૂરિ મહારાજે તેમનું નામ મુનિ હીરહર્ષવિજય રાખી પોતાના શિષ્ય ઉદ્ઘોષિત કર્યા.

## દક્ષિણમાં ન્યાયનો અભ્યાસ :

મુનિ શ્રી હીરહર્ષવિજયજી મહારાજ તીવ્ર પ્રજ્ઞા અને જ્ઞાનરૂચિના કારણે થોડા જ સમયમાં વ્યાકરણ, સાહિત્ય, સિદ્ધાંત વગેરેમાં પારંગત બની ગયા. પછી ગુરુએ તેને ન્યાય શાસ્ત્રના અભ્યાસ માટે નિપુણ એવા પંડિત પાસે દેવગિરિ (દોલતાબાદ) મોકલ્યા. ત્યાં પણ થોડા સમયમાં જ 'ચિંતામણિ' વગેરે ન્યાયના કઠિનમાં કઠિન ગ્રંથોનો અભ્યાસ તેઓશ્રીએ કર્યો અને પાછા આવ્યા. અભ્યાસ અંગેનો ખર્ચ ત્યાંના શ્રાવક દેવશી શાહે આપેલો.

## પંન્યાસ-ઉપાધ્યાય-આચાર્ય પદ :

ગુરુએ તેમની શક્તિ અને યોગ્યતા જોઈ તેમને **વિ.સં. ૧૬૦૭માં** નાડલાઈ (મારવાડ)માં **પંન્યાસ પદે,** બીજા વર્ષે **વિ.સં. ૧૬૦૮માં** એ જ નાડલાઈ ગામમાં **ઉપાધ્યાયપદે** સ્થાપન કર્યા અને **વિ.સં. ૧૬૧૦માં** સિરોહીમાં પોષ સુદ ૫ના **આચાર્યપદ** આપી આ.શ્રી હીરસૂરિ મ.ના નામે જાહેર કર્યા. આ નિમિત્તે ચાંગા મહેતાએ મહોત્સવ ઉજવી સારો એવો લ્હાવો લીધો.

ત્યાર બાદ ગુરુદેવ સાથે પૂ. આચાર્ય શ્રી હીરસૂરિજી મ. સિરોહીથી વિહાર કરી પાટણ પધાર્યા ત્યાં તેમનો પાટોત્સવ કરવામાં આવ્યો. પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજાએ પૂ.આ.શ્રી હીરસૂરિ મહારાજને પોતાની પાટે સ્થાપ્યા. આ પ્રસંગે સૂબા શેરખાનના મંત્રી સમરથ ભણસાલીએ લક્ષ્મીનો ઘણો જ સદ્‌વ્યય કર્યો. ત્યાર બાદ વિ.સં. ૧૬૧૫ થી ૧૬૨૦ દરમિયાન બંને આચાર્યોના સાન્નિધ્યે શત્રુંજય તીર્થાદિ અનેક સ્થાનોમાં નવનિર્મિત જિનમંદિરો, દેરીઓમાં તેમજ જીર્ણોદ્ધાર પામેલા જિનપ્રાસાદોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ તથા યાત્રા સંઘો વગેરે કાર્યો સમ્પન્ન થયાં.

વિ.સં. ૧૬૨૨માં **વૈશાખ સુદ બારસના દિવસે** પાટણ પાસેના વડાવલી ગામે **ગુરુ આ. શ્રી વિજયદાનસૂરિ મહારાજાનો કાળધર્મ થતાં ગચ્છની તથા શાસનની સર્વ જવાબદારી તેમના વૃષભસ્કંધો ઉપર આવી.**

પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાની **ભટ્ટારક** પદવી થઈ અને તેથી શ્રીસંઘના તેઓ શિરતાજ બન્યા. ચૌદ વર્ષના દીક્ષા પર્યાયમાં તેઓ આચાર્યપદે વિભૂષિત થયા. (ઉંમર ૨૭ વર્ષ) અને છવ્વીસ વર્ષના દીક્ષા પર્યાયમાં (ઉંમર ૩૯ વર્ષ) ભટ્ટારક પદથી વિભૂષિત થયા.

## આઠ વર્ષની દીક્ષાને માટે થયેલો ઉપદ્રવ :

ખંભાતમાં એક શ્રાવક પરમ ભક્ત હતો. તેણે અવસર પામીને આચાર્ય મહારાજને કહ્યું કે, 'જો મારો માંદો છોકરો જીવશે અને દીક્ષા લેવાનો તેનો ભાવ થશે, તો હું તેને દીક્ષા અપાવીશ' આ વખતે છોકરાની ઉંમર ત્રણેક વર્ષની હતી. બન્યું એવું કે તે પછી છોકરો સાજો થઈ ગયો. હવે છોકરો જ્યારે આઠેક વર્ષની ઉંમરનો થયો તે વખતે આચાર્ય મહારાજ વિહરતાં વિહરતાં ખંભાત આવી પહોંચ્યા અને પેલા છોકરાની માંગણી કરી. માતા-પિતાએ છોકરાને આપવાની ના પાડી. તેમાંથી મોટો સંઘર્ષ ઉત્પન્ન થયો. તે છોકરાની બેનના સસરાએ સૂબાની પાસે જઈને ખોટી ફરિયાદ કરી એટલે સૂબાએ પણ બધા સાધુઓને પકડી લાવવાનો હુકમ કર્યો.

પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજા આદિને ખબર પડતાની સાથે ત્યાંથી નાસવું પડ્યું અને પરિવાર પાછળ ગયો. સૂબાના સીપાઈઓના હાથમાં કોઈ સાધુ આવ્યા નહિ.

## જગમલે મચાવેલો ઉપદ્રવ :

આચાર્ય મહારાજ બોરસદમાં બિરાજતા હતા. એ વખતે કર્ણઋષિના ચેલા (શિષ્ય) જગમલ ઋષિએ આવીને આચાર્ય મહારાજને કહ્યું કે, "મારા ગુરુ મને પોથી આપતા નથી તે અપાવો."

પૂ.આ.શ્રી. હીરસૂરિ મહારાજે કહ્યું કે, "હું એ વાત માનતો નથી. તારામાં જો ગુણ હોય તો, તારા ગુરૂ તને પોથી શા માટે ન આપે ? બીજા ગુણવાન શિષ્યોને તો તેઓ પોથી આપે છે. માટે ઝગડીને ગુરુનું નામ બોળીશ નહિ." આવી રીતે વારવા છતાં વળ્યો નહિ, ઉલટો એણે આચાર્ય મહારાજ ઉપર ગુસ્સો કર્યો.

જ્યારે જગમલ ઋષિને સમજાવવા છતાં પણ તેણે માન્યું નહિ એટલે આચાર્ય મહારાજે તેને ગચ્છ બહાર કરી દીધો. આથી તે અને તેના શિષ્યં બંને ફરીયાદ લઈને કચેરીમાં ગયા. પેટલાદમાં હાકેમની પાસે જઈ આચાર્ય મહારાજ વિરુદ્ધ ખોટી હકીક્ત કહી. આથી હાકેમે આપેલા બંધુક ધારી સીપાઈઓને લઈને તે બોરસદ આવ્યો. પણ આચાર્ય મહારાજ તેના હાથમાં આવ્યાં નહિ.

જગમલ ઋષિ નિરાશ થઈને પાછો પેટલાદ ગયો અને ઘોડે સવારોને સાથે લઈને પાછો ફર્યો. આ વખતે પણ આચાર્ય મહારાજને સંતાઈ રહેવું પડ્યું.

આ ઘટનામાં આચાર્ય મહારાજનો લેશ પણ દોષ ન હતો. આચાર્ય ભગવંતે જગમલઋષિને સાચી વાત કહી. એણે ન માન્યું માટે ગચ્છ બહાર કર્યો. એ જ આ ઉપદ્રવનું કારણ બન્યું.

### કુણઘેરમાં આવેલો ઉપસર્ગ :

એક વખત પાટણની નજદીકમાં આવેલા '**કુણઘેર**' નામના ગામમાં પૂ.આ.શ્રી હીરસૂરિ મહારાજા ચાતુર્માસ રહ્યા હતા. તે વખતે કુણઘેરમાં એક પૂ. સોમસુંદરસૂરિ નામના આચાર્ય પણ ચાતુર્માસ રહ્યા હતા.

પર્યુષણ પર્વ વ્યતિત થયા બાદ પૂ.આ.ઉદયપ્રભસૂરિ મ. પોતાના ત્રણસો શિષ્યોની સાથે કુણઘેરમાં આવ્યા. પૂ.આ.ઉદયપ્રભસૂરિ મહારાજે પૂજ્ય આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાની પાસે આવીને કહ્યું કે, તમે પૂ.આ.સોમસુંદરસૂરિ મ.ને ખામણાં કરો. એટલે અમે તમને ખામણાં કરીએ.

પૂ.આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું કે, 'મારા ગુરુ મહારાજે તેમની સાથે ખામણાં નથી કર્યા માટે અમે કેમ ખામણાં કરીએ ?'

આના જવાબમાં એ પૂ. આ.ઉદયપ્રભસૂરિ મહારાજે કહ્યું, "જો તમે અમારું કહ્યું નહિ માનો તો અમે તમને દુભવીશું, હેરાન કરીશું." પૂ.આ.ઉદયપ્રભસૂરિએ આવી ધમકી આપી, એના ઉત્તરમાં પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાએ સ્પષ્ટ કહ્યું કે, 'તમે શું કરવાના ? બાકી તો અવશ્ય બનનારને કેવળી પણ ટાળી શકતા નથી.'

આ વાત સાંભળીને રોષે ભરાયેલા પૂ.આ.ઉદયપ્રભસૂરિ પાટણ આવ્યા. ત્યાંના સૂબા કલાખાનને મળ્યા અને ત્યાં એવી તર્કટ વાત કરી કે, 'આ. હીરસૂરિએ વરસાદને ખાળ્યો (રોક્યો) છે.'

સૂબાએ ઝટ સો (૧૦૦) ઘોડેસ્વાર દોડાવ્યા અને હુકમ કર્યો કે, 'હીરસૂરિને અહીં પકડી લાવો.'

ઘોડેસ્વારોએ આવીને કુણઘેર નગરીને ઘેરી લીધી. આથી પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાને ત્યાંથી રાતોરાત નાસવું પડ્યું. આ વાતની વડલી (વડાવલી)ના તોલા ધામીને ખબર પડી. એટલે તેણે પૂ.

આચાર્ય મહારાજ પાસે આવી ચરણમાં માથું મૂકી દીધું અને કહ્યું કે, આપ જરાપણ ભય પામશો નહિ. હું આપને વડલી લઈ જાઉં છું. ચાલો આપણે છેડેથી નીકળી જઈએ અને વડલીમાં જઈને સુખે રહીએ.

એ વખતે ખાઈ ઉતરતાં મુનિ શ્રી લાભવિજયજી મ. નામના એક સાધુને સર્પ કરડયો. તેમણે આચાર્ય મહારાજને કહ્યું કે, "હું ભલે અહીં રહું. પણ આપ પધારો." પરંતુ આચાર્ય મહારાજે હાથ ફેરવતાં જ સાપનું ઝેર ઉતરી ગયું.

આ પછી કલાખાનના ઘોડેસ્વારોએ કુણઘેરમાં તપાસ કરી પણ પત્તો લાગ્યો નહિ. આથી તેઓએ પગલાંનો પીછો પકડયો અને વડલી (વડાવલી)માં આવ્યા. પણ પછી ત્યાં પણ પત્તો લાગ્યો નહિ.

શ્રાવક તોલાધામીએ આચાર્ય મહારાજને ભોંયરામાં રાખ્યા અને તેના રસ્તા ઉપર ઘંટી ગોઠવી. આવી રીતે પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાને લાગટ ત્રણ મહિના સુધી ભોંયરામાં રહેવું પડ્યું, પછી મામલો શમ્યો એટલે ત્યાંથી વિહાર કર્યો.

**અમદાવાદ ઝવેરીવાડનો પ્રસંગ :**

પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજા ત્યાંથી વિહાર કરતા અમદાવાદ પધાર્યા. ત્યાં સાહિબખાન નામનો હાકેમ હતો. તેને પણ કોઈએ જઈને ભંભેર્યો કે, 'હીરસૂરિએ વરસાદને ખાળી (બાંધી) રાખ્યો છે.'

આથી હાકેમે આચાર્ય મહારાજને તેડું મોકલ્યું. આચાર્ય મહારાજ હાકેમની પાસે પધાર્યા. ત્યાં જઈ ધર્મલાભ રૂપ શુભાશિષ સંભળાવ્યાં.

હાકેમે કહ્યું કે, 'વરસાદ કેમ વરસતો નથી ? તમે વરસાદને ખાલ્યો (બાંધ્યો) છે ?'

આચાર્ય મહારાજે કહ્યું કે, 'અમે દુકાળ પડે એમ ઈચ્છીએ નહિ અને વરસાદને કોઈ રોકી શકે નહિ.'

આચાર્ય મહારાજની સાથે આ પ્રમાણે વાત થતી હતી. એટલામાં કુંવરજી ઝવેરી ત્યાં પહોંચ્યા અને હાકેમને સમજાવ્યું કે, 'આવા મહાત્માઓ વરસાદને રોકે નહિ, પરંતુ તેઓ તો સૌને સુખ થાઓ એવી વાંછા (ભાવના) રાખનારા છે અને વરસાદ વિના સુખ શી રીતિએ થાય ? માટે આવા મહાપુરુષો વરસાદને કદી રોકે નહિ.' આથી હાકેમ સમજી ગયો અને કુંવરજી ઝવેરી આચાર્ય મહારાજને લઈને પાછા ફર્યા.

આઠ દિવસ પછી કોટવાળે ફરી હાકેમના કાન ભંભેર્યા. આથી હાકેમે સીપાઈઓને પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાને પકડી લાવવા માટે મોકલ્યા.

સીપાઈઓએ ઝવેરીવાડમાં આવીને આચાર્ય મહારાજનો હાથ પકડયો, તે વખતે રાઘવ નામનો ગંધર્વ અને સોમસુંદર નામના મુનિ વચ્ચે પડ્યા. આ ઝપાઝપીમાં રાઘવનો હાથ ઘવાયો. આચાર્ય મહારાજનાં કપડાં ફાટ્યાં. પકડતાં અને છોડાવતાં આચાર્ય મહારાજનાં કપડાં નીકળી ગયાં અને બીલકુલ નગ્ન દેહે આચાર્ય મહારાજને ભાગવાની ફરજ પડી.

પૂ.આચાર્ય મહારાજ નાસતા હતા ત્યારે તેમને દેવજી નામના લોકાએ પોતાના ઘરમાં લઈ જઈને કહ્યું કે, "આપ અહીં રહો. મનમાં ભય પામશો નહિ. આપને પકડશે તો જૈનોની હીલણા થશે અને હીલણાનું કારણ ટાળવાથી મને ઘણું પુણ્ય થશે."

આથી આચાર્ય મહારાજ ત્યાં રોકાયા, આ તરફ આચાર્ય મહારાજને પકડવા આવેલા સીપાઈઓ પાછા ફર્યા. પછી હાકેમને ઘણો ગુસ્સો આવ્યો. શહેરમાં મોટો શોર મચી ગયો. પોળો દેવાઈ ગઈ (બંધ થઈ ગઈ). સીપાઈઓ ઘેર ઘેર ફરીને આચાર્ય મહારાજને શોધવા લાગ્યા. પણ ક્યાંય મળ્યા નહિ.

દેવજી લોકા નામના શ્રાવકે પણ કુનેહ વાપરી સિપાઈઓની સાથે જઈ ઘેર-ઘેર તપાસ કરાવી. પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. આ રીતે દેવજી લોકાએ પૂ. આચાર્ય મહારાજને ઘણો સમય ગુપ્ત રીતે રાખ્યા અને તેમનું રક્ષણ કર્યું. આ ઘટના વિ.સં. ૧૬૩૬માં બની. ત્યાર પછી પૂ.આચાર્ય મહારાજની પ્રતિદિન ચઢતી થઈ.

## પલ્લીપતિને પ્રતિબોધ :

અમદાવાદથી વિહાર કરી પૂજ્ય આચાર્ય મહારાજ પાટણ થઈ 'રોહ' પધાર્યા. સહસ્ર અર્જુન નામનો પલ્લીપતિ ત્યાં પોતાની આઠ સ્ત્રીઓની સાથે રહેતો હતો. પૂજ્ય આચાર્ય મહારાજને તે પોતાને ઘેર લઈ ગયો અને અશ્વ તથા પાલખી આદિ ભેટ આપવા લાગ્યો. ત્યાં પણ પૂજ્ય આચાર્ય મહારાજે એમ કહ્યું કે, **'જૈન મુનિઓનો એ આચાર નથી'** એટલે પલ્લીપતિ કહે છે કે, છેવટે કાંઈ નહિ તો દૂધ, દહીં, ઘી વગેરે લ્યો **'એટલે એ વખતે પણ આચાર્ય મહારાજે કહ્યું કે, જૈન મુનિઓને રાજપીંડ કલ્પે નહિ.** આથી તે પલ્લીપતિએ પૂજ્ય આચાર્ય મહારાજને જૈન મુનિઓનો આચાર પૂછયો. પૂજ્ય આચાર્ય મહારાજે છજીવનિકાયની રક્ષા, પાંચ મહાવ્રત, યતનાપૂર્વક સંયમ સેવન આદિ સાધ્વાચાર તેને સમજાવ્યો. તેના પરિણામે **તે પલ્લીપતિએ પ્રતિજ્ઞા કરી કે, વિના અપરાધે હું કોઈ જીવને મારીશ નહિ અને સાધુઓને હંમેશા નમસ્કાર કરીશ.**

## સીરોહીના સુલતાનને પ્રતિબોધ :

આ પ્રમાણે સહસ્ર અર્જુન નામના પલ્લીપતિને પ્રતિબોધી, ત્યાંથી વિહાર કરી, શ્રી આબુ તીર્થની યાત્રા કરી, પૂજ્ય આચાર્ય મહારાજ સીરોહી પધાર્યા. ત્યાંનો રાજા સામે આવ્યો અને પૂજ્ય આચાર્ય મહારાજનો સત્કાર કર્યો. તેઓશ્રીની ધર્મદેશના સાંભળીને તેણે કહ્યું કે, **'આવો ધર્મ મેં કદી સાંભળ્યો નથી. બ્રાહ્મણો તો લેવાને માટે ગમે તે કહે, પણ શુદ્ધ માર્ગ ક્યાંય નથી. ખરેખર આ જ ખરા ધર્મગુરુ છે. મેં કાંઈ ધર્મ કર્યો નથી અને હું પાપથી ભરેલો છું'** આ પ્રમાણે કહીને તેણે **મદિરાપાન, શિકાર, માંસાહાર અને પરસ્ત્રી સેવન નહિ કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી.** જૈન મુનિની દેશના તો એવી વૈરાગ્યથી ભરચક હોય કે, જેથી અન્ય ધર્મી પણ જો યોગ્ય હોય તો એ સાંભળીને પામી જાય. ઉત્તમ વૈરાગ્ય પ્રધાન દેશના અને અપૂર્વ નિઃસ્પૃહતા યોગ્ય આત્મા ઉપર છાયા પાડ્યા વિના ક્યારેય ન રહે.

એક વખત ગંધારમાં ૩૦૦ સાધુના પરિવાર સાથે જગદ્‌ગુરુ પૂ.આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા પધારવાના હતા. તે સમાચાર કોઈ એક વ્યક્તિએ ગંધારમાં એક શ્રાવકને આપ્યા. ખબર આપનાર તરફ

તે શેઠે ચાવીનો ઝુમખો ફેંકીને કહ્યું કે, આ ઝુમખામાંથી ગમે તે કૂંચી લે, તે કૂંચી જેની હોય તે ખોલ અને તેમાં જે હોય તે તમામ તારું ! કેવી ઉદારતા ! પણ પેલો માણસ ભાગ્યહીન હોવાથી તેણે મોટી કૂંચી (ચાવી) લઉં તો એમાંથી વધારે માલ નીકળે એમ સમજીને મોટી કૂંચી (ચાવી) લીધી. એ કૂંચી વખારની હતી. એ વખાર ખોલી તો તેમાંથી તે સસ્તાઈના જમાનામાં છત્રીસ હજાર રૂપિયાના દોરડાં નીકળ્યા. શેઠે કહ્યું કે, જો નાનામાં નાની કૂંચી લીધી હોત તો મારું સર્વસ્વ તને મળત. કેવી ઉત્તમ ભાવના !

**ચંપા શ્રાવિકાનો પ્રસંગ :**

આ બાજુ થોડા જ સમયમાં એક ઇષ્ટદાયક ઘટના બની, જે પૂ.આ.શ્રી. હીરસૂરિ અને સમ્રાટ અકબરના મિલનની હતી. વાત એવી બની કે, અકબર બાદશાહના મહેલ પાસેથી એક વરઘોડો નીકળ્યો. **ચંપાબાઈ નામની શ્રાવિકાએ** ૭ મહિનાના ઉપવાસ ધારણ કર્યા તે નિમિત્તનો આ વરઘોડો હતો. અકબર બાદશાહને આ વાતની જાણ થતાં તેને ખૂબ આશ્ચર્ય થયું. તેના મનમાં ૭-૭ મહિનાના ઉપવાસની આ વાત કેમેય ન બેસી. તેણે **મંગલ ચૌધરી** અને **કમરૂખાનને આ અંગે તપાસ કરવા કહ્યું.** બંનેએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઝીણવટપૂર્વક તપાસ કરી. બાદશાહ અકબરને આ વાત સત્ય હોવાનું જણાવી વધુમાં કહ્યું કે, **"આ બધો પ્રતાપ તેમના ગુરુ હીરવિજયસૂરિ મ.નો છે એમ ચંપા શ્રાવિકા કહે છે."** આ હકીકત જાણીને બાદશાહને પૂ.આ.શ્રી હીરસૂરિના દર્શન કરવાની ભાવના જાગી. આ ઘટનાની એક વિગત એવી પણ છે કે, અકબર બાદશાહે આ વાતની ખાતરી **ચંપાબાઈને એક મહિનો મહેલમાં રાખીને કરી હતી.** એ પછી કેટલાક દિવસે શ્રાવિકા ચંપાબાઈને ૬ માસના ઉપવાસ પૂર્ણ થતાં, તે નિમિત્તે નીકળેલા વરઘોડાને જોઈ અકબર બાદશાહે શ્રાવિકા ચંપાબાઈને મહેલે નિમંત્રી એમના મુખે પૂ.આ.શ્રી હીરસૂરિના પ્રભાવની વાત જાણી. સૂરિજીના દર્શન કરવાની ઉત્કંઠા થવાથી બાદશાહે તુરત **ભાનુમલ** અને **કલ્યાણમલ નામના** શ્રાવકોને બોલાવીને કહ્યું કે, "તમે પૂ.આ.શ્રી હીરસૂરિને અહીં પધારવા માટે વિનંતિ પત્ર લખો. હું પણ એક જુદો પત્ર લખું છું."

શ્રાવકોએ સૂરિજી પર પત્ર લખ્યો અને બાદશાહ અકબરે ગુજરાતના સૂબા સાહિબખાન ઉપર પત્ર રવાના કર્યો અને તેમાં ભારે આગતાસ્વાગતાપૂર્વક સૂરિજીને દીલ્હી મોકલવા ફરમાન કર્યું.

બાદશાહ અકબરનો આ પત્ર જોઈ સૂબો સાહિબખાન પણ સ્તબ્ધ થઈ ગયો ! પૂર્વે પોતે કરેલા ઉપદ્રવો યાદ આવ્યા, અને તેનો પસ્તાવો પણ થયો. પછી અમદાવાદના જાણીતા ગૃહસ્થોને બોલાવીને બાદશાહ અકબરનું ફરમાન વાંચી સંભળાવ્યું. **પૂ.આ.શ્રી હીરસૂરિજી મ. આ સમયે ગંધાર બિરાજતા હતા.** સૂબાએ શ્રાવકો દ્વારા ત્યાં આ વાત પહોંચાડી. આગ્રાના શ્રાવકોનો પણ પત્ર હતો. સૂરિજી ગંધારથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. નગર-પ્રવેશ ખૂબ ઠાઠથી થયો. સૂબા સાહિબખાને પણ સૂરિજીને નિમંત્રી પોતાના પૂર્વકૃત કૃત્ય બદલ માફી માંગી અને મણિ, રત્ન, સુવર્ણ તેમ જ પાલખી, છડીદાર વગેરે ભેટ સ્વીકારવા પ્રાર્થના કરી. સૂરિજીએ ત્યાગધર્મની સમજ આપી તેનો અસ્વીકાર કરતાં **સૂબા પર તેનો ઊંડો પ્રભાવ પડ્યો.** સુબાએ અકબર બાદશાહને લખી મોકલ્યું કે, **'એમના જેવો ફકીર મેં આજ સુધીમાં કદી જોયો**

**નથી. આ તો કોઈ મહાન ફકીર છે અને તેમનો ત્યાગ અપૂર્વ છે.** પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ. અમદાવાદથી પાટણ પધાર્યા. અહીંથી ઉપાધ્યાય વિમલહર્ષ મ.સા. આદિ પાંત્રીશ સાધુ મહારાજોએ આગળ વિહાર કર્યો અને પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ. આદિ પછીથી નીકળ્યા. ઉપાધ્યાય આદિ પહેલાં ફત્તેહપુર સીક્રી પહોંચી ગયા અને બાદશાહ અકબરની ગુરુદેવના દર્શનની તીવ્ર ભાવના જાણી હર્ષિત બન્યા. સૂરિજી આદિ ફતેહપુર સીક્રીથી ૧૪-૧૫ માઈલ દૂર અભિરામાબાદ આવી પહોંચ્યા. ત્યાંથી ભાનુમલ અને કલ્યાણમલે બાદશાહી બંદોબસ્ત સાથે અપૂર્વ ઠાઠથી સૂરિજીનો ફત્તેહપુર સીક્રીમાં પ્રવેશ કરાવ્યો. આ રીતે પૂ.આ.શ્રી. હીરસૂરિજી મ. **પોતાના ૬૭ મુનિવરો સાથે અહીં પહોંચ્યાં.**

## પૂ. આચાર્ય મહારાજાનો દિલ્હીમાં પ્રવેશ :

વિ.સં. ૧૬૩૯ના જેઠ વદ ૧૨ના પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ. નો ફતેહપુર સીક્રીમાં પ્રવેશ થયો અને **જેઠ વદ ૧૩ના સમ્રાટ અકબર બાદશાહ** સાથે રાજભવનમાં **પહેલવહેલો મેળાપ થયો.** અકબર બાદશાહે પૂ.આચાર્ય ભગવંતનું ભવ્ય સામૈયું કરેલ. છ માઈલ લાંબો વરઘોડો નીકળેલ હતો. છ લાખ આદમી (માણસો) લેવા સામે આવ્યા હતા. આ પ્રસંગ જૈનધર્મની અહિંસાની સૂક્ષ્મ માન્યતાને ચરિતાર્થ કરનારો પણ બન્યો હતો.

સૂરિજીના આગમન સમયે અકબર બાદશાહે સન્મુખ આવી સ્વાગત કર્યું અને વિનયપૂર્વક કુશળ-મંગળના સમાચાર પૂછ્યા. મહેલમાં આગળ ચાલતાં એક પ્રવેશદ્વાર આગળ સૂરિજી અટકી ગયા. ત્યાં આગળ **ગાલીચો બીછાવેલ હતો.** સૂરિજીને અટકી ગયેલા જોઈ સમ્રાટે તેનું કારણ પૂછ્યું, એટલે સૂરિજીએ ગાલીચા તરફ અંગુલિનિર્દેશ કરી જણાવ્યું કે, **"ગાલીચા પર ચાલવાથી હિંસા થાય.** અમારાથી **ગાલીચા પર પગ મૂકી ન શકાય."** સમ્રાટે આશ્ચર્ય પામી કહ્યું, "ગાલીચો તદ્દન સ્વચ્છ છે અને તેના પર જીવજંતુ પણ નથી, તો આપને ગાલીચા પર ચાલવામાં શી હરકત છે ?" સૂરિજીએ સાધુ ધર્મનો આચાર જણાવતાં કહ્યું કે, **"અમારો આચાર છે કે** दृष्टिपूतम् न्यसेत् पादम्- અર્થાત્ **જ્યાં ચાલવું** અગર **બેસવું હોય ત્યાં દૃષ્ટિથી જમીન જોઈ લેવી જોઈએ."** સૂરિજીના આ કથનથી સમ્રાટને મનમાં હસવું આવ્યું અને ગાલીચામાં ક્યાંયે જીવજંતુ નથી તે વાતની પ્રતીતિ કરાવવા ગાલીચાનો એક છેડો ઊંચો કરાવ્યો. તેની નીચે કીડીઓનો ઢગ નીકળ્યો ! આ જોઈ સમ્રાટ અકબર દંગ થઈ ગયો અને સૂરિજી પ્રત્યેનો તેનો **ભક્તિભાવ વધુ દૃઢ બન્યો.** પછી ગાલીચો લેવરાવી; સમ્રાટે સૂરિજીને યોગ્ય આસને બેસાડ્યા. સૂરિજીએ બાદશાહને ઉપદેશ આપી શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યાર બાદ સમ્રાટે પૂર્વે પદ્મસુંદર ગણિ નામના યતિએ આપેલાં પુસ્તકો વગેરેનો ભંડાર બતાવી, તે સ્વીકારવા સૂરિજીને વિનંતી કરી. **સૂરિજીએ પરિગ્રહ આદિ કારણે તે નહિ સ્વીકારતાં,** સમ્રાટને સૂરિજીની નિઃસ્પૃહતા માટે ઘણું માન ઊપજ્યું; પરંતુ સમ્રાટના અતિ આગ્રહથી છેવટે આગ્રામાં એક જ્ઞાનભંડાર બનાવી, તેમાં એ પુસ્તકો રાખવા સ્વીકાર કર્યો. આમ, પૂ.આ.શ્રી હીરસૂરિજી મ. ના આ પ્રથમ મેળાપમાં જ અકબર બાદશાહ ઉપર ઊંડી છાપ પડી હતી અને તે ખૂબ પ્રભાવિત થયો હતો.

## મંત્ર-તંત્ર માટે પૂછયું :

એક વખત અકબર બાદશાહે પૂ.આ.ભ.શ્રી હીરસૂરિમહારાજાને કહ્યું કે, **'મને એક ઉપાય બતાવો. મીન રાશિમાં મને શનિશ્ચરની દશા બેઠી છે. એનાથી હું ઘણો ડરું છું.'** ત્યારે પૂ.આચાર્ય ભગવંતે કહ્યું કે, **'ખહેર-મહેર** (ભલાઈ) **ખૂબ કરો, તેનાથી તમારું ભલું થશે. મનમાં ડર રાખવો નહિ.'** જ્યારે અકબરે ફરી ફરી એ જ વાત પૂછી ત્યારે પૂ. આચાર્ય ભગવંતે કહ્યું કે, **'એ અમારું કામ નથી. અર્થી આત્માને ધર્મનો ઉપદેશ આપવો એ જ અમારું કામ છે.'** બાકી ખહેર-મહેર કરવી એ જ આનો મંત્ર છે. તેનાથી બાદશાહને પૂ.આચાર્ય ભગવંત પ્રત્યે ઘણો જ સદ્‌ભાવ થયો અને કહ્યું કે, **આ સાધુએ સાચી ફકીરી ધારણ કરી છે. મેં ઘણાં દર્શનો જોયાં છે. પણ આવું તો એકે જોયું નથી.**

**મેં એમની પાસે મંત્ર માગ્યો, પણ એમણે પોતાનો માર્ગ લોપ્યો નહિ. મનમાં કોઈ લાલચ-ઈચ્છા રાખ્યા નહિ. એમના ધર્મશાસનને વળગી રહ્યા.** આ પ્રમાણે દિલ્હીપતિ ખુશ થયો અને કહ્યું કે, તમારે જોઈએ તે માગી લ્યો. નગર, હાથી, ઘોડા, ધન જે જોઈએ તે આપું. પૂ. આચાર્ય ભગવંતે કહ્યું, **અમે કશું જ માંગીએ નહિ. પાસે કોડી પણ રાખીએ નહિ. અમે સાધુ ખુદાના બંદા છીએ. મિલકત અને સ્ત્રી અમે છોડ્યા છે.**

પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ. વિ.સં. ૧૬૩૯ના જેઠ વદ ૧૩ના ફત્તેહપુર સીક્રી પધાર્યા અને આ પ્રદેશમાં લગભગ ચાર વર્ષ સુધી વિચરી બાદશાહ અકબર, તેના પરિવાર અને રાજ્યાધિકારી ગણને ધર્મોપદેશ આપ્યો. પછી તેઓ ગુજરાત પધાર્યા ત્યારે અહીંનાં લોકો, બાદશાહ, શાહી પરિવાર, અમીરો વગેરેને ધર્મોપદેશ દેવા માટે મહો૦ શાંતિચંદ્ર ગણિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ વગેરે વિદ્વાન મુનિવરોને બાદશાહ પાસે રાખ્યા હતા અને ગુજરાત પહોંચ્યા બાદ પોતાના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિ તથા મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ વગેરેને પણ બાદશાહ પાસે મોકલ્યા હતા. મહો૦ ભાનુચંદ્ર ગણિ અને મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ બાદશાહના દરબારમાં **લગભગ ૨૩ વર્ષ સુધી રહ્યા હતા.** બાદશાહ અકબરે પૂ.આ.શ્રી.હીરસૂરિજી અને તેમના શિષ્યો-પ્રશિષ્યો વગેરેના ઉપદેશથી હિંસાત્યાગના, અમારી પ્રવર્તાવવાનાં, જૈનોની ધર્મભાવના અને તીર્થભક્તિને જાળવવાનાં તેમ જ લોકહિતનાં અનેકવિધ કાર્યો કર્યાં હતાં, જેમાં અમુક વિગત નીચે છે :

## અકબર બાદશાહમાં થયેલું જીવનપરિવર્તન :

(૧) બાદશાહ અકબર પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.નો ભક્ત બન્યો, જૈન ધર્મનો પ્રેમી બન્યો અને હિન્દુધર્મ પ્રત્યે આકર્ષાયો.

(૨) બાદશાહ અકબરે આ.શ્રી. હીરસૂરિજી મ.ને મોટો ગ્રંથભંડાર અર્પણ કર્યો.

(૩) મારવા માટે બાંધી રાખેલાં પશુ-પક્ષીઓને છોડી મૂક્યાં અને કેદીઓને પણ છૂટા કર્યા.

(૪) ડાબર તળાવનો શિકાર બંધ કરાવ્યો અને માછલાં પકડવાની જાળો બંધ કરાવી.

(૫) બાદશાહ અકબર હંમેશાં ૫૦૦ ચકલાંની જીભોનો ઉપયોગ કરતો હતો, તેણે તે ખાવાનો ત્યાગ કર્યો.

(૬) બાદશાહે નિર્વંશિયાનું ધન લેવાનું બંધ કર્યું.

(૭) બાદશાહે જજિયાવેરો (યાત્ર-કર) માફ કર્યો.

(૮) આગ્રા, ફત્તેહપુર સીક્રી, લાહોર, બુરહાનપુર અને માલપુર વગેરે સ્થળોમાં નવાં જિનાલયો અને ઉપાશ્રયો બનાવવાની રજા આપી.

(૯) અહિંસા (અમારી)નું ફરમાન : પર્યુષણના દિવસોમાં કોઈપણ સ્થાને કોઈપણ પશુપક્ષીની જીવ હિંસા કરવાની મનાઈ ફરમાવી. આ હુકમ હંમેશને માટે છે એમ જણાવી, આ રીતનું ફરમાન કાઢી પોતાના જુદા જુદા **પાંચ પ્રદેશોમાં** ૧-ગુજરાત, ૨-માળવાદેશ, ૩-અજમેર, ૪-દિલ્હી-ફતેપુર, ૫-લાહોર-મુલતાનદેશ અને છઠ્ઠુ ફરમાન **પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.ને ફત્તેહપુર સિક્રી**માં વિ.સં. ૧૬૪૦ના આપ્યું હતું.

(૧૦) જૈન ધર્મગુરુઓ અને ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન : યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ. સેવડા (જૈન સાધુ) અને તેમના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજૂરમાં [સભામાં] હાજર થવાનું માન મેળવ્યું છે; અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, ઉચ્ચતા અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી **કોઈએ એમને હરકત (અડચણ) કરવી નહિ**, તેમ તેમને તુચ્છકારવા પણ નહિ. વળી, જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોનું) કંઈ પડી ગયું હોય કે ઉજ્જડ થઈ ગયું હોય અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત [આરાધના] કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઈચ્છે તો તેને કોઈ ઉપલક જ્ઞાનવાળા (અજ્ઞાની)એ કે ધર્માન્ધે અટકાવ કરવો નહિ અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવાં બીજાં કાર્યો, જે ઈશ્વરના અધિકારનાં છે, તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે, એવાં કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં છે કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છે, તેમના હાથે થવાં જોઈએ નહિ... તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર થાય નહિ અને ઈશ્વર ભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધની દખલ થવા દેવી નહિ. આ રીતનું ફરમાન **વિ.સં. ૧૬૪૭ના કાઢવામાં** આવ્યું હતું.

(૧૧) જૈનતીર્થો અર્પણ કર્યાનું ફરમાન : શ્વેતાંબર જૈનાચાર્ય શ્રી હીરસૂરિ મ. તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુ પુરુષો છે. તેમના દર્શનથી મને, અકબર બાદશાહને ઘણો આનંદ થયો છે. તેમની એટલે આ.શ્રી હીરસૂરિજી મ.ની માંગણી મુજબ અમે **સિદ્ધાચલ** (શત્રુંજય), **ગિરનાર, તારંગા, કેસરિયાનાથજી, આબુ, સમેતશિખરજી** અને **રાજગૃહીની પાંચ પહાડીઓ** તથા અમારી સલ્તનતમાં ગમે ત્યાં હોય એવા તેમ જ તે પર્વતોની નીચે આવેલાં દેવસ્થાનો અને દર્શન સ્થળો તેમને (અર્થાત્ **જૈન શ્વેતાંબર સંઘને**) **આપીએ છીએ** અને તે તે સ્થળોની આસપાસ કે તેમની ઉપર-નીચે કોઈએ કોઈ **જાતની જીવ હિંસા કરવી નહિ.** આ ફરમાન આજે પણ **અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે મૌજૂદ છે.**

## છ મહિના અહિંસાનું પ્રવર્તન :

(૧૨) લગભગ છ માસ અહિંસા પાળવાનું ફરમાન : અકબર બાદશાહે આ ફરમાન મુજબ **શ્રાવણ વદ ૧૦ થી ભાદરવા સુદ ૬ના ૧૨ દિવસો**, બાર સૌર મહિનાઓના **પહેલા ૧૨ દિવસો**, સાલ ભરના **૪૮ રવિવારો**, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસો, ઇસ્લામી ૭મા રજબ મહિનાના **દરેક ચાર સોમવારો**, સૌર મહિનાના **સર્વ તહેવારો**, ઈરાની ફરવરદીન મહિનાના સર્વ **૩૦ દિવસો**, બાદશાહના **જન્મ મહિનાના સર્વ તહેવારો**, શાઆબાન **મહિનાના ૩૦ દિવસો**, **સોફિયાન મહિનાના ૩૦ દિવસો**, **મિહિર મહિનાના ૩૦ દિવસો**, **નવરોજનો ૧ દિવસ**, રોજા ઈદ કે બકરી **ઈદનો ૧ દિવસ** એમ વર્ષભરના **લગભગ છ મહિના શિકાર અને માંસાહાર પર પ્રતિબંધ મૂક્યો હતો.**

(૧૩) બાદશાહ અકબરે **વિ.સં. ૧૬૪૦માં ફત્તેહપુર સીક્રીમાં બાદશાહી દરબારમાં પૂ.આ.શ્રી. હીરવિજયસૂરિ મ.ને 'જગદ્‌ગુરુ' તરીકે ઓળખાવ્યા હતા.**

(૧૪) બાદશાહ અકબરે પોતાની ધર્મસભાના ૧૪૦ જ્ઞાની પુરુષોનાં નામ લખાવ્યાં હતાં, તેમાં **પહેલા વર્ગમાં સોળમાં [૧૬] જ્ઞાની પૂ.આ.શ્રી હીરસૂરિ મ.નું નામ લખાવ્યું હતું.** આમ, બાદશાહ અકબર ઉપર પૂ.આ.શ્રી હીરસૂરિ મ.નો પ્રભાવ કેવો અપૂર્વ હતો તે ઉપરોક્ત બાબતોથી સ્પષ્ટ જાણી શકાય છે.

વિક્રમની પંદરમી અને સોળમી સદીમાં અન્ય કોમની ધર્માન્ધતાથી હિન્દુ અને જૈનોનાં અનેક મંદિરો તથા પ્રતિમાઓ ખંડિત થયાં હતાં. આ ક્ષતિને યથાશક્ય પહોંચી વળવા પૂ.આ.શ્રી વિજયદાનસૂરિ મ. અને પૂ.આ.શ્રી વિજયહીરસૂરિ મ.ના ઉપદેશથી અનેક તીર્થો અને જિનાલયોના જીર્ણોદ્ધાર થયા હતા; નવા જિનાલયો બન્યાં હતાં; અને તેઓના હસ્તે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા ને પ્રતિષ્ઠા થઈ હતી. **આ.શ્રી વિજયલક્ષ્મીસૂરિના એક સ્તવનના ઉલ્લેખ મુજબ પૂ.આ.શ્રી વિજયદાનસૂરિએ અઢી લાખ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.** આ બંને આચાર્યોની તેમજ વિશેષ પૂ.આ.શ્રી વિજયહીરસૂરિજીની પ્રેરણાથી તથા સાનિધ્યમાં પ્રતિષ્ઠા, યાત્રા સંઘો વગેરે જે ધર્મકાર્યો થયાં તેની વિગત નીચે છે.

અમદાવાદના સુલતાનના મંત્રી ગલરાજ મહેતાએ **શત્રુંજય-તીર્થનો છ મહિના સુધી મુક્તાઘાટ કરાવ્યો**, એટલે કે **રાજ્ય તરફના લાગા, મુંડકાવેરો, જકાત, વેઠ** વગેરે **બંધ કરાવ્યાં**; તેમ જ **શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ કાઢ્યો** ને ત્યાં દેવકુલિકામાં પ્રભુ પ્રતિષ્ઠા કરાવી. અમદાવાદના શ્રીમાલી કુંવરજી સોનીએ શત્રુંજયનો યાત્રાસંઘ અને મુખ્ય ટૂંકમાં જમણી બાજુએ બંધાવેલ મોટા જિનપ્રાસાદમાં અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. ગાંધારના **શેઠ વર્ધમાન** અને તેના **પુત્ર રામજી ગંધારિયાએ** પણ **શત્રુંજયની યાત્રાસંઘનો** અને **ચૌમુખ જિનાલયમાં પ્રતિષ્ઠાનો** તેમ જ **તળાજા, ગિરનાર** આદિ **તીર્થોના જીર્ણોદ્ધાર આદિનો સારો લાભ લીધો.** અમદાવાદના શ્રીમાલી **રાજપાલ** અને **શ્રેષ્ઠિ મૂલાશાહ** તથા **ગંધારના સમરિયા**, જીવંત, વઈયા, સીપા વગેરે પોરવાલોએ કરણ, હંસરાજ, પંચાણ, તેજપાલ વગેરે દોશી પરિવારોએ અને પરીખ, મુથા આદિ પરિવારોએ શત્રુંજય **તીર્થે જિનપ્રાસાદો કે દેવકુલિકાઓ બંધાવી અને તેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. વિ.સં. ૧૬૪૦માં ફત્તેહપુર સીક્રીમાં શેઠ થાનમલના જિનમંદિરની** અને આગ્રામાં **શેઠ ભાનુમલ** અને **કલ્યાણમલના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના**

**જિનપ્રાસાદની સૂરિજીએ પ્રતિષ્ઠા કરી.** ખંભાતમાં સંઘવી ઉદયકરણે પોતે બંધાવેલા ભગવાન ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા, મારવાડ-મેવાડનાં તીર્થોના યાત્રા સંઘ અને ખંભાતના ઉક્ત જિનાલયે પૂ.આ. શ્રી.હીરસૂરિજી મ.ની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી. સંઘવી નાનુના પુત્રે દુર્લભશલ્યે પૂજ્યશ્રીના ઉપદેશથી કેટલાંક જિનાલયોના જીર્ણોદ્ધાર, જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા તથા યાત્રાસંઘો વગેરેનો સુંદર લાભ લીધો હતો. દીવ બંદરના **શેઠ મેઘજી** અને **તેમનાં ધર્મપત્ની લાડકીબાઈએ દીવમાં મોટો જિનપ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી; ઉનામાં** પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.ના પગલાં ને સ્તૂપની તથા શત્રુંજય તીર્થમાં પણ ગુરુ પગલાંની પ્રતિષ્ઠા કરાવી. શ્રી શત્રુંજય તીર્થના મુખ્ય સોળ ઉદ્ધારો સિવાય નાના ઉદ્ધારો તો પાર વગરના થયા છે. છેલ્લો સોળમો ઉદ્ધાર વિ.સં. ૧૫૮૭માં કર્માશાહે કર્યો; પરંતુ બહુ જ પ્રાચીનતાને લીધે થોડા જ સમયમાં એ મૂળ મંદિર જીર્ણપ્રાય જેવું અને જર્જરિત થઈ ગયેલું દેખાતાં ખંભાતના **તેજપાલ સોનીએ** મૂળ મંદિરનો બરાબર જીર્ણોદ્ધાર થાય તો કેવું સારું ? એમ વિચારી **પૂ.આ.શ્રી હીરસૂરિ મ.ના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરાવી,** મંદિર તદ્દન નવા જેવું તૈયાર કરાવ્યું. **વિ.સં. ૧૬૫૦માં પૂ.આ.શ્રી વિજયહીરસૂરિ મ. સંઘસહિત પાલીતાણા પધાર્યા.** સાથે **બીજા ૭૨ સંઘ હતા.** પ્રતિષ્ઠાના આ પ્રસંગની ઉજવણી અભૂતપૂર્વ બની હતી.

પૂ.આ. શ્રી હીરસૂરિ મ.ના હાથે જિનાલયો અને જિનપ્રતિમાઓની જેમ શ્રમણોની વૃદ્ધિ અને ઉન્નતિનું પણ નોંધપાત્ર કાર્ય થયું હતું. સૂરિજીના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિ મ. તથા મહો૦ શ્રી શાંતિચંદ્રગણિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ, મહો૦ સિદ્ધચંદ્રગણિ આદિ શિષ્યોએ પણ બાદશાહ અકબર અને જહાંગીર પાસે અમારિ અને તીર્થરક્ષણ વગેરેનાં ફરમાનો મેળવી જિનશાસનની અપૂર્વ પ્રભાવના પ્રસરાવી હતી. **લોકાગચ્છના શ્રી મેઘજી સ્વામી આદિ ૧૮ યતિઓએ** (શ્રીપૂજોએ) પૂ.આ.શ્રી હીરસૂરિ મ. પાસે **સંવેગી દીક્ષા સ્વીકારી હતી.** સૂરિજીએ સ્વહસ્તે **૧૬૦ શિષ્યોને દીક્ષા** આપી હતી. તેઓશ્રી લગભગ **૨૦૦૦ સાધુઓ અને ૩૦૦૦ સાધ્વીઓના નાયક હતા.**

પૂજ્યશ્રીના હસ્તે અપૂર્વ શાસન પ્રભાવના થઈ હતી, તેમ જ કેટલીક ગ્રંથરચના પણ થઈ હતી જેવી કે, શાંતિનાથ રાસ, દ્વાદશ જિનવિચાર, મૃગાવતીચરિત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા, અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવ વગેરે.

**તપશ્ચર્યા :**

પૂ. જગદ્‌ગુરુનું જીવન અપૂર્વ તપમય હતું. જીંદગીભર માટે એકાસણું અને પાંચ વિગઈનો સર્વથા ત્યાગ હતો. ભગવાન શ્રી મહાવીર પરમાત્મા જેવા પણ તપ કરે તો આપણે તો કરવો જ જોઈએ, તપ એ સંયમને દીપ્તિમાન કરે છે. તપથી દીપ્તિમાન સંયમ શાસન પ્રભાવનામાં સહાય કરે છે. એમ આ મહાપુરુષો માનતા.

બે વખત ગુરુવર્ય શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા પાસે દોષોની આલોચના લીધી. તે નિમિત્તના ત્રણસો ઉપવાસ કર્યા. તે સિવાય છત્રીસસો (૩૬૦૦) ઉપવાસ આખા જીવનમાં કર્યા હતા. બસો પચ્ચીસ (૨૨૫) છઠ્ઠ અને બહોંતેર (૭૨) અઠ્ઠમ કર્યા હતા. બે હજાર (૨૦૦૦) આયંબીલ અને બે હજાર

(૨૦૦૦) નીવી કરી હતી. ગુરુના કાળધર્મ પછી ગુરુ ભક્તિ નિમિત્તે ઉપવાસ, આયંબીલ અને એકાસણું એ ક્રમસર તેર માસ તપ કર્યો હતો.

## પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.ની પરંપરામાં નવાંગી ગુરુપૂજન :

જગદ્‌ગુરુ પૂ.આ.શ્રી**હીરવિજયસૂરિજી** મહારાજાએ દીક્ષા પૂર્વે **હીરકુમાર**રૂપે પાટણમાં પોતાના ગુરુદેવ તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી.વિજય **દાનસૂરિજી** મહારાજાનું કર્પૂર આદિ ચડાવીને નવાંગી ગુરુપૂજન કર્યું હતું. એ જ જગદ્‌ગુરુનું દીક્ષા અને આચાર્યપદવી બાદ ઠેર ઠેર નવાંગી ગુરુપૂજન થયાના ઉલ્લેખો અનેક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. એમના નવાંગી ગુરુપૂજનમાં ચડાવેલાં નાણાં, સુવર્ણમુદ્રાઓ અને અલંકારોથી રાજાનો કોષ ભરાય એટલી ઉપજ થતી હોવાનું પણ ચરિત્રકારોએ આદરપૂર્વક નોંધ્યું છે. જગદ્‌ગુરુ કાવ્ય, વિજયપ્રશસ્તિ, હીરસૂરિજીનો રાસ, હીરસ્વાધ્યાય અને 'સૂરીશ્વર અને સમ્રાટ' જેવા ગ્રંથોમાં આ અંગેના ઐતિહાસિક ઉલ્લેખો આધારપૂર્વક લખેલા છે.

જગદ્‌ગુરુની પાટપરંપરામાં થયેલા પૂ.આ.શ્રી.વિજય **સેનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટલંકાર પૂ.આ.શ્રી વિજય **દેવસૂરિજી** મહારાજ અને તેઓશ્રીના પાટવી પૂ.આ.શ્રી.વિજય **સિંહસૂરિજી** મહારાજના પણ નવાંગી ગુરુપૂજનો ઠેર ઠેર, ગામ-નગરોમાં, પ્રતિષ્ઠા પ્રસંગે અને પર્યુષણના કલ્પસૂત્રના પ્રત્યેક વ્યાખ્યાન પ્રસંગે થયાના ઉલ્લેખો **વિજય દેવ માહાત્મ્ય** જેવા ખરતરગચ્છીય ઉપાધ્યાય **શ્રી વલ્લભ પાઠકે** રચેલા ઐતિહાસિક ગ્રંથમાં પણ ઉપલબ્ધ થાય છે.

## અંતિમ આરાધના :

છેલ્લે છેલ્લે બાદશાહની વિનંતિથી પૂ.આ.શ્રી.હીરસૂરિ મહારાજે શ્રી સેનસૂરિજી મહારાજને બાદશાહ પાસે ધર્મ સંભળાવવા મોકલ્યા હતા. પૂ. સેનસૂરિજી મ. સાહેબ જુદા પડ્યા પછી ફરીથી પૂ. આચાર્ય ભગવંતને મળી શકયા નહિ. પૂ.આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાનું છેલ્લુ ચાતુર્માસ વિ.સં. ૧૬૫૧માં ઉનામાં થયું ત્યાં ચોમાસામાં પૂ. આચાર્ય ભગવંતની તબિયત વધારે બગડી. એટલે પૂજ્ય સેનસૂરીશ્વરજી મહારાજને દિલ્હીથી બોલાવ્યા. ખાસ કોઈ અગત્યની વાત કરવાની ભાવના હતી. પૂજ્ય સેનસૂરીશ્વરજી મહારાજશ્રીએ લાહોરથી ઉના પહોંચવા માટે વિહાર કર્યો. ઉગ્ર વિહાર કરીને પાટણ સુધી પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે પૂ. ગુરુ મહારાજ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા ઉના મુકામે કાળધર્મ પામ્યા છે. આ સમાચારથી પૂજ્ય આ.શ્રી સેનસૂરીશ્વરજી મહારાજને ઘણો આઘાત લાગ્યો. ત્રણ દિવસ સુધી તો આહાર-પાણી પણ ન લીધા. ચોથા દિવસે પાટણના શ્રીસંઘે આશ્વાસન આપી મુશ્કેલીથી આહાર-પાણી વપરાવ્યા.

છેલ્લા ચાતુર્માસમાં ઉના ગામમાં પૂ.આ.શ્રી.હીરસૂરિજી મ.ના શરીરે રોગ થયો. ચિહ્નો ઉપરથી પોતાને એમ લાગ્યું છે કે, 'આ રોગમાંથી હું ભાગ્યે જ બચી શકીશ.' આથી વિચાર્યુ કે, **'ઔષધાદિ ઉપચાર કરવા એ મારે માટે હવે ઈષ્ટ નથી'** આ વાત ફેલાતી સંઘમાં પહોંચી. સંઘે એકઠા થઈને ગુરુને કહ્યું કે અમારી ખાતર પણ ઔષધ લ્યો. ભાવી ભૂંડું હોય તો અમારો ઉપાય નથી. પણ આપ ઉપચાર જ ન કરો એ ચાલે નહિ. પૂજ્યશ્રીએ કહ્યું કે, **'ઉપચાર કરવાની હવે મારી ઈચ્છા નથી'** સંઘે તે વખતે

પ્રતિજ્ઞા કરી કે આપ ઔષધ ન લ્યો તો અમારે આહાર-પાણીનો ત્યાગ. બચ્ચાવાળી માતાઓએ બચ્ચાઓને દૂધ પીવડાવવાનો ત્યાગ કર્યો. આવા સંજોગોમાં ઔષધ લેવાની ઈચ્છા ન હોવા છતાં પણ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાને ઔષધ લેવું પડ્યું. શ્રી સંઘને સંતોષ થયો.

વિ.સં. ૧૬૫૨ ભા. સુ. ૧૧નો દિવસ. સંધ્યાકાલ થવા આવ્યો ત્યારે પૂ.આચાર્ય ભગવંત ધ્યાનમાં મગ્ન હતા. અકસ્માત્ સૂરિજીએ આંખ ઉઘાડી પ્રતિક્રમણનો વખત થયેલો જોયો. પોતે સાવધ થઈને બધા સાધુઓને પોતાની પાસે બેસાડી પોતે પ્રતિક્રમણ કરાવ્યું. પ્રતિક્રમણ પૂરું થયા પછી પૂ.આ. ભગવંતે છેલ્લા શબ્દો ઉચ્ચારતાં કહ્યું, **ભાઈઓ ! હવે હું મારા કાર્યમાં લીન થાઉં છું. તમે કોઈ કાયર થશો નહિ. ધર્મ કાર્યમાં શૂરવીર રહેજો.** એટલું બોલતાં આચાર્ય ભગવંતે સિદ્ધનું ધ્યાન કર્યું. સર્વ જીવોને ખમાવ્યા. ચાર શરણાનું સ્મરણ કરવા લાગ્યા. હાથમાં નવકારવાળી હતી. ચાર માળા પૂરી કરીને જ્યારે પાંચમી માળા ગણવા જતા હતા કે તુર્ત જ માળા હાથમાંથી પડી ગઈ અને **રાત્રિના આરંભ કાળમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.** ચારે બાજુ દુઃખની લાગણી ફેલાઈ ગઈ. સકળ સંઘ શોક મગ્ન બની ગયો.

અગ્નિ સંસ્કારની ભૂમિ ઉપર ચિતામાં પંદર મણ સુખડ, ત્રણ મણ અગર, ત્રણ શેર કપૂર, બશેર કસ્તૂરી અને ત્રણ શેર કેસર નાખવામાં આવ્યું. તેમજ પાંચ શેર ચૂઓ પણ બાળવામાં આવ્યો. બસ પૂજ્યશ્રીનું માનુષી શરીર ભસ્મસાત્ થઈ ગયું. હવે માત્ર યશઃશરીર આ સંસારમાં કાયમ રહ્યું.

જે બગીચામાં પૂ.આ. શ્રી હીરસૂરિ મ.નો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તે બગીચો અને તેને લગતી બાવીશ વીઘા જમીન અકબર બાદશાહે જૈનોને બક્ષીસ આપી હતી. આજ બગીચામાં દીવની બાઈ લાડકીએ એક મ્હોટો સ્તૂપ બનાવી, તે ઉપર પૂજ્યશ્રીના પગલાં સ્થાપન કર્યાં.

ઋષભદાસ કવિના કથન પ્રમાણે - જે દિવસે પૂ.આ.શ્રી હીરવિજયસૂરિ મ.નું નિર્વાણ થયું. તે જ દિવસે રાત્રે જે સ્થાનમાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તે સ્થાનમાં અનેક પ્રકારનાં નાટારંગ થતાં પાસેના ખેતરમાં સૂતેલા એક નાગર વાણિયાએ જોયાં હતાં. તેમજ તે વાડીના તમામ આંબાઓ ઉપર કેરીઓ લાગેલી જોઈ આ જોઈને લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ભાદરવો મહિનો અને તે ઋતુમાં કેરી હોય જ શાની ? પરંતુ એ પ્રભાવ હતો, પૂ.આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાનો.

શ્રાવકોએ કેટલીક કેરીઓ ઉતારી લીધી. તેમાંથી અમદાવાદ, પાટણ અને ખંભાત વગેરે શહેરોમાં મોકલાવી ત્યાં સુધી કે ઠેઠ અબ્બુલફજલ અને અકબર બાદશાહ પાસે પણ એ કેરીઓ મોકલવામાં આવી. જેણે જેણે કેરીઓ જોઈ અને હકીકત સાંભળી તેના તેના આનંદનો પાર રહ્યો નહિ.

**નમ્રતા વિના વિનય ગુણ, જાતને ભૂલ્યા વિના વૈયાવચ્ચ ગુણ, તકલીફ ભોગવવાના નિર્ણય વિના સંયમ પાલન ગુણ, સ્વાદને માર્યા વિના તપ ગુણ અને અંતર્મુખ બન્યા વિના સ્વાધ્યાય ગુણ આવે નહિ.**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : જસવંત | દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી વિ. દેવસૂરિ મહારાજા |
| જન્મ | : વિ.સં. ૧૬૮૦ (પ્રાયઃ) કનોડા (જી. મહેસાણા) | ગુરુનું નામ | : પૂ. શ્રી નયવિજયજી મહારાજ |
| | | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી યશોવિજયજી મહારાજ |
| માતા | : સૌભાગદે | ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૭૧૮ : અમદાવાદ |
| પિતા | : નારાયણ | ઉપાધ્યાય પદ પર્યાય | : ૨૫ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૬૮૯ | સંયમ પર્યાય | : ૫૫ વર્ષ |
| દીક્ષા સ્થળ | : પાટણ (પોળીયાનો ઉપાશ્રય) | કાળધર્મ | : વિ.સં. ૧૭૪૩ ડભોઈ |
| દીક્ષાની ઉંમર | : લગભગ ૯ થી ૧૦ વર્ષ | આયુષ્ય | : ૬૩ વર્ષ |

સૌજન્ય : **શા. રતનચંદજી લાદમલજી સિંઘવી.** હ. નિહાલચંદ, જયંતિલાલ, સંજય, વિનેશ, દીપેશ, દર્શન. **તથા** શા. દેવીચંદ, કાંતિલાલ, અમૃતલાલ, સુરેશચંદ્ર, જયંતિલાલ, જીનાલાલ, પ્રદીપકુમાર, નરેશકુમાર, બેટા પોતા. **શા. સાંકલચંદજી તુલશાજી કોઠારી પરિવાર.** બાંકલી

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ

# પૂજ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

**यशोविजयवागीशा वहन्ति श्रियमेन्दवीम् ।**
**यद्गोभिः सार्वश्रद्धानं समुद्रवत् विवर्धते ।।**

ચન્દ્રના કિરણોથી સમુદ્રમાં ભરતી આવે છે તે રીતે જેમના વચનોથી સર્વજ્ઞશાસનની શ્રદ્ધામાં અપૂર્વ વૃદ્ધિ થાય છે તે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા - ચન્દ્રમાં જેવી સુંદરતા ધરાવે છે.

**જન્મ : માતા-પિતા :**

ગાંભૂ-ગામની નજીક અને રૂપેણ નદીના કિનારે **કનોડાગામ** આવેલ છે. કનોડામાં **નારાયણ** નામના શ્રેષ્ઠી રહે છે. **સોભાગદે** તેમની **ધર્મપત્ની** હતી. તેમને બે પુત્રો હતા. **જસવંત** અને **પદ્મસિંહ.**

સોભાગદેની મહેચ્છા એકલી માતા બનવાની જ નહોતી. એને તો ધર્મમાતાનું ગૌરવ પણ ખપતું હતું. જસવંત અને પદ્મસિંહે પણ માતાની તે મહેચ્છા પૂર્ણ કરી.

**પૂજ્ય-ગુરુ મહારાજનો ભેટો :**

પૂ. મુનિ શ્રી નયવિજયજી મ.વિ.સં. ૧૬૮૮ મા કુણઘેર ગામમાં ચોમાસું કરીને કનોડાગામ પધાર્યા ત્યારે માતા સોભાગદે-પોતાના પુત્ર સાથે વંદન કરવા ગયા. જસવંતની ઉંમર લગભગ ૯ થી ૧૦ વર્ષની હતી. જસવંતે મુનિ શ્રી નયવિજયજી મહારાજના દર્શન કર્યા ને એમની ઉપર કોણ જાણે ક્યાંથી એની જુગ-જુગ-જુની ભક્તિ જાગી ઉઠી.

પૂ. મુનિ શ્રી નયવિજયજી મહારાજે પણ જસવંતને જોયો ને શાસન કાજે પોતે સેવેલા કેઈ ભવ્ય સોણલા એનામા એમણે સાકાર થતા જોયા.

**ભક્તામરનો પ્રસંગ :**

પૂ. ઉપાધ્યાયજી મહારાજાની પ્રભાવકતાને લગતી બાલ્યાવસ્થાની એક દંત કથા છે.

માતા સોભાગદેને સાધ્વીજી મહારાજ પાસેથી દરરોજે ભક્તામર સાંભળ્યા પછી અનાજ કે પાણી લેવાનો નિયમ હતો. સતત ત્રણ-ત્રણ દિવસ વરસાદ થતાં માતાને ત્રણ-ત્રણ ઉપવાસ થયાં. સાધ્વીજી

મહારાજના ઉપાશ્રયે જતા રસ્તામાં નદી આવતી હતી. નદીમાં પાણી ઘણું તેથી ઉપાશ્રયે જવાયુ નહિ. ત્રણ દિવસના આ ઉપવાસ જસવંતની ચકોર નજરથી છાના ન રહ્યાં. માતા આખો દિવસ માળા ગણે, સામાયિક કરે પણ ખાતી-પીતી નથી ત્યારે જસવંતે જીદ લઈને માતાને પૂછ્યું કે, "તું કેમ ખાતી પીતી નથી ?" વારંવાર પૂછતાં માતાએ કહ્યું કે "મારે ભક્તામર સાંભળીને પછી જ ખાવાનો નિયમ છે." "ત્યારે જસવંતે કહ્યું કે "ભક્તામર તો મને આવડે છે. હું બોલું ?" માતા સોભાગદેવીએ આ જવાબને રમૂજ માન્યો. માતાને એમ કે આ નાના બાળકને ૪૪ ગાથાનું સંસ્કૃત સ્તોત્ર ક્યાથી આવડતું હશે ?

માતાએ અમસ્તી હા પાડી તો નાનો બાળક જસવંત શાંતિથી ભક્તામર સ્તોત્રના એક પછી એક શ્લોક ભૂલ વગર બોલવા માંડ્યો. સાંભળતાં સાંભળતાં માતાની આંખોમાંથી હર્ષના આંસુ ટપકી પડ્યાં. માતાએ વિચાર્યું કે રોજરોજ સાંભળવા છતાં મને ચોથો ભાગ પણ યાદ નથી અને રમત-રમતમાં સાંભળીને જસવંતને ૪૪ ગાથાનું આખું 'ભક્તામર સ્તોત્ર' યાદ રહી ગયું.

આખા ગામમા આ વાત ૨૪ કલાકમાં જ પ્રસરી ગઈ. પૂ. મુનિ શ્રી નયવિજયજી મ.ને પણ ગામમાં આવતાં વેંત આ વાત જાણવા મળી. તે જ દિવસે જ પૂ. મુનિ શ્રી નયવિજયજી મ.ને માતા અને બાળક વંદન કરવા આવ્યા. ગુરુજીએ પૂછ્યું ભક્તામર આવડે છે ? અને જસવંત ભક્તામરના શ્લોક બોલવા લાગ્યો. તેથી ગુરુજીને ઘણું આશ્ચર્ય થયું. ગુરુજીને વિચાર સ્ફૂર્યો અને માતાને પૂછ્યું કે, "આ બાળક શાસનના ચરણે ધરવામાં આવે તો સ્વ અને પરનું કલ્યાણ કરે. સંસારમાં રહીને તો શું કરશે ?" સરળ સ્વભાવી હળુકર્મી માતા સોભાગદેએ આ વાત વધાવી લીધી. જસવંત પોતે પણ તૈયાર હતો. હસતાં મોંએ સોભાગદેએ જસવંતને આશિષ આપવા દ્વારા એનો મુક્તિ માર્ગ મંગલમય બનાવ્યો.

## દીક્ષા :

જસવંતની (પૂ. ઉપાધ્યાયજી મ.ની) દીક્ષાનું પવિત્ર કામ ઉત્તમ વરદાયક કરકમલો વડે થાય તે માટે તેની દીક્ષા પાટણમાં પૂજ્ય આ.શ્રી.વિજય દેવસૂરિજી મહારાજા પાસે કરાવવાનો નિર્ણય પૂ. મુનિ શ્રી નયવિજયજી મહારાજે કર્યો. તે સમયે પૂ.આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના અધિપતિ પૂ.આ.શ્રી વિજયદેવસૂરિ મહારાજા હતા. તપાગચ્છમાં પણ તેઓ જ મુખ્ય હતા. **વિ.સં. ૧૬૮૯માં પાટણમાં** શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય પાસે જે પોળીયાનો ઉપાશ્રય કહેવાય છે **ત્યાં દીક્ષા કરવામાં આવી.** જસવંત સંસારી મટીને સાધુ બની ગયો. નામ-પલટો પણ થઈ ગયો. **જસવંતમાંથી મુનિ શ્રી યશોવિજયજી મહારાજ**ના નામે **પૂજ્ય મુનિ શ્રીનયવિજયજી મ.ના શિષ્ય બન્યા.** માતા સોભાગદેના આનંદની કોઈ અવધિ ન રહી.

## વડીલ બંધુ પદ્મસિંહને વૈરાગ્ય ભાવ :

દીક્ષા પછી જનમેદની વિખરાઈ ગઈ. પણ આ પ્રસંગનો સ્થાયી રંગ તો મોટાભાઈ પદ્મસિંહના હૈયાને રંગી ગયો હતો.

મા ! મા ! નાનાભાઈનો પંથ જ હવે મારો પંથ ! સંસારમાં અમે ભાઈ હતા, તો હવે પણ અમે ભાઈ જ રહી જાણશું.

પદ્મસિંહ માના ચરણે લેટી ગયો. સોભાગદેતો કોઈ જનમ જનમની સાધિકા હતી ! જરાય ખચકાટ વિના, ચરણે નમેલા પદ્મસિંહની પીઠ થાબડી, વાત્સલ્યને વિરાગના દ્વિભેટે ઉભેલુ એનુ હૈયું બોલ્યું.

"**બેટા તારો પણ રાહ કુશળ નીવડો !** તમ જેવા વિરાગી સંતાનોને શાસનને ચરણે ભેટ ધરીને હું ધન્ય બની ગઈ ! બેટા ! લે આ શ્રીફળ !" સોભાગદેએ પોતાનુ ભાવિ ન વિચાર્યું. એક પુત્ર તો શાસનનો બની ગયો હતો. બીજા પુત્રનું ગુરુ-સમર્પણ કરતાં એ બોલી.

**"ગુરુદેવ ! આ પદ્મસિંહ પણ આપશ્રીને અર્પણ ! આ બન્નેનું ઘડતર હવે આપશ્રીને માથે ! જીવન-મૂડી ગુરુને ચરણે !"**

સોભાગદેનો આનંદ આજે હૈયામાં સમાતો નહોતો પોતાની અણમૂલી જીવનની મૂડીનું ગુરુચરણે સમર્પણ કરીને એ ધન્ય બની ગઈ હતી.

મુનિ શ્રી યશોવિજયજી મહારાજની ઉંમર લગભગ ૯-૧૦ વર્ષની હતી. પદ્મસિંહ એમનાથી મોટા હતા. પૂ. ગુરુ મહારાજે એમનામાં યોગ્યતા જોઈને થોડા દિવસો ગયા બાદ પદ્મસિંહને દીક્ષા આપી અને મુનિ શ્રી પદ્મવિજયજી મહારાજના નામે જાહેર કર્યા. બંને ભાઈઓનું ધર્મપિતા ગુરુપદ પૂ. મુનિ શ્રી નયવિજયજી મહારાજને મળ્યું.

પૂ. મુનિ શ્રી પદ્મવિજય મ.ની દીક્ષા કયાં થઈ. તેનો ઉલ્લેખ મળતો નથી. પણ પૂ.મુનિ શ્રી યશોવિજયજી મ.ના યોગોદ્વહન અને વડી દીક્ષા પણ પાટણમાં પૂ.આ.શ્રી. વિજયદેવસૂરિ મહારાજ પાસે જ થઈ.

### સંયમ સાધના : જ્ઞાનાભ્યાસ : આઠ અવધાન :

પ્રતિભા તો અણુએ અણુમાં વ્યાપેલી હતી જ, અને યોગ્ય વાતાવરણનો સથવારો મળેલો. મુનિરાજ શ્રી યશોવિજયજીએ કલ્પનાતીત વેગથી સંયમ સાધનાની સાથે જ જ્ઞાનાભ્યાસ આદર્યો. **'સુજસવેલી ભાસ'** ત્યાં સુધી જણાવે છે કે, સાકરના કણેકણમાં જેમ મીઠાશ હોય તેમ મુનિશ્રીની મતિ શ્રુતજ્ઞાનમાં વ્યાપી હતી. માત્ર દસ જ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં શિરમોર પંડિતાઈ પૂજ્યશ્રીએ પ્રાપ્ત કરી લીધી. હવે ગુજરાતમાં તેમને ભણાવી શકે તેવું કોઈ હતું જ નહિ માટે તત્કાલીન સર્વગચ્છીય મુનિવરોને એમ લાગ્યું કે આ મુનિરાજને કાશી ભણવા મોકલવા જોઈએ.

રાજનગર (અમદાવાદ) તે કાળમાં જૈનસંઘનું કેન્દ્ર સ્થાન ગણાય. ત્યાના સુબા સમક્ષ તથા શ્રીસંઘની મંગલનિશ્રામાં પૂજ્ય મુનિશ્રીએ આઠ અવધાન કરી બતાવેલા. આ અવધાન એક વિશિષ્ટ કોટિની વિદ્યાસાધના છે. જુદી જુદી ભાષાના લોકો પોતપોતાની ભાષામાં અલગ-અલગ પ્રકારની રચના બોલે, કોઈ સંગીતમાં રાગ ગાય, કોઈ ગણિતમાં દાખલો બોલે. આ બધું જ, કોઈ જ પૂર્વતૈયારી વગર યાદ રાખી લેવાનું અને ગમે તે રીતે પૂછાય તો તત્કાલ પ્રત્યુત્તર આપવાનો. મુનિશ્રીએ આ સિદ્ધિ મેળવી. રાજનગરનો સંઘ આશ્ચર્ય સાગરમાં ગરકાવ થઈ ગયો.

### ધનજીસૂરાની વિનંતિ : કાશી પ્રતિ પ્રયાણ :

એ સભામાં ઉપસ્થિત એક જાજરમાન **શ્રેષ્ઠી નામ ધનજીસૂરા.** પિતાનું નામ **સૂરા** અને ભાઈનું નામ

**રતન.** તે બંને વિ.સં. ૧૬૭૪ પૂર્વે વિદ્યમાન હતા. વિ.સં. ૧૬૮૭ના દુકાળમાં તેમણે દાનશાળા ચલાવેલી, શ્રી શત્રુંજયના કુલ ૧૮ સંઘ તેમણે કાઢેલા, પોતાના ભાઈ રતનના પુત્ર પનજીની સાથે સમતેશિખરની છ'રીપાલક યાત્રા પણ કરી, કરાવી હતી. ધનવ્યય ૧ લાખને ૮૦ હજાર, તેમજ વિશેષમાં પૂ.આ.શ્રી વિજયપ્રભસૂરિજીનો ગણાનુજ્ઞાનો નંદી મહોત્સવ વિ.સં. ૧૭૧૧માં ૮૦૦ મહમૂહિ (એક પ્રકારનું નાણું) ખર્ચીને કરેલો.

આ શ્રેષ્ઠીવર્યે ઉભા થઈને ગદ્‌ગદ્‌ સ્વરે ગુરુવરોને વિનંતિ કરી કે : પ્રભુ ! આ મુનિરાજ તો પ્રભુ શાસનનું રત્ન છે, વિદ્યાનું એ યોગ્ય પાત્ર છે. એ બીજા હેમાચાર્ય જેવા થશે. આપ કાશી પધારો અને ષટ્‌દર્શનના ગ્રન્થ ભણાવરાવો. જિનશાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના થશે.

'પણ એ એટલું સરળ નથી. તેના માટે ખૂબ ધનવ્યય અને વ્યવસ્થા નીપજાવવી પડે' આ શબ્દોથી ગુરુ ભગવંતે જોખમોને સ્પષ્ટ રૂપે સમજાવ્યા. જિનશાસનને વરેલા એ શ્રેષ્ઠીએ તત્ક્ષણ વિનંતિ કરી, **એ બધી જ જવાબદારી મારી. આપ ચિંતા છોડી દો'** અને આ સાથે જ ગુરુરાજ શ્રી નયવિજયજી મહારાજે એ રત્નને (પૂ. યશોવિજયજી મ.ને) લઈ કાશી તરફ પ્રયાણ કર્યું. ચાંદીના બે હજાર દિનાર અને બીજું પણ પુષ્કળ ધન શાસનને સમર્પિત એ શ્રેષ્ઠીવર્યે કર્યું. આ ઘટનાની સંવત છે. વિ.સં. ૧૭૦૨. અહીં એ ઉલ્લેખનીય છે કે આ કાશી ગમન પૂર્વે જ વિ.સં. ૧૭૦૧માં મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજે સ્યાદ્‌વાદ રહસ્ય નામનો ગ્રંથ બનાવ્યો છે. જે આજે પણ મળે છે.

**સરસ્વતી સાધના :**

ગંગાતટે નિસર્ગરમ્ય વાતાવરણમાં જિનશાસનના રત્ન સમાન આ મહાપુરુષે ઐંકારના મંત્ર જાપ દ્વારા મા શારદાને પ્રત્યક્ષ કરવા દ્વારા સિદ્ધ કરી. તેમની પાત્રતા, તેમની તમન્ના અને તેમનો જ્ઞાન પ્રાપ્તિનો અદમ્ય ઉત્સાહ; આ બધુ મા શારદાને પણ આકર્ષણ કરનારું બન્યું. પૂજ્યપાદશ્રી પોતે જ આ હકીકતને જંબૂસ્વામી રાસ નામના ગ્રંથમાં શરૂઆતમાં જ જણાવતા લખે છે કે, 'મા શારદાએ પ્રસન્ન થઈને તે વખતે તર્ક અને કાવ્યનું ઉચ્ચ વરદાન આપ્યું હતું અને ભાષા પણ કલ્પવૃક્ષની શાખા જેવા પરિણામ વાળી બનાવી હતી !' પૂજ્યપાદશ્રી અનેક ભવોની સાધના લઈને આવેલા તેની આ નિશાની.

**કાશીમાં જ્ઞાનાભ્યાસ : વાદ વિજેતા : ન્યાયવિશારદની પદવી :**

ભટ્ટાચાર્ય એટલે તે વખતના કાશીના પંડિતોમાં જેમનું સ્થાન-નામ મોખરે હતું તેવા મહાપંડિત. પૂજ્યશ્રીનો વિદ્યાભ્યાસ તેમની પાસે ચાલુ થયો. રોજનો રૂ. ૧ પંડિતને અર્પણ થતો અને વિદ્યાના અવતાર સમા પૂજ્યશ્રી ખૂબ જ ઝડપથી વિદ્યાને આત્મસાત્‌ કરતા. જેના માટે બીજાને ૧૨-૧૨ વરસ લાગે તેટલું જ્ઞાન માત્ર ૩ જ વર્ષમાં પોતાના નામની જેમ કંઠસ્થ પૂજ્યશ્રીએ કર્યું. પૂર્વે આવેલા ૭૦૦ વિદ્યાર્થીઓ પાછળ રહી ગયા.

તે વખતે એક વાદીએ કાશીમાં ઢંઢેરો પિટાવ્યો. વાદ માટેનું આહ્‌વાન કર્યું. તેના કારણે વિદ્યાધામ કાશી માટે કટોકટીની પળ આવી. કાં એ વાદીને જીતવો પડે. કાં કાશીની કીર્તિ નંદવાય. વાદીની ક્ષમતા

સામે હામ ભીડવાનું ગજુ કોઈનામાં નહોતુ. ભટ્ટાચાર્યે પોતાના તમામ પંડિત વિદ્યાર્થીઓ સામે જોયુ. એકપણ જ્યારે મોઢું ઉંચું નથી કરતાં ત્યારે તેજમૂર્તિ પૂ. મુનિશ્રી યશોવિજયજી મ. કહ્યું, "જો આપ હા ભણો તો આ કામ હું સંભાળી લઉં.' 'વિદ્યા' ને બાપીકો વારસો માનતા એ બ્રાહ્મણ પંડિતે ખચકાતા મને આ લઘુ વયના જૈન શ્રમણને અનુમતિ આપી. વિદ્યાશક્તિને વય સાથે કે જાતિ સાથે સંબંધ નથી હોતો. એ હકીકત પૂરવાર કરતા પૂજ્યશ્રીએ સતત ત્રણ દિવસ ચાલેલા વાદને અંતે વાદીને હરાવ્યો. કાશીની કીર્તિપતાકા આકાશમાં લહેરાઈ. તેથી ય વિશેષ જિનશાસનની જય પતાકા દિગંતમાં વ્યાપી કે એક જૈન શ્રમણ કાશીની સભામાં વાદ વિજેતા બન્યાં. એ ઘટનાની તોલે બીજો કયો પ્રસંગ વધુ શાસન પ્રભાવક હોઈ શકે એ એક સવાલ છે ? આખો કાશીનો શ્રીસંઘ મુનિવરને વાજતે ગાજતે પ્રભુ પાર્શ્વના પ્રાસાદે લઈ આવ્યો. કાશીના ખેલદીલ પંડિતો આ ઘટનાથી એવા પ્રભાવિત થયા કે, **એક જૈન શ્રમણને એ બધાએ ભેગા મળીને 'ન્યાયવિશારદ' નીં પદવીથી વિભૂષિત કર્યા.**

## બનારસીદાસ સામે વિજય : આગ્રા ગમન :

વ્યવહારનયની વાસ્તવિકતાઓ અવગણીને નર્યા નિશ્ચયને પૂર્ણ માની લેનારા તે કાળના વિખ્યાત હિંદીભાષી જૈન કવિ બનારસીદાસની સામે પણ આ મહાપુરુષે અવાજ ઉઠાવેલો. ઉન્માર્ગનું ઉન્મૂલન છતી શક્તિએ પણ ન કરવામાં આવે તો સાચા સન્માર્ગ પ્રેમ સામે સવાલ ઉભો થઈ જાય છે. માટે જ પૂજ્યશ્રીએ બનારસીદાસની બનાવટી વાતોને વાદ કરવા દ્વારા જગત સમક્ષ ખુલ્લી મૂકી દીધી.

ત્યાર બાદ કાશીના ભટ્ટાચાર્યે એટલે સુધી કહ્યું કે, મારી નિઃશેષ વિદ્યા જો કોઈમાં સંક્રમિત થઈ હોય તે એકમાત્ર આ જૈનમુનિ જ છે. હવે તેમને આપી શકાય તેવું મારી પાસે કાંઈ જ નથી. ત્યારે પણ આ જૈન મુનિવરનો વિદ્યાભ્યાસ તો હજીય વણથંભ્યો જ હતો. વધુ અભ્યાસ માટે તેઓશ્રી ગુરુવર સાથે આગ્રા પધાર્યા. ત્યાં આગ્રાના સંઘે ઉત્તમ જ્ઞાનભક્તિ - ગુરુભક્તિ કરી. પૂજ્યશ્રીએ ચારવર્ષ સુધી ત્યાં જ્ઞાનાભ્યાસ કર્યો.

## ગુજરાત તરફ : ગ્રંથનો જિર્ણોદ્ધાર :

સાત-સાત વર્ષથી પોતાનાથી દૂર રહીને જિનશાસનની જયપતાકા ફેલાવતા આ ગુજરાતના પનોતા પુત્રને નિહાળવા ગુજરાત સમુત્સુક હતું. અંતે ગુરુવર સાથે વિ.સં. ૧૭૧૦માં પૂજ્યશ્રી ગુજરાત પધાર્યા. વિ.સં. ૧૭૧૧નો સમય શ્રીહેમાચાર્યએ સર્જેલા વિદ્યાતરંગોથી તરંગિત પવિત્ર એવા પાટણનગરમાં વીતાવ્યો. ત્યાંના જ્ઞાનમંદિરમાં પ્રાચીન શાસ્ત્રોની શોધ કરી. તેમાં **'નયચક્ર'** નામનો ગ્રંથ કે જે પૂ.આ. શ્રી મલ્લવાદિસૂરિજીએ બનાવેલ. તેના એક જ શ્લોક પર ૧૮,૦૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ જે પૂજ્ય સિંહવાદિ ગણિ ક્ષમાશ્રમણે બનાવેલી. તેની એકપણ પ્રત હાથમાં ન આવી. એક બ્રાહ્મણ ભટ્ટજી પાસે તે પ્રત છે એવી જાણ આ મુનિપુંગવને થઈ. પ્રત મેળવવાના પ્રયત્નો કર્યા. પણ પરિણામ શૂન્ય. છેવટે ભટ્ટજી જ્યારે બહારગામ હતા ત્યારે શ્રીસંઘના મોભીઓ સાથે પૂજ્યશ્રી તેમના ઘરે ગયા અને માત્ર પંદર દિવસ માટે તે ગ્રન્થ ગોરાણી પાસેથી મેળવ્યો.

અમૂલ્ય ગ્રન્થ જો લહિયાઓને લખવા અપાય તો શુદ્ધ પ્રતિકૃતિ તૈયાર ન થઈ શકે માટે સાત સાત ધુરંધર મુનિરાજો આ ગ્રંથની પ્રતિકૃતિ કરવાના કામમાં લાગી ગયા.

પં. શ્રી નયવિજયજી મ., પં. શ્રી કીર્તિરત્નજી મ., પં. શ્રી તત્વવિજયજી મ., પં. શ્રી રવિવિજયજી મ., પં. શ્રી લાભવિજયજી મ., પં. શ્રી જયસોમજી મ., અને સાતમાં આપણા પૂજ્યશ્રી.

મગજમાં તમ્મર આવી જાય તેવી એકાગ્રતાથી, એકપણ શબ્દ છૂટી ન જાય તેની સંભાળ રાખવા પૂર્વક આ કાર્યને પાર પાડવામાં આવ્યું. આજે પણ આ સાત મુનિરાજોએ લખેલી હસ્તપ્રત કર્ણાવતીના (અમદાવાદના) લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરમાં મોજૂદ છે.

### ઉપાધ્યાય પદ પ્રદાન :

મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજે કરેલી શાસન પ્રભાવના, શ્રુતસેવાથી શ્રીસંઘ સુપેરે પરિચિત હતો. શ્રીસંઘના મોભીઓ અને શ્રમણસંઘના ધુરંધરો આદિ સૌના હૃદયમાં પૂજ્યશ્રીનું આગવું સ્થાન હતું.

દીક્ષાના શૈશવકાળથી જ પૂજ્યશ્રીના ગુણવૈભવથી જે આકૃષ્ટ હતા અને પૂજ્યશ્રીની જ્ઞાન સાધના માટે જેમણે તન-મન-ધન-સમર્પણ કરેલા. તે જ **શ્રેષ્ઠીવર્ય ધનજીસૂરાએ શ્રીસંઘમાં વાત રજૂ કરી કે, 'મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજને ઉપાધ્યાયપદે આરૂઢ કરવા જોઈએ'**ને એક દિવસ શ્રીસંઘે તે વાત વિનંતિ રૂપે પૂ.આ.શ્રી. દેવસૂરીશ્વરજી મહારાજાને જણાવી. પૂ.આ.શ્રી.દેવસૂરીશ્વરજી મહારાજાએ જેમને ગણાનુજ્ઞા આપેલી, તેવા પૂ.આ.શ્રી. વિજય પ્રભસૂરીશ્વરજી મહારાજાને આ વાત જણાવી અને પોતાની સંમતિ પણ જણાવી. ત્યાર બાદ તેઓશ્રી તો વિ.સં. ૧૭૧૩માં કાળધર્મ પામ્યા. વિ.સં. ૧૭૧૮ના એ ધન્ય વર્ષે પૂજ્ય વિજયપ્રભસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે એક મહાન્ કાર્ય સંપન્ન થયું. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજાને ઉપાધ્યાય પદે આરૂઢ કરવામાં આવ્યા.

જિનશાસનમાં પ્રભુવીરના શાસનમાં હજ્જારોની સંખ્યામાં ઉપાધ્યાયજી ભગવંતો ચોક્કસ થયા છે. પણ આ એક ઉપાધ્યાયજી ભગવંત એવા થયા કે જેમના માટે નામની કોઈ આવશ્યકતા ન રહી માત્ર **'ઉપાધ્યાયજી મહારાજ'** શબ્દ બોલતાવેંત જ એક જાજ્વલ્યમાન આ શ્રુતપુરુષ આપણી નજર સમક્ષ આવી જાય.

### કૂર્ચાલશારદા : કલિકાલ શ્રુતકેવલી :

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ પોતાની પરિણતિને ખૂબ જ સુરેખ શબ્દદેહ આપ્યો છે જેના કારણે આપણે એમના અંતરંગ ભાવો ખૂબ સ્વચ્છ રીતે જાણી શકીએ. તે શબ્દ દેહ અગિયાર અંગની સજ્ઝાયમાં આજે પણ મોજૂદ છે. ત્યાં તેઓશ્રીજી લખે છે :

**"ખાંડ ગળી, સાકર ગળી, વળી અમૃત ગળ્યું કહેવાય.**
**માહરે તો મન શ્રુત આગળે, તે કોઈ ન આવે દાય.**

આઠ-દસ વર્ષની ઉંમરે પ્રભુ શાસન સાથે નાતો બાંધ્યા પછી જીવનપર્યંત પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે જે રીતે શ્રુતની સેવા કરી છે. તેની સમીક્ષા તો બહુ દૂરની વાત છે, સંપૂર્ણ સાહિત્યનાં અવગાહન કે

અવલોકનનીય વાત જવા દો, સંપૂર્ણ કવનનું સૂચીકરણ કરવામાં ય આપણને સફળતા મળે તેવું નથી. કેટકેટલી વિવિધતા એમાં સમાયેલી છે ! સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, ગદ્ય-પદ્ય-ટીકા-સંક્ષેપ-વિસ્તાર, રૂપાંતર, નિચોડ, તર્ક, આચાર, કાવ્ય, સાહિત્ય શાસ્ત્ર, દર્શન, યોગ, અધ્યાત્મ... ખાલી વિષયો ગણાવવામાં'ય આપણી કલમ થાકી જાય !

સાંભળવા પ્રમાણે કેટલાક પ્રસંગો આપણા હૃદયને રોમાંચિત કરી મૂકે છે. કાશીમાં વિદ્યાસંપાદન કર્યા પછી જ્યારે ગુજરાત આવવાનું થયું ત્યાર પછી એક વખત પ્રતિક્રમણમાં સજ્ઝાયનો આદેશ માંગી સુંદર નાની સજ્ઝાય સંભળાવી. એક આખા બોલા શ્રાવકથી રહેવાયું નહિ તે બોલી ઉઠ્યો. 'આટલી નાની સજ્ઝાય ? કાશીમાં ત્રણ વર્ષ રહીને શું ઘાસ કાપ્યું ?' બીજા દિવસે આદેશ માંગીને આ શ્રુતપુરુષે પોતાની નાભિમાંથી સ્વર કાઢ્યો. ધીરે ધીરે સમય પસાર થતો ગયો. ગઈકાલવાળા શ્રાવકથી ન રહેવાયું બોલી ઊઠ્યો. 'મહારાજ સાહેબ ! ધ્યાનમાં તો છે ને કેટલો સમય થયો તે ? પૂજ્યશ્રીએ સસ્મિત ઉત્તર આપ્યો' ત્રણ વરસ જે ઘાસ કાપ્યું. તેના પૂળા બંધાય છે. પૂળાબાંધતા ત્રણ ઘડી તો થાય ને ! હજી તો એક ઘડી માંડ થઈ છે. તે દિવસે 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય' નામની મહામૂલ્યવાન કૃતિની શ્રીસંઘને ભેટ મળી. જે સજ્ઝાયને ધરી બનાવીને વીસમી સદીની વિરલ વિભૂતિ, જૈનશાસન શિરતાજ, સમ્યગ્દર્શન પ્રદાતા પ.પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ.એ વ્યાખ્યાનની સરવાણી વહાવી.

**પંડિતોનો પરાજય :**

સ્થળ હતું ખંભાતનું, સામે હતા કેટલાક વાચાળ પંડિતો. પ્રવચન પાટ એક વિદ્વાન સાધુ ભગવંતને સોંપાયેલી. આ પંડિતોએ એ પ્રવચન સભાઓ ડહોળવાનું કામ આદર્યું. છેવટે ઉપાધ્યાયજી ભગવંત એમની સામે આવ્યા. ઉપાધ્યાયજી મહારાજની સ્પષ્ટ શરત હતી. પ્રશ્નોત્તરી માટે તૈયાર, પણ કોઈના બોલવામાં ઓષ્ઠ્યવર્ણો અર્થાત્ પ, ફ, બ, ભ, મ, ન આવવા જોઈએ. છે મંજૂર ? પેલા પંડિતોની વાચાળતા સીવાઈ ગઈ. તેમણે કહ્યું, 'આ શક્ય નથી.' ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું, 'ઠીક છે, તમારા માટે સ્વતંત્રતા, હું આ શરત પાળીશ.' ત્યાં જ સિંદુરની પ્યાલી મંગાવી પોતાનો નીચલો હોઠ રંગી લીધો. જો ભૂલમાં પણ ઓષ્ઠ્ય વ્યંજન બોલાઈ જાય તો ઉપલો હોઠ લાલ થઈ જાય ને શરતભંગ જાહેર થઈ જાય. વાર્તાલાપ-પ્રશ્નોત્તરી આરંભાઈ એક પછી એક પ્રશ્નોના એવા અકાટ્ય જવાબો આપ્યા કે **પંડિતોએ પરાજય કબૂલવો પડ્યો.**

આ આખા'ય વાર્તાલાપ વખતે સૌની આંખો ક્યાં જડાયેલી હતી ? સ્વાભાવિક છે, ઉપાધ્યાયજી મહારાજાના ઉપલા હોઠ પર જ. છેક છેલ્લે સુધી નીચલા હોઠની લાલાશ તેને સ્પર્શી શકી ન હતી. આ લખવું સહેલું છે, વાંચવું તો એથી'ય સહેલું છે. પણ ખરેખર આ કામ કેટલું કઠીન છે. તેની ખાતરી કરવી હોય તો ઓષ્ઠ્ય વર્ગનો ઉપયોગ કર્યા વિના એક પાનાનો કોઈપણ વિષયનો નિબંધ લખવાનો પ્રયત્ન કરજો. પરસેવો છૂટી જશે. **'કૂર્ચાલશારદા'** માટે જ એ શક્ય બનવાનું છે.

**અપરંપાર શ્રુતસર્જન :**

ઉપાધ્યાયજી મહારાજાના શ્રુતસર્જનનો સામાન્ય આલેખ આપ્યા વિના રહી શકાતું નથી.

- સ્યાદ્વાદ રહસ્ય, ભાષા રહસ્ય, નયરહસ્ય, ઉપદેશ રહસ્ય જેવા 'રહસ્ય' પદાંકિત ૧૦૮ ગ્રંથો, ઉપલબ્ધ એવા ચાર ગ્રંથો જોતા જ સમજી શકાય છે કે એ ૧૦૮ ગ્રંથોનો રાશિ કેવો હશે !

- જ્ઞાનબિંદુ જેવા 'બિંદુ' પદાંકિત ૧૦૦ ગ્રન્થો.

- કુલ બે લાખ શ્લોક પ્રમાણ ન્યાયના ૧૦૦ ગ્રન્થો.

- સંસ્કૃત-પ્રાકૃત ભાષાના લભ્ય ગ્રંથોની સંખ્યા ૬૦ થી ૬૫ની છે.

- તેમણે બનાવેલા કુલ ૧૫ ટીકાગ્રન્થો મળે છે. જેમાંથી ૧૨ મુદ્રિત છે. જેમાં ૧ ટીકા દિગબંરીય ગ્રન્થ પર, ત્રણ અજૈન ગ્રન્થ પર અને બાકી શ્વેતામ્બરીય ગ્રન્થો પર છે.

- ગૂર્જર, હિંદી અને મિશ્ર ભાષામાં ૫૦-૫૫ જેટલી કૃતિઓ અને શતશઃ સ્તવનાદિ મળે છે.

- 'સિદ્ધાંત પરિષ્કાર' નામનો એક મહાન ગ્રન્થ ૧,૦૦,૦૦૦ (એક લાખ) શ્લોક પ્રમાણ તેઓશ્રીએ રચેલો આજે જો એ ઉપલબ્ધ હોત તો કદાચ સૌથી મહત્ત્વનો આ ગ્રન્થ બની જાત એમ અનુમાન થાય છે.

## વડીલોના વિશ્વાસનું ભાજન :

શ્રીપાળ રાસ - સમગ્ર જૈન સંઘ દર છ મહીને જેનું અમીપાન કરીને છ વિગઈના ત્યાગવાળા આયંબિલોની વચ્ચે પણ લખલૂટ ધર્મરસનો અનુભવ કરે છે તેવી રસમય કૃતિ ! આ કૃતિનું સર્જન શરૂ કરતા પૂર્વે જ પૂજ્ય ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાને પોતાના આયુષ્યનો અંદાજ આવી ગયેલો. શ્રીપાળરાસ બનાવવાની વિનંતિ કરનાર રાંદેર સંઘને તેમણે કહેલું, 'જો કૃતિ અધૂરી રહે તો પૂરી કરી આપવી એમ ઉપાધ્યાયજી મહારાજને વિનંતી કરી આવો. પછી હું કામ શરૂ કરું' રાંદેર સંઘ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પાસે પણ જઈ આવ્યો અને રચના આરંભાઈ. ચોથા ખંડની પાંચમી ઢાળની ૨૦મી કડી સુધીની રચના થઈને કલમ મૂકાઈ ગઈ. અણસાર સાચો પડ્યો. પૂ. ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજા પરલોક સંચરી ગયા. આપણા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આપેલા વચનાનુસાર બાકીનો ભાગ પૂરો કર્યો. ખુદ ઉપાધ્યાયજી મહારાજાએ રાસની પ્રશસ્તિમાં પોતાની ઓળખ આ રીતે આપી છે :

'તાસ (=પૂજ્ય વિનયવિજયજી મહારાજાના) વિશ્વાસ ભાજન' આ શબ્દો એમ સૂચવે છે કે ઉપાધ્યાયજી મહારાજાની કેવી અમીટ છાપ વડીલોના હૃદયમાં હશે.

આનંદઘનજી મહારાજા સાથેના તેઓશ્રીજીના મિલનની કહેતીઓ અનેક છે. પણ બંને મહાપુરુષોના નિર્વ્યાજ સ્નેહની સાબિતી તો **'અષ્ટપદી'** છે. **'અષ્ટપદી'**માં ઉપાધ્યાયજી મહારાજે પૂ. આનંદઘનજી મહારાજા પ્રત્યે જે ભક્તિભાવ પ્રદર્શિત કર્યો છે, અને કદાચ તેમની જ ભક્તિથી 'બત્રીશ-બત્રીશ'ની દરેક બત્રીશીના અંતે 'પરમાનન્દ' શબ્દ પ્રયોજ્યો છે. તે ઉપાધ્યાયજી મહારાજાની નમ્રતાની પરાકાષ્ઠાનું દ્યોતક છે.

## શિષ્ય સંપદા :

ઉપાધ્યાયજી મહારાજાની શિષ્યસંપદા કેટલી ? આનો જવાબ નિશ્ચયનયથી આપવો હોય તો કદાચ

એ આંકડો કેટલો મોટો હશે તે કલ્પી ન શકાય. તેઓશ્રીજીના એક-એક ગ્રન્થના એક-એક શ્લોકો આજ સુધીમાં અસંખ્ય લોકોના રાહબર બન્યા છે અને 'ગુરુ હોવું' એટલે 'માર્ગદર્શક બનવુ' આ સિવાય બીજું શું હોઈ શકે ? ઈતિહાસ મુજબ તેમની શિષ્ય સંપદા નીચે મુજબ મળે છે. પૂ. શ્રી ગુણવિજયગણિ મ., પૂ. શ્રી હેમવિજયજી મ., પૂ. શ્રી જિનવિજયજી મ., પૂ. શ્રી દયાવિજયજી મ., પૂ. શ્રી મયાવિજયજી મ., પૂ. શ્રી મણિવિજયજી મ., પૂ. શ્રી માણેકવિજયજી મ., પૂ. શ્રી તત્ત્વવિજયજી મ., પૂ. શ્રી લક્ષ્મીવિજયજી મ. આમ કુલ નવ પુણ્યાત્માઓને મહામહિમ ઉપાધ્યાયજી મહારાજાના શિષ્યત્વનું અણમોલ સૌભાગ્ય સાંપડેલું.

## શ્રુતપુરુષનું સ્વર્ગગમન :

**વિ.સં. ૧૭૪૩નું વરસ,** છેલ્લા ૫૪ વર્ષથી ક્ષણેક્ષણ પ્રભુશાસન માટે સમર્પિત કરી દેનારા શ્રુતપુરુષનું અંતિમ વરસ. તેઓશ્રીજીએ કરેલી અમાપ શાસન સેવાનો તાગ પામવાનું આપણા જેવા પામરોનું ગજૂ જ નથી અને કદાચ યોગ્યતા પણ નથી.

**સમકાલીન ઉપાધ્યાય શ્રીમાનવિજયજી મહારાજાએ જેમને 'સ્મારિત શ્રુતકેવલી'** કહીને બિરદાવ્યા અને પૂ. કાંતિવિજયજી મહારાજાએ જેમને **'કૂર્ચાલી શારદા'** અને **લઘુહરિભદ્ર'** કહીને નવાજ્યા એ શ્રુતપુરુષ આ વર્ષે ચાતુર્માસ અર્થે શ્રી લોઢણ પાર્શ્વનાથની છત્રછાયાથી પાવન બનેલા **દર્ભાવતી - ડભોઈ નગરે** પધારેલા. કયો મહિનો અને કયો દિવસ જિનશાસનના આ અમરતેજ સિતારાના પાર્થિવદેહને આતમરામથી જુદા કરનારો બન્યો તે મળતું નથી. પણ એ ચોમાસું અંતિમ બની ગયું તે સ્પષ્ટ છે. શાસનને ક્યારે'ય ન પૂરી શકાય તેવી ખોટ પડી એમ કહેવા કરતા' કહેવું એમ જોઈએ કે 'શૂન્યાવકાશ' સર્જાયો.

હવે કદાચ આ કલમ વધુ આગળ લખવા સક્ષમ નથી. આપણી પાસે એમના અમાપ ઉપકારોને સંભારવા સિવાય અને એમણે ચીંધ્યા રાહે ચાલવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ઉપર લખેલું એમનું જીવન એ નાનકડી પ્રકાશ શલાકા માત્ર છે. તેઓશ્રી તો સૂરજ હતા. તેઓશ્રીના જ શબ્દો તેમના માટે લાગુ પડે છે. **'અક્ષર થોડા, ગુણ ઘણાં, સજ્જનના, તે ન લિખાય'** તેઓશ્રીજી પ્રત્યેના અપાર આદર દ્વારા એ ગુણો તો મનમાંહિ જ પરખી શકાશે.

પ્રાન્તે, આ ભવમાં તો એમનો અક્ષરદેહ જ મળ્યો છે. આવતા ભવોમાં સદેહે તેઓશ્રીજીનો ગુરુદેવ રૂપે 'યોગ' થાય તેવી કાંક્ષા પ્રગટ કરવા સાથે પૂર્ણ કરવામાં આવે છે.

> "સત્ય વસ્તુને સમજ્યા પછી મહાપુરુષો કદી જ આગ્રહી નથી બની રહેતા. મહાપુરુષોની માન્યતા 'મારું તે સત્ય' એવી નથી હોતી, પણ 'સત્ય તે મારું' એવી હોય છે. એવી માન્યતાને ધરાવનારા મહાપુરુષો પોતે પ્રચારેલાં અસત્યનું ઉન્મૂલન પોતાના હાથે જ કરે છે, અને એમ કરવામાં જ તેઓ પોતાનું ગૌરવ સમજે છે."
>
> **પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સેંકડો શિષ્યો-પ્રશિષ્યોના પિતામહસમા, સુવિશાળ મુનિગણના શિરતાજસમા,
સાંપ્રતકાલીન શ્રમણસંઘના મહાન સૂત્રધાર, પ્રશમપીયૂષપયોનિધિ,
પરમતપસ્વી શ્રીસુધર્માસ્વામીની ૭૧મી પાટને શોભાવનારા

# પૂજ્ય પંન્યાસશ્રી મણિવિજયજીદાદા

**श्रीमणिविजयस्त्रिभुवनविस्तारिप्रबलशीलयशसाऽढ्यः ।**
**कलिचलितमानसानामाधारः स्मरणमात्रेण ।।**

પૂજ્ય પંન્યાસ શ્રી મણિવિજયજી દાદાનો પ્રબળ સંયમ સાધનાનો યશ ત્રણેય વિશ્વમાં ફેલાયેલો છે. કલિકાળના પ્રભાવે જેમના મન વિચલિત બને છે. તેમને તેઓ સ્મરણ માત્રથી બચાવી લે છે.

**પાટ પરંપરા :**

પ્રભુ શ્રીમહાવીરદેવના શાસન-સામ્રાજ્યની ધુરા વહન કરનાર અનેક સૂરિપુરંદરો આ ભારત વર્ષમાં પોતાના જીવનપર્યંત પ્રભુના પવિત્રધર્મનો દિવ્યપ્રકાશ ફેલાવી પરલોકમાં સિધાવ્યા. જે જગદ્વંદ્ય મહર્ષિઓએ આજ સુધી પ્રભુના ત્રિકાલાબાધિત અવિકારી શાસનને અવિચ્છિન્ન પરંપરા દ્વારા જાળવી રાખ્યું છે અને ભવિષ્યના પરમમહર્ષિઓ આ યુગના અંતપર્યંત પણ જાળવશે એ નિઃસંશય છે. જેઓમાં પ્રભુના પ્રથમ પટ્ટધર તરીકે સર્વાક્ષરસન્નિપાતિ પંચમગણધર શ્રીસુધર્માસ્વામિજી મહારાજા થયા. તેમની પાટે ચરમકેવલી શ્રીજંબુસ્વામીજી મહારાજા થયા. તેમના પછી શ્રી પ્રભવસ્વામીજી મહારાજા વગેરે ચતુર્દશ પૂર્વધર મહર્ષિઓ થયા. ત્યાર પછી દશ પૂર્વધર શાસન પ્રભાવક પુરુષસિંહો પટ્ટપરંપરાએ થયા.

યાવત્ **૫૮મી પાટે** હિંસાપ્રિય, માંસભક્ષી, મોગલવંશીય, સમ્રાટ અકબર જેવાના નિર્ઘૃણ હૃદયમાં કરુણાને ઉત્પન્ન કરનાર જગદ્ગુરુ પૂ.આ.શ્રીહીરસૂરિજી મહારાજા થયા. તેમના પટ્ટે પ્રવચન પ્રભાવક **૫૯મી પાટે** પૂ.આ.શ્રી વિજયસેનસૂરિજી મહારાજા થયા. ત્યાર પછી **૬૦મી પાટે** પૂ.આ.શ્રી.વિજયદેવસૂરિજી મહારાજા થયા. તેમની પાટે એટલે પ્રભુ શ્રી મહાવીરદેવની પટ્ટપરંપરાએ **૬૧મી પાટે** પૂ.આ.શ્રી. વિજયસિંહસૂરિજી મહારાજા થયા. તેમના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી**સત્યવિજયજી**ગણી **૬૨મી પાટે** થયા. એમનો જન્મ સપાદલક્ષ દેશમાં લાડલુ ગામમાં થયો હતો. એમના પિતા દુગડગોત્રીય વીરચંદ નામે હતા.

# પૂજ્ય પંન્યાસ શ્રી મણિવિજયજી દાદા



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : મોતીચંદભાઈ | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી મણિવિજય મ. |
| જન્મ | : વિ.સં.૧૮૫૨ ભા. સુદ અધાર (ભોયણી તીર્થ) | ગણિપદવી | : વિ. સં. ૧૯૧૯ |
| માતા | : ગુલાબબાઈ | પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૨૨ જે. સુદ-૧૩ અમદાવાદ |
| પિતા | : જીવણદાસ શેઠ | સંયમ પર્યાય | : ૫૮ વર્ષ, |
| દીક્ષા | : વિ. સં. ૧૮૭૭ : **પાલી** | પં.પદ પર્યાય | : ૧૩ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૫ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૧૯૩૫ આ. સુદ ૮ અમદાવાદ. |
| દીક્ષા દાતા | : પૂ.પં.શ્રી કીર્તિવિજયજી ગણી. | | |
| ગુરુનું નામ | : પૂ.પં. શ્રી કસ્તુરવિજયજી ગણી | આયુષ્ય | : ૮૩ વર્ષ |

**સૌજન્ય**

**શા. સુરજમલજી મુલતાનજી શ્રીશ્રીશ્રીમાલ પરિવાર.**

**પુત્ર : મહેન્દ્ર, રાજેન્દ્ર, પૌત્રી : અક્ષિત, વૃત્તિક.**

એમની માતાનું નામ વીરમદે હતું અને પોતાનું નામ શીવરાજ હતું. વીરચંદ અને વીરમદે બન્ને લુંકાપંથમાં હતાં. શીવરાજને એ માર્ગ પ્રથમથી જ અરુચિકર હતો. જ્યારે તેને દીક્ષાની ભાવના થઈ અને માતા-પિતાને સમજાવી દીક્ષા લેવા તૈયાર થયો ત્યારે માતા-પિતાએ લુંકામતમાં દીક્ષા અપાવવા ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ બુદ્ધિશાળી શીવરાજે યુક્તિપૂર્વક તેઓને સમજાવી યોગ્ય માર્ગનું ભાન કરાવ્યું અને તપગચ્છ નાયક પૂ.આ.શ્રી વિજયસિંહસૂરિજી મહારાજાને વિજ્ઞપ્તિ કરી પોતાના ગામમાં બોલાવ્યા. માતા-પિતાએ પુત્રનો દીક્ષા મહોત્સવ કર્યો. પોતે યોગ્ય માર્ગે જોડાયા અને ૧૪ વર્ષની ઉંમરે પુત્રને દીક્ષા અપાવી. જેમનું નામ મુનિશ્રી સત્યવિજય મહારાજ રાખવામાં આવ્યું. મુનિશ્રી સત્યવિજયજી મ.સા. વિનયપૂર્વક સૂત્ર-સિદ્ધાંત ભણ્યા. સૂત્ર-અર્થનું રહસ્ય જાણી ગીતાર્થ થયા અને તેઓએ ઉત્કૃષ્ટ ક્રિયાનો આદર કર્યો.

**ક્રિયોદ્ધાર :**

તે કાળમાં યતિઓનો શિથિલાચાર દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જતો હતો. સત્યગવેષક પૂ. મુનિ શ્રી સત્યવિજયજી મહારાજને આ શૈથિલ્ય પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ અને પોતાના ગુરુવર્યની પાસે ક્રિયા ઉદ્ધારની આજ્ઞા માગી. ગુરુવર્યે પણ યોગ્ય જાણી શિષ્યને આજ્ઞા આપી. આજ્ઞાપાલક મુનિશ્રી સત્યવિજયજી મહારાજે પ્રથમ મેવાડમાં વિહાર કર્યો. ઉદયપુરમાં ચાતુર્માસ રહી શુદ્ધ ક્રિયાના પાલનપૂર્વક ઉત્કૃષ્ટ તપસ્યાનો આદર કર્યો.

ઉપદેશક જ્યારે ઉપદેશને અનુસાર પોતાનું શુદ્ધ વર્તન દર્શાવે તો જ તેની અસર યોગ્ય શ્રોતાવર્ગ ઉપર થઈ શકે છે. ચૌદશોને ચુમ્માલીશ ગ્રંથરત્નોના પ્રણેતા સૂરિપુરંદર શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા પણ દર્શાવે છે કે : "स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः" મતલબ કે કથની અનુસાર આચારની અવશ્ય જરૂર છે.

મુનિરાજ શ્રી સત્યવિજયજીએ છટ્ઠને પારણે છટ્ઠની તપસ્યા કરવાનો પ્રારંભ કર્યો. ઇંદ્રિયલોલુપતાને દેશવટો આપી અરસવિરસ આહારનો ઉપભોગ કરવા લાગ્યા. પોતાની પ્રવચન શક્તિ દ્વારા અનેક ભવ્યાત્માઓને પ્રભુ પ્રણિત પરમ શુદ્ધમાર્ગનો ઉપદેશ આપી વિશુદ્ધમાર્ગના પ્રવાસી બનાવ્યા. ત્યાંથી મારવાડમાં વિચરી મેડતા, નાગોર, જોધપુર, સોજત, સાદ્રી વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યા. ત્યાર બાદ વિ.સં. ૧૭૨૯માં તપાગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયપ્રભસૂરિજી મહારાજાએ સોજતમાં તેમને પંન્યાસપદ સમર્પણ કર્યું.

મારવાડમાં અનેક પ્રકારના શાસન પ્રભાવનાના કાર્યો કરી અનેક પ્રાણીઓને શુદ્ધ ધર્મમાર્ગમાં જોડી તેઓશ્રી વિચરતા વિચરતા અનુક્રમે ગુજરાતમાં આવ્યા અને પાટણ રાજનગર વગેરે સ્થળોમાં ચાર્તુમાસ કર્યા. તેમાં પણ વિરોધિ વર્ગોના અનેક ઉપસર્ગો સહન કરી યોગ્ય માર્ગનો ઉપદેશ આપતા રહ્યા. અંતે સમતા સાગર, સરળ-પરિમાણી પૂ.પં. સત્યવિજયજી મહારાજા ૮૨ વર્ષની ઉમ્મરે વિક્રમ સંવત ૧૭૫૬ના પોષ સુદિ ૧૨ને શનિવારે સિદ્ધિયોગમાં ચાર-પાંચ દિવસની માંદગી ભોગોવી **કાળધર્મ** પામ્યા.

આજે જે થોડા ઘણા અંશે પણ સુવિશુદ્ધ સંયમ માર્ગનું દર્શન થાય છે. તેના મૂળમાં પૂ.મુ.શ્રી સત્યવિજયજી મહારાજે કરેલો ક્રિયોદ્ધાર છે.

તેમની પાટે પૂ. પં. **કર્પૂરવિજયજી** મ. **૬૩મી પાટે** થયા. એમનો જન્મ પાટણ પાસે વાગડોળ ગામમાં થયો હતો. એમણે પણ ૧૪ વર્ષની ઉમ્મરે વિ.સં. ૧૭૨૩ના માગસર સુદમાં પાટણમાં દીક્ષા લીધી. વિ.સં.૧૭૭૫ના શ્રાવણ વદ ૧૪ને સોમવારે પાટણમાં એમનો કાળધર્મ થયો.

તેમની પછી **૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮મી પાટે** અનુક્રમે પૂ. પં. ક્ષમાવિજયજી મ., પૂ. પં. જિનવિજયજી મ., પૂ. પં. ઉત્તમવિજયજી મ., પૂ. પં. પદ્મવિજયજી મ. અને પૂ. પં. રૂપવિજયજી મ. થયા. આ મહાત્માઓમાં પૂ. પં. શ્રી સત્યવિજયજી મં.ના જીવન ચરિત્રની રૂપરેખા નિર્વાણરાસ તરીકે મુનિ શ્રી જિનહર્ષે મ. લખી છે. પૂ. પં. શ્રી કર્પૂરવિજયજી મ. તથા પૂ. પં. શ્રી ક્ષમાવિજયજી મ.ની પૂ. પં. જિનવિજયજી મ.એ, પૂ. પં. શ્રી જિનવિજયજી મ.ના જીવનચરિત્રની રૂપરેખા પૂ. પં. શ્રી ઉત્તમવિજયજી મ.એ, પૂ. પં. શ્રી ઉત્તમવિજયજી મ.ની પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ. એ અને પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ.ના જીવનચરિત્રની રૂપરેખા પૂ. પં. શ્રી રૂપવિજયજી મ.એ લખી છે.

પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજના શિષ્ય પૂ. પં. શ્રી **કીર્તિવિજયજી** મહારાજ. એમનો જન્મ ખંભાતમાં વિ.સં. ૧૮૧૬માં વીસાશ્રીમાળી જ્ઞાતિમાં થયો હતો. ગૃહાસ્થાવસ્થામાં એમનું નામ કપૂરચંદ હતું. ૪૫ વર્ષની ઉમ્મરે વિ.સં. ૧૮૬૧ પાલીતાણામાં પૂ. શ્રી રૂપવિજયજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. પ્રથમથી જ ઉત્તમ સંસ્કારવાળા હોવાથી તેમજ વિદ્વાન ગુરુવર્ગના સમાગમથી દિનપ્રતિદિન ચારિત્રમાં વિશેષ તેજસ્વી થયાં. નિસ્પૃહી, વિશુદ્ધ વૈરાગ્યવાન આ મહાત્માએ ઓગણીસમી સદીમાં પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોથી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો, આ મહર્ષિની ત્યાગવૃત્તિ એવી અપૂર્વ હતી કે જેને નિહાળી મુનિ અને ગૃહસ્થ ઉભયવર્ગના અંતરમાં અતિશય આદર ઉત્પન્ન થયો હતો. તેઓશ્રીએ મારવાડ, માળવા, મેવાડ તેમજ ગુજરાતના પ્રદેશોમાં વિચરી અનેક ભવ્યાત્માઓને શાસનના અનુરાગી બનાવ્યા હતા. એમનો શિષ્ય સમુદાય પણ બહોળો હતો. તેઓશ્રી પરમાત્મા મહાવીરની **૬૯મી પાટે** થયા.

પૂ. પં. શ્રીકીર્તિવિજયજી મ.ના શિષ્ય તપસ્વી પૂ. પં. **શ્રી કસ્તુરવિજયજી** મ. થયા. તેઓશ્રી પૂ.આ. શ્રી. સોમસુંદરસૂરિ અને પૂ.આ. શ્રી વિજયહીરસૂરિ મહારાજાની જન્મભૂમિ પાલનપુર નગરમાં વીસા પોરવાડ જ્ઞાતીમાં વિ.સં. ૧૮૩૭માં જન્મ્યા અને તેત્રીસ વર્ષની ઉમ્મરે વિ.સં. ૧૮૭૦માં દીક્ષા અંગીકાર કરી. શાસ્ત્રાભ્યાસ કરી તપસ્વી બન્યાં. આજે પણ તેઓ તપસ્વીજીના ઉપનામથી ઓળખાય છે. રસના-ઈન્દ્રિય ઉપર તેમનો અસાધારણ કાબૂ હતો. આયંબિલ દ્વારા વર્ધમાન તપની ૧૦૦ ઓળી લગભગ સંપૂર્ણ કરી હતી. આયંબિલમાં પણ બહુ અલ્પ દ્રવ્ય વાપરતા હતા. તેઓ વડોદરામાં કાળધર્મ પામ્યા. વડોદરામાં કોઠીપોળની સામે પરમાત્મા પાર્શ્વનાથના દેરાસરમાં તથા રાજનગરમાં (અમદાવાદ) લુહારની પોળના દેરાસરમાં તેમનો સ્તુપ છે. આ મહાપુરુષ પરમાત્મા મહાવીરની **૭૦મી પાટે** થયા. આ તપસ્વી ગુરુના શિષ્ય આપણા ચારિત્રનાયક તપસ્વી મુનિરાજ શ્રી મણિવિજયજી મ. થયા.

## તે સમયની વિષમદશાનો ટુંક ઈતિહાસ :

અઢારમી-ઓગણીસમી સદીના કેટલાક ભાગ સુધી કેવી વિષમ દશા પ્રવર્તી રહી હતી, એનો ખ્યાલ

આવે તેવો ટૂંક ઈતિહાસ અહીં આલેખ્યો છે. મકાન બાંધવાને માટે પાયો ખોદવો પડે છે. તેમ આ મહાપુરુષના જીવનચરિત્રનું આલેખન કરતા તે કાળની વિષમતા સ્પષ્ટ કરવી અનિવાર્ય છે.

અઢારમી-ઓગણીસમી સદીના તે ચોક્કસ કાળમાં યતિઓનું સામ્રાજ્ય અધિક બળવાન હતું, શિથિલાચાર અધિકાધિક વૃદ્ધિ પામ્યો હતો. પરિણામે શાસનમાં તેવા સંવેગી મહર્ષિઓની ઓછાશ થતી ગઈ. નિર્મળ સંયમી અને ત્યાગી મુનિવરોની સંખ્યા ઘણી જ અલ્પ થઈ ગઈ.

જો કે પરમાત્મા મહાવીરદેવનું શાસન આ યુગના અંત પર્યંત પણ જીવતું અને જાગતું રહેવાનું જ છે. તેના ઝળહળતા પ્રકાશને કોઈપણ આવરી શકે એમ નથી. છતાં તે-તે સમયમાં તેના વિસ્તારમાં કાંઈક અલ્પતા કાળના પ્રભાવે થતી રહેવાની. પરંતુ વચમાં વચમાં તેવા પ્રભાવક મહાપુરુષો થવાના કે જેમના પ્રતાપે ફરીથી વિસ્તૃતદશા પણ પ્રાપ્ત થવાની.

તે કાળનો શ્રાવક વર્ગ પણ યતિઓથી જ જૈન ધર્મનું સંરક્ષણ થયું છે એમ સમજી શિથિલાચારીઓનો અંતેવાસી થયો હતો. આવા કટોકટીના સમયમાં પણ મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વગેરે અનેક આદર્શ મહાત્માઓએ પ્રાણંત કષ્ટો વેઠીને જૈનશાસનની ધર્મધજા વિસ્તીર્ણ પ્રદેશમાં ફરકાવી હતી. તે સંવેગી મહાત્માઓએ ગહન પ્રદેશોમાં વિહાર કરી અનેક પરિષહો અને ઉપસર્ગો સહન કરી દુનિયાને ત્યાગ માર્ગનું સાચુ ભાન કરાવ્યું હતું. જેથી શ્રાવક વર્ગમાં ધીમે ધીમે શિથિલાચારીઓ પ્રત્યે આદર મંદ થવા લાગ્યો અને ત્યાગી મહર્ષિઓ પ્રત્યે તેમની અભિરૂચિ વધવા લાગી. ઓગણીસમી સદીમાં પણ તે શિથિલાચારીઓનું જોર હતું. તેઓના તેમજ તે સિવાયના ઢુંઢક, લુંકા વગેરે અનેક વિપક્ષિઓના પ્રત્યાઘાતોની સામે અનેક મહાત્માઓએ અડગ રહી શાસનની રક્ષા કરી છે. નિર્ગ્રંથ શિરોમણિ પરમ ગુરુવર્ય દાદા **શ્રી મણિવિજયજી** આ મહર્ષિઓમાંના એક હતા.

**જન્મ-માતા-પિતા :**

હજારો જિનમંદિરો, અનેક લોકોત્તર તથા લૌકિક તીર્થો, પૌષધશાળા, વિદ્યાશાળા, ધર્મશાળા, દાનશાળાઓથી વિભૂષિત, ધનધાન્યાદિથી ભરપૂર, અનેક તપોવીર દાનવીર, ધર્મવીરોની જન્મભૂમિ એવી ગુર્જરભૂમિના ચુંઆલ નામે વિભાગમાં અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકામાં શ્રીમલ્લિનાથ પરમાત્માના ભોયણી તીર્થથી નૈઋત્યકોણમાં **અઘાર** નામના ગામમાં વીસાશ્રીમાલી વણિક જ્ઞાતિય **જીવનદાસ** નામે શ્રેષ્ઠી રહેતા હતા. જેમને શીલ સુગંધી ગુલાબ સમાન **ગુલાબબાઈ** નામનાં **ધર્મપત્ની** હતાં, પતિ-પત્ની ઉભય શ્રીજિનધર્મના પરમ ભક્ત હતા. સંતોષપૂર્વક ગૃહસ્થાવાસનું પાલન કરતા જિનભક્તિ, ગુરુભક્તિ અને આવશ્યકાદિ સત્ક્રિયાનું આરાધન કરવામાં મશગૂલ રહેતા હતા. તેઓને રૂપચંદ નામનો એક પુત્ર હતો. ત્યાર પછી **વિ. સં. ૧૮૫૨ ના ભાદરવા મહિનાના શુકલપક્ષમાં** રત્નગર્ભા શ્રીમતી ગુલાબબાઈએ ઉજ્જ્વલ મૌક્તિક સમાન બીજા પુત્રરત્નને જન્મ આપ્યો. પૂર્ણચન્દ્ર સમાન પુત્રના મુખને દેખી માતા-પિતાને અતિ હર્ષ થયો. પુત્રનો જન્મ મહોત્સવ કરી તેનું **મોતીચંદ** નામ પાડ્યું.

## વૈરાગ્ય-દીક્ષા :

સામાન્ય શાળાકીય શિક્ષણ પ્રાપ્ત કરીને મોતીચંદ પિતાના ધંધામાં જોડાયા અને ધંધાર્થે ખેડા જિલ્લાના પેટલી ગામમાં આવી વસ્યા. આ અરસામાં તેમને સાધુ-શિરોમણી પૂ. પં. કીર્તિવિજયજી મહારાજનો પરિચય થયો. આ સમાગમને લીધે મોતીચંદ ધર્મના રંગે રંગાવા માંડ્યા. આગળ જતા દીક્ષાની ભાવના જાગી. **વિ. સં. ૧૮૭૭માં પાલી મુકામે** ભવ્ય મહોત્સવપૂર્વક **પૂ.પં.કીર્તિવિજયજી** મહારાજે મોતીચંદને **૨૫ વર્ષની** ભરયુવાન-વયે **દીક્ષા** આપી અને તેઓશ્રીને **મુનિ શ્રી મણિવિજયજીમ.** ના નામે જાહેર કર્યા.

પૂ. મુનિ શ્રી મણિવિજયજી મ. ગુરુસેવા સાથે અભ્યાસમાં પણ પ્રગતિ કરવા લાગ્યા. તપસ્યા તો તેઓશ્રીનો શ્વાસોચ્છ્વાસ બની રહી. મહિનો-બે મહિના ઉપવાસ કરે, આયંબિલ તો ચાલુ જ હોય. એકાસણાથી ઓછું તો પ્રાયઃ પચ્ચક્ખાણ ન મળે અને તે પણ ઠામ ચોવિહાર કરે. પૂજ્યશ્રીએ આ રીતે બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા જીવનને પવિત્ર અને નિર્મળ બનાવી દીધું. તેઓશ્રીનું વ્યક્તિત્વ એક મહાતપસ્વી, અપ્રતિબદ્ધ વિહાર કરનાર અને પ્રશાંતમૂર્તિરૂપ બની રહ્યું.

## દાદાના અપ્રતીમ ગુણો :

બાલ્યાવસ્થાથી જ સદ્‌ગુણી અને ધર્માત્મા મા-બાપનાં ઉત્સંગમાં ઉછરેલા આ મહાત્માના ગુણોનું શું વર્ણન કરવું ? માતા-પિતાએ એમના જીવનમાં એવી તો અક્ષય સુવાસ મૂકી હતી કે જે તેમના જીવન પર્યંત અખૂટ જ રહી. આ વિનીત મુનિવરે પોતાની શારીરિક શક્તિ પહોંચી ત્યાં સુધી નાના મોટા સર્વ મહાત્માની ગોચરી-પાણી વગેરે વૈયાવચ્ચમાં સતત ઉદ્યમ કર્યો. પ્રસન્ન મુખ કદી મ્લાન કર્યું નહિ. સાનુકૂળ-પ્રતિકૂલ પ્રસંગોમાં, વિહારમાં, તપસ્યામાં પણ તેમના વચન કે વદન વિકારી થયા નહિ. એમના વ્યક્તિત્વમાં મળતાવડાપણાનો મહાન ગુણ હતો. તેથી ગમે તે સમુદાયના મુનિવર્યો સાથે તેમને હૃદયનો સંબંધ બંધાતો. તે પછી ડહેલાના કે વીરના કે લુહારની પોળના હોય કે સાગર સમુદાયના હોય કે વિમલ સમુદાયના હોય તેઓશ્રી કોઈપણ મુનિ સાથે વિચરતા કે ચોમાસું કરતા, ખરતરગચ્છીય મુનિ સાથે પણ સમ્મેતશિખરજી પર્યંતનો વિહાર કર્યો હતો અને તેમની પ્રીતિ સંપાદન કરી હતી. બિહારની ભૂમિના આ વિહારમાં માત્ર ચણા વાપરીને એકાસણા કર્યા હતાં. પણ ક્યાંય દોષિત ભિક્ષાનો ઉપયોગ નહોતો કર્યો. અન્યનું કાર્ય કરવાની, સેવા કરવાની સદાય તત્પરતા રાખતા, બ્યાસી (૮૨) વર્ષની વૃદ્ધાવસ્થાએ પોતાનું શરીર અશક્ત હોવા છતાં રાંદેરમાં પૂ. રત્નસાગરજી મ.ની તબીયતના સમાચાર મળતાં જ મુનિવર્ય શ્રી સિદ્ધિવિજયજીને દીક્ષા પછી એકાદ વર્ષમાં જ તેમની સેવામાં મોકલી આપ્યા, પૂ. શુભવિજયજી મ.ને પણ સાથે મોકલ્યા. ગુરુવર્યની અંતિમ અવસ્થામાં તેમને છોડી જવા એ શિષ્યોને ગમ્યુ નહિ. પરંતુ ગુર્વાજ્ઞાનો અનાદર પણ કરી શકયા નહિ અને અંતે પરિણામ એ આવ્યું કે ગુરુ શિષ્યનો ફરી મેળાપ થઈ શકયો નહિ. પણ ગુરુદેવની આજ્ઞાની આરાધના થઈ. તેનો સંતોષ તેઓને થયો અને આ ગુરુ આજ્ઞાનું પાલન આત્મ સાધનાની મૂડી બની.

## અભ્યાસ - બોધનું વર્ણન :

મહારાજશ્રીનો અભ્યાસ પ્રકરણોમાં જીવવિચાર, નવતત્વ, દંડક, સંગ્રહણી, ભાષ્ય, છત્રિસીયો

વિગેરે છ કર્મગ્રંથ પર્યંતનો હતો. તેમજ સિદ્ધાંતોનું પણ તેમને સારું જ્ઞાન હતું. તેમનું વ્યાખ્યાન શાંતિજનક હતું. તેમની શાંતિ અને લોકપ્રિયતાદિ ગુણોથી ઉપદેશની અસર બહુ સારી થતી. જેથી મહારાજશ્રીએ જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ત્યાં લોકોને જ્ઞાન-દર્શન, વ્રત, તપ-જપ નિયમાદિ સંબંધી બહુ પ્રકારે ઉપકાર કર્યો.

**તપશ્ચર્યા :**

સંયમ જીવનમાં શ્રીમદ્‌ની તપશ્ચર્યા તો કોઈ અવર્ણનીય હતી. સતત વિહાર છતાં પણ નિયમિત તપસ્યા તો તેઓની ચાલુ જ રહેતી. એકંદરે ૧ બત્રીશ ઉપવાસ, ૧ માસખમણ, ૩ સોળ ઉપવાસ, ૧ બાર ઉપવાસ, ૧ દશ ઉપવાસ, ૫ અઠ્ઠાઈ, ચાર ઉપવાસ તે સિવાય અનેક અઠ્ઠમ, છઠ્ઠ અને તિથિ વગેરેના છૂટા ઉપવાસો, જેની ગણતરી કરવામાં આવી નથી તથા આયંબિલ વર્ધમાન તપની ૩૧ ઓળીઓ કરી હતી. ઉપવાસ સિવાયના દિવસોમાં આયંબિલ અને એકાસણા તો ચાલુ જ રાખતા. ૫૮ વર્ષના દીક્ષા પર્યાયમાં તેઓએ કદિ પણ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી. તે એકાસણા પણ ઠામ ચોવિહાર કરતા.

**વિશેષતા :**

કેટલીકવાર તપસ્વીઓમાં સહનશીલતાની ન્યૂનતા હોવાથી કષાય પ્રકૃત્તિ વિશેષ જોવામાં આવે છે. પરંતુ આ પ્રશાંત મહાત્માએ તો કષાયને પ્રથમથી જ દેશવટો આપી દીધો હતો. રાજનગરમાં ઉપાશ્રયોનો કંઈક પક્ષપાત હોવાથી ગૃહસ્થોનું અન્ય ઉપાશ્રયે જવામાં કાંઈક શૈથિલ્ય હતું. પરંતુ આ મહાનુભાવ મહાત્માની પ્રસન્ન મુખાકૃતિ, ગાંભીર્યતા, શાંતિ અને અસાધારણ નિઃસ્પૃહતા જેવા ગુણોને લીધે આકર્ષાઈને પ્રાયઃ સર્વ કોઈ એમના દર્શન અને વંદનનો લાભ લેવા આવતા.

મુનિવર્યશ્રીમાં માત્ર બાહ્ય તપસ્યાનો જ આદર હતો એટલું જ નહિ. પરંતુ અભ્યંતર તપસ્યારૂપ વિનય, વૈયાવચ્ચ વગેરે તો તેમના અસ્ખલિત ચાલુ જ રહેતાં અનુભવીઓ કહે છે કે આહારપાણી કે ક્રિયાકાંડ સિવાયના અન્ય કોઈપણ અવસરે તેમના હાથમાં પુસ્તક કે નવકારવાળી જ હોય. તેમને નવકારવાળી ગણવાનો વિશેષ અભ્યાસ હતો. જ્ઞાનદશામાં જાગ્રત, પ્રમાદના પરિહારી, હઠાગ્રહથી વેગળા રહી, જ્ઞાનાદિ આચારનું સેવન કરતાં જ્યાં સુધી શારીરિક સ્થિતિ નભી શકી ત્યાં સુધી અપ્રતિબદ્ધ વિહાર કરી, તપસ્યાઓ કરી, સામાચારીનું યથાર્થ શુદ્ધ આરાધન કરી, અકિંચન, નિર્લેપ એવા આ બાળ બ્રહ્મચારી મહાત્માએ લગભગ ૫૮ વર્ષ પર્યંત વિશુદ્ધ ચારિત્ર પાળી ભવ્ય જીવોને ધર્મ પરાયણ કર્યા.

***અંતિમ આરાધના :***

અણાહારી પદના આ સાચા અભિલાષીએ જીવનમાં ઘણીવાર ચારે આહારનો ત્યાગ કરી અણાહારીપદ માટે સતત પ્રયત્ન કર્યો હતો. જીવનના અંતિમ એવા આઠમના દિવસે ઉપવાસ કરી ચારે આહારનો ત્યાગ કર્યો હતો. વર્તમાન શ્રમણ સંઘના નેતા એવા આ પૂજ્યશ્રી વિ.સં. ૧૯૩૫માં આસો સુદ-૮ ને દિવસે અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

તેઓશ્રીએ વિ.સં. ૧૮૭૭માં દીક્ષા ગ્રહણ કરી; વિ.સં. ૧૯૨૨ના જેઠ સુદ ૧૩ને દિવસે તેઓશ્રીને પંન્યાસ પદ અર્પવામાં આવ્યું. વિ.સં. ૧૯૨૩માં તેઓશ્રીના વરદ્ હસ્તે મુનિ શ્રી મુક્તિવિજયજી મ. ને ગણિપદ આપવામાં આવ્યું.

સપ્તર્ષિ જેવા પૂજ્યશ્રીને સાત શિષ્યો હતા. મુનિ શ્રી અમૃતવિજયજી મ., મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ., મુનિ શ્રી પ્રેમવિજયજી મ., પંન્યાસ શ્રી ગુલાબવિજયજી મ., પંન્યાસ શ્રી શુભવિજયજી મ., મુનિ શ્રીહીરવિજયજી મ. અને પૂ.આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ. તેઓ શ્રીમદ્ના શિષ્ય મુ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજના (પૂ. બુટેરાયજી મ.) અનેક શિષ્ય-પ્રશિષ્યો થયા. વર્તમાનમાં લગભગ બે હજાર સાધુઓ પ. પૂ. પંન્યાસ શ્રી મણિવિજયજી દાદાના પરિવારમાં વિચરે છે, જે વર્તમાન સાધુ સમુદાયનો સૌથી મોટો ભાગ છે. તેઓશ્રીના પ્રતાપી અને વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવારથી શાસન પ્રભાવનાનાં કાર્યો અવિરત ચાલતાં જ રહે છે.

આ મહાપુરુષના જીવનમાંથી બે વાત શીખવાની છે.

શ્રાવક-શ્રાવિકા માટે, ૧-તમારે સુધરી તમારા કુળને ધર્મના સંસ્કારથી વાસિત બનાવવું.

અને ૨-તમારા સંતાનોને સન્માર્ગે જવાની પ્રેરણા કરવી.

સાધુ-સાધ્વીજી માટે : ૧-સુંદર સંયમનું પાલન કરવાનું, ૨-તપની આરાધના કરવાની.

### શ્રી જૈનશાસનમાં સ્વર્ગતિથિ કોની ઉજવાય છે ?

જે મહાપુરુષો આના સેવક હોય છે, જે મહાપુરુષો, એ તારકે સ્થાપેલા શાસનની આરાધના તથા રક્ષામાં તત્પર હોય છે અને જે મહાપુરુષો આ શાસનને સમર્પિત થઈ ગયેલા હોય છે, તેઓની જ સ્વર્ગતિથિ શ્રી જૈનશાસનમાં ઉજવાય છે. બીજાઓની જોડે શાસનના ઉપાસકોને એ સંબંધ છે જ નહિ. આપણે તો શાસનની સાથે બંધાયેલા છીએ. આ શાસનના જે સેવક હોય, આ શાસનના જે રક્ષક હોય, આ શાસનને જે સમર્પિત થયેલા હોય, તેઓની સેવા, રક્ષા, તેમના ગુણગાન વગેરે આપણે જરૂર કરીએ.

**પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# પૂજ્ય મુનિરાજ
# શ્રી બુદ્ધિવિજયજી
# મહારાજી
# (બુટેરાયજી મ.)



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : બુટ્ટાસિંહ |
| જન્મ | : વિ.સં. ૧૮૬૩ દુલવા (પંજાબ) |
| માતા | : કર્મોદે |
| પિતા | : ટેકસિંહ |
| દીક્ષા | : વિ.સં. ૧૮૮૮ સ્થાનકવાસી દીક્ષા<br>વિ.સં. ૧૯૧૨માં સંવેગી અમદાવાદ |
| દીક્ષાની ઉંમર | : ૪૯ વર્ષ (સંવેગી) |

| | |
|---|---|
| દીક્ષા દાતા | : પૂ. શ્રી મણિવિજયજી દાદા |
| ગુરુનું નામ | : પૂ. શ્રી મણિવિજયજી દાદા |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી બુદ્ધિવિજય મ.<br>[સંવેગી દીક્ષા] |
| સંયમ પર્યાય | : સંવેગી દીક્ષા ૨૬ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૧૯૩૮ |
| આયુષ્ય | : ૭૫ વર્ષ |

સૌજન્ય

**મોતીલાલજી લચ્છીરામજી પરિવાર** વિસલપુર.

સત્યધર્મની મશાલ પ્રજ્વલિત કરનાર સંવેગી શિરતાજ-મહાયોગીરાજ
શ્રી સુધર્માસ્વામીજીની ૭૨મી પાટને શોભાવનારા

# પૂજ્ય મુનિરાજશ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજા

પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં જૈનશાસનનો ડંકો વગાડનાર પંજાબી સાધુઓમાં શ્રી બુટેરાયજી મહારાજ પ્રથમ પંક્તિમાં બિરાજે છે. તેઓ ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને ક્રિયાકાંડમાં નિપુણ સાધુશ્રેષ્ઠ હતા.

**જન્મ-માતા-પિતા :**

શ્રી બુટેરાયજી મહારાજ જન્મે શીખ હતા. તેમનો જન્મ વિ.સં. ૧૮૬૩માં લુધિયાના નજીક દુલવા ગામમાં થયો હતો. તેઓશ્રીનું નામ **બુટ્ટાસિંહ** હતું. **માતાનું નામ કર્મોદે** અને **પિતાનું નામ ટેકસિંહ** હતું. માતા કર્મોદેને સુસ્વપ્નથી સૂચિત એક પુત્ર થયો, એટલે માતાને મનોમન એવી પ્રતીતિ તો હતી જ કે પુત્ર અસાધારણ થશે. એમાં બાળક બુટ્ટાસિંહને ધાર્મિક **વાંચન** અને ક્રિયાકાંડમાં વિશેષ પ્રીતિ હતી, તે જોઈને માતાને પોતાની શ્રદ્ધા ફળીભૂત થતી દેખાતી હતી. એટલે માતાએ પુત્રમાં ધર્મના સંસ્કારો સિંચવામાં ખૂબ જ કાળજી લીધી હતી. એક વખત બુટ્ટાસિંહે માતા સમક્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે, 'મારે સાધુ થવું છે.' પ્રથમ દૃષ્ટિએ માતાને એ ગમ્યું નહિ. પરંતુ સ્વપ્ન યાદ આવતાં સહર્ષ સંમતિ આપી અને આશિષ આપતાં કહ્યું કે, 'જા પુત્ર, સાધુ થજે. પણ સાધુ થયા પછી સંસારની મમતામાં પડીશ નહિ. સાચો સાધુ થજે.'

**સ્થાનકવાસી દીક્ષા :**

બુટ્ટાસિંહનું મન તત્કાલીન શીખ ધર્મના સાધુઓ કરતાં જૈન યતિઓ અને સ્થાનકવાસી સાધુઓ પ્રત્યે વધુ આકર્ષાયું હતું. માતાના આશીર્વાદ લઈ, ઘર છોડી નીકળેલા બુટ્ટાસિંહે અનેક સાધુઓનો સમાગમ કર્યો. **વિ.સં. ૧૮૮૮માં દિલ્હીમાં એક સ્થાનકવાસી સાધુ પાસે દીક્ષા લઈ**, શ્રી બુટેરાયજી મહારાજના નામે જાહેર થયા.

**સંવેગી દીક્ષા :**

શ્રી બુટેરાયજી મહારાજનું પ્રથમ પગલું સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાનું જ્ઞાન સંપાદન કરીને શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરવાનું હતું. આ પરિશીલનના ફળરૂપે સમગ્ર જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ

આવી. તેઓશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયને માન્ય એવા બત્રીશ આગમોનું ઝીણવટપૂર્વક વારંવાર અધ્યયન કર્યું. આ ક્રમ પાંચેક વર્ષ ચાલ્યો. પરિણામ સ્વરૂપ એમના મનમાંથી મૂર્તિપૂજાનો વિરોધ નીકળી ગયો. જેમ જેમ શાસ્ત્રના મૂળ પાઠોનું વધુ ને વધુ ચિંતન કરતાં ગયા, તેમ તેમ મૂર્તિપૂજામાં એમની શ્રદ્ધા દૃઢ થતી ચાલી અને એક દિવસ પોતાના બે શિષ્યો સાથે-શ્રી મૂલચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદજી મહારાજ સાથે-અમદાવાદ આવીને શ્રી મણિવિજયજી દાદા **પાસે સંવેગી દીક્ષા ગ્રહણ કરી.** પછી તેઓશ્રીનું નામ **મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ. રાખવામાં આવ્યું.** પરંતુ તેઓશ્રી બુટેરાયજી મહારાજ તરીકે વિશેષ ઓળખાતા રહ્યા હતા.

**શ્રી બુટેરાયજી મહારાજ તીર્થપતિ મહાવીરદેવની ૭૨ મી પાટપરંપરાને શોભાવનાર મહાયોગી હતા.**

જન્મે શીખ સંતાન હોવાથી એમનું મનોબળ ખૂબ દૃઢ હતું. પોતાને યોગ્ય લાગ્યો તે મત વ્યક્ત કરતાં તેઓ કદી અચકાતા નહિ. પરિણામે અનેકવારના શાસ્ત્રાધ્યયનને આધારે મૂર્તિપૂજા અને મુહપત્તિના સિદ્ધાંતોને એમણે હિંમતપૂર્વક જાહેર કર્યા અને એ પ્રમાણે અનુસરવાનો અનુરોધ કર્યો. ગુજરાનવાલાના ચાતુર્માસ વખતે એમણે પોતાના આ મતને સંઘ સમક્ષ વહેતો મૂક્યો, શાસ્ત્રીય રીતે સિદ્ધ કરી બતાવ્યો. પરિણામે શિયાલકોટ, પતિયાલા, પપનાખા, અમૃતસર, પસરૂર, રામનગર, અંબાલા આદિ અનેક સ્થળોએથી એમને અનુસરનારા સંઘો તૈયાર થયા. એમાં બે પ્રખર શિષ્યોનો ઉમેરો થયો; વિ.સં. ૧૯૦૨માં શિયાલકોટમાં મૂળચંદને દીક્ષા આપી અને વિ.સં. ૧૯૦૮માં રામનગરમાં વૃદ્ધિચંદને દીક્ષા આપી. આ ત્રિપુટીએ સત્યધર્મની મશાલ પ્રજ્વલિત કરી. જૈનશાસનના પ્રચાર-પ્રસાર માટે વિહાર આદર્યો. વિ.સં. ૧૯૧૧માં સિદ્ધાચલજીની યાત્રાએ આવ્યા. ભાવનગરમાં ચાતુર્માસ કર્યું; અહીં પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. ના સાહિત્યનું અવગાહન કર્યું. એ ચોમાસું વીતાવીને **વિ.સં. ૧૯૧૨માં અમદાવાદ મુકામે પૂ. મણિવિજયજી દાદા પાસે સંવેગી દીક્ષા લીધી.** શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ, દલપતભાઈ આદિ તેમના શ્રાવકો થયા. આ ત્રિપુટીએ ગુજરાતમાં રહીને યતિઓ સામે જેહાદ જગાવી. સંવેગી ધર્મની વિજયપતાકા ફરકાવી. સાધુઓને સન્માનનીય સ્થિતિ અર્પી. છ વર્ષ જેટલાં લાંબા સમય સુધી પંજાબમાં વિચરી ધર્મ પ્રત્યેના વાદવિવાદ અને મતભેદો શમાવ્યા. વિ.સં. ૧૯૨૯માં પુનઃ ગુજરાતમાં પધાર્યા ત્યારે એમના શિષ્ય આત્મારામજી મહારાજ સાથે ૧૭ સાધુઓએ સંવેગી દીક્ષા ગ્રહણ કરી. આ એક ઐતિહાસિક ઘટના હતી.

## અંતિમ આરાધના :

શ્રી બુટેરાયજી મહારાજની પડછંદ કાયા જોઈને થતું કે તે સમયે તેમના જેવા પ્રભાવી સંવેગી સાધુ સ્થાનકવાસીમાં અને યતિઓમાં પણ કોઈ ન હતાં. તેઓ પ્રતાપી હતા અને સત્ય તથા સંયમની મૂર્તિ હતા. તેઓશ્રીએ પૂ. મૂલચંદજી મહારાજને ગુજરાત, પૂ. વૃદ્ધિચંદજી મહારાજને કાઠિયાવાડ, પૂ. આત્મારામજી મહારાજને પંજાબ અને પૂ. નીતિવિજયજી મહારાજને સુરત તરફના પ્રદેશ ભળાવ્યા હતા. પરિણામે તેઓ શિષ્ય-પ્રશિષ્ય આદિનો સમુદાય વિશાળ ઊભો કરી શક્યા હતા.

એ સત્યવીર મહાયોગી **વિ.સં. ૧૯૩૮માં કાળધર્મ પામ્યા.** એ શીખ-સંતાનને ધન્ય છે, જે શ્રી મહાવીર પ્રભુના શાસનમાં સંઘનાયક બન્યા !

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (આત્મારામજી મ.)

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : દિત્તાસિંહ (આત્મારામ-દેવીદાસ) |
| જન્મ | : વિ.સં. ૧૮૯૩ ચૈ. સુદ ૧. **લહેરા** (પંજાબ) |
| માતા | : રૂપાદેવી |
| પિતા | : ગણેશચંદ્ર |
| સ્થાનકવાસી દીક્ષા | : વિ.સં. ૧૯૧૦ મા.સુદ ૫ **જીરા** |
| દીક્ષા : સંવિગ્ન દીક્ષા | : વિ.સં. ૧૯૩૨ **અમદાવાદ** |
| દીક્ષાની ઉંમર | : સંવિગ્ન દીક્ષા ૩૯ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. મુનિ શ્રી બુદ્ધિવિજયજી. (બુટેરાયજી મ.) |
| ગુરુનું નામ | : પૂ. પંન્યાસ શ્રી બુદ્ધિવિજયજી ગણિવર (બુટેરાયજી મ.) |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી આનંદવિજય મ. (આત્મારામજી મ.) |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૪૩ કા.વદ ૫ **પાલીતાણા** |
| આચાર્ય પદ પર્યાય | : ૧૦ વર્ષ |
| સંવિગ્ન દીક્ષા પર્યાય | : ૨૦ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૧૯૫૨ જે. સુદ ૮ **ગુજરાનવાલા** |
| આયુષ્ય | : ૬૦ વર્ષ |

**સૌજન્ય**

**શા. તારાચંદજી મુલતાનમલજી શ્રીશ્રીશ્રીમાલ પરિવાર સાંચોર**

**પુત્ર :** પારસમલ, દિનેશ, લલિત, મુકેશ, શૈલેષ, હિતેશ, મનોજ, ચિરાગ, નિકુંજ, પિંકેશ, તનીષ, જૈનમ, ધૈર્ય

**સત્ય અને સત્ત્વની સાધના દ્વારા જિનશાસનને રોશન કરનારા,**
**પ્રભાવક પરંપરાના નીડરનાયક, પાંચાલ દેશોદ્ધારક,**
**ન્યાયામ્ભોનિધિ, શ્રી સુધર્માસ્વામીજીની ૭૩મી પાટને શોભાવનારા**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા

**(પૂ. આત્મારામજી મ.)**

પંજાબ - પ્રાંતે પ્રગટી પ્રતિભા પ્રતાપી ।
દેશાંતરે ય તિમિર - ઓઘ ગયા પ્રણાશી ।।
સન્માર્ગ શુદ્ધ હૃદયે ધરતા પ્રકાશી ।
આનન્દ સૂરિ વિજયો નમું તત્ત્વભાસી ।।

શ્રી જૈન સંઘના અભ્યુદય માટે જેમણે દિવસરાત જોયા વિના જે પ્રબળ પુરુષાર્થ કર્યો, શાસનની સત્ય અને સિદ્ધાન્તોની રક્ષા-આરાધના-પ્રભાવના માટે અનેક કષ્ટો મજેથી વેઠ્યાં, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર અને વિધિમાર્ગના પુનરુદ્ધાર માટે માન-અપમાનની પણ પરવા ન કરી. તે સમયના તેઓ ખરેખર યુગપ્રધાન સમાન હતા. એકલા હાથે અજ્ઞાનનો અંધકાર ઉલેચી, સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પાથર્યો, ક્રિયા ચુસ્ત સાથે તેવા જ અધ્યયનશીલ હતા. ભાવિ પેઢીના ઉપકાર માટે જે અનુપમ સાહિત્ય સર્જીને ગયા, તેથી શ્રી જૈન સંઘ તેમનો સદાય ઋણી રહેશે.

**જન્મ-માતા પિતા :**

પંજાબની જેલમ નદીના કિનારે **'કળશ'** નામનું ગામ છે. ત્યાં ચૌદહરીકર્પર બ્રહ્મક્ષત્રીય કુળમાં **ગણેશચંદ્રનો** જન્મ થયો. જેમના કુટુંબીઓ દિવાનકુળ તરીકે ઓળખા. હત આ બાળક પણ પોતાના પૂર્વજો જેવો પરાક્રમી હતો. આ ગણેશચંદ્ર બાલ્યવયનો હતો અને **પિતા સ્વર્ગવાસી બન્યા.** તે તેના કાકાને ત્યાં મોટો થયો. એક દિવસ તે કોઈને કંઈ કહ્યા વિના ઘરની ળી નીકળ્યો.

કેટલેક દિવસે એ રામનગર પાસે આવેલા **ફાલીયા** ગામના થાણેદાર તરીકે ન. ત્યાં તેના **રૂપાદેવી** સાથે લગ્ન થયા. જે આપણા ચરિત્રનાયકના માતા-પિતા છે. **પિતા ગણેશચ** **માતા રૂપાદેવી** ફિરોજપુરના જીરા તાલુકાના **લેહરા** ગામમાં સ્થિર થયા. ત્યાં **વિ.સં. ૧૮૯૨ન** સં. ૧૮૩૭ના) **ગુરુવારના ચૈત્ર સુદ ૧ના પવિત્ર દિવસે આપણા ચરિત્રનાયકનો જન્મ થયો.** જે દિવસ નૂ.

વર્ષ મનાય છે. પરમ માંગલિક ગણાય છે. જોતાં જ જે ગમી જાય, સૌને રમાડવાનું મન થાય અને પરમ તેજસ્વી એવા **આ બાળકનું નામ માતા-પિતાએ 'આત્મારામ'** એ પ્રમાણે રાખ્યું.' લોકમાં તે **'દિત્તા'** નામથી પ્રખ્યાત થયો.

અત્તરસિંઘ **લેહરા** ગામનો જાગીદાર હતો. ગણેશચંદ્ર પણ ત્યાં રહેતો હતો. તેથી તેનો પુત્ર **'દિત્તા'** અત્તરસિંઘને ત્યાં રમવા જતો. દિત્તાના દેદીપ્યમાન બાળ લલાટને જોઈને તેની ભાવિમાં થનારી અસાધારણ બુદ્ધિમત્તા, અનુપમ પ્રભાવિકતાને જોઈ અત્તરસિંઘનું મન લલચાયું. તે શીખ સંપ્રદાયનો ધર્મ ગુરુ હતો. તેમનું માન ઘણું જ સારું હતું અને દિત્તાને પોતાના શિષ્ય તરીકે સ્થાપવાની ઈચ્છા થઈ. તેથી તે બાળકને ગ્રહણ કરવા માટે પ્રલોભનો બતાવવા છતાં માતા-પિતાએ સંમતિ આપી નહિ. તેના બધા જ પ્રલોભનો નકામા ગયા. માતા-પિતાને ત્યાં સુધી લોભાવ્યા કે, 'મારે ત્યાં આ બાળક રાજવૈભવ પામશે તો વાત્સલ્યમાં તેનું બલિદાન કેમ આપો છો ? આ ચાલ પણ નિષ્ફળ જવાથી તે છંછેડાયો અને પોતાની સત્તાનો દુરૂપયોગ કરી ગણેશચંદ્રજી ઉપર ખોટો આરોપ મૂકી તેને બંદીવાન બનાવ્યો અને સીધી ધાકધમકી આપી કે 'દિત્તાને સોંપો તો જ છૂટકારો થશે - બચી શકશો. બાકી બીજો કોઈ જ ઈલાજ નથી.' પણ શ્રી ગણેશચંદ્રજી ક્ષત્રિય હોવાથી આ ધાકધમકીને જરાપણ વશ ન થયો અને તક સાધી જેલમાંથી ભાગી છૂટ્યો. પોતાની પત્ની અને પુત્રને લઈ **રૂડીવાળા** ગામમાં ગયો. બહારવટુ કરી જીવવા લાગ્યો અને **સલામતી માટે પોતાની પત્ની** અને **પુત્રને જીરા ગામના પોતાના મિત્ર જોધમલ ઓસવાલને સોંપ્યો.** બહારવટામાં તે પકડાયો અને કેદીઓની પરસ્પર લડાઈમાં તે આગ્રાના કિલ્લામાં મરાયો.

## પાલક પિતા અને સ્થાનકવાસી સંપ્રદાયના સંસ્કાર :

તે પછી **જીરામાં** આ જોધમલ ઓસવાલ આપણા ચરિત્ર નાયકના ખરેખરા અર્થમાં પાલક પિતા બન્યા. તેમનું કુટુંબ ધર્મના સંસ્કારોથી સંસ્કારિત હતું. સ્થાનકવાસી સંપ્રદાયને માનનારું હતું. અહીં તેનું નામ દિત્તાને બદલે **'દેવીદાસ'** પાડવામાં આવ્યું. કારણ કે, આ જોધમલના નાનાભાઈનું નામ 'દિત્તામલ' હતું અને તેઓ ધર્મના રાગી હતા. તેથી આ દિત્તા પણ સ્થાનકવાસી સાધુઓના સહવાસમાં આવ્યો અને જવારમલ્લ નામના ઓસવાલ પાસે ઢુંઢક મતના સામાયિક પ્રતિક્રમણ-નવતત્ત્વ, છવ્વીસ દ્વારના કેટલાક બોલ આદિનો અભ્યાસ કર્યો અને ધર્મના રંગથી વાસ્તવમાં રંગાયો. યોગાનુયોગ **ગંગારામજી** અને **જીવણરામજી** નામના બે સ્થાનકવાસી સાધુઓનું ચોમાસું તે જીરા ગામમાં થયું. આપણા ચરિત્ર નાયક તેમના પરિચયમાં આવ્યા અને વૈરાગ્ય વાસિત અંતઃકરણવાળા બન્યા. આ બાજુ જોધમલ પાલક પિતા તરીકે દેવીદાસ (દિત્તા)ના લગ્નની તૈયારી કરવા લાગ્યા. દિત્તા દ્વિધામાં પડ્યા. ઘણા મનોમંથનને અંતે સંયમના શણગાર સજવાનો નિર્ણય કર્યો.

દિત્તાનું દીક્ષા તરફ ખેંચાણ થતું જોઈ જોધમલે એક દિવસ દિત્તાને પોતાની પાસે બોલાવી સ્નેહ કોમળ સ્વરોમાં સમજાવવા માંડ્યો. "બેટા ! દેવીદાસ ! તું એમ ન સમજતો કે તારું અહીં કોઈ નથી. તું મારો ધર્મ પુત્ર છે. મારી મિલ્કતનો ત્રીજો હિસ્સો, તું ચાહે તો આજે જ તારા નામે ચડાવી દેવા તૈયાર છું. તારા લગ્નની જવાબદારી પણ મારી ઉપર જ છે. તું મને પૂછ્યા વગર કંઈ સાહસ ન કરતો." આટલું કહેવામાં

જોધમલ ગળગળો થઈ ગયો. બાકીની હકીકત જોધમલના આંસુએ પૂરી કરી. દેવીદાસ મૌન રહ્યો. જોધમલના ઉભરાતા વાત્સલ્યનો જવાબ એની પાસે ન હતો.

**સ્થાનકવાસી દીક્ષા :**

ઘણાં મનોમંથન પછી દેવીદાસે **જીવણરામ** પાસે સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. પુત્ર દિત્તાની દીક્ષા લેવાની ભાવના જાણી માતા રૂપાદેવી રૂદન કરવા લાગ્યા. મમતાવશ માતાએ સ્પષ્ટ ના પાડી. દિત્તાએ નમ્રતાથી અનેકવાર માતાજીને સમજાવ્યા. અંતે પુત્રની મક્કતાને નિહાળી દુઃખતા દીલે સંયમ સ્વીકારની અનુમતિ આપી.

દીક્ષાની અનુમતિ આપતા પાલક પિતા જોધમલજીના મુખમાંથી અનાયાસે સહજ ભાવે એવા શબ્દો સરી પડ્યા કે : **"બેટા ! બીજું તો કંઈ નથી કહેતો - ચિરંજીવી રહેજે અને જૈનધર્મનો ખૂબ ખૂબ ઉદ્યોત કરજે !"**

સાચા ભાવે બોલાયેલા શબ્દોનું શું પરિણામ આવ્યું. તે શ્રી જૈન સંઘે સારી રીતે અનુભવ્યું છે.

વિ.સં. ૧૯૧૦ માગસર સુદ ૫ના શુભ દિને પંજાબ રાજ્યના માલેરકોટલા શહેરમાં ૧૮ વર્ષની કિશોરવયે દેવીદાસની (દિત્તાની) સ્થાકનવાસી દીક્ષા થઈ અને **જીવનલાલજી** મહારાજના શિષ્ય બન્યા. માતાના કહેવાથી તેમનું નામ 'શ્રી આત્મારામજી મહારાજ' તરીકે ઘોષિત કરવામાં આવ્યું. કારણ કે, માતા રૂપાદેવીએ ખુલાસો કર્યો કે, 'આ બાળકનું 'દિત્તા' નામ તેના કાકાએ પાડેલ છે. 'દેવીદાસ' નામ તેમના પાલક પિતા જોધમલજીએ પાડેલ છે. પણ તેમનું સાચું નામ **'આત્મારામ'** અમે પાડેલ હતું. તેથી **'શ્રી આત્મારામજી મહારાજ'** નામ પડ્યું.

**શ્રુતોપાસના :**

દીક્ષા પછી કઠોર ચારિત્ર પાલન સાથે જ્ઞાન પ્રાપ્તિને પણ તેમણે જીવનનું પ્રમુખ લક્ષ્ય બનાવ્યું. જ્ઞાન પ્રત્યે તેમનું અદ્ભૂત આકર્ષણ હતું. તેમની ગ્રહણ શક્તિ અને સ્મરણ શક્તિ પણ બેજોડ હતી. રોજની ૩૦૦ ગાથા તે આસાનીથી કંઠસ્થ કરી શકતાં. તેમની જ્ઞાન જિજ્ઞાસા એટલી તીવ્ર હતી કે જ્યાં જ્યાં ચાતુર્માસ પધારતાં ત્યાં ત્યાં વિદ્વાનોની શોધ કરી તેમની પાસે શાસ્ત્રાભ્યાસ કરી જિજ્ઞાસાને સંતોષવા પ્રયત્ન કરતા.

તેમણે પોતાના ગુરુ જીવણલાલજીની અનુજ્ઞા મેળવીને **કાશીરામ** નામના એક ઢુંઢક શ્રાવકની પાસે ઉત્તરાધ્યનના કેટલાક પાઠો શીખી લીધા. દીક્ષા પછી પંદર દિવસમાં તો તેઓને વ્યાખ્યાન કરવાની જવાબદારી આવી. ત્યારથી જ તેમની વાણીના શ્રવણથી તેમના ગુર્વાદિકને થયું કે આ જરૂર આપણાં સંપ્રદાયનું નામ રોશન કરશે.

પ્રથમ ચાતુર્માસ કર્યા પછી તેઓએ વૃદ્ધ પોસાલીય તપગચ્છના શ્રી રૂપઋષિજી પાસે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વાંચ્યું. યમુનાનદીવાસી સંતરૂડમલજી પાસે શ્રી ઔપપાતિક સૂત્રનું વાંચન કર્યું. પછી ગુરુ જીવણરામજી સાથે જયપુર ગયા. ત્યાં બહુશ્રુત શ્રાવક અમીચંદભાઈ - જે ઢુંઢકોમાં શ્રુત કેવળી કહેવાતા, તેમની પાસે

આચારાંગ સૂત્રનું વાંચન કર્યું. તેમની જ્ઞાનની ભૂખ અનોખી હતી. ગુરુ ભક્તિ પણ અપૂર્વ હતી. છતાં ઢુંઢક લોકોએ તેમને વ્યુદ્ગ્રાહિત કરેલા કે, **વ્યાકરણ ભણતા નહિ. વ્યાકરણ ભણશો તો તમારી બુદ્ધિ બગડી જશે. તે લોકો વ્યાકરણને વ્યાધિકરણ માનતા.**

તેઓ નાગોર શહેરમાં ગયા ત્યાં હંસરાજ નામના શ્રાવક પાસેથી અનુયોગદ્વાર સૂત્ર ભણ્યા. ત્યાંથી જોધપુર જઈને વૈદ્યનાથ પટવા ઓસવાલ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી. તે વૈદ્યનાથ વ્યાકરણ ભણવું યોગ્ય માનતા તથા ભાષ્યકાર અને ટીકાકારનાં વચનોને પ્રામાણિક અને સત્ય માનતા. તેમણે શ્રી આત્મારામજી મ.ને કહ્યું કે, **"તમારી બુદ્ધિ નિર્મળ અને તીક્ષ્ણ છે માટે શાસ્ત્રોના સાચા અર્થ અને રહસ્ય પારખવાં તમે વ્યાકરણ ભણો અને બુદ્ધિને સફળ કરો.**

સંત શ્રી કચોરીમલજી - સંત શ્રી નંદરામજી, સંત શ્રી ફકીરચંદજી પાસે સૂયડાંગ, પ્રશ્નવ્યાકરણ, પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર આદિનો અભ્યાસ કર્યો.

વિ.સં. ૧૯૧૬નું ચાતુર્માસ રતલામ કર્યું ત્યાં સંતમગનજી પાસે સ્થાનકવાસી સંપ્રદાયને માન્ય ૩૨ આગમોનું અધ્યયન કર્યું. કંઠાગ્ર પણ કર્યા. લગભગ ૧૫,૦૦૦ જેટલા સૂત્રો અને શ્લોકો કંઠાગ્ર હતા. તે ઉપરાંત વેદ, ઉપનિષદ્, પુરાણ આદિ ગ્રંથોનો તથા અન્ય દર્શનોનો પણ ઉંડાણ સભર અભ્યાસ કર્યો.

શાસ્ત્રના અધ્યયન અને ગહન ચિંતન દ્વારા **"मे कुछ गलत मार्ग पर जा रहा हुं" એવો અહેસાસ તેમને અંદરથી થવા લાગ્યો.** એમણે વિચાર્યું કે, "અભ્યાસમાં કોઈ પ્રકારનો વિરોધ કે નિષેધ કેમ હોઈ શકે. આ પ્રકારની સંકુચિતતા જ બતાવી આપે છે કે જેને તેઓ શુદ્ધ સુવર્ણ તરીકે ઓળખાવે છે. તેની કસોટી કરાવવા તેઓ પોતે તૈયાર નથી."

મુંઝવણમાંથી માર્ગ શોધવા તેમણે પોતે એક દિવસ પોતાના ગુરુજીને પૂછયું કે, **"હું વ્યાકરણ ભણી શકું ?" તો તેઓએ સ્પષ્ટ ના પાડી.**

**"ગુજરાતમાં ઘણાં વિદ્વાન સાધુઓ છે તેમની પાસે ભણવા જાઉં ?" તો ય ના પાડી.** ગુરુજી પાસે **નિષેધ વિના બીજો કોઈ જવાબ નહોતો."** તેઓશ્રી સમજી ગયા કે, **"હું વાડામાં પૂરાયો છું અને વાડો સાચો ન જ હોઈ શકે."** તેમ તેમનો આત્મા પોકારવા લાગ્યો. તેથી તેમણે હૈયાથી નિશ્ચય કર્યો કે **સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ ભણ્યા પછી શાસ્ત્રનો જે યથાર્થ અર્થ થતો હશે તે જ હું સાચો માનીશ.**

તેથી તેમણે ગુજરાતમાં જઈ સંવેગી સાધુઓને મળી સત્ય માર્ગનો નિર્ણય કરવાનો નિર્ણય કર્યો તથા જૈનોના પ્રસિદ્ધ તીર્થો શ્રી શત્રુંજય, શ્રી ગિરનારજી આદિની ખ્યાતિ તેમના સાંભળવામાં આવેલી, ચિત્તોડના પુરાણાં ખંડેરો, પ્રાચીન જૈન મંદિરોના અવશેષો, કીર્તિસ્તંભ વગેરે જોયા પછી એમને પોતાના વાડાના બંધનો વધુ વ્યથા ઉપજાવવા લાગ્યા.

વિ.સં. ૧૯૧૮નું ચોમાસુ તેમણે દિલ્હી કર્યું. ચોમાસા બાદ **પોતાના સંપ્રદાયના તથા પોતાના ગુરુના પણ નિષેધની પરવા કર્યા વિના રોપડ** (પંજાબમાં) નામના ગામમાં સદાનંદજી નામના બ્રાહ્મણ પંડિત પાસે તેમણે સારસ્વત વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. પોતાની અપૂર્વ નિપુણ બુદ્ધિથી બહુ જ અલ્પ

સમયમાં ષટ્લિંગ સુધીનો અભ્યાસ કર્યો. જેમ જેમ ભણતા ગયા તેમ તેમ સાચું સમજાતું ગયું. તેમના હૈયામાં સમજાઈ ગયું કે, **"જે આત્મા વ્યાકરણ ભણે તે શાસ્ત્રોના મનફાવતા અર્થ ન જ કરી શકે માટે જ આ અમારા સંપ્રદાયે વ્યાકરણ ભણવાનો નિષેધ કર્યો લાગે છે."** અહીં જ તેમણે વ્યાકરણ સંપૂર્ણ ભણવાનો અને માત્ર મૂળને જ વળગી નહિ રહેતા **નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય, ટીકાને વાંચવા વિચારવાનો નિર્ણય કર્યો** અને તો જ સાચું સત્ય સમજાશે એવો તેમનો અખંડ વિશ્વાસ થઈ ગયો.

પૂજ્યશ્રી જીરાથી વિહાર કરી શ્રી મનોહરદાસના ટોળાના ઢુંઢક સાધુઓમાં વૃદ્ધ પંડિત શ્રી રત્નચંદ્રજીની પાસે વિદ્યાભ્યાસ કરવાની ઈચ્છાથી તેઓ આગ્રા ગયા. શ્રી રત્નચંદ્રજીએ તેમને ઘણી જ ખુશી અને હૈયાના સદ્ભાવપૂર્વક શ્રી સ્થાનાંગ, શ્રી સમવાયાંગ, શ્રી ભગવતીજી, શ્રી પન્નવણાજી, શ્રી બૃહત્કલ્પભાષ્ય, શ્રી વ્યવહાર સૂત્ર, શ્રી નિશીથસૂત્ર, શ્રી દશાશ્રુતસ્કંધ, શ્રી સંગ્રહણી, શ્રી ક્ષેત્રસમાસ, શ્રી સિદ્ધ પંચાશિકા, શ્રી નિગોદ છત્રીસી, શ્રી પુદ્ગલ છત્રીસી વગેરે અનેક આગમગ્રંથો અને શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. વ્યાકરણનો થોડો અભ્યાસ કરવાથી સાચો અર્થ સમજાવવા લાગ્યો. પણ તે અર્થ પોતાના માન્ય સંપ્રદાયના અર્થની સાથે સુસંગત થતો ન હતો. તેમના હૈયામાં સુનિશ્ચિત થઈ ગયું કે, **"મહાવૈયાકરણી - તાર્કિક શિરોમણિ જે પૂર્વાચાર્યો થઈ ગયા છે. તેઓએ કરેલ અર્થ ભાષ્ય-ચૂર્ણિ-નિર્યુક્તિ અને ટીકા આદિ દ્વારા જે અર્થ છે તે જ સત્ય છે."** બીજુ પણ અપૂર્વ એવું સમ્યગ્જ્ઞાન તેમને પ્રાપ્ત થતાં તેમનો આત્મા ઘણો જ આનંદિત થયો અને તેમના હૈયાની શંકાઓનું સમાધાન થવા લાગ્યું.

વિ.સં. ૧૯૨૦નું ચોમાસું તેમણે આગ્રામાં જ કર્યું. પંડિત શ્રી રત્નચંદ્રજીને પણ આવો સમર્થ, બુદ્ધિમાન અને તેજસ્વી આત્મા મળવાથી પોતાની પાસે જે કંઈ જ્ઞાન હતું તે બધું આપવાની ઘણી જ ઈચ્છા હતી. પૂ. મહારાજશ્રી દિલ દઈને ભણવા લાગ્યા. તેમને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. **તેઓને જૂના અર્થો કપોલ - કલ્પિત લાગ્યા.** તેમની પાસે રહી બધું જ જ્ઞાન સંપાદન કરવાની ભાવના હતી ત્યાં જ તેમના ગુરુની આજ્ઞા આવી. પૂ. મહારાજનું મન જવાનું જરાપણ ન હતું. પણ વિદ્યા ગુરુના કહેવાથી જવા તૈયાર થયા. ત્યારે **સત્યના રાગી અને એકમાત્ર સત્યપક્ષપાતી પંડિત શ્રી રત્નચંદ્રજીએ** બહુ જ **સ્નેહ મધુર શબ્દોમાં કહ્યું કે,**

**१ अपवित्र हाथो से शास्त्र को कभी मत छुना ।**

**२ मूर्तिपूजा का यदि समर्थन न कर सको तो कम से कम उसकी (मूर्तिपूजा की) निंदा मत करना।**

**३ हंमेशां अपने पास दंडा रखना ।**

**"मैने यह तुजको श्री जैनमत का असल सार बताया है । कितनेक दिनों बाद जब तूं व्याकरण पढेगा, और शास्त्र का यथार्थ बोध होगा, सब कुछ तुजको मालूम हो जायगा, आगे भी इसी तरह ज्ञानाभ्यास करने में निरंतर उद्यम रखना और व्याकरण जरूर पढना ।"**

પૂજ્ય આત્મારામજીએ પૂછયું કે, **'કેમ એની મના કરો છો ? જો એ ખોટું** હોય **તો આપ કેમ** બેસી **રહ્યા છો ? સાચું શા માટે સ્વીકારી લેતા નથી ?'** ત્યારે **શ્રી રત્નચંદ્રજી**એ કહ્યું કે, 'ભિન્ન સંપ્રદાયના ગુરુ

કરવા અને આ છેલ્લી અવસ્થામાં આખા સંપ્રદાયનો વિરોધ સહન કરવો એ મારી શક્તિ બહારનું કામ છે. તેથી લાચાર છું. **બાકી મૂર્તિ તો શાસ્ત્ર સિદ્ધ વસ્તુ છે. હું કોઈ દિવસ દર્શન કર્યા વિના રહેતો નથી, એમ કહીને પોતાની પાસે રાખેલો ભગવાનનો ફોટો કાઢીને બતાવ્યો અને કહ્યું કે, અત્યાર સુધી મૂર્તિનો વિરોધ કર્યો તેનું અંતઃકરણથી પ્રાયશ્ચિત્ત કર્યું છે. મૂર્તિને ન માનવાથી આખા સિદ્ધાંતની ઉથલપાથલ કરવી પડે છે. તારે સાચું સમજવું હોય તો વ્યાકરણ ભણીને મહાપુરુષોની ટીકાઓ વાંચ.'**

પૂ. આત્મારામજી મહારાજે એ પ્રમાણે વર્તવાની કબૂલાત આપી અને કહ્યું કે, આપના હૃદયની ભાવના જરૂર સફળ કરીશ.

**સત્ય વસ્તુને સમજ્યા પછી મહાપુરુષો ક્યારેય આગ્રહી નથી રહેતા. મહાપુરુષોની માન્યતા 'મારું તે સત્ય' એવી નથી હોતી, પણ 'સત્ય તે મારું' એવી હોય છે. એવી માન્યતાને ધરાવનારા મહાપુરુષો પોતે પ્રચારેલાં અસત્યનું ઉન્મૂલન પોતાના હાથે જ કરે છે અને એમ કરવામાં જ તેઓ પોતાનું ગૌરવ સમજે છે.** એ જ કારણે એ મહાપુરુષે પોતાના અંતરમાં નિર્ણય કર્યો કે, "મારે આજથી આરંભીને મને જે સત્ય સમજાયું છે તે પ્રગટ કરવું."

મુહપત્તિ તેમજ શાસ્ત્ર સંબંધમાં પણ બીજા ખુલાસાઓ મેળવ્યા. તે વખતે શ્રી રત્નચંદ્રજીએ કહ્યું કે, **"કાનમાં દોરો પરોવી મોઢા ઉપર મુહપત્તિ રાખવી એ શાસ્ત્રાધાર નથી."** આ વાતની ખાત્રી કરવા તેમણે ઘણાં શાસ્ત્રો જોયા અને સાચી વાતનો ખ્યાલ આવી ગયો. તે પછી તેમણે નિશ્ચય કર્યો કે, **'હું મારી પોતાની શક્તિ વડે ભવ્ય આત્માઓની આગળ સાચી વાત પ્રગટ કરીશ.'**

પૂ. આત્મારામજી મહારાજ આગ્રાથી વિહાર કરી દિલ્હી આવ્યા. ત્યાં તેમને વિશ્નચંદજી આદિ સાધુઓ મળ્યા અને તેમની પાસે અભ્યાસ કરવા લાગ્યા. એક દિવસ વિશ્નચંદજી માત્રુ (પેશાબ) કર્યા પછી હાથ ધોયા વિના શાસ્ત્ર ભણવા બેઠા તે વખતે પૂ. શ્રી **આત્મારામજી મહારાજે કડક શબ્દોમાં શિખામણ આપી કે, "પેશાબવાળો હાથ વગર ધોયે પુસ્તકને લગાડશો નહિ"** વિશ્વચંદજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમના પોતાના ગુરુજી કોઈ દિવસ એવી શુદ્ધિ નહોતા કરતા. વિશ્નચંદજી તરતમાં તો કંઈ ન બોલ્યા. કારણ કે હજી એમને પૂ. આત્મારામજી પાસેથી ઘણું ઘણું શીખવાનું હતું.

ત્યારે બીજા કનીચંદજી નામના જે સાધુ હતા. તેમનાથી રહેવાયું નહિ. તે બોલ્યા કે, **"ગમે તેમ પણ તમારી શ્રદ્ધા બદલાઈ ગઈ છે. દાદા ગુરુના વ્યવહારમાં અને વચનોમાં પણ તમે હવે શંકા રાખતા થયા છો."** ત્યારે પૂ. આત્મારામજી મ. નું ક્ષાત્ર તેજ ઝળકી ઊઠયું અને બહુ જ કડક શબ્દોમાં જણાવ્યું કે,

**"મેં કાંઈ ગુરુ કે દાદા ગુરુને ગુલામીખત નથી લખી આપ્યું. આ વેષ લીધો છે તે બૂડવા (ડુબવા) માટે નથી લીધો. કોઈના બાપ કે દાદા ઉંડા કુવામાં ઉતર્યો હોય તો શું એમના સંતાનોએ પણ એ કુવામાં ડૂબી મરવું."**

કનીચંદ દિગ્મૂઢ બની ગયો. એ તરત જ પૂ. આત્મારામજી મ. પાસેથી ચાલ્યો ગયો.

ત્યાંથી પૂ. આત્મારામજી મ. માલેર કોટલા ગયા ત્યાં શ્રી અનંતરાયજી પંડિત પાસે બાકીનું વ્યાકરણ પૂરું કર્યું. ત્યાંથી રાયકોટ થઈને જગરાવ ગયા. ત્યાં વિ.સં. ૧૯૨૧ના જેઠ મહિને વૃદ્ધ પંડિત શ્રી રત્નચંદ્રજી સાધુ સ્વર્ગવાસી થયાના સમાચાર જાણી તેમના આત્માને ઘણું જ દુઃખ થયું.

જગરાવ ગામથી લુધિયાના ગયાં ત્યાં શ્રાવક સેઢમલ્લ તથા ગોપીમલ્લ વગેરેને અજીવપંથની શ્રદ્ધા છોડાવી પોતાના મતમાં લીધા. ત્યાંથી કોટલા જઈને વિ.સં. ૧૯૨૧નું ચોમાસું કર્યું. ત્યાં તેમણે **ચંદ્રિકા, કોષ, કાવ્ય, અલંકાર, તર્કશાસ્ત્ર આદિનો અભ્યાસ કર્યો.** ચોમાસા બાદ તેઓ લુધીયાના થઈને દેશુ ગામમાં ગયા. ત્યાં એક યતિનાં **પુસ્તકો પૈકી શ્રી શીલાંકાચાર્ય વિરચિત શ્રી આચારાંગ સૂત્ર સટીક તેમના હાથમાં આવ્યું. તેથી તેમણે ઘણો જ આનંદ થયો.**

શ્રી વિશ્નચંદજીને થયું કે, પૂ. શ્રી આત્મારામજી મહારાજની વાત સાચી છે. તેથી તેમની શ્રદ્ધામાં શંકા કરવી તે તેઓને અન્યાય કરવા જેવું છે. પૂ. આત્મારામજી મહારાજને પોતાના સંપ્રદાય ઉપર અશ્રદ્ધા થઈ છે તે વાત ફેલાતી ગઈ. છતાં પણ તેઓ ડગ્યા વિના બધાને મળતા અને સાચી વાત સમજાવતા. શુદ્ધ શાસ્ત્રીય દૃષ્ટિએ એવું સમાધાન આપતા કે સામાની કોઈ જ દલીલને અવકાશ નહતો રહેતો તેમજ સંતોષ પણ થતો.

શ્રી વિશ્નચંદજીના શિષ્ય શ્રી ચંપાલાલજી હતા. તેઓ જિજ્ઞાસુ હતા. તેમને પણ મનમાં થતું કે આમ કેમ ? તેથી વિનમ્રભાવે પોતાના ગુરુને કહે કે, **'ગુરુજી ! આ સાધુપણું શા માટે અંગીકાર કર્યું છે ? ખાવું-પીવું પહેરવું ઓઢવું એ જ જીવનનું ધ્યેય હોય તો ઘરસંસાર શું ખોટો હતો? આપનું શરણ લીધું તે ડૂબવા નહિ પણ તરવા માટે'** તેથી તેઓ તેમને પૂ. શ્રી આત્મારામજી મહારાજા પાસે લઈ ગયા અને પૂ. આત્મારામજી મહારાજે પણ સરળ-સચોટ રીતે તેમના મનની બધી શંકાઓનું સમાધાન કરી આપ્યું. તેથી તેઓ પણ સાચું સમજી ગયા અને ત્રણેએ સહકાર સાધી સ્થાનકવાસી સંપ્રદાયમાં સન્માર્ગની પ્રરૂપણા કરવા માંડી અને શ્રાવકોને પણ તૈયાર કરવા લાગ્યા.

દેશુથી નીકળી રાણીયા, રોડી અને સરસા વગેરે ગ્રામોમાં વિચરી વિ.સં. ૧૯૨૨નું ચોમાસું તેમણે સરસામાં કર્યું. ત્યાં કિશોરચંદજી યતિની પાસેથી તેમણે બે-ત્રણ જ્યોતિષ ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમજ વડગચ્છના રામસુખ યતિની પાસેથી તથા ખરતરગચ્છના મોતીચંદની પાસેથી સાધુ-શ્રાવકનું પ્રતિક્રમણ તથા તેના વિધિનાં પાનાં લાવીને જોયાં, તો ઢુંઢક પ્રતિક્રમણ અને તેના વિધિ તેમને વિપરીત-ઉલટો જણાયો. બીજા પણ પુસ્તકો લાવીને જોયાં તથા શ્રી આચારાંગ સૂત્રની વૃત્તિનું પણ પુનરાવર્તન કર્યું. **તેથી તેમના હૈયામાં ચોક્કસ થઈ ગયું કે ઢુંઢકમત એ અસલ જૈન મત નથી. પરંતુ લુંકા લવજીના કલ્પેલા લોકામતમાંથી ધર્મદાસ છીપા આદિએ કાઢેલો છે.** તો પણ તેમણે વિચાર કર્યો કે, 'આ સમયે આખા પંજાબ દેશમાં પ્રાયે કરીને ઢુંઢક મતનું જોર વધારે છે અને હું એકલો શ્રદ્ધાને જાહેર કરીશ તો કોઈ માનશે નહિ. તેથી હૈયામાં સાચી શ્રદ્ધાને રાખી બાહ્ય વ્યવહાર ઢુંઢકોના જેવો રાખીને કાર્ય સિદ્ધિ કરશુ તો અવસરે સારું થશે.' આ પ્રમાણે નિશ્ચય કરી. તેઓ ચોમાસા બાદ સરસાથી સુનામ થઈ માલેર કોટલા ગયા. ત્યાં લાલા કવરસેન અને મંગતરાયને પોતાની અંતરંગ શ્રદ્ધા સમજાવી સાચા શ્રાવક કર્યા. પછી ત્યાંથી લુધીયાના

ગયા ત્યાં ગોધીમલ્લને પણ પોતાની શ્રદ્ધા સમજાવી સાચો શ્રાવક કર્યો. શ્રી વિશ્નચંદજીએ પણ તેમના મતની વૃદ્ધિ કરવામાં ઘણો જ ફાળો આપ્યો અને અનેક શ્રાવકોને સમ્યક્ શ્રદ્ધાળુ બનાવવા લાગ્યા.

લુધીયાનાથી તેઓ જાલંધર ગયા. ત્યાં અજીવપંથી રામરતન, વસંતરાય સાથે તેમને અજીવપંથ સંબંધી વાદવિવાદ થયો. (પંજાબમાં સ્થાનકવાસીઓમાં બે મત હતા. એક અનાજમાં જીવ માનનારો અને બીજો અનાજમાં જીવ નહિ માનનારા) તેમાં પાદરી તથા બ્રાહ્મણ પંડિતને મધ્યસ્થ રાખ્યા હતા અને આજુબાજુના ૨૭ શહેરોના શ્રાવકો પણ ભેગા થયા હતાં. **તેમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજાનો જય થયો.**

અમૃતસરની સભામાં તો શ્રોતાઓની ભીડ જામવા લાગી. ત્યાં તેઓ શ્રી ભગવતીજી સૂત્ર સટીક વાંચતા હતા. **તેમના સંપ્રદાયના વડા શ્રી અમરસિંહજીએ પણ તેમની વ્યાખ્યાનવાણીનું શ્રવણ કર્યું અને તેમની બુદ્ધિ પ્રતિભા ઉપર આફરીન થઈ ગયા.** તેમની તેજસ્વિતાથી અંજાઈ ગયા. પોતાના શિષ્ય-પ્રશિષ્યોને વ્યાકરણ ભણવાની છૂટ આપી. પૂ. શ્રી આત્મારામજી મહારાજની અજોડ તર્કશક્તિ અને વાક્ચાતુર્યથી શ્રોતાઓના મન ડોલવા લાગ્યા. તેમાં એક દિવસ પ્રાસંગિક તેમના મુખમાંથી શબ્દો નીકળી ગયા કે, **'પૂર્વાચાર્યોના કહેલા અર્થનો ત્યાગ કરી જેઓ શાસ્ત્ર વચનોના મનફાવતા અર્થ કરે છે. તેમને આ લોકમાં નહિ તો પરલોકમાં જરૂર દુર્ગતિ થવાની છે એ યાદ રાખજો.'** આ વાત સાંભળતા જ શ્રી અમરસિંઘજી છંછેડાયા અને બોલ્યા કે, આજકાલ આત્મારામજીને ખૂબ અભિમાન આવી ગયું છે. હું ધારું તો એના અભિમાનના ભૂક્કા ઉડાવી દઉં. એ મારી પાસે કઈ ગણતરીમાં છે ? અમરસિંઘજી પોતાના ભક્તોની મંડળીમાં એ રીતે ઉભરા ઠાલવવા લાગ્યા. તે વખતે શ્યાલકોટનો સોદાગરમલ્લ ઓસવાલ અમૃતસરમાં હતો. તેણે અમરસિંઘજીને કહ્યું કે, પૂજ્ય સાહેબજી મારી એક વાત માનશો ? **આત્મારામજીનો અભ્યાસ, એમનું અગાધ જ્ઞાન અને એમની ચર્ચા ચલાવવાની નિપુણતા જોતા. મને ખાત્રી થઈ ચૂકી છે કે આપણા આખા યે વાડામાં એમના જેવો એક પણ સમર્થ પુરુષ નથી. એમની સામે જો તમે વિરોધ ઉભો કરશો તો પરિણામે આપને જ પસ્તાવું પડશે.** આ વાત જાણીને અમરસિંઘજી પૂ. આત્મારામજી મ. ની સાથે કુનેહથી વાત કરવા લાગ્યા અને વહાલ વસાવવા લાગ્યા. **પણ સત્યના ખપી આત્માઓ ક્યારે પણ કોઈની ખોટી લાગણીમાં તણાતા નથી. લાગણીમાં તણાય તે ક્યારે ઉન્માર્ગમાં ચાલી જાય અને સન્માર્ગથી ભ્રષ્ટ-પતિત થાય તે કહેવાય નહિ.**

ગમે તેમ પણ પૂ. આત્મારામજી મહારાજ ક્ષત્રિયવંશી હતા. કર્ત્તવ્યપાલનના આગ્રહી હતા. સત્યપક્ષના ખપી હોવાથી ખુમારીવાળા અને નિર્ભીક હતા. કોઈની પણ ખોટી શેહશરમમાં તણાય તેવા ન હોવાથી, તેમનાથી ય જરાય ગભરાયા વિના અવસરે બેધડક કહ્યું કે, **'ભલે આપશ્રી મારા પૂજ્ય હો, પણ શાસ્ત્રકારોની આજ્ઞાને હું સૌ કરતા વધારે પૂજ્ય માનું છું. કોઈના સ્નેહથી કે ધાકધમકીથી હું ઉલ્ટી-વિપરીત પ્રરૂપણા ક્યારે પણ નહિ કરું. સૌએ યથાશક્તિ સત્યાસત્યનો નિર્ણય કરી લેવો જોઈએ. આપ પણ એ માર્ગે વિચરો એમ હું ઇચ્છું છું. માનવ જન્મની દુર્લભતા જો એકવાર સમજાઈ હોય તો આપણે પક્ષપાત કે સંપ્રદાયના મોહને તિલાંજલી આપી જે રીતે આત્માનું કલ્યાણ થાય તે જ માર્ગ સ્વીકારવો જોઈએ.'**

પૂર્વે પણ અમરસિંઘજીએ આત્મારામજી મ.ને કહેલું કે, તમે આવો પ્રચાર બંધ કરો. નહીંતર તમને સંપ્રદાયની બહાર કરવામાં આવશે. ઉતરવા માટે ક્યાંય સ્થાન નહિ મળે, ગોચરી પણ કોઈ નહિ વહોરાવે - તે વખતે સત્યમાર્ગની સુરક્ષામાં સિંહસત્વના સ્વામી પૂ. આત્મારામજી મ.શ્રીએ કહ્યું કે,

**"सत्यके लिये तो लोग जान दे देते है तो संप्रदाय से बहार**
**जाना क्यां बडी बात है" में सत्य कों कभी भी नहीं ठुकराउंगा"**

શ્રી ગણેશીલાલ નામના ઢુંઢક સાધુ પણ પૂ. શ્રી આત્મારામજી મહારાજના અનુયાયી બન્યા. ત્યારે રણજિતમલ્લ, ચંદનલાલજી નામના સાધુને લઈ મહારાજ પાસે ગયા. બંને વચ્ચે ખુલ્લા દિલે ચર્ચા થઈ. તેથી શ્રી ચંદનમલજી પણ સાચું સમજ્યા. પછી તે ચંદનમલજીએ પોતાના ગુરુ રૂડમલ્લજી પાસે જઈ પોતાના હૃદયપલટાની વાત કરી. ત્યારે શ્રી રૂડમલ્લજીએ કહ્યું કે, **'આત્મારામજીની બધી વાત બરાબર છે. અમને પણ શંકાઓ તો હતી જ. માત્ર અમે સમાધાન મેળવી શકતા ન હતા. આજે હવે તે બધાના સમાધાન મળે છે.'** તેથી તે બંને પણ પૂ. શ્રી આત્મારામજીના પક્ષમાં ભળી ગયા.

અમૃતસરથી જાલંધર થઈને વિ.સં. ૧૯૨૩નું ચોમાસું તેમણે હુંશીયારપુરમાં કર્યું. ચોમાસા બાદ ત્યાંથી વિહાર કરી દિલ્હી તરફ ગયા અને વિ.સં. ૧૯૨૪નું ચોમાસું બિનૌલીમાં કર્યું ત્યાં પણ ઘણા શ્રાવકોને શુદ્ધ શ્રદ્ધાળુ બનાવ્યા તથા 'શ્રી નવતત્ત્વ' નામનું પુસ્તક બનાવ્યું. વિ.સં. ૧૯૨૫નું ચૌમાસું બડૌતમાં કર્યું. બંને ચોમાસામાં તેમના અનુયાયીઓની સંખ્યા વધવાથી શ્રી પૂજ્ય અમરસિંઘજી અને તેમના શ્રાવકો વધુ ગિન્નાયા. તેમણે દિલ્હી, પંજાબ, મારવાડ આદિ અનેક સ્થળોએ જાહેરનામાના કાગળો રવાના કર્યા કે, **'જે કોઈ જિન પ્રતિમાને માને, પ્રતિમાની પૂજા કરવી તેવો ઉપદેશ આપે, મોં ઉપર મુહપત્તિ બાંધનારને વખોડે અને બાવીશ અભક્ષ્યની બાધા કરાવે તેનો આપણા સમુદાયમાંથી બહિષ્કાર કરવો.'** આમાં બધા મુખ્ય મુખ્ય સાધુઓએ મૂંગે મોંઢે સહી કરી આપી. તેમના ગુરુ શ્રી જીવણરામજીને પણ જેમ તેમ સમજાવી સહી કરાવી અને તે પછી જીવણરામજી, પન્નાલાલજી આદિ ચાર સાધુઓ પૂ. આત્મારામજી મહારાજ પાસે સહી કરાવવા કાંધલા ગામે ગયા.

પન્નાલાલજીએ કહ્યું, 'તમે આમાં સહી કરી આપો.' એમ કહી તેમણે પોતાના ગુરુ સામે જોયું.

**'અને હું સહી ન કરું તો'**

**'સહી ન કરો તો સમુદાયમાંથી બહાર નીકળવું પડશે.** 'તેમના ગુરુને બદલે **પન્નાલાલજીએ જવાબ આપ્યો.**

**'હું તમને નથી પૂછતો. હું મારા ગુરુના મુખે એમની સલાહ સાંભળવા માંગુ છું.'** મહારાજનો આ તાપ તેઓ સહન ન કરી શકયા. તેમનું મોં સિવાઈ ગયું.

તે પછી તેમના ગુરુએ તેમને બધી સાચી વાત પેટ છૂટ કરી. 'કાંઈ હરકત નહિ, આપ એ વિષે નિશ્ચિંત રહેજો. હું મારો માર્ગ કરી લઈશ.' આ પ્રમાણે પોતાના ગુરુને ધીરજ આપી. તેઓ ગુરુ સાથે દિલ્હી ગયા.

આ પત્રો બધે ફરી વળ્યા. દિલ્હીમાં તેના પડઘા પડી ગયા કે, **'આત્મારામજીની શ્રદ્ધા ઊઠી ગઈ છે. તે જિન પ્રતિમામાં માનતા થયા છે માટે એમની સંગત કોઈ કરશો મા.'** છતાં પણ તેઓ લેશપણ ડર્યા વિના કે નાશીપાસ થયા વિના પોતાના માર્ગે આગળ ચાલવા લાગ્યા. દિલ્હીમાં તેઓ વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું અઠ્ઠાવીસ (૨૮)મું અધ્યયન સટીક વાંચવા લાગ્યા. શ્રોતાઓ નવું જાણી આનંદ પામવા લાગ્યા અને જિજ્ઞાસુ સત્યના ખપી આત્માઓ સમજી ગયા કે આપણા કાનમાં ઝેર રેડાયું છે. **શ્રી આત્મારામજી શાસ્ત્રાનુસાર જ કથન કરે છે અને ઢુંઢકો-પોતાની મનકલ્પિત વાતો બતાવે છે.** શ્રી આત્મારામજી સાથે વાદ કરવાના મનસૂબા કરનારા પણ તેમની વિદ્વત્તા-પ્રતિભા આગળ કાંઈ જ નથી. આ રીતે તેમના પૂજ્ય શ્રી અમરસિંઘજીની આ ચાલ પણ નિષ્ફળ થઈ.

વાતાવરણ ઉકળાટભર્યું હતું. ત્યાંથી નીકળી તેઓ પોતાના ગુરુ સાથે અંબાલા તરફ વિહાર કરી ગયા.

**'આત્મારામ ! તારા જેવો વિનયી શિષ્ય કોઈ ભાગ્યશાળી ગુરુને જ મળે ! સામાન્ય માણસ પણ પોતાનું કર્તવ્ય ભૂલી જાય એવા ઉશ્કેરાયેલા સમય વાતાવરણમાં પણ તું મારા તરફ જે વિનય-બહુમાનથી વર્ત્યો છે તે જોઈને મને ઘણું લાગી આવે છે.'** આ પ્રમાણે તેમના ગુરુ જીવણલાલજીએ પોતાના હૈયાની વેદના એક દિવસ કહી, કારણ કે તેમની હાલત 'આ બાજુ નદી અને આ બાજુ વાઘ' તેમાં ફસાયેલા માણસ જેવી હતી.

'પૂ. ગુરુજી ! આપ હવે એ વાત બીલકુલ ભૂલી જાઓ. **હું જો નિર્દોષ અને પ્રભુમાર્ગનો અનુયાયી હોઈશ તો એ લોકો મને શું કરી શકવાના છે ? સત્ય શોધકોની વાણી કે લેખિનીને હજુ સુધી કોઈ રૂંધી શક્યું નથી કે રૂંધી શકવાનું પણ નથી. હું મારું સંભાળી લઈશ. આપ નિશ્ચિંત રહેજો.'** આ પ્રમાણે ખૂબ જ વિનમ્રભાવે મધુરસ્વરે પૂ. શ્રી આત્મારામજી મહારાજે કહ્યું.

વિ.સં. ૧૯૨૬નું ચોમાસું તેમણે માલેરકોટલામાં કર્યું અને ત્યાં તેઓએ પ્રગટપણે સન્માર્ગની પ્રરૂપણા કરવાનો પ્રારંભ કર્યો અને ઘણા લોકોને સન્માર્ગમાં સ્થિર કર્યા પછી અંબાલા, પતીયાલા, નાભા, લુધીયાના વગેરેમાં વિચરી ભાવિકોને સાચો સન્માર્ગ સમજાવી, શ્રાવકોને શ્રદ્ધાલુ બનાવ્યા. **વાણી અને લેખિનીનો ધોધ વરસાવી પંજાબમાં અનેક આત્માઓને શુદ્ધ માર્ગના અનુરાગી બનાવ્યા.** તેમને વિશ્નચંદજી અને હુકમીચંદજીનો પૂરો સાથ-સહકાર હતો. તેના પ્રતાપે તેમના પક્ષની વૃદ્ધિ પણ થવા લાગી.

વિ.સં. ૧૯૨૭નું ચોમાસું બીજીવાર બિનૌતીમાં કર્યું અને ચોમાસા બાદ જીરા ગામ તરફ વિહાર કર્યો. **અહીં તેમના નિખાલસ સરળ સ્વભાવને જણાવનારો એક સુંદર પ્રસંગ બન્યો.**

પૂ. આત્મારામજી મહારાજને કોઈ જ વ્યક્તિ પ્રત્યે લેશ પણ દ્વેષ નહોતો. ગમે તેવા કટ્ટર વિરોધીને પણ તેઓ વિવેક અને માનપૂર્વક જોતા. એકવાર તેઓશ્રી જગરાંવાથી જીરા જતા હતા અને તેમના સંપ્રદાયના પૂજ્યશ્રી અમરસિંઘજી જીરાથી જગરાંવા જતા હતા અને કિશનપુરા પાસે માર્ગમાં બંને ભેગા થયા. શ્રી અમરસિંઘજી તો પૂ. શ્રી આત્મારામજીને જોતા જ રોષ પામ્યા અને મહારાજનો પડછાયો પણ ન પડે તેવી ભાવનાથી બાજુ પર જઈને ઉભા રહ્યા. તેમના હૈયાનો રોષ તેમના મુખ પર પ્રગટ દેખાતો હતો. જ્યારે મહારાજને તો કોઈના પર પણ દ્વેષ કે રોષ ન હતો અને આ તો હજી પણ પોતાના પૂજ્ય

તો હતા જ. તેથી તેમના પ્રત્યે વિનય વિવેક બહુમાન રાખવું તેવી હૈયાની માન્યતા હતી. તેથી પૂજ્ય ભલે મોં ફેરવીને બાજુ પર ઉભા રહ્યા **તો પણ મહારાજ તો સીધા જ પૂજ્ય પાસે પહોંચી, વિનયપૂર્વક નીચે બેસાડીને કહ્યું કે, 'મારે આપને વંદના કરવી છે. આપ બિરાજો' અને વિધિપૂર્વક વંદના કરી સુખશાતા પૂછી.**

**વિનય વૈરીને પણ વશ કરે છે તે લોકોકિત અહીં સત્ય થઈ. પૂજ્ય તો તેમની આ ચેષ્ટાથી એવા આભા બની ગયા** કે તેમની સામે નજર પણ ન મેળવી શક્યા. મનમાં થતું હશે કે, 'આને કોઈ રીતે પહોંચાય નહિ.'

પછી મહારાજે વિનમ્રભાવે કહ્યું કે, **'પૂજ્ય ! મેં આપનું શું બગાડ્યું છે કે મારી પર શા સારું આટલો બધો નાહકનો ગુસ્સો રાખો છો ?'** તેમના આ વિવેકપૂર્વકના પ્રશ્નથી તેઓ સાવ જ મૌન થઈ ગયા અને પછી કહે કે, 'તું જ મને બધે વગોવે છે. તું જ બધે કહ્યા કરે છે કે અમરસિંઘે મારો બહિષ્કાર કર્યો છે. બતાવ, મે ક્યારે તારા આહાર કે વંદન બંધ કરાવ્યા છે.'

ત્યારે મહારાજે કહ્યું, 'મેં તો તમારા પોતાના શ્રાવકો મોહનલાલ અને છજ્જુમલ પાસેથી એ વાત સાંભળી છે. જો એ વાત સાચી હોય તો તમારે અને ખોટી હોય તો મોહનલાલ અને છજ્જુમલે એનું પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.' **આ પ્રત્યુત્તરથી પૂજ્ય નિરૂત્તર બન્યા અને બંને છૂટા પડ્યા.**

જીરામાં અમરસિંઘજી, આત્મારામજીનું વ્યાખ્યાન પણ ન સાંભળવું અને આદર-સત્કાર ન કરવો એમ કહીને ગયેલા પણ મહારાજનાં પગલાં થતાં જ બધા ભાવિકો ભાવવિભોર બન્યા અને સાચું સમજી સન્માર્ગના શ્રદ્ધાલુ બન્યા.

તેમની સાથે શાસ્ત્રચર્ચા કરવા કોઈ જ તૈયાર ન થયું. પ્રાથમિક શાસ્ત્રજ્ઞાનના અભાવે પણ કોણ તૈયાર થાય ? મહારાજનો જેમ ભક્તવર્ગ હતો તેમ વિરોધી વર્ગ પણ ઠીક ઠીક સંખ્યામાં હતો. વિરોધીઓએ તેમનું બગાડવામાં કોઈ પ્રયત્ન બાકી ન રાખ્યો. પણ તેમની એકપણ કારવાઈમાં ફાવ્યા નહિ. 'આત્મારામજી કી શ્રદ્ધા ભ્રષ્ટ હો ગઈ હૈ' વિરોધીઓના આ ખુલ્લા પ્રચાર સામે પૂ. શ્રી આત્મારામજી મહારાજે પણ નવો માર્ગ લીધો. તેમણે થોડા સીધા-સાદા પ્રશ્નો તૈયાર કર્યા અને શાસ્ત્રને અનુકૂળ તેના જવાબો ગમે ત્યાંથી મેળવવા શ્રાવકોને કહ્યું.

ચાર-પાંચ શ્રાવકો પતિયાલામાં જાણીતા એવા રામબક્ષજી નામના ઢુંઢક સાધુ પાસે ગયા. સીધા જવાબ તો ન મળ્યા. પણ તિરસ્કાર મલ્યો કે, 'તમારા જેવા અજ્ઞાનીઓ સાથે સવાલ-જવાબ કરવાની અમને ફુરસદ નથી. તમે બધા ધીમે ધીમે ધર્મ-શ્રદ્ધા-માર્ગ ભ્રષ્ટ બનતા જાવ છો.' અમે કહીએ તેમ કરવું હોય તો જ આ સંપ્રદાયમાં રહી શકશો, નહિ તો અહીંથી ચાલ્યા જાઓ.'

**શાસ્ત્રીય વિચારણા અને શાસનહિતના પ્રશ્નોમાં આવા જવાબો આપનારા આત્માઓ હરેક કાળમાં જોવા મળે. પણ શાસનાનુરાગી આત્માઓ આવા જિજ્ઞાસુ-ખપી આત્માઓને સમજાવ્યા જ કરે છે અને સન્માર્ગની શ્રદ્ધા પેદા કરવાનું કપરૂં કામ કોઈથી પણ ગભરાયા વિના મજેથી કરે છે.**

ત્યારે સ્થાનકવાસી સાધુઓ પણ શ્રી આચારાંગ જેવાં મૂળ સૂત્રો પણ ગમે તેમ વાંચતા અને મહારાજના પ્રશ્નોમાં એક પ્રશ્ન શાસ્ત્રોની ભાષા સંબંધી પણ હતો. તેથી અકળાયેલાં અને ઉકળી ઊઠેલા રામબક્ષજી સાધુ કહે કે, 'અમે જે શ્રી આચારાંગ વાંચીને સંભળાવીએ તે જ તમારે માનવું પડશે. તમારા સારું શું અમે નવું આવશ્યક બનાવવા બેસીએ ? ગરજ હોય તો રહો અને આવા ઝઘડા ઉભા કરવા હોય તો ખુશીથી ગમે ત્યાં ચાલ્યા જાઓ.'

શાસ્ત્રીય વિચારણાઓમાં, શાસ્ત્રીય વાતોને બાજુ મૂકી, 'અમે કહીએ તે જ સાચું' આવું માનનારા માનાકાંક્ષી આત્માઓમાં આવેશ ઉકળાટ સહજ હોય છે તો માર્ગસ્થ મતિવાળા આત્માઓ પણ ધીરજ અને કુનેહથી આવેશમાં આવ્યા વિના સન્માર્ગને સમજાવવામાં જરાપણ પાછી પાની કરતા નથી અને અંતે 'સત્યનો જ જય થાય છે' એ લોકોકિત પ્રમાણે ફાયદો ચોક્કસ થાય છે.

**આ યુક્તિથી અંતે ફાયદો-લાભ તો પૂ. આત્મારામજી મહારાજને થયો. જેઓ વિરોધી હતા. પણ સમજુ અને વિવેકી હતા. તેઓને પણ લાગ્યું કે, શ્રી આત્મારામજીનું કથન તો યથાર્થ છે, શાસ્ત્રીય વિચારણાઓમાં તેમને કોઈ જ પહોંચી શકે તેમ નથી.**

'હાર્યો જુગારી બમણું રમે' એ ન્યાયે અમરસિંઘજી પૂજ્યને લાગ્યું કે, આ રીતના આત્મારામજીનો બહિષ્કાર કરવાથી કામ નહિ સરે. તેથી તેમણે નવો દાવ એ ખેલ્યો કે, આત્મારામજીના ચુસ્ત અનુયાયી અને વફાદાર એવા **શ્રી વિશ્નચંદજી આદિને બોલાવીને પ્રતિજ્ઞા આપી કે, "અમે આત્મારામજી પાસે નહિ જઈએ."** તેમાં પૂ. આત્મારામજી મહારાજા જગરાંવા ગામમાં બિરાજમાન હતા ત્યાં જ આ વિશ્નચંદજી આદિ વિહાર કરીને આવી ચઢ્યા. પ્રતિજ્ઞાને લીધે મહારાજને મળવાની ઉત્કંઠા હોવા છતાં ન ગયા. **મહારાજને ખબર પડી તો તેઓ ખુદ સામે ચાલી મલવા ગયા અને કહે કે, "તમારે મને ન મળવું એવી તમારા ગુરુએ તમને મનાઈ કરી હશે. પણ મને એવી કોઈ મનાઈ નથી. એટલે હું તમને મળું એમાં તમારી પ્રતિજ્ઞા જળવાય છે અને આપણું કામ પણ થાય છે."** ભાવિની ઘણી વાતો કરી અને ધીરજ રાખવાથી કામ ફતેહ થાય છે, ઉતાવળ કરવાથી કાર્યસિદ્ધિ વિલંબમાં પડે છે કાં નિષ્ફળ પણ થાય છે.

વિ.સં. ૧૯૨૮નું ચોમાસું તેમણે લુધીયાનામાં કર્યું. ત્યાં તેમણે "પ્રમાણનયતત્ત્વાલોક" 'સ્યાદ્વાદમંજરી' આદિ જૈન તર્કશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તે ચોમાસા પછી પરિસ્થિતિ પલટાઈ. લુધીયાનામાં ધનૈયાલાલજી નામના સ્થાનકવાસી સાધુ હતા. જે પૂ. શ્રી મહારાજની પ્રતિભા-તેજથી ખૂબ જ બળતા. એકવાર તે વિરોધ કરવા મહારાજની વ્યાખ્યાન સભામાં ગયા અને મહારાજને સાંભળ્યા પછી તે ધનૈયાલાલજીએ પોતાના સાથીઓને પૂછયું કે, **"આમાં આત્મારામજી ખોટું શું કહે છે ? આપણા આ બધાં અનિષ્ટાચરણો કયા શાસ્ત્રથી સિદ્ધ થાય છે ?" તે પણ પછી તો મહારાજના ઉપાસક બની ગયા.**

અમરસિંઘજી પૂજ્યના ગઢના કાંગરા સમાન શિષ્યો સન્માર્ગના સાચા શ્રદ્ધાલુ બનવાથી તેઓએ હવે છેલ્લો જુગાર ખેલવાનું નક્કી કર્યું. પોતાની લાગવગ વાપરી સરકારની મદદ લઈ, **આત્મારામજી પર પોતાના શિષ્યોનું અપહરણ કરવાનો આરોપ ઓઢાડવા તૈયાર થયા.** સિંહનું સંતાન શિયાલીઆઓની લારીથી ક્યારેય ડરતું નથી. પણ **તુલશીરામ નામના શિષ્યની સમજાવટથી તે પ્રયોગ બંધ રહ્યો.** સાચને ક્યારેય આંચ આવતી જ નથી. તે લોકોક્તિ સાચી પડી.

## સ્થાનકવાસી સમુદાયમાંથી બહિષ્કાર :

પૂ. શ્રી આત્મારામજી મ. ચોમાસા બાદ લુધીયાનાથી હુંશિયારપુરા ગયા. આ બાજુ શ્રી વિશ્નચંદજી અને પૂજ્ય શ્રી અમરસિંઘજી વચ્ચે સંઘર્ષ પેદા થયો. એકવાર શ્રી વિશ્નચંદજીએ પોતાના પૂજ્યને કહ્યું કે, **"ગુરુજી ! આપણે ત્યાં જે ભ્રષ્ટાચારી અને શિથિલાચારીઓ છે, તેમને શા માટે પોષો છો ? તે બધાને પોષવા ન જોઈએ.'** આથી અકળાયેલા પૂજ્યે, પોતાનો બધો રોષ તેમના ઉપર કાઢ્યો અને તેમનો તિરસ્કાર, અપમાન કરતાં એવાં ભાવનું કહ્યું કે, **"તમને ન ગમતું હોય તો તમે જ જુદા જઈ શકો છો."** તેથી શ્રી વિશ્વનચંદજી આદિ ૧૨ સાધુઓ અમરસિંઘજીથી છૂટા પડીને પૂ. શ્રી આત્મારામજી મહારાજને હુંશિયારપૂરમાં મળ્યા. તે જ રીતના યોગરાજના ટોળાના પણ આઠ (૮) સાધુઓ છૂટા પડી તે બધા પણ પૂ. આત્મારામજી મહારાજને ત્યાં હુંશિયારપુરમાં મળ્યા ત્યારે પૂ. આત્મારામજી મહારાજે કહ્યું કે, "તમે ઉતાવળ કરી નાખી. જે થયું તે થયું. હજી અહીં રહો અને શ્રાવકોને પાકા શ્રદ્ધાલુ-માર્ગસ્થ બનાવો. આ રીતના તે વીશે (૨૦) સાધુઓ હવે ખુલ્લી રીતે પ્રચાર કરવા લાગ્યા.

તેથી ગભરાયેલા પૂજ્ય શ્રી અમરસિંઘે, પૂ. શ્રી આત્મારામજી મહારાજની વિરુદ્ધમાં છેલ્લો દાવ નાખતા, **ગામે ગામ કાગળો મોકલાવ્યા કે, "આત્મારામજીને કોઈએ માનવા નહિ કે આશ્રય પણ આપવો નહિ."** પરંતુ આ દાવની પણ ધારી અસર થઈ નહિ અને પૂ. શ્રી આત્મારામજી મ.ના પક્ષના આ વીશે સાધુઓ જુદા જુદા સ્થળે પોતાનો મત સમજાવવા નીકળી પડ્યા અને હુંશિયારપુર, નિકોદર, અમૃતસર, પટ્ટી, કસુર, વેરોવાળ, નારોવાળ, ઝુંડીયાળા, સંખતરા, પસરૂર, જંબુ, કુજરાંવાળા, જીરા, કોટલા, અંબાલા, લુધીયાના, લાહોર, રોપડ, જેજો, રામનગર, સરહિંદ આદિ ઘણા ગામોમાં ફરી, શ્રાવકોને સન્માર્ગ સમજાવી, પોતાના સન્માર્ગના સાચા અનુરાગી બનાવ્યા.

વિ.સં. ૧૯૨૯નું ચોમાસું પૂ. શ્રી આત્મારામજી મ. જીરામાં કર્યું અને સન્માર્ગની પ્રરૂપણા કરતા એવા તેઓએ લગભગ **૭૦૦૦ શ્રાવકોને ઢુંઢક મત છોડાવી શુદ્ધ ધર્મના શ્રદ્ધાલુ બનાવ્યા.** વિ.સં. ૧૯૩૦નું ચોમાસું અંબાલામાં અને ૧૯૩૧નું ચોમાસું હુંશિયારપુરમાં કર્યું. વિ.સં. ૧૯૨૦માં વવાયેલ સન્માર્ગનું બીજ હવે મોટા વૃક્ષરૂપે પરિણામ પામ્યું એ ચોમાસા બાદ બધા સાધુઓ લુધીયાનામાં એકત્ર થયા. **ત્યાં શ્રી વિશ્નચંદજી આદિ સોળ (૧૬) સાધુઓએ પૂ. શ્રી આત્મારામજી મહારાજાને વિજ્ઞપ્તિ કરી કે, "મહારાજ ! હવે આ શાસ્ત્રથી વિરુદ્ધ ઢુંઢકોના વેષમાં અમોને કયાં સુધી ફેરવશો ? શાસ્ત્રોક્ત ગુરુની પાસે જઈ શાસ્ત્રોક્ત યતિવેષને ધારણ કરાવો તથા શત્રુંજય, ગિરનારજી આદિ તીર્થોની યાત્રા કરાવી અમારો આ માનવજન્મ સફળ કરાવો."** પૂ. શ્રી આત્મારામજી મહારાજાને પણ આ વાત પસંદ પડી અને તે બધાએ ત્રણ નિર્ણય કર્યો કે,

(૧) જૈન પરંપરાના પ્રભાવક પ્રાચીન તીર્થોની યાત્રા કરવી.

(૨) ગુજરાતમાં જઈ જૈન પરંપરાના વિશુદ્ધ સુયોગ્ય મુનિને ગુરુ બનાવી, શાસ્ત્ર સંમત સાધુ વેષ ગ્રહણ કરવો અને,

(૩) ફરી પંજાબમાં આવી વિશુદ્ધ અને જૈન પરંપરાની સ્થાપના કરવી અને પંજાબને પણ મૂર્તિ મંદિરોથી મંડિત કરવું."

**સત્યની શોધ - ગુજરાત તરફ પ્રયાણ :**

આ નિર્ણય કરી, ગુજરાત તરફ આવવા નીકળ્યા. તો માર્ગમાં તેમના ગુરુ શ્રી જીવણરામજી મળ્યા અને કહે કે, **"આ ઉંમરે મને મૂકી જાય છે."** તો પૂજ્યશ્રીએ ખૂબ જ વિનમ્રભાવે કહ્યું કે, **"આપ આવો, તો અમારા માથા ઉપર છો. ગુરુ તરવા કર્યા છે, ડૂબવા નહિ."** તેમના ગુરુ તેથી નિરૂત્તર બન્યા અને કહ્યું કે, **"મારી શક્તિ નથી, તારું કલ્યાણ થાવ"** અને અમદાવાદ તરફ વિહાર કર્યો અને **હાંસી આવતા વિ.સં. ૧૯૩૨ના માગસર સુદ ૧૦ના મુહપત્તિ ઉતારી અર્થાત્ મુહપત્તિનો ત્યાગ કર્યો.** (જે મુહપત્તિ સ્થાનકવાસી વેષમાં મોઢે જ બાંધી રાખતા તે ઉતારી.) હાંસી, ભિયાણી, ડીડવાણા, મેડતા અને પાલીની યાત્રા કરી. **તો પાલીમાં અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ અને દલપતભાઈ વંદનાર્થે આવ્યા** અને અમદાવાદ પધારવા વિનંતી કરી. ત્યાંથી પૂજ્યશ્રી ગોડવાડની પંચતીર્થી રાણકપુર, વરકાણા, મૂછાળા મહાવીર, નાડોલ, નાડલાઈ, આબુ દેલવાડાની યાત્રા કરી અમદાવાદ નજીક આવ્યા.

તેઓ જ્યારે ગુજરાત તરફ આવવા નીકળ્યા ત્યારે ગુજરાતની હવા પલટાઈ. સંવિગ્ન સાધુઓ બહુ જ ઓછા હતા અને આમની નામના ઘણી જ મોટી હતી. બધા એમ જ સમજ્યા કે આ વાદ કરવા આવી રહ્યા છે તો આમની સાથે વાદ કોણ કરશે ? તેથી તે વખતે **શ્રી ઝવેરસાગરજી મહારાજા વિદ્વાન ગણાતા. તેથી તેમને પણ બોલાવેલા.** પણ પૂજ્યશ્રી તો **વાદ કરવા આવ્યા જ ન હતા અને સદ્‌ગુરુની શોધમાં આવી તેમનું જ શરણું સ્વીકારવા આવેલા. તેથી વાદનો પ્રશ્ન જ ન હતો.**

એમ કહેવાય છે કે ત્યારે પૂ. શ્રી **આત્મારામજી મહારાજાનું કરાયેલું સ્વાગત એ અમદાવાદ - રાજનગરનું પુણ્યસ્મરણ છે.** નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈ, શ્રી દલપતભાઈ ભગુભાઈની આગેવાની હેઠળ લગભગ ૩૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓ ૫ કિ.મી. દૂર તેમને સામે લેવા ગયેલા હતા.

પૂજ્યશ્રીના વ્યાખ્યાનોનો ધોધ વહેવા લાગ્યો. તેમાં એકવાર કહેલા પ્રેમાભાઈ શેઠના શબ્દો પરિચિતોને આજે પણ યાદ છે. **તેમણે પૂજ્યશ્રીને કહેલું કે, 'શું કરીએ મહારાજ ! જ્યારે દાંત હતા ત્યારે દાળીયા ન મલ્યા અને આજે જ્યારે દાળીયા મળ્યા ત્યારે ચાવવાને સારું જે દાંત જોઈએ તે રહ્યા નથી.' અર્થાત્ આપ જો વહેલા મળ્યા હોત તો શાસન પ્રભાવના માટે શક્ય ભોગ આપ્યો હોત !**

પૂ. મુ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજા કે જેઓ પૂર્વે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારે તેમનું પૂ. શ્રી બુટેરાયજી મ. એવું નામ હતું. જેઓ લુધિયાના પાસે દુલુવા ગાંવના રહીશ હતા અને સ્થાનકવાસી મતમાં સાધુ થયા અને આગમોનો અભ્યાસ કરવાથી સાચું સમજ્યા, પોતાનો મત ખોટો લાગ્યો અને તેથી અમદાવાદ આવી પૂ. શ્રી મણિવિજયજી દાદા પાસે સંવેગી દીક્ષાને અંગીકાર કરી અને તેમનું પૂ.મુ. શ્રી બુદ્ધિવિજયજી મ. એ પ્રમાણે નામ પાડવામાં આવ્યું. પૂ. શ્રી આત્મારામજી મહારાજાને પણ પૂ.મુ. શ્રી બુદ્ધિવિજયજી મ.નું શિષ્યપણું અંગીકાર કરવાની ભાવના થઈ.

## શ્રી સિદ્ધગિરિજીની યાત્રા અને કુમતમાં રહ્યાનો પશ્ચાત્તાપ :

સંવેગી દીક્ષા લેતા પહેલાં વિચાર કરેલો કે **શ્રી જિનમૂર્તિની બહુ નિંદા કરી છે માટે તીર્થયાત્રાએ જવું.** શ્રી સિદ્ધગિરિજી તીર્થની ઉપર જઈને યાત્રા કરી એવા આનંદિત બન્યા છે કે જે આનંદ વચનમાં પણ ઉતારવો શક્ય નથી. ભાવવિભોર બની **"અબ તો પાર ભયે હમ સાધો"** એ સ્તવનની જે કૃતિ કરી તે બોલતાં આજે પણ ભાવિકોને વચનાતીત આનંદની અનુભૂતિ થાય છે.

એ સ્તવનમાં પોતે કરેલી આત્મનિંદા ઉપરથી સમજી શકાય છે કે, એ મહાપુરુષને કેટલું દુઃખ અને પશ્ચાત્તાપ થયો છે ! એમણે અંતરના ઉદ્‌ગારો કાઢતાં કહ્યું છે કે ! **દૂર દેશાંતર મેં હમ ઉપના, કુગુરૂ કુપંથ જાલ હર્યો રે' હે ભગવાન !** અમે બહુ દૂર દેશમાં વસ્યા અને ત્યાં એવા કુસંસર્ગમાં ફસ્યા કે તારા ઘોર નિન્દક બન્યા. થઈ ગયેલું ખોટું જીવનભર એમને ખટક્યું છે અને સાચું નહિ કરવા બદલ કેટલો પારાવાર ખેદ અનુભવ્યો છે, એ એમના જીવનથી પરિચિતો માટે અજાણ્યું નથી.

પ્રભુની મૂર્તિની સામે પોતાના પાપોનો ઈકરાર કર્યો છે. પોતે કહ્યું છે કે, **"હું પાપી અને ધીઠ્ઠો છું, હે તારક ! મેં તારી ખૂબ નિંદા કરી છે, કુપંથમાં ફસ્યો હતો એટલે તને દેવાય તેટલી ગાળો દીધી છે,** પણ સદ્‌ભાગ્યે સત્સંગ થયો, તારું આગમ મળ્યું, ફળ્યું, કુપંથ ટળ્યો, અને હું અહીં આવી શક્યો અને તારું દર્શન પામ્યો ! માટે આજે મને ખાતરી થાય છે કે, **'અબ તો પાર ભયે હમ સાધો.' આ વચનો ક્યારે બોલાય ? આગમ રોમરોમ પરિણામે ત્યારે બોલાય !**

આ પ્રમાણે વર્ષોની પોતાની ભાવના સાકાર થવાથી તેમના હૈયામાં જે આનંદોદધિ ઉછળ્યો હશે તે અનંતજ્ઞાનીઓ જ જાણી શકે ! **ભવનિસ્તારક યાત્રા કરી અમદાવાદ આવ્યા અને વિ.સં. ૧૯૩૨માં પૂ.મુ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજ પાસે સંવેગી દીક્ષાનો સ્વીકાર કર્યો અને તેમનું પૂ. મુનિરાજ શ્રી આનંદવિજયજી મહારાજ એવું નામ પાડવામાં આવ્યું. છતાં પણ પૂ. શ્રી આત્મારામજી મહારાજાના નામે જ વધુ વિશ્વ-વિખ્યાતિને વર્યા.**

આ એ જ પૂ. શ્રી બુટેરાયજી મ. હતા કે જેમને પૂ. શ્રી આત્મારામજી મહારાજાએ મૂર્તિપૂજાના વાદમાં હરાવેલા તે વખતે શ્રી બુટેરાયજી મહારાજએ ભાવિ ભાખેલ કે, **'ચર્ચામાં તને પહોંચી શકતો નથી. પણ એક દિવસ તારે પણ મૂર્તિ માનવી જ પડશે.'**

તેથી જ્યારે પૂ. શ્રી આત્મારામજી મહારાજે તેમની પાસે શિષ્યપણું સ્વીકાર્યું ત્યારે કેટલાક સ્થાનકવાસી સાધુઓએ તેમને પત્ર લખી જણાવ્યું કે, **'જેનેં હરાવેલા તેના જ શિષ્ય થયા.' તો તેના જવાબમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજે જણાવેલ કે, 'આ તો અમારા ગુરુ-શિષ્યની વાત છે આમાં કોઈએ વચ્ચે આવવું નહિ.'**

માથે પાઘડી, આંગળીએ વિંટી અને ગૃહસ્થ વેશમાં પાટ ઉપર બેસી શાંતિસાગર 'આજે શાસ્ત્રાધારે કોઈ જ સાચો સાધુ નથી' એવી ઉન્માર્ગની પ્રરૂપણા કરતો હતો. **તે શાંતિસાગરને અમદાવાદમાં ચર્ચાઓ કરી નિરુત્તર કરી પોતે વિજય પ્રાપ્ત કર્યો હતો.**

યતિઓનું જોર ઘટી તો ગયેલું છતાં પણ સાવ જ નાશ નહોતું થયું. તેથી તેઓના પંજામાંથી લોકોને બચાવવા પૂ. આત્મારામજી મહારાજ કહેતા કે,

**'यदि तुम अपने आत्माका कल्याण करना चाहते हो तो सच्चे त्यागी-वैरागी और चारित्र संपन्न साधुओ के पास जाओ, उनके प्रवचन सुनो उनकी सेवा और भक्ति करो । इसीसे तुम्हारा कल्याण होगा। इन चारित्रभ्रष्ठ यतियों के यंत्र, मंत्र-तंत्र, दोरा-धागों से तुम्हारा कोइ कल्याण होनेवाला नहीं है ।'**

આ પ્રમાણે સદ્દુપદેશ દાનથી યતિઓની સત્તાને નિર્મૂલપ્રાયઃ કરી નાખી.

બે-ત્રણ વર્ષ ગુજરાતમાં વિચરી પછી પંજાબ ગયા અને ત્યાં આઠ-નવ વર્ષ વિચરી પછી અમદાવાદ આવ્યા.

પછી અમદાવાદથી સુરત ચાતુર્માસ કર્યું. ત્યાં હુકમમુનિને શાસ્ત્રીય ચર્ચામાં હરાવ્યાં. તે પ્રસંગ આ પ્રમાણે બનેલો હતો.

પૂ.આ.શ્રી આત્મારામજી મહારાજાએ સુરતમાં ચોમાસુ કર્યું. તે વખેત ત્યાં એક **હુકમમુનિ** નામના સાધુએ **'અધ્યાત્મસાર'** નામનો ગ્રંથ બનાવી પ્રસિદ્ધ કર્યો. **જેમાં શાસ્ત્ર વિરુદ્ધ પ્રતિપાદન કરવામાં આવ્યું હતું.** તે વાંચી ઘણા શ્રાવકોના મન પણ ડોલાયમાન થયા અને માર્ગથી વિપરીત થવા લાગ્યા. તે વખતે પૂ. આત્મારામજી મહારાજે તે અધ્યાત્મસાર ગ્રંથમાંથી ચૌદ પ્રશ્નો કાઢ્યા અને હુકમમુનિને મોકલાવ્યા. પણ હુકમમુનિ તરફથી જરાપણ સંતોષકારક જવાબ મલ્યો નહિ. તેથી સુરતના શ્રીસંઘે તે ચૌદ પ્રશ્નો અને પૂ. આત્મારામજી મહારાજે તૈયાર કરેલા તેના ઉત્તરો 'ધી જૈન એસોસિએશન ઓફ ઇન્ડિયા' ઉપર મોકલી આપ્યા તથા વિદ્વાન એવા પૂ. મુનિ મહારાજો ઉપર નિર્ણય કરાવવા મોકલી આપ્યા. તે બધાએ નિષ્પક્ષ રીતે પોતાનો મત જાહેર કર્યો કે, **'હુકમમુનિના બનાવેલ અધ્યાત્મસારમાંથી જે ચૌદ પ્રશ્નો પૂ. આત્મારામજી મહારાજે શોધી કાઢ્યા છે. તે જૈનધર્મથી વિરુદ્ધ અને સંશયથી ભરપુર છે તથા તેમણે (પૂ. આત્મારામજી મહારાજે) આપેલા ઉત્તર શાસ્ત્રાનુસાર છે.'**

પંડિતો તથા પૂ. મુનિ મહારાજોના આવેલા અભિપ્રાય **'જૈન એસોસિએશન ઓફ ઇન્ડિયા'** એ પોતાની સુરત બ્રાંચ સભામાં સર્વસંઘને એકત્ર કરી વિ.સં. ૧૯૪૨ માગશર સુદ ૧૪ના દિવસે વાંચી સંભળાવ્યા અને સભામાં આવેલા હુકમમુનિના અનુયાયી વર્ગને ખબર આપી કે, **'સર્વ પંડિતોના મત પ્રમાણે હુકમમુનિનો બનાવેલ 'અધ્યાત્મસાર' ગ્રંથ અમાન્ય કર્યો છે. જેથી અમે પણ તે ગ્રંથને જૈનશાસ્ત્રથી વિરુદ્ધ માની હુકમમુનિને ખબર આપીએ છીએ કે તેમણે પોતાના ગ્રંથમાંથી અસત્ય લખાણનો સુધારો કરવો અથવા તે લખાણ પાછું ખેંચી લેવું. જ્યાં સુધી એ બેમાંથી એકપણ બાબત તેઓ કરશે નહિ ત્યાં સુધી અમે તે ગ્રંથને પ્રામાણિક માનીશું નહિ.'**

આ પ્રમાણે પૂ. આત્મારામજી મહારાજાએ હુકમમુનિથી વ્યુદ્ગ્રાહિત બનતા ધર્માત્માઓને સન્માર્ગ સમજાવી, સન્માર્ગમાં સ્થિર કર્યા હતા !

વિ.સં. ૧૯૩૪માં પૂ. આત્મારામજી મહારાજે જોધપુરમાં ચોમાસું કરેલું. ત્યારે ત્યાં રહેલા પાંત્રીશ (૩૫) ઢુંઢક સાધુઓએ પૂ. શ્રી આત્મારામજી મહારાજાની સાથે ચર્ચા કરવાની તૈયારી બતાવી અને

પૂજ્યશ્રીએ પણ ચર્ચા કરવાની સંમતિ ખુશીથી આપી. જોધપુરના દિવાન મહેતા વિજયસિંહને પંડિત મંડળી સહિત મધ્યસ્થ નીમ્યા. **પરંતુ ચર્ચા કરવાના આગલે દિવસે ઢુંઢક સાધુઓ ત્યાંથી પલાયન થઈ ગયા. તેથી બધા સમજ્યા કે સાચા કોણ છે અને ખોટા કોણ છે ?**

શ્રી દયાનંદ સરસ્વતીએ 'સત્યાર્થ પ્રકાશ'માં જૈનધર્મ વિરુદ્ધ ઘણી વાતો કરેલ. તેના ખંડન-પ્રતિકારરૂપે પૂજ્યશ્રીએ **'અજ્ઞાન તિમિર ભાસ્કર'** નામનો ગ્રંથ બનાવ્યો હતો.

ગુજરાતી ઇસાઇએ જૈન ધર્મ વિરુદ્ધ 'જૈન ધર્મ સમીક્ષા' નામનું પુસ્તક લખેલ અને પૂજ્યશ્રીએ તેના પ્રતિકારરૂપે **'ઇસાઈ મત સમીક્ષા'** પુસ્તક લખેલ.

સ્થાનકવાસી સાધુ જેઠમલે 'સમકિતસાર' પુસ્તક લખેલ. જેમાં મૂર્તિપૂજા, આગમ સંમત સિદ્ધાન્તોને ખોટો ઠરાવવાનો પ્રયત્ન કરેલ. તેની સામે પૂજ્યશ્રીએ **'સમ્યક્ત્વ શલ્યોદ્ધાર'** પુસ્તક લખી શ્રીસંઘને સન્માર્ગનું સાચું જ્ઞાન કરાવેલ.

આ રીતના કુમતોનો સામનો કરવામાં જ પોતાનું જીવન પસાર કર્યું અને **'જૈન તત્ત્વાદર્શ' 'ચિકાગો પ્રશ્નોત્તર' 'જૈન પ્રશ્નોત્તર' 'તત્ત્વનિર્ણય પ્રાસાદ'** આદિ ભવ્ય કૃતિઓને ભાવી પેઢી માટે બનાવી. જે ઉપકાર કર્યો તે ભૂલાય તેમ નથી. તે જ રીતના 'સ્નાત્રપૂજા' 'વીશસ્થાનક પૂજા' 'આત્મબાવની' 'સત્તરભેદી પૂજા' 'ચોવીશી' આદિ બનાવી પોતાની કવિત્વ શક્તિનો પણ પરિચય કરાવ્યો.

જોધપુરના દિવાનના પ્રયત્નોથી તેમના સમકાલીન સ્વામી દયાનંદ સરસ્વતીને રૂબરૂ મલવાની વિનંતીનો પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો અને વિહાર કરી તેઓશ્રી જોધપુર આવવા નીકળ્યા. દયાનંદ સરસ્વતીએ વિચાર્યું કે આમને વિહાર કરીને આવતા વાર લાગશે તો હું જયપુર જઈને પાછો આવી જઈશ અને યોગાનુયોગ બન્યું એવું કે જે દિવસે **પૂજ્યશ્રીએ જોધપુરમાં પ્રવેશ કર્યો તે જ દિવસે જયપુરમાં દયાનંદ સરસ્વતી સ્વર્ગવાસી થયા.** જો તે બંનેનું મિલન થયું હોત તો જરૂર કાંઈ તત્ત્વ જાણવા મલત ! પણ ભાવિભાવ. ભાવિ અન્યથા થતું નથી આનું નામ !

ત્યારે **જોધપુરના શ્રીસંઘે** પૂજ્યશ્રીની અજોડ તર્કશક્તિ નિહાળી તેમને **'ન્યાયાંભોનિધિ'** પદ આપ્યું. તેમણે જાતે લીધું ન હતું. પણ તેમની અનુપમ વિદ્વત્તા ગુણગરિમાથી આનંદિત થયેલા શ્રીસંઘે આપેલ. આ વાત આજના તેમના વારસદારોએ ખાસ જ વિચારવા જેવી છે.

વિ.સં. ૧૯૪૩માં વડોદરામાં શ્રી શત્રુંજયતીર્થ સંબંધી ઘણી મુદતની તકરારનો ફેંસલો આપણી તરફેણના ખુશખબર મલવાથી, શ્રાવકોની ભાવનાથી પાલીતાણામાં ચોમાસું કરવાનો નિર્ણય કર્યો. ત્યાં ચોમાસામાં પાંચસો (૫૦૦) શ્રાવકો ચોમાસું કરવા રહ્યા હતા. તેમાં મુખ્ય કલકત્તા નિવાસી બાબુજી રાયબહાદુર બદ્રીદાસજી, ભરૂચ નિવાસી શેઠ અનુપચંદ મલુકચંદ, ખંભાત નિવાસી શેઠ પોપટલાલ અમરચંદ, ધુલિયા નિવાસી સખારામ દુર્લભદાસ, સુરત નિવાસી કલ્યાણભાઈ સંકરદાસ, વડોદરા નિવાસી ગોકુલભાઈ ઝવેરી આદિ હતા. વિ.સં. ૧૯૪૩ના પાલીતાણાના આ ચોમાસામાં પૂ. આત્મારામજી મહારાજે વ્યાખ્યાનમાં સટીક શ્રી ભગવતીજી સૂત્ર તથા સટીક શ્રી ઉપદેશ પદ ગ્રંથનું વાંચન કર્યું હતું.

## આચાર્ય પદવી :

૨૬૦ વર્ષ સુધી શ્રીસંઘ ઉપર યતિઓનું પ્રભુત્વ હતું. તે પછી શ્રીસંઘે પૂ. આત્મરામજી મહારાજને જૈન શાસનના 'રાજા' સમાન પંચપરમેષ્ઠિમંત્રના તૃતીયપદ શ્રી આચાર્યપદ ઉપર આરૂઢ કરવાનો શુભ નિર્ણય કર્યો. **ત્યારે યતિઓએ જબરજસ્ત વિરોધ કર્યો.** પાલીતાણામાં શ્રી નરશી કેશવજીની ધર્મશાળામાં યતિઓના વિરોધને અવગણીને પદ સમારોહ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે વખતે ઉપરોક્ત જૈન શ્રેષ્ઠિઓ સહિત ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, પંજાબ, માલવા આદિ અનેક પ્રદેશના ૩૫૦૦૦ માણસો ભેગા થયા હતા અને આ મહોત્સવને માણી જીવનને કૃતાર્થ કર્યું હતું.

વિ.સં. ૧૯૪૩નાં કારતક વદ ૫નો એ દિવસ ધાર્મિક અભ્યુદયના ઉત્કર્ષને બતાવનારો બન્યો. તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની શીતલ છાયામાં જ્ઞાનધર્મની ઉન્નતિ કરનારો, શ્રી વીરશાસનના અનુપમ પ્રતાપને પ્રગટ કરનારો સુવર્ણ દિવસ એ હતો કે જે સુવર્ણદિને ભારતભરમાં શ્રી જૈનધર્મની વિજયપતાકાને ફરકાવનાર, અનેક પરવાદીઓના વિદ્યામદનું મર્દન કરનારા, શ્રી જિનવાણીના પરમતત્ત્વરૂપ દિવ્ય સત્યને શોધનારા, સાત્ત્વિક શિરોમણિ, પંજાબ દેશોદ્ધારક, ન્યાયાંભોનિધિ પૂ. મુનિ શ્રી આનંદવિજયજી (પૂ.શ્રી આત્મારામજી) મહારાજની અનુપમ વિદ્વત્તા, અજોડ દેશના શક્તિ, પુણ્યવંતી પ્રભાવકતા શાસનરક્ષાદિ વરેણ્ય ગુણોથી આકર્ષાઈ **ભારતભરના શ્રીસંઘે, તેઓ શ્રીમદ્‌ને સૂરિપદ આપ્યું.** ત્યારથી તેઓ જૈન જગતમાં **પૂ. આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના નામથી ઓળખાયા.** પૂ. આત્મારામજી મહારાજાને આચાર્ય પદવી આપવા દ્વારા તેઓશ્રીમદ્‌નું ગૌરવ વધાર્યું તેમ કહેવું તેના કરતાં શ્રીસંઘે એક સમર્થ યુગપ્રભાવક પુણ્યપુરુષને સૂરિપદના સિંહાસને સ્થાપી જૈનશાસનનું ગૌરવ વધાર્યું એમ કહેવું ઘણું જ ન્યાયી ઉચિત છે.

આચાર્ય બન્યા પછી પૂ. આત્મારામજી મહારાજા ભાવનગર ગયા અને **પૂજ્ય મૂલચંદજી મહારાજા વડીલ હોવાથી તેમને વંદન પણ કર્યું.** પૂજ્ય મૂલચંદજી મહારાજા આનાકાની કરતા રહ્યા અને તેઓએ વંદન કર્યું અને **જ્યારે પૂજ્ય મૂલચંદજી મહારાજે કહ્યું કે, 'તમે તો હવે આચાર્ય છો. વંદન ન કરવું જોઈએ.'** ત્યારે પૂ. આત્મારામજી મહારાજાએ કહ્યું કે - **'मैं श्रावकोंका आचार्य हूं !'** આ પ્રસંગ તેમની નમ્રતા લઘુતા, વિનયશીલતાને જણાવે છે. આના પરથી પદસ્થ અને પર્યાયસ્થવિરોની વચ્ચે પરસ્પર કેવો ભ્રાતૃપ્રેમ, સૌજન્ય, સદ્‌ભાવ હોય તેનું દિગ્દર્શન મળે છે. આટલા પ્રૌઢ પ્રતાપી છતાંય કેવા નિખાલસ...! કેવા નિરભિમાની ! હૈયામાં પરિણામ પામેલું શાસન અને સમ્યગ્જ્ઞાન આત્માને કેવી ઉત્તમ દશાને પમાડે છે. તેનો આ પ્રસંગ આપણા સૌને માટે બોધપાઠ આપનારો છે.

વિ.સં. ૧૯૪૪નું ચોમાસું રાધનપુર કરી પછી તેઓ અમદાવાદ પધાર્યા. તે વખતે તેમને અસહ્ય એવો નેત્ર રોગ થયો અને મજેથી સહન કર્યો. ત્રિભુવનદાસ નામના વૈદ્યે વિવિધ ઔષધોથી તે રોગ દૂર કર્યો. પણ પૂજ્યશ્રીની આવી ધીરતા અને અપૂર્વ સહન શક્તિથી તે વૈદ્ય પણ ઘણા જ પ્રભાવિત બનેલા અને ભદ્રિક પરિણામી થયેલા.

તે પછી તેઓ મહેસાણામાં ચાતુર્માસ હતા ત્યારે **યુરોપવાસી હોર્નલ નામના ડૉક્ટરે જૈનધર્મ સંબંધી જે જે પ્રશ્નો પૂછેલા તે બધાના સંતોષકારક ઉત્તર પૂજ્યશ્રીએ આપ્યા. તેઓએ પણ પૂજ્યશ્રીના જ્ઞાનની ઘણી જ પ્રશંસા કરી. હૈયામાં સદ્ધર્મનાં બીજ પામી ગયા અને આ જન્મને જાણે કૃતાર્થ ન કર્યો હોય તેમ આનંદિત થઈ ગયા.**

પૂજ્યશ્રી વિ.સં. ૧૯૪૬માં જોધપુરમાં ચોમાસું હતા ત્યારે અંગ્રેજ સરકારે ઈચ્છાપૂર્વક બહુમાન કરી પૂજ્યશ્રીને ઋગ્વેદ આદિ વેદોના પુસ્તક ભેટ આપ્યા હતા.

પૂ. આત્મારામજી મહારાજે જ્યારે સ્થાનકવાસી મતનો ત્યાગ કરી, સંવેગી મતનો સ્વીકાર કરેલ ત્યારે **ત્રણ પ્રતિજ્ઞા કરેલ. તેમાંની ત્રીજી પ્રતિજ્ઞા પંજાબનો પુનરુદ્ધાર કરવાની હતી. તદ્નુસાર પંજાબને શ્રી જિનમંદિર અને શ્રી જિનમૂર્તિથી ભૂષિત કર્યું.** ઠેકાણે ઠેકાણે શ્રી જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું. શ્રી જિનમૂર્તિઓની અંજનશલાકા કરાવી. પ્રતિષ્ઠાઓ પણ કરાવી અને ગ્રહણ કરેલ પ્રતિજ્ઞાનું યથાર્થ પાલન કર્યું.

તેઓશ્રીજીની સર્વતોમુખી પ્રતિભા અને અપૂર્વ વિદ્વત્તા દેશ-વિદેશમાં ફેલાયેલી. માત્ર જૈનમતના જ અનુયાયીઓ નહિ પણ દરેકે દરેક મતના અનુયાયીઓ, ચાહે તે બ્રાહ્મણ હોય, ઇસાઈ હોય, મુસલમાન હોય કે હિન્દુ હોય તે બધા જ તેમની પાસે આવતા અને પોતાની શંકાઓનું સંતોષકારક સમાધાન મેળવી જતા. તેમની કુશાગ્ર બુદ્ધિ, હાજરજવાબીપણું, વસ્તુતત્ત્વના પરમાર્થને ગ્રહણ કરનારી નિર્મલમતિ, તર્કશક્તિ આદિથી ભલભલા દિગ્ગજ પંડિતોના માથા પણ ડોલી ઉઠ્યા. દરેકે દરેક દર્શનોનું જ્ઞાન એવું વિશાળ અને અગાધ હતું કે બધા જ આફરીન થઈ જતા. **તેથી જ અમેરિકાના ચિકાગો શહેરમાં ભરાયેલ સર્વધર્મ પરિષદમાં હાજર રહેવા પૂજ્યશ્રીને સાદર ભાવભર્યું આમંત્રણ અપાયું હતું. પણ સાધુ મર્યાદાના જાણ એવા પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર ન કર્યો અને શ્રીસંઘે વીરચંદ રાઘવજીને પ્રતિનિધિ તરીકે મોકલવાનો નિર્ણય કર્યો અને તેઓએ પણ પૂજ્યશ્રી પાસેથી સમજ મેળવી અને પૂજ્યશ્રીએ જૈન ધર્મની ઈશ્વર સંબંધી માન્યતાનો એક મહાનિબંધ તૈયાર કરી આપ્યો જે 'ચિકાગો પ્રશ્નોત્તરી' પુસ્તક રૂપે પ્રગટ થયેલ છે.** તેથી તે પરિષદે પણ પૂજ્યશ્રીને પ્રશંસાના પુષ્પોથી વધાવ્યા તે એક અવિસ્મરણીય ઇતિહાસ બની ગયો. આવી પ્રતિભા અને આવું માનપાન મલવાથી શાસનની જે જાહોજલાલી થઈ હશે તે તો નજરે જોનારા જ કહી શકે !

વિ.સં. ૧૯૫૨ના વૈશાખ મહિને સનખતરામાં એક સાથે ૫૦૦ જિનબિંબોની અંજનશલાકા પૂજ્યશ્રીના હસ્તે થઈ તેમજ ત્યાં પ્રતિષ્ઠા કરાવી ગુજરાનવાલા જવા વિહાર કરેલ ત્યારે ગુજરાનવાલાના શ્રાવકો વિનંતિ કરવા આવેલ તો મહારાજે જવાબ આપેલ કે, 'ભાઈ ! ક્યોં ચિંતા કરતે હો ! અંત મે હમને બાબાજી કે ક્ષેત્ર ગુજરાનવાલે મેં બૈઠના હૈ !' જાણે પોતાના અંતિમ સમયને જાણી ન ગયા હોય તેવા આ શબ્દો હતા. વિહારમાં **પશરૂર ગામમાં ખાટી છાશ વાપરેલ. બે-ત્રણ ગામ પછી વડાલા ગામમાં રાત્રિમાં એકદમ દમ ચઢ્યો. માંડ માંડ વિહાર કરી ગુજરાનવાલા ગામ પધાર્યા.** સોળ સોળ વર્ષો બાદ તેઓ શ્રી ગુજરાનવાલા પધારતા હોવાથી તેમનું ભવ્ય સ્વાગત કરાયું અને કોઈ દવાની વાત કરે તો પૂજ્યશ્રી કહેતા

કે, 'આવા નજીવા રોગમાં દવાનો ઉપયોગ શા માટે કરવો ?' યથાર્થપણે આત્મા અને શરીરનું ભેદજ્ઞાન થઈ જાય તે આત્માઓને શરીરના રોગ કરતાં આત્માની જ ચિંતા વધારે હોય છે. મહાપુરુષો 'દેહે દુઃખં મહાસુખમ્' એ જ શાસ્ત્રવચનને હંમેશાં પોતાની આંખ સમક્ષ રાખે છે. તેથી પીડા એ પીડા નથી લાગતી. પણ કર્મ ક્ષયમાં સહાયક લાગે છે.

વિ.સં. ૧૯૫૨ના જેઠ સુદી-૭ને મંગળવારના સાંજે તેઓએ સાંજનું પ્રતિક્રમણ કર્યું. જિજ્ઞાસુઓને સંતોષ્યા, અનુકૂળતાએ બીજીવાર આવી જિજ્ઞાસાને સંતોષી શકો છો. આમ કહી નિત્ય નિયમ મુજબ સંથારા પૌરિષી ભણાવી સંથારો કર્યો. રોગ સામાન્ય હતો.

મધ્યરાત્રિએ નિદ્રા ઊંડી ગઈ. દમનું જોર વધ્યું. સ્થંડિલ જઈને આવ્યા. સહવર્તિઓને જગાડયા અને સ્વમુખે સ્વયં **'અર્હન્, અર્હન્, અર્હન્'** એમ ત્રણવાર બોલ્યા અને **'લો ભાઈ ! અબ હમ ચલતે હૈ, સબ કો ખમાતે હૈ'** એમ છેલ્લું વાક્ય પૂરું કરી જેઠ સુદ ૭ની મધ્ય રાત્રિએ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ભારતભરમાં સમાચાર ફેલાઈ ગયા, સર્વત્ર હાહાકાર મચ્યો, અંધારપટ ફેલાયો.

જે. સુ. ૭ને મંગળવારની રાત્રિ એ જૈનશાસનને માટે ગોઝારી કાળરાત્રિ બની. કેમ કે, તે રાત્રિએ આ જૈન જગતનાં દેદીપ્યમાન ભવ્યજ્યોતિને પ્રગટ કરી, સર્વ સામાન્ય પ્રજાના અજ્ઞાન તિમિરને દૂર કરનારો, પોતાની ભવ્ય પ્રતિમાનો પ્રાસાદ આપી, ભારતભરની જૈન જનતાના અભ્યુદયને વધારનારો, ચારિત્રરત્નની નિર્મલતા કરી તેના ચળકાટને ચમકાવનારો એવો આ ભૂમંડલનો એક મહાન આત્મા આ પૃથ્વીતલ ઉપરથી સદાને માટે અદૃશ્ય થઈ ગયો. ભારતવર્ષરૂપી ગહનગુફામાંથી ગર્જના કરી, કુમતરૂપી મતંગજોને નસાડતો પરાક્રમી પંડિત કેસરી પરલોકવાસી બન્યો. ભારતની ભૂમંડલની ભવ્ય જ્યોતિ વિલીન થઈ ગઈ. ભારતરૂપી ગગનમાંથી પ્રકાશમાન જ્ઞાનરૂપી સૂર્ય અસ્ત પામ્યો. સર્વત્ર નિસ્તેજતા વ્યાપી ગઈ. તેમની અદ્ભુત ઉપદેશશક્તિ, ચમત્કારી વાદ શક્તિ, અજબની કુનેહ, અનુપમ આત્મવિશ્વાસ, ધીરજ સંઘર્ષોમાં પણ મેરૂ સમ અડગતા-અણનમતા, દૃઢ મનોબલ, અધ્યાપન ચતુરતા, અલૌકિક લેખન શક્તિ, શુદ્ધ સંયમપાલન, અપ્રમત્તતા, વિદ્વત્તા આદિ ગુણોને યાદ કરી. જૈન-જૈનેતર પ્રજાના નયનોમાંથી અનરાધાર અશ્રુપાત થવા લાગ્યો. કોણ કોને આશ્વાસન આપે એવી પરિસ્થિતિ સર્જાઈ !

તેમના અંતિમ દર્શનાર્થે વચનાતીત માનવમહેરામણ ઉમટ્યો. ભારત - પંજાબભરમાંથી ભાવિકો આવવા લાગ્યા. તેમની મુખકમલની દિવ્ય આભા જોઈ સૌના હૈયામાં થતું કે, 'ધ્યાનસ્થ યોગીરાજ સમાધિમાં લીન થયા છે.' હમણાં આંખો ઉઘાડશે અને સંતપ્ત એવાં આપણાં સૌનાં હૈયાને સાંત્વન આપશે, કરુણા સભર નયને નીહાળશે !

કેટલાક વિરોધીઓએ આ અતિ નાજુક અને શોકમય સ્થિતિનો ખોટો લાભ લેવા કેટલીક પેરવીઓ કરી જોઈ. એમણે સરકારી સત્તાવાળાઓને તાર કરી એવી ખોટી બાતમી પહોંચાડી કે, **"આત્મારામજીનો સ્વર્ગવાસ એ સ્વભાવિક મૃત્યુ નથી. પણ કોઈએ ઝેર દીધું હોવું જોઈએ.** એની તપાસ થયા પછી જ અંતિમ સંસ્કાર કરવાની રજા આપવી." પરંતુ વિરોધીઓનો એ છેલ્લો દાવ પણ નિષ્ફળ નીવડ્યો.

## પુણ્યનો ચમત્કાર :

પૂજ્યશ્રીના સંયમનો પ્રભાવ અજબ હતો. વિરોધીઓના દુર્ભાગ્યે અને શાસનના સદ્‌ભાગ્યે એ જ દિવસે સવારે તે અધિકારી-અમલદાર બહાર ગયેલો હોવાથી તાર પડ્યો રહ્યો. વિરોધીઓ અમલદારને આવવાની રાહ જોતા હતા. પરંતુ તે આવ્યો નહિ અને સમયસર અગ્નિ સંસ્કાર વગેરે કાર્ય નિર્વિઘ્ને પતી ગયું.

ત્યાર બાદ પોલીસ અધિકારી આવ્યો તેમણે રાખને લઈને કહ્યું કે, આ રાખને હમણાં રાખી મૂકો. બીજે દિવસે તે રાખનું ટેસ્ટીંગ કર્યું. કંઈ મળ્યું નહિ. તેથી રાખ પાછી આપી. પછી તે પવિત્ર ભસ્મ ગામો ગામ ફરી અને દોઢસો સ્થળોએ તેના (રાખના) વરઘોડા નીકળ્યા. તેમજ ઉત્સવ ઉજવાયા. બધા વિરોધીઓના મોઢા શ્યામ થઈ ગયા. જેમનું શબ વિરોધીઓ ચૂંથવા માગતા હતા, તેમની રાખ હજારોના કપાળે ચઢી. **જૈન શાસનનો જય જયકાર થયો.**

## પૂજ્ય આત્મરામજી મહારાજ પ્રત્યે જૈનેતર વિદ્વાનના હૈયાના ઉદ્‌ગારો :

પૂજ્ય શ્રી લિખિત 'જૈન તત્ત્વાદર્શ' અને 'અજ્ઞાન તિમિર ભાસ્કર' બે પુસ્તક વાંચવાથી હિન્દુ સંન્યાસી યોગી જીવાનંદ સરસ્વતી એટલા બધા પ્રભાવિત થયેલ કે તેઓએ પૂ.શ્રી આત્મારામજી મ.ને એક પત્ર લખેલ. જેનો ઉલ્લેખ પૂજ્યશ્રીએ સ્વકૃત 'તત્ત્વ નિર્ણય પ્રાસાદ' ગ્રંથમાં કરેલ છે. તે વાચક વર્ગે ત્યાંથી વાંચી લેવો.

## પૂજ્યશ્રીના જીવનમાં બનેલા પ્રસંગો :

(૧) પૂ. આત્મારામજી મ.ને મોતીયો ઉતરાવવાનો હતો. તે માટે ઓપરેશન કરનાર ડોક્ટરે આંખો મટકું ન મારે તેવી સ્થિર રાખી શકાય તે માટે બહેરુ કરવાની વાત કરી તો પૂજ્યશ્રીએ વિરાધનાથી બચવા માટે નિષેધ કર્યો અને એમ જ આંખો ખુલ્લી રાખી મોતીયો ઉતરાવ્યો અને પોતાની સહન શક્તિનો ડૉક્ટરને પરિચય કરાવ્યો.

(૨) વ્યંતરના ઉપદ્રવોથી પીડિત મહાત્માને ડોક પકડી 'ચાલ્યો જા' એવું જોરથી બોલતા ઉપદ્રવ શમી ગયો. એવી હતી પૂજ્યશ્રીની અપૂર્વ સાધના.

(૩) વિધ્યાટવીનાં વિહારમાં ખાડીની આડે લુટારાંની આવતી ટોળકીને જોઈ પૂજ્યશ્રીએ સમય સૂચકતાપૂર્વક બધા સાધુઓના ખભે ડાંડો મૂકાવ્યો. તે કારણે પરેડ કરાવતાં સીપાઈઓની શંકાથી લુટારાઓ ભાગી છૂટ્યાં.

(૪) જંગલના વિહારમાં લુંટારાએ એકદમ આવી 'जो कुछ है वो रख दो अन्यथा मार डालूगा' એમ કહીને ધમકી આપી. ત્યારે પૂજ્યશ્રીએ વળતા જવાબમાં તે પડછંદ લુટારાને પડકાર કરતાં 'जंगलका राजा होकर हमको लुटेगा तो लोक निंदा करेंगे' કહ્યું. પૂજ્યશ્રીના માર્મિક વાક્યમાંથી તે ભીલને રાજાનું બિરૂદ અસર કરી ગયું. પરિણામે તે જ લુંટારૂ ભોમીયો બની જંગલ પસાર કરાવી ગયો. આવી હતી પૂજ્યશ્રીની સમય સૂચકતા ભરી ગીતાર્થતા.

## પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પ્રવચનમાં કહેલો પ્રસંગ :

પૂ. આત્મારામજી મહારાજે પંજાબમાં એક ગામમાં ચોમાસું કર્યું. તે ગામમાં બહેનો સ્થાનકવાસી અને પુરુષો મૂર્તિપૂજક હતા. બહેનોને સાધુઓ ગામમાં ચોમાસું આવ્યા તે ગમતું ન હતું. તેથી સાધુઓ પાણી લેવા જાય ત્યારે પાણી દોષિત કરી નાંખે. તેથી પૂ. આત્મારામજી મહારાજે સાધુઓને કહી દીધું કે, 'તમે બધા વિહાર માટે તૈયાર થઈ જાવ. આ ક્ષેત્ર સંયમ માટે યોગ્ય નથી.' સાધુઓ વિહાર માટે તૈયાર થાય છે, ત્યારે ત્યાંના શ્રાવકોને ખબર પડી કે સાધુઓ વિહાર કરી જાય છે. તેથી ગભરાતાં ગભરાતાં શ્રાવકોએ પૂ. આત્મારામજી મહારાજને કહ્યું કે, આપ એક દિવસ સ્થિરતા કરો. પછી આપને જેમ યોગ્ય લાગે તેમ કરજો. પછી શ્રાવકોએ રાત્રે સંઘ ભેગો કર્યો અને સંઘને પૂછયું કે, સાધુઓને ચોમાસું કરાવવું છે કે નહિ ? જો ચોમાસું કરાવવું હોય તો દરેક એક ખચ્ચર ઘેર લઈ જાઓ. ઘરની બહાર બાંધી રાખો અને સવારે ઉઠીને ઘરની બહેનોને કહી દો કે, આ બહાર ખચ્ચર ઉભું છે તેના ઉપર બેસી તમે તમારાં પિયર ચાલ્યા જાઓ અને ચોમાસું ઉતર્યા પછી ઘેર પાછાં આવજો. કારણ કે, તમારાં અને અમારાં ગુરુ જુદા છે. તમને અમારા ગુરુઓ વહોરવા આવે તે ગમતું ન હોય તો અહીં રહેવાની જરૂર નથી. બહેનોએ કહ્યું, હવે ભૂલ નહિ થાય. જે ભૂલ થઈ તે માફ કરો. પછી પૂ. આત્મારામજી મહારાજ પણ ચોમાસું ત્યાં જ રહ્યાં અને એમના પ્રવચનથી સ્થાનકવાસી બહેનો પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક ધર્મ પાળતી થઈ ગઈ.

**પૂ. આત્મારામજી મહારાજાએ વિ.સં. ૧૯૩૨માં અમદાવાદમાં પૂ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજા (પૂ. બુટેરાયજી મ.) પાસે સંવેગી દીક્ષાને અંગીકાર કરી ત્યારે તેમની અને સાથે આવેલા સાધુઓની નામાવલીઃ**

**સ્થાનકવાસી સંપ્રદાયમાં :**

| દીક્ષા પહેલાનું નામ | દીક્ષિત થયા પછીનું નામ : | ગુરુનું નામ : |
|---|---|---|
| ૧- પૂ. શ્રી આત્મારામજી | પૂ. શ્રી આનંદવિજયજી મ. | પૂ. શ્રી બુદ્ધિ વિ.મ. |
| ૨- પૂ. શ્રી વિશનચંદજી | પૂ. શ્રી લક્ષ્મીવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૩- પૂ. શ્રી ચંપાલાલજી | પૂ. શ્રી કુમુદવિજયજી મ. | પૂ. શ્રી લક્ષ્મી વિ.મ. |
| ૪- પૂ. શ્રી હુકમચંદજી | પૂ. શ્રી રંગવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૫- પૂ. શ્રી સલામતરાયજી | પૂ. શ્રી ચારિત્રવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૬- પૂ. શ્રી હાકિમરાયજી | પૂ. શ્રી રત્નવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૭- પૂ. શ્રી ખૂબચંદજી | પૂ. શ્રી સંતોષવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૮- પૂ. શ્રી કનૈયાલાલજી | પૂ. શ્રી કુશલવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૯- પૂ. શ્રી તુલસીરામજી | પૂ. શ્રી પ્રમોદવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |
| ૧૦- પૂ. શ્રી કલ્યાણચંદજી | પૂ. શ્રી કલ્યાણવિજયજી મ. | પૂ. શ્રી ચારિત્ર વિ.મ. |
| ૧૧- પૂ. શ્રી નિહાલચંદજી | પૂ. શ્રી હર્ષવિજયજી મ. | પૂ. શ્રી લક્ષ્મી વિ.મ. |

| | | |
|---|---|---|
| ૧૨- પૂ. શ્રી નિધાનમલજી | પૂ. શ્રી હીરવિજયજી મ. | પૂ. શ્રી કુમુદ વિ.મ. |
| ૧૩- પૂ. શ્રી રામલાલજી | પૂ. શ્રી કમલવિજયજી મ. | પૂ. શ્રી લક્ષ્મી વિ.મ. |
| ૧૪- પૂ. શ્રી ધર્મચંદજી | પૂ. શ્રી અમૃતવિજયજી મ. | પૂ. શ્રી રત્ન વિ. મ. |
| ૧૫- પૂ. શ્રી પ્રભુધ્યાલજી | પૂ. શ્રી ચન્દ્રવિજયજી મ. | પૂ. શ્રી રંગ વિ.મ. |
| ૧૬- પૂ. શ્રી રામજીલાલજી | પૂ. શ્રી રામવિજયજી મ. | પૂ. શ્રી મોહન વિ.મ. |
| ૧૭- પૂ. શ્રી ચંદનમલજી | પૂ. શ્રી ચંદનવિજયજી મ. | પૂ. શ્રી આનંદ વિ.મ. |

**પરમ શાસન પ્રભાવક, દીક્ષાયુગ પ્રવર્તક, સકલ સંઘ હિતચિંતક, વ્યાખ્યાન વાચસ્પતિ, દીક્ષાના દાનવીર, જૈન શાસન શિરતાજ, સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ન્યાયામ્ભોનિધિ પરમ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (પૂ. આત્મારામજી મ.)ની જેઠ સુદ ૮ના સ્વર્ગારોહણતિથિ પ્રસંગે આપેલ પ્રવચનમાંથી ઉદ્ધૃત કરેલ અંશો :**

## કોર્ટમાં જવું પડે તો ભલે પણ સાચું તો કહીશું જ :

અસત્યનું ઉન્મૂલન કરવા માટે તે મહાત્મા ત્યાં સુધી કહેતા હતા કે શાસ્ત્ર વિરુદ્ધ વર્તન કરનારાઓ અને શાસ્ત્ર વિરુદ્ધ પ્રચાર કરનારાઓનું ખંડન કરતા અમારે રાજદરબારમાં જવું પડે તો તેમ કરીને પણ અમે અમારી સત્ય વસ્તુ રજૂ કરીશું ! એટલી બધી તેમનામાં હિંમત હતી. તેમ જ સાચી વસ્તુ ઉપર અડગ શ્રદ્ધા હતી. એક હિંસક કુમતનું ખંડન કરવા માટે એ મહાત્માએ 'અજ્ઞાનતિમિર ભાસ્કર' નામનો એક ગ્રંથ રચ્યો હતો, જે હાલ પણ મોજૂદ છે. તે ગ્રંથ જ્યારે છપાવવા આપ્યો, ત્યારે કેટલાક શ્રાવકોએ જણાવ્યું કે, 'સાહેબ ! આપ જાણો છો કે આપ તો સાધુ છો. આમાં માનહાનિનો લાયબલ કેસ થવા સંભવ છે, માટે વિચાર કરીને કરશો.' તે વખતે આ મહાપુરુષે હિંમતથી અને બેધડકપણે સ્પષ્ટ જણાવ્યું કે -

'भाई हम साधु है, हम धन नहीं रखते है, इसी लिये तुम्हें पुस्तक छपाने के लीये सूचना देनी पडती है, तुम्हारे हितके लिए तुम धन खर्चो या न खर्चो यह तुम्हारी इच्छा है, अन्यथा इसमें मानहानि जैसी कोई बात नहि है और यदि होगा तो उससे तुम्हारी कोई हानि नहीं होगी, **पुस्तक बनानेवाला मैं मोजूद हूँ । जिसको मानहानि का केस करना होगा वह मुझ पर करेगा । तुम निश्चिंत रहो, बेफीकर रहो ।** अंग्रेज सरकार का राज्य है । जब ऐसे न्यायी राज्य में भी हम अपने धर्म पर आक्रमण करनेवालों को शास्त्रानुसार जवाब न दे, **अपने धर्म की रक्षा करने के न्यायी हक का उपयोग न किया जायगा तो कब किया जायगा ?'**

અર્થાત્ આવા ન્યાયી રાજ્યમાં અમારા ધર્મ પર આક્રમણ આવે અને એનો અમે શાસ્ત્રાજ્ઞાનુસાર પ્રતિકાર કરીએ અને તેને લીધે **અમારા ઉપર જે કાંઈ આફત આવે તે સહવા અને કદાચ કોર્ટમાં જવું પડે તો તેમ પણ કરવા અમને હરકત નથી.** 'કોર્ટમાં જવું પડે તો તેની પણ આ મહાપુરુષ પરવા રાખતા ન હતા' એ વસ્તુ પણ આ ઉપરથી સ્પષ્ટ થાય છે. વળી એ મહાત્માની હિંમત માટે અને સત્ય વસ્તુ ઉપરની શ્રદ્ધા તથા અસત્યના ખંડનની હિંમત માટે શ્રી વિજય વલ્લભસૂરિજી જ મુંબઈની જયંતીનાં પોતાનાં ભાષણમાં જણાવે છે કે,

अहमदाबाद में शांतिसागर को जवाब देने में ये महात्मा, तिन थुईवालों को जवाब देने के लिये येहि महात्मा, स्थानकवासीओं को 'सम्यकत्वसार' नामक पुस्तक का उत्तर देने के लिये येही महात्मा, दयानंद सरस्वती के जैन धर्म पर किये गये आक्षेपों का उत्तर देने के लिये येही महात्मा और वैदिक धर्मवालों को जवाब देने के लिये भी येही महात्मा, कितनी विद्वत्ता, कितना प्रताप !

આ ઉપરથી સ્પષ્ટ છે કે, આ મહાપુરુષે ઉન્માર્ગથી નીકળતી વખતે જેમ અનેક સંકટો વેઠ્યાં હતાં તેમ સન્માર્ગમાં આવ્યા પછી પણ અનેક આફતો વહોરીને સદ્ધર્મને અખંડિત રાખ્યો હતો. શાસન પ્રત્યે આવા પ્રકારની ધગશ તેમ જ સદ્વસ્તુ પર શુદ્ધ પ્રેમ હોવાના કારણે **તે આત્મા વીસમી સદી જેવા જમાનામાં જૈનશાસનના પરમપ્રભાવક બની શક્યા છે** અને એ જ કારણે એ મહાપુરુષની આજે આપણે સ્વર્ગતિથિ ઉજવી રહ્યા છીએ.

## એક ઐતિહાસિક પ્રસંગ

## પૂ. આત્મારામજી મહારાજે વીરચંદ રાઘવજીને વિદેશ મોકલ્યા ન હતા.

આ મહાપુરુષના પ્રસંગમાં એમ કહેવાય છે કે - 'તેમણે ધર્મની ઉન્નતિ માટે વીરચંદ રાઘવજીને વિદેશ મોકલ્યા હતા.' પણ આ બાબતમાં સત્ય શું છે એ જાણવા માટે આપણે 'શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ' નામના ગ્રંથરત્નમાં એ મહાપુરુષનું જીવન ચરિત્ર લખનાર આચાર્ય શ્રી વલ્લભસુરિજી શું લખે છે તે જોઈએ -

"संवत १९४९ का चोमासा बाद हुशीयारपुर से विहार करके विजयानन्दसूरी महाराज जालंधर होकर विरोवाल पधारे । यहां भी महाराजश्री साहेब को मुंबई की 'धी जैन एसोसीएशन ओफ इन्डिया' की मारफत चिकागोका पत्र मिला । इसमें चीकागो में होनेवाले विश्व प्रदर्शन के वक्त देश परदेश के धर्मगुरुओं का जो बडा मेला होने वाला था, उसमें महाराजको पधारने का आमंत्रण करने में आया था और सबसिडीयरी कमिटी के मेम्बर मुकरर किये गये थे । परंतु अपनी साधुवृत्ति को खलल होवे, इस वास्ते वहां नहि जा शकने से श्री महाराजजी साहेबने चीकागो को पत्रकी नकल ओर चीकागो वाले की मांग मुजब अपना संक्षेप से जीवनवृत्तांत तथा फोटो वगैरह मुंबई श्रीसंघ को भिजवा दिया जिससे **मुंबई के श्रीसंघने एक सभा करके श्री वीरचंद राघवजी गांधी को जैन धर्म का प्रतिनिधि करके चिकागो भेजने का ठराव किया** । इस वक्त महाराजश्री का मुकाम बेरोवाल के झंडीआला होकर शहेर अमृतसर में हुआ था । वहां वीरचंद राघवजी आकर श्री महाराज साहब को प्रार्थना किया कि **'मुझ को चीकागो जाने के वास्ते श्रीसंघने फरमाया है ईस वास्ते में श्रीसंघ की आज्ञा को मस्तकोपरी धारण करके आपकी सहायता से चीकागो जाने को तैयार हूं । आप कृपा करके मुझ को मदद तरीके थोडा सा जैन धर्म संबंधी बयान लिख देवे ।' इस प्रार्थना को स्वीकार करके श्री महाराजजी साहेबने एक महीने तक परिश्रम उठा कर एक निबंध तैयार कर दिया ।'**

આ ઉપરથી જોઈ શકાશે કે, મહારાજ શ્રી આત્મારામજીએ પોતે વીરચંદ રાઘવજીને મોકલ્યા નથી, પણ સંઘે નિર્ણય કરીને મોકલ્યા છે. મહારાજ શ્રી આત્મારામજીએ તો ફક્ત તેમને ધર્મનું જ્ઞાન આપવા

માટે સતત મહેનત કરી નિબંધ તૈયાર કરી આપ્યો હતો. આ પ્રમાણે આ વીસમી સદીના પરમશાસનપ્રભાવક અને પ્રૌઢપ્રભાવસંપન્ન સૂરિપુરંદરના પ્રસંગો ઉપર વિચાર કરી અને એ મહાપુરુષે રચેલા ગ્રંથ-રત્નો દ્વારા પ્રભુ માર્ગનાં રહસ્યને સમજી પ્રભુ માર્ગની આરાધનામાં રત થવું એમાં જ આપણા આત્માનું શ્રેય છે. આ મહાપુરુષે પોતાના જીવન દ્વારા અને ગ્રંથ દ્વારા પ્રભુ શાસનને દીપ્તિવંત બનાવી પ્રભુશાસનના સેવન માટે પ્રભુશાસનના અનુયાયીઓએ શું કરવું જોઈએ એ સુંદર રીતે બતાવ્યું છે. એનો અમલ કરવામાં જ આ સ્વર્ગતિથિ ઉજવવાનું સાર્થક છે.

એ રીતે આ મહાન આચાર્ય એમ પણ માનતા કે મારે તો કોઈપણ પ્રકારે શાસનસેવા જ કરવી છે. થોડા દિવસોમાં ઘણું જાણ્યું, ઘણું મેળવ્યું, ઘણું આપ્યું, દેશપર્યટન ખૂબ કર્યું, ઘણી જ પ્રવૃત્તિઓમાં યોજાયેલા છતાંએ આટલા અપૂર્વ ગ્રંથોનો વારસો મૂકતા ગયા.

## લઘુતાની મહત્તા :

ખેર, આગમ તો માગધી તથા પ્રાકૃતમાં હોય, તે તમે ન સમજો, પણ આ મહાપુરુષે તો લોકભાષામાં આ ગ્રંથો મૂકયા છે. ત્યાં તો વાંધો નહિ આવે ને ? લ્યો, જુઓ, તેમનો આ 'જૈન તત્ત્વાદર્શ' ગ્રંથ. આવા સમર્થ જ્ઞાની, પરમ સત્ય ગવેષક છતાં, એમની લઘુતા, ભવભીરુતા કેટલી છે? ગ્રંથ લખતાં જ શરૂઆતમાં તેઓ કહે છે કે -

"सर्व श्रीसंघसे नम्रतापूर्वक यह विनती है कि जो इस ग्रंथ को पढे सो जहाँ मैंने जिनमार्गसे विरुद्ध लिखा हो तहां यथार्थ लिख देवें, यह मेरे उपर बडा अनुग्रह होगा ।"

(ભાવાર્થ : "સર્વશ્રી સંઘને નમ્રતાપૂર્વક વિનંતી કે જે આ ગ્રંથને વાંચે કે, જ્યાં મારાથી જિનમાર્ગથી વિરુદ્ધ લખાયું હોય, ત્યાં યથાર્થ લખી મારા ઉપર મોટો અનુગ્રહ કરે.")

**"જ્યારે મહાપુરુષોના લખવામાં પણ છદ્મસ્થતાના યોગે અનુપયોગ થાય, તો પછી ઘણા કાળ સુધી અજ્ઞાનના ફંદામાં ફસાઈ ગયેલા એવા અમારા જેવાનાં લખાણમાં ભૂલ થાય એમાં નવાઈ નથી."**

કેટલી લઘુતા ? કેટલી ભવભીરુતા ? કોઈ એમ ન માને કે, 'મારું લખું છું, જે કાંઈ લખું છું તે પ્રભુ શ્રી મહાવીરના માર્ગનું લખું છું. છતાં કદાચ છદ્મસ્થતાના યોગે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ હોય તો સુધારી લેજો.' એમ આ મહર્ષિ કહે છે.

## ધર્મનો જ ઉપદેશ :

આ મહાપુરુષનાં સાહિત્યમાં આપણે ધારી ધારીને જોઈએ તો આપણને એ જ દેખાય કે, 'શ્રી જિનેશ્વરદેવનું આગમ છે. એને ખીલવનારા કંઈ મહાપુરુષો થઈ ગયા. આપણે તો એ આગમનું પાન કરવાનું છે. જેની જેની મતિમાં જે જે આવે તેવો તેવો અર્થ કરાય, તો તો ભગવાનનો માર્ગ જ નષ્ટ થઈ જશે માટે પ્રામાણિક પંચાંગીને કરવાવાળા પુરુષોએ જે અર્થ કર્યો છે, તે જ આપણને પ્રમાણ છે અને એની વિરુદ્ધ અર્થ કરવો એ ન્યાય પુરસ્સર નથી.' **એ મહાત્મા જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી એક ધર્મનો જ ઉપદેશ આપ્યો અને કહ્યું કે, 'અર્થ કામમાં જોડવા માટે ઉપદેશની જરૂર નથી તથા કદાચ જરૂર હોય તો ઘેર ઘેર**

**ઉપદેશકો મળે એમ છે, કારણ કે બધા જ એમ કહેનારા છે કે, 'વસુ વગરના નર પશુ' અને જ્યાં ત્યાં વસુની વાત ચાલુ જ છે.**

આવી રીતે દુનિયા અર્થની ઉપાસક તો છે જ, એને વળી **સાધુ અર્થની દેશના આપે, એ તો દુઃખતા ઉપર ડામ દેવા જેવું અને ક્ષતના ઉપર ક્ષાર નાખવા જેવું છે. જે મહાપુરુષ - 'શાસ્ત્ર કહે એ જ પ્રમાણ પણ જમાનો કહે તે નહિ' - આવું માનતા હતા,** એના જ વંશજોમાંનાઓ જો બીજી જ વાત કરે, તો એમાં ભૂલ કે કમનસીબી કોની ? બાપ શાહુકાર હોય અને દીકરો દેવાળું કાઢે તો કમનસીબ કોણ ? કહેવું જ પડશે કે તેમ કરનાર હીનપુણ્ય આત્માઓ ! આગમ માનવા એ સંકુચિત દશા છે, એવી ભાવના આવા મહાપુરુષના વારસોની હોય ? ન જ હોય, કારણ કે આગમનું જ્યાં જ્યાં શરણું મળ્યું એવું એક પણ કાર્ય કરવામાં આ મહાત્માએ પાછી પાની કરી નથી અને **દુનિયાનું કહ્યું નહિ, પણ આગમનું કહ્યું કરવા માટે આ મહર્ષિ જરાએ પાછા હઠ્યા નથી.** ખરે જ, કેવળ જમાનો જોવો એમાં બુદ્ધિનો સદુપયોગ નથી જ. આગમનો પ્રચાર કરવા માટે જેટલો જોવો પડે તેટલો જોવો એ વાત જુદી છે. બાકી બુદ્ધિ તો શ્રી વીતરાગદેવ, એ તારકના આગમ અને એ તારકને માર્ગે ચાલતા મહાપુરુષોને પીછાનવા માટે છે તથા તદનુસાર ચારિત્ર કેળવવા માટે છે.

## મુનિનો ઉપદેશ માર્ગ :

ધર્મગુરુનું લક્ષણ તથા ધર્મગુરુ ઉપદેશ શેનો આપે ? એ જણાવતાં આ મહર્ષિ. **'જૈન-તત્ત્વાદર્શ'ના ૮૩મા** પાને નીચે મુજબ કહે છે.

'धर्मोपदेशक जो धर्म, जीवो के उद्धार वास्ते सम्यग्ज्ञान, दर्शन, चारित्ररूप, परमेश्वर अर्हत् भगवंतने स्याद्वाद अनेकांत स्वरूप निरूपण किया है, उस धर्म को जो भव्यजीवों के तांइ उपदेश करे, परंतु ज्योतिषशास्त्र, अष्टप्रकार का निमित्तशास्त्र, तथा वैद्यकशास्त्र, धन उत्पन्न करने का शास्त्र, राजसेवा आदि अनेक शास्त्र, जिन से धर्म को बाधा पहुंचे, तिनका उपदेश न होवे । क्योंकि लौकिक जो शास्त्र हैं, सो तो बुद्धिमान् पुरुष वर्तमान में भी बहुत सीखते है । तथा नवीन नवीन अनेक सांसारिक विद्या के पुस्तक बनाते हुये चले जाते हैं तथा अंगरेजों की बुद्धि देखकर इस देश के लोक भी बहुत सांसारिक विद्या में निपुण होते चले जाते हैं, इस वास्ते साधु को धर्मोपदेश ही करना चाहिये, क्यों कि धर्म ही जीवों को पाना कठिन है ।'

**ભાવાર્થ : "જીવોના ઉદ્ધાર માટે, સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ જે ધર્મ, પરમેશ્વર અર્હત્ ભગવંતે, સ્યાદ્વાદ અનેકાંત સ્વરૂપ નિરુપણ કર્યો છે, ધર્મોપદેશક ગુરુ, ભવ્યજીવોને એ જ ધર્મનો ઉપદેશ કરે, પરંતુ જ્યોતિષશાસ્ત્ર, આઠ પ્રકારનાં નિમિત્ત-શાસ્ત્ર, જેનાથી ધર્મને બાધા પહોંચે, એનો ઉપદેશ ન હોય, કેમ કે જે લૌકિક શાસ્ત્ર છે એ તો બુદ્ધિમાન પુરુષો વર્તમાનમાં પણ ખૂબ શીખે છે, નવાં નવાં સાંસારિક વિદ્યાનાં પુસ્તકો બનાવ્યે જાય છે, અને અંગ્રેજોની બુદ્ધિ જોઈને આ દેશના લોક પણ સાંસારિક વિદ્યામાં નિપુણ થતા જાય છે. એ માટે સાધુએ ધર્મોપદેશ જ આપવો જોઈએ. કેમ કે જીવોને ધર્મ જ મળવો કઠણ છે."**

આ હું મારું કાંઈ જ બોલતો નથી. અક્ષરે અક્ષર આ મહાત્માના છે. વીસમી સદીના એ પ્રભાવક પૂજ્ય પુરુષના છે. એ મહાપુરુષે વર્તમાનને પણ ભાર મૂકીને કહેલ છે. એ મહાત્મા જણાવે છે કે **સાંસારિક વિદ્યાઓના ઉપદેશની જરૂર જ નથી. એ તો સ્વયં લોકો શીખી રહ્યા છે, માત્ર જીવોને ધર્મની જ પ્રાપ્તિ કઠીન છે, તો સાધુઓએ-ગુરુઓએ શ્રી જિનેશ્વરદેવપ્રણીત સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મનો જ ઉપદેશ આપવો.** જૈનશાસનના ગુરુ હોય, એ તો આનાથી એક કદમ પણ ખસે જ નહિ. વર્તમાનની હવાને લઈને કે કોઈપણ રીતે મુનિથી, ધર્મ સિવાય બીજો ઉપદેશ આપી શકાય નહિ. એવી રીતે જૈન ગુરુનાં લક્ષણ આ મહાત્મા આપણને જણાવે છે. ધર્મોપદેશમાં મતિકલ્પનાનો નિષેધ છે. પંચમ કાળમાં ધર્મ બતાવી શકાય કે નહિ ? પંચમં કાળમાં ધર્મ બતાવનાર કોઈ હોય કે નહિ ? કેવળજ્ઞાની સિવાય કોઈ ધર્મ બતાવે કે નહિ ? આ પ્રશ્નોના ઉત્તર પણ આપણને 'હા'માં આપે છે. એ બરાબર છે કે કાં તો કેવલજ્ઞાની ધર્મ બતાવે અગર કાં તો કેવલજ્ઞાનીએ કહેલું તે જ કહેનારો ધર્મ બતાવે, પણ કેવલજ્ઞાનીના કહેલાને વેગળું મૂકે એ ધર્મ બતાવવાને અધિકારી નથી. દરેક શ્રી તીર્થંકરદેવનાં શાસનમાં છદ્મસ્થો શ્રુતજ્ઞાનને, એટલે કે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને વેચાયેલા હોવા જોઈએ.

### ધર્મોપદેશનો અધિકારી :

શ્રુતજ્ઞાનને તો કેવલજ્ઞાનીએ પણ ત્યાં સુધી માન્ય રાખેલ છે કે, શ્રુતજ્ઞાનીએ લાવેલો આહાર શ્રુતજ્ઞાનની દૃષ્ટિએ શુદ્ધ હોય અને એ કેવલજ્ઞાનની દૃષ્ટિએ અશુદ્ધ હોય, તો પણ કેવલી એ અશુદ્ધ આહાર પણ વાપરી જાય, શ્રુતજ્ઞાનીઓ વિભ્રમમાં પડી જાય કે માર્ગમાં વ્યાકુળ થઈ જાય, એટલા માટે એમ કહે પણ નહિ કે, 'આ અશુદ્ધ છે.' બેશક, શ્રુતજ્ઞાનની દૃષ્ટિએ બરાબર શુદ્ધ જોઈએ. તેને કેવલજ્ઞાની પણ પોતાની દૃષ્ટિએ અશુદ્ધ છતાં વાપરે છે. સર્વજ્ઞ ભગવાન તો શાસનના સ્થાપનારા, રચનારા ગણધર ભગવાન છદ્મસ્થ, ફેલાવનારા, ટકાવનારા, બધાય છદ્મસ્થ, ફેલાવનારા, ટકાવનારા, બધાય છદ્મસ્થ. જે છદ્મસ્થ, જેની જ આજ્ઞામાં એકતાન અને યોગ્ય છે, તે ધર્મોપદેશના અધિકારી છે. જે એની આજ્ઞા છોડે, સર્વજ્ઞના વચનને બાજુએ મૂકે, મતિકલ્પનાની વાતો કરે, તે ધર્મોપદેશના અધિકારી નથી.

શ્રી જિનેશ્વરદેવે કહેલ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય ધર્મને જ 'ધર્મોપદેશક' દેશનામાં કહે. સમ્યગ્દર્શન પામ્યા પછી સંસારમાં ન રમાય, એમ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને સંસાર અસાર લાગે. મતિકલ્પના ધર્મોપદેશમાં કામ ન આવે.

આગમને આઘાં મૂકી, મરજી મુજબ બોલનારા, આગમંના પોતાની મરજી મુજબ અર્થ કરનારા, મોટામાં મોટી હાનિ કરી રહ્યાં છે. કોઈ એક વાતનું સમાધાન પોતાને પૂછવામાં આવતાં, કેટલાંએ શાસ્ત્રો પૂરાં ન મળતાં હોઈ, સમાધાન શાસ્ત્રથી ન મળતાં, મતિકલ્પનાનો નિષેધ કરતાં, પોતે ક્યાં સુધી કહે છે, તે જુઓ - 'જૈનતત્ત્વાદર્શ' - પાનું ૩૧૦-૩૧૧.

'मेरी श्रद्धा ऐसी नहीं है कि, पूर्व आचार्यो के अनुसारे विना समाधान कर सकूं । क्योंकि मेरी कल्पना से कुछ जैनमत सत्य नही हो सक्ता है । जैनमत तो अपने स्वरूप से ही सत्य बनेगा, जे कर मेरी कल्पनां

ही सत्य का कारण होवे, तब तो किसी पूर्वाचार्यो की अपेक्षा न रहेगी, तब तो जिसके मनमें जो अर्थ अच्छा लगे, सो अर्थ कर लेगा ।'

ભાવાર્થ : "મારી શ્રદ્ધા એવી નથી કે પૂર્વાચાર્યોને અનુસર્યા વિના હું સમાધાન કરી શકું : કેમ કે મારી કલ્પનાથી કંઈ જૈનમત સત્ય થઈ શકતો નથી. જૈનમત તો પોતાના સ્વરૂપથી જ સત્ય બનશે. જો મારી કલ્પના જ સત્યનું કારણ હોય, તો તો કોઈ પૂર્વાચાર્યોની અપેક્ષા રહેશે નહિ. જેના મનમાં જે અર્થ સારો લાગે તે કરી લેશે."

વળી 'જૈન-તત્ત્વાદર્શ' - પાના ૩૧૨માં એઓશ્રી જણાવે છે કે -

'इसी वास्ते मेरी ऐसी श्रद्धा है कि, जो जैनमत में प्रामाणिक अरू पंचांगीकारक आचार्य लिख गये हैं, उनके अनुसार ही हमको कथन करना चाहिये, परंतु स्वकपोलकल्पित नहीं, जो कोई स्वकपोलकल्पित मानेगा, वह जैनमती कदापि नहीं बन सकेगा, अरु उसकी कल्पना भी सर्वथा सत्य नहीं होगी ।'

**ભાવાર્થ : "એ જ વાસ્તે મારી શ્રદ્ધા એવી છે કે જે જૈનમતમાં પ્રામાણિક અને પંચાંગીકાર આચાર્ય લખી ગયા છે, એને અનુસાર જ અમારે કહેવું જોઈએ, પરંતુ સ્વકપોલકલ્પિત નહિ. જે કોઈ સ્વકપોલકલ્પિત માનશે તે કદાપિ જૈનમતી બની શકશે નહિ અને તેની કલ્પના પણ સર્વથા સત્ય થશે નહિ."**

આ મહાત્મા જણાવે છે કે પૂર્વાચાર્યોને અનુસૂર્યા વિના મારાથી સમાધાન થાય જ નહિ. સ્વકપોલકલ્પિત માન્યતાને સ્થાન છે જ નહિ. મારી શ્રદ્ધા એવી ઘેલી નથી કે મને ફાવતું સમાધાન કરું. પૂર્વાચાર્યોને બાજુએ મૂકી મતિકલ્પનાના અર્થ કર્યે જશે, તો સાચો અર્થ અસ્તિત્ત્વમાં રહેશે જ નહિ. પ્રામાણિક પંચાંગીકારક આચાર્યોએ લખેલાને અનુસાર જ અમારાથી કથન થાય. આચાર્યો પ્રામાણિક એ યાદ રાખો, નિહ્નવ થયેલા, સંઘથી દૂર થયેલા અને ઉન્માર્ગના પંથે પડેલા નહિ. મૂલ, નિર્યુક્તિ, ચૂર્ણી, ભાષ્ય અને ટીકા એ પંચાંગીકાર માન્ય છે. આ મહાત્મા જણાવે છે કે પંચાંગીકાર આચાર્યોને દૂર રાખી, પોતાના મનનું કહેનારો, જૈનમતમાં રહેનારો કહેવાય નહિ.

માત્ર મૂળને જ માનનારથી કશાના અર્થ પણ ન બોલાય, 'નમો અરિહંતાણં'નો અર્થ એ બોલી શકે ? માત્ર મૂળને જ વળગી રહેનારા, પોતાના કરેલા મનસ્વી અર્થોને માને, પણ પ્રામાણિક પૂર્વાચાર્યોએ - અનંતજ્ઞાનના નિધાનોએ કરેલા અર્થને ન જ માને, કારણ કે માને તો એમની માન્યતામાં વાંધા આવે.

બસ ! જિનાજ્ઞાના પાલનથી જેમના મન-વચન-કાયાના યોગો પવિત્ર હતા અને સુવિશુદ્ધ ક્ષયોપશમ ભાવથી જેમનો આત્મા પવિત્ર હતો તેવા આ મહાપુરુષને ભાવભરી વંદના.

"મોટા બનવું હોય તો ભૂલ કરો નહિ અને ગબડી ન પડવું હોય તો કરેલી ભૂલને છૂપાવો નહિ ! ભૂલને ભૂલ તરીકે કબૂલ કરી, ભૂલને સુધારવા માટે, ભૂલમાં રાખી મૂકનાર મોટાઈને લાત મારવી, એ મહાત્માઓના ગુણની મહત્તા છે."

**પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : રામલાલ | ગુરુનું નામ | : પ.પૂ. મુનિ શ્રી લક્ષ્મીવિજયજી મ.સા. |
| જન્મ | : વિ.સં. ૧૯૦૮ **સરસા (પંજાબ)** | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી કમલવિજય મ. |
| માતા | : જિતાબાઈ | આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૫૭ મ. સુદ ૧૫ **પાટણ** |
| પિતા | : રૂપચંદભાઈ | આચાર્ય પદ પર્યાય | : ૨૬ વર્ષ |
| યતિ દીક્ષા | : વિ.સં. ૧૯૨૦ | સંયમપર્યાય | : ૫૧ વર્ષ |
| સ્થાનકવાસી દીક્ષા | : વિ.સં. ૧૯૨૯ **જીરા** | કાળધર્મ | : વિ.સં. ૧૯૮૩ મ. વદ ૬ **જલાલપુર** (ગુજરાત) |
| સંવેગી દીક્ષા | : વિ.સં. ૧૯૩૨ **અમદાવાદ.** | | |
| દીક્ષાની ઉંમર | : ૧૨-૨૧-૨૪ વર્ષ | આયુષ્ય | : ૭૫ વર્ષ |

**સૌજન્ય**

**લુણાવા નિવાસી સ્વર્ગીય જતનાબેનના આત્માશ્રેયાર્થે રતનચંદ વાગાજી ગોલંક**

પુત્ર-પુત્રવધુ : ચંપાલાલ-નિર્મળાબેન, જિણાલાલ-રમીલાબેન, વિનોદકુમાર-કલ્પનાબેન.

**સદ્ધર્મ સંરક્ષક, શ્રીસુધર્માસ્વામીની ૭૪મી પાટને શોભાવનારા**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા

પડછંદદેહ પ્રતિભા - પ્રભાવ - પ્રવરા ય પ્રજ્ઞા !
પુણ્ય - પ્રભાવ - પ્રભુતા, જિનશાસનજ્ઞા !
સિદ્ધાંત સાર - સમતા ધરતાં ! વિધિજ્ઞા !
પૂજું પ્રગે કમલસૂરીશ તત્ત્વવિજ્ઞા !

**જન્મ-માતા-પિતા :**

પંજાબના સરસા ગામમાં **રૂપચંદ** નામના વિધિજ્ઞ અને વિપ્રોના આચાર-વિચારમાં નિપુણ એવા એક ગૌડા નામના બ્રાહ્મણ રહેતા હતા. તેઓને સુશીલ, ધર્મપ્રેમી એવી **જિતાબાઈ** નામની ધર્મપત્ની હતી. તેમની કુક્ષિથી વિ.સં. ૧૯૦૮માં એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું **રામલાલ** એવું નામ પાડવામાં આવ્યું.

**યતિ દીક્ષા :**

માતા-પિતાએ પોતાના બુદ્ધિશાળી એવા બાળકને સર્વશાસ્ત્રમાં નિષ્ણાત બનાવવા જ્યોતિર્વિદ્ એવા કિશોરચંદ્ર નામના યતિને ત્યાં ભણવા માટે મૂક્યો. રામલાલ પણ ગુરુની સેવા-શુશ્રુષાની સાથે વિદ્યાભ્યાસમાં લીન બન્યો. બાલ્યવયથી રામલાલનો વિનય, અદ્ભૂત બુદ્ધિ પ્રતિભા તેમજ રહસ્યવાળા વિષયોને સમજવાની સુંદર શક્તિ જોઈ યતિ પણ મુગ્ધ બન્યા અને પોતાની પાટને આ સંભાળશે તેવો લોભ પણ જાગ્યો. પૂર્વભવના ઉચ્ચ સંસ્કારોના કારણે રામલાલને પણ વૈરાગ્ય પેદા થયો અને આત્મ કલ્યાણ માટે યતિદીક્ષા લેવા તૈયાર થયો. તે કાળમાં લાખો રૂપિયાની મૂડી ધરાવતા આ યતિએ **વિ.સં. ૧૯૨૦માં બાર વર્ષના રામલાલને** મોટા સમારંભપૂર્વક ઘણા આમંત્રિત યતિઓની હાજરીમાં યતિદીક્ષા આપી.

યતિદીક્ષા પામીને વિનયપૂર્વક અભ્યાસ કરવા લાગ્યા અને 'અમર કોષ' અને 'કલ્પસૂત્ર' બાલયતિએ કંઠસ્થ કર્યું. વ્યાકરણ કરાવી કેટલાંક ગ્રન્થો વંચાવ્યા.

હૈયાના સાચા વિરાગી એવા યતિ રામલાલજીનું મન સાચા ત્યાગ માટે તલપતું હતું. યતિપણાની આરંભિક ક્રિયાઓ અને આચરણો પર પૂરો તિરસ્કાર હતો. 'આત્માના કલ્યાણ માટે યત્ન કરે તે યતિ કહેવાય'. જો આ રીતે ધન-વૈભવ રખાય તો યતિ અને ગૃહસ્થમાં ફેર શો ? આવા વિકલ્પો તેમને સહજ થતાં.

ખાન-પાનના રસિયા આ કિશોરચંદ્ર યતિએ લસણ, ડુંગળીના 'ભક્તામરનો પાઠ' અને 'કલ્યાણ મંદિરનો પાઠ' એવા નામ આપેલા અને બહાર ભક્તોની ભીડ હોય અને અંદર રસોઈ થતી હોય ત્યારે બહારથી યતિની ઈચ્છા થાય એ પ્રમાણે 'રામલાલ' આજે 'ભક્તામરનો પાઠ કરજો' આજે 'કલ્યાણ મંદિરનો પાઠ કરજો' તેમ કહેતા. ત્યારે તેઓ મનમાં વિચારતા કે સાધુપણું અને આવા અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ - આ બેનો મેળ કેમ જામે ?

યતિ કિશોરચંદ્રજી બાલયતિની આ બધી પ્રવૃત્તિઓમાં ઉદાસીનતા જોઈ તેમની સાચી વૈરાગ્યવૃત્તિ સમજી ગયા અને બાળયતિ રામલાલને ફોસલાવવા માટે તિજોરીની ચાવી સોંપી. ઝવેરાત બતાવવા માડ્યું. પણ સાચા વૈરાગી એવા તેઓ આ બધામાં જરા પણ લલચાયા નહિ કે મૂંઝાયા પણ નહિ. સત્યના ગવેષક એવા તેમણે આ રીતે નવ વર્ષ તો પસાર કર્યા. પણ જેના હૈયામાં સમ્યગ્જ્ઞાનની જ્યોત ઝળહળતી હોય અને આત્મગુણને પામવા જેનું મન ઉત્કંઠિત હોય તે પ્રબલ પુરુષાર્થ કરવામાં જરા પણ પાછી પાની ન કરે. યતિપણામાં પણ અવસરે વ્યાકરણ, કાવ્ય, અલંકાર તેમજ જૈન જૈનેતર આગમોથી પરિચિત બન્યા.

## સ્થાનકવાસી દીક્ષા :

એકવાર કોઈને કહ્યા વિના, યતિ દીક્ષાથી મુક્ત થવા યતિ રામલાલજી પંજાબ-મારવાડની સરહદ સમાન ગણાતા જગરાવા (જીરા પાસે) ગામમાં ગયા. ત્યાં તેઓને પૂ.શ્રી આત્મારામજી મહારાજાથી મંદિર-મૂર્તિમાં શ્રદ્ધાવાળા બનેલા સ્થાનકવાસી મુનિ શ્રી વિસનચંદજી મહારાજનો યોગ થયો. કેટલોક કાળ તેમની નિશ્રામાં જ્ઞાનાધ્યયનમાં પસાર કરી. તેમના તપ-ત્યાગથી મુગ્ધ બની તેમના શિષ્ય બનવાની ભાવના પેદા થઈ. પૂ.શ્રી વિસનચંદજી મહારાજે પણ પંજાબમાં જીરા મુકામે પતિયાલાથી હાથી મંગાવી મોટા મહોત્સવપૂર્વક વિ.સં.૧૯૨૯માં સ્થાનકવાસી દીક્ષા (ઉંમર વર્ષ ૨૧) આપી અને પોતાના શિષ્ય તરીકે મુનિ શ્રીરામલાલજીના નામે જાહેર કર્યા.

## સંવેગી દીક્ષા :

સ્થાનકવાસી મત ખોટો છે એમ માનનાર પૂ.શ્રી આત્મારામજી મહારાજા આદિ અઢાર મુનિઓએ, અમદાવાદમાં વિ.સં. ૧૯૩૨માં શાન્ત રસનિધિ પ.પૂ.મુ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજા (પૂ.શ્રી બુટેરાયજી મ.) પાસે સમહોત્સવ સંવેગી દીક્ષા વિધિપૂર્વક અંગીકાર કરી. તેમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજા પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ.સા.ના શિષ્ય પૂ.મુ. શ્રી આનંદવિજયજી મહારાજા તરીકે, પૂ.શ્રી વિસનચંદજી, પૂ.શ્રી આનંદવિજયજી મ.સા.ના શિષ્ય પૂ.મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ.સા. તરીકે અને **પૂ.શ્રી રામલાલજી, પૂ.મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ.સા.ના શિષ્ય પૂ.મુ. શ્રી કમલવિજયજી મ.સા.ના નામે જાહેર થયા. તે વખતે તેઓશ્રીની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી.**

## ત્યાગી-સંયમી-તપસ્વી :

તેઓશ્રીની ઉપધિમાં એક પતલું આસન અને એક ચાદર હતી. સૂવા-પાથરવા માટે આ સિવાય ત્રીજી

વસ્તુ વાપરતા નહિ. તેથી પૂજ્ય આત્મારામજી મહારાજા પણ તેઓશ્રીને **'ફક્કડ'** કહેતા. એકવાર બુહારી ગામે તેઓ અવાચક થઈ જતાં ગૃહસ્થોએ ગાદીનો ઉપયોગ કર્યો, સ્વસ્થ થતાં જ **'યે સબ ઉઠા લો યહાં સે'** કહી પતલા આસન ઉપર જ સૂઈ ગયા. અપૂર્વ ત્યાગ મૂર્તિ એવા તેઓશ્રીના જીવનમાં આવા સુંદર ત્યાગ સાથે તપનો પણ શ્રેષ્ઠ સુમેળ હતો. **વર્ષો સુધી પૂજ્યશ્રીએ ઠામ ચોવિહાર એકાસણા કર્યા હતા. આચાર એ જ પ્રધાન ધર્મ છે તે તેમના જીવનનો મુદ્રાલેખ હતો.** તેથી વિ.સં. ૧૯૩૬ અને ૩૭ એમ બે ચોમાસા પંજાબના કિરાણા મુકામે દિગમ્બરના ગામમાં કર્યા. ત્યાં એકાન્ત અને પઠન-પાઠનની અનુકૂળતા સારી હોવાથી **બે સાધારણ વસ્ત્ર અને એક મામૂલી કામળીમાં બે વર્ષ સ્વાધ્યાયમાં સુંદર પસાર કર્યા.** ત્યાંના દિગંબરો આ ત્યાગમૂર્તિના ત્યાગને હજુ પણ ભૂલ્યા નથી.

### જ્ઞાનોપાસના :

વિ.સં. ૧૯૪૩માં પાલીતાણાના ચોમાસામાં સિદ્ધાન્ત કૌમુદી વ્યાકરણ દશ હજાર શ્લોક પ્રમાણ સાંગોપાંગ ઘણી જ સુંદર ગતિએ કંઠસ્થ કર્યું હતું. તે જ રીતે અધ્યાત્મના અનેક ગ્રન્થોના શ્લોકો મુખપાઠ કર્યા હતા. ગોખવાથી તેઓ ક્યારે પણ કંટાળતાં ન હતા. તેથી જ તેઓ જ્યારે વ્યાકરણનો બુલંદસ્વરે પાઠ કરતાં હતા ત્યારે આસપાસના વૃદ્ધો, ડોશીઓ આદિ બીજા માણસો બોલતા હતા કે - 'આ બાવાજીને શું પાલીતાણાનું રાજ્ય લેવું છે ? કે આટલી બધી મહેનત કરે છે !! જૈન શાસ્ત્રોના જ્ઞાતા પૂજ્યશ્રીએ ૧૮ પુરાણ-મનુસ્મૃતિ - વેદ - ઉપનિષદાદિનો પણ તલ-સ્પર્શી બોધ મેળવ્યો હતો.

વિ.સં. ૧૯૪૫ના પાલનપુર મુકામે પો.વ. ૮ના શુભ દિવસે પૂ.શ્રી વિજયાનંદ સૂ. મહારાજાએ સાત પુરુષોને દીક્ષા આપી હતી. તેમાં એક ભાઈને પૂ.મુ. શ્રી કમલવિજયજી મ.સા.ના શિષ્ય પૂ.મુ. શ્રી જશવિજયજી મ.સા.ના નામે જાહેર કર્યા હતા.

### મૂર્તિપૂજાની સિદ્ધિ અને વિજય :

પંજાબના ટાંડા ગામમાં સ્થાનકવાસીઓના તે કાળના પૂજ્ય સોહનલાલજી સાથે મૂર્તિપૂજાની સિદ્ધિની વાતમાં વાદ થયો. સોહનલાલજીએ વાદ સ્વીકાર્યો. વિ.સં. ૧૯૪૭ના ફાગણ વદ ૧૪ના દિવસે શાસ્ત્રાર્થ કરવાનો નિર્ણય થયો. તે દિવસે પૂ. મુનિ શ્રી કમલવિજયજી મહારાજા મુકરર થયેલા સ્થાન પર પધારી પાટ પર સ્થાન લીધું. અનેક જિજ્ઞાસુ આદિ ભાવિકો શાસ્ત્રાર્થ-વાદ જોવા એકત્રિત થયા. પણ સોહનલાલજીએ તે સભામાં આવવાનો ઈન્કાર કર્યો. છેવટે પૂજ્યશ્રીજીએ નોટીસરૂપે એક પત્ર શાસ્ત્રાર્થમાં સામેલ થવા મોકલ્યો. પરંતુ જૈન આગમોમાં ઠેર ઠેર મૂર્તિપૂજાનું વિધાન અને.પૂજ્યશ્રીજીની અપ્રતિમ વિદ્વત્તાનો પરિચય હોવાથી તેઓ આવ્યા નહિ. **પૂજ્યશ્રીજીએ શાસ્ત્ર પ્રમાણોથી સભાસદો આગળ મૂર્તિપૂજાની સિદ્ધિ કરી બતાવી.** શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપાગચ્છ સંઘનો જયનાદ થયો.

### જુસ્સાદાર ઉપદેશ દ્વારા માંસાહારનો ત્યાગ કરાવ્યો :

પંજાબમાં ઓસવાલોને ભાવડા કહેવાય છે. ગુજરાનવાલામાં **ઈચ્છાસિંહ** નામનો સરદાર માંસાહારી અને હિંસક હતો. રોજના ૫-૭ સારા સારા પ્રાણીઓને મારી-મરાવી પચાસ જેટલા કુટુંબી માટે

માંસાહારની રસોઈ કરાવી, મજેથી ખાતો-ખવરાવતો. ભાવડાઓ તેનાથી કંટાળી ગયા હતા. પણ કોઈ કહી શકતું નહિ કે કોઈનું ચાલે તેવું હતું પણ નહિ. ત્યાં પધારેલા પૂજ્યશ્રીને સંઘે વિનંતી કરી. પૂજ્યશ્રીએ એકવાર વ્યાખ્યાનમાં લઈ આવવા જણાવ્યું. એકવાર સરદાર ઉપાશ્રય પાસેથી જતા હતા ત્યારે ઠાકોરદાસ નામના આગેવાન શ્રાવકે કહ્યું કે, "સરદાર સાહિબ ! મહેરબાની કરી ઘડીભર વ્યાખ્યાનમાં પધારો. આપની ઈચ્છા હોય તે પ્રમાણે બેસજો." દાક્ષિણ્યતાથી તેઓ વ્યાખ્યાનમાં પધાર્યા. પૂજ્યશ્રીજી કરૂણા બુદ્ધિથી તેને માટે કહ્યું. આમે ય પૂજ્યશ્રીજીની પંજાબી મિશ્ર જુસ્સાદાર હિંદીભાષા હતી એટલે કહ્યું કે,

**"જબ તુમ્હારે પાંવ મેં એક કાંટા લગ જાતા હૈ, તબ તુમ લોગોં કો કિતની બડી ભારી તકલીફ હો જાતી હૈ, ઔર ઉસ વક્ત તુમ ગભરા જાતે હો. તબ જિસ જીવો પર કુહાડી યોંકે પ્રહાર કરતે હો ઉન જીવોંકી કયા દશા હોતી હોંગી ? ઉસકા જરા વિચાર કરો. જો લોક અપને ક્ષણિક સ્વાદ કે લિયે દૂસરે જીવોં કો માર રહે હૈ, ઉનકે શિર પર પરલોક મેં સોલહ સોલહ અંગુલ કે પોલહ (જુત્તે) પડેંગે, શિર ટૂટ જાયગા ઔર હડ્ડીયેં નિકલ જાયગી, લોહુ લુહાન ચહેરા હો જાયગા. જરા રહેમ રખો કિ જીસસે પરલોક મેં ભલા હો"**

આ સાંભળતાં જ સરદારનું હૈયું હચમચી ગયું. આંખમાંથી દડ દડ આંસું પડવા લાગ્યા અને સરદાર ઊભા થઈ પૂજ્ય ગુરુદેવ સામે હાથ જોડી બોલી ઊઠ્યા કે

"સાહિબ ! યે પોલે (જુત્તે) તો મેરે શિર હી પડે"

પૂ. ગુરુદેવ "નહિં સરદારજી ! આપકે શિર પર કાહે કો પડે. જો એસા કામ કરતા હો ઉસકે શિર પર પડે."

સરદાર - "હજૂર ! યેહ તો સબ ભાવડે (શ્રાવક) લોગ હૈ, ઔર યે લોગ તો એસા કામ કરતે હી નહિ. કરનેવાલા સિરફ મૈં હી થા. ઈસ લિયે યે પોલે મેરે શિર પર હી સમજે જાતે હૈ."

પૂ. ગુરુદેવ - "અબ એસા હૈ તબ તો આપ ઈસ કામ કો છોડ દીજીયે ઔર ભવિષ્યકા અભી સે સુધારા કર લીજીયે. ફિર પોલે કૈસે પડ સકતે હૈ"

સરદાર - **"સાહિબ ! અબ સે લેકર જબ તક જીવુંગા તબ તક માંસાહાર નહિ કરુંગા ઔર કુહાડીસે સાત સાત જાનવરોં કા રોજાના ફાડના છોડ દૂંગા. સબ પ્રાણીયોં કી જીવદયા પાલુંગા. આજ કે દિનકો મેં બડા હી પવિત્ર માનતા હું. આજ મેરે ભાગ્યોદયને જોર કિયા કી આપ શ્રીમાન કે દર્શન હુએ. ઔર મેરે જૈસે ઘોર હિંસકકા આપકે હાથસે ઉદ્ધાર હુઆ."**

પૂજ્યશ્રીજીની વાણીનો પ્રભાવ આ ઈચ્છાસિંહ સરદાર ઉપર એવો પડ્યો કે પોતાની પુત્રીના લગ્નમાં આવેલ ક્ષત્રિયોને **"બીજું સારામાં સારું મિષ્ટાન્ન જમાડું, ભલે ખર્ચો બમણો આવે. પણ માંસ તો નહિ જ."** આમ કહી દીધું. કર્મયોગે તેના શરીર ઉપર ફોલ્લાઓ થયા, ઘણાએ માંસાહારની સલાહ આપી. **પણ ઈચ્છાસિંહ પ્રતિજ્ઞામાં મક્કમ જ રહ્યો તે પૂજ્યશ્રીનો અદ્દભૂત પ્રભાવ હતો.**

પૂજ્યશ્રીજીની સચોટ વાણીના પ્રતાપે ઘણા મુસલમાનો પણ માંસાહારના ત્યાગી થયેલા.

## શુદ્ધ સંયમના પ્રભાવે કસોટીમાંથી પસાર થયા :

જેવા ત્યાગી-તપસ્વી-નિસ્પૃહ વ્યક્તિત્વના સ્વામી હતા તેવા જ અદ્‌ભૂત સંયમી અને યોગી હતા. રૂપ અને લાવણ્યથી દેદીપ્યમાન પડછંદ દેહધારી પૂજ્યશ્રી એકવાર સ્થંડિલ ભૂમિ જતાં હતાં ત્યારે અઢાર વર્ષની મુસલમાન મહિલા કામરાગથી પીડિત પૂજ્યશ્રીની પાછળ પાગલ બની. ત્યારે સંયમ મૂર્તિ પૂજ્યશ્રીના હૃદયભેદી એક અવાજે તે પાછી ફરી ગઈ. આ હતી તેઓશ્રીજીની સુંદર સંયમ શક્તિ !

સંયમનો સાચો સાધક લોકહેરીથી કે ચમત્કારોથી મૂંઝાતો નથી. પણ અવસરે ભ્રમિત થયેલાના ભ્રમને ભાંગી સન્માર્ગમાં સ્થિર કરે છે. વિ.સં. ૧૯૪૯ના સનખતરાના ચોમાસામાં એક મંત્રવાદી અડદના દાણાઓના ઢગલા ઉપર માટીના કોરા ઘડા નચાવતો હતો અને આખા ગામને મુગ્ધ કરતો પૂજ્યશ્રી તો અધ્યાત્મી પુરુષ હતા, આવી વાતોને મહત્ત્વ આપતા નહિ. ભલા ભોળા લોકોએ પૂજ્યશ્રીજીની આગળ આ વાત કરી તો પૂજ્યશ્રીએ કહ્યું, 'મારી સામે કરી બતાવે.' પણ પેલાનો જાદુ આ યુગપુરુષ પાસે નાકામિયાદ થયો.

## આચાર્ય પદવી :

વિ.સં. ૧૯૫૨ના જે. સુ. ૭ના મધ્ય રાત્રિએ પૂ. શ્રી આત્મારામજી મહારાજા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ત્યારે શાસન-સંઘ-સમુદાયમાં શૂન્યાવકાશ છવાયો. પૂજ્યશ્રીજીથી વડીલ એવા પૂ.શ્રી ચારિત્રવિજયજી મ., તથા પૂ. શ્રી પ્રમોદવિજયજી મહારાજે તથા સર્વે સ્થવિર આદિ મહાત્માઓએ આચાર્યપદની યોગ્યતા એક માત્ર પૂજ્યશ્રીજીમાં જોઈ. પાંચ-પાંચ વર્ષ સુધી પત્રાદિ દ્વારા અનેક પ્રકારે વિનંતી કરાઈ. આગ્રહપૂર્વક પાટણ બોલાવ્યા અને આંખમાં આંસુ વહાવી-કરગરીને વિનંતી કરાઈ ત્યારે પૂજ્યશ્રીજીએ એટલું જ કહ્યું કે પૂ.મુ.શ્રી વીરવિજયજીને ઉપાધ્યાય પદ અને મુ. શ્રી કાંતિવિજયજીને પ્રવર્તક પદ અપાય તો હું અનિચ્છા છતાં આ પદ સ્વીકારું અને અંતે તેમ જ થયું. **વિ.સં. ૧૯૫૭માં મહા સુદ-૧૫ના શુભ દિવસે પાટણમાં તેઓશ્રીને આચાર્યપદ** અને **પૂ.મુ. શ્રી વીરવિજયજી મહારાજાને ઉપાધ્યાય પદ અર્પણ થયું** અને **પૂ.મુ. શ્રી કાંતિવિજયજી મ.ને પ્રવર્ત્તક તરીકે જાહેર કરાયા.** ત્યારથી શાસન સમુદાય આ મહાપુરુષની છત્રછાયામાં શોભવા લાગ્યો. તે નિમિત્તે અનેક સ્થળે મહોત્સવો થયા તે જ સૂચવે છે કે પૂજ્યશ્રી દરેક સંઘમાં લોકોના હૈયામાં અદ્‌ભુત સ્થાન પામ્યા હતા અને **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા શ્રી સુધર્માસ્વામીની ૭૪મી પાટને શોભાવનારા થયા.**

પૂજ્ય આત્મારામજી મહારાજાની પાટને વીરતા-ધીરતા-સ્થિરતાથી દીપાવી. સત્યની રક્ષાના પ્રસંગોમાં કડવા થઈને ઘરના-પારકાનો ભેદ રાખ્યા વિના તેઓએ શાસ્ત્રીય સત્યની અડગતા બરાબર જાળવી. પૂજ્યશ્રી કહેતા કે, **"બનીયોંકે ગુરુ બનના હૈ તો સુનના સબકા લેકીન કરના વો જો ભગવાનને ફરમાયા હો !"**

આટલા મોટા પદ પર આરૂઢ છતાં તેમની નિસ્પૃહતા-નીડરતા-નિર્ભયતા આંખે ઊડીને વળગતી. **"ક્યા બડી ગદ્દી પર બૈઠને સે હી આચાર્યપદ શોભતા હૈ ? પતલે આસન પર બૈઠને સે ક્યા નહિ**

**શોભતા ? ઔર ઈસસે આત્મ ગુણો મેં કુછ હાની હો જાતી હૈ ! ક્યા ?"** આવો જવાબ વૃદ્ધાવસ્થામાં પણ મોટા કે વધારે આસન પર બેસવાનો આગ્રહ કરનારને આ નિસ્પૃહમૂર્તિ સહજતાથી આપતા.

**વિ.સં. ૧૯૬૦માં વડોદરા નરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડને પણ પૂજ્યશ્રીના ધર્મોપદેશે પ્રભાવિત કર્યા હતા.**

માંસાહારને અમૃત માનનારા ઘણા બંગાલીઓ પણ પૂજ્યશ્રીજીના સચોટ હૃદયસ્પર્શી પ્રવચનોથી માંસાહારના ત્યાગી બનેલા. તે જ રીતે પૂર્વાવસ્થામાં વિધવા થઈ ત્યારથી કુલના રિવાજ મુજબ 'વિધવાથી માંસ ન ખવાય' એ મુજબ માંસાહાર ત્યાગનાર એક વિધવા સ્ત્રી સંન્યાસ સ્વીકાર્યા પછી માંસાહાર કરવા લાગી. તેણે પણ પૂજ્યશ્રીજીના સચોટ ઉપદેશથી કાયમ માટે માંસાહારનો ત્યાગ કરેલો.

**શાસન પ્રભાવના :**

મકસીદાબાદના પૂજ્યશ્રીજીના ચોમાસામાં ત્યાંના બાબુઓ પ્રભાવિત થયા અને સુંદર ભક્તિ કરેલ. સુખ સાહ્યબીમાં રહેનારી તેમની સ્ત્રીઓએ ૩૦-૧૫-૮ ઉપવાસ આદિ તપશ્ચર્યાઓ કરેલી. ગીનીઓની પ્રભાવના થયેલી તથા રૂપિયાઓની તો રેલમછેલ થતી. આ બધો પૂજ્યશ્રીજીની નિસ્પૃહતાનો પ્રભાવ હતો. સુશ્રાવિકા રાણી મેનાકુમારીએ ચંપાપુરીનો સંઘ કાઢેલ.

**સનાતનીઓને શાસ્ત્ર પાઠ દ્વારા શાંત કર્યા જૈનધર્મનો જયજયકાર કર્યો :**

વિ.સ. ૧૯૬૪માં ગુજરાનવાલામાં વૈ.સુ. ૬ના દિવસે પૂ. શ્રી આત્મારામજી મહારાજાની અંતિમભૂમિએ શ્રી ગુરુમંદિરમાં તેમના ચરણ પાદુકાની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયેલ. તે વખતે પૂજ્યશ્રીજીની સાથે પૂજ્ય ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા પણ હાજર હતા. આ પ્રસંગની ભવ્યતા ઢૂંઢકોને ખૂબ જ ખટકી. તેથી શ્વેતાંબર મૂર્તિપૂજકોની લઘુતા કરવા પૂજ્ય આત્મારામજી મહારાજા કૃત 'અજ્ઞાન તિમિર ભાસ્કર'માં કરેલું હિંસક વેદોનું ખંડન ત્યાંના વૈદિક ધર્મી સનાતનીઓને બતાવીને તેઓને ઉશ્કેર્યા. તેના પરિણામે વૈદિકધર્મી હિન્દુઓએ પોતાના વેદશાસ્ત્રોમાં પૂજ્ય આત્મારામજી મહારાજના લખાણ મુજબની હિંસા સાબિત કરવાનું પૂજ્યશ્રીને કહેવડાવ્યું. પૂજ્યશ્રીએ વેદ ગ્રન્થોના અનેક પુસ્તકો એકત્ર કરી જોયા અને પૂ.શ્રી આત્મારામજી મહારાજે જે જે ગ્રન્થોના નામે લખાણ કર્યું તે સર્વ પાઠો ત્યાંના સનાતનીઓને બતાવ્યાં. સનાતનીઓ અને ઢૂંઢકોના હાથ હેઠા પડ્યાં. જૈન ધર્મનો જયજયકાર થયો અને પૂજ્યશ્રીએ જે જે પાઠો વેદાદિ શાસ્ત્રોમાંથી કાઢ્યા હતા તે તે પાઠોના સંગ્રહરૂપે **'ભીમ જ્ઞાન વિંશિકા'** નામનું પુસ્તક બન્યું.

**પૂજ્યશ્રીના ઉપદેશથી માછીમાર બંધ થયો :**

'અહિંસા પરમો ધર્મ:' આ વાત પૂજ્યશ્રીજીના રોમે રોમમાં વણાયેલી. જેથી ઉપદેશ પણ એવો જ સચોટ નીકળતો કે ભલભલા કઠોર હૃદયવાળા પણ પીગળી જાય. તેથી **ઉમેટા, મોગર - દેવાસ - લીમડી આદિના ઠાકોરોએ** પૂજ્યશ્રીજીના ઉપદેશથી પોતાના રાજ્યની હદના તળાવાદિમાં બોર્ડ મૂકાવેલા કે, **'પૂ. આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી માછીમારી બંધ છે'** અને કડક અમલ પણ કરાવેલો.

**'આ વાહન બેસવા મળ્યું છે તેમાં ફુલાવા જેવું નથી. અંગ્રેજોની કૂતરી પણ મોટરોમાં બેસે છે'** એવું ભલભલા રાજાઓને પણ નીડરતાથી કહી દેનારા પૂજ્યશ્રી, પોતાના આશ્રિત ગણાતા સમર્થોનો પણ શાસન રક્ષા ખાતર ત્યાગ કરે તેમાં શું આશ્ચર્ય છે ! **માત્ર જ્ઞાન કે આચારને પ્રધાનતા ન આપતા તેની સાથો સાથ તેઓશ્રી માર્ગ શ્રદ્ધામાં જરાપણ ગરબડ ચલાવતા નહિ.**

પાટણના **ફોજદાર અબ્દુલ રસીદ ખાને** પૂજ્યશ્રીના ઉપદેશથી કુરાને શરીફની રહેમને સમજી જીલ્લામાં **કુતરા નહિ મારવાનો હુકમ કર્યો હતો.** તે જ રીતે **સુરતના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ** કે જેઓ પાછળથી કચ્છના હાકેમ નીમાયા હતા. તેઓ પણ સૂરિદેવની કરૂણાસભર અમૃત વાણીથી દયા પ્રેમી બન્યા અને **તાપી નદીમાં પાંચ માઈલ સુધી માછલાની જાળ નાખવાનો મનાઈ હુકમ કર્યો હતો.** આ રીતે અનેક ગામ - નગરોના રાજા-રજવાડાઓ તેઓશ્રીની વાણીથી એવા તો પ્રભાવિત હતા અને તેથી જ જીવરક્ષાદિ કાર્યો વિશેષ પ્રકારે સફળ બન્યા હતા.

## પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર :

ઈડર આદિના પ્રાચીન જિનમંદિરોનો જીર્ણોદ્ધાર, હસ્તલિખિત પ્રતોની રક્ષા માટેનું જરૂરી ફંડ પૂજ્યશ્રીજીના સદુપદેશનું ફળ હતું. તે જ રીતે હસ્ત લેખન - સંશોધન દ્વારા પ્રાચીન સાહિત્યના ઉદ્ધારનું કાર્ય પૂજ્ય આત્મારામજી મહારાજે શરૂ કરાવ્યું હતું તે ગૃહસ્થોની ઉદારતાથી વિશેષ પ્રકારે આગળ વધાર્યું હતું અને જૈનકુળોમાં ધાર્મિક જ્ઞાનનો પ્રચાર ચાલુ રહે તે માટે વારંવાર અવસરોચિત જણાવતા હતા કે-

## ધાર્મિક શિક્ષણ માટે સચોટ માર્ગદર્શન :

**"તુમ લોગ વ્યવહારિક શિક્ષણ કે લિયે જિતના પ્રયત્ન કરતે હો, ઈતના યહ લોગ પરલોગમેં હિત કરનેવાલે ધાર્મિક શિક્ષણ કે લિયે ક્યોં નહિ કરતે ? ખ્યાલ રખના ચાહિયે કિ લૌકિક શિક્ષણ સિરફ દેને મેં આવે, ઔર લોકોત્તર શિક્ષણ ન દીયા જાવે તો ધર્મકી ભાવના જડમૂલ સે નષ્ટ હો જાયગી ઔર ભૂલના નહીં કિ જો બાલકો કો દ્રવ્ય વ્યય કરકે, અભી પઢા રહે હો વોહી બાલક બડે હોકર ધર્મ ભાવના કે અભાવસે કુલાચાર, ધર્માચાર, વિવેક ઔર વિનયસે ભ્રષ્ટ હોકર તુમ્હારા ઔર દેવ, ગુરુ, ધર્મોકા સામના કરેંગે, ઔર ધર્મ કે સાધનોં કા ધર્મકી ઉત્તમ ક્રિયાયોંકી જડ શિક્ષણ કે પ્રભાવ સે હાંસી કરેંગે; ઔર ઉન ક્રિયા સે વંચિત હોકર વે લડકે અભક્ષ્ય ભક્ષણ આદિ પાપાચરણ મેં આસક્ત બનકર દુર્ગતિ મેં ચલે જાયેંગે; ઈસલિયે તુમ્હારે બચ્ચોં કે લિયે કુછ ને કુછ પાઠશાલા કે લિયે પ્રબંધ કરના ચાહિયે જિસસે ધર્મકા પરિજ્ઞાન મિલે, અચ્છે સંસ્કાર લગે, ઔર દેવગુરુ ધર્મ પર શ્રદ્ધા બઢતી રહે."**

## કુમતના પ્રચારને અટકાવ્યો :

માર્ગસ્થ એવા પૂજ્યશ્રીજીના હૈયે શાસનનું હિત - સત્ય સિદ્ધાન્તો એવા વસ્યા હતા કે વર્ણન ન થાય. શાસનમાં કોઈપણ કુમતનો પ્રચાર થાય તો ચકોર દીર્ઘદષ્ટિથી તરત જ તે ઉગતા અનિષ્ટને દાબવાનો પ્રયત્ન કરતા. રાયચંદ નામના એક ગૃહસ્થે અનેક કુવિકલ્પોની જાળથી નવો કુમત પ્રચારવો શરૂ કર્યો. વિચિત્ર તર્ક વિતર્કોથી સર્વજ્ઞના સિદ્ધાન્તોમાં અનેકને શંક્તિ બનાવતો હતો. **ગૃહસ્થપણામાં અનધિકારીપણે**

**આગમોનું વાંચન એટલે ઉન્માર્ગ પોષવામાં કમીના શી રહે ? સર્વ ગુણ સંપન્ન એવા ભગવાનમાં પણ અપલક્ષણ કયાં ઓછા છે - આવા વાક્યોથી ભગવાનને પણ દૂષિત કરવા તૈયાર થયો.** વળી કહેતો - **આ કાળે તીર્થંકર ન થવાય એવું કાંઈ નથી. હું ઉચ્ચ શ્રેણીમાં ચઢ્યો છું અને થોડા દિવસની વાર છે, કાંઈ નવું જ જોશો** - આવી ઉત્સૂત્રમય આગમ વિરુદ્ધ વાતો કરી ભોળા ભદ્રિક લોકોને ભરમાવતો. તેના ભક્તો તેને પચ્ચીશમા તીર્થંકર તરીકે ઓળખાવતા.

ત્યારે આપણા સૂરિચક્રવર્તીએ પ્રસંગ પામી જાહેર સભામાં - **રાયચંદનો નવો મત ખોટો છે. શાસ્ત્ર વિરુદ્ધ છે તે વાત અનેક યુક્તિ-પ્રયુક્તિથી શાસ્ત્ર દ્વારા સિદ્ધ કરી સમજાવી હતી** અને સાથે ભારપૂર્વક સમજાવ્યું હતું કે - **દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકરથી વધુ થતા જ નથી. એ અનાદિકાળનો અબાધિત સિદ્ધાંત છે. પચ્ચીશમાં તીર્થંકર તરીકે પોતાની જાતને મનાવનારા તથા માનનારા કેવળ અજ્ઞાન શિરોમણી છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી** - આ રીતે અનેકને બચાવ્યા હતા.

આપણા ચારિત્ર નાયકશ્રીજીની આવી દીર્ઘદર્શિતાથી ખુદ **પૂ.આ.શ્રી નેમિસૂરિશ્વરજી મહારાજા પ્રભાવિત બની પ્રશંસા કરતા હતા કે - નિસ્પૃહતાનો અને સાચે સાચી વાત ઝટ કહી દેવાની ધર્મ ધગશનો ગુણ તો આચાર્ય શ્રીમાન્ કમલસૂરિજીમાં અજબ જોવામાં આવે છે.** આથી સૌ વાચકો સાચી રીતે સમજી શકે છે કે પર સમુદાયના સાધુઓ પણ જેઓની શાન્ત મુદ્રા, પ્રભાવશાલી વ્યક્તિત્વ અને નિસ્પૃહતા જોઈ ઝૂકી પડતા હતા.

ઉન્માર્ગ ઉન્મૂલન, અદ્‌ભૂત વાદ શક્તિ અને તાત્ત્વિક શાસ્ત્રબોધ સંપન્ન **પૂ.મુ.શ્રી લબ્ધિવિજયજી મ.ને 'જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ'** બિરૂદથી વિ.સં. ૧૯૭૧માં પૂજ્યશ્રીએ અલંકૃત કર્યા હતા.

## દેવદ્રવ્યની રક્ષા તથા - બાલદીક્ષાની રક્ષા :

દેવદ્રવ્યની રકમ સાધારણમાં લઈ જવા માટે કેટલાક મુનિઓ અને ગૃહસ્થોનો પ્રયત્ન ચાલુ હતો. આની અસર વડોદરાના આગેવાનમાં પણ આવી હતી. આ વાતની પૂ. આચાર્યદેવશ્રીને ખબર પડતાં **વ્યાખ્યાન પીઠ પરથી જુસ્સાથી અને અસરકારક શૈલીથી દેવદ્રવ્યની સિદ્ધિ, દેવદ્રવ્યોના ભક્ષકોની દુર્દશા, દેવદ્રવ્યના રક્ષણથી બંધાતા તીર્થંકર નામ-ગોત્ર વગેરે શુભ પરિણામો** - શાસ્ત્રીય પુરાવા સાથે સમજાવવા દ્વારા અનર્થકારી ધર્મ વિરુદ્ધ પ્રણાલિકાને અટકાવી હતી અને પુનઃ એ શરૂ ન થાય તે માટે પૂરતો બંદોબસ્ત કર્યો હતો. આવી જ રીતે દેવદ્રવ્યાદિના રક્ષણની વ્યવસ્થા સાથે બાલદીક્ષા આદિના ખરડાઓ સામે થતા વિરોધ, કોર્ટ - કચેરીના મામલાની ઝીણી-ઝીણી વિગત જાણી જરૂરી માર્ગદર્શન આપતા અને શાસનના સત્યોનો વિજય થતાં વૃદ્ધ વયે પણ હર્ષિત થતા. આ બધા પ્રસંગોમાં પૂ. બાપજી મ., પૂ.પં. શ્રી દાનવિજયજી ગણી, પૂ. શ્રી સાગરજી મહારાજ આદિને પણ સાથે રાખતા અને શાસનનું ગૌરવ વધે એવા પ્રયત્નો કરતા. પદવી નહિ લેવાના આગ્રહ વાળા પૂજ્ય બાપજી મહારાજાને વિ.સં. ૧૯૭૫માં આચાર્યપદ પ્રદાન પૂજ્યશ્રીના વાસક્ષેપપૂર્વક થયું હતું.

પોતાના જીવનમાં દરેક મતોના ગ્રન્થોનું પૂજ્યશ્રીએ સાંગોપાંગ અવલોકન કર્યું હતું અને ખાસ ખાસ ઉપયોગી વિષયોની પોતે નોંધો કરતા હતા અને પૂ.આ.શ્રી લબ્ધિ સૂ.મ.ના પ્રયત્નોથી [તે નોંધો] 'મત મીમાંસા' ભાગ-૧ (હિન્દી ભાષામાં) ગ્રન્થ વિવિધ ભાવાર્થ સાથે પ્રગટ કરેલ. જો સંપૂર્ણ નોંધ પુસ્તક રૂપે પ્રગટ થઈ હોત તો ભાવિ પેઢીને એક અપૂર્વ દાર્શનિક ગ્રન્થની પ્રાપ્તિ થાત ! પૂજ્યશ્રીજીના જ્ઞાન વૈભવનું વિશેષ દર્શન થાત !

પૂજ્યશ્રીજીની આંતરિક ગુણગરિમાથી દિગ્ગજ પંડિતો પણ આકર્ષાતા હતા. પંજાબના ન્યાયનિપુણ વૈદિક પંડિત બંસીધરજી કહેતા હતા કે - જૈન દેવના દર્શન કરતાં શત્રુંજય પર શ્રી ઋષભદેવ પ્રભુના દર્શનથી અમને પરમાત્મ તત્ત્વનો ભાવ જાગ્યો અને મહાત્માઓના દર્શન કરતાં ગુરુ ભાવ જાગ્યો હોય તો પૂજ્ય કમલસૂરિશ્વરજી મહારાજાના દર્શનથી જાગ્યો હતો. આ હતી પૂજ્યશ્રીજીની અલખ-અગોચર ગુણ વૈભવની ઝાંખી !

વિ.સં. ૧૯૮૧માં મહા સુદ-૫ના છાણી ગામે પૂજ્યશ્રીએ સ્વહસ્તે પૂ.આ.શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજા અને પૂ.આ.શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજાને આચાર્યપદથી અલંકૃત કરી પોતાની પાટ ઉપર સ્થાપ્યા હતા.

પૂજ્યશ્રીજીએ જે કપરા સંયોગોમાં જે રીતે સન્માર્ગને અને શુદ્ધ સંવેગી દીક્ષાને પ્રાપ્ત કરી હતી તેનું પોતાના પ્રાણની જેમ જ જતન કરતા હતા. તેમના રોમેરોમમાં સંયમરાગ વસ્યો હતો અને જીવનના છેલ્લા વર્ષોમાં શહેરોમાં થતો મર્યાદા લોપ જોઈને તેઓ બોલી ઉઠયા કે, **"શહેરી લોક ચંદનકી ચિતાસે જલાયેંગે તો લકડી સે જલાનેવાલે ગામડે મોજુદ હૈ, મૃત્યુ બિગાડના નહિ હૈ"** આમ કહી નાના ગામડાઓમાં રહેવાનું પસંદ કરતા અને પોતાની સાધના - આરાધનામાં મસ્ત રહેતા. સુરતના શ્રીસંઘનો આગ્રહ વૃદ્ધાવસ્થામાં સુરત સ્થિરતા કરાવવાનો હોવા છતાં **સંયમના પ્રેમે** નવસારી પાસેના **જલાલપોર** ગામમાં પધાર્યા, ત્યાં સ્થિરતા કરી અને અંતિમશ્વાસ પણ સમાધિપૂર્વક ત્યાં જ છોડ્યો.

**સ્વાધ્યાય પ્રેમ :**

વૃદ્ધાવસ્થામાં પૂજ્યશ્રી સમતામૃતના ઝરણા સમાન ઉપદેશ દેતા. ચઉશરણ પયન્ના, આઉર પચ્ચક્ખાણ, સમાધિ વિચાર આદિ ગ્રંથોનું શિષ્યાદિના મુખે શ્રવણ કરતા હતા. ત્રિકરણ યોગે આત્મ ચિંતનમાં સમય પસાર કરતા હતા. આમ પણ વિના પ્રયોજને કોઈની પણ સાથે બોલવું, ખટપટ કરી સમય વ્યય-બરબાદ કરવાનું તેઓશ્રીજીને જરા પણ પસંદ હતું નહિ. પૂ.આ.શ્રી.વિ. લબ્ધિસૂ.મ.સા. તથા પૂ.આ. શ્રી. વિ. દાનસૂ.મ.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ.મુ. શ્રી મંગલવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી મેરૂવિજયજી મહારાજા આદિ મહાત્માઓ પ્રતિક્ષણ પૂજ્યશ્રીની સેવામાં તત્પર રહેતા હતા.

**અંતિમ આરાધના :**

વિ.સં. ૧૯૮૩ના મહા વદિ-૬ના બુધવારે સવારે ચારિત્ર નાયકશ્રીના પુણ્યદેહમાં વ્યાધિ વધવા

લાગ્યો. પૂ.આ. શ્રી લબ્ધિ સૂરિ મહારાજે દવા લેવાની વિનંતિ કરી. પણ પૂજ્યશ્રીએ દવા લેવાની ના કહી. સવારના આઠ વાગ્યાથી સતત એકાગ્રપણે સંપૂર્ણ મૌનપૂર્વક વૈરાગ્યોત્પાદક ગ્રન્થાદિનું શ્રવણ કરતાં જ રહ્યા. આ સમાચાર વાયુવેગે ચારે બાજુ ફેલાયા હતા. ચારે પ્રકારનો સંઘ ગામે ગામથી એકઠો થયો હતો. સાંજના ચારેક વાગે પૂ.મુ. શ્રી લક્ષ્મણ વિ.મહારાજે (પછીથી આચાર્ય) ગભરાતા હૃદયે પૂછયું કે, **'સાહેબ ! ધર્મ સુણાવે !'** ત્યારે તેઓશ્રીએ આઠ કલાકના મૌન પછી સૌને છેલ્લો જ સંદેશો આપવાનો ન હોય તેમ **'ઈસમેં ક્યા પૂછના'** કહી મૌન થયા. આ રીતના ધર્મ શ્રવણ કરતાં મહા વદ-૬ના રાત્રિના લગભગ આઠ કલાકે સમાધિથી કાળધર્મ પામી પરલોકના પંથે ચાલ્યા ગયા. બીજા દિવસે રેશમી વસ્ત્રોથી તથા ઝરિયનની સુશોભિત શિબિકામાં તેમના દેહને પધરાવી, શા. મોતીચંદ જીવણજી તરફથી ભેટ અપાયેલી ભૂમિમાં અગ્નિદાહ અપાયો. તેનો ચડાવો વડોદરા પાસે આવેલ નસવાડી ગામના રહીશ મૌન વણિક હિંમતલાલે લીધો હતો અને આ પુણ્યાત્માએ તે પછી પૂ.મુનિ શ્રી રામવિજયજી મ. (પછીથી પૂ.આચાર્ય)ના શિષ્ય પૂ.મુ. શ્રી જશ વિ.મ. પાસે પૂ.મુ.શ્રી હેમવિજયજી મ.ના નામે દીક્ષા અંગીકાર કરી હતી.

જલાલપુર અગ્નિ સંસ્કારની જગ્યાએ ગુરુ મંદિર બનાવેલ છે.

પૂજ્યશ્રીજીના ગુણ વૈભવમાં, એક આંખમાં ભીતી અને બીજી આંખમાં પ્રીતિ રૂપ ધર્માચાર્યનાં બે ગુણો જ્વલંત જોવા મલતા હતા. વૈરાગ્યના વૈરીઓ જેમ જૈન ગણાવા છતાં પણ શાસનના દુશ્મનો છે **તેમ દુનિયાની વાહવાહમાં પડેલા શાસનના સેવકો પણ દુશ્મનની ગરજ સારે છે એમ પૂજ્યશ્રી સ્પષ્ટપણે માનતા હતા. તેથી જ ધર્મ કરવાની ભાવનાવાળા અને ધર્મનો વિરોધ નહિ કરનારા તરફ ધર્માચાર્યની અમીદૃષ્ટિ હોય પણ ધર્મદ્રોહીઓ અને નાશકો તો તેમનું નામ સાંભળીને પણ કંપતા હોય - એ વાત તેઓશ્રીના જીવનમાં જોઈ શકાતી હતી. કેમ કે વિરોધીઓની સામે ઊભા રહેવું એ મુશ્કેલ છે, સંઘ - સમુદાયમાં સડો થાય ત્યારે સામે ઉભા રહેવું. એથી ય મુશ્કેલ છે. મતભેદ પડે ત્યારે શરમ કે ભક્તિથી લેપાયા વિના સત્યની તરફેણ કરવી એથી ય વધારે મુશ્કેલ છે અને એના કરતાં ય વધારે મુશ્કેલ પોતાના આશ્રિતો - સહચારીઓ ઉન્માર્ગે જાય ત્યારે તેમની સામે ઉભા રહીને તેમની દુષ્પ્રવૃત્તિઓને ધૂળમાં મેળવવી એ છે. આ બધું જ પૂજ્યશ્રીએ પ્રતિભા બળથી કરી બતાવ્યું હતું.**

સમજ, સમતા અને સત્ત્વને ધરનારા મહાપુરુષને ભાવભરી વંદના.

"'હું માનું તે સાચું' એમ નહિ પણ 'અનંત જ્ઞાનીઓ કહે તે જ સાચું અને એથી અનંતજ્ઞાનીની આજ્ઞાને સ્વીકાર કરવામાં જ આત્માનું કલ્યાણ છે' એ જાતિનો નિશ્ચય જે આત્માને હોય, તે આત્માને અનંત જ્ઞાનીઓની આજ્ઞા મુજબ વિચરતા મહાપુરુષોનો યોગ મળે, તો સન્માર્ગની પ્રાપ્તિ થયા સિવાય રહેતી નથી."

**પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# પૂજ્ય ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : વીરજીભાઈ | ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રી લક્ષ્મીવિજયજી મ. (પૂ. મુ. શ્રી લક્ષ્મી વિ.મ. પૂ. આત્મારામજી મ.ના શિષ્ય હતા.) |
| જન્મ | : વિ.સં. ૧૯૦૭ **બાડી પડવા** (ભાવનગર) | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી વીરવિજય મ. |
| માતા | : રામબાઈ | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૪૦ વડી દીક્ષા વખતે પૂ. આત્મારામજી મ.ના શિષ્ય કર્યા. અમદાવાદ. |
| પિતા | : મીઠાભાઈ | | |
| દીક્ષા | : વિ.સં. ૧૯૩૫ કા. વદ - ૫ **અંબાલા** (પંજાબ) | ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૯૫૭ મ. સુદ-૧૫ **પાટણ** |
| | | સંયમ પર્યાય | : ૪૦ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૮ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૧૯૭૫ મા. વદ-૮ **ખંભાત** |
| દીક્ષા દાતા | : પ. પૂ. આત્મારામજી મહારાજા | આયુષ્ય | : ૬૮ વર્ષ |

**સૌજન્ય**

**શા. ફતેચંદજી પન્નાજી સાકરીયા પરિવાર**

બેડા નિવાસી હ. દેવીબેન, કાન્તીલાલ, પિનેશ, સંયમ, પ્રત્યુશ

વચન સિદ્ધ વિભૂતિ, સુવિશુદ્ધ ચારિત્રના ધારક

# પૂજ્ય ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા

श्रीमते धर्मवीराय, ज्ञानवीराय योगिने ।
नमो वाचकवीराय, वीरभक्तिविलासिने ।।

**જન્મ - માતા પિતા :**

ભાવનગરની નજીક બાડી **પડવા** ગામમાં ભાવસાર જ્ઞાતિના સદ્‌ગૃહસ્થ શ્રી મીઠાભાઈના કુળમાં તેમના ધર્મપત્ની રામબાઈની કુક્ષિએ વિ.સં. ૧૯૦૭ના એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું વીરજી નામ પાડવામાં આવ્યું. તેમના મોટાભાઈ વિઠ્ઠલદાસ હતા. બાલ્યવયને પસાર કરી ગામની પ્રાથમિક શાળામાં જરૂરી વ્યવહારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેમના પિતા મીઠાભાઈ સત્સંગી હતા. પિતા સાથે ભાવનગર સત્સંગમાં તેઓ જતાં અને ભજન-કીર્ત્તનમાં ભાગ લેતા અને પોતાના સ્વર માધુર્યથી શ્રોતાઓને આનંદિત કરતા.

**જૈન ધર્મના સંસ્કાર :**

અન્ય સંપ્રદાયની છાયામાં ઉછરેલા વીરજીભાઈનું ભાવિ ઉજ્જવલ હતું. તેથી બાડી પડવાની જન્મભૂમિ છોડી ભાવનગર પોતાના મોસાળ આવ્યા. તેમના મામા મૂળજીભાઈ જૈન ધર્મના જ્ઞાતા અને ઉપાસક હતા. તેમની છાયા તેમના ઉપર પડી. સુદેવ-ગુરુ-ધર્મનું સત્ય સ્વરૂપ જાણવામાં આવ્યું. પછી પૂજાની વિધિ, સામાયિક પ્રતિક્રમણાદિ શ્રાવકને યોગ્ય કરણીની બધી વિધિ મામા પાસે શીખ્યા. તેમના લગ્ન ભાવનગરના વતની **ભાવસાર રઘા માંડણની** પુત્રી જવલ સાથે થયા હતા. તે પણ સાચા અર્થમાં ધર્મપત્ની હતા. સદ્‌ગુણી સન્નારી હતી. તેમના મામા મૂલજીભાઈએ વિ.સં. ૧૯૩૦ના પૂ.શ્રી મૂલચંદજી મહારાજા (પ.પૂ.મુ. શ્રી મુક્તિવિજયજી મ.) પાસે દીક્ષા લીધી અને તેમનું પૂ.મુ. ભાગ્યવિજયજી મ. નામ પડ્યું. તેથી વીરજીભાઈના હૈયામાં પણ દીક્ષા લેવાના મનોરથો જાગ્યા.

**દીક્ષા :**

એકવાર તો દીક્ષાની ભાવનાથી ભાગી છુટયાં, પણ સ્વજનો પાછા લઈ આવ્યા. પરંતુ તેમની દીક્ષા લેવાની દૃઢ ભાવનાને જાણી માતાએ શરત મૂકી કે, તું મારે એકનો એક પુત્ર છે માટે ભવિષ્યમાં મારી સંભાળ કોણ લે ? એથી તારે એક પુત્ર થાય, તે પછી તું દીક્ષા લેવાનો વિચાર કરજે. પછી અમે આડા નહિ આવીએ.

વીરજીભાઈએ માતાની આ વાત કબૂલ કરી. સંસારમાં નિર્લેપ ભાવે રહેતા વીરજીભાઈએ થોડો સમય પસાર કર્યો. વિ.સં. ૧૯૩૪માં એક દિવસ વીરજીભાઈ ઘી લેવા માટે ભાવનગર ગયા હતાં. પાછા ફરતાં એક બ્રાહ્મણે સમાચાર આપ્યા કે, "વીરજી ! તારી વહુએ પુત્રને જન્મ આપ્યો છે." બસ આ સાંભળી હાથમાંની ઘીની તપેલી અને આઠ આના તે બ્રાહ્મણને આપી દીધા અને કહ્યું કે, મારી માતાને કહેજો કે, 'વીરજી વચન પૂરું કરી દીક્ષા લેવા ગયો' છે.

આ સમાચાર મળતાં માતાને ખાતરી થઈ કે હવે વીરજી પાછો નહિ આવે. (તે પુત્રનું નામ ભાઈચંદ પાડવામાં આવ્યું હતું.) વીરજીભાઈ દીક્ષા લેવા માટે પંજાબના લુધિયાણા શહેરમાં આવ્યા. ત્યાં પૂ.શ્રી આત્મારામજી મ.ના પરિચયમાં આવ્યા. તેમના દર્શન અને તેમની વાણીના શ્રવણથી વૈરાગ્ય ભાવ સુદૃઢ બન્યો. દીક્ષાની ભાવના વ્યક્ત કરી, તેમની યોગ્યતા જોઈ મુમુક્ષુ તરીકે સાથે રાખ્યા. કુટુંબીઓ લેવા આવ્યા. પણ તેમની મક્કમતા જોઈ પાછા ગયા અને વિ.સં. ૧૯૩૫ના કારતક વદ-૫ના અંબાલામાં (પંજાબ) તેમની દીક્ષા થઈ અને તેમનું મુનિ શ્રી વીરવિજયજી મ. નામ પાડી, પ. પૂ. આત્મારામજી મહારાજાના શિષ્ય પૂ.મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કર્યા.

ગુર્વાદિ વડિલોને પોતાના વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાયમાં મગ્નતા આદિ ગુણોથી રંજીત કરી ન્યાય, વ્યાકરણ, પ્રકરણ-કાવ્યો આદિનો સાંગોપાંગ સુંદર અભ્યાસ કર્યો. પંજાબમાં કેટલોક સમય વિચરી ગુજરાત તરફના વિહારમાં જ્યારે આબુ પહોંચ્યા ત્યારે પોતાના તારક પૂ. ગુરુવર્ય શ્રીલક્ષ્મીવિજયજી મહારાજા પાલીમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર તેઓશ્રીને મળ્યાં. શોકાતુર હૃદયને વીરવાણીના પ્રભાવે સમજાવી શોક મુક્ત બન્યા. **વિ.સં. ૧૯૪૦માં અમદાવાદ**માં પૂ. મુક્તિવિજયજી મ. ની પાસે વડી દીક્ષાના યોગોદ્વહન કરી **પૂ. શ્રી આત્મારામજી મહારાજાના શિષ્ય તરીકે જાહેર કરાયા.** તે પછી તેઓશ્રીએ પોતાના તારક પૂ. ગુરુવર્ય પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

**ત્યાગ-તપશ્ચર્યા :**

તેઓશ્રીએ સર્વથા પકવાન્ન (મિષ્ટાન્ન) અને લીલોતરીના ત્યાગનો તથા નિત્ય એકાસણાનો તપ કરવો તેવો અભિગ્રહ વિ.સં. ૧૯૪૧ના સુરતના ચોમાસામાં કરેલ.

પૂજ્યોની આજ્ઞાપૂર્વક જયપુરના શ્રી હીરાચંદજી યતિ પાસે શાસ્ત્રાધ્યયના અવસરને સાધી લીધો.

તેમનું વાણીનું માધુર્ય અનુપમ હતું. તેઓનું સંગીત હૃદયનું સંગીત હતું. એમની અદ્‌ભૂત સાહજિક સંગીત શક્તિઓનો પરચો ગુજરાતના સારા સારા સંગીતકારોને થયો હતો. આત્મ સૌંદર્ય ઉપરાંત શાસન પ્રભાવક એવું શારીરિક વિશિષ્ટ સૌંદર્ય તેમની પ્રભાવકતાને ફેલાવી રહ્યું હતું.

જ્ઞાનની પરિણતિએ તેઓશ્રીને કર્તવ્ય પરાયણ બનાવ્યા. તેના પરિપાકરૂપે જ વિ.સં. ૧૯૩૮માં જયપુરમાં શ્રી કલ્યાણસાગરજી નામના ખરતરગચ્છીય મુનિની ખડે પગે વૈયાવચ્ચ કરી. અંતિમ સમય સુધી નિર્યામણા કરાવી શ્રેષ્ઠ સમાધિ આપી. આ કાર્યમાં તેઓશ્રીએ ગચ્છ કે સમુદાયનો ભેદ દૃષ્ટિપથમાં રાખ્યો ન હતો.

તેમની યોગ્યતા જોઈ ગુર્વાજ્ઞાથી વિ.સં. ૧૯૪૪નું ચોમાસું મુ. કાંતિવિજયજી મ. તથા મુ. રાજવિજયજી મ. સાથે ભરૂચ કર્યું. તે ચોમાસામાં સરળ અને રસિક ચતુર્વિંશતિ જિન સ્તવનની રચના કરી હતી.

## ચમત્કાર અને મૂર્તિપૂજા વગેરે ૨૨ પ્રશ્નોનું સમાધાન :

લીંબડીનો પોપટ નામનો બહેરો-મૂંગો યુવાન નિર્વાહ માટે શિહોરમાં આવીને રહેતો હતો. પૂજ્ય ઉપાધ્યાય શ્રી શિહોર પધાર્યા. તેઓશ્રીની પોપટે ખૂબ ભક્તિ કરી, એક વખત પોપટ પૂ. ઉપાધ્યાયજી મહારાજના પગ દાબતો હતો. ત્યારે પૂજ્યશ્રીએ પુછયું કે કોણ છે ? પોપટ મૂંગો હોવાથી બોલે કેવી રીતે ? ત્યાં તો ઉપાધ્યાયજી મહારાજ બોલ્યા કે 'અરે બોલ ! બોલતો કેમ નથી ?' ત્યાં તો પોપટ બોલતો અને સાંભળતો થઈ ગયો. આ ચમત્કારથી જૈન-જૈનેતર લોકો શ્રેણી બદ્ધ આવવા લાગ્યા. શંક્તિ બનેલા રાજ્યાધિકારીઓ પણ પ્રસંગને પ્રત્યક્ષ નીહાળી જૈન ધર્મના સંયમનો મહિમા ગાવા લાગ્યા.

આ ચમત્કાર સાંભળીને અમરેલીના ગોંડલ સંપ્રદાયના વીરજી સ્વામી નામના ઢુંઢક સાધુએ પૂ. મહારાજશ્રીનું નામ, વિદ્વતા, તેમની સમાધાન શક્તિ અને શિહોરમાં બનેલ ચમત્કારથી આનંદિત થઈ પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલા, મૂર્તિ માનવાનું પ્રયોજન શું છે ? તેમની પૂજા કરવામાં દોષાપત્તિ ખરી કે નહિ ? મુનિઓ મુહપત્તિ હાથમાં રાખે અને વંદન કરનારને ધર્મલાભ આપે એવો કોઈ શાસ્ત્રમાં ઉલ્લેખ છે કે કેમ ? આવા બાવીશ પ્રશ્નો પૂ. મહારાજશ્રીને પૂછાવ્યા. પૂ. મહારાજશ્રીએ પત્ર દ્વારા યુક્તિપૂર્વક શાસ્ત્રાધારોની સાથે જવાબ આપી સમાધાન કર્યું. તેના પ્રભાવે ઢુંઢક વીરજી સ્વામીને પ્રતિમા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા થઈ અને તે પછી વિ.સં. ૧૯૫૮ કા. વદમાં આ જ વીરજી સ્વામી પૂ. ઉપાધ્યાયજી મ.ના શિષ્ય બની મુનિશ્રી વિનયવિજયજી મ. બન્યા હતા.

વિ.સં. ૧૯૪૫નું ચાતુર્માસ **ઘોઘા**માં કર્યું, ત્યાં ચાતુર્માસ પછી વિ.સં. ૧૯૪૬ના માગસર સુદ ૫ના શુભ દિવસે ઝીંઝુવાડાના મુમુક્ષુ દીપચંદભાઈને દીક્ષા આપી પોતાના શિષ્ય મુનિ દાનવિજયજી મ. તરીકે જાહેર કરવામાં આવ્યા. (પૂ.આ.શ્રી દાનસૂરિ મ.સા.)

## આપેલા વચનનું અણિશુદ્ધપાલન :

વિ.સં. ૧૯૫૫માં પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી તીર્થાધિરાજ સિદ્ધગિરિની છત્રછાયામાં પધાર્યા. તે મહાન તીર્થની યાત્રા કરી ત્યાં થોડા દિવસો સ્થિરતા કરી. તેવામાં ઘોઘાના સંઘ તરફથી ચાતુર્માસની આગ્રહપૂર્વકની વિનંતિ થતાં પૂ. ઉપાધ્યાયજી મ.શ્રીએ તેનો સ્વીકાર કર્યો. જ્યારે પૂ. ઉપાધ્યાયજી મ. પોતાનું વચન પાળવા તત્પર થયા. તે સમયે પાલીતાણાના સંઘે અતિઆગ્રહથી ચાતુર્માસ રહેવા વિનંતિ કરી. શ્રી વીરમુનિની વાણીરૂપ સુધાપાનથી અને તેઓશ્રીની ભાવના ભરેલી સંગીત પૂજાના અલભ્ય આનંદથી વશીભૂત થયેલા શ્રી સિદ્ધગિરિના સંઘે પૂજ્યશ્રીને રાખવા મહાનયત્ન કર્યો. પરંતુ તેમાં તેમને નિષ્ફળતા મળી છેવટે તે **ભદ્રિક શ્રાવકોએ વિહાર કરવાના દિવસે ઉપાશ્રયના દ્વાર ઉપર તાળાં વાસ્યા હતા.** પૂ. ઉપાધ્યાયજી મ. તૈયાર થઈ નીચે ઉતરતાં દ્વાર બંધ જોઈ આશ્ચર્ય પામી ગયા અને લોકોનો તેવો ભક્તિ ભરેલો આગ્રહ જાણી તેઓએ મુખ પર આનંદના અંકુરો પ્રગટ કરતાં જણાવ્યું કે, "ઘોઘાના સંઘને આપેલા વચનનો ભંગ મારાથી થઈ શકશે નહિ" તે જ વખતે લોકોએ વિનીતભાવે કહ્યું કે, "આપ તૈયાર થઈને ચાલ્યા, તેટલા ઉપરથી આપના વચનનું પાલન થઈ ચૂકયું તો હવે કૃપા કરી અમારી નમ્ર વિનંતિ

ઉપર આપે ધ્યાન આપવું જોઈએ." **તેના ઉત્તરમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે પોતે આપેલા વચનનું પ્રતિપાલન કરવાની પોતાની દૃઢતા દર્શાવી** જેથી લોકોએ નિરૂપાયે દ્વાર ઉઘાડયાં એટલે તેઓશ્રીએ વિહાર કર્યો.

પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ.નો વચન પાલન કરવાનો આ મહાન ગુણ જોઈ સર્વ લોકો આનંદાશ્ચર્ય બની તેમની પ્રશંસા કરવા લાગ્યા. આ મહાન ગુણ તેમના ચારિત્ર જીવનને ઉજ્જવલ બનાવનારો થયો હતો અને તેથી તેઓ ખરેખરા શ્રીવીરપ્રભુના સંતાન કહેવાયા હતા. વિ.સં. ૧૯૫૫નું ચાતુર્માસ ઘોઘામાં કર્યું.

વિ.સં. ૧૯૫૭ કાર્તિક વદ ૬ના શુભ દિવસે શ્રી સિદ્ધગિરિ તીર્થમાં પૂજ્યશ્રીએ **પિંડવાડાના પ્રેમચંદજી (પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરિ મ.સા.)** આદિ (૪) ચાર મહાનુભાવોને એક સાથે દીક્ષા આપી. તેમના અનુક્રમે મુનિ શ્રી પ્રેમવિજયજી મ., મુ. શ્રી મુનિચંદ્રવિજયજી મ., મુ. શ્રી સૌભાગ્યવિજયજી મ. અને મુ. શ્રી હેતવિજયજી મ. નામ સ્થાપિત કરવામાં આવ્યા.

**ઉપાધ્યાય પદ :**

આ ચરિત્રના નાયક પ.પૂ. શ્રી વીરવિજયજી મ.સા.ને તેમના તેવા સદ્ગુણોથી આકર્ષાઈને સમગ્ર સંઘની વિનંતીથી **પ. પૂ.આચાર્યશ્રી કમલસૂરીશ્વરજી મહારાજાએ ઉપાધ્યાય પદવી આપી.** તેમની સાથે પૂ. મુનિ શ્રી કાંતિવિજયજી મ.ને પ્રવર્તક પદવી અર્પણ કરવામાં આવી. ત્યારથી શાસન-સમુદાય રાજ યુવરાજની આ જોડીની દિવ્ય પ્રભાથી દીપી ઉઠ્યો. તે વખતે એક કવિએ લખ્યું હતું કે,

"હરત્યજ્ઞાનાંધ્યં ભવિક હૃદયાબ્જાનિ સતતં, કરોત્યન્તર્જાત પ્રકટ સુવિકાશાનિ સમુદમ્ ।
કષાયાણામુગ્રં જનયતિ કુતાપં હ્યશુભવં, ઉપાધ્યાયો જીયાદ્ વિજય પદ યુગ્ વીરતરણિઃ ॥"

**ભાવાર્થ** : શ્રી વીરવિજયજી ઉપાધ્યાયરૂપી સૂર્ય હંમેશા અજ્ઞાનરૂપ અંધકારને હરે છે. ભવિજનોના હૃદયરૂપી કમલોને હર્ષથી પ્રગટ વિકાશવાળા કરે છે અને કષાયોને અશુભ અને ઉગ્ર એવો પરિતાપ ઉપજાવે છે."

પાટણના ચોમાસામાં તેઓશ્રીએ શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનભંડારનું બારીકાઈથી અવલોકન કરી કેટલાક પુરાણા ગ્રંથોની શોધ કરી અને અલભ્ય એવા ગ્રંથોની ઉપયોગી નકલો કરાવી હતી.

વિ.સં. ૧૯૫૯ના પાલનપુરના ચોમાસામાં સંઘમાં જે કુસંપ અને છિન્નભિન્નતા હતી. તેનો યોગ્ય ઉકેલ લાવી આખા સંઘમાં એકતા કરાવી હતી.

એક વખત પૂજ્યશ્રી ગુરુવર્યો આદિ સાથે સૌરાષ્ટ્રમાં પધારેલા ત્યારે ભાવનગર પાસે સાણોદર ગામે પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મ. (પંજાબી) આદિએ સવારે વિહાર કર્યો અને પોતે નવકારશી વાપરવા રોકાયા. તેઓશ્રીએ પછી આઠ વાગે વિહાર કર્યો. પૂ. દાનવિજયજી મહારાજ દસ માઈલ ચાલીને કોળિયાક પહોંચ્યા ત્યાં તો પૂ. મુનિ શ્રીવીરવિજયજી મ. ઉપાશ્રયમાં બેઠા હતા ! શ્રાવકોએ કહ્યું કે, પૂજ્યશ્રી તો આઠ વાગ્યાના અહીં આવી ગયા છે ! તમે કેમ મોડા પડ્યા ? આ સાંભળી બધા આશ્ચર્ય પામ્યા.

એક વખત પૂજ્યશ્રી ખંભાતમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા ત્યાં અચાનક પૂ. ઉપાધ્યાયજી મહારાજ પોતાના હાથમાં રહેલી મુહપત્તિ મસળવા લાગ્યા, આ જોઈ શ્રાવકોએ પૂજ્યશ્રીને પૂછયું તો પૂજ્યશ્રીએ કહ્યું કે, 'ભાવનગર વડવાના ઉપાશ્રયમાં પાટ સળગતી હતી તે બૂઝવી નાખી' શ્રાવકો આશ્ચર્ય પામ્યા અને ભાવનગર વડવાના ઉપાશ્રયે તપાસ કરાવી તો ખબર મળ્યા કે તે સમયે પાટ સળગી અને બૂઝાઈ ગઈ.

**પોતાના શિષ્યને પણ સત્યની જાણ :**

વિ.સં. ૧૯૭૩ના તેઓશ્રી જંબૂસરથી વટાદરા પધારેલ. ત્યાં પૂ.આ.શ્રી કમલ સૂ.મ.ના દર્શનવંદનાદિથી આનંદિત થયેલ. તે વખતે પૂ. મુનિ શ્રી હંસવિજયજી મ. પણ ત્યાં આવેલ. ત્યારે તેમની સાથે પૂ.ઉપા. શ્રી વીરવિ.મ.ના શિષ્ય મુનિ શ્રી વિનયવિજયજી પણ આવેલ. આ મુનિ શ્રી વિનયવિજયજીએ વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ નામનું એક પુસ્તક બહાર પાડેલ. તેમાં પર્યુષણપર્વ સંબંધી લેખોનો સંગ્રહ કરેલો હતો. જે ઉત્સૂત્રરૂપ હોવાથી લોકોમાં વિપરીત અસર કરનારો હતો. ત્યારે નિષ્પક્ષતાના સાચા હિમાયતી એવા પૂ. ઉપાધ્યાયજી મહારાજે **પોતાના શિષ્યને સાચા શબ્દોથી ઉપાલંભ આપેલ અને હવે ઉન્માર્ગે પુનઃ ન ચાલવાની ઉચ્ચ-કડક શિક્ષા આપી હતી.** પૂ. ઉપાધ્યાયજી મહારાજાના આવા સત્ય પ્રવર્તનને પ્રત્યક્ષ જોઈ પૂ.મુનિ શ્રી હંસવિજયજી ચકિત અને આનંદિત થયેલા.

**પૂજ્યશ્રીના શિષ્યરત્નો :**

૧-પૂ. મુ. શ્રી દાનવિજયજી મ., ૨-પૂ. મુ. શ્રી નયવિજયજી મ., ૩-પૂ. મુ. શ્રી રૂપવિજયજી મ., ૪-પૂ. મુ. શ્રી હેતવિજયજી મ., ૫-પૂ. મુ. શ્રી કેસરવિજયજી મ., ૬-પૂ. મુ. શ્રી વિનયવિજયજી મ., ૭-પૂ. મુ. શ્રી મણિવિજયજી મ.

વિ.સં. ૧૯૭૫માં માગસર વદ-૮ના દિવસે ખંભાતમાં સમાધિપૂર્વક પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. ઓગણચાલીશ (૩૯) વર્ષના ચારિત્ર પર્યાયમાં ભારતના પંજાબ-બંગાળ-ગુજરાત-સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરી ભવ્ય જીવોને પ્રભુ માર્ગમાં જોડી અને પોતાની સંગીતમય ભક્તિનો પ્રમોદ ભવિજનોને કરાવી, સૌરાષ્ટ્રમાં પ્રગટેલો આ મહાન આત્મા, જૈન શાસનને દીપાવી દેવલોકની વાટે સંચરી ગયો.

## થોડા પ્રસંગો ટૂંકમાં

- સિંધીયા સરકાર પણ ગ્વાલીયર સંઘના જે ઝઘડાને મીટાવવાં નિષ્ફળ ગઈ હતી તે ઝઘડો વિ.સં. ૧૯૬૧ના પોતાના ચાતુર્માસમાં સચોટ માર્ગદર્શન આપી પૂજ્યશ્રીએ દૂર કરાવ્યો.
- વિ.સં. ૧૯૬૨નું ચાતુર્માસ પૂજ્યશ્રીએ કલકત્તા કરેલ. કલકત્તાના ચાતુર્માસમાં ત્યાંના શ્રાવકોને પૂ. ઉપાધ્યાયશ્રીએ પોતાના અપૂર્વ ચારિત્રથી તેમજ ઉપદેશથી ગુરુ તત્ત્વનું ભાન ઘણી જ સારી રીતેએ કરાવ્યું. કલકત્તાના શ્રાવકોને ત્યાગી મહાત્માઓનો આ પ્રથમ જ પરિચય હતો. પૂજ્યશ્રીનું અપૂર્વ સંયમ અને વૈરાગ્ય દશાને નિહાળી તેઓ પણ ઘણા જ રંજિત થઈ ગયા. ચારિત્રનું ખરૂં સ્વરૂપ તેઓ સમજ્યા, મુનિઓનો ખરો માર્ગ - પંચમહાવ્રતોનું ત્રિવિધે ત્રિવિધે ધીરતાપૂર્વકનું પાલન, મધુકરી વૃત્તિથી ધર્મ અને મોક્ષનું સાધન એવા શરીરનું ૪૨ દોષ રહિત ગોચરી દ્વારા પોષણ - વગેરે આચારથી શ્રાવકો રંજિત થયા. તેમજ પ્રભુ ભક્તિ જ્ઞાન ભક્તિ - સાધર્મિક ભક્તિના પાઠ શીખ્યા.

- વિ.સં. ૧૯૬૩માં આગ્રામાં સ્ફટિકરત્ન વગેરેની પ્રભુમૂર્તિઓ અને પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની ગુરુ મૂર્તિની અંજન - પ્રતિષ્ઠા પૂ. ઉપાધ્યાયજી મહારાજાની નિશ્રામાં થઈ. તે અવસરની મહેક ખૂબ વિસ્તરી.
- વિ.સં. ૧૯૬૪માં પૂજ્ય આત્મારામજી મ.ની અંતિમ સંસ્કાર ભૂમિ ગુજરાનવાલા (પંજાબ)માં પૂજ્ય શ્રી વિજયકમલસૂરિ મ.સા. અને પૂજ્ય શ્રી ઉપાધ્યાયજી મ.ની નિશ્રામાં ગુરુ મૂર્તિની પ્રતિષ્ઠાનો પ્રસંગ પંજાબની ગુરુ ભક્તિનું દર્શન કરાવનાર બની ગયો.
- પૂજ્યશ્રીના મુખે મૂર્તિપૂજા, મુહપત્તિ, વસ્ત્ર - પાત્ર, સ્ત્રીમુક્તિ, જગત્ કર્તૃત્વવાદ, દ્રવ્ય - ભાવપૂજા, સમ્યક્ત્વ - મિથ્યાત્વ આદિ તાત્ત્વિક વિષયોના સચોટ સમાધાનો પામી જિજ્ઞાસુ વર્ગ તત્ત્વમાર્ગનો ઉપાસક બનતો હતો.
- વિ.સં. ૧૯૬૮ વડોદરામાં શ્રી આત્મારામજી મ.ના મુનિગણના સંમેલનમાં પૂજ્યશ્રીએ પોતાના વતી પંન્યાસ શ્રી દાનવિજયજી ગણિવર દ્વારા સચોટ પ્રતિપાદન કરાવ્યું.
- વિ.સં. ૧૯૬૯ શિનોર ચાતુર્માસમાં નૂતન મુનિ શ્રી રામવિજયજી મ.ને દીક્ષાના પ્રથમ વર્ષે જ પ્રવચન-પાટ ઉપર બેસાડી ગુપ્ત રીતે પ્રવચન શ્રવણ કર્યું અને 'जब्बर शासन प्रभावक होगा' ની આગાહી કરી હતી. જે આગાહી અક્ષરશઃ સાચી પડી.
- વિ.સં. ૧૯૭૩ના અષાઢ સુદ ૬ના પૂ. શ્રી મુળચંદજી મહારાજાના પ્રશિષ્ય પૂ. મુનિ શ્રી મોતીવિજયજી મ.ને પંન્યાસ પદ આપેલ હતું.
- પૂજ્યશ્રીની નિશ્રામાં ડભોઈથી ઝઘડીયા તીર્થ, ઘોઘાથી પાલીતાણા, ભાવનગરથી પાલીતાણા અને ભરૂચથી કાવી તીર્થના સંઘ નીકળેલા.

### અંતિમ આરાધના :

વિ.સં. ૧૯૭૪ના વર્ષનું ચાતુર્માસ સંઘના આગ્રહથી 'ખંભાત' માં કર્યું. આ ચાતુર્માસમાં તેઓશ્રીના શરીરની અસ્વસ્થતા વધતી ગઈ અને તેમાં વૃદ્ધાવસ્થાને લઈને તે વિશેષ ઉત્તેજિત થઈ. પરંતુ પૂજ્યશ્રીએ શાસ્ત્ર ચિંતનના આધારે તે અંતિમ ચોમાસાને સફળ બનાવ્યું.

પરમ પૂજ્ય ઉપાધ્યાયશ્રીના માંદગીના સમાચાર જાણી પૂજ્યપાદ પરમ ગુરુ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા કે જેઓ બોરસદમાં ચાતુર્માસ બિરાજમાન હતા, તેઓશ્રી ચાતુર્માસની પૂર્ણતા થતાં જ વિહાર કરી ખંભાત પધાર્યા હતા. આવી બિમારીના સમયમાં પણ પ.પૂ. આ.શ્રી કમલસૂરીશ્વરજી મહારાજાના દર્શનથી પૂ. ઉપાધ્યાયજીશ્રીને અપાર આનંદ થયો હતો. આ સમયે પૂ.આ.શ્રીકમલસૂરીશ્વરજી મહારાજ પણ વારંવાર ઉદાત્તસ્વરે પોતાની માંગલિક વાણી દ્વારા અનુપમ શાન્તિ આપતા હતા. આ સમયે પૂ.આ.શ્રીકમલસૂરીશ્વરજી મહારાજાએ પરમ ગુરુ તરીકેની ખરેખરી ફરજ બજાવી હતી. આ સમયે સમાધિ રાખવામાં ઘણી જ સહાય કરી હતી. પૂજ્યપાદ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના સુપ્રસિદ્ધ શિષ્યરત્ન અનુયોગાચાર્ય શ્રીમાન્ મેઘવિજયજી ગણી વગેરે મહેસાણાથી વિહાર કરી પૂ. ઉપાધ્યાયજીની સેવામાં આવી પહોંચ્યા હતા.

વિ.સં. ૧૯૭૫ના માગસર વદ ૮ના ખંભાતમાં ૩૦-૩૦ મહાત્માઓની ઉપસ્થિતિમાં પૂ.આચાર્યશ્રીના શ્રીમુખે નિર્યામણા પામી પૂજ્યશ્રીએ સમાધિપૂર્વક ચિરવિદાય લીધી.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : દીપચંદભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૨૪ કા. સુદ-૧૪ **ઝીંઝુવાડા** (શંખેશ્વર) |
| માતા | : નવલબાઈ |
| પિતા | : જુઠાભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૪૬ મા. સુદ-૫ **ઘોઘા** (ભાવનગર પાસે) |
| દીક્ષાની ઉંમર | : ૨૨ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. ઉપાધ્યાય શ્રી વીર વિજયજી મ. |

| | |
|---|---|
| ગુરુનું નામ | : પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ. |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી દાનવિજય મ. |
| ગણિ-પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૬૨ મા. સુદ ૧૧ **ખંભાત** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૮૧ મા. સુદ ૫ **છાણી** |
| આચાર્ય પદ પર્યાય | : ૧૧ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૬ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૧૯૯૨ મ. સુદ-૨ **પાટડી** |
| આયુષ્ય | : ૬૮ વર્ષ |

**સૌજન્ય : કોશીલાવ નિવાસી સેકુબાઈ ઝવેરચંદજી**

**પુત્ર :** ઉદયરાજ, જયંતિલાલ, બાબુલાલ. **પુત્રવધુ :** સજ્જનબેન, કમલાબેન, ઉષાબેન.

**પૌત્ર :** રવિન્દ્ર, રાકેશ, ભુપેન્દ્ર, તરુણ, અમીત, સંજય, વિક્રમ, વિનય, હાર્દિક, શુભમ

સકલાગમ રહસ્યવેદી, જ્યોતિષ્માર્તંડ

શ્રીસુધર્માસ્વામીની ૭૫મી પાટને શોભાવનારા

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા

સચ્ચારિત્ર ચુડામણિ દિનમણિ, જ્ઞાને કરી દીપતાં;
રાજેશ્વર-સમ, ભીમ-કાંત ગુણથી ભાવોજ્વલે ભાસતાં,
જ્યોતિર્વિદ્ તપ - યોગ તેજ ધરતાં નિસ્પૃહ મૂર્તિ સદા;
શ્રી સૂરીશ્વર દાન ! ધ્યાન-ધીરતા સન્માર્ગે દેજો મુદા.

**જન્મ-માતા-પિતા :**

ઝીંઝુવાડાની પુણ્ય ધરતી પર **વિ.સં. ૧૯૨૪ના કાર્તિક શુક્લ ચતુર્દશીની** પુણ્યરજનીએ, પિતા **શ્રી જૂઠાભાઈ**ના કુલમાં માતા **શ્રી નવલબાઈની** કુક્ષિએ એક પુત્ર રત્નનો જન્મ થયો અને **દીપચંદભાઈ** એનું નામ પાડવામાં આવ્યું.

**બાલ્યકાળ :**

તેઓશ્રીના બાલ્યકાલીન સંસ્કારો અસાધારણ કોટિના હતા. તેમનો બાલ્યકાળ સામાન્ય રીતિએ આનંદ અને અભ્યાસ વચ્ચે પૂર્ણ થયો હતો. યૌવનના પ્રારંભમાં તેઓશ્રી સરકારી નોકરીમાં જોડાયા હતા. ફોજદાર-પોલીસ પટેલનો સરકારી હોદ્દો, યૌવનનો પ્રારંભ અને અજ્ઞાન તથા અબુધ વર્ગનો નિત્ય સંસર્ગ - આ ત્રણેય વિચિત્ર અને પ્રલોભનજનક સંયોગોમાં ય તેમનો આત્મા ઉચ્ચતમ વિશેષતા ધરાવતો હતો.

માનવીનો જ્યારે ઉદ્ધાર થવાનો હોય છે ત્યારે તેને કોઈને કોઈ નિમિત્ત મળી જાય છે. આ મહાપુરુષને પણ તેવું જ નિમિત્ત મળ્યું. તેમનો એક બાળપણનો મિત્ર હતો તે એક વખત તેમને ત્યાં આવીને ઉતર્યો. તેને જિનપૂજા કરવી હતી. તેણે દીપચંદભાઈને પૂછ્યું કે, "અહીં શ્રી જિનમંદિર છે ?" એમણે કહ્યું કે, 'આ રહ્યું મંદિર, જાઓ પૂજા કરી આવો' મિત્રે પૂછ્યું કે, 'તમે પૂજા કરતા નથી ? આજે ચાલો મારી સાથે' મિત્રના આગ્રહથી પૂજા કરવા જવું પડ્યું. પણ પૂજા કરતાં આવડતી ન હતી. મિત્રે જે રીતે બતાવ્યું તે રીતે પૂજા કરી. પણ તે વખતે મનમાં આંચકો લાગ્યો કે, 'એકવીસ વર્ષ સુધી પહોંચ્યા પછી પણ મને

પૂજા કરતાં ન આવડે ?' મને પૂજા કરવાનું મારા મિત્રે કહેવું પડે ! આ મારા માટે યોગ્ય નથી. અહીં તેમનામાં ધર્મબીજ પડ્યું અને ત્યારથી નિરંતર શ્રી જિનમંદિરમાં પૂજા અને સાધુસંગ કરવાનું શરૂ થયું અને એ સાધુ સહવાસ એક વર્ષમાં તેમને ઘણો ફાયદાકારક થયો. કુટુંબની વારસાગત પ્રભુ ભક્તિ, દેવ દર્શન-સામાયિક-પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં તેમને ઘણો જ આનંદ આવતો. છતાં પણ પરમાર્થના માર્ગે પ્રગતિ કરવા તેમનો આત્મા ઝંખવા લાગ્યો. ઉદારતા અને સદાચારની ખુશ્બોથી તેમનું જીવન સુવાસમય હતું તો સહિષ્ણુતા અને સદ્ભાવનાના નિમિત્ત પ્રવાહો તેમના જીવન વૃક્ષને નવપલ્લવિત કરી રહ્યા હતા. આ રીતે જીવનના પ્રારંભિક બાવીસ વર્ષો પસાર થયાં.

એ કાળ પાંચાલ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ પ.પૂ. આ.શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાનો. જેઓ પૂજ્ય આત્મારામજી મહારાજા તરીકેની પ્રસિદ્ધિને પામેલા હતા. સકલ શ્વે. મૂ. જૈન સંઘ ઉપર તેઓશ્રીનું વર્ચસ્વ અખંડ અને અવિભાજ્ય હતું. સાચે જ તે તેઓ શ્રીમદ્‌ની સર્વતોમુખી યુગપ્રધાન કલ્પતા કહી શકાય. શાસન-સત્ય-સિદ્ધાંતોનો અવિહડ અને નીડર અનુરાગ, શાસ્ત્ર પ્રત્યે હૈયાનું બહુમાન અને ધર્મ પ્રભાવનાનો બુલંદ પડઘો ત્યારે ચોમેર ગાજતો હતો. તેઓ શ્રીમદ્‌ની સત્યતત્ત્વગવેષણા દ્વારા સત્ય માર્ગ ગ્રહણની અપૂર્વ નીડરતાએ કુમતોને બેબાકળા બનાવી દીધા હતા. ઠેર ઠેર તેમણે કુમતોને અકાટ્ય શાસ્ત્રીય યુક્તિપૂર્વક નામશેષ કર્યા હતા. એમનામાં નિસ્પૃહતા, કડકાઈ, આચાર, વિશ્વવાત્સલ્ય વગેરે સાત્ત્વિક ગુણોનો ખજાનો ભરપુર હતો. જેનો વારસો તેઓશ્રીજીના પટ્ટધર નિઃસ્પૃહ શિરોમણિ પ.પૂ.આ.શ્રી.વિ. કમલસૂરિજી મહારાજમાં ઊતર્યો હતો.

**વૈરાગ્ય ભાવ :**

પૂ. આત્મારામજી મહારાજાના અનેક શિષ્યો પૈકી એક પૂ. ઉપા. વીરવિજયજી મહારાજા હતા. જેમનો શુભસંયોગ એક પુણ્ય ક્ષણે દીપચંદભાઈને થયો અને એ સૌભાગીપળે તેમનું જીવન પલટાઈ ગયું. એમનો આત્મા જાગી ઊઠયો અને એક જ રટણ કરવા લાગ્યો કે, **"કોઈ પણ ભોગે મારે મને મળેલી આ ધર્મસામગ્રીઓને ધર્મારાધનાને માર્ગે જોડી, આ મહામૂલા માનવ ભવને સફળ-સાર્થક કરવો જોઈએ."** પૂજ્ય આત્મારામજી મહારાજાએ અને પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મહારાજાએ આ મુમુક્ષુની અનેક પ્રકારે ચકાસણી કરી અને તેઓ તેમાં પાર ઊતર્યા.

**દીક્ષા :**

વૈરાગ્ય પ્રબળ બનતાં એક દિવસ પોલીસ પટેલ પદનું રાજીનામું આપી છાનામાના બધું સંકેલી **ઘોઘા** ગયા. ત્યાં **વિ.સં. ૧૯૪૬ના માગસર સુદ-૫ના શુભ દિવસે** ઘોઘા મુકામે પૂજ્યોએ દીપચંદભાઈને પારમેશ્વરી પ્રવ્રજ્યા આપી. **પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મહારાજાના શિષ્ય પૂ. મુનિ શ્રી દાનવિજયજી મહારાજના નામે જાહેર કર્યા.**

**જ્યોતિષમાં નિપુણતા :**

ગુરુકુલ વાસમાં રહી પોતાના તારક પૂ. ગુરુવર્યોની બહુમાનપૂર્વક અખંડ સેવા-વૈયાવચ્ચ સાથે ન્યાય, વ્યાકરણ, કાવ્ય-અલંકાર, સાહિત્ય વગેરેનું સુંદર અધ્યયન કર્યું. વિ.સં. ૧૯૫૦ની સાલમાં પંજાબમાં **'પટ્ટી'** ગામના ચોમાસામાં જ્યોતિષનો સર્વાંગ સુંદર અભ્યાસ કર્યો અને નિપુણતા પ્રાપ્ત કરી.

આ અંગે એક પ્રસંગ જાણવા જેવો છે. જ્યારે પૂજ્યશ્રી મારવાડ પ્રદેશમાં વિચરી રહ્યા હતા ત્યારે ધનારીના શ્રીપુજ મહેન્દ્રસૂરીશ્વરજી સાથે જ્યોતિષ વિષયક વાદ કરી શ્રીપૂજને સજ્જડ હાર આપી.

**જ્યોતિષમાર્તંડ તરીકે પ્રખ્યાતિ :**

પાદરલીના નૂતન જિનાલયની પ્રતિષ્ઠાનું મુહૂર્ત શ્રીપૂજે કાઢી આપેલ. તે મુહૂર્ત લઈ શ્રાવકો પિંડવાડા પૂજ્યશ્રીજીની પાસે આવ્યા. મુહૂર્ત બતાવી પૂછયું કે, 'આ બરાબર છે ?' ત્યારે તેઓશ્રીજીએ કહ્યું કે, 'આ તો દોષવાળું છે ? તેઓ કહે, આ શ્રીપૂજે આપ્યું છે. તો પૂજ્યશ્રી કહે, ગમે તેણે આપ્યું હોય પણ આ મુહૂર્ત દોષવાળું છે, નિર્વિવાદ વાત છે. આ વાત લઈને તે આગેવાનો ફરી શ્રીપૂજ પાસે ગયાં અને બધી વાત કરી તો તેમણે કહ્યું કે, 'હું પૂ.આ.શ્રી દાન સૂ.મ. સાથે વાદ કરવા તૈયાર છું. તે શ્રાવકોએ પિંડવાડા આવી બધી વાત કરી તો પૂ.આચાર્યદેવેશશ્રી તૈયાર હતા અને કહે, જ્યારે તે આવે ત્યારે વાદ કરીશ. શ્રીપૂજે પિંડવાડામાં આવતા સામૈયાની માંગણી કરી. શ્રીસંઘે ના કહી. તેથી પિંડવાડા સ્ટેશન પર બંન્નેનો વાદ નક્કી થયો. શ્રીપુંજ પોતાના ૧૦-૧૫ જ્યોતિષીઓને લઈને આવેલા. બન્ને વચ્ચે વાદ શરૂ થયો. મુહૂર્તમાં અનેક દોષોને સાબિત કરી **પૂ. આચાર્ય ભગવંતે શ્રીપૂજ અને એની સાથેના પંડિતોને દિઙમૂઢ કરી દીધા. શ્રીપૂજે હારના એકરારપત્ર પર સહી કરી આપી. પૂજ્યશ્રી જ્યોતિષવિદોના મંડલમાં જ્વલંત માર્તંડ સમાન શોભી ઉઠ્યાં.**

પૂજ્યશ્રીજી પ. પૂ. આત્મારામજી મહારાજાના પણ નિકટના પરિચયમાં આવ્યાં હતા. વાત્સલ્ય ભાવે પૂજ્ય આત્મારામજી મહારાજાએ જ્યોતિષ વિષયક પ્રશ્નો પૂ.મુ. શ્રી દાનવિજયજીને પૂછયાં અને સચોટ પ્રત્યુત્તરો સાંભળી પૂ. આત્મારામજી મહારાજાએ પ્રસન્નતા અનુભવી હતી. આનંદિત થયેલા તે મહાપુરુષે અવર્ણનીય કૃપા વરસાવી હતી.

જ્યારે જ્યારે તેઓશ્રીજીને પૂ. ગુરુદેવશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે વ્યાખ્યાન કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે લોકપ્રકાશ જેવા **વિદ્વદ્‌ગમ્ય** ગ્રન્થનું વાંચન શરૂ કર્યું. "શું વાત ! દાન વિજયજી લોકપ્રકાશ વાંચે છે ! અને તે પણ વ્યાખ્યાનમાં." ગુજરાતના અન્ય સ્થલોમાં બિરાજેલ બીજા મુનિઓ આ સમાચાર મળતાં મોંમાં આંગળા નાંખી ગયા ! કેટલાક સ્થવિર મુનિવરોએ તો તેમની પાસે લોક પ્રકાશમાં પડતી કેટલીક શંકાઓ પણ પૂછાવી. ગુરુ કૃપાની પ્રાપ્તિથી ખીલેલા અપૂર્વ ક્ષયોપશમે શંકાઓના સુંદર સમાધાને મુનિરાજની કીર્તિને અતિ ઉજ્જવલ બનાવી.

પિંડવાડાના પ્રેમચંદજી અપૂર્વ વૈરાગ્ય રંગ સાથે વ્યવસાયભૂમિ વ્યારાથી ભાગ્યા, પાલીતાણામાં ગુરુચરણે આવ્યા. વિ.સં. ૧૯૫૭ કા.વદ ૬ના શુભ દિવસે પૂજ્યશ્રીએ પ્રેમચંદજીને દીક્ષા આપી. મુનિ શ્રી પ્રેમવિજયજી તરીકે પોતાના શિષ્ય બનાવ્યા.

**પંન્યાસ પદવી :**

અડગ આજ્ઞાપાલન, સ્વ-પર સિદ્ધાન્ત વેદિતા, નિર્મલ-માર્ગસ્થ બોધ, અખંડ સંયમવૃત્તિ આદિ વિશિષ્ટ ગુણોને જોઈ પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજે તેમનામાં પદને પામવાની અને પચાવવાની

યોગ્યતા જોઈને વિ. સં. ૧૯૬૧ના ચોમાસામાં ખંભાતમાં **પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચતુરવિજયજી મહારાજા** પાસે યોગોદ્વહન કરાવ્યાં. **વિ.સં. ૧૯૬૨ના માગસર સુદ-૧૧ના દિવસે પંન્યાસ પદથી અલંકૃત કરવામાં આવ્યાં.** પદ એ મહાત્માને ખૂબ સાવચેત બનાવે છે. પદના યોગે શાસન પ્રત્યેની એ જોખમદારીને એ મહાપુરુષ સમજી શકયા હતા. **પદસ્થ હોવા છતાં ગુરુભક્તિ માટે સ્વયં હાજર રહેતા. ગુરુ મહારાજાની સેવા શુશ્રુષા-ભક્તિ માટે તેઓશ્રી સામાન્ય સાધુ બની જતા !**

### પ્રભાવક પ્રવચનથી વડોદરા નરેશ પ્રભાવિત થયા :

આ એકદમ અપ્રસિદ્ધ પણ અતિ માર્મિક પ્રસંગ જાણવા જેવો છે. એક વાર વડોદરા નરેશની લાયબ્રેરીમાં પૂ.પં. શ્રી દાનવિજયજી ગણિવર્ય આદિ મુનિવરો, શ્રીસંઘના અગ્રગણ્ય શ્રાવકો, અનંત કૃષ્ણ શાસ્ત્રીજી વગેરે ઉપસ્થિત થયા હતા ત્યારે ખુદ વડોદરા નરેશ, પોતાના મિત્ર ઈન્દોર નરેશ સાથે જૈન જ્ઞાનભંડારના નિરીક્ષણ માટે આવ્યા હતા. તે વખતે શાસ્ત્રીજીએ વડોદરા નરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડને પૂ. પં. શ્રી દાનવિજયજી મહારાજાની અપૂર્વ જ્ઞાન વિશારદતાનો સુંદર ખ્યાલ આપેલો. ત્યારે અવસર પામી વડોદરા નરેશે શાસ્ત્રીજીની સામું જોઈ પૂછયું કે, આ બધા મહાત્માઓમાંથી મને જૈન શાસ્ત્રોનો સરળ ભાષામાં પરિચય કોણ કરાવશે ? ત્યારે શાસ્ત્રીજીએ પૂજ્ય પંન્યાસજી મહારાજા તરફ આંગળી ચીંધીને કહ્યું કે, "આ મહાપુરુષ તમોને જૈન શાસ્ત્રોનું સુંદર તત્ત્વજ્ઞાન સમજાવશે. તેઓશ્રીજીનું જૈનાગમોનું જ્ઞાન ખૂબ જ ઊંડું અને તલસ્પર્શી છે." ત્યાં જ શાસ્ત્રીજી દ્વારા વડોદરા નરેશની વિનંતીથી લક્ષ્મી વિલાસ પેલેસમાં પૂ. પંન્યાસજી મહારાજનું પ્રથમ પ્રવચન નક્કી થયું.

ઈર્ષ્યા-તેજોદ્વેષ એટલી ખરાબ વસ્તુ છે કે આ વાતની જાણ થતાં ઘણા બધાએ પોત પોતાના માનેલા મહાત્માઓનું પ્રવચન નક્કી થાય તેવા પ્રયત્નો કર્યા. પણ સૂર્ય આગળ ધૂળ ઉડાડવા જેવું થયું. તેમની કારી ફાવી નહિ. વડોદરા નરેશે પોતાના ફેમીલી ડૉક્ટરને કહ્યું કે, "તમે પૂ. પંન્યાસજી મહારાજ પાસે જાઓ અને પૂછો કે ક્યા વિષય પર વ્યાખ્યાન આપશો ?" આ ડૉક્ટર પણ વિરોધની અસર નીચે હતા. તેમણે આવીને પૂજ્યશ્રીને પૂછયું કે, "મહારાજ સાહેબ, શ્રીમંત સરકારે પૂછાવ્યું છે કે, આપ કયા કયા વિષય પર પ્રવચન આપશો ?" ડૉક્ટરની મેલી મુરાબ પગલા પરથી પરખી લઈ, પૂ. પંન્યાસજી મહારાજે કહ્યું કે, **"એ વખતે જે યોગ્ય લાગશે તે મુજબ પ્રવચન અપાશે."** પછી તો જે પ્રવચનો થયા અને ખુદ વડોદરા નરેશ પ્રભાવિત થયા તે સુપ્રસિદ્ધ વાત છે. (પૂજ્ય પંન્યાસજી મહારાજે શ્રીમંત સરકાર ગાયકવાડને આપેલાં વ્યાખ્યાનો **"ધર્મની દિશા"** નામના પુસ્તકમાં બહાર પડી ચૂક્યા છે. વળી ગાયકવાડ નરેશે પૂજ્યશ્રી પાસે "જૈન રાજા કેવો હોય ?" "શ્રાવકના બાર વ્રતો કયા ?" વગેરે વિષય પર વ્યાખ્યાન માંગ્યા હતા. પરંતુ નરેશને વિલાયત જવું પડ્યું. તેથી એ વ્યાખ્યાનો થઈ શકયા નહોતા.)

### વૈયાવચ્ચ ગુણ :

વિ.સં. ૧૯૭૫માં ખંભાત મુકામે પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મહારાજાની શારીરિક તબિયત અસ્વસ્થ બનેલી અને ઉપચારો કારગત થતા ન હતા. એ વખતે પૂ. પંન્યાસજી મહારાજા અહોરાત્રિના ઉજાગરા વેઠીને સેવામાં સદાય હાજર રહેતા હતા. ૨૯-૨૯ વર્ષો સુધી પૂ. પંન્યાસજી મહારાજે જે અનુપમ

કોટિનો પૂ. ગુરુદેવ ઉપાધ્યાયજી મહારાજની સેવા-પૂજાનો મહાયજ્ઞ આરંભ્યો હતો. તે સાચે જ દરેક વિનેય મુમુક્ષુજનોને માટે આદરણીય તેમજ ઉપાસ્ય છે.

**યોગ-ક્ષેમ દ્વારા સમુદાયનું અનુપમ પાલન તથા તપશ્ચર્યા :**

પૂ. ગુરુદેવ શ્રી ઉપાધ્યાયજી મહારાજાના કાળધર્મ બાદ શિષ્ય સમુદાયની સારણા-વારણાદિ ગચ્છના યોગ-ક્ષેમનું મહાકાર્ય તેઓશ્રીના માથે આવ્યું. તેઓશ્રીએ નિખાલસતા, અપૂર્વ નિસ્પૃહવૃત્તિ અને આંતરિક રૂચિપૂર્વક યોગક્ષેમ દ્વારા જે અનુપમ રીતે સમુદાયનું પાલન અને સંવર્ધન કર્યું તે અજોડ હતું. સ્વયં પોતે કઠોર તપોમય જીવન જીવતાં અને તેમની નિશ્રામાં રહેલ સાધુ સમુદાય પણ વિવિધ તપોમાં રક્ત રહેતો. **કોઈપણ સાધુને ગ્લાનાદિ વિશિષ્ટ કારણ વિના નવકારશીનું પચ્ચક્ખાણ ભાગ્યે જ હોતું. તેમનો કડપ પણ એવો કે નવકારશીનું પચ્ચક્ખાણ કરતાં સો વાર વિચાર કરવો પડે.** પર્વતિથિએ તો આયંબિલ કે ઉપવાસથી ઓછું પચ્ચક્ખાણ હોતું નહિ. વિ.સં. ૧૯૮૭માં ૬૨ વર્ષની વયોવૃદ્ધ વયે પણ તેમણે વર્ષીતપ કરેલો. જેમનો નાયક વયોવૃદ્ધ વયે આવો તપ કરે ત્યાં તેમના આશ્રિતો તો તપમાં રક્ત હોય તેમાં નવાઈ પણ શી ?

એક વખતનો પ્રસંગ છે. પૂ. આચાર્યશ્રીના શરીરમાં મેદ વધતો હતો. તેમણે એક વૈદ્યની સલાહ લીધી કે આમાં કયું ઔષધ લેવું ? સાધક આત્માને વૈદ્ય પણ ઉત્તમ મળ્યો. તેણે હસતાં હસતાં કહ્યું કે, **"મહારાજ સાહેબ ઔષધ તો તમારી પાસે જ છે. મારી પાસેથી શું લેશો ?" પૂ. આચાર્યદેવશ્રી સમજી ગયા. તેજીને ટકોરો બસ. બીજા જ દિવસથી તેઓએ છઠ્ઠ, અઠ્ઠમ જેવી આકરી તપશ્ચર્યા કરવા લાગ્યા. કેવી સાધનાની સુંદર તમન્ના !**

શાસનના શાસ્ત્રીય સત્યોની સેવના માટેની અવિહડ તમન્ના પૂ. પંન્યાસજી મ.ના. જીવનમાં ઠાંસી ઠાંસીને ભરી હતી. લોક પૂજા કે લોકનિન્દા, શાસ્ત્રીય સત્યોની રક્ષાના કાર્યમાં તેઓશ્રીને આડે આવે તેમ ન હતા. તેઓશ્રી જેટલા સરળ સહૃદય, નિખાલસ અને હૃદય ચોકખા હતા, તેટલા જ **શાસ્ત્રીય સત્યોની સેવાના કપરામાં કપરા સમયે પણ તેઓશ્રી અડગ અને નીડર રહેતા.**

**વડોદરામાં બાલ દીક્ષા પ્રતિબંધક ઠરાવ સામે વિરોધ અને વિજય :**

વિ.સં. ૧૯૬૮નો એક પ્રસંગ આ અવસરે યાદ આવે છે. વડોદરા મુકામે પૂજ્ય આત્મારામજી મહારાજનો મુનિ સમુદાય સંમેલનરૂપે એકત્ર થયેલ અને તે કાળની સાધુ સમાજની અનિચ્છનીય પરિસ્થિતિનો નિવેડો લાવવા કાંઈક મજબૂત બંધારણ કરવા ઠરાવો ઘડવાનું નિશ્ચિત થયું. એક પછી એક ઠરાવો સાધુ સમુદાયની શાસ્ત્રીય મર્યાદાને અનુકૂળ ને સહાયક હોવાથી વિના વિરોધે પસાર થયા. **પણ તે પછી એક મુનિ તરફથી બાલદીક્ષાની સામે પ્રતિબંધ મૂકતો ઠરાવ આવ્યો. તે વખતે પૂ. પંન્યાસજી મહારાજશ્રી શાસ્ત્રીય સત્યની રક્ષા ખાતર અડગ અને ધીર મનોવૃત્તિથી તે ઠરાવની વિરુદ્ધમાં કપરા સંયોગોનો સામનો કરી ઊભા રહ્યા. એના પરિણામે એ ઠરાવ નામશેષ બન્યો.**

## આચાર્ય પદવી :

તેઓ શ્રીમદ્‌ની યોગ્યતાને જોઈ સદ્ધર્મ સંરક્ષક પૂ.આ.શ્રી વિ. કમલસૂરિ મહારાજાએ એ તેમને તથા પૂ.મુ. શ્રી લબ્ધિ વિ.મ.ને વિ.સં. ૧૯૮૧ના માગસર સુદ-૫ ના મંગલ દિવસે છાણી મુકામે આચાર્યપદે આરૂઢ કર્યા ત્યારથી તેઓ શ્રીમદ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના નામે પ્રસિદ્ધ થયા. સૂરિપદ પર આરૂઢ થવા છતાં ય અહંકાર કે આડંબર તેઓશ્રીના સાદા - સંયમી જીવનને સ્પર્શી શક્યો ન હતો. સર્વોચ્ચ કોટિની નિરભિમાન વૃત્તિથી તેઓ શ્રીમદે પોતાનું સાધુ જીવન આલંબનરૂપ બનાવ્યું હતું. આ રીતે **પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા શ્રી સુધર્માસ્વામીની ૭૫મી પાટને શોભાવનારા થયા.**

પ. પૂ. સૂરીશ્વરજીનો સત્તાકાલ, ઘર્ષણ અને વિરોધના વાતાવરણમાં પણ શાસ્ત્રીય સત્યોની સેવા અને રક્ષા કરવાનો હતો. છતાં ય તેઓશ્રી શાસ્ત્રીયપક્ષે દૃઢ રહેતા. પાસે બેસનાર, પંચાંગ પ્રણિપાત કરનાર કે અંગત ગણાતાઓની લાજ - શરમ કે દાક્ષિણ્યતામાં સહેજ પણ તણાતા ન હતા. અજ્ઞાન લોકોના ખોટા ખળભળાટ અને ધાંધલ ધમાલને તેઓશ્રી ધીરતાથી પચાવી શક્યા હતા. શાસ્ત્રીય સત્યોનો પ્રચાર અને તેની સામેના આક્રમણોનો પ્રતિકાર કરી પોતાનું જીવન શાસનને સમર્પિત કર્યું હતું અને તેથી તેઓશ્રીને અનેકોની સાથે વાદ વિવાદોનો પ્રસંગો આવ્યા હતા. ત્રિસ્તુતિમતના ઉત્પાદક શ્રી રાજેન્દ્રસૂરિ મ., તેમજ યતિ શ્રી ધરણેન્દ્રસૂરિ વગેરેની સાથે પૂજ્યશ્રીના વાદના પ્રસંગો એ દૃષ્ટાન્ત રૂપ છે.

## મુનિ સંમેલન :

વિ.સં. ૧૯૯૦ની સાલમાં અમદાવાદના નગર શેઠ શ્રી વિમલભાઈની વિનંતીથી મુનિ સંમેલનમાં ભાગ લેવા રાજનગર (અમદાવાદ) આવ્યા. ફાગણ માસમાં મુનિ સંમેલન ભરાયું. તેમાં અગ્રગણ્ય નવ સૂરિવર્યોની એક સમિતિ રચાઈ. જેમાં પ.પૂ.આ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજાનું સ્થાન હતું. જે સ્થાનને એઓશ્રીમદે અવસરોચિત સિદ્ધાન્ત રક્ષાના કાર્ય દ્વારા દીપાવ્યું. સંમેલનમાં શાસન અને શાસ્ત્રોના અનેક વિધ પ્રશ્નોની છણાવટ થઈ. જેમાં કેટલાક પ્રસંગો એવા ઉપસ્થિત થયા કે પ્રભુ શાસનની સત્ય વાતોને સીધી કે આડકતરી રીતે અન્યાય મળે. આ વાત પૂ. આચાર્યશ્રીને જણાતા, તેમનાથી એ સહાયું નહિ અને નીડરતાથી તેનો પ્રતિકાર કર્યો.

પૂ. સૂરિદેવશ્રીનું અપૂર્વ વ્યક્તિત્વ અને ભવ્ય પ્રતિભાનો ઉગ્ર પ્રતાપ અસહ્ય હતો. **તિથિચર્ચા અને દેવદ્રવ્યના પ્રશ્નોનો નિવેડો લાવવાનો પ્રસ્તાવ પૂજ્યશ્રી તરફથી રજૂ કરાયો. પરંતુ બીજા આચાર્યો તરફથી 'આ તો માત્ર તપાગચ્છનો પ્રશ્ન છે. અહીં તો બીજા ગચ્છવાળા પણ છે..." એમ કહીને એ પ્રસ્તાવ ભીનો સંકેલાયો. જેનું પરિણામ આજે કેવું કરૂણ દેખાય છે.** જો પૂ. આચાર્યદેવશ્રીજીની દીર્ઘદૃષ્ટિને અવકાશ મળ્યો હોત તો આજની આ દેખાતી અનર્થકારિતા ન સર્જાત... ભાવિ ભાવ ! છતાં ય બીજી બાબતોમાં અંતે શાસનનો જય થયો. પૂજ્યશ્રીના પરિશ્રમે દેવદ્રવ્યાદિ ઠરાવો ઠીક ઠીક પસાર થયા.

વિ.સં. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪ના રાધનપુરમાં પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજાએ પૂ. ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી ગણિવરને આચાર્યપદે અને પૂ. પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદે

સ્થાપન કર્યા. આજ વખતે પૂ.આ.શ્રી. દાનસૂરિ મહારાજાએ પૂ. ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવરને વિ.સં. ૧૯૯૨ વૈશાખ સુદ ૬ના આચાર્યપદે સ્થાપન કરવા તે પ્રમાણેનું શ્રેષ્ઠ મુહૂર્ત નિર્ણીત કરેલું.

વિધિવિધાનોની બાબતો તેમજ અન્ય અનેક શાસ્ત્રીય વિષયોને અંગેની ગૂંચોના પ્રસંગોને તેઓ શ્રીમદ્ તદ્દન સ્પષ્ટપણે ઉકેલી દેતા. પૂજનીય સૂરિદેવની એ અદ્ભુત સ્મરણ શક્તિ અને સૂત્ર સિદ્ધાન્ત તેમજ વિધિવિધાનોને અંગેની પરિશીલન પ્રવૃત્તિના મૂર્ત્ત ફલરૂપે સૂત્ર સિદ્ધાન્તારૂઢ વિધિવિધાનો તેમજ અનેક અન્ય વિગતોને શાસ્ત્રીય રીતિયે સાદી લોકભાષામાં રજૂ કરતાં **"વિવિધ પ્રશ્નોત્તર" ભા. ૧-૨** ગ્રંથો જૈન સમાજ સમક્ષ રજૂ થયેલ આજે આપણે જોઈ શકીએ છીએ. સાચે જ એ લોક ભોગ્ય સરલ ગ્રંથોના વાંચન અને મનનથી તત્ત્વરૂચિ ધરાવનારા આત્માઓ, અનેક પ્રકારે આરાધનાના માર્ગે પ્રગતિ કરી શકે છે, અને જૈન સિદ્ધાન્તના રહસ્યને જાણી શકે છે.

**અંતિમ આરાધના :**

વિ.સં. ૧૯૯૨ની પો.વ. ૯ ના ઝીંઝુવાડાથી પૂજ્યશ્રીએ પાટડી તરફ વિહાર કર્યો. ત્રણ માઈલનો વિહાર શારીરિક અવસ્થામાં પૂરો કર્યો. બે એક માઈલ ગયા ને મૂર્ચ્છા આવી. તે પછી સ્વસ્થ બન્યા અને પાટડી પ્રસંગ પર પધાર્યા.

**મહા સુદ બીજના** જલયાત્રાના વરઘોડામાં ફર્યા. ભાવિ ભાવને જાણી રથના અનિમેષ નયને દર્શન કર્યા. સાંજના પ્રતિક્રમણ માંડલીમાં શરૂ કર્યું. સુઅદેવયાની થોયના પ્રસંગે જીભમાં સ્ખલન થયું. મારી જિહ્વા સ્ખલના પામે છે. હું એક સાધુને લઈ જુદુ પ્રતિક્રમણ કરું છું. તમે ક્રિયા કરી લો. પાટડી સંઘમાં સમાચાર ફેલાયા. માનવ સમુદાય આવવા લાગ્યો. ડો. ને બોલાવ્યા અને જિહ્વાના સ્ખલનને કારણે લકવાનું નિદાન કર્યું.

"બિ...લ...કુલ... ગભ....રા....વાની... જરૂર... નથી. અ...શા...તા...ના ઉદ...ય વેળાએ મૂંઝ...વ...ણ...શા...ની ? અ...શા....તા...ને શાં...તિથી ભોગવવી... જોઈએ... સૌ.... સારું.... થશે." આટલા શબ્દો પૂજ્યશ્રી શ્રમપૂર્વક બોલ્યા: ઔષધોપચાર ચાલુ છે. શ્વાસની ગતિ તીવ્ર બની. સમય સમજી ગયા. તૂટતા શબ્દોમાં ધીરતા અને પ્રસન્નતાપૂર્વક ફરમાવ્યું કે, "બસ...હવે...મુસા...ફરી... પૂર્ણ...થવા...આવી...છે. સમાધિમાં... રાખનારા... શબ્દો મને સંભળાવ્યા... કરવા. હું...શુદ્ધિમાં છું.... મારાથી... બોલી... શકાતું... નથી..." આવી સાવધાની જોઈ વૈદ્ય આદિ નવાઈ પામ્યા... થોડી વારે કહ્યું કે,

"હવે...એ...બાહ્ય... ઉપ...ચારો...કરવાની...જરૂર જ... નથી. મને...સમાધિ... માટે... સંભળાવવું... ચાલુ... રાખશો. હું...સર્વ...કોઈને... ખમાવું છું..."

**અને વિ.સં. ૧૯૯૨ મહા સુદ ૨ના રાત્રિના ૯ કલાક ૧૨ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

સચ્ચારિત્ર ચૂડામણિ, સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાંત,

શ્રીસુધર્માસ્વામીની ૭૬મી પાટને શોભાવનારા

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

ગુણાનુવાદ શ્લોક

श्रीप्रेमसूरिकोटीरः स्थिरः दुःसाध्यसंयमे ।
धीरः रोगोपसर्गेषु स्वैरः साम्यमहावने ।।

શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા દુષ્કર એવા સંયમના આચરણમાં સ્થિર હતા, રોગ અને ઉપસર્ગમાં ધીર હતા, સમતારૂપી મહાવનમાં સદા વિહરનારા હતા.

શાંત મનોહર મુખ મુદ્રાએ, મોહ્યું જગ આખું ભારી;
સિદ્ધાંતોના મહોદધિ એ કર્મ તણા મર્મો ધારી,
શુદ્ધ ચરણ ગુણ ઠાણ - રમણ જે પવયણ - અડમાતા પ્યારી;
વંદન શ્રી ગુરુ પ્રેમસૂરીશ્વર ! ચંદન - સમવાણી - વારી

સ્વ-પર અનેક ભવ્યાત્માને સન્માર્ગે જોડી શાસનની શાન-માન-આનને વધારનાર એટલે સિદ્ધાંત મહોદધિ, કર્મશાસ્ત્ર નિપુણમતિ, સચ્ચારિત્ર ચૂડામણિ **સ્વ.પ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા !** જેમનું નામ સ્મરણ થતાં જ એક એવી ભવ્ય પ્રતિભા મૂર્તિ આંખ સામે તરી આવે છે કે અહોભાવથી સહજ માથું નમી જાય.

**જન્મ-માતા-પિતા :**

રાજસ્થાનની રત્નભૂમિ પર પવિત્રતાની પરિમલને પાથરતું પિંડવાડા ગામ સુપ્રસિદ્ધ છે. આ જ નગરમાં ધન અને ધર્મના સંસ્કારોથી સમૃદ્ધ ધનરૂપજી ચેલાજી પરિવાર વસતો હતો. તેમાં સૌથી મોટા પુત્ર શ્રીભગવાનજીભાઈ હતા. તેમના લગ્ન નાંદિયા નગરની કુલદીપિકા કંકુબાઈ સાથે થયા. **વિ.સં. ૧૯૪૦ના ફાગણ સુદ-૧૪ની પર્વરાત્રિએ કંકુબેને નાંદિયા નામની પુણ્યધરા પર એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો.** જગતના ભવ્ય જીવોને પોતાના સન્માર્ગ-સચ્ચારિત્રના પ્રેમપુંજથી પવિત્ર બનવાનો ભાવિમાં સંદેશો આપનાર જાણે ન હોય. તેમ તેનું **'પ્રેમચંદજી'** નામ પાડવામાં આવ્યું. માતા-પિતાએ વ્યવહારિક



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : પ્રેમચંદજી | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૫૭ પો. સુદ-૧૧ |
| જન્મ | : વિ.સં. ૧૯૪૦, ફા. સુદ-૧૪ **પિંડવાડા** | ગણિપદવી | : વિ.સં. ૧૯૭૬ કા. વદ ૬ **ડભોઈ** |
| માતા | : કંકુબાઈ | પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૮૧ કા.વદ-૬ **અમદાવાદ** |
| પિતા | : ભગવાનજી | ઉપાધ્યાય પદ | : સં. ૧૯૮૭ કા. વદ-૩ **મુંબઈ** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૫૭ કા. વદ ૬ **પાલીતાણા** | આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૧ ચૈ. સુદ-૧૪ **રાધનપુર** |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ | આચાર્ય પદ પર્યાય | : ૩૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ.સા. | સંયમ પર્યાય | : ૬૭ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજા | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૪ વૈ. વદ ૧૧ **ખંભાત** |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી પ્રેમવિજય મ. | આયુષ્ય | : ૮૪ વર્ષ |

**સૌજન્ય : પિંડવાડા નિવાસી શાંતાબેન ભુરમલજી મનાજી**

હ. જયંતિલાલ, ભવરેશકુમાર, તારાબેન, વિજયાબેન, અવિનાશ, અભિષેક, જૈનેશ, વિરાટ, ચિંતન, પાયલ, મેઘના, દીપ્તિ, હેપ્પી, દેવાંશ, કળશ, અરિહા

શિક્ષણની સાથે ધર્મના સુસંસ્કારોનું પણ સુંદર પ્રકારે સીંચન કર્યું. ભગવાનજીભાઈનો વ્યવસાય સુરત પાસે વ્યારા ગામમાં હતો. ૧૩-૧૪ વર્ષની વયે પિતાને વ્યવસાયમાં સહાયક બનવા તેઓ વ્યારા આવ્યા. એકવાર દુકાનમાં બેસેલા ત્યારે એક સંન્યાસીએ તેમનું ભવ્ય તેજસ્વી લલાટ જોઈને આ **'મહાન સાધુ થશે, અનેક સાધુઓનો નાયક થશે'** એવું ભવિષ્ય ભાખેલું. વ્યારામાં અવારનવાર આવતા મહાત્માઓના મુખે શ્રી જિનવાણી શ્રવણથી તેમના હૈયામાં વૈરાગ્યના બીજ વવાયા. એક મહાત્માના શ્રીમુખેથી શ્રી સિદ્ધાચલ મહાતીર્થનું સ્વરૂપ સાંભળીને તેમને તીર્થાધિરાજના દર્શનનું મન થયું. માતા-પિતાદિની અનુમતિથી તીર્થાધિરાજમાં પધાર્યા. ભાવપૂર્વક ગિરિરાજની યાત્રા અને યુગાદિદેવની ભક્તિ કરી. જીવનને ધન્યાતિધન્ય બનાવ્યું. તે અવસરે દાદાની ભાવ-ભક્તિમાં તલ્લીન મહાત્માઓને જોઈ તેમનું મન પણ **'હું ક્યારે આવો સંયમી બનું'** તેવી ભાવના ભાવવા લાગ્યું, હૈયામાં પણ **'સંયમ કબ હી મિલે'** ના બીજને વાવી, ઉલ્લાસથી યાત્રા પૂર્ણ કરી. ત્યાં બિરાજમાન નિઃસ્પૃહ એવા પૂ. શ્રી સિદ્ધિમુનિનો શુભ સમાગમ થયો.

## નિઃસ્પૃહી એવા પૂ. શ્રી સિદ્ધમુનિનો ભેટો :

પૂ. શ્રી સિદ્ધિમુનિના સાંન્નિધ્યમાં એકાંતરા ઉપવાસ કરવા સાથે સંયમ જીવનની તાલીમ લીધી. એકવાર અત્યંત નિઃસ્પૃહી એવા પૂ. શ્રી સિદ્ધિમુનિએ, પ્રેમચંદને કહ્યું કે, "પ્રેમચંદ ! સંયમ સ્વીકારની તારી ભાવના ઉત્તમ છે. તારી ઉંમર પણ નાની છે. તું જીવનમાં અતિગહન વિષયોનો તલસ્પર્શી શાસ્ત્રાભ્યાસ કરી શકે તેવી તીવ્ર મેધાને ધરાવે છે. મારી પાસે તેવું જ્ઞાન નથી. તેથી તું ઘોઘામાં બિરાજતાં પૂ. શ્રી વીરવિજયજી મ. તથા પૂ.શ્રી દાનવિજયજી મ. પાસે જા. તને ઘણો વિશેષ લાભ થશે." પૂ. શ્રી સિદ્ધિમુનિની હૃદયસ્પર્શી સોનેરી સલાહને સ્વીકારી અને અંતરના આશિષને પામી કોઈ પુણ્યપળે પ્રેમચંદ પાલીતાણાથી ઘોઘા આવ્યો. પૂ. શ્રી વીરવિજયજી મહારાજાની પુણ્ય છત્રછાયામાં જ્ઞાનાદિની અવિરત સાધનામાં આગળ વધતો પ્રેમચંદ પોતાના વૈરાગ્ય ભાવને મજબૂત બનાવી નિકટમાં સાધુ બનવાના સ્વપ્ના જોવા લાગ્યો. આ બાજુ ઘણો સમય થવા છતાં પુત્ર પાછો નહિ આવવાથી ચિંતિત બનેલા માતા-પિતાએ ઘણી શોધ પછી ઘોઘામાં પ્રેમચન્દને ત્યાગી-વિરાગી અવસ્થામાં જોયો. આ ભૂલેચૂકે ય સાધુ ન થઈ જાય એવી શંકાથી પિતાજી પ્રેમચન્દને વ્યારા પાછા લઈ આવ્યા. એક બાજુ તેમનો વૈરાગ્ય તેમને આ સંસારના બંધનોથી મુક્ત બનવા ઉલ્લસિત કરતો અને બીજી બાજુ પિતાજી આદિ કુટુંબીઓએ નજરકેદી જેવો બનાવ્યો હતો. પણ સાચા વિરાગીને સંસારના એકપણ પ્રલોભનો સતાવવા કે લોભાવવા સફળ બનતા નથી. અનુકૂળ તક કોઈપણ રીતે પ્રાપ્ત થઈ જાય છે. સંસારી સ્વજનના મૃત્યુ પ્રસંગે માતા-પિતાદિને બહારગામ જવાનું બન્યું. આ તકનો લાભ લઈ પ્રેમચન્દ ઘરથી ભાગી છૂટયો અને ૧૬ વર્ષની ખીલતી વયે વ્યારાથી સુરત ૩૬ માઈલ ચાલતો આવ્યો. મુક્ત ગગનના પંખીની જેમ મુક્તિના આનંદ આગળ કષ્ટ અને થાકનો જરા પણ અનુભવ ન થયો. સુરતથી પાલીતાણા ટ્રેન દ્વારા પહોંચ્યો.

તારક ગિરિરાજ અને ગુરુરાજના દર્શનથી તેમનું મન નાચી ઊઠ્યું. ગુરુરાજ સમક્ષ સંયમ પ્રદાનની ભાવના જણાવી. પ્રેમચંદની તીવ્રાતિતીવ્ર આવી સંયમ ભાવના જાણી. ગુરુવર્યો પણ આશ્ચર્ય પામ્યા. આ કાળમાં જેટલા પણ સ્વ-પર સમુદાયમાં મહાપુરુષો થયા. તેમને પોતાના સ્વબળે જ સંયમની પ્રાપ્તિ કરી

છે. ઘરેથી ભાગીને જ દીક્ષા લીધી છે, કુટુંબીઓ તો સહાયક બન્યા નથી માટે જ જ્ઞાનીઓ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકા ઉપર થતાં આત્મઘાતક મોહનો નાશ કરવાનું કહે છે.

**દીક્ષા :**

જ્યોતિષ માર્તંડ પૂ. શ્રી દાનવિજયજી મહારાજે પોતાના તારક ગુરુવર વચન સિદ્ધ મહાત્મા પૂ. મુનિરાજ શ્રી વીરવિજયજી મ. (પછીથી ઉપાધ્યાય)ની આજ્ઞાથી દીક્ષાનું શ્રેષ્ઠ મુહૂર્ત કાઢ્યું અને **વિ.સં. ૧૯૫૭ના કારતક વદિ-૬ના** શુભ દિવસે પાલીતાણામાં શ્રીસંઘની સમુપસ્થિતિમાં ગૌરવવંતા ગરવા ગિરિરાજની તળેટીમાં પૂ. મુ. શ્રી વીરવિજયજી મહારાજાના વરદહસ્તે સંયમનો સ્વીકાર કર્યો અને પૂ.મુ. શ્રી દાનવિજયજી મહારાજાના શિષ્યરત્ન તરીકે પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મહારાજાના નામે જાહેર થયા. તેઓ પ્રેમચંદમાંથી પૂ.મુ. શ્રી પ્રેમવિજયજી મ. બન્યા. પુત્ર પ્રેમચન્દના સંયમ જીવન સ્વીકારના સમાચારથી માતા-પિતાએ અસહ્ય આઘાત અનુભવ્યો. પણ ગળથૂથીમાંથી ધર્મના સંસ્કાર અને શ્રદ્ધાથી વાસિત હોવાથી વિરોધ ન કર્યો. પણ અંતરના આશિષ આપ્યા.

**જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનામાં મગ્ન :**

ઉપકારી હિતૈષી પુરુષો ખૂબ જ ભારપૂર્વક ફરમાવે છે કે - સંયમની પ્રાપ્તિ એ પૂર્ણાહુતિ નથી. પણ સિદ્ધિની સાધનાનો સાચો પ્રારંભ છે. આ જ વસ્તુ સતત આંખ સામે રાખી, હૈયામાં કોતરી નૂતન મુનિશ્રી જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનામાં મગ્ન બન્યા. તારક જિનાજ્ઞા અને ગૌરવવંતી ગુર્વાજ્ઞાના ચરણોમાં સર્વસ્વનું સમર્પણ કર્યું. વિનય વૈયાવચ્ચ-સ્વાધ્યાય-તપ અને સંયમમાં અપ્રમત્તતા એ એમના જીવનના અવિભાજ્ય અંગ બની ગયા. નિત્ય એકાસણા, નિર્દોષ ભિક્ષાચર્યા, અલ્પ દ્રવ્ય, અલ્પ સમય, રસના વિજય, નિદ્રા વિજય આ તો એમના સ્વાભાવિક ગુણો બની ગયા. એકાસણામાં રોટલી-દાળ જેવા માત્ર બે થી ત્રણ દ્રવ્ય અને માત્ર ૧૦-૧૨ મિનિટમાં એકાસણું પૂરું. તેઓશ્રીના આહાર સંજ્ઞા વિજયનું આ ઉત્તમ ઉદાહરણ છે. (ડ્રાયફ્રૂટ) મેવો, ફ્રૂટ, મીઠાઈ, ફરસાણનો કાયમી પરિત્યાગ આદિથી તેઓશ્રીનું ત્યાગ સભર જીવન આ વિષમકાળમાં આપણા જેવા માટે ખૂબ જ આદર્શભૂત છે.

અનુશાસન પ્રિય પૂ. શ્રી દાનવિજયજી મહારાજાના અનુશાસનમાં રહીને તેમનું જીવન સોળે કળાએ ખીલી ઊઠ્યું. ગુરુકુલવાસનો સાચો આનંદ અનુભવવા લાગ્યા. સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો, કાવ્ય-ન્યાયગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેઓશ્રીએ પોતાના જીવનમાં જ્ઞાન-ધ્યાન-ક્રિયાનો અપૂર્વ યજ્ઞ આરંભ્યો. પંડિત પાસે અધ્યયન કરવા છાણીથી વડોદરા રોજ ચાલીને જતા અને ઉત્સાહ-રુચિથી જ્ઞાનોપાર્જન કરતાં. જ્ઞાન પરિણત કરવાની આ ઉત્તમ ચાવી છે. વડોદરાના શાસ્ત્રીજી તેઓના જ્ઞાન-સંયમથી પ્રભાવિત બન્યા અને રાજ્યની માલિકીની લાયબ્રેરી-શાસ્ત્ર ભંડાર-જોવા પધારવા નિમંત્રણ આપ્યું. **પ્રાચીન જ્ઞાન ભંડારનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં 'કમ્મપયડી' નામનો પ્રાચીન અલભ્ય દુર્લભ ગ્રન્થ તેમના હાથમાં આવી ચડ્યો.** આ **'કમ્મપયડી'** એ જૈન શાસનના **'કર્મવાદ'**નો ખૂબ જ મહત્ત્વનો ગ્રન્થ છે. **પોતાની માર્ગસ્થ મનોહર પ્રજ્ઞાથી પૂજ્યશ્રીએ સ્વપુરુષાર્થ-પ્રજ્ઞાના બળે રાત-દિવસના સતત ચિંતન-મનનથી એ ગ્રંથ સિદ્ધ કર્યો અને વર્ષોથી બંધ પડેલું એનું અધ્યયન ચાલુ થયું અને આજે ય અવિરત આગેકુચ કરી રહ્યું છે એનું પુણ્ય શ્રેયઃ તેઓશ્રીને છે.**

## ગણિ તથા પંન્યાસ પદ :

ન્યાય - વ્યાકરણ - પ્રકરણ - આગમ શાસ્ત્રોના મહાસાગર હોવાથી તેઓ **'સિદ્ધાંત મહોદધિ'**નું યથાર્થ બિરુદ પામ્યા. પણ કર્મ સાહિત્યના તેમના બોધની તોલે કોઈ જ આવી શકે તેમ ન હતું. તેમની આવી પ્રતિભાને નિહાળી નિસ્પૃહ શિરોમણિ, સદ્ધર્મ સંરક્ષક પ.પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજાએ **વિ.સં. ૧૯૭૬ના કારતક વદિ-૬ના શુભ દિવસે ડભોઈ મુકામે તેઓને ગણિપદથી અલંકૃત કર્યા.** પૂ. શ્રી બાપજી મહારાજા પણ તેઓશ્રીના કર્મ સાહિત્ય સંબંધી ગહન અધ્યયન અને આગમના તલ સ્પર્શી બોધથી પ્રભાવિત બન્યા હતા અને વિ.સં. ૧૯૮૧, મા.સુ. ૫ ના અમદાવાદ - વિદ્યાશાળાની પુણ્ય ભૂમિમાં સંઘ સ્થવિર પ.પૂ.આ.શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી દાદાના વરદ હસ્તે **પૂ. ગણિ શ્રી પ્રેમવિજયજી મહારાજાને પંન્યાસ પદે આરૂઢ કરાયા.**

**તે પ્રસંગે પૂજ્ય પંન્યાસ શ્રી પ્રેમવિજયજી ગણિવરે આપેલ પ્રવચન ખૂબ જ મનનીય છે. તે વીરશાસનમાંથી સાભાર વાચકોની જાણ માટે રજૂ કરાય છે.**

"આ માંગલિક પ્રસંગ - તે પંન્યાસપદ માટેનો છે. પંન્યાસપદ એટલે અનુયોગાચાર્ય. એથી વર્તમાનમાં જેટલું શ્રુત વિદ્યમાન હોય તે બીજાને વંચાવવાનો અર્થાત્ વાચના આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ખરેખર મને એવો બોધ નથી અને એવા મહાનપદને માટે મને પોતાને હું જરાપણ યોગ્ય માનતો નથી. **તો પણ પદવી દાયક ગુરુ મહારાજની કૃપાથી પદને યોગ્ય નીવડી હું કૃતાર્થ થઈશ. મને તેવા પ્રકારનો બોધ અને શક્તિ પ્રાપ્ત થશે જ એમ હું માનું છું. આવો વિશ્વાસ રાખવાનું કારણ એક જ છે કે મંત્રના આરોપણપૂર્વક આ પદ અપાય છે અને મંત્ર આરોપણથી તો જડ-વસ્તુ પણ ઈષ્ટ સંપાદક બને છે ! તે તમે જાણો છો.** ગુરુ મહારાજના પ્રભાવથી હું જડ હોવા છતાં યત્કિંચિત્ યત્ન સાધક બનીશ એવી આશા રાખું છું એ અસ્થાને નહિ જ ગણાય."

## પૂ. અનુયોગાચાર્ય શ્રી મેઘવિજયજી ગણિવરશ્રીનું પ્રવચન :

તે પ્રસંગે પૂ. અનુયોગાચાર્ય શ્રી મેઘવિજયજી ગણિવરે ફરમાવ્યું હતું કે, "મહાત્માઓ પોતાની પ્રશંસા પોતાના મુખે કરતા નથી. આ મહાત્માએ પોતાની લઘુતાભર્યા અંતરથી જ આ શબ્દો કહ્યાં છે, પણ **આ પદને માટે તો તેઓશ્રી અત્યારે જ નહિ, પરંતુ કેટલાય વર્ષો પૂર્વેથી જ યોગ્ય હતાં અને યોગ્ય છે.** પદ સ્વીકારવા માટે એઓશ્રીને ઘણો આગ્રહ કરાતો હોવા છતાં પોતે નહિ માનવાથી જ આટલાં વર્ષ વ્યતીત થયા છે. સદ્ભાગ્યે આજે એક યોગ્યને યોગ્ય પદે પ્રતિષ્ઠિત કરવા માટે આપણે ભાગ્યશાલી બન્યા છીએ. મહા આનંદનો આજે અવસર છે. વર્તમાન સૂત્રને તેઓ વંચાવી શકે છે, એટલું જ નહિ પરંતુ દીક્ષાપર્યાયમાં એમનાથી નાના તેમજ મોટા અનેક મુનિવરોને એઓએ સૂત્રોની વાચના આપેલી છે. વળી પ્રકરણોનું જ્ઞાન કે જે આજકાલ આપણામાં લુપ્ત પ્રાયઃ થતું જાય છે, તે બહોળા જ્ઞાનમાં તેઓશ્રી એક્કા છે ! અને એમની પાસે ભણેલાં અનેક શિષ્યો-વિદ્યાર્થીઓ આજે મોજુદ છે.

તેઓ પોતે વ્યાખ્યાન આપતા નથી. પણ આખો દિવસ વ્યાખ્યાનમાં જ પસાર કરે છે. વ્યાખ્યાન **તેઓએ પોતાના શિષ્ય શ્રી રામવિજયજીને સોંપી દીધું છે કે, જે મહાભાગે પોતાના ગુરુનું નામ પ્રખ્યાત કરેલું છે અને જે મહાભાગની અપૂર્વ શક્તિથી સમસ્ત જૈન સમાજ સુપરિચિત છે.**

આમ આપણા આ મહાત્મા એકલા જ્ઞાનમાં જ અધિક છે એમ નહિ, દર્શનમાં પણ તેવા જ ચારિત્રમાં પણ તેવા જ અને વિનય તથા તપશ્ચર્યામાં પણ તેવા જ છે અને વૈયાવચ્ચમાં પણ તેઓ નાનામાં નાના મુનિની પણ વૈયાવચ્ચ પોતાનું શરીર ભૂલીને પણ કરવાનું નથી ચૂકતા.

આટલા-આટલા ગુણો હોવા છતાં જ્ઞાનનો, તપસ્યાનો કે વૈયાવચ્ચનો એમનામાં જરા ય ગર્વ ન મળે, એ વિશેષ ખૂબીની વાત છે. તેઓ દીક્ષા પર્યાયમાં ઘણાથી મોટા છતાં અદ્યાપિપર્યંત ગુરુકુલવાસ એઓએ છોડ્યો નથી.

એ ગુરુકુલવાસના પ્રભાવથી જ એમનામાં જ્ઞાન-દર્શન અને ચારિત્રની લીલાલહેર છે. એઓ શાસનના એક ધોરી સ્તંભ છે, અને એમની સેવામાં શિષ્ય-પરિવાર પણ સાથે એકત્રિત છે. આપણે ઈચ્છીશું કે આ મહાત્મા હજુ પણ ઉચ્ચપદે ચઢે અને આપણને કૃતાર્થ કરે."

## કર્મ સાહિત્ય નિષ્ણાંત - સચ્ચારિત્ર ચૂડામણિ :

પદસ્થ બન્યા પછી પણ પદના મોહમાં મૂંઝાયા વિના જ્ઞાનોપાર્જનમાં મગ્ન જ રહેતા. **સંક્રમણ કરણ** જેવા કર્મ વિષયક ગ્રંથની એઓશ્રીની રચના **'કર્મ સાહિત્ય નિષ્ણાંત'** તરીકે પ્રસિદ્ધિ આપી ગઈ. **'સંક્રમણ કરણ'**ની રચનામાં પોતાની કોઈ ક્ષતિ રહી ગઈ છે, તેવો ખ્યાલ આવતાં તેની ક્ષમા યાચના કરવા તેઓશ્રી તૈયાર થઈ ગયાં. આવી હતી પૂજ્યશ્રીજીની ભવભીરૂતા-પાપભીરૂતા ! તેથી જ સમગ્ર સંઘમાં **'સચ્ચારિત્ર ચૂડામણિ'**ની ખ્યાતિને પામ્યા. તેઓશ્રી કહેતા કે, **'હું કોણ છું ? હું ક્યા સ્થાને છું ? અને કયા મહાત્માની પરંપરામાં છું ?'** આ ત્રણ પ્રશ્નોથી મારા આત્માને સતત સાવધ રાખવા યત્ન કરું છું. વળી વાત્સલ્યથી પૂજ્યશ્રી વારંવાર કહેતા કે - **"જો વડીલોએ શિષ્યનું જીવન સુધારવું હોય તો આશ્રિતોને વારંવાર ટોકવા ન જોઈએ અને શિષ્યોને અંગત રીતે ખૂબ જ વાત્સલ્ય પ્રદાન કરવું જોઈએ અને પોતાનું જીવન પણ તપ-ત્યાગમય બનાવવું જોઈએ"** - ખરેખર આ હિત શિક્ષા આજે પણ કેટલી જરૂરી છે !! આવી ઉમદા વિચારણાદિથી પોતાના જીવનમાં મૈત્રી આદિ ભાવનાઓ એવી રીતે વણી લીધેલી કે વિરોધીઓને પણ તેમનામાં **'પ્રેમપયોધિ'** નું દર્શન થતું. કેમ કે તેઓશ્રીને માન-પાનની પડી ન હતી. કોઈ ગાળ આપે અપમાન કરે તેની ચિંતા ન હતી અને સ્વાર્થની કોઈ જ વાત નહિ. માત્ર પરમાર્થની જ વાત. આચાર સંહિતાનું કડક પાલન સ્વયં કરતા અને કોઈની પણ બેકાળજી જરા પણ નભાવી લેતા ન હતા. માટે તેઓ **સંયમની જીવતી-જાગતી મૂર્તિ હતા એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.** સંયમ તેમનો પ્રાણ હતો અને અપ્રમત્ત સંયમની આરાધનામય જીવન જ તેઓનો મૌન ઉપદેશ હતો.

તેથી જ પ્રવચનની પાટને ગજવ્યા વિના વ્યાખ્યાન વાચસ્પતિ પ.પૂ.આ.શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, આગમપ્રજ્ઞ પ.પૂ.આ.શ્રી.વિ. જંબૂસૂરીશ્વરજી મ.સા., સરળસ્વભાવી પ.પૂ.આ.શ્રી હીર સૂ.મ., તપસ્વી સમ્રાટ પ.આ.શ્રી રાજતિલકસૂરિ મ., વર્ધમાન તપોનિધિ પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુ

સૂ.મ.સા., યુવા પ્રતિબોધક પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય જેવા અનેક અજોડ વિદ્વાન એવા શિષ્ય-પ્રશિષ્યોરૂપ સમુદાયનો વારસો શાસનને સોંપી જનારા તરીકે પૂજ્યશ્રીની સ્મૃતિ સદૈવ અવિસ્મરણીય રહેશે. વાત્સલ્યથી વહાલા થઈ પડતાં એ વરદ હાથનો ચમત્કાર તો કોઈ અનોખો જ હતો ! સંસારીના સંસાર પર એ હાથ વિરાગ વેરતો અને એને સાધુ બનવાના સ્વપ્નો આપતો. પૂજ્યશ્રીના પ્રેમભાવથી પ્રેરણા પામીને મુક્તિ માર્ગે મુસાફરી શરૂ કરનારા વિરાગીઓની વણજાર આજે ય વણથંભી વિકાસ સાધી રહી છે.

પ્રભુ વચનનો અવિહડ રાગ અને નાની પણ થયેલી ભૂલનું મિચ્છા મિ દુક્કડમ્ કરવું - આ તેમના જીવનનું ઉજળું પાસું હતું. તેથી જ અન્ય સમુદાયના એક પ્રસિદ્ધ આચાર્ય ભગવંતે કહેલું કે, **"પ્રેમસૂરિજીએ દોષમુક્ત જીવનનો આગ્રહ રાખ્યો માટે તેઓની સેવામાં સેંકડો સાધુઓ સજ્જ રહે છે, અમે દોષ સેવ્યા માટે માણસોથી સેવા લેવી પડે છે."**

## ગુરુ માતા - યોગ-ક્ષેમમાં કુશળ :

પૂજ્યશ્રી બાળકોને દીક્ષા આપ્યા પછી તેઓની સાચી **'ગુરુ માતા'** બનતા. અમુક ગાથા તું ન ગોખી આપે ત્યાં સુધી મારે દૂધનો ત્યાગ કહી ભણાવતા. માત્ર દીક્ષા આપીને સંતોષ ન માનતા, પૂજ્યશ્રી યોગ-ક્ષેમમાં પણ એક્કા હતા. સંયમ રક્ષાની એવી ચીવટ હતી કે રાત - દિ' સૂક્ષ્મ નિરીક્ષણપૂર્વક 'મામકા-પરાયા' ના ભેદ વિના સૌને સંભાળતાં. યુવા મુનિઓને 'કર્મ સાહિત્ય'ના સર્જનમાં ગોઠવી દીધા અને વિશાળ સાહિત્યનું સર્જન કરાયું. વૃદ્ધ મુનિઓની સેવા-શુશ્રુષાની કાળજી સ્વયં લેતા અને બાલ-યુવા મુનિવરોની રખેવાળી તેમને સોંપતા. સ્વ-પરમાં તેમની નામના એક શુદ્ધ સંયમીની હતી. તેથી વિ.સં. ૧૯૮૬ના અંધેરી ચાતુર્માસમાં તેઓશ્રીએ મુંબઈની અનેક સંસ્થાઓ અને વિવિધ સંઘોના આગેવાનોને સૌમ્યતાથી શાસ્ત્ર સંબંદ્ધ સમાધાન આપી આપીને વિરોધીઓના દિલમાં પણ પ્રભુ શાસનની પ્રેમની જ્યોત જગાવી હતી.

## ઉપાધ્યાય પદ :

વિ.સં. ૧૯૮૭ કારતક વદ-૩ના સકલાગમ રહસ્યવેદી પ.પૂ.આ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ સ્વહસ્તે મુંબઈ-ભાયખલામાં પૂ.પં.શ્રી પ્રેમવિજયજી ગણિવર્યને ઉપાધ્યાય પદ અને પૂ.મુ. શ્રી રામવિજયજી મહારાજાને ગણિ-પંન્યાસ પદ અર્પણ કરેલ. તે પ્રસંગે મુમુક્ષુ શ્રી ભગવાનદાસભાઈ (અધ્યાત્મયોગી પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિ) આદિ પાંચ મુમુક્ષુઓની દીક્ષા નિમિત્તે કા. વદ-૨નો અભૂતપૂર્વ વરઘોડો નીકળ્યો હતો. જેમાં "સૌથી આગળ ઈન્દ્રધ્વજા, ટકોરખાનું, ધી યંગ મેન્સ જૈન સોસાયટીનો વાવટો, સાંબેલાવાળી પાંચ મોટરો, દરેક બે-બે સાંબેલાની આગળ બેન્ડોની મધુર ધૂન, તે પછી પાંચ દીક્ષાર્થીઓની શણગારેલી બગીઓ, દરેક બગીઓની આગળ સ્કાઉટ બેન્ડોનો સુમધુર ધ્વનિ, ત્યાર બાદ એક વિશાળ બેન્ડની પાછળ પૂ.આચાર્યદેવાદિ વિશાળ મુનિગણ મુનિમંડળની ચો તરફ સોસાયટીના સભ્યોની કોર્ડનની પૂર્ણ વ્યવસ્થા, તે પછી અજીમગંજનગરના માલિક, મોટાજાગીરદાર તથા ભારતના માનનીય વાઈસરોય

સ્ટેટ કાઉન્સીલના મેમ્બર રાજા બહાદૂર દૂધેડીયા આદિ, જૈન જગતના સુપ્રતિષ્ઠિત આગેવાનો અને બહોળો માનવ મહેરામણ ઉપસ્થિત થયો હતો.

તે પછી વિરાટ મેદની વચ્ચે રાત્રિના દીક્ષાર્થીના માન-પાનનો ભવ્ય મેળાવડો યોજાયો. અભિનંદનના ભાષણોએ ગજબનો ચમકારો કરી દીધો. **મહાન સમુદાયને જોઈને દીક્ષાના વિરોધનો ઝંડો ઊંચકનારા યુવક સંઘના સભ્યોની તો આંખ જ ફાટી ગઈ.**

સુજ્ઞ વાચકોના હૈયામાં શંકા પડે કે ચાલુ પ્રસંગમાં આ અપ્રસ્તુત વાત કેમ જણાવી. પણ આપણે સૌ સારી રીતના જાણીએ કે જે કાળમાં બાળ-યુવા કે વૃદ્ધને માટે દીક્ષા દુર્લભ હતી, ચારે બાજુથી જોરદાર વિરોધો અને દીક્ષા અટકાવવાના પ્રયત્નો થતા તેવા વિષયકાળમાં શાસનપ્રેમી આત્માઓ, દીક્ષાના અનુરાગી આત્માઓ આનંદમાં આવી કેવા ઉત્સાહ-ઉમંગ-ઉલ્લાસથી આવા પ્રસંગોમાં ભાગ લઈ દીક્ષા દેવીનો જય જયકાર કરતા - તેની ઝાંખી વાંચતા વાંચતા આપણા હૈયામાં દીક્ષા દેવીના વીણાના તાર ગુંજી ઉઠે માટે આ પ્રસંગ અત્રે જણાવ્યો છે.

**આચાર્ય પદ :**

**'યોગ્યને યોગ્ય પદે સ્થાપવા જોઈએ'** આને એક કર્તવ્ય સમજતા તેમના તારક પૂ. ગુરુદેવશ્રી પણ તેઓની નિરીહવૃત્તિથી વાકેફ હોઈ 'આચાર્ય પદ' કેમ આપવું. તેની મીઠી મૂંઝવણ અનુભવતા હતા. તે માટે અનેકવાર પ્રયત્નો કરવા છતાં આ મહાત્માની નમ્રતા ભરી નિષેધની વિનંતીથી આ કાર્યમાં વિલંબ થતો હતો. છતાં પણ **જ્યોતિષ માર્તંડ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાએ પોતાનું વાર્ધક્ય અને સમુદાયની-શાસનની જવાબદારી વિચારીને આચાર્યપદ પ્રદાન માટે. વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ-૧૪નો શુભ દિન નિર્ણિત કર્યો.** તે સમયે પૂ. આચાર્ય ભગવંતાદિ મુનિ ભગવંતો રાધનપુર નિવાસી મુમુક્ષુ કાંતિલાલની (પૂ.આ.ભ.શ્રી રવિચંદ્રસૂરિ મ.સા.) દીક્ષા પ્રસંગે નિશ્રા આપવા અને ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધનાર્થે રાધનપુરમાં બિરાજમાન હતા. પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજીગણી તે સમયે ગ્લાન મુનિ પૂ.મુ. શ્રી જિનવિજયજી મ.ની સેવામાં પાટણ હતા. તે સમયે પૂ. આચાર્ય મહારાજાની ચિંતાને જાણી પૂ. ઉપાધ્યાયજી મહારાજને રાધનપુર લાવવાનું બીડું સંઘાગ્રણી કમલશીભાઈએ ઊઠાવ્યું. પૂ. ઉપાધ્યાયજી મહારાજને આચાર્ય પદની ગંધ પણ ન આવી જાય તેની સાવધાની રાખવાની હતી. તદનુસાર શ્રી કમલશીભાઈ ઝડપથી પાટણ પહોંચ્યા. પૂ. આચાર્યદેવશ્રીના નાદુરસ્ત આરોગ્યના તથા મળવાની ભાવનાના સમાચાર પૂ. ઉપાધ્યાયજી મહારાજાને જણાવ્યા. ચૈ. સુ. ૧૧ની સંધ્યાએ પૂ. ઉપાધ્યાયજીએ પાટણથી પ્રયાણ કર્યું અને ચૈ. સુ. ૧૨ની સંધ્યાએ પૂ. ગુરુદેવના ચરણોમાં ઉપસ્થિત થયા. એક જ દિવસમાં લગભગ ૩૦-૩૫ માઈલનું અંતર કાપ્યું. પૂ. ગુરુદેવની સ્વાસ્થ્યની સ્વસ્થતા-સુંદરતા જાણી આનંદિત થયા. **પૂ. ગુરુદેવની આચાર્યપદ પ્રદાનની વાત જાણી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા પોતાની અંતરની ઘણી જ અનિચ્છા હોવા છતાં પૂ. ગુરુદેવની આજ્ઞાની સામે તેઓશ્રી કાંઈ જ ન બોલી શકયા.**

**વિ.સં. ૧૯૯૧ના ચૈ. સુ. ૧૪ના પુણ્ય દિવસે** પુણ્ય પળે આરાધનાપુરની વિશ્વ વિખ્યાતિને વરેલી રાધનપુરની પુણ્ય ધરા પર પરમગીતાર્થ સકલાગમ રહસ્યવેદી પ.પૂ.આ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ

પોતાના વરદ હસ્તે **પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજી ગણિવર્યને આચાર્ય પદ ઉપર અને પૂ.પંન્યાસ પ્રવર શ્રી રામવિજયજી ગણિવર્યને ઉપાધ્યાય પદ ઉપર આરૂઢ કર્યા. મુમુક્ષુ કાંતિલાલની પણ દીક્ષા થઈ.** તેમનું નામ **મુનિ શ્રી રવિવિજયજી મ.** રાખીને **ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી** ગણિવરના **શિષ્ય તરીકે** જાહેર **કર્યા.** જૈન શાસનના ગગનાંગણમાં એક સૂર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યો. **જ્ઞાની છતાં નિરભિમાની અને યોગ્ય છતાં નિઃસ્પૃહી પૂજ્યશ્રીજી દ્વારા 'પદવી' શોભી ઊઠી** અને **પૂજ્ય આચાર્યદેવ શ્રી સુધર્માસ્વામીની ૭૬મી પાટને શોભાવનારા થયા.**

નૂતન ઉપાધ્યાયજી મહારાજે પ્રથમ પ્રવચનમાં પોતાના તારક પૂ. ગુરુદેવની નિસ્પૃહતાનું અને જૈન શાસનની શુદ્ધ પ્રણાલિકાનું વર્ણન કર્યું. જે શાસનસ્તંભ 'ગુરુશિષ્ય'ની મહાનતાનું દર્શન કરાવી ગયું.

**પૂજ્યશ્રીજીના આચાર્યપદ પ્રદાન પ્રસંગે પૂ. ઉપા. શ્રી રામવિજયજી ગણિવર્યનું પ્રવચન :**

"આજે રાધનપુરમાં એક પરમ નિસ્પૃહમૂર્તિને, પરમ ગુરુદેવે પોતાનાં વરદહસ્તે સૂરિપદ પર પ્રતિષ્ઠિત કર્યા છે. તે મહાપુરુષને એ પદ પર પ્રતિષ્ઠિત કરવામાં આટલો જે વિલંબ થયો તે આ મહાપુરુષની યોગ્યતાની ખામીને લીધે નહિ. પરંતુ તે મહાપુરુષની નિસ્પૃહતાના યોગે જ આટલો વિલંબ થવા પામ્યો હતો. આ મહાપુરુષ કોઈપણ રીતે આ પદ સ્વીકારવા તૈયાર થતા ન હતા. એથી જ આ મહાપુરુષની યોગ્યતા ઉત્તમ હોવા છતાં પણ, આ પદ પર તેઓશ્રીને પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય અટક્યું હતું.

આ મહાપુરુષમાં જ્ઞાનાદિ અનેક ગુણો સાથે લઘુતાનો જે ગુણ છે, ઉત્તમ પ્રકારની જે નિસ્પૃહતા છે, તેની આ મહાપુરુષના પરિચયમાં આવેલા સૌ કોઈને ખબર છે. આ મહાપુરુષથી દીક્ષા પર્યાયમાં લઘુ અને તેઓશ્રી પાસે જ જ્ઞાન પામેલા મહાત્માઓ પણ આજે કેટલા ય વખતથી આચાર્યપદે- આરૂઢ થયેલાં વિદ્યમાન છે. દીક્ષા પર્યાયે વડીલ અને જ્ઞાનદાતા હોવા છતાં આચાર્યપદે આરૂઢ થયેલાં તે મહાત્માઓના ચરણોમાં ભક્તિભર્યા હૃદયે વિનયપૂર્વક નમસ્કાર કરતા આ મહાપુરુષ કદી પણ અચકાયા નથી.

એ બધાં મહાત્માઓનો અને બીજા પણ મહાપુરુષોનો આગ્રહ હોવા છતાં, આચાર્યપદે આ મહાપુરુષ બિરાજમાન થાય એ જોવાની તેઓની પ્રબલ ઈચ્છા હોવા છતાં અને અનેક પુણ્યાત્માઓ તરફથી કંઈ કંઈ પ્રયત્નો કરવા છતાં પણ આજ સુધી જે ન બની શકયું તે આજે અહીં બન્યું. આ રાધનપુરમાં અમલ થવા પામ્યો છે. રાધનપુરના જૈન સંઘનો આ મહાપુણ્યોદય ગણાય કે આવા નિઃસ્પૃહ શિરોમણિ મહાત્માને અનેક વર્ષોના પ્રયત્ન બાદ આ ગામમાં આજે પરમ ગુરુદેવશ્રીએ આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કર્યા છે.

આ પદ મુખ્યત્વે એક જ જોખમદારી રજૂ કરે છે કે આ પદ પર આરૂઢ થઈને એ મહાનપદ પર આરૂઢ થનારાં મહાપુરુષે, સંસારથી ભય પામેલા આત્માઓનું, આત્માની અનંત લક્ષ્મીને પ્રગટ થવામાં અંતરાયભૂત થતાં મહાદોષોથી રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો. જો કે આજે આચાર્યપદ ઉપર પ્રતિષ્ઠિત કરાયેલા મહાપુરુષે અત્યાર સુધીમાં અનેક આત્માઓ ઉપર કદી ન ભૂલી શકાય એવો અપ્રતીમ ઉપકાર કર્યો છે. આજે અહીં જે સાધુ સમુદાય વિદ્યમાન છે, પરમ ગુરુદેવની આજ્ઞામાં જે સાધુ-સમુદાય વિચરી રહ્યો છે, આજે જે આ વિશાળ ગચ્છની લીલીવાડી દેખાઈ રહી છે, તેમાં મોટે ભાગે આ મહાપુરુષની

જ પ્રસાદીનું પરિણામ છે. સંસારના મહારોગોથી પીડાતો અને ભવના ભયથી ભીતિવાળો બનેલો કોઈપણ પ્રાણી સંસારમાં ભટકાવનાર રંગ-રાગથી છૂટી અને અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા માર્ગને પામો એ જ આ મહાપુરુષની અહર્નિશ ઝંખના છે. **હું પણ જે કંઈ પામી શકયો છું, જે કંઈ આત્મકલ્યાણ સાધવા-સધાવવામાં તત્પર બની શક્યો છું. તે પણ આ મહાપુરુષના સુપ્રયત્નનું જ પરિણામ છે. હું જે કંઈ પ્રભુમાર્ગને અનુસરતું બોલી શકું છું, મારામાં જે કંઈ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલાં માર્ગને પ્રકાશિત કરવાની તાકાત આવી છે, અને મારા જીવનમાં જે કાંઈ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુકૂળ જણાય છે, તે સર્વમાં પણ કારણ આ મહાપુરુષની કૃપા જ છે.** આથી આજનો અવસર જેમ તમારા માટે અહોભાગ્યનો અવસર છે, તેમ મારે માટે પણ અહોભાગ્યનો જ અવસર છે કે મારા પરમ તારક ગુરુદેવને હું આચાર્યપદ પર પરમ ગુરુદેવશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલા નિહાળી નેત્રોને પવિત્ર કરી રહ્યો છું.

આ મહાપુરુષને આપણે એ જ વિનવીએ કે તે તારક આપણા સૌનાં ઉદ્ધાર માટે જે કરતાં આવ્યા છે તે વિશેષ પ્રકારે કરે. સંસારના મહારોગોથી પીડાતા આપણા જેવા સઘળાં ય પ્રાણીઓને તારવાનો આ તારક જે પ્રયત્ન કરતાં આવ્યા છે, તે પ્રયત્ન વધુને વધુ કરે. એ જ આ પ્રસંગે આપણી આ તારકને પ્રાર્થના હોય.

અનંતજ્ઞાનીઓની આ પરમપદે બિરાજનારાઓને માટે એ જ આજ્ઞા છે કે, 'સંસારના જીવોને અજ્ઞાનની પીડા દેખાતી નથી. અજ્ઞાનની પીડાથી પીડાતા બધા જીવો એ પીડાનો પોકાર કરતા નથી, પરંતુ જ્ઞાનચક્ષુને પામેલા આત્માઓનો એ પરમ ધર્મ છે કે જગતના જીવો ઈચ્છે, તલસે યા ન તલસે, તો પણ એમને એમની પીડાનું ભાન કરાવવાનો, અને એ પીડાથી બચાવવાનો પ્રયત્ન કરવો.' આ મહાપુરુષ વર્ષોથી એવો પ્રયત્ન કરતા આવ્યા છે અને કરે છે. છતાં આપણી યાચના, આપણી માંગણી તો એ જ હોય કે, આપણા સૌના અજ્ઞાનાદિને ટાળે, સૌને નિસ્તારનો ઉપાય દર્શાવે. તેમજ તે તારક જે જે ઉપાય દર્શાવે તેનો શક્તિ મુજબ, અધિકાર મુજબ, યોગ્યતા મુજબ અમલ કરવાને માટે આપણે દરેક કલ્યાણ કાંક્ષીએ શક્તિ મુજબ તૈયાર રહેવું જોઈએ.

આજે જે મહાપુરુષને પરમ ગુરુદેવે આચાર્યપદ ઉપર પ્રતિષ્ઠિત કર્યા છે, તે મહાપુરુષ આજ સુધી જે રીતે અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનની સઘળી ય મર્યાદાઓને સાચવીને, શાસનની સઘળી ય આજ્ઞાઓને આધીન રહીને સંસારના અજ્ઞાન-મોહ આદિ મહારોગોથી પીડાતા અને ભવથી ભય પામેલા આત્માઓને શરણ આપીને તેમનું રક્ષણ કરતાં આવ્યાં છે, તે રીતે તેથી પણ વધુ પ્રમાણમાં, તારક મહાપુરુષ દ્વારા આપણા ઉપર અને સૌના ઉપર ઉપકાર થાઓ, એમ આપણે આ પુણ્ય પ્રસંગે આશા રાખીએ છીએ અને એ તારકની આજ્ઞાનુસાર વર્તવું, એ આપણી પણ ફરજ છે. આપણે એ ફરજના પાલનમાં રક્ત રહી પ્રભુ શાસનની આરાધના દ્વારા આપણે સ્વ-પર શ્રેયનાં કાર્યોમાં વધુને વધુ પ્રવર્ત્તી સંસારના અજ્ઞાન અને મોહ આદિ મહારોગોથી મુક્ત થઈએ એ જ એક માંગલિક મનઃ કામના.

તેમના જીવનમાં સંયમ પ્રેમની જેમ સ્વાધ્યાય પ્રેમ પણ અજબ કોટિનો હતો. સંયમ તેઓનો શ્વાસ હતો તો સ્વાધ્યાય તેમનો ઉચ્છ્વાસ હતો. તે જ રીતે તેમના જીવનમાં બ્રહ્મચર્ય ગુણ સોળે કળાએ ખીલી ઊઠ્યો હતો. તેમની કુંડલી જોઈ એક વિદ્વાન જ્યોતિષીએ ભારપૂર્વક કહેલું કે, **આ નૈષ્ઠિક બ્રહ્મચારી મહાપુરુષ છે.**

**સિદ્ધાન્ત અને સત્યમાર્ગની સુરક્ષામાં પણ આ મહાપુરુષનો સિંહ ફાળો હતો.** ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સંસ્થાપન-સંરક્ષણ દ્વારા જૈન જૈનેતર જગતમાં **મુનિ શ્રી રામવિજયજીના નામે લોક લાડીલા બનેલા તેઓને આ જ મહાપુરુષે મજબૂત પીઠબળ પૂરું પાડ્યું હતું.** જે કાળમાં સુધારકોને સાથ આપનારા મહાત્માદિ તરફથી પ્રભુ પ્રણીત સત્ય સિદ્ધાંતોને દેશ-કાળના નામે લોપવાનું કામ પાટ પરથી થતું, તે કાળમાં લોકહેરીમાં ન તણાતા, લોકની સામે ન જોતાં એક માત્ર પરમાત્માની તારક આજ્ઞાને આધારે સન્માર્ગની અને સિદ્ધાન્તની સુરક્ષાનું સંગીન કાર્ય આ ગુરુ-શિષ્યની અજોડ જોડીએ જાતના જોખમે કરેલું.

આ મહાપુરુષની નિશ્રામાં શાસનની શાન-આન-માનને વધારતા અનેક દીક્ષા-પ્રતિષ્ઠા-ઉપધાન તપ, છ'રી પાલક યાત્રા સંઘો, નવાણું યાત્રા, પ્રભુ ભક્તિ મહોત્સવો થતાં. તેમાં પોતાની જન્મભૂમિ પિંડવાડામાં થયેલ ઐતિહાસિક પ્રતિષ્ઠાદિ મહોત્સવને જાણકારો આજે ય પણ યાદ કરે છે. તેઓ સંયમની જેમ જ સહન શીલતાની પણ સાક્ષાત્ મૂર્તિ સમા હતા. **વૈશાખ મહિનાના મધ્યકાલિન ધોમધખતાં તાપમાં મદમસ્ત હાથીની જેમ ધીરે ધીરે સ્થંડિલ ભૂમિ તરફ ડગ ભરતાં આ મહાપુરુષની સહન શીલતાને અનેક આંખોએ નિહાળી છે.** લાંબા વિહાર પછી પણ ઊભા ઊભા પ્રતિક્રમણ શારીરિક જીવલેણ વ્યાધિમાં પણ અપૂર્વ પ્રસન્નતા, અપવાદ સેવવાનો સ્પષ્ટ ઈન્કાર, દેહ મમત્ત્વનો પરિત્યાગ આદિ ઉચ્ચતમ ગુણોથી સાક્ષાત્ સહનમૂર્તિ હતા. પૂ. ગુરુદેવેશશ્રીજીના હૈયામાં વસવાનું સૌભાગ્ય જેમ તે પામ્યા હતા તો તેઓના હૈયે વસવાનું પરમ સૌભાગ્ય પ્રથમ શિષ્યરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને સાંપડ્યું હતું અને તે વાત તેમના શ્રીમુખેથી અનેક ભાવિકોએ અનેકવાર સાંભળી છે કે **"રામવિજયજીના પ્રવચનોમાં ક્યારે ય શાસ્ત્રથી વિપરીત પ્રરૂપણા આવે જ નહિ એવો મને અટલ વિશ્વાસ છે માટે જ મારે રામવિજયજીના પ્રવચનોને સંસ્કૃતમાં અનુવાદિત કરી તમામ જ્ઞાનભંડારોમાં મૂકાવી દેવા છે. જેથી તે ભવિષ્યમાં આગમ શાસ્ત્રોની ગરજ સારશે."** જીવનભર પોતાના તારક ગુરુ વચનને '**તહત્તિ**' કહેનાર તેઓશ્રી **ગુરુ તરફથી મળતાં ઠપકાને મીઠો માનતા; આંખે આંસુ સારે પણ સામું વચન ન બોલે.** તે જ રીતના પોતાના પ્રભાવક પટ્ટશિષ્ય માટે તેઓશ્રીજ કહેતા કે - **"રામચન્દ્રસૂરિજીને કોઈ વાર કોઈ મારી વાત નહિ ગમી હોય તો મારા પગે હાથ દઈને ઉઠી જાય, પણ સામું ક્યારે ય બોલ્યા નથી."** વર્તમાનમાં વિપરીત ભ્રામક પ્રચાર કરનારાઓ માટે આ એક '**રેડ સિગ્નલ**' સમાનવાત છે !! ક્રોધને તેઓ કાળીયો કહેતા. કોઈ સાધુને ક્યારેક ગુસ્સો આવે તો 'કાળીયો ક્યાંથી આવ્યો ?' એમ સહજતાથી વાત્સલ્ય ભાવે કહી ક્રોધ કઢાવી નાંખતા.

વિ.સં. ૧૯૯૨માં મહા સુદ-૨ના પાટડીમાં પોતાના પૂ. ગુરુવર શ્રી દાનસૂરિ મ.ના સમાધિપૂર્વકના કાળધર્મના સમાચાર માતર તીર્થમાં મળતાં ગુરુ-શિષ્ય સપરિવાર વજ્રાઘાત પામ્યા. પૂ. ગુરુદેવ શ્રી દાનસૂરિ મહારાજે કાળધર્મ પૂર્વે નિર્દિષ્ટ કરેલા મુહૂર્તે વિ.સં. ૧૯૯૨ વૈ. સુ. ૬ના મંગળ ઘડી પળે મુંબઈમાં પોતાના પટ્ટધરપદે પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિજી મ.ને પ્રસ્થાપિત કરેલ અને પં.શ્રી જંબુવિજયજી મ.ને ઉપાધ્યાયપદે આરૂઢ કરેલ.

આ મહાપુરુષના અનેકવિધ જીવન કાર્યોમાં **તિથિવિષયક સત્ય સિદ્ધાન્તના માર્ગની પુનઃસ્થાપના એ એક મહત્ત્વનું કાર્ય ગણી શકાય. પોતાના તારક પૂ. ગુરુદેવેશ શ્રી દાનસૂરિજી મ.ના મનોરથ અનુસાર અને પોતાના પ્રભાવક સમર્થ પટ્ટધર પ.પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને આગળ કરીને સતત સહકાર પ્રોત્સાહન આપીને પૂજ્યશ્રીએ પર્વતિથિઓની ક્ષય વૃદ્ધિ અંગે કહેવાતી પરંપરાને આગળ કરીને 'તિથિ સિદ્ધાંતનો જે લોપ થયો હતો. તેની પુનઃ સ્થાપના કરી અને સિદ્ધાન્તની નિષ્ઠા વ્યક્ત કરી, જેને સન્માર્ગના સત્ય સિદ્ધાન્તના આરાધકો કોઈ કાળે વિસરી શકશે નહિ.**

સંઘ શાંતિ અને સકલ શ્રીસંઘ એક જ દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના કરે તેવા શુભ હેતુથી પિંડવાડામાં વિ.સં. ૨૦૨૦માં **તિથિ વિષયક પટ્ટક કર્યો પણ સિદ્ધાન્ત માર્ગ યથાવત્ જાળવીને અપવાદ પદે કર્યો - સન્માર્ગ મૂકીને નહિ.** આવા ઉદાર દિલના મહાપુરુષની હૈયાની સરળતાનો ભદ્રિકતાનો ગેર લાભ ઉઠાવ્યો. **સંઘ શાંતિ એકતા જરૂરી પણ સિદ્ધાન્તના ભોગે તો નહિ એમ તેઓ જરૂર માનતા હતા.**

વિ.સં. ૨૦૨૪ની સાલે ખંભાતમાં આ મહાપુરુષની અસ્વસ્થતાના સમાચાર સાંભળી, **'તેમણે ઘણાને સમાધિ આપી છે. મને પણ સમાધિ આપવા તેમણે હવે આવી જવું જોઈએ.'** - એ ભાવનો તેઓશ્રીનો હૈયાનો સંદેશો સાંભળતાં જ, મહારાષ્ટ્રમાં નિશ્ચિત થયેલા તમામ પ્રસંગોને મુલતવી રાખી, પૂ. તારક ગુરુદેવેશશ્રીની ભાવનાનુસાર સમાધિનું પ્રદાન કરવા મુંબઈથી પધારેલા અનન્ય પટ્ટાલંકાર પ.પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની મહા સુદ-૧૩ના શુભ દિવસે ખંભાત નગરે થયેલી ભવ્ય પધરામણી અને **ગુરુ-શિષ્યનાં મિલનનું એ અદ્ભુત દૃશ્ય આજે ય હૃદયને આનંદિત કરે છે અને જોનારા-જાણનારાને રોમાંચિત કરે છે.**

### "પૂ.આ.ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા અંતિમ-નિર્યામણા" :

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ખંભાત જૈન અમર શાળામાં બિરાજમાન હતા. પૂજ્યશ્રીજીના દેહ પર વૃદ્ધાવસ્થા પૂર્ણપણે છવાઈ હતી. વાતરોગની બિમારી પૂજ્યશ્રીને વર્ષોથી હતી, છેલ્લા પાંચ વર્ષથી હૃદયરોગ અને પ્રોસ્ટેટ ગ્લેન્ડ જેવી વ્યાધિઓ શરીરને ક્ષીણ કરતી હતી. છતાં પૂજ્યશ્રીજીનું આત્મબળ-મનોબળ યુવાનને શરમાવે તેવું હતું. ચૈત્ર વદ-૮થી શ્વાસની નવી તકલીફ શરૂ થઈ. દિન-પ્રતિદિન શ્વાસની વેદના વધતી હતી. આવી અવસ્થામાં પણ પૂજ્યશ્રી સતત જાગૃત હતા. સ્વાધ્યાયનો પ્રેમ પૂર્વવત્ જીવંત હતો. છેલ્લા દિવસોમાં પણ સર્જાતા સાહિત્યનું સંશોધન, ચિંતન, જ્ઞાનસારના વિવેકાષ્ટક, મોહત્યાગ અષ્ટકનું શ્રવણ, સમાધિ વિચાર, પરમાત્મ છત્રીશી, પંચસૂત્રાદિનું

પઠન આદિ દ્વારા સમાધિને સજીવન રાખવાનું ભગીરથ કાર્ય આ મહાપુરુષ સહજતાથી કરતાં અને વિ.સં. ૨૦૨૪ વૈશાખ વદ-૧૧ નો એ ગોઝારો દિવસ અને કાળરાત્રિ. દેવસી પ્રતિક્રમણ કરી, સંથારા પોરિસિ કરી, સૂરિમંત્રના પટને ગણવાની પૂજ્યશ્રી તૈયારી કરતા હતા. ત્યાં જ સ્થંડિલની શંકા થઈ, શંકા ટળ્યા પછી છાતીમાં દુઃખાવો શરૂ થયો. લગભગ ૯-૪૫ નો સમય હતો. અનેક સમાધિવર્ધક કાવ્યોનું શ્રવણ **પૂ. મુનિરાજ શ્રી ગુણરત્ન વિ.મ.** વગેરે મહાત્માઓએ કરાવ્યું. બધા ય મહાત્માઓને પૂજ્યશ્રીજીએ ખમાવ્યા. ત્યાર પછી શ્વાસની વ્યાધિએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. ડોક્ટરો આવ્યા. સ્વાસ્થ્યની કોઈપણ ફરિયાદ ન કરતાં મહાત્માઓને કહ્યું કે, તમે સંભળાવવાનું ચાલુ રાખો. તેઓશ્રીજીની પરિસ્થિતિ પ્રતિક્ષણ ગંભીર બનતી હતી. **પૂ.આ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પૂજ્યશ્રીજીના કાન પાસે બેસી શ્રી નવકાર મહામંત્રના શ્રવણ દ્વારા સમાધિ પ્રદાનનું કર્ત્તવ્ય બજાવતા હતા.** પૂ. મહારાજની આંખો પણ સજળ બની, કંઠ રૂંધાઈ ગયો. ત્યાર બાદ બધા મુનિવરોએ એક સાથે શ્રી નવકાર મહામંત્રની ધૂન ચાલુ કરી. ઘડિયાળનો કાંટો ધીમી ગતિએ આગળ વધતો હતો. રાત્રિના ૧૦-૪૦નો સમય થવાની તૈયારી હતી. ત્યાં પૂજ્યશ્રીને પ્રથમ હીંચકી આવી. પૂજ્યશ્રી સ્વમુખે **'વીર'** બોલ્યા. થોડી ક્ષણ પછી બીજી હીંચકી આવી અને **'વીર...વીર...' 'ખમાવું છું... ખમાવું છું...'** ના નાદ સાથે પૂજ્યશ્રીજીએ આ નશ્વર દેહ અને નશ્વર દુનિયાનો ત્યાગ કરી પરલોકના પુનિત પંથે... સ્વર્ગની વાટે... પ્રયાણ કર્યું. સકલ સંઘ નિરાધાર બની ગયો. સર્વત્ર દુઃખ અને શોકનું સામ્રાજ્ય છવાયું. કોણ કોને આધાર.. સાંત્વન આપે... કોણ કોના આંસું લૂંછે. કારણ બધા યે એક આધાર ગુમાવ્યો હતો...

અગ્નિ સંસ્કારનો લાભ કલકત્તાવાળા શ્રીમતિ તારાબેન હરખચંદ કાંકરીયા પરિવાર વતી રૂ. ૩૧૦૦૧ ની બોલી બોલીને રાણપુરવાળા સુશ્રાવક નરોત્તમભાઈએ પ્રાપ્ત કર્યો હતો.

આ રીતે સંયમ... સમર્પણ... સેવા... સ્વાધ્યાય... સત્ય રક્ષા - સિદ્ધાન્ત નિષ્ઠા - સમતા - સમાધિ આદિ ગુણ પુષ્પોથી જીવનને, શાસનને, સંઘને, સમુદાયને સુરભિત - સુવાસિત કરી જનારા સિદ્ધાન્ત મહોદધિ **પૂ.આ.ભ.શ્રી.વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ચરણ કમલોમાં** ભાવભરી કોટિશઃ વંદના...

**"જન્મ્યો તું પિંડવાડે એક વિશ્વને ખૂણે, પણ વિશ્વને ઉજાળ્યું જેમના શિષ્ય ગણે"** આ કાવ્ય પંકિતના હાર્દને સમજીએ.

### પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યો

(૧) પ.પૂ.આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ., (૨) પ.પૂ. મુનિ શ્રી મનોહરવિજયજી મ., (૩) પ.પૂ.ઉપાધ્યાય શ્રી કૈવલ્ય વિ. ગણી, (૪) પ.પૂ. આચાર્યદેવ શ્રી જંબૂસૂરીશ્વરજી મ., (૫) પ.પૂ.આચાર્યદેવ શ્રી હીરસૂરીશ્વરજી મ., (૬) પ.પૂ.મુનિ શ્રી જિનવિજયજી મ., (૭) પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ., (૮) પ.પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ., (૯) પ.પૂ.મુનિ શ્રી રુચકવિજયજી મ., (૧૦) પ.પૂ. મુનિ શ્રી મતિધનવિજયજી મ., (૧૧) પ.પૂ.મુનિ શ્રી ધનવિજયજી મ., (૧૨) પ.પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિ. ગણી, (૧૩) પ.પૂ.મુનિ શ્રી મણિભદ્રવિજયજી મ., (૧૪) પ.પૂ. મુનિ શ્રી ચંદનવિજયજી મ., (૧૫) પ.પૂ. મુનિ શ્રી ચરણપ્રભવિજયજી મ., (૧૬) પ.પૂ.મુનિ શ્રી અશ્વસેનવિજયજી મ., (૧૭) પ.પૂ. આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ. સા.

## શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ
## પ.પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.ના દીક્ષાદાતા
## પૂજ્ય મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ

ગુજરાતના તીર્થ ક્ષેત્રોમાં સ્તંભન તીર્થ એક એવું તીર્થ છે કે જેનો જુગજૂનો જૈન ઈતિહાસ અને ગૌરવદાયક ઘટનાઓ રોમાંચ કરાવ્યા વગર રહે નહિ. તે સ્થંભન તીર્થ ખંભાતના પરિસરમાં એક 'નાર' નામે નરવીરોનું ગામ છે. શ્રદ્ધાસંપન્ન યતિઓના સંપર્કથી જૈન ધર્મ પ્રત્યે આદર પામેલા પટેલો સુવિહિત આચાર્યાદિ મહાત્માઓના માર્ગદર્શનથી મક્કમ જૈનો બનીને સ્થાન-માન પામી ચૂક્યા છે. પ્રખર અભ્યાસી, અખંડ આરાધક અને સત્ય ધર્મ પ્રેમીઓ તરીકે અનેક જૈનાચાર્યોનાં શ્રીમુખે દૃષ્ટાંતરૂપ થયેલા જૈન પટેલો એક ઉત્તમ આદર્શ ઊભો કરી શક્યા છે. આજે પણ એ 'નાર' ગામના નર-નારીના જીવન અનેક પુણ્યાત્માઓને પ્રેરણાના પીયૂષ પાઈ રહ્યા છે.

**જન્મ-માતા-પિતા :**

**ઉમેદભાઈ** અને **નાથીબહેન** 'નાર' ગામના એવા ધર્મપ્રેમી દંપતી હતા કે જેમણે જૈન શાસનના ચરણે અણમોલ રત્નોની ભેટ ધરી સ્વ-પરનાં જીવનને ધન્યાતિધન્ય બનાવ્યું હતું. સદ્ધર્મ સંરક્ષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કમલસૂરીશ્વરજી** મહારાજા, પૂ. ઉપાધ્યાય શ્રી **વીરવિજયજી** મહારાજા. તથા સકલાગમ રહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજાનો સત્સમાગમ પામીને 'નાર' ગામ ધર્મનિષ્ઠામાં અદકેરું સ્થાન પામી શક્યું હતું.

ધર્મનિષ્ઠ **ઉમેદભાઈ**ના બે પુત્રો **શ્રી મગનભાઈ** અને **શ્રી મથુરભાઈ**, તેઓના આત્મામાં વિરાગની ચિરાગ પેટાવવાનું કામ ગુરુ ભગવંતોએ કર્યું. તેના પરિણામે વૈરાગ્ય વાસિત બનેલા તે બે બંધુએ સંયમ માર્ગે સંચરી 'નાર' ગામની ખ્યાતિમાં ચાર ચાંદ લગાવ્યા. મોટાભાઈ મગનભાઈનો જન્મ વિ.સં. ૧૯૪૮માં 'નાર' માં થયેલો હતો.

**દીક્ષા :**

**વિ.સં. ૧૯૬૧ના મહા સુદ ૬ના** દિવસે ખંભાતમાં ૧૩ વર્ષની લઘુવયે ધર્મશ્રદ્ધાળુ અને વૈરાગી **શ્રી મગનભાઈ** પૂ. પંન્યાસ પ્રવર **શ્રી ચતુરવિજયજી** ગણિવરના વરદ હસ્તે સંયમ પામી પૂ. આચાર્યદેવ

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય મુનિરાજ શ્રી
# મંગલવિજયજી મહારાજ

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : મગનભાઈ | દીક્ષા દાતા | : પૂ. પં. શ્રી ચતુરવિજયજી ગણિવર |
| જન્મ | : વિ.સં. ૧૯૪૮ નાર (ખંભાત પાસે) | ગુરુનું નામ | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| માતા | : નાથીબેન | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી મંગલવિજય મ. |
| પિતા | : ઉમેદભાઈ પટેલ | સંયમ પર્યાય | : ૬૫ વર્ષ |
| દીક્ષા દિવસ | : વિ.સં. ૧૯૬૧ મ. સુદ-૬ ખંભાત | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૬ અ. સુદ-૧ જામનગર |
| દીક્ષાની ઉંમર | : ૧૩ વર્ષ | આયુષ્ય | : ૭૮ વર્ષ |

**સૌજન્ય :** પૂ.સા. શ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ., પૂ.સા. શ્રી જ્ઞાનરત્નાશ્રીજી મ., પૂ.સા. શ્રી ધર્મવર્ધનાશ્રીજી મ., પૂ.સા. શ્રી દર્શનરત્નાશ્રીજી મ., પૂ.સા. શ્રી શ્રુતલોચનાશ્રીજી મ., તથા અમારા કુલદીપકો પૂ.મુ. શ્રી જિતપ્રજ્ઞવિ.મ., પૂ.સા. શ્રી જિનપ્રજ્ઞાશ્રીજી મ.ના સદ્ઉપદેશથી

**શ્રીમતી ઉષાબેન ભરતભાઈ રમણિકલાલ શાહ. દાઠાવાળા હ. હેમાંગ - મુલુંડ-મુંબઈ**

શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય મુનિશ્રી મંગળવિજયજી મહારાજાના નામે જાહેર થયાં હતાં.

પૂજ્યશ્રીના લઘુબંધુ વૈરાગી **શ્રી મથુરભાઈ**એ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજાના વરદ હસ્તે ૧૫ વર્ષની લઘુ વયે વિ.સં. ૧૯૬૮ના મહા સુદ ૬ના શુભ દિવસે સંયમનો સ્વીકાર કરી પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજાના જ શિષ્ય બની મુનિરાજ શ્રી મેરુવિજયજી મ.સા.ના શુભ નામે પ્રખ્યાત થયા. (પાછળથી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેરુસૂરીશ્વરજી મહારાજા બન્યા)

પૂજ્યશ્રીના પિતા **શ્રી ઉમેદભાઈએ** પણ શુભ મંગલ દિવસે દીક્ષાનો સ્વીકાર કરી પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય બની **મુનિરાજ શ્રી ઉદ્યોતવિજયજી** મહારાજ બનેલા.

જ્ઞાન અને શ્રદ્ધા તથા નિડરતા અને પરાક્રમના બળે પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરનારા પૂજ્ય મુનિ શ્રી મંગળવિજયજી મ.સા.એ વિ.સં. ૧૯૬૯ પોષ સુદ ૧૩ના પવિત્ર દિને પાદરાના બાલ ત્રિભુવનને (પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજને) ગંધાર તીર્થની પવિત્ર ભૂમિ પર દીક્ષાનું દાન કરી પ.પૂ.મુનિ શ્રી **રામવિજયજી** મહારાજ બનાવ્યા. ભવ્યભાવિને સૂચવતો તે પ્રસંગ નીચે મુજબ છે.

વિ.સં. ૧૯૬૯માં પૂ.શ્રી.દાનવિજયજી મહારાજા તથા પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજા વડોદરામાં હતા. ત્યારે ૧૭ વર્ષનો તરુણ ત્રિભુવન દીક્ષા લેવા માટે ઘરેથી ભાગીને ત્યાં ગયો. એક માત્ર સંયમ માટે થનગની રહેલા ત્રિભુવનને દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. પણ દીક્ષાના વિરોધનું વાતાવરણ પ્રચંડ હોવાથી દીક્ષા માટે પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજાની નિશ્રામાં જંબુસરે જવાનું કહ્યું. પૂ. ગુરુદેવોના આશીર્વાદ લઈ ત્રિભુવન વિશ્વામિત્ર સ્ટેશનથી માસર રોડની ટ્રેનમાં બેઠો. રસ્તામાં પાદરા સ્ટેશન આવતું હોવાથી ત્યાં કોઈ જોઈ જાય અને દીક્ષામાં વિઘ્ન આવે; એવું ન બને તે માટે પાટીયાં નીચે સૂઈ ગયો. સાંજના માસર રોડ પહોંચી પગપાળા ચાલીને રાત્રે સાડા અગિયાર (૧૧।।) વાગે જંબૂસર પહોંચ્યો. પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે કે, "તું અહીં ક્યાંથી !" ત્રિભુવને કહ્યું કે, "મહારાજજીએ મને દીક્ષા માટે મોકલ્યો છે." પૂ. ઉપાધ્યાયજીએ કહ્યું કે, "હમણાં તું સૂઈ જા." ત્રિભુવનને શંકા પડી કે બીજી કંઈ વાત કેમ કરતા નથી. તેથી ત્રિભુવન છાનો માનો પડી રહ્યો. એકાદ કલાક પછી પૂ. ઉપાધ્યાયશ્રીએ સાથેના સાધુઓને વિહાર કરવાની તૈયારી કરવા જણાવ્યું. 'દાનવિજયજીએ મોકલ્યો છે, એટલે દીક્ષા આપવાની છે.' (આ સાંભળીને સૂતેલા ત્રિભુવનને મનમાં અતિ આનંદ થયો.)

દરેક સાધુઓ ત્રિભુવનને લઈને વિહાર કરી આમોદ આવ્યા. ત્યાં ત્રિભુવનના દૂરના સંબંધવાળા કાકી વંદન કરવા આવ્યા. ત્રિભુવનને જોઈ તેમણે પૂછ્યું, 'સબૂડા ! તું અહીં ક્યાંથી ?' આ સાંભળી તે બહેન ગયા પછી પૂ. ઉપાધ્યાયજી મહારાજના પૂછવાથી ત્રિભુવને કહ્યું કે, "આ મારા કાકી છે. તેથી ઉપાધ્યાયજી મહારાજે કહ્યું કે, "અહીં પણ દીક્ષા ન થાય." દીક્ષાના મુહૂર્તનો દિવસ પોષ સુદ-૧૩ નો હતો અને વચ્ચે એક જ દિવસ આડો. ઉપાધ્યાયજી ભગવંતને મૂંઝવણ હતી કે આની દીક્ષા ક્યાં અને કઈ રીતે કરીશું ? તે મૂંઝવણ જોતાં પૂ. શ્રી મંગલવિજયજી મહારાજે કહ્યું કે, "ગંધાર જઈને દીક્ષા આપી આવીએ તો ?" પૂ. ઉપાધ્યાયજીએ કહ્યું કે, 'હિંમત રાખી આ કામ પાર પાડો.'

પૂ. મુનિ શ્રી મંગલવિજયજી મ., પૂ.મુ. શ્રી નયવિજયજી મ. અને પૂ.મુનિ શ્રી પ્રકાશવિજયજી મ. અને મુમુક્ષુ ત્રિભુવન પોષ સુદ બારસને સાંજે આમોદથી ટંકારીયા ૭ માઈલ પહોંચ્યા. એક ઝુંપડામાં રાતવાસો કર્યો. ટંકારીયાથી સવારે આઠ માઈલ શ્રી ગંધાર તીર્થ પહોંચ્યા. પરિચિત કોઠારી કુટુંબના શ્રાવક દ્વારા ઉપકરણો પહોંચી ગયાં હતાં. શ્રી ગંધાર તીર્થના શ્રી **અમીઝરા પાર્શ્વનાથ** ભગવાનની સમક્ષ ત્રણ પાટલા ઉપર ભગવાન પધરાવી દીક્ષા વિધિ શરૂ થઈ. સ્નાનવિધિનો સમય થયો. મુંડન માટે હજામને આવતા વાર લાગી. તેથી પૂ.મુનિ શ્રી મંગલવિજયજીએ જાતે જ કાતરથી કેશ કાપવાનું શરૂ કર્યું. ત્યાં હજામ આવી પહોંચ્યો. પાંચ સાત જણાની હાજરીમાં દીક્ષા વિધિ સંપૂર્ણ થઈ. દીક્ષા વિધિ દરમ્યાન પવનના સૂસવાટા વચ્ચે હાલમ - ડોલમ થતાં દીવાઓ વચ્ચે દીક્ષા વિધિ જ્યાં સુધી પરિપૂર્ણ ન થઈ ત્યાં સુધી દીવાની જ્યોત જલતી જ રહી.

દીક્ષા દાતા પૂ. મંગલવિજયજી મહારાજે મંગલ વચનો ઉચ્ચાર્યા કે **"આ નૂતન દીક્ષિતનાં લક્ષણો મહાપ્રભાવકતાનાં છે. તેની સામે અનેક ઝંઝાવાતો જાગશે અને જાણે લાગશે કે હમણાં જ તેજ ક્ષીણ થઈ જશે. પરંતુ જેમ દરિયાઈ તોફાનમાં પણ આ દીવાની જ્યોત અખંડ રહી તેમ આનું ધર્મ-તેજ અંત સુધી ઝળહળતું જ રહેશે."**

સમગ્ર ભારતવર્ષે પૂજ્યશ્રીના ૭૯ વર્ષના સંયમજીવનમાં સંખ્યાબંધ કસોટીભર્યા - કટોકટીભર્યા રોમાંચભર્યા યાદગાર પ્રસંગોમાં **પૂ. મુનિ શ્રી મંગલવિજયજી** મહારાજની ઉક્તિ ચરિતાર્થ થતી જોઈ છે. એ બધા પ્રસંગો સુપ્રસિદ્ધ છે.

વિ.સં. ૧૯૮૫માં પૂ.આ.વિ.**દાનસૂરિજી** મહારાજા પરિવાર સાથે અંધેરી મુંબઈ પધાર્યા ત્યારે મુંબઈમાં જે ખળભળાટ મચ્યો, પ્રવેશ ન થાય તેવી પેરવીઓ થવા લાગી. ખુદ સંઘ સ્થવિર પ.પૂ.આ.શ્રી વિ. **સિદ્ધિસૂરિજી** દાદા (પૂ.બાપજી મ.ના) નો પણ સંદેશો એવા ભાવનો આવ્યો કે, **"ખૂબ જ વિચારીને આગળ વધવા જેવું છે, નહિ તો પાછા વળો."**

આ તાર મળ્યો, ત્યારે સૌ અંધેરી પહોંચી ગયા હતા. મુંબઈના વાતાવરણથી પૂ. દાનસૂરીશ્વરજી મહારાજ પણ એવા વિચારવાળા બની ગયા હતા કે, અંધેરી ચાતુર્માસ પતાવીને પાછા ફરી જવું, એથી બધા સાધુઓને વિચારણા માટે ભેગા કરવામાં આવ્યા. **ત્યાં બેઠેલા શ્રી મંગળવિજયજી મહારાજને થયું કે, આ નાવડું કદાચ કિનારે આવીને ડૂબી જશે ! એવું તો ન જ બનવું જોઈએ.**

**શ્રી મંગળવિજયજી** મહારાજે ખુમારીપૂર્વક વળતી જ પળે સૌને કહ્યું, **"યુદ્ધ જાહેર થતા સેનાપતિ બધા સૈનિકોને ભેગા કરે અને પાનો ચડાવવાની વાતો કરે, એવી આપણી આ મિટીંગ બનવી જોઈએ. 'પાછા પગલાં ભરે એ રજપૂત નહિ.' સૌના હૈયામાં હિંમતનો સંચાર થયો અને હિંમતભેર મુંબઈમાં પ્રવેશવાનું નક્કી થયું."**

પૂ.મુનિ શ્રી મંગલવિજયજી મ.સા. અને પૂ.મુનિ શ્રી મેરુવિજયજી મ.સા. બંન્ને સ્વ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી હસ્તલિખિત પ્રતો લખાવવાનું, તેને સુધારવાનું અને ભંડારોમાં

વ્યવસ્થિત ગોઠવવાનું કામ સુંદર રીતે કરતા. આ બંન્ને મહાપુરુષના હસ્તાક્ષર મોતીના દાણા જેવા હતા. બ્રાહ્મી આદિ લિપિના તેઓ જાણકાર હતા. આ રીતે ભંડારોને સમૃદ્ધ કરવા સાથે જ્ઞાન રક્ષણનું કર્તવ્ય અદા કરતા.

સ્પષ્ટ વક્તા, આચાર શુદ્ધિ, ઠંડી કોઠા સુઝના ધારક આ મહાપુરુષે પરમગુરુ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય **કમલસૂરીશ્વરજી** મહારાજાની અંતિમ સેવા-વૈયાવચ્ચનો અપૂર્વ લાભ પ્રાપ્ત કર્યો હતો.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ છેલ્લે બંને બંધુ બેલડીને ઉપકારી માનીને વડીલ તરીકે સાથે રાખી સારી એવી ભક્તિ કરી અને અંતિમ નિર્યામણા કરાવી સમાધિની ભેટ આપી હતી.

પૂ.મુનિ શ્રી મંગલવિજયજી મ. અને પૂ.મુનિ શ્રી મેરુવિ.મ. દીક્ષા પર્યાયમાં પોતાનાથી વડીલ અને તપાગચ્છતાજ પૂ.આ.ભ.શ્રી **રામચન્દ્રસૂરિ** મ. આચાર્યપદ આદિ અનેક ગુણોથી સમૃદ્ધ છતાં પણ તેઓશ્રીએ ઉભય પૂજ્યો પ્રત્યેનો સમુચિત વ્યવહાર જોનારાને આનંદ આપતો. આચાર્ય અને ગચ્છાધિપતિ બનવા છતાં તેઓશ્રી બંને પૂજ્યોનું પુરું બહુમાન જાળવતા. એ પાટ પર બેસે પછી જ પોતે બેસતા એમનાથી પોતાની પાટ ઊંચી પણ ન રાખતા.

વિ.સં. ૨૦૨૬નું ચાતુર્માસ સુવિશાલ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા આદિ ઠાણાનું જામનગર નક્કી થયેલ. તેમાં જામનગર જતાં નજીકના જ વિહારમાં પૂ.મુનિ શ્રી મંગલવિજયજી મ.સા.ની તબિયત એકાએક નરમ પડી. તુરંત જામનગરની બહારના મુકામે પહોંચી ગયા. પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરિજી** મહારાજા થોડા પાછળ હતા. તેઓશ્રીના આગમન પહેલાં જ શ્રાવકોએ એમને હૉસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લીધેલો. પૂજ્યશ્રીની રાહ જોવાતી હતી. એમ્બ્યુલન્સ પણ આવી ગયેલી. પણ પૂજ્યશ્રીએ આવતાં જ હૉસ્પિટલમાં લઈ જવાની ચોક્ખી ના પાડી દીધી. સમય ઓછો હતો. એટેક ભારે હતો. તેઓશ્રીને બે ડોલી સાથે જોડી સૂવડાવ્યા. ગચ્છાધિપતિશ્રીજીએ પોતે બામ ઘસ્યો. આશ્વાસન આપ્યું. માત્રાની શંકા થઈ તો એનો ટબ પોતે પકડી રાખ્યો. પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી આદિ મુનિ ભગવંતોએ નમસ્કાર મહામંત્ર સંભળાવવાનું શરૂ કર્યું. અંતે પ.પૂ.ગચ્છાધિપતિશ્રીના શ્રીમુખે નિર્યામણા પામી દીક્ષા દાતા એવા **પ.પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ વિ.સં. ૨૦૨૬ અષાઢ સુદ ૧ ના જામનગર મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

એમના કાળધર્મ સમયે એમના લઘુ બંધુ પૂ.મુ. શ્રી મેરુવિજયજી મહારાજ સાથે ન હતા. પરંતુ જ્યારે ભેગા થયા ત્યારે પૂ. ગચ્છાધિપતિશ્રીજીએ એમને નિશ્ચિંત કર્યા. કહ્યું કે આપ મારા વડીલ છો. આપે મારી સાથે જ રહેવાનું છે અને પૂજ્યશ્રીએ એમને છેક સૂરિપદે પણ પ્રતિષ્ઠિત કર્યા હતા.

"શ્રી જૈન શાસનના સાધુઓએ તો કોઈની પણ સલાહ મુજબ નહિ ચાલતાં શાસ્ત્રાજ્ઞા મુજબ ચાલવું જોઈએ. શ્રાવકની સલાહ સાધુ જરૂર માને, પણ તે કઈ ? તે જ કે જે શાસ્ત્ર આજ્ઞાને અનુસરતી હોય. શાસ્ત્રજ્ઞાને બાધ આવે એવી શ્રાવકોની સલાહ માનવી એ જૈન શાસનની માન્યતા જ નથી."

**પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

શાંત-સરલ-સૌમ્યમૂર્તિ

## પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેરુસૂરીશ્વરજી મહારાજા

ગુજરાતનાં તીર્થક્ષેત્રોમાં સ્તંભનતીર્થ એક એવું તીર્થ છે કે જેનો જૂગજૂનો જૈન ઇતિહાસ અનેક ગૌરવદાયક ઘટનાઓથી રોમાંચ કરાવ્યા વગર રહે નહિ. તે સ્તંભન-તીર્થ-ખંભાતના પરિસરમાં એક 'નાર' નામે નરવીરોનું ગામ છે. શ્રદ્ધા સંપન્ન યતિઓના સંપર્કથી જૈન ધર્મ પ્રત્યે આદર પામેલા પટેલો સુવિહિત આચાર્યાદિ મહાત્માઓના માર્ગદર્શનથી મક્કમ જૈનો બનીને સ્થાન-માન પામી ચૂક્યા છે. સારા અભ્યાસી, અખંડ આરાધક અને અપ્રમત્ત ધર્મ પ્રેમીઓ તરીકે અનેક જૈનાચાર્યોનાં શ્રીમુખે દૃષ્ટાંતરૂપ થયેલા નાર ગામના તે જૈન પટેલો એક ઉત્તમ આદર્શ ઊભો કરી શક્યા છે. આજે પણ એ 'નાર'ના નર નારીનાં જીવન અનેક પુણ્યાત્માઓને પ્રેરણાનાં પીયૂષ પાઈ રહ્યાં છે.

**જન્મ-માતા-પિતા :**

**ઉમેદભાઈ** અને **નાથીબહેન 'નાર'** ગામના એવા ધર્મપ્રેમી દંપતી હતા કે જેમણે જૈનશાસનનાં ચરણે અણમોલ રત્નોની ભેટ ધરી સ્વ-પરનાં જીવનને ધન્યાતિધન્ય બનાવ્યુ હતું. સદ્ધર્મસંરક્ષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ, વાચકવર પૂ. શ્રીમદ્ વીરવિજયજી મહારાજ તથા શાસનમાન્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના સત્સમાગમ પામીને **નાર ગામ** ધર્મનિષ્ઠામાં અદકેરું સ્થાન પામી શક્યું હતું. ઉમેદભાઈના **બે પુત્રો** શ્રી **મગનભાઈ** અને શ્રી **મથુરભાઈ**એ આત્મામાં વિરાગની ચિરાગ પેટાવી, સંયમમાર્ગે સંચરી નાર ગામની ખ્યાતિમાં ચાર ચાંદ લગાવ્યા હતા. મગનભાઈનો જન્મ વિ.સં. ૧૯૪૮માં અને મથુરભાઈનો જન્મ વિ.સં. ૧૯૫૩માં નારમાં થયેલ હતો.

વિ.સં. **૧૯૬૧**ના **મહા સુદ ૬ને** દિવસે, ખંભાતમાં ૧૩ વર્ષની લઘુવયે, **મગનભાઈ** પૂ. **પંન્યાસપ્રવર શ્રી ચતુરવિજયજી ગણિવરના વરદ્ હસ્તે દીક્ષા** પામી, પૂ.આ.શ્રી **વિજયદાનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ શ્રી મંગળવિજયજી બન્યા** અને વિદ્વત્તા આદિ ગુણો વડે સમુદાયમાં શ્રેષ્ઠ સ્થાન શોભાવી વિ.સં. ૨૦૨૬ના **અષાઢ સુદ એકમના સંધ્યા સમયે** જામનગરમાં પરમ પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શ્રીમુખે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તેઓશ્રીના લઘુબંધુ અને એક આદર્શ વૈયાવચ્ચગુણધારક પૂ. આચાર્ય શ્રીમદ્ **વિજયમેરુસૂરીશ્વરજી મહારાજ** પણ સંઘસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે, ૧૫**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેરુસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : મથુરભાઈ | ગુરુનું નામ | : પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજા |
| જન્મ | : વિ.સં. ૧૯૫૩<br>નાર (ખંભાત પાસે) | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી મેરુવિજય મ. |
| | | આચાર્ય પદવી | : વિ. સં. ૨૦૨૯ મા. સુદ-૨<br>શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ |
| માતા | : નાથીબેન | | |
| પિતા | : ઉમેદભાઈ | આચાર્ય પદ પર્યાય | : ૩ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૮ મ. સુદ-૬ | સંયમ પર્યાય | : ૬૪ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૧૫ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૩૨ અ. વદ-૧૧ પૂના |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ મહારાજા | આયુષ્ય | : ૭૯ વર્ષ |

**વર્ષની લઘુ** વયે, વિ.સં. **૧૯૬૮ના મહા સુદ ૬ને શુભ દિવસે દીક્ષા** અંગીકાર કરી, **મુનિ શ્રી મેરુવિજયજી તરીકે પ્રખ્યાત થયા હતા.** જીવનપર્યંત વડીલબંધુની એક અદના સેવક તરીકે સેવા-આજ્ઞા ઉઠાવનાર પૂજ્યશ્રીના સમતા, સ્વાધ્યાયનિષ્ઠા, શ્રુતોપાસના અને વિનય-વિવેક આ સર્વ ગુણો ઊડીને આંખે વળગે તેવા ઉત્તમ હતા. પૂજ્યશ્રીનું જીવન સ્વાવલંબી હતું, પોતાનું કાર્ય પોતે જ કરે. ઉપધાન-યોગ વગેરે વિધિ કરાવવામાં કુશળ હતા. હસ્તલિખિત પ્રતોની શુદ્ધિ વગેરે કરતા. તેઓશ્રીના આવા વ્યક્તિત્વને લીધે તેઓશ્રી સમુદાયમાં પ્રશાંતમૂર્તિ તરીકે સન્માનનીય બની રહ્યા હતા. વિશાળ સમુદાયનું સફળ નેતૃત્વ જેમના શિરે હતું તેવા પરમ ગુરુભગવંત આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** પ્રભાવક પટ્ટધર પૂ.આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજે પોતાના દીક્ષાદાતા ગુરુદેવ **શ્રી મંગળવિજયજી મહારાજ**ને વચન આપેલું કે, **'આપશ્રી પૂ. મેરુવિજયજી મહારાજની ચિંતા કરશો નહિ. હું તેઓશ્રીને સંભાળી લઈશ.'** તે મુજબ, પોતાની વયથી એક જ વર્ષ મોટા એ મુનિવર્યને બહુમાનપૂર્વક પોતાની સાથે રાખ્યા હતા.

## આચાર્ય પદવી :

**વિ.સં. ૨૦૨૯ના માગશર સુદ બીજના** દિવસે અનેક પદસ્થોના સૂરિપદ સમારોહ પ્રસંગે (મુંબઈ શ્રીપાળનગર-વાલકેશ્વરમાં) તેઓશ્રીને આગ્રહપૂર્વક આચાર્યપદે આરૂઢ કરી આચાર્ય શ્રી વિજયમેરુસૂરીશ્વરજી મહારાજ તરીકે ગૌરવાન્વિત કરાયા હતા.

## અંતિમ આરાધના :

પૂના શહેરની વર્ષોની વિનંતીને લક્ષમાં લઈ પૂ. ગચ્છાધિપતિ પૂના પધાર્યા ત્યારે પૂજ્યશ્રી સાથે જ હતા. સ્વાસ્થ્ય કથળ્યું હતું. હૃદયની તકલીફ હતી. ડૉક્ટરોએ હોસ્પિટલમાં દાખલ કરવા આગ્રહ કર્યો, પરંતુ પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે, 'જે જરૂરી હોય તે ઉપચાર ઉપાશ્રયમાં જ કરો. અન્ય સાધુઓ તેઓશ્રીની સેવામાં સજ્જ રહેશે !' અને રાતદિવસ ખડે પગે સેવા કરતાં મહાત્માઓને જોઈને ડૉક્ટરો પણ આશ્ચર્યચકિત થયા. શીખ ડૉક્ટરના મુખમાંથી એવા ઉદ્ગારો સરી પડ્યા કે, **'આ મહારાજની સેવા જે રીતે મહાત્માઓએ કરી છે. તેવી સેવા અમારી હૉસ્પિટલમાં પણ ડૉક્ટર કે નર્સો નથી કરી શકતા.' વિ.સ. ૨૦૩૨ના અષાઢ વદ ૧૦ની રાત્રે** અસ્વસ્થતા વધી. **અગિયારસની સવારે** પૂ. ગચ્છાધિપતિશ્રીના શ્રીમુખે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં, **સમાધિભાવે કાળધર્મ પામ્યા.**

પૂજ્યશ્રીના પિતાશ્રી ઉમેદભાઈએ પણ પૂ.આ.શ્રી **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના શિષ્યત્વને સ્વીકારી, સંયમજીવન દીપાવી, સ્વજીવનને ધન્ય બનાવ્યું હતું. તેઓશ્રીનું નામ પૂ. મુનિ શ્રી ઉદ્યોતવિજયજી મ. હતું.

**પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, તપાગચ્છાધિપતિ, સકલસંઘહિતચિંતક, દીક્ષાયુગપ્રવર્તક, મહારાષ્ટ્રદેશોદ્ધારક, પનોતીપુણ્યાઈ અને પ્રચંડપ્રતિભાના સ્વામી, સત્યસિદ્ધાંતસંરક્ષક, શ્રી સુધર્માસ્વામીની ૭૭મી પાટને શોભાવનારા જૈનશાસનશિરતાજ**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

**प्रशान्तदर्शनं धीरं, वीरं शासनरक्षणे ।**
**मोहोपशमने नीरं, रामचन्द्रं स्तुवे गुरुम् ।।१।।**

જેમનું દર્શન પ્રશાંત કરનારું છે, મહાવ્રતોનો ભાર ઉપાડવામાં જેઓ ધીર છે, શાસન રક્ષા માટે વીર છે, મોહનું ઉપશમન કરવા માટે જેઓ નીર (પાણી) સમાન છે, એવા ગુરુ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની હું સ્તવના કરું છું.

**दुःखं प्राप्य न दीनत्वं, सुखं प्राप्य न लीनता ।**
**समभावं सदा धत्ते, रामचन्द्रः स मे गुरुः ।।२।।**

જેઓ રોગ, કષ્ટ, અપમાનાદિ દુઃખ મેળવીને પણ દીનતાને પામ્યા ન હતા, જેઓ સ્વસ્થતા, પૂજા, બાદશાહી સામૈયાદિ સુખ મેળવીને પણ લીનતાને પામ્યા ન હતા, બંનેમાં જેઓ સમભાવ ધારે છે તે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા મારા ગુરુદેવ છે.

જૈનશાસન શિરતાજ ભવ્યજીવોના તારણહાર, હજારોના હૈયાના હાર, અણનમ અણગાર, પરમતારક, પરમ ગુરુદેવ પ.પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના અનેકાનેક વિશિષ્ટ શક્તિઓથી ભરપૂર જીવનમાં વિશિષ્ટ યોગ્યતા, તર્કશક્તિ, બુદ્ધિ શક્તિ, નિર્ણય શક્તિ, પ્રતિભાદિનો ખજાનો બાલ્યવયથી જ ભર્યો હતો.

**જન્મ-માતા-પિતા :**

સુવિશુદ્ધ મોક્ષમાર્ગ સંરક્ષક પ. પૂ. આત્મારામજી મહારાજા વિ.સં. ૧૯૫૨ની સાલમાં જેઠ સુદ ૭ના કાળધર્મ પામ્યા. તેજ સાલમાં એ મહાપુરુષના કાળધર્મના અઢી મહિના પૂર્વે અને પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચ્યવન કલ્યાણક અને કેવલજ્ઞાન કલ્યાણકથી પવિત્ર બનેલા ફાગણ વદ ૪

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ત્રિભુવન |
| જન્મ | : વિ.સં. ૧૯૫૨ ફા. વદ ૪ દહેવાણ |
| માતા | : સમરથબેન |
| પિતા | : છોટાલાલ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯ પો. સુદ -૧૩, ગંધાર તીર્થ |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા દાતા | : પ.પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી પ્રેમસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી રામવિજય મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૬૯ ફા. સુદ ૨ વડોદરા |
| ગણી તથા પં. પદ | : વિ.સં. ૧૯૮૭ કા. વદ ૩ ભાયખલા - મુંબઈ |
| વ્યા. વાચસ્પતિ પદ | : વિ.સં. ૧૯૮૭ કા. વદ ૩ ભાયખલા - મુંબઈ |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧ ચૈ. સુદ ૧૪, રાધનપુર |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૨ વૈ. સુદ ૬ મુંબઈ શેઠ મોતીશા લાલબાગ |
| આચાર્ય પદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંયમ પર્યાય | : ૭૯ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૪૭ અ. વદ ૧૪ અમદાવાદ, દર્શન બંગલો, પાલડી. |
| આયુષ્ય | : ૯૬ વર્ષ |

સૌજન્ય : વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ઉપકાર સ્મૃતિમાં
સુદેવ-સુગુરુ-સુધર્મનો અમુલ્ય વારસો આપનાર વાંકાનેર નિવાસી

**માતુશ્રી રેવાબેન વ્રજલાલ અંદરજી લાકડાવાળા**ના આશીર્વાદથી

હ. રાજુભાઈ લાકડાવાળા કીર્તિદાબેન, ચિરાગ, પૂજા, માહી, ધ્રીશાન. સર્વોદયનગર, ભૂલેશ્વર, મુંબઈ **તથા**
આધોઈ (કચ્છ-વાગડ) નિવાસી **માતુશ્રી શાંતાબેન રવજીભાઈ કલ્યાણજીભાઈ શાહ પરિવાર.**
હ. કીર્તિભાઈ, નીરુપાબેન, જીનીત, સિદ્ધાર્થ, નમ્રતા, અરમાન. ૧૦૭/એ, ચંદ્રલોક, નેપયન્સી રોડ, મુંબઈ

તા. ૩-૩-૧૮૯૬ના મંગળવારે પરમતારક પૂજ્યશ્રીનો દહેવાણ મુકામે રાત્રે ૧૦-૩૫ ની શુભ ક્ષણે મોસાળમાં જન્મ થયો હતો. માદરે વતન હતું વડોદરાની નજીકનું પાદરા ગામ. "ત્રણ ભુવનનો સ્વામી બનજે" આ આશિષ સાથે 'ત્રિભુવન' નામ પાડવામાં આવ્યું.

**પરમતારકના વિશાળ કુટુંબનો આછો પરિચય :**

પૂજ્યશ્રીનું સંસારી નામ : ત્રિભુવન છોટાલાલ

પિતાશ્રીનું નામ : છોટાલાલ રાયચંદભાઈ

પિતાશ્રીનું રહેઠાણ : પાદરામાં ઝંડા બજાર, સરકારી શાળા પાસે, જેઠાભાઈ અમીનની ખડકી.

માતુશ્રીનું નામ : સમરથબેન

દાદાનું નામ : રાયચંદભાઈ માનચંદભાઈ

પિતાશ્રીના દાદાનું નામ : માનચંદભાઈ પાનાચંદભાઈ

પિતાશ્રીના દાદીમા : રતનબેન

પિતાશ્રીના બેનનું નામ : પરસનબેન

પિતાના દાદા માનચંદભાઈના ત્રણ દિકરા : ૧-દલીચંદ માનચંદ, ૨-રાયચંદ માનચંદ, ૩-રતનચંદ માનચંદ. દલીચંદના દીકરા શ્રી તારાચંદ દલીચંદ - તે શ્રી ત્રિભુવનના કાકા થાય. છોટાલાલ રાયચંદ તે ત્રિભુવનના પિતાશ્રી અને રતનચંદના દીકરા તે પ્રેમચંદ રતનચંદ અને પ્રેમચંદભાઈના દીકરા તે રમણલાલ પ્રેમચંદ. દલીચંદભાઈના દીકરા તે નાથાલાલ દલીચંદ અને તારાચંદ દલીચંદ.

ત્રિભુવનનો જન્મ થયાને સાત દિવસ થયાં અને પાદરામાં પિતા શ્રી છોટાભાઈ સ્વર્ગવાસ પામ્યા. તે પછી બાલ ત્રિભુવનના માતુશ્રી સમરથબેન બાળકને ટોપલામાં સૂવાડી, ટોપલાને માથે મૂકી ચાલતાં પાદરા પહોંચ્યા હતા. સાત વર્ષની ઉંમરે માતા સમરથબેન પણ પ્લેગના રોગમાં સ્વર્ગવાસી થયા. ત્રિભુવનનો ઉછેર પિતાના દાદીમા રતનબેન અને દાદીમાની દીકરી રાવકોરબહેનના હાથે થયો. બંન્નેએ બાળકમાં ધાર્મિક સંસ્કારોનું સુંદર સીંચન કર્યું હતું.

**અદૃશ્ય સહાય :**

ત્રિભુવનની આઠ વર્ષની ઉંમરે એક આશ્ચર્યકારી ઘટના બની હતી. બાળ ત્રિભુવનને આંખની તકલીફ વારંવાર થતી, તે કારણે ઊંઘ પણ આવે નહિ, પીડા રહ્યા કરે. એકવાર આવી પીડામાં ત્રિભુવન પથારીમાં આંખો મીચીને જાગતો સૂઈ રહેલ. જે રૂમમાં સૂતો હતો તે રૂમમાં એક સીડી હતી. ત્રિભુવને તે સીડી ઉપરથી પોતાના માતુશ્રીને ઉતરતા જોયા. સ્વર્ગસ્થ માતુશ્રી ધીમે ધીમે ત્રિભુવન પાસે આવ્યા. ત્રિભુવનના માથે અને આંખ પર વાત્સલ્ય અને વહાલથી હાથ ફેરવ્યો. ત્રિભુવન એકદમ ગભરાઈ ગયો અને એકાએક ચીસ પાડી ઊઠ્યો. માતુશ્રી તરત અદૃશ્ય થઈ ગયા અને સાથે સાથે ત્રિભુવનની આંખની પીડા પણ કાયમ માટે ચાલી ગઈ.

પરમતારક પૂજ્યશ્રી સ્વયં કહેતા કે, "મારે જેના ઉપકારને વર્ણવવો છે એ મારા પિતાશ્રીના પિતાશ્રીની મા (પિતા છોટાલાલ, એમના પિતા રાયચંદભાઈ એમના પિતા માનચંદભાઈના ધર્મપત્ની **રતનબેન**) એટલે મારા વડ દાદીમા **રતનબાનો** વર્ણવવો છે. હું જેના ઉપકારની વાત કરું. તે તમારા જેટલું ભણેલા નહિ. પણ એમના હૈયામાં દેવ-ગુરુ-ધર્મની ઓળખ ખરી. ખરેખર જો અમે એવા કુળમાં જન્મ્યા ન હોત અને મને રતનબા ન મળ્યા હોત તો હું સાધુ ન હોત. મારા વખતમાં ૯૦ વર્ષના એ રતનબા આખા ગામના કાકીમા જ હતા. નેવું વર્ષના હતા તો ય પૂજા કરવા જાય, ત્યારે બજારના બધા વેપારી ઊભા થઈ માથું નમાવે. એમની અમને પહેલેથી શિખામણ કે, **"સાધુ મળે તો હાથ જોડવાના. પણ સાધુને સાધુ તરીકે ઓળખ્યા પછી જ વંદન કરવાનું.** સાધુ રસ્તો પૂછે તો માત્ર રસ્તો ન બતાવાય, પણ સાથે જઈને મૂકી અવાય. વળી એકલા મૂકીને ન અવાય, આહાર-પાણીનું પૂછાય. એમને એવા યોગ્ય ઘરે લઈ જવાય." મને તો બે-ત્રણ વર્ષની ઉંમરથી દાદીમા પોતે સવારના ચાર વાગે ઊઠે તો ચાર વાગે ઊઠાડે. એ દાદીમા પ્રતિક્રમણ કરવા બેસે અને પાસે કટાસણું નાંખીને મને બેસાડે. કટાસણા પર ઊંઘી જાઉં તો વાંધો નહિ, પણ પથારીમાં ઉંઘવા ન દે, સવાર પડે એટલે દાદીમા ગાવા માંડે. ત્યારે ઊંઘતા હોઈએ તો ઝબકીને જાગી જઈએ અને સ્તવનોના સુંદર શબ્દો કાને પડે.

પડોશી ય એવા કે, પડોશીનું રક્ષણ કરે. મારા દાદીમા પણ જૈન નહિ એવા પડોશીને ય જઈને કહી આવે કે, અમે જે ન ખાઈએ, તે અમારા છોકરાને ખાવા આપશો નહિ. પડોશમાં ગયા હોઈએ, તો ત્રણવાર પૂછે કે, શું ખાધું હતું ? **અમે અભક્ષ્યથી બચ્યા, એ પણ એ દાદીમાનો જ પ્રતાપ. દાદીમા કહેતા કે, દોઢસો માણસ આ રસોડે જમતાં, તેમાં હવે તું એક જ રહ્યો છે. પણ એવા એકને દીક્ષાનો નિયમ અપાવે, એવા એ દાદીમા હતા.**

કોઈ સાધુ મહારાજ ઘેર ગોચરી આવે તો મને કહેતા, **"તારે આમના જેવા થવાનું છે. મારે તને સાધુ બનાવવો છે."** અમને ત્રણ વર્ષની ઉંમર પછી કદી રાત્રિભોજન કરાવ્યું નથી. નવ વર્ષની ઉંમરથી સ્વયં પ્રતિક્રમણ કરતાં અને ઉકાળેલું પાણી પીતા કર્યા." બાળ ત્રિભુવનને માતા તથા દાદીમા **'સબૂડો'** એવા હુલામણા નામથી બોલાવતા હતા.

### અભ્યાસ :

પાંચ વર્ષની ઉંમરે પાદરાની ગુજરાતી શાળામાં શિક્ષણ લેવાનો પ્રારંભ કરીને ત્રિભુવને તેર વર્ષની વયે સાત ગુજરાતી તથા એક અંગ્રેજી ચોપડીનો અભ્યાસ કરીને સ્કૂલ છોડી દીધી હતી.

વ્યાવહારિક શિક્ષણ સાથે એણે પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, કર્મગ્રંથ, સ્તવન તથા સમકિતના ૬૭ બોલની સજ્ઝાય આદિનો ધાર્મિક અભ્યાસ નવ વર્ષ સુધીમાં પૂરો કર્યો હતો. તે પછી પણ ધાર્મિક અભ્યાસ ચાલુ જ હતો.

બાળ ત્રિભુવનને પાઠશાળામાં ચોટીલાના વતની ઉજમશીભાઈ માસ્તર અભ્યાસ કરાવતા. તે ધાર્મિક શિક્ષકનું વ્યક્તિત્વ ઘણું સારું હતું. મહેસાણાની પાઠશાળામાં તેઓ ભણેલા હતા. તેમનો કંઠ ખૂબ મીઠો, ઉંચા અવાજે ગાય. સાંભળનારા ભાવવિભોર બની જાય. ગાથાના ઉચ્ચારો સ્પષ્ટ, ગોખાવવાની ઢબ સારી,

ક્રિયાની વિધિઓ જાતે શીખવે. આરાધક પણ ઉત્તમ. તેમણે પણ વર્ષો પછી પૂ. નીતિસૂરિ મ.સા. પાસે દીક્ષા લીધેલી અને પૂ.મુનિ શ્રી ઉદયવિજયજી મ. બનેલા. (પછી પૂ.આ.શ્રી.વિ.ઉદયસૂરિ મ. બન્યા.)

ત્રિભુવને ધાર્મિક અભ્યાસ કરવા સાથે ત્યાંના ભંડારમાં જેટલા ગુજરાતી પુસ્તકો હતા તે બધા પુસ્તકો વાંચ્યા હતા. ત્રિભુવન લગભગ ઉપાશ્રયમાં જ રહેતો. કોઈ સાધુ આવે તેમને ગામમાં ગોચરીએ લઈ જતો અને અન્ય કાળજી પણ રાખતો હતો.

ત્રિભુવન બાલ્યવયમાં પણ પૂ. સાધ્વીજીઓને જીવવિચાર, નવતત્ત્વ વગેરેનો અભ્યાસ કરાવતો અને પાઠશાળામાં મોનિટર તરીકે તેને રાખવામાં આવતો. ત્રિભુવન તેર વર્ષનો હતો. ત્યારે પાદરામાં ચતુરભાઈને ત્યાં નામું લખતો હતો. ચતુરદાસભાઈ ત્રિભુવન પ્રત્યે ખૂબ જ લાગણી ધરાવતાં હતાં અને ધર્મ કરવામાં પણ સહાય કરતાં હતાં.

ત્રિભુવનના કાકાએ એક વાર એક અભક્ષ્ય વસ્તુ લાવી ઘરમાં રસોઈ કરવાનું પત્નિને કહ્યું, દાદીમાને ખબર પડી કે તરત જ દાદીમાએ કહ્યું કે, આ વસ્તુ બહાર નાંખી આવ, મારું નામ દેજે. ગભરાતી નહિ, હજી મારા કાંડામાં જોર છે. હું બીજાના ઘરના કામ કરી કમાઈ લઈશ. પણ આવી ચીજ-વસ્તુ આ ઘરના રસોડે ક્યારેય બનશે જ નહિ. આવી ખુમારીવાળા દાદીમાની છત્રછાયામાં ઉછરેલ ત્રિભુવનમાં ખમીરી-ખુમારી જીવનભર ઝળહળતી રહી તે જૈન જગતની આંખ સામે છે.

ત્રિભુવન પાદરા ગામમાં સૌનો લાડકવાયો હતો. જૈન આગેવાનો તેની ધર્મનિષ્ઠા જોઈ 'ભગત' કહેતા. ત્રિભુવનની ઉંમર નાની પણ પાદરામાં તેનું માન પ્રૌઢ વ્યક્તિ જેવું હતું અને સૌના આદરપાત્ર તરીકે તેનું વ્યક્તિત્વ ખીલ્યું હતું. ત્રિભુવન તેર વર્ષની ઉંમરે દશતિથિ ઉપવાસ કરતો અને ઉપવાસમાં પુરિમુઢ્ઢે પાણી વાપરતો.

દાદી રતનબાના અંતરમાં શાસન રાગ અને મોહરાગ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ચાલતું. ભાવના એવી કે ત્રિભુવન સાધુ બને. પણ મોહ એમ કહે કે, 'મારી હયાતિ સુધી દીક્ષા ન લે તો સારું.' **દીક્ષા ન લેવાય ત્યાં સુધી ઘેબર ત્યાગનો નિયમ બાર વર્ષના ત્રિભુવનને દાદીમાએ સાધ્વીજી શ્રી આણંદશ્રીજી મ. પાસે અપાવેલ.** પણ જ્યાં દીક્ષાની વાત આવે ત્યાં દાદીમા મોહવશ બની કહેતા, **'દીકરા ! આ રસોડે ૧૫૦ માણસોના કુટુંબને જમતું મેં જોયું છે. આજે તારા એક ઉપર બધો આધાર છે. તારે દીક્ષા જરૂર લેવાની પણ મારા મરણ પછી લેજે.'** ત્રિભુવને પણ નક્કી કર્યું કે, દીક્ષા જરૂર લેવી. પણ દાદીમાની હયાતિમાં નહિ. નવ વર્ષની ઉંમરે ત્રિભુવને ભાગી જઈને એકવાર શ્રી નીતિવિજયજી દાદાના શિષ્ય મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ. (સુરતવાળા)ના શિષ્ય મુનિરાજ શ્રી ચંદનવિજયજી મ. પાસે વડોદરા જઈને સંયમ સ્વીકારવાનો પ્રયત્ન કરેલો. પણ સગાવહાલાઓને આ વાતની ખબર પડી જતા સૌ ત્રિભુવનને ત્યાંથી ઉઠાવી લાવ્યા અને સગાવહાલાનું બંધન કડક બનવા લાગ્યું.

## પ્રત્યુત્પન્ન મતિ અને દીક્ષાની ભાવના :

મામાએ દીક્ષા સ્વીકારમાં કાલક્ષેપ કરવા માટે બહાનું બતાવ્યું કે, 'ત્રિભુવન ! તારા માટે જેટલાં કપડાં સીવડાવ્યાં છે તે બધા ફાટી જાય. પછી તને દીક્ષા લેવાની છુટ.' ચકોર બાળ ત્રિભુવને આ વાત પકડી

લીધી અને હાથમાં કાતર લઈ કપડાં ફાડવા બેઠો. જેથી દીક્ષા વહેલી મળે. તે જોઈ મામાએ પૂછયું કે, 'ત્રિભુવન ! આ શું કરે છે ?' જવાબ આપ્યો કે, "કેમ મામા ! તમે જ કહ્યું ને કે બધાં કપડાં ફાટી જાય. પછી દીક્ષા લેજે ! માટે કપડાં ફાડવા બેઠો છું." બાળ ત્રિભુવનની આવી હાજર જવાબી મતિ અને દીક્ષાની ભાવના જોઈ મામા પણ ચકિત થઈ ગયા. તેના કાકાએ ત્યાં સુધી લાલચ આપી. કે, 'ત્રિભુવન ! અમારી આ બધી ચાલતી પેઢી તારા નામે લખી આપીએ, તું દીક્ષાની વાત મૂકી દે.' ત્રિભુવને સ્પષ્ટ જવાબ આપેલ કે, **"પાપની કમાણી કરાવતી પેઢીઓ ચલાવવા કરતાં ભગવાનની પેઢી ચલાવવામાં મને વધુ રસ છે. તમને પણ આ વાત ગમવી જોઈએ."**

એક પરિચિત વકીલ ત્રિભુવનને પારસી જજ પાસે લઈ ગયા. વકીલે જજ સાહેબને કહ્યું કે, "સાહેબ ! આ ત્રિભુવનને કાંઈ સમજાવો. દીક્ષા લેવાની જ વાતો કર્યા કરે છે." પારસી જજે કહ્યું કે, "તારે ધર્મ કરવો છે તો દીક્ષાની શું જરૂર છે ? સંસારમાં રહીને કેમ ન થાય ?" હાજર જવાબી ત્રિભુવને નમ્રતાથી કહ્યું કે, **'સાહેબ ! હું આપને પૂછું છું કે આપ ઘરમાં રહીને કેટલો ધર્મ કરી શકો છો ?'** આવો હાજર જવાબ સાંભળી જજ સાહેબે કહ્યું કે, "આ બાળક સાધુ થવા જ સર્જાયો છે."

ત્રિભુવનની દીક્ષાની વિરુદ્ધમાં તે જમાનામાં કાકા-મામા મુખ્ય હતા. તારાચંદભાઈ કાકાએ કોઈ દીક્ષા ન આપે તે માટે મુંબઈ સમાચારમાં નોટીસ પણ આપેલી હતી કે, **"કોઈએ ત્રિભુવનને દીક્ષા આપવી નહિ, જે કોઈ દીક્ષા આપશે. તેની સામે કાયદેસરનાં પગલા લેવામાં આવશે."** છતાં પણ ત્રિભુવન નિશ્ચિંત હતો. મુંબઈ સમાચારની આ નોટીસ જ્યારે કાકાએ ત્રિભુવનને બતાવી ત્યારે સહજ ભાવે તેણે જવાબ આપ્યો કે, "હું જાતે દીક્ષા લઈશ તો તમે શું કરશો ?" ૧૬ વર્ષની વયે તે ત્રિભુવનમાં પ્રત્યુત્પન્ન મતિ સોળે કળાએ ખીલેલી હતી, તે આ વાતથી સમજી શકાય તેવું છે.

## પૂ. ગુરુ ભગવંતોનો પરિચય :

પાદરા પાસે દરાપરા ગામમાં પૂ. પં. શ્રી દાનવિજયજી મ. તથા તેમના શિષ્ય પૂ. મુનિ શ્રી પ્રેમવિજયજી મ.નું ચાતુર્માસ હતું. ત્યાં અભ્યાસાર્થે જવાના કારણે ત્રિભુવનને તેમનો ગાઢ પરિચય થયો અને ગુણાનુરાગ દૃઢ બન્યો. પૂ. મુનિ શ્રી પ્રેમવિજયજી મહારાજે એક દિવસ ત્રિભુવનને પૂછયું, "ત્રિભુવન ! દીક્ષા ક્યારે લેવી છે ?" તેણે કહ્યું, "ભગવંત ! ઘરમાં દાદીમાંની ઉંમર હવે ઘણી થઈ છે. દાદીમાનું કહેવું છે કે દીક્ષા લેવાની પણ મારા મરણ પછી. એટલે દીક્ષા લેવી જ છે. પણ દાદીમા નહિ હોય ત્યારે." સંસારની અનિત્યતાને પીછાણતા ગુરુ મહારાજે એક મંત્ર ફૂકયો કે, **'આયુષ્યની કોને ખબર ? ઘરડાં રહે અને આપણે જવું પડે.'** આ વાત ત્રિભુવનના હૈયામાં અંકિત થઈ ગઈ અને નક્કી કર્યું કે, દાદીમા તો ભલે ના પાડે. મારે તો સંસાર છોડી નીકળી જવું. એટલે ઘરમાં હો...હા... શરૂ થઈ. કેટલાક તો સાધુ ને ય કંઈનું કંઈ કહેવા લાગ્યા.

**ત્યારે દાદીમા બધાની સાથે ઝઘડે અને કહે, જુઓ સાધુને કાંઈ કહેવાય નહિ. તમારે કહેવું હોય તો તે છોકરાને કહો, આપણે સાધુને કાંઈ ન કહેવાય. સાધુ તો સાધુ થવાનું જ કહે. આમાં કાંઈ ગુનો નથી.** પાછા દાદીમા ત્રિભુવનને કહે, દીક્ષા જ લેવા જેવી છે.

## દીક્ષાનું મુહૂર્ત :

પૂ.મુ. શ્રી પ્રેમવિજયજી મ.ની વાતથી - ટકોરથી ચકોર ત્રિભુવને મનોમન નિર્ણય લઈ લીધો કે ચાતુર્માસ પછીનું પહેલું જ જે મુહૂર્ત આવે તે સાધી લઈને સંયમ સ્વીકારી લેવું. પોતાની આ ભાવનાને મનમાં પુષ્ટ બનાવતો ૧૭ વર્ષનો ત્રિભુવન ચાતુર્માસ બાદ એક દિ, એકાએક જ પોષ સુદ ૮ ના રોજ વડોદરા જઈ પહોંચ્યો. ત્યાં બિરાજમાન પૂ.પં. શ્રી દાનવિજયજી મ. તથા પૂ.મુ. શ્રી પ્રેમવિજયજી મ. સમક્ષ હાજર થઈને ત્રિભુવને વિનંતી કરી કે, "ગુરુદેવ ! દૃઢ સંકલ્પ સાથે દીક્ષાનું મુહૂર્ત લેવા આવ્યો છું, માટે નજીકમાં આવતો સારામાં સારો દિવસ ફરમાવો, જેથી વર્ષોનું મારું સંયમ - સ્વપ્ન સિદ્ધ થઈ શકે."

પૂ.પં.શ્રી દાનવિજયજી ગણિવર અને પૂ.મુ. શ્રી પ્રેમવિજયજી મહારાજ તો વિશેષ રીતે ત્રિભુવનની યોગ્યતા પારખી ગયા હતા. વિ.સં. ૧૯૬૯ પોષ સુદ ૧૩નો દિવસ સર્વ શ્રેષ્ઠ હોવાથી દીક્ષા માટે નક્કી કર્યો. તે સમયે વડોદરા સરકારે બાળદીક્ષા પ્રતિબંધક કાયદો કરેલો હતો. તે કારણે વડોદરા રાજ્યની હદમાં દીક્ષા થઈ શકે તેમ ન હતી.

## દીક્ષા માટે પ્રયાણ :

વડોદરા રાજ્યની હદની બહાર દીક્ષા કરવાની યોજના વિચારાઈ. જંબુસર એ બ્રિટીશ સરહદમાં ગણાતુ. તેથી ત્રિભુવનને ત્યાં મોકલી તેની દીક્ષા ત્યાં કરવાનું નક્કી થયું. વડોદરામાં જમનાલાલ કોઠારી કુટુંબને ત્યાં ગુરુદેવોએ ત્રિભુવનને મોકલ્યો. પાદરાનો જ નાથાલાલ પણ દીક્ષા લેવા તૈયાર થયો હતો. તેમણે ત્રિભુવનને અને નાથાલાલને જમાડી તિલક-બહુમાન કરી જંબૂસર મોકલ્યો. પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મ. જંબૂસરમાં હતા. પૂ. ગુરુદેવોની યોજના મુજબ આશીર્વાદ લઈ ત્રિભુવન વિશ્વામિત્રીથી ટ્રેનમાં બેઠો. રસ્તામાં પાદરા સ્ટેશન આવતું હોવાથી કોઈ જોઈ જાય તો દીક્ષામાં વિઘ્ન આવે, એવું ન બને તે માટે પાટિયા નીચે સૂઈ ગયો. પાદરા આવતાં નાથાલાલ હિંમત હારી ગયો અને ટ્રેનમાંથી ઊતરી ગયો. પછી ત્રિભુવન રાત્રે માસર રોડ પહોંચ્યો. ત્યાંથી પગપાળા ચાલી રાતના સાડા અગિયારે જંબૂસર પહોંચ્યો. પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજ કહે, તું અહીં ક્યાંથી ? ત્રિભુવને કહ્યું, મહારાજજીએ મને દીક્ષા માટે મોકલ્યો છે. તેઓશ્રીએ કહ્યું, હમણાં તું સૂઈ જા. ત્રિભુવનને શંકા પડી કે, બીજી કંઈ વાત કેમ કરતા નથી. તેથી ત્રિભુવન છાનો માનો પડી રહ્યો. કલાકેક પછી પૂ.ઉપા.શ્રી વીરવિજયજી મહારાજે સાથેના સાધુઓને વિહારની તૈયારી કરવા જણાવ્યું. મુનિ દાનવિજયજીએ મોકલ્યો છે એટલે દીક્ષા આપવાની છે. સવારે વિહાર કરી આમોદ આવ્યા. ત્યાં ત્રિભુવનના કાકી સૂરજબેન જે તારાચંદ કાકાના ભાભી અને નાથુકાકાના ધર્મપત્ની થાય તે વંદન કરવા આવ્યા,.તેઓએ ત્રિભુવનને જોઈ પૂછ્યું, 'સબુડા ! તું અહીં ક્યાંથી ?' પૂ. ઉપાધ્યાયજી મહારાજના પૂછવાથી ત્રિભુવને કહ્યું કે, મારા કાકી છે. તેથી ઉપાધ્યાયજી મહારાજ કહે, અહીં પણ દીક્ષા ન થાય. મુહૂર્તનો દિવસ પોષ સુદ-૧૩ અને વચ્ચે એક જ દિવસ આડો. ત્યારે પૂ. શ્રી મંગલવિજયજી મહારાજે કહ્યું કે, ગંધાર જઈ દીક્ષા આપી આવીએ તો ? પૂ.ઉપાધ્યાયજી મહારાજે કહ્યું, તેવી હિંમત હોય તો જાવ.

પૂ. મુ. શ્રી મંગલવિજયજી મ., પૂ. મુ. શ્રી નયવિજયજી મ. અને પૂ. મુ. શ્રી પ્રકાશવિજયજી મ. અને સાથે ત્રિભુવન. વિ.સં. ૧૯૬૯ પોષ સુદ બારસની સાંજે આમોદથી ટંકારીયા ૭ માઈલ પહોંચ્યા.

ટંકારીયાથી પોષ સુદ ૧૩ના સવારે આઠ માઈલ ગંધાર પહોંચ્યા. ગંધાર બંદર એક સમયે જૈન સંસ્કૃતિનું મોટું કેન્દ્ર હતું. મોગલ સમ્રાટ અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્‌ગુરુ આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાએ ૩૦૦ સાધુઓ અને ૭૦૦ સાધ્વીજીઓના સમુદાય સાથે ત્રણ-ત્રણ ચાતુર્માસ કર્યા હતા. જ્યાં આશરે ૧૭ જિનમંદિરો હતા. હજારો શ્રાવક-શ્રાવિકાની વસતી હતી. પણ ત્રિભુવનને લઈને જ્યારે ત્રણ મહાત્માઓ ગંધાર પધાર્યા ત્યારે ત્યાંની પરિસ્થિતિ કાંઈક જુદી જ હતી. જુના ઈતિહાસની યાદ આપે એવું એક માત્ર અમીઝરા પાર્શ્વનાથનું જિનમંદિર ઉભુ હતું. જૈનોનું એક પણ ઘર નહોતું. તીર્થ પણ નંદવાયું હતું. ગામ પણ ભાંગી ગયું હતું. માત્ર માછીમારોના ઝૂંપડા સિવાય કાંઈ નહોતું.

### દીક્ષા :

ત્રિભુવનની દીક્ષા નિમિત્તે વિદાય તિલકની ઉછામણી ન બોલાઈ, વાયણા કોઈના ઘેર ના લીધા, છટાદાર વક્તૃત્વ હોવા છતાં કોઈ બહુમાન સમારોહ ન આયોજાયો. દીક્ષા નિમિત્તે નવા કપડાં અને નવા દાગીના ન ઘડાયા. દીક્ષાનો મહોત્સવ ન મંડાયો. મંડપ બંધાયો ન હતો. દીક્ષાની પત્રિકા છપાઈ ન હતી, સંઘ જમણ કે અલ્પાહાર ન હતા, વાજીંત્રોનો મંજુલ નાદ ન હતો, હજારો લોકોની મેદનીને બદલે ખુલ્લાં મેદાન ઉભાં હતા. "દીક્ષાર્થી અમર રહો" "નૂતન દીક્ષિત અમર રહો"ના નાદ ગાજવાને બદલે હવા સૂસવાતી હતી, પરિવારમાંથી પણ કોઈ હાજર ન હતું, મહેમાન પણ નહિ, જેમના ચરણે જીવન સમર્પણ કરવાનું હતું તે પૂ. ગુરુદેવ શ્રી પ્રેમવિજયજી મ. પણ હાજર નહિ. આવતીકાલે જેને દીક્ષાયુગ પ્રવર્તકનું માન મળવાનું હતું. જેના હાથે દીક્ષા લેનારા પડાપડી કરવાના હતા અને આજે એની દીક્ષા સમયે કોઈ ન હતું. પૂર્વ તૈયારી રૂપે માત્ર વડોદરાના સુશ્રાવક જમનાદાસ કોઠારી દ્વારા દીક્ષાના ઉપકરણો લવાયા હતા. દીક્ષા વિધિ શરૂ થઈ. મુંડન માટે હજામને આવતા વાર લાગી. પૂ. મુનિ શ્રી મંગલવિજયજી મહારાજે જાતે જ કાતરથી કેશ કાપવા શરૂ કર્યા. ત્યાં હજામ આવી પહોંચ્યો. પાંચ સાત જણાની હાજરીમાં દીક્ષા વિધિ થઈ. દીક્ષા વિધિ દરમ્યાન પવનના સૂસવાટા વચ્ચે હાલમડોલમ થતા દીવાઓ દીક્ષા વિધિ પરિપૂર્ણ થતાં સુધી પવનના ઝપાટાને વશ થયા વિના રહસ્ય અને રોમાંચની ક્ષણો વચ્ચે અખંડ રહ્યાં. **વિ.સં. ૧૯૬૯ પોષ સુદ ૧૩ના શુભ મુહૂર્તે દીક્ષા થઈ અને પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ.ના શિષ્ય મુનિ શ્રી રામવિજયજી મ. જાહેર કરવામાં આવ્યા.**

દીક્ષા દાતા પૂ. મંગલવિજયજી મહારાજે મંગલ વચનો ઉચ્ચાર્યા કે, **"આ નૂતન દીક્ષિતના લક્ષણો મહાપ્રભાવકતાના છે. તેની સામે અનેક ઝંઝાવાતો જાગશે અને જાણે લાગશે કે હમણાં જ તેનુ તેજ ક્ષીણ થઈ જશે. પરંતુ આ દીવાઓની જેમ આનું ધર્મ તેજ અંત સુધી ઝળહળતું જ રહેશે."** સમગ્ર ભારત વર્ષે આ ચરિત્રનાયકના ૭૯ વર્ષના સંયમ જીવનના સંખ્યાબંધ કસોટીભર્યા-કટોકટીભર્યા-રોમાંચભર્યા યાદગાર પ્રસંગોમાં આ ઉક્તિનો સાક્ષાત્ અનુભવ કર્યો છે; એ બધા પ્રસંગો સુપ્રસિદ્ધ છે.

હવેની વાત પૂજ્યશ્રીજીના જ શબ્દોમાં જોઈએ. બીજે દિવસે અમે ભરૂચ પહોંચ્યા ત્યાં કુટુંબીઓ આવી પહોંચ્યા. પૂ. ઉપાધ્યાયજી મહારાજે મને કહ્યું કે રામવિજય ! જો આ બધા આવ્યા છે, મેં કહ્યું કે, આપશ્રી ચિંતા કરશો નહિ. હું બધાને સમજાવી દઈશ, બધા બેઠા અને કુટુંબીઓને સમજાવીને રવાના કર્યા. એ

વખતે તો મામલો કોર્ટે ન ગયો. પણ પછી મારે બીજાની દીક્ષા માટે ઘણી વાર કોર્ટે જવું પડ્યું છે અને કોર્ટે બીનગુનેગાર છોડ્યા છે.

**ધર્મીષ્ઠ દાદીમા-રતન બા :**

**મારી દાદીમાએ, જે લોકો મને દીક્ષા પછી લેવા આવ્યા, તેને કહી રાખેલું કે, 'સાધુ થઈ ગયો હોય, સાધુવેષમાં હોય તો સમજાવાય. પણ જો આવવા તૈયાર થાય, તો ય પાછો ન લવાય.' બધા રડવા માંડે અને કદાચ દીક્ષિત પીગળી જાય તો ! એટલે પાછા ન અવાય, આવતો નહિ. દીક્ષા જ સારી છે !" એમ પેલાઓની સાથે આવેલા એવા બે માણસો મને કાનમાં કહી ગયા અને કહ્યું કે અમે રક્ષણ માટે જ આવ્યા છીએ. મને દીક્ષા મળી, એમાં મારા દાદીમાનો ઉપકાર અને ઝટ સંસારમાંથી નીકળી ગયો, એ ગુરુ મહારાજના પ્રતાપે.**

ભરૂચથી વિહાર કરીને બધા મુનિવરો જંબુસર આવ્યા. ત્યાં પૂ.મુ.શ્રી પ્રેમવિજયજી મ.સા. આદિ મુનિ શ્રી રામવિજયજી મ. ને લેવા આવી પહોંચ્યા હતા. જંબુસરથી વિહાર કરીને સૌ વડોદરા પહોંચ્યા. બે દિવસમાં ચોત્રીસ (૩૪) માઈલનો વિહાર થયો હોવાથી મુનિ રામવિજયજી મ.ના પગે સોજા આવી ગયા. ૨-૩ દિવસના ઉપચારથી સોજા ઉતરી ગયા.

નૂતન મુનિ શ્રી રામવિજયજી મ.ની વડી દીક્ષા વડોદરામાં વિ.સં. ૧૯૬૯ ફાગણ સુદ ૨ના પૂ. મુનિ શ્રીહંસવિજયજી મ.ની અને પૂ. પંન્યાસ શ્રી સંપતવિજયજી ગણિવરની નિશ્રામાં થઈ.

દાદીમાંને યાદ કરી પૂજ્યશ્રી કહેતા કે, "આ તો કલિકાલ છે અને પાંચમો આરો છે. એમાં હુંડા નામની અવસર્પિણી છે. ખરાબ સામગ્રી ઘણી મળે. સારી સામગ્રી ઓછી મળે. ત્યારે ખરેખર આ દાદીમા યાદ કરવા પડે છે. **એમનાથી છાની રીતે હું ગયો અને સાધુ થઈને પાછો એ ગામમાં ય આવ્યો ત્યારે દાદીમા મને ગોચરી લઈ ગયા. ઘરમાં ગયો, એટલે બારણું બંધ કરી દીધું. મને કહે કે, હવે હું મરું, ત્યાં સુધી અહીં જ રહેવાનું છે.** સારા જીવોને પણ મોહ કેવો સતાવે છે ? મેં પૂછયું, સાચુ કહેજો. આ (સાધુ) વેષમાં અહીં રહેવાય ? દાદીમાએ કહ્યું, રહેવાય તો નહિ અને તરત જ મને જવા દીધો. એમનો મોહ એવો નહિ કે બેયને મારે."

**પૂજ્યશ્રીની દીક્ષા પછી વિ.સં. ૧૯૬૯ થી વિ.સં. ૨૦૪૭ સુધીની સંયમ યાત્રાના અંશો.**

વિ.સં. ૧૯૬૯ સિનોરના ચાતુર્માસમાં પ્રથમ પ્રવચન આપેલ. ત્યારે વચનસિદ્ધ વૃદ્ધ મહાપુરુષ પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું કે, **"જા બીબા ! તુમ બડા વક્તા બનેગા"** તેઓશ્રીનું જાદુઈ વચન કેવું ફળીભૂત થયું, તે સારાય જૈન સંઘે અનુભવ્યું.

પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજા જીવન નૈયાના સુકાની ગુરુદેવ. તેમની પાસે પૂજ્યશ્રીને આગમ શાસ્ત્ર તથા કર્મસાહિત્યનો અભ્યાસ ચાલતો. દીક્ષાના ત્રીજા વરસે કમ્મપયડીનો અભ્યાસ પૂરો થઈ ગયો હતો. આગમોનો અભ્યાસ એકાગ્ર બની કરતા. દરેક પદાર્થો ઉપસ્થિત રાખતા. યાદશક્તિ એવી કે ધ્યાનથી વાંચેલુ ભૂલાય જ નહિ. સમજે ઝડપથી, સમજાવે આરામથી. ગુરુદેવ એમની પ્રતિભાને નીખારવા જાતજાતના અભિગ્રહો લેતા. કુશાગ્ર બુદ્ધિમત્તાનો ઉપયોગ કરી તેઓ પૂ. ગુરુદેવની ભાવના સમય-

મર્યાદામાં જ પૂરી કરી દેતા. એના કારણે તેઓશ્રીના પૂ. ગુરુદેવને ક્યારેય ત્યાગ કરવાનો અવસર તેઓશ્રીના નિમિત્તે મળ્યો ન હતો. વિશદ્ અભ્યાસ થતો ગયો. વિદ્વતાનું શિખર સર કર્યું.

પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા પાસે કોઈ ગ્રંથ મુનિશ્રી રામવિજયજી મ.વાંચતા હતા. એક પંક્તિ અઘરી હતી. ઉપાધ્યાયજી મહારાજા એનો અર્થ કરવા માટે અટકયા. મુનિશ્રીએ તે વખતે એ પંક્તિનો અર્થ કરી બતાવ્યો. ઉપાધ્યાયજી મહારાજા અર્થ સાંભળી રાજીના રેડ થઈ ગયા. તેમણે કહ્યું, **'તુઝે અબ સભી શાસ્ત્રો કા અર્થ સમઝમે આ જાયેગા.'** વચન સિદ્ધ મહાપુરુષનું આ વચન મુનિશ્રીને જીંદગીભર ફળતું રહ્યું.

પૂ. ગુરુદેવ શ્રી પ્રેમવિજયજી મહારાજાને મુનિશ્રીએ વીસ દિવસમાં અનુયોગદ્વાર સૂત્ર મોઢે કર્યું અને એટલા જ દિવસોમાં ગોખવાની સાથો સાથ જ એ સૂત્રપરની બંને પ્રૌઢ ટીકાઓ પણ પૂ. ગુરુદેવની નિશ્રામાં વાંચીને પૂ. ગુરુદેવને પ્રસન્ન કરી દીધા હતા. વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાય-સમર્પણ અને બુદ્ધિપ્રાગલ્ભતા દ્વારા વડીલોની કૃપા પૂરેપૂરી મેળવી. મુનિજીવનના આરંભે જ સાધેલી આ સફળતાએ એમને મોટી ઊંચાઈ આપી.

પ્રભુ વચનની આરાધના તો બાળપણથી જ વણાયેલી હતી, તેમાં તે વચનની રક્ષા અને પ્રભાવના દીક્ષાના પ્રથમ વર્ષથી જ ચાલુ થઈ.

વિ.સં. ૧૯૭૧માં **વિધવા વિવાહના ઠરાવ**ને પસાર કરવા માટે વડોદરામાં એક સુધારાવાદી જૈનાચાર્યની મળેલી સભાનો માત્ર પોતાની ઉપસ્થિતિ દ્વારા રકાસ કર્યો. ઠરાવ થઈ શકયો નહિ.

વિ.સં. ૧૯૭૬ સાલમાં પૂ.આ.શ્રી કમલસૂરિ મ.ની નિશ્રામાં **ખંભાતમાં શ્રમણ સંમેલન** યોજાતા દેવદ્રવ્ય આદિની શાસ્ત્રીય વ્યવસ્થા માટેના જે નિર્ણયો લેવાયા, એની શાસ્ત્રાધારતા સંઘને સમજાવવા માટે એક મુનિમંડળ નીમાયું. જેમાં સાત વર્ષના પર્યાયવાળા **પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજને સ્થાન અપાયું.**

વિ.સં. ૧૯૭૬ અમદાવાદમાં પોતાના ગુરુદેવ સાથે ચાતુર્માસ વિદ્યાશાળામાં કર્યું. **હોટેલ આદિ તરફ** વળેલા જનપ્રવાહને સાચી સમજણ આપતાં પ્રવચનો પૂજ્યશ્રીએ કર્યા. લક્ષ્મીવિલાસ અને ચંદ્રવિલાસ જેવી પ્રખ્યાત હોટલમાં ય કાગડા ઉડવા માંડ્યા. દરરોજ ૧૭-૧૭ મણ દૂધ વપરાતું હતું - ત્યાં બે મણ દૂધની વપરાશ આવી ગઈ.

વિ.સં. ૧૯૭૬ અમદાવાદમાં નવરાત્રિના દિવસોમાં દશેરાના દિવસે **ભદ્રકાળી માતાના મંદિરમાં** બલિ તરીકે એક બકરાનો વધ કરવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. નિર્દોષ, મૂંગા જીવોની નિર્મમ હત્યાથી પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું તથા પૂજ્યશ્રીનું મન દ્રવિત થયું. પૂ. ગુરુદેવની પ્રેરણા થતાં પૂજ્યશ્રીના જોરદાર પ્રવચને જનજાગરણ થયું. તેના પ્રભાવે **બોકડાના બલિનો રિવાજ કાયમ માટે બંધ થયો.** તેની અસર ગુજરાતમાં ઘણી જગ્યાએ પડી. તે કારણે સમગ્ર ગુજરાતમાં તે બલિનો રિવાજ નષ્ટપ્રાયઃ થયો.

વિ.સં. ૧૯૭૬ અમદાવાદમાં તે સમયે કૂતરાઓના ત્રાસમાંથી બચવું હોય તો કૂતરાઓને મારી નાખવા જોઈએ. એવો એક વિચાર વહેતો થયો. એમાં સુધારાવાદી નાસ્તિક શ્રીમંત એવા જૈન ઉદ્યોગપતિ

અંબાલાલ સારાભાઈએ લોકોની લાગણીને વધુ દુભાવવા માટે જાણી જોઈને પર્યુષણના પવિત્ર દિવસે જ પોતાની મિલના કંમ્પાઉન્ડમાં ૬૦ (સાઠ) જેટલાં કૂતરાઓને મરાવી નાખ્યાં. જેનું ગાંધીજીએ નવજીવનમાં સમર્થન કર્યું હતું. આ ઘટનાનો ત્યારે જબરદસ્ત વિરોધ થયો હતો. **કૂતરા મારવાની હિમાયત કરનારા તે ગાંધીજી સામે પૂ.મુ.શ્રી રામવિજયજી મહારાજાએ** વ્યાખ્યાનોના માધ્યમે **પ્રખર આંદોલન ઉપાડ્યું હતું.** પરિણામે કૂતરાઓને મારી નાખવાની હિમાયત કરતી પ્રવૃત્તિ તરત બંધ થઈ ગઈ.

વિ.સં. ૧૯૮૨ ચાતુર્માસ અમદાવાદમાં - ખાદી - રેંટિયો આદિની ચર્ચા જાગતાં ગાંધીજી સાથે પત્ર વ્યવહાર કરીને **શાસ્ત્રીય સત્યનું પૂજ્યશ્રીએ સચોટ સમર્થન કર્યું** અને જૈન સાધુ માટે દેશ-વિદેશ કે દેશી-વિદેશીનું કોઈ જ બંધન હોતું નથી, સંયમ જીવન માટે સાધક-નિર્દોષ એવી કોઈપણ ચીજ સાધુ વાપરી શકે છે. સંયમ જીવન માટે બાધક-દોષિત એવી કોઈપણ ચીજ સાધુ વાપરી ન શકે - આ ઉત્સર્ગ નિયમ સમજાવ્યો હતો.

## પંડિત બેચરદાસને સંઘ બહાર કર્યા

દેવદ્રવ્યની ચર્ચા જાગી. કાશીવાળા આ.શ્રી.વિ. ધર્મસૂરિજી મ. જેના દોરી સંચારક હતા. એ દેવદ્રવ્ય ચર્ચાના ખુલ્લા પક્ષકાર પંડિત બેચરદાસને **પૂ.આ.શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન મુજબ 'સંઘ બહાર' જાહેર કરાયા.** કટોકટીના આવા કાળમાં પૂ. સાગરજી મહારાજે અને પૂ.મુ.શ્રી રામવિજયજી મહારાજે અરસપરસપૂરક બનીને સત્યની સુરક્ષા કરી હતી.

વિ.સં. ૧૯૮૨ - અમદાવાદમાં પૂ.આ. શ્રી યશોદેવસૂરિજી મ.ની ભવ્ય દીક્ષા થઈ ત્યારે બોલાયું હતું કે કલિકાલના શાલિભદ્રની દીક્ષા થઈ છે. એની સાથે જ પૂ.ઉ.શ્રી ચારિત્રવિજયજી મ.ની દીક્ષા પણ થઈ હતી.

## રતનબાઈ કેસ

વિ.સં. ૧૯૮૩ પૂજ્યશ્રીએ અમદાવાદમાં મુમુક્ષુ ત્રિકમલાલને દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા અને મુનિ શ્રી તિલક વિ.નામ રાખ્યું. ત્યાર બાદ વિરોધી વર્ગે ત્રિકમલાલના પત્ની રતનબાઈ મારફત શેખના પાડે વ્યાખ્યાનમાં તોફાન કરાવ્યું. રતનબાઈએ પૂજ્યશ્રી સામે ફોજદારી કેસ કર્યો. કેસ લાંબો ચાલ્યો તે માટે પૂજ્યશ્રી કોર્ટમાં અનેકવાર ગયા. અંતે વૈશાખ સુદ આઠમે ચુકાદો જાહેર થવાનું નક્કી થયું. આ દિવસે કોર્ટ હકડેઠઠ ભરાઈ. મેજિસ્ટ્રેટ એમ.પી. દેસાઈ નવયુવાન મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજની પ્રતિભા-સત્ય સમર્થનની ખુમારી જોઈને આફરીન પુકારી ગયો અને તેણે કેસમાં ચુકાદો આપતા જણાવ્યું કે, **મુનિ શ્રી રામવિજયજીએ બાઈ રતનને વ્યથા કરી નથી અને મુનિ શ્રી પ્રેમવિજયજીએ તેવી વ્યથા કરવા રામવિજયજીને ઉશ્કેર્યા નથી. તેથી ઈ.પી.કો. કલમ ૨૫૮ મુજબ બન્નેને નિર્દોષ જાહેર કરી મુક્ત કરું છું.**

**અમદાવાદ : તા. ૯-૫-૨૭ (વિ.સં. ૧૯૮૩ વૈ. સુ. ૮)** **સહી - એમ. પી. દેસાઈ**

**એડીશનલ સી.ટી. મેજીસ્ટ્રેટ**

આ ચુકાદો સાંભળી ચારે તરફથી અભિનંદન સૂચવતી ફૂલોની વર્ષા થઈ. નિઃસ્પૃહી પૂજ્ય મુનિરાજશ્રીજી તો એ જ દિવસે સાંજે પોતાના પૂ. ગુરુદેવની સાથે ખંભાત તરફ વિહાર કરી ગયા હતા.

**લીલાવતી પ્રકરણ**

વિ.સં. ૧૯૮૩ - ખંભાતમાં ગુરુ શિષ્યની નિશ્રામાં વિ.સં. ૧૯૮૩ વૈ. વદ ૬ના દિવસે ૬ દીક્ષાઓ થઈ. એમાં મુ. શ્રી કાંતિવિજયજી મ.ની દીક્ષા ભયંકર કટોકટી વચ્ચે થવા પામી. દીક્ષાના સમાચાર અમદાવાદ પહોંચતા દીક્ષિતનાં પત્ની લીલાવતીબેન આદિનું તોફાની ધાડું ખંભાત આવ્યું. પૂ. ગુરુદેવો પર જીવલેણ આક્રમણ થયું. પણ શેઠ કસ્તુરભાઈ અમરચંદના કુનેહ અને કૌવત ભર્યા પગલાથી વિરોધીઓનું કંઈ ચાલ્યું નહિ. મુ. શ્રી કાંતિવિજયજી મ. સોટચના સોના સમા હતા. જીવનમાં ઉપવાસથી વધુ પચ્ચક્ખાણ એમણે કર્યું ન હતું. છતાં આ વિઘ્નમાંથી હેમખેમ બચી જવા એમણે ભરઉનાળામાં **૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું.** દેવગુરુની કૃપા અને તપના પ્રભાવે કોર્ટ-કાયદાના લફરા જાગવા છતાં અંતે વિરોધીઓને નાશીપાસ થવું પડ્યું, અને વિરાગી-વિજયી જાહેર થયા.

આગળ જતાં પૂજ્યપાદશ્રીજીના શિષ્યરૂપે તેઓ પૂ. પંન્યાસ પ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવર્ય તરીકેની અદ્ભુત નામના કામના મેળવી ગયા. આ પછી તો મુ. શ્રી કાંતિવિજયજી મહારાજનાં માતુશ્રીએ સાધ્વી જીવન સ્વીકાર્યું. પત્ની લીલાવતીબેને થોડાં વર્ષો બાદ જાહેરમાં પોતે દીક્ષા વિરોધ કર્યો હતો એ અંગે માફી માગી પ્રાયશ્ચિત્ત કર્યું હતું.

વિ.સં. ૧૯૮૫ માં મુંબઈ-લાલબાગમાં ચાતુર્માસ માટે પૂ. ગુરુદેવોની સાથે પધારતા પૂજ્યશ્રીના પ્રભાવક પ્રવચનોથી શાસનની એ રક્ષા-પ્રભાવનાની કીર્તિ દિગંત વ્યાપી બની.

**જૈન પ્રવચનની શરૂઆત :**

વિ.સં. ૧૯૮૫ મુંબઈ-ભૂલેશ્વર લાલબાગના ચાતુર્માસમાં પૂજ્યશ્રીના પ્રભાવક પ્રવચનો ચાલતા હતા. તે પ્રવચનો સાંભળીને સુશ્રાવક ભગવાનભાઈ (પૂ.પં. શ્રી ભદ્રંકરવિ. ગણિવર)ને એક મનોરથ થયો કે, "જે આત્માઓ આ પ્રવચનો સાંભળવા નથી આવી શકતા તેઓ પણ આ પ્રવચનો ઘર બેઠા વાંચીને પોતાનું આત્મકલ્યાણ કરી શકે તે માટે આ પ્રવચનો છપાય તો બહું સારૂં" આ મનોરથના પરિપાકરૂપે તેજ વર્ષે તેઓએ સકલાગમ રહસ્ય વેદી પ.પૂ. આ.દે.શ્રી વિ. દાનસૂરીજી મહારાજાના આશીર્વાદથી **'જૈન પ્રવચન'** નામનું સાપ્તાહિક શરૂ કર્યું. જેમાં પૂજ્યશ્રીના પ્રવચનો અને શાસનના અનેક કાર્યોની જાણકારી વાચક વર્ગને મળતી.

**ગણી પદ - પંન્યાસ પદ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પદ**

વિ.સં. ૧૯૮૭ મુંબઈ ભાયખલામાં કાર્તિક વદ ૩ના પરમતારકશ્રીજીની **ગણી તથા પંન્યાસ પદવી** પૂ.આ.શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. તે પ્રસંગે જ તેઓશ્રીમદ્‌ને **વ્યાખ્યાન વાચસ્પતિ પદ** આપવામાં આવ્યું.

વિ.સં. ૧૯૮૮માં બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલની સામે પૂજ્યશ્રીએ પણ જોરદાર પડકાર કર્યો.

વિ.સં. ૧૯૯૦ ની સાલમાં રાજનગર-અમદાવાદમાં આયોજિત મુનિ સંમેલનમાં મુખ્યત્વે દેવદ્રવ્ય, બાળ દીક્ષા આદિના પ્રશ્નો વિચારાયા ત્યારે પૂ.આ.શ્રી.વિ. સિદ્ધિસૂરિ મ.સા., પૂ.આ.શ્રી.વિ. લબ્ધિસૂરિ મ.સા., પૂ.આ.શ્રી.વિ. દાનસૂરિ મ.સા. વગેરે વડીલોની નિશ્રામાં રહીને પૂ.પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવરે શાસ્ત્રીય ચર્ચામાં મહત્ત્વનો (મુખ્ય) ભાગ લઈને સિદ્ધાંત રક્ષાની જવાબદારી અદા કરી.

## ઉપાધ્યાય પદ

વિ.સં. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪ના રાધનપુરમાં સકલાગમ રહસ્યવેદી પૂ.આ.શ્રી દાનસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે **પૂ. ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી ગણિવરને આચાર્યપદે** અને સાથે **પૂ. પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદે સ્થાપન કર્યા.** આજ વખતે પૂ.આ.શ્રી.વિજય દાનસૂરિજી મહારાજાએ પૂ. ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવરને વિ.સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૬ના આચાર્યપદે સ્થાપન કરવાનું શ્રેષ્ઠ મુહૂર્ત નિર્ણીત કર્યું.

વિ.સં. ૧૯૯૨ મહા સુદ ૨ના સકલાગમરહસ્યવેદી પૂ.આ.શ્રી.વિજય દાનસૂરીશ્વરજી મહારાજા પાટડી મુકામે કાળધર્મ પામ્યા.

વિ.સં. ૧૯૯૨ની સાલમાં તિથિ અંગે તપાગચ્છમાં યતિઓના કાળમાં ઘૂસી ગયેલી કેટલીક-શાસ્ત્ર-વિરુદ્ધ આચરણાઓનો પૂ. બાપજી મહારાજા, પૂ.આ.શ્રી.વિ.લબ્ધિસૂ. મહારાજા, પૂ.આ.શ્રી.વિ.પ્રેમસૂ. મહારાજા આદિ પૂજ્યોએ મળીને ત્યાગ કરી શાસ્ત્રદર્શિત માર્ગનું પુનઃ પ્રવર્તન કર્યું હતું. તે અંગેની ઉદ્‌ઘોષણાની જવાબદારી પૂ.આ.શ્રી.વિ.રામચંદ્રસૂ. મહારાજાને સોંપાઈ હતી.

## આચાર્ય પદવી

વિ.સં. ૧૯૯૨ વૈશાખ સુદ ૬ના મંગલ દિવસે મુંબઈ માધવબાગના વિશાળ આંગણે આઠ હજારથી વધારે માનવ મેદની વચ્ચે કર્મ સાહિત્ય નિષ્ણાંત પૂ.આ.શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે પૂ.ઉપાધ્યાય શ્રી રામવિજયજી મહારાજાને આચાર્ય પદાર્પણ થતાં તેઓ પૂ.આચાર્ય વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના નામે ગગનભેદી મંગલનાદ સાથે વધાવાયા. આઠ દિવસ ઉજવવા ધારેલો આચાર્યપદ નિમિત્તક મહોત્સવ પૂરા બે મહિના સુધી ચાલેલો. છતાં ઘણાને સંતોષ આપી શકાયો ન હતો.

## મહારાષ્ટ્ર દેશોદ્ધારક

વિ.સં. ૧૯૯૩ મુંબઈ ચાતુર્માસ બાદ મહારાષ્ટ્રની ધરતી પર પૂજ્યશ્રીના પગલાં પડ્યાં. પહેલી વહેલી વાર જ સુવિહિત સૂરિવરોના થયેલા એ પગલે પગલે શાસન પ્રભાવનાના અદકેરા કાર્યોની શ્રેણીઓ મંડાઈ. પ્રભાવકતા આંખ સામે માણનારા મહારાષ્ટ્રના શ્રીસંઘોએ પરમતારકશ્રીને **'મહારાષ્ટ્ર દેશોદ્ધારક'**નું સાર્થક બિરૂદ આપ્યું.

વિ.સં. ૧૯૯૪ પૂનાથી કરાડ, કુંભોજગિરિ સંઘ, સાંગલી વગેરે વિચરણ દ્વારા અભૂતપૂર્વ જાગૃતિ આણનારા અને દિગંબર જૈનોને પણ પ્રભાવિત કરનારા પરમતારકનું વિ.સં. ૧૯૯૪નું ચાતુર્માસ કરાડ થયું.

વિ.સં. ૧૯૯૫ની સાલમાં કોલ્હાપુરમાં પોતાના પૂ.ગુરુ મ.શ્રીની સાથે ઉપધાન તપની આરાધના કરાવી.

વિ.સં. ૧૯૯૬માં નિપાણીમાં પૂ.ગુરુ મ.ની સાથે ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવાયો.

વિ.સં. ૧૯૯૭માં કોલ્હાપુર-લક્ષ્મીપુરમાં પૂ. ગુરુ મ. સાથે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયની ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

વિ.સં. ૧૯૯૮માં મુંબઈ અંધેરીમાં શ્રી માણેકલાલ ચુનીલાલ તરફથી આયોજીત એક હજારથી વધુ આરાધકોની સંખ્યામાં થયેલ ઉપધાન તપથી એવી યશકલગી ઉમેરાઈ કે એ ઉપધાન, હજીય અવિસ્મરણીય રહ્યા છે.

વિ.સં. ૧૯૯૮નું ચાતુર્માસ પાલીતાણામાં થયું ત્યારે પૂ. સાગરજી મ. અને પૂજ્યશ્રી વચ્ચે તિથિ અંગેની વિચારણા થઈ. તેમાં તિથિ બાબતમાં **'શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ.નો પક્ષ જ સત્ય છે'** તેવો પી.એલ. વૈદ્યે ચુકાદો આપ્યો.

વિ.સં. ૨૦૦૧માં સિદ્ધગિરિજીમાં શ્રી ફુલચંદ તંબોળી દ્વારા ૯૯ યાત્રાના આયોજનમાં પૂજ્યશ્રીએ ૧૦૮ એકાસણા કરવાપૂર્વક ૯૯ યાત્રા કરીને અનેકને આ યાત્રા માટે પ્રેરણાદાન આપ્યું.

વિ.સં. ૨૦૦૩માં સિદ્ધગિરિ તીર્થમાં શ્રી બકુભાઈ મણીલાલ દ્વારા ૯૯ યાત્રાનું આયોજન થયું. ત્યારે પૂજ્યશ્રીએ ૯૯ યાત્રા ૧૦૮ એકાસણા કરવાપૂર્વક અને **સિદ્ધગિરિજી ઉપર બિરાજમાન પ્રત્યેક જિનબિંબને ત્રણ-ત્રણ ખમાસમણા દેવાપૂર્વક અપૂર્વ દર્શન શુદ્ધિ કરી.**

વિ.સં. ૨૦૦૫નું ચાતુર્માસ **પૂ. સાગરજી મ.ની સાથે ખાસ ક્ષમાપના કરવા માટે સુરતમાં કર્યું.**

## સોનગઢી કાનજી સ્વામીને ચર્ચા માટે આહ્‌વાન

વિ.સં. ૨૦૦૬માં પાલીતાણા મુકામે ગુરુદેવ પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની તબિયત અસ્વસ્થ થયાના સમાચાર મળતાં જ મુંબઈ તરફનો વિહાર કેન્સલ કરી જેઠ સુદ ૫ના પાલીતાણામાં ગુરુ નિશ્રામાં ઉપસ્થિત થયા. તે ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ સત્ય રક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થતાં એકાંત નિશ્ચયનયવાદી સોનગઢી કાનજી સ્વામીને ચર્ચા માટે આહ્‌વાન કર્યું. પરંતુ કાનજીસ્વામી પાલીતાણાનો વિસ્તૃત કાર્યક્રમ રદ કરીને સોનગઢ પહોંચી ગયા.

વિ.સં. ૨૦૦૭નું ચાતુર્માસ અમદાવાદ થતાં **'પ્રેમાભાઈ હોલ'** માં થયેલાં **'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ'** વિષયક પૂજ્યશ્રીના જાહેર પ્રવચનોનો જાદુ સમગ્ર ગુજરાતમાં અજૈનો સુદ્ધાં ઉપર ફરી વળ્યો. અમદાવાદના જાહેર પત્રોમાં પ્રવચનોનો સાર પાનાંઓ ભરી છપાતો હતો.

વિ.સં. ૨૦૦૮ના ચાતુર્માસનો લાભ દિલ્હીને મળતાં એ પ્રદેશમાં જાગૃતિનો એક અનેરો શંખનાદ થયો. દિલ્હીમાં અનેક ધારાસભ્યો-નેતાઓ પૂજ્યશ્રીને મળીને ધર્મ સમજવા ભાગ્યશાળી બન્યા. તત્કાલીન વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ બાબુ સાથે મુલાકાત યોજાતા **એક ધર્માચાર્યના પદને અનુરૂપ ખુમારી અને કર્તવ્ય નિષ્ઠાના દર્શનથી બંને નેતાઓ પ્રભાવિત બન્યા.**

વિ.સં. ૨૦૦૯માં કલકત્તામાં કેનિંગ સ્ટ્રીટના વીર વિક્રમ પ્રાસાદની ભવ્ય પ્રતિષ્ઠા અંજન શલાકા થઈ.

વિ.સં. ૨૦૧૦નું ચાતુર્માસ પાવાપુરીમાં થયું.

વિ.સં. ૨૦૧૧નું ચાતુર્માસ કલકત્તામાં ત્યાં બે દીક્ષાઓ ભવ્ય મહોત્સવપૂર્વક થઈ.

વિ.સં. ૨૦૧૨માં રાજગૃહી તીર્થમાં ચાતુર્માસ થયું. જ્યાં ૪૫ આગમોની વાચના થઈ.

વિ.સં. ૨૦૧૩ પોષ વદ ૬ના **પાવાપુરીમાં** પૂજ્યશ્રીની નિશ્રામાં સર્વ પ્રથમ વિશાળ સમવસરણકાર નિમિત્ત જિનમંદિરનો ભવ્ય અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો અને પ્રભુની અંતિમ દેશનાની ભૂમિને મહાતીર્થનું ગૌરવ પ્રાપ્ત થયું.

વિ.સં. ૨૦૧૩નું ચાતુર્માસ કાનપુર કાનપુર ખાતે ખૂબ જ પ્રભાવક રહ્યું.

વિ.સં. ૨૦૧૪ અમદાવાદ - રાજનગર **મુનિ સંમેલનમાં** પૂજ્યશ્રીની હાજરી. શાસન-સિદ્ધાંત-સત્યની સુરક્ષા માટેનો તે પુરુષાર્થ ભલભલાને આંજી દે તેવો હતો. પણ અમુક ચોક્કસ વર્ગની ચોક્કસ ધારણાઓ સાથે મળેલું એ સંમેલન સફળ ન બની શક્યું. પૂજ્યશ્રીએ પોતાના વડીલો વતી પ્રતિનિધિત્વ અદા કરીને **શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધ કોઈ નિર્ણય તો ન જ કરવા દીધો.**

એ જ વર્ષે **સ્થૂલ ગણિત ધરાવતા ચંડાંશુચંડુ પંચાંગને બદલે સૂક્ષ્મ ગણિત ધરાવતા "જન્મભૂમિ પંચાંગને" માન્ય રાખવાનો રાજનગરના સકલ સંઘે તપાગચ્છીય સર્વ સમુદાયોના પૂજ્યોની સંમતિથી નિર્ણય કર્યો હતો.**

વિ.સં. ૨૦૧૪માં અમદાવાદ જ્ઞાનમંદિરના ચાતુર્માસમાં પૂજ્યપાદશ્રી રોજ સવારના પ્રથમ વિદ્યાશાળામાં પૂ. બાપજી મહારાજને, પછી જ્ઞાનમંદિરમાં પૂ.આ.શ્રી.વિ. લબ્ધિસૂરિજી મહારાજને તથા પૂ.આ.શ્રી.વિ. પ્રેમસૂરિજી મહારાજને રાઈમુહપત્તિ કરતા હતા. એ રીતે વડીલો પ્રત્યેની પૂજ્યશ્રીની ભક્તિ પણ અજોડ જ હતી.

વિ.સં. ૨૦૧૯માં ધનજીભાઈ (પં. શ્રી ભદ્રશીલ વિ. ગણી) કલકત્તાવાળા પરિવારનો પ્રભાવક દીક્ષા મહોત્સવ યોજાતા, અમદાવાદમાં એક ઇતિહાસ સર્જાયો.

## પિંડવાડામાં અપવાદિક પટ્ટક

વિ.સં. ૨૦૨૦ **પિંડવાડામાં** પૂ. ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના અભિયોગાનુસાર તિથિ અંગેના **અપવાદિક તિથિ પટ્ટકનું નિર્માણ થયું.** જેમાં સંવત્સરી ઔદયિક જ કરવાનો તેમજ કલ્યાણકાદિ બધી તિથિઓ પણ ઔદયિક દિને કરવાનો નિર્ણય થયો. માત્ર પૂનમ-અમાસની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાનો અપવાદિક નિર્ણય કરાયો.

વિ.સં. ૨૦૨૦માં માટુંગા જીવણ અબજી જ્ઞાનમંદિરમાં ઐતિહાસિક ચાતુર્માસ થયું.

વિ.સં. ૨૦૨૧/૨૨/૨૩નાં ચાતુર્માસો શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ, ભૂલેશ્વર ખાતે ખૂબ જ દબદબાભેર થયાં. આ ચાતુર્માસોમાં ઘણા પુણ્યાત્માઓ ધર્મમાં જોડાયા હતા.

વિ.સં. ૨૦૨૩માં શેઠ મોતીશા લાલબાગમાં ચાતુર્માસમાં **શ્રાવણ વદ ૧૦ના પૂ. ઉપાધ્યાય શ્રી ચારિત્રવિજયજી ગણિવર** પૂ. ગુરુદેવના ખોળામાં માથું મૂકીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

વિ.સં. ૨૦૨૪માં ગુરુદેવ પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તરફથી સમાધિ-પ્રદાન અંગેનો સંદેશો મળતાં જ મહારાષ્ટ્રના બધા જ નિર્ણીત કાર્યક્રમો રદ કરીને તેઓશ્રીમદે મુંબઈથી ખંભાત તરફ વિહાર કર્યો હતો અને ખંભાતમાં **ગુરુ-શિષ્યનું અદ્‌ભુત મિલન થયું.** આ મિલન નજરે નિહાળનારા ધન્ય બની ગયા.

ખંભાતથી પૂજ્યશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો. નાર-પધારતાં જ પૂ. ગુરુદેવની તબિયત કંઈ અસ્વસ્થ બન્યાના સમાચાર મળતાં બધા કાર્યક્રમો કેન્સલ કરીને પૂજ્યશ્રી પુનઃ ખંભાત આવી ગયા અને ગુરુ નિશ્રામાં જ ચાતુર્માસ સુધી રોકાવાનો નિર્ણય કર્યો. **મહાન ગુરુદેવને માટે આ મહાન શિષ્યના મંગલ મુખે નમસ્કાર મહામંત્ર અને અંતિમ સમાધિ મેળવીને સ્વર્ગવાસી બનવાનું નિર્માણ અફર હશે.**

## પોતાના પરમતારક ગુરુદેવને નિર્યામણા

વિ.સં. ૨૦૨૪ **વૈ. વદ ૧૧** રાત્રિના પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની અણધારી તબિયત અસ્વસ્થ થઈ ગઈ. પરિસ્થિતિ અતિ ગંભીર બની ગઈ તે જાણીને પૂ.આ.ભ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. નીચેથી ઉપર આવ્યા. ત્યારે મુનિ શ્રી ગુણરત્નવિજયજી મ. તેમને શાંત સુધારસની અન્યત્વ ભાવના અને જ્ઞાનસારનું અષ્ટક સંભળાવી રહ્યા હતા. પૂ.આ.ભ.શ્રી રામચન્દ્રસૂરિ મ.શ્રીએ સમાધિપદ સૂત્ર સંભળાવવાનું શરૂ કર્યું. તેમાં **'સવ્વં તિવિહેણં વોસિરિયં'** પદ આવ્યું એટલે પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરિ મ.શ્રીએ પોતાના બંને હાથે અંજલિ જોડી તમામ ચીજોની મમતાનો ત્યાગ કર્યો. ચારે બાજુ નવકાર મંત્રની ધૂન ચાલી રહી હતી. અંતકાળ નજીક આવ્યો છે. એમ જાણીને **પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરિ મ.શ્રીએ** છેક કાન પાસે પોતાનું મોઢું લઈ જઈ **નવકાર મંત્ર સંભળાવવા માંડ્યો.** મંત્રાધિરાજના એક-એક પદ છૂટા પાડી તેઓ સંભળાવી રહ્યા હતા અને બરાબર ૧૦-૪૦ કલાકે પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા સમાધિ મરણને પામ્યા. પોતાના પટ્ટધરરત્નના શ્રીમુખે આરાધના પામી ગુરુદેવ સ્વર્ગે સીધાવ્યા. પોતાની પાટે તેઓશ્રીમદે પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજાની ગચ્છાધિપતિ પદે નિમણૂંક કરી હતી.

વિ.સં. ૨૦૨૪નું ચાતુર્માસ ખંભાતમાં થયું. ચાતુર્માસ બાદ દહેવાણવાળા શ્રી બાબુભાઈ તરફથી ખંભાત બહાર 'દહેવાણનગર' માં આયોજનપૂર્વક ભવ્ય ઉપધાન તપનો પ્રસંગ ઉજવાયો. વિ.સં. ૨૦૨૫માં પૂ.શ્રી.ની નિશ્રામાં ખંભાતમાં બજારમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભ.ના મંદિરના પરિસરમાં પૂ.આ.શ્રી.વિ. લબ્ધિસૂરિ મ.સા. તથા પૂ.આ.શ્રી.વિ. પ્રેમસૂરિ મ.સા.ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા વસંતપંચમીના દિવસે થઈ. વિ.સં. ૨૦૨૫ના મહા મહિને ગોવિંદજી જેવત ખોના તરફથી ખંભાતથી શ્રી સિદ્ધગિરિનો સંઘ નીકળ્યો.

ગિરિરાજ શત્રુંજય જય તળેટી પર સ્વદ્રવ્યથી નિર્મિત આરસપાષાણમય દેવવિમાન સમા નૂતન જિનમંદિરમાં ગોવિંદજી જેવતખોના તરફથી વિ.સં. ૨૦૨૫ વૈશાખ સુદમાં પ્રતિષ્ઠા મહોત્સવ આદિ પ્રસંગો યોજાતાં. પાલીતાણામાં નવી જ ધર્મ જાગૃતિ આવવા પામી, ચૈત્રી ઓળી તળાજા તીર્થમાં, ત્યાર બાદ વૈશાખ વદમાં અમરેલીમાં દીક્ષાઓ થઈ ત્યાંથી સાવરકુંડલામાં અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ આદિ

ઉજવાતાં સૌરાષ્ટ્રમાં તેજસ્વી ધર્મપ્રભા ફેલાઈ. શ્રી નાનચંદ જુઠાભાઈ દોશી તરફથી ચલાળાથી શ્રી શત્રુંજય તીર્થના સંઘ સાથે પૂજ્યશ્રીનો પાલીતાણામાં પ્રવેશ થયો.

વિ.સં. ૨૦૨૫નું ચાતુર્માસ સિદ્ધગિરિ તીર્થમાં થયું.

વિ.સં. ૨૦૨૬નું ચાતુર્માસ જામનગરમાં, ત્યાં **અષાઢ સુદ ૧ના** ચાતુર્માસના પ્રવેશ પહેલા **દીક્ષા દાતા પૂ. વયોવૃદ્ધ મુનિરાજ શ્રી મંગળવિજયજી મહારાજની તબિયત બગડતા પૂજ્યશ્રીએ નિર્યામણા કરાવી અને અ.સુ. ૧ના સમતાપૂર્વક સ્વર્ગગમન થયું.**

વિ.સં. ૨૦૨૭માં પિંડવાડા પધરામણી ત્યાં પ્રભુ પ્રતિષ્ઠા - પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા, પિંડવાડા પાસે અજારી તીર્થમાં જિર્ણોદ્ધાર -પુનઃ પ્રતિષ્ઠાનો શાસન પ્રભાવક પ્રસંગ ઉજવાયો. પછી આબુના છ'રી પાલક સંઘપૂર્વક ખેરોજ પધરામણી થતાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયો.

વિ.સં. ૨૦૨૭નું ચાતુર્માસ અમદાવાદ શ્રીદાનસૂરિ જ્ઞાનમંદિરમાં થયું ત્યાં અનેકવિધ શાસન પ્રભાવક અનુષ્ઠાનો થયાં.

વિ.સં. ૨૦૨૮ ખંભાતમાં પૂજ્યશ્રીની નિશ્રામાં મહા વદ દ્વિ. ૯ના અગ્નિ સંસ્કાર સ્થળે ગુરૂકુલિકામાં **સ્વ. પૂ.આ.શ્રી.વિ. પ્રેમસૂરિ મહારાજાની પાદુકાની પ્રતિષ્ઠા થઈ તેમજ ૨૪ મુમુક્ષુઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ થયો.**

વિ.સં. ૨૦૨૮માં **દીક્ષા ભૂમિ ગંધારમાં તીર્થોદ્ધાર અને ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ થયો.**

વિ.સં. ૨૦૨૮નું ચાતુર્માસ મુંબઈ શેઠ મોતીશા લાલબાગ ઉપાશ્રયમાં કર્યું.

વિ.સં. ૨૦૨૯ શ્રીપાળનગરમાં પ્રતિષ્ઠા અંજનશલાકા પ્રસંગ અને તે પ્રસંગે **આચાર્યપદ પ્રદાન.**

વિ.સં. ૨૦૨૯નું ચાતુર્માસ **શાંતાક્રુઝમાં થયું. સંવત્સરીના દિવસે અજ્ઞાન વર્ગે નવાંગી ગુરૂપૂજનના શાસ્ત્રીય મુદ્દે ઘણું તોફાન મચાવ્યું. આમ છતાં પૂજ્યપાદશ્રીજી મેરુ જેવા અડોલ રહ્યા.**

**આ ચાતુર્માસના અંતે આવેલી ભયંકર વ્યાધિમાં સહન શીલતાપૂર્વક અપૂર્વ સમાધિ રાખી. 'જ્ઞાનસાર'ના 'निर्वाणपदमप्येकं॰' આ શ્લોકના ચિંતનમાં પૂજ્યશ્રીજીએ એક મહિનો સમાધિમાં વ્યતીત કર્યો હતો.**

વિ.સં. ૨૦૩૦નું ચાતુર્માસ શ્રીપાળનગર કર્યું અને વિ.સં. ૨૦૩૧નું ચાતુર્માસ પોતાના શિષ્યરત્ન પૂ.આ.શ્રી.વિ.જિતમૃગાંકસૂરિજી મહારાજને સમાધિ થાય એ માટે લાલબાગમાં કર્યું હતું.

વિ.સં. ૨૦૩૨નું ચાતુર્માસ પૂનામાં થયું. ચાતુર્માસ પહેલા ત્યાં ૨-૩ સ્થળોએ અંજન શલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ થયા. તેમજ ચાતુર્માસમાં **પૂ.આ.ભ.શ્રી મેરુસૂરિ. મ.સા.ને સમાધિદાન કરીને પૂજ્યશ્રીએ આદર્શ વડીલ-વિનય અદા કર્યો.**

વિ.સં. ૨૦૩૩માં અમલનેર ખાતે **૨૬ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ** પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક પૂ.આચાર્યદેવોની ઉપસ્થિતિમાં ઐતિહાસિક રીતે ઉજવાયો.

વિ.સં. ૨૦૩૩માં મુંબઈ પધારતાં **ચંદનબાલા** (વાલકેશ્વર) ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી ધાર્મિક ટ્રસ્ટ નિર્મિત ગગનચુંબી શ્રીમહાવીર સ્વામી જિનાલયનો અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ અને **૧૩ પુણ્યાત્માઓનો સમૂહ દીક્ષા પ્રસંગ ઉજવાયો.**

વિ.સં. ૨૦૩૪માં લઘુગુરુભ્રાતા પૂ.આ.શ્રી.વિ.રાજતિલકસૂરિજી મહારાજની ૧૦૦-૧૦૦મી વર્ધમાન તપ ઓળીની પૂર્ણતાનો પ્રસંગ તેમજ અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગ અમદાવાદ-ગિરિધરનગરમાં ખૂબ જ શાસન પ્રભાવનાપૂર્વક ઉજવાયો.

વિ.સં. ૨૦૩૫માં **રાજકોટ**-વર્ધમાનનગર - જિનમંદિરમાં અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ તથા દીક્ષા થઈ, ત્યાર બાદ **સુરેન્દ્રનગર**માં ઝાલાવાડ જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ ટ્રસ્ટ નિર્મિત નૂતન જિનમંદિરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો **સાથે સાથે ૨૧ પુણ્યાત્માઓની સમૂહ દીક્ષા થઈ.**

વિ.સં. ૨૦૩૫ સુરેન્દ્રનગરથી **પિંડવાડામાં** પધરામણી ત્યાં **૧૨ મુમુક્ષોઓની સમૂહ દીક્ષા** તથા પ્રતિષ્ઠાદિ પ્રસંગો થયા.

વિ.સં. ૨૦૩૫માં આબુ (દેલવાડા) તીર્થમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ થયો.

વિ.સં. ૨૦૩૫નું ચાતુર્માસ પાટણ નગીનભાઈ પૌષધ શાળામાં થયું સાથે પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરનું ચાતુર્માસ હતું.

વિ.સં. ૨૦૩૭માં પૂજ્યશ્રીની નિશ્રામાં **ભીલડીયાજી તીર્થમાં બાવન જિનાલયનો પ્રતિષ્ઠા પ્રસંગ થયો** તથા **છ મુમુક્ષુઓનો દીક્ષા પ્રસંગ થયો.**

વિ.સં. ૨૦૩૮માં **પાટડી મુકામે** પૂ. આચાર્ય ભ.શ્રીની તબિયત અસ્વસ્થ થઈ અને ત્યાં ગંભીર માંદગી આવી. તેથી થોડા દિવસો સ્થિરતા કરવી પડી. **તે સમયે પાટડીના સંઘે તન-મન અને ધનથી અપૂર્વ ભક્તિ કરી તેમજ વંદનાર્થે આવેલા દરેક સાધર્મિકોની હૃદયના ઉલ્લાસપૂર્વક સાધર્મિક ભક્તિ કરેલી. છ મુમુક્ષુઓની દીક્ષા થઈ.**

વિ.સં. ૨૦૩૯માં અમદાવાદ શાંતિનગરમાં અનેક આચાર્યદેવો તથા બહુ સંખ્ય મુનિઓ સહિત પૂજ્યશ્રીનું ચાતુર્માસ થયું. સાથે પૂ.આ.શ્રી.વિ.કલાપૂર્ણસૂરિ મ.સા. હતા. **ચાતુર્માસાંતે આવેલી ગંભીર બિમારીમાં પણ પૂજ્યશ્રીની સમતા સમાધિનું અનેક સંઘોને સાક્ષાત્ દર્શન થયું.**

વિ.સં. ૨૦૪૦ હસ્તગિરિમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ. વૈશાખ માસમાં પાલીતાણામાં **૧૬** મુમુક્ષુઓનો સમૂહ **દીક્ષા પ્રસંગ** થયો તેમજ પાલીતાણામાં ભવ્ય રીતે ચાતુર્માસ થયું.

વિ.સં. ૨૦૪૧નું ચાતુર્માસ અમદાવાદ **લક્ષ્મીવર્ધક જૈન સંઘમાં** થયું તે સમયે તિથિ અંગે શાસ્ત્ર સાપેક્ષ સમાધાનની પૂજ્યશ્રીએ દર્શાવેલી તૈયારી છતાં પણ સામાપક્ષ દ્વારા એવું વાતાવરણ ઉભું થવા પામ્યું કે ભલભલા હચમચી ઉઠે ! સકળ સંઘથી વિખૂટા થઈ જવાની કટોકટી ભરી પરિસ્થિતિ ઉભી થવા છતાં પૂજ્યશ્રી તિથિ રક્ષા કાજે અણનમ રહેતા, પટ્ટક કરનાર પક્ષમાં જ અંદર-અંદર ભંગાણ સર્જાતાં કટોકટીભરી પળનું વાદળ વરસ્યા વિના જ વિખરાઈ ગયું.

વિ.સં. ૨૦૪૨ના વૈશાખમાં વાપીમાં સૂરિપદ અર્ધશતાબ્દી નિમિત્તે ભવ્યત્તમ ઉજવણી થઈ હતી.

વિ.સં. ૨૦૪૨નું ચાતુર્માસ લાલબાગ-ભૂલેશ્વર-મુંબઈમાં થયું. પર્યુષણ પછી પૂજ્યશ્રીની સૂરિપદ - અર્ધ શતાબ્દીની (૫૦ વર્ષ) અનુમોદનાર્થે ઉજવાયેલો **૫૧ દિવસનો મહોત્સવ તો ખરેખર અદ્ભુત કહી શકાય એવો થયો. પૂજ્યશ્રીનાં પ્રવચનોનાં પાંચ દળદાર પુસ્તકો તૈયાર કરીને રંગીન કાગળોમાં છપાવવામાં આવ્યાં હતાં.**

વિ.સં. ૨૦૪૩નું ચાતુર્માસ શ્રીપાલનગર તથા ચંદનબાળા સંયુક્ત રીતે થયું. ચાતુર્માસ પછી શ્રીપાળનગર દીક્ષા થઈ. લાલબાગમાં પૂજ્યશ્રીના **દીક્ષા જીવનમાં ૭૬માં વર્ષમાં પ્રવેશની ઉજવણી** પોષ સુદ ૧૩ના તથા **પાંચ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ થયો. લાલબાગમાં જેઠ મહિનામાં ૮ સમૂહ દીક્ષાઓ થઈ.**

વિ.સં. ૨૦૪૪ની સાલમાં **અમદાવાદ મુનિ સંમેલનમાં** - દેવ દ્રવ્ય, ગુરુ દ્રવ્ય, જિનપૂજા, તિથિ આદિ અંગે અશાસ્ત્રીય નિર્ણયો જાહેર થતાં સિદ્ધાંત રક્ષા ખાતર વૃદ્ધવયે ય **સિંહ જેવી ગર્જના કરવા દ્વારા કર્તવ્યનું પાલન કર્યું.** પૂજ્યશ્રીએ જાહેર વિરોધ શરૂ કર્યો. જેના પ્રભાવે સમગ્ર જૈન સંઘમાં સુંદર-વ્યાપક જાગૃતિ આવતા **મુનિ સંમેલનમાં પણ ભંગાણ પડ્યું અને નિર્ણયોનો સર્વત્ર સ્વીકાર થવા ન પામ્યો.**

વિ.સં. ૨૦૪૫માં પૂજ્યશ્રીની નિશ્રામાં **હસ્તગિરિ તીર્થની ઐતિહાસિક અંજન શલાકા-પ્રતિષ્ઠાની ઉજવણી થઈ.**

વિ.સં. ૨૦૪૫નું ચાતુર્માસ પાલીતાણા-મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળામાં થયું. ૮૬ મુનિ ભગવંતો વિશાળ સાધ્વી સમુદાય અને ૧૪૦૦ ઉપરાંત આરાધકો હતા.

પર્યુષણ દરમ્યાન પૂજ્યશ્રીનો ઉપદેશ સાંભળીને દેવદ્રવ્યના દોષથી બચવા માટે **"જિનમંદિર સાધારણ નિધિ"નું ઐતિહાસિક કાર્ય થયું.** શેઠ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તકના શ્રી સિદ્ધગિરિ તીર્થમાં પૂજારીઓને દેવદ્રવ્યમાંથી અપાતો પગાર સાધારણ ખાતાના દ્રવ્યમાંથી અપાય એ હેતુથી **ભા. સુ. ૧** ના **પૂજ્યશ્રીની થોડી જ મિનિટોની પ્રેરણા પામીને આરાધકોએ** રૂપિયા ૩૧ હજારની તિથિઓ નોંધાવવામાં એટલી બધી ઉદારતાપૂર્વકનો ઉત્સાહ દાખવ્યો કે **એ જ દિવસે ઘણી બધી તિથિઓ નોંધાઈ જવા પામી** - લગભગ ૪૦૦ ઉપરાંત નામો નોંધાયા અને **એક કરોડ ઉપરાંતની રકમ થઈ ગઈ.**

આ ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીએ શ્રી સિદ્ધગિરિરાજની અદ્ભુત ભક્તિ-બહુમાન સાથે અને આશાતનાના ત્યાગપૂર્વક યાત્રા કરી હતી. ૯૫ વર્ષની જૈફ વય હોવા છતાં અવઢનું પચ્ચક્ખાણ આવ્યા બાદ ઢળતી સાંજે ઘેટી ઉતરીને ઠામ ચોવિહારું એકાસણું કર્યું હતું.

ફાગણ મહિને તેઓશ્રીએ ડોળીયા તીર્થે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહામહોત્સવે નિશ્રા આપી હતી.

વિ.સં. ૨૦૪૬નું ચાતુર્માસ ખંભાતમાં થયું ત્યારે પરમતારકે તિથિ આચરણા અંગે વિ.સં. ૨૦૨૦માં પિંડવાડા મુકામે કરાયેલ આભિયોગિક પટ્ટકમાં જણાવેલ "સંઘ માન્ય પંચાંગમાં આવતી પૂનમ-અમાવસ્યાના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે તેરસની ક્ષય-વૃદ્ધિ કરવી." એ આપવાદિક આચરણાનો ત્યાગ કરી ઔદયિક તેરસ, ચૌદસ, પૂનમ-અમાવસ્યા યથાવત્ આચરવાનો નિર્ણય કરી ફરી મૂળ માર્ગ પ્રવર્તાવ્યો હતો.

વિ.સં. ૨૦૪૭ ખંભાત ચાતુર્માસ પછી માગસર મહિનામાં પરમતારક અમદાવાદ પધાર્યા. પૂજ્યશ્રીના દીક્ષા જીવનમાં ૭૯માં વર્ષમાં પ્રવેશનો પ્રસંગ - પોષ સુદ ૧૩ના નવરંગપુરા સંઘે અને જયંતિલાલ આત્મારામ પરિવારે ઉલ્લાસપૂર્વક ઉજવ્યો. **દ્વિ. વૈશાખ સુદ ૧૦ નવરંગપુરામાં પૂ. ગણિવર્ય શ્રી હેમભૂષણવિજયજી મહારાજને પંન્યાસપદ પ્રદાનનો અને ૧૫ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ થયો.**

નવરંગપુરા ખાતે સરદાર વલ્લભભાઈ સ્ટેડિયમના વિશાળ મેદાનમાં **વિ.સં. ૨૦૪૭ દ્વિ. વૈશાખ વદ ૫ના મુમુક્ષુ અતુલભાઈની ભવ્ય રીતે દીક્ષા થઈ.**

અભૂતપૂર્વ વરસીદાનનો વરઘોડો હતો - સાત - સાત ગજરાજો દ્વારા ખેંચાતા હંસાકાર ઉત્તુંગ રથમાં મુમુક્ષુ અતુલકુમાર દ્વારા વર્ષીદાન, લાખ ઉપરાંત સાધર્મિકોની ભાણે બેસાડીને થયેલી સાધર્મિક ભક્તિ, સરદાર સ્ટેડિયમમાં સમવસરણાકાર ૨૭ ફુટ ઉંચા સ્ટેજ પર પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષા વિધિ ભયંકર ગરમીમાં પણ દોઢથી બે લાખ ભાવિકોની હાજરી, ૯૦૦ ઉપરાંત સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિ, **ગુજરાત અને મધ્યપ્રદેશના મુખ્ય મંત્રીશ્રીની દર્શનાર્થી તરીકે ઉપસ્થિતિ** અને લાખોને આંબી જઈને કરોડનો આંક વટાવનાર ઉપકરણ આદિની બોલીઓ આદિ અનેકાઅનેક વિશેષતાઓના કારણે આ દીક્ષા પ્રસંગ દીપી ઉઠ્યો. અતુલકુમારમાંથી પૂજ્યશ્રીના ચરમ (છેલ્લા) શિષ્ય તરીકેનું ગૌરવ પામનારા **મુનિરાજ શ્રી હિતરુચિવિજયજી મ.** તરીકે જાહેર થયા.

વિ.સં. ૨૦૪૭મું ચાતુર્માસ સાબરમતીના આંગણે પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં નિર્ણિત થયું હોવાથી અમદાવાદ જ્ઞાનમંદિરના આંગણે **નીલેશકુમારની** (મુ. શ્રી નિર્મલયશ વિ.) **જેઠ વદ ૬ની દીક્ષા થઈ** અને અષાઢ સુદ એકમનો દિવસ સાબરમતી ચાતુર્માસ પ્રવેશ માટે જાહેર થયો.

**નોંધ :** સાબરમતીમાં વિ.સં. ૨૦૪૭ અષાઢ સુદ ૧ના પૂજ્યપાદશ્રીજીનો ચાતુર્માસ પ્રવેશ થયો. ત્યાર પછીની દરેક વિગત છેલ્લે અંતિમ આરાધનાના લખાણમાં છે.

## પૂજ્યશ્રીની સેવા-વૈયાવચ્ચ :

પરમતારકના પ્રારંભિક વર્ષોમાં પૂ.આ.શ્રી.વિ. ભુવનસૂરિજી મહારાજ, પૂ. ઉ.શ્રી ચારિત્રવિજયજી મ., પૂ.આ.શ્રી.વિ. મહોદયસૂરિજી મહારાજ આદિ પૂજ્યોએ ખૂબ જ ભાવથી પૂજ્યશ્રીની સેવા-વૈયાવચ્ચ કરી હતી. એમા પૂ. ઉ. શ્રી ચારિત્રવિજયજી ગણિવરે તો કટોકટીના કાળમાં પૂજ્યશ્રીના પ્રહરી બનીને જીવ્યા હતા. પૂજ્યપાદ માટે જે ગોચરી કે દવા-અનુપાન આવે, તે પહેલાં પોતે વાપરી જાય, પા-અડધો કલાક સુધી જુએ. કોઈ વિક્રિયા ન થાય તો જ એ આહાર પૂજ્યશ્રીને વપરાવતા. અન્ય અનેક મહાત્માઓએ સમયે-સમયે પૂજ્યશ્રીની અપાર ભક્તિભાવનાપૂર્વક સેવા-વૈયાવચ્ચ કરી હતી.

પરમતારકના અંતિમ વર્ષોમાં પૂ.આ.શ્રી.વિ. હેમભૂષણસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. શ્રી ગુણયશસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી.વિ. કીર્તિયશસૂરિજી મહારાજ અને બાળ દીક્ષિત પૂ. પં. શ્રી હર્ષવર્ધનવિજયજી ગણિવર્યે તન-મનથી અદ્ભુત વૈયાવચ્ચ કરી હતી. પૂજ્યશ્રીનું પ્રતિલેખન, કાપ, ગોચરી લાવવી-વપરાવવી, દિવસ-રાત્ર અપ્રમત્તપણે નાનામાં નાની સેવા-જરૂરિયાતનું ધ્યાન રાખવું વગેરે અનેકવિધ કાળજી રાખીને પૂજ્યશ્રીના શાસનોપયોગી પુણ્ય-દેહને સ્વસ્થતા આપવામાં આલંબનરૂપ બન્યા હતા.

વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના જીવન અંગે અનેક પુસ્તકો પ્રગટ થયેલ છે. તેમજ પૂજ્યપાદશ્રી અંગે અનેક પ્રસંગો બનેલા છે. તે એક જ પુસ્તકમાં લખવું મુશ્કેલ છે.

અહીં નીચે પૂજ્યપાદશ્રી અંગે જે અલગ-અલગ લખાણ (પેરેગ્રાફ) છે તે **'જિનવાણી વિશેષાંક' 'સૂરિરામને પ્રણામ', 'આ છે ગુરુદેવ અમારા', 'રામચંદ્રં નમામિ', 'સૂરિ પ્રેમના સંભારણાં'** વગેરે પુસ્તકમાંથી લીધેલ છે.

OOO

**ગાંધીજી 'મહાત્મા' નથી 'મહાતમા' છે :**

ગાંધીજી ત્યારે દેશ નેતા બની ચૂક્યા હતા. અહિંસાના આધ્યાત્મિક સાધનને તેમણે ભૌતિક આઝાદીનું હથિયાર બનાવ્યું હતું. એ અરસામાં અનેક ઘટનાઓ એવી બની કે ગાંધીજીની 'અહિંસા' ખુલ્લી પડી હતી. પૂજ્યશ્રી ત્યારે માત્ર ૨૨-૨૩ વર્ષના નવયુવાન હતા. એમણે જાહેર વ્યાખ્યાનોમાં ગાંધીજીની તકવાદી નીતિઓ ખુલ્લી કરવા માંડી.

કૅલીકો મિલના કંપાઉન્ડમાં પર્યુષણના પવિત્ર દિવસે થયેલી ૬૦ કૂતરાઓની કતલને ગાંધીજીએ સમર્થન આપ્યું હતું. આશ્રમમાં ઉપદ્રવ કરતાં વાંદરાઓની હત્યાની પ્રેરણા પણ એમણે કરેલી. આશ્રમમાં રિબાતા વાછરડાને ઝેરનું ઈન્જેક્શન અપાવી મારવામાં પણ તેમનો આદેશ કારણ હતો. 'નવજીવન'માં ગાંધીજી આ હિંસાચારોનું સમર્થન કરતા હતા.

પૂજ્યશ્રીએ નવજીવનના એ અંકો હાથમાં લઈ જાહેર સભાઓમાં એની પંક્તિએ પંક્તિનું ખંડન કરતા. આના કારણે અમદાવાદનું જનમત ગાંધીજીની વિરુદ્ધ થવા લાગ્યું.

આ જોઈ અકળાયેલા ગાંધીભક્તોમાંના ડૉ. કાનૂગા એકવાર પૂજ્યશ્રી પાસે આવ્યા. પ્રશ્ન કર્યો, 'મુનિશ્રી ! આપ કોની સામે પડ્યા છો તે જાણો છો ?'

પૂજ્યશ્રીએ બેહિચક જવાબ આપ્યો, 'અસત્ય સામે !' સામે પડકાર આવ્યો 'મુનિશ્રી ! ગાંધીજી દેશના નેતા છે.' પૂજ્યશ્રીએ વળતો જવાબ આપ્યો, 'માને તેના. અમારા નેતા ભગવાન મહાવીર છે.' ડૉ. કાનૂગાએ ધમકીનો સૂર રેલાવતા કહ્યું, 'ભારે પડશે.' પૂજ્યશ્રીએ કહ્યું, 'ડૉક્ટર ! તમારા ગાંધીજીને માથે ટોપી છે, અમારે માથે કાંઈ નથી. અમને શું ભારે પડવાનું છે. બાકી ગાંધીજીએ અહિંસાનાં નામે જે હિંસાનાં કામ કર્યાં છે તે જોતાં એ **મહાત્મા નહિ પણ મહાતમા છે** - એમ કહું તો જરાય ખોટું નથી.'

ડૉ. કાનૂગો કશું બોલી શક્યા નહિ. આવી હતી પૂજ્યશ્રીની ખુમારી.

OOO

**એકે હજારા :**

વિ.સં. ૧૯૮૫ની સાલના ચાતુર્માસ માટે વડીલોની સાથે પૂ.મુ. શ્રી રામવિજયજી મહારાજ સુરતથી મુંબઈ તરફ આગળ વધ્યા.

પૂ.મુ. શ્રીરામવિજયજી મહારાજ માટે સુધારાવાદી વર્ગે એવી એવી અફવાઓ અને એવા-એવા ભયોની વાતોનું વાવાઝોડું ફેલાવી દીધું હતું કે જેથી અમદાવાદમાં બિરાજમાન પૂ.આચાર્યદેવ શ્રી વિ. સિદ્ધિસૂરિજી મ. (પૂ. બાપજી મ.) અને પૂ. આ. શ્રી.વિ. મેઘસૂરિજી મહારાજ જેવા સાત્ત્વિક પુરુષો પણ ગભરાઈ ઊઠ્યા. એમણે તાર દ્વારા એવા સમાચાર કહેવડાવ્યા કે, "મુંબઈ જવાનું હાલ માંડી વાળો, ગુજરાત તરફ પાછા વળો."

આ તાર મળ્યો, ત્યારે સૌ અંધેરી પહોંચી ગયા હતા. મુંબઈના વાતાવરણમાંથી ઊડતી જે અફવાઓ આવતી હતી, એથી પરમપૂજ્ય આ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજા પણ થોડા વિચલિત થઈ ગયા હતા અને એવા વિચારવાળા બની ગયા હતા કે, આવી આંધીની સામે પડવું, એના કરતા અંધેરી ચાતુર્માસ પતાવીને પાછા ફરી જવું, આ જ ડહાપણભર્યું ગણાય. અંતરમાં આ વિચાર ઘોળાતો તો હતો જ, એમાં વળી અમદાવાદથી તાર આવ્યો, એથી બધા સાધુઓને વિચારણા માટે ભેગા કરવામાં આવ્યા. મુંબઈમાં પ્રવેશ કરવાથી જે જે આપત્તિઓ આવવાની સંભાવના હતી, એની વિચારણા એ રીતે ચાલુ થઈ કે, ત્યાં બેઠેલા વડીલ પૂ.મુ. શ્રી મંગળવિજયજી મહારાજને થયું કે, આ નાવડું કદાચ કિનારે આવીને ડૂબી જશે!

મુનિ શ્રી રામવિજયજી મહારાજને દીક્ષા આપવાની હિંમત કરનારા પૂ.મુ.શ્રી મંગળવિજયજી મહારાજે ખુમારીપૂર્વક વળતી જ પળે સૌને કહ્યું : "યુદ્ધ જાહેર થતાં સેનાપતિ બધા સૈનિકોને ભેગા કરે અને પાનો ચડાવવા જે જાતની વાતો કરે, એવી આપણી આ મિટિંગ બનવી જોઈએ. પાછાં પગલાં ભરે એ રજપૂત નહિ. આપણને સૌને એકે હજારાં જેવા મુનિ શ્રી રામવિજયજી મહારાજ પર વિશ્વાસ હોવો જોઈએ. આ સિંહનો એક સાદ થતાં જ બધાં સસલાઓ ઊભી પૂંછડીએ ભાગી જવાનાં છે ! એટલું ભૂલ્યા વિના આપણે આપણી વિચારણાને આગળ વધારીએ, એવી મારી વિનંતી છે."

વડીલ પૂ.મુ.શ્રી મંગળવિજયજી મહારાજની આ વીરવાણી સાંભળતાં જ સૌનાં હૈયામાં હિંમતનો સંચાર થયો અને હિંમતભેર મુંબઈમાં પ્રવેશવાનું નક્કી થયું. એથી અનેક અફવાઓ, અટકળો અને ભ્રમણાઓના અંધાર ઘેરા પડદાઓમાં ઊભા ચીરા મૂકતું મુંબઈ તરફનું એ પ્રયાણ જેમ જેમ આગળ વધતું ગયું, એમ એમ સ્વાગતના સૂરોની જેમ વિરોધના વાવટા પણ વધુ સુસવાટા બોલાવવા માંડ્યા. મુંબઈ લાલબાગમાં પ્રવેશના દિવસે તો વિરોધીઓ રઘવાયા બનીને સામૈયાના માર્ગ પર કાચ વેરવા સુધીની ધિઠ્ઠાઈ કરીને જ જંપ્યા, પણ ત્યારે જેમ કાચ વેરનારા હયાત હતા, એમ કાચના એ કટકાઓને હાથ લોહીખરડ્યા થાય, તો ય દૂર ફગાવનારા ભક્તોની ભીડ પણ હાજર હતી.

○○○

**પરમતારકની અમર ખુમારી : વ્યાખ્યાન બંધ નહિ રહે :**

મુંબઈમાં સુધારાવાદી આચાર્યના સુધારાવાદનું પરમતારકશ્રી જોરશોરથી ખંડન કરતા હતાં. ત્યારે વિરોધીઓના તોફાની પ્રચારના કારણે ઠેકાણે ઠેકાણે બન્ને પક્ષના જૈનોમાં ઉગ્ર સંઘર્ષ અને ઝગડાઓ થવા લાગ્યા. તે વખતે કેટલાક પ્રેમી ગણાતા સુધારકાગ્રણીઓની એક સમિતિ નીમાઈ અને એ સમિતિ બન્ને પક્ષે વ્યાખ્યાન બંધ કરાવવા માટે પહેલા સુધારાવાદી આચાર્ય પાસે ગઈ અને વ્યાખ્યાન બંધ કરાવવા

માટેની રજૂઆત કરી. ત્યારે એ સુધારાવાદી આચાર્યે વ્યાખ્યાન બંધ કરવાની વાત સ્વીકારી લીધી. પછી એ સમિતિ લાલબાગ જૈન ઉપાશ્રયમાં આવી અને પ.પૂ.આ.ભ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજા પાસે પૂજ્યશ્રીનું વ્યાખ્યાન બંધ કરાવવા માટેની રજૂઆત કરી, ત્યારે તેઓ શ્રીમદે મુનિ શ્રીરામવિજયજી મ. ને બોલાવીને ફરમાવ્યું કે, આ ભાઈઓ જે વાત કરવા આવ્યા છે તે સાંભળીને તેમને યોગ્ય જવાબ આપો.

પરમતારકે પૂછયું કે, વ્યાખ્યાન શા માટે બંધ રાખવાનું ? તો કહે કે, સાહેબ, વ્યાખ્યાનથી અશાંતિ વધે છે. પરમતારકે કહ્યું કે, વ્યાખ્યાનમાં અમે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈ બોલતા હોઈએ તો તમને શ્રાવકોને વ્યાખ્યાન બંધ કરાવવાનો અધિકાર છે. પરંતુ અમે ભગવાનના શાસ્ત્રોની વાત સંભળાવતા હોઈએ અને તે છતાં કોઈ અજ્ઞાનીઓ અશાંતિ ઊભી કરતા હોય, તો તેવી ખોટી અશાંતિ ઊભી કરાનારાઓને તમારે અટકાવવા પ્રયત્નો કરવા જોઈએ. તેને બદલે તમારા જેવા શ્રાવકો વ્યાખ્યાન બંધ કરાવવાની વાત કરે તે બિલકુલ યોગ્ય નથી. આવેલા ભાઈઓએ જોયું કે, મહારાજ વ્યાખ્યાન બંધ કરવાની વાત નહિ માને, તેથી જરા ઉગ્ર થઈને કહ્યું કે, જો આપનો એવો જ આગ્રહ હોય તો આપ સમજી લો કે કાલથી એક પણ માણસ આપના વ્યાખ્યાનમાં નહિ આવે. પૂજ્યશ્રીએ કહ્યું, તેની ચિંતા તમે ન કરો - કોઈ નહિ આવે તો આ ઉપાશ્રયની દીવાલો અને થાંભલાઓને સંભળાવીશ પણ લખી રાખો કે વ્યાખ્યાન બંધ નહિ રહે.

આ સાંભળી પેલા લોકો એ હાથ જોડી ઊભા થતા થતા કહ્યું કે, 'તો મહારાજ ! સાંભળી લો કે કાલથી કાંઈ તોફાન થશે તો આપના રક્ષણની જવાબદારી અમારી નથી.' પરમતારકે એટલી જ મક્કમતાથી જણાવી દીધું કે, 'તમારા રક્ષણના ભરોસે અમે સાધુ નથી થયા, માટે તમે અમારી ચિંતા નહિ કરતા. અમારો ધર્મ અમારું રક્ષણ કરશે અને તેમ છતાં કોઈ આપત્તિ આવશે તો સહન કરી લેવી એ અમારો ધર્મ છે.

આવેલ શેઠિયાઓ શ્રી જીવતલાલ પ્રતાપસી તથા સંઘવી નગીનદાસ કરમચંદ વગેરે ગુસ્સે થઈને દાદરો ઊતરી ગયા. લાલબાગના ઓટલા પર બેઠા પછી તેમાંના એક આગેવાન શ્રી જીવતલાલ પ્રતાપસીના મગજમાં પ્રકાશ થયો કે, **'ખરેખર ! સાધુ તો આ જ સાચો છે, જેને દુનિયાના ચમરબંધીની પણ પરવા નથી.'** તે જ વખતે પોતે પાછા ઉપર ગયા, પરમતારકની ક્ષમા માગી અને કહ્યું કે, 'સાહેબ ! અમે ભૂલ્યા - આપનો માર્ગ સાચો છે. આપ વ્યાખ્યાન ચાલુ જ રાખજો - આપની સેવામાં આ માથું આપવા તૈયાર રહીશું.'

ooo

"મુંબઈ વિ.સં. ૧૯૮૫ના શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં બનેલો પ્રસંગ"

**પરમતારકનું ખૂન કરવાની ધમકી :**

પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ. ઉપર ફેંકાયેલા પથ્થરો. ધર્મીઓના રંજાડ માટે લાઠી સહ સુધારકો.

રોજના રિવાજ મુજબ વ્યાખ્યાનમાં પ્રસ્તુત વાતાવરણનો વિષય આવ્યો. એટલે પરમતારકે યુવક સંઘે કરેલા ઠરાવોને સખ્ત રીતે વખોડી કાઢ્યા. સિસોટીઓ સાથે, હોહા શરૂ થઈ. 'વલ્લભવિજય કી જય' બોલાવાની શરૂ થઈ. પણ તેમ છતાં પરમતારકે શાંતિ અને સહનશીલતાનો ઉપદેશ ધર્મીઓને

આપ્યો. ત્યાં તો પથ્થર અને જોડાઓ (બુટ) મહારાજ સાહેબ તરફ આવ્યા. બધા સાધુઓ શાંતિપૂર્વક ઉપર ચાલ્યા ગયા.

મોહનલાલજી લાયબ્રેરીમાં લાઠીધારીઓ તૈયાર હતા. ધર્મીઓ બરાબર ઘેરાયા. પરિસ્થિતિ વિચારી ભૈયાઓએ લાલબાગના દરવાજા બંધ કર્યા. શેઠ બાલુભાઈ વીરચંદ તથા શેઠ રૂપચંદ ઘેલાભાઈને સખ્ત ઈજા થવાથી હોસ્પિટલમાં રવાના કર્યા. છતાં અવાજ સંભળાતા હતા કે, **'અમે તો રામવિજયજીની છાતીમાં છરી ભોંકીશું ત્યારે જંપીશું.'** એણે અહીં આવીને અમારી પ્રવૃત્તિને લોકમતથી વિરુદ્ધ બનાવી દીધી છે.

છેવટે પોલીસને ખબર આપવી પડી, પોલીસે ધીરે ધીરે સ્ત્રીઓ અને પુરુષોને રક્ષણ સાથે બહાર કાઢી રવાના કર્યાં. પછી તો પાગલીયતને વિખરાએ જ છૂટકો ને !

એમાં પણ સૌથી પ્રથમ ઉશ્કેરણી કરનાર જાદવજીભાઈની હાલત વિચિત્ર થતા ખુદ બાલુભાઈ મોતીચંદે (હોસ્પિટલ જતાં પહેલાં) એમને સહી સલામત ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરના ગભારામાં બેસાડી, ભૈયાનો પહેરો મુકાવી દીધેલો. ધન્ય ઉદારતા !

ઉદારતાને પણ ખાઈ જનાર નિર્લજ્જ આત્મા હોય ને ! જે વ્યક્તિને પરમતારકે જાતે જઈ દરવાજા સુધી મૂકી આવી સંરક્ષણ કર્યું હતું. તે જ માણસે ઉશ્કેરાઈને કેસ કર્યો. કાળની બલિહારી ! બે પાંચ ફેરા નહિ પણ ૩૫-૩૫ ફેરા પરમતારકને કોર્ટમાં ખાવાના થયાં. બેરીસ્ટર મહમ્મદઅલી ઝીણાની કાળજી ભરી કાર્યવાહી ચાલી. તેમને પોતાને પણ દુઃખ થાય. કોર્ટ સમાધાન ઈચ્છતી હતી, પણ સામા પક્ષે ઝનૂન હતું. છેવટે શ્રી વલ્લભ સૂ.ની સાક્ષીની વાત આવી ત્યારે તેઓ તુર્તજ નરમઘેંસ થયાં, જ્યારે પરમતારકને પણ કોર્ટની પૃચ્છા થતા તેઓશ્રીમદે હાજર જવાબો આપ્યા. અંતે કોર્ટે પણ પરમતારકના પક્ષે ચૂકાદો આપ્યો અને તેઓના હાથ હેઠા પડ્યાં.

ooo

## પ્રભુની આજ્ઞા વિરુદ્ધ એક કદમ પણ અમે નહિ ભરીએ

વિ.સં. ૧૯૮૭ની સાલમાં અમદાવાદમાં ચૈત્ર વદ ૧૪ સે મળેલા દેશવિરતિ આરાધક સંઘના અધિવેશનમાં પાંચસો પૌષધ-ધારકોથી શોભતી સભામાં પૂ. પંન્યાસજી મહારાજે ઉચ્ચારેલી વીરવાણીની સૌને સ્મૃતિ થઈ. ત્યારે તેઓશ્રીએ ખુમારી સાથે કહ્યું હતું કે,

**"આભ અને પાતાળ એક થાય, ગમે તેવાં ને ગમે તેટલાં કલંક અમારા માથે ચઢાવવામાં આવે, ગમે તેટલી કનડગત થાય, તો પણ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ એક કદમ પણ અમે નહિ ભરીએ કે આવા વર્ગમાં અમે નહિ ભળીએ, પ્રભુ-માર્ગના વિરોધીના પગમાં માથું મૂકીને જીવવાનું અમે હરગિજ પસંદ નહિ જ કરીએ. પ્રભુ આજ્ઞાની ખાતર અમે એકલા પડી જઈએ, તો ય શો વાંધો છે ? આ વાત હું ખુલ્લી ચેલેન્જરૂપે જાહેર કરતાં ડરતો નથી."**

સાદ પડે જેમ રજપૂત છૂપો ન રહી શકે, એમ શાસનની રક્ષાના પ્રસંગ આવતાં **પરમતારક શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** ધનુષ્યના રણટંકાર સમા આવા પડકાર કર્યા વિના ક્યાંથી રહી શકે ?

## વીરશાસન સાપ્તાહિક તા. ૨૭-૫-૧૯૨૭ના અંકમાંથી થોડાં અંશો

લેખક : સુપ્રસિદ્ધ વકીલ શ્રી વાડીલાલ મોહોકમલાલ શાહ (બી.એ.ઓનર્સ)

## આવા છે શ્રી રામવિજયજી મહારાજ

જે મહાનુભાવોએ આ સંયમી વિભૂતિને આંખે નિહાળી હોય, તે કહી શકે કે, ચક્ષુ સાર્થક થયા ! જે વ્યક્તિએ એને કોને સાંભળી હોય, તે કહી શકે કે આજ પોતાના શ્રોત્ર સફળ થયા ! અને જે જૈનને આ મહાપુરુષને ગોચરી આદિ માટે તેડી લાવવાનું મહાસદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોય, એ કહી શકે કે અમારાં આંગણાં સદાને માટે પાવન થયાં !

એ વ્યક્તિના શબ્દે શબ્દે અમી ઝરે છે. કેટલાક કહે છે કે, એ જાદુગર છે. કેટલાક કહે છે કે, એની આંખમાં અમૃત ભર્યું છે. કારણ કે, આંખના ચમકારાથી હજારો આત્માઓને એ સંયમાભિલાષી બનાવી દે છે.

જે લોકો એમ કહે છે કે, શ્રી રામવિજયજી મહારાજ એકલા ધર્મનું જ વર્ણન કરે છે, તેમના વ્યાખ્યાનોમાં સામાજિક કે વ્યવહારિક વાતોને કોઈ સ્થાન જ નથી ! **આવાઓને મારે કહેવાનું છે કે,** પોતાના વ્યાખ્યાન પ્રસંગોમાં એઓ ધર્મની અંદર સામાજિક-વ્યવહારિક વાતોની ભેળસેળને એવા સુંદર સ્વરૂપમાં સમજાવતા હોય છે કે, શ્રોતાઓને કુધારામાં ન ફસાવાની ઘડીભર પ્રતિજ્ઞા લઈ લેવાનું મન થઈ આવે ! સ્ત્રીઓનું રડવું-કૂટવું, અતિશય સ્વછંદતાનું કટુપરિણામ, જમણ પ્રસંગે એઠું છાંડવાનાં નુકશાન, વીસમી સદીના ભોગવિલાસો વગેરે બાબતો ઉપર એઓ એવું અસરકારક સમજાવે છે કે, માણસના દિલને એ અપીલ (અસર) કરી જાય.

- સહનશીલતા એ એમનો ખાસ ગુણ છે. પરંતુ લોકોમાં ગવાતી સહનશીલતાને એઓ ધિક્કારે છે.
- એઓની એ મક્કમ માન્યતા છે કે, સહનશીલતા તો ત્યારે જ બતાવાય કે, જ્યારે પોતાની જાત ઉપર આફતોનાં ધાડાં ઉતરી પડ્યાં હોય !
- પરંતુ જ્યારે ધર્મ ઉપર આફત આવવાના ભણકારાં વાગતા હોય, દેવ-ગુરુ-ધર્મને વિરોધીઓ છડેચોક ગાળો ભાંડી રહ્યા હોય, અહિંસાનાં મૂળિયાંને જડ-મૂળથી ઉખેડી નાખવાના પોકારો ચાલુ હોય, ત્યારે આવી કટોકટીની પળે એમને કોઈ સહનશીલ બનવાની શાણી સલાહ આપે, તો એ સલાહને તેઓ જરાય સાંખી શકતા નથી. આની સામે પુણ્ય પ્રકોપ ઠાલવતા એમને કોઈ રોકી શકતું નથી. ત્યારે તેઓશ્રી ખુલ્લંખુલ્લા કહે છે કે, આવા અવસરે સહનશીલતા દાખવનારો 'સહનશીલ' નથી, પણ ઊંધું મારનારો છે. ધર્મ ઉપર આફત આવે, ત્યારે સહનશીલ બનનારને તેમજ "કરશે એ ભરશે, ભેંસના શિંગડાં ભેંસને ભારે" જેવી બાયલા - વૃત્તિનો આશરો લેનારને એઓ નિર્ગુણી અને નબળા ગણે છે ! એઓ પોતે તો આવી સહનશીલતાનો કદી પણ સહારો લેતા નથી, પણ આવી સહન શીલતાની મૂર્તિઓથી (વ્યક્તિઓથી) સમયે સમયે સમાજને ચેતવતા રહે છે કે, આવા સહનશીલોથી ખૂબ જ સાવધ રહેજો, નહિ તો તમારું સમતા ધન સાવ જ લૂંટાઈ જશે.

શ્રીરામવિજયજી મહારાજમાં ભવિષ્યના કોઈ મહાપુરુષની ઝાંખી થાય છે. શ્રી સૂરચંદ બદામી તો

એઓશ્રીમાં શ્રી આત્મારામજી મહારાજની છાયા નિહાળે છે. આ તેમનું દર્શન સાવ સાચું છે. એઓશ્રી આજે ગામેગામ વિચરીને જૈનત્વમાં કોઈ ઓર તેજ રેડી રહ્યા છે. સંયમના અભિલાષીઓને સંયમઝરામાં પુણ્ય સ્નાન કરાવી પુનિતતાની પરાકાષ્ટાએ પહોંચાડવાનો તેઓશ્રીનો પુરુષાર્થ છે. શ્રદ્ધાહીન વ્યક્તિઓમાં શ્રદ્ધાનાં પ્રચંડ-પૂર વહેતાં કરવામાં તેઓશ્રી સફળ નીવડી રહ્યા છે. એમનું સંપૂર્ણ કાર્યક્ષેત્ર એક એ જ મુદ્રાલેખથી મંડિત છે કે, સંયમમાં પ્રગતિ સાધવી અને પરિચયમાં આવનાર હર કોઈને સંયમના રસિયા બનાવવા.

**સાક્ષરવર્ય તરીકે અને મુંબઈની સ્મોલકોઝ કોર્ટના માજી ન્યાયમૂર્તિ તરીકે પ્રસિદ્ધ શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી દ્વારા લખાયેલ એક પત્ર તા. ૩-૧૧-૧૯૩૦ના 'વીર શાસન' સાપ્તાહિકમાં પ્રગટ થયેલ. તેમાંથી એક પેરેગ્રાફ**

મુનિ શ્રી રામવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોની સોએ સો ટકા ખૂબી અને કિંમત તો તે વ્યાખ્યાનો સાંભળવાથી જ સમજાય, માત્ર વાંચવાથી નહિ. આ બાબતનો જાત-અનુભવ મેળવવા માટે મેં એમને 'ધર્મ' વિષય પરના એક વ્યાખ્યાનમાં ખાસ હાજરી આપી અને એમના પ્રભાવશાળી વક્તૃત્વનો લાભ લીધો. સચોટ, સરળ અને હૃદયમાં તરત જ ઉતરી જાય. એવી શૈલી વાપરવામાં એઓ એક્કા છે.

અજૈન - હોવા છતાં - લેખક ઉપર પૂજ્યશ્રીની છાપ સારી પડી.

**'તેજની પ્રતિમાઓ' નામક અપ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તકમાંથી શ્રી ચિમનલાલ સંઘવી દ્વારા ગુજરાતીમાં અનુવાદિત એ લખાણ 'મુંબઈ સમાચાર' તા. ૯-૫-૧૯૩૬માં અને 'વીર શાસન' સાપ્તાહિકના તા. ૧૫-૫-૧૯૩૬ના અંકમાં મુદ્રિત થયેલ. એ લખાણનું સારગ્રાહી સંકલનમાંથી થોડા અંશો**

એક અંગ્રેજી લેખકે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજામાં આજથી વર્ષો પૂર્વે જે નિહાળ્યું, એની ઝાંખી નીચે મુજબ છે.

મુનિ શ્રી રામવિજયજી ! તેમનામાં તેજ છે, પ્રતિભા છે, વ્યક્તિત્વ છે. તેમની આંખોમાં ઊંડાણ છે. ચાપલ્ય છે, તેજનો ચમકાર છે. તેમની ભ્રૂકુટિમાં સ્વ-સિદ્ધાંતનું સંરક્ષણ કરવાની તત્પરતા છે. તેમના અંગે અંગમાં પણ એક પ્રકારનો ભાવના રસ વહે છે. જે તેમની પ્રેરક-શક્તિનો પ્રકાશ આપે છે. તેમનામાં પુષ્પની કોમળતા છે, અને તેઓ વજ્રસમ કઠિન પણ છે.

પ્રત્યેક માનવ તો આ વૈવિધ્યને ક્યાંથી સમજી શકે ? પરિણામે કોઈક અંજાઈને તેમને પૂજે છે, કોઈક અણસમજયે તેમને ધિક્કારે છે. તેમને સમજીને સ્વીકારનારા તો થોડા જ છે. જે દૂર હોય તો દૂર રહીને પણ તેમને હૃદયના વંદન કરે છે.

જો તાત્કાલિક પ્રિયતા કે અપ્રિયતાથી જ માનવમહત્તા મપાતી હોય, તો પૂર્વકાળમાં મહાવિભૂતિઓ પર જે જીવલેણ કષ્ટો લાદવામાં આવ્યાં, એને એઓ પાત્ર ન હતા, એમ આજે શી રીતે સિદ્ધિ થઈ શકે ? એમની અપ્રિયતાનું એક કારણ બાળદીક્ષા-વિરોધ સામે તેમણે ઉઠાવેલો અવાજ છે. પણ આ કારણ

ભૂમિકા વિહીન છે. જૈન શાસ્ત્રો અને જૈન સાહિત્યમાં દીક્ષા-બાળદીક્ષાને એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે, તેનો વિરોધ તેઓ જ કરી શકે કે જેઓ જૈન શાસ્ત્ર અને જૈન સાહિત્યનો વિરોધ કરવાને સજ્જ હોય !

પ્રવચન પીઠ પર એઓશ્રીની શક્તિઓ અદ્‌ભુત રીતે ખીલતી હોય છે. તે સ્થાન પર તેઓ કુશળ-કલાકાર છે, સફળ વક્તા છે, વંદનીય જૈન મુનિ છે, પ્રતિભાશાળી સુકાની છે, તેઓ હૃદયની સૂતેલી લાગણીઓને ઢંઢોળવા સમર્થ વેધક વાગ્-પ્રવાહને મોહક રીતે વહાવી શકે છે અને નાયક તરીકે તેમનો આ વિજય જેવો તેવો નથી.

> 'વીર શાસન' સાપ્તાહિકમાં મુદ્રિત થયેલું. પ્રસ્તુત લખાણ.
> સુરતના સાક્ષર તરીકે પ્રસિદ્ધ શ્રી કેશવકાન્ત દસાડીયા દ્વારા આલેખાયેલા
> આ શબ્દ ચિત્રમાં જન્મે અજૈન હોવા છતાં જૈન-સાધુ પ્રત્યેનો
> લેખકનો અહોભાવ છલકાતો જોવા મળે છે.

પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજ અંગે તેમના પ્રભાવની ઘણી વાત સાંભળેલી. પણ પહેલવહેલાં જ સુરત નગીનચંદ હોલમાં એમને જોતાં જ થયું કે, આ તો રામવિજયજી ન જ હોય ! પણ જ્યાં એમનું વ્યાખ્યાન શરૂ થયું, ત્યાં જ મારો બધો ભ્રમ ભાંગી ગયો.

શ્રોતાઓની તેમના તરફ એકીટશે મંડાયેલી નજર અને ઉપદેશને શ્રોતાઓના જિગરમાં ઉતારવાની શક્તિથી સભર એમના વ્યાખ્યાનથી એમ થયું કે, બધો પ્રવાહ, બધું જ તેજ તેમના જ્ઞાનમાં, ચારિત્રમાં અને ઉપદેશમાં જ છે ! તેઓ નીડર છે. સાફ સાફ કહી દેવાની તેમનામાં તાકાત છે. કરોડપતિ કે અબજોપતિની એમને પરવા નથી. અર્થ-કામની પાછળ પાગલ માનવોને ઉપદેશ આપી સત્ય-પંથે ચડાવવા, એ તેમના જીવનનું લક્ષ્યબિંદુ છે.

એમનો શિષ્ય સમુદાય ઘણો મોટો છે, અને હજી પણ મોટો બનશે ! શા માટે મોટો ન બને ! અમુક કોલેજ સારી હોય, તેના અધ્યાપક સારા હોય, તો શા માટે વિદ્યાર્થીઓ ત્યાં ન જાય ! શ્રી રામવિજયજી મહારાજ જૈન સમાજના ઝળહળતા સિતારા છે. અણમોલ રત્ન છે, અજોડ અને અદ્વિતીય મહાત્મા છે. સુરત શહેર આજે તો એમની વિદ્વત્તા, ઉપદેશ અને પ્રભાવથી પ્રભાવિત થઈને તેમના ચરણે ભૂરિભૂરિ વંદના કરે છે અને કરતું રહેશે !

**ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં આચાર્યપદનો ચિર-પર્યાય ધરાવનારા મહાપુરુષોમાં પ્રાયઃ નવમું સ્થાન શોભાવી જનારા**

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા હતા.**

**પ્રાપ્ત માહિતી અનુસાર નજીકના ઈતિહાસમાં ૧૧૭થી અધિક સ્વશિષ્યોને ધરનારા એક માત્ર આ મહાપુરુષ હતા.**

## પંડિત લાલન–શિવજી પ્રકરણ

**પ્રવચનથી - પરિવર્તન :**

જૈન ઈતિહાસમાં સ્થાન પામેલાં કાળાં ધોળાં અનેક પ્રકરણોમાંનું જ **'લાલન-શિવજી'** પણ એક પ્રકરણ છે, જે કાળી-ધોળી શાહીથી લખાયેલું છે.

જૈન શાસનની કેટલીક મર્યાદાઓનો ઉઘાડે છોગ ભંગ કરીને પાલિતાણા જેવા તીર્થક્ષેત્રમાં લાલનના ભક્ત શિવજીએ પ્રભુજીની જેમ છવ્વીસમા તીર્થંકર તરીકે લાલનની પૂજા કરેલ તેમજ આરતી ઉતારેલ ને લાલને પણ આ પૂજા સ્વીકારેલ. આ પ્રવૃત્તિથી જૈનસંઘમાં ઘણી ઘણી હલચલ મચી જવા પામી હતી. એથી શાસનના સમ્રાટ ગણાતા આચાર્યોને આવી પ્રવૃત્તિ આચરવા બદલ **'લાલન-શિવજી'ને સંઘ બહાર કરવાનું કર્તવ્ય અદા કરવું પડ્યું હતું.** જૈન સંઘનું એટલું સદ્‌ભાગ્ય ઓછું કે, આ પછી થોડાં વર્ષો બાદ સુધારાવાદી એક આચાર્યે 'લાલન-શિવજી'ને પુનઃ સંઘમાં લેવાનું પગલું ભરેલ.

આ વાત પર પણ વર્ષો વીતી ગયાં. એકવાર **લાલન** પરમતારક ગુરુદેવની પ્રવચન-દેશના સાંભળવા આવ્યા. એ પ્રવચનો એમના અંતરને જાદુઈ રીતે સ્પર્શી ગયાં. પોતાનો ભૂતકાળ યાદ આવી જતાં લાલનનું અંતર પશ્ચાત્તાપથી ભરાઈ ગયું. આ પછી તો પરમતારક એવા પ્રવચનકારશ્રીનો સંપર્ક વધતો ગયો અને આના પ્રભાવે એક દિવસ પોતાના ગોઝારા ભૂતકાળની ભૂલોની કબૂલાત ભરસભામાં કરતાં લાલને કહ્યું :

'આ મહાત્માના પારસસ્પર્શે મારા પર જે અસર પેદા કરી છે, એ વર્ણવી શકાય એવી નથી. આજે મને મારો ભૂતકાળ યાદ આવી જાય છે અને અંતરમાં પશ્ચાત્તાપની આગ જલી ઊઠે છે. આ પ્રભાવ આ મહાપુરુષનો છે. હું માનું છું કે, ભરતક્ષેત્રમાં આ કાળે ૨૪ તીર્થંકરો થઈ ગયા છે. આમાં ઘટાડો-વધારો હોઈ શકે નહિ. ૨૪થી વધારે તીર્થંકરોની જેઓ પ્રરૂપણા કરે છે, તેઓ ધર્મ અને દેવની આશાતના કરે છે. મારા કેટલાક ભક્તોએ મને ૨૬મો તીર્થંકર ગણાવી, હાલમાં તીર્થંકરની સંખ્યા ૨૮ સુધીની વધારીને જૈન ધર્મની મોટી આશાતના કરી છે. આજથી લગભગ ૧૭ વર્ષો પૂર્વે જ્યારે 'લાલન મહારાજની જય' બોલાઈ હતી, ત્યારે મેં મારી જાતને તીર્થંકર માન્યાનું યાદ નથી આવતું, છતાં મેં એ પ્રવૃત્તિને અટકાવી નહોતી, એ મારી મોટી ભૂલ હતી અને છે. એથી આજે મને જે દુઃખ થાય છે, તે શબ્દો દ્વારા કહેવાય એવું નથી, માટે આ તકે લાલન તરીકે હું એવી પ્રતિજ્ઞા લઉં છું કે, હવે હું જ્યાં જ્યાં જઈશ, ત્યાં ત્યાં મારી આ બીના પ્રગટ કરીને ટહેલ મારીશ કે, મુક્તિ ન મળે, ત્યાં સુધી માગવા જેવો સાચો માર્ગ ત્યાગ-માર્ગ જ છે. જિનેશ્વર દેવોનો ઉપદેશ ત્યાગી જ આપી શકે અને ત્યાગની રુચિવાળો જ એને પચાવી શકે, એમ હું માનું છું.

પંડિત લાલનની આ જાહેર કબૂલાત પછી પરમતારકશ્રીએ પ્રવચનમાં જણાવ્યું કે, પંડિત લાલને આ પૂર્વે એક વાત કબૂલ રાખી હતી કે, આગમોના વાંચનનો અધિકાર ત્યાગીઓનો જ છે અને સાધુઓ પણ યોગોદ્વહન વિના મૂળમાર્ગે આગમો ન વાંચી શકે. આજે લાલન એક ડગલું આગળ વધીને આ વાતના સ્વીકારપૂર્વક દેવગુરુની સાક્ષીએ પોતાની આ બીજી ભૂલની નિંદા કરે છે.

આ પૂર્વે પરમતારકશ્રીનો પરિચય થયો ન હતો, ત્યારે પંડિત લાલને આગમ સૂત્રોનું ય વાંચન કરેલું અને એ વાંચનના અધિકારી તરીકે માત્ર મુનિઓનો જ અધિકાર અમાન્ય રાખેલો. પરંતુ આ અજોડ પ્રવચનકાર એવા પરમતારકશ્રીના પ્રભાવે પોતાની આ ભૂલ સમજાતાં એક પત્રમાં લાલને નીચે મુજબ સ્પષ્ટ એકરાર કરેલ કે,

**- આગમના વાંચનનો શ્રાવકને અધિકાર નથી -**

'શ્રાવક આગમોનો અર્થ મેળવવાનો, અર્થ ગ્રહણ કરવાનો, અર્થ પૂછવાનો અને સૂત્રાર્થનો નિશ્ચય મેળવવાનો જ અધિકારી છે. જાતે આગમના વાંચનનો શ્રાવકને અધિકાર નથી. છતાં ખેદની વાત છે કે, મેં આગમો વાંચ્યાં હતા, પરંતુ અમદાવાદ જવાનું થતાં પ્રભાવક પ્રવચનકારશ્રીના પ્રવચનમાં જવાનું થયું અને આચારાંગ સૂત્રનું 'ધૂતાધ્યયન' સાંભળવાનો યોગ મળતાં હૃદયમાં પલટો આવ્યો. એથી હૈયામાં એવો ભાસ થવા માંડ્યો કે, પરમ નિઃસ્પૃહ સાધુઓનાં વચનો જ શ્રોતાઓમાં અપૂર્વ છાપ પાડી શકે. આવા પશ્ચાત્તાપ અને આવી પ્રતીતિપૂર્વક આગમ-વાણીને નિઃસ્પૃહ સાધુઓનાં શ્રીમુખે જ સાંભળવાનો મેં નિર્ણય લીધો અને બીજે જ દિવસે પૂ. પ્રવચનકારશ્રીના ગુરુદેવ પાસે આની પ્રતિજ્ઞા લીધી. શ્રી વીરના વચનનું યથાર્થ પાન કરાવનાર આ ઉપકારી પ્રભાવક પ્રવચનકારનો હું આ જન્મ ઉપકાર માનું, તો પણ એ પૂરતો નથી, એમ જણાય છે, આમ મારે માટે ખેદ પણ આનંદમાં પરિણમ્યો છે. તમે પણ મારા આ પરમોપકારીનાં પ્રવચનો સઘળા પૂર્વગ્રહો દૂર મૂકીને અવશ્ય સાંભળશો, કારણ કે એઓશ્રી સિદ્ધાંત તથા પ્રભુ-આજ્ઞાના નીડર વક્તા છે. એમના દ્વારા પ્રરુપિત સિદ્ધાંતો પ્રભુ-આજ્ઞાથી યુક્ત હોવાથી જ મેં શિરસાવંદ્ય કર્યા છે.'

○○○

## મહેસાણા શ્રી યશોવિજય જૈન પાઠશાળા અંગે

### શ્રાવક જે કરે તે સાધુ બનવા માટે :

શેઠ વેણીચંદ સુરચંદ સ્થાપિત મહેસાણા શ્રી યશોવિજય જૈન પાઠશાળા જ્યારે સ્થપાઈ ત્યારે તેનો સાહેબજીએ વિરોધ કરેલો. પંડિત પ્રભુદાસ બેચરદાસને પણ પાઠશાળા સ્થપાય એ પસંદ નહતું. પાઠશાળામાં કોઈ ખરાબ રીવાજ ન પેસી જાય એ માટે જ તેઓ કમિટીમાં રહેલા. એક વખત પાઠશાળાનાં સંચાલકો પરમતારકને પાઠશાળામાં લઈ ગયા અને પૂજ્યશ્રી પાઠશાળામાં પધાર્યા. પાઠશાળાનાં છોકરાને પૂજ્યશ્રીએ પૂછયું કે, **તમે કેમ અહીં આવ્યા છો ? છોકરાએ જવાબમાં કીધું કે, મહારાજ સાહેબ ! માસ્તર થવા માટે.**

તે વખતે જ સાહેબજીએ ત્યાં ઉભા રહેલા **વેણીચંદભાઈની સામે જોયું.** એ પણ શરમાઈ ગયા. **શ્રાવકની પ્રત્યેક ક્રિયામાં સાધુ બનવાનો આદર્શ હોવો જોઈએ** એમ પૂજ્યશ્રી સ્પષ્ટ રીતે માનતા હતા. કારણ, **શ્રાવક તેનું નામ જે સાધુ જ બનવાની ભાવનાવાળો હોય.**

## તિથિ ચર્ચાનો સ્પષ્ટ ઉકેલ

## શ્રી વિજય રામચન્દ્રસૂરિજીનો પક્ષ જ સત્ય છે.

ખંભાતમાં જ્યારે સંઘ કૌશલ્યાધાર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું વિ.સં. ૧૯૯૮નું ચાતુર્માસ હતું. ત્યારે તેઓશ્રીની આજ્ઞાથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પાલીતાણા ચાતુર્માસાર્થે બિરાજમાન હતાં.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ પણ પાલીતાણામાં જ હતું. બંને પૂજ્ય આચાર્યદેવોએ સાથે મળીને તિથિ મતભેદ અંગે વિસ્તારથી ચર્ચા વિચારણા કરી અને અંતિમ નિર્ણય લાવવા માટે નિશ્ચય કર્યો.

"આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ અને જૈન સંઘના આગેવાન શ્રમણોપાસક શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને બન્ને પૂજ્યો તિથિ આરાધના અંગે પોતપોતાના મંતવ્યના શાસ્ત્રપાઠો અને તેની મૂળપ્રતિ, સાથે નિવેદનો અને એ નિવેદનો પરસ્પરને અપાય એના પ્રતિકારમાં નિવેદનો એ ચારે લખાણ આપે અને શાસ્ત્રપાઠોની પ્રતો એમ બધુ સાહિત્ય કસ્તુરભાઈને આપે અને તેઓ ભારતના કોઈ વિખ્યાત સંસ્કૃતના વિદ્વાન મધ્યસ્થ લવાદને સોંપે, એ તપાસી વિદ્વાન મધ્યસ્થ એના પર જે ફેંસલો આપે એ બન્નેને માન્ય થાય."

**આ રીતે લેખિત નક્કી કરીને કસ્તુરભાઈ શેઠને આ કાર્ય સોંપવામાં આવ્યું.** પોતપોતાના મંતવ્યના નિવેદનો. એના શાસ્ત્રાધારો અને પરસ્પરના નિવેદનના પ્રતિકારના લખાણો કસ્તુભાઈને અપાયાં. એમણે ખાનગી રીતે પૂના કોલેજના સંસ્કૃત પ્રોફેસર પી.એલ.વૈદ્ય (પી.એચ.ડી.)ને એ બધું સાહિત્ય સોંપ્યું. શ્રી વૈદ્યે બધું સાહિત્ય તપાસીને કહ્યું, 'આમાં પૂ.આ.શ્રી સાગરાનંદસૂરિજી મ. તરફથી એમનાં મંતવ્યના શાસ્ત્રપાઠોની કેટલીક પ્રામાણિક મૂળ હસ્તલિખિત પ્રતિ મળી નથી' છતાં લખાણો પર ઊંડો અભ્યાસ કરીને શેઠશ્રી સાથે પંડિતજી પાલીતાણા આવ્યા.

કસ્તુરભાઈ શેઠની હાજરીમાં બન્ને આચાર્યદેવોને શ્રીવૈદ્યે મૌખિક પ્રશ્ન કર્યા. તેમાં એમણે પૂજ્ય આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિજી મ.ને પ્રશ્ન કર્યો.

વૈદ્ય : "આપ લૌકિક ચંડાશુચંડુ પંચાંગ માનો છો ?"

પૂજ્યશ્રી : "જૈન-પંચાંગના અભાવે તે માનવું પડે છે."

વૈદ્ય : "આપ પંચાંગમાં આપેલ તિથિ અંગેના ઘડી-પળ માનો છો ?"

પૂજ્યશ્રી : "માનીએ છીએ પણ જે દિવસે સૂર્યોદયમાં જે તિથિ હોય તે દિવસે તે તિથિ માનીએ છીએ."

વૈદ્ય : "સૂર્યોદયમાં પર્વતિથિ ન જ હોય તો શું કરો ?"

પૂજ્યશ્રી : "ઉદયમાં ન હોય તો પૂર્વની અપર્વ તિથિનો ક્ષય કરી એના સ્થાને ક્ષયવાળી પર્વતિથિ માનીએ છીએ."

વૈદ્ય : "પૂર્વતિથિનો ક્ષય કરો તો તો પંચાંગે બતાવેલ એ પૂર્વતિથિના ઘડી-પળનું અને પર્વતિથિના ઘડી પળનું માપ ખોટું નહિ ઠરે ? આપે તો પહેલાં જ કહ્યું જ છે કે પંચાંગે બતાવેલ તિથિઓના ઘડી-પળ માનીએ છીએ તેનું કેમ ?"

અહીં પછી વિશેષ ચર્ચા ન ચાલી. પણ વૈદ્યે નિષ્કર્ષ કાઢી લીધો અને બહાર નીકળ્યા પછી કસ્તુરભાઈને કહ્યું : "હવે તમારે મૌખિક ફેંસલો જોઈએ તો હું તમને કહું છું કે **વિજય રામચંદ્રસૂરિજીનો મત સાચો છે."**

કસ્તુરભાઈ : "મારે લેખિત અને હેતુ પુરસ્સર જવાબ જોઈએ."

વૈદ્ય : "હમણાં મારે કોલેજમાં વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય આવે છે. તેથી હાલ સમય નથી. પરંતુ વેકેશનમાં હેતુ પુરસ્સરનો જવાબ લખી આપીશ."

અને ત્યાર બાદ શ્રી વૈદ્યે વિસ્તૃત રીતે લેખિત જવાબ આપ્યો. એમનો સંસ્કૃત ભાષાનો ચુકાદો ગુજરાતીમાં પણ છપાઈ ગયો છે. જેમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે, **'શ્રી વિજય રામચંદ્રસૂરિજીનો પક્ષ જ સત્ય છે.'**

**પણ લેખિત રીતે કબૂલ થવા છતાં સામા પક્ષ તરફથી આ ચુકાદાને માન્ય કરવામાં ન આવ્યો.**

**સાભાર : 'સંભારણાં - સૂરિ પ્રેમનાં' પુસ્તકમાંથી**

**લેખક : પૂ.આ.શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિજીમ.ના પરિવારના**

**મુનિરાજશ્રી વીરરત્ન વિ.મ. (વર્તમાનમાં પંન્યાસ)**

OOO

### સાગરજી મહારાજ અને પૂજ્યશ્રી :

પૂજ્ય સાગરજી મહારાજનો કાળધર્મ ૨૦૦૬માં થયો. તે પહેલાં તેમણે સ્થિરવાસ કરી લીધો હોવાથી ૨૦૦૫નું તેમનું ચોમાસું સુરતમાં જ હતું. જીવનસાગરને કિનારે પહોંચેલી સાગરજી મહારાજની જીવનયાત્રા જોતાં પૂજ્યપાદશ્રીએ પણ ૨૦૦૫નું ચોમાસું સુરતમાં જ કરવાનું વિચાર્યું. આ અનુસંધાનમાં પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી પાસે ગયેલા. સુરચંદ હીરાચંદ ઝવેરીએ પોતે મને કહેલી વાત તેમના જ શબ્દોમાં રજૂ કરું તો "પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજે મને કહ્યું કે ભાઈ, રામચંદ્રસૂરિજીને કહેજો કે સુરતમાં તેમનો લાભ લે... ભાવનાવાળા પાંચ - પચીસ ઘર પણ નથી તો તેમના જેવા પ્રભાવક આચાર્યે ત્યાં ચોમાસું શું કામ કરવું જોઈએ ? સુરચંદભાઈએ પાછા આવીને મહારાજજીને આ વાત કરી ત્યારે તેઓશ્રીએ ગુરુચરણોમાં કહેવડાવેલું કે આપ કૃપાળુની વાત તદ્દન યથાર્થ છે. પરંતુ મેં વધારે લોકો વ્યાખ્યાનાદિનો લાભ લે કે શાસનની પ્રભાવના થાય તે ગણતરી અત્યારે રાખી નથી. **આપશ્રીને યોગ્ય લાગે તો હું તો સાગરજી મહારાજની છેલ્લી અવસ્થામાં તેમની સાથે ક્ષમાપના થઈ જાય તે માટે જ સુરત ચોમાસું કરવા ઈચ્છું છું.**

જે જમાનામાં સુરતમાં પોતાના ભક્તવર્ગનાં કહી શકાય તેવાં ઘરો આંગળીને વેઢે ગણાય એટલાં યે નહોતાં. એ જમાનામાં સાગરજી મહારાજ સાથે ક્ષમાપના થઈ જાય એટલા માત્ર ઉદ્દેશથી સુરતમાં ચોમાસું કરનાર આવા પ્રભાવક આચાર્યના મનમાં સિદ્ધાંતનિષ્ઠાની દૃઢતાની સાથોસાથ પૂજ્ય સાગરજી મહારાજ સાથે થયેલ વિવાદની વેદના કેવી કારમી હશે, તે સંવેદવા માટે પણ સમસંવેદકનું દિલ જોઈએ.

### પૂજ્યશ્રીની પોતાના વિરોધીઓ માટેની કરુણા :

પરમતારક પૂજ્યશ્રીની મહાનતા અનેક પ્રશ્ને તેમણે આપેલી લડાઈઓમાં ન હતી, પણ આ લડાઈને

અંતે પણ પોતાના વિરોધીઓ માટે તેમનામાં જોવા મળતા મૈત્રીભાવમાં હતી. સિદ્ધાંત માટે લડવાનું, પણ **વ્યક્તિ પ્રત્યે જરા પણ દ્વેષ નહિ.** જે પૂ. સાગરાનંદસૂરિ મ. સાથે તિથિ પ્રશ્ને પરમતારકશ્રી કાયમ માટે ઝઘડ્યા, તેઓ સુરતમાં બીમાર હતા, ત્યારે પરમતારક સામે ચાલીને તેમના ખબર અંતર પૂછવા અને ક્ષમાપના કરવા ગયા હતા. જ્યારે બાળદીક્ષા સામે આક્રમણ આવ્યું ત્યારે આ બંને ધુરંધર આચાર્યો સાથે મળી લડ્યા હતા. પરમતારક એકવાર ગંભીર માંદગીમાંથી બહાર આવ્યા. પછી કોઈકે તેમને પૂછયું : માંદગી દરમિયાન આપ શું વિચારતા હતાં ? મૃત્યુનો નજીકથી અનુભવ કરી ચૂકેલા તેઓશ્રીમદ કહે, "મૃત્યુ પછી હું જો દેવ થઈશ, તો સીમંધર સ્વામી તીર્થંકરની સેવા કરીશ અને મારા વિરોધીઓ સ્વર્ગમાં કે નર્કમાં જ્યાં હોય, ત્યાંથી તેમને ખોળી કાઢી ધર્મ પમાડીશ." આવી હતી પરમતારકની પોતાના વિરોધીઓ માટેની કરુણા !

OOO

## તિથિના નિર્ણય અંગે પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિજી મ.શ્રીએ પુછાવ્યું પગ પકડીને કહેજો :

પ્રાયઃ વિ.સ. ૨૦૧૨ની સાલની વાત છે. પૂજ્યશ્રી પૂર્વમાં રાજગૃહીમાં ચાતુર્માસ બિરાજમાન હતા. મુંબઈમાં પૂજ્ય પ્રેમસૂરિજી મહારાજા લાલબાગ ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તે અરસામાં બૃહદ્ મુંબઈના મોટા મોટા આગેવાન ગણાતા જૈન શેઠિયાઓની એક સમિતિ જેવું થયું હતું. સમિતિનું વલણ એવું હતું કે સાધુ મહાત્માઓ તિથિ પ્રશ્ને એક મત થઈ કોઈ નિર્ણય ક્યારેય લાવવાના નથી, માટે હવે આપણે ગૃહસ્થોએ આ વાતનો ઉકેલ લાવવો અને આપણે જે નિર્ણય લઈએ, તે પ્રમાણે જ દરેક ઉપાશ્રયમાં એકસરખી રીતે તિથિની આરાધના થાય. જે સાધુ મહાત્માઓ તે પ્રમાણે આરાધના કરાવે તેમને જ વિનંતી કરી ચાતુર્માસ લાવવા. શ્રી જીવાભાઈ શેઠ આ સમિતિમાં હોઈ મોટા ગુરુદેવ પૂજ્ય પ્રેમસૂરિજી દાદા પાસે આ બધી કાર્યવાહીની માહિતી આવતી. તેઓશ્રીના મનમાં થયા કરતું કે ગૃહસ્થો નિર્ણય લઈ લે, તે તો ખોટું થાય માટે તે પહેલા આપણે સાધુઓએ ગમે તેમ કરી આ પ્રશ્નનો ઉકેલ લાવી દેવો જરૂરી છે ! **તિથિ અંગેના કોઈપણ પ્રકારના ઉકેલમાં પૂ. રામચંદ્રસૂરિજી મ.ની સંમતિની આવશ્યકતા તેઓશ્રી ખાસ જરૂરી માનતા,** પણ તે વખતે બહુ દૂરના પ્રદેશમાં રાજગૃહી જેવા નાના ગામમાં હતા. ત્યાં કોઈને મોકલવા પડે. પૂ. શ્રી પ્રેમસૂરિ મ.શ્રીએ મને તથા નરોત્તમભાઈ મોદીને પૂજ્યશ્રીને સમજાવવા મોકલ્યા. અમે ત્યાં જઈ બધી વાતો કરી અને પૂછયું કે, સાહેબ અમારે પૂજ્ય ગુરુદેવને શું કહેવાનું ?' એટલે તેઓશ્રીએ કહ્યું કે, 'તમે લોકો તો બહુ સમજદાર છો જાણો છો કે આપણે સત્યના પક્ષે છીએ. સત્યને વળગી રહેવું એ આપણો ધર્મ છે. **પૂજ્યશ્રીના પગ પકડીને મારી કોટિશઃ વંદનાપૂર્વક** આ વાત તેઓશ્રીને સમજાવવાની અને સાથે સાથે કહેવાનું કે, "મુંબઈનાં શેઠિયાઓને બોલાવીને કહેજો કે તેમને જે કરવું હોય તે કરે. પણ કુલડીમાં ગોળ ન ભાંગે. જે નિર્ણય લેવાનો હોય તેની પહેલા ખુલ્લી જાહેરાત કરે અને સંઘને સાચી હકીક્ત સમજાવવાનો સમય આપે. બીજા બધા કામ બાજુ પર રાખી હું ત્યાં આવી જઈશ. તે પછી જે કરવું હોય તે કરે. છતાં ઉતાવળે નિર્ણય લેશે, તો આપણે કાંઈ મુંબઈના આધારે બેઠા નથી. મુંબઈ

સિવાય આખો હિન્દુસ્તાન પડ્યો છે માટે આપ જરાય ચિંતા નહિ કરતા. આપ જ્યારે ફરમાવશો ત્યારે સેવક વહેલી તકે ત્યાં ઉપસ્થિત થઈ જશે." પણ પૂજ્યશ્રીના પ્રતાપે એ સમિતિ નિષ્ફળ ગઈને કંઈ જ થયું નહિ.

**- શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ** - મુંબઈ

ooo

## તિથિ અંગે શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું નિવેદન

તા. ૨૭-૭-૪૩ના રોજ બપોરના વર્તમાન પત્રોના પ્રતિનિધિને મુલાકાત આપતાં, તિથિચર્ચાને અંગે, **શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ** નીચે મુજબનું નિવેદન બહાર પાડ્યું હતું.

તિથિચર્ચાને અંગે જૈન આચાર્યોના મતભેદો હોવાથી જૈનોમાં જે કુસંપ ચાલી રહ્યો હતો, તેનું નિરાકરણ લાવવા જુદા જુદા પક્ષો તરફથી મને કહેવામાં આવતાં, તા. ૧૯-૪-૪૨ના રવિવારના રોજ આચાર્ય સાગરાનંદસૂરીશ્વરજી અને આચાર્ય રામચંદ્રસૂરીશ્વરજીને હું મલ્યો અને એવું નક્કી કર્યું કે બન્ને પક્ષોનાં મંતવ્યો સાંભળીને નિર્ણય ઉપર આવવા એક પંચની નિમણુંક કરવી અને તે પંચ જે નિર્ણય આપે તે નિર્ણયને બન્ને પક્ષના આચાર્યો તથા તેમનો શિષ્ય સમુદાય કબૂલ રાખશે અને તે પ્રમાણે વર્તવા બંધાશે એવું નક્કી થયું.

ત્યાર બાદ પંચ તરીકે પુનાના સુવિખ્યાત પ્રોફેસર ડો. પી. એલ. વૈદ્યની નિમણુંક કરવામાં આવી અને તેમની સમક્ષ બન્ને પક્ષના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ પાલીતાણા મુકામે માર્ચ માસની તા. ૫, ૬ અને ૭ તારીખોને રજુ કરવામાં આવ્યા. તા. ૭-૩-૪૩ના રોજ પાલીતાણા મુકામે બન્ને આચાર્યોએ નીચે પ્રમાણે લેખિત કરાર કર્યો હતો.

શ્રી ૧I

તિથિચર્ચા અંગે અમે બન્નેએ - આચાર્ય મહારાજ સાગરાનન્દસૂરીશ્વરજી અને રામચંદ્રસૂરિજીએ - જે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા તથા તેના સમર્થનમાં જે લખ્યું અને ખંડનમાં જે લખ્યું તે કસ્તુરભાઈ લાલભાઈ મારફત ડો. પી. એલ. વૈદ્યને મોકલી આપવામાં આવેલું તેના ઉપર વિચાર કરી અમો બન્નેની રૂબરૂ ચર્ચા કરી ડો. પી. એલ. વૈદ્ય તેમનો નિર્ણય કસ્તુરભાઈ લાલભાઈ મારફત મોકલી આપે - તે સઘળા ઉપર અમો બન્ને તેમજ અમારો શિષ્ય સમુદાય કોઈપણ જાતની મૌખિક અથવા લેખિત ટીકા પ્રગટ કરશે નહિ. તે છતાં જો કોઈ કરશે તો આજ્ઞા બહાર જાહેર કરવામાં આવશે.

તા. ૭-૩-૧૯૪૩ — આનન્દસાગર દ. પોતે (પૂ. સાગરજી મ.)
પાલીતાણા — વિજયરામચંદ્રસૂરિ દ. પોતે

ત્યાર બાદ આચાર્ય સાગરાનન્દસૂરીશ્વરજીએ તા. ૫-૭-૪૩ના રોજ એક પત્રિકા બહાર પાડી અને તેમાં ડો. વૈદ્ય તટસ્થ રહ્યા નથી એવો આક્ષેપ મૂક્યો અને જણાવ્યું કે તેથી ડો. વૈદ્યનો ચૂકાદો તેમને માન્ય તેમજ બંધનકારક નથી.

ઉપરની વિગતો ઉપરથી જૈન જનતા સ્હેજે સમજી શકશે કે - દોષ કોનો છે. સેવા ભાવે કાર્ય સ્વીકારનાર માનનીય પંચ ઉપર ગમે તેવા આક્ષેપો કરતાં ન અચકાય એ કેવી મનોદશા બતાવે છે તે સમજવાનું હું સમાજને સોંપું છું. **મને જણાવતાં દુઃખ થાય છે કે - ફક્ત મમત્વને વશ થઈ મતાગ્રહ બંધાતાં વિદ્વાન આચાર્ય પોતાની લેખિત કબૂલાત નાકબૂલ કરે છે અને એક સજ્જન અને વિદ્વાન પંચ સામે ગમે તેવો પ્રચાર આચરે છે તે યોગ્ય નથી.**

○○○

## શાંતિ ખાતર સત્યને ધક્કો ન પહોંચાડાય

### ખમીરવંતુ ધર્માચાર્યત્વ :

એકવાર આગેવાન શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા પાસે આવ્યા. લવાદી ચર્ચામાં પૂજ્ય શ્રી વિજયી જાહેર થઈ ગયા હતા અને તિથિ વિષયક પૂજ્યશ્રીની માન્યતા પર સત્ય અને સિદ્ધાંતની મહોર છાપ લાગી ચૂકી હતી, એ પછીના આ દિવસો હતા. પૂજ્યશ્રીને શ્રી કસ્તુરભાઈએ વિનંતીરૂપે કહ્યું,

"તિથિ પ્રશ્ને આપ સાચા છો, પણ બહુમતી બીજી તરફ છે, માટે સંઘમાં શાંતિ સ્થપાય, આ અંગે આપ કંઈ વિચારો."

પૂજ્યશ્રીએ જવાબ આપ્યો : "તમે જ કહો છો કે, આપ સાચા છો, પછી આ અંગે મારે બીજું શું વિચારવાનું હોય ?"

શ્રી કસ્તુરભાઈએ પોતાની વાતને દોહરાવતાં પુનઃ કહ્યું, "આપ કહો, તો જગતમાં જાહેર કરું કે, તિથિ પ્રશ્ને આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાચા છે. પણ હવે સંઘની શાંતિ ખાતર કંઈક બાંધ છોડ કરો, એટલી જ મારી વિનંતી છે."

પૂજ્યશ્રીએ તરત જ જવાબ વાળ્યો : **"જે વાતને હું સાચી માનું, તમે પણ સાચી માનો અને જગતના ચોગાનમાં તે રીતે જાહેર કરવા પણ તૈયાર થાવ અને આમ છતાં તે સત્યને આપણે બંને ભેગા થઈને દરિયામાં ડુબાડી આવીએ, આ કેવું કહેવાય ?"** કસ્તુરભાઈએ કહ્યું, "સાહેબ, ક્યારેક શાંતિ ખાતર સત્યને ય બાજુ પર મૂકવું પડે."

જવાબ મળ્યો : "ના, આ વાત બરાબર નથી. **શાંતિ ખાતર સત્યને ધક્કો ન પહોંચાડાય."**

બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાનનું એક વાક્ય આગળ કરતાં કસ્તુરભાઈએ કહ્યું, "આ વડાપ્રધાન પણ શાંતિ માટે સત્યને બાજુ પર મૂકવાનું કહે છે."

પૂજ્યશ્રીએ કહ્યું, "બ્રિટનના વડાપ્રધાન કંઈ આપણા માટે પ્રમાણભૂત ન ગણાય."

ગાંધીજીને વચમાં લાવતાં કસ્તુરભાઈએ કહ્યું, "સાહેબ, ગાંધીજી પણ કહેતા હતા કે, શાંતિ ખાતર સત્યને મૂકી દેવું પડે, તો મૂકી દેવું જોઈએ."

પૂજ્યશ્રીએ જવાબ વાળ્યો. "આ વાત બરાબર નથી. ગાંધીજી તો એમ કહેતા હતા કે, શાંતિ સળગી જતી હોય, તો ભલે સળગી જાય. પણ સત્યને મૂકી શકાય નહિ."

આ જવાબ આગળ કસ્તુરભાઈ લાલભાઈ મૌન થઈ ગયા.

OOO

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ મારી મહોરછાપ :**

વિ.સં. ૨૦૧૪ની આસપાસ અમદાવાદમાં પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા બન્ને પૂજ્યોનું ચોમાસું સાથે હતું.

પતાશાની પોળમાં ચોમાસું બદલવાનું હતું અને વ્યાખ્યાન કસુંબાવાડામાં હતું.

તે વખતે વ્યાખ્યાનમાં કોઈ વિષય એવો આવ્યો. મને શંકા પડી કે, સાહેબે જે વાત કરી તે બરાબર શાસ્ત્રોક્ત હશે ?

તે માટે મેં પતાશાની પોળમાં પૂ. ગુરુદેવ આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને મારી શંકાની વાત કરી. તેમણે જવાબ આપ્યો કે,

એક વાત યાદ રાખ કે, 'રામચંદ્રસૂરિજીના વ્યાખ્યાનમાં કદી એક અક્ષર પણ શાસ્ત્ર વિરુદ્ધનો નહિ આવે !'

એમનો આ જવાબ સાંભળીને મને બહુ પસ્તાવો થયો અને મેં મિચ્છા મિ દુક્કડં દીધું.

જેઓના વ્યાખ્યાન માટે સિદ્ધાંત મહોદધિ ગુરુદેવે આવી મહોરછાપ મારી આપી. એમની વાણીમાંથી ભૂલ કાઢવાનો પ્રયત્ન કરવો એટલે પૂ.આ.ભ.શ્રી.વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાને જ જૂઠા પાડવાનો પ્રયત્ન કહી શકાય.

આ ગુરુ શિષ્યની જોડી કોઈ અજોડ હતી. પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી લોકો વૈરાગ્ય પામે અને પછી તેમને સંયમ માર્ગ ગ્રહણ કરવામાં ગુરુ મહારાજ તૈયાર કરે. આખા સમાજ ઉપર આ જોડીનો અનહદ ઉપકાર છે. ગુરુ શિષ્યે સંઘના ચરણે લગભગ ૫૦૦ મહાત્માઓ ધર્યા છે.

**- શેઠ શ્રી રમણલાલ વજેચંદ : અમદાવાદ**

OOO

**ગુરુને સમાધિ આપી શિષ્યે :**

વિ.સં. ૨૦૨૩ની સાલમાં લાલબાગમાં (મુંબઈમાં) પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રવચનો આષાઢી મેઘસમા ગાજી રહ્યા હતા. એક દિવસ સવારના પ્રવચનમાં જવાની તૈયારી કરી પરમતારકશ્રી ઉભા થઈ ગયા હતા. ત્યારે **સુશ્રાવક રમણલાલ દલસુખભાઈ શ્રોફ**, આવીને કહ્યું કે :-

**ભગવંત ! ખંભાતથી પૂ.આ.શ્રી.વિ. પ્રેમસૂરિજી મહારાજાને વંદન કરીને આવું છું. પરમતારકશ્રીજીએ પુનઃ પાટ પર બેઠક લેતાં પૂછયું કે, પરમ ગુરુદેવ સુખશાતામાં છે ને ? તબિયત કેવી છે ? જવાબ : ભગવંતની તબિયત તો થોડી નરમ ગરમ ચાલે છે. પણ આપને એક સંદેશો પૂ. ગુરુદેવશ્રીએ પાઠવ્યો છે કે :- આજ સુધી તમે ઘણા ઘણાને સુંદર નિર્યામણા કરાવી સમાધિ મૃત્યુની ભેટ આપી છે હવે મને પણ છેલ્લી નિર્યામણા કરાવવી છે ને ? આટલું મારા વતી તેમને કહેશો, મેં કહ્યું : આપ આ અંગેનો પત્ર તેઓશ્રી પર લખી આપો ને !**

**પરમ ગુરુદેવે જણાવ્યું કે, પત્ર લખવાની કાંઈ જરૂર નથી. મોઢેથી આટલા સમાચાર, આટલો સંદેશો પણ એમના માટે બસ થઈ પડશે.**

આ સાંભળતાં જ પરમતારકશ્રીજીએ જણાવ્યું કે, પ્રવચનમાંથી આવી તુર્ત હું પરમ ગુરુદેવને પત્રથી જણાવી દઈશ કે, મારો મહારાષ્ટ્ર તરફ વિહાર નક્કી થઈ ગયો હોવા છતાં હું **વહેલી તકે પહેલા મુહૂર્તે અત્રેથી વિહાર કરી આપની તારક નિશ્રામાં આવું છું.**

પ્રવચનમાંથી આવ્યા બાદ તરત જ પરમ ગુરુદેવ ઉપર પત્ર લખી પ્રથમ મુહૂર્તે વિહાર કરી દીધો.

પરમતારક ખંભાત પધાર્યા અને વૈ.વ. ૧૧ની રાતે **પોતાના પરમ વિનેય પટ્ટધરરત્નના શ્રીમુખે એક, બે અને ત્રીજો અડધો નવકાર સાંભળતાં સાંભળતાં સિદ્ધાન્તમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાંત પ.પૂ.આ.દે.શ્રી.વિ.પ્રેમસૂરીશ્વરજી મહારાજા સમાધિરસ નિમગ્ન બની સ્વર્ગે સંચર્યા. પરમ ગુરુદેવશ્રીની અંતિમ ઈચ્છા પણ પોતે જ પરિપૂર્ણ કરી.**

જે ભાવનાથી પરમ ગુરુદેવે પોતાની પાસે બોલાવ્યા, તે ભાવનાને ગદ્ ગદ્ કંઠે નમસ્કાર મહામંત્ર સંભળાવી અપૂર્વ નિર્યામણા કરાવવા દ્વારા પરિપૂર્ણ કરી. બન્નેય પૂજ્યો વચ્ચે અરસપરસ કેવો વાત્સલ્યને ભક્તિભાવ હશે ! તેનો આનાથી સજ્જડ બીજો કયો પુરાવો હોઈ શકે ?

○○○

### સમાધિ આપવી એ ફરજ છે :

અમદાવાદ જ્ઞાનમંદિરમાં સમી સાંજે, પરમતારક પ્રતિક્રમણ કરી રહ્યા હતા, તેવામાં એક ભાઈ આવ્યા અને પરમતારકને કહ્યું :

'અન્ય સમુદાયના કોઈ સાધુ અકસ્માતમાં ઘવાયા છે. હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તેમની સેવામાં કોઈ સાધુ નથી. તેમના ગુરુ - આચાર્યશ્રી અત્રે અમદાવાદમાં જ છે. તેમને મળ્યા તો કહે, એ મારી આજ્ઞામાં નથી માટે જેની આજ્ઞામાં હોય તેને કહો. એટલે તેઓ કાંઈ કરવા તૈયાર નથી.' પેલા સાધુ પણ એકલવિહારી, ઉત્સૂત્રભાષી અને ઉન્માર્ગગામી હતા અને કોઈની આજ્ઞામાં ન હતા. શ્રાવકો મુંઝાયા કે હવે શું કરવું ? આની વૈયાવચ્ચ કોણ કરશે ?

એવામાં કોઈએ તેમને કહ્યું કે, **પૂ.આ.શ્રી.વિ. રામચંદ્રસૂરિજી મ.** અમદાવાદમાં છે તેમને મળો તો રસ્તો નીકળશે. તેથી એ ભાઈ અહીં પહોંચ્યા.

પરમતારકે બધી વાત સાંભળી કહ્યું કે, અત્યારે તો રાત પડી ગઈ છે. સવારે વ્યવસ્થા ગોઠવીશું. પેલા ભાઈ ગયા પછી મેં પરમતારકને કહ્યું કે,

'આપે આ સાધુને ઓળખ્યા ? ગઈ સાલ જેમણે આવું આવું સાહિત્ય બહાર પાડ્યું હતું તેની જ આ વાત છે.' એટલે પરમતારકે કહ્યું કે, **'અત્યારે એ આપણે નહિ જોવાનું. સાધુ વેષમાં રહેલો કોઈપણ બીમાર હોય, તેને સમાધિની જરૂર હોય ત્યારે આપણી ફરજ છે કે તેને સમાધિ આપવી. શાસનની નિંદા ન થાય માટે શક્ય તેટલા પ્રયત્ન કરવા જોઈએ. એ સિવાય બીજો કોઈ વિચાર અત્યારે ન કરાય.'**

બીજે દિવસે વૈયાવચ્ચ માટે સાધુઓને મોકલ્યા. શ્રાવકોને પણ ખાસ સૂચના આપીને ત્યાં મોકલ્યા. સારામાં સારા ડોક્ટરના ઉપાય કરવા ભલામણ કરી. આઠ દિવસ સુધી રોજ મહાત્માઓને મોકલ્યા.

રાત્રે ત્યાં રહેવાની વ્યવસ્થા ન હોવાથી સાંજે પાછા આવી ફરીથી જતા. બરાબર સુશ્રુષા કરાવી અંતે એ સાધુ સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા.

સહુને સમાધિ આપનારા પરમતારક પરમસમાધિ સાધી જાય એમાં શું આશ્ચર્ય ?

**- પૂ.આ.શ્રી વિજય હેમભૂષણસૂરિ મ.**

○○○

## વિ.સં. ૨૦૪૨ના પટ્ટક સમયે

### એકલો રહીશ - સત્ય નહિ છોડું...

વિ.સં. ૨૦૪૨નો પટ્ટક એટલે કેટલાક ઘરનાઓએ અન્ય સઘળાનો સાથ મેળવીને આ મહાપુરુષને પોતાની સિદ્ધાંત નિષ્ઠાથી નમાવવા માટે કરેલો એક મરણીયો પ્રયાસ હતો.

એક તબક્કે તો એવું વાતાવરણ ઉભું કરી દેવામાં આવ્યું કે યા તો પૂજ્યશ્રી સિદ્ધાંતમાં બાંધછોડ કરે અને નહિ તો સાવ એકલા પડી જઈ સંઘ બહાર જેવી સ્થિતિમાં મૂકાઈ જાય કે જેથી સંઘના અનેક પ્રશ્ને શાસ્ત્રના નામે દરેક વખતે આડખીલી ઉભી કરનારો એક કાંટો દૂર થઈ જાય.

આ એક એવો ધરતીકંપનો આંચકો હતો કે જ્યારે પૂજ્યશ્રીની અત્યંત નિકટના વર્તુળમાં રહેલા શ્રમણો અને ગૃહસ્થો પણ ભારે ગભરામણમાં આવી ગયા હતા. તેમણે પણ જ્યારે ભેગા મળી પૂજ્યશ્રીને હાથ જોડી કાંઈક બાંધછોડ કરવા વિનંતી કરી ત્યારે નેવું વર્ષના એ વયોવૃદ્ધ મહાપુરુષે પોતાની મેરૂ જેવી નિશ્ચલતાનો અનુભવ કરાવતા અત્યંત ધીર, ગંભીર અને વાત્સલ્યપૂર્ણ સ્વરે એ બધાને કહ્યું કે,

**'તમે બધા કેમ આટલા ગભરાઈ ગયા ? હું બેઠો છું ને ? સત્ય આપણા પક્ષે છે પછી ચિંતા શી છે ? આપણે સિદ્ધાંતને વફાદાર રહેવા માટે જ સંઘ બહાર મૂકાઈશું તો પછી સંઘમાં કોણ રહેશે ? માટે આવી ચિંતા છોડી દો. કોઈના કહેવા માત્રથી આપણે સંઘ બહાર થઈ જવાના નથી. તેમ છતાં તમને બધાને ભય લાગતો હોય તો તમે બધા પણ ખુશીથી ત્યાં જઈ શકો છો. આ બધા સાધુઓ પણ જઈ શકે છે. મારી ચિંતા રાખશો નહિ. જુઓ ! સામે ખૂણામાં દાંડો અને તરપણી પડ્યા છે. હું મારી ગોચરી જ્યારે જોઈશે ત્યારે લઈ આવીશ અને મઝેથી મારી આરાધના કરીશ.'**

વૃદ્ધ મહાપુરુષની આવી નિર્ભય વાણી સાંભળીને સૌના રોમાંચ ખડા થઈ ગયા. ગભરામણ ખંખેરાઈ ગઈ. નિર્ભયતાનો અનુભવ થયો. **એક જબરજસ્ત મહાપુરુષને શરણે આપણે બેઠા છીએ તેવો આત્મ વિશ્વાસ પેદા થયો.** નિશ્ચિન્ત અને મક્કમ બનીને સૌ વંદન કરી વિદાય થયા.

○○○

## વંદનાર્થે–આવેલા ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન શ્રી બાબુભાઈ વાસણવાળા સાથે પૂજ્યશ્રીનો વાર્તાલાપ

વિ.સં. ૨૦૪૭ના મા. વદ ૮ રવિવાર તા. ૯-૧૨-૯૦નો દિવસ અભિનંદન ફલેટ્સ, નવરંગપુરા અમદાવાદનું સ્થળ અને બપોરે ૨-૩૦નો સમય હતો. પૂજ્યશ્રી દશપયન્ના મૂળ-આગમ ગ્રંથનું વાંચન કરવામાં મગ્ન હતા. પૂજ્યશ્રી વાંચનમાં લીન હોય, ત્યારે આજુબાજુ શું બને છે ? કોણ આવ્યું ને કોણ ગયું ? તે તરફ ભાગ્યે જ તેઓશ્રીનું ધ્યાન હોય. એવામાં ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન શ્રી બાબુભાઈ વાસણવાળા પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા. વંદન નમસ્કાર કરી ઊભા રહ્યા, પણ પૂજ્યશ્રી તો પોતાના વાંચનમાં એકાગ્ર હોઈ તે તરફ તેમનું ધ્યાન ન ગયું. બાજુમાં રહેલા સાધુ મહાત્માએ પૂજ્યશ્રીનું ધ્યાન ખેંચ્યું, ત્યારે પૂજ્યશ્રીએ શાસ્ત્રના પાનામાંથી મુખ ઊંચું કરી શ્રી બાબુભાઈ તરફ દૃષ્ટિ કરી **તેમને ધર્મલાભ આપ્યા.** પેલા મહાત્માએ પૂજ્યશ્રીને શ્રી બાબુભાઈની ઓળખ આપી અને પછી કહ્યું કે, જીવદયા વગેરે કાર્યમાં સારો રસ લે છે. અગાઉ પણ ક્યારેક ધર્મના કાર્ય પ્રસંગે આપની પાસે આવ્યા હતા, વગેરે હકીકત જણાવી. પૂજ્યશ્રીને પણ કાંઈક યાદ આવ્યું હોય તેમ જણાયું. પછી તરત પૂજ્યશ્રીએ પોતાની ખાસિયત મુજબ કેવળ કરુણાબુદ્ધિથી હિતશિક્ષા આપતા શ્રી બાબુભાઈને કહ્યું :

'કેમ ? હવે તમારે ક્યારે આ બધાથી છૂટવું છે ? સંસાર જરાય રહેવા જેવો નથી. આ મનુષ્ય જીવનમાં કેવળ ધર્મની સાધના કરી લેવા જેવી છે. તમે ક્યાં સુધી આ બધા કામોમાં લાગ્યા રહેશો ?' આટલું કહીને પછી વર્તમાન પરિસ્થિતિ વિષે બોલતાં પૂજ્યશ્રીજીએ કહ્યું કે, 'જુઓ ! આ રાજકારણ બહુ ખરાબ છે. તેમાં પડેલો કોઈ સારો માણસ પણ ભાગ્યે જ સારો રહી શકે છે. વર્તમાન રાજકારણના યોગે આજે પ્રજાની હાલત પણ કેવી થઈ ગઈ છે ? મોટે ભાગે આજે શાહ કહેવાતા. પણ ચોર બન્યા છે, શેઠ કહેવાતા શઠ બન્યાં છે અને સાહેબ ગણાતા શેતાન બન્યા છે. પૈસા માટે ગમે તે જાતના પાપ કરવામાં કોઈ પાછું વાળીને જોતા નથી. **હિંદુસ્તાનને સ્વરાજ અપાવનાર ગાંધી અને પાકિસ્તાનના સ્થાપક ઝીણા છેલ્લે છેલ્લે નિરાશા અનુભવીને ગયા છે.** તેઓ બોલ્યા છે કે, **'જો અમને આવી ખબર હોત, તો આ સ્વરાજ લાવત નહિ.' અહિંસાથી સ્વરાજ મેળવ્યાનું કહેવામાં આવે છે, પણ તે મેળવ્યા પછી આ દેશમાં ચારે તરફ ઘોર હિંસા વ્યાપી ગઈ છે. સત્ય અને સંયમના દર્શન દુર્લભ બન્યા છે.** પરિસ્થિતિ ભારે વિષમ બની ગઈ છે. તમે સારા કાર્યો કરો છો, તે વાત સારી છે, પણ હવે તો કેવળ ધર્મ જ કરી લેવા જેવો છે. **મને ૯૫ વર્ષ થયા. આ સાધુપણામાં બહુ આનંદ અનુભવું છું.** આખો દિવસ આ શાસ્ત્રોના વાંચન અને અધ્યયનમાં એવી મજા આવે છે કે, જેનું વર્ણન ન થાય. **આટલા વર્ષોમાં પંદર પૈસાના પોસ્ટકાર્ડનું પણ કોઈને કહ્યું નથી ને કોઈ કામ કોઈને બતાવ્યું નથી.** કોઈ કામ જ ન હોય, પછી

બતાવવાનું શું ? અપૂર્વ આનંદ આવે છે. **તમને પણ ભલામણ કરું છું કે, તમારે ય હવે અહીં આવી જવા જેવું છું.'**

શ્રી બાબુભાઈ **(હાથ જોડીને) સાહેબ ! આજે આવું આપ કહો છો, તેવું કોઈ** ભાગ્યે જ **અમને કહે છે. હું ઘણા આચાર્ય ભગવંતો પાસે જાઉં છું. આપની જેમ શાસ્ત્રના પાના હાથમાં હોય, તેવું મોટે** ભાગે **જોવા મળતું નથી.** આપ આ ૯૫ વર્ષની વયે પણ વાંચનમાં મગ્ન રહો છો, તે જોઈને આશ્ચર્ય અનુભવું છું. આ ઉંમરે વાંચવું ભણવું વગેરે અહીં જ દેખાય છે. બાકી તો અમને પ્રધાનોને બોલાવવા, ફોટા પડાવવા, પોતાના કામો અંગે જરૂરીયાતની વાતો કરવી, પૈસાની જરૂરીયાત દર્શાવવી વગેરે વધારે જોવા-અનુભવવા મળે છે. આપ મને સાધુ થવાની વાત કરો છો, જ્યારે બીજાઓ હું જ્યાં છું, ત્યાં આગળ વધવાના આશીર્વાદ આપે છે. મને બોલાવે છે. પોતાના કાર્યો અંગે વાત કરી, તેમાં સહાય કરવા ભલામણ કરે છે. એટલે અમારે ત્યાં છે, તેમ અહીં પણ રાજકારણ પેઠું હોય, તેવો અનુભવ થાય છે. **આપનું આ જ એક સ્થાન એવું છે કે, જ્યાં આવી વાતો સાંભળવા મળે છે.** તો શું હવે મારે સાધુ થઈ જવું ? એમ જ આપ કહો છો ?

પૂજ્યશ્રી : 'હા એમ જ કહું છું, થવા જેવું એ જ છે.'

આ સાંભળી શ્રી બાબુભાઈ ખૂબ જ પ્રસન્ન થયા. પોતાના પરિવારને સાથે લઈને આવેલા, તેથી તે સૌ પૂજ્યશ્રીના આશીર્વાદ લઈને વિદાય થયા.

**અવતરણકાર : શ્રી ચંદ્રકિરણ**

○○○

**અંતસમયે એ જ શિષ્યે એમના પરમ કૃપાળુ ઉપકારી ગુરુદેવને સમાધિ આપી**

## અજોડ જોડી, ગુરુ-શિષ્યની

૨૫૦ શિષ્યોના વિશાળ ગચ્છનાયક આચાર્ય ભગવંત પોતાના પ્રથમ શિષ્ય-પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબ સાથે કોઈ વિનોદ-ગોષ્ઠી કરતાં આબાદ ચિત્રાંકિત થઈ ગયા છે.

એક હતો એ જમાનો સુધારકવાદના વિષમય પ્રચારનો... જે વખતે આ મહાન ગુરુ-શિષ્યે એ સુધારાવાદને જબ્બર લડત આપીને ધરતી ઉપર ઢાળી દીધો હતો. ભારતની ધરતીને ખૂંદી વળીને જિનશાસનની જયપતાકા સર્વત્ર ખોડી દીધી હતી.

બાળદીક્ષા પ્રતિબંધક બીલની સામે પ્રચણ્ડ ઝંઝાવાત ઉભો કરીને આ મહાત્માઓએ એ બીલનાં કાગળિયાનાં ફૂરચે ફૂરચા ઉડાવી મૂક્યાં હતા.

આમણે હજારો આત્માઓને સમ્યગ્દર્શનની ભેટ કરી હતી; સેંકડો આત્માઓને સુખમય સંસારથી વિરક્ત બનાવીને પ્રવ્રજ્યાના પુનિત પંથે ચડાવી દીધા હતા.

**આચાર્ય ભગવંત શ્રીમદ્ વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની દેશનાની મુરલી બજે અને સેંકડો ભાવુક આત્માઓ ડોલી ઉઠે, મિથ્યાત્વના વિષની કોથળી ફેંકી દે, અવિરતિની કાંચળી પણ ફગાવી દે ! પછી ભગવાન પ્રેમસૂરીશ્વરજી મહારાજા એ દીક્ષિતોની માતા બને.** રાત ને દિવસ સહુના સંયમની કાળજી કરે, સહુને ભણાવે, સહુના હિતની સતત ચિંતા કરે. **'મામકા પરાયા'**ના કશાય ભેદ વિના પરિપૂર્ણ સમત્વભાવથી જ તો.

સંયમજીવનના યોગકર અને ક્ષેમકર ઓ ભગવંતો ! આપને અમારા શત શત પ્રણામ.

જાણે અંત સમય નજીક આવી ગયાની જાણ થઈ ગઈ હોય તેમ એ ગુરુવર્યે પોતાના એ શિષ્યને મુંબઈથી બોલાવ્યા. અંતસમયની સમાધિ આપવા માટે આવી જવા જણાવ્યું. ખરેખર એમ જ થયું. **અંત સમયે એ જ શિષ્યે એમના પરમકૃપાળુ ઉપકારી ગુરુદેવને સમાધિ આપી, ગળગળા સાદે નમસ્કાર મંત્રનું શ્રવણ કરાવ્યું.** ગુરુ શિષ્યની આ જોડલી આ ભયાનક કાળમાં ભરતક્ષેત્રમાં ન હોત તો ? આ વિચાર જ અંગે અંગમાં ધ્રુજારીઓ પ્રસરાવી દે છે ! લાખો ભાવુકાત્માઓના કલ્યાણના પંથે કદાચ ઘોર અંધકાર હોત ! પ્રકાશનો શૂન્યાવકાશ કદાચ અસંખ્ય સ્થાનોમાં પથરાઈ ચૂક્યો હોત !

**પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ** (હાલ : પંન્યાસપ્રવર)

**'સચિત્ર જીવનદર્શન'**માંથી

ooo

## "બધા સાધુઓ એક થઈને ચાલ્યા હોત તો, શાસનમાં લીલા લહેર હોત"

### (તા. ૧-૧૧-૮૯ના રોજ મુંબઈ લાલબાગ ઉપાશ્રયમાં પૂજ્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની સાથે શ્રી જયેન્દ્ર શાહ કરેલો પ્રશ્નાલાપ)

**(૧) પ્ર. : વિ. સં. ૧૯૮૫ના આપશ્રીના મુંબઈના ચાતુર્માસ દરમિયાન બનેલા બનાવો વિષે જાણવાની ઈચ્છા છે. આપે આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજી મહારાજની કઈ કઈ પ્રવૃત્તિઓનો વિરોધ કર્યો હતો ?**

ઉ. : વિ.સં. ૧૯૮૫માં મારું ચાતુર્માસ લાલબાગ ખાતે હતું. શ્રી વલ્લભસૂરિજી મ.નું ચાતુર્માસ (મુંબઈ) ગોડીજી ઉપાશ્રયમાં હતું. ચાતુર્માસ પ્રવેશ વખતે વિરોધના ઉગ્ર વાતાવરણને કારણે અમને થોડી મુશ્કેલી પડી હતી. સામૈયાના માર્ગમાં અમુક સ્થળે કાચનાં ટુકડા પણ વેરવામાં આવ્યા હતા. તે વખતે શ્રી વલ્લભસૂરિજી મ. પોતાના વ્યાખ્યાનમાં એવી મતલબનું કહેતા કે, **'અમે સાધુઓ શ્રાવકના રોટલા ખાઈએ છીએ માટે શ્રાવકોના કામ અમારે કરવા જોઈએ.'** હું તેમની આ વાતનો વિરોધ કરતો અને લોકોને સમજાવતો કે **શ્રાવકો સંયમ પ્રત્યેની ભક્તિથી વહોરાવે છે માટે અમારે તેમના હૈયામાં સંયમની ભાવના જગાડવી જોઈએ. અમે પોતે સંસારનો ત્યાગ કર્યો છે. તો પછી તેમના સંસારના કામ અમારે કરવાના હોય ? કરીએ તો અમારી પ્રતિજ્ઞાનો ભંગ થાય.** એ અરસામાં લાલબાગમાં મારા વ્યાખ્યાનમાં એક વિરોધી પક્ષના માણસે ઉભા થઈને ઝગડવાના ઈરાદાથી મને પ્રશ્ન પૂછયોઃ 'મહારાજ સાહેબ !

આપ ઉઘાડા મુખે કેમ બોલો છો ?' મેં કહ્યું, 'ન બોલાય, એ અમારી ભૂલ છે, પ્રમાદ છે,' આ જવાબ સાંભળી તે ચૂપ થઈ ગયો. પછી તેને આગળની હરોળમાં બેસાડવામાં આવ્યો. વ્યાખ્યાન તો થઈ ગયું. પણ તે પછી તોફાન થયું, તેથી પેલો માણસ ગભરાઈને ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં પેસી ગયો અને ધ્રૂજવા લાગ્યો. મેં તેની પાસે જઈને કહ્યું, 'ગભરાઈશ નહિ.' પાંજરાપોળનાં દરવાજા સુધી હું સાથે ગયો. પછી તે ચાલ્યો ગયો. વિરોધ પક્ષનાં લોકોએ આ માણસને હાથો બનાવી અમારી સામે કેસ કરાવ્યો. તેને માર મારવામાં આવ્યો છે એવો નવ આરોપીઓ સામે આક્ષેપ મૂકવામાં આવ્યો. તેમાં એક ભૈયો, બીજો હું અને બાકીના સાત આગેવાનો હતા. આ કેસ અંગે મારે કોર્ટમાં જવું ન પડે તે માટે બહુ પ્રયાસ થયા, પરંતુ જવું જ પડે તેવો વખત આવ્યો. **પચીશ ત્રીશ વખત કોર્ટમાં જવું પડ્યું. બેરીસ્ટર મહમદઅલી ઝીણા અમારા તરફથી કેસ લડતા હતા.** મને જોઈને પેલો ફરિયાદી ગભરાતો અને અમારા વકીલ જે પૂછે તેનો જવાબ ન આપી શકતો. તે દરમ્યાન મેં આચાર્ય શ્રી વલ્લભસૂરિજીને આ કેસમાં સાક્ષી તરીકે મૂકવાનું સૂચન કર્યું. તેમને આ સમાચાર મળતા તેઓ અકળાઈ ગયા. મને એ જાણવા મળ્યું એટલે પછી સાક્ષીની યાદીમાંથી તેમનું નામ કાઢી નાખ્યું. પછી તો સમાધાનની વાતો આવી. કાંઈ પરિણામ ન આવ્યું. અંતે જજે આ કેસ કાઢી નાખ્યો. **શ્રી વલ્લભસૂરિજી મહારાજ વ્યવહારિક શિક્ષણની પ્રવૃત્તિમાં પણ રસ લેતા અને તેનો પણ હું વિરોધ કરતો.** આ વિવાદથી સુધારકો ઉશ્કેરાતા. એટલે આ બધી બાબતોના સમાધાન માટે કેટલાક આગેવાનોએ પ્રયાસ કર્યા હતા. તેમાં તેઓ ઉભય સ્થળે વ્યાખ્યાનો બંધ કરવાની એક દરખાસ્ત લઈ આવ્યા. આચાર્ય શ્રી વલ્લભસૂરિજીએ એ બાબતમાં તૈયારી બતાવી, પણ મેં તેમની એ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. **આગેવાનોએ જરા ઉગ્રતાથી કહ્યું કે, 'એમ જ હોય તો આપના વ્યાખ્યાનમાં એક પણ માણસ નહિ આવે એવું કરશું.' મેં કહ્યું, 'ભલે ન આવે, તો પણ હું આ ઉપાશ્રયના થાંભલાઓ સામે વ્યાખ્યાન કરીશ' એટલે તેમણે કહ્યું કે, 'તો પછી હવે તમારા રક્ષણની જવાબદારી અમારી નહિ.' મેં કહ્યું, 'અમારું રક્ષણ શાસનદેવ કરશે. તમારા આધારે અમે સાધુ થયા નથી.'**

**(૨) પ્ર. : આ. શ્રી વલ્લભસૂરિજીએ સાધર્મિકભક્તિ અને દાનનો પ્રચાર કર્યો તે અનુમોદનીય ખરું કે નહિ ?**

ઉ. : સાધર્મિકોને ધર્મ કરવાની પ્રેરણા આપવા અને ધર્મમાં સ્થિર કરવા સહાય કરવી જોઈએ.

**(૩) પ્ર. : શ્રી મહાવીર જૈન વિદ્યાલય સામે આપનો વિરોધ શા માટે હતો ?**

ઉ. : વિદ્યાલય સામે તે વખતે ચાલતા વિરોધને કારણે વિદ્યાલયના આગેવાનો મકનજી બેરીસ્ટર, મોતીચંદ કાપડીયા અને મોહનલાલ દલીચંદ દેસાઈ એક વાર મારી પાસે આવ્યા. તેઓ કહે, 'મહારાજ ! તમે વિદ્યાલયનો વિરોધ શા માટે કરો છો ?' તમારે તો અમને મદદ કરવી જોઈએ, કારણ કે દૂર દૂરના ગામોમાંથી અભ્યાસ માટે આવતા નબળી સ્થિતિના વિદ્યાર્થીઓને અહીં રહેવા-જમવાની વ્યવસ્થા સાથે તેમના ધાર્મિક સંસ્કારો જળવાય, ધાર્મિક અભ્યાસ થાય અને ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાય તે માટે ખાસ ભાર મૂકવામાં આવે છે. મેં તેમની વાતને સ્પષ્ટ કરતાં કહ્યું કે, 'બહારગામથી શિક્ષણ લેવા આવતા બાળકો રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ભક્ષણ ત્યાગ, જિનપૂજા, નવકારશી આદિ ધર્મસંસ્કારોને વળગી રહીને થોડું

ઘણું ધાર્મિક શિક્ષણ પણ પામી શકે તે માટે જ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે, એ વાત તમે બરાબર સ્વીકારો છો ને ? ત્રણેય આગેવાનોએ આ વાતમાં 'હા' કહી, એટલે મેં તેમને કહ્યું કે, પછી તમે આજથી એટલું નક્કી કરો કે, 'રાત્રિ ભોજન અને અભક્ષ્યભક્ષણના ત્યાગી તેમજ નિયત કરેલ ધાર્મિક અભ્યાસ કરનારને જ આ સંસ્થામાં પ્રવેશ અપાશે અને સંસ્થાનો રીપોર્ટ આધુનિક વ્યવહારિક કેળવણીના ઢોલ પીટતો નહિ. પણ ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રવૃત્તિઓની નોંધ રજૂ કરતો પ્રગટ થશે. વિદ્યાલય જો એ રીતે વ્યવહારિક શિક્ષણને ગૌણ રાખી ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પ્રવૃત્તિઓને અગ્રતા આપે તો અમારો કોઈ વિરોધ ન રહે. તેઓએ તરત જ કહ્યું કે, 'મહારાજ ! અમારે બધાને બાવા નથી બનાવવા.' મેં કહ્યું, 'આ જ તમારી અને અમારી વચ્ચે દીવાલ છે. તમારે ધર્મના નામે પૈસા ઉઘરાવવા છે. સાંસારિક શિક્ષણને જ અગ્રતા આપવી છે, અને પાછો સાધુઓનો તેમાં સાથ લેવો છે, જે કોઈ કાળે ન બની શકે.' એટલે તેઓ ઉઠીને ચાલતા થયા.

**(૪) પ્ર. : તે વખતનાં પંડિતોનો આપે વિરોધ કર્યો હતો, તે શા માટે ?**

ઉ. : વિ.સં. ૧૯૮૨માં પંડિત બહેચરદાસનું વક્તવ્ય મુંબઈમાં યોજાયું હતું, તેના પ્રમુખ સ્થાને મોતીચંદ કાપડીયા હતા. આ વક્તવ્યમાં બહેચરદાસ ધર્મ વિશે ઘણું અયોગ્ય બોલ્યા હતા. તેના વિરોધમાં 'સત્યનું સમર્થન' એ નામનું એક પુસ્તક મેં લખ્યું હતું. આ પંડિતે એક પુસ્તિકામાં ગાંધીને અરિહંત સાથે સરખાવ્યા હતા.

**(૫) પ્ર. : તે વખતે ઈંડા પ્રકરણ કઈ રીતે સરજાયું હતું ?**

ઉ. : વિ.સં. ૧૯૮૫માં એક વ્યાખ્યાનમાં મેં કહ્યું હતું કે, 'આજકાલ વિદેશ જઈ આવેલા ઘણા જૈનોના ઘરમાં પણ ઈંડા ચટણીની જેમ ખવાય છે.' મારા આ વાક્યને પકડીને પરમાનંદ કુંવરજી કાપડિયાએ મોટું તોફાન મચાવ્યું. મોટા મોટા લેખો લખી 'સમગ્ર જૈન સંઘ પર આક્ષેપ'ના નામે ઉશ્કેરાટ ફેલાવવા કોશિશ કરી. ઘણા વિદ્વાનોના અભિપ્રાય આવ્યા કે આ તોફાન ખોટું છે. વક્તાનો આશય એવો નથી. છેવટે ગાંધીજીનો અભિપ્રાય માંગવામાં આવ્યો. તેમણે કહ્યું કે, **'ઉપદેશકને આવું કહેવાનો અધિકાર છે.'** આ પછી તેઓ ઠંડા પડ્યા.

**(૬) પ્ર. : પંડિત લાલનનું પ્રકરણ શું હતું ?**

ઉ. : પંડિત લાલનની શિવજીભાઈએ શત્રુંજય તીર્થ પર પચીશમા તીર્થંકર તરીકે પૂજા કરી હતી. આથી આખા જૈન સંઘમાં ખળભળાટ થયો હતો. તેઓ અમદાવાદમાં મારા વ્યાખ્યાનમાં આવ્યા ત્યારે મેં ભરસભામાં પૂછયું કે, 'શિવજીભાઈએ શત્રુંજય પર પચીસમા તીર્થંકર તરીકે તમારી પૂજા કરી હતી કે નહિ ?' ત્યારે તેઓ બોલી શક્યા નહિ. પણ પછી મારી પાસે તેમણે કબૂલ કર્યું હતું કે, 'પૂજા થઈ હતી.' પોતે શિવજીભાઈને ના ન પાડી શક્યા તે પોતાની ભૂલ હતી, એમ પણ તેમણે કહ્યું. પોતે આગમો વાંચતા હતા તે ન વાંચવા જોઈએ એમ પણ તેમણે સ્વીકાર્યું. ઈંડાના પ્રશ્ને જે ઉહાપોહ થયો, તેમાં લાલનનો અભિપ્રાય મારી તરફેણમાં હતો.

**(૭) પ્ર. : પરમાનંદ કુંવરજી સંબંધી તે વખતે કયા પ્રસંગો બન્યા હતા ?**

ઉ. : પરમાનંદ કુંવરજી એક સભામાં ઈંડા પ્રકરણ અંગે ભાષણ કરવા જવાના હતા. તે સભાનું પ્રમુખ સ્થાન મોતીચંદભાઈ લેવાના હતા. સભા શરૂ પહેલા જ મોતીચંદભાઈને એક સોલીસીટરે ઉભા થઈને એક લેખિત પત્ર પાઠવ્યો, જેમાં પૂછવામાં આવ્યું હતું કે, 'મેં ને તમે સાથે ઈંડા ખાધા છે કે નહિ ? જેણે જીવનમાં કદી ઈંડા ખાધા ન હોય તે આ સભાનો પ્રમુખ બની શકે' આ પ્રશ્નનો જવાબ મોતીચંદભાઈ આપી શક્યા નહિ અને પ્રમુખપદેથી તેઓ ઉભા થઈ જતા, તે સભા મળ્યા પૂર્વે જ વિખરાઈ ગઈ. એક પ્રસંગે પરમાનંદ કુંવરજી અમદાવાદમાં જાહેર સભામાં ધર્મ વિરુદ્ધ ઘણું બોલ્યા. તેથી આચાર્ય શ્રી વિજયનેમિસૂરિ મ. ના કહેવાથી અમદાવાદના સંઘે તેમને સંઘ બહાર જાહેર કર્યા. તેના વિરોધમાં અને પરમાનંદ કુંવરજીની તરફેણમાં પાંજરાપોળના ઉપાશ્રય સામે યુવાનોની એક સભા ભરાઈ. એ સભામાં શ્રી નેમિસૂરિ મ. માટે ઘણા અઘટિત શબ્દો બોલાયા. સંઘમાં ખળભળાટ થયો. યુવાનોના તોફાનથી સંઘ બહાર મૂકનાર જરા ઢીલા પડી ગયા, ત્યારે નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ મારી પાસે આવ્યા અને કહ્યું કે, 'હવે શું કરવું ?' મેં તેમને કહ્યું, 'તમે ચિંતા ન કરો, અમે તમારી તરફેણમાં છીએ.'

**(૮) પ્ર. : આપની સામે નાનાં છોકરાંઓને ભગાડીને દીક્ષા આપવાના આક્ષેપો થયા છે તે વિષે આપ શું કહો છો ?**

ઉ. : આવા આક્ષેપો મારી સામે થયા છે પણ તે સાચા નથી. માતા-પિતાની સંમતિ વિના એક પણ બાળદીક્ષા મેં હજી સુધી આપી જ નથી. શાસ્ત્રના ફરમાન મુજબ ૧૬ વર્ષની અંદરની વયવાળાને તેના માતા-પિતા કે પાલકની સંમતિથી દીક્ષા અપાય, તે પ્રમાણે તેમની રજાથી જ મેં બાળ દીક્ષાઓ આપેલી છે. છોકરાઓને ઉપાડી જવાની કે ભગાડવાની વાત ખોટી છે. વિ.સં. ૧૯૯૦ના મુનિસંમેલનમાં ઠરાવ થયો. તેમાં ૧૬ વર્ષને બદલે ૧૮ વર્ષની મર્યાદા રાખવી પડી તે એટલા માટે કે રાજ્યનો કાયદો ૧૮ વર્ષની ઉંમરને પુખ્ત ઉંમર તરીકે માન્ય કરતો હતો. વડોદરામાં બાળદીક્ષા પ્રતિબંધનો કાયદો થવાનો હતો તે ન થાય માટે હું તથા સાગરજી મહારાજ ત્યાં ગયા હતા. છતાં રાજ્યે કાયદો કર્યો હતો ! વિ.સં. ૧૯૭૯માં વિહાર કરતા હું પાલનપુર ગયો હતો. ત્યારે મારી સાથે બાળ સાધુઓ હતા. તે જોઈને ત્યાંના એક આગેવાને મારી પાસે આવીને મને સલાહ આપી કે, **'મહારાજ ! અહીં દીક્ષા, બાળદીક્ષા કે દેવદ્રવ્ય આદિ વિષયમાં વ્યાખ્યાનમાં કાંઈ બોલતા નહિ, નહિ તો વિરોધ થશે' મેં કહ્યું, 'જુઓ ! આમ તો હું અહીં ખાસ રોકાવાનો ન હતો અને આ વિષયમાં કાંઈ બોલવું એવો વિચાર પણ ન હતો. પણ હવે તમે કહ્યું છે કે તો હું આ વિષય વ્યાખ્યાનમાં ખાસ સમજાવીશ.** માટે જેને વિરોધ કરવો હોય તે જરૂર આવે. મેં ત્યાં વ્યાખ્યાનમાં આ અંગે વિસ્તૃત ઉલ્લેખો કર્યા અને એકાદ બે દિવસને બદલે પાંચ સાત દિવસ ત્યાં રોકાયો. સાંભળેલી વાતોથી દોરવાયેલા ઘણા લોકોના ભ્રમ દૂર થયા. વિરોધ કરનારા કોઈ ફરક્યા નહિ.

**(૯) પ્ર. : આપને કોઈ બીજા આચાર્ય મહારાજનો આ બધા પ્રશ્ને સાથ હતો કે નહિ ?**

ઉ. : બાળદીક્ષા, દેવદ્રવ્ય આદિ પ્રશ્ને સાગરજી મહારાજે પણ જોરદાર પ્રયત્નો કર્યા હતા. આમ છતાં અમુક આચાર્યોનો સાથ મળવો જોઈએ તે ન મળ્યો, બલ્કે અમુક તો વિરુદ્ધમાં પણ પડ્યા. આ એક કમનસીબી હતી.

**(૧૦) પ્ર. : તિથિ પ્રશ્ને ઝઘડા ક્યારથી શરૂ થયા ?**

ઉ. : સૌ પ્રથમ **વિ.સં. ૧૯૫૨માં** ફક્ત એક સાગરજી મહારાજે જુદી સંવત્સરી કરી હતી. ત્યારનો આ વિવાદ ઊભો થયેલો છે. ખરી રીતે તિથિનો કોઈ ઝઘડો નથી, પરંતુ લોકોને ગમતું બોલવામાં કેટલાક આચાર્યો અને સાધુઓ પડી ગયા છે માટે દરેક બાબતમાં તેઓ સાચી વાતનો પણ વિરોધ કર્યા કરે છે. **શાસ્ત્રને વફાદાર રહીને બધા એક થઈને ચાલ્યા હોત તો આજે શાસનમાં લીલા લહેર હોત.** શ્રાવકો કરતા સાધુઓનો આમાં વધુ દોષ છે.

**(૧૧) પ્ર. : મતભેદો ઉકેલવામાં જૈન સંઘના અગ્રણી શ્રાવકોની શી ભૂમિકા રહી છે ?**

ઉ. : મતભેદો ઉકેલવામાં આગેવાન શ્રાવકોની ભૂમિકા નબળી રહી છે. તેઓ બરાબર પ્રયત્નો કરે તો ઉકેલ ન આવે એવું નથી. પરંતુ તેમને તત્ત્વોની જાણકારી તેમજ તે તરફની જિજ્ઞાસા નથી, એટલે સાચું શું છે તે તેઓ સમજી શકતા નથી. **જો તેઓ સમય કાઢીને સાચી રીતે મહેનત કરે તો મતભેદોનો ઉકેલ જરૂર આવી શકે.**

**(૧૨) પ્ર. : તિથિ મતભેદ અંગે પી.એલ.વૈદ્યનો ચુકાદો સાગરજી મહારાજે કેમ ન સ્વીકાર્યો ?**

ઉ. : પી. એલ. વૈદ્યને પૈસા ખવડાવવામાં આવ્યા છે. તેથી ચુકાદો અમારી તરફેણમાં આપ્યો છે, એવો આક્ષેપ મૂકીને તેમણે ચુકાદો ન સ્વીકાર્યો. **ખરેખર તો પી.એલ. વૈદ્યે તદ્દન તટસ્થ રીતે ચુકાદો આપ્યો હતો.**

**(૧૩) પ્ર. : આચાર્ય શ્રી વલ્લભસૂરિજીએ જૈન સમાજની એકતા પર ભાર મૂક્યો હતો. શું એકતા જરૂરી નથી ?**

ઉ. : એકતા જરૂરી નથી એવું કોઈ ન કહી શકે, પણ તે સિદ્ધાંતના ભોગે ના થઈ શકે. સિદ્ધાંત જાળવીને એકતા થાય તો તે બહુ જરૂરી છે. સિદ્ધાંતમાં બાંધછોડ કરીને એક થવાની વાત બની શકે નહિ. એવી દેખાવની એકતાથી કશો લાભ ન થાય. એકતા હૈયાની હોવી જોઈએ. જેઓ લોકહેરીમાં પડે તેઓ સિદ્ધાંતમાં મજબૂત રહી શકતા નથી. તેમની એકતાની વાતોની લોકોમાં વાહવાહ થાય તે જુદી વાત છે.

(લેખકના અપ્રગટ પુસ્તકનો એક અંશ)

OOO

**અંતિમ આરાધના : છેલ્લા એક માસના પ્રસંગો :**

સાબરમતીમાં અષાઢ સુદ ૧નો ચાતુર્માસ પ્રવેશ હોવાથી વિ.સં. ૨૦૪૭ જેઠ વદ ૦)) ના પૂજ્યશ્રી કેશવનગર પધારેલા. ત્યાં એકાએક થોડો સમય બહુ જ ઉધરસ અને થોડા સમય પછી પલ્સમાં અનિયમિતતા આવતા કાર્ડીયોગ્રામ લીધો. જરા ચિંતાજનક લાગ્યો. પરંતુ પછી સારું થઈ ગયું.

**અષાઢ સુદ ૧ : સંકેત જનક બે પ્રસંગો :**

પૂજ્યશ્રીનો સાબરમતીમાં પ્રવેશ, સામૈયું ઉત્સાહ ભેર થયું. વ્યાખ્યાનમાં હૈયે હૈયા દબાય એટલી માનવમેદની ઉમટી હતી. પૂજ્યશ્રીને વ્યાખ્યાન પીઠ તરફ જવાનું હતું. પરંતુ ખીચોખીચ મંડપમાં પ્રવેશ ન કરાવી શકાયો. ત્યાંથી પૂજ્યશ્રીની ડોળીને પુખરાજ રાયચંદ આરાધના ભુવને લઈ જવામાં આવી. ભવિતવ્યતા

એવી બની કે ઉપાશ્રયે પણ તાળું લાગેલું હતું. ૧૦ મિનિટ પછી ચાવી આવી અને પૂજ્યશ્રીને અંદર લઈ જવામાં આવ્યા. પૂજ્યશ્રીના જીવનમાં આવો બનાવ પ્રથમ હતો. જે કંઈ જુદો જ સંકેત આપતો હતો.

**વ્યાખ્યાનમાં ઉપદેશપદ વાંચવાની વિચારણા તે માટે પ્રત મંગાવી :**

**આચાર્ય પદવી અંગે : અષાઢ સુદ ૪ :** પૂજ્યશ્રીએ કહ્યું કે મારે પં. શ્રી હેમભૂષણ ગણીને આચાર્યપદવી આપવી છે.

**અષાઢ સુદ ૬ના સાબરમતીમાં બે મહાત્માઓની અને એક સાધ્વીજી મ.ની વડી દીક્ષા થઈ. તે વખતે અંતિમ દેશના સુંદર રીતે આપી.**

**સંયમ પાલન માટે જાગૃતિ :** અ. સુદ ૧૪ સાબરમતીમાં પૂજ્યશ્રીને હાર્ટને તકલીફને લીધે ડૉક્ટરે પેસમેકર મુકવાની સલાહ આપી.

તે વખતે પૂ.શ્રી.એ પુછયું કે આ મશીન અંદર મૂકવાનું છે તે ચાલે શેનાથી ?

ડૉ. : એક નાના સેલથી ચાલે.

પૂજ્યશ્રી : સેલ એટલે બેટરી જ ને ?

જવાબમાં ડૉક્ટરે હા - પાડી.

**પૂ.શ્રીએ તરત જ કહ્યું તે ન ચાલે.**

**જીવન મરણના પ્રસંગમાં અને કટોકટીના અવસરે પરમતારકની સંયમપાલનની તત્પરતા અને જાગૃતિનો અનુભવ થયો.**

**હવે ભગવાન બચાવે :** અ. વદ-૪ પૂ.શ્રી.નું સ્વાસ્થ્ય સારું ન હતું. ડૉ. કે. બી. શાહે તપાસ્યા અને જણાવ્યું કે, **'હવે ભગવાન બચાવે'** ત્યાં સૌના હૈયા હચમચી ગયા હતા.

**દર્શન બંગલો :** અ. વદ ૧૦ : પૂજ્યશ્રીને અમદાવાદ બકુભાઈ મણીલાલના દર્શન બંગલે લઈ જવાના હતા. કારણ કે, સ્કેનીંગ માટેના સાધનો ત્યાંથી નજીકની હોસ્પિટલમાં જ હતા. બપોરે ૩ વાગે પૂજ્યશ્રીને ડોળીમાં સુવાડ્યા તે વખતે તેઓશ્રીના મુખમાંથી એવા શબ્દો નીકળ્યા કે,

**હવે હું નકામો થઈ ગયો છું. : "હવે આ શરીર શાસનના કોઈ કામમાં આવી શકે તેમ લાગતું નથી. હવે આ શરીરથી વિશેષ કોઈ આરાધના પણ શક્ય જણાતી નથી. આ દૃષ્ટિએ હવે હું નકામો થઈ ગયો છું. તેથી મને એક ખૂણામાં સુવાડી રાખો અને મારા માટે આ બધી દોડધામ બંધ કરો."** પૂજ્યશ્રીના ઉદ્‌ગારો સાંભળીને તો સૌ કોઈ સ્તબ્ધ બની ગયા. પૂજ્યશ્રી બરાબર છ વાગે **દર્શન બંગલે** પહોંચ્યા. ત્યાં જરૂરી સારવાર શરૂ કરી.

**સિદ્ધગિરિની યાત્રા અંગે :** અ.વદ-૧૧ના દર્શન બંગલેથી નીકળતાં પહેલાં ડૉ. ધર્મેશભાઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'સાહેબજી સિદ્ધગિરિજી તીર્થ ઉપર ચોમાસામાં યાત્રા કરવા જવાય ? બે કલાક પછી પં.શ્રી હેમભૂષણ વિ.મ.ને કહ્યું કે, 'પેલા શ્રાવકને (ડોક્ટરને) જણાવી દે જે કે, **ચોમાસામાં ય યાત્રા કરવા જવાય.** સૈદ્ધાંતિક વિષયમાં પૂજ્યશ્રીનો આ અંતિમ ઉત્તર બની ગયો.

**'બસ હવે નહિ' :**

**અષાઢ વદ ૧૩ :** સાંજે ૭-૦૦ વાગે ડોક્ટરના કહેવાથી મુ. શ્રી કીર્તિયશવિજયજી મહારાજે પાણી વાપરવાનો આગ્રહ કર્યો. પરંતુ પૂજ્યશ્રીએ ના પાડી, તેમ છતાં મોઢા પાસે પાણી લઈ ગયા, ત્યારે મુ.શ્રી. કીર્તિયશવિ.મ.નો હાથ પકડી **'ના, બસ હવે નહિ.'** એમ કહી હાથથી પાત્રીને ઠેલી અને પૂજ્યશ્રીએ ચઉવિહારનું પચ્ચક્ખાણ કર્યું અને એ પચ્ચક્ખાણમાં જ બીજા દિવસે પૂજ્યશ્રીએ ચિરવિદાય લીધી હતી.

પૂજ્યશ્રીને સતત નવકાર મંત્ર સંભળાવવાનું ચાલુ હતું. **સાથે સાથે દર કલાક બે કલાકે મહાત્માઓ પૂજ્યશ્રીને શ્રી આદીશ્વર દાદા, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના ફોટાઓ નજીક લાવી તેના દર્શન કરાવતા, ત્યારે પૂજ્યશ્રી ધ્યાનપૂર્વક દર્શન કરી ફોટાઓમાં રહેલા તારકોનો ચરણસ્પર્શ કરી પોતાના મસ્તકે હાથ લગાડી બે હાથ જોડીને વંદન કરતા.**

**અષાઢ વદ-૧૩ :** પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય અંગે અગીયાર હુમલા હાર્ટએટેકના આવી ગયા છતાં પૂજ્યશ્રી સમાધિમાં શરીરથી નિર્લેપ રહ્યા. બધા ડોક્ટરોની કોન્ફરન્સ મળી. ઘણી વિચારણા બાદ ઉપચારની લાઈન નક્કી કરી. ત્યારે પૂ.શ્રી કીર્તિયશવિજયજી મહારાજે કહ્યું કે,

**"તમે ઉપચાર કરો તો ના નથી પરંતુ અમારું લક્ષ્ય આ અવસ્થામાં પૂજ્યશ્રીજીની સમાધિ જાળવવાનું છે. જે અતિ મહત્ત્વનું છે માટે તેમાં અંતરાય ન પડે તે રીતે ઉપચાર કરો તો તેમાં અમને વાંધો નથી."**

**અષાઢ વદ-૧૩ના ૧૨મો હુમલો :** રાત્રિના ૨-૩૦ વાગે હાર્ટએટેકનો ૧૨મો હુમલો આવ્યો. આ હુમલો એટલો ભારે હતો કે તે હુમલાએ પૂજ્યશ્રીના દેહયંત્રના પ્રત્યેક વિભાગની સઘળી કાર્યવાહીને ઘડીભર સ્થગિત કરી નાખી, નાડી હાથમાં ન આવે, હૃદયના ધબકારા બંધ, શ્વાસોશ્વાસ પણ બંધ થઈ ગયા જેવો, બધી ચેષ્ટાઓ લગભગ બંધ, ફક્ત આયુષ્ય બાકી હશે !

તેથી એક જ ક્ષણમાં ત્યાં હાજર રહેલા ડો. પતરાવાલાએ એકદમ સમયસૂચકતા વાપરી મશાજ દ્વારા હૃદયને ધબકતું કરવાનો જોરદાર પ્રયાસ કર્યો. હાજર રહેલા જોવાની પણ હિંમત ન કરી શકે તેવું આ વિકટ કાર્ય ડો. પતરાવાલાએ એટલી તો હિંમત અને હોંશિયારીપૂર્વક પાર પાડ્યું કે કેટલીક ક્ષણો બાદ હૃદય પુનઃ ધબકતું થયું અને શ્વાસોશ્વાસ પણ ચાલું થઈ ગયો. સવારે ચતુર્વિધ શ્રી સંઘને પૂજ્યશ્રીના દર્શન થવાના હશે તેથી જ ડો. પતરાવાલાના પ્રયત્નો કામિયાબ બન્યા.

**અષાઢ વદ ૧૪ :** સવારે ૭ વાગે વૈદ્યરાજ હાર્ડીકર આવ્યા. પૂજ્યશ્રીની વૈદ્યરાજે બંને હાથની નાડી તપાસી પછી પૂ. મુનિ શ્રી કીર્તિયશવિજયજી મ.ને એક બાજુ ગેલેરીમાં લઈ જઈને વાત કરી ત્યારે બંનેના મુખપર ગંભીર ચિંતાના ભાવ હતા.

વૈદ્યરાજે પોતાની એક આંગળી ઉંચી કરતા મુનિશ્રીને કહ્યું કે, **હવે તો એક પ્રહરનું આયુષ્ય બાકી હોય તેમ લાગે છે.**

પૂજ્યશ્રીની ગંભીર સ્થિતિના સમાચાર વાયુવેગે ચારે તરફ પ્રસરી ગયા. જોતજોતામાં દર્શનાર્થીઓનો ચોતરફ પ્રવાહ ચાલુ થઈ ગયો. વિશાળ દર્શન બંગલો યાત્રાધામ જેવો બની ગયો.

**અ. વદ ૧૪** : છેલ્લા ૨-૩ કલાકનું ચિત્ર ખૂબ જ સ્પષ્ટ હતું કે હવે પૂજ્યશ્રીનો દેહ વધુ ટકે તેમ નથી.

પૂજ્યશ્રીની ભાવનાઓને લક્ષમાં રાખીને હવે માત્ર ભાવઔષધનું જ સેવન કરાવાઈ રહ્યું હતું, દ્રવ્યોપચાર બંધ કરવામાં આવ્યા હતા.

પૂ.આ.શ્રી.વિ. પુણ્યપાલસૂરિ મ., પૂ.પં.શ્રી હેમભૂષણવિજયજી મ. અને પૂ. મુનિ શ્રી કીર્તિયશવિજયજી મ. આ ત્રણેય વારાફરતી ગંભીર-મધુર સ્વરે અરિહંત-અરિહંત સંભળાવી રહ્યા હતા.

છેલ્લો અડધો કલાક બાકી રહેતા પ્રત્યેક નિર્યામકો વધુ સાવધ બની ગયા હતા.

અત્યાર સુધી નિર્યામણા કરાવતાં પૂ.આ.ભ.શ્રી પુણ્યપાલ સૂ.મ. પૂ.પં.શ્રી હેમભૂષણવિ. ગણિવરે હવે એ કાર્ય માટે પૂ.મુ. શ્રી કીર્તિયશ વિ.મ.ને આગળ કર્યા. તેમણે એ નિર્યામણા કાર્યનો પ્રારંભ કરતાં પૂર્વે એકવાર વડીલ પૂ.આ.ભ.શ્રી.વિ. સુદર્શન સૂ.મ., પૂ.આ.ભ.શ્રી.વિ. રાજતિલક સૂ.મ., પૂ.આ.ભ.શ્રી.વિ. મહોદયસૂરિ મ. પાસે પૂજ્યશ્રીને નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવ્યું.

ત્યાર પછી તેમણે માત્ર ‘અરિહંત’ પદનો નાદ ચાલુ કર્યો. સમગ્ર ધ્યાનને માત્ર ‘અરિહંત’પદમાં જ કેન્દ્રિત કર્યું. તે દરમ્યાન વચ્ચે-વચ્ચે વિવિધ પ્રશ્નો દ્વારા પૂજ્યશ્રીની સજાગતાને ચકાશી લેતાં.

અ.વ. ૧૪ સવારે ૯-૩૦ કલાકે શ્વાસની ગતિ ચિંતા જનક રીતે મંદ થતી જણાઈ. પૂ. કીર્તિયશવિજયજી મહારાજે પૂજ્યશ્રીના કાન પાસે મોઢું રાખી એવા ભાવના શબ્દો સંભળાવ્યા કે.

‘ભગવંત ! આપના માથે અનંત સિદ્ધોનો વાસ છે. આપને ત્યાં જવાનું છે ને ?

આપ સાવધ છો ને ? કૃપાનાથ !

હવે સાવધ રહેવાનો આ અવસર છે. આપ બરાબર સાવધ રહેજો.’

ડોક્ટરોના કહેવાથી હોલના મધ્યમાં ઉત્તરાભિમુખ પાટ મૂકવામાં આવી. આ હોલ તે હતો કે જ્યાં અવારનવાર શ્રી જિનેન્દ્ર જન્મમહોત્સવના પ્રતિકરૂપ સ્નાત્ર ભણાવવામાં આવતું હતું. તેથી અરિહંત ભક્તિના પુણ્ય પવિત્ર પરમાણુઓથી વ્યાપ્ત આ સ્થાન હતું.

ઘડિયાળના કાંટાએ ૯-૪૫નો સમય બતાવ્યો. તે વખતે કેટલીક ક્ષણ માટે પૂજ્યશ્રીએ આંખો ખોલી ત્યારે ઉપસ્થિત સૌના હૈયામાં આશાનો સંચાર થયો.

પૂ. મુનિ શ્રી કીર્તિયશવિજયજી મહારાજે પૂછયું કે :-

ભગવંત ! આપને જગતના જીવ માત્રનો ઉદ્ધાર કરવો છે ને ?

એ માટે આપને અરિહંત થવું છે ને ?

એ માટે હવે આપે અરિહંતના ધ્યાનમાં લીન બનવાનું છે.

આપ ‘અરિહંત’ ના ધ્યાનમાં લીન છો ને ?

આપને જે સંભળાવીએ છીએ. તે સંભળાય છે ને ? તે આપને ગમે છે ને ?

આપ બરાબર સાવધ છો ને ? આપ અરિહંતના જ ધ્યાનમાં છો ને ?

પૂજ્યશ્રીએ 'હ'કારમાં સહેજ મોઢું હલાવ્યું અને મુખમાંથી સ્પષ્ટ 'અરિહંત' શબ્દનો સ્વર પણ સંભળાયો. જે છેલ્લો હતો ચારે તરફ બેઠેલો ચતુર્વિધ સંઘ ચિંતાગ્રસ્ત હતો.

સૌના હૈયામાં અનેક પ્રકારના મંથન ચાલી રહ્યા હતા. શું ખરે જ, સંઘ નિરાધાર બની જશે ?

આપણું પુણ્ય સાચે જ પરવારી જશે ? શું આપણે અનાથ થઈ જઈશું ?

આવી વાત્સલ્યમૂર્તિનો ખરેખર વિયોગ થશે ? પછી આવો શાસ્ત્રબોધ કોણ આપશે ?

શંકાના વમળો કોણ દૂર કરશે ? અડગ શ્રદ્ધાનો દીવડો શું આમ જ બુઝાઈ જશે ?

આમ જાત-જાતના વિકલ્પો કરતાં સૌ ચિંતાતુર વદને પૂજ્યશ્રીના મુખ સામે જોઈને બેસી રહ્યા હતા.

હવે 'અરિહંત' પદનો નાદ પણ ઘેરો બની રહ્યો હતો. પૂ. મુનિ શ્રી કીર્તિયશ વિ.મ.ને લાગ્યું કે, હવે પૂજ્યશ્રી પધારી રહ્યા છે અને તેમણે એ નાદને વધુ ભવ્યતાથી પૂજ્યશ્રી સુધી પહોંચાડવા માટે વધુ ઘેરો-ઉંચો બનાવ્યો અને સાથે ચતુર્વિધ સંઘે પણ એ નાદને ઝીલવાનું શરૂ કર્યું. વર્તમાનકાળના એ અદ્વિતીય મહાપુરુષની વિદાયનો એ સમય હતો.

**દર્શન બંગલો, બંગલાની દિવાલ, દિવાલની એક-એક ઇંટ, બંગલાની હવાની એક-એક લહેર, ઉપસ્થિત રહેલ સૌના હૈયાં, આત્માના એક-એક પ્રદેશ આજે અરિહંતમય બની ગયા હતાં.**

અ. વદ ૧૪ના ૯-૫૫ મિનિટે પૂજ્યશ્રીની મંદ પણે ચાલી રહેલી શ્વાસોશ્વાસનીગતિ વિરામ પામી હોય તેવું જણાયું, બે મિનિટ પછી નાડીના ધબકારા પકડાતાં બંધ થયા. હજુ પણ ખભાનું સ્પંદન ચાલુ રહ્યું અને છેવટે બરાબર ૧૦ વાગ્યાં ત્યારે એક તરફ 'અરિહંત'પદનો નાદ પરાકાષ્ઠાએ પહોંચ્યો. તો બીજી તરફ પૂજ્યશ્રીનો દેહ નિશ્ચેષ્ટ બની ગયો. પૂ. મુનિ શ્રી કીર્તિયશવિજયજી મહારાજે ભક્ત હૃદયી ડો. પતરાવાલા તરફ અર્થ સૂચક દૃષ્ટિ કરી. તેમણે પોતાની આંખો ઢાળી દીધી. પૂજ્યશ્રી હવે નથી તેવો સ્પષ્ટ ભાવ તેમનો ચહેરો સૂચવી ગયો. એ સમયે પૂજ્ય મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી મહારાજ ઉભા થયાં, એક હાથ ઉંચો કરતાં જ 'અરિહંત' પદનો ઉચ્ચાર ધ્વનિ બંધ થયો. ઘેરી શાંતિ પથરાઈ ગઈ.

ત્યારે પૂજ્યમુનિશ્રી કીર્તિયશવિજયજી મહારાજે અત્યંત વેદનાભર્યા ગંભીર અવાજે પૂજ્યશ્રીની વિદાયને જાહેર કરતાં કહ્યું કે,

**'જૈન શાસનના જ્યોતિર્ધર, અદ્વિતીય યુગપુરુષ, શાસનસ્તંભ, શાસન સુકાની, વિરલ વ્યક્તિત્વના સ્વામી, સકળ શ્રીસંઘનું યોગક્ષેમ કરનાર એવા આપણા સૌના તારણહાર, આપણા સૌના આધાર, આપણા સૌના નાથ, આપણા સૌનું જીવન, પરમતારક ગુરુદેવશ્રીજી પરમ આરાધકભાવપૂર્વક જગતના જીવમાત્રનો ઉદ્ધાર કરવાની ભાવના કરતાં કરતાં એક માત્ર અરિહંત પદના ધ્યાનમાં લીન બનીને પરમોચ્ચ સમાધિભાવના શિખરોને સર કરતાં કરતાં પંડિત મૃત્યુને વર્યા છે. શ્રી જૈન શાસનનો જાજ્વલ્યમાન દીપક બુઝાઈ ગયો છે. હવે પૂજ્યશ્રી આપણી વચ્ચે નથી. આજે આપણે સૌ સાવ નિરાધાર-નોંધારા બની ગયા છીએ. આમ છતાં તેઓશ્રી આપણાં સૌના માથે પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજનું**

**શિરચ્છત્ર મૂકતા ગયા છે, એ એક આપણા માટે આશ્વાસન મેળવવાનું સ્થાન રહ્યું છે.** આપણને સૌને અને સમસ્ત શ્રીસંઘને ક્યારેય ન પૂરાય તેવી ખોટ પડી છે. પૂજ્યશ્રીનો દેહ છેલ્લાં કેટલાય દિવસોથી રોગથી ઘેરાઈ ગયો હતો. એમાં ય ગઈકાલની સવારથી જ અત્યાર સુધીમાં ઉપરાઉપરી વારંવાર હૃદયરોગના હુમલા આવી રહ્યા હતા. આવી વિષમ સ્થિતિમાં ય પૂજ્યશ્રીનો આરાધકભાવ, સમાધિભાવ અદ્વિતીય બન્યો રહ્યો હતો. જેમ જેમ રોગની માત્રા વધતી ગઈ તેમ તેમ પૂજ્યશ્રી પણ વધુ ને વધુ દૃઢ બનતા ગયા. રોગને પણ તેમણે આવકાર્યો. દુઃખને પણ તેમણે આવકાર્યું અને મૃત્યુનો પણ વીરોચિત સત્કાર કર્યો. મૃત્યુને પણ મહોત્સવ રૂપ બનાવનાર આ મહાપુરુષની પાછળ શોક છાજે નહિ, રડવાનું હોય નહિ. વીરપુરુષને આપણે વીરતાભરી અંજલી અર્પવાની હોય. હૈયે અપાર આઘાત હોવા છતાં એ આઘાત આપણે સૌએ જીરવી લેવાનો છે. સાધુ-સાધ્વીજી ભગવંતને ખાસ જણાવું છું કે આ પ્રસંગને લઈ લેશ. પણ રૂદન ન કરે. સૌ પોતપોતાના હૈયાને જાળવી રાખે. પૂજ્યશ્રી પરમ ગૌરવપૂર્વક જીવ્યા, પરમ ગૌરવપૂર્વક તેઓશ્રીએ વિદાય લીધી છે. આપણને સૌને એ ગૌરવનો એક અપૂર્વ વારસો આપીને ગયા છે. આપણે સૌએ એ વારસાનો ઝીલવાનો છે, જાળવવાનો છે અને આપણા સૌના એ તારણહારને એવા જ પરમ ગૌરવપૂર્વક વિદાય આપવાની છે. હૈયામાં વેદનાનો પાર નથી. બીજું વધુ બોલાય તેમ નથી. એ વેદનાને અત્યારે કોઈ શબ્દદેહ આપવો નથી. હવે તો તેઓશ્રીએ દર્શાવેલા પરમાત્માના માર્ગે ચાલવાનો યશાશક્ય પ્રયત્ન કરવો એ જ તેઓશ્રીની આરાધના-ભક્તિનો એક માર્ગ બાકી રહ્યો છે. તેઓશ્રી જ્યાં હોય ત્યાંથી આપણા સૌ ઉપર આશીર્વર્ષા કરે અને પરમાત્માના માર્ગે આગળ વધવાનું બળ પૂરું પાડે એ જ તેઓશ્રીના ચરણોમાં પુનઃ પુનઃ પ્રાર્થના ! બાકી તો આપમાં સૌનું શિરચ્છત્ર ઝૂંટવાઈ ગયું છે. ત્યારે આવી અસહાય સ્થિતિમાં વિશેષ કાંઈ બોલવા માટે હું તદ્દન અશક્ત છું. આટલું બોલતાં તો પૂ. મુનિ શ્રી અત્યંત ગળગળા થઈ ગયા અને ત્યાં ઉપસ્થિત સૌના નેત્રો અશ્રુભીના બની ગયા. વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ ગઈ. સૌની ઉપર વીજળી પડી હોય તેવું થઈ ગયું. આમ છતાં સૌએ ધીરજ ધરીને રોકકળ ન થાય એની પૂરી કાળજી રાખી. પણ પછી જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ સૌના હૈયાનાં બંધ છૂટતા ગયા.

પૂજ્યશ્રી તો પરમ શાંતિ અને સમાધિપૂર્ણ દશામાં કાળધર્મને વર્યા. પરંતુ તેઓશ્રીના સ્વર્ગગમનના સમાચાર દૂરદર્શન, દૂરવાણી, વિવિધ સમાચાર સંસ્થાઓ વગેરે માધ્યમો દ્વારા ગણતરીના કલાકોમાં દેશ-વિદેશમાં પ્રસરી ગયા ત્યારે સમગ્ર જૈન આલમે ધરતીકંપનો એક આંચકો અનુભવ્યો. શહેરની અંદરના અને બહારના સઘળા વિસ્તારોમાંથી 'દર્શન' બંગલાના આંગણામાં પધરાવેલ પૂજ્યશ્રીના પાર્થિવ દેહના દર્શનાર્થી માનવ મહેરામણ ઉભરાવા માંડ્યો, લોકોના ટોળે ટોળા ઉભરાવા શરૂ થઈ ગયા.

રાજનગરના આંગણે આવવા માટે રેલ્વે તેમજ વિમાની અધિકારીઓએ આજના દિવસે કોઈપણ પ્રકારની રોકટોક વિના લોકોને પ્રવાસની સગવડ પૂરી પાડવા દ્વારા જાણે પૂજ્યશ્રીને પોતાની અંજલિ આપી.

જામનગરથી ખાસ બોલાવાયેલા કારીગરોએ રાતભર કામ કરીને નવ શિખરવાળી ભવ્ય પાલખી તૈયાર કરી. અષાઢ વદ ૦)) + શ્રાવણ સુદ ૧ની સવારે ૯-૧૫ વાગ્યાના નિર્ધારિત સમયે **જય જય નંદા** અને **જય જય ભદ્દા**ના ગગનભેદી નાદ સાથે અંતિમયાત્રા 'દર્શન' બંગલેથી પ્રારંભ થઈ.

સમગ્ર પાલડી વિસ્તાર માનવ મહેરામણથી છવાઈ ગયો, ગુલાલના ગોટેગોટા ઉછળવાથી આકાશ પણ રક્તવર્ણવાળુ બની ગયું. સેંકડો ભાવિકોએ પોતાના ખભા પર ઉપાડેલી પાલખી જાણે માનવ મહાસાગરની સપાટી પર ધીરે ધીરે સરકતી જતી હોય તેમ શોભતી હતી. મુંબઈથી સ્વયં આવેલ જૈન સ્વયં સેવક મંડળના સુપ્રસિદ્ધ બેંડના સભ્યોએ મધુર વાજિંત્રોના નાદથી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

'દર્શન' બંગલેથી ૯-૧૫ વાગે આરંભાયેલી આ અંતિમ યાત્રા શહેરના વિવિધ માર્ગે ફરતા ફરતા અને અંતે સાબરમતી પહોંચતા લગભગ છવ્વીસ કિલોમીટર થાય - પાલખી વરસોડાની ચાલી (રામનગર) સામેના મફત ગગલની જગ્યાના નામે ઓળખાતા બત્રીસ હજારવારના વિશાળ પ્લોટમાં સાંજે ૬ વાગે પહોંચી.

અમદાવાદ શહેર અને સાબરમતી ગામના મુખ્ય માર્ગો પર નવ કલાક સુધી ફરેલી આ પાલખીના એક અંદાજ મુજબ લગભગ દશ લાખ લોકોએ દર્શન કર્યા હશે. અંતિમ સમયે સાબરમતી ૨ા થી ૩ લાખની માનવમેદની હતી. લોકોનો એવો ધસારો હતો કે પોલીસ બંદોબસ્ત ન હોય તો ઘડીભર અવ્યવસ્થા સર્જાઈ જાય.

ગુજરાતના મુખ્ય પોલીસ અધિકારી સ્વયં સ્થળે હાજર હતા. તેમની સાથે થયેલી વાતચીતમાં એવું પણ સાંભળવા મળ્યું કે ટોચના દેશ નેતાઓ કે સત્તાધીશોની અંતિમ યાત્રામાં પણ આટલી જનમેદની ક્યારેય જોઈ નથી.

મેદાનમાં અગ્નિ સંસ્કાર માટે તૈયાર કરેલા વિશાળ ઓટલા પર મુંબઈથી ખાસ ટ્રક દ્વારા આવેલ ૧૦૦૦ કિલો ચંદનના કાષ્ટની ચિતા પર પ્રાલખી ગોઠવવામાં આવી અને સવારે લાખો રૂપિયાની કેટલીક બોલીઓના આદેશ અપાયા બાદ અગ્નિ સંસ્કારની બોલી આગળ ચલાવવામાં આવી. જે અત્યંત ઝડપથી રૂપિયા એક કરોડ ઉપર સુધી પહોંચી ગઈ ત્યારે જનમેદનીમાંથી "જૈન શાસન દેવ કી જય" ના ગગનભેદી બુલંદ અવાજો વચ્ચે **સુશ્રાવક જયંતિલાલ આત્મરામ પરિવાર તથા સુશ્રાવક કલ્યાણભાઈ મણિભાઈ રાવ પરિવારને આદેશ અપાયો.** બરાબર સાંજના ૬-૩૦ કલાકે બન્ને પરિવારના સભ્યોએ વૈદ્યરાજ શ્રી હાર્ડીકરભાઈને સાથે રાખી ચિતાને ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી અગ્નિ સંસ્કારની વિધિ કરી.

OOO

**દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવની શ્રમણ પરંપરામાં ૭૭મી પાટને અને ૨૦મી સદીના અજોડ યુગપુરુષ શ્રીમદ્ આત્મારામજી મહારાજાની ૫મી પાટને પ્રકાશ પૂંજથી જાજ્વલ્યમાન કરનારા પરમતારક પૂજ્યશ્રીજી અંગે મહાપુરુષોના હૃદયોદ્‌ગાર**

(૧) સદ્ધર્મ સંરક્ષક **પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજા** 'ચીંથરે બાંધ્યું રતન' કહેતા અને

(૨) મહામહોપાધ્યાય **શ્રીમદ્ વીર વિજયજી મહારાજા** 'જબ્બર શાસન પ્રભાવક હોગા' એવું ભવિષ્ય ભાખી ચૂક્યા હતા, જે તેઓશ્રીના સુદીર્ઘ નિર્મળ જીવન અને અંતિમયાત્રાના પ્રસંગે પ્રગટપણે જોઈ શકાયું.

(૩) સંઘસ્થવિર પૂ. આચાર્યદેવ **શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા** તો તેઓશ્રીને કહેતા કે, 'તું સત્યની રક્ષામાં ઢીલો પડીશ, તો અમે માનીશું કે અમે અત્યાર સુધી લાકડાની તલવારે લડતા હતાં.'

(૪) સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ **શ્રીવિજય દાનસૂરીશ્વરજી મહારાજા**એ પોતાના અંતિમ ચાતુર્માસમાં ભાવિનો નિર્દેશ આપતાં કહેલું કે, "ભાઈ, હવે આ બધું (સિદ્ધાંત રક્ષા - સામાચારી પાલન) તારે સંભાળવાનું છે, અમે ક્યાં સુધી ?"

(૫) મેઘગંભીર **પૂ.આ.શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજા** તો સૌને કહેતાં કે, 'સમ્યગ્દર્શનનો વિષય સમજવો હોય, તો આ. રામચંદ્રસૂરિજીને સાંભળવા પડે.'

(૬) વ્યાખ્યાન વાચસ્પતિ **પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**એ જૈન-જૈનેતર લોકોને ગુણાનુરાગી-વચનોમાં કહેલું કે, 'તમે તેમને સાંભળીને મને ભૂલી જશો."

(૭) પોતાના પનોતા પટ્ટધરરત્નની વાણીમાં શાસ્ત્ર રહસ્યોનું દર્શન કરનારા **સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ.શ્રી.વિ. પ્રેમસૂરિજી મ.સા.** કહેલું કે, 'આ. શ્રી રામચંદ્રસૂરિના વ્યાખ્યાનોનું સંસ્કૃત કરી એ વ્યાખ્યાનો ભંડારોમાં ગોઠવી દેવા જોઈએ, જે ભવિષ્યમાં શાસ્ત્રગ્રંથોની ગરજ સારશે.'

(૮) પૂજ્યશ્રીજીને દીક્ષા પ્રદાન કરનારા મંગલમૂર્તિ પૂ. મુનિપ્રવર **શ્રી મંગલવિજયજી મહારાજાની દીક્ષા પ્રદાન** વેળાની અનુભૂતિ તેઓના જ ભાવમાં જોઈએ તો "દરિયાના ઝંઝાવાતી વાયરા વચ્ચે પણ નાણના દીપક અખંડ રહ્યાં, તેમ ગમે તેવા ઝંઝાવાતોમાં આ મુનિ અખંડ રહેશે."

(૯) નમસ્કાર મંત્રના મહાન આરાધક **પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે** કહેલું કે, "અમે તો કહેવાતા યોગી છીએ, સાચા યોગીશ્વર તો મારા આરાધ્યપાદ પરમ ગુરુદેવ શ્રી.વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા છે. મકાનમાં કાંઈ થાય તો આપણા ચિત્ત અકળ વકળ બની જાય છે. ત્યારે ગમે તેવા ઝંઝાવાત વચ્ચે પણ એમનું તો રૂવાડુંય ફરકતું નથી."

(૧૦) છેલ્લાં ૫૦૦ વર્ષમાં જોવા/સાંભળવા ન મળે એવા આ મહાપુરુષ થયા છે. આજે આવા મહાપુરુષ જોવા મળવા મુશ્કેલ છે. ભવિષ્યમાં આવા શાસન પ્રભાવક પુરુષ જોવા કયારે મળશે તે સવાલ છે !

**તપસ્વી સમ્રાંટ પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરિજી મ.**

(૧૧) **એક સ્થાનકવાસી સાધુના શબ્દો ટૂંકા છે.** છતાં ટકોર કરી જાય એવા છે, એઓ લખે છે : 'સેંકડો વર્ષોથી સૂતેલી જૈન પ્રજાને જાગૃત કરવા આ મહાત્માની વાણી સિંહનાદ જેવી છે. આવા સિંહોના આધારે તો જૈન શાસન ટકી રહ્યું છે.' બીજા શબ્દોમાં કહ્યું, તો હવે અંધકારનો યુગ ઓગળી રહ્યો છે અને જાગૃતિની ઉષા પ્રગટી રહી છે.'

(૧૨) **એક અન્ય ગચ્છીય આચાર્ય ભગવંતે એવા ભાવનું જણાવેલ કે,** "આવા ઝંઝાવાતી સુધારક

તોફાનોના કાળમાં જો મુનિ રામવિજયજી ન થયા હોત તો સાધુઓ બાલમંદિરમાં શિક્ષક હોત અને સાધ્વીજીઓ હોસ્પિટલમાં નર્સો હોત."

ООО

## વર્તમાનકાળના મહાપ્રભાવક આચાર્યશ્રીની ન પૂરાય તેવી ખોટ

**આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ**

**શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુભાઈ**

સુવિશાલ ગચ્છાધિપતિના કાળધર્મથી જૈન શાસનના એક પ્રભાવક આચાર્ય ભગવંતની ન પૂરાય તેવી ખોટ ઉભી થાય છે. આઠ-આઠ દશકા સુધી સંયમયાત્રાનું વહન કરનાર આચાર્ય મહારાજના ગુણાનુવાદ કરવા મારા જેવા શ્રાવક માટે કપરું કામ છે, પણ શાસનની સેવા કરવાનું જે સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે, તેને કારણે પૂ. આચાર્ય ભગવંતના પરિચયમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે અવારનવાર આવવાનું થયું. **વર્તમાનકાળના તેઓશ્રી મહાપ્રભાવક આચાર્ય હતા. જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ રાજકીય પુરુષોને પણ આચાર્યશ્રીએ ધર્મ અને રાષ્ટ્રની સમસ્યાઓ માટે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપવામાં કદી પણ ખચકાટ અનુભવ્યો ન હતો.**

બાળદીક્ષા જેવા મહત્ત્વપૂર્ણ વિવાદનો અડગતાપૂર્વક શાસ્ત્રોક્ત સિદ્ધાંત અનુસાર ઉકેલ લાવવાનો સબળ પુરુષાર્થ કર્યો હતો, તે માટે જૈન સંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે. ભદ્રકાળીના મંદિરમાં બકરાના વધ જેવા અધમ કૃત્યનો વીરતાપૂર્વક વિરોધ કરીને અબોલ પ્રાણીઓને અભયદાન અપાવનારા આચાર્ય ભગવંતના ઉપકારને અમદાવાદ સદા યાદ કરશે અને આ પ્રસંગ ઈતિહાસના પાને સદાને માટે સુવર્ણ અક્ષરે લખાશે.

તેમની ઉપદેશ શૈલી અનન્ય હતી. તેઓ હંમેશા આપણા તીર્થંકર ભગવાનોએ પ્રરૂપેલ તત્ત્વને આ પ્રમાણે સરળ ભાષામાં સૂત્રરૂપે રજૂ કરતા : **'છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ અને મેળવવા જેવો મોક્ષ' છે.** આને તેઓશ્રીએ તેમનો જીવનમંત્ર બનાવ્યો હતો, એમ લાગે છે. **ઘણા સમર્થ ભક્તોથી કાયમ સંકળાયેલા રહેતા હોવા છતાં કદી પણ તેમની શેહ-શરમ કે પ્રભાવથી અંજાતા નહિ અને માતાની જેમ કડવી પણ ઉપયોગી દવા આપવામાં ખચકાટ અનુભવતા નહીં.**

જીવદયાનું કાર્ય હોય કે તીર્થરક્ષા અથવા તીર્થનિર્માણનું કાર્ય હોય કે શાસનની રક્ષાનું કાર્ય હોય, આવા શાસનના કાર્યો માટે **તેઓશ્રીના ઉપદેશથી કરોડો રૂપિયા સરળતાથી ભેગા થઈ જતા. તેમના બોલ ઉપર શ્રાવકો પોતાની અઢળક સંપત્તિ ન્યોચ્છાવર કરી દેવામાં ધન્યતા અનુભવતા.** એ જ તેમની પુણ્યાઈ અને સંયમ સાધનાની સિદ્ધિ હતી. સાથે સાથે શ્રાવકોને ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ પણ ખરી જ.

**આજના યુગમાં આર્ય-સંસ્કૃતિ, જૈન-શાસન અને આચાર-આ બધાની સામે ખૂબ જ મોટો ભય ઉત્પન્ન થયો છે, ત્યારે સંયમધર્મ, જીવનશુદ્ધિ અને આત્મશુદ્ધિનો અવિરત માર્ગ બતાવનાર આચાર્ય ભગવંતના મહાપ્રયાણે એક ન પૂરી શકાય તેવી ખોટ ઉભી કરી છે.**

અને છેલ્લે મેં થોડા સ્વાધ્યાય દ્વારા તેમના પુસ્તકોમાંથી શ્રાવક જીવન વિશે વાંચ્યું છે કે, '**કમળ કાદવમાં પેદા થાય, પાણીથી વધે, છતાં આ બન્નેથી અલગ રહે. શ્રાવક કર્મથી જન્મે, ભોગથી વધે, છતાં આ બન્નેથી અલિપ્ત રહે. એટલે કે શ્રાવક કમળ જેવો નિર્લેપ બને.**' આપણે તેમના ચીંધેલા માર્ગે શ્રાવક બનવા પ્રયાસ કરીશું; ત્યારે જ સાચો ગુણાનુવાદ કર્યો ગણાશે. તેમના જીવનની સાધના અને ઉપદેશ આપણા માર્ગદર્શક બનશે. મતિમંદતાના કારણે મારાથી શાસનની શૈલીથી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડં માંગી સ્વર્ગસ્થ મહાપુરુષને મારી વંદનાવલી સમર્પિત કરું છું.

○○○

## અપૂર્વ ઈતિહાસ રચી જનાર એક મહાન વિભૂતિ

**શ્રી શ્રેયાંસભાઈ શાહ** તંત્રી : 'ગુજરાત સમાચાર'

આચાર્યદેવ તો જૈન શાસનમાં અપૂર્વ ઈતિહાસ રચનાર એક મહાન પ્રતિભા હતી. **શાસ્ત્રીયતાની બાબતમાં તેઓ હંમેશા દૃઢતાથી આગ્રહ રાખતા અને એની જાળવણી માટે પોતાનો જીવ પણ હોડમાં મૂકતા. તેઓએ અનેક પ્રસંગોએ અણનમ દૃઢતા રાખીને વિરોધીઓના જુવાળનો સામનો કર્યો.** તેઓ કહેતા કે, '**ભલે આકાશ-પાતાળ એક થાય, પરંતુ પ્રભુ આજ્ઞા વિરુદ્ધ એક ડગલું પણ આગળ ભરીશું નહિ.** એમના પ્રવચનોમાં આત્માના ઉદ્ધારની વાતો હોય, એમની આંખોમાં કરુણાનું અમૃત વહેતું હોય, એમના અંતરમાં ઉચ્ચ ભાવનાઓ વસેલ હતી. આવા મહાન શાસન પ્રભાવકને મારી વંદના.'

○○○

## અજોડ આલોચનાચાર્ય

**- એક આલોચક**

આત્મા ઉપર લાગેલા જુગજૂના અજ્ઞાનના અંધારા ઉલેચવા મહાન જીવન પ્રસંગો દીપકની ગરજ સારે છે. ભવાટવીમાં પરિભ્રમણ કરતાં પથિકોને મુક્તિના માર્ગે પહોંચાડવા એ પ્રસંગો ભોમિયાની ગરજ સારે છે. મધદરિયે ઝોલા ખાતી જીવન નૌકાને ભવસાગરના કિનારે પહોંચાડવા મહાપુરુષોના જીવન દીવાદાંડી તુલ્ય બની રહે છે. તેમાનાં જ એક અદ્વિતીય ગુરુદેવ પૂ.આ. શ્રીમદ્વિજયરામચંદ્રસૂરિજી મહારાજા હતા. એકવાર પૂજ્યશ્રી પાસે ભવાલોચના ગ્રહણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. પૂજ્યપાદશ્રીજીની પાસે આલોચના ગ્રહણ કરવાની તક પણ પુણ્યોદય હોય તો જ મળે. ભવમાં ભ્રમણ કરતાં આવા સદ્ગુરુ મળવા પણ દુર્લભ, અતિદુર્લભ છે. નિઃશલ્ય ભાવે આલોચનાના પ્રત્યેક સ્થાન પૂજ્યશ્રી પાસે સમ્યગ્ સમજી જાણી પ્રત્યેક આલોચના પૂજ્યશ્રીને નમ્રભાવે જણાવી. મારી આંખમાં ત્યારે પશ્ચાત્તાપના આંસુ હતા. પૂજ્યશ્રીનો વાત્સલ્ય ભર્યો હાથ મારા મસ્તક ઉપર ફરતો હતો. મેં કહ્યું, 'સાહેબજી ! હું કેટલો પાપી છું ? આવું અનુપમ શાસન ન મળ્યું હોત તો મારું શું થાત ?' સાહેબજીએ કહ્યું, 'ભાગ્યશાળી ! તું પાપી નહિ, પણ પુણ્યશાળી છે. પાપીઓના જ નહિ મહાપાપીઓના પણ પાપોનું પ્રક્ષાલન કરનારું જિનશાસન

તને મળ્યું છે. પાપી પાપો કરે છે, જ્યારે પુણ્યશાળી હોય, તે જ પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શકે છે. પાપની શુદ્ધિ માટે પ્રથમ પશ્ચાત્તાપનો પાવક પ્રગટાવવો પડે છે, અને તે પાવકમાં જ્યારે પાપ રાખ થઈ જાય છે, ત્યારે આત્મા નિર્મળ હળવો ફૂલ બને છે. તું પણ પ્રાયશ્ચિત્ત સ્વીકારી પુણ્યશાળી બન્યો છે. આજે ય એ આલોચના પ્રસંગ આંખ સામે તરવરી રહ્યો છે અને એમ થાય છે કે, આવા ગંભીર અને સાથે ગીતાર્થ આલોચનાચાર્યનો પુનઃ ભેટો હવે ક્યારેય થશે ખરો ?

ooo

## મહાપ્રભાવક મહાપુરુષ

**- શ્રી ગુણાનુરાગી**

લેખનો પ્રારંભ કરતા એ સ્પષ્ટતા કરી લઉં કે હું પૂ.આ.શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો ગુણાનુરાગી હોવા છતાં **જેને એક તિથિ તરીકે ઓળખવામાં આવે છે એવા પક્ષનો હું છું.** એથી ઉપનામથી જ આ લેખ છપાય, તો વધુ સારું ! આવી અપેક્ષા રાખીને આગળ વધું છું.

ત્રિકાલાબાધિત એવા પ્રભુ વીરના આ શાસનને વફાદાર એવા ઘણા ઘણા પૂ.આચાર્ય ભગવંતો થઈ ગયા કે, જેમની સેવાથી શાસનને અનેકવિધ લાભો થયા હોય. તેમાં પણ છેલ્લી સદીમાં તપાગચ્છમાં એવા એવા સત્યને સમર્પિત સૂરિભગવંતો થઈ ગયા કે, જેમના કાર્યક્ષેત્ર જુદા જુદા હોવા છતાં જેમના કાર્યોથી શાસનની શોભા વધી હોય. આવી શક્તિઓમાં સુવિશાળ ગચ્છાધિપતિ પૂ.આચાર્ય મહારાજ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીનું જીવન ઝળહળતા એક ચિંતામણિ રત્ન જેવું વિશિષ્ટ હતું. એમના જીવનમાં રત્ન જેવો ઝળહળાટ હતો, મેરૂપર્વત જેવી અડોલતા હતી અને પુષ્પ જેવી કોમળતા પણ હતી. આવો ત્રિવેણીનો સંગમ ભાગ્યે જ જોવા મળે !

તેઓશ્રી ખાસ કરીને આગવી અને સરળ પ્રવચન શક્તિથી આગળ આવ્યા, વખણાયા અને આરાધક રક્ષક પ્રભાવક રહીને જીવનની અંતિમ પળ સુધી શાસનની શાન વધારતા જ રહ્યા. દીક્ષા ગ્રહણ કર્યા બાદ એઓશ્રીએ પૂ.આ.શ્રી.વિ. દાનસૂરિજી મહારાજા તથા પૂ.આ.શ્રી.વિ. પ્રેમસૂરિજી મહારાજા પાસે એવી રીતે શાસ્ત્રબોધ ગ્રહણ કર્યો કે, થોડા જ સમયમાં પ્રવચનની પાટને શોભાવવાની શક્તિ ખીલી ઉઠી. જીવનકાળ દરમિયાન અનેક પ્રશ્નો જાગ્યા, એમાં એમનું માર્ગદર્શન ખૂબ જ મહત્વનું રહ્યું. તિથિચર્ચાના ઉકેલ માટે તેઓ શાસ્ત્રને વચ્ચે રાખીને વિચારણા કરવા તૈયાર રહ્યા, પણ છેવટ સુધી આ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી.

શાસનની રક્ષાની સાથે સાથે શાસન પ્રભાવનાના કાર્યો પણ તેમની નિશ્રામાં ઢગલા બંધ ઉજવાયા. પ્રતિષ્ઠા, અંજન શલાકા મહોત્સવ, સંઘ, ઉપધાન, સંઘપૂજન આદિ તો એમના પગલે પગલે થયા જ કરતા. એકી સાથે ઠાઠમાઠથી ઘણી દીક્ષાઓ પણ બે-ત્રણ વાર થવા પામી. હસ્તગિરિ તીર્થના બેનમૂન ઉદ્‌ધારના ઉપદેશક તરીકે તેઓશ્રી ઈતિહાસના પાને અમર બની રહેશે. એમનો પોતાનો શિષ્યવર્ગ અને સમુદાય ખૂબ જ વિશાળ હતો, જેના તપ ત્યાગની સુવાસ બધે ફેલાયેલી છે. પ્રેમાભાઈ હોલ (અમદાવાદ)માં

આપેલા એમના વ્યાખ્યાનોથી એ જમાનામાં આખા ગુજરાતમાં આકર્ષણ પેદા થયું હતું. મતમતાંતરો, સામાચારી ભેદ આદિ તો પૂર્વકાળથી જ ચાલ્યાં આવે છે. આમ છતાં પૂ.આ.શ્રી.વિ. રામચન્દ્રસૂરિજી મહારાજે શાસનના સત્યોને ટકાવવામાં જે ફાળો આપ્યો છે, એ અદ્વિતીય છે. એની જેટલી પ્રશંસા થાય, એટલી ઓછી જ રહેવાની. **શાસન પ્રત્યેની એમની વફાદારી, કોઈપણ પ્રકરણમાં હિંમતપૂર્વક અસત્યનો સામનો કરવાની એમની વીરતા, ખુમારી પૂર્વકનું તેમનું જીવન વગેરેની જોડ જડવી મુશ્કેલ ગણાય.**

જેવું પ્રભાવક જીવન તેઓ જીવ્યા, એવી જ પ્રભાવકતા પાથરતાં પાથરતાં એમની જીવનયાત્રા પૂર્ણ થઈ. છેલ્લા ઘણા વર્ષોમાં કોઈને મળવા પામ્યું નહોય, એવું અદ્‌ભુત માન સન્માન તેમને અમદાવાદ જ નહિ, સમગ્ર ગુજરાત ઉપરાંત કેટલાય ઠેકાણેથી સ્વર્ગવાસ બાદ પણ મળવા પામ્યું. આવા મહાપ્રભાવક મહાપુરુષને વંદના... વંદના... વંદના...

OOO

પરમશાસન પ્રભાવક, દીક્ષાયુગ પ્રવર્તક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયના વિ.સં. ૨૦૬૫ આસો વદ ૦)) તા. ૧૮-૧૦-૨૦૦૯ સુધીની વિદ્યમાન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા.

| | | | |
|---|---|---|---|
| પૂ. આચાર્ય ભગવંતો | ૨૨ | સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ.ના | ૧૯૬ |
| પૂ. ઉપાધ્યાય ભગવંતો | ૨ | સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મ. ના | ૩૦૮ |
| પૂ. પંન્યાસ ભગવંતો | ૨૬ | સાધ્વીજી શ્રી ખાન્તિશ્રીજી મ.ના | ૮૨ |
| પૂ. ગણિવર ભગવંતો | ૯ | સાધ્વીજી શ્રી હેમશ્રીજી મ.ના | ૨૦૧ |
| પૂ. મુનિ ભગવંતો | ૩૦૭ | સાધ્વીજી શ્રી પૂ. બાપજી મ.ના | ૧૫૬ |
| | કુલ ૩૬૬ | અન્ય પૂ. સાધ્વીજી | ૨૩ |
| | | | કુલ ૯૬૬ |

પૂ. સાધુ ભગવંતો ૩૬૬ + પૂ. સાધ્વીજી ભગવંતો ૯૬૬ = કુલ સંખ્યા ૧૩૩૨

વર્તમાન સમયે જૈનોના ચારે ફીરકાઓમાં ગણાતા સઘળાં સમુદાયો કરતાં પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયમાં સૌથી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા છે.

- ચારે ફીરકામાં શ્વેતાંબરોની સાધુ-સાધ્વી સંખ્યા સર્વાધિક છે.
- શ્વેતાંબરોમાં મૂર્તિપૂજકોની સાધુ-સાધ્વી સંખ્યા સર્વાધિક છે.
- મૂર્તિપૂજકોમાં તપાગચ્છની સાધુ-સાધ્વી સંખ્યા સર્વાધિક છે.
- તપાગચ્છમાં પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂ.મ.ના સમુદાયની સાધુ-સાધ્વી સંખ્યા સર્વાધિક છે.

## પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં છ'રી' પાલક યાત્રા સંઘો -

વિ.સં. ૧૯૯૪ કરાડથી કુંભોજગિરિ તીર્થ મોહનલાલ દોલતરામ પેથાપુરવાળા હીરાચંદ મનોહરદાસ વડુથવાળા

વિ.સં. ૨૦૦૮ પાદરલીથી રાણપુર શ્રી ભબુતમલ આઈદાનમલ

વિ.સં. ૨૦૧૬ સાદડીથી મારવાડની મોટી પંચતીર્થી શ્રી ગોવિંદજી જેવત ખોના (રાણકપુરમાં માળારોપણ)

વિ.સં. ૨૦૧૭ રાણપુરથી પાલીતાણા શ્રી હરખચંદજી કાંકરીયા

વિ.સં. ૨૦૧૮ રાજકોટ થી જુનાગઢ (ગિરનાર તીર્થ) શ્રી દામોદરદાસ ઝીણાભાઈ

વિ.સં. ૨૦૨૦ અમદાવાદ થી પાનસર

વિ.સં. ૨૦૨૦ રોહીડાથી દીયાણાજી મીઠાલાલ તિલોકચંદજી

(હાલ પૂ.મુ. શ્રી પ્રીતિવર્ધન વિ. મ.)

વિ.સં. ૨૦૨૫ ખંભાતથી પાલીતાણા ગોવિંદજી જેવત ખોના

વિ.સં. ૨૦૨૫ તળાજાથી પાલીતાણા કપૂરચંદજી અનરાજજી

વિ.સં. ૨૦૨૫ ચલાળાથી પાલીતાણા નાનચંદ જૂઠાભાઈ

વિ.સં. ૨૦૨૬ જામનગરથી જૂનાગઢ શ્રી હરખચંદજી કાંકરીયા

વિ.સં. ૨૦૨૭ નાણાથી આબુ શ્રી ઉદેચંદજી ચત્રભાણજી

વિ.સં. ૨૦૩૪ સુરતથી પાલીતાણા શ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ પરિવાર

વિ.સં. ૨૦૩૫ ખંભાતથી પાલીતાણા શ્રી મંગલદાસ માનચંદ પરિવાર

વિ.સં. ૨૦૩૮ અમદાવાદથી શ્રી શંખેશ્વરજી તીર્થ શ્રી પરસોત્તમદાસ છોટાલાલ પરિવાર

વિ.સં. ૨૦૩૮ રાધનપુરથી શંખેશ્વરજી શ્રી કાન્તિલાલ ગીરધરલાલ વોરા

વિ.સં. ૨૦૪૦ અમદાવાદથી પાલીતાણા શ્રી જયંતિલાલ આત્મારામ તથા શ્રી પરસોત્તમદાસ છોટાલાલ

વિ.સં. ૨૦૪૨ અમદાવાદ થી શેરીસા શ્રી પોપટલાલ તારાચંદ

વિ.સં. ૨૦૪૫ ભરૂચથી શ્રી ગંધારતીર્થ શ્રી ચંદુલાલ જેશીંગભાઈ

વિ.સં. ૨૦૪૫ અમદાવાદથી પાલીતાણા શ્રી રીખવચંદજી છોગાલાલજી ગોલેચ્છા પરિવાર

તા.ક. : વિ.સં. ૨૦૦૦માં અમદાવાદમાં ઝવેરી લાલભાઈ ચંદુલાલ તરફથી શહેરયાત્રા નીકળી હતી.

## ઉપધાન તપ :

(૧) વિ.સં. ૧૯૮૭ મુંબઈ-અંધેરી

(૨) વિ.સં. ૧૯૯૪ પૂના કેમ્પ, ચાંદુર (રાજ.ના) શેઠ કસ્તૂચંદજી ખેંગારજી

(ઉપધાન માલારોપણનો અઢી માઈલ લાંબો વરઘોડો નીકળ્યો હતો.)

(૩) વિ.સં. ૧૯૯૪-કરાડ (૪) વિ.સં. ૧૯૯૫-કોલ્હાપુર

(૫) વિ.સં. ૧૯૯૮-મુંબઈ-અંધેરી (ઈર્લા), શેઠ માણેકલાલ ચુનીલાલ

(૬) વિ.સં. ૧૯૯૯-પાલીતાણા-કંકુબાઈની ધર્મશાળામાં ગઢશીવાણાવાળા આશુરામજી તરફથી

(૭) વિ.સં. ૨૦૧૧-કલકત્તા-કેનીંગસ્ટ્રીટ (૮) વિ.સં. ૨૦૧૯-ઉસ્માનપુરા (અમદાવાદ)

(૯) વિ.સં. ૨૦૨૫-(દહેવાણનગર) ખંભાત બાબુભાઈ દહેવાણવાળા

(૧૦) વિ.સં. ૨૦૨૯-ચંદનબાળા-મુંબઈ માનચંદ દીપચંદ (મંગલદાસ) જૂઠાભાઈ પ્રાગજીભાઈ (નાનચંદભાઈ) (૧૧) વિ.સં. ૨૦૪૧-હસ્તગિરિજી-પાલીતાણા

(૧૨) વિ.સં. ૨૦૪૫-પાલીતાણા (અરીસાભુવન)

○○○

## સુકૃતની સાગર સમી સરવાણી

જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ, વ્યાખ્યાન વાચસ્પતિ, પરમતારક પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મ.ની અંતિમ માંદગી અને અંતિમ સાધનાકાળ દરમ્યાન ચતુર્વિધ શ્રીસંઘમાંથી ખૂબ જ વિશાળ પ્રમાણમાં અનેક વિધ સુકૃતો પૂજ્યશ્રીજીને સંભળાવવામાં આવેલ, તેમાંથી કેટલીક યાદી વાચકોની જાણ માટે અને અનુમોદનાર્થે અત્રે રજૂ કરવામાં આવે છે.

| | |
|---|---|
| કુલ ૨૨,૮૮,૮૯,૮૫૦ સ્વાધ્યાય, | ૨,૨૦,૭૫૨ ખમાસમણા, |
| ૩૪૩ અઠ્ઠમ, | ૪૫,૫૯૭ સામાયિક, |
| ૨૮૯ છઠ્ઠ, | રૂપિયા ૧૬,૦૬,૯૧૧ શુભખાતે રકમ, |
| ૪,૬૨૫ ઉપવાસ, | રૂપિયા ૧,૮૪,૮૬૯ જીવદયા ખાતે રકમ, |
| ૧૪,૮૭૧ આયંબિલ, | રૂપિયા ૧,૩૦,૦૦૧ વેયાવચ્ચ ખાતે રકમ, |
| ૨૨,૨૮૭ એકાસણાં, | રૂપિયા૧,૧૦,૦૦૧ હસ્તગિરિ તીર્થ ખાતે, |
| ૧૩,૮૨૭ બેસણાં, | રૂપિયા ૪૫૦ જીવ છોડાવવાના |
| ૨,૨૦,૯૦૭ કલાક મૌન, | |
| ૪૦.૦૦૦ લોગસ્સ કાયોત્સર્ગ | |

**સૌજન્ય :**

અષ્ટકર્મચૂરક આઠમા અધિપતિ અમારા ગૃહ મંદિરે બિરાજમાન શ્રી ચન્દ્રપ્રભસ્વામી, અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી તથા પરમોપકારી ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી.વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની અસીમકૃપાથી, પ.પૂ.આ.શ્રી. વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મ.સા. અને પ.પૂ.આ.શ્રી.વિજય **નયવર્ધનસૂરીશ્વરજી** મ.સા.ના આશીર્વાદથી તથા બેન મ.પૂ.સાધ્વીજી શ્રી **લલિતરત્નાશ્રીજી** મ., પૂ.સા.શ્રી **મુક્તિરત્નાશ્રીજી** મ., પૂ.સા.શ્રી **ભવ્યરત્નાશ્રીજી** મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે

સુદેવ-સુગુરુ-સધર્મનો અમૂલ્ય વારસો આપનાર ઉપકારી વાંકાનેર નિવાસી

**માતુશ્રી રેવાબેન વ્રજલાલ અંદરજી લાકડાવાળા**ના આશીર્વાદથી

**હસ્તે : રાજુભાઈ લાકડાવાળા, કીર્તિદાબેન, સિદ્ધાર્થ, નમ્રતા,**

**અરમાન, ચિરાગ, પૂજા, માહી, ધ્રીશાન. સર્વોદયનગર, ભુલેશ્વર, મુંબઈ.** તથા

સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાથી

સમ્યગ્ માર્ગદર્શન અને સદ્ધર્મ પામનાર

ઉપકારી **માતુશ્રી શાંતાબેન રવજીભાઈ કલ્યાણજીભાઈ શાહ પરિવાર**

**હસ્તે : કીર્તિભાઈ, નીરૂપાબેન, જીનીત, સિદ્ધાર્થ, નમ્રતા, અરમાન આધોઈ** (કચ્છ - વાગડ)

૧૦૭-એ, ચંદ્રલોક, નેપયન્સી રોડ, મુંબઈ




## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ખુશાલચંદ |
| જન્મ | : વિ.સં. ૧૯૫૫ મ. વદ ૧૧ વડજ (ડભોઈ) |
| માતા | : મુક્તાબેન |
| પિતા | : મગનલાલ દલપતભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૭૮ પ્રથમ જે. વદ ૧૧ ગોહિલી (રાજસ્થાન) |
| દીક્ષાની ઉંમર | : ૨૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રી પ્રેમવિજયજી મ. |

| | |
|---|---|
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી જંબુવિજય મ. |
| ગણિપદવી | : વિ.સં. ૧૯૯૦ મ. સુદ-૧૦ **અમદાવાદ** |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૨ ફા. સુદ ૪ **અમદાવાદ.** |
| ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૯૯૨ વૈ.સુદ ૬ **મુંબઈ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૩ **અમદાવાદ** |
| આ. પદ પર્યાય | : ૩૩ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૪ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૩૨ મા. સુદ પ્રથમ ૮ ભાયખલા મુંબઈ |
| આયુષ્ય | : ૭૭ વર્ષ |

**સૌજન્ય : શાશ્વત પરિવાર. દીપક જ્યોતિ ટાવર, કાલાચોકી, મુંબઈ.**
ચુનીલાલ સાકલચંદજી જસાજી ફાગણીયા-લુણાવા. સંતોકચંદજી મગરાજજી નેનાજી સોલંકી-લુણાવા.
કેસરીમલજી હિરાચંદજી ભિલોસાવોરા-શિવગંજ, મોહનલાલ ગેનમલજી રાજાવત-ખુડાલા

સમર્થ સાહિત્ય સર્જક, આગમપ્રજ્ઞ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજા

પ. પૂ. આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ જેમ સંયમના જાગૃત સાધક હતા, તેમ શ્રુતના પણ સતત ઉપાસક હતા. શીલ અને પ્રજ્ઞાની નિષ્ઠાભરી ઉપાસના દ્વારા પૂજ્યશ્રીએ પોતાના ચારિત્રને ઉજ્જવળ અને શોભાયમાન કર્યું હતું.

**જન્મ-માતા-પિતા :**

શીલ-પ્રજ્ઞાના પુંજ સમા જૈન સંઘના મહાન જ્યોતિર્ધર અને વિવિધ વિષયના અને વિવિધ ભાષાના સંખ્યાબંધ શાસ્ત્રગ્રંથોના સર્જક પૂજ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાની અંતિમ સાધનાથી પાવન બનેલી દક્ષિણ ગુજરાતની **ડભોઈ** (દર્ભાવતી) નગરી તેઓશ્રીની **જન્મભૂમિ** હતી. જ્યાં મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ દ્વારા નિર્મિત ડભોઈનો કિલ્લો શિલ્પ-સ્થાપત્યની આગવી કલા ઉપસાવતો આજે પણ ઊભો છે. ત્યાં **વડજવાસી શાહ મગનલાલ દલપતભાઈ** અને તેમના ધર્મપત્ની **મુક્તાબહેન** ધર્મમય જીવન વીતાવતા હતા. વિ.સં. **૧૯૫૫ના મહા વદ ૧૧ને** દિવસે એમને આંગણે એક પુત્રરત્નનો **જન્મ** થયો. પિતાએ પુત્રનું નામ **ખુશાલચંદ** રાખ્યું. નાનપણથી જ ખુશાલચંદ જેવા ભણવા-ગણવામાં **હોંશિયાર** હતા, તેવા ધાર્મિક ક્રિયાઓમાં પણ રસ-રુચિ ધરાવતા હતા.

**વૈરાગ્ય :**

ખુશાલચંદ જ્યારે ૧૩ વર્ષના હતા ત્યારે તેમના એક બહેન વિ.સં. ૧૯૬૮માં દીક્ષિત થઈ સાધ્વી શ્રી કલ્યાણશ્રીજી મ. બન્યા. તે દીક્ષા પ્રસંગ જોઈને ખુશાલચંદના માનસ પર વૈરાગ્યની રેખાઓ દૃઢ બની હતી. પરંતુ તે જમાનામાં સંયમ સ્વીકારવાની વાત સહેલાઈથી સમાજમાં સ્વીકારાતી ન હતી. ખુશાલચંદનું મન વૈરાગ્ય અને સમાજના આગ્રહ વચ્ચે ઝોલા ખાતું હતું. મુનિવરોની વાણીનું શ્રવણ, પોતાની કુશાગ્રબુદ્ધિ અને સતેજ સ્મૃતિશક્તિ તેમને સંસારની હેયતા માટે સ્થિર કરી શકી; પરંતુ કર્મના બંધનો અફર હોય છે. ભોગની ભૂતવળોથી દૂર ભાગનારાઓને પણ ભોગાવલી છોડતી નથી. ખુશાલચંદને પણ સંસારની શૃંખલાઓથી બંધાવું પડ્યું. મોટાભાઈ બાપુભાઈ અને પાનાચંદભાઈને વ્યાપારમાં સહાય કરવા ધંધામાં પણ જોડાવું પડ્યું. કુટુંબીજનોએ ખુશાલચંદને લગ્નગ્રંથીથી બાંધી દીધા અને એક પુત્રના જન્મથી એ બંધન વધુ દૃઢ થયું.

સદ્ધર્મ સંરક્ષક, સુરિપુરંદર પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજાના નેતૃત્વમાં મુનિવરોએ શ્રીસંઘમાં વૈરાગ્ય અને વીરતાના પડઘમ વગાડ્યાં હતાં. શાસનમાન્ય, પરમ ગીતાર્થ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાની વીરહાક મોહનિદ્રામાં મસ્ત બનેલાને ઢંઢોળીને જગાડવા શક્તિમાન હતી. જિનવાણીના જાદુગર પૂ.મુનિવર્ય શ્રી રામવિજયજી મહારાજની વેધકવાણી કાજળકાળાં હૈયાઓમાં પણ સત્યપ્રકાશ પાથરી ઉજાસની ઉજ્જ્વળતા કરી રહી હતી. એવા એ મહાપુરુષોનું ડભોઈમાં આગમન ભાઈ ખુશાલને ખુશ-હાલ કરી ગયું. સંયમમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજે તો ખુશાલચંદના લલાટની લકીરને ઓળખી લઈને, તેનો હાથ પકડીને કહ્યું પણ ખરું કે, 'કેમ, સંસારમાં મજા આવે છે ? સંયમ ક્યારે લેવું છે ?' આ વચનો ખુશાલચંદના હૈયાને હચમચાવી ગયાં. એવામાં એક વખત રૂ-કપાસના ધીકતા ધંધામાં નવાં માલનાં ગાડાં ખાલી કરાવતાં. તેમાંથી બે ત્રણ બિલાડીનાં બચ્ચાંને જીવતાં નીકળતાં જોઈને વિચાર આવ્યો કે જો ખ્યાલ ન રહ્યો હોત તો આ બચ્ચાંનું શું થાત ! અહાહા... આ સંસારનાં કાર્યો તો પાપનાં પોટલા બાંધવાનાં કાર્યો છે; આમાંથી શે છૂટાય ! બીજી વખત, એકવાર પોતાનાં નાના સંતાનને દૂધ આપવાનું હતું. ત્યારે તેમાં ચડેલી કીડીઓ જોઈને તેમનું સંસાર પરથી મન ઊતરી ગયું.

### દીક્ષા :

પુત્ર, પત્ની, કુટુંબીજનોને છોડીને 'સુવર્ણ ખરીદવા જાઉં છું' એવું બહાનું કાઢીને ખુશાલચંદભાઈ ઘેરથી નીકળી ગયા અને પૂ. ગુરુદેવો રાજસ્થાનમાં વિચરી રહ્યા છે તેની જાણ હતી તેથી રાજસ્થાન પહોંચ્યા. પૂ. ગુરુદેવની છત્રછાયામાં પહોંચવા સુધી રાહ જોયા વિના પોતાના હાથમાં પહેરેલી સોનાની વીંટીનું દાન કરી **શિરોહીના જિનમંદિરમાં જાતે જ મૂંડન કરાવી સાધુવેશ પરિધાન કરી લીધો** અને પછી પૂ. ગુરુદેવ પાસે પહોંચ્યા અને કહ્યું કે, 'ગુરુદેવ ! હવે મને આપનો શિષ્ય બનાવો.' પૂ. **શ્રી પ્રેમવિજયજી મહારાજે રાજસ્થાનના** ગોહિલી ગામમાં **વિ.સં. ૧૯૭૮ ના પ્રથમ જેઠ વદ ૧૧ના શુભ દિને દીક્ષા આપી મુનિશ્રી જંબૂવિજયજી મ. નામે પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા.** મોહમગ્ન પરિવારને સમાચાર મળતાં સૌ આવી પહોંચ્યા. મોહનું તાંડવનૃત્ય શરૂ થયું. પરંતુ પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજની (દીક્ષા યુગ પ્રવર્તક પ.પૂ.આ.દે.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની) સમજાવટથી અને પોતાના અદ્‌ભુત ધૈર્યથી સૌને શાંત કર્યા. સૌ નૂતન મુનિવરને પ્રણામ કરી પાછા વળ્યા. વિઘ્નોનાં વાદળા વિખરાયાં.

### જ્ઞાનાભ્યાસ :

મુનિવરના જીવનપથમાં જ્ઞાન સાધના અને તપસાધનાના ઉજળા દિવસો પ્રકાશિત થયા. મુનિ શ્રી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં અહોનિશ આરાધનામાં નિમગ્ન રહેવા લાગ્યા. તેઓશ્રીએ પોતાના વડીલ ગુરુભ્રાતા પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ. પાસે જ્ઞાનસાધનાનો પ્રારંભ કર્યો. પરિણામે પૂજ્યશ્રી આગમશાસ્ત્રોના ગહન અને પ્રખર અભ્યાસી બનવાથી સંઘમાં 'આગમપ્રજ્ઞ' મુનિવર તરીકે વિખ્યાત થઈ ગયા.

### ગણી પંન્યાસ ઉપા. આચાર્ય પદ :

પૂજ્યશ્રીની તપ-જ્ઞાનની દિન-પ્રતિદિન પ્રગતિને પરિણામે પ્રગટેલી યોગ્યતાને જોવાથી તેઓશ્રીને **વિ.સં. ૧૯૯૦માં અમદાવાદમાં મહા સુદ ૧૦ના ગણિપદથી અને ફા.સુ. ૪ના પંન્યાસપદથી,**

**વિ.સં. ૧૯૯૨માં વૈ.સુ.૬ના મુંબઈમાં ઉપાધ્યાયપદથી અને વિ.સં. ૧૯૯૯માં ફા.સુ. ૩ના રાજનગર-અમદાવાદમાં આચાર્યપદથી અલંકૃત કરવામાં** આવ્યા. ત્યારથી પ. પૂ. **આચાર્ય શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજા તરીકે** તેઓશ્રી પ્રસિદ્ધિને પામ્યા.

ધર્મશાસ્ત્રોનું પરિશીલન અને અધ્યયન એ જેમ તેઓશ્રીની સંયમ સાધનાનો નિત્યક્રમ હતો, તેમ પ્રાચીન ગ્રંથોનું સંશોધન તથા ગુજરાતી ભાષામાં ધર્મસાહિત્યનું સર્જન એ તેઓશ્રીનું નોંધપાત્ર અર્પણ હતું. તીક્ષ્ણ બુદ્ધિ અને સતેજ સ્મરણ શક્તિને લીધે દિવસો પૂર્વેનાં શ્રવણ કરેલાં પ્રવચનોનું પૂજ્યશ્રી યથાવત્ અવતરણ કરી શકતા. **'તિથિદિન અને પર્વારાધન'** આદિ વિષયોને લગતાં સન્માર્ગદર્શક સાહિત્યનું પૂજ્યશ્રીનાં હાથે કરાયેલું સંકલન સંપાદન આજે પણ આ વાતની શાખ પૂરે છે. તે સમયે જે જે સત્યોની રક્ષા થઈ છે, તેમાં પૂજ્યશ્રીનો અમૂલ્ય ફાળો હતો. શાસનના સત્યોની રક્ષા કરવામાં જેમ મોખરે હતાં. તેમ વ્યક્તિગત આરાધના તપશ્ચર્યામાં પર્વ તિથિના ઉપવાસ આદિ કરતાં.

પૂજ્યશ્રીના ઉપદેશથી જન્મભૂમિ ડભોઈમાં **'આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર'** તેઓશ્રીની જીવંત કીર્તિગાથા ગાતુ શોભી રહ્યું છે. 'આર્ય જંબૂ'માં પૂજ્યશ્રીના નામનો ને 'મુક્તાબાઈ' શબ્દમાં પૂજ્યશ્રીની માતાનો નિર્દેશ કરીને પૂજ્યશ્રી પ્રત્યેનું ઋણ શ્રીસંઘે અદા કર્યું છે. આ જ્ઞાનમંદિર પ્રાચીન હસ્તપ્રતોનું અભયારણ્ય જેવું લાગે છે. અસંખ્ય હસ્તપ્રતો આ સંસ્થામાં સચવાયેલી છે.

## સિદ્ધાંતનિષ્ઠા :

તેઓશ્રીની સૈદ્ધાંતિક બાબતોમાં નિષ્ઠા અને સત્યમાર્ગની પ્રરૂપણામાં નિર્ભીકતા તેઓશ્રીના લેખિત-સંપાદિત ગ્રંથોથી અને ધર્મસંગ્રહ-ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના આદિથી સ્પષ્ટ થાય છે. પૂજ્યશ્રીએ સત્યને ક્યારેય આંચ આવવા દીધી નથી. તેથી જ તેઓશ્રીએ પોતાના ગુરુદેવશ્રી પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મ પછી સૈદ્ધાંતિક બાબતોમાં સત્યના પક્ષે રહીને તપાગચ્છાધિપતિ **પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા શિરોધાર્ય કરી હતી.** તેમજ તેઓશ્રીના શિષ્ય પરિવારે પણ પોતાના ગુરુદેવના કાળધર્મ બાદ તપાગચ્છાધિપતિશ્રીની આજ્ઞા શિરોધાર્ય કરી હતી.

## અંતિમ આરાધના :

**વિ.સં. ૨૦૩૨ના માગસર સુ. પ્ર. ૮ના તેઓશ્રી ભાયખલા-મુંબઈ મુકામે કાળધર્મ પામ્યા.** ત્યાં સુધી રાજસ્થાન, માળવા, મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોની ભૂમિને પાવન કરતાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાન-ઉદ્યાપનો, દીક્ષા મહોત્સવો, પદપ્રદાન મહોત્સવો, સંઘયાત્રાઓ આદિ અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો પૂજ્યશ્રીની નિશ્રામાં થયાં હતાં. છેલ્લે ઘાટકોપર-મુંબઈમાં દીક્ષામહોત્સવ પછી પૂના પધારતાં વડીલ ગુરુબંધુ વ્યાખ્યાનવાચસ્પતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ પામી **ભાયખલા પધાર્યા.** ઘણા સમયથી શરીર ક્ષીણ થતું ચાલ્યું હતું. કેટલીક અસહ્ય વ્યાધિઓ પણ પીડા કરી રહી હતી. એ અસહ્ય વ્યાધિમાં **સમાધિને સુસ્થિર બનાવી પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવી ૫૪ વર્ષની સંયમસાધનામાં** અનેકવિધ શાસન પ્રભાવના કરી જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવી ગયા.

શાસન શણગાર

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મહારાજા

સંઘ સન્માર્ગદર્શક, પરમશાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રથમ વિનેય શિષ્યરત્ન પૂ.આ. શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મહારાજ શાસનના અનુપમ શણગાર સમા શોભતા હતા.

પૂજ્યશ્રીની **જન્મભૂમિ ઉદયપુર**ના એક ઉપનગર સમા **દેવાલી** મુકામે હતી. ત્યાં મેહતા ગોત્રમાં ધર્મપ્રેમી શ્રી **લછમીલાલ**ની શીલવતી-પુણ્યશાળી **કંકુબાઈ** ધર્મપત્નીની રત્નકુક્ષિએ **વિ.સં. ૧૯૬૩ના મહા સુદ ૧૩ ને શુભ** દિને એક પુત્રરત્નનો જન્મ થયો. **પુત્રનું નામ ભગવતીલાલ** પાડ્યું. કુટુંબમાં ધર્મપ્રીતિ તો પહેલેથી જ હતી; તેમાં પૂર્વજન્મના પુણ્યને પ્રભાવે ભગવતીલાલને ધાર્મિક સંસ્કારોમાં ઊંડો રસ પડતો હતો.

## વૈરાગ્ય અને દીક્ષા :

તેઓશ્રીએ **નવ વર્ષની વયે પિતા** અને **અગીયાર વર્ષની વયે માતા ગુમાવ્યા.** અણધારી આ ઘટનાઓ પછી સંસારની અસારતા ભગવતીલાલને કોરી ખાવા માંડી. વિ.સં. ૧૯૭૬માં પૂ.આ.શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ ઉદયપુરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તેઓશ્રીનાં પાવનકારી પ્રવચનોમાં ભગવતીલાલની **વૈરાગ્યભાવના દઢ થઈ** અને વિ.સં. ૧૯૭૭માં પૂ. મુનિ શ્રી ગીર્વાણમુનિ અને શ્રીગુલાબમુનિના ચાતુર્માસ દરમ્યાન થયેલા સત્સંગને પરિણામે તો ભગવતીલાલ પ્રવ્રજ્યા અંગીકાર કરવા તત્પર થઈ ગયા પરંતુ પરિણામ આવ્યું વિ.સં. ૧૯૭૮માં. તે સમયે પૂ. પંન્યાસ શ્રી દાનવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજ તથા તેઓશ્રીના પ્રથમ શિષ્ય પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ વગેરે સર્વે કેશરીયાજીના છ'રી પાલિત યાત્રાસંઘ સાથે ઉદયપુર પધાર્યા. ઉદયપુરના ૩૬ જિનાલયોનાં દર્શન કરાવવા સાથે ગયેલા ભગવતીલાલે મુનિવર્ય શ્રી પ્રેમવિજયજી મહારાજને પોતાને છેલ્લા ત્રણ વર્ષથી દીક્ષા લેવાની ભાવના છે એમ જણાવ્યું. પરંતુ કાકા પન્નાલાલ અને પરિવાર દીક્ષા લેવા દે તેમ નથી તે પણ જણાવ્યું. તે પછી તે મહાપુરુષની પ્રેરણા અને પૂ. મુનિરાજ શ્રી રામવિજયજીના પરિચયથી ભગવતીલાલ વારંવાર ઘર છોડીને જવા લાગ્યા પરંતુ દરેક વખતે કાકા પકડીને, પોલીસને હવાલે કરીને, પાછા ઘેર લઈ આવતા. **અંતે વિ.સં. ૧૯૮૦ના માગસર સુદ ૬ ને શુભ દિવસે, માળવાના**



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ભગવતીલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૬૩ મ. સુદ ૧૩ દેવાલી (ઉદયપુર) |
| માતા | : કંકુબાઈ |
| પિતા | : લછમીલાલ (લક્ષ્મીલાલ) |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૦ મા. સુદ-૬ રાજોદ (માળવા) |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરિ. મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી ભુવનવિજય મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૦ મ. સુદ ૬ અમદાવાદ |
| ગણિપદવી | : વિ.સં. ૧૯૯૫ વૈ. સુદ ૫ ખોપોલી (કોંકણ) |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૫ વૈ. વદ ૬ પૂના |
| ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા.સુદ ૩ અમદાવાદ. |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૦૫ મ. સુદ ૫ શેરડી (કચ્છ) |
| સંયમ પર્યાય | : ૬૭ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૪૭ દ્વિ. વૈ. સુદ ૧૫ હિંમતનગર |
| આયુષ્ય | : ૮૪ વર્ષ |

**રાજોદ ગામે, અનેક સંકટો વટાવીને દઢનિશ્ચયી ભગવતીલાલે પૂ.આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજા વરદ્ હસ્તે દીક્ષા અંગીકાર કરી.** પૂ. મુનિવર્ય **શ્રી રામવિજયજી મહારાજના પ્રથમ શિષ્ય મુનિ શ્રી ભુવનવિજયજી મ. બન્યા. મહા સુદ ૬** ને દિવસે અમદાવાદમાં પૂ. આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજે યોગોદ્વહનપૂર્વક **વડી દીક્ષા આપી.**

**જ્ઞાનોપાસના :**

દીક્ષા ગ્રહણ કર્યા પછી પૂજ્યશ્રી ગુરુસેવામાં નિમગ્ન રહેવા લાગ્યા અને ગુરુનિશ્રામાં જ્ઞાનોપાસના કરવા લાગ્યા. પૂજ્યશ્રીનો ક્ષયોપશમ મંદ હતો. પણ શ્રદ્ધા અને સમર્પણ ભાવ અનૂપમ હતા. જેથી પૂ. ગુરુ મહારાજની આજ્ઞાનુસાર ગોખવાનું શરૂ કરતા ધીમે ધીમે ક્ષયોપશમ ખીલી ઉઠ્યો. ક્રમશઃ તેઓશ્રીએ સંસ્કૃત ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. સિદ્ધહેમ વ્યાકરણ, કર્મગ્રંથ, વીતરાગ સ્તોત્ર, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર અષ્ટક અને આગમાદિગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. ન્યાયમાં તર્કસંગ્રહ, મુક્તાવલિ, સ્યાદ્વાદમંજરી તેમ જ જ્યોતિષવિદ્યામાં પારંગત બન્યા. પૂજ્યશ્રીની સંસ્કૃતભાષાની વિશારદતાના કારણે પરમગુરુ ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સકળ સાધુ સમુદાયમાં તેમની ગૌરવપૂર્વક ઉપબૃંહણા કરતા.

**તપશ્ચર્યા :**

જ્ઞાનોપાસના સાથે તપ-આરાધનામાં પૂજ્યશ્રીએ અત્યંત કાળજી લીધી હતી. બે વરસીતપ, વીશસ્થાનક તપ, નવપદજીની વિધિપૂર્વક આરાધના, વર્ધમાન તપ, ૩૦ વર્ષ સુધી પાંચ વિગઈનો ત્યાગ કરીને એકાસણાં, સૂરિમંત્રના પંચ પ્રસ્થાનની આરાધના આદિ અનેક તપ દ્વારા પૂજ્યશ્રીએ સંયમજીવનને ધન્ય બનાવ્યું હતું. તેઓશ્રીની આરાધનાના નિત્યનિયમો પણ સમુદાયમાં અનેરાં આલંબનરૂપ બનતા હતા. ફળાહારનો ત્યાગ, હંમેશા વધારેમાં વધારે ૧૦ દ્રવ્યથી વધુ નહિ, ૧૫ દિવસ પહેલાં કાપ નહિ, હંમેશા ૪૦૦ ગાથાનો સ્વાધ્યાય, બન્ને સમયે ઊભા થઈ પ્રતિક્રમણ કરવાનું વ્રત આદિ અનેક સદ્ગુણો પૂજ્યશ્રીના ચારિત્ર જીવનની શોભા હતાં.

પૂજ્યશ્રીની આવી સાધના-ઉપાસનાને પ્રભાવે **વિ.સં. ૧૯૯૫ના વૈશાખ સુદ પાંચમે** ખોપોલી (કોંકણ) મુકામે પરમ પ્રભાવક આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં** તથા તેઓશ્રીના પટ્ટાલંકાર, જિનવાણીના જાદૂગર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે **ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું.** તે જ વર્ષના **વૈશાખ વદ ૬ ને દિવસે પૂનામાં પંન્યાસપદથી** વિભૂષિત કરવામાં આવ્યા. **વિ.સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૩ ને** દિવસે અમદાવાદમાં જૈનશાસન શિરતાજ પૂ. ગુરુદેવશ્રીના શુભ હસ્તે ઉપાધ્યાયપદે આરૂઢ કરાયા અને **વિ.સં. ૨૦૦૫ના મહા સુદ પાંચમ-વસંતપંચમીના શુભદિને** મહામહોત્સવપૂર્વક **કચ્છના શેરડી નગરમાં આચાર્યપદથી** અલંકૃત કરવામાં આવ્યા હતા.

**શાસન પ્રભાવના :**

૬૭ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન પૂજ્યશ્રીએ અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો કર્યાં હતા.

પોતાના વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવાર સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, માળવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ખાનદેશ, કચ્છ આદિ અનેક પ્રદેશોમાં તેઓશ્રી વિચર્યા હતા. પૂજ્યશ્રી પ્રવચનકાર તરીકે એક પ્રખર વકતા હતા. તેઓશ્રીના જ્ઞાનગર્ભિત અને વૈરાગ્યવાસિત વ્યાખ્યાનો સાંભળીને અનેક ભવ્યાત્માઓએ ધર્મનું શરણ સ્વીકાર્યું હતું. અનેક દાનવીરોએ શાસનનાં નિર્માણકાર્યોમાં સહાયની સરિતાઓ વહાવી હતી. તો વળી અનેક પુણ્યાત્માઓએ પ્રવ્રજ્યાનો પંથ સ્વીકાર્યો હતો. તેઓશ્રી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં પ્રતિષ્ઠા-અંજનશલાકાનાં ઉત્સવો અને ઉપધાન-ઉદ્યાપનોનાં મહોત્સવો ઉજવાયા હતા. પૂજ્યશ્રી જૈન જ્ઞાનમંદિર, પાઠશાળાઓ, આયંબિલ ભવનો આદિ અનેક સંસ્થાઓના નિર્માણના ઉપદેશક બન્યા હતા. પૂજ્યશ્રીએ શાશ્વતાતીર્થ શ્રી શત્રુંજય મહાતીર્થની વિધિયુક્ત ત્રણ વાર નવ્વાણું યાત્રા અને ચઉવિહારા છઠ્ઠ કરીને સાત યાત્રાઓ કરીને સંયમજીવનને ધન્ય બનાવ્યું હતું.

સૌમ્ય સ્વભાવને લીધે અને વત્સલ પ્રકૃતિને પ્રભાવે પૂજ્યશ્રીએ શાસન પ્રભાવનાના વિવિધ કાર્યો સફળતાપૂર્વક કરેલા હતા.

પૂ.આ.શ્રીમદ્ વિજય સુદર્શનસૂરિ મ.સા. તેઓશ્રીના લઘુબંધુ અને શિષ્ય હતા.

**વિ.સં. ૨૦૪૭ દ્વિ. વૈશાખ સુદ ૧૫ના હિંમતનગરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

## ગુરુતત્ત્વનું મહત્ત્વ

- આપણી બધી જ આરાધનાઓના મૂળમાં ગુરુતત્ત્વ રહેલું છે.
- ગુરુને સમર્પિત થવાની સાચી ભાવના જાગે, તે જ ઘડીથી મન શાંત થવા માંડે છે.
- લાખો માણસોને પ્રસન્ન કરવાથી જે લાભ થાય છે તેનાથી વધુ લાભ ગુરુને પ્રસન્ન કરવાથી મળે છે.
- સંયમ જીવનમાં સવારથી સાંજ સુધી જે કાંઈ પણ સારું થાય છે તે ગુરુકૃપાના બળે છે.
- આપણી શક્તિ અને આપણું પુણ્ય પછી છે... પહેલી ગુરુકૃપા છે.
- ગુરુની આજ્ઞા લઈને કામ કરે તેને ડગલે ને પગલે કર્મ નિર્જરા થાય છે.
- ગુરુની આજ્ઞા વિના કામ કરે તેને ડગલે ને પગલે કર્મ બંધ થાય છે.
- જ્યાં સુધી ગુરુના હૃદયમાં સ્થાન નથી બનતું ત્યાં સુધી આપણું સાધુપણું સફળ થયું તેમ કહી શકાય નહિ.
- ગુરુની પ્રસન્નતા એ એક એવું તત્ત્વ છે. જે આપણા આત્માનો ઉદ્ધાર કરી દેવા સમર્થ છે.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજા

## ❖ તેજસ્વી તવારિખ ❖

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : જેસીંગભાઈ | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૨ ચૈ. વદ ૫ **અમદાવાદ** |
| જન્મ | : વિ.સં. ૧૯૪૪ ચૈ. સુદ-૧૩ **અમદાવાદ** | ગણીપદ | : વિ.સં. ૧૯૯૫ વૈ.સુદ ૫ **ખાપોલી** |
| માતા | : ગજરાબેન | પંન્યાસ | : વિ.સં. ૧૯૯૫ વૈ. વદ-૬ **પૂના** |
| પિતા | : લાલભાઈ | ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૨૦૦૪ પો. સુદ-૬ **અમદાવાદ** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૨ ફા. સુદ-૩ **અમદાવાદ** હઠીભાઈની વાડી | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૦૫ મ. સુદ-૫ **અમદાવાદ** |
| | | આચાર્ય પદ પર્યાય | : ૨૩ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૩૭ વર્ષ | સંયમ પર્યાય | : ૪૬ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૮ કા. સુદ ૪ **સિરોહી** (રાજસ્થાન) |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજા | | |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી જસવિજયજી મ. | આયુષ્ય | : ૮૪ વર્ષ |

**સૌજન્ય**

મારા પૂ.પિતાશ્રી મોતીલાલ વીરચંદ શાહ, માલેગાંવ. જેમનાથી વિશેષ ધર્મ પામ્યા તેની સ્મૃતિમાં

**જવાહરભાઈ મોતીલાલ શાહ. માયાબેન, રાજુભાઈ, મેઘલ. માલેગાંવ (મહારાષ્ટ્ર)**

૩૭ કરોડ નમસ્કારમહામંત્રના મહાન આરાધક - મહારાષ્ટ્ર કેસરી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજા

ધર્મ સંસ્કારોથી સુવાસિત કુળમાં જન્મ થવો એ શુભ ભાગ્યોદયની નિશાની છે. એ પુણ્યાત્માને જો ધર્મ સંસ્કારો આપનાર મલી જાય અને એ ઝીલી લે તો આપનાર અને લેનાર બંનેના આત્માનું પરમ કલ્યાણ થાય. પરમતારક જૈન શાસનમાં આવી ઘટનાઓ સહજ બન્યા કરે છે. જે શાસનની શાન-માનને ચાર ચાર ચાંદ લગાડી જગતમાં જૈન શાસનનો ઉદ્યોત કરે છે. આવા જ એક પુણ્યાત્મા એટલે નરવીર બંકા શ્રાદ્ધવર્ય શ્રી **જેશીંગભાઈ.**

**જન્મ-માતા-પિતા :**

**પિતા શ્રી લાલભાઈ**ના કુલમાં, **માતા શ્રીમતી ગજરાબેન**ની કુક્ષિથી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જન્મ કલ્યાણકના પવિત્ર દિને અમદાવાદમાં એક મહાન બાળકનો **વિ.સં. ૧૯૪૪ ચૈત્ર સુદ-૧૩ના જન્મ થયો** અને શુભ દિવસે **જેશીંગ** એ પ્રમાણે નામ પાડવામાં આવ્યું. તેમના મોટાભાઈ ચીમનભાઈ હતા. ગર્ભશ્રીમંત કુળમાં જન્મ હોવા છતાં ય બાલ્યકાળથી સરળ - નમ્ર સ્વભાવના હતા.

હીરાચંદ રતનચંદ નામની ધીકતી પેઢી હતી. જેનો વેપાર દેશ-વિદેશ ફેલાયેલો હતો. ધાર્મિક કુળોમાં ધર્મના સંસ્કારોનો વારસો સહજ ખીલેલો હોવાથી આ પેઢી બજારમાં દૃષ્ટાન્તરૂપ હતી. પોતાને ત્યાં કામ કરનાર દરેક નોકરો આદિને ચોવિહારની અનુકૂળતા કરી આપવામાં આવતી. જેશીંગભાઈએ બાલ્યવયને પસાર કરી, જરૂરી વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ મેળવ્યું. યૌવનવયે સુ. ચંપાબેનની સાથે તેમના લગ્ન થયા. તેઓ પણ સુશ્રાવિકા અને સન્નારી રત્ન હતા. ધાર્મિક વૃત્તિવાળા હતા. સારાભાઈ, ચીનુભાઈ અને જયંતિભાઈ નામના ત્રણ પુત્રો થયા.

**અપૂર્વ જિનભક્તિ :**

જેશીંગભાઈનું જીવન ધર્મના રંગે રંગાયેલું હતું. રોજ નવકારશી-ચોવિહાર-જિનવાણી શ્રવણ, દેવ-ગુરુની ઉત્તમ પ્રકારે ભક્તિ, સામાયિક, સ્વાધ્યાય, પ્રતિક્રમણાદિથી આરાધનામય જીવન જીવતાં ફતાસાની પોળે રહેતા હોવાથી મધ્યાહ્ન કાળે શ્રી મહાવીર સ્વામી ભગવાનના જિનાલયે પૂજા કરવા જે સામગ્રીથી જતા તે સામગ્રીનો ઠાઠ જોઈ બીજાને ધર્મ પ્રત્યે અહોભાવ - રૂચિ પેદા થતા કે કેવા ધર્માત્મા ! કેવી ઉત્તમ ભક્તિ કરે છે? 'તે દિન ક્યારે આવશે. શ્રી સિદ્ધાચલ જાશું...' આ સ્તવનની પંક્તિઓ એવા મધુર

ભાવવાહી સ્વરે બોલતા કે તેમની તો આંખો ભીંજાઈ જતી. સાથોસાથ સાંભળનારા ય સ્તબ્ધ બની જતા. તેમાં સમયનું ભાન ભૂલી જતા.

બધી ધર્મક્રિયાઓ કરી પોતાની પેઢી પર બાર વાગ્યા પછી જતા અને સાંજના પાંચ વાગ્યાની આસપાસ ઘરે પાછા આવતા. તે કાળમાં 'અર્જન્ટ ટેલીગ્રામ' એટલે ચોક્કસ કાંઈ નવા જુનીના સમાચારનું માધ્યમ હતું. પોતાની પેઢીના દરેકે દરેક માણસોને કડક સૂચના આપેલી કે ગમે તેવો અર્જન્ટ ટેલીગ્રામ આવે પણ કોઈએ મને ઘરે આપવા આવવાંનું નહિ. જો આપવા આવશો તો નોકરી ગુમાવશો." **ખરેખર વિચારો કે દેવ-ગુરુ-ધર્મ પર કેવી અવિહડ શ્રદ્ધા !! પુણ્ય-પાપની કેવી માન્યતા ! હું જીવતો જાગતો છું તો નુકશાનીના સમાચારથી અકળાવાનું શું ?**

**વિ.સં. ૧૯૮૧માં** જૈન વિદ્યાશાળામાં સકલાગમ રહસ્યવેદી પરમ ગીતાર્થ પ.પૂ.આ.**શ્રી.દાનસૂરીશ્વરજી** મહારાજા પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર સાથે બિરાજમાન હતા. ઝંઝાવાતના એ કાળમાં પૂ. મુનિરાજ **શ્રી રામવિજયજી મ.**ના ધર્મ શ્રદ્ધાને જગાડનારા, મોહની નિદ્રાથી ઊઠાડનારા, રાગને રડાવનારા જે આધ્યાત્મિક પ્રવચનો થતા. તેને સાંભળવા શ્રોતા વર્ગની જે રીતની પડાપડી થતી કે વિદ્યાશાળાનો વિશાળ હોલ પણ નાનો પડતો અને અષ્ટાપદના દેરાસરના કમ્પાઉન્ડમાં ઊભા ઊભા ભાવિકો પ્રવચનો સાંભળતાં. એવા એવા પ્રશ્નોની ઝડીઓ વરસતી તો સામે એવા હૃદયંગમ જવાબો મળતા. જૈન શાસનની ખમીરી-ખુમારીની ખુશ્બોના દર્શનથી જૈન-જૈનેતર જનતા અહોભાવથી નમ્ર બનતી. રંગ-રાગમાં ડૂબેલા ભલભલા રાગીઓના હૈયામાં પણ વિરાગની વીણાનું વાદન થતું અને ત્યાગ માર્ગનો - દીક્ષા ધર્મનો જય જયકાર થતો. સાપની કાંચલીની જેમ મળેલા કામભોગોનો ભરયુવાન વયે ત્યાગ કરનારો વર્ગ પેદા થયો. હૈયું ત્યાગ-વિરાગના રંગોથી રંગાઈ જતું. તેમાં **આપણા ચરિત્ર નાયકનો આત્મા પણ જાગી ઊઠ્યો. 'સંયમ કબહી મીલે'** ના સૂરોનું ગાન કરવા લાગ્યો.

પોતાના મોટા પુત્ર સારાભાઈના લગ્ન પ્રસંગે, ઘરમાં પોતે જવાબદારવાળી વ્યક્તિ હોવા છતાં જિનવાણી શ્રવણથી વૈરાગી બનેલા સુ. જેશીંગભાઈએ તેનાથી અલિપ્ત રહી **લગ્નના દિવસે વિદ્યાશાળામાં જઈ પૌષધ લીધો.** ગૃહસ્થપણામાં આવું ધૈર્ય બતાવનારા ભાગ્યશાળીઓ વિરલા જ હોય. ધર્મનો મર્મ પામેલા જીવોને મન ધર્મ જ પ્રધાન હોય તેનું આ ઉજ્જવલ દૃષ્ટાંત છે.

## સંયમ માટે અપૂર્વ અભિગ્રહ :

**વિ.સં. ૧૯૮૨** એકવાર પૂ. પં. **શ્રી પ્રેમવિજયજી** ગણિવર્ય પાસે ઘણા શ્રાવકો બેઠા હતાં, ધર્મગોષ્ઠિ ચાલતી હતી ત્યારે સુ. શ્રી જેશીંગભાઈ આદિએ પૌષધ કરેલો. ત્યારે શ્રી મફતલાલ, શ્રી નાનાશા આદિ ૭-૮ શ્રાવકો પહેલેથી દીક્ષાની ભાવનાવાળા હતા. પૂ. પંન્યાસજી મહારાજે હસતા હસતા ટકોર કરી કે, ક્યારે દીક્ષા લેવી છે. શ્રાવકોએ કહ્યું કે, જેશીંગભાઈ લે તો અમે ય તૈયાર છીએ. પૂ. પંન્યાસજી મહારાજે જેશીંગભાઈને બોલાવ્યા અને વાત કરી તો ક્ષણવાર તેઓ વિચારમાં પડ્યા. પણ તેજીને ટકોરાની જેમ તરત જ પોતાના મનને મક્કમ કરી, નિર્ધાર કર્યો કે મારા એકના નીકળવાથી અનેક ભાગ્યવાનો પણ આત્મકલ્યાણના માર્ગે નીકળે અને તેમાં નિમિત્ત હું બનું તો આના જેવું રૂડું શું ? ધર્મ એ પ્રારબ્ધથી નહિ

પણ માત્ર પુરુષાર્થથી જ સાધ્ય છે. ક્ષણવાર આંખ મીચી ત્યાં જ અભિગ્રહ લેવા તૈયાર થયા કે, **"જો આ વર્ષમાં આવતા આષાઢ સુદ-૧૪ સુધીમાં દીક્ષા ન લઉં તો ચારે પ્રકારના આહારનો ત્યાગ સાથે ઉપવાસ કરવા."** આ નિર્ણયથી બધા જ સ્તબ્ધ બની ગયા. માત્ર હાંસી-મજાક માનનારા બીજા શ્રાવકો ઢીલા પડી ગયા. પણ ત્રણ શ્રાવકો મફતલાલ-નાનાશા અને એક ભાઈ તૈયાર થયા. આ અભિગ્રહની વાત આખા અમદાવાદમાં ફેલાવાથી જૈન-જૈનેતર જનતા ખળભળી ઊઠી. તે પછી વૈરાગી જેશીંગભાઈ સર્વ ત્યાગના પંથે જવાની તૈયારી કરવા લાગ્યા.

**ભવ્યાતિભવ્ય શાસન પ્રભાવક દીક્ષા :**

જે કાળમાં બાળદીક્ષા, પ્રૌઢ દીક્ષા કે વૃદ્ધ દીક્ષા લેવી એ કપરામાં કપરું લોઢાના ચણા ચાવવા જેવું કામ હતું. તેવા વિષમકાળમાં અમદાવાદના માણેકચોકમાં ભવ્ય શમિયાણામાં, વર્ષીદાનનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળેલ. જેને જોતાં અનેક ભવ્યાત્માઓ ત્યાગ ધર્મના પ્રેમી બનેલા અને કહેલું કે, **'આ યુગનો શાલીભદ્ર દીક્ષા લઈ રહ્યો છે.** પચાસ હજાર (૫૦,૦૦૦) માનવની જંગી મેદનીમાં વિ.સં. ૧૯૮૨ના ફાગણ સુદ-૩ના દિવસે પ્રૌઢવયના જેસીંગભાઈની સાથે ૧૪ વર્ષની બાલ્યવયના ચીનુભાઈ (પૂ. ઉપાધ્યાયશ્રી ચારિત્ર વિ.મ.)ની પણ દીક્ષા થઈ. જૈન શાસનના જયનાદો સાથે દીક્ષા દેવીનો સમગ્ર રાજનગરમાં જય જયકાર થઈ ગયો. પૂ.આ.શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ બંન્નેને દીક્ષા આપી. પોતાની વાણીથી સારા ય જૈન-જૈનેતર જગતમાં વિખ્યાત બનેલા **પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજાના** શિષ્યરત્નો તરીકે પૂ. મુ. શ્રી જશવિજયજી મહારાજા અને પૂ.મુ.શ્રી ચારિત્રવિજયજી મહારાજના નામે જાહેર કર્યા. તે વખતે અમદાવાદના પ્રખ્યાત દરેક છાપાઓના મુખ પૃષ્ઠ પર આ **'ત્યાગ ધર્મના જય જયકાર'** ના **સમાચાર ચમકેલા. પૂ.આ.શ્રી.વિ. વલ્લભસૂરિજી મહારાજાએ પણ આ પ્રસંગની મુક્તમને પ્રશંસા કરેલી અને કહેલ કે, "ભાઈ ! ઈસ કાલ કે શાલીભદ્રકી દીક્ષા હુઈ ।"**

આવા પ્રખર વૈરાગી પુણ્યાત્માઓ સમજે છે કે, દીક્ષા લીધી એટલે હવે સાધના જીવનનો સાચો પ્રારંભ થયો. ત્રણ-ત્રણ પ્રૌઢ પ્રતાપી પૂજ્યોની છત્રછાયાની પ્રાપ્તિ થાય તે મુમુક્ષુ આત્મા સંયમના રંગે એવો રંગાઈ જાય કે આત્મપરિણતિમાં આદરવાળો અને પરપરિણતિને પરિહરનારો બને. ગુર્વાદિ વડિલોનો વિનય - વૈયાવચ્ચ - સ્વાધ્યાય - તપ - જપ, સંયમમાં અપ્રમત્તતા આદિથી પોતાના આત્માને ભાવિત કરવા લાગ્યા. ગુરુકૂલવાસ જ જીવન મંત્ર બનાવી, ગુર્વાજ્ઞાને જીવનનો પ્રાણ બનાવી પોતાની યોગ્યતા કેળવી.

**વિ.સં. ૧૯૯૫ વૈ. સુ. ૫ ગણીપદ ખાપોલી**

**વિ.સં. ૧૯૯૫ વૈ. વદ-૬ પંન્યાસ પદ પૂના**

**વિ.સં. ૨૦૦૪ ઉપાધ્યાય પદ, અમદાવાદ અને**

**વિ.સં. ૨૦૦૫ મહા સુદ ૫ આચાર્યપદે (અમદાવાદ)**

**આરૂઢ થઈ પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વર મહારાજા તરીકે જાહેર થયા.**

**મહારાષ્ટ્ર દેશોદ્ધારક :**

મહારાષ્ટ્ર પ્રદેશ ઉપર વિચરી જે ઉપકારની હેલી વરસાવી. તેનું વર્ણન ન થાય. અજ્ઞાન-અબુધ એવા જૈનોને પણ ધર્મમાર્ગે જોડી, સાચા શ્રદ્ધાળુ બનાવ્યા. જૈન - જૈનેતર લોકોના બીડી - તમાકુ આદિ અનેક વ્યસનો છોડાવ્યા. તેમના આચારોપદેશની એવી જાદુઈ અસર થતી કે વર્ષોનું વ્યસન ક્ષણવારમાં છૂટી જતું. ભવ્ય જીવો પ્રત્યે કેવી મીઠી કરૂણા દૃષ્ટિ !

મહારાષ્ટ્રના ઘણા ગામોમાં સાધુ મહારાજના બહુ જ ઓછા વિહારના કારણે સાચું માર્ગદર્શન મળતું નહિ. તેથી દેવદ્રવ્યાદિના ઘણા ગોટાળા ચાલુ હતા. તેથી પોતે જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં તે તે ગામના સંઘના ચોપડા વગેરે મંગાવે જુએ અને સમજાવી ઘણા બધા સંઘોને દેવદ્રવ્ય ભક્ષણના દોષમાંથી મુક્ત કરતા.

આજે પણ માલેગાંવ, નાસિક, યેવલા, અમલનેર, અહમદનગરના શ્રીસંઘના લોકો તેમને યાદ કરી કહે છે કે અમને મહાદોષથી આ મહાપુરુષે બચાવ્યા.

**શ્રી નવકાર મહામંત્રના સમારાધક હતા.** પોતાના સમગ્ર જીવન દરમ્યાન ૩૬ ક્રોડ - ૬૩ લાખ **નવકારનો જાપ** આ મહાપુરુષે કર્યો હતો. ઘણા પુણ્યાત્માઓને સારા બનવાના પ્રશસ્ત ભાવે શ્રી નવકાર મહામંત્ર ગણવાનું કહેતા. દરેકને 'મહાનુભાવ' શબ્દથી બોલાવતા. તેથી દરેકના હૈયામાં તેમના પ્રત્યે આદર-સદ્ભાવ સુંદર હતો. રાત્રિના સમયે જાપ કરતાં દરરોજ નવપદનો ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૩૪૬ ખમાસમણા આપતા. નવપદની આરાધનાનો કુલ ૫૦ લાખ ઉપર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરેલો.

**તેઓ વચન સિદ્ધ મહાત્મા હતા.** અમલનેરમાં સંવત્સરી મહાપર્વના પ્રસંગે સંવત્સરી પ્રતિક્રમણ ચાલુ હતું, બહાર પણ ઘણા બેઠેલા ત્યાં વરસાદનું જોરદાર વાતાવરણ પેદા થયું. પરંતુ તેમના પુણ્યપ્રભાવે તે વાદળું ત્યાંથી ચાલ્યું ગયું અને થોડે દૂર ઘણો વરસાદ પડ્યો. પણ પ્રતિક્રમણવાળાને ઊની આંચ પણ ન આવી. શાંતિથી મંગલમય પ્રતિક્રમણ થયું. **આચાર પાલનમાં પણ ચુસ્ત મક્કમ હતા. પોતાનો ફોટો પડાવતા નહિ. કોઈ પાડવા આવે તો પાડવા દેતા નહિ, મોઢું નીચું કરતા. બહેનોનો પરિચય માત્ર કામ પૂરતો રાખતા. વાસક્ષેપ પણ મર્યાદાથી નાખતા.**

**સહનશીલતા ગુણ ઉત્તમ પ્રકારનો હતો.** હાથે-પગે ખરજવાનું દર્દ હોવા છતાં સમતાભાવે સહન કરતા.

એકવાર તો પૂનામાં ખરજવું વધી ગયું. પગ સુઝીને થાંભલા જેવા થઈ ગયા. એમાં એક ઉપચાર કરનાર ભાઈ એવા મળ્યા કે તેમણે કહ્યું કે, આ સૂકું ખરજવું છે. એના દૂષિત પડ દૂર કરાય. પછી પગ ઉપર દવા - ઉપચાર બરાબર લાગી શકે અને આ ખરજવાના સુકાઈ ગયેલા પડને કાઢી નાખવા. બીજો ઉપાય નથી. માત્ર એને ચાકુથી છોલી નાખવા પડે.

કેવો જાલિમ ઉપચાર ? પણ અહીં ડરે છે જ કોણ ? પૂજ્ય આચાર્યદેવશ્રી કહે, 'ભલે ત્યારે છોલી નાખો એને' ચાકુથી પગ પરના દૂષિત પડ છોલાવવા માંડ્યા એની ઘોર વેદના હતી, પરંતુ આ મહાપુરુષમાં ચૂંકારો કરવાની કે પગ ખસેડી લેવાની વાત નહિ ! એ તો વિચારતા કે ખંધક મુનિએ જીવતાં

શરીર પરથી આખી ચામડી ક્યાં ઉતારવા નથી દીધી ? એની આગળ આ કઈ મોટી ચીજ છે ? એમ પૂર્વ પુરુષનું આલંબન મન સામે રાખી છોલાવાની કારમી લ્હાય વખતે પણ પોતાના નવકાર જાપને કરતાં બેઠા રહ્યા. આવી પીડાકારક ક્રિયા ઘણીવાર કરાવેલી.

કેન્સરની વ્યાધિની પીડામાં સમાધિ અદ્‌ભૂત કોટિની હતી.

એકવારનો પ્રસંગ હતો - પૂજ્યશ્રીના તપસ્વી શિષ્યરત્ન પંન્યાસશ્રી ત્રિલોચન વિજયજી મહારાજ નવકારશીનું પચ્ચક્ખાણ લેવા પૂજ્યશ્રી પાસે ગયા. વંદન કરી પચ્ચક્ખાણ માગ્યું.

પૂજ્યશ્રીએ પૂછયું 'શું પચ્ચક્ખાણ ?'

'આપશ્રી આપો તે'

'કરો સોળભત્તું (૧૬ ઉપવાસ) તમારે તપસ્વીને શું વાંધો છે ?'

'આપો સાહેબ મોટી મહેરબાની.'

બસ નવકારશીની ધારણાથી પચ્ચક્ખાણ લેવા ગયેલા મહાત્માને પૂછતા નથી. 'તમે શું પચ્ચક્ખાણ ધાર્યું છે ?'

ત્યારે આ મહાત્મા પણ ત્યાં જ **સોળ ઉપવાસનું પચ્ચક્ખાણ લઈ જીવનને આવા મહાન ઉપકારી કલ્યાણ ગુરુ મળવા બદલ ધન્ય માને છે.**

## મહારાષ્ટ્ર કેસરી :

આ મહાપુરુષને વિ.સં. ૨૦૧૬ના માગસર વદ-૧૦ના મહારાષ્ટ્રના **બાવીશ સંઘોએ ભેગા થઈ મહારાષ્ટ્ર કેસરીનું બિરુદ આપેલ.** શ્રી અંતરિક્ષજી તીર્થના રક્ષણ માટે પણ ઘણો ઘણો ભોગ આપેલ હતો.

પોતાની નિશ્રામાં અનેક પ્રકારના દીક્ષા, પ્રતિષ્ઠા, અંજનશલાકા આદિ પ્રસંગો થતાં તો તેઓ માત્ર તે બધામાં નિશ્રા આપતા. પણ બધાથી અલિપ્ત રહેતા અને કોઈમાં પણ માથું મારતા નહિ કે આમ કરવું જ પડશે. આ તો શ્રાવકોનો વિષય છે, કર્તવ્ય છે. આપણે માત્ર આજ્ઞા વિરુદ્ધ ન થાય તેટલું ધ્યાન રાખવાનું. પણ આમ કરો - તેમ કરો તેમ ક્યારેય કહેવાનું નહિ.

ધર્મ પ્રસંગોમાં ક્યારેક કોઈ આજ્ઞા વિરુદ્ધ કે ખોટું કરાવવા પ્રયત્ન કરે તો ત્યાં જ રોકતા. એક ગામમાં વ્યાખ્યાન સભામાં ટીપનો પ્રસંગ હતો તો શ્રીસંઘનો મુખ્ય પ્રમુખ માણસ ઊભો થયો અને ટીપ માટે લખાવવાની ના પાડી. તો પ્રમુખને તરત જ કહી દીધું કે, **આ પૈસા તમારા નથી. શ્રીસંઘના છે. તો શા માટે ના પાડો છો ?** અવાર નવાર તેઓ સમજાવતા કે **શ્રીસંઘના આગેવાનો એ શ્રીસંઘના માલિક નથી. પણ શ્રીસંઘના સેવક છે.** પુણ્યયોગે સંઘની સેવા કરવાની તક મળી તો વધાવી લેવી જોઈએ. આની દરેકના હૈયામાં સુંદર અસર થતી.

## ગુર્વાજ્ઞા-પાલન :

ગુર્વાજ્ઞાપાલન એ જ સાધુ જીવનનો પ્રાણ છે. આ વાત તેમના રોમેરોમમાં લખાઈ હતી. મહારાષ્ટ્રના પ્રદેશમાં ઘણો સમય વિચરી. ઘણો ઉપકાર કરી ગુજરાત તરફ જવાની ભાવનાથી વિહાર કરેલ. તે વખતે

મહારાષ્ટ્રના અહમદનગરની બાજુમાં નાના ગામમાં પ્રતિષ્ઠાનો પ્રસંગ ઊભો થયો. શ્રીસંઘના શ્રાવકો ત્યારે **પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી** મહારાજા પાસે ગયા. તેમણે તરત જ અનુજ્ઞાની ચિઠ્ઠી લખી આપી. શ્રાવકોને કહ્યું કે, **ત્રણ નવકાર ગણી પ્રતિષ્ઠા માટે વિહાર કરવો** - આ સમાચાર જણાવવા. તે શ્રાવકોએ આવી વ્યાખ્યાન સમયે ચિઠ્ઠી આપી. **પૂ.આચાર્ય ભગવંતે ચિઠ્ઠી વાંચી અને ત્રણ નવકાર ગણી પ્રતિષ્ઠા માટે ત્યાંથી જ સીધો વિહાર કર્યો** અને શિષ્યોને કહ્યું તમે તૈયાર થઈને આવો. ખરેખર ગુર્વાજ્ઞાનો જો આવો પ્રેમ જાગી જાય તો ગુરુના હૈયામાં પ્રવેશ સુગમ બની જાય ! આપણા માટે સાવ નાના અને મામુલી પણ આ પ્રસંગોનો પરમાર્થ જીવનને સુંદરતમ બનાવનારો છે. ગુર્વાજ્ઞાને જીરવવી - પચાવવી એ જ સાધુ જીવનનો મુદ્રાલેખ બને તો કામ થઈ જાય.

## અંતિમ-આરાધના :

વિ.સં. ૨૦૨૭ના સિરોહીના (રાજસ્થાન) ચોમાસામાં કેન્સરની તકલીફ થઈ. ડોક્ટરે તાબડતોબ અમદાવાદ લઈ જવાનું કહ્યું. પણ તેમણે ના પાડી. ખરેખર આચાર પાલનની કેવી મક્કમતા ! આચારને જ પ્રથમ ધર્મ કહ્યો તે વાત હૈયામાં કેવી આત્મસાત્ હશે ! તે વ્યાધિને મજેથી વેઠી. પણ દોષ વેઠવા તૈયાર ન થયા. ખરેખર મહાપુરુષોની મહાનતા આવા અવસરે જણાય છે અને વિ.સં. ૨૦૨૮ના કારતક સુદ-૪ના સિરોહીમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

અગ્નિ સંસ્કારનો લાભ પૂજ્યશ્રીના **સંસારી પુત્ર શ્રી જયંતિભાઈ** તથા **શ્રી ચીનુભાઈએ** ૭૧૦૦ મણની બોલી બોલીને લીધો. અગ્નિસંસ્કાર સિરોહીનગરની બહાર શ્રી મહાવીર સ્વામીના દેરાસરની નજીકના મેદાનમાં કરવામાં આવેલ.

## સિરોહીમાં અગ્નિ સંસ્કારની જગ્યાએ સ્મૃતિ મંદિર :

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરિ મહારાજાના ઉપકારની સ્મૃતિ નિમિત્તે મહારાષ્ટ્ર શ્વે. મૂર્તિ. તપગચ્છ જૈન સંઘ, પૂ.આ.દેવ શ્રી યશોદેવસૂરિજી સ્મૃતિ સ્મારક સમિતિ તરફથી તેઓશ્રીની અગ્નિ સંસ્કારની ભૂમિ પર એક સ્મૃતિ ભવન તૈયાર કરવામાં આવેલ. તેમાં પૂ.આ.દેવશ્રીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા નિમિત્તે સુવિશાલ તપાગચ્છાધિપતિ શ્રી પૂ.આ.દેવશ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં પાંચ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

વિ.સં. ૨૦૩૫ના વૈશાખ સુદ દ્વિ. ૧૨નાં સવારના સુવિશાલ તપાગચ્છાધિપતિ શ્રી પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ મ.સા. આદિ ગામના ઉપાશ્રયેથી વાજતે-ગાજતે સ્મૃતિ ભવન પધારેલ ત્યાં ૯ થી ૧૦ ક. પૂજ્યપાદશ્રીજીનું પ્રવચન થયેલ. ત્યાર બાદ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાદિની બોલી બોલતા સમયાનુકૂલ ઉપજ થયેલ અને ૧૦ ક. ૨૫ મિ. ના શુભ મુહૂર્ત્તે પૂજ્યપાદશ્રીજીની પરમતારક નિશ્રામાં પ્રશાંત મૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે સ્વ. આચાર્યદેવશ્રીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવેલ કે જે પ્રતિષ્ઠા અ.સૌ. વિમલાબેન સારાભાઈ જેસીંગભાઈએ કરેલ. ત્યાર પછી પૂજ્યપાદશ્રીજીનું ગુરુપૂજન મહારાષ્ટ્રના ભાઈઓએ કરેલ તથા ગુરુમૂર્તિનું ગુરુપૂજન જાવાલ નિવાસી શાહ રિખવદાસ રાયચંદના પરિવારે કરેલ.



# પૂજ્ય ઉપાધ્યાય શ્રી ચારિત્રવિજયજી ગણિવર

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ચિનુભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૬૯ - **અમદાવાદ** |
| માતા | : હીરાબેન |
| પિતા | : મણિલાલ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૨ ફા. સુદ ૩ **અમદાવાદ** |
| દીક્ષાની ઉંમર | : ૧૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રી રામવિજયજી મ.સા. |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી ચારિત્રવિજય મ. |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૧૨ આસો વદ-૫ **રાજગૃહી તીર્થ** |
| પંન્યાસ ઉપા. પદવી | : ૨૦૧૩ પો. વદ ૨ **પાવાપુરી તીર્થ** |
| સંયમપર્યાય | : ૪૧ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૨૩ શ્રા. વદ ૧૦ શેઠ મોતીશા લાલબાગ - **મુંબઈ** |
| આયુષ્ય | : ૫૪ વર્ષ |

**સૌજન્ય**

**રાધનપુર નિવાસી શ્રીમતી સુશીલાબેન સુરેશચંદ્ર વખારીયા**

**મુંબઈ**

સમર્થ અનુશાસક

# પૂજ્ય ઉપાધ્યાય શ્રીચારિત્રવિજયજી ગણિવર

## જન્મ - માતા-પિતા :

મહાપુરુષનો જન્મ વિ.સં. ૧૯૬૯માં અમદાવાદમાં પતાસાની પોળમાં થયેલ. તેમના પિતાનું નામ **મણિલાલ.** તેમની માતાનું નામ **હીરાબેન.** મણિલાલને બેપુત્રો. મોટાનું નામ બબાભાઈ, નાનાનું નામ ચિનુભાઈ. પિતા તેમની બાલ્યવસ્થામાં મૃત્યુ પામ્યા. કુટુંબ ગર્ભશ્રીમંત, માતા ધર્મ સંસ્કારી. માતાને થયું કે આ **'મારા નાનકડા બાલુડાને ધર્મપંથે વાળું તો તેનાં આત્માનું કલ્યાણ થાય. દીકરો મારો લક્ષણવંતો ને સૌથી જુદી ભાત પાડે એવો છે. જો તેને જિનશાસનના પંથેવાળું તો પોતાના આત્માનું કલ્યાણ કરે એવો છે.'** જગતમાં ઘણી ઓછી એવી માતાઓ હશે તેમાંના હીરાબેન હતા. બાળકને ધર્મના સંસ્કાર તેમણે આપવા માંડ્યા અને તે એવા આપ્યા કે માત્ર ૧૩ વર્ષની ઉંમરમાં ચિનુને તેમણે સંયમ માર્ગે જવાની ભાવનાવાળો કરી દીધો.

## દીક્ષા :

આ તરફ સિદ્ધાન્ત મહોદધિ પ.પૂ.મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ.ના પ્રથમ શિષ્યરત્ન જિનવાણીના જાદુગર પૂ. રામવિજયજી (આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મ.નો) મહારાજનો તેમને પરિચય થયો. તેમની વૈરાગ્યવાહક વાણીથી માતા અને પુત્ર બંનેએ સંયમ પંથે જવાનો નિર્ણય કર્યો અને પ.પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે તે બંનેએ વિ.સં. ૧૯૮૨ના ફાગણ સુદ ત્રીજના દિવસે પ્રભુ મહાવીરના પંથે પ્રયાણ આદર્યું. માતાનું નામ સાધ્વીજી શ્રી વસંતશ્રીજી મ. રાખવામાં આવ્યું અને ચિનુભાઈ મુનિ શ્રી ચારિત્રવિજયજી મ. નામથી પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજના ત્રીજા શિષ્ય થયા. તે જ દિવસે પૂ.આ.ભ. શ્રી યશોદેવસૂરિ.મ.ની દીક્ષા પણ થઈ હતી.

## શ્રુતોપાસના :

માત્ર ૧૩ વર્ષની બાલ્યવય હતી અને ગુરુનો વિનય કરવાનો તેમનો અદ્ભુત ગુણ કે જેના યોગે ગુરુની તેમના પર અપાર કૃપા હતી. આ બંનેના સુભગ સંયોગે તેઓ અભ્યાસમાં આગળ વધ્યા અને માત્ર થોડા જ વર્ષોમાં વ્યાકરણ કાવ્ય, ન્યાય, પ્રકરણ, કર્મગ્રંથ, જિનાગમ, જ્યોતિષ, શિલ્પ વગેરે વિષયોમાં

નિષ્ણાત બન્યા. જ્યોતિષનું તેમનું જ્ઞાન અસાધારણ હતું. તેમના આપેલા દીક્ષા પ્રતિષ્ઠાના મુહૂર્તો ભૂલ વિનાના મનાવા લાગ્યા, તેમની સંયમયાત્રા આગળ વધવા લાગી અને ગુરુની નિશ્રામાં રહી તેઓ ગુરુના અસાધારણ વિનયમાં પણ આગળ વધવા લાગ્યા. મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, કર્ણાટક, મધ્યપ્રાન્ત, બિહાર, બંગાલ, ઉત્તરપ્રદેશ મારવાડ વગેરે સર્વદેશોમાં પરમતારક ગુરુદેવની સાથે વિચરી તેમણે અનેક આત્માઓને પ્રતિબોધ્યા, કંઈકને ધર્મપંથે ચડાવ્યા, કંઈકને મિથ્યાત્વ છોડી સમ્યક્ત્વ પમાડયા !

**ગણી-પંન્યાસ-ઉપાધ્યાય પદવી :**

તેમની યોગ્યતા જોઈ પરમતારક ગુરુદેવે તેમને **વિ.સં. ૨૦૧૨ના આસો વદ ૫**ના દિવસે શ્રમણ ભગવાન મહાવીરે જે પાવનભૂમિ પર ચૌદ ચૌદ વર્ષાવાસ કર્યા હતાં. **તે રાજગૃહીની રળિયામણી ભૂમિ પર ગણિપદથી વિભૂષિત કર્યો.** પૂજ્ય ગુરુદેવે રાજગૃહીથી વિહાર કરી પાવાપુરીની પતિત પાવન પૃથ્વી જ્યારે પગલાં માંડ્યાં, ત્યારે ચરમતીર્થપતિની અંતિમ દેશના ભૂમિ અને પરિનિર્વાણ ભૂમિની દુર્દશા જોઈ આ મહામુનિનું (પૂ. ઉપાધ્યાયજી મ.નું) હૃદય દ્રવી ઉઠ્યું અને આ ભૂમિનો ઉદ્ધાર કરવાની ભાવના ગુરુ ભગવંતને જણાવી. ગુરુદેવને આ વાત યોગ્ય લાગી અને થોડા જ સમયમાં ભગવાન વર્ધમાન સ્વામીનાં સમવસરણની તાદૃશ રૂપરેખા આપતું એક મહાકાય સમવસરણ મંદિર તૈયાર થયું. પૂ. મુનિરાજની ઉત્તરોત્તર વધતી યોગ્યતા જોઈ **વિ.સં. ૨૦૧૩ના પોષ વદ ૫ના દિને પાવાપુરી મહાતીર્થ** કે જે ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન વર્ધમાન સ્વામીની પરિનિર્વાણ ભૂમિ છે ત્યાં **પંન્યાસ તથા ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા.** તેમની અધ્યયન રૂચિ, તેમની દીર્ઘદર્શિતા, તેમની વિચક્ષણતા, તેમની અનુશાસન કરવાની શક્તિ બધું જ અજોડ હતું. પણ તેથીય વિશેષ અજોડ તો તેમનો ગુરુવિનય હતો કે જે ગુરુવિનયે તેમને અંતિમ સમયે પણ ગુરુના ચરણોમાં અને ગુરુના મુખે નવકાર સંભળાવીને સમાધિપૂર્વક જરાય વેદના વિના મૃત્યુ આપ્યું.

**અંતિમ-આરાધના :**

દીક્ષાયુગ પ્રવર્તક પરમતારક પ.પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું **વિ.સં. ૨૦૨૩ સાલનું ચાતુર્માસ મુંબઈ શેઠ મોતીશા લાલબાગ ભૂલેશ્વરના ઉપાશ્રયમાં** સંઘની આગ્રહપૂર્ણ વિનંતિથી નક્કી થતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ પણ તેઓશ્રીની સાથે જ હતા અને ચાતુર્માસ દરમ્યાન તેઓ સ્વાસ્થ્ય પ્રાપ્તિ કરી રહ્યા હતા. છતાં ય સમુદાયની, પૂ. ગુરુદેવની તથા બીજી પણ સંઘના કાર્યો વગેરેની ચિંતા તેમની શિરે જ રહેતી હતી. મુનિઓને અધ્યાપન કરાવવાનું કાર્ય પણ તેઓ પોતાની નાદુરસ્ત તબિયત દરમ્યાન કરતાં જ હતા. ચાતુર્માસ શરૂ થયે એક માસ અને દસ દિવસ વીતી ગયા હતા. **શ્રા. વદ ૯ની રાત્રે તેમને હાર્ટએટેક આવ્યો.** પણ તે તુરંત શમી ગયો. એટલે તેમણે તેને સામાન્ય ગણ્યો. **શ્રા. વદ ૧૦ સવારે** તેઓ પોતાના પરમતારક ગુરુદેવ સાથે સીડી ઉતરી જિનાલયમાં દર્શન કરવા ગયા. ચૈત્યવંદન કર્યું. સીડી ચઢી ઉપર આવ્યા અને તેમને ફરી પાછો હાર્ટએટેક આવ્યો. તરત પૂ. તારક ગુરુદેવે તેમને પાટ પર સૂવાડ્યા. તેઓને પોતાના ભવિષ્યકાલનો આછો ખ્યાલ આવી ગયો હશે. તેથી કે કોઈ પરમ

સૌભાગ્યશાળી મૃત્યુ તેમના લલાટે લખાયું હશે. તેથી તેઓ પરમતારક ગુરુદેવના ચરણોને મસ્તક અડે તે રીતે સૂતા. પણ દુઃખાવો શમતો ન હતો અને ક્ષણો વીતતી ચાલી. ચિહ્નો સારા જણાતાં ન હતાં. ગુરુદેવને લાગ્યું કે હવે સમય ગુમાવવા જેવો નથી. **તેમણે તરત જ પૂ. ઉપાધ્યાયજી મહારાજના મસ્તક પર વાત્સલ્યભર્યો હાથ મૂકી કહ્યું કે, 'ચારિત્રવિજય ! નમો અરિહંતાણં'** ઉપાધ્યાયજી મ.ને દુઃખાવો સખત **હતો.** તેથી બોલવાની સ્થિતિ ન હતી. પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ શબ્દો સાંભળ્યા. મસ્તક નમાવ્યું અને ગુરુદેવના વદનારવિન્દ પર નેત્રો ઠેરવી તે સાંભળ્યાનું કબૂલ કર્યું અને ગુરુના વદનારવિન્દ પર ઠરેલાં એ નેત્રો ગુરુનાં દર્શન કરતાં કરતાં જ **વિ.સં. ૨૦૨૩ના શ્રા. વદ ૧૦ના આઠ ને વીસ મિનિટે સદા માટે મિંચાઈ ગયાં.**

ચતુર્થ પદે બિરાજેલા, સમુદાયની ચિંતાઓથી ગુરુને મુક્ત રાખતા, કંઈકને જ્ઞાન ધ્યાન કરાવતા, કંઈકનો આધાર અને કંઈકના વિસામા રૂપ એ મહાપુરુષને વિધાતાએ ખૂંચવી લીધાં. સૌ સ્તબ્ધ બની ગયા. જેણે જેણે આ સાંભળ્યું. તેણે તેણે આ વાત માનવાની ના પાડી. આ બને જ કેમ ? એમ જ સૌ માનતા હતા. પણ હકીકત સત્ય હતી. પછી પૂ. ઉપાધ્યાયજી મ.ના મૃતદેહને નીચેના વિશાલ હોલમાં પધરાવવામાં આવેલ હતો. પ્રત્યેક નરનારી એક પછી એક તેમના મૃતદેહને-પવિત્ર આભાથી ઓપતા તેમના મૃતદેહને-અશ્રુભરી આંખે ભાવપૂર્વક વંદના કરી. તેમની વાસક્ષેપથી પૂજા કરી ત્યાંથી આગળ વધતા હતા. **ગોડીજી જૈન ઉપાશ્રયથી પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. તથા અન્ય અન્ય ઉપાશ્રયોથી અન્ય મુનિવરો પણ આવી પહોંચ્યા હતા.** બધાને એમ કે હવે પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ મ.સા., પૂ.ઉપાધ્યાયશ્રીજીના કાળધર્મથી ભાંગી પડશે, માટે બધા આશ્વાસન આપવા આવતા. પણ આશ્વાસન આપવા આવનારા આશ્વાસન લઈને જતા હતા. પૂજ્યશ્રી સ્વસ્થ હતા. પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, મારી ફરજ પૂર્ણ થઈ. તેના માતુશ્રીએ મને સોંપેલ હતો અને કહેલું કે, "આપશ્રીને સોંપુ છું. આપશ્રીએ કાળજી રાખવાની છે. તે વખતે માતાને આપેલું વચન આજે પૂર્ણ કર્યાનો મને આનંદ છે. બધાને જવાનું જ છે." આટલી સહજ સ્વસ્થતા પરમતારકમાં હતી. પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મહારાજાએ પણ આશ્વાસન માટે પત્ર લખ્યો હતો. પૂજ્યશ્રીએ પણ જણાવેલ કે આપશ્રીની કૃપાથી હું સ્વસ્થ છું. વાતાવરણ શોકથી ભરપુર હતું. અનેકાનેક ભક્તજનોનાં નેત્રો અને હૃદયો કલ્પાંત કરતાં હતાં. તેમની ભવ્ય અંતિમ યાત્રા કાઢવા માટે જરીયનની બહુમૂલ્ય શિબિકા સજાવાઈ. તે શિબિકામાં પૂ. ઉપાધ્યાયજી મહારાજના મૃતદેહને પધરાવવાનો લાભ ખંભાતવાળા શેઠ રમણલાલ દલસુખભાઈએ રૂ. ૨૧૦૧ બોલીને લીધો. બાદ તેમની કેસર ચંદન અગર વગેરે દ્રવ્યોથી પૂજા કરવાની ઉછામણીઓ થઈ. કેસર પૂજા કરવાનો લાભ એરોવાળા શ્રી બાબુભાઈએ લીધેલ. અન્ય પૂજાઓ કરવામાં આવી. ધૂપ ઉવેખાયો અને અપાર ભક્તોની રોતી આંખો અને કરૂણ ડૂસકાંઓ સાથે 'જય જય નંદા જય જય ભદ્દા' ના ગગનભેદી, નાદપૂર્વક લાલબાગ ઉપાશ્રયેથી બપોરના ૧ વાગે અંતિમ યાત્રા શરૂ થઈ.

અંતિમ યાત્રા મલબારહીલ થઈ બાણગંગા પહોંચી ત્યારે મધ્યાહ્નના ત્રણ વાગી ગયા હતા. માનવમેદની એવી જામી હતી કે, પગ મૂકવાની જગા નહોતી. મહામુશ્કેલીએ માર્ગ કરતી શિબિકાને સ્મશાનમાં

લાવવામાં આવી. ચંદન કાષ્ઠોનો એક તરફ ઢેર જામ્યો હતો. બીજી તરફ તે મહાન આત્માના મૃતદેહને અગ્નિદાહ દેવાની બોલી બોલાતી હતી. જેમની શક્તિ ન હતી એવા પણ ભક્તજનો પોતાના ગજા ઉપરાંત બોલતા હતા. છેવટે **રૂ. ૫૫૦૧માં તેમને અગ્નિદાહ દેવાનો લાભ શ્રી વિનોદભાઈ શાંતિલાલ અમદાવાદવાળાએ લીધેલ.** વિનોદભાઈએ પોતાના હાથે, રડતી આંખે પૂ. ઉપાધ્યાયજી મહારાજના પાવન દેહને પાવક આપ્યો. સેંકડો નરનારીઓનાં હૈયાં કલ્પાંત કરી ઊઠ્યા અને સેંકડો નેત્રો ચોધાર આંસુ સારી રહ્યાં. આજે એ ક્ષર દેહ આ દુનિયામાં વિદ્યમાન નથી. પરંતુ ભક્તજનોના હૃદયમાં તેમનું અક્ષર પ્રતિબિમ્બ આજે પણ તેવું ને તેવું જ છે. તેમના સંયમજીવનની અનુમોદનાર્થે મહોત્સવ પણ સુંદર થવા પામેલ. જેમાં મુખ્ય ફાળો શ્રીયુત બાબુભાઈ એરોવાળાનો હતો.

આ મહાપુરુષ માટે ચોક્કસ એક વાત કહેવાનું મન થાય છે, તેઓએ પોતાના જીવનનું અલગ અસ્તિત્વ રાખ્યું જ નહોતું. ગુરુના અસ્તિત્વમાં પોતાના અસ્તિત્વને ઓગાળી દીધું હતું. ગુરુની આરાધના એ જીવન મંત્ર હતો કટોકટીના સમયમાં તેઓ સદાને માટે પોતાના પરમતારક ગુરુદેવની સાથે જ રહેલા. એટલું જ નહિ. પણ વિકટ સંયોગોમાં ગોચરીમાં શંકા પડતી ત્યારે પ્રથમ ગોચરી પોતે વાપરતા અને ખાત્રી થયા પછી પોતાના ગુરુ દેવને ગોચરી વપરાવતા. ગુરુ-ગચ્છની સેવા એ કાર્ય-ક્ષેત્ર હતું. જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ, વ્યાખ્યાન વાચસ્પતિ, સંઘ સન્માર્ગ દર્શક, સત્ય માર્ગ રક્ષક પ.પૂ.આ.દે. શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના હૃદયમાં વાસ કરનારા આ મહાપુરુષ હતાં. પોતાના પરમતારક, પરમશ્રદ્ધેય પરમ ગુરુદેવની આરાધના-સાધના પ્રભાવના-રક્ષા રૂપ પ્રત્યેક અંગોના પડછાયાની જેમ સાક્ષી હતા. તારક ગુરુના પ્રત્યેક કાર્યોમાં પાયાના પથ્થર બનેલા હતા.

કોઈ પૂછે કે, 'મોક્ષમાં સુખ શું ?'

દુઃખનો, ઈચ્છાનો, તૃષ્ણાનો સર્વથા અભાવ અર્થાત્

સર્વ કર્મસંગથી રહિત થઈ સ્વરૂપમાં અનન્ય રમણતા એ જ વાસ્તવિક મોક્ષનું સુખ.

કોઈ પૂછે કે મોક્ષનું સુખ શબ્દમાં કહો :-

શાસ્ત્ર કહે છે કે, તે અનિર્વચનીય છે. એ સુખ શબ્દમાં વર્ણવાય તેવું નથી. કારણ કે, દુનિયાના સુખ કરતાં એ સુખ તદ્દન જુદી જાતનું છે. જે સાધનો દ્વારા દુનિયા સુખની અભિલાષા રાખે છે, તે જ સાધનોનો સર્વથા અભાવ થાય અને આત્મા પોતાના બળ દ્વારા તે સઘળાં સાધનોની મમતા તજી કર્મમલથી રહિત થઈ સ્વસ્વરૂપમય બને ત્યારે જ મોક્ષ સુખનો અનુભવ થઈ શકે છે.

**પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : કલ્યાણભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૨ કા. વદ ૫ **અમદાવાદ** |
| માતા | : શણગારબેન |
| પિતા | : સકરચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૩ વૈ. સુદ ૧૧ **ખંભાત** |
| દીક્ષાની ઉંમર | : ૧૧ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી કનકવિજય મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૩ જે. સુદ ૧૩ **ખંભાત** |
| ગણી તથા પં. પદવી | : વિ.સં. ૨૦૦૫ મ. સુદ ૫ **અમદાવાદ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૩ શ્રીપાલનગર **મુંબઈ** |
| આચાર્યપદ પર્યાય | : ૯ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૬ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૩૮ પ્રથમ આ. સુદ ૯ લક્ષ્મીવર્ધક જૈન ઉપાશ્રય, **અમદાવાદ** |
| આયુષ્ય | : ૬૭ વર્ષ |

સમર્થસાહિત્યસર્જક, સુપ્રસિદ્ધ વક્તા

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજા

## જન્મ-માતા-પિતા :

આ મહાપુરુષનો જન્મ અમદાવાદની વાઘણપોળમાં થયો હતો. જગતને એ વખતે નહોતી ખબર કે વાઘણે સિંહને જન્મ આપ્યો છે. તે ધન્ય દિવસ **વિ.સં. ૧૯૭૨ની કારતક વદ ૫નો** હતો. આ સંતાન સ્વપરનું કલ્યાણ કરનારો થાય એવા મનોરથવાળા માતા-પિતાએ એમનું નામ પણ **'કલ્યાણ'** રાખ્યું હતું. ભવિષ્યમાં તે જ બાળકે પોતાનું આત્મકલ્યાણ ચારિત્ર જીવનના સ્વીકાર દ્વારા કર્યું. તેમની માતા **શણગારબેન** જાણે એક ઉત્તમ સંતાનને જન્મ આપીને જ જીવન કૃતાર્થ બની ગયું હોય એમ બાળકના જન્મ પછી સવા વર્ષમાં સ્વર્ગે સિધાવી ગયા. તે વખતે મોટી બહેન લીલાવતીની વય ૩ વર્ષની હતી. ધર્મપત્નીના અકાળે મૃત્યુ બાદ બાળકોના જીવન ઘડતરની સંપૂર્ણ જવાબદારી પિતાશ્રી સકરચંદભાઈ ઉપર આવી.

## ધર્મ સંસ્કાર :

સંતાનોના કલ્યાણમાં મારું પણ કલ્યાણ છૂપાયેલું છે એમ જાણતા પિતા શ્રી સકરચંદભાઈ બંનેમાં શુભ સંસ્કારોના સિંચન માટે સતત જાગ્રત રહેતા. બંનેને સમયસર પાઠશાળા મોકલવા, પાકા કરેલા સૂત્રો ફરીવાર બોલાવવા, નવકારશી, રાત્રિભોજન ત્યાગ, નિત્ય જિનપૂજા, પર્વતિથિએ પૌષધ વગેરે વ્રત-નિયમમાં ભાઈ-બહેનને પ્રોત્સાહન આપતા. છ વર્ષના કલ્યાણને ધોતિયું ખેસ પહેરાવી પિતાજી જ્યારે જિનમંદિરે પ્રભુ પૂજા કરવા લઈ જતા અને તે પ્રભુની એવી અદાથી પૂજા કરે કે તેના તરફ આંગળી ચીંધતા લોકો તેને **'ભગતરાજ'** તરીકે સંબોધતા હતા. પિતાજી રોજ રાત્રિના બંને બાળકોને પાસે બોલાવી વાત્સલ્યપૂર્વક માથે હાથ ફેરવી, સંસારની ભયાનકતા સમજાવતા અને કહેતા કે મનુષ્ય જન્મની સાર્થકતા સંયમ વિના નથી. સ્કૂલમાં જતાં વચ્ચે વિદ્યાશાળામાં પ્રસિદ્ધ વક્તા પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ.સા.ના જોરદાર પ્રવચનો સાંભળવા બંનેને રોજ સમયસર લઈ જતા. જેના પ્રભાવે બંનેના હૃદયમાં વૈરાગ્યના અંકૂરા ફૂટવા લાગ્યા. પૂ.પં. શ્રી પ્રેમવિજયજી મહારાજે નાનકડા 'કલ્યાણ' ને કહ્યું કે, 'કેમ તારે દીક્ષા લેવી છે ? જો અહિં તને બધું સુખ છે, તને ભણાવી-ગણાવી **રામવિજય** જેવો હોંશિયાર કરી દઈશ' આ મહાપુરુષના આ શબ્દો 'કલ્યાણ'ને સ્પર્શી ગયા.

પરિણામે કુટુંબીજનોની સામે જઈને પણ સકરચંદભાઈએ ૧૩ વર્ષની પુત્રી લીલાવતીને યોગ્ય ગુરુનો યોગ થતાં વિ.સં. ૧૯૮૩ પોષ વદ ૫ના શુભ દિને મહેસાણામાં શાંત તપોમૂર્તિ પૂ.આ.શ્રી મેઘસૂરિજી મ.ના પુનિત હસ્તે દીક્ષા અપાવી. પૂ.સાધ્વીજી શ્રી દયાશ્રીજી મ. ના શિષ્યા તરીકે પૂ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના નામે તેઓશ્રીને જાહેર કરાયા.

પૂ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મહારાજે ગુરુનિશ્રાએ રહી જ્ઞાન-ધ્યાન-તપ ત્યાગ ભક્તિ તથા સંયમની સુંદર આરાધના કરી પોતાનું જીવન ઉજાળ્યું. કેન્સરની અસહ્ય બિમારી સમતાભાવે સહન કરીને પાટણ મુકામે **વિ.સં. ૨૦૨૨ વૈ.સુ. ૩ના દિવસે પૂ.આ.ભ.શ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** સાનિધ્યમાં સમાધિમય પંડિતમરણને પામ્યા. આજે પણ તેઓશ્રીનો લગભગ ૩૨૫ સાધ્વીઓનો સમુદાય જ્ઞાન-ધ્યાન તપ ત્યાગ સંયમની સુંદર સુવાસ પ્રસરાવી રહ્યો છે.

આ બાજુ કલ્યાણને ખબર નહોતી કે પિતાજી બહેનને દીક્ષા આપવા ગયા છે. જ્યારે દીક્ષા અપાવીને અમદાવાદ પાછા ફર્યા ત્યારે કલ્યાણે પૂછયું. બેન કયાં છે ? ભાઈ-બહેન વચ્ચે અતૂટ સ્નેહ હોવાથી કોઈ દિવસ છૂટા પડેલા ન હતા. પિતાજીએ ધીમે રહીને કહ્યું, 'ભાઈ ! બહેને તો દીક્ષા લીધી.' કલ્યાણે કહ્યું, 'તો મને કેમ ટાળ્યો ?' હું શું આપને બહેન જેટલો વહાલો નથી ? પિતાશ્રીએ સમજાવ્યું, 'ભાઈ ! મૂંઝાઈશ નહિ. તને પણ આ સંસારના કારાવાસમાંથી છોડાવવાનો જ છું.' કલ્યાણ દરરોજ પરમાત્મા પાસે દીક્ષાની ભાવના ભાવવા માંડ્યો. ગુરુદેવોની પુણ્ય નિશ્રાનાં પ્રભાવે પ્રવ્રજ્યા સ્વીકારવા અતિઉત્કટ બન્યો.

**દીક્ષા :**

એમ કરતાં **ખંભાતનગરમાં વિ.સં. ૧૯૮૩ વૈ.સુ. ૧૧** ચરમતીર્થપતિના શાસન સ્થાપના શુભદિને ભવ્યમુહૂર્તે **ગીતાર્થ શિરોમણી પૂ.આ.શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ.સા.** ના પુનિત હસ્તે હજારો માનવમેદનીની વચ્ચે ભાગવતી પ્રવ્રજ્યા પ્રદાન થતાં વ્યાખ્યાન વાચસ્પતિ **પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** (તે વખતે મુનિરાજ) **મ.સા.ના** બાલશિષ્યરત્ન તરીકે કલ્યાણમાંથી **મુનિરાજ શ્રીકનકવિજયજી મહારાજ** બન્યા. એ પ્રસંગે ઉપસ્થિત મેદનીએ 'ભવિષ્યમાં આ એક મહાન પ્રભાવક પુરુષ પાકશે' એવી આગાહી કરી હતી. વેષ અને નામ બદલાવા છતાં નામનો અર્થ એટલે કે પૂર્વનું નામ 'કલ્યાણ' એટલે પણ સુવર્ણ અને દીક્ષિત નામ 'કનક' એટલે પણ સુવર્ણ એમ કાયમ રાખ્યું.

ત્યાર બાદ બીજે જ વર્ષે **પિતાશ્રી સકરચંદભાઈએ** અમદાવાદ ખાતે પોતાના ઘરઆંગણે મહોત્સવ માંડી **પૂ.પં. શ્રી પ્રેમવિજયજી ગણિવરશ્રીના વરદહસ્તે** ૩૬ વર્ષની વયે સંસાર ત્યજી **વિ.સં. ૧૯૮૪ ફા. સુ. ૩ને દિવસે દીક્ષા ગ્રહણ કરી.** તેઓ **પૂ. ઉપાધ્યાયજી શ્રી ધર્મવિજયજી ગણિવરના** શિષ્યરત્ન તરીકે **મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજીના** નામે ઓળખાયા. સંતાનો અને પોતાનું જીવન સાચા અર્થમાં ફળીભૂત થવાથી અદકેરો આનંદ અનુભવ્યો. તેઓ તપ, જપ, જ્ઞાન, ધ્યાન, વૈયાવચ્ચ આદિ ઉત્તમગુણોથી અલંકૃત બનીને **પંન્યાસ પદથી વિભૂષિત થયા.** વિ.સં. ૨૦૧૪ અષાઢ સુદ ૨ના તેઓશ્રી મુંબઈ (અંધેરીમાં) સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

સકલાગમ રહસ્યવેદી **પૂ.આ.શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ.સા.** સિદ્ધાંત મહોદધિ **પૂ.પં. પ્રેમવિજયજી ગણિવર,** તથા તેઓશ્રીના અદ્વીતિય પટ્ટાલંકાર પ્રખર પ્રવચનકાર **મુનિરાજ શ્રી રામવિજયજી મ.સા.** આ ત્રણે પૂ. ગુરુદેવોના શુભસાનિધ્યમાં પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મહરાજે એક દસકામાં તો સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ કાવ્ય સાહિત્ય, દર્શનશાસ્ત્રો, જિનાગમ, પ્રકરણ ગ્રન્થોનું જ્ઞાન પૂ. ગુરુદેવોની કૃપાથી પ્રાપ્ત કર્યું. મોટા મોટા મુનિવરો પણ તેઓશ્રી પાસે કઠિનમાં કઠિન ગ્રંથોનો અભ્યાસ કરતાં. તેઓશ્રી અઘરા પદાર્થો સરળતાથી ખોલી આપતા.

દીક્ષા પછીનાં બીજા જ વર્ષે **વિ.સં. ૧૯૮૪માં પૂ.આ.શ્રી દાનસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા** થતાં ૧૨ વર્ષની ઉંમરે તેઓશ્રીએ સુરત શહેરની પાટ ઉપર બેસીને **પ્રભાવક પ્રવચન** આપ્યું. એ પ્રવચન સુરતની જનતાને આશ્ચર્યમુગ્ધ બનાવી ગયું. ૨૧ વર્ષની ઉંમરે ગુર્વાજ્ઞાથી સીરસાલામાં સ્વતંત્ર ચાતુર્માસ કર્યું. એની સુવાસ ચોમેર પ્રસરતી જ રહી.

**ગણી-પંન્યાસપદ :**

તેઓશ્રીની યોગ્યતા જોઈને ગચ્છાધિપતિ **પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ** પોતાના વરદહસ્તે તેઓશ્રીને **વિ.સં. ૨૦૦૫ મહા સુદ-૫ના અમદાવાદમાં ગણિપદ-પંન્યાસપદથી અલંકૃત કર્યા.**

**આચાર્ય પદ :**

સુવિશાલ ગચ્છાધિપતિ પરમ શાસન પ્રભાવક પરમ ગુરુદેવ પૂજ્ય **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતાના વરદહસ્તે વિ.સં. ૨૦૨૯ના માગસર સુદ-૨ ના મંગલ દિવસે મુંબઈ શ્રીપાલનગરમાં પંચપરમેષ્ઠિના ત્રીજા મંગલપદે આચાર્યપદથી તેઓશ્રીને અલંકૃત કર્યા.**

**સૌમ્યમૂર્તિ :**

વાણીમાં મીઠાશ, શાસ્ત્રોની તાત્ત્વિક વાતો પણ સરળ અને સચોટપણે સમજાવવાની તેમનામાં અદ્ભુત શૈલી હતી.

**પૂજ્યશ્રી સિદ્ધહસ્ત લેખક હતા. કલ્યાણ માસિકનાં આદ્ય પ્રેરક તરીકે તેઓશ્રીનો ઉપકાર સંઘ ભૂલી શકે તેમ નથી.** વિધાનસભામાં અને લોકસભામાં આવેલ ગેરબંધારણીય બાલદીક્ષા પ્રતિબંધક બિલોનો સચોટ દલીલો દ્વારા વિરોધ કરવામાં કલ્યાણ માસિક મોખરે રહ્યું હતું અને તે બિલો પાછાં ખેંચાયા હતા. **તે બધાનો મુખ્ય યશ પરમપૂજ્યશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજાને ફાળે જાય છે.** પૂજ્યશ્રીએ પોતાના લખાણમાં શાસ્ત્ર સાપેક્ષતા સાથે સરળતા, સુંદરતા અને નવીનતા આણી આધુનિક જૈન સાહિત્યને શાસ્ત્રીય પદ્ધતિથી લખવાની કળા આપી. લખવું સહેલું છે પણ બીજાને લખતા કરવા એ અઘરું છે અને એથી ય વધારે અઘરું બીજાનાં લખાણને સુવ્યવસ્થિત કરીને સંપાદિત કરીને પ્રકાશિત કરવું એ છે. જે કાર્ય તેઓશ્રી '**કલ્યાણ**'ના માધ્યમથી કરતા.

**તપશ્ચર્યા :**

તપોમૂર્તિ તરીકે ૯ વર્ષીતપ (એક વર્ષીતપ છઠ્ઠના પારણે છઠ્ઠ) ૧૨૫ અઠ્ઠમ, અઠ્ઠમ-છઠ્ઠથી ૪ ચોમાસી, ઉપવાસથી ૪ બેમાસી અને ૮ ચોમાસી, વીશ સ્થાનકની બે ઓળી, પ્રાયઃ દરેક તીર્થમાં અઠ્ઠમ, (અંતિમ વર્ષે ૧૦ મો વર્ષીતપ અઢી મહિના) ૪ અઠ્ઠાઈ આદિ તપોની આરાધના કરીને પૂજ્યશ્રીએ એક ઉત્તમ તપસ્વી તરીકેનો પરિચય આપ્યો હતો. આસન સ્થિરતા, સ્વાધ્યાય તત્પરતા, અસ્વસ્થતામાં પણ અધ્યયન-અધ્યાપનની નિયમિતતા, અપ્રમાદ, ધર્મોપદેશ રસિકતા, સ્વભાવમાં સમાયેલી ચંદન જેવી શીતળતા, ગમે તેવા દર્દને હસતા હસતા સહન કરવાની અને સહન કરતા કરતા હસવાની સહિષ્ણુતા આવા અનેક સદ્ગુણો એમના જીવનમાં વણાયેલા હતા. **વક્તૃત્વ, લેખન અને તપનો ત્રિવેણી સંગમ પૂજ્યશ્રીમાં હતો. વિ.સં. ૧૯૯૫ના મુંબઈ લાલબાગના ચાતુર્માસે યુવા મુનિ શ્રી કનકવિજયજી મહારાજ ૨૩ વર્ષની લઘુવયમાં સોળે કળાએ ખીલી ઉઠયા'તા. છઠ્ઠના પારણે છઠ્ઠનો વર્ષીતપ હજારો આત્માઓને બુલંદ અવાજે પ્રતિબોધ અને એ વખતે જૈન કોન્ફરન્સ સભાના પ્રમુખશ્રીએ પોતાની ભ્રમણાનો ભાંગીને ભુક્કો કર્યો કે, આ બાલદીક્ષા જૈન શાસનને શું લાભ કરે છે ?**

પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્ય અને નિશ્રાવર્તી પરિવાર ૧૦ ઠાણા હતા. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીના શિષ્યરત્નોમાં પૂ. ઉપાધ્યાય શ્રી મહિમાવિજયજી ગણિવર મુખ્ય અને ભક્તિભાવમાં અપ્રતિમ હતા. શ્રુત પ્રત્યે તેઓશ્રીની ભક્તિ અત્યંત પ્રશંસનીય છે. અનેક જ્ઞાનભંડારો તેઓએ પરિશ્રમપૂર્વક વ્યવસ્થિત બનાવ્યા છે. પૂજ્યશ્રીમાં રહેલું ગુરુતત્ત્વ સૌને પ્રત્યક્ષ હતું. શિષ્ય સમુદાય એમના વાત્સલ્યને પામીને આત્મ કલ્યાણના માર્ગે સુખપૂર્વક વધતો હતો. જેમ ખળખળ વહેતા ગંગા પ્રવાહ જેવી મધુરતા અને શીતળતા પૂજ્યશ્રીની પ્રકૃતિમાં અનુભવવા મળતી તેમ સિદ્ધાંતની રક્ષાના અવસરે ઉગ્રતાના પણ દર્શન થતા હતા. રાધનપુરમાં વર્ષોથી જે દેવદ્રવ્યની ગરબડ ચાલુ હતી. તેની શુદ્ધિ કરાવી હતી. આમ તેઓમાં ભીમ અને કાન્ત બંને ગુણોનો સમન્વય જોવા મળતો.

**રતલામ (મ.પ્ર.) શ્રીસંઘ ઉપર મહાન ઉપકાર :**

પૂજ્યશ્રીનો રતલામ શ્રીસંઘ ઉપર અનન્ય ઉપકાર હતો. માળવાનાં તીર્થસ્થાનો અને જિનાલયોના પુનરુદ્ધાર અને વિકાસમાં પૂ.આચાર્યદેવશ્રી તથા તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાય શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રી આદિનો ઉપકાર ચિરસ્મરણીય છે. તેમાં **સહુથી વિશિષ્ટ અને અવિસ્મરણીય ઉપકાર રતલામમાં ભવ્ય આરાધના ભવનના નિર્માણનો છે.**

ધર્મની રક્ષાના અવસરે તેઓની કલમમાં અને વાણીમાં એવો જુસ્સો ધસમસતો કે જેના અનુભવ માત્રથી દર્શક સ્તબ્ધ બની જતો. ધર્મયુદ્ધની પળોમાં એમની કલમમાંથી વીરરસ રેલાતો. જેનો અનુભવ કરવા જિજ્ઞાસુએ બાલદીક્ષા વિરોધ, સુધારકવાદ, કેસરીયાજી અંતરીક્ષજી પ્રકરણ જેવા પ્રસંગો વખતે **'કલ્યાણ' માસિકમાં ચાલેલી એમની કલમનો જ પરિચય કરવો પડે.** સાહિત્યના ક્ષેત્રે પૂજ્યશ્રીનું હજી એક મહત્ત્વનું પ્રદાન પ્રસ્તાવના લેખન હતું. પુસ્તકમાં સમાવેલા સાગરને પૂજ્યશ્રી આત્મસાત્ કરીને પ્રસ્તાવનાની

ગાગરમાં ખૂબ જ કુશળતાથી મૂકતા અને એ રીતે પૂજ્યશ્રી સાહિત્ય સર્જક અને વાચક વચ્ચે મહત્ત્વની કડી બની રહેતા. અનેક પુસ્તકોની રચાયેલી તેઓની પ્રસ્તાવના દ્વારા વાચકો પુસ્તકને વાંચવા તત્પર બનતા.

**શ્રુતોપાસના :**

આ રીતે વણથંભ્યું 'કલ્યાણ' માસિક (૬૬ વર્ષની વિરલ દેન) શત્રુંજ્ય માહાત્મ્યનો ભાવાનુવાદ, ધન્ય ચરિત્રનો ભાવાનુવાદ, તત્ત્વાર્થસૂત્રનો ભાવાનુવાદ, શાંત સુધારસનો ભાવાનુવાદ, અનેક ગ્રંથોના સંશોધનો, સંપાદનો, સ્વલિખિત લેખો, ચિંતનો, નિબંધો, બોધદાયી સંવાદો, વિદ્વદ્‌જનોનાં પુસ્તકોની સર્વગ્રાહી પ્રસ્તાવનાઓ, સમાલોચના આદિ ૯૦ ઉપરાંતના પ્રકાશનો કરેલા છે. પૂજ્યશ્રીના નામમાં જ નહિ પણ કામમાં પણ 'કનક' જેવી નક્કરતા અને સુંદરતા હતી અને 'ચન્દ્ર' જેવી આહ્‌લાદક શીતલતાનો સુભગ સમન્વય હતો.

પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠાઓ, છ'રી પાલક સંઘો, ઉપધાન, ઉપાશ્રયોના નિર્માણ, જ્ઞાન ભંડારોની સ્થાપના, તથા અનેક શ્રી જિનમંદિરોના જીર્ણોદ્ધાર થયેલ છે.

**અંતિમ ચાતુર્માસ - અંતિમ આરાધના :**

જીવનનું અંતિમ ચાતુર્માસ જન્મભૂમિ અમદાવાદમાં થયું. શાંતિવન શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ વિ.સં. ૨૦૩૮નું ચાતુર્માસ પામવા બડભાગી બન્યો. ૧૧મા અંગસૂત્ર શ્રી વિપાકસૂત્ર પરના પ્રવચનોએ સૌને ઘેલું લગાડ્યું. કર્મના વિપાકોદય સૂક્ષ્મતાથી સમજાવ્યા. જાહેર પ્રવચનશ્રેણીમાં 'રામાયણમાં આપણી સંસ્કૃતિનો ભવ્ય વારસો' આ પ્રવચનો સાંભળવા રાજનગરમાંથી શ્રોતાઓ ક્યાંયને ક્યાંયથી દોડ્યા આવતા. એમનો ગણધરવાદ પણ અફલાતુન રહેતો. બે વાગ્યથી શરૂ થાય. છેક સૂર્યાસ્તનો સમય આવી જાય ત્યાં સુધી ગણધરવાદ સંભળાવતા.

લગભગ ચાર-પાંચ કલાક સાધુ-સાધ્વીજીઓને વાચના-હિતશિક્ષા-અધ્યાપન કરાવવાની નેમ અંતિમ ચાતુર્માસમાં પણ ભરી રહી. ગમે ત્યારે કોઈ તત્ત્વજિજ્ઞાસુ આવ્યો હોય તો તુરત એની જિજ્ઞાસાને પૂર્ણ રીતે સંતોષતા. પ્રથમ આસો સુદ બીજના રવિવારે સવારે અને બપોરે એમ બે પ્રવચનો એમના અંતિમ હતા. એ દિવસ તાવ આદિની અશાતા વળગી છતાં બપોરના જાહેર પ્રવચન વખતે એની પરવા ન કરી. એ પછીના પ્ર. આસો સુદ ૯ના રવિવારે સાંજે ૪-૩૫ કલાકે એમનો સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થયો. હાથના વેઢા જાગૃત હતા. પ્રથમ શિષ્ય પૂ. ઉપાધ્યાયજી શ્રી મહિમાવિજયજી ગણિવર્યનો ૫૦-૫૦ વર્ષનો સાથ છોડી એમના શ્રીમુખે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતા ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં આ મહાપુરુષ દિવ્યલોકે સંચરી ગયા. રાજનગરે જન્મ-રાજનગરે સમાધિમૃત્યુ અને રાજનગરે સમાધિમંદિર ઉપાશ્રયનું નવનિર્માણ પાલડી-રંગસાગર શ્રી સંઘમાં થવા પામ્યું. આજે આ સંઘની ઉન્નતિ-સમૃદ્ધિ આ મહાપુરુષના પુણ્યપ્રભાવને આભારી છે.

વિરલ વિભૂતિ

# પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીકાંતિવિજયજી ગણિવર

જૈનશાસન હંમેશા સુવિહિત મહાપુરુષોથી જયવંતુ વર્તે છે. તેમાં ય વર્તમાનના ભૌતિકવાદના વિષમ વાયરાઓમાં પણ જે મહાપુરુષો જીવન-મરણથી સૌને આલંબનભૂત અને પ્રશંસનીય બને છે. તેવા મહાપુરુષોની શ્રેણીમાં એક વિરલ કોટિના પુણ્યાત્મા એટલે **પ.પૂ. પંન્યાસ પ્રવર કાન્તિવિજયજી ગણિવર !** સકલાગમ રહસ્ય વેદી **પ.પૂ.આ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે દીક્ષાનું દાન પામી,** સચ્ચારિત્ર ચૂડામણિ **પ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પ્રેમભરી પુણ્ય કૃપાના સૌભાગ્યને પામી,** જિનશાસન શિરતાજ , તપાગચ્છાધિરાજ **પ.પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યપણાને પામી,** ત્રણે શાસન સમર્પિત સૂરિવર્યોની સૌભાગ્યમયી તારક છત્રછાયામાં પોતાનાં આત્માને ગુણોથી અજવાળનારા પંન્યાસ પ્રવરશ્રીજીની જીવન કથા પણ લઘુકર્મી પુણ્યાત્માઓને પ્રેરણાદાયી અને ધર્મમાર્ગમાં ધીરતા-વીરતા-સ્થિરતાનું પાન કરાવનારી છે.

**જન્મ-માતા-પિતા :**

અનેકાનેક શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોથી શોભિત, ધર્મનગરીના નામને સાર્થક કરતા એવા **અમદાવાદ** શહેરમાં સુરદાસ શેઠની પોળમાં વસતા, વાયગામવાળા શ્રેષ્ઠીવર્ય **શ્રી મણિલાલ ચુનીલાલ**ના ધર્મપત્ની સુ.સૌ. **કેવળીબેન**ની કુક્ષિથી ચરિત્રનાયકનો **વિ.સં. ૧૯૬૧ના આસો વદ-૪ના જન્મ થયો.** જન્મ વખતે જરાપણ રડ્યા ન હોવાથી બિમારીની શંકાથી ડૉક્ટરને બોલાવી, તપાસ કરવાથી સ્વાસ્થ્ય સારું છે, કોઈ જ રોગ નથી. તેથી ઉત્તમ પુણ્યાત્મા છે એમ માની સૌ આનંદ પામ્યા. આ સંસારમાં જન્મ-મરણની ઘટમાળ ચાલ્યા કરે છે. તેથી તેમના જન્મ પૂર્વે જ, તેઓ ગર્ભાવાસમાં હતા ત્યારે તેમના પિતાશ્રી સ્વર્ગવાસી બન્યા. માતાએ તો આ એક જ સંતાન હોવાથી મોહજન્ય વાત્સલ્ય વરસાવવામાં બાકી ન રાખ્યું. તેમાં રૂપસંપન્ન અને ચપળ હોવાથી સદૈવ મુખ પર હાસ્યનો મલકાટ જોવા મળતો. ભાવિમાં સંયમધર્મની કાંતિથી પોતાના આત્માને અજવાળનારા જાણે થવાના ન હોય, તેથી તેનું **કાંતિલાલ** એવું ગુણ સંપન્ન નામ પાડ્યું. મોસાળ પક્ષમાં પણ કોઈ સંતાન નહિ હોવાથી મામા-મામી આદિના હેતથી ભીંજાતા રહ્યા. લાડકોડથી ઉછરતા તેમના જીવનમાં યૌવન સુલભ મોજશોખાદિ, હરવું-ફરવું ઘર કરી ગયા. સ્કૂલમાં પાંચ અંગ્રેજી સુધીનો અભ્યાસ કર્યા બાદ તેમની બુદ્ધિ, હોંશિયારી, કુશળતા, આવડતાદિથી

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્

# પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવર



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : કાંતિલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૬૧ આ. વદ ૪, અમદાવાદ. |
| માતા | : કેવળીબેન |
| પિતા | : મણિલાલ ચુનીલાલ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૩ વૈ. વદ ૬ ખંભાત |
| દીક્ષાની ઉંમર | : ૨૨ વર્ષ |
| દીક્ષા દાતાનું નામ | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ. | : મુનિશ્રી કાંતિવિજય મ. |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૦૫, મ.સુદ ૬ અમદાવાદ. |
| સંયમ પર્યાય | : ૩૮ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૨૧ ભા. વદ ૩ પાટણ |
| આયુષ્ય | : ૭૯ વર્ષ |

સૌજન્ય

**કમુબેન ગુલાબચંદ ઝવેરી. - સુરત**

આકર્ષાઈ તેમના દાદા શ્રી ચુનીલાલે અભ્યાસ બંધ કરાવી દુકાને બેસાડ્યા. સોળ વર્ષની વયે નાગજી ભુધરની પોળ નિવાસી શ્રેષ્ઠીવર્ય દોલાભાઈ નગીનદાસની સુપુત્રી **લીલાવતી સાથે લગ્ન કર્યા.** સમાન ઃતિવાળું યુગલ જોઈ વિશેષથી માતા આનંદ પામ્યા. પ્રામાણિકતા, જાતિમત્તાથી દુકાન ચલાવતા પોતાની આવડતથી અલ્પ સમયમાં ધાર્યા કરતાં કમાણી વધારી દીધી અને સૌ સંસારીઓ પૈસા-સુખની વૃદ્ધિથી આનંદ પામે તે ર. ઽજ હતું.

કુલાચારથી મહાપર્વ શ્રી પર્યુષણાદિ દિવસોમાં જિનપૂજા, પ્રતિક્રમણ, જિનવાણી શ્રવણ, સાધુ-સાધ્વીની ભક્તિ આદિ ધર્મક્રિયાઓ કરતા. પણ મન તો સંસારના રંગ-રાગથી રંગાયેલું હતું. જિનવાણીના જગમશહુર જાદુગર **પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજાના** હુલામણા નામે જૈન-જૈનેતર જગતમાં ..નૂત વિ યાતિને વરેલા મહાપુરુષના શ્રીમુખેથી વ્યાખ્યાન શ્રવણ પણ જીવનનો અદ્ભૂત લ્હાવો મનાતું. વિશાળ એવી વિદ્યાશાળાનો હોલ પણ નાનો પડતો. બાલ, યુવક, પ્રૌઢ કે વૃદ્ધ માટે દુર્લભ બનેલા દીક્ષા માર્ગને સુલભ બનાવનારા દીક્ષાદાનેશ્વરીના પ્રવચનોએ રાજનગરની ધર્મપ્રેમી જનતાને ગાંડુ કરેલ. મોહરાજા પોતાના સુભટો દ્વારા સંસારી જીવોને અજ્ઞાન મદિરાનું પાન કરાવી બેહોશ બનાવતો તો મોહ વિષધરને નાથવા મહાગારુડિક એવા તે મુનિશ્રીના પ્રવચનોનું શ્રવણ મદહોશ, બેહોશને પણ બાહોશ બનાવતું અને મોહમલ્લને જીતવાનો સંકલ્પ કરાવી સાધુપણાના વાઘા સજાવતું હતું. ચરિત્ર નાયકના મામા પોપટલાલભાઈને પણ વ્યાખ્યાન શ્રવણનું ઘેલું લાગેલ અને પોતાના પરિચિતોને સમજાવતા કે, **"આ મહાત્માને સાંભળ્યા નથી તેમનો જન્મ નિરર્થક નકામો છે."** તેમની પ્રેરણામૃતનું પાન કરી કાંતિલાલ પણ જિનવાણી શ્રવણના રસિક બન્યા. વિલાસમાં, મોજ મસ્તીમાં જીવનની ઈતિ શ્રી માન ાર, સ્વર્ગીય સુખોની કલ્પનામાં રાચનાર તેમનો આત્મા જાગી ઊઠ્યો અને **'સંયમ કબહી મિલે'**ની ભાવનામાં રમવા લાગ્યો, 'સંસારની અસારતા, ભોગોની ભયાનકતા, કષાયોની **કાતિલતા** સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતા' સમજાઈ ગઈ. તેમાં ય **પૂ. પંન્યાસ પ્રવર શ્રી પ્રેમવિજયજી ગણિવરની પ્રેરણાએ જીવનને પરિવર્તનની દિશામાં લાવી દીધું.** તેમાં ય પ્રાસંગિક 'જંબૂકુમાર ચરિત્ર' પરના પૂ. મુનિરાજ શ્રી રામવિજયજીના પ્રવચનોએ તેમના હૈયાને હચમચાવી મૂકયું કે જંબૂકુમારે તો લગ્ન કરીને આઠે પત્નીઓને સમજાવી, આઠેને છોડી સંયમનો સ્વીકાર કર્યો તો મારે તો માત્ર એક જ પત્ની છોડવાની છે માટે મનને મક્કમ બનાવવું જ રહ્યું.

જેમ શ્રીજંબૂકુમારે પ્રસંગ પામી દીક્ષા પૂર્વે ગણધર શ્રીસુધર્માસ્વામિની પાસે અડધી દીક્ષા સમાન ચતુર્થવ્રત લીધેલું. તેમ શ્રીકાંતિભાઈને પણ બ્રહ્મચર્ય વ્રતની ભાવના જાગી, તેમના ધર્મપત્ની લીલાવતીબેનને વાત કરતાં તેઓએ પણ સંમતિ આપી. લોકમાં કહેવાય કે સ્ત્રી ચરિત્રના પારને બ્રહ્મા પણ પામી શકતા નથી તો બીજાની શી વાત ? બંન્ને પૂ.આ.શ્રી. વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા પાસે ચતુર્થ વ્રત લેવા ગયા ત્યારે તેમના ધર્મપત્ની લીલાવતીબેને સ્પષ્ટ શબ્દોમાં ના પાડી અને આખા કુટુંબમાં વાત કરી તેથી શ્રીકાંતિભાઈ પર દેરાસર-ઉપાશ્રયમાં જવાનો નિષેધ મૂકાયો. તેમની પ્રત્યેક પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવામાં આવી.

મોહાંધ જીવોની હાલત આવી જ હોય પણ સમજુ શાણો વિવેકી આત્મા પણ તેમની સામે તેવો જ મક્કમ હોય છે. શ્રીકાંતિભાઈના સાસુ તો તેમની દીક્ષાની વાત સાંભળી એટલા બધા રોષાયમાન થઈ તેમના ઘરે આવી કહેવા લાગ્યા કે, **"શું મારી દીકરીનો મનખો બગાડી નાંખવો છે ? શું એનું જીવન ધૂળધાણી બનાવી દેવું છે ? શું એને રસ્તે રઝળતી બનાવી દેવી છે ? શું એને છતે ધણીએ રંડાપો આપવો છે !"** પણ તેમની માતા ચતુર અને શાણા હતા. વેવાણને મધુર શબ્દોથી સમજાવી શાંત કર્યા. ચરિત્ર નાયકે પણ પોતાની ચતુરાઈનો ઉપયોગ કરી હૈયાથી વિરાગીની મસ્તીમાં રમતા, બહારથી રાગીપણાનો વ્યવહાર શરૂ કર્યો અને પૂર્વવત્ રંગ-રાગ ખેલવા, હોટલ-સીનેમા-બગીચામાં પત્ની સાથે હરવા-ફરવા મોજમજા કરવા લાગ્યા. **ધર્મી આત્મા તારક એવા મંદિર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોને શોધે. રાગી આત્મા મારક એવા હોટલ-સીનેમા-બગીચામાં ફરે તેમાં નવાઈ નથી.** પણ આમને તો કાર્ય સાધવું હતું અને બધા કુટુંબીઓને લાગ્યું કે હળદરીયા રંગ જેવો આમનો વૈરાગ્યનો રંગ ઉડી ગયો છે. કાંતિલાલે પોતાના કાર્યની સિદ્ધિ માટે પોતાના તારક પૂ. ગુરુવર્યોને મળી પોતાની ભાવના વ્યક્ત કરી, બધી પરિસ્થિતિ જણાવી અને અત્રે નહિ તો યોગ્ય સુરક્ષિત સ્થાને મને દીક્ષા આપી મારો ઉદ્ધાર કરો. મને તારો... ગમે તેવા સંયોગોમાં કુટુંબના ઉગ્ર વિરોધના પ્રત્યાઘાતોમાં પણ ગ્રહણ કરેલી દીક્ષા છોડીશ નહિ અને પ્રાણના ભોગે પાલન કરીશ.

## દીક્ષા :

વિ.સં. ૧૯૮૩ વૈ. વ. ૬ના ખંભાતમાં **પૂ.આ.શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજાની** નિશ્રામાં દીક્ષા-વડી દીક્ષાના પ્રસંગો હોવાથી ત્યાં જ તેમની દીક્ષા આપવાનું નક્કી થયું અને તદ્અનુસાર પૂજ્યોનો ખંભાત તરફ વિહાર થયો. પૂ. આચાર્યદેવે **જૈનરત્ન શ્રાદ્ધવર્ય સુશ્રાવક કસ્તૂરભાઈને** પણ બધી વાત જણાવી. તેઓએ પણ હર્ષપૂર્વક સંમતિ આપી. **વિઘ્નોને પહોંચી વળવાની તૈયારી બતાવી.**

જેમનું ભાવી સુંદર હોય તેઓને બધા જ અનુકૂળ સંયોગો સહજ પ્રાપ્ત થઈ જાય છે. તેમના એક મિત્રના પણ યોગાનુયોગ વૈ.વ. ૬ના જ સાણંદમાં લગ્ન હતા અને તેમને તેમની સાથે જાનમાં આવવાનો મિત્રે આગ્રહ કર્યો. તેમણે અને બધા કુટુંબીઓએ પણ હા પાડી. કોઈને જરા પણ સંદેહ આવ્યો નહિ. મુમુક્ષુરત્ન હું જાનમાં જાઉં છું કહી ખંભાત પહોંચી ગયા અને ત્યાં ત્રણેય શાસન સમર્પિત પૂજ્યો બિરાજમાન હતા અને પોતાની બધી વાત જણાવી. **પૂ.આ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજાએ** સુવર્ણની જેમ મુમુક્ષુની બધી કસોટીથી ચકાસણી કરી તેમની મક્કમતા નિહાળી લીધી અને શ્રાદ્ધરત્ન **શ્રી કસ્તૂરભાઈ અમરચંદની ચકોર** દૃષ્ટિએ પણ સંયમની કાંતિથી સજ્જ થનાર કાંતિલાલનું હીર પારખી લીધું અને **વિ.સં. ૧૯૮૩ના વૈ.વ. ૬ના ખાનગીમાં શુભ મુહૂર્તે તેમની દીક્ષા થઈ** અને તેમને સત્યૈકનિષ્ઠ **પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિ શ્રીકાંતિવિજયજી મહારાજાના નામે જાહેર કર્યા.** અમદાવાદથી આવતા દીક્ષા પૂર્વે પોતાના અંગત કલ્યાણ મિત્રને હેન્ડબીલ છપાવીને આપી રાખેલા અને મારી દીક્ષા થયા પછી આ હેન્ડબીલ વહેંચી લેજો. તદ્અનુસાર તેમના કલ્યાણ મિત્રે બરાબર સમયસર હેન્ડબીલો વહેંચ્યા અને ખંભાતમાં કાંતિભાઈની દીક્ષા થઈ ગયાના સમાચાર પવનવેગે ફેલાઈ ગયા.

## લીલાવતી-પ્રકરણ :

તેમના સ્વજનો અને શ્વસુર પક્ષના સ્વજનો આ સમાચારથી લાલ પીળા થઈ જેને જે વાહન મળ્યું તે રીતના બધા તેમને પાછા ઉપાડી લાવવા ખંભાત આવી ગયા. આ આવેલું ધાડું કાંઈ નવાજૂની ન કરે તેથી તે જ વખતે **શ્રાદ્ધવર્ય શ્રીકસ્તૂરભાઈ અમરચંદ** ત્યાં આવી ગયા અને તે બધાને ઉદ્દેશીને કહ્યું કે, **"ભાઈઓ ! એક વાત સાંભળો. જો મુનિશ્રી કાંતિવિજયજી મ.ને તમારી સાથે આવવું હશે તો હું તમારા પક્ષમાં જ છું. ખુશીથી લઈ જજો."** પણ હમણાં ચાલો. થોડું જમી લો ! શી ઉતાવળ છે ? ક્યાં ભાગી જવાના છે ? માટે શાંત થાવ અને જમવા ચાલો. એમ કહીને બધાને પોતાને ઘેર લઈ ગયા અને વાતચીત કરીને વાતનો તંતુ પકડી લીધો કે આ લોકો નિશ્ચય કરીને જે આવ્યા છે કે કોઈપણ ભોગે ગમે તેમ કરીને મુનિશ્રીને પાછા લઈ જ જવાના છે. તેથી તેઓએ પણ નૂતન મુનિશ્રીના સંયમના રક્ષણ માટેની જરૂરી બધી તૈયારી કરી લીધી.

બીજે દિવસે ટોળું ઉપાશ્રયમાં આવ્યું. મુનિશ્રી કાંતિવિજયજી મ.ને પાછા આવવા કહ્યું, સમજાવ્યા પણ તેઓએ તેમની વાતનો મક્કમતાથી અસ્વીકાર કરી પોતાનો સ્પષ્ટ નિર્ણય જાહેર કરી દીધો કે, **"સૂર્ય પશ્ચિમમાં ઉગે, મેરૂ ચલાયમાન થાય, અગ્નિ શીતલ થાય, વાયુ સ્થિર બને તે કદાચ શક્ય બને. પણ આ કાંતિવિજયજી આ લીધેલું સંયમ મૂકે એ ત્રણકાળમાં બનવાનું નથી."** તેથી તે બધા જ ઘણા જ અકળાયા, ત્યાં સુશ્રાવક કસ્તૂરભાઈનું રક્ષણ એવું બળવાન હતું કે તેમનું કાંઈ જ ચાલે તેમ ન હતું. હાર્યો જુગારી બમણું રમે તે ન્યાયે તે બધાએ કોર્ટ દ્વારા કબજો મેળવવા કોર્ટના દ્વાર ખખડાવ્યા. પણ તેમાં ય ફાવટ ના આવી. પછી ગુપ્ત યોજના ઘડી કાઢી કે મુનિશ્રી કોર્ટમાં જતા હોય ત્યારે રસ્તામાંથી ગુંડાઓ દ્વારા ઉપડાવી મોટરમાં બેસાડી ઉપાડી જવા. સુશ્રાવક કસ્તૂરભાઈને આ ષડ્યંત્રની ખબર પડી ગઈ અને પૂ.આચાર્યદેવને વાતની જાણ કરી. તેથી પૂ. ગીતાર્થ આચાર્ય ભગવંતે શ્રાવકો દ્વારા કોર્ટમાં કહેવરાવી દીધું કે, **"મુનિશ્રી કાંતિવિજયજી સખત ગરમી હોવાથી આજે કોર્ટમાં આવી શકશે નહિ."** તેથી તેમની તે ખતરનાક ચાલ પણ નિષ્ફળ થઈ.

નૂતન મુનિશ્રીને લાગ્યું કે મારા નિમિત્તે મારા પોતાના તારક ગુરુવર્યોને અને મારા સંયમ જીવનને ઊની આંચ ન આવે તથા તોફાનીઓને પણ સદ્‌બુદ્ધિ પેદા થાય તે શુભભાવથી **સોળ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. એક ઉપવાસથી અધિક તપ નહિ કરનાર જીવ વીર્ય ફોરવી ધર્મના રક્ષણ માટે કેવો ભવ્ય પુરુષાર્થ કરે છે. તેનું આ સુંદર દષ્ટાંત છે.**

મોહમૂઢતા માણસને વિવેકબુદ્ધિથી અને કર્તવ્યમાર્ગથી ભૂલાવી હીન માર્ગે લઈ જાય છે. એક ધર્મીકુળને ન છાજે તેવો નિર્ણય આ તોફાની ટોળાએ કર્યો. ઉપાશ્રય ઉપર હલ્લો કર્યો. પથ્થરમારો શરૂ કર્યો. અગમચેતી વાપરી **સુ.શ્રીકસ્તૂરભાઈએ** બધા મહાત્માઓને સંયમની રક્ષા માટે પોતાના બંગલામાં સહી સલામત પ્રવેશ કરાવી દીધો. તેથી તોફાનીઓ વધારે વિફર્યા અને શેઠના બંગલા પર પથ્થરમારો શરૂ કર્યો અને તોફાનના સમાચાર સાંભળી ફોજદાર ઘોડા પર બેસી ત્યાં આવ્યા. ટોળાને વિખરાઈ જવા વિનંતિ કરી પણ તેઓ ન માન્યાં. કોઈ અટક ચાળાએ ફોજદારના ઘોડાને કાંકરો માર્યો. તેથી ઘોડો

ભડક્યો, ફોજદારનો મીજાજ ગયો અને હંટર લઈ ફરી વળ્યો, ટોળું વિખરાઈ ગયું. **ફોજદાર પણ સમજી ગયો કે આ લોકો જ તોફાની છે અને નિષ્કારણ મહાત્માઓને હેરાન-પરેશાન કરી સતાવે છે.**

વિરોધીઓએ છેલ્લો દાવ અજમાવ્યો અને તેમના સંસારી અવસ્થાના ધર્મપત્ની લીલાવતીબેન દ્વારા પોલીસમાં અરજી કરાવી કે, **"મારે મારા સંસારી અવસ્થાના પતિ અને હાલમાં મુનિશ્રી કાંતિવિજયજી મ. સાથે કેટલીક જરૂરી વાતો કરવી છે."** તેથી પોલીસ લીલાવતીને સાથે લઈ ઉપાશ્રયે આવી અને પૂ. આચાર્ય ભગવંતને મુનિશ્રી કાંતિવિજયજી સાથે લીલાવતી વાતચીત કરી શકે તેવી ગોઠવણ કરવા વિનંતિ કરી, તેથી પૂ. આચાર્ય ભગવંતે સાધુધર્મની મર્યાદા સમજાવી કે, **સાધુ એકલી સ્ત્રી સાથે એકાંતમાં બેસી વાતચીત કરી શકે નહિ.** તેથી એક સાધુ સાથે રાખીને મુનિશ્રી તેમની સાથે વાતચીત કરશે. પણ લીલાવતીએ એકાકી મુનિશ્રી સાથે જ વાતચીતનો આગ્રહ રાખ્યો. છેવટે પોલીસની હાજરીમાં લીલાવતીએ દૂર બેસી વાતચીત કરવી એવું નક્કી કરાયું અને તેવી ગોઠવણ થઈ. થોડી વાત થઈ અને **લીલાવતી એકદમ ઉભી થઈને મુનિશ્રીનું વસ્ત્ર પકડીને કહે કે, "કેમ તમે ઘેર આવો છો કે નહિ ? હું તમને ઘેર લઈ ગયા વગર રહેવાની નથી અને તમને છોડવાની પણ નથી."** મુનિશ્રી આ બધાની માયાજાળ સારી રીતે જાણી ગયા હોવાથી તરત જ **પોલીસને જણાવી દીધું કે શરતનો ભંગ થાય છે.** પોલીસે પણ તરત જ લીલાવતીને તેમ કરતી અટકાવી. પોતાની મેલી મુરાદ બર ન આવવાથી લીલાવતી વિલખી થઈ ગઈ. પોલીસે પણ કાગળમાં રિપોર્ટ તૈયાર કર્યો કે, **"આ બાઈએ મુનિશ્રીને હેરાન કરવા માટેનો દાવ ખેલ્યો છે માટે તેમની અરજી રદ કરવામાં આવે છે."**

### યુવક સંઘની ઉશ્કેરણી :

આટઆટલી પછડાતો ખાવા છતાં લીલાવતીએ પોતાનો સ્વભાવ છોડ્યો નહિ અને એમાં દીક્ષાના પ્રખર વિરોધી યુવક સંઘની ઉશ્કેરણીનું મજબૂત પીઠબળ હતું. તે બધાની ચઢવણીથી લીલાવતીએ મુનિ શ્રીકાંતિવિજયજી મ. ઉપર પોતાના ભરણપોષણનો દાવો માંડ્યો અને કોર્ટે લીલાવતીના ભરણપોષણ માટે મહિને રૂા. ૨૫ આપવાનું મુનિશ્રી કાન્તિવિજયજી ઉપર એકતરફી જજમેન્ટ આપી દીધું. એની સામે **શાસન પ્રેમીઓએ મુંબઈ હાઈકોર્ટમાં અપીલ કરી** અને તેમાં જણાવ્યું કે **જૈન સાધુઓ પરિગ્રહ રાખતા નથી, તેમણે સર્વે સંસારનો ત્યાગ કર્યો છે માટે તેમના ઉપર આ હુકમ થઈ શકે નહિ અને તેઓ આ હુકમનો અમલ કરી શકે એવા કોઈપણ સંયોગમાં હોતા નથી.** મુંબઈ હાઈકોર્ટના યુરોપિયન જજે અપીલમાં બંન્ને પક્ષને બરાબર સાંભળ્યા. સમજવા માટે જેટલા સાધનો જરૂરી લાગ્યા તેટલા સાધનો એકઠા કર્યા. અનેક સાક્ષીઓની જુબાની લીધી. **જૈન સાધુના આચાર-વિચારની સમજ આપતાં તેમના ઉપર જૈન સાધુની કુદરતી સુંદર છાપ પડી. તેમના ત્યાગનો પૂરો ખ્યાલ આવી ગયો.** જૈન સાધુપણામાં રહીને કોઈપણ રીતે નીચલી કોર્ટના ભરણપોષણના હુકમનો અમલ કરી શકે નહિ એ વાત તેના મગજમાં બરાબર બેસી ગઈ. તેનું મૂળ કારણ **પૂ. મુનિરાજશ્રી રામવિજયજી મહારાજે એક સોલિસિટરની અદાથી આપેલી જુબાની હતી** અને તેથી કેસની સંપૂર્ણ વિગત સમજ્યા બાદ નામદાર જજે જજમેન્ટ

આપ્યું કે, **"હું નીચલી કોર્ટનો હુકમ રદ કરું છું. તેના કારણમાં તેમણે એ પણ જણાવ્યું હતું કે, 'ભરણપોષણનો દાવો માંડનાર બાઈ લીલાવતીના શરીર ઉપરના દાગીના અને પહેરવેશ જોતાં તેમને ભરણપોષણની જરૂરિયાત હોય તેમ માની શકાતું નથી.' જૈનમુનિઓ ત્યાગી હોય છે. તેમની માલિકીની કોઈપણ માલ મિલકત હોતી નથી. સંસારનો ત્યાગ એ મુનિશ્રી કાંતિવિજયજીનું 'સિવિલ ડેથ' છે. તેથી તેમના ઉપરનો ભરણપોષણ આપવાનો નીચલી કોર્ટનો હુકમ કાયદેસર નથી માટે તેને હું રદ કરું છું."**

**આમ સત્ય ધર્મનો જયજયકાર થયો.** વિરોધીઓના હાથ હેઠા પડ્યા અને મુનિશ્રી અજબ ધીરતા, નક્કર પુરુષાર્થ કરી બધા સામે ખમીરી ખુમારીથી ઝઝુમ્યા. ઘણું સહન કર્યું તેનું દુઃખ ન હતું પણ પોતાના નિમિત્તે પોતાના તારક પૂ. ગુરુવર્યોને સહન કરવું પડ્યું તેનું તેઓશ્રીને દુઃખ હતું.

**તપ-જપ-સ્વાધ્યાય :**

ત્યાર પછી તેઓશ્રી વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાય, તપ-જપમાં લાગી ગયા. વર્ધમાન આયંબિલ તપનો શુભારંભ કર્યો. આ બધાની છાયા કુટુંબીઓ પર પડી. તેમની માતા પૂ. કેવળીબેનને 'હું દીક્ષાના વિરોધીઓનો હાથો બની ગઈ અને આ બધું તોફાન કરાવ્યું.' તેનો હૈયાપૂર્વક પશ્ચાત્તાપ થયો. પોતાની ભૂલ સમજાઈ ગઈ અને પૂ. આચાર્યદેવ પાસે માફી માંગી. આલોચના લઈ, પ્રાયશ્ચિત્ત માંગી પાપની શુદ્ધિ કરી. મોહનિદ્રામાંથી તેમનો આત્મા જાગી ઊઠ્યો અને વિ.સં. ૧૯૮૮ના કા.વ. ૨ને શુક્રવારના રોજ પૂ.આ.શ્રી વિ. નીતિ સૂ.મ.ના સમુદાયના આજ્ઞાવર્તી પૂ.સા.શ્રી મધુરશ્રીજી મ.ના શિષ્યા તરીકે પૂ.સા.શ્રી કંચનશ્રીજી મ.ના નામે દીક્ષિત થયા અને પ્રભાસ પાટણમાં વિ.સં. ૧૯૯૪ના મહા સુદ ૮ને મંગળવારે રાત્રિના ૮ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામી, પોતાનું આત્મકલ્યાણ સાધી ગયા.

આ બધા પ્રસંગોએ મુનિશ્રીના સંસારી ધર્મપત્ની લીલાવતીબેનનો મોહનો અંધાપો દૂર કરી દીધો. યુવક સંઘની ચઢવણીથી પોતે જે જે દીક્ષા વિરુદ્ધ આચરણમાં આગેવાન બની ગયા હતા. તેનો **સાચો પશ્ચાત્તાપ થયો** અને વિ.સં. ૧૯૮૯ના ખંભાતના ચાતુર્માસમાં **પૂ.આ.શ્રી દાન સૂ.મ.ની અધ્યક્ષતામાં પૂ.પં. રામવિજયજી ગણિવર્યની વ્યાખ્યાનસભામાં જાહેરમાં પોતે કરેલાં દુષ્કૃત્યોની અંતઃકરણથી માફી માંગી પોતાના હૈયાનો ભાર હળવો કર્યો.** તેમની બિમારીમાં યોગાનુયોગ મુ. શ્રી કાંતિવિજયજી મ. પણ અમદાવાદ હતા. તેમને બોલાવી તેમની માફી માંગી અને તેમના શ્રીમુખેથી અંતિમ નિર્યામણા કરી પોતાનો પરલોક સુધારી લીધો અને તેઓ પણ સમાધિમરણ સાધી ગયા. આ બધા તોફાનોમાં જેઓ જેઓ હાથા બન્યા હતા. તેમાંના મોટાભાગે બધાએ પણ પોતાની ભૂલ કબૂલી, માફી માંગી, પોતાના જીવનને અજવાળી દીધું. આ રીતે મુનિશ્રીના મક્કમ મનોબળે અને સુવિશુદ્ધ ચારિત્રની સુવાસે તેમના કુટુંબને ધર્મમય બનાવી દીધું અને **તેમના સંસારી માતા, સંસારી મામા આદિ આઠ પુણ્યાત્માઓએ સંયમથી પોતાનું આત્મશ્રેય સાધી લીધું.**

**તપશ્ચર્યા :**

મુનિશ્રી જ્ઞાન-ધ્યાન-તપ-જપમાં મગ્ન બની સ્વ-પરના કલ્યાણમાં સહાયક બનવા લાગ્યા. નિરીહતા, નિઃસ્પૃહતા આદિ અનેક ગુણગણોથી તેમનો આત્મા અલંકૃત હતો. તપ તો એવો આત્મસાત્ કર્યો કે

વર્ધમાન તપમાં અનેક પ્રકારના વિઘ્નો આવે તો ય મક્કમતાથી પૂર્ણ કરતા અને શરીર ગળે તો ય કહેતા કે, **'શરીર નથી ગળ્યું. પણ કર્મ ગળ્યા છે.' 'તપથી બળાત્કારે કર્મને ઉદયમાં લાવ્યા વિના આપણું ઠેકાણું પડવાનું નથી.'** આ માન્યતા દ્વારા મનોબળ મજબૂત બનાવતા. શરીર શરીરનું કામ કરે, આપણે આપણું કામ કરવાનું." આ ભાવને વરેલા પૂજ્યશ્રી ગમે તેટલા તાપમાં પણ દૈનિક વાચનાઓ આપતા.

એકવાર વર્ધમાન તપની ઓળીમાં અઠ્ઠમ કરેલ અને પારણામાં આયંબિલ જ કરવાનું હતું. પણ તૃષા ખૂબ જ લાગી હોવાથી નવકારશી આયંબિલનું પચ્ચક્ખાણ લેવા અનુશાસનધારી **પ.પૂ.આ.શ્રી વિ.દાનસૂરિ મહારાજા** પાસે ગયા ત્યારે પૂ. આચાર્યદેવે કહ્યું કે, **"અલ્યા કાંતિવિજય ! તું સત્ત્વશીલ સાધુ થઈને નવકારશી આયંબિલની વાત કરે છે ?"** તો મુનિશ્રીએ કહ્યું, "સાહેબ ! તરસ વધારે લાગી છે." પૂ. દાદાગુરુ કહે કે, "એમાં શું થઈ ગયું ? જરા સહન કરી લે." તે જ વખતે તેમની ઢીલાશ જતી રહી અને **આત્મા સત્ત્વશીલ બની ગયો. દાદાગુરુ મ.ની કેવી કૃપા ! મારા સંયમની કેવી કાળજી ! આમ જ વિચારવા લાગ્યા.**

પૂજ્ય ગુરુવર્યો શાસનને સમર્પિત છે. ભવના ભયવાળા છે, ગીતાર્થ છે, સંવિજ્ઞ છે અમારું આત્મ કલ્યાણ જોનારા છે. તેથી **તેઓ જે કહે તે અમારા હિતમાંજ હોય - આ તેમનો જીવન મુદ્રાલેખ હતો અને શ્રદ્ધાબળ પણ અપૂર્વ હતું.** તેથી પોતાના પરમતારક પૂ. ગુરુદેવ પૂ.પં. શ્રી રામવિજયજી ગણી પિંડનિર્યુક્તિની વાચના આપતા અને ગ્રાહક મુનિશ્રી કાંતિવિજયજી મ. હતા. તેમાં તેઓશ્રીએ સાંભળ્યું કે, "સાધુને આધાકર્મી આહારપાણી માંસ અને લોહી સમાન છે." તો એવી અસર થઈ કે દોષિત પાણી પણ ન વાપરવું. એવો અભિગ્રહ પણ લીધો.

તેમની યોગ્યતા નિહાળી ખુદ જ્યોતિષમાર્તંડ પ.પૂ.આ.શ્રી.વિ.દાનસૂ.મ.સા.એ પોતાના જ્યોતિષ જ્ઞાનનો વારસો આપવાનો પ્રારંભ કર્યો. થોડું ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને પૂજ્ય આચાર્યદેવેશ કાળધર્મ પામ્યા ગુરુ પ્રત્યેનો સમર્પણ ભાવ અને ગુરુ કૃપાના બળે વ્યાકરણ-કાવ્ય-આગમ-ન્યાય-જ્યોતિષ-વિધિવિધાન આદિ તમામ વિષયોમાં નિપુણતા પ્રાપ્ત કરી અને તેથી તેઓશ્રી જે કોઈ ગ્રન્થ વાંચે કે વંચાવે ત્યારે પેન્સિલ કે પેન સાથે રાખતા અને વ્યાકરણ દૃષ્ટિએ કે કાવ્ય દૃષ્ટિએ કે પદાર્થની દૃષ્ટિએ કે લહિયાની ભૂલથી કોઈપણ ભૂલ રહી ગઈ લાગે તો તુરત જ સુધારી લેતા. તેમના અક્ષરો મોતીના દાણા જેવા સુંદર હતા. તેઓશ્રીએ પોતાના જીવનમાં વાંચેલી-સુધારેલી પ્રતો આજે પણ ગ્રંથો સુધારવા માટે ઉપયોગી બને છે. તેમની સૂત્રોચ્ચાર શુદ્ધિ, ક્રિયાશુદ્ધિ ગજબની હતી.

ગુરુદેવ, દાદા ગુરુદેવ અને પ્રદાદા ગુરુદેવ આ ત્રણેય ગુરુવર્ગની છત્રછાયા તેઓશ્રી પામ્યા હતા. અપ્રતિમ સમર્પણ અને આજ્ઞાપાલનનો પ્રચંડ પુરુષાર્થ તેઓશ્રીની એવી મૂડી હતી કે જેથી ત્રણેય ગુરુઓના હૃદયમાં તેઓશ્રી સ્થાન-માન પામી શક્યા હતા. સકલગામ રહસ્યવેદી પૂ.આ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા સ્વયં જ્યોતિષમાર્તણ્ડ હતા. પણ યોગ્યતા વિના તેઓશ્રી કોઈને જ્યોતિષ ન ભણાવતા. પૂ.મુ. શ્રી કાંતિવિજયજી મહારાજના ત્યાગ, સંયમમય અને અંતર્મુખ, આજ્ઞાસાપેક્ષ મુનિજીવનને જોઈ તેઓશ્રીમદે

તેમને જ્યોતિષના પ્રારંભિક પાઠો ભણાવ્યા અને તેઓશ્રીની હાજરીમાં તેમજ ત્યાર બાદ પણ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સાનિધ્યમાં વીરશાસન તેમજ જૈન પ્રવચનાદિના પંચાંગો તૈયાર કરવાનું કામ તેઓશ્રી સંભાળતા. સમુદાયના નાનાં-મોટાં કાર્યોનાં મંગલ-મુહૂર્ત્તો પણ તેઓશ્રી જોઈ આપતા.

ઔદયિક તિથિ દિન નિર્ણય અને આરાધના અંગે જ્યારે શાસ્ત્રાધારિત માર્ગનું પુનર્જીવન કરાયું ત્યારે પૂ. બાપજી મહારાજના સમુદાયના ઈતિહાસજ્ઞ પૂ.પં.શ્રી કલ્યાણવિજયજી ગણિવર, પૂ.મુ.શ્રી કાંતિવિજયજી મહારાજ અને ચીમનલાલ નાથાલાલે (શ્રીકાંતભાઈ) સાથે રહીને ખૂબ જહેમત ઉઠાવી વડીલોને ખૂબ સહાયક બન્યા હતા.

**જીવનભર ફ્રુટ અને મેવાનો ત્યાગ હતો.** વિલાયતી દવા પણ મોટે ભાગે વાપરતા નહિ. જૈન શાસનમાં વસ્તુના રાગના ત્યાગને જ સાચો ત્યાગ કહેવાયો છે તે વાત તેમના જીવનમાં જોવા મળતી. પોતાની પાસે કોઈ સારું ઉપકરણ આવ્યું હોય અને અન્યને જરૂર હોય તો તુરત જ આપી દેતા અને ગુર્વાદિ વડીલોની ભક્તિ પણ કરતા. દીક્ષાના પ્રથમ વર્ષે જ પોતાના ગુરુદેવે ગોચરી અંગે ટકોર કરી કે, 'જેમણે જેટલુ મળે તેમાં ચલાવી લેવું જોઈએ. આ તો સાધુપણું છે.' આ ટકોર પછી નિર્ણય કર્યો કે રોટલી, શાક અને ભાત-દાળની સંયોજના કરવી નહિ અને તેનો અમલ કર્યો.

**પંન્યાસ પદ :**

પદથી તદ્દન નિઃસ્પૃહ હોવા છતાં યોગ્યને યોગ્યપદ પર સ્થાપન કરવા જોઈએ આ નિયમાનુસાર ગુર્વાદિ વડીલોએ તેમની યોગ્યતા જોઈ; વિ.સં. ૨૦૦૫ના મહા સુદ ૬ના અમદાવાદમાં સારાભાઈ જેશીંગભાઈના બંગલે પંન્યાસ પદ ઉપર આરૂઢ કર્યા. ત્યારથી તેઓશ્રી **પંન્યાસશ્રી કાંતિવિજયજી ગણિવરના** નામે ઓળખાવા લાગ્યા.

## અનેક કષ્ટો વચ્ચે ૧૦૦ ઓળીની આરાધના :

વર્ધમાન તપની ૧૦૦ ઓળી અનેક કષ્ટો વચ્ચે પણ અડગતા રાખી પોતાના ગુરુદેવના પણ ગુરુદેવ પૂ.આ.શ્રી.વિ.પ્રેમસૂ.મ.સા.ની તારક નિશ્રામાં સુરેન્દ્રનગરમાં પૂર્ણ કરી. તે પ્રસંગને જોનારા આજે પણ યાદ કરે છે. તે પછી ૧૦૧ અને ૧૦૨ ઓળી કરી. વર્ધમાન તપ ઉપર અપૂર્વ પ્રેમ હતો. તેમની પ્રેરણાથી અનેક સ્થળોએ વર્ધમાન તપના સેંકડોની સંખ્યામાં પાયા નંખાતા. જેને જે ધર્મની સિદ્ધ થયો હોય તેની છાયા અન્ય પર સારી પડે તે સહજ છે. તેથી સુરેન્દ્રનગરમાં ૫૦૦, ખંભાતમાં ૬૦૦ લગભગ, ધ્રાંગધ્રામાં ૧૫૦ અને અમદાવાદમાં ૧૦૦ ભાગ્યશાળીઓએ વર્ધમાન તપના પાયા નાંખેલ.

**શાસ્ત્ર વાંચન :**

શાસ્ત્રીય વાંચનમાં તેમના પ્રિય ગ્રન્થો દ્રવ્યાનુયોગના કે ચરણકરણાનુયોગના હતા. તેમાં ય ઉપમિતિ ભવપ્રપંચકથા, ભવભાવના, યોગશાસ્ત્ર, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, પંચવસ્તુ, વિશેષાવશ્યક, પંચાશક આદિ મુખ્ય હતા. આ ઉપરાંત જિનકલ્પાદિ છેદ ગ્રંથો અને અન્ય શાસ્ત્રો તથા કુલકોનું પણ સંશોધન અને સંપાદન તેઓશ્રીએ કરેલ.

## અંતિમ આરાધના :

તેમને છેલ્લા બે-ત્રણ વર્ષોમાં ટી.બી. અને અન્નનળીમાં કેન્સરની બિમારી થયેલ. પણ તેમની સહનશીલતા, ધૈર્ય, સમતા જોઈ ડોક્ટરો પણ પ્રભાવિત થતા. ડૉક્ટરને પણ તેઓ કહેતા કે, "**જુઓ ડૉક્ટર ! મને જીવવાનો જરા ય મોહ નથી અને મરવાનો જરાય ભય નથી. હું અહીં રોગ મટે તે માટે બતાવવા નથી આવ્યો. પણ રોગની પીડાને સમાધિપૂર્વક સહન કરી શકું તે માટે ચિકિત્સા અને ઔષધ કરાવવા આવ્યો છું. માટે બને તેટલી નિર્દોષ ચિકિત્સા થવી જોઈએ.**" તેઓ એમ પણ કહેતા કે, બધા મારા શરીરના કેન્સરની ચિંતા કરે છે. પણ મારા આત્માને થયેલા કેન્સરની ચિંતા નથી કરતા. તેથી દાદા ગુરુદેવ પૂ.આ.વિ. પ્રેમસૂરિ મહારાજાએ તેમની દવાની અનિચ્છા જાણી પોતાની પાસે **પાટણ** બોલાવી લીધા. રોગના હુમલા વધવા છતાં તેમની પ્રસન્નતા-સમાધિ ભાવ જોઈ બધા જ આશ્ચર્ય પામતા. બે મોટા રોગ તો હતા. તેમાં ત્રીજું ગેસનું દર્દ ઉમેરાયુ. પેટ ચઢી ગયું અને ઝાડો પેશાબ પણ બંધ થવા જેવા થયા. ડૉક્ટરે ઓપરેશનની વાત કરી તો ના પાડી અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યું અને તપના પ્રભાવે ગેસનું દર્દ ગયું.

પૂજ્યશ્રીની ભવભીરૂતા તો વંદનીય હતી અને નિરુપાયે તેમને ફ્રુટનો રસ વાપરવો પડેલ. તેનું છેલ્લે પણ પ્રાયશ્ચિત્ત માંગેલ તો પૂ. ગુરુવર્યને પણ થયેલ કે ધન્ય છે. આ મહાત્માની જાગૃતિ અને ભવભીરૂતાને !

પર્યુષણા મહાપર્વમાં તકલીફો વચ્ચે પણ આરાધના પ્રસન્નતાપૂર્વક ઉછળતે ભાવે કરી. ભા.વ. ૨ થી તબિયત વધુ બગડવા લાગી. વિ.સં. ૨૦૨૧ના ભા.વ. ૩ના બપોરે ૨ કલાક અને ૩૬ મિનિટે પાટણમાં સિદ્ધાન્ત મહોદધિ **પ.પૂ.આ.શ્રી.વિ.પ્રેમસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં** સુંદર નિર્યામણાપૂર્વક અપૂર્વ સમાધિને સાધી કાળધર્મ પામ્યા.

### આજ્ઞાધીનતા – એ મહામંગળરૂપ છે.

અનંતજ્ઞાની આત્માઓએ એકાંત હિતની દૃષ્ટિએ ઉપદેશેલાં અનુષ્ઠાનોની આરાધના માટે, સ્વેચ્છાચારિતા તજી દઈને, આજ્ઞાધીનતા પ્રથમ જ સ્વીકારવી પડશે, આજ્ઞાધીનતા આવ્યા વિના, સાધકતા આવવાની જ નથી. સાધક સ્વાધીન હોય જ નહિ. 'મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ' આ ચાર જ્ઞાનના ઘણી અને દ્વાદશાંગીના સ્વયંપ્રણેતા પણ સ્થળે સ્થળે એમ જ કહે છે કે, **'હું કહું છું તે મારું નહિ, પણ ભગવાન શ્રી મહાવીરદેવે કહેલું કહું છું'** આનું જ નામ આજ્ઞાધીનતા અને એ મહામંગળરૂપ છે. આવા મહાપુરુષો પણ આજ્ઞાધીન, તો આપણે કોણ ? આપણી તો પૂરેપૂરી ફરજ એ જ છે કે એક પણ વિચાર, ઉચ્ચાર કે આચાર આજ્ઞાથી વિરુદ્ધ ન જાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી. આ જાતની આજ્ઞાધીનતામાં ઉપકારીનું સ્મરણ, પૂજા, નમસ્કાર, સેવા બધું જ આવી જાય છે.

**પૂ.આ.દેવશ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**



# પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : ભગવાનદાસ | ગુરુનું નામ | : પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ મહારાજા |
| જન્મ | : વિ.સં. ૧૯૫૯ મા. સુદ-૩ **પાટણ** | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ભદ્રંકરવિજય મ. |
| માતા | : ચુનીબેન | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૭ મ. સુદ ૬ **મુંબઈ** |
| પિતા | : હાલાભાઈ શાહ | પંન્યાસ પદવી | : સં. ૨૦૦૭ મ. સુ.૧૨ **પાલીતાણા** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૭ કા. વદ ૩ **ભાયખલા - મુંબઈ** | સંયમ પર્યાય | : ૪૯ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૮ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૩૬ વૈ. સુદ ૧૪ પાટણ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા | આયુષ્ય | : ૭૭ વર્ષ |

**સૌજન્ય : સ્વ. ચોથીબેન ચંદનમલજી દેવીચંદજી નીબ સોલંકી પરિવાર**
**હ. પ્રવિણાબેન, કુમારપાળ, કિરણ, ધીરજ, શીતલ. લુણાવા તથા**
**શા. ચુનીલાલજી સાકળચંદજી જસાજી ફાગણીયા પરિવાર. લુણાવા**

નમસ્કાર મહામંત્ર સમારાધક

# પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

જૈન જગતમાં **'પંન્યાસજી મહારાજ'**ના લાડીલા ઉપનામથી જાણીતા-માનીતા બનેલા **પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર** પોતાનાં કાર્યો દ્વારા એક રોમાંચક ઇતિહાસના સર્જક હતા. વિ.સં. ૧૯૫૯ થી ૨૦૩૬ સુધીના ૭૭ વર્ષના સમયગાળામાં પૂજ્ય પંન્યાસજી મહારાજ અનેક રીતે અનોખા નહિ, પણ અજોડ અને અનન્ય હતા.

જૈનસંઘમાં શ્રીનમસ્કાર મહામંત્ર તો ઘરે-ઘરે અને જીભે-જીભે ગવાતો મંત્ર હતો; પરંતુ તેના મહિમાનું ક્ષેત્ર જોઈએ તેટલું પ્રસિદ્ધ ન હતું. પૂજ્યશ્રીએ ચિંતન-મનન કરીને એ મંત્રાધિરાજના મહિમાનું વિરાટ ગાન ગુંજતું કર્યું. પોતાના જીવન-કવન દ્વારા મૈત્રીભર્યા વાતાવરણને સ્થાપવા માટે તેઓશ્રીએ સતત પુરુષાર્થ કરેલો હતો.

પૂજ્યશ્રી પોતાની શાંત આકૃતિ-પ્રકૃતિથી એક **'અજાતશત્રુ'** તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. તેમ છતાં આવશ્યકતા પ્રમાણે ઉન્માર્ગનુ ખંડન અને સન્માર્ગનુ મંડન પણ આવકારતા હતા. પૂજ્યશ્રીના પરિચયમાં પ્રશાંતિના પરિમલની લહેર આવતી. ગમે તેવો બળ્યો-ઝળ્યો માનવી તેઓશ્રીની મૌન મુખમુદ્રા જોઈને આત્મિક ઠંડક અનુભવતો. એમાં પૂજ્યશ્રીની સ્વસ્થ, શાંત બોલચાલની રીત તેની શાંતિમાં ઉમેરો કરતી અને સામેની વ્યક્તિ પ્રસન્ન બનતી. તેમ છતાં, તેઓશ્રી જનસંપર્કના કોલાહલથી, પ્રતિષ્ઠાના પ્લેટફોર્મથી અને નામનાની હુંસાતુંસીથી સદાય દૂર રહેતા.

**'જસ્સ મણે નવકારો, સંસારો તસ્સ કિં કુણઈ' એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. 'ખમું છું' અને 'નમું છું' એ બે તેઓશ્રીના વિષયો હતા.** 'ખમવું' તે નમ્રતાનું પ્રતીક અને 'નમવું' તે પ્રભુભક્તિનું પ્રતીક છે એમ તેઓ માનતા-મનાવતા.

**જન્મ :** વિ.સં. ૧૯૫૯, માગસર સુદ-૩ ફોફલીયા વાડો, પાટણ (ઉ.ગુ.) **નામ :** ભગવાનદાસ, **માતા : ચુનીબેન, પિતા : હાલાભાઈ મગનભાઈ.**

### માતા-પિતાનો પરિચય :

શ્રી હાલાભાઈ ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા હતા. આસપાસના ૧૦૦ કુટુંબોના નિર્વાહમાં તેઓ નિમિત્ત બનતા, તેવી તેમની સાધર્મિક ભક્તિ હતી. પાટણ સંઘના અગ્રણી તરીકે પાંજરાપોળમાં એમણે ૫૦ વર્ષ

સુધી પ્રમુખ તરીકેની સેવા આપી હતી. નિઃસ્પૃહ શિરોમણિ પૂ. **આ.વિજયકમલસૂરીશ્વરજી મહારાજા**ની પાટણમાં વિ.સં. ૧૯૫૭માં આચાર્યપદવી થઈ, ત્યારે મુખ્ય કાર્યકર્તા તરીકેની જવાબદારી એમણે સફળતાથી પાર પાડી હતી. મુંબઈમાં એમની પેઢી ખૂબ જ પ્રસિદ્ધ હતી. ઘરમાં ધર્મના ખૂબ જ ઊંડા સંસ્કાર હોવાથી ૧ વર્ષની વયથી જ ભગવાનદાસને પૂજા આદિ કરવાની ધાર્મિક કેળવણી મળેલી. **ભગવાનદાસ**ના જન્મ બાદ ૭માં વર્ષે માતાનું તેમજ ૧૦માં વર્ષે પિતાનું અવસાન થયેલું.

**અભ્યાસ :**

૧૫માં વર્ષે મેટ્રિકમાં ઉત્તીર્ણ થયેલા. ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન આદિ વિષયોમાં ખૂબ જ હોંશિયાર હોવાથી ભગવાનદાસ શિક્ષકોના ખૂબ જ કૃપાપાત્ર બન્યા હતા. મુંબઈની પનાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલમાં એમણે અભ્યાસ પૂરો કરેલો. આ ઉપરાંત ૧૨ વર્ષની વયે જ પંચપ્રતિક્રમણ, યોગશાસ્ત્રના પાંચ પ્રકાશ આદિ કંઠસ્થ કરેલું. ૧૫ વર્ષની વયે તો આનંદઘનજીના પદો, પ.પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાકૃત ત્રણ ચોવીસીઓ, સવાસો-દોઢસો સાડા ત્રણસો ગાથાઓના સ્તવનો, વીતરાગ સ્તોત્ર આદિ કેટલુંય સાહિત્ય એમણે કંઠસ્થ કરેલું. **'ભગુ'**નાં હુલામણા નામે સૌ એમને બોલાવતા. મિત્રો પોતાના ઝગડાનો ન્યાય એમની પાસે જ કરાવતા.

**વૈરાગ્ય ભાવના :**

૧૬માં વર્ષે ધંધામાં ઝંપલાવ્યું. મુંબઈમાં હાલાભાઈ મગનચંદના નામે ધનજી સ્ટ્રીટમાં ઝવેરી બજાર ખાતે એરંડાની દલાલીની પેઢી ચાલતી. દલાલીનો ધંધો હોવા છતાં અપ્રમાણિકતા કે જૂઠું બોલવાથી તેઓ હંમેશાં દૂર જ રહ્યા. જીવનમાં ઉદ્‌ભટતાનું નામ નહિ. મુંબઈના ધમાલિયા જીવનમાં પણ રોજ પાયધુની-મંદિરમાં અષ્ટપ્રકારી પૂજા શાંતિથી કરતા. જોડા ચંપલ ન પહેરતા. કુટુંબના અતિઆગ્રહથી ૧૬મા વર્ષે લગ્ન જીવનમાં પ્રવેશવું પડ્યું. બે વર્ષ બાદ પત્ની ચંપાબાઈનું અવસાન થયું. કુટુંબના દબાણથી ૧૮મા વર્ષે હીરાબેન સાથે બીજું લગ્ન કરવું પડ્યું. આ અરસામાં **શાંત**મૂર્તિ **પૂ. મુનિ શ્રી કર્પૂર વિ.** મહારાજ સાથે સમાગમ થતા વૈરાગ્ય ભાવનાને વધુ વેગ મળ્યો. વિ.સં. ૧૯૮૫માં મુંબઈમાં પધારેલ સકલાગમ રહસ્યવેદી **પૂ.આ.શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાનો** સમાગમ થતા અને **પૂ. પંન્યાસ પ્રવરશ્રી પ્રેમવિજયજી ગણિવરના** શિષ્ય રત્ન અજોડ દેશના દાતા **પ.પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજના પ્રવચન શ્રવણનો યોગ મળતા** વૈરાગ્યભાવના દૃઢ બનતી ગઈ. તે પછી વૈરાગ્યને પ્રજ્વલિત બનાવનારુ ધર્મમય વાતાવરણ મળતું ગયું. પરિણામે ભગવાનદાસભાઈનું જીવન વધુ ને વધુ સંયમ સન્મુખ બનતું ચાલ્યું.

**જૈન પ્રવચન દ્વારા જૈન સંઘ ઉપર કરેલો ઉપકાર.**

વિ.સં. ૧૯૮૫માં મુંબઈ શેઠ મોતીશા લાલબાગ ઉપાશ્રયમાં પૂ. વડીલોની નિશ્રામાં પૂ. મુનિ શ્રી રામવિજયજી મ.ના ઝંઝાવાતિ પ્રવચનો સત્યનું સમર્થન અને અસત્યનું ઉન્મૂલન કરનારા થતા હતાં. આ પ્રભાવક પ્રવચનો સાંભળીને સુશ્રાવક ભગવાનદાસ ભાઈને ભાવના થઈ કે આ પ્રવચનો સાંભળે કેટલા? જો આ પ્રવચનો લખાય અને છપાય તો સકલ જૈન સંઘને મહાન લાભ થાય.

પૂજ્ય વડીલ ગુરુ ભગવંતોનાં શુભ આશીર્વાદથી તે કાર્યને તેઓશ્રીએ શરૂ કર્યું. આ જૈન પ્રવચન સાપ્તાહિક દ્વારા અનેક ભવ્યાત્માઓને લાભ થયો. શાસન, સિદ્ધાંત અને સત્યરક્ષાના અનેક કાર્યો તેના માધ્યમથી થયા. આ રીતે પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરનો સકલ સંઘ ઉપર મહાન ઉપકાર થયો.

**'નવપદ આરાધક સમાજ'**ની સ્થાપના વિ.સં. ૧૯૮૦માં થઈ. ભગવાનદાસભાઈ અને ચીમનભાઈ (પૂ.શ્રી ચંદ્રસાગર સૂ.મ.) એમાં પાયાના પથ્થર બન્યા. મુંબઈ ગોડીજી પાઠશાળામાં નિત્ય અધ્યયન-અધ્યાપન કરાવતા. એ અધ્યયન કરનારાઓમાંથી ૫૦/૬૦ મુમુક્ષુઓ દીક્ષિત બન્યા. એક વખત એમની શારીરિક પરિસ્થિતિ ગંભીર થવા છતાં દવા તરીકે અભક્ષ્ય ચીજનો ઉપયોગ ટાળીને પોતાની ધર્મ દૃઢતાને ઉજાળી. તે પછીના વર્ષે **નગીનદાસ કરમચંદ** તરફથી કચ્છનો સંઘ નીકળ્યો ત્યારે પહેલા મુકામે ભગવાનદાસભાઈએ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો.

## દીક્ષા :

**વિ.સં. ૧૯૮૭માં મુંબઈ ભાયખલામાં કાર્તિક વદ ૩ના** રોજ સકલાગમરહસ્યવેદી **પૂ.આ.શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના** વરદ હસ્તે સંયમ જીવનનો સ્વીકાર કર્યો. **પૂ. પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવરના શિષ્ય** તરીકે **મુનિશ્રી ભદ્રંકરવિજયજી મ.** બન્યા. એમની દીક્ષાના શુભ દિવસે જ **પૂ. પંન્યાસજી શ્રી પ્રેમવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદ** અને તેઓશ્રીના પ્રથમ શિષ્યરત્ન **પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજને પંન્યાસપદ આપવામાં આવેલ હતું.** આ શુભ પ્રસંગે દાદા ગુરુદેવ **પૂ.આ.શ્રી.વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ પૂ.પં.શ્રી રામવિજયજી ગણિવર્યને 'વ્યાખ્યાન-વાચસ્પતિ'**ની પદવીથી વિભૂષિત કર્યા હતા.

દીક્ષા પછી એમના વડીલ ભાઈઓ શ્રી લહેરૂભાઈ તથા ભોગીભાઈએ એકવાર પૂ. આચાર્યદેવને કહેલું કે, સાહેબજી ! મુનિશ્રી ભંદ્રકરવિજયજી મ.નું શરીર બહુકોમળ છે માટે એમને બરાબર જાળવજો. ત્યારે પૂ.આચાર્યદેવે કહ્યું હતું કે, 'ભદ્રંકર વિજયજીના સામુદ્રિક લક્ષણો મેં જોયા છે. **એ શાસનનો મહાન સ્થંભ બનશે અને સકલ સંઘમાં સૌનો પ્રિય પાત્ર બનવાનો છે, માટે એની જરાય ચિંતા ન કરશો.'**

## મુખમુદ્રા :

એમની મુખ મુદ્રા જ એવા લક્ષણોવાળી હતી કે - જોનારના અંતરમાં નખથી શીખ સુધીની એ કાયા વસી જતી. ગૌરવર્ણ, આકર્ષક ઉંચાઈ, લાંબા હાથ, વિશાલભાલ, સૌમ્ય છતાં સસ્મિત મુખ, સંયમનું તેજ આદિ વિશેષતાઓ ધરાવતો એમનો યોગી દેહ એવો અનોખો હતો કે જોનાર પ્રથમ નજરે જ મુગ્ધ બની જતો.

## અધ્યયન :

દીક્ષા પછી એમનાં જ્ઞાનાભ્યાસમાં ઘણો વધારો થવા પામ્યો. ષડ્દર્શનનો મર્મસ્પર્શી અભ્યાસ કર્યા પછી આગમોના વાંચન ઉપરાંત ઉપમિતિ, ઉપદેશપદ, ધર્મબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ પૂ. શ્રી હરિભદ્રસૂરિ

મહારાજાના યોગવિષયક ગ્રંથો પર ચિંતન-મનન કરવામાં એમણે વર્ષો સાર્થક કર્યા અને એના ફળ રૂપે અંતર્મુખતામાં વધારો થતો જ ગયો. અનુપ્રેક્ષા-સ્વાધ્યાયના પરિપાકરૂપે ચિંતન-મનનથી ભરપૂર અનેક (લગભગ ૩૬) પુસ્તકોનું લેખન કર્યું. જેમાં મુખ્યત્વે **'મંત્રાધિરાજ નમસ્કાર મહામંત્ર'** અને **'મૈત્રીભાવનાનો મહિમા'** આ બે પુસ્તક વાંચનારને પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થયાની આંશિક અનુભૂતિ થયા વિના ન રહે. હજારો આરાધકોને પત્રથી પ્રેરણા આપી આરાધનમાં જોડ્યા હતા.

**તપશ્ચર્યા :**

બાહ્ય અને અભ્યંતર તપના તપસ્વી તરીકે એમનું જીવન ખૂબ જ યશસ્વી હતું. આયંબિલનો તપ વિશેષ પ્રિય હતો. ૧૭ વર્ષની ઉંમરે વર્ધમાન તપનો પાયો નાંખેલો, દુબળા શરીરે એકવાર અઢ્ઢાઈનો તપ કરેલો, છ મહિના સુધી લાગટ આયંબિલ કરીને કેટલીક ઓળીઓ કરેલી. નવપદજીની નવ ઓળીઓ મૂળવિધિપૂર્વક એકધાનની અને અલૂણી કરેલી. મુંબઈ ભૂલેશ્વર લાલબાગ (કુંભાર ટુકડામાં) જે આયંબિલ ખાતુ ચાલે છે તેના મૂળ પ્રેરક ભગવાનદાસભાઈ હતા. તબિયતની પરવશતાના કારણે વર્ધમાન તપની બાવન ઓળીથી આગળ ન વધી શકાયું. છતાં દીક્ષા પછી ઘણા-ઘણા વર્ષો સુધી એમણે એકાસણાનો તપ ચાલુ જ રાખેલ હતો. તેઓશ્રીની હાજરીમાં શિષ્ય-પ્રશિષ્ય પરિવારમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી કરનારની સંખ્યા ૧૧ની હતી. અભ્યંતર તપ તો એમના જીવનમાં ડગલે ને પગલે જોવા મળતો. કાયોત્સર્ગ, સ્વાધ્યાય, અનુપ્રેક્ષા, ધ્યાન આદિના યોગે એમના જીવનની પળેપળમાં અભ્યંતર તપ વ્યાપ્ત હતો. પોતાની સ્વસ્થ તબીયતમાં એઓશ્રી દરેક તીર્થ સ્થળમાં પ્રાયઃ અટ્ઠમ તપ કરીને વિશિષ્ટ આરાધના કરતાં.

**સ્વપરોપકાર :**

સ્વોપકારને સાધતા-સાધતા એમણે જે પરોપકાર સાધ્યો હતો એનું પ્રમાણ નક્કી કરવું શકય જ નથી. લગભગ ૩૦ની સંખ્યામાં એમનો શિષ્ય-પ્રશિષ્યનો પરિવાર હતો.

**શાસન પ્રભાવના :**

ઉપધાન, પ્રતિષ્ઠા, ઉદ્યાપન, સંઘભક્તિ, મહોત્સવો જેવા અનેક શાસન પ્રભાવક કાર્યો એમની નિશ્રામાં ઉજવાયા. પોતાની નિશ્રામાં ઉજવાતા નાના મોટા અનુષ્ઠાનોના પ્રસંગે એઓશ્રી અનુકંપાદાન પણ થાય એની અને દેવદ્રવ્ય આદિની થતી ઉપજ તુરત જ યોગ્ય સ્થાને વપરાઈ જાય એની ખૂબ જ તકેદારી રખાવતા. મારવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર, કચ્છ, હાલાર આદિ દેશોમાં એમના પગલે નવી ધર્મજાગૃતિ આવી. હાલારના ગામોમાં વિચરીને એ પ્રજામાં ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું અને **હાલારના ૪૦૦ વર્ષના ઇતિહાસમાં તપાગચ્છમાં સૌ પ્રથમ** ૨૨ વર્ષના યુવાનને દીક્ષા આપી પોતાના શિષ્ય **પૂ. મુનિ શ્રી કુંદકુંદવિજયજી મ.** બનાવ્યા. (જે પાછળથી આચાર્ય બન્યા) તેમજ સૌ પ્રથમ ૧૩ વર્ષના બાળકને દીક્ષા આપી **મુનિ શ્રી વજ્રસેનવિજયજી મ.** બનાવ્યા. (જે હાલ **પૂ. પંન્યાસશ્રી વજ્રસેન વિ. ગણિવર** છે.) માલેગાંવ (મહારાષ્ટ્ર)માં સુધારકોને સન્માર્ગમાં લાવ્યા. નવ લાખ નમસ્કાર મહામંત્રના જાપના સમૂહ અનુષ્ઠાન તેઓશ્રીની નિશ્રામાં નવ વખત થયેલા.

## ચિંતન ક્ષેત્ર :

તેઓશ્રીની પ્રજ્ઞા જે - જે વિષયને સ્પર્શી, તે - તે વિષયનું ઉંડુ તત્ત્વ જાણે સ્વયં એમની સામે પ્રગટ થઈ જતું. પરંતુ મુખ્યત્વે નમસ્કાર મહામંત્ર, મૈત્રાદિ ચાર અને અનિત્યાદિ ૧૨ ભાવનાઓ, કરેમિભંતે સૂત્ર, લોગસ્સ સૂત્ર, ઉવસગ્ગહરં સૂત્ર, ૧૦ યતિધર્મ, અષ્ટ પ્રવચનમાતા, ષડાવશ્યક અને ધ્યાનયોગ આ એમના ચિંતનના મુખ્ય વિષયો રહ્યા અને એ ચિંતનનું ઊંડાણ એમના પુસ્તકોમાં આજે પણ જોવા મળે છે.

## પંન્યાસ પદ :

વિ.સં. ૨૦૦૭માં પાલીતાણા ખાતે મહા સુદ ૧૨ના દિવસે એમના શિરે પંન્યાસ પદનો અભિષેક કરાયો. આ પછી "પૂજ્ય પંન્યાસજી મહારાજ" ના હુલામણા નામે જૈન સંઘમાં સર્વત્ર જાણીતા અને માનીતા થયા.

પંન્યાસપદની પ્રાપ્તિ પછીના વર્ષોમાં જ્યારે પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા દ્વારા એમની આગળ આચાર્યપદને સ્વીકારવાની વાત મૂકાતી ત્યારે પૂ. પંન્યાસજી મહારાજ જે જવાબ આપતાં તેમાં તેઓશ્રીની નિઃસ્પૃહતાની સાથે વિનમ્રતા ઉછળતી જોવા મળતી. તેઓશ્રી જવાબમાં કહેતાં કે, **આપશ્રીએ પંન્યાસપદ જેવું જવાબદારી ભર્યું જે પદ આપ્યું છે એને જ વધુ સારી રીતે વહન કરવાની શક્તિ હું આપની પાસે માંગું છું. આપશ્રી જે કોઈને આ પદ આપવા ઈચ્છતા હો એને આપવામાં મારા તરફથી હું ખુશી વ્યક્ત કરું છું.** પ્રભાવ, પુણ્યાઈ પવિત્રતાથી પરિપૂર્ણ અને આચાર્યપદને યોગ્ય હોવા છતાં તેઓશ્રીની નિઃસ્પૃહતા અજોડ હતી. છેલ્લે જ્યારે પોતાના પરમ ગુરુદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** તરફથી આચાર્યપદને સ્વીકારવા અંગે વાત મૂકાઈ ત્યારે પણ તેઓશ્રીએ એવી જ નિઃસ્પૃહતા દાખવી અને પોતાનાથી નાના-મોટા જે કોઈ પૂજ્યોને આચાર્યપદવી અપાઈ એમની તરફ બહુમાનનો ભાવ દર્શાવવામાં જરાય કચાશ ન રાખી.

## સાધના :

તેમનામાં રહેલા વિરલ ગુણોના યોગે, જેમ એમને સિદ્ધિ મળતી ગઈ એમ એમની સાધનાની યાત્રા આગળ વધતી ગઈ. તેઓશ્રી પહેલેથી જ પ્રસિદ્ધિથી દૂર રહેવામાં માનતા અને ઘણું કરીને નાના-ગામડાઓમાં જ ચાતુર્માસ-વિહાર કરવાનું પસંદ કરતા. જેથી પોતાની આગવી સંયમ-સાધનામાં વિક્ષેપ ન પડે. આ કારણે જ જીવનના છેલ્લા ૧૬ વર્ષોમાં રાજસ્થાનના નાના ગામડાઓમાં જ તેઓશ્રી વધુ પ્રમાણમાં વિચર્યા. પિંડવાડાથી માંડીને રાણકપુર સુધીની ધરતી પર તેમણે સ્વ-પર સાધનાની પરાકાષ્ઠા સાધી તે આજેય શિષ્યગણ અને ભક્તગણને સાધનાનો માર્ગ બતાવે છે. એ પરમોચ્ચ સાધનાના પાયામાં નવપદ અને નમસ્કારની આરાધનાનું બળ ધરબાયેલું હતું.

તેઓશ્રી મુમુક્ષુને ખૂબ ચકાસીને, વર્ષો સુધી તાલીમ આપ્યા બાદ જ દીક્ષા પ્રદાન કરવાના આગ્રહી હતા. તેની પાછળ શિષ્ય ગણના ઉત્તમ સંયમ જીવનને ક્યાંય દોષ ન લાગી ન જાય તે ભાવના હતી.

## પૂ. પંન્યાસજી મહારાજશ્રીની નિશ્રાવર્તી સાધુઓને હિતશિક્ષા :

**વિ.સં. ૨૦૨૮ વૈશાખ સુદ ૩ ના પિંડવાડા** મુકામે તેઓશ્રીએ પોતાનું શરીર હવે લાંબુ ચાલે તેમ નથી એવું લાગતાં પોતાની અંતિમ જવાબદારી નિભાવવા શિષ્યોને ભેગા કર્યા. હિતશિક્ષા આપી. તે વખતે પોતે ખૂબ જ સ્વસ્થતાથી બોલ્યા,

"મને વિશ્વાસ છે કે મારા શિષ્યો ખાનદાન છે, સંયમના ખપી છે, મારી ભાવેલી મૈત્ર્યાદિ ભાવનાઓના અર્કને સમજી શક્યા છે. જીવનમાં પચાવી શક્યા છે અને તે જોઈને હું આનંદ અનુભવું છું. મને કોઈ ચિંતા નથી. મારી સમાધિની ફીકર નથી. સમાધિ મળવાની જ છે. તમો આરાધનામાં આગળ વધવાના જ છો, છતાં મારી ફરજ રૂપે મારે જણાવવું જોઈએ કે,

**"આપણાં સાધુઓએ પરમ પૂજ્ય મારા ગુરુદેવ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞામાં રહેવું."** આ સિવાય બીજી ઘણી બાબત હિતશિક્ષામાં જણાવીને સાધુઓને ભવિષ્ય જીવનની દિશા બતાવી.

### અંતિમ આરાધના :

વિ.સં. ૨૦૩૩ની સાલમાં બ્રાહ્મણવાડા-તીર્થમાં તેઓશ્રીની તબિયત વધુ કથળી. એ ચાતુર્માસ પિંડવાડા થયું. તબિયત વધુ ને વધુ અસ્વસ્થ બનતી ચાલી. પૂજ્યશ્રીને સ્વસ્થતાનો ફરી લાભ થાય, એ માટે ઘણા સંઘો તરફથી નવકાર જપ તથા જિનભક્તિના કેટલાય અનુષ્ઠાનો યોજાયા હતા. એના ઉપરથી ખ્યાલ આવે છે કે - સંઘની નાની મોટી વ્યક્તિઓના હૈયામાં તેઓશ્રીએ કેવું સ્થાન-માન મેળવ્યું હતું ! વિ.સં. ૨૦૩૪નું ચાતુર્માસ પણ પિંડવાડા જ થયું. તબિયત સીરીયસ છતાં પાંચ તિથિ વનસ્પતિનો ત્યાગ રાખવા ઉપરાંત કોઈ વિશિષ્ટ પચ્ચક્ખાણ કરવાની ભાવના તેઓશ્રી રાખતા. છેલ્લાં ત્રણ વર્ષને છોડીને સંવત્સરીનો ઉપવાસ કરવાની મક્કમતા નરમ-તબિયતમાં ય તેઓએ જાળવી રાખી હતી. બેડા-દાદાજીમાં ઓળીનું ભવ્યઅનુષ્ઠાન અને પિંડવાડામાં અંજન-પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો, ત્યારે તેઓશ્રીની જીવનનૌકા ઝોલા ખાતી, છતાં આ બંને પ્રસંગો તેઓશ્રીની કૃપાબળે અદ્‌ભૂત રીતે ઉજવાયાં હતાં.

પૂજ્યશ્રીની નરમ-તબિયતના લંબાતા જતા દોરને જોતા ઘણાને એમ લાગતું હતું કે, હવે સ્થાનાંતર કરવું જરૂરી છે ! પણ પૂ. પંન્યાસજી મહારાજ ડોળીમાં બેસીને વિહાર કરવા તૈયાર ન હતા. અંતે પિંડવાડામાં પ્રતિષ્ઠા-દીક્ષા પ્રસંગે પધારેલા **તપાગચ્છતાજ, પરમતારક ગુરુદેવ પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા થતાં** તેઓશ્રી ડોળીમાં પાટણ પધાર્યા. આરાધના-સાધનાનું પુણ્ય જાણે ઉદયમાં આવ્યું અને ગુરુનિશ્રામાં વિ.સં. ૨૦૩૫નું ચાતુર્માસ પાટણમાં કરવા ઉપરાંત ફાગણ મહિને ફરી ત્રણ દિવસ સુધી ગુરુનિશ્રા પામવા તેઓ બડભાગી બન્યા. આ સમય દરમ્યાન વારંવાર તેઓશ્રી એક જ માંગણી લાગણીપૂર્વક વ્યક્ત કરતા કે, **આપ મને એવો ઉપાય બતાવો કે, હું અનશન જેવી સાધના કરીને સમાધિ મરણ પામી શકું !**

ભાવના તો ભવનાશિની છે. જેઓએ આજીવન સંયમની સાધના કરી, તબિયત અસ્વસ્થ બનતા, આ સાધનામાં જેમણે વધુ શુદ્ધિવૃદ્ધિ કરી અને છેલ્લા ચાતુર્માસમાં જેમને સમાધિદાયક ગુરુ નિશ્રા મળી ગઈ, એમની ભાવના અફળ કેમ રહે ! અંતે છેલ્લે એક આત્માને સર્વ વિરતિના પંથે પ્રયાણ કરાવીને **વિ.સં. ૨૦૩૬ વૈશાખ સુદ ૧૪ની પર્વતિથિએ પૂ. પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર**, ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં-**પાટણ નગીનદાસ કરમચંદ પૌષધ શાળામાં સમાધિમરણ પામ્યા.** પાટણ ભદ્રંકર સોસાયટીની સામે પ્લોટમાં તેઓશ્રીનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તે જગ્યાએ અત્યારે જિનમંદિર તથા ગુરુ મંદિર બનાવેલ છે.

## ગુણાનુવાદ શું કામ કરવા જોઈએ ?

વ્યક્તિગત રાગ તો પોષવાનો હોય નહિ. જૂની વાતોને વાર્તા બનાવીને યાદ કરવાની જરૂર નથી હોતી. જૂના મહાપુરુષોને યાદ કરવાથી તે સદેહે પધારતા પણ નથી. તો ગુણાનુવાદ શું કામ કરવા ?

જવાબ : **શાસનની પ્રભાવના કરનારા મહાત્માઓના ગુણોનું અને તે મહાપુરુષોએ કરેલી શાસન સેવાઓનું સ્મરણ કરવું, કીર્તન કરવું એ દરેક ગુણાર્થી-ગુણપૂજક અને કૃતજ્ઞ આત્માની ફરજ છે.**

ફરજ છે મતલબ એમ કરવું અનિવાર્ય છે. જો ગુણ મેળવવાની ઈચ્છા હોય, ગુણની અનુમોદના કરવાની ભાવના હોય અને પૂર્વ મહાપુરુષોનો આપણી પર કશોક ઉપકાર છે એમ લાગતું હોય તો એમ કરવું અનિવાર્ય છે. મારી પાસે ગુણ નથી એવું લાગે તો જ ગુણની ઈચ્છા અને અનુમોદના થઈ શકે. ગુણોનો સંબંધ બાંધવા માટે અને તે અકબંધ રાખવા માટે ગુણવાન મહાત્માઓનું સ્મરણ ખૂબ જરૂરી છે. પાપ અને દોષથી ભરેલી જીંદગીમાં ગુણોનો ઉમેરો કરવા ગુણિયલ મહાત્માઓનો સંપર્ક કરવો. એ ન બને તો ગુણવાન મહાત્માઓનું સ્મરણ કરવું.

**પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

પ્રશમરસપયોનિધિ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજા

**જન્મ : માતા-પિતા :**

સંઘ સમુદાય અને સમાજમાં સાધના અને સમતાભર્યા સ્વભાવ-પ્રભાવની સુવાસ સાડા ચાર દાયકા સુધી ફેલાવી જનારા પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ **આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજા**નો જન્મ ગુજરાતમાં આવેલા **માણેકપુર** ગામમાં **વિ.સં. ૧૯૬૧ની સાલના પોષ વદ ૧૩ સે થયેલો. માતા શ્રીકુંવરબાઈ** અને **પિતા શ્રીફૂલચંદભાઈ**ના 'ફૂલ' સમા લાડકવાયા એ બાળને કોઈ ભવ્યભાવિનાં એંધાણ રૂપ **"માણેકભાઈ"** નામ મળ્યું. ૨૬ વર્ષની યુવા વયે સંયમી બનીને એમણે **'માણેક'** નામને કામથી ઉજ્જવલ બનાવ્યું.

**દીક્ષા :**

દીક્ષાની દુંદુભિનો નાદ સંભળાવીને ઠેર ઠેર સંયમધર્મની અહાલેક જગાવનારા પરમશાસન પ્રભાવક, સૂરિપ્રેમના પનોતા પુત્ર પરમપૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** (ત્યારે પંન્યાસ)ના પ્રવચન અને પરિચયનો પારસસ્પર્શ પામીને ધર્મરંગથી અંગે અંગમાં રંગાઈ ચૂકેલા માણેકભાઈ **વિ.સં. ૧૯૮૭ના માગસર વદ ૯મે સંયમી બનીને પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી** મ.ના **શિષ્ય** તરીકે **મુનિરાજ શ્રી મૃગાંકવિજયજી મહારાજના નામે જાહેર થયા.**

**ગણી-પન્યાસ-આચાર્ય પદ :**

સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા,** સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા,** (ત્યારે ઉપાધ્યાય) પોતાના પરમગુરુદેવ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** આ ગુરુ-ત્રિવેણીના અપૂર્વ કૃપાપાત્ર બનીને તેઓશ્રી જ્ઞાનાર્જન, ગુરુભક્તિ, વૈયાવચ્ચ આદિ અનેક ગુણોના યોગે સંયમ જીવનનો સર્વતોમુખી વિકાસ સાધવા માંડ્યા. વિકસતી યોગ્યતા જોઈને પૂ. ગુરુદેવોએ એમને **ગણિ-પંન્યાસપદ પર આરૂઢ કર્યા અને** વિ.સં. **૨૦૨૯ના માગસર સુદ બીજના દિવસે** મુંબઈ શ્રીપાળનગરમાં તપાગચ્છાધિપતિ તારક ગુરુદેવના વરદ હસ્તે **આચાર્યપદે પ્રતિષ્ઠિત** કરાયા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : માણેકલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૬૧ પો. વદ-૧૩ માણેકપુર (કલોલ) |
| માતા | : કંકુબેન |
| પિતા | : ફુલચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૭ મા. વદ ૯ અંધેરી ઈર્લા-બ્રીજ, મુંબઈ |
| દીક્ષાની ઉંમર | : ૨૬ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી મૃગાંકવિજયજી મ. |

| | |
|---|---|
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૭ વૈ. સુદ ૩ અમદાવાદ |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૧૩ આ. વદ ૫ રાજગૃહી તીર્થ (બિહાર) |
| પંન્યાસ/ઉપા. | : વિ.સં. ૨૦૧૫ વૈ.સુદ ૩ કઠોર (સુરત) |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૨ શ્રીપાલનગર-વાલકેશ્વર, મુંબઈ |
| આચાર્ય પદ પર્યાય | : ૩ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૫ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૩૨ ફા. સુદ ૬ શ્રીપાલનગર, મુંબઈ |
| આયુષ્ય | : ૭૧ વર્ષ |

સૌજન્ય

**સ્વ. નાનચંદ જુઠાભાઈ દોશી** તથા **સ્વ. લાભકુંવરબેન નાનચંદ દોશી**ના સ્મરણાર્થે.

ચલાળાવાળા-હાલ માટુંગા, મુંબઈ.

**ગણિપદ :** વિ.સં. ૨૦૧૩ પોષ વદ ૨ રાજગૃહી તીર્થ (બિહાર) :

જૈનશાસન શિરતાજ પરમતારક ગુરુદેવ પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ મ.ના વરદ હસ્તે.

**પંન્યાસ પદ :** વિ.સં. ૨૦૨૫ વૈ. સુદ ૬ કઠોર (જિ. સુરત)

પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરિ મ.સા. ના વરદ હસ્તે

**આચાર્ય પદ :** વિ.સં. ૨૦૨૯ માગ. સુ. ૨ શ્રીપાળનગર, મુંબઈ.

તપાગચ્છાધિપતિ પૂ. આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે.

**સંસારી કુટુંબમાં દીક્ષા :** સંસારી ભાઈ પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય હિમાંશુસૂરિ મ.સા.

સંસારી ભત્રીજા : પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય નરરત્નસૂરિ મ.સા.

તપ, ત્યાગ, તિતિક્ષા, ગુરુ સમર્પણ, વાત્સલ્ય, ગંભીરતા, નિઃસ્પૃહતા, સ્વાધ્યાય-પ્રેમ, આશ્રિતોની અનોખી સંયમકાળજી, ક્રિયારુચિ, નિરભિમાનિતા, સમતા, સૌજન્ય, સરળતા આદિ અનેકાનેક ગુણોના ગુલાબોથી મઘમઘતા જીવનના એ ઉપવનની સુવાસ માણવા-જાણવા જેવી છે. એ સુવાસ જ એવી છે કે ત્યાં પ્રવાસ-નિવાસ કરવાનું મન થયાવિના ન જ રહે ! સાધુઓને ઘડવાની તેઓશ્રીની અદ્ભૂત કળા હતી. તેમાં પણ બાળમુનિ માટે તેઓ વિશેષ કાળજી રાખતા. તેમનામાં કોઈપણ ખોટા સંસ્કાર ન પડે, પ્રમાદ ઘર ન કરી જાય તેનો ઉપયોગ રાખતા. પૂ.આ.શ્રી. પ્રેમસૂરિ મહારાજા પણ કહેતા કે સાધુઓનું ઘડતર કરવાનું શીખવું હોય તો મુનિ મૃગાંકવિજય પાસે રાખવા જોઈએ.

સાધુતા અને સરસ્વતીના સંગમથી ઓપતું તેઓશ્રીજીનું જીવન કેઈ જીવોને માટે પ્રેરણાના ધામ સમું હતું. આચાર અને વિચારના બે કિનારા વચ્ચે વહેતી એ જીવનસરિતાએ ઠેર-ઠેર અણમોલ ધર્મમાહોલ સરજ્યો હતો અને એથી કેઈ જીવોનાં હૈયા પર હરિયાળી હસી ઊઠી હતી.

આગમના અર્કને તર્કની તાકાતથી જિજ્ઞાસુના જિગરમાં ઠસાવી દેવાની પ્રવચન કળા એમનામાં કેવી અજબ હતી, એની કલ્પના તો એમના પ્રવચન અને એમની વાંચનાનો શ્રોતા વર્ગ જ કરી શકે એમ છે.

**સ્વાધ્યાય :**

થાક્યાં-પાક્યાં અનેક પ્રવાસીઓ માટે વિસામો પૂરો પાડતાં તેઓશ્રીએ સાધુતાના વિશાળ-વડલાના મૂળિયા સમો સ્વાધ્યાય-ગુણ એવો તો આત્મસાત્ કર્યો હતો કે રાત્રિના અગિયાર વાગ્યા સુધી સ્વાધ્યાય કર્યા વિના સંતોષ ન થતો, મોડી રાત સુધી આ રીતે જ્ઞાનાનુપ્રેક્ષા કરતા. તેમ છતાં સવારે ચાર વાગે ઊઠીને પુનઃ તેઓશ્રી સ્વાધ્યાય-મગ્ન બની જતા. તેઓશ્રી શિષ્યોને નિયમિત બે કલાક વાચના આપતા. સાત-સાત કલાકની વાચના આપવાના અવસરે પણ તેઓશ્રી થાકતા નથી.

**ગુરુ સમર્પણ :**

એઓશ્રીના જીવનમાં વણાયેલો ગુરુ સમર્પણ ગુણ તો એક આદર્શ ખડો કરી જાય એવો હતો ! સમર્પણ

એટલે સમર્પણ ! ન તન પોતાનું ! ન મન પોતાનું ! કે ન જીવન પોતાનું ! બધું જ ગુરુ-ચરણે અર્પણ ! આ મુદ્રા-લેખને તેઓશ્રીએ જીવનના અંત સુધી કાળજાની કોરની જેમ જાળવીને પથ્થરની રેખાની જેમ પાળી જાણ્યો હતો. **ગુરુને હૈયે વસાવવા, એ જ જ્યાં સહેલું નથી, ત્યાં પોતાના હૈયામાં ગુરુને વસાવી દઈ પોતે ગુરુના હૈયામાં વસી જવું એ તો સહેલું હોય જ ક્યાંથી !** છતાં દર્પણ સમા સ્વચ્છ સમર્પણથી તેઓશ્રી જેમ ગુરુને પોતાના હૈયે વસાવી શકયા હતા, એમ પોતે પણ ગુરુ-હૈયે વસવામાં સફળ બન્યા હતા. તેઓશ્રીના જીવનનું આ એક પનોતું અને પ્રેરક પાસુ હતું.

સાધુતાના શિખરેથી વહી નીકળીને, સૂરિપદના વિશાળ પટમાં ફેલાઈને અંતે સમાધિમૃત્યુના સાગરમાં સમાઈ ગયેલી જીવન-સરિતાને ગુરુ-કૃપાના બળે તેઓશ્રી એક તીર્થઘાટ જેવી પ્રતિષ્ઠા અપાવી શક્યા હતા.

જાત માટે કઠોર બની જવા છતાં આશ્રિતો માટે અવસરે કોમળ પણ બની જાણતા તેઓશ્રી "वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि" આ સૂત્રને ચરિતાર્થ કરી શકયા હતા. આ કઠોરતા-કોમળતા એક એવો અદ્‌ભુત ચમત્કાર સર્જી જતી કે વિના કહ્યે આશ્રિતોની આરાધનામાં વેગ પૂરાતો.

સંયમ સુરક્ષા કાજેની જાગૃતિ, જ્ઞાન-ધ્યાનને જયણા સિવાયની બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ ન લેવાની નિરીહતા, સંઘની નાની-મોટી પ્રત્યેક વ્યક્તિઓ પર સસ્મિત વદને ધર્મલાભ સૂચક વાત્સલ્યવર્ષા, પરિચયમાં આવનાર જિજ્ઞાસુને ધર્મમાર્ગે આગળ વધતા કરવાની પરોપકારી વૃત્તિ આવી વિરલ વિશેષતાઓનો એવો તો એમનામાં વાસ હતો કે તેઓશ્રીએ જ્યાં જ્યાં ચાતુર્માસ પ્રવાસ કે નિવાસ કર્યો, ત્યાં ત્યાં પથરાયેલી એ ધર્મ સુવાસ હજી આજેય સહુને માટે સ્મરણીય, સ્પૃહણીય અને નમનીય રહેવા પામી છે.

પૂજ્યશ્રીની વાણી-ગુરુવાણીના અનુસરણરૂપ હોઈ, લોકોમાં ભાવોત્પાદક બનતી ગઈ. કોઈને ધર્મના કાર્ય માટે પણ પૈસાનો આદેશ નહિ. પરંતુ ઉપદેશની અસરથી જ ધર્મકાર્યો થતા. માણેકપુર, સુરત, વાપીમાં જિનમંદિરોમાં પ્રભુ પ્રતિષ્ઠાઓ દ્વારા શાસન પ્રભાવના સારી થઈ. હૈયામાં તપોગુણ રમ્યા જ કરતો. જીવનમાં ૨૦ અઠ્ઠાઈઓ કરી તપ પ્રેમને સાકાર બનાવ્યો. બીજા પણ તપો અનેક કર્યા. ચાલુ અઠ્ઠાઈ તપમાં પણ વ્યાખ્યાન વાચના નિયમિત આપતા.

## શિષ્યની સમાધિ માટે ચાતુર્માસ : મુંબઈમાં :

વિ.સં. ૨૦૩૧ની પોષ સુદ આઠમની રાત્રે, શ્રીપાળનગરમાં (મુંબઈ) પૂ.આ.ભ.શ્રી જિતમૃગાંકસૂરિ મ. સાહેબને હાર્ટએટેક આવ્યો. સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ત્યાં ઉપાશ્રયની ઉપરની રૂમમાં હતા. ખબર પડતા જ તરત નીચે પધાર્યા. દોઢ-બે કલાક પૂ.આ.ભ. શ્રી જિતમૃગાંકસૂરિ મ.સા.ના આસન પાસે બેઠા. બીજા દિવસે મોટા ડોક્ટર આવ્યા. તપાસ્યા બાદ હોસ્પિટલમાં લઈ જવા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીને કહ્યું.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ ના કહી અને ઉપાશ્રયમાં જ શક્ય ઉપચારો કરવા કહ્યું. ડોક્ટરો અને સાધુઓએ બહુ આગ્રહ કર્યો ત્યારે પૂ. ગચ્છાધિપતિશ્રી એ જરા કડકાઈ વાપરીને કહ્યું કે, **દર્દીના ઉપચાર સાથે તેની સમાધિની પણ ચિંતા રાખવી જોઈએ.** અંતે ઉપાશ્રયના એક રૂમમાં જ બધી વ્યવસ્થા કરવામાં આવી.

ત્યાર બાદ પૂ. ગચ્છાધિપતિશ્રીને ચાતુર્માસ અંગે નિર્ણય લેવાનો સમય આવ્યો. પૂ.આ.ભ.શ્રી જિતમૃગાંકસૂરિ મ.સા.ની તબિયત હજી જોઈએ તેવી સ્વસ્થ ન હતી. પૂ.આ.ભ.શ્રી જિતમૃગાંકર સૂરિ. મ. સાહેબ જીવનભર પૂજ્ય ગચ્છાધિપતિશ્રીને એટલા સમર્પિત થઈને રહ્યા હતા. પૂના, સુરત, મુંબઈ વગેરે અનેક સંઘોની વિનંતિ ચાતુર્માસ માટે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીને હતી. પૂના સંઘની જોરદાર વિનંતિ જોતાં સૌને અનુમાન હતું કે આ વખતે પૂના સંઘને જ લાભ મળશે. નિર્ણય જાહેર કરતાં પહેલા કોઈ દિવસ નહિ ને તે દિવસે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ બાજુમાં બેઠેલા પોતાના શિષ્યરત્ન પૂ.આ.ભ. શ્રી જિતમૃગાંકસૂરિ મ. સામે સૂચક દૃષ્ટિ કરી અને **તેમના મુખારવિન્દના ભાવ વાંચી મુંબઈના ચાતુર્માસનો નિર્ણય જાહેર કર્યો. આ નિર્ણયમાં પોતાના શિષ્યની સમાધિ માટેનો જ વિચાર હતો.**

## અંતિમ આરાધના :

આરાધના અને પ્રભાવનાના સ્વપર ઉપકારક ગુણો વડે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજાની જીવનનૈયા તરતી અને અનેકોને તારતી આગળ વધી રહી હતી, એમાં જીવનનાં છેલ્લાં વર્ષોમાં વ્યાધિઓના હુમલા દેહ પર થતા રહ્યા, છતાં વ્યાધિની ફુંકાયેલી આંધીમાં સમાધિનું સુકાન સંભાળી રાખવામાં તેઓશ્રી એટલા બધા સફળ બન્યા કે વ્યાધિની માત્રા કરતાં સમાધિની યાત્રા એથી ય વિશેષ વેગ પકડતી રહી. પરમતારક ગુરુદેવે પૂના તરફના વિહારમાં પણ સમાધિદાયક પત્રો દ્વારા સમાધિ આપવાનો પ્રયત્ન કર્યો. અંતિમ પત્ર દ્વારા સમાધિ ભાવને પુષ્ટ કરીને માત્ર ૨૦ મિનિટ બાદ હસતા હસતા સહીને અને સહતાં સહતાં હસતા રહીને **વિ.સં. ૨૦૩૨ના ફાગણ સુદ છઠ્ઠના દિવસે શ્રીપાળનગર મુંબઈ મુકામે તેઓશ્રી અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક શિષ્ય તરીકે તેઓશ્રી એવું અદ્ભુત શાસનપ્રભાવક જીવન જીવી ગયા કે વર્ષોનાં વાણાં વાઈ ગયાં છતાં હજી આજે ય એ મહાપુરુષની સ્મૃતિ ગુરુસમર્પણની દીવાદાંડી બનીને અનેકને સંયમ-સાધનાનો રાહ બતાવી રહી છે.

વિશ્વના ઉપવનમાં સાત દાયકાથી અધિક જીવનકાળ દરમિયાન સાડા ચાર દાયકાથી પણ વધુ સમય સુધી સંયમની સુવાસ રેલાવી ગયેલું યશસ્વી વ્યક્તિત્વથી સભર એ ફૂલ એ દિવસે ખરી પડ્યું. પણ એ ફૂલની ફોરમ અનેકનાં દિલ દિમાગને તરબતર કરતી હજી આજે પણ ચારિત્રની પવિત્ર પરિમલ ફેલાવતી વિસ્તરી રહી છે.

**गरुयगुणेहिं सीसो अहिओ गुरुणो हविज्ज जई कहवि ।**
**तहवि हु आणा सीसे सीसेहिं तस्स धरियव्वा ।।**

વિશિષ્ઠ ગુણોથી ગુરુ કરતા શિષ્ય કદાચ અધિક પણ જો હોય તો પણ શિષ્યોએ ગુરુની આજ્ઞાને શિર પર ધારણ કરવી જોઈએ અર્થાત્ બહુમાનપૂર્વક માન્ય કરવી જોઈએ.

**શ્રી ધર્માચાર્ય બહુમાન કુલકમ્**

સિંહસત્ત્વના સ્વામી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

**જન્મ-માતા-પિતા :**

રાધનપુર એટલે ધર્મ-સંસ્કારોથી સુવાસિત એક નગરી પ.પૂ.આ.શ્રીમદ્ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા કહેતા કે, રાધનપુરની આગળ 'આ' જોડીએ. તો જ એને સાચી રીતે સન્માન આપ્યું ગણાય. **રાધનપુર એટલે આરાધનપુર** ! આરાધનાની નગરી એટલે જ રાધનપુર ! આવા **રાધનપુરમાં મણિભાઈ** અને **મણિબહેનનું** નામ ધરાવતા દંપતીએ **વિ.સં. ૧૯૭૧ની સાલમાં જે સંતાનને જન્મ આપ્યો.** એ જ **શ્રીમુક્તિલાલ !**

મુક્તિલાલ નાનપણથી જ ભણવામાં હોંશિયાર હતા. અંગ્રેજી ચોથીમાં એ પહેલે નંબરે પાસ થયા હતા.

**વિરાગનો વેપાર :**

વ્યાપારાર્થે મોટાભાઈ મહાસુખભાઈ આદિને મુંબઈ જવાનું થતાં મુક્તિલાલ પણ મુંબઈ ગયા. ત્યાં પૂ.આ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજાનું ચાતુર્માસ હતું. મુક્તિલાલ એમના પરિચયમાં આવ્યા. તેઓશ્રીની નિશ્રામાં રહીને ધાર્મિક અભ્યાસમાં એ આગળ વધ્યા. વર્ધમાનતપનો પાયો પણ એમની નિશ્રામાં જ નાખ્યો. પૂ. સાગરજી મહારાજના પરિચયે એમનામાં તર્કશક્તિને વિકસાવી. મુંબઈ એમને માટે જાણે વિરાગનો વેપાર કરવાની ભૂમિ બની ગઈ.

ત્યાર બાદ મુંબઈમાં દીક્ષાના દાનવીર **પૂ. મુનિશ્રી રામવિજયજી મહારાજની** પોતાના ઉભય વડીલોની નિશ્રામાં પધરામણી થઈ. જિનવાણીના જાદુગર એ મહાપુરુષની જોશિલી, માર્મિક, સાત્ત્વિક, તાત્ત્વિક મડદાને ઉભા કરે તેવી, અસત્યોને નાબૂદ કરનારી, સત્યમાર્ગને નિષ્કંટક બનાવનારી જિનવાણી ચાલુ થઈ. એ જિનવાણીનું શ્રવણ મહાસુખભાઈમાં વિરાગની ભાવનાને જગાડી ગયું અને એમણે નિશ્ચય કરી લીધો કે, ચારિત્ર વિના ભવનો પાર પામવો અશક્ય હોવાથી સાધુપણું સ્વીકાર્યા વિના ન રહેવું.

મહાસુખભાઈની ભાવનાને કુટુંબે અને મણિબહેને વધાવી લીધી. જેના યોગે વિ.સં. ૧૯૮૭માં દીક્ષા સ્વીકારીને તેઓ મુનિરાજ શ્રી મલયવિજયજી મહારાજ બન્યાં. પાછળથી પૂ.આ.શ્રી મલયચંદ્રસૂરિ મ. બન્યા. મોટાભાઈની દીક્ષા પછી મુક્તિલાલનું આકર્ષણ પૂ.આ.શ્રી.દાનસૂરીશ્વરજી મહારાજા આદિ તરફ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : મુક્તિલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૧ અ. વદ ૧૩ **રાધનપુર** |
| માતા | : મણિબેન |
| પિતા | : મણિભાઈ મસાલીયા |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૯ મ. સુદ ૧૦ **પાલીતાણા** |
| દીક્ષાની ઉંમર | : ૧૮ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી મહોદયવિજય મ. |

| | |
|---|---|
| વડી દીક્ષા પછી | : મુનિશ્રી મુક્તિવિજય મ. |
| ગણિ. | : વિ.સં. ૨૦૧૩ કા. વદ-૫ **મુંબઈ** |
| પંન્યાસ | : વિ.સં. ૨૦૧૫ વૈ. સુદ ૬ **અહમદનગર** |
| આચાર્ય | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૨, **ખંભાત** |
| આચાર્ય પદ પર્યાય | : ૯ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૯ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૩૮ મા. વદ પ્રથમ ૧૨ **રાંધેજા** (ગુજરાત) |
| આયુષ્ય | : ૬૭ વર્ષ |

સૌજન્ય

**શ્રીમતિ હર્ષાબેન ધનવંતરાય વાડીલાલ શાહ પાલીતાણાવાળા**

હસ્તે : જીનેશ, પ્રશાંત, કલકત્તા.

એકદમ વધી ગયું. એમણે રીતસરની તાલીમ લઈને સંયમ સ્વીકારવાનો નિર્ણય કર્યો. વિ.સં. ૧૯૮૮માં પૂ.આ.શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા વઢવાણમાં ચાતુર્માસ હતા. ત્યાં પર્યુષણ પછી મુક્તિલાલ અભ્યાસ કરવા પહોંચી ગયા. પ.પૂ. રામવિજયજી મહારાજનું વૈરાગ્યસભર પ્રવચન અને પૂ.આ.શ્રી દાનસૂરિજી મહારાજા તેમજ પૂ.આ.શ્રી પ્રેમસૂરિજી મહારાજાની પ્રેરણા વૈરાગ્યધારાને વેગવંતી કરી ગઈ. પરિણામે મુક્તિલાલે સંયમ સ્વીકારવાની ઉત્કંઠાની અને નક્કી થયેલ મુહૂર્તની મણિબહેનને પત્રથી જાણ કરી. **મણિબહેન માતા જ નહિ. ધર્મમાતા હતી.** છતાં મોહ સતાવે એ સહજ હતું. મુક્તિલાલ પાલીતાણા પહોંચી ગયા અને પૂ.આ.શ્રી દાનસૂરિજી મહારાજાના હાથે વિ.સં. ૧૯૮૯ની સાલમાં મહા સુદ ૧૦ના શુભ દિવસે શત્રુંજયની ગોદમાં સંયમી બનીને મુનિ શ્રી મહોદયવિજયજીનું નામ ધારણ કર્યું અને પૂ.મુનિશ્રી રામવિજયજી મ.ના શિષ્ય બન્યા. મણિબહેનના આગ્રહથી વડી દીક્ષા વખતે આ નામ બદલીને **મુનિશ્રી મુક્તિવિજયજી મ. નામ રાખવામાં આવ્યું.** સૌથી નાના અને તેજસ્વીપુત્રને આ રીતે સંયમ-માર્ગે સહર્ષ વળાવીને મણિબહેને ખરેખર પોતાનું ધર્મમાતૃત્વ અજવાળ્યું.

મુક્તિલાલના જીવન-ઘડતર પાછળ મણિબહેને ખૂબ જ શ્રમ લીધો હતો. રાત્રિ-ભોજન ત્યાગ, પાઠશાળામાં અધ્યયન, પર્વતિથિએ પૌષધ. અભક્ષ્યત્યાગ આદિ દ્વારા કરેલા જીવન ઘડતરને, મુક્તિલાલ સંયમી બનતાં મણિબહેને પોતાના જીવનને વધુ સફળ માન્યું.

બે ભાઈઓ દીક્ષા લઈ શક્યા, એમાં વચેટ **ભાઈ કાંતિલાલનો ફાળો બહુ મોટો હતો** ! કમાવાની અને કુટુંબનું ભરણ-પોષણ કરવાની એમની તૈયારી તેમ જ એમની સહર્ષ સંમતિ ન હોત, તો આ રીતે બંને ભાઈઓ સંયમી બની શકયા ન હોત.

શ્રી મુક્તિવિજયજી મહારાજ વ્યાવહારિક-અભ્યાસમાં પણ ઠીકઠીક આગળ રહેતા, પછી શાસ્ત્રાભ્યાસમાં તો એ પાછળ રહે જ શાના ? થોડા જ વખતમાં અનેક ગ્રંથોનું અધ્યયન એમણે ઊંડાણથી કરી લીધું.

**પ્રથમ પ્રવચન :**

મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજના દીક્ષા પછીનાં શરૂઆતનાં વર્ષો સકલાગમ રહસ્યદેવી પૂ.આ. શ્રી દાનસૂરિજી મહારાજાની નિશ્રામાં વીત્યાં. પૂજ્યશ્રીની એમની ઉપર મહાન-કૃપા હતી. સૌપ્રથમ એમની પાસે વ્યાખ્યાન કરાવનાર પૂજ્યશ્રી હતા. એક વાર પૂજ્યશ્રીએ કહ્યું કે, કાલે તારે વ્યાખ્યાનમાં બેસવાનું છે. જરા જોઈ લેજે ! એમની આજ્ઞા એટલે આજ્ઞા ! એમાં હા-ના તો કરાય જ નહિ ! મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજને દીક્ષા પછી હજી થોડાં જ વર્ષો વીત્યાં હતાં. એમા વળી રાધનપુરની સભામાં સગાં-વહાલાંઓની સામે વ્યાખ્યાન કરવાનું હતું. એથી રાત્રે ઉઠીને એમણે વ્યાખ્યાનની તૈયારી કરવા માંડી. પરમતારક પ્રદાદા ગુરુદેવ પૂ.આ.શ્રી.વિજય દાનસૂરીજી મહારાજા રાત્રે આ જોઈ ગયા એમણે સંતોષ અનુભવ્યો.

સવારે મુનિ શ્રી મુક્તિવિજયજી મહારાજ પચ્ચક્ખાણ લેવા ગયા, ત્યારે પૂજ્યશ્રીએ આજ્ઞા કરી કે, આજે તારે પ્રથમ જ વાર વ્યાખ્યાન વાંચવાનું છે, માટે મંગલ તરીકે આયંબિલ કરવાનું ! પૂજ્યશ્રીના

આશીર્વાદથી તપના મંગલપૂર્વક વવાયેલું એ વક્તૃત્વનું બીજ હતું. પછી એ ફાલી-ફૂલી ઊઠે, એમાં શી નવાઈ હતી ! વ્યાખ્યાનનો એ પ્રથમારંભ સફળ થયો. પછી તો અવારનવાર પ્રદાદા ગુરુદેવ પૂજ્યશ્રી જરૂર પડ્યે એમને વ્યાખ્યાન માટે આદેશ આપતા.

દીક્ષા બાદ ઠ્ઠું ચાતુર્માસ પૂ. મુનિરાજ શ્રી મલયવિજયજી મ., પૂ. મુનિશ્રી મુક્તિવિજયજી મ., પૂ. મુનિશ્રી રવિવિજયજી મ.આ ત્રણે ભાઈઓએ મુંબઈ-અંધેરીમાં કરેલ, ત્યારે વ્યાખ્યાનની જવાબદારી ઉપરાંત અધ્યયનકાર્ય પણ ચાલુ રાખ્યું હતું. આ ચાતુર્માસમાં 'ઉપદેશ પ્રાસાદ'ના બધા વિભાગોની કથાઓ કહેવા દ્વારા એમણે વ્યવસ્થિત વ્યાખ્યાનનો આરંભ કર્યો, એમ કહી શકાય. પ્રદાદા ગુરુદેવ પૂ.આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાના કાળધર્મ બાદ પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને ગુરુદેવ પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પરમપુનિત સાન્નિધ્યમાં એ બંધુ-ત્રિપુટીની જ્ઞાનધ્યાનની સાધના આગળ વધવા માંડી.

વિ.સં. ૧૯૯૩માં પોતાના બન્ને પૂ. ગુરુદેવો સાથે પૂનામાં થયેલ ચાતુર્માસમાં મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજે વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. ગુરુદેવ દ્વારા ચાલતી ૭-૭ કલાકની વાચનાનો અખંડ લાભ લઈને પોતાના જ્ઞાનમાં ગુરુ-કૃપા-મૂલક વૃદ્ધિ કરી. આ ચાતુર્માસ બાદ પોતાનાં ધર્મદાતા માતુશ્રી મણિબહેનની નરમ તબિયતના સમાચાર મળતાં ત્રણે બંધુ-મુનિઓએ રાધનપુર તરફ વિહાર લંબાવ્યો. આ વાતની મણિબહેનને જાણ થતાં જ તેઓશ્રી લોનાવાલા જઈને દર્શન વંદન કરી આવ્યા.

### યતો ધર્મસ્તતો જય :

વિ.સં. ૧૯૯૬નું ચાતુર્માસ રાધનપુર થયું. એમની નીડરતા અને નિષ્ઠાને ઝળહળતી બનાવનારો એક પ્રસંગ જાણવા જેવો છે. આ ચાતુર્માસમાં શ્રી હીરાલાલ બકોરદાસ તરફથી ઉપધાન તપ થયાં. એ વખતે પૂજ્યશ્રી જે સંઘના ઉપક્રમે ચાતુર્માસ બિરાજમાન હતા, ત્યાં ઉપધાન માળની ઊપજ સાધારણમાં લઈ જવાનો ખોટો રિવાજ હતો. આ વાતનો ખ્યાલ મુનિ શ્રી મુક્તિવિજયજી મહારાજ અને મુનિ શ્રી રવિવિજયજી મહારાજને છેક માળનો મહોત્સવ ચાલુ થઈ ગયા બાદ આવ્યો. **હવે નીડરતા ને નિષ્ઠા બતાવ્યા વિના ચાલે એમ નહોતું. તેઓએ ટ્રસ્ટીઓને બોલાવીને કહ્યું કે,**

**'ઉપધાન ભલે પૂરા થઈ ગયા અને માળનો મહોત્સવ ભલે મંડાઈ ગયો ! એવો કોઈ નિયમ નથી કે, અહીં ઉપધાન શરૂ થયા, એથી માળારોપણ અહીં જ થવું જોઈએ. સાંભળવા મુજબ અહીં માળની ઊપજ દેવદ્રવ્યમાં લઈ જવાતી નથી. જો આ સાચું હોય. તો શાસ્ત્ર-સિદ્ધ પ્રણાલિકાને શરૂ કરાવવી, એ તમારું કર્તવ્ય બની જાય છે. તમે જો તમારી પ્રણાલિકા ફેરવવા તૈયાર ન હો, તો અમે અહીં માળારોપણ કરવાની વાતમાં સંમત થવા પણ તૈયાર નથી ! માટે સર્વાનુમતે એવો ઠરાવ થવો જોઈએ કે, માળની સંપૂર્ણ ઊપજ દેવદ્રવ્યમાં જ જશે !'**

**ટ્રસ્ટીઓ સમય વર્તે સાવધાન બની ગયા.** ઠરાવ થઈ ગયો. બીજે જ દિવસે માળારોપણના ચડાવા બોલાવાના હતા. ચડાવા શરૂ થયા અને એક ભાઈએ સભા વચ્ચે પ્રશ્ન કર્યો કે, ચડાવાની ઊપજ ક્યાં જશે ? **ટ્રસ્ટીઓએ જવાબમાં જ્યારે માળની આવકને દેવદ્રવ્ય ખાતે લઈ જવાની વાત જાહેર કરી, ત્યારે**

**સભા જયનાદથી ગાજી ઊઠી.** આથી વિરોધી-વર્ગના પેટમાં તેલ રેડાયું. એમણે એવો પ્રચાર કર્યો કે, સકલ સંઘનો આ પ્રશ્ન છે, એથી પહેલા સંઘની મિટીંગ ભેગી કરવી જોઈએ, પછી જ આવો નિર્ણય લઈ શકાય ! વચમાં એક આડી રાત જ બાકી હતી. મિટીંગ ભેગી થઈ. પૂજ્યશ્રીની પ્રેરણાથી એમાં શાસ્ત્ર-સિદ્ધાંતનો પ્રેમી વર્ગ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો. એની વિશાળ-સંખ્યા જોઈને વિરોધી-વર્ગ ઉશ્કેરાઈ ગયો. પણ એનું કાંઈ ચાલ્યું નહિ, **માળની આવક દેવદ્રવ્યમાં લઈ જવાનો ઠરાવ સર્વાનુમતે થતા પૂજ્યશ્રીની નિષ્ઠા-નીડરતાનો યશસ્વી વિજય થયો.**

## કેળવણીથી ધર્મનું ધોવાણ :

વિ.સં. ૧૯૯૯ના મુંબઈ ચાતુર્માસનો એક પ્રસંગ તેઓશ્રીની નીડરતા કહી જાય એવો છે : પર્યુષણ બાદ મુંબઈનાં મંદિરોની ચૈત્યપરિપાટી યોજાઈ. મરીન ડ્રાઈવ વિસ્તારમાં આધુનિક કેળવણીના પ્રખર હિમાયતી એક શેઠના ગૃહમંદિરે સંઘ સાથે પૂજ્યશ્રી દર્શનાર્થે ગયા. શેઠની વિનંતીથી પ્રવચન શરૂ થયું. એમાં એવો કોઈ પ્રશ્ન આવતા **આધુનિક કેળવણીનો વિષય ચર્ચાતા તેઓશ્રીએ નીડરતાથી કહ્યું : આ આધુનિક કેળવણીએ તો ધર્મને ધોઈ નાખ્યો છે ! આજે એવી પણ જૈન-બોર્ડિંગો છે, જ્યાં અભ્યાસ કરતી છોકરીઓ-કુમારિકાઓ એમ.સી. પાળતી નથી અને એમ.સી.નાં સમયમાં ય ભક્તામર આદિ મંત્રમય પવિત્રસૂત્રો પરની પરીક્ષા આપવા પેપરો લખે છે. શીલ-સદાચારના સંસ્કારોને સળગાવી મૂકતી કેળવણી આમ આજે જ્યારે ધર્મને ધોઈ નાખતા શરમાતી નથી. ત્યારે એની સામે વિરોધનો સૂર જગાવતા મારા જેવા સાધુઓને આ જમાનો 'રૂઢિચુસ્ત'ની સફાઈદાર ગાળો ભાંડવામાં જ ઈતિ કર્તવ્યતા સમજે છે. એય આ કલિકાલનું એક કૌતુક જ ગણાય ને ?**

સભા સમજી ગઈ કે, આ કટાક્ષ જેમના તરફથી વ્યાખ્યાન યોજાયું હતું. એ જ શેઠને જ લાગુ પડતો હતો. કારણ કે તેઓ આવી બોર્ડિંગના પ્રણેતા હતા. પણ સત્યની સામે એ શેઠ શું બોલી શકે ?

વિ.સં. ૧૯૯૯ની, ૨૦૦૦ની અને ૨૦૦૪ની સાલના મુંબઈનાં ચાતુર્માસ જોરદાર પ્રભાવક થયાં. આ અરસામાં 'સૂતક ચર્ચા'ની સામે એમણે દાખલા-દલીલો સાથે જે માર્ગસ્થ અને શાસ્ત્રીય જવાબો આપીને જાહેર-પ્રવચનો કર્યાં હતાં, એથી મુંબઈમાં એક નવી જ સિદ્ધાંત-રક્ષાની હવા ફેલાઈ હતી. **તિથિચર્ચાના પ્રશ્ને લવાદી-નિર્ણય આવી જવા છતાં એક પક્ષે એને અમાન્ય ઠેરવીને મોં-માથા વિનાની વાતો વહેતી કરી,** ત્યારે એ વાતોનો જોરદાર રદિયો આપવા યોજાયેલા એક જાહેર-પ્રવચનની શરૂઆત કરતાં જે શબ્દો તેઓશ્રીએ ઉચ્ચાર્યા હતા, એ હજીય સાંભળનારના કાનમાં ગુંજી રહ્યા છે. એમણે વ્યાખ્યાનની શરૂઆત કરતાં જ કહેલું કે,

**'નપાસ થયેલો વિદ્યાર્થી એમ કહે કે, પરીક્ષક ઠોઠ છે. બરાબર આના જેવી જ મનોદશા લવાદી-નિર્ણયને અમાન્ય રાખનાર પક્ષના પ્રણેતાની છે !'**

આ પ્રવચનમાં સંખ્યાબંધ શાસ્ત્રોના પાઠો તેઓશ્રીએ રજૂ કરીને, જે જબ્બર સિદ્ધાંત-રક્ષા કરી હતી, એની સ્મૃતિય રોમાંચક છે. વ્યાખ્યાનની પાટ પર જ પ્રતોનો ઢગલો કરીને, તેઓ એક પછી એક ગ્રંથનાં

નામ બોલતા જાય અને મુનિ શ્રી રવિવિજયજી મહારાજ એક પછી એક ગ્રંથો એમના હાથમાં મૂકતા જાય ! આવી સચોટ રજૂઆતનું શુભ પરિણામ એ આવ્યું કે, **શહેરમાં સાચા સિદ્ધાંતની વાતો ચર્ચાવા માંડી.**

**નવા પ્રકાશના પગલે :**

વિ.સં. ૨૦૧૦માં પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં ચાતુર્માસ થતાં પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજના યુવાનીના જુસ્સાને એક નવો જ દિશાબોધ મળ્યો. નમસ્કાર મહામંત્રાદિ વિષયક ચિંતનની દિશા મળતાં એમના જીવનમાં એક જાતનો નવો જ કહી શકાય એવો પ્રકાશ ફેલાયો. જેના પ્રભાવે એમની વૃત્તિ-પ્રવૃત્તિમાં સંઘવાત્સલ્ય, મૈત્રી આદિ ચાર ભાવનાઓથી ભાવિતતા, સામી વ્યક્તિના દૃષ્ટિકોણને પણ શાસ્ત્ર સિદ્ધ રીતે અપનાવવા-સમજવાની ઉદારતા આદિ અનેક ગુણોની વિશેષ રીતે ખીલવણી થવા પામી. એ ચાતુર્માસના ઉપકારને યાદ કરતા પૂજ્યશ્રી ઘણી વાર કહેતા કે, **પૂ. પંન્યાસજી મહારાજનો પરિચય એ ચાતુર્માસ દરમિયાન થયો અને મારો જોમ-જુસ્સો કંઈક ઓછો થયો. જ્યાં ચાતુર્માસ કરીએ, ત્યાં આગેવાનો અને સંઘ સાથે કેવા વાત્સલ્યભાવપૂર્વક વ્યવહાર કરવો, એની સવિશેષ-દૃષ્ટિ મને એ ચાતુર્માસમાં મળી.**

**ગાંધીના ગીતડાં નહિ ગવાય :**

મહારાષ્ટ્રના એક ગામનો પ્રસંગ છે. પ્રતિષ્ઠા-મહોત્સવનો હજી પહેલો જ દિવસ હતો. સંગીતકાર તરીકે મુંબઈથી એક પ્રસિદ્ધ ગાયક આવેલા. રાતે ભાવના શરૂ થઈ. થોડી જ વારમાં ભાવના પૂર્ણ કરીને મહોત્સવના જ એ મંડપમાં એ સંગીતકારે **'ગાંધીજીનાં ગીતડાં'** ગાવાં શરૂ કર્યાં. પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ ત્યારે પંન્યાસ બની ચૂક્યા હતા. એ મંડપથી સો ડગલાંમાં જ એમનો ઉતારો હતો. તેઓ આ વાતને કઈ રીતે ખમી શકે ? એક પ્રૌઢ સાધુને સાથે લઈને તેઓશ્રી રાતે જ મંડપમાં પહોંચ્યા. સંઘ આભો જ બની ગયો. **પાટ પર બેસીને એમણે સિંહગર્જના કરતાં જુસ્સાપૂર્વક કહ્યું :**

**'આ મંડપ ભગવાનની ભક્તિ માટે બાંધવામાં આવ્યો છે. અહીં ભક્તિ સિવાય કોઈ પ્રવૃત્તિ થઈ જ શકે નહિ. કોઈને** 'ગાંધીનાં ગીતડાં' ગાવાં **હોય તો આ સ્ટેજનો ઉપયોગ હરગીજ ન કરી શકે, એ માટે આથીય મોટાં મેદાનો ખુલ્લાં પડ્યાં છે. એક બાજુ 'દુનિયામાં દેવ ન દૂજો' એમ** ગાવું **અને પછી બીજી જ પળે** ગાંધીજીનાં ગીતો ગાવાં, **આ કઈ જાતની વફાદારી** ગણાય **?** આજે હજુ પહેલો જ દિવસ છે. માટે સંઘને સાવધાન બનાવવા અમારે અપવાદ-માર્ગે અહીં રાતે આવીને પણ આ વાત કરવી પડે છે.'

આ વાતને પૂજ્યશ્રીએ ૧૫ મિનિટ સુધી એવી રીતે સમજાવી કે, સંઘના યુવાનો સિદ્ધાંત-રક્ષા માટે થનગની ઊઠ્યા. સંગીતકાર સમજી ગયા કે, હવે ગાવામાં મજા નથી. એ જ દિવસે નજીકના તીર્થની યાત્રા કરવાના બહાને એ વિદાય થઈ ગયા. **સિંહગર્જના સફળ થઈ.**

**નીડરતાની નિષ્ઠા-પરાકાષ્ઠા :**

નીડરતા ગુણનો વારસો પૂજ્યશ્રીને નાનપણથી જ મળેલો. એક પ્રસંગ નીડરતાની નિષ્ઠા અને પરાકાષ્ઠા સૂચવી જાય એવો છે : પૂજ્યશ્રી પાસે એક સગીર-વયનો બાળક ભણતો હતો. એની દીક્ષા એક

ગામમાં અચાનક નક્કી થઈ. એનાં માતુશ્રી પણ આ નક્કી કરવામાં સામેલ હતાં. ઉપધિ મંગાવવા માટે પૂજ્યશ્રીએ એક ભાઈને સંદેશો મોકલ્યો. ગામની પેઢીના મુનીમને આ વાતની ખબર પડી ગઈ. તેમણે ટ્રસ્ટીઓને વાત કરી. ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને પૂછયા-ગાછયા વિના જ એક જાહેર પેપરમાં એવા ભાવવાળા સમાચાર ચમકાવી દીધા કે, **અહીં મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજ આવ્યા છે, એક છોકરાને દીક્ષા આપવા એમણે બનાવટી મા ઊભી કરી છે. પણ ગામનો સખત વિરોધ છે.**

છાપામાં આ સમાચાર ચમકતાં જ પોલીસ-આગેવાન ઉપાશ્રય પાસે આવ્યાં. મુમુક્ષુ પૂજા કરવા જઈ રહ્યો હતો, ત્યાં એનો હાથ પકડીને એણે પૂછયું કે, તમારું નામ લખાવો ? હો-હા થતાં ચારસો-પાંચસો માણસોનું ટોળું એકઠું થઈ ગયું. મુનિશ્રી મુક્તિ વિજયજી મહારાજને આ વાતની જાણ થતાંની સાથે જ તેઓ હિંમતભેર ઉપાશ્રયમાંથી નીચે આવ્યા. **તેમણે સીધો જ પોલીસ-આગેવાનને સણસણતો સવાલ કર્યો કે, આ રીતે આ પારકા છોકરાનો હાથ પકડવાનો તમને શો અધિકાર છે ? તમારું નામ લખાવો મારે તમારા આ ગુનાની સામે ફરિયાદ નોંધાવવી પડશે. શું તમારી પાસે કોઈ વોરન્ટ-બોરન્ટ છે ? કે પછી સત્તાના મદમાં આવી જઈને તમે ગમે તેમ કરી શકો છે ?**

પોલીસ આગેવાન ઢીલોઘેંસ થઈ ગયો. માફી માંગીને એ ચાલ્યો ગયો. ત્યાં અન્ય સમુદાયના કેટલાક સાધુઓ વિહાર કરીને આવ્યા હતા. એમણે ગભરાઈ જઈને બારી-બારણાં બંધ કરી દીધાં હતાં અને એની તિરાડોમાંથી તેઓ આ બધો તમાશો જોઈ રહ્યા હતા. **મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજની હિંમત જોઈને એમના મોંમાંથી પણ 'વાહ-વાહ' ધ્વનિ નીકળી ગયો.**

ગમે તેવી તોફાની દીક્ષા આપવામાં આગેવાની લેવાની હોય. તો પૂજ્યશ્રી જરાય ડરતાં નહિ. જો મુમુક્ષુ મક્કમ હોય, તો એની દીક્ષા ખાતર ગમે તેવું સાહસ કરતાં ય તેઓશ્રી ખચકાતાં નહિ. યા હોમ કરીને ઝંપલાવી દઈને પછી કહેતા કે, ડરો નહિ, ફતેહ છે આગે. અને ફતેહ મળતી પણ ખરી ! એમણે આવી તો અનેક દીક્ષાઓ આપી હતી. જે દીક્ષાઓ આપ્યા બાદ આવનારી વિઘ્નોની વણઝારનો વિચાર પણ ભલભલાને ઢીલા બનાવી જતો, એવી દીક્ષાઓ આપીને પૂજ્યશ્રી નિરાંતે સૂઈ જતા અને **સમય આવે સિંહગર્જના કરીને વિરોધને વિખેરી નાખવામાં સફળતા મેળવતા. આવી હિંમત તેઓશ્રી જીવનનાં છેલ્લાં વર્ષો સુધી જાળવી શકયા હતા.**

### ઝગારા મારતાં ત્રણ ગુણરત્નો :

પૂજ્યશ્રીના જીવન-સાગરનું પેટાળ આમ તો ઢગલાબંધ તેજસ્વીરત્નોના અજવાળાથી ઝગારા મારતું હતું. **પરંતુ એમાંય નિરીહતા, સંયમપ્રિયતા, સ્વાધ્યાયરસિકતા; આ ગુણો તો એવા વિશિષ્ટકોટિના હતા** કે, એની તો જોડ જડવી મુશ્કેલ ગણાય ! **નિરીહતા તો એવી હતી કે, પોતાનો ફોટો કોઈ ઉપાશ્રયાદિ સ્થાનોમાં મૂકવા માટે સામેથી વિનંતી થાય, તોય સ્પષ્ટ શબ્દોમાં ના કહી દેતા. જેના પ્રભાવે પૂજ્યશ્રીનો ફોટો કોઈપણ ઉપાશ્રયમાં પ્રાયઃ જોવા મળવો દુર્લભ છે.** પોતાની નિશ્રામાં ઊજવાતા મહાન-પ્રસંગોના સમાચાર-અહેવાલ લખીને સમાચાર-પત્રોમાં મોકલવાની નીતિ તો એમના સ્વભાવમાં જ નહોતી ! તેઓ આવા પ્રસંગે કહેતા કે, **શ્રાવકો શક્તિ મુજબ ધન ખર્ચે કે તપ-જપ કરે અને એનું ગૌરવ આપણે લઈએ**

કે, મારી નિશ્રામાં આટલી શાસન પ્રભાવના થઈ ! આવું ગૌરવ લેવાનો આપણને અધિકાર નથી ! એઓએ કોઈ સંસ્થા કે એવો બીજો કોઈ બોજો માથે રાખ્યો નહોતો, જેથી પૈસાની પંચાતમાંથી તેઓશ્રી સંપૂર્ણ-અળગા રહી શકતા. પૂજ્યશ્રી કહેતા કે, **કોઈ સંસ્થા ઊભી કરવી, એટલે ગળે ઘંટ બાંધવો ! પછી એની તમામ ચિંતા કરવી પડે અને એમ કરવા જતાં આપણી મર્યાદાનો થોડે ઘણે અંશે પણ લોપ થયા વિના ન રહે.**

**સંયમપ્રિયતા** તો એવી કે, વિજાતીયના પરિચયથી પૂજ્યશ્રી સાવ જ દૂર રહેતા. સાધ્વીજીઓ કે સ્ત્રીઓ સાથે તેઓશ્રી બહુધા બોલતા નહિ. જરૂર પડે તો ઓછામાં જ પતાવતા. જે સાધુ-સાધ્વીજીઓ આવી મર્યાદાના પ્રેમી ન હોય, એમના પરિચયમાં તેઓશ્રી બહુ ન આવતા. એમની તરફ પૂજ્યશ્રીને સ્વાભાવિક રીતે જ અરુચિ રહેતી. ઘણી વાર કહેતા કે, બીજા મહાવ્રતોમાં થોડાં ઘણાં અતિચારો લાગે, તો એ હજી ક્ષમ્ય ગણાય. પણ સંઘ આપણી પાસે ચતુર્થ મહાવ્રતના અણીશુદ્ધ-પાલનની અપેક્ષા રાખે, એ વધુ પડતી ન ગણાય. આપણે પણ મહાવ્રતોમાં રાજા ગણાતા આ ચતુર્થ મહાવ્રતના પાલન માટે સજાગ રહેવું જોઈએ. તો જ સંઘ તરફથી મળતી ભક્તિ-સુવિધાઓને મેળવવા આપણે લાયક ગણાઈએ !

## ગણીપદ-પંન્યાસપદ-આચાર્યપદ :

ગણીપદ વિ.સં. ૨૦૧૩ ફાગણ સુદ-૩ મુંબઈ. પંન્યાસપદ વિ.સં. ૨૦૧૫ વૈશાખ સુદ ૬ અહમદનગર. આચાર્ય પદ વિ.સં. ૨૦૨૯ માગશર સુદ ૨ ખંભાત.

પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ, જિનભક્તિના ભવ્ય મહોત્સવો, છ'રીપાલિત યાત્રા સંઘો, ઉપધાન, ઉજમણા આદિ અનેક શાસન પ્રભાવક પ્રસંગો થયા. પ્રાણ પ્રતિષ્ઠારૂપ અંજનશલાકાના ત્રણ પ્રસંગો પણ શાનદાર ઉજવાયા.

## અંતિમ આરાધના :

અમદાવાદની ચૈત્યયાત્રામાં પૂજ્યશ્રીએ ૧૫/૧૫ દિવસ સુધી દર્શન-પ્રવચન આદિનો જે શ્રમ લીધો, એ તો તેમના જેવા દૃઢ મનોબળી જ લઈ શકે. અમદાવાદથી વિહાર કરીને કૃષ્ણનગર જવાનું થયું, ત્યારથી છાતીમાં સામાન્ય દુઃખાવો, શરદી, કફ આદિની અસરો લાગુ થઈ ગઈ હતી. છતાં મક્કમ મનથી તેઓશ્રીએ શેરીસા, કલોલ થઈને રાંધેજા સુધીનો વિહાર કર્યો. રાંધેજામાં માગસર સુદ ત્રીજે પ્રવેશ થયા બાદ શરૂઆતમાં શ્વાસની તકલીફ, શરદી, કફ આદિ સામાન્ય દર્દનો જરા વધુ ઉપાડ થયો. એકાદ બે રાત તો લગભગ નિદ્રાવિહોણી પસાર થઈ. એમને એમ બેઠાં-બેઠાં પણ શ્વાસની તકલીફ શરૂ થઈ જતી ! છતાં કોઈને જગાડ્યા વિના પોતાના સ્વાધ્યાયમાં મસ્ત રહીને તેઓ દર્દને ભૂલવાનો પ્રયાસ કરતા રહ્યા. સવારે સાધુઓને ખ્યાલ આવે અને પૂછે, **ત્યારે પૂજ્યશ્રી કહેતા કે, મેં જે કર્મો બાંધ્યા છે, એને તો મારે જ ભોગવવાનાં છે ને !** આવી તકલીફમાં ય આખો દિવસ જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ ચાલુ જ રહેતી. દવા લાગુ પડતા દર્દ કાબૂમાં આવી ગયું. માત્ર શરદી-કફનો ઉપદ્રવ ચાલુ રહ્યો. મનુભાઈ ચીમનલાલ પરિવાર આયોજિત ઉપધાનનો પ્રવેશ માગસર સુદ પાંચમે થયા બાદ થોડા દિવસ પછી તેઓશ્રીએ વ્યાખ્યાન

વાંચવાનું ય શરૂ કર્યું. વ્યાખ્યાન ખૂબ જ સારી રીતે ચાલવા માંડ્યું. એમાં તારંગાથી વિહાર કરીને **પૂ.પં.શ્રી મિત્રાનંદવિજયજી ગણિવર** પધારતા રોકાવા માટે ખૂબ જ આગ્રહ કરીને એમણે કહ્યું કે, બીજી બારસની સાંજે જવું હોય. તો જજો. ત્યાં સુધી તો રહી જાવ !

**માગસર વદ પ્રથમ બારસનો દિવસ** ખૂબ જ પ્રસન્નતાપૂર્વક પસાર થયો. સાંજે ગોચરી વાપરવા દાદરો ચડીને ઉપરના રૂમમાં પધાર્યા. પોતાની મેળે પ્રતિક્રમણ કરીને રાતે ૧૦ વાગ્યા સુધી ખૂબ જ પ્રસન્નતાથી વાતો કરી. અમદાવાદ-શાંતિનગરથી આવેલ બાળમુમુક્ષુ સાથે એક કલાક સુધી ઘણો જ વિનોદ કર્યો. પછી સૂઈ ગયા. ત્યાર બાદ અડધા કલાક પછી જાગી જઈને સ્વાધ્યાય કરવા બેસી ગયા. એક મુનિરાજ માત્રુ કરવા ઊઠ્યા, એમણે પૂછયું કે, કેમ સાહેબજી ! ઊંઘ નથી આવતી ? ત્યારે જવાબમાં કહ્યું કે, ભલે ઊંઘ ન આવે. પણ હું તો મારો સ્વાધ્યાય કરી રહ્યો છું.

લગભગ સાડાદસ વાગ્યા પછી છાતીમાં કંઈક અસ્વસ્થતા અનુભવવા માંડી. બેસવું ન ફાવે. ઊંઘવું ન ફાવે ! એથી સેવામાં ખડે પગે હાજર રહેનાર એક મુનિશ્રીને પૂજ્યશ્રીએ કહ્યું કે, 'ચેન પડતું નથી. ગભરામણ થાય છે માટે સાધુઓને જગાડો. થોડી જ વારમાં સાધુઓ જાગી ગયા.'

જોનારને થોડી જ પળોમાં લાગવા માડ્યું કે, આ શ્વાસ નાભિમાંથી નીકળી રહ્યો છે, એથી વેદના ખૂબ જ છે. છતાં પૂજ્યશ્રી બેઠાં-બેઠાં નવકાર, ચત્તારિ મંગલં આદિ સાંભળવામાં તલ્લીન બની ગયા. જ્યાં જ્યાં ખામેમિ કે મિચ્છા મિ દુક્કડં શબ્દ આવે. ત્યાં મસ્તક નમાવીને તેઓશ્રી અંતિમ-આરાધનામાં વધુ ને વધુ ઊંડા ઊતરતા ચાલ્યા. શ્રવણશક્તિ સતેજ હતી. વાચાશક્તિ ધીમે ધીમે શિથિલ થઈ રહી હતી. ડો. આવી જતા ઉપચાર શરૂ થયા. એથી થોડી જ વારમાં શ્વાસના દર્દમાં સુધારો થયો. સંભળાવવાનું તો ચાલુ જ હતું. સૌકોઈને અંધારામાં રાખીને દર્દ ગંભીરતા તરફ પ્રયાણ કરી રહ્યું હતું. ઉપધાન તપના આયોજન શ્રી મનુભાઈ, ઉપધાનના આરાધકો, પૂ. સાધ્વીજીઓ આદિ તો તરત જ હાજર થઈ ગયા.

થોડી વધુ પળો વીતી અને સમાધિમય વાતાવરણની વચ્ચે ચતુર્વિધ સંઘની હાજરીમાં રાત્રિના ૧ ક. અને ૫ મિનિટે પૂજ્યશ્રી, સમાધિની જ્યોતનું જાનથી ય વધુ જતન કરીને પરલોકની વાટે પ્રયાણ કરી ગયા. એ દિવસ હતો. વિ.સં. ૨૦૩૮ માગસર વદ પ્રથમ ૧૨, રાંધેજા. અગ્નિ સંસ્કારનો લાભ ઉપધાન તપના આયોજક શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ રાંધેજા વાળાએ લીધો હતો. (હાલ અમદાવાદ.)

તપસ્વી સમ્રાટ, વર્ધમાન તપોમૂર્તિ, પ્રાચીન આષ્ટાતીર્થોદ્ધારક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ કોટિનું મંગલ છે, અને સંસારથી પાર પમાડે તેનું નામ મંગલ છે. આવો ધર્મ જેના હૈયામાં વસે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. અહિંસા ધર્મના પાલન માટે સંયમ જરૂરી છે અને સંયમની વિશુદ્ધિ માટે તપ ખૂબ જ જરૂરી છે, છ બાહ્ય અને છ અભ્યંતર ભેદથી બાર પ્રકારનો તપ ખૂબ જ પ્રસિદ્ધ છે.

આવા તપ ધર્મના એક વિરલ આરાધક એટલે **પ.પૂ.આ.શ્રી.વિ. રાજતિલકસૂરીશ્વરજી મહારાજા !** ઉપવાસમાં તો ખાવાનું છે જ નહિ, જ્યારે ખાવાનું ચાલુ હોય અને તેમાં જરાપણ સ્વાદ ન કરવો. લોલુપતા કે આસક્તિ ન રાખવી તે કેવું કપરું કામ છે તે સૌના અનુભવમાં છે, તેમાંય બધાને ખબર છે કે જૈનશાસનનો આયંબિલનો તપ કેટલો કઠીન છે.

**તપસ્વી સમ્રાટ :**

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના પ્રાપ્ત ઇતિહાસમાં વિરલ અદ્ભૂત તપ સાધના કરનાર આ મહાપુરુષે એક નવતર ઈતિહાસનું સર્જન કર્યું છે.

શ્રીવર્ધમાન તપની આરાધનામાં ત્રણ ત્રણ વાર આગેકૂચ કરનારા અને ચૌદ હજારથી પણ વધુ આયંબિલ દ્વારા ૧૦૦ + ૧૦૦ + ૮૯મી ઓળી શ્રી ગીરનાર તીર્થમાં પૂર્ણ કરીને મહાન પ્રભાવક બનેલા સ્વ. કર્મ-સાહિત્ય નિષ્ણાંત સિદ્ધાંત મહોદધિ **પ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન, તથા વ્યાખ્યાન વાચસ્પતિ આ.દેવ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિ મ.સા.ના લઘુગુરુ બંધુ તપસ્વી સમ્રાટ પ.પૂ.આ.શ્રી. વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજાનું** જીવન સૌને તપ-મંડાણનું બળ પૂરું પાડનાર બને છે.

**જન્મ-માતા-પિતા :**

**વિ.સં. ૧૯૭૨ના જેઠ સુદ-૭ના** ધોળકા પાસે **ચલોડા** ગામમાં સુશ્રાવક **શ્રી પ્રેમચંદભાઈ**ના કુળમાં **માતા- સમરથબેન**ની કુક્ષિથી જન્મ પામેલ તેમનું **રતિલાલ** એવું નામ પાડવામાં આવ્યું, બાલ્યવયથી ધર્મના સંસ્કારોથી વાસિત થઈ વૈરાગ્યની ભાવનાવાળા બન્યા, અત્યંત સુખ સાહ્યબીમાં ઉછરવા છતાં ત્યાગ વિરાગની જ્યોત હૈયામાં ઝળહળતી હતી.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : રતિલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૨ જે. સુદ ૭ **ચલોડા** (તા. ધોળકા) |
| માતા | : સમરથબેન |
| પિતા | : પ્રેમચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૯૦ અ. સુદ ૧૪ **અમદાવાદ** |
| દીક્ષાની ઉંમર | : ૧૮ વર્ષ |
| દીક્ષાદાતાનું નામ | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી પ્રેમસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી રાજવિજય મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૯૧ મા. સુદ ૩ **અમદાવાદ** |
| ગણિ પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૨૨ વૈ.સુદ ૮ **ખંભાત** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૨ **રાજપુર ડીસા** |
| આચાર્ય પદ પર્યાય | : ૨૫ વર્ષ |
| સંયમ પર્યાય | : ૬૫ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૫૪ શ્રા. વદ-૫ **અમદાવાદ** (ગીરધરનગર) |
| આયુષ્ય | : ૮૩ વર્ષ |

સૌજન્ય

**પિંડવાડા નિવાસી શાહ છોટાલાલજી પુનમચંદજી**

પુત્રવધુ : મધુબેન વિમલચંદ તથા પૌત્રી : શાલિની વિમલચંદની જ્ઞાનપંચમી તપની આરાધના નિમિત્તે.

**દીક્ષા :**

સકલાગમરહસ્યવેદી, ગીતાર્થાગ્રણી પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીદાનસૂરીશ્વરજી મહારાજા** તથા સિદ્ધાંતમહોદધિ પૂજ્ય ઉપાધ્યાય (તે સમયે) **શ્રી પ્રેમવિજયજી ગણિવરશ્રી** જેવા સદ્‌ગુરુઓનો સત્સંગ થયો, પૂર્વભવે વાવેલા ધર્મબીજ તથા આ ભવે માતા-પિતા દ્વારા મળેલા ઉત્તમ સંસ્કારોથી સંયમની ભાવનામાં વૃદ્ધિ થઈ. બન્ને ગુરુ ભગવંતોની પ્રબળ પ્રેરણા અને વ્યાખ્યાનવાચસ્પતિ પ.પૂ. પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવર (તે સમયે)ની વૈરાગ્યસભર દેશનાના શ્રવણથી રતિલાલભાઈનો વૈરાગ્યાગ્નિ વિશેષ પ્રજ્વલિત બન્યો.

વિ.સં. ૧૯૯૦ના અષાઢ સુદ ૧૩ની રાત્રે જહાંપનાહની પોળના ઉપાશ્રયમાં બિરાજતા બંને પૂજ્યોના ચરણોમાં ઉપસ્થિત થઈ મુમુક્ષુ રતિલાલભાઈએ અંતરની ભાવના જણાવી. જ્યોતિષમાર્તંડ પૂ.આ.શ્રી વિજયદાનસૂરિ મહારાજે જણાવ્યું કે, "રતિલાલ ! સંસારની અસારતા ખરેખર સમજાઈ છે તો આ કાર્યમાં વિલંબ કરવા જેવો નથી, આવતીકાલે ચોમાસી ચૌદસનો (અષાઢ સુદ ૧૪) દિવસ દીક્ષા માટે શ્રેષ્ઠ છે. આ તક સાધી લેવા જેવી છે, જો કાલનો દિવસ ચૂક્યો તો ચાર મહિના થોભી જવું પડશે, અવિરતિનું ભયંકર પાપ માથે ચોંટ્યા કરશે. ષટ્‌કાય જીવોની વિરાધનાથી બચાશે નહિ, પછી દિલ દુભાશે તોય દીક્ષા થશે નહિ, અવસર ચૂક્યા પછી ક્યારે દીક્ષા લેવાશે એની કાંઈ ખાતરી નથી, માટે ભાવના થઈ જ છે તો કાલનો દિવસ સાધી લેવા જેવો છે."

તેજીને ટકોરો બસ હતો. ત્યાંથી આશીર્વાદ લઈને આવ્યા પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાસે. તેઓશ્રીએ પણ પૂ. ગુરુદેવની સલાહને પુષ્ટ કરી. વૈરાગ્ય વધુ પ્રજવલિત થયો. મનોમન દૃઢ નિર્ધાર કર્યો કે આવેલ તક સાધી લેવી. પૂજ્યોની સલાહ કેમ અવગણાય ? વર્ષોની ભાવના હવે સાકાર કરી જ લેવી છે. પછી અન્ય ધર્મગોષ્ઠી કરી આશીર્વાદ મેળવી ઘરે આવ્યા.

ઘરે આવ્યા પછી મોહરાજાની સાથે મનમાં ગડમથલ શરૂ થઈ. દીક્ષા કાલે જ લઉં કે હજી થોડી વિશેષ તૈયારી કરું ? કર્મરાજાનું જોર વધવા લાગ્યું. સંયમનો ભાર વહન થશે ? લેવી તો સહેલી છે. પણ પળાશે ખરી ? આખી રાત આ વિચારોમાં પડખા ઘસવામાં પૂર્ણ કરી અંતે પ્રાતઃ કાળે (સવારે) નિર્ણય લીધો કે ચોમાસું જવા દેવું. ચાર મહિના ઉપાશ્રયમાં રહી સંયમ જીવનની તાલીમ મેળવવી અને ચોમાસુ પૂર્ણ થયા બાદ જ દીક્ષા લેવી. પ્રાતઃકાળની આવશ્યક ક્રિયા કરી. ઉપકારી માતા-પિતાને ચરણે શીષ મૂકી કહ્યું, "હું હમણાં આવું છું." આ આવવાનું નક્કી કરીને જ ગયા. પણ પછી તો ગયા તે ગયા.

**પ્રવ્રજ્યા પંથે પુનિત પ્રયાણ :**

પ્રભાતના કિરણો ધરતીને અજવાળી રહ્યા હતા અને મુમુક્ષુ રતિલાલે **નિસીહિ**... કહી ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. પરિચિત અવાજ કાને પડતા પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજી ગણિવરે કહ્યું, 'રતિલાલ આવી ગયો ?' હજુ 'ના' કઈ રીતે કહેવી તેની મૂંઝવણમાં હતા ત્યાં તો પૂજ્યશ્રીએ કહ્યું, 'રતિલાલ ! જલ્દીકર, સમય થઈ ગયો છે' અને તરત જ ગુરુદેવને કહ્યું, 'સાહેબજી ! રતિલાલ આવી ગયો છે.

જિનાલયમાં તૈયારી થઈ ગઈ છે. હું તેને લઈ જાઉં છું, આપ પધારો !' આટલું કહી રતિલાલનો હાથ પકડી જિનાલયે ચાલ્યા. રતિલાલને પોતાની વાત કરવાની હિંમત ચાલી નહિ અને પૂ.ઉપાધ્યાયજી મ.સા. સાથે ખેંચાતા ચાલ્યા. મનની વાત મનમાં જ રહી પૂ.ગુરુદેવ આદિ પધારી ગયા અને તરત કહ્યું, 'રતિલાલ ! ચાલ પ્રદક્ષિણા કર.' રતિલાલને કાંઈ બોલવાની જગ્યા જ ન રહી અને દીક્ષાની વિધિ શરૂ થઈ ગઈ. લજ્જાળુ રતિલાલ ઘરે જવાનું નક્કી કરીને આવેલ. પણ થોડીવારમાં તો મુનિ શ્રી રાજવિજયજી મ. બની ગયા. મુમુક્ષુ રતિલાલભાઈમાં લજ્જાળુ ગુણ કેવો ઉત્તમ હતો કે એક ગુણથી જીવનનું પરિવર્તન થઈ ગયું. સંયમનો સ્વીકાર કરી આત્મકલ્યાણના પંથે પ્રયાણ કર્યું. **ભૂરિ-ભૂરિ અનુમોદના મુમુક્ષુ રતિલાલભાઈના લજ્જાગુણને !**

"अलङ्घनीयवाक्या हि गुरवः सत्पुरुषाणां भवन्ति ।"

'સત્પુરુષોને સદ્‌ગુરુભગવંતનું વચન ક્યારેય ઉલ્લંઘન કરવા લાયક બનતું નથી.'

વિ.સં. ૧૯૯૦ અષાઢ સુદ ૧૪ના શુભ દિવસે **મુનિ** શ્રી રાજવિજયજી મ.ને પૂ. ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી ગણિવરના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

આયંબિલ તપનાં આવા અજોડ વિક્રમ તપસ્વીને પણ દીક્ષા પછી વડી દીક્ષાનાં જોગમાં આયંબિલ કરવું ખૂબ જ ભારે પડતું. આયંબિલનાં આહાર પ્રત્યે અરૂચિ હતી અને જોતા જ ઉબકા આવે. ઉલટી થાય તેવું થતું, છતાં પણ **વાત્સલ્યમૂર્તિ એવા પૂ. ગુરુદેવ "મા" જેવા બની એમને આયંબિલ કરાવતા** અને એ રીતે એમનાં વડી દીક્ષાનાં જોગ કઠીનાઈથી પૂરા કરાવ્યાં.

## આયંબિલ માટે સંકલ્પ :

જ્ઞાનીઓ ફરમાવે છે કે આ જીવન પરિવર્તનશીલ છે. જીવનની કોઈ શુભપળે એવી સોનેરી ઘડી આવી જાય છે કે જીવનની દિશા ફરી જાય છે અને પછી એ આત્મા એવો ભવ્ય પુરુષાર્થ આચરે છે કે જોતા સાંભળતા આશ્ચર્ય થઈ જાય ! કર્મયોગે પૂજ્યશ્રીને જડબામાં રસી થતાં એનું ઓપરેશન કરવાનું નિશ્ચિત થયું. પરિસ્થિતિ, વેદના અકથ્ય હતા. પણ તેઓએ એવો શુભ સંકલ્પ કર્યો કે **જો આમાંથી હવે ઉગરી જવાય તો બાકીનું સમગ્ર જીવન લગભગ આયંબિલનાં ચરણે ધરી દેવું.** કર્મ શાસ્ત્રનાં નિષ્ણાંતો સારી રીતે સમજે છે કે શુભ ભાવો આગળ અશુભ કર્મોનું જોર કાંઈ જ ચાલતું નથી. પુરુષાર્થી જીવ આગળ તો કર્મ બિચારું અને રાકડું છે.

સંકલ્પ સાચો અને મનોબળ મજબૂત હતું. માંદગીમાંથી બહાર આવ્યા અને **વિ.સં. ૧૯૯૨ મુંબઈ** શેઠ મોતીશા લાલબાગ ઉપાશ્રયમાં પોતાના પરમતારક ગુરુદેવની તથા વડીલગુરુબંધુ, પૂ.પં.શ્રી રામવિજયજી ગણિવરની નિશ્રામાં ચાર્તુમાસમાં વર્ધમાન તપની **૧૦૦ ઓળી માટે પાયો નાંખ્યો.** (ઉંમર હતી ૨૧ વર્ષની)

જેમાં એક આયંબિલ અને એક ઉપવાસ પછી બે આયંબિલ એક ઉપવાસ એમ છેલ્લે પાંચ આયંબિલ એક ઉપવાસ કરવા દ્વારા સળંગ ૨૦ દિવસમાં પાંચ ઓળીનો પાયો નાંખવાનો હોય છે. પછી અનુકૂળતા

પ્રમાણે છ, સાત, આઠ એમ એક-એક કે સળંગ ઓળી કરી શકાય. એ રીતે ૧૦૦ આયંબિલ સુધી ચઢવાનું અને દરેક ઓળી પૂરી થયે એક ઉપવાસ કરવાનો આ રીતે જો સળંગ તપ કરવામાં આવે તો **૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસનો** સમય જોઈએ. ૧૦૦ ઓળીમાં **૫૦૫૦** આયંબિલ અને **૧૦૦** ઉપવાસ થાય.

આ મહાપુરુષે આ રીતે વર્ધમાન તપમાં આગળ વધતાં **વિ.સં. ૨૦૧૩નાં મહા સુદ ૮નાં** શુભ દિને સુરેન્દ્રનગર મુકામે પોતાના પરમતારક સુવિશુદ્ધચારિત્રચુડામણી પ.પૂ. ગુરુદેવેશ **આ.શ્રી.વિ.પ્રેમસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં ૧૦૦મી** ઓળી અતિભવ્ય મહોત્સવપૂર્વક પૂર્ણ કરી. **તેમાં ૪૦ થી ૧૦૦ ઓળી તો ઠામ ચોવિહાર કરેલી.** પૂજ્યશ્રીનાં પારણાં પ્રસંગની સાથે સાથે પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** તપસ્વી શિષ્યરત્ન પરમ ત્યાગી, નિસ્પૃહમૂર્તિ, પરમ વૈરાગી, **વિરલવિભૂતિ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીકાંતિવિજયજી ગણિવરશ્રીની ૧૦૦મી ઓળીના પારણાનો પ્રસંગ પણ ઉજવાયો.**

ઠામ ચોવિહાર એટલે આયંબિલ સમયે આહાર પાણી વાપરવા. આયંબિલ પૂરુ કર્યા પછી પાણી પણ વાપરવું નહિ અર્થાત્ તે જ સ્થાને અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

## ઠામ ચોવિહાર આયંબિલ માટે એક નિમિત્ત :

પોતાના ગુરુ ભગવંત સાથે પૂજ્યશ્રી વિહાર કરતા એક વખત કર્ણાટક અને મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલા **નિપાણી** ગામે પધાર્યા, ત્યાં ઉગ્ર તપસ્વી સુશ્રાવક શ્રીદત્તુભાઈનો ભેટો થયો. **દત્તુભાઈ** આયંબિલ તો કરતા. પણ તે **ઠામ ચોવિહારથી કરતા,** પૂજ્યશ્રીને તેનાથી પ્રેરણા મળી કે હું પણ એ પ્રમાણે કેમ ન કરી શકુ ? અનંત શક્તિનો ધણી છું. થોડી શક્તિ ફોરવું તો આ પણ બની શકે. **ભીષ્મ સંકલ્પ કર્યો કે બાકીની ઓળીઓ ઠામ-ચોવિહાર જ કરવી. પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ મેળવી પોતાના સંકલ્પને અમલી બનાવ્યો.** પહેલી વખતની વર્ધમાન તપની ઓળીમાં ૩૯ ઓળી પૂર્ણ થયેલી અને ૪૦મી ઓળીથી ઠામ ચોવિહાર ઓળી શરૂ કરી - ૧૦૦ ઓળી પૂરી કરી. ગ્રીષ્મ ઋતુમાં પણ ઠામ ચોવિહાર આયંબિલ કરવા તે કેટલું કપરું કામ કહેવાય.

પણ આવા આત્મયોગીને મન આ તો માત્ર રમત લાગે ! કેમકે આમનો તપ એ માત્ર શરીરને તપાવનાર ન હતો. પણ કર્મોને તપાવનાર હતો. **આવા મહાપુરુષનું પુણ્ય નામ સ્મરણ પણ ખાવા પીવાની વૃત્તિ ઉપર નિયંત્રણ લાવે. એક વાર ૧૦૦ ઓળી પૂરી થઈ. 'વર્ધમાન તપોનિધિ'** બિરૂદ પણ મળી ગયું. તેટલાથી સંતોષ ન થયો.

**વિ.સં. ૨૦૧૩માં ફરીથી વર્ધમાન આયંબિલ તપનો પ્રારંભ કર્યો** અને વિશ્વ વિક્રમી બીજી વખતની **૧૦૦ ઓળી** (તેમાં પણ ૧ થી ૭૨ ઓળી ઠામ ચોવિહાર) કરી.

**વિ.સં. ૨૦૩૪ના ફા.વ. ૧૦ના અમદાવાદ ગિરધરનગરના આંગણે,** ભગુભાઈ શેઠનાં બંગલામાં વિશાળ બાંધેલા શમિયાણામાં; પોતાના વડીલ ગુરુ ભ્રાતા, ગુરુપ્રેમ પટ્ટાલંકાર, જિનશાસનનાં શણગાર,

અણનમ શાસન સેનાની **પ.પૂ.આ.શ્રી વિ.રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાદિ ચૌદ-ચૌદ આચાર્ય ભગવંતો**, શતાધિક શ્રમણ ભગવંતો અને દ્વિશતાધિક શ્રમણીવૃંદની ઉપસ્થિતિમાં, શેઠ શ્રી માણેકલાલ મોહનલાલ પરિવાર આયોજિત ભવ્ય જિનભક્તિ મહોત્સવપૂર્વક પૂર્ણ કરી. તે વખતે ઉનાળાનાં દિવસોમાં બપોરના ૧૨ થી ૫ વાગ્યા સુધી જે સ્નાત્રમહોત્સવ ઉજવાયો તેવો તો ક્યારેય જોવા મળ્યો નથી. તેમ જાણકારો કહે છે. અમદાવાદમાં એક ઐતિહાસિક પ્રસંગ થઈ ગયો. આ રીતે **"તપસ્વી સમ્રાટનું"** યથાર્થ બિરુદ પામવા છતાં ય તપથી વિરામ ન પામ્યાં. આવું રજવાડી માન-સન્માન પામવાં છતાં ય મોઢાં ઉપર **"અહંકાર"**ની એક પણ ઝાંખી નહિ. મસ્તયોગીની આ જ યોગ સાધના હતી. માન-સન્માનમાં મુંઝાવું નહિ અને અપમાનમાં અકળાવું નહિ. આચાર્ય પદે હોવા છતાં **વિ.સં. ૨૦૩૪માં ત્રીજીવાર પુનઃ વર્ધમાન આયંબિલ તપનો મંગલમય પ્રારંભ કર્યો અને ૮૯ ઓળી વિ.સં. ૨૦૫૪ ફા.સુ. ૩ના પૂર્ણ કરી.**

### ગણી-પંન્યાસ આચાર્ય પદવી :

પૂજ્યશ્રીની ગણી તથા પંન્યાસ પદવી **વિ.સં. ૨૦૨૨ વૈશાખ સુદ ૮** ખંભાત અને આચાર્ય પદવી **વિ.સં. ૨૦૨૯ માગસર સુદ ૨** રાજપુર ડીસામાં થયેલ.

આ મહાપુરુષ બીનજરૂરી વાતો ક્યારેય કરતાં ન હતા. મૌનપૂર્વક સ્વાધ્યાયાદિની પ્રવૃત્તિ કરતાં અને તેમની મુખ ઉપર પ્રસન્નતાની આભા અને તપનું તેજવલય સહજ જોવા મળતું. તેમના અતિ નિકટનાં પરિચયથી જરૂર કહી શકાય કે તેઓના મુખ પર ક્યારેય ઉદાસીનતા કે ઉદ્વિગ્નતાનો ભાવ જોવા ન મળતો. તેઓ ગુસ્સે થતાં પણ ક્યારેય જોવા ન મળતાં, કષાયથી ધમધમતાં જીવો તેમની આગળ શાંત બની જતા.

આયંબિલ તો એમના જીવનનો એવો અદ્ભૂત અલંકાર બનેલો કે તેઓશ્રીજીની નિશ્રામાં ચાતુર્માસ આદિ સ્થળોમાં વર્ધમાનતપ આયંબિલના પાયા, નવપદ ઓળીની આરાધના વિપુલ પ્રમાણમાં થતી. તદુપરાંત તેઓશ્રીજીની નિશ્રામાં ૪૦ થી અધિક અંજન શલાકા પ્રતિષ્ઠા, ૨૦ છ'રી પાલક યાત્રા સંઘો, ૧૫ ઉપધાન, ઉજમણા-દીક્ષા-વડી દીક્ષાદિ જયવંતી જિનભક્તિના અનુષ્ઠાનો ઠીક ઠીક સંખ્યામાં થયા છે. માલવાના મુખ્ય એવાં **આષ્ટામાં** બાવીશમાં તીર્થપતિ શ્રી નેમિનાથ સ્વામી ભગવાનનું તીર્થરૂપ ભવ્ય જિનાલય એ **તેમના ઉપદેશનું ફળ છે.** તેમના દરેક તપની પુર્ણાહુતિના પ્રસંગમાં **અબોલ-નિરાધાર પશુરક્ષા અને જીવદયાનું કામ સુંદર પ્રકારે થતું** અને તે મહાપુરુષના વચને સારામાં સારૂ ફંડ થતું.

તેઓશ્રીની નિશ્રામાં શ્રી ભોરોલતીર્થમાં ભવ્યાતિભવ્ય, ઐતિહાસિક શ્રી નેમિનાથ પ્રભુ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા થઈ. તે જ શુભ પ્રસંગે પૂ.આ.શ્રી ગુણશીલ સૂ.મ., પૂ.આ.શ્રી. ગુણયશસૂ.મ., પૂ.આ.શ્રી. કીર્તિયશસૂ.મ., તથા પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂ.મ.ની આચાર્યપદવી તથા ઉપા.શ્રી કમલરત્ન વિ.ગણિની ઉપાધ્યાય પદવી પ્રભાવકતાપૂર્વક થઈ હતી.

પૂજ્યશ્રીનું વિ.સં. ૨૦૫૩નું ચાતુર્માસ ૨૭ વર્ષે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થમાં દબદબાભેર થયું, તે ચાતુર્માસમાં ૫૧ ઉપવાસ, ૧૫ ઉપરાંત માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ તેમજ પૂજ્યશ્રીને ચાલુ ૧૦૦ + ૧૦૦ + ૮૮ = ૨૮૮મી ઓળીની અનુમોદનાર્થે સમગ્ર પાલીતાણામાં અષ્ટકર્મચૂરક સામુહિક

અઠ્ઠાઈ તપનું મંગલ અનુષ્ઠાન ૮૦૦ (આઠસો અઠ્ઠાઈ)ની સંખ્યામાં થયું અને અપૂર્વ ગુરુભક્તિ અદા થઈ. પર્યુષણ પછી અઠ્ઠાઈ મહોત્સવની શરૂઆત થઈ. તેમાં અનેરો રંગ રેલાતા એ આઠ દિવસનાં મહોત્સવમાંથી ૫૪ દિવસનો અને પૂજ્ય તપસ્વી સમ્રાટના ૬૪ વર્ષનાં સંયમ જીવનને અનુલક્ષી ૬૪ - ૬૪ દિવસ સુધી મહોત્સવ ઉજવાયો અને અપૂર્વ જિનભક્તિ થઈ. જે એક યાદગાર સંભારણું બની ગયું. **૮૯મી ઓળીની પૂર્ણાહુતિ શ્રીગિરનારજી તીર્થમાં શ્રીનેમિનાથ દાદાની છત્રછાયામાં વિ.સં. ૨૦૫૪ ફા. સુ. ૩ના થઈ.** શ્રીશંખેશ્વરજી મહાતીર્થમાં શાશ્વતી એવી ચૈત્રી ઓળીની આરાધનાર્થે પધાર્યા. પણ પૂર્વકૃત કર્મોદયે જમણા અંગે પેરેલીસીસ થતાં અમદાવાદ પધાર્યા.

## અંતિમ આરાધના :

ગિરધરનગર ચાતુર્માસપ્રવેશ પૂર્વે શ્રીચન્દ્રકાન્તભાઈ રાવના ગૃહે ઔષધોપચારાર્થે રોકાણ કર્યું. અષાઢ સુદ ૧૦નાં શ્રીગિરધરનગરમાં ગચ્છાધિપતિ **પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. આદિ** સાધુ સમુદાય સાથે ચાતુર્માસ પ્રવેશ પણ થયો. તે પછી અવારનવાર શારીરિક તકલીફો થવા છતાં પણ સમતા - સમાધિથી સહન કરતા.

**વિ.સં. ૨૦૫૪ના શ્રા.વ. ૫ના** સવારના ૮-૧૦ કલાકે ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી.વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજાદિના શ્રીમુખેથી શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં**-કરતાં ૮૪ વર્ષની વયે ૬૫ વર્ષનો સંયમ પર્યાય પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં.

પૂજ્યશ્રીના દેહની મહાપારિઠાવણી સંબંધી ક્રિયાઓ કર્યા બાદ તેઓશ્રીના તપોપુંજ દેહને ગુરુપૂજન કરવાનો લાભ સારી ઉછામણી બોલીને શ્રી ચંદ્રકાન્ત મણીલાલ રાવ પરિવારે લીધો.

શ્રા. વ. ૬ના નવશિખરી જરીયાન પાલખીમાં પૂજ્યશ્રીના પાર્થિવદેહને પધરાવવાનો લાભ વાંકલીવાળા શ્રી પૃથ્વીરાજ ચીમનલાલ શાહ પરિવારે લીધો. બીજી કેટલીક બોલીઓ બોલ્યાં બાદ ગિરધરનગરનાં સુધર્મા ચોકથી નવ વાગે પૂજ્યશ્રીની અંતિમ યાત્રા શરૂ થઈ. શહેરનાં મુખ્ય માર્ગોએ ફરી ૨૨ કી.મી.નું અંતર કાપી **છારોડી** ગામની નજીક શ્રી કુમારપાળ માણેકલાલના ફાર્મ હાઉસમાં સમર્પિત કરેલી જગ્યામાં પહોંચી ત્યારે બરાબર બપોરે ૨ કલાકને ૧૫ મિનિટ થઈ હતી. અગ્નિદાહની ઉછામણી સારી થઈ હતી. જેનો લાભ **મુંબઈ, અમદાવાદ અને પિંડવાડાના ત્રણ ભાગ્યશાળીઓએ લીધો.** આ પ્રસંગે જીવદયાની સારી ટીપ થઈ.

અંતિમ સંસ્કારના સ્થળ પર પાલખી પહોચ્યાં બાદ થોડી જ વારમાં પ્રવેશ દ્વાર પાસેથી બિનકાયદેસર કતલ માટે લઈ જવાતા જીવો પકડાયેલ અને તે ૩૫૫ જીવોને પૂજ્યશ્રીની જીવદયાની ભાવનાને અનુરૂપ મુક્તિ પ્રાપ્ત થયેલી.

ગુજરાત સરકાર દ્વારા શ્રા.વદ ૫ તથા ૬ના કતલખાના બંધ રાખવાનો જાહેર કરાયેલ નિર્ણય અને તેની જાહેરાત દ્વારા શ્રા. વદ-૫ તથા વદ ૬ પૂજ્યશ્રીના દર્શન માટે આવેલા પ્રધાનોએ શ્રદ્ધાંજલિ આપેલી.

આ મહાપુરુષે જીવનમાં કરેલ તપ જેવો તપ કદાચ ન કરી શકીએ તો પણ કમમાં કમ નવકારશી અને ચોવિહાર, જમતી વખતે ભાણામાં જે ચીજ આવે તે વાપરવી, મનભાવતી ચીજ સામેથી બીજીવાર માંગવી નહિ, થોડી ઉણોદરી રાખવી અને જમ્યા પછી સોના જેવી ચીજ આપે તો ય ખાવી નહિ, આટલો પણ જો આપણે નિર્ધાર કરીએ તો ગુણગાન કર્યા તે પ્રમાણ કહેવાય.

પૂજ્યશ્રી પોતાના પરમ ગુરુ પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મ.સા.ના કાળધર્મ પછી ઉદ્યાત તિથિ, વિ.સં. ૨૦૪૨નો પટ્ટક, વિ.સં. ૨૦૪૪નું સંમેલન, વિ.સં. ૨૦૨૦ના પટ્ટકનો ત્યાગ વગેરે દરેક સિદ્ધાંતિક રક્ષાનો કાર્યોમાં હંમેશા પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞામાં રહ્યા અને આજે તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી હર્ષતિલક વિ. ગણિવર સુંદર આરાધના કરવાપૂર્વક શાસન રક્ષા પ્રભાવના કરી રહ્યા છે.

○○○

**તપસ્વી સમ્રાટ પૂ.આ.શ્રીમદ્ વિજય રાજતિલકસૂરિ.** મ.સા. વિ.સં. ૨૦૫૪ શ્રા.વ. ૫ના સમાધિપૂર્વક કાળ ધર્મ પામ્યા. **તે અંગે વિ.સં. ૨૦૫૪ શ્રા. વદ ૯ને રવિવારના ગિરધરનગર - અમદાવાદમાં** ગુણાનુવાદ સભા રાખેલ. **ત્યારે પરમ પૂ.આ.શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરિ. મ. સાહેબે ગુણાનુવાદ કરેલ તેમાંથી થોડો વિભાગ...**

(જિનવાણી વર્ષ ૨૩ અંક ૭ + ૮ માંથી સાભાર)

મોક્ષ માટેના અમોઘ ગુણોને અમલી બનાવનારા મહાપુરુષોનું સાનિધ્ય આપણને પ્રાપ્ત થયું છે. આવા મહાપુરુષોની દીક્ષા વિલક્ષણ સંયોગોમાં થઈ હતી. કોઈને ત્યાં વાયણા નહિ, મુહૂર્ત નહિ, વરઘોડા નહિ, કુટુંબનું કોઈ હાજર નહિ, સ્થળ પણ નક્કી નહિ. અરે ! નાણ પણ માંડેલી નહિ. એ રીતે માત્ર સ્થાપનાચાર્ય સમક્ષ દીક્ષા લઈ ગુરુ સમર્પણ, તપ, ત્યાગ, સહનશીલતા, સ્વાધ્યાય દ્વારા આવા પ્રભાવક મહાપુરુષ તેઓ બની શક્યા.

એકવાર પૂજ્યશ્રીની જોડે એક આચાર્ય ભગવંતને મળવા જવાનું થયું. તેઓએ વિવાદાસ્પદ પ્રશ્ન છેડ્યો, કે જેમાં બાંધછોડ કરવાની વાત રજૂ કરી. આ.ભ. વડિલ હતા માટે પૂજ્યશ્રીએ નમ્રવાણીમાં જણાવ્યું કે, "તમારી વાત સાંચી છે... **આપણે લવાદી ચૂકાદાને માન્ય કરીએ તો બધી મુંઝવણો ટળી જાય."** લગભગ અડધો - પોણો કલાક ચર્ચા કરી. **પણ પૂજ્યશ્રીમાં સિદ્ધાન્તનિષ્ઠા હતી માટે મક્કમ રહ્યા.** આજે ખોટી એકતાંની તેમજ શિથિલાચારને દૂર કરવાની વાતો તો ઘણી થાય છે; પણ આજે જે ઝઘડા કે શિથિલાચાર પ્રસરી રહ્યા છે તે પ્રસરાવવામાં અને પોષવામાં આગેવાનો અને ગૃહસ્થોનો ફાળો નાનોસૂનો નથી, એમ કહ્યા વગર ચાલે તેવું નથી. આજ રાજનગરમાં તમારા વડવાઓ થઈ ગયા કે જેઓ સાધુપણાના પાલન અને રક્ષણ માટે અત્યંત સજાગ રહ્યા હતા. પ્રાણના ભોગે તીર્થરક્ષા અને શાસનરક્ષા કરી સંઘની આબરૂ તેમણે ટકાવી છે. સંઘર્ષો થાય તેમાં વડવાઓએ ભગવાનના માર્ગની મર્યાદા જાળવી છે તો હવે આજના આગેવાનોની પણ એ ફરજ થઈ રહે છે કે પૂર્વજોએ જે શાસ્ત્રનિષ્ઠા જાળવી છે તે

કોઈની પણ શેહશરમમાં તણાયા વિના જાળવી રાખે. જૈનશાસનના આચાર્યમાં જેવો ભીમગુણ જોઈએ તેવો આ મહાપુરુષમાં હતો. તેઓને દીક્ષાદાતા તરીકે સકલાગમ રહસ્યવેદી **પ.પૂ.આ.શ્રી.વિજય દાનસૂરીશ્વરજી મ.સા.**, ગુરુ તરીકે સિદ્ધાન્ત મહોદધિ **પ.પૂ.આ.શ્રી.વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** તથા સિદ્ધાન્તનિષ્ઠામાં પોતાના વડીલ ગુરુબંધુ જૈન શાસન શિરતાજ **પ.પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રા મળેલી માટે એ ત્રણે મહાપુરુષોનો વારસો તેમનામાં બરાબર ઉતર્યો હતો. **મારે છેલ્લા સાત વર્ષ તેમની જોડે રહેવાનું થયું. તે દરમ્યાન જેટલા પ્રશ્નો આવતા હતા. તેમાં શુદ્ધ પ્રરૂપણા કરી માર્ગ રક્ષા માટે ભારે કડકાઈના દર્શન તેઓ કરાવતા હતા.**

પૂજ્યશ્રીએ ઉનાળાની ભયંકર ગરમીમાં સવાર - સાંજના વિહાર ઉપધિ ઉપાડીને કરેલા. બાર - એક વાગે આયંબિલ કરે તેમાં પ્રાયઃ પોતાને નિમિત્તે બનેલી વસ્તુ ન લેવા ખૂબ ઉપયોગ રાખે. ઘણીવાર રોટલી - પાણી, રોટલી-ચણા કે રોટલા વાપરીને આયંબિલ કરેલા. બપોરે પણ ૫- ૬ માઈલનો વિહાર કરે. મારવાડમાં ગરમી સખત પડે. સંથારો ને ઉત્તરપટ્ટો પણ પલળી જાય તેવી ગરમીમાં પણ પોતાને ઠામચૌવિહાર છતાં ભક્તિ માટે પાણી ઉપાડવાનું. પોતે ટીપું પણ નહિ વાપરવાનું અને અન્યનો લાભ લેવાનો. **તેઓશ્રીજીએ લગભગ ૧૪,૩૯૪ દિવસ આયંબિલ કર્યા. તેમાં ૬,૮૪૮ આયંબિલ ઠામચૌવિહાર કર્યા.** સંયમની શુદ્ધિ એટલી હતી કે દુઃખાવો થાય ને પાણીની શેકની કોથલી કોઈ તેમના માટે કરાવે તો તેની પર ગુસ્સે થાય. નિર્દોષ મળે તો ઉપયોગ કરે બીજા કોઈની પંચાત કરવાનું કામ એમનું નહિ. આખો દિવસ સ્વાધ્યાયમાં રત રહેતા.

એમના જેવા તપ - ત્યાગ - સરળતા - નિષ્કપટ વૃત્તિ વગેરે ગુણો અમારામાં પ્રગટે તો અમે ખરો ગુણાનુવાદ કર્યો એમ કહેવાય.

## સાધુનો ઓઘો તો વિશ્વાસનું ધામ છે.

ઓઘો જોઈને એના ધારકને સૌ માથું નમાવવા આવે. ઓઘો જેના હાથમાં હોય એને ગમે તે ઘરમાં જગ્યા મળી જાય. ઓઘો એવો વિશ્વાસ જન્માવે છે કે - એને ધારણ કરનાર રૂપ - રસ - ગંધ - સ્પર્શ અને શબ્દમાંથી એકનોય ચોર ન હોય ! આવા વિશ્વાસનો ભંગ થાય એવું જીવન જીવે એ કેટલા પાપ બાંધે ? "સાધુ તો તરે અને બીજાને તારે...!" પરંતુ સાધુ જો આ ઓઘાને વફાદાર ન રહે તો, "પોતે મરે અને બીજાને મારે !"

સાધુ વેષ મળતાં જ પુણ્ય જાગતું થઈ જાય છે. આ વેષના પ્રભાવે સુખ-સામગ્રી જરૂર મળે. બધા બળ-જબરીથી સાધુને અનુકૂળતાઓ આપવા આવે, પણ જે સાધુ આ અનુકૂળતાને મઝેથી ભોગવે, એ સાધુપણાને દીપાવી ન શકે. સંસારનું સુખ જેને ફેંકી દેવા જેવું લાગે એ જ સાધુ થઈને સાધુ જીવનને અને આ ઓઘાને શોભાવી શકે.

**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સુવિશાલગચ્છાધિપતિ, જ્યોતિષમાર્તંડ, સમર્પણગુણના સ્વામી, વાત્સલ્ય વારિધિ

શ્રી સુધર્માસ્વામીની ૭૮મી પાટને શોભાવનારા

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા

## ઝંઝાવાતનો એ કાળ હતો :

ઝંઝાવાતના એ દિવસો હતા. જૈન શાસનમાં બિલાડીના ટોપની જેમ ફુટી નીકળેલા સુધારકો તરફથી શાસનના સત્ય સિદ્ધાંતોનો લોપ થઈ રહ્યો હતો. તેમને સાથ આપનારા, પાછા શાસનના ગણાતા હતા. તે એક આશ્ચર્ય હતું. તે અવસરે શાસન પ્રેમી વર્ગને ધર્મરક્ષાનો બુલંદ શંખ ફુંકનારા મહાપુરુષની પ્રતીક્ષા હતી. એ શંખનાદ કરનાર એક પ્રતિભા સંપન્ન મહાજ્યોતિએ અમદાવાદને હિલોળે ચઢાવ્યું. ચંદ્રવિલાસ હોટલમાં ચાની વ્યસન મુક્તિ અને ભદ્રાકાળી માતાના મંદિરમાં પ્રતિવર્ષ દેવાતો બોકડાનો વધ બંધ, એ બે પ્રસંગોથી તે મહાજ્યોતિ જૈન-જૈનેતર જગતમાં 'મુનિ શ્રી રામવિજયજી'ના લાડિલા નામે ઘર-ઘરમાં ગવાતી પૂજાતી થઈ.

## જૈન પ્રવચનની શરૂઆત :

વિ.સં. ૧૯૮૫માં એ મહાજ્યોતિનું મોહમયી મુંબઈમાં પદાર્પણ થયું. વિરોધીઓના વિરોધની કારી ફાવી નહિ. તેમની સ્વાગત યાત્રામાં કાળા વાવટા ફરકતા, તેમની ધર્મ સભાઓમાં પથ્થરમારો થતો, તેમને ખૂનની ધમકીઓ મળતી. એમના વ્યાખ્યાનોમાં જોમ-જોશ અને જુસ્સો હતો, દીર્ઘદૃષ્ટિ હતી, ધર્મના રહસ્યો સમજાવતા, સંયમ અને મોક્ષ એમનું કેન્દ્ર બિન્દુ રહેતું, કલાકો સુધી વ્યાખ્યાનો આપતા અને હજારો માણસો મંત્રમુગ્ધ બની સાંભળતા. એમની સામે આંખ મીંચીને અપપ્રચાર થતો. છતાં ય એ પોલાદી છાતીના પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ શ્રી નિર્ભીકપણે સિંહગર્જના કરતાં જ રહેતા. વિરોધીઓ તરફથી એમના વિરોધમાં અનેક ચોપાનીયાં પ્રગટ કરાતા. ત્યારે શાસન પ્રેમી વર્ગે તેમના પ્રવચનો જે સાંભળી શકતા નથી તેઓ એમના પ્રવચનનો સાર પામી શકે તે માટે **'જૈન પ્રવચન' નામનું અઠવાડિક શરૂ કર્યું.** ગામે ગામે એને એવો અદ્ભુત આવકાર મળ્યો કે એમના પ્રવચનો વાંચીને એક નવો જ વર્ગ તૈયાર થયો કે જેને પૂ. મુનિ શ્રી રામવિજયજી મ. ને જોયા પણ ન હોય કે સાંભળ્યા પણ ન હોય છતાં ય તેમના પ્રત્યે હૈયાનો આદર-બહુમાન-સમર્પણનો ભાવ જાગી ગયો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : મણીલાલ | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૯૧ મા. સુ. ૩ અમદાવાદ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૦ શ્રા વદ ૦)) **વઢવાણ** | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મા.સુ. ૨ મોતીશા લાલબાગ ઉપાશ્રય **મુંબઈ** |
| માતા | : સમરથબેન | આચાર્ય પદ પર્યાય | : ૨૯ વર્ષ |
| પિતા | : મનસુખલાલ | સંયમ પર્યાય | : ૬૮ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૯૦ અ. સુદ-૧૪ **અમદાવાદ (વિધાશાળા)** | કાળધર્મ | : વિ.સં. ૨૦૫૮ ચૈત્ર વદ-૨ **અમદાવાદ** દશા પોરવાડ સોસાયટી **(પ્રશમ બંગલો)** |
| દીક્ષાની ઉંમર | : ૨૦ વર્ષ | | |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા | | |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજા | | |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી મહોદયવિજય મ. | આયુષ્ય | : ૮૮ વર્ષ |

સૌજન્ય : અમારા કોરડીઆ કુટુંબના ઉપકારી પૂ.પં.શ્રી **હિતપ્રજ્ઞવિજયજી** ગણી તથા પૂ.મુનિરાજ શ્રી **જિતપ્રજ્ઞવિજયજી** મ.ના સદ્ઉપદેશથી **શ્રીમતી લીલાવંતીબેન ધીરજલાલ વનમાળીદાસ કોરડીઆ** અમરેલીવાળા (કલક્તા) હસ્તે : પંકજકુમાર - સંજયકુમાર

## જૈન પ્રવચનના વાંચનથી આત્મા જાગી ગયો :

આ જૈન પ્રવચન વઢવાણમાં આવતું અને ઉપાશ્રયમાં એક નવયુવાને પહેલીવાર જૈન પ્રવચન વાંચ્યું અને તેનો (મણિલાલનો) આત્મા જાગી ગયો કે, આ વ્યાખ્યાનો તો જાણે મને ઉદ્દેશીને અપાયા છે !

## પૂજ્ય વડીલોનો પરિચય :

જે પુણ્યાત્માનું ભાવિ ભદ્રંકર હોય તેને બધા જ સંયોગો સાનુકૂળ મળી રહે છે. વિ. સં. ૧૯૮૭માં વઢવાણમાં ચૈત્રી ઓળીની મોટા પાયે આરાધના કરાવવાની હતી અને તારક નિશ્રા પ્રાપ્ત થઈ હતી ગાંભીર્યાદિ ગુણગણનિધિ **પ.પૂ.આ.શ્રી.વિજય મેઘસૂરીશ્વરજી મ.સા., પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજી** ગણિવર્ય અને **પૂ. પંન્યાસ પ્રવર શ્રી રામવિજયજી** ગણિવર્યની.

ચૈ. સુ. ૫ના ધોળી પોળેથી ભવ્ય સામૈયા સાથે વઢવાણમાં પ્રવેશ થયો અને વ્યાખ્યાન મંડપમાં પૂ. પં. શ્રી રામવિજયજી મ.ને જોતાં લોકો વિચારતા કે, સાદા દેખાતા આ સાધુમાં શું તાકાત હશે ? એ સભાને શી રીતે ગજવી શકશે અને ભીંજવી શકશે ? પણ મંગલાચરણ બાદ ધીરા સાદે વ્યાખ્યાન શરૂ થયું અને બે-પાંચ મિનિટમાં વાતાવરણ બદલાઈ ગયું. નાભિમાંથી નીકળતા શબ્દો હૈયાને સ્પર્શવા અને જગાડવા લાગ્યા રોજના ત્રણ-ત્રણ કલાકના પ્રવચનોએ વઢવાણની ધર્મપ્રેમી જનતાને ડોલાવી નાંખી. ચૈત્ર વદ-૧ના વિહાર થયો. વળાવવા આવેલા ભાવિકો શોકમગ્ન-ભગ્ન હૃદયે પાછા ફર્યા. ત્યારે એક યુવાન ઊભો હતો. પાછા ફરતા તેનું મન માનતું ન હતું. એનો આતમ જાગી ઊઠ્યો અને ગુરુમિલનની તલપ હૈયામાં જાગી ઉઠી. ચૈ. સુ. ૫ના પહેલીવાર મુનિ રામવિજયજી મ.ને જોયા અને સુણી સુણાવેલી વિરુદ્ધ પૂર્વગ્રહો પેદા કરનારી વાતોના ભાંગીને ભુક્કા થયા અને સાંભળ્યા પછી તો હૈયામાં નિશ્ચય થયો કે આ કાળના સાચા ગુરુ આ જ છે. આમને જો જીવન નૌકા સોંપાય તો આ જીવન સફળ થઈ જાય. જેમને ખોટી રીતે મૂલવેલા તે આ મહાપુરુષને જોવા છતાં માફી ન માંગી શક્યો, મલી ન શક્યો તેના દુઃખથી જેની આંખો અશ્રુભીની હતી, એ યુવકનું નામ હતું - મણિલાલ મનસુખલાલ શાહ.

## જન્મ-માતા-પિતા :

વઢવાણમાં ઓઘડદાસ શેઠનું ખોરડું (ઘર) ખાનદાન ગણાતું, ધર્મ સંસ્કારોનો વારસો સહજ જોવા મળે. એ કુળનો દીપક **મણિલાલ** સૌનો લાડકવાયો. **પિતા મનસુખભાઈ** અને **માતા સમરથબેન.** જન્મ વિ.સં. ૧૯૭૦ શ્રાવણ વદ ૦)) અમાસના થયો. મોટાભાઈ વ્રજલાલ અને મોટીબેન મંગલાબેન, બે કાકા શિવલાલભાઈ અને સુખલાલભાઈ.

ત્રણ વર્ષની ઉંમરે પિતા દેવલોક પામેલા, નાનીમા પણ વહેલા દિવંગત બનેલા, એક માતા સમરથ મા. તેમની સાથે મોસાળ - કટુડામાં વધારે રહેવાનું બનતું. ચાર ચોપડી જેટલું ભણ્યા પછી સુખલાલકાકાની દુકાને બેસી ધંધો કરવાનું શરૂ થયું. સ્વભાવ સરળ મીઠા બોલો હતો એટલે લોખંડ અને સીમેન્ટનું કામકાજ સારી રીતે કરતા અને એ જમાનામાં મહિને ૨૦ રૂપિયાની આવક થતી.

પૂ.આ.શ્રી લબ્ધિસૂ.મ.નું વઢવાણમાં ચોમાસું થયું. મિત્ર મંડલી સાથે ચારે ય મહિના ઉપાશ્રયમાં રાત વાસો કર્યો. સંથારા પર સૂવાનું રાખેલ. એ ચોમાસામાં લબ્ધિસ્નાત્રમંડલની સ્થાપના થઈ. પૂજાઓ સ્તવનો ગાવાનું મણિલાલના માથે રહેતું. કંઠમાં મીઠાશ હતી. લય હતો, સાંભળનારને બે ઘડી સાંભળવાનું મન થઈ જાય. તેઓશ્રી દીક્ષા લે એવી કોઈ વાત ન હતી. માત્ર જૈન કુળના ધર્મ સંસ્કારો જીવતા અને બધાને તેનો આનંદ હતો. ચૈત્રી ઓળીના પ્રવચન શ્રવણથી જીવનમાં પલટો આવ્યો. મહાપુરુષના બે શબ્દ હૈયામાં સોંસરા ઉતરી ગયા કે, **આયુષ્યનો ભરોસો ન થાય તેમ મનના પરિણામોનો પણ ભરેસો ન થાય.** જીવનની સાચી દિશા સમજાઈ ગઈ. મનમાં મોક્ષનું રટણ પેદા થયું અને મનુષ્યભવનો સાર **'સંયમ કબ હી મિલે સસનેહી'** આ ભાવમાં રાચવા લાગ્યા. ધર્મી આત્માના ધર્મ પામ્યાના લક્ષણો છે કે તેના આચાર વિચાર, રીત-ભાત, બોલ-ચાલ બદલાઈ જાય. આ જોઈ સુખલાલકાકાએ સમરથમાને ચેતવ્યા કે. 'આનું મન હવે ઘર-બારાદિ પરથી ઊઠી ગયું લાગે છે, માટે આને ખીલે બાંધી દો, નહિ તો આ ભાગી નીકળશે' અને સુશ્રાવિકા કેવળીબેન સાથે લગ્ન થઈ ગયા. બધા કુટુંબી નિશ્ચિંત બની ગયા. જેનું મન સંસારથી ઉદ્વિગ્ન થયું હોય તે ક્યારે પણ મોહમગ્ન કુટુંબીઓની જાળમાં ફસાય નહિ - બંધાય નહિ. તેમણે કેવળીબેનને સમજાવી પોતાના મનની વાત કરી કે મને તો એક માત્ર તારક ગુરુની લગની લાગી છે ત્યાં જવા મારું મન તલસી રહ્યું છે. તેમાં તમારા સહકારની અપેક્ષા છે. આ સુશ્રાવિકા કેવળીબેન પણ ઉદાર અને ઉદાત્ત મનના શ્રાવિકા સાથે ધર્મપત્ની હતા. **તેમણે બંન્નેએ નિર્ણય કર્યો કે, બ્રહ્મચર્યનો સ્વીકાર કરવો.** પરિવારમાં કોઈનું કાંઈ ચાલે તેમ રહ્યું નહિ. મણિલાલને દીક્ષા લેવી છે, તે જેમ જાહેર થયું તેમ પરિવારમાં બધા એકી સાથે વિરોધ કરવા લાગ્યા.

## પૂજ્યોનું વટવાણમાં ચાતુર્માસ :

વિ.સં. ૧૯૮૯નું ચોમાસું પૂ.આ.દાનસૂ.મ. સાથે પૂ. પંન્યાસ પ્રવર શ્રી રામવિજયજી ગણિવર્યનું ચોમાસું વઢવાણ નિશ્ચિત થયું. શ્રાવક તેનું નામ જેના જીવનમાં ધર્મપ્રધાન દેખાય અને વાણીયો તેનું નામ જેના જીવનમાં સંસાર પ્રધાન દેખાય. સુખલાલકાકાએ વાણીયાગિરિ વાપરી અને આ ધર્મની પુર બહાર ખીલી ઊઠેલી મોસમમાં મણિલાલ તેની અસરમાં ન આવે તે માટે દુકાનની જવાબદારી મણિલાલને સોંપી પોતે વ્યાખ્યાનમાં જવાનું ગોઠવી કાઢ્યું. સમજપૂર્વક જાગૃત આત્માને સંસારના કોઈ બંધનો બાંધી શકતા નથી અને મણિલાલે પણ પોતાનો માર્ગ શોધી કાઢ્યો કે કાકા વ્યાખ્યાનમાં જાય એટલે મણિલાલ દુકાનની ચાવી લઈ દુકાને જાય. થોડીવાર બેસે અને દુકાન બંધ કરી ચાલુ વ્યાખ્યાને સભાને છેડે જઈને બેસે. આગલી હરોળમાં સુખલાલકાકાની પાઘડી પણ દેખાય. પોતે વ્યાખ્યાન પણ સાંભળે અને કાકાની પાઘડીનું પણ ધ્યાન રાખે જેવું વ્યાખ્યાન પૂરું થાય તરત મણિલાલ દોડતો દોડતો ઊભી ફાળે દુકાને પહોંચી જાય અને કાકા આવે ત્યારે ઘરાક સાથે વહેવાર ચાલુ હોય તે જોઈ કાકા પણ મનોમન હરખાય અને મણિલાલ પણ મનોમન મલકાય. તેમની એક જ મહેચ્છા આખા ચોમાસામાં પૂરી ન થઈ કે શ્રી રામવિજયજી મહારાજાને રૂબરૂ મળી ન શકયા. મન તો તેમના ચરણોમાં જીવન સમર્પણ કરવા કયારનું અધીરું બની

ગયેલું. પણ કુશલ રત્નપારખુ ઝવેરી એવા પૂ. આ.દાનસૂ.મ. આ યુવકનું મન પારખી ગયા. હિંમત પણ આપી. ચોમાસું પૂરું થયું, પૂજ્યોનો વિહાર થઈ ગયો અને આ સાંભળેલ વાણી વાગોળતા વાગોળતા પોતાનો સમય પસાર કરવા લાગ્યા અને એક દિવસ છાપામાં જાહેરાત આવી.

**દીક્ષાની જાહેરાત :**

**હું નીચે સહી કરનાર શાહ મણિલાલ મનસુખલાલ રહેવાશી વઢવાણ સીટી (કાઠિયાવાડ) આથી વિદિત કરું છું કે,**

**પૂર્વના મહાન પુણ્યોદયે છેલ્લા બે વર્ષથી શ્રી ભાગવતી (જૈન) દીક્ષા અંગીકાર કરવાની મ્હારી ભાવના થઈ છે. છતાં પણ કુટુંબ સંમત થાય તો સારું, આજ એક ઈચ્છાથી અત્યાર સુધી હું રોકાયો છું. અનેક પ્રયત્નો કરવા છતાં કુટુંબીઓ કોઈ રીતે સંમત નથી જ થતા.**

**આ સંયોગોમાં હવે હું થોડા સમય દરમ્યાન મ્હારાં આત્મકલ્યાણના માર્ગે દીક્ષા લેવા ઈચ્છું છું.**

**હાલ મ્હારી વય વીશ વર્ષની છે.**

**મ્હારા દીક્ષિત થયા પછી કોઈની પણ ખોટી ઉશ્કેરણીઓથી જાહેર પ્રજા ન દોરવાય એથી આટલી જાહેરાત કરવી ઉચિત ધારું છું.**

**એજ લી.**
**શાહ મણિલાલ મનસુખલાલ**
**સહી હ. પોતે**
**તા. ૪-૭-૧૯૩૪**

આ જાહેરાતથી ઘરનું વાતાવરણ ક્ષુબ્ધ થઈ ગયું. સમરથમા અને મંગુબેન તો રડી રડીને અડધા થઈ ગયા. મામા, સસરા, ભાઈ આદિ બધા જ પરિવારજનો ભેગા થઈ મણિલાલ પર ગુસ્સે થયા કે છાપામાં નિવેદન આપી ઘરનું નામ બોળ્યું. તેવું બધાનું કહેવાનું થયું, ત્યારે નિર્ભીકપણે મણિલાલે કહ્યું કે, '**હવે આગળની વાત કરો. તમે બધા નક્કી કરો કે દીક્ષા કઈ રીતે કરવી છે.**' ઘરના વિરોધનો સામનો કરવાનો મક્કમ નિર્ધાર હતો. કેવલીબેન માટે મહિને નવ રૂપિયા તેમને મળી જાય તેવી ગોઠવણ પણ કરી લીધી. પૂ.આ.વિ.દાનસૂરિજી મહારાજા પાસે જઈ પોતાની કુંડલી બતાવી. જન્મ દિવસ હતો શ્રાવણ વદ અમાસ વિ.સં. ૧૯૭૦નો અને દીક્ષા માટે નક્કી થયો દિવસ વિ.સં. ૧૯૯૦ આષાઢ સુદ-૧૪નો. જાહેર દીક્ષા કરવી ન હતી.

કેવલીબેનને ખૂબ જ શાંતિથી સમજાવ્યા અને તેમના મનનું સમાધાન કર્યું. 'દીક્ષાનો વિરોધ કરવો હોય તો તે મારો વિરોધ નહિ પણ ધર્મનો વિરોધ કહેવાશે. તમારું મન માનતું ન હોય તો હજી હું રાહ જોઈશ. પણ દીક્ષા પછી વિરોધ કરશો તો તે સારું ન લાગે અને આપણા ગુરુ મહારાજને તકલીફ પડશે.' મણિલાલની આ વાત ખૂબ જ શાંતિથી વિચારી મન મક્કમ કરી તેમણે પ્રસન્નતાપૂર્વક હા પાડી કે, 'મારે

કોઈને તકલીફ થાય તેમ કરવું નથી.' સાચા અર્થમાં ધર્મપત્ની બન્યા. સંયમ માર્ગે ઉત્સાહપૂર્વક જવાની સંમતિ આપી. મણિલાલે કાગળ પેન આપ્યા અને કેવલીબેને લખ્યું કે,

**'મારા ધણી શા. મણિલાલ મનસુખલાલ સંવત્ ૧૯૯૦ ના અષાઢ સુદ ૧૪ના દીક્ષા લેવાના છે. એમાં મારી કોઈ આડખીલી નથી.'**

લી. પોતે
મૂળ રહેવાશી વઢવાણ
તા. ૨૪-૭-૧૯૩૪
વિ.સં. ૧૯૯૦ના અષાઢ સુદ-૧૩

**દીક્ષા :**

મણિલાલે દીક્ષા માટે મંગલ પ્રયાણ કર્યું. સાથે વાડીલાલભાઈ હતા. તે મૂળ કંદોઈ પણ જૈન ધર્મ એવો ભણ્યા કે મહેસાણાની પાઠશાળામાં ભણાવવા જતા. એમની સાથે અમદાવાદ પહોંચ્યા. સવારે ૮ કલાકે દીક્ષા લેવા માટે મુકામથી નીકળ્યા. તે વખતે સુખલાલકાકાએ રૂા. ૨૫નો ચાંદલો કર્યો. સસરા ઓઘડભાઈ તરફથી કાકા સસરા જયંતીલાલભાઈએ રૂા. ૫નો ચાંદલો કર્યો, અને જયંતીભાઈએ પોતે રૂા. ૧નો ચાંદલો કર્યો.

આ બાજુ પૂજ્યો વિહાર કરી અમદાવાદ પહોંચી ગયા હતા. ચાતુર્માસનો પ્રવેશ પણ થઈ ચૂક્યો હતો. આષાઢ સુદ-૧૪, ચૌમાસીનો દિવસ પણ આવી ગયો. એ જ દિવસે ચલોડાના રતિભાઈની પણ દીક્ષા કરવાની હોઈ સકલાગમ રહસ્યવેદીશ્રીજી આદિ પૂજ્યોની નિશ્રામાં જહાંપનાહની પોળમાં શ્રી આદિનાથના જિનાલયે નાણ મંડાઈ ચૂકી હતી. પૂજ્યશ્રી સચિંત હતા, કેમ કે મણિલાલ હજી સુધી આવ્યા ન હતા.

રાહ જોવાઈ. છેવટે સમય થયે ક્રિયા કરવામાં આવી અને રતિલાલને દીક્ષા આપી. પૂ.મુ.શ્રી રાજવિજયજી મહારાજના નામે અને કર્મસાહિત્ય- સુનિપુણમતિ પૂ. ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી ગણિવર્યશ્રીજીના શિષ્યરૂપે જાહેર કરાયા. તેઓ જ આગળ જઈ તપસ્વી સમ્રાટ્ પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજાના નામે પ્રખ્યાતિ પામ્યા.

આ બાજુ મોટા પૂજ્ય આ.ભ. શ્રી દાનસૂરિ મ.સા. જહાંપનાહની પોળના ઉપાશ્રયે સ્વાધ્યાય કરતા હતા અને એ વખતે મણિલાલે ત્યાં પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીએ કહ્યું, 'કેમ આટલો મોડો આવ્યો છે. દીક્ષાવિધિ થઈ ગઈ.'

મણિલાલે કહ્યું, 'સાહેબ, વઢવાણથી બધું ગોઠવીને આવ્યો છું. મને હતું કે, આજના દિવસે દીક્ષા કરવાની છે. પણ સમય અંગે કોઈ વાત થઈ ન હતી.'

પૂજ્યશ્રીએ પંચાંગ જોયું તો બીજું મુહુર્ત્ત જાણે કે રાહ જોઈ રહ્યું હતું. એમણે જરાક વિચાર કરી જણાવ્યું કે, 'વિદ્યાશાળાએ મારી સાથે ચાલ. ત્યાં 'રામવિજયજી'નું પ્રવચન ચાલી રહ્યું છે. સંઘ ઉપસ્થિત છે. ત્યાં આપણે દીક્ષા કરી લઈએ.' જરૂરી સૂચનાઓ અપાઈ ગઈ. વ્યવસ્થાઓ થઈ ગઈ. પૂજ્યશ્રી થોડાક

સાધુઓની સાથે મણિલાલને લઈ વિદ્યાશાળાએ પહોંચી ગયા. પરમ ગુરુદેવને પધારેલા જોઈ સૌ ઉભા થયા. આદર-સત્કાર કર્યો. પૂજ્યપાદ પાટ પર બિરાજ્યા. સંઘે વંદના કરી. વ્યાખ્યાન પૂરું થવા આવેલ. પૂજ્યશ્રીએ આગેવાનને વાત જણાવી દીધી અને આગેવાને જાહેરાત કરી કે, **'કોઈએ ઉઠવાનું નથી. અત્રે અહીં વઢવાણના મણિલાલની ભાગવતી દીક્ષા કરવાની છે.'**

તરત નાણ પધરાવીને દીક્ષાવિધિનો પ્રારંભ કરાયો. સમગ્ર દીક્ષાવિધિ સંપન્ન થતાં, મણિલાલના હર્ષનો કોઈ પાર ન રહ્યો. દીક્ષા પ્રાપ્ત થઈ એનો તો હર્ષ હતો જ, પરંતુ પોતાનો મનોરથ પૂર્ણ થયો એનો હર્ષ સવાયો હતો. એમનો એ મનોરથ હતો. **પૂ. પંન્યાસપ્રવર શ્રી રામવિજયજી ગણિવર્યના શિષ્ય થવાનો !** અને પૂજ્યપાદ મોટા આચાર્યદેવે નામકરણ વિધિ વખતે તેમને તેઓશ્રીજીના જ શિષ્યરૂપે 'પૂ. મુ. શ્રી મહોદયવિજયજી મહારાજ' નામે જાહેર કર્યા હતા. અ.સુ. ૧૪નો એ દિવસ અને વિ.સં. ૧૯૯૦ની એ સાલ : બંને ધન્ય બની ગયાં.

એમની દીક્ષા બાદ ધાર્યા મુજબ જ એમનો પરિવાર એમને લેવા માટે આવી પહોંચ્યો. પરંતુ એમની મક્કમતા અને વૈરાગ્યધારા આગળ એમનું કશું જ ચાલ્યું નહિ. સૌ પાછા ફર્યા, પછી તો એ બધાં પણ ધર્મમાં સારી રીતે જોડાઈ ગયાં હતાં.

ચોમાસા બાદ **વિ.સં. ૧૯૯૧, મા. સુ. ૩ના દિવસે પૂ.મુ. શ્રી રાજવિજયજી મ. સાથે તેઓશ્રીની વડી દીક્ષા અમદાવાદમાં દાદા ગુરુદેવના હસ્તે જ થઈ.**

દીક્ષા બાદના પ્રથમ બે વર્ષ સુધી તેઓ પ્રદાદા ગુરુદેવ પૂ.આ.શ્રી.વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના ઘડતર હેઠળ ઘડાયા. ત્યાર બાદ દાદા ગુરુદેવ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની છત્રછાયામાં પૂજ્ય ગુરુદેવની અમીદૃષ્ટિ હેઠળ સંયમ યોગમાં પ્રગતિ સાધી. પૂજ્ય ગુરુદેવના અદના સેવક સમા પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્રવિજયજી મહારાજના કડક અનુશાસનમાં તેઓ આજ્ઞાનિષ્ઠ-સમર્પિત સૈનિકની જેમ તૈયાર થયા.

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય ગુરુદેવના પડછાયાની જેમ તેઓ રહ્યા. તેઓશ્રીનો પોતાના પૂ. ગુરુદેવનો સંગાથ ૫૮-૫૮ વર્ષ સુધી રહ્યો. તેમાં માત્ર એક જ ચાતુર્માસ બાદ કરતાં બાકીના ૫૭-૫૭ ચાતુર્માસ તેઓશ્રીએ નિજ-ગુરુદેવની નિશ્રામાં જ કર્યા. આ જેવો તેવો યોગ નથી. જે એક ચાતુર્માસ એમણે ગુરુ ભગવંતથી જુદું કરેલ. તે પણ **ગુરુદેવશ્રીજીની આજ્ઞાથી જ** અને ગુરુદેવના વફાદાર પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્રવિજયજી મહારાજની નિશ્રામાં !

પૂજ્ય મુનિરાજશ્રી હંમેશા તપ-જપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ સંયમ યોગોમાં ખોવાયેલા રહેતા. પોતાના આત્મસ્વભાવમાં એ હંમેશા વ્યસ્ત રહેતા. પોતાના સંયમ જીવનની ક્રિયાઓમાં, પોતાના ગુરુદેવની સેવા-વૈયાવચ્ચમાં અને પોતાના ગુરુદેવના સમુદાય પરિવારના પૂજ્યોની સેવા-વૈયાવચ્ચમાં તેઓશ્રી હંમેશાં વ્યસ્ત રહેતા. ક્યાંય આગળ આવવાની વૃત્તિ નહિ, ક્યાંય નામના-ખ્યાતિ મેળવવાની ઈચ્છા નહિ. કોઈને કાંઈ કહેવું નહિ ને નાનામાં નાનો સાધુ પણ કાંઈ કહી જાય તો પ્રેમથી સાંભળી સહન કરવું. ભૂલ પોતાની

દેખાય તો સુધારવા પ્રયત્ન કરવો અને ભૂલ બીજાની દેખાય તો ગળી ખાવું. આ એમનો સ્વભાવ બની ગયો. એમનું આસન ઉપાશ્રયના એક ખૂણે હોય. જલ્દી નજરે ન ચડે એવા એ ખોવાઈ જતા. આવા આત્મમગ્ન છતાં પૂ. ગુરુદેવનું, પૂ. ઉપાધ્યાયજી મહારાજનું કે સમુદાયનું - માંડલીનું કોઈપણ કામ ઉપસ્થિત થતું કે, તરત એઓ અપ્રમત્ત બની એ લાભ ઝડપતા. પૂ. ગુરુદેવથી લઈ નાનામાં નાના સાધુ સુધી દરેકને એમના કાર્યથી, કાર્યપ્રણાલીથી સંતોષ થતો.

મુનિશ્રી ખૂબ જ મિતભાષી, જરૂર પૂરતું જ બોલે. પણ જે બોલે તે પ્રેમાળ, વાત્સલ્યભર્યું. એના કારણે એમણે સૌનો પ્રેમ જીત્યો. એમનો વિરોધી વર્ગ નહિવત્ ! કદાચ કોઈ જ નહિ; એવો એમનો વ્યવહાર રહેતો !

પૂજ્ય ગુરુદેવશ્રીજીની ઉપધિ અને પોતાની ઉપધિ એમ બે-બે ઉપધિ તેઓ જાતે ખભા પર ઉપાડતા હતા. આ એક બે વર્ષનો ક્રમ નહિ, પરંતુ દીક્ષાના ૩૫ વર્ષના પર્યાય સુધીનો આ ક્રમ રહેલો. પોતાનાથી નાના ઘણા સાધુઓ થવા છતાં આ કાર્ય તેઓશ્રી કરતા. મારા ગુરુદેવનો બધો લાભ મારે જ લેવો છે, આ એમની ભાવના હતી.

આ ઉપધિ ઉપરાંત બે-બે વીંટીયા અને પાણીનો મોટો અમદાવાદી ભરેલો ઘડો પણ ખરો. એમનો ઉપધિ બાંધી વિહાર કરતો ફોટો જોયો હોય તો આજના સાધુ-સાધ્વી વર્ગને પ્રાયઃ આશ્ચર્ય થાય, એટલી ઉપધિ એ ઉપાડતા.

**તેઓશ્રીના જીવનમાં સાધનાના નિયમો સૂત્રની જેમ ક્રમબદ્ધ રીતે આપોઆપ ગોઠવાઈ ગયા હતા.**

(૧) એકાસણાથી ઓછું તપ નહિ કરવાનું. (૨) દશતિથિ ઉપવાસ અવશ્ય કરવા. (૩) નાનીમોટી તમામ ક્રિયામાં ખમાસમણાં ઊભા થઈને જ દેવા. (૪) ગુરુથી જુદા રહેવાનું નહિ. (૫) ગુરુને સામો જવાબ ન આપવો. (૬) દરેક સાધુની સારામાં સારી સેવા કરવી. (૭) ખપપૂરતું બોલવું. વાતો કરવામાં રસ ન લેવો. (૮) રોજ નિયત સંખ્યામાં સ્વાધ્યાય અવશ્ય કરવો. (૯) બંને ટાઈમ ગુરુના પડિલેહણનો લાભ જાતે લેવો. (૧૦) વિહારમાં ગુરુની બધી ઉપધિ એકલા જ ઉપાડવી. (૧૧) ગુરુની નજર પડે તે જ રીતે આસન રાખવું. (૧૨) વ્યાખ્યાન અને વાચના અવશ્ય સાંભળવા. (૧૩) શ્રી ચારિત્રવિજયજી મ. પાસે કેળવણી લેતા રહેવું. (૧૪) વૃદ્ધ અને તપસી સાધુઓની સેવા ન ચૂકવી. (૧૫) ગૃહસ્થો સાથે કોઈ વહેવાર ન રાખવો. (૧૬) પરિવારના લોકોનો પત્ર આવે તો વાંચ્યા વગર જ ગુરુદેવને આપી દેવો. જવાબ ન લખવો. (૧૭) ગોચરી પાણી માટે દૂર સુધી વહોરવા જવું. બને ત્યાં સુધી નજીકમાં ઘરોની ગોચરી ન લેવી. (૧૮) માંડલીમાં જે વધે તે બધું વાપરીને ખપાવી દેવું, ઓછું પડે તો પોતાની માટે બીજીવાર મંગાવવું નહિ. (૧૯) પોતાનું કામ બીજા મહાત્માઓ પાસે કરાવવું નહિ. (૨૦) સૂત્રોમાં અશુદ્ધિ ન આવે તે માટે અર્થનો અભ્યાસ સુસ્થિર કરવો. (૨૧) દેરાસરમાં દર્શન કરવા ગુરુ સાથે જ જવું. (૨૨) સાંજના સમયનો સદુપયોગ કરી નવાં નવાં સ્તવનો - સજ્ઝાયો કંઠસ્થ કરવા. (૨૩) રાત્રિના ગુરુમહારાજના પગ દબાવવા. તે વિના સૂવું નહિ. (૨૪) ઘડિયાળ રાખવી નહિ. (૨૫) પેન વાપરવી નહિ, લખવું પડે તો પેન્સીલનો ઉપયોગ ન છૂટકે કરવો. (૨૬) પોતાની ભૂલનો

બચાવ ન કરવો. (૨૭) ગુરુમહારાજ ઠપકો આપે તેને પણ પ્રસન્નભાવે સ્વીકારવો. મનમાં નારાજ ન થવું. (૨૮) પોતાના કોઈ શિષ્ય બનાવવા નહિ. (૨૯) આજીવન ગુરુસેવા કરવી છે માટે પદવી લેવી નહિ. (૩૦) ભણવાનો નિર્ણય ગુરુમહારાજ કરે. ગુરુ મહારાજ કહે તે ભણવાનું. ગુરુમહારાજ કહે તેમની પાસે ભણવાનું. (૩૧) ગુરુની જાણ બહાર કોઈ પ્રવૃત્તિ થાય તો ગુરુ પાસે જઈને તેની આલોચના લેવી. (૩૨) દૃષ્ટિ જમીન પર રહે તેનો ઉપયોગ રાખીને ચાલવું. (૩૩) મુહપત્તિપૂર્વક બોલવાની ટેવ રાખવી. (૩૪) હસીમજાક કે મશ્કરી કરવી નહિ. (૩૫) સમુદાયમાં રહેલા દરેક વડીલોના વસ્ત્રોનો કાપ કાઢવાનો લાભ લેવો. (૩૬) સાંજે બે ઘડી પહેલાં પાણી ચૂકવી દેવું. (૩૭) દૂર ગોચરી જવાનું હોય તો પણ વ્યાખ્યાન અધૂરું ન છોડવું. (૩૮) પોતાનાં પાત્રામાં આવેલી ગોચરીમાંથી બાજુમાં બેસેલા મહાત્માનો લાભ લેવો. (૩૯) પ્રતિક્રમણ પછી ચોક્કસ સમય સુધી સ્વાધ્યાય કર્યા વિના સૂવું નહિ. (૪૦) ગુરુમહારાજનાં જૈનપ્રવચનનું વાંચન નિયમિત રીતે કરવું. (૪૧) સાધ્વીજી કે બહેનો સાથે ન બોલવું. (૪૨) પરઠવવાની બાબતમાં પળનો પણ વિલંબ ન કરવો. (૪૩) વિહારમાં ગુરુમહારાજની સાથે જ ચાલવું.

ઊંચી પાત્રતાને લીધે સહસા આ નિયમો રચાઈ ગયા હતા. પાંચ મહાવ્રતો અને પાંચ આચારની જેમ આ નિયમસંહિતાનું તેઓશ્રી પાલન કરતા રહ્યા.

**તપશ્ચર્યા :**

એ તપસ્વી પણ ખરા, સંયમ-જ્ઞાન-વૈયાવચ્ચની સાથોસાથ તપને જીવનમાં તાણેવાણે વણી લીધેલો. વિહારમાં પણ પ્રાયઃ દશ તિથિના તેઓ ઉપવાસ કરતા. પારણે ય એકાસણુ તો જઘન્યથી રહેતું જ. ૫૦-૫૦ વર્ષો સુધી પ્રાયઃ એકાસણાં કર્યાં. એ સિવાય બીજા નાના-મોટા તપો સંખ્યાબંધ કર્યા, જેમાં વર્ષીતપ, વર્ધમાન તપની ઓળીઓ, નવપદની ઓળી, અટ્ઠમ, અટ્ઠાઈ, અગ્યાર ઉપવાસ વગેરે આરાધના હતી.

"પૂજ્ય ગુરુદેવશ્રી ભારતભરમાં જ્યાં જ્યાં વિચર્યા, ત્યાં ત્યાંના દરેક જિનાલયોનાં દરેક પ્રતિમાજીને ત્રણ-ત્રણ ખમાસમણ વિધિપૂર્વક આપતા. જિનભક્તિ સમ્યગ્દર્શનની શુદ્ધિનું પરમ અંગ છે, એમ તેઓશ્રી માનતા અને તેઓશ્રીના પડછાયા સમા મુનિશ્રી પણ તેઓશ્રીની સાથે વિધિપૂર્વક આ ક્રિયા કરતા."

કાનપુર તરફના વિહારમાં ગુરુ મહારાજને પગે વાનો દુઃખાવો ઉપડ્યો. વિહાર કરવો અસંભવ થઈ ગયો હતો. મન મક્કમ કરીને ગુરુ મહારાજ સવારે પ્રયાણ કરે. જમીન ઉપર પગ મૂકાય નહિ, ઘૂંટણમાં પારાવાર પીડા થાય. ગુરુ મહારાજની પડખે શ્રી મહોદયવિજયજી મ. ચાલે. ગુરુ મહારાજનો હાથ પોતાના હાથના ટેકે લઈને ગુરુ મહારાજની હારોહાર ધીમે ધીમે પગ ભરે. **એક કલાકે એક કીલોમીટર ચલાય. મકાને પહોંચતા બાર કે એક વાગી જતા. ગુરુ મહારાજની ગોચરી રસ્તામાં થઈ જતી. આ શિષ્ય અડધે રસ્તે વાપરે નહિ. ગુરુ મહારાજ મકાને પહોંચે, આરામથી સૂઈ જાય પછી જ પોતાની ગોચરી વાપરે.**

મુનિશ્રીનો કંઠ ખૂબ જ મધુર ! રાગ-રાગીણીઓનો સારો ખ્યાલ, એઓ ગાવા લાગે ને સાંભળનારા ડોલી ઉઠે. પૂજ્ય ગુરુદેવની સાથે દર્શનાર્થે જિનાલયે જવાનું હોય ત્યારે તેઓશ્રી સાથે જ રહેતા. પૂજ્યશ્રી

ક્યારેક આજ્ઞા કરે. 'મહોદય સ્તવન તારે ગાવાનું છે' - બાકી મોટે ભાગે તો આદેશ તેમણે માગેલો જ હોય. એઓ ગાતા, મન ભરીને ગાતા. દિલના દેવ જિનરાજને રીઝવવા ય ગાતા અને દિલના દાતા ગુરુરાજને જિનરાજની ભક્તિમાં ઝીલાવવા ય ગાતા. એમના મુખથી પૂર્વાચાર્ય મહર્ષિ કૃત સ્તવનો સરી પડતાં અને પૂજ્ય ગુરુદેવશ્રી નાના બાળકની જેમ જિનભક્તિમાં એકતાન થઈ જતા. હજારોએ આ દૃશ્ય નજરે નીહાળ્યું છે. એમના મુખથી નીકળતા સ્તવનોમાં 'મેરે સાહિબ તુમહિ હો... પ્રભુ પાસ જિણંદા.' હોય કે 'મનોહર મિત્ર એ પ્રભુ સેવા' હોય; 'તારા નયનાં તે પ્યાલા પ્રેમનાં ભર્યા' હોય કે 'રૂડી ને રઢિયાળી રે વીર તારી દેશના રે,' હોય કે, પછી અન્ય કોઈ સ્તવન પંક્તિ હોય. બધું જ ભાવવિભોર રહેતું. એ પોતે એ ગાનમાં એકતાન બની ખોવાઈ જતા.

'કચ્છના આકરા વિહારમાં ભોમિયો માંદો પડ્યો અને એના વિના જ વિહાર કરવો પડ્યો, ત્યારે ભૂલામણા વિહારમાં ય 'મહોદયવિજયજી' પૂ. ગુરુદેવ સાથે જ રહ્યા. હાથ પકડીને રેતાળ પ્રદેશ પાર કરાવ્યો. અહો ગુરુભક્તિ ! આ સમયે પોતાના લઘુગુરુબંધુ પૂ. મુનિરાજ શ્રી જયધ્વજવિજયજી મહારાજશ્રીએ પણ અનુપમ ભક્તિ કરેલી. જે ભક્તિની અનુમોદના કરતા આજે પણ સાધુઓ થાકતા નથી.

વિ.સં. ૨૦૨૫માં વૈશાખ સુદ ૪ના પાલીતાણામાં પૂજ્ય ગુરુદેવે ખંભાતના વતની મુમુક્ષુ ભદ્રબાહુને દીક્ષા આપી અને પૂ. મુનિરાજ શ્રી મહોદયવિજયજી મ.ના શિષ્ય બનાવ્યા. 'પૂ.મુ.શ્રી ભવ્યરત્ન વિજયજી મહારાજ' એ તેઓના પ્રથમ શિષ્યનું નામ.

પોતે ગુરુ પણ બન્યા છતાં તેઓ પોતે શિષ્ય જ બની રહ્યા. ગુરુની ઈચ્છા એ જ પોતાની ઈચ્છા આ એમનો અભિલેખ કે સિદ્ધ મંત્ર હતો. તેને તેઓશ્રીએ જાળવી રાખ્યો.

'વિ.સં. ૨૦૨૩ સુધી સ્વયં ડબલ ઉપધિ, ઝોળી અને પાણીનો મોટો ઘડો ઉપાડતા. ત્યાર બાદ ક્રમશઃ બધી ઉપધિ આદિ ઉપાડવાનું **પોતાના ગુરુદેવે આજ્ઞાપૂર્વક છોડાવ્યું.**

વિ.સં. ૨૦૨૩માં પૂ. ગુરુદેવશ્રીના અદના સેવક અને એમના સમુદાયના સાધુજનોનું અનુશાસન કરતા પૂ. ઉપાધ્યાય શ્રી ચારિત્રવિજયજી મહારાજ સમાધિપૂર્વક સ્વર્ગવાસી બનતાં પૂજ્ય ગુરુદેવે એમને સાધુજન-અનુશાસન વગેરે કેટલીક જવાબદારી સોંપેલ. જેને તેઓશ્રીએ એવી જ કુશળતાપૂર્વક નીભાવી હતી.

તેઓશ્રી ઉપર જ્યાં સુધી આ બધી જવાબદારી નહોતી આવી ત્યાં સુધી સુદીર્ઘ સંયમપર્યાયી હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીજીની સેવા ઉપરાંત કાપ કાઢવો આદિ કાર્યો પણ પ્રેમથી કરતા. નાના-મોટા નૂતનદીક્ષિતોનો પણ કાપ કાઢવો, તેમની ઉપધિ ઉપાડવી, તેમને સંયમ યોગોમાં સ્થિર કરવા અને ગોચરી-પાણી લાવી-લાવી ભક્તિ કરવી વગેરે દ્વારા તેઓશ્રીએ વિશિષ્ટ કર્મનિર્જરા સાધેલી.

'ઉનાળામાં ય ગુરુદેવનાં વ્યાખ્યાનો ૧૧ વાગે ઉઠે. ત્યાર બાદ મુનિ શ્રી ગોચરીએ જાય. દૂર દૂર ફરી નિર્દોષ ગોચરી લાવે. ગુરુ મહારાજ અને માંડલીમાં આપ્યા બાદ છેલ્લે વાપરવા બેસે. મહાપુરુષ એમને એમ થવાતું નથી ?'

## આચાર્ય પદ :

વિ.સં. ૨૦૨૮ની સાલમાં સમુદાયમાં આચાર્ય પદારોપણ કરવા અંગે વિચારણા શરૂ થતાં પૂજ્ય ગુરુદેવે પૂ. મુનિરાજ શ્રી મેરુવિજયજી મહારાજની પણ આચાર્ય પદવી કરવાનો નિર્ણય લીધેલો. પૂજ્ય મુનિરાજ શ્રી મેરુવિજયજી મહારાજ, સકલાગમ રહસ્યવેદી પૂ.આ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય હતા અને પૂજ્ય ગુરુદેવશ્રીજીના દીક્ષાદાતા પૂ.મુ. શ્રી મંગળવિજયજી મહારાજના એ સંસારી પક્ષે લઘુ બંધુ હતા. નારના વતની અને જાતે પટેલ હતા.

પૂ. ગુરુદેવે પૂ. મુનિરાજ શ્રી મેરૂવિજયજી મહારાજને આચાર્ય પદવી અંગે વાત કરી, તેમણે તેનો ઈન્કાર કર્યો. ઘણી સમજાવટ બાદ તેમણે એક શરતે આચાર્યપદ લેવા તૈયારી બતાવી. એ શરત હતી પૂ. મુનિ શ્રી મહોદયવિજયજી મહારાજને પણ આચાર્યપદ આપો તો ! મુનિરાજશ્રીમાં લાયકાત તો હતી જ, તેથી પૂ. ગુરુદેવે એ વાતનો સ્વીકાર કર્યો અને પૂ. મુનિરાજ શ્રી મહોદયવિજયજી મહારાજની વ્યાખ્યાન દરમ્યાન જ આચાર્યપદવી જાહેર કરવામાં આવી.

મુનિશ્રીએ આ પદ માટે હું લાયક નથી એમ કહીને ઘણાં વિનવ્યા. એમની આંખો ને હૈયું બન્નેય રડતાં જ રહ્યા.

પણ પૂજ્યશ્રીજીએ **'આજ્ઞા'** કરી. એટલે સ્વભાવથી જ આજ્ઞાપાલક તેઓશ્રી કશું જ બોલી ન શક્યા અને આ રીતે **પૂ. મુનિરાજ શ્રી મહોદયવિજયજી મહારાજની અન્ય અનેકની સૂરિપદવી સાથોસાથ સૂરિપદવી થવા પામી.** તે પુણ્ય દિવસ હતો. **વિ.સં. ૨૦૨૯, મા. સુદ-૨નો !** પૂજ્યપાદ ગુરુદેવેશના વરદ્ હસ્તે જ તેઓશ્રીજીને સૂરિપદથી સન્માનિત કરવામાં આવ્યા. એ ભૂમિ હતી, મુંબઈ-શ્રીપાલનગર અને લાલબાગની ! સૂરિપદ અર્પણ કરવા સાથે જ પૂજ્ય ગુરુદેવે તેમના ખભે સમુદાય-સંઘની અન્ય અનેકવિધ જવાબદારીઓ પણ સોંપી હતી, જેને તેઓશ્રીએ સુંદર રીતે વહન કરેલ.

દેવ-ગુરુની સેવા-વૈયાવચ્ચના પ્રભાવે તેઓશ્રી મુહૂર્તના વિષયમાં પારગામી બન્યા હતા. તેઓશ્રીનાં કાઢેલાં મુહૂર્તો રામબાણ જેવાં પ્રભાવક નીવડતાં. સેંકડો પ્રતિષ્ઠા, દીક્ષા, પદવીઓ આદિનાં મુહૂર્તો તેઓશ્રીના વરદ્ હસ્તે નીકળ્યા અને કાર્યો સફળતાને પામ્યા. મોટી ઉંમર અને આંખે મોતીયાની તકલીફમાં પણ તેઓ મુહૂર્ત્ત અંગેની ચીવટ રાખતા. પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્રવિજયજી મહારાજે તૈયાર કરેલ જ્યોતિષ અંગેની માર્ગદર્શિકાઓનો ઉપયોગ તેઓ કરતા. જિનાલયના કે ઉપાશ્રયાદિના ખાત મુહૂર્ત આદિ સાવદ્ય કર્મનાં તેઓ ક્યારે પણ મુહૂર્ત્ત કાઢી આપતા ન હતા. પરંતુ બ્રાહ્મણાદિક પાસેથી એ અંગેનાં મળેલાં મુહૂર્ત્તો શાસ્ત્ર શુદ્ધ છે કે નહિ, એ જોઈ આપતા અને દોષ હોય તો જણાવતા. શ્રી રાજનગર જૈન સંઘ દ્વારા યોજાયેલ તેઓશ્રીની ગુણાનુવાદ સભામાં **આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, આ મહાપુરુષે ક્યારેય મુહૂર્ત જ્ઞાનનો ઉપયોગ સંસારપોષક કાર્ય માટે કર્યો ન હતો.**

તેઓશ્રીના મુહૂર્ત્ત પરિજ્ઞાનથી પૂજ્ય ગુરુદેવ ખૂબ સંતુષ્ટ રહેતા, પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં થતાં પ્રભાવક કાર્યોની હારમાળામાં આ રીતે તેઓશ્રીજીની ભૂમિકા મુખ્ય રહેતી; છતાં ય ક્યારેય તેઓશ્રીએ આ વિદ્યાસિદ્ધિનું અભિમાન કર્યું ન હતું.

તેઓશ્રી પૂજ્ય ગુરુદેવના વચનોનો અનુવાદ કરીને કહેતા કે, '**જ્યોતિષ વિદ્યા એ કાચા પારા જેવી વિદ્યા છે, જેનું તેનું એમાં કામ નથી. અધિકાર, પ્રૌઢતા, ગંભીરતા અને વિશિષ્ટ પુણ્ય પ્રકૃતિ વિના જે આ વિદ્યામાં પડી જાય તેનું પ્રાયઃ પતન થયા વિના રહે નહિ.**' સંસારિક કોઈપણ કાર્ય માટે તેઓએ ક્યારે પણ કોઈ મુહૂર્તનું પ્રદાન કર્યું નથી.

આજીવન ગુરુકુળવાસમાં રહી, ગુરુદેવશ્રીના પ્રાયઃ તમામ પ્રવચનોમાં ઉપસ્થિત રહી, શ્રવણ સુખ પ્રાપ્ત કરનારા તેઓશ્રીએ પોતે લગભગ વ્યાંખ્યાનો કર્યાં નથી. છતાં તેઓશ્રીનું મૌન જ વ્યાખ્યાન બની રહેતું.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજે મુનિપણામાં માત્ર એક જ ચાતુર્માસ પૂ. ગુરુદેવથી જૂદું કર્યું હતું. વિ.સં. ૨૦૦૬ની સાલમાં પૂ. ગુરુદેવે ઉપાધ્યાય શ્રી ચારિત્રવિજયજી મહારાજની સાથે તેમને મહારાષ્ટ્રમાં નાસિક પાસે આવેલા પિંપળગામ બસવંત ગામે ચાતુર્માસાર્થે મોકલેલ. બાકીના તમામે તમામ ચાતુર્માસ તેઓએ પૂ. ગુરુદેવની છત્રછાયામાં વીતાવ્યા હતા.

પૂ. ગુરુદેવશ્રીજીનો સમાધિપૂર્વક કાળધર્મ વિ.સં. ૨૦૪૭ના અષાઢ વદ-૧૪ના થતાં, તેઓશ્રીજી બાળકની જેમ રડી પડ્યા હતા. સૂનમૂન થઈ ગયા હતા અને શું બોલવું ને શું વિચારવું, એ અંગેની પ્રતિક્રિયા પણ ભૂલી ચૂક્યા હતા. છતાં જ્યારે એમને લાગ્યું કે, સકળ સંઘનું યોગક્ષેમ કરવાની જવાબદારી હવે વિશેષ કરીને એમની જ છે, ત્યારે તેઓશ્રીએ છાતીને વજ્ર જેવી મક્કમ કરી હિંમતથી સૌને આશ્વાસન આપ્યું હતું. પૂ. ગુરુદેવની વિદાય બાદ તેઓશ્રીની ગુણાનુવાદ સભાઓમાં તેઓની આંખો ગંગા-યમુના જળથી પરિપ્લાવિત બની જતી. એઓ મહાકષ્ટે પોતાની સંવેદના રોકી શકતા.

પૂ. ગુરુદેવે અંતિમ સાબરમતીના ચાતુર્માસમાં પોતાની સાથે **તપસ્વી સમ્રાટ્ પૂ.આ.શ્રી.વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ને** તથા **પ્રશાંતમૂર્તિ પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. ને** રાખેલા. ચાતુર્માસ પ્રવેશ બાદ થોડાક જ દિવસોમાં પૂજ્યશ્રીની તબિયત બગડી અને અ.વ. ૧૪ના તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યારે નિરાધારતા અને શૂન્યાવકાશને અનુભવતા સાધુ-સાધ્વી સંઘે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની છત્રછાયા પામીને આશ્વાસન મેળવ્યું હતું અને તેઓશ્રીએ પણ પોતાના વડીલ એવા તપસ્વી સમ્રાટ પૂજ્ય આચાર્ય શ્રી વિજય રાજતિલક સૂ.મ.સા.ની છત્રછાયા મેળવી આશ્વાસન મેળવ્યું હતું.

બંને આચાર્યશ્રીજી પણ એકમેક થઈ સાત વર્ષ સુધી સાથે જ વિચર્યા. પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ની પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ને ગચ્છાધિપતિ પદ લેવા અંગેની સાગ્રહી વિનંતી હતી. તેઓશ્રીજી કહેતા કે, 'હું હંમેશા છત્ર હેઠળ જીવ્યો છું, મને વડીલ તરીકે જીવતા નથી આવડતું. આપની છત્રછાયામાં રહી, હું ગુરુદેવનો શોક ભૂલી શકીશ ને આરાધના કરી શકીશ.'

બીજી તરફ તપસ્વી સમ્રાટ્શ્રીજી પણ એવા જ નિઃસ્પૃહ અને સરલાશયી હતા. તેમણે જણાવ્યું કે, **'તમો પૂ. ગુરુદેવ હતા ત્યારથી જ સકળ ગચ્છનું સંચાલન કરતા આવ્યા છો માટે આ પદ માટે તમો જ સર્વથા યોગ્ય છો, એટલે તમારે જ એ જવાબદારી સ્વીકારવી જોઈએ.'**

## ગચ્છાધિપતિ બન્યા :

છેવટે શંખેશ્વર તીર્થમાં **વિ.સં. ૨૦૪૮, વૈશાખ સુદ-૬ના દિવસે સમુદાયના વડીલ આચાર્યોએ એમના શિર પર ગચ્છાધિપતિ પદનો વાસાભિષેક કર્યો. આ દિવસે પૂજ્ય શ્રી સુધર્માસ્વામીજી ગણધર ભગવંતની ૭૮મી પાટને શોભાવનારા થયા.** ત્યારથી વિ.સં. ૨૦૫૮, ચૈ. વદ-૨ સુધી તેઓશ્રીજીએ અખંડપણે આ જવાબદારીનું વહન કરી, વડીલોના વિશ્વાસને સાર્થક કરી જાણ્યો. યોગાનુયોગે એ વૈશાખ સુદ-૬નો દિવસ એઓશ્રીના પૂ. ગુરુદેવના આચાર્યપદનો દિવસ હતો.

તપસ્વી સમ્રાટશ્રીજીનો અને તેઓશ્રીનો દીક્ષા, વડી દીક્ષા અને આચાર્યપદ દિવસ એક જ હતો. માત્ર દીક્ષા વિધિમાં કેટલાક કલાકોનો ફેર હોઈ ઉંમરમાં મોટા હોવા છતાં તેઓશ્રી તપસ્વી સમ્રાટ્ કરતા નાના ગણાયા. આટલો નજીવો પર્યાયભેદ હોવા છતાં તેઓશ્રીએ તપસ્વી સમ્રાટ્શ્રીનો નિજ ગુરુદેવ જેટલો જ હૈયાનો આદરભર્યો વિનય હંમેશા કર્યો હતો. સાત વર્ષના સામુહિક વિચરણ-ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીએ ગચ્છના ઉત્કર્ષ અને સુરક્ષા માટેના પ્રયત્નો કર્યા. તેઓશ્રીના વાત્સલ્ય અને પુણ્યોદયથી માત્ર ૧૦-૧૧ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં ગચ્છના સાધુ-સાધ્વીજીની સંખ્યામાં ૬૫% ટકા જેટલો ધરખમ વધારો નોંધાયો હતો. પૂ. ગુરુદેવના કાળધર્મ વખતે માત્ર ૭૦૦ ને સ્પર્શતી આ સંખ્યા ૧૧૬૦ના અંકને આંબી ગઈ હતી. પૂજ્યશ્રીના સમર્પણ-યોગમાંથી જન્મેલી આ બેઠી તાકાતે તેઓશ્રીના સમુદાયને શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છમાં સૌથી મોટા સમુદાયની ખ્યાતિ પ્રાપ્ત કરાવી આપી. એટલું જ નહિ, પરંતુ દિગંબર સ્થાનકવાસી કે તેરાપંથી જેવા ફિરકાને પણ સંમિલિત કરીએ તો ય એકલા તેઓશ્રીનો જ સમુદાય સૌથી મોટી સાધુ-સાધ્વી સંખ્યાનો ધારક હતો.

પૂ. ગુરુદેવની વિદાય બાદ જ્યારે પણ શ્રીસંઘમાં શાસ્ત્રીય માર્ગરક્ષાનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓશ્રીજીએ પૂ. ગુરુદેવે ચીંધેલા શાસ્ત્રીય માર્ગના રક્ષણ માટે જરૂરી માર્ગદર્શન અને પીઠબળ પૂરું પાડ્યું હતું. વિ.સં. ૨૦૫૩ અને ૨૦૫૪માં સિદ્ધગિરિ છ-ગાઉની યાત્રા પ્રસંગે તેમજ વિ.સં. ૨૦૫૫માં સંવત્સરી ભેદ પ્રસંગે તેઓશ્રીએ તપાગચ્છ માન્ય શાસ્ત્રોકત 'उदयंमि०; क्षये पूर्वावृद्धौ उत्तरा અને समाप्ततिथिः कार्या' ના સિદ્ધાંતાનુસાર જ આરાધના કરી શ્રીસંઘને તે માટે જરૂરી માર્ગદર્શન અને પીઠબળ પૂરું પાડી શાસ્ત્રાનુસારી સાચી આરાધના કરાવેલી. છેલ્લે છેલ્લે ચાલુ વર્ષે (વિ.સં. ૨૦૫૮) પોતાની શારીરિક પરિસ્થિતિ કથળેલી હોવા છતાં છ-ગાઉ યાત્રા પ્રસંગે શાસ્ત્રીય તિથિ સિદ્ધાંતની સુરક્ષા અંગેનું કાર્ય તેઓશ્રીની નિશ્રામાં થયેલ.

શ્રી વીરવિભુના ૨૬૦૦ મા જન્મકલ્યાણકના નામે ચાલી રહેલી અનુચિત પ્રવૃત્તિઓના સંદર્ભમાં પણ તેઓશ્રીએ સુદીર્ઘ પત્ર દ્વારા સવેળાનું માર્ગદર્શન આપી શ્રીસંઘને એ ઉજવણીથી દૂર રહેવા ભલામણ કરેલી. પૂજ્યશ્રીના એ માર્ગદર્શનની મૂર્તિપૂજક જૈનોમાં જેમ ખૂબ સુંદર અસર થવા પામી, તે જ રીતે અન્ય ફિરકાના સાધુ, આગેવાનો, પત્રકારો અને કાર્યકરોએ પણ નોંધ લઈ પૂજ્યશ્રીની **દીર્ઘદર્શિતાનાં** ભારે વખાણ કર્યાં હતાં.

વિનય-વૈયાવચ્ચ વગેરે ગુણો જીવનમાં આત્મસાત્ થયેલા હોવાને કારણે પૂજ્યશ્રીએ જેમ અનેક આશ્રિતોને તથા અનેક વડીલ મહાપુરુષોએ નિર્યામણા કરાવી હતી, તેમ પોતાના ગુરુદેવશ્રીજીને અને પોતાના વડીલ સ્થાને બિરાજતા તપસ્વી સમ્રાટ્શ્રીજીને પણ અંતિમ બિમારીમાં તેઓશ્રીએ સુંદર નિર્યામણા કરાવી હતી.

પૂજ્યશ્રીના શિષ્ય પરિવારમાં પૂ. પંન્યાસ શ્રી ભવ્યરત્નવિજયજી ગણિ., પૂ.મુ. શ્રી પુણ્યરતિવિજયજી મ. અને પૂ. મુ. શ્રી શ્રુતોદયવિજયજી મ.નો સમાવેશ થવા છતાં સમગ્ર ગચ્છ તેઓશ્રીના શિષ્યરૂપે જ સમર્પિત રહેલો હતો, તે તેઓશ્રીના વાત્સલ્યનો હૃદયની વિશાળતાનો પ્રભાવ હતો.

તપસ્વી સમ્રાટ્ પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજાની વિદાય બાદ પણ તેઓશ્રીની ઈચ્છા અને ભાવનાને પરિપૂર્ણ કરવા માટે પૂજ્યશ્રીએ નાદુરસ્ત તબિયતમાં પણ છેક પૂનાથી મધ્યપ્રદેશ આષ્ટા સુધીનો ઉગ્ર વિહાર કર્યો. ત્યાર બાદ તેઓશ્રીએ રતલામનું ઐતિહાસિક ચાતુર્માસ કરી સંખ્યાબંધ પ્રતિષ્ઠા, દીક્ષાદિ પ્રસંગે નિશ્રા સમર્પી રાજનગર પધાર્યા.

રાજનગર આવ્યા બાદ પાલીતાણા ખાતે એક શિખરબદ્ધ જિનાલયની અંજન-પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉભો થતાં તે નિમિત્તે શ્રી સિદ્ધગિરિરાજ અને દાદાની સ્પર્શનાનો અમૂલ્ય-લાભ મળતો જોઈ તેઓ ભર ઉનાળે પાલીતાણા પધાર્યા અને પ્રભુની યાત્રા કરી અનહદ આનંદ અનુભવ્યો. વિ.સં. ૨૦૫૭ જેઠ સુદ-૮ અને ૧૦, આમ બે દિવસે તેમણે યાત્રા કરી. આ તેઓશ્રીમદ્ની અંતિમ ગિરિરાજ યાત્રા રહી. જોકે, જીવનના અંતિમ દિવસ અને અંતિમ ઘડી સુધી તેઓશ્રીના માનસપટ પર શ્રી ગિરિરાજ છવાયેલા રહ્યા હતા.

પાલીતાણાથી ફરી અમદાવાદ પધારી તેઓશ્રીએ વિ.સં. ૨૦૫૭ અ.સુ. ૧૦ના શ્રી વિજય દાનસૂરિજ્ઞાનમંદિર, કાલુપુર ખાતે ચાતુર્માસ પ્રવેશ કર્યો. આ ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીએ સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા વહેલામાં વહેલી સંપન્ન થઈ જાય એ માટે ભાવના ભાવી હતી. તબયિત નરમ-ગરમ રહેતી જ હતી. **સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા કાજેનાં મંગલ મુહૂર્તો લેવાનો ઐતિહાસિક પ્રસંગ, એની મંગલ વધામણી અને પત્રિકા લખવાનો મહોત્સવ વગેરે પ્રસંગો પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં ઉલ્લાસભેર ઉજવાયા.** ચાતુર્માસ પૂર્ણ કરીને પૂજ્યશ્રી નવરંગપુરા પધાર્યા હતા.

આ અરસામાં તેઓશ્રીની તબિયતે અવારનવાર ગંભીર પલટા ખાવાની શરૂઆત કરેલ. વારંવાર હાર્ટના નાના-મોટા હુમલા આવી જતા.

હાર્ટની મુખ્ય ધમનીઓ ખાસ્સી ચોક-અપ થયેલી હતી. તેથી મગજ અને શરીરને લોહીનો પુરવઠો થવામાં અનિયમિતતા સર્જાઈ હતી. છતાં તેઓશ્રી માનસિક રીતે સ્વસ્થ જ હતા. તબિયત અંગે પૃચ્છા કરતાં તેઓશ્રીજી 'મને બહુ સારું છે' - એટલું જ બોલતા. કોઈ તેઓને જલ્દી સારા થવા અંગે શુભેચ્છા વ્યક્ત કરતા ત્યારે તેઓ બોલતા 'બહુ સારું, બહુ સારું' અને વાત્સલ્ય નીતરતો હાથ તેમના મસ્તક પર ધરતા. દૂર દૂરથી વિહાર કરી તેઓશ્રીજીનાં દર્શન માટે પધારેલા સાધુ-સાધ્વીજીને જોઈ તેઓ તરત ઓળખી જતા, એમનું નામ પણ બોલતા. ક્યારેય નામ યાદ ન આવતું તો તેઓશ્રી સામેથી તેમને તેમનું નામ પૂછતા. પૂજ્ય ગુરુદેવનો વાત્સલ્યભર્યો ચહેરો, અમીભરી આંખો અને પ્રેમભર્યો વ્યવહાર તેઓશ્રીજીમાં

સાક્ષાત્ જોવા મળતો. કથળેલા સ્વાસ્થ્યમાં પણ તેઓશ્રી સ્વસ્થ રહેતા હતા. હંમેશા શ્રવણ, યથાશક્ય વાંચન અને માનસિક ચિંતન-મનનમાં જ તેઓ મગ્ન રહેતા.

## સ્મૃતિ મંદિરનો ઐતિહાસિક પ્રતિષ્ઠા પ્રસંગ :

સ્મૃતિમંદિર મહામહોત્સવ નજીક આવ્યો... એમની તબિયત હજી નરમ-ગરમ જ હતી. વિ.સં. ૨૦૫૮ પોષ સુદ-૧૧ અને ૧૩ના દિવસોમાં સ્મૃતિમંદિરની પ્રભુ-ગુરુ પ્રતિમાની પ્રતિષ્ઠા અંગેની ઊછામણીઓ બોલાવાઈ. એ પ્રસંગે સ્વાસ્થ્યની પ્રતિકૂળતાના કારણે તેઓશ્રી પધારી ન શકતાં સ્મૃતિમંદિરના ટ્રસ્ટીઓને તેઓશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે, 'શારીરિક કારણે શરીરથી હાજરી આપી શકતો નથી, હૈયાથી તો ત્યાં જ છું.' જ્યારે ચડાવા બોલાવાના શરૂ થયા ત્યારે તેઓશ્રીની ભાવાત્મક હાજરી અને એનો પ્રભાવ સૌ કોઈએ અનુભવ્યો.

એક એક ચડાવો બોલાયો. કરોડો રૂપિયામાં ભક્તવર્ગ તે ઊછામણી લેતો. એના સમાચાર જેમ જેમ મળતા તેમ તેમ તેઓશ્રી પ્રમોદભાવનાથી ભાવિત થતા હતા અને કહેતા કે, **'ગુરુદેવશ્રીનો કેવો અનુપમ પ્રભાવ છે ?'** આ મંત્ર વાક્ય તેઓશ્રી ત્યારે પણ ભૂલ્યા ન હતા.

સ્મૃતિમંદિર અંજન-પ્રતિષ્ઠા મહામહોત્સવ પ્રારંભ થયો, તે પૂર્વે જ તેઓશ્રી સીધા સાબરમતી પહોંચી ગયા હતા. એ મહોત્સવની પ્રારંભિક રથયાત્રાના ત્રણ દિવસોમાં પોતે નાદુરુસ્ત તબિયતવશ નિશ્રા આપી શકશે નહિ તેમ તેઓને લાગતાં આ નિર્ણય લેવાયો હતો. બંને દિવસની પ્રભાવક રથયાત્રાના સમાચાર મેળવી તેઓ આનંદિત થયા હતા અને ત્રીજા દિવસે સમગ્ર રથયાત્રાનો સાબરમતી પ્રવેશ નીહાળવા અને મંગળ પ્રવેશ યાત્રામાં નિશ્રા પ્રદાન કરવા એવી વિપરીત પરિસ્થિતિમાં ય જાતે પધાર્યા. કલાક સ્થિરતા કરી સકળ સંઘનાં દર્શન કર્યા. બધી રચનાઓ, રથો, પ્રભુજી અને પોતાનો નિશ્રાંકિત હજારથી ય વધુ સંખ્યક સાધુ-સાધ્વી સંઘ નીહાળી ગદ્‌ગદ્ બન્યા. હાથ જોડી એમણે ભાવથી સંઘને તેમજ નિજ ગુરુદેવના પ્રભાવને વંદના કરી.

ત્યાર બાદ મહોત્સવના બાકી રહેલ ૨૩ દિવસોમાં એકાદ દિવસનો અપવાદ છોડતા તેઓશ્રીનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહ્યું. કલ્યાણક ઉજવણીથી લઈ અંજનવિધાન, અધિવાસના, દીક્ષા-વડીદીક્ષા આદિ દરેક મહાન પ્રસંગોમાં તેઓશ્રીએ કલાકો સુધી નિશ્રા આપી. પ્રભુ ભક્તિના વિધાનોમાં ઓળઘોળ થઈ જતા.

પૂજ્યશ્રીજી, ગુરુમૂર્તિઓના અભિષેક પ્રસંગે વહેલી સવારથી બપોરના અગીયાર વાગ્યા સુધી સ્મૃતિમંદિરમાં જ રહ્યા અને બધાં જ વિધિવિધાનોમાં નિશ્રા આપી. પચ્ચક્ખાણ પારવાનો વિચાર પણ ન કર્યો અને ગુરુદેવની ભક્તિમાં એકલીન બની ગયા.

**આ જ રીતે પ્રભુની દીક્ષા કલ્યાણક વિધિ વખતે ભગવંતનો લોચ કરી, 'કરેમિ સામાઈયં'નો પાઠ ઉચ્ચરાવતાં તેઓશ્રી અત્યંત ભાવવિભોર બની ગયા અને રડી પડ્યા હતા. પ્રભુજીના કેવળજ્ઞાનની ઉજવણી પ્રસંગે તેઓશ્રીએ 'રુડી ને રઢિયાળી રે, વીર તારી દેશના રે' - આ સ્તવન કોઈપણ આલંબન વિના મધુર કંઠે ગાયું હતું. એમના શ્રીમુખે ગવાયેલ પ્રાયઃ એ અંતિમ સ્તવન હતું.**

પ્રભુની અધિવાસના અને અંજન વિધિમાં તેઓશ્રી રાત્રે ૮ વાગે સ્મૃતિમંદિરમાં પધાર્યા હતા અને રાતના દોઢ-બે સુધી તેઓશ્રી ત્યાં જ હતા. દરેક વિધિવિધાનમાં તેઓશ્રીએ ત્રિકરણ યોગે ભાગ લીધો હતો. વિધિના શ્રી પાર્શ્વનાથ પરમાત્મા અને મૂળનાયક ભગવંતનું અંજન તેઓશ્રીએ સ્વહસ્તે કર્યું હતું.

પ્રતિષ્ઠાચાર્યનાં કર્તવ્યો અને જવાબદારીનું એમને પૂરું જ્ઞાન ને ભાન હતું, તેથી જ આવા અવસરે તેઓશ્રી ખૂબ જ ધ્યાન અને ચીવટ રાખી નિશ્રા સમર્પતા હતા.

સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૫૮ મહા સુદ-૧૩ના દિવસે રંગે ચંગે સંપન્ન થઈ. પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રીએ દરેક ક્રિયાઓ સ્વહસ્તે કરાવી એક ઊંડો સંતોષ અનુભવ્યો અને મંગળમય પ્રસંગની મહત્ત્વપૂર્ણ જવાબદારી નીભાવ્યાના સંતોષનો ઊંડો શ્વાસ લીધો હતો.

**શાસન પ્રભાવના :**

પૂજ્યપાદશ્રીજીની પુણ્ય નિશ્રામાં વિ.સં. ૨૦૪૮માં સમગ્ર અમદાવાદ શહેરમાં ભવ્યાતિભવ્ય રથયાત્રા વિ.સં. ૨૦૫૨ વૈ.સુ. ૭ના ભોરોલ તીર્થમાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તથા પૂ. ઉપાધ્યાય શ્રી ગુણશીલ વિ. ગણી, પૂ. ઉપા. શ્રી ગુણયશ વિ. ગણી, પૂ. ઉપા. શ્રી કીર્તિયશ વિ.ગણી તથા પૂ. ઉપા.શ્રી શ્રેયાંસપ્રભ વિ. ગણીને આચાર્ય પ્રદાન તેમજ પૂ.પં.શ્રી કમલરત્નવિ. ગણીને ઉપાધ્યાય પદ પ્રદાન કરવામાં આવ્યું. બામણવાડા તીર્થ, શ્રીપાલનગર (મુંબઈ-વાલકેશ્વર) તથા વાપીમાં ભવ્ય ઉપધાન તપ આરાધનાઓ, ભોરોલથી પાલીતાણા, અમદાવાદથી શંખેશ્વર તીર્થ, અમદાવાદથી ભોયણી તીર્થ, પીંડવાડાથી રાણકપુર-વરકાણા, રતલામથી નાગેશ્વર આદિ અનેક છ'રી પાલિત સંઘો તથા પાટણ, વાપી, મેમનગર, અમદાવાદ, ઉસ્માનપુરા, ભોરોલ તીર્થ, બોરસદ, રાધનપુર, પૂના, હસનપાલિયા, બામણિયા, રતલામ, ખાચરોદ, ખંભાત, વાડજ, ડાભલા, હસ્તગિરિ, સુરત, પીપલગાંવ, નાસિક રોડ, વિસનગર, વડનગર આદિ અનેક ગામોમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવો થયા. શ્રી સિદ્ધગિરિ તથા શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં સિદ્ધચક્રજીની શાશ્વતી ઓળીની આરાધના બે-બે વાર કરાઈ. આ સિવાય નાની મોટી અનેકવિધ શાસન પ્રભાવનાઓ જેઓશ્રીની પાવન નિશ્રામાં થયેલ હતી. તેઓશ્રીના જીવનમાં અચાનક પ્રાપ્તિના યોગ ઘણાં બન્યા છે. **એઓશ્રીની દીક્ષા પણ અચાનક જ મળી ! વર્તમાન કાળનું સર્વ શ્રેષ્ઠ ગુરુતત્ત્વ પણ અચાનક મળી ગયું, આચાર્યપદ પણ અચાનક પ્રાપ્ત થયું અને ગચ્છની જવાબદારીરૂપ ગચ્છાધિપતિ પદ પણ અચાનક પ્રાપ્ત થયું.** આ દરેક વસ્તુઓ એમના જીવનમાં જોઈએ તો તે અચાનક જ બનેલી જોવા મળે છે.

**અંતિમ આરાધના :**

વિ.સં. ૨૦૫૮ મહા વદ-૧૩ની રાત્રે તેઓશ્રી જ્યારે પુખરાજ રાયચંદ આરાધના ભવનની સામે આવેલ કંકુપગલા આરાધના ભવન ખાતે બિરાજમાન હતા, ત્યારે અચાનક તેઓશ્રીને પેરલિસીસનો સીવીયર ઍટેક આવ્યો. તત્કાળ ચિકિત્સકો અને પૂજ્યશ્રીના નિશ્રાવર્તી ચિકિત્સાનું જ્ઞાન-અનુભવ ધરાવતા મહાત્માઓને બોલાવવામાં આવ્યા. ચિકિત્સકોનું સૂચન આવ્યું કે, પૂજ્યશ્રીને વાહન દ્વારા હૉસ્પિટલમાં

ખસેડવા; પરંતુ પૂજ્યપાદશ્રીજીનો અભિપ્રાય એ માટે અનુકૂળ ન હતો. તેથી પૂજ્યશ્રી જે પાટ પર બિરાજમાન હતા, તે પાટના ચારે પાયાને જ દોરડાં બાંધી ડોળીની જેમ બનાવી, ઉપર કામળી ઢાંકી પૂજ્યશ્રીને સાબરમતીથી મેમનગર વિસ્તારમાં આવેલા સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા. ત્યાં તેઓશ્રીને ICCUમાં રાખી, સઘન ઉપચાર કરવામાં આવ્યા.

પૂ.આ.શ્રી વિજય હેમભૂષણ સૂ.મ.,પૂ.આ.શ્રી. વિજય કીર્તિયશ સૂ.મ., પૂ.પં. શ્રી નયવર્ધન વિ.મ., પૂ. ગણિવર્ય શ્રી જયદર્શન વિ.મ. આદિ પણ હૉસ્પિટલની તદ્દન બાજુમાં આવેલ સ્થાપત્ય બિલ્ડીંગમાં સ્થિરતા કરી, પૂજ્યશ્રીના દ્રવ્ય-ભાવ-સ્વાસ્થ્ય અને નિર્યામણા માટે પ્રયત્નશીલ રહ્યા. પૂજ્યશ્રીની સાથે તેમના શિષ્યરત્ન પૂ.મુ.શ્રી ભવ્યરત્નવિજયજી મ., પૂ.મુ.શ્રી હર્ષવર્ધનવિજયજી મ., પૂ.મુ.શ્રી રમ્યદર્શનવિજયજી મ., પૂ.મુ. શ્રી વિરાગદર્શન વિ.મ. આદિ રહેતા. વારાફરતી અન્ય મુનિરાજો પણ અપ્રમત્ત રહી સેવા બજાવતા.

વિ.સં. ૨૦૫૮ ફાગણ સુદ ૭ના દિવસે હૉસ્પિટલ છોડી. સાહેબજી પાલડી - દશાપોરવાડ સોસાયટી - પ્રશમ બંગલે પધાર્યા. હોસ્પિટલમાં તબિયત અને તકલીફ કેવી છે તે મર્યાદિત લોકો જાણતા હતા. બંગલે આવ્યા પછી સ્વાસ્થ્ય નાજુકતાની વાત વંટોળની જેમ ફેલાઈ ગઈ.

સાહેબજીને શ્વાસ માટે ઓક્સિજનની નળી રાખવામાં આવી હતી. સાહેબજી સતત સૂઈ રહેતા હતા. સાહેબજી બોલતા નહોતા. સાહેબજીની આંખો અડધી મીંચાયેલી રહેતી. સાહેબજીને બિલકુલ સારું નહોતું.

ન્યુમોનિયા, શ્વાસ, ઊલટી, ઝાડા, તાવ. રોગ ઉપર રોગ ઉમેરાતા જતા હતા. સતત સીધા સૂતા રહેવાને લીધે પીઠમાં પાઠું પડી ગયું. હવે આડા પડખે જ સૂવું પડે તેમ હતું. એક પડખે સૂવાડી રાખ્યા તો કાન પર ચાંદાં પડી ગયા, કાન અંદરથી પાકી ગયો. બીજા પડખે સૂવાડ્યા તો તે કાને પણ ચાંદાં પડ્યાં. ડાયાબિટીસના દર્દીને જખમ થાય તે રૂઝાતા નથી.

શરીર સાહેબજીને હેરાન કરવા માંડ્યું હતું. સાહેબજીનો આત્મા સાવચેત હતો. એમનાં મુખેથી નવકાર, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, સૂરિમંત્ર કે ગુરુનામ બોલાતું. ડૉ. કહેતા - 'બીજા દર્દી તો રિબામણની રાડો પાડતો હોય પણ આ રોગમાં સાહેબજી સ્વસ્થ હતા.'

ડૉ. એ પણ કહેતા કે, 'સાહેબજીની જગ્યાએ બીજો કોઈ દર્દી હોય તો જીવી ન શકે - સાહેબજીને જે સેવા મળી રહી છે તે એમનાં આયુષ્યને બળ આપે છે.'

ચૈત્ર સુદ ૧૪ની સવારે સાહેબજીની અવસ્થા ખરાબ હતી. શ્વાસ લેવાતો નહોતો. ગળામાં કફ જામી ગયો હતો. શ્વાસ રૂંધાઈ ગયો હતો. ગૂંગળામણ થઈ રહી હતી. સાહેબજીની આ અંતિમ ઘડીઓ છે તેવું લાગતું હતું. એકાએક સાહેબજીને ઊલટી થઈ. ગળું ખૂલ્યું. શ્વાસ છૂટો થયો. સાહેબજીનાં મોઢેથી સૌથી પહેલા શબ્દો નીકળ્યા 'મિચ્છા મિ દુક્કડં.'

ચૈત્ર વદ ૨ના દિવસે શ્વાસે જોર પકડ્યું. ચહેરા પર નવી નિર્લેપતા આવી ગઈ હતી. જવા માટે હું તૈયાર છું - એવી મક્કતા જોવા મળતી હતી, મુખમુદ્રામાં. શ્વાસે શ્વાસે સાહેબનાં મુખેથી બે પદ બોલાતાં - નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં.

સાંજે સૂર્યાસ્ત પછી એકદમ પરસેવો છૂટ્યો. શરીરની ગરમી ઓસરવા લાગી. દેહ ઠંડો પડતો હોય તેવું લાગ્યું. મહાત્માઓ સૌ ભેગા ઊભા હતા. સુવિશાળ સમુદાયના અધિનાયકના આખરી શ્વાસો ચાલી રહ્યા છે - તે સૌ સમજી શકતા હતા.

સૂરિરામના ઈતિહાસોના એ સાક્ષી હતા. સૂરિરામની સાધનાના એ ઉત્તરસાધક હતા. સૂરિરામના મંત્રી હતા. સૂરિરામ એમનું સર્વસ્વ હતા. સૂરિરામ વિનાના વરસો, મહિનાઓ, દિવસો તેઓશ્રીની યાદમાં તેઓ વીતાવી રહ્યા હતા. હવે એમના પ્રાણ ગુરુ પાસે પહોંચવા પાંખ ફફડાવી રહ્યા હતા. રાત ઢળી ચૂકી હતી. ઘડિયાળમાં સાડા નવ થયા હતા.

એમની સમક્ષ સિદ્ધગિરિરાજનો ફોટો ધરવામાં આવ્યો. આંખો ખોલીને દર્શન કર્યા. હાથ જોડવા હતા પણ પરિશ્રમ હતો, અશક્તિ હતી. ન જોડાયા. આંખોમાં ભાવનાઓના પૂર લાવીને દર્શન કર્યાં. શ્વાસે શ્વાસે નમો અરિહંતાણંનો મંદ ઉચ્ચાર ચાલુ હતો. ફોટાનાં દર્શન કરતી વખતે સ્તુતિ ગાવામાં આવી. એ ઉચ્ચાર અટક્યો. આંખો હજી ખુલ્લી હતી. સાહેબજીને પૂછવામાં આવ્યું - આપ સાંભળો છો...?

સાહેબજીએ હા પાડી. એ છેલ્લો જવાબ હતો.

સાહેબજી જીવનભર ગુરુમહારાજનાં વચનો સાંભળવા માંગતા હતા. છેલ્લી ઘડીઓમાં ગુરુમહારાજની નિર્યામણા સાંભળવી હતી. જાણે ગુરુમહારાજ બંધ આંખો સમક્ષ ઊભા હતા : 'સાહેબજીને પૂછતા હતા : મહોદય ! સમાધિમાં છે ? સમાધિ ચૂકતો નહિ...' એ સાંભળીને રોમેરોમમાં રાજીપો રેલાયો હતો. ગુરુ મહારાજની યાદમાં કદાચ, બંધ આંખે આવું કોઈ દૃશ્ય દેખાયું હશે.

આપોઆપ અંદરથી હા ઉઠી હશે.

૯ કલાક ૪૩ મિનિટ થઈ. હૃદયના ધબકારા અટકવા લાગ્યા. અરિહંતનો સમૂહ ઉચ્ચાર ચાલુ હતો.

ચાર વખત એ પદ બોલાતું. પછી સેકન્ડનો વિરામ આવતો. ફરીથી ચાર વખત એ પદ બોલાતું. અરિહંત બોલતી વખતે હંતનો ન્ - ઉચ્ચાર લંબાતો. ન્ ઉપર ભાર અપાતો. એને લીધે અરિહંત શબ્દમાં સંગીત ઉમેરાતું, મીઠાશ પૂરાતી. કોમળ આલાપથી અરિહંત અરિહંતનો પાઠ ચાલુ રહ્યો. અને -

પરમપૂજ્ય, પરમતારક, પરમવાત્સલ્યનિધાન, જ્યોતિર્વિદ્યાવિશારદ, તપાગચ્છના સૌથી વિશાળ શ્રમણ-શ્રમણી સમુદાયના સાર્થવાહ **પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર દેહમાંથી એમના સાધક આત્માએ વિ.સં. ૨૦૫૮ ચૈદ વદ ૨ના રાત્રિના ૯ કલાક ૪૮ મિનિટે અલવિદા લઈ લીધી.**

વિ.સં. ૧૯૯૦થી વિ.સં. ૨૦૪૭ સુધી સતત ગુરુસેવામાં રહેનારા મહાન્ આચાર્ય ભગવંતે પોતાના ગુરુમહારાજે શાસન અને સમુદાયમાં જે વાતાવરણ ઊભું કર્યું હતું, તે વાતાવરણને જીવંત રાખ્યું હતું. તેમની ચિરવિદાય થઈ છે તે જાહેરાત કરવાની કોઈની તૈયારી નહોતી.

**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજાએ** પ્રશમ બંગલાના ઓટલે ઊભા રહીને સકલ શ્રીસંઘને સમાચાર આપ્યાઃ

આપણા સહુના પરમોપકારી મોક્ષૈકલક્ષીદેશનાદાયક પરમારાધ્યપાદ પરમ ગુરુદેવ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પાટને શોભાવનારા પરમ સમાધિના આરાધક, વાત્સલ્યનિધિ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ.ને મહા વદ ૧૩ના દિવસે લકવાનો હુમલો થયો હતો.

તેમણે પૂજ્યશ્રીના કાળધર્મ બાદ વિશાળ સમુદાયની જવાબદારી ખૂબ ગંભીરતાપૂર્વક વહન કરી હતી. તે ખૂબ ઓછું બોલતા - પણ સાથોસાથ તેમનાં એક-એક વચન ટંકશાળી હતાં.

પૂજ્યશ્રીએ જીવનભર મોક્ષલક્ષી દેશના આપીને આપણને સહુને ઉપકૃત કર્યા હતા. તે જ દેશના સર્વોચ્ચ કક્ષાએ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરિ મહારાજમાં પરિણામી હતી, તેમ ચોક્કસપણે માની શકાય. કારણ કે તેમને જ્યારે જ્યારે પૂછવામાં આવતું કે, સાહેબ કાંઈ કામ છે ? ત્યારે તેમનો એક જ ઉત્તર રહેતો - "મોક્ષે જવું છે !" આવી ભયંકર પીડામાં પણ એમને માત્ર મોક્ષનું જ રટણ હતું.

"મારી નિશ્રામાં અમુક કામ થવું જ જોઈએ." તેવી લેશ માત્ર પણ ઈચ્છા રાખતા ન હતા. સહસ્રાધિક શ્રમણ-શ્રમણીના અધિપતિ હોવા છતાં તેમની નિઃસ્પૃહતા અજબ-ગજબની હતી. અનેક ઉચ્ચ આદર્શો તેઓશ્રીજી આપણને સહુને આપતા ગયા છે.

લકવો-ડાયાબિટીસ-હૃદય રોગ જેવા મહાભયંકર રોગની પીડા વચ્ચે પણ જ્યારે તેમને પૂછવામાં આવતું કે સાહેબ શાતામાં છો ? તો કાંઈ જવાબ ન આપતા. પણ જ્યારે એમ પૂછવામાં આવતું કે, સાહેબ નવકાર સાંભળવો છે ? તો હા એમ કહેતા. એમને પાલિતાણાના મૂળનાયક શ્રીઆદીશ્વર પરમાત્માની પ્રતિકૃતિનાં દર્શન કરાવવામાં આવતા ત્યારે એમને શરીરમાં સહજ સ્ફૂર્તિનો અનુભવ થતો. જાણે કે ભગવાન આદિનાથને ભેટી ન પડવું હોય ! મારે પાલિતાણા જઈ સિદ્ધગિરિરાજની યાત્રા કરવી છે તેવી અદમ્ય ભાવના તેમની હતી. ને માંદગીમાં પણ તે માટેનું જ રટણ રહેતું.

મહારોગોની મહાભયંકર વેદના મહાસમાધિપૂર્વક સહન કરવા તેઓશ્રીજી મહાસમર્થ હતા. મોતની સામે વારંવાર પ્રસન્નતાપૂર્વક ઝઝૂમીને આપણને સહુને મહાસમાધિનો આદેશ આપ્યો છે. તેઓશ્રીજીને વફાદાર રહેવા માટે હવે આપણે સહુએ થોડું ઘણું સહન કરીને પણ સમુદાયને શોભાવવાનો છે.

આજે (ચૈત્ર વદ ૨)ના દિવસે રાતના ૯-૪૮ મિનિટે નશ્વર દેહનો ત્યાગ કરી, મોક્ષરૂપી મંઝિલને પ્રાપ્ત કરવા તેમણે મહાપ્રયાણ કર્યું છે. તેમની પછી આપણે સહુએ સમુદાયના પૂ. વડીલ આચાર્ય ભગવંતની નિશ્રામાં એવી રીતે રહેવાનું છે કે સમુદાયની જાહોજલાલી દેખાય. હવે વડીલ આચાર્ય ભગવંતની આજ્ઞાને આપણે સહુએ હસતેમુખે શિરોધાર્ય કરવાની છે અને સમુદાયનું ગૌરવ જળવાય તે રીતે સહુએ વર્તવાનું છે.

**તેઓશ્રીજીએ પોતાના ગુરુ ભગવંતનો પરમ સમાધિનો આદર્શ ઝીલ્યો હતો. આપણે સહુ તે આદર્શને જીવનમાં આત્મસાત્ કરીએ તે જ એકની એક શુભાભિલાષા.'**

પૂજ્યશ્રીના સમાધિપૂર્વક કાળધર્મ બાદ પૂ.આ.શ્રી વિજય મિત્રાનંદસૂરિજી મ. આદિ ઉપસ્થિત વડીલોએ મહાપારિષ્ઠાપનિકાદિ વિધિ કરીને પૂજ્યશ્રીનો દેહ શ્રીસંઘને સમર્પ્યો. પૂજ્યપાદના પુણ્યદેહને સ્નાન વિલેપનાદિ કરી. પદ્માસને બેસાડવામાં આવ્યો. અન્ય જરૂરી વિધિઓ કરાઈ અને પૂજ્યપાદ જ્યાં બિરાજતા હતા એ જ રૂમમાં રાત્રિ દર્શનાર્થે રાખવામાં આવ્યા. સાધુ-સાધ્વીજી તેમજ શ્રાવક-શ્રાવિકા વર્ગે રાત્રિ જાગરણ કરેલ. પૂજ્યશ્રીના ગુણોના ચિંતવનમાં રાત્રિ પસાર કરી.

ચૈત્ર વદ-૩ની સવારે જ પ્રશમ બંગલો બહારગામના યાત્રાળુઓથી ઉભરાવા લાગ્યો. આજે પૂજ્યશ્રીના અંતિમ સમાધિ સહાયક દેહને 'પ્રશમ' બંગલાના ચોકમાં લવાયો. ત્યાં દર્શન-પૂજનાર્થે લાઈનબંધ ભાઈ-બહેનો ઉભાં રહેતાં. પોતાનો ક્રમ આવે ત્યારે રૂપિયા નાણું મૂકી, વાસક્ષેપથી પૂજ્યશ્રીની નવાંગી પૂજા કરી આગળ વધતાં ધસારો એટલો બધો થયો કે, છેવટે માત્ર એક જ અંગની પૂજા કરવા દેવામાં આવતી. માત્ર ૪-૫ સેકંડમાં દર્શન-પૂજન-સ્પર્શના કરી આગળ નીકળી બીજાને સગવડ કરી આપવા માટે કાર્યકરો બંને બાજુ ગોઠવાઈ ગયા હતા.

સવારે ૧૦ વાગે ઊછામણી બોલાવવાના સમયની જાહેરાત કરાયેલ. તે મુજબ ઊછામણી બોલાવવાનો દોર શરૂ થયો હતો. એક પછી એક, ક્રમશઃ ઊછામણી બોલાવાઈ અને લાખોના આંકમાં આદેશો અપાવા લાગ્યા.

**આ અવસરે ગુજરાતના મહેસુલ પ્રધાન શ્રી હરેનભાઈ પંડ્યા આવ્યા. પૂજ્યશ્રીનાં દર્શન કરી પૂજન કર્યું. અહોભાવ વ્યક્ત કર્યો. થોડી વાર થઈ ને શ્રેણિકભાઈ શેઠ આવ્યા. તેમણે પણ દર્શન-પૂજન કરી ઉપસ્થિત આચાર્ય ભગવંતોના આશીર્વાદ લીધા.**

**ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અત્રે આવ્યા હતા. એક મહાન ગચ્છના મહાન જૈનાચાર્યને વિદાય આપતાં પૂર્વનાં અંતિમ દર્શન કરી લેવા એ આવ્યા હતા.**

તેમણે પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં, ચરણે માથું નમાવ્યું. વાસક્ષેપથી પૂજન કર્યું અને ત્યાર બાદ પૂજ્યશ્રી સમક્ષ મૂક પ્રાર્થના પણ કરી. ત્યાંથી તેઓશ્રી પૂ.આ.શ્રી વિજય મિત્રાનંદ સૂ.મ., પૂ.આ.શ્રી વિજય હેમભૂષણ સૂ.મ. અને પૂ.આ.શ્રી વિજય કીર્તિયશ સૂ.મ. ના દર્શનાર્થે પધાર્યા. થોડીક વાતચીત કરી બહાર આવ્યા. ઔચિત્ય ખાતર ભક્તિભર્યા બે શબ્દો પૂજ્યશ્રીને પૂજ્યશ્રીનાં ગુણોને, તેઓશ્રીના ગમનથી પડેલી ખોટને વાચા આપી અને સૌના હિત માટેના નૈષ્ઠિક બળને મેળવવા માટે તેમણે યાચના કરી. સૌએ ફરી જૈનં જયતિ શાસનં'નો બુલંદ ઘોષ જગવ્યો.

આ બાજુ ઊછામણીઓ આગળ વધી. મુંબઈના ભાવુકોની રાહ જોવાતી હતી. અંતિમ સંસ્કાર (અગ્નિદાહ)નો ચડાવો શરૂ થઈ ચૂક્યો હતો. લાખ, બે લાખ કરતા સાતેક લાખ સુધી એ પહોંચી ગયો હતો. સાડા અગિયાર વાગતાં ગરમી કાળઝાળ પડવા લાગી હતી. સમય થતાં પાલખી ઉપાડવાનો નિર્ણય

લેવાયો. તત્પૂર્વે પૂજ્યશ્રીના દેહને પાલખીમાં પધરાવાયો. ચડાવો લેનાર પરિવારે એ કાર્ય કર્યું હતું. વિલેપનાદિ પૂજાની વિધિ પણ થઈ હતી. ખભો આપવાનો ચડાવો લેનાર પુણ્યાત્માઓએ જયનાદપૂર્વક પાલખી ઊંચકી અને પ્રશમ બંગલાને આખરી અલવિદા કરી, પાલખી સેટેલાઈટ ભણી પ્રયાણ કરી ગઈ.

પાલખીને ઠેર ઠેર થોભાવી ભાવિકોએ પૂજ્યશ્રીને ફુલની માળાઓ પહેરાવી હતી. લોકો અક્ષત, ગુલાલથી દેહને વધાવતા હતા.

અંતિમ સંસ્કારના સ્થળે પહોંચ્યા બાદ અંતિમ સંસ્કારની ઊછામણી આગળ વધારાઈ. એ અરસામાં કાષ્ઠ અને સુખડની ચિતાની રચના અને તેના પર પાલખી સહ દેહ સ્થાપનાદિ વિધિ સંપન્ન થયેલ. અંતિમ સંસ્કારનો ચડાવો રસાકસીભર્યો બન્યો. છેવટે **મણિનગર નિવાસી શાહ કાંતિલાલ શિવલાલભાઈએ** એ મહાન લાભ ઝડપ્યો. તેમના પરિવારજનોએ પૂજ્યશ્રીને પ્રદક્ષિણાનમનાદિ વિધિ કર્યા બાદ અત્યંત શોકપૂર્ણ હૈયે અને ધ્રુજતા હસ્તે અગ્નિ આપ્યો. અગ્નિ ધીમે ધીમે પ્રજ્વલિત બન્યો.

પૂજ્યપાદશ્રીના પુણ્ય-પાર્થિવ દેહનું અસ્તિત્વ પંચત્વમાં વિલીન થયું. ૮૮ વર્ષના ઈતિહાસે એક અપેક્ષાએ વિરામ લીધો.

## સુકૃત-સાગર-સમી સરવાણી :

સુવિશાલ ગચ્છાધિપતિ, સમર્પણ ગુણના સ્વામી વાત્સલ્ય વારિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની અંતિમ માંદગી અને અંતિમ સાધનાકાળ દરમ્યાન ચતુર્વિધ શ્રીસંઘમાંથી અનેકવિધ સુકૃતો પૂજ્યશ્રીને સંભળાવવામાં આવેલ, તે બધા સુકૃતોની યાદી વાચકોની જાણ માટે અને અનુમોદનાર્થે અત્રે રજૂ કરવામાં આવે છે.

સ્વાધ્યાય : ૧ કરોડ ૫૮ લાખ ૫૭ હજાર

**અંતિમ યાત્રા અને અંતિમ સંસ્કારની**

કુલ ઉછામણી રૂ. ૩૫,૪૮,૩૧૬/-

જીવદયા રૂ. ૩,૪૧,૧૧૩/-

સર્વ સાધારણ રૂ. ૩,૯૩,૬૨૫/-

અપૂર્વ સમતા સાધક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

### જન્મ-માતા-પિતા :

ગૌરવવંતાં ઉત્તર ગુજરાતમાં મહિમાવંત શ્રી શંખેશ્વર તીર્થની નજીકમાં **રાધનપુર** નામની મનોહર પુણ્યનગરી આવેલી છે. પૂ. ગુરુ ભગવંતો **રાધનપુર**ને આરાધનપુર તરીકે ઓળખાવે છે. તે આ ચરિત્રનાયકની જન્મભૂમિ. માતાનું નામ **મણિબહેન** અને પિતાનું નામ **મણિભાઈ.** એમને ત્રણ સંતાનો ૧-મહાસુખભાઈ, ૨-કાંતિભાઈ અને ૩-મુક્તિલાલ. મહાસુખભાઈ.પહેલેથી ધર્મરસિયા જીવ. પિતા મણિભાઈ પણ દીક્ષાની ભાવના ધરાવતા હતા. તેઓ કહેતા કે આ 'મહાસુખ' તૈયાર થઈ જાય તો એને બધું સોંપીને મારે દીક્ષા લેવી છે.

### ધર્મનિષ્ઠ મણિભાઈ :

એમના જીવનમાં સત્યનિષ્ઠા - ધર્મનિષ્ઠા કેવી અજબની હતી ? એ જણાવતો એક પ્રસંગ.

વ્યાપારાર્થે મણિભાઈ આકોલામાં (મહારાષ્ટ્ર) રહેતા હતા. ત્યારની આ ઘટના છે.

મણિભાઈ સીવેલા કપડાનો ધંધો નીતિપૂર્વક કરતા. ધંધાની સરળતા માટે કપડા સીવવાનો સંચો તેમણે વસાવેલો. એ દરજીને આપતા અને ઓર્ડર મુજબ કપડાં સિવડાવતા. આકોલામાં ભોદુજી નામનો એક મારવાડી પણ તૈયાર કપડાનો જ વેપાર કરતો હતો. સામાન્ય રીતે સરખા ધંધામાં હરીફાઈ હોય તે સર્વ સામાન્ય બાબત છે. કોઈ ખરાબ પળે ભોદુજીના મનમાં હરીફાઈની સાથે મણિભાઈના સીવવાના સંચાને હડપ કરી જવાની દુર્બુદ્ધિ જાગી. મણિભાઈ પાસે કોઈ કાર્ય પ્રસંગે તેણે સીવવાનો સંચો માંગ્યો. સરળ હૃદયના મણિભાઈએ કામ પતે એટલે તરત પાછો મોકલવાનું કહીને સંચો આપ્યો. ભોદુજી સંચો લઈને ગયો તે ગયો. પાછો દેખાયો જ નહિ. મણિભાઈને કામ પડ્યું નહિ એટલે સંચો મંગાવવાની ઉતાવળ પણ ન કરી. એક દિવસ કામ આવી જવાથી તેમણે ભોદુજી પાસે સંચો મંગાવ્યો. ભોદુજી ગળે પડ્યો. "કેવી વાત કરો છો? અરે, સંચો તો મારો છે. વર્ષોથી એના ઉપર કપડા બનાવડાવું છું. હા, તમારે કામ માટે સંચો જોઈતો હોય તો પાંચ જણાની સાક્ષીએ તમને આપું. પણ સંચો મારો છે. એમાં કોઈ તફાવત નથી." મણિભાઈએ સંચો પોતાનો છે અને કોઈ પ્રસંગે તેને આપેલો - એ વાત યાદ કરાવી. પણ ભોદુજી એકનો બે ન થયો. વાત વધી પડી. મામલો કોર્ટે સુધી પહોંચ્યો. ભોદુજીને ખબર હતી કે શ્રાવક ધર્મના સોગન



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : કાંતિલાલ | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી રવિવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૬૭ શ્રા. સુદ ૭ **રાધનપુર** | પંન્યાસ/પદવી | : વિ.સં. ૨૦૧૫ વૈ. સુદ ૬ **સુરેન્દ્રનગર** |
| માતા | : મણિબેન | આચાર્યપદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૨ **ખંભાત** |
| પિતા | : મણિભાઈ | આચાર્ય પદ પર્યાય | : ૧૩ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૯૧ ચૈ. સુદ ૧૪ **રાધનપુર** | સંયમ પર્યાય | : ૫૧ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૪ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૪૨ મા. સુદ ૫ શ્રીપાળનગર **મુંબઈ.** |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજા | | |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજા | આયુષ્ય | : ૭૫ વર્ષ |

સૌજન્ય

**શ્રીમતિ લીલાવંતીબેન રતિલાલ કરમચંદ ખંડોર**

રાધનપુર

ખાય નહિ. જૈન શાસ્ત્રોમાં તેની મનાઈ છે. રાધનપુરી શ્રાવક મણિભાઈ તો એવા ધર્મિષ્ઠ હતા કે આર્થિક નુકસાન વેઠી લે, પણ ધર્મના સોગન ખાઈને વાત નહિ કરે. ભોદુજીએ કોર્ટમાં કહ્યું, "ધર્મના સોગન ખાઈને હું કહું છું કે સંચો મારો છે. એમાં મારે વધારે કશું કહેવાનું નથી. જો મણિભાઈ ધર્મના સોગનપૂર્વક એમ કહે કે, આ સીવવાનો સંચો તેમનો છે તો તેઓ ભલે સંચો લઈ જાય" મણિભાઈ ભોદુજીની ચાલાકી સમજી ગયા. પણ પૈસા માટે ધર્મના નિયમનો ભંગ કરવાનું તેમના લોહીમાં ન હતું તેમણે કહ્યું, **"સીવવાનો સંચો મારો છે એ વાત સો ટકા સાચી છે. પણ દેવ-ગુરુ-ધર્મના-સોગન ખાવાની અમારા ધર્મમાં મનાઈ છે. સંચો ભલે ભોદુજી લઈ જાય. હું મારા ધાર્મિક નિયમનો ભંગ નહિ કરું."** ભોદુજીને સહેલાઈથી સંચો મળી ગયો.

હરામનો માલ ક્યારેક સહેલાઈથી મળી જાય, પણ સહેલાઈથી પચી જાય તેવો નિયમ થોડો છે ? વર્ષોથી સારી રીતે કામ આપતો સંચો પડાવી લીધા પછી બે દિવસમાં બગડી ગયો. આ તો હજી શરૂઆત હતી. અઠવાડિયું પસાર થયું ત્યાં તો એના ઘરે હજારોની ચોરી થઈ. ચોરોનો કોઈ પત્તો લાગતો ન હતો. બીજું અઠવાડિયું વીત્યું એટલે ભોદુજીનો છોકરો માંદો પડ્યો, દવા કરાવવાની શરૂઆત કરે ત્યાં તો જોતજોતામાં છોકરો મૃત્યુ પામ્યો. ભોદુજીની પત્ની પણ માંદી પડી. ઘરમાં માંદગીએ પોતાનું સામ્રાજ્ય જમાવવા માંડ્યું. પુત્રના મૃત્યુથી આઘાત પામેલો ભોદુજી પત્નીની માંદગીથી ભડકી ઊઠ્યો. પત્ની પણ ઉપડી જશે એવો તેને ડર લાગ્યો. વર્ષોથી શાંતિપૂર્વક જીવતા કુટુંબમાં એકાએક શરૂ થયેલા આ આંતકથી ભોદુજી ચોંકી ગયો. એને લાગ્યું કે આ બધો સંચો પડાવી લીધો. તેનો જ પ્રભાવ લાગે છે. તે મણિભાઈ પાસે આવ્યો. પગે પડીને સંચો પાછો આપતા કહ્યું, **'આ સંચો તમારો જ છે, મારો નથી. હરામનો માલ પડાવી લેતા પૈસા ખોયા અને પુત્ર પણ ગુમાવ્યો. હવે પત્ની પણ ગુમાવવી પડે તેવી પરિસ્થિતિ છે, માટે સંચો પાછો લઈ લો અને મને બચાવી લો.'** મણિભાઈ કહે કે હવે મને આ સંચો ન ખપે. પણ ભડકેલો ભોદુજી સંચો મૂકીને રવાના થઈ ગયો.

સંચો અસલ માલિકને ત્યાં મૂકી આવ્યા પછી જાણે ચમત્કાર સર્જાયો. ચોર પકડાઈ ગયો અને પૈસા પણ ઘણા ખરા પાછા આવ્યા. પુત્ર ગયો તે તો પાછો ન જ આવે. પણ પત્ની સાજી થઈ ગઈ. ઘરમાં પહેલા જેવી શાંતિ સ્થપાઈ ગઈ.

**માલ જતો હોય તો ભલે જાય પણ તેના લોભને ખાતર ધાર્મિક નિયમો ન તોડાય. એવી મણિભાઈની ધર્મનિષ્ઠા હતી.**

### મણિબેનની સહનશીલતા-ધીરતા-ગંભીરતા :

#### મણિબેનના જીવનની એક પ્રેરક ઘટના :

મણિભાઈ ગંભીર માંદગીમાં પટકાયા હતા. તેમનો સૌથી નાનો પુત્ર પણ મરણ પથારીએ પડ્યો હતો. પતિ કરતાં પુત્રની સ્થિતિ વધુ નાજુક બની, જાણે હમણાં ગયો કે જશે. એવી હાલત હતી. તે વખતે મણિબેન મોહને બાજુએ રાખી પુત્રનું માથું ખોળામાં લઈ નવકાર સંભળાવવા લાગ્યા. નવકાર સાંભળતા સાંભળતા થોડા સમયમાં પુત્ર પરલોકના પંથે પહોંચી ગયો. વાત આટલેથી અટકતી ન હતી. પતિ હજી

ગંભીર પળોમાંથી પસાર થઈ રહ્યા હતા. વજ્રનું હૈયુ બનાવી મણિબેન પુત્રના મૃત શરીર ઉપર કપડું નાંખી પતિને સમાધિ આપવાના કર્તવ્યમાં જોડાઈ ગયા. નાજુક ક્ષણોમાં પણ જરાય ધીરજ ગુમાવ્યા વિના **શ્રી જિનશાસનને રગેરગમાં પ્રસરાવી બેઠેલા મણિબેને પતિ મણિભાઈને સમાધિમાં ઝીલતાં રાખી સદ્‌ગતિએ પહોંચાડવાનું પોતાનું ધર્મકર્તવ્ય પૂર્ણ નિષ્ઠાથી બજાવ્યું.**

વ્યાપારાર્થે મણિભાઈ આકોલામાં (મહારાષ્ટ્ર) રહેલા હતા. તેમની એક પ્રામાણિક વેપારી તરીકેની ઘણી આબરૂ હતી. એમની સંયમ લેવાની ભાવના હતી. ઘણીવાર એઓ કહેતા કે આ 'મહાસુખ' તૈયાર થઈ જાય એટલે બધી જવાબદારી એને સોંપીને હું દીક્ષા લઈશ ! પરંતુ તે ભાવના મનમાં રહી ગઈ અને વિ.સં. ૧૯૭૫માં સ્વર્ગવાસી બન્યા.

મણિબેન પર જાણે વજ્રઘાત થયો એમ દિગ્મૂઢ બની ગયા. આ ભવનો સંબંધ પૂરો થતાં કોઈ કોઈને રોકી શકતું નથી એમ સમજીને શાંત રહ્યા. ત્રણે બાળકો નાના હતા. તેઓના સંસ્કારપૂર્વકના ઉછેરની જવાબદારી હતી. એથી હિંમત હાર્યા વિના મણિબેન પુત્રોને લઈને આકોલાથી રાધનપુર આવ્યા. થોડો સમય બાદ મોટા પુત્ર મહાસુખને મુંબઈ શેરબજારમાં ગોઠવ્યો. પછી કાંતિલાલને પણ મુંબઈમાં ગોઠવ્યો. નાનો મુક્તિલાલ હજી ભણતો હતો.

આ દરમ્યાન મહાસુખભાઈ ધંધાની જવાબદારી વહન કરવા સાથે પ્રભુ પૂજામાં લગભગ અઢી-ત્રણ કલાકનો સમય ફાળવતા. એ વખતે મુંબઈમાં શેઠ મોતીશા લાલબાગ ખાતે **પૂ.આ.શ્રી. વિજય દાનસૂરીશ્વરજી મહારાજ, પૂ. પંન્યાસ શ્રી પ્રેમવિજયજી ગણિવર્ય** તથા **પૂ. મુનિપ્રવર શ્રી રામવિજયજી મ.** વિશાળ પરિવાર સાથે બિરાજમાન હતા. પ્રવચનો-તપો અને દીક્ષા મહોત્સવની જોરદાર લ્હાણી થતી હતી. એમાં એકવાર મહાસુખભાઈ શ્રી જિનવાણીનો ધોધ વહાવનાર, પ્રવચન પ્રભાવક પૂ.મુનિવર્ય શ્રી રામવિજયજી મહારાજના વ્યાખ્યાનમાં આવ્યા. પછી તો વ્યાખ્યાનમાં શ્રવણની એવી ભૂખ ઉઘડી કે ન પૂછો વાત. **વૈરાગ્યમય દેશના સાંભળીને મહાસુખભાઈ સંયમના રંગે રંગાઈ ગયા અને સંયમ-લેવાનો નિર્ણય કર્યો.** માતા મણિબેનના આનંદનો પાર ન રહ્યો. પોતે જે માર્ગને ઝંખતા હતા તે જ માર્ગે પોતાનો પ્રથમ પુત્ર પ્રયાણ કરવા સજ્જ બન્યો હતો. **દીક્ષાનો દિવસ વિ.સં. ૧૯૮૭ કા.વદ ૩નો નક્કી થયો.** તે જાણીને આગલા દિવસે રાત્રે ઘર ભેગું થયું હતું. આપણા કાંતિલાલ તો રોજના નિયમ મુજબ સમય થયો એટલે સૂઈ ગયા હતા. જાણે દીક્ષાને અને એમને કોઈ જ લેવા-દેવા નહિ ! મણિબેને તેમને જગાડ્યા. **"કાંતિ ! ઉઠ. કાલે સવારે તારો ભાઈ દીક્ષા લેશે. કંઈક વાત તો કર !"** માતાના વચનને ખાતર તેઓ ઉઠયા, વાતો ચાલી, મહાસુખલાલ કહે, **'મારે તારી પાસે બીજું કશું જોઈતું નથી બસ - બીડી - સીગરેટ છોડી દે.'** કાંતિલાલ વિચારમાં પડ્યા. આજ સુધીમાં ઘણીવાર બીડી-સીગારેટ છોડાવવાના પ્રયત્નો થઈ ચૂક્યા હતા. બધા પ્રયત્નો નિષ્ફળ ગયેલા. મણિબેને કહ્યું, **'તારો ભાઈ આખો સંસાર છોડે છે અને તું બીડી-સીગરેટ પણ છોડી શકતો નથી ?** એમાં આટલો વિચાર શું કરે છે ? ભાઈની અંતિમ ઈચ્છા પણ પૂરી નહિ કરે ?" **કાંતિલાલને માના શબ્દો અસર કરી ગયા, ત્યાં જ દૃઢ સંકલ્પ કર્યો.** ખીસામાં રહેલા બીડી સિગરેટના પાકિટ તોડીને બારીની બહાર ફેંકી દીધા. ફરી એના રવાડે ન ચઢવાનો તેમનો નિર્ધાર પાક્કો

હતો. આઠ દિવસ સુધી બજારમાં પગ ન મૂક્યો. કોઈને બીડી પીતા જોઈને તલપ લાગી જાય તો સંકલ્પનું સૂરસૂરિયું થઈ જાય. ભારે બેચેનીમાં અઠવાડિયું વીત્યું. પણ કાયમ માટે આ વ્યસન છૂટી ગયું.

**મહાસુખલાલની વિ.સં. ૧૯૮૭ કા.વદ-૩ના દીક્ષા થઈ** અને તેઓ **પૂ.મુનિપ્રવર રામવિજયજી મ.**ના શિષ્ય થયા અને **મુનિ શ્રી મલયવિજયજી મ.** નામ રાખ્યું. (પાછળથી **પૂજ્ય આચાર્ય શ્રી મલયચંદ્રસૂરિ મ.** બન્યા.)

મોટાભાઈના પગલે નાનાભાઈ મુક્તિલાલે પણ ડગ માંડ્યા. છેવટે તેમની પણ દીક્ષા વિ.સં. ૧૯૮૯ મહા સુદ ૧૦ના પાલીતાણા નક્કી થઈ. નાનાભાઈની દીક્ષા ઉપર જવા માટે કાંતિલાલ પાસે તે વખતે ખિસ્સામાં ગાડી ભાડાના પૈસા પણ ન હતા. કોઈની પાસેથી ઉછિના પૈસા લઈને તેઓ નાનાભાઈની દીક્ષા ઉપર ગયા. કોઈ દિવસ નહિ અને આજે જ **પૂ.આ.ભ. શ્રી દાનસૂરિ મ.શ્રીએ પૂછયું, 'બોલ કાંતિ, તારે ક્યારે દીક્ષા લેવી છે ?'** ન ધારેલા અને એકાએક પૂછાયેલા આ પ્રશ્ને **કાંતિનું જીગર હચમચાવી દીધું.** કાંતિએ જવાબ આપ્યો, 'સાહેબ ! મા એકલા અને સટ્ટાનો ધંધો એટલે માથે સ્વાભાવિક જ દેવું હોય. ત્યાં દીક્ષાનો વિચાર પણ ક્યાંથી કરી શકાય ?' સકલાગમ રહસ્યવેદી પૂજ્ય આચાર્ય ભ.શ્રીએ કહ્યું, 'મા રાજી હોય અને માથેથી દેવું ઉતરી જાય તો ?' 'તો તૈયાર છું.' કાંતિલાલના મોઢેથી અનાયાસે શબ્દો સરી પડ્યા. **ત્યાં જ નિયમ લીધો કે બે વર્ષમાં દીક્ષા ન લેવાય તો એકાસણા કરવા.** પૂ.આ.શ્રી દાનસૂરિ મ.ના વચનનો પ્રભાવ, દૃઢ શુભ સંકલ્પ અને દીક્ષા ગ્રહણ કરવાની ઉત્કટ ભાવનાના પ્રતાપે બે વર્ષમાં તો તેમના દેદાર જ ફરી ગયા. માથેનું કરજ તો ગયું, ઉપરથી માતુશ્રી મણિબેન જિંદગી સુધી ખાય તો ય ખૂટે નહિ તેટલી આવક પણ ભેગી થઈ ગઈ. આર્થિક મુસીબતનો હવે પ્રશ્ન ન હતો. માતાની રજાનો પ્રશ્ન હતો. પરભવમાં કંઈ કેટલા પુણ્ય કરીને આવે ત્યારે જેવી મા મળે તેવી મા તેમને મળી હતી. મણિબેને પોતાના સ્વાર્થ સંસાર-પેઢી આગળ વધારવાની લાલસા વગેરે કોઈ પણ સ્વાર્થને આગળ કર્યા વિના પૂર્ણ આનંદ સાથે રાજીખુશીથી પોતાની ઘડપણની લાકડી જેવા છેલ્લા પુત્રને દીક્ષા લેવા માટે રજા આપી. **પોતાનું ઘડપણ સારું જાય એટલા સ્વાર્થ ખાતર પુત્રના આત્મકલ્યાણમાં વિઘ્ન નાંખવાનું પાપ મણિબેન સ્વપ્નમાં પણ કરે તેવા ન હતા.**

**મુક્તિલાલની દીક્ષા વિ.સં. ૧૯૮૯ મહા સુદ ૧૦ના પૂ.આ.શ્રી દાનસૂરિજી મ.ના હસ્તે પાલિતાણા થઈ. પૂ.મુનિપ્રવરશ્રી રામવિજયજી મ.ના શિષ્ય થયા અને મુનિશ્રી મહોદયવિજયજી મ.** નામ રાખવામાં આવ્યું. વડી દીક્ષા વખતે નામ બદલીને **મુનિશ્રી મુક્તિવિજયજી મ.** રાખવામાં આવ્યું.

**દીક્ષા :**

મણિબેનની ભાવના હતી કે બંને દીકરાઓની દીક્ષા ભલે બહાર ગામ થઈ. પરંતુ કાંતિલાલની દીક્ષા તો ઘર આંગણે રાધનપુરમાં જ કરવી છે. આ ભાવના સફળ બને તેવા સંયોગો પણ અનાયાસે રચાઈ ગયા.

વિ.સં. ૧૯૯૧ની સાલમાં ચૈત્ર મહિને પૂ.આ.ભ.શ્રી દાનસૂરિજી મહારાજા સપરિવાર રાધનપુરમાં બિરાજમાન હતા. ત્યાં પૂ. ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી ગણિવરને આચાર્યપદ અને પૂ.પંન્યાસશ્રી રામવિજયજી

ગણિવર્યને ઉપાધ્યાય પદ પ્રદાન કરવાનું નક્કી થયું. સોનામાં સુગંધ ભળે તેમ આ પદ પ્રદાન પ્રસંગની સાથે જ મુમુક્ષુ કાંતિલાલની દીક્ષાનું મુહૂર્ત નીકળ્યું. **વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૪ના પદ પ્રદાનની સાથે જ કાંતિલાલની દીક્ષા થઈ. પૂ. ઉપાધ્યાયશ્રી રામવિજયજી મ.ના શિષ્ય બનાવ્યા અને મુનિશ્રી રવિવિજયજી મ. નામ રાખવામાં આવ્યું.**

સંયમી બન્યા પછી પૂ. મુનિરાજશ્રી રવિવિજયજી મહારાજને પૂ.આ.શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ. પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરિ મ.સા., તથા પૂ. ઉપાધ્યાય શ્રી રામવિજયજી મ.સા. એ ત્રણે ત્રણ પરમ ગુરુદેવોની નિશ્રામાં તપ-જપની તાલીમ મળી. જેના યોગે એમનામાં તપ પ્રેમ, જ્ઞાનધ્યાનની લગની, ગુરુભક્તિ, અખંડ સ્વાધ્યાય આદિ વિશિષ્ટ ગુણો ક્રમશઃ ખીલતા ગયા. સંયમ જીવન સ્વીકાર્યા બાદની એમની ચારિત્ર-ચર્યા જોનારને એમ જ લાગતું કે, આ તો આખાને આખા જ બદલાઈ ગયા ! ક્યાં મોજશોખનું એ જીવન ! ને ક્યાં તપ-ત્યાગની આ ભીષ્મચર્યા ! સંયમ સ્વીકાર પછીના થોડાં જ વર્ષોમાં ગુર્વાજ્ઞાપૂર્વક એ બંધુ ત્રિપુટીએ જુદાં જુદાં ક્ષેત્રોમાં ચાતુર્માસ કરીને અપૂર્વ શાસન-પ્રભાવના કરવા માંડી.

પૂ.આ.શ્રી રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ઘણીવાર કહેતા કે, મારું જીવન તો ઢોર જેવું જીવન હતું ! ખાવા-પીવાનો વિવેક નહિ. રાત-દિવસનો કોઈ ભેદ નહિ ! આ તો ગુરુ મહારાજનો યોગ થયો અને જીવનમાં પુણ્ય-પલટો આવ્યો. જો ઉપકારી આ ગુરુદેવો ભેટ્યા ન હોત તો હું ક્યાંય રઝળી રખડીને આ જીવન હારી જાત. એથી આ ગુરુદેવોનો ઉપકાર તો ભૂલ્યો-ભુલાય એમ જ નથી.

તેઓશ્રીનું જીવન જોતા જરૂર એમ કહી શકાય કે ગુરુ સમર્પણ. સિદ્ધાંત નિષ્ઠા, ત્યાગી તપસ્વી વૃત્તિ પ્રવૃત્તિ, કોઈનીય શેહમાં તણાયા વિના શાસનને વફાદાર રહેવાની ધર્મ નિષ્ઠા ઈત્યાદિ એમના ગુણોનો જોટો જડવો મુશ્કેલ છે. પોતાના ગુરુદેવો તરફથી મળેલા વફાદારીના વારસાને તેઓશ્રી જાળવી જ નહિ, જ્વલંત બનાવી ગયા.

**શ્રુતોપાસના :**

શાસ્ત્ર વાંચનને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. જ્યારે જુઓ ત્યારે શાસ્ત્રના પાનાંઓ તેઓશ્રીના હાથમાં જ હોય, તેઓશ્રીએ પિસ્તાલીશ આગમો બે વાર વાંચ્યા હતા. અમુક આગમો તો ભણનાર મળે એટલે અનેકવાર વંચાવ્યા પણ હતા. પૂ.આ.શ્રી હરિભદ્રસૂ.મ.ના ગ્રંથો અને પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ના ગ્રંથોનું પરિશીલન કરવામાં તેઓશ્રીને ભારે આનંદ આવતો. શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, શ્રીલોક પ્રકાશ, શ્રી પ્રવચનસારોદ્ધાર, શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા વગેરે ગ્રંથરત્નો તો અનેકવાર ભણાવવાનો અવસર તેઓશ્રીને મળેલો. અધ્યયન-અધ્યાપનની પ્રબળ રુચિએ તેઓશ્રીને પરમ ગીતાર્થ કક્ષા સુધી પહોંચાડ્યા હતા. ખંભાતમાં એક શ્રાવકે શ્રી ભગવતીસૂત્ર સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ચાતુર્માસના આગળ-પાછળના દિવસો સાથે લગભગ છ મહિના સુધી તે શ્રાવકને પૂજ્યશ્રીએ શ્રી ભગવતી સૂત્રની વાચના આપેલી.

દરેક ચાતુર્માસમાં તેઓશ્રી વાચનાઓ રાખતા. તત્ત્વસભર, વૈરાગ્ય પ્રગટાવનાર તે વાચનાનો સાધુ-સાધ્વી ભગવંતો લાભ લેતા.

### પંન્યાસ-આચાર્ય પદ :

પંન્યાસ પદ વિ.સં. ૨૦૧૫ વૈશાખ સુદ ૬ સુરેન્દ્રનગર, આચાર્યપદ વિ.સં. ૨૦૨૯ માગસર સુદ ૨ ખંભાત.

### પ્રશ્નોત્તર કર્ણિકા :

**'કલ્યાણ'** માસિકમાં પૂજ્યશ્રીનો પ્રશ્નોત્તર કર્ણિકા વિભાગ અનેક જિજ્ઞાસુઓને જ્ઞાનની પરબ સમો બની રહ્યો. પૂજ્યશ્રીના પ્રશ્નોત્તરને 'પ્રશ્નોત્તર કર્ણિકા' નામના ગ્રંથરૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં અનેકવિધિ પ્રશ્નોના સચોટ અને સિદ્ધાંતાનુસાર ઉત્તરો આપવામાં આવ્યા છે. જે અનેકોને માર્ગદર્શક બને છે.

### જાપ, સ્વાધ્યાય :

દિવસે સ્વાધ્યાયમાં મસ્ત રહેનારા પૂજ્યશ્રી રાત્રે પણ બે-અઢી વાગે ઉઠી જતાં, પછી જાપ સ્વાધ્યાય અને આવશ્યક ક્રિયા વગેરે આરાધના શરૂ થઈ જતી. તેઓશ્રીની દિનચર્યાની જેમ જ રાત્રિચર્યા પણ જોનારને ધર્મ પમાડે તેવી હતી.

### તપશ્ચર્યા :

પાંચ તિથિ ઉપવાસ, ચૈત્ર-આસોની ઓળી, ચૈત્રી ઓળીમાં છટ્ઠ, દિવાળીનો છટ્ઠ વગેરે તપશ્ચર્યાઓ પૂજ્યશ્રીની નિયત હતી.

### ગુરુ આજ્ઞાપાલન :

**વિ.સં. ૨૦૪૦ની સાલમાં** તેઓશ્રી પૂ. ગુરુદેવશ્રીને વંદન કરવાપૂર્વક સાથે ચાતુર્માસ કરવાની ભાવનાથી સુરતથી લાંબા-લાંબા વિહારો કરીને હસ્તગિરિ-પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા. એ અરસામાં મુરબાડ અને પૂનામાં પ્રતિષ્ઠા પ્રસંગે કોઈ પ્રભાવક આચાર્યદેવને મોકલવાની આવશ્યકતા જણાતા પરમ ગુરુદેવ **પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પૂ.આ.શ્રી રવિચન્દ્રસૂરિજી મ.ને પૂછયું** કે, લાંબા-લાંબા વિહાર કરીને તમો આવ્યા છો. પણ તમારા જેવા કોઈને મુરબાડ-પૂના મોકલ્યા વિના ચાલે એમ નથી. તો તમે જઈ શકશો ખરા ?

જવાબમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે, **આપશ્રીને આવું પૂછવાનું હોય જ નહિ. આપશ્રી તો આજ્ઞા કરવા ના અધિકારી છો. આપની આજ્ઞા મારે શિરોધાર્ય જ કરવાની હોય.** આ રીતે ગુર્વાજ્ઞા સ્વીકારીને હસ્તગિરિથી નીકળીને મુરબાડ ખાતે પ્રતિષ્ઠાદિ પ્રસંગો પતાવીને મુંબઈ શેઠ મોતીશા લાલબાગ ચાતુર્માસ નક્કી થતાં પૂજ્ય શ્રી મુરબાડ થઈને પૂના પહોંચ્યા. ત્યાં ખેમચંદ દયાળજી પરિવાર દ્વારા નિર્મિત રથાકાર જિનમંદિરના અંજન-પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ જેઠ મહિને ઉજવાયો.

### અંતિમ આરાધના :

પૂજ્યશ્રીએ પૂનાથી મુંબઈ તરફ વિહાર કર્યો. એમાં **વિ.સ. ૨૦૪૦ જેઠ વદ ૬ના** ચોક અને પનવેલ

વચ્ચે જીવલેણ મોટર અકસ્માત થયો. તેઓશ્રીને સારવાર હરકિશન હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી. શરીરમાં ઘણી ભાંગફોડ થઈ હતી. કરોડરજ્જુના બે મણકાને પણ ગંભીર ઈજા પહોંચી હતી. આખું શરીર પાકેલા ગુમડા જેવું બની ગયું હતું. શરીર અસહ્ય વેદનાથી ગ્રસ્ત બન્યું. આવી તીવ્ર વેદનામાં પણ તેઓશ્રીએ જીવનભર કેળવેલો સ્વાધ્યાય પ્રેમ વધુ ઝગારા મારતો બહાર આવ્યો. જાતે શરીર પણ ન ચલાવી શકે તેવી હાલતમાં તેઓશ્રી સતત શાસ્ત્રશ્રવણ કરતા રહ્યા. ગળાની નીચેનો બધો ભાગ નકામો બની ગયેલો. પણ ગળાની ઉપરનો ભાગ પહેલા જેવો જ કામ કરતો હતો. નિશ્રાવર્તી મુનિઓના મોઢે સમરાઈચ્ચ કહા વગેરે સમાધિજનક ગ્રન્થોનું એકતાન બની શ્રવણ કરતાં હતાં. આ તેઓશ્રી માટે શ્રેષ્ઠ દવા બની હતી.

લગભગ સાડા છ મહિના જેટલો સમય ઉગ્ર વ્યાધિને અપૂર્વ સમાધિપૂર્વક ભોગવવા દ્વારા જે રીતે પ્રસન્નતાથી ગાળ્યો. એ જોઈને ભલભલા ડોક્ટરો ધર્મ પામી ગયા. ઉગ્ર વ્યાધિથી ભરપૂર એ સમય પૂજ્યશ્રીએ કેટલાય ગ્રંથો સાંભળવામાં, કેટલાંય લખાણોનું શુદ્ધિકરણ કરવામાં અને મૌન દ્વારા સચોટ - અસર જન્માવતો સમાધિનો સંદેશ આપવામાં જ વિતાવ્યો.

વિશેષ એ હકીક્ત હતી કે તેઓશ્રી ઉપર તેઓશ્રીના ગુરુદેવ **પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજાના** સમાધિ માટેના પ્રેરણાદાયક પત્રો અવિરત આવતા રહ્યા. **પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષરના દર્શન થતાં જ પૂજ્યશ્રી બધું દર્દ ભૂલી જતાં,** એક અજબ આત્મ જુસ્સો તેઓશ્રીમાં પ્રગટતો. સમાધિની માત્રા વધી જતી.

હોસ્પિટલમાંથી શ્રીપાળનગર-વાલકેશ્વર લાવવામાં આવેલ. પૂજ્યશ્રીની માંદગી દિન પ્રતિદિન ગંભીર સ્વરૂપ ધારણ કરતી ગઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરવાની તેઓશ્રીની તીવ્ર ભાવના હતી. તેઓશ્રીના પૂ. ગુરુદેવશ્રી મુંબઈ તરફ પધારવાના જ હતા. પરંતુ તે ભાવના પૂર્ણ થઈ નહિ. **વિ.સં. ૨૦૪૨ માગસર સુદ ૫ના દિવસે વિજય મુહૂર્તે શ્રીપાલનગર ઉપાશ્રયે સકલ સંઘની હાજરીમાં નમસ્કાર મંત્રનું શ્રવણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : મફતચંદભાઈ (મફતલાલ) |
| જન્મ | : વિ.સં. ૧૯૬૨ ફા. સુદ ૧૫ વઢવાણ (સૌરાષ્ટ) |
| માતા | : દિવાળીબેન |
| પિતા | : ઝુંઝાભાઈ |
| દીક્ષા | : ૧૯૯૨ અ. સુદ ૧૦ શેઠ મણીલાલ કરમચંદ પૌષધ શાળા ઈર્લા અંધેરી-મુંબઈ |
| દીક્ષાની ઉંમર | : ૩૦ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી માનતુંગવિજય મ. |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૧૩ કા.સુદ ૧૨ રાજગૃહી |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૧૭ મ. સુદ ૧૪ રાણપુર (સૌરાષ્ટ્ર) |
| આચાર્યપદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૩ વઢવાણ |
| આચાર્ય પદ-પર્યાય | : ૧૫ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૩ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૪૪ શ્રા. વદ ૭ પાલીતાણા |
| આયુષ્ય | : ૮૩ વર્ષ |


સૌજન્ય

**સંઘવી શાંતિલાલ મિશ્રીમલજી ઘમંડીરામજી. સાંચોર**

પુત્ર : સંજય, મુકેશ, દિનેશ. પૌત્ર : યુગ, આર્યન

શ્રીહસ્તગિરિતીર્થના પ્રથમ પ્રેરણાદાતા, આગમ-દિવાકર

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજા

પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજ તપાગચ્છાધિપતિ, અજોડદેશનાલબ્ધિસંપન્ન જૈન શાસન શિરતાજ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની રત્નાવલીના એક અણમોલ રત્ન હતા. સૌમ્ય, પ્રશાંત, વિદ્વાન, બહુશ્રુત આગમદીપક પટ્ટાલંકાર હતા.

**જન્મ-માતા-પિતા :**

તેઓશ્રી ધન્ય ધરણી સૌરાષ્ટ્ર ભૂમિમાં ઝાલાવાડ પ્રદેશના વર્ધમાનપુરી (વઢવાણ)ના વતની હતા. પિતા ઝુંઝાભાઈ અને માતા દિવાળીબહેનને પાંચે પુત્રોનો પરિવાર હતો; તેમાં વિ.સં. ૧૯૬૨ના ફાગણ સુદ પૂર્ણિમાએ ત્રીજા પુત્ર તરીકે આ મહાપુરુષનો જન્મ થયો હતો. મફતલાલ એવું નામ હતું. તેઓ નાનપણથી ધર્મરંગે રંગાયેલા રહેતા. કુટુંબ પણ ધર્મ પ્રત્યે અવિહડ રાગ ધરાવતું તપાગચ્છીય વિશા શ્રીમાળી હતું અને અત્યંત ધાર્મિક વૃત્તિ ધરાવતું હતું. તેથી મફતભાઈને ધાર્મિક સંસ્કારો તો સહજપણે પ્રાપ્ત થતા રહ્યા; પરંતુ તેમનામાં સંગીતની સૂઝ જન્મજાત હતી, તેથી સ્તવન-સજ્ઝાયના ગાનમાં તેઓ વિશેષ રસપૂર્વક નિમગ્ન રહેતા અને શ્રોતાઓને ધર્મમાં એકતાન કરતા. મફતભાઈનું યોગ્ય ઉંમરે પીપળી ગામના અંજવાળીબહેન સાથે પાણિગ્રહણ થયું. પરંતુ મફતભાઈનો માંહ્યલો ધર્મવૃત્તિથી સ્હેજે અળગો થયો ન હતો.

**વૈરાગ્ય અને દીક્ષા :**

તે સમયમાં આબાલવૃદ્ધને ભવબંધનથી મુક્ત કરાવનારી સંયમરૂપી મોહક મુરલીના બજવૈયા મુનિ શ્રી રામવિજયજી મહારાજની વાણીએ મફતભાઈના વૈરાગ્યવાસિત દિલને ડોલાવી દીધું અને મફતભાઈના જીવનમાં મુક્તિનાં મંડાણ થયાં. પરંતુ સંસારનાં બંધનોથી છૂટવું સહેલું નથી. સામે પક્ષે સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજનું કડક ચારિત્રપાલન, તેઓશ્રીના શિષ્યોત્તમ પૂ. પંન્યાસપ્રવર શ્રી પ્રેમવિજયજી મહારાજનું અમાપ વાત્સલ્ય અને તેઓશ્રીના આદ્યપટ્ટાલંકાર પ.પૂ. મુનિવર્ય શ્રી રામવિજયજી મહારાજની વૈરાગ્ય નીતરતી વાણીનો સાદ મફતલાલને ભવબંધનમાંથી છૂટવા આદેશ આપી રહ્યો હતો. અંતે, શીલ અને સંસ્કારથી શોભતા સુકોમળ ધર્મપત્ની અંજવાળીબહેન

અને કિલ્લોલ કરતી બાળકી ચંદનનો ત્યાગ કરી, વિ.સં. ૧૯૯૨ના અષાઢ સુદ ૧૦ને દિવસે અંધેરી મુકામે પ્રવ્રજ્યા અંગીકાર કરી મુનિશ્રી માનતુંગવિજયજી મ. બન્યા. તેઓશ્રીની દીક્ષાના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. શરૂઆતમાં તો મોહવશ કુટુંબીજનો આકુળવ્યાકુળ થઈ ગયા, પણ ધર્મસંસ્કારોએ રંગાયેલા કુટુંબમાં ધીરજ આવતાં વાર લાગી નહિ.

**શ્રુતોપાસના :**

પૂ. મુનિશ્રી માનતુંગવિજયજી મહારાજે દીક્ષા જીવનનો પ્રારંભ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં જ કર્યો. નાનપણથી જ જ્ઞાન અને ભક્તિમાં વિશેષ રૂચિ ધરાવતાં આ મહાપુરુષને વિકાસ પામતાં વાર લાગી નહિ. મુનિજીવનને શોભે તેવો ઉચ્ચ અભ્યાસ ખૂબ જ ખંતપૂર્વક કર્યો. સાથોસાથ વ્યાકરણ, ન્યાય આદિ ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો. શ્રુતજ્ઞાનની પણ તાલાવેલી જાગી. શાસ્ત્રોનું વાંચન કરવા ઉપરાંત વાચના આપવી એ પણ તેઓશ્રીનો અતિ પ્રિય વિષય બની રહ્યો. લોક પ્રકાશના ગહન પદાર્થો પણ પૂજ્યશ્રીના આંગળીના વેઢે રમતા હતા. તેઓશ્રીએ શ્રુતજ્ઞાનને ટકાવી રાખવા માટે હસ્તલિખિત પ્રતો લખવાનું વિકટ કાર્ય ખૂબ જ ખંતપૂર્વક, જાત દેખરેખ નીચે કરાવ્યું. આ રીતે પોતાનું જીવન શ્રુતજ્ઞાનની સુરક્ષા અને સંવર્ધનમાં સમર્પિત કરી દીધું.

પૂજ્યશ્રીએ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાના સ્તવનો કંઠસ્થ કરેલા. દીક્ષાની શરૂઆતના વર્ષોમાં પૂ. વડીલોની આજ્ઞાથી ચાતુર્માસ કરવાનું થતું ત્યારે ચાતુર્માસમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના સ્તવનો ઉપર વ્યાખ્યાન આપે. સ્તવનોમાં આગમોના નામો આવે. તેથી આગમોના નામે પદાર્થો રજુ કરે. એથી પ્રૌઢ શ્રાવકોને શંકા પડી કે, "મહારાજની દીક્ષા હમણાં જ થયેલ છે તો તેઓશ્રીએ આગમોનાં યોગ ક્યારે કર્યાં ? યોગ કર્યા વગર આગમો વંચાય નહિ ?" તો મહારાજ આગમોની વાત કરે છે ? આ વાત પૂ. વડીલો પાસે આવી. વડીલોએ કહ્યું કે, 'તેમણે યોગ કર્યા નથી અને આગમો પણ વાંચ્યા નથી. પણ પૂ. ઉપાધ્યાયજી મહારાજના સ્તવનોનાં આધારે પ્રવચનમાં વર્ણન કરે છે. આવી પૂજ્યશ્રીની વિદ્વત્તા હતા.'

પૂજ્યશ્રીની પ્રભુભક્તિની તલ્લીનતા તો જેઓએ પૂજ્યશ્રી પૂજા ભણાવતા કે એકચિત્તે પ્રભુભક્તિનાં પ્રાચીન સ્તવનો-સજ્ઝાયો ગાતાં સાંભળ્યા હોય અને તેની મજા માણી હોય તે જ જાણી શકે. શ્રોતાને જીવનભર યાદ રહી જાય તેવો મધુર કંઠ, સાથે રાગરાગિણીનું ઊંડું જ્ઞાન અને ભક્તિની ભીનાશથી ભાવવાહી રીતે ગાવાની અદ્ભુત રીત આ સર્વ પૂજ્યશ્રીની ભક્તિને અનેરી આહ્લાદક અવસ્થાનું સ્વરૂપ આપતી હતી.

**શાસન-પ્રભાવના :**

પૂજ્યશ્રીના સંયમમાર્ગને અનુસરીને તેમના સંસારી પત્ની, પુત્રી અને ભાભી પણ પ્રવ્રજ્યાના પવિત્ર પંથે વળ્યા. પૂજ્યશ્રીએ અનેક ભવ્યાત્માઓને સંયમજીવનનાં માર્ગે વાળ્યા. ખાસ કરીને, પોતાની જન્મભૂમિ વઢવાણમાંથી ઘણી કુમારિકાઓએ પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરી. વિ.સં. ૧૯૯૭માં પાટણના ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીની વૈરાગ્ય નીતરતી વાણીથી પ્રભાવિત થઈને શ્રી મફતલાલ લહેરચંદ આભા

કુટુંબ સાથે દીક્ષિત થયા. આ ચારે મુમુક્ષુઓ પાલિતાણામાં વિ.સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૩ને દિવસે મહોત્સવપૂર્વક સંયમી બન્યા. વિ.સં. ૨૦૦૬ના ભાયખલાના ચાતુર્માસ દરમ્યાન શ્રોતાજનોનો મોટો સમુદાય વૈરાગ્યમય વાણીથી ધર્મમાર્ગમાં જોડાયો અને તે વખતે ઘણી મોટી પ્રભાવના થઈ. વિ.સં. ૨૦૨૧ના રાજકોટના ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ ભગવતીજીના સૂત્રની વાચના આપી. તે વાચના પૂર્વે શ્રીસંઘ ૩૦૦ સ્વસ્તિકનું હંમેશાં સુંદર આલેખન કરીને શ્રુતભક્તિનો અપૂર્વ આનંદ પ્રાપ્ત કરતો. આ ચાતુર્માસ દ્વારા રાજકોટ-સંઘમાં અપૂર્વ જાગૃતિ આવી હતી. પ્રતિદિન મોટી પૂજાઓ-પ્રભાવનાઓ થતી. ચાતુર્માસમાં થયેલી ધર્મકરણીના કળશરૂપ ઉપધાન તપની અપૂર્વ કોટિની આરાધના પણ થઈ. તથા માળનો રાજકોટના ઇતિહાસમાં અભૂતપૂર્વ એવો વરઘોડો પણ નીકળ્યો હતો.

પૂજ્યશ્રીની લેખનશક્તિ પણ સુંદર હતી. તેઓશ્રીની રોચક અને પારગામી લખાણને વાંચનારા જીવનભર ભૂલી શકતા નહીં. પોતાના ભક્તો કે શિષ્યોને વિશિષ્ટપત્ર પ્રસાદી પાઠવવાનો તેઓનો ગુણ નોંધપાત્ર છે. આ પત્રોમાં જ્ઞાન-વૈરાગ્ય વિશે અદ્‌ભુત સમજણ પ્રાપ્ત થતી.

## ગણી-પંન્યાસ-આચાર્ય પદવી :

પૂજ્યશ્રીની યોગ્યતા જોઈને પૂ. ગુરુદેવશ્રીએ તેઓશ્રીને વિ.સં. ૨૦૧૩ના કારતક સુદ ૧૨ને શુભ દિને રાજગૃહીનગરીમાં ગણિપદથી અલંકૃત કર્યા. વિ.સં. ૨૦૧૭ના મહા સુદ ૧૪ના દિવસે રાણપુરમાં અભૂતપૂર્વ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પંન્યાસપદથી વિભૂષિત કર્યા અને વિ.સં. ૨૦૨૯ના માગસર સુદ બીજને દિવસે માંડલમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આજ્ઞાથી આચાર્યપદે આરૂઢ કરાયા ત્યારથી પૂજ્યશ્રી આચાર્ય શ્રીમદ્ વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધ થયા. આગમના તલસ્પર્શી જ્ઞાનને લીધે પૂજ્યશ્રી **'આગમ દિવાકર'** તરીકે પણ ઓળખાતા હતા. પૂજ્યશ્રી જીવનભર સમર્પણ ગુણને વરેલા હતાં. સમુદાયના વિકટકાળમાં પણ તેઓશ્રી પોતાના ગુરુદેવના સાન્નિધ્યમાં સમર્પણ ગુણથી રહેલા હતા.

## શ્રી હસ્તગિરિ તીર્થ-ઉદ્ધાર :

પૂજ્યશ્રીનું એક અદ્‌ભુત કાર્ય પણ યાવચ્ચંદ્રદિવાકર જેવું બની રહ્યું છે. શ્રીયુત્ કાંતિલાલ મણિલાલ ઝવેરી યોજિત ૯૯ યાત્રાના એક પ્રસંગે ૧૨ ગાઉની યાત્રાએ જતાં શ્રી હસ્તગિરિની ટોચે આવેલી દેરીએ શ્રીસંઘ સાથે દર્શનાર્થે પધાર્યા ત્યારે શ્રાદ્ધરત્ન શ્રી કાંતિભાઈને સાહજિક પ્રેરણા કરી કે, "અહીં એક જિનાલય હોય તો લોકોને આ પ્રાચીન તીર્થભૂમિની સ્પર્શનાનો વિશેષ લાભ મળી રહે." કાંતિભાઈ આ પ્રેરણા ઝીલીને સૂરિસાર્વભૌમ, જૈનશાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ પરમ ગુરુદેવશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા. પૂજ્યશ્રીએ કહ્યું કે, "તીર્થને અનુરૂપ મંદિર થાય તો સારું." એ વચનસિદ્ધ મહાપુરુષની વાણીથી અધિક ઉત્સાહિત થયેલા કાંતિભાઈએ આ અંગે પ્રયત્નો આરંભ્યા. પૂ. આ.શ્રીમદ્ વિજયમાનતુંગ સૂરીશ્વરજી મહારાજનું માર્ગદર્શન પામતા રહી તેઓએ આ કાર્ય પાછળ પોતાના તન-મન અને ધનનો ભોગ અને સમસ્ત જીવનનું સમર્પણ કર્યું હતું. શ્રી હસ્તગિરિ તીર્થાધિરાજ શ્રી શત્રુંજ્ય ગિરિરાજની ૧૨૫૦ ફૂટ ઊંચી ટૂંક છે, તેના પર ૩૨૦'x૩૨૦'ની લંબાઈ-પહોળાઈવાળું ભવ્યોત્તુંગ જિનાલય ૭૨

દેવકુલિકાયુક્ત નિર્માણ થયું. ૧૨૫ ફૂટની ઊંચાઈ ધરાવતા ગુલાબી આરસમાં તૈયાર થયેલા મુખ્ય મંદિરની ભવ્યતા કંઈ ઓર જ છે. ભારતભરમાં સૌથી વિશાળ જિનમંદિર નિર્માણ પામ્યું છે. સંપૂર્ણ હસ્તગિરિ મહાપહાડને સુયોગ્ય આકાર આપી. તારક તીર્થંકરના સમવસરણનો આકાર આપવામાં આવ્યો છે. પ્રથમ ગઢ તુલ્ય પર્વતની ટોચે ૭૨ દેવકુલિકાયુક્ત ચતુર્મુખ મહાપ્રાસાદ તથા દ્વિતીય ગઢે ૨૪ તીર્થંકરોના પાવનચરણોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. નીચે તળેટીમાં પણ ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોની સગવડો કરવામાં આવી છે. શ્રી આદિનાથ પ્રભુના પાંચ કલ્યાણકોની સ્મૃતિ કરાવતા દરેક કલ્યાણક મંદિરો તળેટીથી ટોચ સુધીમાં નિર્માણ થવા પામ્યા છે. તળેટીના ચ્યવન કલ્યાણક પ્રસાદની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રીમદ્ વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે થઈ હતી. મુખ્ય મંદિરની પ્રતિષ્ઠા પણ તેઓશ્રીની ઉપસ્થિતિમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વરદ્ હસ્તે થાય તેવી પૂજ્યશ્રીની અંતરની ઈચ્છા હતી. પરંતુ 'કાળના ધર્મ'ને કોણ પામી શકે ?

## અંતિમ આરાધના :

**સં. ૨૦૪૪ના શ્રાવણ વદ ૭ના** દિવસે પૂજ્યશ્રી સમાધિપૂર્વક પાલીતાણામાં કાળધર્મ પામ્યા. તેઓશ્રીના પાર્થિવ દેહને જરીયાન પાલખીમાં બિરાજમાન કરી વિશાળ ભક્ત પરિવારે આખા પાલીતાણા શહેરમાં અંતિમ યાત્રા ફેરવી અને પગપાળા **શ્રી હસ્તગિરિજીતીર્થની તળેટીમાં,** (જાળીયા પાસે) તીર્થરાજની છાયામાં અગ્નિ સંસ્કાર કર્યો.

જે તીર્થનાં નિર્માણમાં પૂજ્યશ્રીનો અપૂર્વ ફાળો હતો. તેના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સકળ સંઘ હિતચિંતક, સૂરિદાન-પ્રેમકૃપાપાત્ર, સુવિશાળ ગચ્છાધિપતિ, જૈન શાસન શિરતાજ, ભાવાચાર્ય ભગવંત **પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિશ્વરજી** મહારાજાની પુણ્ય પ્રભાવક નિશ્રા હતી. તે ઉપરાંત ૧૦ પૂજ્ય આચાર્યદેવો, ૨ ઉપાધ્યાયજી મહારાજ, ૧૧ પંન્યાસપ્રવરો, ૧૬૦ મુનિવરો અને ૫૦૦ થી અધિક શ્રમણીગણ વચ્ચે પૂજ્યપાદ શ્રીમદ્ વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજની ગેરહાજરી સૌના અંતરને કોરી ખાતી હતી. આ પ્રભાવક પ્રસંગની પુણ્ય સ્મૃતિઓ ઇતિહાસને પાને કંડારાશે ત્યારે તેના આદ્ય ઉપદેશકનું નામ સુવર્ણાક્ષરે કોતરાશે એમાં શંકા નથી.

વિ.સં. ૨૦૧૦માં એક નાનકડા ગામમાંથી જીર્ણપ્રાય દશામાં હાથ લાગેલી હસ્તપ્રતમાંથી તેઓશ્રીએ મહામુનિવરશ્રી દીપવિજયજી મહારાજ રચિત **'સોહમ્ કુલકલ્પવૃક્ષ યાને ગણધર યુગપ્રધાન દેવવંદન'** ને વ્યવસ્થિત કરી જૈનશાસનને એક અનુપમ કૃતિનું દર્શન કરાવ્યું હતું. વિ.સં. ૨૦૧૧માં કલકત્તા મુકામે પૂજ્યશ્રીના પરમતારક ગુરુદેવશ્રીની નિશ્રામાં આ કૃતિની પ્રથમ આરાધના થઈ; તે પછી આજે તો સ્થાને સ્થાને પ્રચાર પામી છે.

એવા એ મહાસમર્થ શાસન પ્રભાવક સૂરિવરને અંતરની કોટિ કોટિ વંદના !



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મિત્રાનંદસૂરીશ્વરજી** મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : મનુભાઈ | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૪ **અમદાવાદ** મુનિ શ્રી મિત્રાનંદવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૮૪ પ્રથમ શ્રા. સુદ ૧, **મસૂર** (મહારાષ્ટ્ર) | ગણિપદવી | : વિ.સં. ૨૦૩૧ કા. વદ ૧૦ **સાવરકુંડલા** |
| માતા | : સોનુબેન | | |
| પિતા | : છોટાલાલ | પંન્યાસ | : વિ.સં. ૨૦૩૪ વૈ. સુદ ૫ **અમદાવાદ ગીરધરનગર** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૯૯ મ. સુદ ૬ **અમદાવાદ** | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૩૮ મ. વદ ૬ **ખંભાત** |
| દીક્ષાની ઉંમર | : ૧૫ વર્ષ | આચાર્ય પદ પર્યાય | : ૨૧ વર્ષ |
| દીક્ષાનું નામ | : પૂ.આ. શ્રી પ્રેમસૂરિ મહારાજા | સંયમ પર્યાય | : ૬૦ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ. | કાળધર્મ | : વિ.સં. ૨૦૫૯ ચૈ. સુદ ૬ **અમદાવાદ** |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી મિત્રવિજય મ. | આયુષ્ય | : ૭૫ વર્ષ |

**સૌજન્ય**

**બીજાપુર નિવાસી શા. નિહાલચંદજી દેવીચંદજી ગુર્જર**

પુત્ર : મોહનલાલ, પુત્રવધુ : સુર્યલતાબેન, પૌત્ર : મુકેશ, કલ્પેશ, પૌત્રવધુ : કુસુમ, સ્વીટી. મુંબઈ

ધર્મતીર્થપ્રભાવક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

ગરવી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું લીંચ ગામ તેમનું મૂળ વતન. લીંચ ગામ ધર્મનિષ્ઠ ગામોમાં અગ્રેસર ગામ છે. ત્યાં વિશાળ ગગનચુંબી જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનમંદિર તેમજ પ્રાચીન પાંજરાપોળ છે. ત્યાં વસતા એવા અમૂલખ તારાચંદ શાહનું પ્રતિષ્ઠિત કુટુંબ; લીંચથી **વ્યાપારાર્થે** દક્ષિણ મહારાષ્ટ્રમાં, સતારા જિલ્લામાં '**મસૂર**' ગામે જઈને વસ્યું.

**જન્મ-માતા-પિતા :**

અમૂલખ તારાચંદના છ પુત્રોમાંના ચોથા પુત્ર **રૂપચંદભાઈ.** તેમના મોટા પુત્ર **છોટાલાલભાઈ હતા,** તે **મનુભાઈના પિતા. માતાનું નામ સોનુબહેન.** સોનુબહેનનું પિયર પણ વિશાળ અને ખાનદાન **વિ.સં. ૧૯૮૪ના પ્રથમ શ્રાવણ સુદ ૧ના સૂર્યોદયે પૂજ્યશ્રીનો જન્મ થયો.** શુભ નામ **મનુભાઈ** પાડવામાં આવ્યું.

**ધર્મનિષ્ઠ માતા સોનુબહેન :**

**માતા સોનુબેન** પ્રતિક્રમણ, સામાયિક, પૂજા-પાઠ, પર્વતિથિની આરાધના વગેરે ધર્મકર્તવ્યોમાં હમેશા અગ્રેસર હતાં. ગળથૂથીમાંથી ધર્મ સંસ્કાર મળ્યા હતા. જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોનો એ પ્રદેશમાં વિહાર લગભગ ન હોવા છતાં ધર્મસંસ્કાર વારસામાં મળવાના જ ફળ સ્વરૂપે સોનુબેનનું જીવન ધર્મપરિણતિવાળું હતું.

મહારાષ્ટ્રમાં મુનિવિહાર ન હોવાથી ૧૨ વર્ષ સુધી મનુભાઈએ જૈન સાધુને જોયેલા નહિ. છતાં કુટુંબમાં ધર્મસંસ્કારો ખૂબ જ સારા, તેથી પ્રભુદર્શન, કંદમૂળ ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, પર્યુષણપર્વની આરાધનાઓ આદિમાં નિયમિત રસ દાખવતા. ઘરમાં માતુશ્રી પણ ધર્મની વાતો કરતા અને સૂત્રો ગોખાવતાં. તેઓશ્રીએ વિ.સં. ૧૯૯૭માં **૧૨ વર્ષની વયે પહેલવહેલી** ચૈત્ર માસમાં **નવપદની વિધિસહિત ઓળી કરી.** તે પછી વૈશાખ માસમાં જ ભવોદધિતારક પૂજ્યપાદ ગુરુદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** કોલ્હાપુરથી મહારાષ્ટ્ર બાજુ પધાર્યા. કોઈ મુનિરાજનાં વર્ષીતપનાં પારણા પ્રસંગે મસૂર ગામની બાજુના **શેળગામમાં મનુભાઈ ગયેલા.** ત્યાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિથી મનુભાઈનું અંતર સંસારથી ઉભગ્યું. પૂર્વ જન્મના સંસ્કાર જાગ્યા હોય તેમ સાધુવરના દર્શનમાત્રથી અંગેઅંગ ઉમંગથી ઊછળી રહ્યું. **પૂ. ગુરુદેવશ્રી સાથે વિહારમાં જવાનું નક્કી થયું.** માતાએ રજા આપી. સાંગલી તરફ વિહાર થયો. કોને

ખબર હતી કે કુટુંબને. ગામને, અરે ! સંસારને મનુભાઈની આ છેલ્લી વિદાય હતી ! વેકેશન પછી **ચોમાસા**માં પણ પૂ. ગુરુદેવશ્રી સાથે જ રહેવાનું થયું. **એમાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય,** સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય આદિનો અભ્યાસ થયો. ચૌદ પૂર્વના, તીર્થંકર ભગવાનનાં એકાસણાં. અક્ષયનિધિ વગેરે તપો થયાં. તપસ્યા સાથે સામાયિક-પૌષધનો પણ તેવો જ રંગ લાગ્યો. ચોમાસું ઊતરતાં પહેલાં માતુશ્રી લેવા આવ્યાં. મોહમમતાભર્યાં વચનો સામે તેર વર્ષના મનુભાઈ અણનમ રહ્યા. માતુશ્રીએ જોયું કે પોતાનો પનોતો પુત્ર પૂર્ણપણે વૈરાગ્યવાસિત થઈ ગયો છે. માતુશ્રી પાછાં ફર્યાં. તેમના ગયા બાદ સાંગલીથી મુંબઈનો વિહાર શરૂ થયો. વિહારમાં ઉપધિ બાંધવી, પાણી ઉકાળેલું પીવું વગેરે તાલીમ પામ્યા. મનુભાઈ અંધેરી પહોંચ્યા. ત્યાં ઉપધાન કરવા માતુશ્રી અંધેરી આવેલા. દીક્ષાની રજા માટે આયંબિલ શરૂ કર્યાં. **એમાં વર્ધમાન તપનો પાયો નંખાઈ ગયો.** ઉપધાનની માળ પરિધાન કર્યા બાદ સોનુબહેન મનુભાઈને ઘેર લઈ જવા ઇચ્છતા હતાં. પણ મનુભાઈ તો પૌષધ લઈને બેસી ગયા. માતુશ્રી ઘેર ગયાં. ત્યારબાદ **જીવનમાં પહેલીવાર શ્રી સિદ્ધાચલજીની યાત્રા માટે નિપાણી નિવાસી તારાચંદભાઈ** સાથે જવાનું થયું. શાશ્વતા ગિરિરાજની યાત્રામાં તેમને અપૂર્વ આનંદ આવ્યો.

શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા કરી, મુંબઈ-શાંતાક્રુઝમાં આવી સુરત તરફ વિહાર શરૂ કર્યો. ત્યાં વિરાર અગાસી પહોંચતાં જ માતુશ્રી બીમાર થયાનો પૂનાથી તાર આવ્યો. પૂ.ગુરુદેવશ્રીની આજ્ઞાથી એક ધર્મનિષ્ઠ શ્રાવક સાથે પૂના ગયા. માતુશ્રીની તબિયત હવે સારી હતી. ત્યાંથી મસૂર જવું પડ્યું. પૂ. ગુરુમહારાજની સેવાના રંગે રંગાયેલા મનુભાઈને ૧૫ દિવસ ૧૫ વર્ષ જેવા લાગ્યા. લાગ જોઈને, ૧૦ માઈલ પગે ચાલીને **કરાડ સ્ટેશનેથી ગાડીમાં બેસી સુરત પહોંચી ગયા.** ઉંમર ૧૪ વર્ષની હતી. થોડો સમય ત્યાં રહી, ખંભાત તરફ વિહાર કર્યો. ત્યાંથી કાકા આવીને લઈ ગયા. દોઢ મહિનો ઘેર રહીને પાછા ખંભાત આવ્યા. પૂ. ગુરુદેવશ્રી સાથે ખંભાતમાં ચાતુર્માસ રહ્યા. સંયમની અપૂર્વ તાલાવેલી જાગી. કોઈની દીક્ષા થતી જોઈને રડી પડવા લાગ્યા. ચોમાસા બાદ અમદાવાદ જવાનું થયું. ગુરુદેવના પ્રતાપે જ્ઞાન, ધ્યાન, ધર્મચર્યા આદિમાં પારંગતતા જોઈને **અમદાવાદ મામાને ખાત્રી થઈ કે ભાણેજ જરૂર ચારિત્ર લેશે** જ. મામાએ કુટુંબીજનોને વાત કરી. મનુભાઈનો પત્ર પણ પહોંચ્યો. વિશાળ કુટુંબ એકઠું થયું અને નિર્ણય લેવાયો કે આપણા કુળમાં ભવ્ય રીતે દીક્ષા અપાવાય એ જ શોભારૂપ ગણાય. અમદાવાદ તાર કર્યો કે, **'તમને રજા છે, એક વાર ઘેર આવી બધી વિધિ પતાવો.'** તાર મળ્યો ત્યારે મનુભાઈને પૌષધ સાથે ઉપવાસ હતો. પૌષધ પારી મસૂર ઊપડ્યા. ત્યાં કુટુંબ, ગામ અને સંઘ રાહ જોઈ રહ્યા હતા. સ્ટેશનેથી સ્વાગત થયું. વાયણા માટે આમંત્રણો આવવા લાગ્યાં. બહારગામથી સ્વજનો આવી ગયા. પૂજા, આંગી, **વરઘોડો, જમણવાર, માનપત્ર મેળાવડા આદિ થયાં.** ૪૦ માણસનું કુટુંબ દીક્ષા અપાવવા અમદાવાદ ઊપડ્યું. મસૂરથી પૂના અને મુંબઈથી અમદાવાદ સ્ટેશને સ્ટેશને લોકો હારતોરા પહેરાવવા, ચાંલ્લો કરવા, સ્વાગત કરવા હાજર થઈ જતા. અમદાવાદના જૈનોમાં પણ ઉત્સાહ પ્રવર્તતો હતો. ત્યાં પણ બાલ મનુભાઈના ખૂબ વાયણાં થયાં.

**દીક્ષા :**

**વિ.સં. ૧૯૯૯ના મહા સુદ ૬ને શુભ દિવસે** કાલુપુર **શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં મનુભાઈની ભાગવતી દીક્ષા ભવ્ય રીતે ઉજવાઈ. દીક્ષા પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરિ મ.સા.**ના વરદ હસ્તે થઈ. નામ મુનિ **શ્રી મિત્રવિજયજી** રાખવામાં આવ્યું.

સાંગલી ગયા ત્યારથી તેઓને અધ્યયન અને સંયમજીવનની તાલિમ માટે પૂ. મુનિરાજશ્રી **ભાનુવિજયજી** મહારાજ તથા પૂ. મુનિશ્રી **પદ્મવિજયજી** મહારાજને સોંપવામાં આવેલા. દીક્ષા બાદ પણ પૂ. ગુરુદેવોની નિશ્રામાં જ્ઞાન-ધ્યાન-વિનય-વૈયાવચ્ચ-ભક્તિ-તપ આદિમાં સુંદર પ્રગતિ કરવા લાગ્યા. કાળુશીની પોળે અમદાવાદમાં **ફાગણ સુદ ૪ના મંગળ દિને** પૂ. ઉપાધ્યાય **શ્રી જંબૂવિજયજી** મહારાજના આચાર્યપદ સાથે પૂ. મુનિશ્રીમિત્રવિજયજી મહારાજની વડી દીક્ષાનો પ્રસંગ પણ ભવ્ય રીતે ઉજવાયો અને ત્યારે તેમનું નામ **મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ.** રાખવામાં આવ્યું. **પૂ. મુનિશ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્યરત્ન** તરીકે જાહેર થયા હતા.

દીક્ષાના દિવસથી જ ચઢતા વૈરાગ્ય સાથે, અનેરા ઉમંગ-ઉછરંગ સાથે સંયમ સાધનાનો પ્રારંભ કર્યો. નિત્ય એકાસણાં તથા વર્ધમાન તપની ઓળીઓ કરતા. પોતાના ભવોદધિતારક પરમ ગુરુદેવ પૂ. આચાર્ય ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની સાથે રહી ૮ વર્ષ અખંડ સેવા કરી. તેઓશ્રીની આંતરિક કૃપાના ભાજન બન્યા.

**અધ્યયન :**

૧૪ વર્ષ પોતાના ગુરુદેવ **પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી મ.** અને **પ્ર.ગુરુદેવ પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મ.** પાસે ન્યાય, વ્યાકરણ, કાવ્ય-કોષ, આગમ, હારિભદ્રીય ગ્રંથો વગેરેનું તલસ્પર્શી અધ્યયન કર્યું. તે ઉપરાંત અધ્યાત્મયોગી **પૂ. પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર** પાસે યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ આદિ પાંચ ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યું. કચ્છના તેઓશ્રી સાથેના વિહારમાં ૬૮ દિવસમાં જ ઉપમિતિ ભવપ્રપંચા કથા ગ્રંથ પૂ. પંન્યાસજી મહારાજે વંચાવેલો.

**પ્રવચનનો પ્રારંભ :**

વિ.સં. ૨૦૦૫ની સાલમાં કર્મશાસ્ત્ર રહસ્યવેદી પૂ.આ.મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં અનેક મુનિ ભગવંતો શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય-મુંબઈમાં બિરાજમાન હતા. તે વખતે સંજોગો ઊભા થતા પૂજ્યોની આજ્ઞાથી પ્રવચનપીઠ ઉપર પૂજ્યશ્રીએ પ્રથમવાર પ્રવચન આપ્યું. પ્રવચન સાંભળતાં લોકોને આનંદ આવ્યો. વિ.સં. ૨૦૦૯ થી વ્યાખ્યાન-વાચનાઓ આપવાનું કાર્ય નિયમિત ચાલું થયું. સ્મરણ શક્તિ ગજબ કોટિની હતી !

જે દીક્ષાઓ થતી તેઓની છાબ તૈયાર કરવી, દીક્ષાઓનું આયોજન કરવું, દીક્ષા સમયે મુનિવેષ પહેરાવવાનું કાર્ય, તેમજ નૂતન મુનિ ભગવંતોને પ્રાથમિક કક્ષાની દરેક તાલિમ આપવાનું કાર્ય તેઓશ્રી કરતા.

પૂજ્યશ્રીની લોચ કરવાની કળા સારી હતી - માસ્ટરી હતી. જેથી બાલમુનિઓ તેમની પાસે લોચ કરાવતા. એક દિવસમાં ૩-૩, ૪-૪ લોચ સારી રીતે કરી શકતા હતા !!

દીક્ષાના દિવસથી લઈને ૮-૯ વર્ષ તેઓશ્રીએ અખંડ એકાસણાં જ કર્યા, એમાંય વચ્ચે વચ્ચે વર્ધમાન તપની ઓળીઓ કરતા. પોતાના જીવનમાં વર્ધમાન તપની ૨૪ ઓળી કરેલી.

**ભક્તિ-વેયાવચ્ચ-ગુણ :**

વિહારમાં પોતાની ઉપધિ, પૂ. ગુરુજનોની ઉપધિ વગેરે ઉપાડતા. બંને ખભા ઉપર ઉપધિ વીટેલી રહેતી, ઉપરાંત બે-બે વીંટિયા પાછળ બાંધતા. ૧૦-૧૦ પાત્રાની જોડ પણ રહેતી, સાંજનો વિહાર હોય તો પાણીનો આખો ભરેલો ઘડો ઉપાડતા. ગુરુ ભગવંતોની-વૃદ્ધમહાત્માઓની, ગ્લાન કે અશક્ત મુનિઓની ખૂબ ભક્તિ કરતા.

એકવાર વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં (અમદાવાદ) એક મુનિવરને વિશૂચિકા (ઝાડા) થઈ ગયેલી. ભયંકર વાસ મારતા ઝાડા- ઉપરા-ઉપર થતા... છતાં કંટાળ્યા વગર, થાક્યા વગર, એટલા જ પ્રેમથી શરીર-કપડાંદિ સાફ કરવાથી માંડી બધી જ સંભાળ પૂજ્યશ્રી રાખતા... એકવાર એ બીમાર મુનિશ્રીના સંસારી સંબંધી આવ્યા અને કહે : આ મહારાજને અમારે ઘેર લઈ જઈએ ? ત્યાં અમે સંભાળીશું, એટલે આ ચરિત્રનાયક મુનિવરે કહ્યું : કેમ ? **અહીં અમે નથી સંભાળતા ? નથી સચવાતા. વળી, આ તમારા બાપની મૂડી નથી, અમારી મૂડી છે, ખબરદાર છે જો આવી વાત કરી છે તો ?**

**પૂજ્યશ્રીની કૃપા અને જ્ઞાનનો ઉઘાડ :**

તે સમયે પૂજ્યશ્રી પ્રાકૃત વ્યાકરણ કરતા હતા. લગભગ અડધું વ્યાકરણ થયા બાદ એક દિવસ કર્મસાહિત્યનિષ્ણાત **પૂ. આચાર્ય ભગવાન પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ** કહ્યું, મિત્રાનંદ ! હવે આ વ્યાકરણ આગળ કરવાની જરૂર નથી. તારી પ્રાકૃત વાંચનમાં ગતિ અસ્ખલિત થશે... અને આશીર્વાદ એવા ફળ્યા કે ચારિત્ર-જીવનના છ-છ દાયકા સુધી પ્રાકૃતના ગ્રંથો વાચતા ગયા અને આગમાદિ પ્રાકૃત ગ્રંથો અન્યને વંચાવતા ગયા. ક્યાંય રૂકાવટ આવી નથી.

**નિર્દોષ ગોચરી પાણીની ગવેષણા :**

પૂજ્યપાદ પરમ ગુરુદેવની સતત પ્રેરણા તથા તેઓની નિર્દોષ જીવન ચર્યાના કારણે, તેની અસર આપણા આ મહાત્મા ઉપર ખૂબ જ સારી પડેલી. જેના યોગે વિહારાદિમાં દોષિત ગોચરી ન વાપરવી પડે તે માટે ૪-૪ માઈલ દૂરથી ગોચરી લાવતા. દોષ સેવવો ન પડે, રસોડાની દોષિત ગોચરી ન વાપરવી પડે તે માટે ખૂબ કાળજી રાખતા. પોતાના શિષ્યાદિને પણ તેવા સંસ્કાર આપ્યા છે.

નિર્દોષ પાણી માટે ૧-૧ માઈલ દૂર જતા. ઘરોમાં ફરી-ફરીને થોડું થોડું પાણી લાવતા. કાપ માટે પણ નિર્દોષ પાણી લાવવા માટે કાળજી રાખતા.

**શ્રી નવકારની સાધના :**

પૂજ્યશ્રીને નવકાર મહામંત્ર ઉપર અતૂટ વિશ્વાસ હતો. તેથી પોતે શાસ્ત્રીય વિધિ મુજબ લાખ નવકારની સાધના પોતાના જીવનમાં બે વાર કરી હતી. તેના પાયામાં અધ્યાત્મયોગી પૂ. પંન્યાસપ્રવરશ્રી

ભદ્રંકરવિજયજી ગણિવરનો મોટો ફાળો હતો. પોતાની પાસે આવતા ભાવિકોને નવકાર ગણવાની પ્રેરણા ખાસ કરતા. નવકાર મંત્ર ઉપર તેઓશ્રીનું ચિંતન પણ ઘણું હતું. તેના જ પરિપાકરૂપે **'મંત્રાધિરાજ'** નામનું પુસ્તક તૈયાર કર્યું.

## ધર્મદાનની કળા :

પૂજ્યશ્રીમાં ધર્મદાનની કળા પણ અનોખી હતી. વ્યક્તિને કાચી સેકંડોમાં પારખવાની કળા તેઓએ હસ્તગત કરી હતી ! માટે જ તો તેઓને ધર્મદાન કરવામાં ઝાઝો શ્રમ લેવો પડતો ન હતો. હૃદય વેધી, હૈયા સોસરવી ઊતરી જાય તેવી માર્મિક ટકોર જ કરતા. સમજાવવાની કેપેસીટી એવી અદ્ભુત હતી કે, થોડીક જ ક્ષણોમાં સામો આત્મા વાતને સ્વીકારી લેતો. લગભગ સામી વ્યક્તિને બાધા-નિયમ માટે ક્યારેય દબાણ કરવું જ ન પડે. પણ સામી વ્યક્તિ જ બાધા-નિયમની માંગણી કરે તેવી સમજણ પૂજ્યશ્રી આપતા.

**- પદ-પ્રદાન -**

**ગણીપદ** વિ.સં. ૨૦૩૧ કા.વદ ૧૦ સાવરકુંડલા પૂ.આ.શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે

**પંન્યાસ પદ** વિ.સં. ૨૦૩૪ વૈશાખ સુદ ૫, અમદાવાદ ગીરધરનગર

વ્યાખ્યાનવાચસ્પતિ પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે

**આચાર્યપદ** વિ.સં. ૨૦૩૮ મહાવદ ૬ ખંભાત પૂ.આ.શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે

વિ.સં. ૨૦૪૨ના પટ્ટક સમયે તથા

## વિ.સં. ૨૦૪૪ના મર્યાદિત મુનિ સંમેલન વખતે શાસ્ત્રને વફાદાર રહ્યા.

પૂજ્યશ્રીની દીર્ઘદૃષ્ટિ, બુદ્ધિ પ્રતિભા, હાજર જવાબિતા, શાસ્ત્રજ્ઞાન, સિદ્ધાંતનિષ્ઠા, શાસનનો અવિહડરાગ આદિના વાસ્તવિક દર્શન તો ઘણાં ઠેકાણે થતાં હતાં. પણ અમદાવાદ વિ.સં. ૨૦૪૨ના પટ્ટક સમયે તથા વિ.સં. ૨૦૪૪ના મર્યાદિત મુનિ સંમેલન (અમદાવાદ) સમયે સવિશેષ દર્શન થયાં હતાં.

**સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના માર્ગદર્શન મુજબ સંમેલનમાં હાજરી આપીને વિનય-વિવેક, ઔચિત્ય-મર્યાદાનું પાલન કરવા પૂર્વક તેઓશ્રીએ શાસ્ત્રીય વાતોનું સચોટ નિરૂપણ કર્યું હતું અને જ્યારે લાગ્યું કે સંમેલન દ્વારા શાસ્ત્રીય વાતોની ઉપેક્ષા થાય છે અને શાસ્ત્ર વિરુદ્ધ ઠરાવો થાય છે ત્યારે પૂજ્ય ગચ્છાધિપતિના માર્ગદર્શન મુજબ નિડરતાપૂર્વક સંમેલનનો ત્યાગ કરેલ. આ પ્રસંગે તેઓશ્રીની સિદ્ધાંત નિષ્ઠા, શાસન પ્રેમ ઝળહળી ઊઠેલ.**

## સ્મરણ શક્તિ :

પૂજ્યશ્રીની સ્મરણ શક્તિ સારી હતી. એક વ્યક્તિને એકવાર મળ્યા પછી બીજી વાર ૧૦-૧૫ વર્ષે મળી હોય તો ય તેને નામ ઠામ સાથે ઓળખી લેતા. ૬૦ વર્ષના દીક્ષા પર્યાયમાં જ્યાં જ્યાં વિચર્યા, ત્યાં

ત્યાનું સંસ્મરણ છેક છેલ્લા દિવસ સુધી મગજમાં સાચવેલું રહેતું. તે તે ગામના રસ્તા-ગામો વચ્ચેનું અંતર ત્યાંના જિનાલયની દિશા-મૂળનાયકાદિનું સ્મરણ અંતિમ શ્વાસ સુધી હતું.

ટોળકનગર ખાતે (પાલડી-અમદાવાદ) સંગ્રહિત પુસ્તકોનો વિશાળ જ્ઞાનભંડાર છે. પુસ્તકોનું લીસ્ટ બનાવ્યું નથી - છતાય કોઈપણ ગ્રંથ કે પુસ્તક જોઈએ તો સૂતા-સૂતા કહી દેતા કે આ જગ્યાના કબાટમાં, આ નંબરના ખાનામાં આ પુસ્તક છે અને બનતું પણ એવું જ કે એ પુસ્તક ત્યાંથી જ મળી જતું.

આટલી સ્મરણ શક્તિ હોય તેમને શાસ્ત્રનાં અઢળક પદાર્થો યાદ હોય તેમાં નવાઈ ક્યાંથી હોય ? તેથી જ તેઓશ્રીનાં પ્રવચનોમાં આગમોનું, શાસ્ત્રોનું નવનીત પીરસાતું હતું. છતાં સમજાવવાની સરળ અને રસાળ શૈલીના કારણે શ્રોતાઓને ક્યારેય કંટાળો ન આવતો કે નીરસતા ન લાગતી. વાણીમાં - કંઠમાં મીઠાશ પણ એટલી જ હતી.

ઘણાં દેરાસરોના-સંઘોના હિસાબ તેમજ સાત ક્ષેત્રનો વહીવટ ચોક્ખો કરાવવો, જિનમંદિરની આશાતના ટાળવી, જિનમંદિરની શુદ્ધિ અને જિન પ્રતિમાઓને ઓપ કરાવવા, જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવવો, પાઠશાળાઓ સ્થાપવી-વ્યવસ્થિત કરાવવી. જ્ઞાન ભંડારો સ્થાપવા અને વ્યવસ્થિત કરાવવા વગેરે અંગે પૂજ્યશ્રી શાસ્ત્રીય માર્ગદર્શન આપતા.

પૂજ્યશ્રીની વ્યાખ્યાન શક્તિ મધુર અને પ્રભાવશાળી હતી. લેખન શક્તિ પણ સરળ, સુવાચ્ય અને સુપથ્ય હતી. તેઓશ્રીનાં લખેલાં અને સંપાદિત કરેલાં અનેક પુસ્તકો જૈન સમાજમાં ખૂબ લોકપ્રિય બન્યાં છે. બાળકો અને યુવાનોને ધાર્મિક શિક્ષણ આપવામાં તેઓશ્રીને ખૂબ રસ હતો અને તે માટે સતત પ્રયત્ન શીલ રહેતા. નિખાલસ અને **નિઃસ્પૃહ** પ્રકૃતિ હોવાથી ભલભલાને કડવું સત્ય કહેતાં અચકાતા નહિ.

## કુટુંબમાંથી દીક્ષાઓ :

પૂજ્યશ્રીની દીક્ષા પછી તેઓશ્રીના કુટુંબમાંથી તેમના સંસારી ફોઈએ, કાકી તથા કાકીની પુત્રીએ, નાનાબહેને, માતુશ્રીએ ચારિત્ર માર્ગે પ્રયાણ કર્યું હતું અને ક્રમશઃ **પૂજ્ય સાધ્વીજી શ્રી જયલતાશ્રીજી** (કાંતાબેન), **સાધ્વીજી શ્રી સુમંગલાશ્રીજી** (સોનુબેન ચુનીલાલ), **સા. શ્રી અનુપમાશ્રીજી** (લીલાવતીબેન), **સા. શ્રી દિવ્યયશાશ્રીજી** (પ્રભાવતીબેન), **સા. શ્રી સુવર્ણલતાશ્રીજી** (સોનુબેન છોટાલાલ) બન્યાં. આ સિવાય કુટુંબમાંથી બીજાઓએ પણ દીક્ષા લીધેલી.

પૂજ્યશ્રીની નિશ્રામાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, છ'રીપાલક સંઘો - ઉપધાન, લાખ નવકાર જાપનાં સામુહિક વિશિષ્ટ પ્રકારના તપ અનુષ્ઠાન વગેરે શાસન પ્રભાવક કાર્યો ઘણાં થયેલાં.

## પ્રસન્નતા-અદીનતા અને સ્વાધ્યાય શીલતા :

પૂજ્યશ્રી સદાય માટે પ્રસન્ન રહેતા.

પૂજ્ય આચાર્યશ્રીના જીવનકાળના મહત્ત્વપૂર્ણ તબક્કામાં જ એમને ભયંકર અશાતા વેદનીય કર્મનો ઉદય નડ્યો. બીમારીનું સ્વરૂપ જ એવું કે એ પરિસ્થિતિનો વિચાર કરતાં ય ભલભલાનાં હાજાં ગગડી જાય. પેરેલીસીસ-લકવાનો જબરજસ્ત હુમલો, કરોડરજ્જુ-મણકાની તકલીફ, અચાનક એકી સાથે બે

હાથ બે પગ કામ કરતાં અટકી જવા, આ પરિસ્થિતિ જ એવી કે પાણીનું ટીપું પણ જાતે પી ન શકાય, અનાજનો કણિયો પણ જાતે આરોગી ન શકાય, ન હાથ-ધોઈ શકાય કે ન મોઢું લુછી શકાય, આંખમાં જામેલો મેલ કે કાનમાં આવતી ખણજ પણ જાતે ખણી ન શકાય. ગમે તેવા મચ્છર કે માખી શરીર પર બેસે-કરડે તો ય જાતે ઉડાડી ન શકાય. એક મુહપત્તિનું ય પ્રતિલેખન જાતે ન કરી શકાય. કુદરતી હાજત માટે ય સો ટકા શિષ્યોના સહારાની જરૂર પડે. ના વાસક્ષેપ નાંખી શકાય, ન લખી શકાય કે સ્વયં વાંચી રહેલા પુસ્તકનું પાનું પણ જાતે ન ફેરવી શકાય. આ તદ્દન શારીરિક પરાધીન અવસ્થાનો કર્મવશ ભોગ બનવા છતાં જ્યારે પણ પૂજ્યશ્રીને મળવાનું થાય ત્યારે કોઈ 'દૈન્યવચન' નહિ. પ્રસન્નતાની સિદ્ધિથી આ અદીનતા પ્રગટી હતી માટે જ આવી તકલીફોમાં ક્યારેય લાચારીનો અનુભવ ન કર્યો. એમનો આ ગુણ જોઈને બહુ અનુમોદના થતી. **પરમાત્મા શ્રી મહાવીરદેવનાં વચનો ઝીલી આ કાળમાં પણ એની એવી વિરલ સિદ્ધિ સાધનાર મહાત્માઓ વિદ્યમાન છે; એમ આનંદનો અનુભવ થતો.**

એક વાતની ખાસ નોંધ લેવી ઘટે કે, પૂ. આચાર્ય દેવની આવી બીમારી છેલ્લાં ૧૫ વર્ષથી સતત વર્તતી હોવા છતાં તેઓશ્રીએ જેમ અદીનતા ગુણને જીવંત રાખ્યો તેમ **તેઓશ્રીના વિનીત શિષ્યવર્ગે તેઓશ્રીની ખૂબ જ ભક્તિપૂર્વક જે સેવા વેયાવચ્ચ કરી કર્મ નિર્જરાનો અનુપમ લહાવો લીધો છે, તે ઉજ્જવળ ગચ્છને એક ઉજ્જવળ આદર્શ આપ્યો છે, તેની પણ જેટલી અનુમોદના કરાય તેટલી થોડી જ છે.**

સાધુ જીવનનો પ્રાણ જે સ્વાધ્યાય છે. તે ગુણ તેઓશ્રીના જીવનમાં તાણા-વાણાની જેમ વણાયેલો હતો. અનુકૂળ પરિસ્થિતિમાં તેઓશ્રીએ જેમ સ્વાધ્યાય પ્રેમ બતાવ્યો હતો તેમ અત્યંત પ્રતિકૂળ શારીરિક પરિસ્થિતિમાં ય તેઓશ્રીએ પોતાના એ ગુણને અકબંધ જાળવી રાખ્યો હતો. આવી સ્થિતિમાં પણ નવાં લખાણો ગુજરાતી-સંસ્કૃત-પ્રાકૃતમાં નવી રચના-નવી સંસ્કૃતિ ટીકા વગેરે કરવાનું ચાલુ જ હતું.

વૃદ્ધ-ગ્લાન આદિ સાધુ-સાધ્વીજી મ.નું ખૂબ જ ધ્યાન રાખતા. એમની જરૂરિયાત તત્કાલ પૂરી કરતા. એમને હૂંફ મળે, સમાધિ મળે, તેમનું શુભ ધ્યાન, શુભ લેશ્યા ટકી રહે તે માટે ખાસ ધ્યાન આપતા. બાળકોને તથા બાળમુનિઓને કઈ રીતે કેળવવા, કઈ રીતે ધર્મમાં આગળ વધારવા, તેની આગવી કોઠાસૂઝ તેઓ પાસે હતી. વૃદ્ધ કે બીમાર શ્રમણ-શ્રવણી કે શ્રાવક-શ્રાવિકાને સમાધિ આપવામાં હંમેશા અપ્રમત્ત રહેતા. બીમાર વ્યક્તિ પોતાની પાસે આવે ત્યારે (પોતાની ભયંકર બીમારીને ય ભૂલી જઈ) એવી સમાધિ-સમતાની પ્રેરક વાતો કરતા કે આવેલી વ્યક્તિ માનસિક રીતે તો સાજી થઈને જ જતી. કાયાનો રોગ કર્માધીન ભલે હોય, પણ એ રોગ મન ઉપર કબજો ન જમાવે એ કળા જે પોતે હસ્તગત કરેલી તેવી કળા અન્યને શીખવાડતા.

## અંતિમ આરાધના :

છેલ્લા ૨૪ કલાક (ટોલકનગર પાલડી-અમદાવાદ)

વિ.સં. ૨૦૫૯ મહા સુદ ૫ ને દિવસે બ્લડ સુગર ૭૯૩ થઈ જતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. સારું થતાં સ્થાને પધારી ગયા હતા. એમાં વળી ચૈત્ર સુદ ૫ની રાત્રે છાતીમાં ગભરામણ, પરસેવા આદિની તકલીફ થઈ. સહુ ભેગા થયા. ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ચેકીંગ કરતાં કાર્ડિયોગ્રામ

ચિંતાજનક આવ્યો. હાર્ટએટેકના હુમલાના કારણે પૂજ્યશ્રીની ઈચ્છા ન હોવા છતાં ડૉક્ટરના સૂચનથી તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. ત્યાં સેવાભાવી ડૉક્ટરની ટ્રીટમેન્ટથી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા. એ સમયે પણ પૂજ્યશ્રીની જાગૃતિ અનુમોદનીય હતી. પૂજ્યશ્રીને સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ ચૈત્ર સુદ ૬ સવારે ખૂબ જ સારું હતું. સંપૂર્ણ ભયમુક્ત હતા. બપોરે ૨-૧૦ કલાકે પૂજ્યશ્રીના તમામ રીપોર્ટ કઢાવ્યા બાદ એન્જોપ્લાસ્ટનું ઓપરેશન કરવામાં આવ્યું, એ પણ સફળ રહ્યું. પણ કુદરતને એ ન ગમ્યું. સાંજે ૭-૧૫ કલાકે અચાનક પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અસ્વસ્થ્ય બન્યું. ડૉક્ટરોની પેનલ મળી. ખડા પગે રહીને મસાજ આદિ કરવામાં આવ્યું, તમામ દ્રવ્યોપચારો નાકામિયાબ નીવડ્યા. દ્રવ્યોપચારની સાથે ભાવોપચારો પણ સતત ચાલુ હતા. અખંડ નવકાર મહામંત્રનું શ્રવણ ચાલુ હતું. પૂજ્યશ્રી પોતે પણ પૂર્ણ જાગૃતિ અને અપૂર્વ સમાધિમાં રત હતા. પણ અંતે જે થવાનું હતું તે જ થઈને રહ્યું. **વિ.સં. ૨૦૫૯ ચૈત્ર સુદ ૬ની રાત્રિના ૮-૩૦ કલાકે** સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સકલ સંઘ શોકાતુર બની ગયો. પૂજ્યશ્રીના મૃતદેહને હોસ્પિટલમાંથી ટોળકનગર લાવવામાં આવ્યો.

થોડા સમયમાં સેંકડો ભાવિકો પૂજ્યશ્રીના દર્શનાર્થે ઊમટી પડ્યા. સુરત-ઉમરગામ-નાસિક-ધુલિયા-મુરબાડ, મસુર-કરાડ-પૂના-નાપાડ વગેરે અનેક ગામોના પૂજ્યશ્રીના ભક્તો તથા શ્રીસંઘો તેમજ અમદાવાદના આગેવાન શ્રાવકો અંતિમ દર્શન તથા અંતિમ યાત્રા માટે આવી ગયા. હજારોના માનવ મહેરામણ વચ્ચે પૂજ્યશ્રીની અંતિમ યાત્રા પ્રારંભાઈ અને શહેરના રાજમાર્ગોએ ફરી ટોલક નગરના કમ્પાઉન્ડમાં આવી. પૂજ્યશ્રીના દેહને ત્યાં જ અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. અગ્નિ સંસ્કાર નિમિત્તે તેમજ બીજી ઘણી બોલીઓ બોલાવવામાં આવી.

અગ્નિ સંસ્કારનો લાભ સંયુક્તપણે **કલ્યાણભાઈ મણિભાઈ રાવ તથા જ્યોતીન્દ્રભાઈ જેઠાભાઈ શાહ** પરિવારે સારી એવી ઉછામણી બોલીને લીધો હતો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય
# આચાર્યદેવ શ્રીમદ્ વિજય
# ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ચંદનમલજી |
| જન્મ | : વિ.સં. ૧૯૭૨ આ. સુદ ૧૪<br>**ખિવાન્દી** (રાજસ્થાન) |
| માતા | : ગુલાબબેન |
| પિતા | : જેઠમલજી ભેરાજી શોભાવત |
| દીક્ષા | : વિ.સં. ૨૦૧૧ જે. સુદ-૫ **કલકત્તા** |
| દીક્ષાની ઉંમર | : ૩૯ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ચંપકવિજય મ. |
| આયુષ્ય | : ૯૩ વર્ષ |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૪૨ કા. વદ-૧૦<br>ગીરધરનગર, **અમદાવાદ.** |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૪૪ ફા. વ. ૩<br>શ્રીપાળનગર **મુંબઈ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૪૭ વૈ. સુદ ૬<br>ભૂલેશ્વર, લાલબાગ, **મુંબઈ.** |
| આચાર્ય પદ પર્યાય | : ૧૭ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૩ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૬૪ પો. વદ ૧<br>લાલબાગ, ભૂલેશ્વર, **મુંબઈ** |

**સૌજન્ય**

પૂ.આ.શ્રી વિજય કનકશેખરસૂરિ મ.સા., પૂ.સાધ્વીજી શ્રી દિનકરશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી દિનમણિશ્રીજી મ.ના સદ્‌ઉપદેશથી **શ્રી ખિવાન્દી જૈન સંઘ તથા શ્રી ક્ષમાનંદી સેવા સમિતિ.** ખિવાન્દી-(રાજસ્થાન)

સ્વાધ્યાયમગ્ન, સંયમનિષ્ઠ; પ્રશાંતમૂર્તિ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજા

**જન્મ-માતા-પિતા :**

રાજસ્થાનના ભૂષણ સમું ખિવાન્દી (ક્ષમાનંદી) ગામ, જ્યાં શ્રાવકોની આરાધના માટે પાંચ પાંચ પૌષધશાળાઓ છે. આ ગામમાં જેઠાજી ભેરોજીનું કુટુંબ છે. આ કુટુંબમાં ધર્મનિષ્ઠ માતા ગુલાબબહેનની કુક્ષિથી વિ.સં. ૧૯૭૨ના આસો સુદ ૧૪ના શુભ દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. નામ આપ્યું ચંદનમલ. પૂર્વજન્મના સંસ્કારવારસાને કારણે ધાર્મિક રુચિ જોરદાર હતી. એમાં માતા પિતાના સંસ્કારો પૂરક બન્યા. ચંદનમલજી ક્યારેય વડીલોનો વિનય ચૂક્યા નથી. ચંદનમલજી જ્યાં યૌવનાવસ્થાના ઉંબરે આવીને ઊભા ત્યાં જ લગ્નબંધનથી બંધાઈ ગયા. વ્યવસાયાર્થે વતન છોડી મુંબઈ-નળબજારમાં રહેવાનું થયું.

**જૈન પ્રવચનનાં વાંચનથી જીવનમાં પરિવર્તન :**

સદ્ભાગ્યે આરાધના માટે ભૂલેશ્વર-લાલબાગમાં દેરાસર-ઉપાશ્રયમાં આવતાં જતાં પૂ. સાધુ મહારાજાઓનો સમાગમ અને જિનવાણી શ્રવણનો લાભ મળતો. ઉપરાંત, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાનાં પ્રવચનોનું સાપ્તાહિક 'જૈન પ્રવચન' વાંચવામાં આવ્યું. જેના પરિણામે એમનામાં વૈરાગ્ય પલ્લવિત થયો. તેમજ મહાન પુણ્યયોગે લાલબાગના જ કલ્યાણમિત્ર એવા કેશવલાલ ગૌતમભાઈની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી વૈરાગ્યભાવ અતિ પ્રબળ બનતો ગયો અને તેમના સાથ, સહકારથી પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરવાની ભાવનાથી તાલીમાર્થે પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિશ્રીજી સાથે મુંબઈથી દહાણુ સુધી વિહાર કર્યો. એક'દા અવસર પ્રાપ્ત કરી પરમતારક પરમશ્રદ્ધેય ગુરુ મહારાજશ્રી પાસે સવિનમ્રભાવે પોતાનાં મનનાં ઉત્તમ મનોરથો વ્યક્ત કર્યા. ત્યારે દીર્ઘદૃષ્ટા એવા પરમતારકશ્રીએ યોગ્ય આત્મા જાણી પૂછ્યું... સંસાર માંડ્યો છે ?... હાજી !... શું તારે એકલાએ સંયમરૂપી મોદકનો સ્વાદ માણવો છે ?... ઘરમાં લાવેલી સારામાં સારી મીઠાઈ તમે પહેલાં કોને ખવડાવો ? જી... બાલકોને !.... તો પછી સંયમરૂપી મોદકનો આસ્વાદ તમારા પરિવારને બાલકોને નથી ચખાડવો શું ? બસ ! પરમતારકશ્રીજીનાં આટલાં જ વચનામૃતો તેજીને ટકોરની જેમ કાફી બની ગયા. આત્મા જાગી ઉઠ્યો. પરમતારકશ્રીજીની કૃપાવૃષ્ટિ જેના પર વરસતી તેના વૈરાગ્યનો રંગ ચોલમજીઠનો બન્યા વિના

રહેતો નહિ. તેઓ સંસારના મોહમાયા રૂપ ઝેરનું ક્યારે વમન કરું ? ક્યારે પરમતારકશ્રીજીના વચનામૃતોને સફળ બનાવું ? તેવી તીવ્ર ભાવનાથી પોતાને ત્યાં જન્મેલ સુસંસ્કારી સંતાનોને તેમજ ધર્મપત્નીને પરમાત્માનાં ત્યાગ માર્ગે લઈ જવાની ભાવનાથી વિ.સં. ૧૯૯૯ના વર્ષીતપ આદરવા સાથે પાલીતાણા લઈ ગયા. પરિવાર ગુરુ મહારાજના સત્સંગમાં ધર્મભાવના અને સંયમ ભાવનાથી રંગાય તે હેતુથી ચાલુ વર્ષીતપમાં ૬ વિગઈના ત્યાગપૂર્વક વિધિપૂર્વકની ૯૯ યાત્રા કરી. આ રીતે અવસરે-અવસરે ગુરુ મહારાજના સત્સંગમાં પરિવારને રાખી પોતે સ્વયં પણ શ્રમણ ભગવંતોના સમાગમમાં આવતા રહ્યા. આમ કરતાં કરતાં એમની પુત્રીઓ શાંતિકુમારી (ઉ.વ. ૧૧) તથા વાસંતીકુમારી (ઉ.વ. ૯ા) દીક્ષાની ભાવનાથી રંગાયા ને દીક્ષા લેવા માટે તૈયાર થયા. સમેતશિખરજી આદિ કલ્યાણભૂમિઓની સ્પર્શના યાત્રા કરી-કરાવી. અમદાવાદમાં બીજા મુમુક્ષુઓ સાથે વિ.સં. ૨૦૦૦માં ચંદનમલજીની બે સુપુત્રીઓના પૂ. ગુરુ ભગવંતશ્રીજીના શ્રીમુખેથી દીક્ષાના મુહૂર્તો અપાયા અને દીક્ષાર્થીઓના સન્માન-સમારોહ આદિ ગોઠવાયો. વર્ષીદાનનો વરઘોડાની પણ તૈયારી સંપૂર્ણ થઈ ગઈ. પરંતુ 'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ' એ ઉક્તિ અનુસાર, પૂર્વના કોઈ અશુભ કર્મના ઉદયથી અને મોહને આધીન થઈ કુટુંબીઓએ કોર્ટ દ્વારા કામચલાઉ મનાઈ હુકમ લાવી દીક્ષા અટકાવી. શુભભાવના ટકાવવી ખૂબ કઠિન છે. સમયનો વિલંબ થવાથી મોટી દીકરીની સંયમની ભાવના પડી જતાં ન છૂટકે એને પરણાવવા માટેની તૈયારી કરવી પડી, પરંતુ અંતરના દૃઢ વૈરાગ્ય ભાવથી-ભવભીરુ એવા **ચંદનમલજી લગ્નના ત્રણ દિવસ આયંબિલ તપ સાથે પૌષધ લઈ ઉપાશ્રયમાં જ રહ્યા.**

**બે પુત્રીઓની દીક્ષા :**

પરંતુ અંતરમાં દુઃખની સાથોસાથ એક જ અભિલાષા હતી કે મારી લાડલી દીકરી ભવિતવ્યતાના યોગે કોઈ નિકાચિત ચારિત્રમોહનીયકર્મના અંતરાયના ઉદયે મોક્ષમાર્ગને બદલે ખૂબ જ દુઃખાતા દિલે સંસારમાર્ગે જઈ રહી છે, પરંતુ હવે બાકીની બીજી દીકરી સુંદર આરાધના કરીને સંસારની મોહમાયા જાળમાં ફસાવાને બદલે અધિકાધિક પુણ્ય બાંધીને ચારિત્રમોહનીયકર્મનો અંતરાય તોડીને ભવાંતરમાં જલ્દીમાં જલ્દી સંયમ પામી શાશ્વત સુખ પામે તે માટે એને વાગડ સમુદાયના ચારિત્ર સંપન્ન પૂ. સા. શ્રી ચતુરશ્રીજી મહારાજ પાસે રાખી. સંયમની ભાવના પ્રબળ બનતાં વાગડદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયકનકસૂરિજી મહારાજના વરદ્ હસ્તે સાંતલપુર મુકામે ચાલુ ઉપધાનતપની માળારોપણ પ્રસંગે **૧૪ વર્ષની પુત્રી વાસંતીકુમારીને વિ.સં. ૨૦૦૫ના કાર્તિક સુદ ૧૩ના દીક્ષા અપાવી** અને તેઓ પૂ. સા. **શ્રી નિર્મળાશ્રીજી** મહારાજનાં શિષ્યા **પૂ.સા.શ્રી દિનકરશ્રીજી મહારાજ બન્યાં.** ત્યાર બાદ, ત્રીજા નંબરની પુત્રી સુંદરીને પણ પૂ.સા.શ્રી દિનકરશ્રીજી મહારાજ પાસે સંયમની તાલીમ માટે મૂકી અને એ પણ વૈરાગ્યવાસિત બનતાં **૯ વર્ષની ઉંમરે પૂ.આ.શ્રી.વિજયકનકસૂરિજી મહારાજના વરદ્ હસ્તે વિ.સં. ૨૦૧૧ના માગસર સુદ ૬ના સંયમ અપાવ્યું** અને **પૂ.સા.શ્રી દિનમણિશ્રીજી મ. બન્યાં. ઉપધાનની પ્રથમ માળ પહેરવાનો દિવસ બની ગયો સુંદરી માટે પ્રવજ્યા ગ્રહણ દિવસ.**

**દીક્ષા :**

ત્યાર બાદ ચંદનમલજી પોતે પણ પોતાના દીકરા સાથે **વિ.સં. ૨૦૧૧માં** કલકત્તા મુકામે જિનવાણીના

**જાદુગર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના **વરદ્ હસ્તે દીક્ષિત બન્યા** અને તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિ **શ્રી ચંપકવિજયજી મ.ના નામે જાહેર થયા.** તેમના પુત્ર કુંદનમલ પણ તેઓશ્રીના શિષ્ય તરીકે **મુનિ શ્રી કનકધ્વજવિજયજી મ. બન્યા.** દીક્ષાના પ્રારંભકાળમાં પૂ. ગુરુવર્યોની સેવા-વૈયાવચ્ચ તથા જ્ઞાનાદિમાં પ્રગતિ કરતા રહ્યા. ગુરુ કર્યા પછી ગુરુની કૃપા મેળવવી, ગુરુના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવું તે ઘણીવાર દુર્લભ બની જાય. પણ આ મુનિ શ્રી ચંપકવિજયજી મ. સતત... સતત ગુરુકુલવાસમાં પરમતારકશ્રીના પરમ સાનિધ્યમાં લગભગ ૧૫ વર્ષ સુધી અવસરોચિત પ્રેરણા પરબમાંથી મીઠી મધુરી પ્રેરણા જલનું અમીપાન કરતાં રહ્યા. પરમતારક પૂજ્યપાદશ્રીના અણમોલ રજોહરણની પ્રતિલેખનાનો લાભ આ મુનિશ્રી લેવાનું ન ચૂકતા. છેલ્લાં ૩૦/૩૫ વર્ષોથી પૂ. ગુરુદેવની આજ્ઞાથી જુદાં જુદાં ગ્રામ-નગર-તીર્થોમાં અલગ ચાતુર્માસ કર્યા. અનેક ગામ-નગરોમાં સારી એવી આરાધના કરી-કરાવી.

**પદપ્રદાન :**

વિ.સં. ૨૦૩૨માં તપનો ઉલ્લાસ વધતાં છઠ્ઠથી વરસીતપ કર્યો હતો. છઠ્ઠને પારણે આયંબિલ કરીને નવપદજીની આરાધના પણ ચાલુ રાખી હતી. **વિ.સં. ૨૦૪૨માં કા.વદ-૧૦ના ગણિપદવીથી** અને **વિ.સં. ૨૦૪૪માં ફા.વ. ૩ના પંન્યાસ પદવીથી વિભૂષિત થયેલા,** પૂજ્યશ્રીની સંયમનિષ્ઠા, સ્વાધ્યાયમગ્નતા, સુદીર્ઘ સંયમપર્યાય, ગંભીરતા આદિની વિશેષ યોગ્યતા જાણી **વિ.સં. ૨૦૪૭ના વૈશાખ સુદ ૬ના શુભ દિવસે મુંબઈ-ભૂલેશ્વરમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા** અને આચાર્ય **શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજ નામે ઉદ્‌ઘોષિત થયા.

**ગુણ વૈભવ :**

આ પુણ્ય પુરુષનો ગુણ વૈભવ જે માણતો એ ખરેખર ધન્ય બની જતો હતો.

**સંયમ-પાલનમાં તીવ્ર ઉપયોગ :** આ પુણ્ય-પુરુષનો સંયમપાલનનો ઉપયોગ ઘણો સારો અનુમોદનીય હતો. શરીરમાં બળ અને આંખોમાં તેજ હતું ત્યારે તો ઉપયોગ હતો જ. પણ બળ અને તેજ ક્ષીણ થવાં છતાં સહજ પણ પ્રસન્નતા ગુમાવ્યા વિના ઝીણી ઝીણી બાબતોમાં પણ અત્યંત કાળજી રાખતા. પુંજીને આસન પાથર્યું કે કેમ ? પોરસી ભણાવી કે નહિ ? ચૈત્યવંદન કર્યું કે નહિ ? વિગેરે દરેક યોગમાં ચોકસાઈ કરતા. આ પુણ્ય પુરુષ આત્માર્થી હતા. તેથી જ્યારે પરમતારક ગુરુદેવશ્રીજીની પાસે વંદનાર્થે જતાં ત્યારે પરમતારક પૂજ્યપાદશ્રીજીના મુખકમલમાંથી સહસા શબ્દો સરી પડતાં કે "આ તો જલ્દી મોક્ષે જવાનો !"

**સિદ્ધાંત પક્ષમાં અડગતા :** જ્યારે પણ સિદ્ધાંતની સન્માર્ગની વાત આવે ત્યારે પરમતારક પરમશ્રદ્ધેય ગુરુદેવશ્રીજીના સિદ્ધાંતના આશયને અનુસરીને જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં. સમુદાયને અખંડ રાખવામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન સમર્પ્યું હતું.

**દર્શન શુદ્ધિનો ભાવ :** જ્યારે ચર્મચક્ષુ બળ ક્ષીણ બન્યું તો પણ જિનમંદિરો જુહારવાનો આગ્રહ આ પુણ્યપુરુષ રાખતા. તેમને પૂછવામાં આવે કે આપને ભગવાનના દર્શન થાય છે ? ભગવાન દેખાય

છે ? ત્યારે કહેતા કે, ભલે, મને ભગવાન ન દેખાય, પણ ભગવાનની દૃષ્ટિ તો મારા પર છે જ. જેનાથી હું પાવન બની જાઉં છું.

**જિનવાણીમાં આદર :** જિનવાણી અને જૈન પ્રવચનથી પોતાના આત્માનો જ નહિ સંપૂર્ણ પરિવારનો ઉદ્ધાર થયો હતો. તેથી જિનવાણીના શ્રવણ માટે સદા લાલયિત રહેતા. એક સામાન્ય સાધુ પણ જો વ્યાખ્યાન કરતા હોય તો અત્યંત આદર અને રૂચિપૂર્વક સાંભળતા. પાપના અનુબંધને ક્ષત-વિક્ષત કરવાની તાકાત આ જિનવાણીથી તેઓ પ્રાપ્ત ન કરતા હોય ! તેમ જણાતું.

**સ્વાધ્યાય પ્રેમ :** સ્વાધ્યાય પ્રેમ અપરંપાર, એ જ જ્ઞાનામૃત ભોજન. એ જ તેઓશ્રીનું સાત્ત્વિક ટોનીક. જે દુર્બલ શરીરને સબલ બનાવી દેતું હતું. ૯૨ વર્ષની જૈફ વયે પણ રોજ નવું નવું ગોખવાનું - નવું નવું સાંભળવાનું. નવું-નવું વાંચવાનું એક વ્યસન પડી ગયું હતું. તેથી પ્રાચીન સ્તવનો સજ્ઝાયો મોટા-મોટા પણ તેમને મુખપાઠ હતા. માંડલીમાં પ્રતિક્રમણ કરતા-સ્તવન સજ્ઝાયો જે મોટા બોલે તેને આદેશ જાતે આપતા. નહિંતર સ્વયં બોલતાં.

**અત્યંત લઘુતા ભાવમાં રમણ :** મુનિપણાના પ્રારંભકાલથી જ લઘુતા ગુણ એવો પ્રકૃતિમાં વણાઈ ગયેલો જોવા મળતો. પોતાનાથી નાના હોવા છતાં કોઈ મુનિમાં જ્ઞાનાદિની કોઈ વિશેષતા તેમના જોવા આવી નથી કે પહોંચી જતા તે મહાત્મા પાસે. પરમતારક પૂજ્યપાદશ્રીજીની હાજરીમાં જ નહિ. ગેરહાજરીમાં પણ પોતાનાથી પર્યાયમાં નાના હોવા છતાં પદથી મોટા જે હોય. તેની સલાહ લઈને જ કાર્યમાં પ્રવૃત્ત બનતા. આ ક્રમ અંતિમ અવસ્થામાં અસહાય વેદનામાં પણ જાળવી રાખ્યો.

**તપના તપોવનમાં ભ્રમણ :** સંસારરસિક સામાન્ય માનવીને તપમાં વિભાવદશા અને પારણામાં સ્વભાવદશા જણાય. જ્યારે આ પુણ્ય પુરુષની વાત ન્યારી હતી. 'એક ભત્તં ચ ભોયણં' એ તો આપણો સાધુ ધર્મ છે. તેને તપ ન કહેવાય. જ્યારે ચિકિત્સકો કે શિષ્યાદિ તેમને કહે કે આજે પચ્ચક્ખાણ ન ધારશો. ત્યારે તુરંત બોલી ઉઠતા કે અત્યારે કયાં ગજસુકુમાલ કે મેતાર્યમુનિ જેવું સંઘયણ બળ છે કે કર્મો ખપાવી શકીએ. કર્મોને તોડવાની તો એકમાત્ર અમોઘ સાધના તપ-ત્યાગ જ છે. એકાસણાં, બિયાસણા ચાલુ છતાં હું કંઈ તપ કરી શકતો નથી. આ વેદના તેમને સતાવતી રહેતી.

છઠ્ઠના પારણે છઠ્ઠથી વર્ષીતપ કરેલ. તેમ બીજા વર્ષીતપમાં બે ઓપરેશન કરાવવા પડ્યા. પણ શ્રદ્ધા અને તપ પ્રત્યેના તીવ્ર અનુરાગના પ્રભાવે સુશ્રાવક **ડો. પત્રાવાલાની** સેવા ભક્તિથી વર્ષીતપ પૂર્ણ કરીને રહ્યા. તપ એ સ્વભાવ દશામાં વણાઈ ગયો હતો.

**નિર્દોષ ગોચરીના આગ્રહી :** દોષિત ગોચરી મારા માટે લાવ્યા. તેવી જો જાણ થઈ જાય તો દુઃખી દુઃખી બની જાય અને તેનો ત્યાગ કરી દે-પોતાના સ્વાસ્થયને અનુકૂળ હોવા છતાં બીજી ગોચરી પુનઃ મંગાવે નહિ. છેલ્લા વર્ષોમાં ક્યારેક દોષિત ગોચરી લેવી પડે તો અત્યંત પાપની ભીતી સાથે કચવાતા હૃદયે લેતા. જેમ સુવ્રતી અલ્પ ખાય, અલ્પ પીએ, અલ્પ બોલે. આ ત્રણે ગુણોનો ત્રિવેણી સંગમ આ પુણ્ય પુરુષમાં જોવા મળતો.

આવા અનેકાનેક ગુણ વૈભવના ગુણાકારમાં એક મોટી વિશેષતા એ જોવા મળતી કે આ પુણ્ય પુરુષના જીવનમાં આચાર ચુસ્તતા, વિચાર ચુસ્તતા સાથે પરિણતિની અકબંધતાનો ત્રિવેણી સંગમ માણવા મળે તેવો હતો.

જૈન શાસનની પ્રાપ્તિ સાથે ઉત્તરોત્તર શ્રમણ જીવનમાં આગળ વધતાં વધતાં અનેક સ્થાનોમાં વિવિધ આરાધનાઓ-અનુષ્ઠાનો-ભવ્ય મહોત્સવાદિ અનેરી શાસન પ્રભાવનાપૂર્વક સંપન્ન કરાવ્યા. છેલ્લે સંસારી જન્મભૂમિ ખિવાન્દિ (રાજ.)ના આંગણે ચિરસ્મરણીય શાસન પ્રભાવક ચાતુર્માસ કરી, નિત નિત અવનવી આરાધનાનો નાદ-સાધનાનો સ્વાદ પ્રવચનનો પ્રસાદ પીરસી થોકબંધ પુણ્યની પ્રભાવના કરતાં કરતાં યત્કિંચિત જન્મભૂમિનું ઋણ અદા કરી મુંબઈ પધાર્યા.

**અંતિમ આરાધના :**

છેલ્લા ૨ વર્ષ પૂજ્યપાદ આચાર્યશ્રીની સ્થિરતા શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં (મુંબઈ) હતી. શરીરમાં અનેક પ્રકારની તકલીફો ઉભી થઈ. જીવન-મરણના વમળોમાં જીવન નાવ અટવાઈ પણ જતી. છતાં સુપ્રસન્નતા, સુસમાધિ, સહનશીલતા અદ્‌ભૂત કોટીની સદા જોવા માણવા મળતી. છેલ્લા ૧૫/૨૦ દિવસથી ઈન્ફેકશન આદિના કારણે તકલીફો વધવા માંડી. કીડની પર અસર થવા માંડી. તેથી ચિકિત્સકોની સલાહ અનુસાર હરકીશન હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ. યોગ્ય ઉપચારો ચાલુ થયા. પણ સંયમ ગંગાના ઉત્તીર્ણ ઉપાસકની આત્મજાગૃતિ - સજાગતા વિરલ કોટીની રહી. સંસારી સંબંધથી પુત્ર અને શિષ્યપદને પામેલા પૂ.આ.શ્રી કનકશેખરસૂરિ મ. આદિ શ્રમણ પરિવાર તથા સંસારી સંબંધથી પુત્રી એવા સા. દિનમણિશ્રીજી આદિએ સુંદર ભક્તિ-નિર્યામણા કરાવી. પોષ વદ ૧ના સવારે ૮ વાગે શ્વાસોશ્વાસની તકલીફ વધતી ગઈ. ભવિતવ્યતાનો સૂર્ય તીવ્ર ગતિએ આથમણી દિશા ભણી આગલ વધતો ચાલ્યો. અંતે ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં વિ.સં. ૨૦૬૪ પોષ વદ ૧ને બુધવારના બપોરના ક. ૧-૪૮ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્યશ્રીની અંતિમ યાત્રા શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયથી હજારો માનવમેદનીની હાજરીમાં નીકળી. બાણગંગા પહોંચી હતી. અગ્નિ સંસ્કારનો લાભ શ્રી ખિવાન્દિ જૈન સંઘ સેવા સમિતિએ લઈ શ્રી ખિવાન્દિ સંઘનું ગૌરવ વધાર્યું હતું.

વ્યક્તિ વ્યક્તિને નથી જોતી તેની સરળતાને જુએ છે.

વ્યક્તિ વ્યક્તિથી પ્રભાવિત નથી થતી,
તેના ગુણોથી પ્રભાવિત બને છે.

વ્યક્તિ વ્યક્તિથી આકર્ષિત નથી બનતી,
તેની વાણીથી આકર્ષિત બને છે.

વ્યક્તિ વ્યક્તિને નમન નથી કરતી,
તેના વ્યક્તિત્વને નમન કરે છે.

એવા પુણ્ય પુરુષ આચાર્ય શ્રીમદ્ વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજાના નિરાળા-વિરાટ વ્યક્તિત્વને નમન કરતાં તન-મન પુલકિત બની જાય છે.

**અનુપમ સમાધિના સાધક, સુવિશાલ ગચ્છાધિપતિ,**
**શ્રી સુધર્માસ્વામીની ૭૯મી પાટને શોભાવનારા**

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

વામન છતાં વિરાટ વ્યક્તિત્વના જેઓ સ્વામી હતા. નાના છતાં મોટમોટાના હૃદયમાં જેઓનું સ્થાન હતું. સંયમ જીવનના સુંદર પાલન દ્વારા જેઓએ પોતાના જીવનને પવિત્ર બનાવ્યું હતું. જેઓની વાણીમાં સત્યનો ટંકાર કરતી સૂરિરામની વાણીનો પડઘો સંભળાતો હતો. જેઓનું મહત્ત્વનું માર્ગદર્શન સકલ સંઘ માટે ઘણું ઉપયોગી સાબિત થયું હતું.

જેઓ હજારો આરાધકો માટે પરમ ઉપાસ્ય અને હૃદયાધાર હતા. જેઓ સાડા ત્રણસો સાધુ ભગવંતો અને નવસો સાધ્વીજી ભગવંતોના સમુદાયના અધિનાયક હતા.

**જન્મ-માતા-પિતા :**

દક્ષિણ ગુજરાતનું સુપ્રસિદ્ધ **વલસાડ** શહેર જેઓની જન્મભૂમિ હતી, પરંતુ નિવાસ ભૂમિ વલસાડ પાસેનું **વાપી** શહેર હતું. વિ.સં. ૨૦૦૩ **આસો વદ ૮**ના જન્મેલો **હરિન** માતા **મણિબેન** અને પિતા **છગનભાઈ**નો ખૂબ જ લાડીલો હતો. (પિતા છગનભાઈ મૂળ વાપી - બગવાડા પરગણાના **'ગોયમા'** ગામના હતા) પુત્રની તેજસ્વી આંખો, પ્રભાવશાળી મુદ્રા, ગૌરવર્ણી કાયા, સહુ સાથે હળી મળી જવાની આગવી કળા આ બધાને કારણે હરિન સહુનો લાડીલો બની જતો. ત્યાર પછી વિ.સં. ૨૦૦૭ના આસો સુદ ૧૩ના દ્વિતીય પુત્ર રત્નનો જન્મ થયો. જેમનું નામ દીપકકુમાર રાખવામાં આવ્યું. પિતા છગનભાઈ કટ્ટર ગાંધીવાદી હતા, માતા મણિબેન ધર્મના રંગે રંગાયેલાં હતાં. સુશ્રાવિકા મણિબેનનાં ઉત્તમ ધર્મના સંસ્કારોના પ્રભાવે છગનભાઈ મહાત્માઓના પરિચયમાં આવ્યા. **'જૈન પ્રવચન'**ના વાંચનથી ગાંધીવાદી વિચારસરણીમાંથી મુક્ત બન્યા. તેમજ વિ.સં. ૨૦૦૯ના વાપી ચાતુર્માસમાં પૂ. પંન્યાસ **શ્રી હેમંતવિજય ગણિવર** (પાછળથી પૂ.આ. **શ્રી હીરસૂરીશ્વરજી** મહારાજ) ના પરિચયથી છગનભાઈ વિશેષ ધર્માભિમુખ બન્યા.

હરિન ઉંમરે નાનો હતો. પણ વિચારે અને સંસ્કારે ઉંચો હતો. પિતાની ઈચ્છા કરતાં માતાજીની ઈચ્છા પૂરી કરવામાં એને વધારે રસ હતો. તેમાં પૂર્વભવના સંસ્કારોનો એને સાથ હતો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : હરિનકુમાર | ગણિપદવી | : વિ.સં. ૨૦૪૬ મા. સુદ ૩ **પાલીતાણા** |
| જન્મ | : વિ.સં. ૨૦૦૩ આ. વદ ૮ **વલસાડ** | પંન્યાસ/પદવી | : વિ.સં. ૨૦૪૭ વૈ. સુદ ૧૦ (નવરંગપુરા) **અમદાવાદ** |
| માતા | : મણિબેન | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૫૦ મ. સુદ ૮ (વાપી) **બગવાડા** |
| પિતા | : છગનલાલ ઉમેદચંદ | આચાર્યપદ પર્યાય | : ૧૪ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૨૦૧૬ વૈ. સુદ ૧૨ **વાપી** | સંયમ પર્યાય | : ૪૮ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૧૨॥ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૬૪ જે. વદ ૭+૮ **દિલ્લી** |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી જિતમૃગાંકસૂરિ મહારાજા | આયુષ્ય | : ૬૧ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી જિતમૃગાંકસૂરિ મહારાજા | | |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી હેમભૂષણવિજય મ. | | |
| વડી દીક્ષા | : વિ.સં. ૨૦૧૬ જે. સુદ ૧૪ **વાપી.** | | |

**સૌજન્ય :** પૂ.સાધ્વીજી શ્રી પદ્માવતીશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી નમ્રગિરાશ્રીજી મ.ના શિષ્યા (સંસારી પૌત્રી) પૂ.સા.શ્રી નિર્વાણપ્રિયાશ્રીજીને આપેલ દીક્ષાના સ્મરણાર્થે.

**અચલચંદજી પ્રેમચંદજી કારસીયા બેડા. (રાજસ્થાન)**

છગનભાઈના મિત્ર ડોક્ટરની સલાહ હરિનને પરદેશ મોકલવાની હતી. છગનભાઈની ઈચ્છા પણ પરદેશ મોકલવાની હતી. પણ ધર્મ પામ્યા પછી પોતે નક્કી કરેલું કે હરિનને પરદેશ મોકલવો નથી. પરંતુ ધર્મના સંસ્કાર આપી સંયમના માર્ગે મોકલવો છે.

માતા-પિતા ઘરમાં છોકરાઓ સમક્ષ સંસારની કોઈ વાત કરતા નહિ, જેથી બાળકોમાં સંસ્કાર ખરાબ પડે નહિ.

હરિનકુમારે કદી સીનેમા આદિ જોયા ન હતા. હોંશિયાર છતાં નમ્ર હતા. બાલ્યવસ્થામાં ૬ મહિનામાં ૭૦૦ સામાયિક કરેલ.

વ્યવહારિક સાત ધોરણનો અભ્યાસ કર્યા બાદ માતા-પિતાને લાગ્યું કે હરિનના સંસ્કારો એવા છે કે તેને સુયોગ્ય ઘડતર મળે તો જૈન શાસનને દીપાવનારો સાધુ થઈ શકે.

**પૂજ્ય મહાત્માઓનો સંયોગ :**

એમાં વિહાર કરતાં સુવિશાલ ગચ્છનાયક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા વાપી પધાર્યા. હરિન તેમની પાસે પહોંચી ગયો અને કહ્યું કે, 'મારે આપની સાથે વિહારમાં રહેવું છે.' વાપીથી શંખેશ્વર સુધી હરિને નવ વર્ષની ઉંમરે વિહાર કર્યો. પછી ઘરે આવ્યો.

ત્યાર પછી ભેટો થયો પૂ. પંન્યાસ પ્રવર **શ્રી રોહિતવિજયજી** ગણિવર્યનો. હરિનકુમાર તેઓશ્રી સાથે વિ.સં. ૨૦૧૩માં રાજકોટ અને વિ.સં. ૨૦૧૪માં રાધનપુર રહ્યો. સ્કૂલમાં બે-બે અને ચાર-ચાર મહિના સુધી છૂટ્ટી પડે તો ય પરીક્ષામાં એકથી પાંચ નંબરે પાસ થયા વિના ન રહે.

એમાં હરિનના મહાન પુણ્યોદયે ચૂંબકીય આકર્ષણ ધરાવતા બે સમર્થ મહાપુરુષોનો ભેટો થયો. એક હતા વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિપતિ પરમ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા અને બીજા હતા એમના શિષ્ય પૂ. ગણિવર્ય **શ્રી મૃગાંકવિજયજી** મહારાજ.

વિ.સં. ૨૦૧૪માં પૂ. ગણિવર્ય શ્રી મૃગાંકવિજયજી મ.નું ચાતુર્માસ વાપીમાં થયું. પૂજ્યશ્રીના પરિચયથી હરિનના ગુરુ તરીકે પરમ નિઃસ્પૃહ પૂ. ગણિવર્ય શ્રી મૃગાંકવિજયજી મહારાજ જ સુયોગ્ય છે એમ સુશ્રાવક છગનભાઈને મનોમન થતાં તેઓએ હરિનકુમારને મુમુક્ષુ તરીકે પૂજ્ય ગણિવર્ય શ્રી મૃગાંકવિજયજી મ. પાસે રાખેલ. તેને ખૂબ ગમી ગયું.

ઘરે જવાની વાત નહિ. હવે બની ગયો હરિન સાચો મુમુક્ષુ. હરિનકુમારના ગુરુ પૂ. ગણિવર્ય શ્રી મૃગાંકવિજયજી મ. પહેલેથી કડક અને સંયમી. હરિનકુમારનું શરીર નાની ઉંમરથી નાજુક. વારંવાર તબિયત બગડે. તબિયત બગડે એટલે અવિરતિમાં રહેલા મુમુક્ષુનું ધ્યાન રાખવું પડે. તે ન કરવું પડે માટે ગુરુ મહારાજ નવસારી-સુરતથી મુમુક્ષુ હરિનકુમારને વાપી તેમને ઘરે મોકલી આપે.

હરિનકુમાર પણ આજ્ઞાંકિત નરમ તબિયતમાં પણ ગુરુ મ. ના કહેવાથી ઘરે જતો રહે. તબિયત સારી થાય એટલે તુરત જ ગુરુ મ. પાસે આવી જાય.

હરિને મુમુક્ષુભાવમાં રહી સંયમની તાલીમ મેળવી અને સંયમ ક્યારે મળે તે શુભભાવમાં રમવા લાગ્યો.

પરમ શાસન પ્રભાવક પૂ.આ.ભ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા વિ.સં. ૨૦૧૫માં સાદડી મુકામે બિરાજમાન હતા ત્યાં જઈને મુમુક્ષુ હરિનકુમારનું દીક્ષા મુહૂર્ત લેવામાં આવ્યું. દીક્ષા વિ.સં. ૨૦૧૬ વૈ.સુ. ૧૨ના નક્કી થઈ.

હરિનનાં દાદીમા કહેતા હતા કે 'દીકરો જમને આપું. પણ જતિને નહિ આપું.' છતાં હરિનની દીક્ષા લેવાની ભાવના મજબૂત જોઈને દાદીમાએ દીક્ષાનો વિરોધ ન કર્યો.

**દીક્ષા :**

માતા-પિતા ધર્મના સંસ્કારવાળા હતા. તેથી પોતાના સંસારી જીવનની કોઈપણ જાતની ચિંતા કર્યા વગર પુત્રને સંયમના માર્ગે મોકલ્યો.

હરિનકુમારની દીક્ષા **વિ.સં. ૨૦૧૬ વૈશાખ સુદ ૧૨**ના ૧૨॥ વર્ષની ઉંમરે **વાપી**માં પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી મૃગાંકવિજયજી મ.**ના વરદ હસ્તે થઈ અને તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિ **શ્રી હેમભૂષણવિજયજી**ના શુભ નામથી જાહેર થયા.

**વડી દીક્ષા** પૂ. ગણિવર્ય **શ્રી મૃગાંકવિજયજી મ.**ના વરદ હસ્તે **વિ.સં. ૨૦૧૬ જેઠ સુદ ૧૪ વાપી**માં થઈ. પહેલું ચાતુર્માસ નવસારીમાં થયું. દીક્ષા લીધા બાદ મુનિ શ્રી હેમભૂષણવિજયજી મ. બધું જ ભૂલી જઈ એક માત્ર ગુરુસેવા અને જ્ઞાનોપાર્જનમાં લાગી ગયા. બાળમુનિ હોવા છતાં ગોચરીમાં જે આવે તે વાપરી લે. ગુરુ જે આપે તે સોનાનું, બાકી બધું માટીનું આ એમનું જીવન વ્રત. મનગમતું માંગવાની તો વાત જ નહિ.

**સ્વાધ્યાય :**

જ્ઞાનાભ્યાસની સાથે સાથે સ્વાધ્યાય એટલો બધો કરે કે જોનાર થાકી જાય, પણ એ ન થાકે. એમનો સ્વાધ્યાયરસ જોઈને પ્રસન્ન થયેલા સિદ્ધાંત મહોદધિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ (વિ.સં. ૨૦૧૮) એકવાર અન્ય બાળમુનિઓને કહેલ કે 'જુઓ, આ હેમભૂષણ નાની ઉંમર હોવા છતાં કટલો સારો અભ્યાસ કરે છે અને કેવો અદ્‌ભુત સ્વાધ્યાય રસ છે,' અને કહ્યું કે, **'બાલમુનિને તૈયાર કરવા હોય તો મુનિ મૃગાંકવિજયજી પાસે રાખવા જોઈએ.'**

મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - પાઠશાળામાં **રતિભાઈ પંડિતજી** પાસે વ્યાકરણનો અભ્યાસ કર્યો.

ઉત્તરાધ્યયન સૂત્ર ૧૨ મહિનામાં કંઠસ્થ કરવાનો નિયમ લીધો. ન થાય તો કોઈ પ્રિય વસ્તુનો ત્યાગ, માંદગી આદિ કારણે લગભગ ૧ મહિનો વધારે થયો. તો પણ ૪૦૦ દિવસમાં ૨૦૦૦ ગાથા કરી અને નિયમ પૂરો કર્યો.

આ રીતે પ્રકરણ-ભાષ્ય, કર્મગ્રંથ, તત્ત્વાર્થ, વીતરાગ સ્તોત્ર, યોગશાસ્ત્ર, યતિહિતશિક્ષા, સિંદૂર પ્રકર, ઈન્દ્રિય પરાજય શતક, વૈરાગ્ય શતક, જ્ઞાનસાર, બૃહત્ સંગ્રહણી, શાંત સુધારસ, પ્રવચન સારોદ્ધાર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન તથા સ્તવન-સજ્ઝાય વગેરે સાથે કુલ ૨૧૦૦૦ ગાથાઓ કંઠસ્થ કરેલી.

૧૦ વર્ષ સુધી વિશેષ કોઈ સાથે વાત કરવાની નહિ. ૧૦ વર્ષ સુધી ધાર્મિક-માસિક-સાપ્તાહિક આદિ ઘણાં બહાર પડે તે વાંચે નહિ. ફક્ત જૈન પ્રવચનની છૂટ.

પોતાના માતા-પિતા સાથે પણ કોઈ વિશેષ વાત કરવાની નહિ અને કોઈ દિવસ વાત થાય તો તે વાત પોતાના ગુરુ મહારાજને જણાવી દે. ગુરુ મહારાજની જાણ બહાર કોઈ પ્રવૃત્તિ કરતા નહિ.

પૂ.આ. શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરિ મહારાજનો સ્વાધ્યાય પ્રેમ ખૂબ જ વખણાતો હતો. સ્વાધ્યાયની સાથે જ્ઞાનની પરિણતિ અને પરિણતિની સાથે નિઃસ્પૃહતાનો અપૂર્વ સુમેળ અને ગુરુ સમર્પણ ભાવ એમના જીવનમાં જોવા મળતો.

પ્રતિદિન પોતાના ગુરુ મહારાજશ્રી બે કલાક વાચના આપતા. તેમાં તેઓશ્રી નિયમિત પોતે બેસતા. વાચનામાં પન્નવણા, ઓઘનિર્યુક્તિ, પંચાશક, લોકપ્રકાશ, પંચસંગ્રહ, પ્રવચનસારોદ્ધાર, ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગ સૂત્ર વગેરે અનેક આગમાદિસૂત્રોનું વાંચન થતું. તેનાથી શાસનને યથાર્થરૂપે સમજનારા બન્યા.

પૂજ્યશ્રીના લઘુબંધુ દીપકકુમાર ૧૪ાા વર્ષની ઉંમરે પૂજ્યશ્રીના પગલે વિ.સં. ૨૦૨૨માં દીક્ષિત બની પૂજ્યશ્રીના પ્રથમ શિષ્ય બની પૂ.મુ.**શ્રી દિવ્યભૂષણવિજયજી** મ. નામે પ્રસિદ્ધ થયા.

ગુરુ સેવાના વ્રતધારી મુનિશ્રીએ ગુરુચરણોમાં રહી આજીવન એવી સેવા કરી કે ગુરુદેવની છેલ્લી માંદગીમાં ય સાથે રહેવાનો અને સેવા કરી સંપૂર્ણ ગુરુ કૃપા મેળવવાનો અવસર એમને પ્રાપ્ત થયો. પોતાના ગુરુ મ.નું સ્વાસ્થ્ય જ્યારે એકદમ બગડ્યું ત્યારે પ્રતિદિન દાદા ગુરુદેવ શ્રી પૂ. રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજાનો એક સમાધિપત્ર આવતો. જે પૂજ્ય હેમભૂષણવિજયજી મ. સ્વયં ગુરુદેવને સંભળાવતા અને ગુરુદેવ તરફથી દાદા ગુરુદેવ પર પત્રનો પ્રત્યુત્તર પોતે લખી દેતા. જેથી એમના ગુરુદેવને અપૂર્વ સંતોષ થતો.

વિ.સં. ૨૦૩૨ના ફાગણ સુદ ૬ના અંતિમ દિવસે પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય વધુ નરમ થયું. હાર્ટની તકલીફ અને નાડીના ધબકારા વધી ગયા. તે વખતે પૂના બિરાજમાન દાદા ગુરુદેવ પૂ.આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો સમાધિ પત્ર આવ્યો અને પૂ. મુનિ શ્રી હેમભૂષણવિજયજી મહારાજે કાળધર્મના વીસ મિનિટ પહેલાં જ પોતાના ગુરુદેવને વાંચીને સંભળાવ્યો. સંતોષના ભાવ સાથે, ગુરુ વચન અને નમસ્કાર મહામંત્રના જાપ-ધૂનમાં લીન ગુરુદેવ ચતુર્વિધ સંઘની હાજરીમાં વાલકેશ્વર શ્રીપાળનગર જૈન ઉપાશ્રયમાં સાંજે ૫-૩૫ મિનિટે પરમ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂ. હેમભૂષણવિજયજી મહારાજનું હૃદય આક્રંદ કરી ઊઠ્યું કે, 'હવે મારે માથે કોણ ?'

પૂ. મુનિરાજ શ્રી હેમભૂષણવિજયજી મ.ને ક્યાં ખબર હતી કે ગુરુ ઉપર ગયા છે. પરંતુ કૃપા નીચે મૂકીને ગયા છે. **જે શિષ્યને ગુરુની કૃપા મળી એને બધું જ મળ્યું છે.**

જૈનશાસનનો ઝળહળતો સિતારો એટલે પનોતિ પુણ્યાઈના સ્વામી, તપાગચ્છાધિરાજ વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !**

## દાદા ગુરુદેવ સાથે ભેટો :

આ મહાન દાદા ગુરુદેવે ગુરુ વિરહથી વ્યથિત મુનિ શ્રી હેમભૂષણવિજય મહારાજને સામેથી પત્ર લખીને પોતાની પાસે બોલાવી લીધા. (વિ.સં. ૨૦૩૨ જેઠ સુદ ૯ના ભેગા થયા) અને પોતાના વારસદાર પૂ.આ.શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની સાથે સમુદાય-સંચાલનના કાર્યમાં જોડી દીધા. વિ.સં. ૨૦૩૨ની સાલથી પત્ર વ્યવહાર, મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ, નાના-મોટા નિર્ણયો, સામુદાયિક કાર્યો અને સુવ્યવસ્થિત સંચાલન, શાસન પ્રભાવના અને શાસન સુરક્ષા આ બધી પ્રવૃત્તિમાં દાદાગુરુની આજ્ઞાથી જોડાયેલા મુનિ શ્રી હેમભૂષણવિજયજી મહારાજે ટૂંક સમયમાં ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.નો એટલો બધો વિશ્વાસ સંપાદન કરી લીધો કે એમની હાજરીથી ગચ્છાધિપતિ પૂજ્યશ્રી તથા પૂ.આ.શ્રી મહોદયસૂરીશ્વરજી મહારાજા બંને નિરાંત અનુભવતા.

## પૂનાનો પ્રસંગ :

વિ.સં. ૨૦૩૨નું ચાતુર્માસ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીનું પૂના કેમ્પમાં હતું તે વખતે પરમ પૂ.આચાર્ય શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પરમ પૂ.આચાર્ય શ્રી મેરુસૂરીશ્વરજી મહારાજા ઉંમર લાયક હતા. પૂ. ગચ્છાધિપતિશ્રી કરતાં દીક્ષા પર્યાયમાં ૧ વર્ષ મોટા હતા. તેઓનું સ્વાસ્થ્ય નરમ થયું. હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. ત્યારે પૂ. ગચ્છાધિપતિશ્રીએ પૂ.મુનિ શ્રી હેમભૂષણ વિ.મ. અને પૂ. મુનિ શ્રી કીર્તિયશ વિ.મ. આદિને મોકલ્યા. ૮ દિવસ દરેકે પૂ.આચાર્યશ્રીની સેવા સુંદર ભક્તિ-વૈયાવચ્ચ કરી પૂ.આ.ભ.શ્રી મેરુસૂરિ.મ.સા. ના કાળધર્મ પછી તેમના ગુણાનુવાદ સભામાં પૂનાની હોસ્પિટલના સૌથી મેઈન શીખ ડોક્ટરે કહેલ કે, **'જૈન સાધુઓએ બિમારની જે સેવા કરી છે. તે મેં નજરે જોઈ છે. અમારા ડૉક્ટર કે નર્સ ન કરી શકે તેવી ઉત્તમ સેવા કરી છે.'**

વિ.સં. ૨૦૩૩ સુરતમાં પૂ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં 'મહાનિશીથસૂત્ર'ના જોગ કર્યા.

## તપશ્ચર્યા :

વિ.સં. ૨૦૪૦માં સુવિશાલગચ્છાધિપતિશ્રી આદિ ઠાણાનું ચાતુર્માસ પાલીતાણા પન્નારૂપા ધર્મશાળામાં થયું. ત્યારે પૂજ્યશ્રીએ ૧૧ ઉપવાસની તપશ્ચર્યા અપ્રમત્તપણે કરેલ.

વિ.સં. ૨૦૪૯માં શંખેશ્વર તીર્થમાં પોષદશમીની આરાધનાના અવસરે અઠ્ઠમ કરી પોષદશમીની આરાધના શરૂ કરી.

વિ.સં. ૨૦૫૮ પાલીતાણામાં ૧૪-૧૪ પૂજ્ય આચાર્ય ભગવંતોનું ચાતુર્માસ સાંચોરી ભવન ધર્મશાળામાં થયું. તે વખતે પૂજ્યશ્રીએ એકસોથી વધુ સાધુ-સાધ્વીજી મહારાજોને ગણિપદથી લઈ ઉત્તરાધ્યયન સુધીના યોગોદ્‌વહન કરાવ્યા. પોતે ક્રિયા માટે પધારતા. એમાં જ પર્વાધિરાજ પર્યુષણમાં ૮ ઉપવાસ મૌનપૂર્વક અપ્રમત્તપણે કર્યા. તેમજ ૮મા ઉપવાસે સંવત્સરીના દિવસે ઊભા-ઊભા સંવત્સરી સૂત્ર બોલ્યા.

પૂજ્યશ્રી સાધુ-સાધ્વીજી ભગવંતોને અનુકૂળતા મળે ત્યારે ષોડશક વગેરે ગ્રંથોની સુંદર વાચના આપતા હતા.

**વૈયાવચ્ચ :**

પોતાના ગુરુ મહારાજની અંતિમ સમય સુધી સુંદર વૈયાવચ્ચ કરી અને અંતિમ સમયે ઉત્તમ નિર્યામણા કરાવી સમાધિ આપી.

પોતાના ગુરુભાઈ તપસ્વી મુનિરાજ **શ્રી કીર્તિભૂષણ** વિ.ને પાર્કીન્સનનું દર્દ હતું. ચાર વર્ષ સુધી સાથે જ રાખી મુંબઈથી પાલીતાણા સૂતાં સૂતાં ડોળીમાં લઈ ગયા. શ્રી સિદ્ધગિરિ તીર્થની યાત્રા કરાવી અને વિ.સં. ૨૦૪૫ શ્રાવણ વદ ૨ના કાળધર્મ પામ્યા ત્યાં સુધી દ્રવ્ય-ભાવ કાળજી રાખી સુંદર સમાધિ દાતા બન્યા.

તે જ રીતે પોતાના વડીલ ગુરુ બંધુ પૂ. મુનિરાજ **શ્રી હિરણ્યપ્રભ વિ.મ.** (તપસી મહારાજ)ની છેલ્લા વર્ષોમાં તબિયત બરાબર રહેતી ન હતી. તેમને કાયમ સાથે રાખીને સુંદર ભક્તિપૂર્વક વૈયાવચ્ચ કરી.

**ગણિપદ-તથા પંન્યાસ પદ :**

વિ.સં. ૨૦૪૬ મા. સુદ ૩ના સિદ્ધગિરિ તીર્થમાં પૂ.આ. ભગવંત શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે તેમની ગણિપદવી થઈ.

વિ.સં. ૨૦૪૭ મા. સુ. ૩ના ગણિપદવીના ૧૨ મહિના પૂર્ણ થતાં હોઈ પૂ. ગચ્છાધિપતિશ્રી પાસે હિતશિક્ષા મંગાવી. પૂ. ગચ્છાધિપતિશ્રીએ હિતશિક્ષામાં પોતાના અંતરની બે વાત લખી.

**૧- તારે આચાર્ય પદવી લેવાની છે.**

**૨- તારે પ્રવચન કરવાનું છે.**

આવું હતું પૂજ્યશ્રીનું પૂ. ગચ્છાધિપતિશ્રીના હૈયામાં સ્થાન.

વિ.સં. ૨૦૪૭ વૈશાખ સુદ ૧૦ના નવરંગપુરા અમદાવાદમાં પૂ.આ.ભગવંત શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે તેમની પંન્યાસ પદવી થઈ.

વિ.સં. ૨૦૪૭ના જેઠ વદ ૧૧ થી સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું સ્વાસ્થ્ય નરમ થયું. તે વખતે પૂ. પંન્યાસ શ્રી હેમભૂષણ વિ. ગણી તથા પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશ વિ.મ. આદિ મુનિ ભગવંતો સેવામાં હતા. ડોક્ટરો સાથે વાત કરવાની હોય, આગેવાન સુશ્રાવકો સાથે વિચારણા કરવાની હોય કે ટ્રીટમેન્ટ અંગે નિર્ણય કરવાનો હોય તો આ પૂજ્ય બંને મહાત્મા સાથે હોય. જોકે આ બંને પૂજ્ય મહાત્માઓ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં વર્ષો સુધી સાથે રહ્યા. જુગલ જોડી કહેવાતી. શાસનનું કોઈપણ કાર્ય હોય, સમુદાયનું કોઈપણ કાર્ય હોય, તો બંને પૂજ્યો અવારનવાર સાથે બેસીને વિચારણા કરતા. વિચારણા કરીને પૂ. ગચ્છાધિપતિશ્રીને જણાવતા અને પૂ. ગચ્છાધિપતિ જે નિર્ણય આપતા-આજ્ઞા કરતા તે સહર્ષ સ્વીકારીને અમલ કરતા. આ જ રીતે તપસ્વી સમ્રાટ પૂ.આ.શ્રી.

વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા અને ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી. વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના સમયમાં પણ તેઓ બંને સંકલનાપૂર્વક ગચ્છ-સંચાલન અને શાસન સુરક્ષાદિ કાર્યોમાં વડીલોને પૂરક બની રહ્યા હતા.

વિ.સં. ૨૦૪૭ અષાઢ વદ ૧૦ના સાબરમતી પુખરાજ રાયચંદ આરાધન ભવનથી પૂ. ગચ્છાધિપતિશ્રીને દર્શન બંગલે લાવવામાં આવ્યા ત્યારે આ બંને મહાત્મા પણ સાથે જ હતા. પરમ વાત્સલ્યનિધિ પૂ.આ.શ્રી વિજય **મહોદયસૂરિજી મહારાજા** સાહેબ તો નજીકમાં જ હતા અને પૂ. ગચ્છાધિપતિશ્રીને સુંદર આરાધના-નિર્યામણા કરાવતા હતા. અષાઢ વદ ૧૩ના પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીની તબિયત વધારે નરમ થઈ. દરેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકા સંઘ હાજર હતો અને વિ.સં. ૨૦૪૭ અષાઢ વદ ૧૪ના સવારે ૧૦ના ડંકે સકલ સંઘનો આધાર એવા સુવિશાલ ગચ્છાધિપતિ પરમ સમાધિપૂર્વક કાળધર્મને પામ્યા.

ત્યારે સકલ સાધુ-સાધ્વીવૃંદની જેમ પૂજ્યશ્રીનો લેખનભાર ઉપાડતા તેમને પણ અપાર દુઃખ થયું. જીવનમાં બીજીવાર માથેથી શિરશ્છત્ર ઝુંટવાયાની વેદના થઈ.

હવે, પૂજ્યશ્રીના માતા-પિતાની ઉંમર થયેલ હોઈ. માતા-પિતા અને શ્રી વાપી સંઘની વિનંતીથી પૂ. વડીલ બંને આચાર્ય ભગવંતોએ પૂ.પં. શ્રી હેમભૂષણ વિ.ગણિને વિ.સં. ૨૦૪૯નું ચાતુર્માસ વાપીમાં કરવા જણાવ્યું. દીક્ષા પછી ૩૩ વર્ષે પોતાના વતનમાં પહેલી જ વખત ચાતુર્માસ હોવાથી વાપીના શ્રીસંઘે ઉલ્લાસપૂર્વક લાભ લીધો તે ચાતુર્માસ શાસન પ્રભાવક થયું.

**આચાર્ય પદ :**

વિ.સં. ૨૦૩૨ થી પૂ.આ.શ્રી મહોદયસૂરિજી મહારાજા સાથે જોડાયેલા મુનિ શ્રી હેમભૂષણવિજયજી મુનિમાંથી ગણિ અને ગણિમાંથી પંન્યાસ બની ગયા તો ય અલગ થવાની વાત નહિ. જ્યાં પૂ. મહોદયસૂરીશ્વરજી મહારાજા હોય ત્યાં હેમભૂષણવિજયજી જોઈએ જ. દિવસમાં કેટલીય વાર આ.શ્રી.વિજય મહોદયસૂરિજી મહારાજનો અવાજ મકાનમાં અથડાય 'હેમુ ક્યાં છે ? એને બોલાવો...' આવો બંન્ને વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ હતો ! પૂ. ગચ્છાધિપતિશ્રીજીએ વિચાર્યું કે પૂજ્યપાદશ્રીજીની ઈચ્છા **પં. હેમભૂષણવિજયગણિને આચાર્ય બનાવવાની હતી** તે મારે પૂર્ણ કરવી જોઈએ અને વિ.સં. ૨૦૫૦ મહા સુદ ૮ના વાપી પાસે બગવાડામાં વર્ધમાન તપોનિધિ તપસ્વી સમ્રાટ પૂ.આ. શ્રી રાજતિલકસૂરિજી મહારાજા અને ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી મહોદયસૂરિજી મહારાજાએ તેમને આચાર્યપદે સ્થાપિત કરતાં જ તેઓ **પૂ.આચાર્ય શ્રી વિજય હેમભૂષણસૂરિજી મહારાજ** નામે જગજાહેર થયા.

વિ.સં. ૨૦૫૪માં તપસ્વી સમ્રાટ્ પૂ.આ.શ્રી રાજતિલકસૂરિજી મહારાજા તથા ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી મહોદયસૂરિજી મહારાજાનું ચાતુર્માસ ગિરધરનગરમાં થયું ત્યારે પૂજ્યશ્રી પણ સાથે જ હતા. ત્યાં પૂ.આ.શ્રી રાજતિલકસૂરિજી મહારાજાની તબિયત ગંભીર બની અને વિ.સં. ૨૦૫૪ના શ્રા.વદ ૫ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તે વખતે તેઓશ્રીને નિર્યામણા કરાવવામાં તેઓ પૂ. ગચ્છાધિપતિશ્રીજીની સાથે જ હતા.

**વિ.સં. ૨૦૫૮ ચૈત્ર વદ ૨** ના અમદાવાદ પાલડી દશાપોરવાડ સોસાયટીમાં **'પ્રશમ'** બંગલામાં સુવિશાળ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ **શ્રી મહોદયસૂરીશ્વરજી મહારાજા** સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યારે પૂ. ગચ્છાધિપતિશ્રીની સેવા અને નિર્યામણા કરાવવામાં સમસ્ત સમુદાયના પૂજ્યો સાથે પૂ.આ. શ્રી વિજય **હેમભૂષણસૂરિજી** મહારાજ તથા પૂ.આ. શ્રી વિજય **કીર્તિયશસૂરિજી** મહારાજ વગેરે મોખરે હતા.

**ગચ્છાધિપતિ-પદ :**

ગચ્છાધિપતિ પૂ.આ.ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના સમાધિપૂર્વક સ્વર્ગવાસ બાદ બંને ગચ્છાધિપતિઓના પરમ કૃપા પાત્ર અને પરમ વિશ્વાસ પાત્ર બનેલા પૂ.આ.શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાને પૂ.આ.શ્રી મહોદયસૂરિ મ.ની ભાવના અનુસાર ગચ્છનું સંચાલન સોંપાયું. ત્યાર બાદ **વિ.સં. ૨૦૫૯ વૈશાખ સુદ ૭ના સુરતમાં** સમુદાયના સૂરિવરોની સંમતિ-આશીર્વાદથી તેઓને **ગચ્છાધિપતિપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.** ત્યાર બાદ વિહાર કરી તેઓ મુંબઈ પધાર્યા હતા.

ગચ્છાધિપતિ બન્યા બાદ પ્રવચનો આદિ દ્વારા તેઓની પ્રભાવકતા દિન-પ્રતિદિન વધવા લાગી હતી.

તેઓનું વ્યાખ્યાન સૌમ્ય, સરળ શબ્દોથી સુસંસ્કૃત હોઈ સહુને ગમતું હતું. મુહપત્તિનો ઉપયોગ પ્રાયઃ તેઓ ચૂકતા નહિ. જે પણ કહેતા તે સ્પષ્ટ સમજાય તે રીતે કહેતા. વ્યાખ્યાન શૈલી ધીમી અને પ્રશ્નાત્મક હતી. પ્રશ્નો કરી તેઓ સભાને બોલતી કરી દેતા હતા. સભામાંથી જવાબ જો નહિ મળતો તો વિષયને વધુ સરળ બનાવી પીરસતા. જવાબ જો મળતો તો વ્યાખ્યાનનો રંગ ઓર જામી જતો. વ્યાખ્યાનની કેટલીક વાતોને શ્લોકોની જેમ કંઠસ્થ કરાવવાની તેઓમાં કળા હતી. આગમ ગ્રંથો અને ઉપદેશ ગ્રંથો તેઓના વ્યાખ્યાનોનો રસપ્રદ વિષય હતો.

**સૂરિમન્ત્રની પીઠિકા :**

વિ.સં. ૨૦૫૨ની સાલમાં પાલનપુર મુકામે તપસ્વી સમ્રાટ્ પૂજ્ય આ. **શ્રીમદ્વિજય રાજતિલકસૂરિજી મહારાજા** અને ગચ્છાધિપતિ **પૂ.આ.શ્રીમદ્ વિજય મહોદયસૂરિજી મહારાજા**ની નિશ્રામાં થોડા થોડા દિવસના આંતરે **સૂરિમન્ત્રની પહેલી ત્રણ પીઠિકાઓ** તપ-જપ સાથે કરી હતી અને **ચોથી તથા પાંચમી પીઠિકાની** આરાધના મુંબઈ પધાર્યા બાદ વિ.સં. ૨૦૬૦ની સાલમાં પાર્લામાં કરી.

વ્યક્તિના વ્યક્તિત્વનો પરિચય વ્યક્તિની વિચાર શક્તિ, વિવેક શક્તિ અને કાર્ય શક્તિના આધારે થતો હોય છે. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાએ પોતાની વિચાર શક્તિ, વિવેક શક્તિ અને કાર્ય શક્તિનો પરિચય જ્યારથી પોતે પોતાના દાદા ગુરુદેવ પૂ.આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સેવામાં આવી કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ કરાવી દીધો હતો. તેઓ દ્વારા ચાતુર્માસોની ગોઠવણી, તેઓ દ્વારા થતો મહત્ત્વપૂર્ણ પત્ર વ્યવહાર આદિથી ભારતભરના અનેક સંઘોએ અને પૂજ્યશ્રીના વ્યાપક ભક્ત વર્ગે ખૂબ જ સંતોષ અને વિશ્વાસ અનુભવ્યો હતો.

❖ બે-બે ગચ્છાધિપતિઓના પડખા સેવીને નેતૃત્વનો પૂર્ણ અનુભવ મેળવી ચૂકેલા તેઓશ્રીના આજ્ઞા-અનુજ્ઞા શાસનમાં **ત્રણસોથી અધિક શ્રમણો** અને **નવસોથી અધિક શ્રમણીઓ** હતાં.

❖ શાસન અને સમુદાયના ઉપસ્થિત થતા અનેકાનેક પ્રશ્નોમાં તેઓએ પોતાના વડીલો તરફથી પત્ર વ્યવહાર સંભાળી, વડીલોની આંતરિક ભાવનાને સુયોગ્ય શબ્દોમાં સંઘ અને સમુદાય સમક્ષ પહોંચાડી હતી.

❖ પર્વતિથિ ક્ષયવૃદ્ધિ, ઈષ્ટ ફળ સિદ્ધિ, રાષ્ટ્રિયસ્તરે ૨૫૦૦ની ઉજવણી, લોટરી પદ્ધતિથી જિન પ્રતિષ્ઠાના આદેશ આપવા, સમ્મેલનના ઠરાવોની અશાસ્ત્રીયતા આદિ અનેક વિશિષ્ટ ચર્ચાઓમાં તેઓએ તથા પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિજી મહારાજે શાસ્ત્રીય સત્યની રજુઆત માટેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

❖ પ્રત્યેક સાધુ-સાધ્વીની વ્યક્તિગત ચિંતા રાખવા સાથે પ્રત્યેકને સમાધાન અને સમાધિ આપવાનું તેઓનું લક્ષ હતું.

❖ શાસન સમર્થક પ્રવૃત્તિઓના તેઓ હંમેશા સમર્થક રહ્યા હતા તો શાસન વિઘાતક પ્રવૃત્તિઓના વિરોધી હતા.

❖ જગડુશાનગર જિનાલય સુરક્ષા, લઘુમતિ વિવાદ, જૈન-નાટકો, કુર્લા જૈન મંદિર સુરક્ષા, હસ્તપ્રત સંરક્ષણ, શિખરજી-અંતરિક્ષજી કેસ આદિ સર્વસમ્મત વર્તમાન પ્રશ્નોના નિરાકરણ માટે તેઓએ હંમેશા પોતાનો હકારાત્મક પ્રયત્ન ચાલુ રાખ્યો હતો.

❖ જિનવાણી પાક્ષિકના પ્રારંભથી તેમાં પ્રગટ થતાં દાદા ગુરુદેવનાં પ્રવચનો સ્વચ્છ, સુગમ અને લોકભોગ્ય બને તે માટે તેઓ સતત પ્રયત્નશીલ હતા.

❖ સાબરમતી-સ્મૃતિમંદિર નિર્માણ તેમજ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમયે ગચ્છાધિપતિ પૂ.આ.શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ. તરફથી અપાતા માર્ગદર્શનની તેઓશ્રીજી તેમજ પૂ.આ.શ્રી.વિજય કીર્તિયશસૂરિજી મહારાજ દ્વારા જાહેરમાં થતી વિશદ છણાવટ અવિસ્મરણીય અને સંઘો માટે અતિઉપકારક હતી.

❖ માન-અપમાનને ગળી જઈને પણ શાસન અને સમુદાયનું સંચાલન કરનારા તેઓ મહાન સૂત્રધાર હતા.

## ૮૩ વર્ષના માતુશ્રીને દીક્ષા પ્રદાન :

ગચ્છાધિપતિ પૂ.આ. શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાના જીવનની એક અદ્ભુત ઘટના એ હતી કે તેઓએ ૮૩ **વર્ષની વયોવૃદ્ધ વયે** પહોંચેલાં પોતાના માતુશ્રી **મણિબાને દીક્ષા આપી** પોતાના માથે રહેલ માતૃઋણને ફેડવાનો પ્રયત્ન કર્યો હતો.

પરમ ભાગ્યશાળી એ મા કહેવાય કે જે માએ મોહને મારી પોતાના નાનકડા માસુમ બે-બે સંતાનોને પ્રભુના શાસનની દીક્ષા અપાવી. ગુરુ-શિષ્ય બનાવ્યા હતા. બંનેને એક સાથે સાધના કરતા દેખ્યા હતા અને મોટા સંતાન હરિનને તો મુનિમાંથી ગણી, ગણિમાંથી પંન્યાસ અને પંન્યાસમાંથી આચાર્યપદ પર

પ્રતિષ્ઠિત થતા જોવાનું સદ્‌ભાગ્ય પણ મેળવ્યું હતું. એ તો ઠીક પણ સમસ્ત ભારત વર્ષમાં કદાચ આ એક જ મા એવી હશે કે જેને પોતાના સંતાનને **ગચ્છાધિપતિ પદ** પર પ્રતિષ્ઠિત થતા જોવાનું સૌભાગ્ય મેળવ્યું હશે અને એ મેળવ્યા બાદ ૮૩ વર્ષની વયે પોતાના સંતાનોના હાથે મુંબઈ જેવી મહાનગરીમાં હજારોની માનવ મેદનીમાં **વિ.સં. ૨૦૭૩ વૈ.સુ. ૭ના** મંગલ દિને દીક્ષા ગ્રહણ કરી સાધ્વીજી **શ્રી તરુલતાશ્રીજી**ના શિષ્યા બની મણિબેનમાંથી સાધ્વીજીશ્રી **મોક્ષમાલાશ્રીજી** બનવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત કર્યું હશે.

ગચ્છાધિપતિ પુત્રના સમાધિપૂર્ણ સ્વર્ગવાસી થયાના સમાચાર મુંબઈમાં એમના બા મહારાજને જ્યારે મળ્યા ત્યારે તેઓએ કહ્યું,

"આચાર્ય શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મહારાજે સંયમ તો લીધું, પણ સંયમ લઈ ગચ્છાધિપતિ પદ સુધી પહોંચી જૈન શાસનનને પોતાની શક્તિથી પ્રકાશિત કરી અંતે સમાધિ દ્વારા પોતાના મૃત્યુને પણ મહોત્સવરૂપ બનાવી દીધું. તેનો મને અપાર સંતોષ છે."

કોઈપણ વ્યક્તિ કે પક્ષ સાથે ખુલ્લા દિલે ચર્ચા વિચારણા કે વાતચીત કરવામાં ફસાઈ જવાનો કે બંધાઈ જવાનો ભય તેઓ ક્યારેય રાખતા ન હતા. તેઓ કહેતા કે મારે ગભરાવાની શી જરૂર છે ? **મારા ભગવાને મને એક સિદ્ધાંત આપ્યો છે. સત્યને ક્યારેય છોડીશ નહિ અને અસત્યને ક્યારેય વળગીશ નહિ.** આ સિદ્ધાંત પ્રમાણે મારે ચાલવાનું છે.

જે કોઈ તેમની પાસે આવે પોતાના હોય કે પારકા હોય વિરોધી હોય કે પ્રશંસક હોય, બધાને સમાન ભાવે સસ્મિતવદને તેઓ ધર્મલાભ આપતા.

જેઓએ ૧૬ વર્ષ સુધી પોતાના ગુરુદેવ પૂ.આ. શ્રીમદ્ વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજની સેવા કરી. ૧૫ વર્ષ સુધી પોતાના દાદા ગુરુદેવ પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સેવા કરી. ૧૧ વર્ષ ગચ્છાધિપતિ પૂ.આ.શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની સેવા કરી. સરવાળો કરવા જઈએ તો જેઓના સંયમ જીવનના ૪૨ વર્ષ તો ગુરુ સેવામાં જ પસાર થયા. બાકીના ૬ વર્ષ ગચ્છ સેવામાં પૂર્ણ થયા. એમણે પોતે પોતાના માટે કશું જ ન રાખ્યું.

પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં અનેક અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ તથા દીક્ષા મહોત્સવો થયેલ.

## અંતિમ આરાધના :

સુરતમાં ગચ્છાધિપતિ પદને પામ્યા પછી પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા. મુંબઈમાં લગભગ ચાર વર્ષની સ્થિરતા થઈ.

વિ.સં. ૨૦૬૦માં ભાદરવા મહિને લાખોમાં એકાદ વ્યક્તિને થાય તેવા **'લીવર સીરોસીસ'** નામના રોગનું નિદાન થયું. તેવા ભયંકર વ્યાધિને પ્રસન્ન મુખે સહતા રહ્યા. સાથે થાઈરોઈડ, બી.પી. બોનટી.બી., વાયુ આદિના અનેક વ્યાધિઓને વેઠી કર્મનિર્જરા કરતા રહ્યા.

લીવર સીરોસીસ વ્યાધિ વધતો ગયો. મુંબઈના શ્રેષ્ઠ ડોક્ટરોએ અનેક ઉપચારો કર્યા. પછી સુપ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય **શ્રી ભાસ્કરભાઈ હાર્ડીકરજીના** ઉપચાર માટે તથા ક્ષેત્ર પરિવર્તન માટે અમદાવાદ પધાર્યા.

અનેક ઉપચારો શરૂ કર્યા. અચાનક નવી-નવી વ્યાધિઓ થવા લાગી. તેથી ડોક્ટરની સલાહથી સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા. ત્યાં યોગ્ય ઉપચારો કર્યા. પરંતુ કર્મયોગે પરિસ્થિતિ કાબૂમાં ન આવે એ હદે હવે વણસી ચૂકી હતી. આવી પરિસ્થિતિમાં ય કદાચ લીવર ટ્રાન્સપ્લાન્ટ થાય તો કદાચ બચવાની એકાદ ટકો આશા કેટલાકને હતી. જો ટ્રાન્સપ્લાન્ટ કરવાનું થાય તો એ માટે એમના નવદીક્ષિત કિશોર શિષ્યરત્ન મુનિ શ્રી મોક્ષભૂષણવિજયજી મહારાજે પોતાનું લીવર આપવાની તૈયારી બતાવી ગુરુભક્તિનો અજોડ દાખલો આપ્યો હતો. દિલ્લીની નામાંકિત સર ગંગારામ હૉસ્પિટલના નામાંકિત ચિકિત્સકોએ એમની અંતિમ ક્ષણ સુધી ચિકિત્સા કરીને એમને સ્વાસ્થ્ય-પ્રદાન કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો.

છેલ્લા દોઢ મહિનાની માંદગીમાં અનુમોદનીય વાત તો એ હતી કે, તેઓ કહેતા કે કર્મ સત્તાને મેં કહી દીધું છે કે,

(૧) તારે જેટલાં દુઃખ મોકલવાં હોય તેટલા મોકલી આપ, હું દુઃખ સહન કરવા તૈયાર છું. દુઃખ સહન કરવાથી જ મારા કર્મો નાશ પામશે ને મોક્ષ નજીક આવશે.

(૨) મેં શરીર ડોક્ટરને સોંપ્યું છે, પણ મારું મન-મારો આત્મા ભગવાન પાસે છે.

(૩) જ્ઞાની ભગવંતે જે જોયું હશે તે થશે.

(૪) વેદના/પીડા વૃદ્ધિ પામે ત્યારે પરમાત્મા મહાવીર દેવને એક જ રાત્રિમાં થયેલા ૨૦ ઉપસર્ગ યાદ કરતા.

(૫) વેદના સહન કરવાનું બળ મેળવવા અનેક પૂર્વમહર્ષિઓ તથા વર્તમાનમાં પોતાના ગુરુદેવાદિ અનેક મહાપુરુષોનું સ્મરણ કરતા. આ રીતે વામન કાયા દ્વારા વિરાટ પરાક્રમી બની કર્મરૂપી લાખ યોદ્ધાની સામે એકમલ્લ બની તેની સામે યુદ્ધ કરી સતત સમાધિ જીવંત રાખી.

તેઓશ્રીનું પ્રિય સ્તવન હતું : **ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તન સે નિકલે,**

પ્રિય કડીઓ હતી : **ઉરમેં ન માન હોવે, દિલ એકતાન હોવે,**

**તુમ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તન સે નીકલે.**

અસહ્ય રોગો વચ્ચે ય તેઓની પ્રસન્નતા અદ્‌ભુત હતી. જે પ્રસન્નતા ડોક્ટરોને ય આશ્ચર્યચકિત બનાવતી.

અંતે, ખ્યાતનામ ડૉક્ટરોની ટીમ એમની ટ્રીટમેન્ટમાં જોડાઈ ગઈ હતી. પરંતુ શરીર એટલી હદે અંદરથી બગડી ચૂક્યું હતું કે જાણે નવ સાંધતા તેર તૂટે... ન મળે બી.પી. હાથમાં કે ન મળે પલ્સ હાથમાં... ઓપરેશનની વાત તો દૂર રહી, નાડીના ધબકારાને ધબકતા કેમ રાખવા એ ય મુશ્કેલીનો વિષય થયો.

સીરિયસ તબિયતના સમાચાર ચારે બાજુ ફેલાવા માંડ્યા. ગામો ગામથી ભક્તો પ્લેન અને ટ્રેન પકડી આવવા માંડ્યા. જ્યાં જ્યાં સમાચાર પહોંચ્યા ત્યાં સંઘોમાં તપ-જપ પ્રાર્થના અને આરાધનાઓ શરૂ થઈ ગઈ.

સંઘ સમાજ અને સાધુ-સાધ્વી સમુદાયમાં એક ચિંતાનું મોજું ફરી વળ્યું.

વિ.સં. ૨૦૬૪ જેઠ વદ ૭+૮ ના બપોરના તબિયત એકદમ બગડી છતાં અરિહંત-અરિહંત આ ચાર અક્ષરનો મંત્રોચ્ચાર અને જાપ ચાલુ હતો. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ફોટાનાં દર્શન કર્યાં, હાથમાં રજોહરણ લઈ દેવ-ગુરુને વંદન કર્યાં. સાધુઓએ સંલેખના કરાવી. ફરી પાંચ મહાવ્રતો ઉચ્ચરાવ્યાં. પાપોની નિંદા અને સુકૃતોની અનુમોદના કરવાપૂર્વક ચાર શરણનો સ્વીકાર કર્યો. શિષ્ય પરિવાર સાથે ક્ષમાપના કરી. દેહ અને આત્માની ભેદ અનુભૂતિમાં તલ્લીન બની ગયા. થોડો સમય થયો. કંઈક વળતા પાણી થયા. સાંજ પડી. પ્રતિક્રમણ આદિ ક્રિયા પૂરી થઈ. ફરી તબિયતે ઉછાળો માર્યો. સહુ ભેગા થઈ ગયા. સહુ મહાત્માઓ તથા ઉપસ્થિત શ્રાવકોએ અરિહંતપદની ધૂન ચાલુ કરી - શ્વાસ એકદમ વધવા માંડ્યો. વેદના વચ્ચે પણ હાથોની આંગળી પર ફરતો અંગુઠો અંદર ચાલી રહેલ અખંડ જાપની પ્રતીતી કરાવતો હતો.

આંખો ખુલ્લી હતી. શ્વાસ ચાલુ હતો, અંગુઠો ફરતો હતો. ત્યાં તો સમય આવી પહોંચ્યો. આંખો ધીરે ધીરે બંધ શ્વાસ ધીરે ધીરે બંધ... અંગુઠો ય ધીરે ધીરે બંધ, અને વિ.સં. ૨૦૬૪ જેઠ વદ ૭+૮ રાત્રિના ૧૦ કલાક ૩૦ મિનિટે પરમ સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા.

જૈન શાસને એક તેજસ્વી આચાર્ય ગૂમાવ્યા તો સુવિશાલગચ્છે એક ગચ્છસુકાની ગૂમાવ્યા.

પૂજ્યપાદશ્રીજીની સાથે રહેલા દરેક મહાત્માઓએ દિન-રાત જોયા વિના ઉત્તમ વૈયાવચ્ચ કરી હતી.

અંતિમ યાત્રા અને અગ્નિ સંસ્કાર અંગે દરેક પ્રકારની બોલીઓ બોલાવેલ. જેમાં અલગ-અલગ ભાઈઓએ ઉલ્લાસપૂર્વક બોલી બોલીને લાભ લીધેલ. જેઠ વદ ૯ના અંતિમ યાત્રાપૂર્વક એમના સંયમ દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

અગ્નિ સંસ્કારનો મુખ્ય લાભ મંડારવાળા **શ્રીરૂગનાથમલજી સમરથમલજી દોશી** પરિવાર હ. **ભંવરભાઈ-દિનેશભાઈ**એ લીધો હતો.

એમના સંયમજીવનની અનુમોદનાર્થે અનેક સ્થળે જિનભક્તિનાં મહોત્સવો થયા. ઠેર ઠેર ગુણાનુવાદની સભાઓ થઈ હતી.

ગુરુસેવા, દાદાગુરુ સેવા, ગચ્છાધિપતિ સેવા અને ગચ્છ સેવામાં પોતાની શક્તિઓનું સમર્પણ કરીને સુવિશાળ ગચ્છના અધિપતિત્વને શોભાવી જનારા તેઓશ્રીના આત્મિક ગુણોની ફરી ફરી અનુમોદના કરીએ.

.

તપસ્વી, સંયમનિષ્ઠ

# પૂજ્ય પંન્યાસ શ્રીભદ્રશીલવિજયજી ગણિવર

**જન્મ-માતા-પિતા :**

કચ્છની પાવનભૂમિ પર અબડાસા તાલુકાના સાંધવ (કોઠારા) ગામમાં ધર્મથી સંસ્કારિત સુશ્રાવક **શીવજીભાઈ** અને સુશ્રાવિકા **નેણબાઈ** રહેતા હતા. વિ.સં. ૧૯૭૩ આસો સુદ ૬ના સુશ્રાવિકા નેણબાઈની કુક્ષીથી પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ **ધનજીભાઈ** રાખવામાં આવ્યું. પોતાના વતનમાં વ્યવહારિક અભ્યાસ કરવા દ્વારા જીવનનો વિકાસ થયો. પછી ધંધા માટે સાહસ કરી કોચીન ગયા. ત્યાં થોડો સમય રહીને વ્યાપારાર્થે કલકત્તા ગયા. કલકત્તા મહાનગરમાં વર્ષોથી સ્થિર બનેલા ધનજીભાઈને વિ.સં. ૨૦૦૯ની સાલમાં કલકત્તા મહાનગરમાં જ **કલ્યાણમિત્ર શ્રી દમોદરભાઈ ઝીણાભાઈની** સત્પ્રેરણાનાં બળે પૂજ્યપાદ પરમગુરુદેવ વ્યાખ્યાન-વાચસ્પતિ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રવચન શ્રવણનો સુયોગ થયો.** પૂજ્યપાદશ્રીજીની અમોઘ દેશનાલબ્ધિના પરિણામે હળુકર્મી ધનજીભાઈની જીવનનૈયા જે સંસારમાર્ગે આગળ વધી રહી હતી તે તે જ દિવસથી ધર્મમાર્ગે વળી ગઈ.

અત્યાર સુધી માત્ર જન્મે જૈન હવેથી ધર્મે જૈન બન્યા અને તે પણ દેશવિરતિધર શ્રાવક જીવનને સાચા અર્થમાં જીવવા લાગ્યા.

**શ્રાવક જીવનના નિયમો અને આરાધના :**

(૧) પ્રતિદિન સપરિવાર સ્વદ્રવ્યથી ત્રિકાળપૂજા... તેમાં પણ મધ્યાહ્નકાળની અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી અને તેવો જ ઉત્તમભાવ દર્શનાર્થીઓને પણ અતિઆલંબનભૂત. (૨) જે દિવસે અષ્ટપ્રકારી પૂજા ન થાય તે દિવસે ચઉવિહારો ઉપવાસ. (૩) પ્રતિદિન ઓછામાં ઓછું એકાસણાનું પચ્ચક્ખાણ. (૪) એકાસણામાં પણ ચાર દ્રવ્યો જ વાપરવાના. (૫) પ્રતિદિન એક સાધર્મિકની ભક્તિ કરીને રૂપિયો શ્રીફળની પહેરામણી કરવાની. જે દિવસે સાધર્મિકનો યોગ ન મળે તે દિવસે ઉપવાસ કરવાનો. (૬) ગામમાં કે જે ક્ષેત્રમાં ગયા હોય ત્યાં મહાત્મા હોય તો સુપાત્રદાનનો લાભ લેવાનો જે દિવસે લાભ ન મળે તો આયંબિલ કરવાનું. (૭) જેટલા મહાત્મા હોય તે બધાને ઉભયકાળ ગુરુવંદન કરવાનું.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રશીલવિજયજી ગણિવર

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : ધનજીભાઈ | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ભદ્રશીલવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૭૩ આ. સુદ-૬ **સાંધવ (કચ્છ)** | ગણિપદવી | : વિ.સં. ૨૦૪૬ ફા. વદ ૧૧ લાલબાગ - **મુંબઈ.** |
| માતા | : નેણબાઈ | પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૪૭ વૈ. સુદ ૧૩ **ઘાટકોપર** - મુંબઈ. |
| પિતા | : શીવજીભાઈ | સંયમ પર્યાય | : ૩૦ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૨૦૧૯ જે. સુદ ૧૦ હઠીભાઈની વાડી, **અમદાવાદ** | કાળધર્મ | : વિ.સં. ૨૦૪૯ જે. સુદ ૧૪ **ભંડૂરી (વેરાવળ)** |
| દીક્ષાની ઉંમર | : ૪૬ વર્ષ | આયુષ્ય | : ૭૬ વર્ષ |
| દીક્ષા દાતાનું નામ | : પૂ.આ. શ્રી. રામચન્દ્રસૂરિ મહારાજા | | |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી. રામચંદ્રસૂરિ મહારાજા | | |

તે ઉપરાંત ઉભયકાળ પ્રતિક્રમણ, સામાયિક વગેરે નિયમિતપણે કરતા. ગૃહસ્થપણામાં વિ.સં. ૨૦૧૦ની સાલથી સળંગ ૯ વર્ષ સુધી પૂજ્યપાદ પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ચાતુર્માસ કર્યા. બધા ચાતુર્માસોમાં સપરિવાર રહેતાં અને સ્વયં સુપાત્રદાન અને સાધર્મિકોની ઉત્તમ પ્રકારે ભક્તિ કરતાં હતાં. વિ.સં. ૨૦૧૮માં ખંભાતમાં પોતાનાં વૃદ્ધપિતાજી શીવજીભાઈને પણ પરમગુરુદેવશ્રીજીની નિશ્રામાં સુંદર નિર્યામણા કરાવી.

**દીક્ષા :**

વિ.સં. ૨૦૧૯ જેઠ સુદ ૧૦ના રાજનગરમાં હઠીભાઈની વાડીમાં સપરિવાર ઐતિહાસિક પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો હતો. તેમાં ૨ લાખ ઉપરાંત માનવમેદનીની હાજરી હતી. અમદાવાદના તેમજ ભારતભરનાં સુપ્રસિદ્ધ શ્રેષ્ઠિવર્યોની ઉપસ્થિતિ હતી. લાખોની સંપત્તિનો ત્યાગ કરી પ.પૂ.આ.દે.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય તરીકે મુનિશ્રી ભદ્રશીલવિજયજી મ. તરીકે જાહેર થયા.

બે સુપુત્રો તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી ગુણશીલવિજયજી મ. (હાલ પૂ.આ.મ.શ્રી ગુણશીલસૂરીશ્વરજી મ.સા.) તથા મુનિશ્રી કુલશીલવિજયજી મ.સા. (હાલ પૂ. પન્યાસ શ્રી કુલશીલવિજયજી ગણિવર) બન્યા. ધર્મપત્ની નવલબેન સાધ્વીશ્રી નિર્મમાશ્રીજી મ. સાધ્વીજીશ્રી લક્ષ્મીશ્રીજી મ.ના શિષ્ય તરીકે અને પુત્રી ઈન્દિરાકુમારી તેમના શિષ્યા તરીકે સાધ્વીશ્રી ઈન્દુરેખાશ્રીજીના નામે જાહેર થયા.

સમસ્ત પરિવારની આ દીક્ષા અમદાવાદના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઈ ગઈ. જૈન શાસનમાં ખૂબ જ શાસનપ્રભાવક બનવા પામી.

દીક્ષા ગ્રહણ બાદ ગુરુદેવના ચરણે જીવન સમર્પણ કરવાપૂર્વક અપૂર્વ ગુરુભક્તિ કરતા. જૈફ ઉંમરે પણ દીક્ષા અંગીકાર કર્યા પછી સ્વાધ્યાયનો રસ અપૂર્વ હતો.

સંસ્કૃત બે બુક, પ્રાકૃત, કાવ્યો આદિના અભ્યાસ બાદ જ્યોતિષનો વિષય અને તેમાં પણ મુહૂર્ત બાબતમાં ખૂબ જ ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો.

**તપશ્ચર્યા :**

વિ.સં. ૨૦૦૯ની સાલથી શરૂ થયેલા એકાસણા આજીવન ચાલુ રાખ્યા. તેમાં પણ વર્ધમાન તપનો પાયો નાંખીને મોટી ઉંમરે પણ પ્રાયઃ વર્ષમાં નવ-નવ મહિના સુધી આયંબિલ કરતા હતા. તે દ્વારા તેઓશ્રી વર્ધમાન તપની ૯૨ ઓળી સુધી પહોંચ્યા હતા. વીસસ્થાનક તપ આદિમાં પણ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી.

વિ.સં. ૨૦૨૭થી ગુરુદેવની આજ્ઞાથી ચાતુમાસાર્થે જવાનો પ્રારંભ થયો. તે તે ક્ષેત્રોમાં તપ-ત્યાગ-સંયમની સુવાસ દ્વારા ખૂબ સુંદર શાસન પ્રભાવના કરી.

પૂજ્યશ્રીની નિશ્રામાં ચાર છ'રી પાલક સંઘ, ત્રણ ઉપધાન, સંયમદાન લગભગ આઠ (૮) મુમુક્ષુને અને લગભગ પાંચ જિનાલયોમાં પ્રતિષ્ઠા વગેરે શાસન પ્રભાવક કાર્યો થયેલ.

સિદ્ધગિરિની નવાણુ યાત્રા - એકાસણાથી વર્ષીતપ. ચઉવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રા પણ ચાલુ વર્ષીતપમાં કરેલ. તેમાં પણ પારણામાં એકાસણું જ.

પ્રતિદિન ત્રિકાળ દેવવંદન, પૂ. ગુરુ ભગવંતની પ્રતિકૃતિને દ્વાદશાવર્ત વંદન આદિ દૈનિક આરાધના અપ્રમત્તભાવે કરતા.

જેટલા વડીલ મહાત્મા હોય તે બધાને વિધિપૂર્વક વંદન, વિ.સં. ૨૦૨૦ની સાલમાં દીક્ષાગ્રહણ બાદ તુરત જ પિંડવાડામાં પૂજ્યપાદ દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં પોતાના પ.પૂ. ગુરુદેવશ્રીજીની સાથે જવાનું થયું. ત્યારે પ્રાયઃ ૧૦૦થી પણ અધિક મહાત્માઓ હતા. બધા વડીલ મહાત્માઓને વિધિપૂર્વક વંદન-પદસ્થ મહાત્માઓને ઉભયકાળ ગુરુવંદન કરવાનું ક્યારે પણ ચૂકતા નહિ. કોઈ મહાત્માને વંદન રહી જાય તો બીજે દિવસે આયંબિલ કરતાં.

૨૫/૩૦ કિ.મી.ના વિહાર પછી પણ દેવવંદન આદિની નિયમિત આરાધના ચાલુ જ રહેતી. પ્રતિક્રમણ આદિમાં પણ સદાને માટે અપ્રમત્તતા હતી. ક્રિયાની અત્યંત સુંદર રુચિ ધરનારા હતા. પરિચયમાં આવનારા પ્રત્યેક આત્માઓના હૃદયમાં પરમાત્માના શાસનની સ્થાપના થાય તેવી પ્રેરણા કરતા તે દ્વારા અનેક આત્માઓને આલંબનભૂત બન્યા.

**ગણિ પંન્યાસ પદ :**

વિ.સં. ૨૦૪૬ ફા.વ. ૧૧ના લાલબાગ મુંબઈમાં પૂજ્યપાદ પ્રશમરસ પયોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના આચાર્યપદ પ્રદાનની સાથે ગણિપદ અને વિ.સં. ૨૦૪૭ વૈ.સુ. ૧૩ના ઘાટકોપર મુંબઈમાં ધર્મતીર્થ પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરિશ્વરજી મહારાજાના વરદ હસ્તે પંન્યાસપદવી થઈ.

પૂજ્યશ્રીજી ૭૬ વર્ષની ઉંમરે પણ પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ આ.દે.શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના એક જ વચનને તહત્તિ કરી વૈશાખ જેઠ મહિનાની વિષમ ગરમીમાં ઓગણીસ દિવસમાં ૪૩૦ કિ.મી.નો વિહાર કરી વેરાવળ પહોંચ્યા. ત્યાંનાં જિનાલયનો ભવ્યાતિભવ્ય સુવર્ણ જયંતી મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં થયો. ત્યાં (વેરાવળમાં) વર્ષોથી પૂજારીને પગાર દેવદ્રવ્યમાંથી અપાતો હતો. પૂજ્યશ્રીના ઉપદેશથી સાધારણનું માતબર ફંડ કરવામાં આવ્યું. જેના પરિણામે સંઘને સંપૂર્ણ દેવદ્રવ્યના ઋણમાંથી મુક્તિ મળી.

ત્યાંથી જામનગર તરફ વિહાર કરતાં વિ.સં. ૨૦૪૯ જેઠ સુદ ૧૪ તા. ૩-૬-૧૯૯૩ના કમભાગી દિને પ્રભાતના સમયે જ વિહાર કરતાં પૂજ્યશ્રીની ડોળીને મોટરનો જીવલેણ અકસ્માત થયો. આટલા દિવસ સુધી ચાલીને જ વિહાર કરતાં હતા. પૂજ્યશ્રીને એ જ દિવસે તબિયતનાં કારણે ડોળીનો ઉપયોગ કરવો પડેલ. પોતે તો સદા માટે જાગૃત હતા. અંતિમ સમયે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની અંતિમ યાત્રા આદિ પ્રસંગો પણ વેરાવળ સંઘ માટે ચિરસ્મરણીય બની ગયા. પૂજ્યશ્રીના સંયમજીવનની અનુમોદનાર્થે જામનગર શાંતિભુવન સંઘમાં ૧૭ દિવસનો ભવ્ય જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ.

પૂજ્યશ્રીના પટ્ટધર શિષ્યરત્ન મધુરવકતા પૂ.આ.શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મહારાજ હાલ સુંદર શાસન પ્રભાવના કરી રહ્યા છે.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ગગલદાસ |
| જન્મ | : વિ.સં. ૧૯૮૦ વૈશાખ વદ ૬ ભોરોલ તીર્થ |
| માતા | : સેજીબેન |
| પિતા | : સ્વરૂપચંદ |
| દીક્ષા | : વિ.સં. ૨૦૨૩ પોષ સુ. ૧૪ મુરબાડ, મહારાષ્ટ્ર |
| દીક્ષાની ઉંમર | : ૪૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ. શ્રી. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ગુણયશવિજયજી મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૨૦૨૩ મહા વ. ૧૦ લાલબાગ - મુંબઈ. |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૫૦ કા. સુ. ૧૧ સુરત |
| પંન્યાસ ઉપા. | : વિ.સં. ૨૦૫૨ વૈ.સુ. ૬ ભોરોલ તીર્થ |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૫૨ વૈ સુ. ૭ ભોરોલતીર્થ |
| આચાર્ય પર્યાય | : ૧૩ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૨ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૬૫ આસો વદ ૪ લાલબાગ મુંબઈ |
| આયુષ્ય | : ૮૫ વર્ષ |

**સૌજન્ય :** પરમારાધ્યપાદ તપાગચ્છાધિપતિશ્રીજીના શુભ આશીર્વાદથી તેમજ પૂ.મુનિરાજશ્રી કનકયશવિ.મ. તથા પૂ.મુનિરાજ શ્રી કૈવલ્યયશવિ.મ.ના સદ્ઉપદેશથી અને પૂ.સા.શ્રી મનહરશ્રીજી મ.ના તેમજ ઉપકારી વર્ધમાન તપોનિધિશ્રીજીના સંયમજીવનની સ્મૃતિમાં

**વોહેરા પાર્વતીબેન રીખવચંદ હકમચંદ** હ. લીલાવતીબેન કાન્તિલાલ વોહેરા. રામપુરાવાળા.

વર્ધમાન તપોનિધિ, ગૌરવવંતા ગુરુદેવ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા, જૈન શાસન શિરતાજ, દીક્ષાયુગ પ્રવર્તક, તપાગચ્છાધિરાજ, ભાવાચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના પરમવિનયી શિષ્યરત્ન હતા. વર્ધમાન તપોનિધિ એઓનું મુખ્ય બિરૂદ હતું; પરંતુ વર્ધમાન બિરૂદાવલીથી નવાજીએ તો પણ અલ્પોક્તિ થાય એવા વર્ધમાન ગુણગણોથી ભરપૂર એઓનું જીવન હતું.

**જન્મભૂમિ : ભોરોલ તીર્થનો પ્રાચીન ઇતિહાસ :**

ગુજરાતના વાયવ્ય ખૂણે થરાદની પાસે આવેલું **ભોરોલ તીર્થ** એમનું સંસારી વતન હતું. વાવ, થરાદ, સાંચોર જેવી ઐતિહાસિક નગરીઓથી ઘેરાયેલું આ તીર્થ, એક જમાનામાં પિપ્પલપુર પત્તન અગર પિપ્પલાનક નામે મહાનગર હતું. પાસેનું ઢીમા તીર્થ એનું ઉપનગર હતું. સેંકડો કોટિપતિ શ્રેષ્ઠિઓ અત્રે વસતા. અનેક જિનમંદિરોથી નગરી ભરી ભરી હતી. કાળની થપાટ વાગતાં બધું વેર-વિખેર થયું. અનેક પ્રતિમાજી ભૂમિમાં બિરાજી દેવગણથી પૂજાતાં રહ્યાં.

વિ.સં. ૧૯૬૧માં ભોરોલ ભૂમિના ભાગ્યવિધાતા ભગવાન **શ્રી નેમિનાથ પ્રભુ** સ્વયંભૂ પ્રગટતાં ભૂમિનાં ભાગ્ય પલટાયાં. ક્રમસર ઉન્નતિ થવા લાગી. સંઘે સુંદર જિનાલય બનાવી પ્રભુને પધરાવતાં ભાવોની વૃદ્ધિ થતાં ઘર-ઘરમાં પ્રશસ્ત દ્રવ્યની પણ વૃદ્ધિ થવા લાગી.

**જન્મ : માતા-પિતા :**

**વિ.સં. ૧૯૮૦**માં પાલીતાણાના શ્રી આદીશ્વરદાદાની પ્રતિષ્ઠાના શુભ દિને એટલે જ **વૈ.વ. ૬ના સેજીબાઈની** કૂખથી નાનકડા બાળકનો જન્મ થયો. **પિતા સ્વરૂપચંદ**ને વધામણાં મળતાં આનંદ થયો. બાળકને નવકાર સંભળાવાયો. દાદા શ્રી નેમનાથનાં દર્શન-પૂજન કરાવાયાં. બે એક વર્ષ પિતાનું વાત્સલ્ય મેળવ્યા બાદ પિતા જ્યારે દેવલોકની વાટે સંચરી ગયા ત્યારે બાળક **ગગલદાસ** તે ઘટનાને સમજી પણ શકતું ન હતું. કાકા ગમાનચંદે જાળવી મોટા કર્યા. ધર્મના સંસ્કાર આપ્યા. એ કાકા ચોમાસી પ્રતિક્રમણ કરીને આવ્યા બાદ કાળોતરા સર્પે ડંખ મારતાં નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક સ્વર્ગવાસી બન્યા હતા.

ગગલદાસનું પ્રાથમિક શિક્ષણ ભોરોલમાં જ થયું. યુવાન થયા બાદ તેમને માટે અમદાવાદ જવાનું નક્કી થયું. ભોરોલની ભૂમિ અને ભગવાન શ્રી નેમનાથની ભક્તિ છોડવી ન હતી પણ વ્યવહારિક જવાબદારીઓને પૂરી કરવા માટે બીજો ઈલાજ ન દેખાતાં ભગવાન શ્રી નેમનાથનાં દર્શન, વંદન, પૂજન કરી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

**રાજનગરમાં ધર્મભાવની વૃદ્ધિ અને પૂ. આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી મ.નો ભેટો :**

રાજનગરમાં આવી ભાડાની જગ્યા લીધી. ન્યાય-નીતિથી ધંધો કર્યો. કાપડની ફેરી અને લારી કરી. આગળ જતાં પોતાની દુકાન પણ કરી. પ્રામાણિકતા અને દિલની ચોખ્ખાઈથી વેપારીઓના તેમજ ગ્રાહકોના માનીતા બન્યા. એ કોઈ ધંધો કરતા. કોઈક સ્વજનને ભાગીદાર બનાવતા. ધંધો સેટ થતાં જ એ ધંધો-દુકાન એને સોંપી દેતા. એકવાર નાણાની સગવડ થતાં બીજી દુકાન કરી. દુકાન ધમધોકાર ચાલવા લાગી. પણ થોડા જ સમયમાં વિચાર આવ્યો કે મારે તો દીક્ષા લેવાની છે તો આમ ધંધો વધાર્યે દીક્ષા કેમ મળે ?' તરત બીજી દુકાન સમેટી લીધી.

એમની બજારમાં ઊંચા ધર્માત્મા તરીકેની છાપ. એક મુસ્લિમ વેપારી એમને ત્યાં કાપડની ગાંસડીઓ મૂકી ગયો. આમણે જઈને કહ્યું કે, મેં આટલો ઓર્ડર નોંધાવ્યો નથી. માલ કેમ મોકલ્યો છે !' વેપારીએ કહ્યું, 'ગગલભાઈ ! વેચાય તેટલો વેચજો. બાકીનો પાછો આપી દેજો ! બીજાને આપવાનો નથી.'

એ મુસ્લિમ વેપારીએ એના પુત્રના લગ્નમાં ગગલભાઈને જમવા બોલાવ્યા. ગગલભાઈ જાય શાના ? એણે કહ્યું, 'તમારા જૈન ધર્મ મુજબ જ બધો જમણવાર થશે, પછી તો આવશો ને ?' ગગલભાઈએ જણાવ્યું કે, 'હું મારા સગા-વ્હાલાના ય લગ્નમાં જતો-જમતો નથી, તમારે ત્યાં કેમ આવી શકું ?' પેલા મુસ્લિમ વેપારીએ જૈન મર્યાદા મુજબ જ આખો જમણવાર કર્યો, પણ ગગલભાઈ ન ગયા તે ન જ ગયા. પોતાના દિકરા કાંતિને મોકલ્યો.

એ મુંબઈની મૂળજી જેઠા માર્કેટમાં આવતા કે તરત વેપારીઓ ઈશારો કરીને બધાને શાંત કરી દેતા. 'ગગલભાઈ આવ્યા છે' એમની હાજરીમાં અશોભનીય વાતચીત આદિ થઈ શકતી નહિ. આ ગાળામાં પરમાત્માનાં દર્શન-પૂજન, ગુરુવંદન-પૂજન-પ્રવચન શ્રવણ વગેરે આચારો જાળવી રાખ્યા. ઉપાશ્રયે-ઉપાશ્રયે ફર્યા. દરેક સાધુ ભગવંતોનાં પ્રવચનો સાંભળ્યાં. ગુરુ ભગવંતોને ઘરે બોલાવી સુપાત્ર દાનનો લાભ લેતા. અંગત પરિચય કરી વિશેષ ભક્તિનો લાભ પણ લેતા. આમ છતાં એમની પરીક્ષક દૃષ્ટિ પોતાનું આત્મકલ્યાણ કરી શકે તેવા ગુરુતત્ત્વને ગોતતી રહેતી. રાજનગરના અનેક ઉપાશ્રયોમાં ફરી વળ્યા બાદ વિદ્યાશાળામાં બિરાજમાન પૂ.આ.શ્રી વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજાના ચરણોમાં એમનું મન ઠર્યું. આદર્શ સાધુતાનાં દર્શન થતાં એમણે મનોમન પોતાનું જીવન સમર્પણ કરી દીધું. હવે પ્રત્યેક બાબતમાં તેઓ ગુર્વાજ્ઞા મેળવી પ્રવર્તવા લાગ્યા.

આ અરસામાં રામપુરાના **હકમચંદ કેવલચંદ વોહેરા**નાં શીલવતી-રૂપવતી કન્યા **જીવીબેન** જોડે એમનાં લગ્ન લેવાણાં. દાંપત્ય જીવન શરૂ થયું. ગગલભાઈનું મન સંસાર તરફ ઓછું અને સંયમ તરફ

વધુ હતું. શ્રાવક જીવનને શોભાવે તેવા ઉપધાનાદિ તપો કર્યા. રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ જેવાં પાપોને તો ક્યારનો દેશવટો આપી દીધેલો. વિ.સં. ૨૦૦૮ પછી એમણે છૂટા મોંઢે ક્યારેય વાપર્યું નથી.

એકવાર નગરશેઠના વંડે કવિકુલ કિરીટ પૂ.આ.શ્રી વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરિજી** મહારાજાનું પ્રવચન સાંભળી માંહ્યલો જાગી ઊઠ્યો. જીવનની દિશા નક્કી કરી લીધી.

## જિનવાણી શ્રવણથી વૈરાગ્ય ભાવની વૃદ્ધિ :

વિ.સં. ૨૦૦૬માં પાલીતાણા ચાતુર્માસ કર્યું. રહ્યા હતા આગમમંદિરમાં પણ ત્યાંના મહાત્માની સંમતિથી પૂ.આ.શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરિજી** મહારાજાનાં થતાં પ્રવચનો સાંભળવા રોજ નરશીનાથાની ધર્મશાળાએ જતા. આ પ્રવચનોએ વૈરાગ્યને જ્વલંત બનાવી દીધો. મનોમન ઘણા નિર્ણયો લઈ લીધા. સવિશેષ તપ ધર્મમાં જોડાઈ ગયા.

વિ.સં. ૨૦૦૮માં પુત્ર કાંતિલાલનો જન્મ થયો. જન્મ બાદ નવકારની ભેટ આપી. પુત્ર સમજણો થયો. ત્યારથી મા પુત્રમોહથી એનું અહિત ન કરી દે એની કાળજી રાખી, સાથે ને સાથે રાખતા, તપ કરાવતા. તપ અખંડ રહે એનું ધ્યાન રાખતા. પૂ.આ.શ્રી **સિદ્ધિસૂરિજી** (બાપજી) મહારાજા સાથે પુત્રનું પણ ભાવનાત્મક જોડાણ કરી આપ્યું. આદર્શ જીવન ઘડવૈયા બની પુત્રમાં ઉચ્ચતર વિદ્યાઓનું આધાન કર્યું.

## દીક્ષા માટે ઘોર તપ અને આકરો ત્યાગ :

મન હવે સંયમ માટે થનગનતું હતું. સ્વજન-પરિવારની રજા માંગી. સમજવા કોઈ તૈયાર ન હતું. ખૂબ વિરોધ ઊઠ્યો. ગગલભાઈએ પણ વિરોધને ખાળવા ઉગ્રતર તપ, ત્યાગ અને અભિગ્રહો કરવા માંડ્યો. ૧૨-૧૨ વર્ષ સુધી મૂળથી ઘીનો ત્યાગ કર્યો. વર્ધમાન તપની ઓળીનો પાયો નાંખ્યો. ઉપરા ઉપરી ઓળીઓ કરવા લાગ્યા. માત્ર એક-બે દ્રવ્યની ઓળીઓ કરી. પારણે છઠ્ઠ અને એના પારણે ભાત-પાણી કે રોટલી-પાણીના આયંબિલો. વર્ષો સુધી આ ક્રમ ચાલ્યો એ પછી છ વિગઈઓ સદંતર મૂળથી બંધ કરી, એને ય ૬-૬ વર્ષો વીત્યાં. આમ છતાં સ્વજનોએ દાદ ન આપી.

હવે અંતિમ તૈયારી રૂપે પુત્રને સ્કૂલ છોડાવી. ગુરુદેવ પાસે વિહારમાં મૂક્યો. ધંધાની જવાબદારી પોતાના પિતરાઈ ભાઈ-ભત્રીજાને સોંપી અને વિ.સં. ૨૦૨૩ની સાલમાં પોષ મહિને દીક્ષા લેવા માટે તેઓશ્રીએ અમદાવાદથી મુંબઈ તરફ મંગલ પ્રયાણ કર્યું.

## દીક્ષા :

અનેક કલ્યાણમિત્રોનો સાથ-સહકાર મળ્યો. મુંબઈ થઈને **મુરબાડ** આવ્યા. પૂ. ગુરુદેવ વિહાર કરીને ત્યાં પહોંચી ચૂક્યા હતા. પુત્ર કાંતિને તો પહેલેથી જ ત્યાં મોકલી આપ્યો હતો. પાંચ દિવસનો મંગલ મહોત્સવ થયો. કલ્યાણમિત્ર પરિવારોનો સ્વજનોને ભૂલાવે તેવો વ્યવહાર જોઈને પ્રાયઃ કોઈને ખ્યાલ ન આવ્યો કે આ ગુપ્ત દીક્ષા છે. પો.સુ. ૧૩ના પૂ. ગુરુદેવશ્રીની દીક્ષાતિથિ ઉજવાઈ અને વિ.સં. ૨૦૨૩ **પો.સુ. ૧૪**ના એ જ ગુરુદેવે પિતા-પુત્રને દીક્ષાનાં દાન કર્યાં. પોતાના શિષ્ય-

પ્રશિષ્યરૂપે મુ. શ્રી **ગુણયશવિજયજી** મહારાજ અને મુ. શ્રી **કીર્તિયશવિજયજી** મહારાજ નામ રખાયાં. હિતશિક્ષા આપી. આપેલા નામોનો પરમાર્થ સમજાવ્યો. બંને પિતા-પુત્ર ગુરુ-શિષ્ય મુનિવરે ગુરુશીખને નખશીખ અવતારવાનો નિર્ણય કર્યો.

હવે બંને ય મુનિવરો પૂ. ગુરુદેવશ્રીની સેવામાં જોડાઈ ગયા. ગુરુ પૂ. ભગવંતશ્રીજી પ્રભાવે પરિવારનો મોટો વિરોધ વિલાઈ ગયો. રાજીખુશીથી **ભૂલેશ્વર, લાલબાગ, મુંબઈ** ખાતે **વિ.સં. ૨૦૨૩ મહા વદ ૧૦ના** વડીદીક્ષા થઈ. પિતામુનિ તપ-ત્યાગ અને વૈયાવચ્ચમાં અને પુત્રમુનિ અધ્યયન-વૈયાવચ્ચમાં વિશેષ રીતે લાગી ગયા. બંનેએ સ્વ-સ્વ ક્ષેત્રે કાઠું કાઢ્યું.

## મુમુક્ષુઓને તૈયાર કરવાની કળા :

પૂ.મુ. શ્રી **ગુણયશવિજયજી** મહારાજે જે રીતે પુત્ર મુનિનું બાલપણથી સંસ્કરણ કરેલું એનાથી પૂ. ગુરુદેવશ્રી અત્યંત પ્રભાવિત થયા હતા. તેથી તેઓશ્રીએ પોતાની પાસે ભણવા-રહેવા આવતા મુમુક્ષુઓને તેમને સોંપવા માંડ્યા. માત્ર એક જ વર્ષના પર્યાયમાં આ જવાબદારી મળી, જે તેમણે જીવનભર સાંગોપાંગ નીભાવી ગુરુનો વિશ્વાસ સાર્થક કર્યો. પૂ. ગુરુદેવશ્રી અત્યંત સંતૃષ્ટ થયા હતા.

## વૈયાવચ્ચ ગુણ :

આ જ રીતે પ્રારંભિક વર્ષોમાં પૂ. ગુરુદેવની અભ્યંતર માંડલીમાં રહી એઓશ્રીની તમામ સેવા-વૈયાવચ્ચ આદિનો ભાર પૂ. મુનિશ્રી ગુણયશ વિજયજી મહારાજના વૃષભ સ્કંધો પર મુકાયો. એ પણ એમણે સાંગોપાંગ પાર પાડ્યો. વૈયાવચ્ચ સહેલી નથી. એમાં ય આવા ટોચની કક્ષાના ગુરુદેવની વૈયાવચ્ચ કરવી હોય તો તન-મનની ઘણી સજ્જતા જોઈએ. પૂ. મુનિશ્રીએ એ સજ્જતા કેળવી અને પૂ. ગુરુદેવશ્રીને તેમજ ગચ્છને અપાર સંતોષ આપ્યો. આ ગુણના કારણે તેઓશ્રીનો અત્યંત ઝડપી આત્મવિકાસ થયો. તપ-જપમાં તો અગ્રિમ હતા, હવે આધ્યાત્મિક પરિણતિઓ, સ્વરૂપાનુસંધાન, સંયમરતિ, મોક્ષની તાલાવેલી આદિમાં તેઓ અગ્રેસર બન્યા. આવી ગુણાવલી તેઓમાં સહજ રીતે આત્મસ્થ બની.

તેઓશ્રીએ સંસ્કૃતનો ય અભ્યાસ કર્યો. અનેક મુમુક્ષુઓ અને મુનિવરોને ભણાવતાં-ભણાવતાં જાતે ય ભણવાનો પુરુષાર્થ કરતા. પરિણામે સંસ્કૃત બુકો થયા બાદ અઢળક ગ્રંથો તેમણે વાંચી લીધા. પૂ. ગુરુદેવ જીવ્યા ત્યાં સુધી એમનો પડછાયો બનીને જીવ્યા. ૨૪ વર્ષ સુધી અખંડ ગુરુકુળવાસ સેવી અપાર નિર્જરા કરી. વિ.સં. ૨૦૪૭માં અષાઢ વદ ૧૪ના પૂ. ગુરુદેવના પરમસમાધિમય કાળધર્મથી તેઓ ભાંગી પડ્યા હતા. ગુણાનુવાદ સભામાં રડી પડ્યા હતા. ગુરુવિરહ ખમવો એમના માટે આસાન ન હતું. એમણે તપસ્વી સમ્રાટ્ પૂ.આ.શ્રી **રાજતિલકસૂરિજી** મહારાજ અને પોતાના વડીલ ગુરુબંધુ ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિજય **મહોદયસૂરિજી** મહારાજાનું સાંનિધ્ય મેળવી મનને મનાવ્યું.

## પૂ. ગુરુદેવના પુસ્તકોનું સતત અપ્રમત્તપણે વાંચન :

પૂ. ગુરુદેવના વિરહમાં પૂ. ગુરુદેવના પ્રવચન પુસ્તકોનું આલંબન લઈ મનને વાળ્યું. અનેકવાર એકનું એક પુસ્તક વાંચ્યું. એમને જાણે પોતાના ખોવાયેલા ગુરુદેવ એ પુસ્તકોનાં પાને મળી ગયા. એમનો રોજનો

ક્રમ બની ગયો. પ્રકાશનું પહેલું કિરણ આવે કે હાથમાં પ્રવચન પુસ્તકની સ્થાપના થતી અને સાંજના અંતિમ કિરણે એ પુસ્તક બાજુ પર મુકાતું. પૂ. ગુરુદેવને એમણે જેટલાં વાંચ્યા હશે તેટલા શાયદ કોઈએ નહિ વાંચ્યા હોય !

પૂ.આચાર્યદેવ શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ શાસનના અનેકાનેક કાર્યોની જવાબદારી પુત્રમુનિ પર મૂકેલી. પૂ.મુ. શ્રી કીર્તિયશવિજયજી મહારાજ હવે રોજિંદાં પ્રવચનો પણ કરતા. પૂ. ગુરુદેવશ્રીની અભ્યંતર પર્ષદામાં બિરાજી શાસનના કાર્યોમાં મસલત પણ કરતા, સંમેલનના વિરોધની સભાઓમાં પૂ. ગુરુદેવશ્રીએ હુકમના પત્તારૂપે એમને પ્રવચનો કરવાની જવાબદારી સોંપેલી. પૂ.મુ.શ્રી ગુણયશવિજયજી મહારાજ પુત્રમુનિનું રખોપું હતા. એમનું જતન કરતા. અવસરે એમનાં કામો પાર પાડીને પણ એમને શાસન સેવા માટે નિશ્ચિંત રાખતા. પૂ. ગુરુદેવશ્રીની કૃપા, ગંગા બનીને આ બેય પિતા-પુત્ર મુનિવરો પર અવિરત વહેતી હતી.

ગુરુદેવની વિશિષ્ટ સેવા-ભક્તિ ઉપરાંત પૂ.મુ.શ્રી ગુણયશવિજયજી મહારાજ સમુદાયના તપસ્વી મુનિવરોની ભક્તિ અપ્રતિમ કરતા. પૂ. ગુરુદેવ પાસે આજ્ઞા મેળવી. તેઓ મહાનતપસ્વી મુનિવરોના અત્તરવાયણાં-પારણાં માટે સુયોગ્ય ગોચરી લઈ આવતા અને ખૂબ વાત્સલ્યથી વપરાવતા. પોતે આ વિષયની ઊંડી સૂઝ-બૂઝ ધરાવતા હોવાથી એમની ભક્તિ તપસ્વી મહાત્માઓને ખૂબ માફક આવતી. તેમના હૈયાના આશિષ મેળવી તેઓશ્રી સંતુષ્ટ થતા હતા.

### ગણિપદવી :

એમની યોગ્યતા જોઈ સમુદાયના વડીલ તપસ્વીસમ્રાટ્ પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા તથા ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાએ ઉભય મુનિવરોને સુરતમાં **વિ.સં. ૨૦૫૦ની સાલમાં કા.સુ. ૧૧ના ગણિપદ**થી અલંકૃત કર્યા. પૂ. બાપજી મહારાજાના ભાવ-વારસદાર બંને સાધકો પૂ. બાપજી મહારાજાની જેમ જ સુરતમાં ગણિપદે આરૂઢ થયા. ગુરુભક્તોએ ત્યારે જિનભક્તિનો મહામહોત્સવ કર્યો હતો.

### ભોરોલ તીર્થના જિનાલયનો જીર્ણોદ્ધાર :

બંને ય મુનિવરોનું શાસ્ત્રીય માર્ગદર્શન મેળવીને એમના સાંસારિક વતન શ્રી ભોરોલતીર્થના શ્રીસંઘે પૂ. ગુરુદેવશ્રીના આશિષ અને વાસક્ષેપ મેળવીને તીર્થના જિનાલયનો ભવ્યાતિભવ્ય ઉદ્ધાર કર્યો. ચોવીશ જિનાલય બન્યું, એની પ્રતિષ્ઠા પણ પૂ. ગુરુદેવે આપેલા સંકેતાનુસાર વિ.સં. ૨૦૫૨માં નક્કી થઈ.

### પંન્યાસ પદ, ઉપાધ્યાય પદ, આચાર્યપદ :

આ મહોત્સવ દરમ્યાન વડીલોએ બંને ગણિવરોને પંન્યાસપદથી અલંકૃત કરવાનો નિર્ણય કરેલો. પરંતુ એમની પરમાત્મ ભક્તિ, ગુરુભક્તિ અને સમુદાય ભક્તિમાંથી સર્જાયેલ પુણ્યે અચાનક વાયરો પલટાતાં પંન્યાસપદ ઉપરાંત પાઠક અને સૂરિપદ લક્ષ્મીથી તેઓને અલંકૃત કરવાનો નિર્ણય કરાયો.

**વિ.સં. ૨૦૫૨ વૈ.સુ.** ૬ના તપસ્વી સમ્રાટ્ પૂ.આ.**શ્રી રાજતિલકસૂરીશ્વરજી** મહારાજા તથા ગચ્છાધિપતિ પૂ.આ.**શ્રી મહોદયસૂરીશ્વરજી** મહારાજાની શુભનિશ્રામાં પંન્યાસ અને પાઠક પદવી થઈ અને ૨૨મા તીર્થપતિ શ્રી નેમનાથદાદા આદિ પ્રભુ ગાદીએ બેઠા ત્યારે **વૈ.સુ. ૭**ના સુમુહૂર્તે હજારોની મેદની અને લાખ્ખો રૂપિયાની ઉછામણીઓના માહોલમાં બંને પિતા-પુત્ર અન્ય પદસ્થો સાથે સૂરિપદથી શોભાયમાન બન્યા. વડીલોએ હિતશિક્ષા આપી કે **'પૂ. ગુરુદેવના સમુદાયના ગૌરવને વધારનારા બનજો!'** 'તહત્તિ' કહીને સ્વીકૃત કરાયેલાં એ હિતવચનોને જીવનભર આબાદ નીભાવ્યાં. સ્વ-જીવનમાં જીવી જાણ્યાં.

વિ.સં. ૨૦૫૧ની સાલથી વર્ધમાન તપોનિધિ સૂરિદેવની સાથે પૂત્ર સૂરિવરના સ્વતંત્ર ચાતુર્માસો થવા લાગ્યાં. અમદાવાદ-સુરત-મુંબઈ અને પાલીતાણામાં ચાતુર્માસો થયાં. શેષકાળમાં છેક ગિરનારજીથી લઈ રાજસ્થાનના નાકોડાજી સુધી અને મહારાષ્ટ્રમાં પૂના-નાસિકના પટ્ટામાં ય વિચરણ કર્યું. છેલ્લી શક્તિ પહોંચી ત્યાં સુધી તેઓ ચાલતા રહ્યા. શરીરે સાથ આપવાનો બંધ કરતાં ડોળીનો સહારો લેવો પડ્યો. પણ એમનો તપ, ત્યાગ, સ્વાધ્યાય, જપ અને આવનાર હર કોઈને સંસાર ત્યાગ કરી સંયમી બની જવાની જ એકમાત્ર હિતશિક્ષાનું દાન આપવામાં કોઈ ફેર ન પડ્યો. વાત્સલ્યના તેઓ મહાસાગર હતા. અનુશાસનમાં તેઓ અવ્વલ હતા. કોઈની ય નાનકડી ય ભૂલ ચલાવતા નહિ. નાનકડા ય ગુણને બિરદાવ્યા વિના રહેતા નહિ. એમનામાં એમના પૂ. ગુરુદેવનો વારસો પ્રતિબિંબિત બનીને અવતર્યો હતો.

**જયણાપ્રધાન જીવન :**

જયણા એમને વરેલી હતી. સતત ઉપયોગશીલ જીવન, પૂંજવા, પ્રમાર્જવાની બાબતમાં લેશ પણ પ્રમાદ નહિ. કોઈપણ સ્વરૂપે ક્યાંય પણ કોઈપણ જીવની વિરાધના ન થઈ જાય તે માટે સતત સ્વયં જાગૃત રહેતા અને અન્ય સર્વને જાગૃત રાખતા. નજર છેલ્લા દિવસ સુધી સતેજ હતી. પાંચે ઈન્દ્રિયો અકબંધ અને પ્રશસ્ત મળેલી હતી. પ્રમાદ એમણે કર્યો નહિ અને પ્રમાદને એમણે ગાંઠ્યો પણ નહિ. એમનું ધારેલું હિતકર કાર્ય એ કરીને જ રહેતા.

**શાસન પ્રભાવના :**

માત્ર ૧૬ વર્ષ જેટલા જાહેર જીવનમાં એમના હાથે ૧૦૦ જેટલા પુણ્યાત્મા દીક્ષિત બન્યા. બીજા ૧૦૦ જેટલા એમની પ્રેરણાથી વૈરાગી બની અન્યત્ર દીક્ષિત બન્યા હશે ! ૭૦ જેટલાં ગૃહમંદિરોની પાવન પ્રતિષ્ઠા એમણે કરી. એમના પરિવારમાંથી ૨૬ પુણ્યાત્માઓની દીક્ષા થઈ, ગામ પથકમાંથી ૩૩ પુણ્યાત્માઓ સંસારને અલવિદા કરી ચાલી નીકળ્યા. દસ જેટલા તો છ-રી પાલક સંઘો નીકળ્યા, જેના દ્વારા અઢળક શાસન પ્રભાવના થઈ હતી. ૧૨ શિખરબદ્ધ જિનાલયોની તેઓશ્રીની વરદ હસ્તે અંજન પ્રતિષ્ઠાઓ થઈ. સાતે ક્ષેત્રમાં એમના ઉપદેશથી કરોડોનું દ્રવ્ય વપરાયું. મોટી મોટી ઉછામણીઓમાં એમની પ્રધાન નિશ્રા રહેતી. શ્રી ભોરોલતીર્થ તેમજ સ્મૃતિમંદિર અંજન પ્રતિષ્ઠાની ઉછામણી, સમેતશિખરજી તલેટી તીર્થ, લાલબાગ ભૂલેશ્વર જિનાલય અંજન પ્રતિષ્ઠાના ચડાવા વગેરે એમાંના આંખ ઊડીને વળગે એવા કેટલાક દાખલા છે.

જીરાવલા તીર્થના નવતર પુનરુદ્ધારનો સંકેત તેઓશ્રીની તપ-જપથી પવિત્ર નિશ્રામાં જ પ્રાપ્ત થયેલો. નાકોડા તીર્થે દશકાઓમાં પહેલી વહેલી ચૈત્રી ઓળીમાં પણ તેઓશ્રીએ નિશ્રાદાન કરેલું. ભૂકંપ કે રેલના પ્રસંગે અનુકંપા-જીવદયામાં પણ કરોડો રૂપિયા તેઓશ્રીમદ્‌ની પાવન નિશ્રામાં વપરાયા હતા.

**તપશ્ચર્યા :**

છ વિગઈ ત્યાગપૂર્વક સિદ્ધિતપ, ૨-શ્રેણિતપ, ૬-વર્ષીતપ, આગળ પાછળ વર્ધમાન તપની ૯૬, ૯૭ની ઓળી વચ્ચે માસક્ષમણ, વર્ધમાન તપ ઓળી ૧૦૦ + ૨૩ ઓળી, નવપદ ઓળી ૨૨ વર્ષની ઉંમરથી ૮૦ વર્ષની ઉંમર સુધી, વીશસ્થાનક તપ, દસ ઉપવાસ, અઠ્ઠાઈ વગેરે અનેકવાર, પજુસણમાં પ્રારંભમાં પ્રતિવર્ષ અઠ્ઠાઈ પછીથી ૧-૨-૩ ઉપવાસ, તપાવલીના નાના મોટા મોટા ભાગના તપો, વિશિષ્ટ અભિગ્રહપૂર્વકના ત્યાગ,-૬ વર્ષો સુધી છ વિગઈ ત્યાગ, ઘી-વિગઈનો મૂળથી ત્યાગ, ૧૪ વર્ષ સુધી ઘીનો ત્યાગ, ૩ વર્ષ સુધી માત્ર રોટલી-પાણીનાં આયંબિલથી ઓળી, ૨ વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ, પારણે રોટલી પાણીનાં આયંબિલ દીક્ષાની રજા મેળવવા કર્યાં.

તેઓશ્રીનો આગળ પાછળ આયંબિલની મોટી ઓળીપૂર્વકનો માસક્ષમણનો તપ પણ ખરેખર અદ્‌ભુત હતો. તેઓશ્રીએ સંકલ્પ કર્યો હતો કે માસક્ષમણ કરવું છે એવું નથી. જેટલા પણ ઉપવાસ થશે, તે કરી લેવા છે. પણ તે બધા ત્યાં સુધી જ કરવા છે કે જ્યાં સુધી તપ કરવા છતાં મારા પૂ. ગુરુદેવની સેવા ભક્તિમાં જરાપણ ખામી ન આવે. જે દિવસે લાગે કે હવે સેવા-ભક્તિ બીજાને સોંપવી પડે તેમ છે - તે જ દિવસે ઉપવાસને પૂર્ણ વિરામ આપી દેવાનો. આ રીતે રોજ એક-એક ઉપવાસનો તપ વધારતાં વધારતાં તેઓશ્રી માસક્ષમણ સુધી પહોંચ્યા હતા.

આ માસક્ષમણનો તપ શ્રી સિદ્ધગિરિની છત્રછાયામાં થયો. સ્થાવર અને જંગમ તીર્થાધિરાજને પામવાનો આનંદ એટલો બધો હતો કે તેઓશ્રીએ એ માસક્ષમણના છેલ્લા ઉપવાસે પણ સવાર, સાંજ આમ ત્રિકાળ મહારાષ્ટ્ર ભવનથી જયતલેટી જઈ ચૈત્યવંદનાદિ વિધિ કરી યાત્રા કરી હતી. પારણાના દિવસે સવારે યાત્રા કરી આવ્યા બાદ પારણું કરવા જ્યાં બેઠા ત્યાં જ તેઓશ્રીને થયું કે હમણાં બેસીશ તો બપોરની યાત્રા રહી જશે તો તરત ગુર્વાજ્ઞા મેળવી તેઓ યાત્રા કરવા ચાલીને ગયા અને આવીને પછી જ આયંબિલ કરીને માસક્ષમણનું પારણું કર્યું. પૂ. ગુરુદેવે તેઓશ્રીને પારણું કરાવ્યું હતું. સિદ્ધગિરિની યાત્રા તેઓને અતિપ્રિય હતી. પાલીતાણામાં છેક ગુરુકુળે ઊતર્યા હોય કે પછી હસ્તગિરિ કે ઘેટી હોય તેઓ અચૂક ગિરિરાજની યાત્રા કરી અપૂર્વ આનંદ અનુભવતા હતા.

**હિતચિંતા :**

એમના કલ્યાણ મિત્રોને એ રોજ યાદ કરતા. એમને સન્માર્ગમાં અને સંયમ માર્ગમાં લાવવા, સંયમપંથે ચડાવવા ખૂબ પ્રયત્નશીલ રહેતા. એ માટે પત્રો પણ લખતા. સંસારીઓને સંસારકીચ્ચડમાંથી બહાર કાઢવા તેઓ સતત પુરુષાર્થરત હતા. પ્રત્યક્ષ પ્રેરણા, પત્ર દ્વારા હિતોપદેશ કરવામાં ક્યારેય ન થાકતા.

**ભવ્યાત્માઓને સંબોધતા વર્ધમાન તપોનિધિશ્રીજીના હિતવચનો :**

**સતત હિતચિંતા કરતા એવા** તેઓશ્રીજી પોતાના નાનકડા પુત્રરત્ન કાંતિને કહેતા...

સંસાર કેવો ? **ખારો ખારો ઝેર...** મોક્ષ કેવો ? **મીઠો મીઠો મહેલ....** દીક્ષા કેવી ? **જલ્દી લેવા જેવી....**

**શરીર ભલે માંદું પડે, આપણું મન માંદું ન પડવું જોઈએ !**

હર કોઈ પરિચિત પાસે તેઓશ્રીની ઉઘરાણી રહેતી...

**ક્યારે મુહૂર્ત્ત કઢાવો છો ? ક્યારે દીક્ષાનો વરઘોડો કાઢો છો ? ક્યારે બાબલાને અહીં મોકલો છો ?**

સંસ્કૃત ભણેલા સાધુઓને કહેતા...

મારા દાદાગુરુ **શ્રી પ્રેમસૂરિજી મહારાજા**ની ઈચ્છા તમારે પૂરી કરવાની છે. **મારા ગુરુદેવનાં પ્રવચન સંસ્કૃત ભાષામાં તૈયાર કરવાનાં છે.**

તેઓશ્રીનું કડક અનુશાસન...

**હજુ ક્યાં સુધી દીકરાની મજૂરી કર્યા કરવી છે ?**

પોતાના પુત્ર-શિષ્યરત્ન આચાર્યશ્રીનાં પ્રવચન સાંભળીને કહેતા...

**મારી બધી મહેનત સફળ થઈ છે.**

કાંઈ સારું થયેલું જોતા ત્યારે તેઓશ્રી બોલતા...

**આ બધો મારા ગુરુ મહારાજનો પ્રતાપ છે.**

કોઈ પૂછતું કે, 'સાહેબ ! શાતામાં છો ?' તો તેઓશ્રી કહેતા...

**તમારો બાબલો અહીં આવે તો વધારે શાતા થાય.**

દીકરા સાથે દીક્ષાની વાત સાંભળી કોઈ કહેતું કે 'સાહેબ ! મારે એકનો એક દીકરો છે. તો કહેતા...

**....મારે પણ એકનો એક જ હતો છતાં એની માને રોવડાવીને લાવ્યો છું... એના પરિણામ જુઓ છો ને !**

પોતાની પૂર્વદશા અને વર્તમાન સ્થિતિ જોઈ કહેતા...

**નક્કી જ મારાથી પૂર્વભવોમાં કોઈ મોટું સુકૃત થયું છે...** નહિતર આવી તીર્થભૂમિમાં જન્મ અને આવા દેવ-ગુરુ ન જ મળે !

તપસ્વી મુનિવરોને પારણા પ્રસંગે કહેતા...

**શાંતિથી વાપરજો, જે જોઈએ તે લેજો, વધે એની જરાપણ ચિંતા ના કરતા, બધું પતી જશે.**

સારું વ્યાખ્યાન કે લેખન કરીને આવનારા સાધુને કહેતા...

**શક્તિનો સદુપયોગ કર્યો, ભાગ્યશાલી છો!**

ઉન્માર્ગે ગયેલાઓને જોઈ બોલી ઉઠતા...

**બિચારા ભવ હારી ગયા, શાસનદેવ એમને સદ્બુદ્ધિ આપે.**

**પ્રસંગ માળા :**

એમની નિશ્રામાં આઠ તો ઉપધાન થયાં. આશરે ૫૦૦૦ પુણ્યાત્માઓએ ઉપધાન આરાધ્યાં. કરોડોની પ્રત્યેક સ્થળે આવક થઈ. હસ્તગિરિ તીર્થ માટે તેઓશ્રીના ઉપદેશથી કરોડો રૂપિયા અપાયા હતા. ત્યાં બીજા ગઢે ચોવીશ જિન-ગણધર પગલાંની મહાકાય ચોવીશ દેરીઓના નિર્માણ-અંજન પ્રતિષ્ઠામાં પણ તેઓશ્રીની નિશ્રા-માર્ગદર્શન મળ્યાં હતાં. પોતાના પ્રાણપ્યારા પૂ. ગુરુદેવની ૧૭ જેટલી પ્રતિમાઓની એમણે પ્રતિષ્ઠા કરાવી હતી.

એમનો પ્રભુપ્રેમ, ગુરુભક્તિનો ઉમળકો, જયણાનું લક્ષ્ય, જ્વલંત વૈરાગ્ય, નખશીખ ચારિત્રપાલન, નિર્મલતર શ્રદ્ધા અને કરણાભિલાષ, અંતિમ વયમાં પણ તપનો પ્રચંડ પુરુષાર્થ, 'સવિ જીવ કરું દીક્ષારસી'ની ઉત્કટ ભાવના અને તદનુસારી પ્રયત્ન વગેરે વગેરે ગુણોની યાદી એટલી મોટી છે કે એ એક એક ગુણને વર્ણવવા માટે ય પાનાનાં પાનાં ઓછાં પડે.

છેલ્લું ચોમાસું તેઓશ્રીએ મુંબઈ-લાલબાગ (ભૂલેશ્વર)માં કરેલું. અહીં બાળદીક્ષા-સિદ્ધાંતની સુરક્ષા અને અત્રેના જિનાલયની પ્રતિષ્ઠા માટે તેઓનું આગમન થયું હતું. બાળદીક્ષાની સુરક્ષાનું મહાન કાર્ય તેઓશ્રીની પ્રેરણ અને આલંબને ખૂબ જ શ્રેષ્ઠતમ રીતે સંપન્ન થયું હતું. પ્રતિષ્ઠા માટેની ઉછામણીઓ પણ આકાશને આંબનારી બની. હવે થોડો જ સમય બાકી હતો ત્યાં એમણે જીવનની બાજી સમેટવાનો પ્રારંભ કરી દીધો હતો.

અંતિમ ચાતુર્માસ દરમ્યાન એમનું સ્વાસ્થ્ય કથળેલું હતું. છતાં ય એમણે એમનો નિત્ય આરાધના ક્રમ છોડ્યો ન હતો. અત્યંત ઉપયોગપૂર્વક બધી જ આરાધનામાં તેઓ ઓતપ્રોત રહેતા. રોજ દેવવંદન, ઉપકારી ગુરુ ભગવંતની છબી આગળ બૃહદ્ ગુરુવંદન, નવસ્મરણાદિ સ્તોત્રોનું વાંચન, સૂરિમંત્ર-ગણિવિદ્યાની સમારાધના, ગુરુપ્રદત્ત અનેક મંત્રપદોનું પારાયણ-ધ્યાન, આશ્રિતોનું સતત યોગક્ષેમ, દર્શન વંદન કરવા આવનાર દરેકને આશીર્વાદ આપવાપૂર્વક ધર્મલાભ-દાન, દીક્ષા લેવા માટે યોગ્ય જણાયેલા શ્રાવક-શ્રાવિકાઓને હિતશિક્ષા અને પ્રેરણા કરતા પત્રોનું લેખન, પુત્ર સૂરિદેવને શાસનના કાર્યો અંગે વિધ-વિધ સૂચનો, પોતાની સમતા અને સમાધિ અકબંધ રહે એવું અદ્‌ભુત આયોજન, સમાધિમાં પ્રબળ સહાયક એવું પોતાના ગુરુદેવનાં પ્રવચનોનું નિયમિત કલાકો સુધીનું વાંચન, એના ઉપયોગી અંશોની નોંધ કરી તે વાંચી લેવાની અને એનું પ્રકાશન કરવાની ભલામણ, તપસ્વી મુનિવરોની ઉપબૃંહણા અને કાળજી, દૂર સુદૂર રહેલા સાધ્વી સંઘના યોગક્ષેમની ભલામણ જેવાં અઢળક આત્મ હિતકર કાર્યોમાં તેઓ કર્તવ્યનિષ્ઠ બન્યા રહ્યા.

ચિકિત્સકો આવતા તો ચિકિત્સા કરવા દેતા. પરંતુ ચિકિત્સકને કહેતા કે, **'મારી સમાધિ માટે સહયોગ આપું છું, તમે મારી દ્રવ્ય ચિકિત્સા કરો છો, હું તમારી ભાવ ચિકિત્સા કરવા ઈચ્છું છું. તમે તમારી નાડ ક્યારે મારા હાથમાં આપો છો ? અહીં ક્યારે આવો છો ?' આ એમની કરુણા હતી. જેનાથી ચિકિત્સક ગણ પણ અત્યંત પ્રભાવિત થયો હતો. કરુણાની સરિતા વહેતી વહેતી હવે ખળખળ ગંગા બની છેલ્લે મહાસાગરમાં ભળવા અધીરી થઈ રહી હતી.**

## અંતિમ-આરાધના :

અંતિમ દિવસ પણ આવી ગયો. આજે પણ તેઓશ્રીએ રાત્રે અઢી વાગ્યાથી પાંચ વાગ્યાનો નિત્ય જાપ પૂર્ણ કર્યો. પ્રાભાતિક સ્મરણો ગણ્યાં. પ્રભુજી પધાર્યા તો ઊભા થઈ વિનય કર્યો. પ્રભુજીને પ્રદક્ષિણા આપી. ઊભાં ઊભાં દેવવંદન કર્યું. ખમાસમણાં પૂંજીને પ્રમાર્જીને જ આપ્યાં. સમ્યગ્દર્શન પુસ્તકનો સ્વાધ્યાય કર્યો. વ્યાખ્યાનમાં જવાની ભાવના વ્યક્ત કરી. પુત્ર સૂરિજીને વ્યાખ્યાનમાં જતાં અને વ્યાખ્યાન કરીને આવ્યા બાદ બે હાથ માથે મૂકીને આશીર્વાદ આપ્યાં અને હિતવચનો લખી આપ્યાં.

બાર, સાડી બાર સુધી **'સમ્યગ્દર્શન'** વાંચતા રહ્યા. પછી અચાનક સ્વાસ્થ્યે વળાંક લીધો. પ્રેશર વધ્યું. પુત્રસૂરિદેવ તરત આવી ગયા. પરિસ્થિતિને જાણીને ઉપચાર કરાયા. **ડૉ. શેખરભાઈ** પણ આવ્યા અને યોગ્ય ઉપચાર શરૂ કર્યા. ૨ વાગ્યા પછી વળતાં પાણી થયાં, પણ ૨-૪૫ વાગતાં જ એકાએક પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો ત્યારે કરાયેલા ઉપચાર કારગત ન નીવડતાં સમાધિમાં સહાયક પદોનું શ્રવણ કરાવાયું. પોતાના પૂ. ગુરુદેવ જે અરિહંત પદ સાથે અનુસંધાન સાધી મુક્તિની દિશામાં પ્રયાણ કરી ગયા હતા. તે જ અરિહંત પદ સાથે અનુસંધાન સાધ્યું. **'અરિહંતે સરણં પવજ્જામિ'** ના નાદમાં એકતાન બન્યા. વચ્ચે વચ્ચે **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ** અને ભોરોલ તીર્થાધિપતિ **શ્રી નેમિનાથ પ્રભુ**ની પ્રતિકૃતિનાં દર્શન કરતાં પલકો (આંખો) નમાવી દર્શન-વંદન કર્યાં. **'ગુરુદેવ ! આપ જાગૃત છો ? જીવનભર કરેલી આરાધનાને સાર્થક કરવાનો હવે અવસર આવી ગયો છે'** વગેરે પ્રશ્નો પૂછાતાં પોતાના હાથના આંગળાથી અજપાજપ ચાલુ હોવાનું સૂચન કર્યું. પાટીયાથી પવન નાંખવાનો પ્રયત્ન થતાં બે વાર સૂચના કરી વિરાધના થતી અટકાવી. ખૂબ જ સમતાભર્યા ચિત્તે, સહજ સમાધિમાં લીન થઈને બપોરે ૩-૨૦ના સમયે તેઓ કાળધર્મને પામ્યા. **વિ.સં. ૨૦૬૫ આસો વદ ૪ ગુરુવાર**નો એ દિવસ હતો. પુત્ર-શિષ્ય સૂરિજીનો એક હાથ તેઓશ્રીના મસ્તક પર હતો અને બીજો હાથ તેઓશ્રીના હાથમાં હતો. તેઓશ્રીના કાળધર્મના સમાચારે સૌના હૃદયનો ધબકાર ચુકાયો. આઘાતનો પાર ન રહ્યો. ચતુર્વિધ શ્રીસંઘ મોટી સંખ્યામાં નિર્યામણા કરાવવા હાજર હતો. એ સૌએ અંતિમ આરાધના નજરોનજર નીહાળી હતી. **ડૉ. શેખરભાઈના કહેવા મુજબ 'એમની ડૉક્ટરી લાઈફમાં આવું સહજ મૃત્યુ પહેલીવાર જોવા મળ્યું.'**

તેઓના પુણ્યદેહને વાસક્ષેપાદિ અંતિમ વિધિ કરીને પુત્રસૂરિજીએ સંઘને સોંપ્યો. સ્નાનાદિ સંસ્કાર થયા. શ્રેષ્ઠ પૂજા-ઉપચાર કરાયા. સંઘના દર્શન-પૂજનાર્થે વ્યાખ્યાન હૉલમાં પધરાવાયા. સંઘે લાઈન બંધ આવીને પૂજા કરી.

**આસો વદ ૫+૬ શુકવારે** અગ્નિ સંસ્કારના ચડાવા બોલાવાયા. મિનીટોમાં જ ત્રણ કરોડ જેટલી આવક થઈ. જીવનભર તદ્દન નિઃસ્પૃહ સૂરિવરના નિશ્ચેષ્ટ દેહના ચરણે ઉપકૃત લોકોએ ધનના ઢગલા કરી દીધા. દસ વાગે અંતિમ યાત્રા પ્રારંભાઈ. નવ શિખરી જરીયન વિશાળ પાલખીમાં બિરાજેલો દેહ બાણગંગા પહોંચ્યો. **ધાનેરા નિવાસી ચંપાબેન જયંતિલાલ અજબાણી તેમજ ભોરોલતીર્થના નિવાસી શાંતિલાલ હરિલાલ મહેતા પરિવારે સારી ઉછામણી બોલવા દ્વારા અગ્નિસંસ્કારનો લાભ લીધો અને બંને પરિવારે અગ્નિસંસ્કાર કર્યો.** પૂજ્યપાદનો પુણ્યદેહ પંચત્વમાં વિલીન થયો.

પાછળ દેવવંદન અને ગુણાનુવાદ થયા. બીજા દિવસે લાલબાગ સંઘમાં ભવ્યતમ ગુણાનુવાદ સભા થઈ. એ પ્રસંગે અષ્ટાહ્નિકા મહોત્સવના લાભો મેળવવા ઉછામણીઓ બોલાઈ. દસેક મિનિટમાં જ આઠે દિવસો અપાઈ ગયા. પૂજ્યોની નિશ્રામાં કા.સુ. ૧૪ થી અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. રોજે રોજ પૂજ્યશ્રી અને અન્ય મુનિવરોએ ગુણાનુવાદ કર્યા. શ્રાવક સંઘના મોવડીઓએ પણ પૂજ્યશ્રીનો ઉપકાર વર્ણવ્યો. કલાકો સુધી ગુણાનુવાદ થવા છતાં કોઈ ઉઠતું ન હતું. સાંભળ્યા જ કરીએ તેમ સૌને થતું.

પૂજ્યશ્રીના સદ્ભુત ગુણગણોની અનુમોદનાર્થે અનેક ગામો-શહેરોમાં ભવ્યાતિભવ્ય મહોત્સવો થયા.

તેઓશ્રીમદ્‌ના પરમગુરુદેવશ્રીજીના પગલે-પગલે ચાલી તેઓશ્રીએ જીવન ઉજાળ્યું. જતાં, જતાં પોતાનો ભવ્ય વારસો પોતાના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાને સોંપીને ગયા.

## ત્યાગીઓનું સ્વાગત શા માટે ?

જે ત્યાગીઓ-સાધુઓ ખુલ્લે પગે ચાલીને આવે છે અને જાય છે, તેમની આગળ બેન્ડ શા માટે ? હાથી અને ઘોડા શા માટે ? શું તેઓ તે પર કદી પણ બેસવાના છે ? શું તે બધું તેમને ખુશ કરવા ખાતર છે? ના. એ પુણ્યશાળીની ભાવના જણાવે છે કે અમારું હૃદય ત્યાગ માર્ગે છે. કમનસીબ કે અમે ત્યાગ માર્ગે ગયા નથી, પણ તે તરફ અમારો સદ્‌ભાવ છે. અમે આગ્રહપૂર્વક ત્યાગીને ખેંચી લાવ્યા છીએ, એટલા માટે ત્યાગીને સીધા મકાનમાં ન લાવતાં ઢોલ, બેન્ડ વગેરે વગડાવીને જણાવીએ છીએ કે ગામમાં ત્યાગી મહાત્મા આવ્યા છે તેમનો લાભ લ્યો.

જો એ વરઘોડા અને બેન્ડ, હાથી, ઘોડા વગેરે અમને ખુશ કરવા ખાતર હોય તો નકામું છે, કારણ ત્યાગીઓ તો ધૂળ ખાતા, ઉઘાડે પગે, તડકો સહતા ચાલે છે. થાક્યા પાક્યા આવ્યા હોય છતાંય તમો કહો છો ત્યાં ફરે છે. ઉભા રહેવાનું કહો છો ત્યાં ઉભા રહે છે. આ બધું કરવામાં તેઓ (સાધુઓ) એમ માને છે કે, આ પુણ્યશાળીને ત્યાગની ભાવના હૃદયમાં ઉતરી છે અને બીજામાં તે ઉતારવા માગે છે માટે ચાલો આપણે જરા અગવડ વેઠીને પણ તેની ભાવનાને ટેકો આપો. તેઓ કંઈ એ બધું તમને રાજી રાખવા ખાતર નથી જ કરતા. આથી જ હું તમને કહું છું કે, સાચા ત્યાગીઓને ગામમાં લાવતાં પહેલાં પૂર્ણ વિચાર કરી નક્કી કરવું જોઈએ કે, ત્યાગની ભક્તિ કરવા ખાતર, ત્યાગમાર્ગના રક્ષણ ખાતર વિઘ્નો ભોગવવાં પડે તો પણ જરા પણ અચકાશું નહિ અને એવી ધર્મસેવાની અણમોલ તકને વધાવી લઈશું. એવી ભાવના હોય તો જ બેન્ડ શોભે. તો જ હાથી, ઘોડા અને વરઘોડો શોભે.

**પૂ.આ.દેવશ્રીમદ્‌ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

અખંડ ૩૩ વર્ષીતપના આરાધક, સંઘ સ્થવિર, વચનસિદ્ધ મહાપુરુષ

## પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી [બાપજી] મહારાજા

**चारित्रपात्रं तपसा सुगात्रं सत्कीर्तिपात्रं विनयादमात्रम् ।**

**प्रातः सुस्मर्यं स्थविरं श्रीसंघे, श्रीसिद्धिसूरीश्वरमानतोऽस्मि ।।**

ચારિત્ર પાત્ર, તપથી પવિત્રિત દેહવાળા, સત્કીર્તિને પામનારા

વિનયપૂર્ણ પ્રાતઃ સ્મરણીય શ્રીસંઘસ્થવિર શ્રી સિદ્ધિસૂરીશ્વરજીને નમન કરું છું.

**જબ તુમ આયે જગત મેં, જગત હસે તુમ રોય,**

**કરણી ઐસી કર ચલો, તુમ હસે જગ રોય.**

**જન્મ : માતા-પિતા :**

ઉપરોક્ત દૂહાને ચરિતાર્થ કરનાર એક મહાભાગ્યશાળી પુણ્યવાન આત્માનો **જન્મ વિ.સં. ૧૯૧૧**ના શ્રાવણી પૂર્ણિમાના **(શ્રાવણ સુદ ૧૫)** શુભ દિને અમદાવાદ-ખેતરપાળની પોળમાં રહેતા શ્રાદ્ધવર્ય ધર્મપરાયણ **મનસુખલાલના** ધર્મપત્ની શ્રાવિકા **ઉજમબાઈ**ની કુક્ષિએ મોસાળ પક્ષમાં **વળાદ ગામ**માં થયો હતો. આ પૂર્વે ઉજમબાઈએ છ પુત્રો અને એક પુત્રીને જન્મ આપ્યો હતો. માતા-પિતાએ પુત્રનું નામ **ચુનીલાલ** પાડ્યું. સૌથી નાના હોવાથી ચુનીલાલ મા-બાપ, ભાઈ-બહેન અને સગાવ્હાલા વચ્ચે લાડકોડથી મોટા થવા લાગ્યા. બાલ્યાવસ્થાથી જ તેમની વાણીમાં એવી મીઠાશ હતી કે આડોશ-પાડોશના લોકો એમને હોંશથી બોલાવતા. એમનો આ વાણી પ્રભાવ જીવનના અંત સુધી રહ્યો. 'वाचः फलं प्रीतिकरं नराणाम्' એ વચન ખરેખર તેઓએ ચરિતાર્થ કરી બતાવ્યું છે.

**અભ્યાસ :**

પાંચેક વર્ષની વય થતાં માતા-પિતાએ વ્યાવહારિક શિક્ષણ માટે નિશાળે બેસાડ્યા, સાથો સાથ અમદાવાદ દોશીવાડાની પોળમાં આવેલી જૈન વિદ્યાશાળામાં ધર્મ શ્રદ્ધાળુ સુશ્રાવક **શેઠ સુબાજી રવચંદ** પાસે ધાર્મિક અભ્યાસ પણ શરૂ કરાવ્યો. તે પાઠશાળામાં ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતાં, બુદ્ધિની તીવ્રતાથી બંને જાતનાં અભ્યાસમાં સારી રીતે તૈયાર થતાં, પિતા અને ભાઈઓના કામમાં મદદ કરવા લાગ્યા. ઉત્સાહથી દરેક કાર્ય કરવા લાગ્યા અને કોઈપણ કામ ચીવટપૂર્વક સુંદર રીતે પાર પાડી બતાવતા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ચુનીલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૧૧ શ્રા. સુદ ૧૫ : **અમદાવાદ** |
| માતા | : ઉજમબાઈ |
| પિતા | : મનસુખભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૩૪ જે. સુદ ૨ લુવારની પોળ, **અમદાવાદ** |
| દીક્ષાની ઉંમર | : ૨૩ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ. પં. શ્રી મણિવિજયજી ગણિવર |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી સિદ્ધિવિજય મ. |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૫૭ : **સુરત** |
| આચાર્યપદવી | : વિ.સં. ૧૯૭૫ મ. સુદ ૫ : **મહેસાણા** |
| સંયમપર્યાય | : ૮૧ વર્ષ |
| આચાર્યપદપર્યાય | : ૪૦ વર્ષ |
| કાળધર્મ | : વિ. સં. ૨૦૧૫ ભા. વદ ૧૪ **અમદાવાદ.** |
| આયુષ્ય | : ૧૦૫ વર્ષ |

**સૌજન્યઃ** પૂ.સાધ્વીજી શ્રી નિર્જરાશ્રીજી મ. તથા સા.શ્રી લાવણ્યશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે

**કંથરાવી નિવાસી લીલાવંતીબેન રિખવચંદ મોહનલાલ શાહ.**

હ. ભરત, જયશ્રી, કૌશલ, શીતલ, મૌર્ય.

માતા ઉજમબાઈ અને પિતા.મનસુખલાલને ૧૮-૧૯ વર્ષના ચુનીલાલને પરણાવવાના કોડ હતા તો વળી ચુનીલાલનો આત્મા તો દિન-પ્રતિદિન વૈરાગ્ય તરફ ઢળતો હતો. લગ્ન જીવનના કીચડમાં પડવાની તેમની જરાયે ઈચ્છા ન હતી. છતાં માતા-પિતાના આગ્રહને વશ થઈને આકાશેઠ કૂવાની પોળમાં રહેતા ખરિદિયા કુટુંબના ધર્મનિષ્ઠ શેઠ વરજીવનદાસ આશારામની સુશીલ પુત્રી **ચંદનબેન** સાથે ૨૦ વર્ષની ઉંમરે લગ્નગ્રંથિથી જોડાયા. **ચંદનબહેન** પણ નામ પ્રમાણે ગુણવાળા હતા, તેમનામાં પણ પહેલેથી ઉત્તમ ધર્મસંસ્કારો વિકસેલા હતા. કુદરતે વૈરાગી આત્માને સરખે સરખી જોડ મેળવી આપી. તેથી લગ્ન થવા છતાં ભોગના કાદવમાં ખરડાયાં નહિ. બે-એક વર્ષ લગ્ન જીવનમાં પસાર થયાં પછી દીક્ષા લેવાની ભાવના ઉત્કટ બની.

## દીક્ષા :

આ મહાપુરુષની દીક્ષા કઈ રીતે થઈ તે વાત પણ જાણવા જેવી છે. તેમની દીક્ષા થઈ તે તેમના ધર્મપત્નીને આભારી છે. જ્યારે માતા-પિતા કે કુટુંબીઓ તો દીક્ષાની વાત કરતાં જ ઉધડો લે તેવા હતા. દીક્ષા ન લે તે બાબતે થાય તેટલા પ્રયત્નો કરેલા. વધુમાં પાંચ ભાઈઓમાં તેઓ સૌથી નાના હતા. આ કારણે તેઓ [ચુનીલાલ] સમજતા હતા કે મારે દીક્ષા લેવી બહુ મુશ્કેલ છે. તે સમયે એક તો સાધુઓ જ થોડા હતા અને જે મહાત્માઓ હતા તે તેમના કુટુંબના ભયથી એમને દીક્ષા આપતા ખૂબ ડરતાં. યોગ્ય ઉંમર થવા છતાં "કુટુંબની રજા સિવાય દીક્ષા અપાય જ નહિ" ખોટી કલ્પના તે કાળમાં ઘેરી વ્યાપેલી હતી. તેવું માનનારો વર્ગ પણ ઘણો હતો. તે વર્ગને અને કુટુંબના તોફાનને આંખ સામે રાખી **પૂ. મણિવિજયજીદાદાએ** પણ તેમને દીક્ષા આપવાની ના પાડી હતી.

**'વૈરાગીને કોઈ ન રોકી શકે'** આ ન્યાયે આ પરિસ્થિતિમાં પણ તેઓએ પોતાના માતા-પિતાને સમજાવ્યા, સંમતિ માંગી. તેઓએ વિરોધપૂર્વક સ્પષ્ટ ના પાડી, અનેક જાતની ધમકીઓ આપી. જ્યારે કોઈ સંયોગો ન દેખાયા ત્યારે વૈરાગી એવા તેઓએ પોતાના ઘરમાં જ સ્વયં સાધુ વેષ પહેરી લીધો. કુટુંબીઓએ વેષ છોડાવવા ઘણી મહેનત કરી. તેમના મોટાભાઈ જ્યારે સાધુવેશ છોડાવવા ગુસ્સે થઈને તેમની છાતી પર ચઢી બેઠા ત્યારે તે જુલમ તેમના ધર્મપત્નીથી સહન ન થયો એટલે તેમણે કહ્યું કે, "હવે તો આ હદ થાય છે. મારાથી જોવાતું નથી"

ત્યારે બધાએ કહ્યું કે, 'એ દીક્ષા લઈ લે તો તમારું શું થાય ? અમે તો તમારા માટે આ બધી મહેનત કરીએ છીએ."

ત્યારે તેમણે (તેમના ધર્મપત્નીએ) કહી દીધું કે "એમને જવું હોય તો ભલે જાય, હું પણ તેમની પાછળ સાધ્વી થઈ જઈશ. માટે તમે બધા મારી ચિંતા છોડી દો." આમ કહ્યું એટલે બધા ઠંડા પડ્યાં. આ રીતે તેઓ સ્વયં સાધુ તો બન્યા, પરંતુ તેમના કુટુંબની મોટી નામનાના કારણે ભયના માર્યા કોઈ સાધુ કે ઉપાશ્રયવાળા તેમને રાખવા તૈયાર ન થયા. છેવટે ઝાંપડાની પોળના ઉપાશ્રયે તેઓ ત્રણ દિવસ આહાર-પાણીનો ત્યાગ કરીને રહ્યા.

પછી મુમુક્ષુ ચુનીલાલને ૨૩ વર્ષની ઉંમરે લવારની પોળમાં મહાપ્રભાવી યુગપ્રધાનસદૃશ **પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી મણિવિજયજી (દાદાએ) ગણિવરે** ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં દીક્ષા આપી અને તેમને **મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ.** નામ આપી પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા.

**વિ.સં. ૧૯૩૪ના જેઠ વદ ૨ બીજનો એ દિવસ હતો.** પ્રથમ ચાતુર્માસ પૂ. ગુરુદેવ સાથે અમદાવાદમાં થયું. તેમાં સાધુ જીવનને યોગ્ય સઘળી ક્રિયા આદિનો સુંદર અભ્યાસ કરી લીધો. એ સાથે ગુર્વાજ્ઞા-વિનય-વૈયાવચ્ચ તો આત્મસ્થ કરી લીધા.

## ગુરુ આજ્ઞાનું પાલન :

અમદાવાદના પ્રથમ ચાતુર્માસ પછી સુરત પાસે રાંદેરમાં પૂ. મુનિ શ્રી રત્નસાગરજી મ. બિમાર છે તે સમાચાર આવ્યા, એટલે પૂ. મણિવિજયજી દાદાએ તેમની સેવા માટે મોકલવામાં પૂ. મુનિરાજ શ્રી સિદ્ધિવિજયજી મ.ની પસંદગી કરી.અને તેમને વૈયાવચ્ચ માટે જવા જણાવ્યું.

'गुरूणाम् आज्ञा अविचारणीया' આ ભાવથી ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરીને પોતે સુરત-રાંદેર-પૂ. મુનિ શ્રી રત્નસાગરજી મ.ની વૈયાવચ્ચ માટે ગયા.

## ગુરુનો વિયોગ :

તે જ ચોમાસામાં **પૂ.પં. શ્રી મણિવિજયજી દાદા વિ.સં. ૧૯૩૫ના આસો સુદ ૮ના કાળધર્મ પામ્યા.** આ રીતે ગુરુનો કાયમી વિયોગ ગૌતમ મહારાજાની જેમ તેમના હૈયામાં અપાર વેદના જગાવી ગયો. તે નિમિત્ત પામીને તેઓ સંયમ-વૈયાવચ્ચ અને સ્વાધ્યાયમાં એવા લીન બની ગયા કે જેનું વર્ણન ન થાય.

## વિનય-વૈયાવચ્ચ :

પૂ. મુનિરાજ શ્રી રત્નસાગરજી મ.નો સ્વભાવ ઘણો આકરો હતો. વિનય-વૈયાવચ્ચાદિ કરવા દ્વારા તેઓશ્રીની પણ લાગણી જીતી શકયા. તે કારણે પૂ. મુનિશ્રી રત્નસાગરજી મ. પાસે કોઈપણ આવે તો તેઓ મુનિશ્રી સિદ્ધિવિજયજીનું જ નામ આપતા. લગભગ ૮ (આઠ) વર્ષ સુધી અખંડ સેવા કરી. તે દરમ્યાન સુરતમાં ખરતરગચ્છના કોઈ મહાત્મા બિમાર થયાં તો તેઓની પણ વૈયાવચ્ચ કરી. દરરોજ વ્યાખ્યાનની જવાબદારી પતાવી તેમની દરેક પ્રકારની સેવા કરતા. તે પછી ભરબપોરે એકાસણું કરતાં.

તેઓશ્રીની પ્રેરણાથી સુરતમાં એક પાઠશાળા શરૂ થઈ તો તેમાં પણ **પૂ.મુ. રત્નસાગરજી મ. નું નામ રખાવ્યું.** આવા અનેક પ્રસંગો તેમના વૈયાવચ્ચ-નિઃસ્પૃહતા આદિ ગુણોને બતાવતા હતા.

## શાસ્ત્ર અભ્યાસ :

પૂજ્ય આત્મારામજી મહારાજ [પૂ.આ.વિજ્યાનંદસૂરિ મ.] પાસે સૂત્ર - સિદ્ધાંતનો સારો અભ્યાસ કર્યો હતો. પૂ.આત્મારામજી મ. તેમને "છોટે ચાચા" કહીને બોલાવતા. અભ્યાસ માટે પણ એટલી જ ચીવટ રાખતા. મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ. છાણીમાં સ્થિર હતા ત્યારે વડોદરા રાજ્યના શાસ્ત્રીજી રાજારામ પાસે અભ્યાસ કરવા માટે છાણીથી છ માઈલ ચાલીને વડોદરા જતાં. સાંજે પાછા છાણી આવી જતાં. આ રીતે હંમેશા બાર માઈલ ચાલવું, સાધુજીવનની પ્રત્યેક ક્રિયા કરવી અને છતાં કંટાળ્યા વિના

મહિનાઓ સુધી જ્ઞાનોપાસના કરી હતી. શાસ્ત્રીજી રાજ્યમાંથી છૂટા થતાં છાણીના શેઠ કીલાચંદે તેમને પૂજ્ય મુનિશ્રીના અભ્યાસ માટે છાણીમાં રોકી લીધા અને એમ મુનિશ્રીનો કાવ્ય અને ન્યાયનો અભ્યાસ શાસ્ત્રીજી પાસે પૂર્ણ થયો હતો.

## અજોડ વ્યાખ્યાન શક્તિ :

**પૂજ્યશ્રી સિદ્ધિવિજયજી મ.**ની પ્રવચન શક્તિ પણ અજોડ હતી. મધુર કંઠ, બુલંદ અવાજ, વાણીમાં પ્રિયતા અને વસ્તુને પ્રતિપાદન કરવાની અદ્ભુત આવડતથી સહુ કોઈના આકર્ષણરૂપ બની રહેતા. સુરતની જૈન પ્રજા તો પૂજ્યશ્રીની ખૂબ જ રાગી બની ગઈ હતી.

## પંન્યાસ પદવી :

પૂજ્યશ્રીના આવા અસાધારણ ગુણો જોઈને **વિ.સં. ૧૯૫૭માં** સુરત શહેરમાં ૧૫ હજાર માણસોની ઉપસ્થિતિમાં તેઓશ્રીને **પૂજ્ય પંન્યાસશ્રી ચતુરવિજયજી મ.ના વરદ હસ્તે પંન્યાસ પદવી અર્પણ કરવામાં આવી હતી.** આ પ્રસંગે એક મહિના સુધી મહોત્સવ સાથે જમણો-સ્વામિવાત્સલ્યો થયાં હતાં. એ સમયે એક લાખ રૂપિયાનો મહોત્સવમાં સદ્વ્યય થયેલો હતો. આખા સુરત શહેરમાં અને જૈન સમાજમાં અનોખો ઉત્સાહ પ્રવર્ત્યો હતો. પ્રાયઃ કરીને છેલ્લા વર્ષોમાં પંન્યાસપદ પ્રદાનનો આટલો ભવ્ય મહોત્સવ થયો તે સાંભળ્યો નથી.

## આચાર્ય પદવી :

**વિ.સં. ૧૯૭૫માં** તેઓશ્રીનો આચાર્યપદ-મહોત્સવ મહેસાણામાં મંડાયો હતો. તે શુભ પ્રસંગે લગભગ સાડા પાંચસો જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોએ હાજરી આપી હતી. સેંકડો ગામોથી હજારોની સંખ્યામાં શ્રાવક વર્ગ આવી પહોંચ્યો હતો. **મહા સુદ પાંચમના વસંત પંચમીના** દિવસે શુભ મુહૂર્તે સદ્ધર્મ સંરક્ષક **પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજાએ વાસક્ષેપપૂર્વક આચાર્યપદ પ્રદાનની ક્રિયા કરાવીને આચાર્યપદવીથી અલંકૃત કર્યા હતા.** ત્યારથી તેઓશ્રી પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના** નામથી જૈન સમાજમાં પ્રસિદ્ધ થયા.

## સંસારી સંબંધીઓની દીક્ષા :

પૂજ્યશ્રીના સંસારી ધર્મપત્ની ચંદનબહેને તથા સાસુ જયકોરબહેને પણ વિ.સં. ૧૯૩૯ના ફાગણ સુદ ૩ ના દિવસે દીક્ષા અંગીકાર કરી હતી અને અનુક્રમે સાધ્વીજી ચંદનશ્રીજી મ. તથા સાધ્વીજી જયકોરશ્રીજી મ. તરીકે જાહેર થયા હતા. સા. ચંદનશ્રીજી સાધ્વીજી જયકોરશ્રીજીના શિષ્યા થયા હતા. તેમનામાં પૂંજવા-પ્રમાર્જવાનો ગુણ અપૂર્વ હતો. ઊંઘમાં પણ પૂંજાયા પછી પડખુ ફરતાં. સાધ્વીજી જયકોરશ્રીજી મ. બે વર્ષના ટૂંકા દીક્ષા પર્યાયમાં કાળધર્મ પામ્યા હતા. સાધ્વીજી ચંદનશ્રીજી મ. એ ૪૩ વર્ષનો દીક્ષા પર્યાય પાળી સંયમની ઉત્કૃષ્ટ આરાધના કરી હતી. વિ. સં. ૧૯૮૨ના અષાઢ વદ ૭ના દિવસે કાળધર્મ પામ્યા હતા. આજે તેમના પરિવારમાં લગભગ ૩૦૦ થી અધિક સાધ્વીજી ભગવંતો વિચરે છે. પૂજ્ય આચાર્યદેવના સંસારી સાળાએ પણ ભાગવતી દીક્ષા લીધી હતી.

**જ્ઞાનોપાસના-અપ્રમત્ત શાસ્ત્રસંશોધન :**

પૂજ્ય આચાર્યદેવની જ્ઞાનોપાસનાની લગની અપૂર્વ હતી. તેઓમાં જરા પણ પ્રમાદના દર્શન થતાં નહિ. જ્યારે જુઓ ત્યારે કામમાં જ ગુંથાયેલા હોય. પ્રાચીન પ્રતોની નવી નકલો કરાવવી, લખાયેલી નકલ તપાસી જવી, તેમાંથી ભૂલો સુધારવી, આ કાર્યોમાં પૂજ્યશ્રીના કલાકો-દિવસો અને મહિનાઓ પસાર થઈ જતા. આ કાર્ય જ્યાં સુધી આંખોએ કામ આપ્યું ત્યાં સુધી [૯૦ વર્ષની ઉંમર સુધી] તેઓશ્રીએ અવિરત ચાલુ રાખ્યું હતું. આ રીતે અખંડ શ્રુતભક્તિના યોગે તથા વિવિધ પ્રકારની તપશ્ચર્યાના યોગે તેઓશ્રીએ શાસ્ત્રોના રહસ્યો સહજ મેળવ્યા હતા.

**તપશ્ચર્યા :**

વિ.સં. ૧૯૫૭માં પંન્યાસ પદવી પછી ચોમાસામાં હંમેશા એકાંતરા ઉપવાસ કરી ચોમાસી તપ કરતા. વચ્ચે છઠ્ઠ-અઠ્ઠમ વગેરે પણ અપ્રમત્ત રીતે કરતાં હતાં. **૭૨ વર્ષની ઉંમરે વર્ષીતપનો પ્રારંભ કર્યો. જીવનના અંતિમ ૩૩ વર્ષ સુધી વર્ષીતપ સતત ચાલુ હતો.** ઉગ્ર તપ છતાં ગુસ્સો ન આવતો, બહુ જ નારાજ થતાં ત્યારે દુઃખ સાથે માત્ર આટલું જ કહેતા **"હત ! તારું ભલુ થાય"**. સમતા અને લાગણી ભરેલા આ શબ્દોની સામા જીવ ઉપર સારી અસર થતી.

**જપ-ધ્યાન :**

તેઓશ્રી જપ, ધ્યાન વગેરેમાં ઘણો સમય વ્યતીત કરતાં હતા. વૃદ્ધાવસ્થામાં પણ તેઓશ્રી ટેકો દઈને બેસતા નહિ. એવી તેમની અજોડ સ્ફૂર્તિ હતી. તેઓશ્રીએ લાખોની સંખ્યામાં સૂરિમંત્રનો જાપ કર્યો હતો. દિવાળીના દિવસોમાં મોટે ભાગે અઠ્ઠમ કરીને વિદ્યાશાળાના ભોંયરામાં આરાધના કરતા. સ્ત્રીનું મુખ પણ જોતા નહિ. આવી રીતે અનેક આરાધનાઓ કોઈપણ બાહ્ય મહત્તાની અપેક્ષા રાખ્યા વિના અવિરત કર્યે જતા.

તેઓશ્રી પ્રત્યે સહુને એક સરખો પ્રેમ હતો. તેઓશ્રી પણ સહુને એક સરખો વાત્સલ્યભાવ આપતાં. આથી સહુ કોઈ તેમને 'બાપજી મ.' ના પ્યારા સંબોધનથી સંબોધતા. તેઓશ્રી 'બાપજી મ.' ના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થયા. તેઓશ્રી પાસે હંમેશા સંખ્યાબંધ ભાવિકો વાસક્ષેપ નંખાવવા દ્વારા પોતાને ધન્ય માનતા. તેઓશ્રીના મુખથી લીધેલું પચ્ચકૂખાણ સુંદર રીતે પૂર્ણ થતું. હંમેશાં સેંકડો માણસો તેઓશ્રીના દર્શન કરવા અચુક આવતા.

**તીર્થ-યાત્રા :**

વિ.સં. ૧૯૯૬માં ૮૪ વર્ષની ઉંમરે તેઓશ્રીને શ્રી સિદ્ધગિરિજી અને ગિરનારજી તીર્થની યાત્રા કરવાની ભાવના થઈ. અતિવૃદ્ધ અવસ્થામાં ડોળીનો ઉપયોગ કર્યા વગર થોડા થોડા વિહાર દ્વારા બંને તીર્થની ભાવપૂર્વક યાત્રા કરી. તે યાત્રા દરમ્યાન તીર્થની જરાપણ આશાતના ન થઈ જાય તે માટે ખૂબ કાળજી રાખી. **નિર્દોષ ભિક્ષાચર્યાની દુર્લભતા આદિ અનેક કારણો હોવાથી સિદ્ધગિરિ તીર્થમાં વધારે રહેવું નહિ તેમ તેઓ માનતા.** તેથી ત્યાં ચોમાસુ કરવાની વિનંતી હોવા છતાં રહ્યા નહિ. **યાત્રા કરવા પૂરતું રહેવું તે જ યોગ્ય છે તેવું સ્પષ્ટ માનતા.**

**પ્રભાવક કાર્યો :**

સંઘ સ્થવિર પૂજ્ય આચાર્યદેવશ્રીના વરદ્ હસ્તે સેંકડો ઉપરાંત દીક્ષા થઈ છે, અનેક સ્થાનોએ અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉજમણાદિના મહોત્સવો પણ સુંદર રીતે થયા. **શ્રીમાતર તીર્થનો જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા તેમના હસ્તે થઈ.**

દર વર્ષે ચાતુર્માસ પરિવર્તન વખતે અનેક ભાવિકોની વિનંતીઓ અગાઉથી આવી જતી. જેઓને ચાતુર્માસ પરિવર્તન કરાવવાનો લાભ મળતો તે પોતાની જાતને ધન્ય માનતા હતા.

જ્યારથી જંઘાબળ ક્ષીણ થવાથી વિહાર બંધ થયો ત્યારથી તેઓશ્રીએ અમદાવાદ વિદ્યાશાળામાં સ્થિરવાસ કર્યો હતો. તે સ્થિરવાસમાં ગમે તેવી માંદગીમાં પણ વર્ષીતપ સળંગ ચાલુ જ રાખ્યા હતા. કોઈવાર તો ૧૦૫ ડીગ્રી તાવ આવી ગયો છતાં વર્ષીતપ છોડ્યો ન હતો. સમયસર કામ કરવાની તત્પરતા રાખતાં. માંડલીમાં પ્રતિક્રમણનો સમય થઈ ગયો હોય, સાધુ મહારાજો આવી શક્યા ન હોય તો ઈરિયાવહિયા શરૂ કરી દેતા. અજીતશાંતિ સ્તવન એવા મધુર રાગમાં બોલતાં કે શ્રોતાઓ એકતાન બની જતાં. પૂજા પણ સુંદર રાગ રાગણીમાં ભણાવતા.

ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીજીના પટ્ટધર શ્રી સુધર્મા સ્વામીજીથી માંડી આજ સુધીમાં **સો વર્ષથી વધારે આયુષ્યવાળા અને ચારવીસીથી વધારે દીક્ષા પર્યાયવાળા** મહાપુરુષો આંગળીની વેઢે ગણી શકાય તેટલા જ છે. તેમાં સંઘ સ્થવિર તપોમૂર્તિપૂજ્ય આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા પણ એક છે.** તેઓશ્રી આચાર્ય પદવીમાં વૃદ્ધ, દીક્ષા પર્યાયમાં વૃદ્ધ, તપોવૃદ્ધ અને વયોવૃદ્ધ આચાર્યદેવ હતા. તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્યો લગભગ ૪૦ જેટલા હતા.

પૂજ્ય બાપજી મહારાજા વારંવાર કહેતા કે "શાસનનું સત્ય પ્રાણ જાય તો ય મૂકતા નહિ. પોતે ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું અને બીજાને તે માર્ગે ચલાવવા એ જ સાધુનું કામ છે." આ મહાપુરુષ ભગવાનની આજ્ઞા મુજબ જીવ્યા, અનેકને એ માર્ગે (સત્ય માર્ગે) જીવાડ્યા અને આપણને સૌને તે માર્ગે ચાલવાનો સંદેશો આપી ગયા.

પૂજ્યશ્રીની સિદ્ધાન્ત નિષ્ઠા અપૂર્વ હતી. પોતાના જીવન દરમ્યાન જ્યારે જ્યારે સિદ્ધાન્ત રક્ષાના પ્રશ્નો આવ્યા ત્યારે સિદ્ધાન્ત પક્ષે જ રહ્યા. વિ.સં. ૧૯૯૦ તથા વિ.સં. ૨૦૧૪ના સંમેલનમાં શાસ્ત્ર બાધિત કંઈ ન થાય તેની તકેદારી રાખી. પોતાના જીવનના છેલ્લા વર્ષોમાં આંખ વગેરેની તકલીફ થઈ ત્યારે સિદ્ધાન્તના વિષયમાં પોતે પૂ.આ.શ્રી.વિજય લબ્ધિસૂરિ મ. તથા પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિ મ.નો હવાલો આપતાં. આજે તિથિના વિષયમાં જે શાસ્ત્રીય આરાધના થઈ રહી છે તેમાં તેઓશ્રીની મહત્વની ભૂમિકા હતી. તેઓશ્રી પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિ મ. પ્રત્યે અપાર વાત્સલ્ય ધરાવતા હતા. પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પણ તેઓ શ્રીમદ્‌ને બ્રહદ્‌વંદન કરતા તે પ્રસંગ માણવો તે પણ જીવનનો લહાવો મનાતો. તેઓ શ્રીમદ્ અંત્યત સરળ હતા.

## અંતિમ આરાધના :

વિદ્યાશાળામાં અંતિમ ચાતુર્માસમાં (વિ.સં. ૨૦૧૫) નિશ્રાવર્તી સર્વ સાધુઓ અમદાવાદમાં જ ચાતુર્માસ હતા. ચાતુર્માસની શરૂઆતમાં તેઓશ્રીએ ૩૦૦ આરાધકોને નવકાર મંત્રના તપમાં જોડયાં, ૧૨૦૦ પુણ્યાત્માઓને એક દિવસમાં સવા કરોડ અરિહંત પદનો જાપ કરાવ્યો. પોતે પણ પર્યુષણા પૂર્વે સાંવત્સરિક છઠ્ઠ-અઠ્ઠમની તપશ્ચર્યા કરી લીધી. પર્યુષણમાં ફરી વડા કલ્પનો છઠ્ઠ કર્યો. જન્મ વાંચન વિવેચનપૂર્વક સંભળાવ્યું. ૨ કલાક બારસા સૂત્ર સાંભળ્યું. સાંજનું સંવત્સરી પ્રતિક્રમણ ૧૫૦૦ શ્રાવકોની સાથે ૩ાા કલાક સ્વસ્થતાથી કર્યું. દરેકની સાથે ક્ષમાપના કરી.

પર્યુષણની નિર્વિઘ્ને આરાધના કર્યા - કરાવ્યા પછી ભાદરવા વદ ૧૧થી રોગે ઘેરો જમાવ્યો હતો.

વિ.સં. ૨૦૧૫ શ્રા. સુદ ૧૫ના ૧૦૪ વર્ષ પૂરા થયા અને ૧૦૫મું વર્ષ ચાલુ થયુ. તે જ **વિ.સં. ૨૦૧૫ની ભાદરવા વદ ચૌદશ ગુરુવારના દિવસે ચોવિહાર ઉપવાસનો તપ હતો.** સવારના પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ કર્યા બાદ બપોરના ૧ વાગે તબિયત એકાએક વધારે બગડી. નવકાર મંત્ર સંભળાવવાનું ચાલુ રાખ્યું. પગથીયાના ઉપાશ્રયેથી **પૂ.આ.ભ.શ્રી મનોહરસૂરિ મ.સા.** પધાર્યા. પૂજ્યશ્રીએ નેત્રોને બંધ કરી જાણે સમાધિ લીધી. સકળ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રના શ્રવણપૂર્વક બપોરના લગભગ ૧ કલાકને ૨૦ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મને પામ્યા. તેમના અંતિમ દર્શન માટે લગભગ બે લાખ માણસો આવ્યા હતા.

ભાદરવા વદ અમાસને [૦))] દિવસે પાલખી કાઢવામાં આવેલ. અંતિમસંસ્કાર માટેની પાલખીમાં ૫૦ હજાર ઉપરની માનવમેદની હતી. તે મેદનીના દરિયામાં વહાણની જેમ તે પાલખી તરતી-તરતી આગળ વધી હતી. અમદાવાદના જગન્નાથ મંદિરના મહંત શ્રીનરસિંહદાસજીએ પોતાના આશ્રમ પાસે પાલખી આવતા નમસ્કાર કરી. ચાદર ઓઢાડી હતી. તે વખતના પોલીસ ઈન્સ્પેકટરે પણ પાલખી ઉપાડી હતી.

અગ્નિ સંસ્કાર માટેની ભૂમિ **ઝવેરી માણેકલાલ મોહોલાલે ભેટ આપેલી.** (જમાલપુર) ઝવેરી માણેકલાલ મોહોલાલે ચંદનમય ચિતા પર પધરાવ્યા અને રાણપુરના શ્રાવક નરોત્તમદાસ મોદીએ પ્રથમ અગ્નિ સંસ્કાર કરી અંતિમ કાર્ય કર્યું હતું. આ રીતે લાખો માણસોને રડતાં મૂકી પૂ. બાપજી મ.નો પવિત્ર દેહ અગ્નિમાં અદૃશ્ય થઈ ગયો. અમદાવાદ જમાલપુરમાં અગ્નિ સંસ્કારની જગ્યાએ પૂ. બાપજી મ.નું ગુરુ મંદિર બનાવવામાં આવેલ છે.

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : મૂલચંદભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૩૨ મા.સુ. ૮ **રાંદેર** |
| માતાનું નામ | : જમનાબાઈ |
| પિતા | : જયચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૫૮ કા. વદ-૯ **કરજણ (મિયાંગામ)** |
| દીક્ષાની ઉંમર | : ૨૬ વર્ષ |
| દીક્ષા દાતા | : મુનિ શ્રી સંપતવિજયજી મ.સા. |
| ગુરુનું નામ | : પ.પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.સા. |

| | |
|---|---|
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી મેઘવિજય મ. |
| ગણિ-પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૬૯ કા. વ. ૪ **છાણી** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૮૧ મા.સુ. ૫ **અમદાવાદ** |
| આચાર્ય પદ પર્યાય | : ૧૮ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૧ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં.૧૯૯૯ આ.સુ. ૧ **અમદાવાદ** |
| આયુષ્ય | : ૬૭ વર્ષ |

પ્રવચન કુશળ, અપ્રમત્ત સંયમી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરીશ્વરજી મહારાજા

**यद्गिरा साश्रवोऽभूवन्, पाषाणहृदया अपि ।**
**नमो भारतीपुत्राय तस्मै श्री मेघसूरये ।।**

જેમની વાણી સાંભળીને પથ્થરદિલ માનવો પણ રોઈ પડતા હતા તે સરસ્વતીના પુત્ર સમા શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજને નમસ્કાર.

**જન્મ - માતા-પિતા :**

સુરત પાસે **રાંદેર** બંદરમાં જૈન ધર્મના આરાધક પુણ્યવંત **જયચંદભાઈ** અને **જમનાબાઈ** નામે સંસ્કારી અને ધર્મિષ્ઠ શ્રાવક-શ્રાવિકા વસતાં હતા. **જમનાબાઈ**ની કુક્ષિએ ક્રમશઃ હીરાકોર અને નંદકોર નામે બે પુત્રીઓનો જન્મ થયો અને કાળક્રમે **વિ.સં. ૧૯૩૨ના માગસર સુદ ૮ના** એક પુત્ર રત્નનો જન્મ થયો. પુત્રનું નામ **મૂળચંદ** રાખવામાં આવ્યું.

**વ્યવહારિક અભ્યાસ :**

પાંચ વર્ષની ઉંમરે પિતાજી મૃત્યુ પામ્યા અને આઠ વર્ષની ઉંમર થઈ ત્યાં માતાનો પણ વિરહ થયો. સ્વયમેવ આપ બળે જ વિકાસ સાધવાનું ભાગ્ય હતું. તેઓના માસી બા અમથીબેન તેઓ પ્રત્યે સગી માતા જેટલું વાત્સલ્ય ધરાવતા હતા. તેથી તેમના માસીના પુત્ર પ્રાણજીવનદાસ કપૂરચંદ તેમને ભગવામોર ગામ લઈ ગયા. ત્યાં ગુજરાતી ધોરણ ૭નો અભ્યાસ કરી સુરત આવ્યા. ત્યાં શાળાનો અભ્યાસ પૂર્ણ કરી ત્યાંથી અમદાવાદ જઈ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ આગળ ચલાવ્યો અને ત્યાં ત્રણ વર્ષ અભ્યાસ કરી ૨૦ વર્ષની ઉંમરે સીનીયર થયા, અર્થાત્ હેડમાસ્તરની પરીક્ષામાં પાસ થયા. વિદ્યાદાનની કળા તેઓએ હસ્તગત કરી હતી. એ કળાએ ગૃહસ્થાવસ્થામાં તો અનેક જીવોનો ઉપકાર કર્યો. પણ સાધુજીવનમાં ય સાધુ શ્રાવકોને ઘણો ઉપકાર કર્યો. મંદબુદ્ધિવાળાઓને પણ તેઓશ્રી ગંભીર અને તાત્ત્વિક વિષયો બહુ સહેલાઈથી સમજાવી શકતા.

**વૈરાગ્ય ભાવ :**

સુરતમાં ૧૭ વર્ષની ઉંમરે વિ.સં. ૧૯૪૯માં પૂ.મુ. રત્નસાગરજી મ.સા.ના નિર્મળ ચારિત્રથી વૈરાગ્ય

રંગે રંગાયા. સાધુતાના અર્થી બન્યા. ઈચ્છા પ્રબળ છતાં વિરોધ ઉઠવાથી કાળક્ષેપ કરવો ઉચિત માની જ્ઞાન મેળવતા અને આપતા રહ્યા.

'યોગ્ય ઉંમરે સ્વાશ્રયી બનવું જોઈએ' તે સિદ્ધાંતે નિષ્પાપ જીવન ગુજારવા શિક્ષકનું જીવન પસંદ કર્યું. નોકરી મેળવી. દીક્ષા ન લેવાય ત્યાં સુધી સાધુતા માટે આત્માને કેળવવાની તક તેમણે જીવન દરમ્યાન સાધી લીધી. રત્નસાગરજી જૈન પાઠશાળાના અધ્યાપક થયા. વિદ્યાર્થીઓ ઉપર એટલો ઉપકાર કર્યો કે વિદ્યાર્થી વર્ગે સંબંધી કરતાં ય વધુ રાગથી 'દીક્ષા લેતા રોક્યા.

## વૈરાગ્યની દૃઢતાનો એક પ્રસંગ :

રાંદેરમાં વિ.સં. ૧૯૫૭માં ભયંકર પ્લેગનો ઉપદ્રવ ચાલ્યો. તેમાં બાલ્યકાળના ૫૦ મિત્રો પૂર્ણ યુવાનીમાં હતા. તેઓ આ ઉપદ્રવમાં પાણીના પરપોટાની જેમ થોડા થોડા દિવસની બિમારીમાં જ આંતરે આંતરે એક પછી એક અવસાન પામી ગયા. આ બાબત સુરતમાં રહેલા મૂળચંદભાઈને જાણવા મળી. તેથી આયુષ્યની ક્ષણભંગુરતા સમજી વહેલામાં વહેલી તકે દીક્ષા લેવાના નિર્ણય ઉપર આવી ગયા.

**વિ.સં. ૧૯૫૭માં મુનિરાજ શ્રી સિદ્ધિવિજયજી મ.**નું ચાતુર્માસ સુરતમાં થયું. ચોમાસામાં વ્યાખ્યાન શ્રવણથી **મુળચંદભાઈની** દીક્ષા લેવાની ભાવના દૃઢ બની અને પોતાની ભાવના પૂ. પંન્યાસ શ્રી સિદ્ધિવિજયજી ગણિવરને જણાવી. પૂ.પં.શ્રી મહારાજે તેનો સ્વીકાર કર્યો. ચાતુર્માસ પછી પોતાના પ્રશિષ્ય મુનિરાજ **શ્રી સંપતવિજયજી મ.** આદિને દીક્ષા માટે વિહાર કરાવ્યો આ પૂજ્ય મુનિ શ્રી સંપતવિજયજીના હસ્તે મુનિપણામાં દીક્ષાઓ અને પદસ્થ થયા પછી વડી દીક્ષા ઘણી થવા પામી છે. દીક્ષા દાનેશ્વરી પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની વડી દીક્ષા પણ એમના દ્વારા થયેલી હતી. તે મુનિશ્રીએ વિહાર કરી પૂ.પં.શ્રી સિદ્ધિવિજયજીની આજ્ઞાનુસાર વિ.સં. ૧૯૫૮ના કારતક વદ ૯ના રોજ મીયાગામ (કરજણ) માં ત્યાંના સંઘના સંપૂર્ણ ઉત્સાહ વચ્ચે મૂળચંદભાઈને દીક્ષા આપી અને પૂ. પંન્યાસ શ્રી સિદ્ધિવિજયજી ગણીના શિષ્ય તરીકે મુનિ શ્રી મેઘવિજયજી નામ આપ્યું. ત્યાંથી વિહાર કરી છાણી પધાર્યા. પૂ. પં. શ્રી મહારાજ આદિ પણ છાણી પધાર્યા. નૂતન મુનિ શ્રી મેઘવિજયજીને યોગોદ્વહન કરાવી વડી દીક્ષા આપી. સાંભળવા પ્રમાણે વિદ્યાભ્યાસમાં દત્તચિત્ત બનેલા તેઓ ગૃહસ્થના પરિચયથી તદ્દન દૂર રહ્યા હતા.

## ગુરુકુળવાસ :

ગુરુકુળવાસ તે જીવનની સાધના હતી. ૪૨ ચાતુર્માસમાંથી માત્ર નવ જ ચોમાસા ગુરુથી જુદા ક્ષેત્રમાં રહ્યા છે. ગુરુસેવા તેઓમાં અજોડ હતી. છેલ્લે માંદગીમાં અશક્ત હોવાના કારણે ગુરુદર્શન ન થતાં તો પણ દૂર રહ્યા ગુરુ જે દિશામાં હોય તે દિશામાં હાથ જોડી નત મસ્તક નમી પડતા. ગુર્વાજ્ઞાનુસાર સર્વે પ્રવૃત્તિ કરતા. સંયમનો રાગ વિશિષ્ટ હતો. સમિતિ-ગુપ્તિના પાલનમાં સદૈવ જાગૃત રહેતા.

## સંયમનો રાગ :

સાધુ જીવનનો મુખ્ય ગુણ ગુરુસેવા તેઓમાં અજોડ હતી. ભાષામાં મર્યાદા-મધુરતા-મિતાક્ષરતા,

નિરવદ્યતા, ગંભીરતા, હિતસ્વિતા વગેરે એટલા બધા ગુણો હતા કે સાંભળનારને તૃપ્તિ થતી જ નહિ. તેઓ કદી કોઈનું જરાપણ ઘસાતું ન બોલતાં નાનામાં નાના પણ બીજાના ગુણને જોઈને તેઓ પ્રસન્નતા જાહેર કરતાં.

આહાર-પાણી આદિ સંયમોપકારક જરૂરી વસ્તુઓમાં ઓછામાં ઓછા દોષથી કેમ નિર્વાહ થાય તે માટે તેઓની સતત કાળજી હતી. બેસવા-ઉઠવામાં, લેવા-મૂકવામાં અને પૂંજવા-પ્રમાર્જવાની કાળજી અજબ હતી. ગૃહસ્થ પાસે એક નાનું પણ કામ કરાવવામાં તેઓ ખૂબ સંકોચાતા. શત્રુનું પણ હિત ચિંતવવું, કોઈની સાથે વૈર ન થાય કે કોઈ કારણે જો તેમ થયું હોય તો તે તુર્ત નાશ પામે એવી તેઓશ્રીની સ્વ-પરહિત માટે સતત કાળજી હતી.

**શાસન-રક્ષાનાં** કાર્યો કરવાનું શુદ્ધ સામર્થ્ય જ્યાં જ્યાં દેખતા, ત્યાં ત્યાં તેને સર્વ રીતે સહાય કરીને તેઓ સફળ કરાવવા ઘટતું કરી છૂટતા. એમ સંયમ અને શાસનનો રાગ તેઓના એકેએક વ્યવહારમાં પ્રગટ દેખાતો હતો.

### ભીમ-કાંત-પ્રકૃતિ :

તેઓનું સંયમી જીવન એવું પ્રભાવશાળી હતું કે તેઓની નિશ્રામાં રહેનાર સાધુ વર્ગ શૈથિલ્યનો આશ્રય કરી શકતો નહિ. વિના પ્રેરણાએ પણ તેમની ભીમપ્રકૃતિથી સાધુઓનું જીવન સહજતયા સુયોગ્ય રહેતું. એમ છતાં કાંતગુણને લીધે હૃદય વાત્સલ્ય અને હિતબુદ્ધિથી એટલું ભરેલું રહેતું કે નાનામાં નાના સાધુ પ્રત્યે પણ ખૂબ લાગણી ધરાવતા.

### અનુકંપા :

ભાવદયાની ભૂમિકારૂપ અનુકંપા ભાવ પણ તેઓના હૃદયનો એક શણગાર હતો. જ્યારે જ્યારે જગતને આકસ્મિક આપત્તિઓથી પીડાતા સાંભળતા, ત્યારે તે તે દેશની પીડિત પ્રજાના દુઃખથી તેઓશ્રીનું હૃદય દ્રૂબી જતું. કોઈ અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ જેવા પ્રસંગે, ભૂમિકંપ કે રેલ સંકટ જેવા પ્રસંગે, પ્રજાકીય બળવા કે હીજરત જેવા પ્રસંગે તે તે માનવો પશુઓ વગેરેનાં દુઃખોનું વર્ણન સાંભળીને ગંભીર થઈ જતાં.

### સમ્યગ્જ્ઞાનનો આદર :

વીતરાગનાં શાસ્ત્રોનું તેઓના હૃદયમાં ઊંડું માન હતું, ત્યાં સુધી કે માત્ર ભણી ભણાવીને સંતોષ નહિ માનતાં, જીવનમાં ઉતરે તેટલું શાસ્ત્ર વચન જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતાં-કરાવતા. દ્રવ્યાનુયોગ અને ચરણ-કરણાનુયોગમાં તેઓને ખૂબ રસ હતો, ગણિતાનુયોગ પણ એટલો સુંદર હતો કે જે વિષયમાં ગણિત સ્લેટ પેનના આધારથી પણ બીજાઓને કષ્ટ સાધ્ય થતાં તે ગણિતને તેઓ આંગળીના ટેરવે ગણાવી શકતા. કર્મ સાહિત્યમાં તેઓ સારો રસ ધરાવતા હતા અને ધર્મકથાનુયોગ તો એટલો સુંદર હતો કે એકવાર પણ તેઓના વ્યાખ્યાનને જેણે સાંભળ્યું હશે તે જીવનભર અનુમોદના કર્યા વિના રહી શકયો નહિ હોય.

યોગ્ય સાધુઓને જાતે ભણાવવાની તેઓશ્રીની સતત કાળજી સ્થૂલબુદ્ધિ જીવોને પણ અભ્યાસમાં ઉત્સાહિત કરી દેતી.

છેલ્લા વર્ષોમાં નેત્રોનું તેજ ઘટી જવા છતાં પૂર્વે કંઠાગ્ર કરેલું પુનઃ પુનઃ ગોખીને તૈયાર કરતા, રાત્રિએ પણ સ્વાધ્યાય કરતા, પન્નવણા અને ભગવતી જેવા આગમ શાસ્ત્રોને પણ સરળ રીતે સમજાવી શકતા. ન્યાય દર્શનનો પણ અભ્યાસ તેઓએ કર્યો હતો. સિદ્ધહેમ જેવા વ્યાકરણ ગ્રંથો પણ સ્વયં ભણાવતા હતા. એમાં 'સાધુએ વિનયપૂર્વક યોગ્ય ગુરુની પાસે ભણવું જોઈએ' એ તેઓનું ધ્યેય હતું. 'વિનય વિના મેળવેલી વિદ્યા આત્મોપકારક બનતી નથી.' એ તેઓશ્રીની શ્રદ્ધા હતી.

**અપ્રમાદ :**

તેઓશ્રી જ્ઞાન-ક્રિયામાં સતત ઉદ્યમી હતા. માંદગીમાં શરીર તદ્દન અશક્ત બન્યું હતું. ત્યારે પણ બધા સાધુઓએ શયન કર્યા પછી પોતે જાગતા અને કલાકો સુધી નવકારવાળી ગણતા. સ્વાધ્યાયાદિ કરતા. વિધિનો આદર તો એટલો સુંદર હતો કે નાના-મોટા કોઈ અનુષ્ઠાનમાં પણ તેઓ અવિધિને નિભાવી લેતા નહિ. મોટા પદવીધર જેવાની પણ ક્ષતિ સુધારવામાં તેઓ નિડર રહેતા અને તેથી તેઓની પાસે જનાર રાજ્ય દરબારમાં જવા જેટલો સાવધ બનીને જતો. અશક્ત છતાં તેઓ શ્રી જિનમંદિરમાં પણ પ્રત્યેક ખમાસમણા પૂર્ણ પંચાંગ ભેગાં કરીને જ દેતા. નાદુરસ્ત શરીરેપણ તેઓએ વિ.સં. ૧૯૮૪માં પાટણમાં મૌનપૂર્વક શ્રી સૂરિમંત્રનું આરાધન કરેલુ.

પૂજ્યશ્રીની ઉચ્ચાર શુદ્ધિ એવી સ્પષ્ટ અને શુદ્ધ હતી. જેથી દરેકને સાંભળીને આનંદ થતો.

**સહિષ્ણુતા :**

તેઓશ્રીમાં ઉપસર્ગો અને પરીષહોને સહન કરવાની શક્તિ ઘણી પ્રશંસાપાત્ર હતી. 'તેઓને અશાતાના ઉદયે તો પીછો જ પકડ્યો હતો. તેઓને શિરોવેદના કાયમી હતી અને નેત્રોનું દર્દ પણ એને જ આભારી હતું. એવી અસહ્ય પીડાઓમાં પણ કોઈ દિવસ તેમના મુખે 'અરેરે !'નો ઉચ્ચાર સાંભળ્યો નથી. જ્યારે તેઓને' બહુ પીડા વધે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ ઉચ્ચારણ સ્વયં કરતા કે તે જ સાંભળવાની માગણી કરતા. તેઓની આ સહિષ્ણુતાએ તે તે પ્રસંગોને જોનારા ગૃહસ્થોને, વૈદ્ય-ડૉક્ટરોને કે વૈયાવચ્ચ કરનારા સાધુવર્ગને ખૂબ ખૂબ અનુમોદના કરાવીને ઉપકાર કર્યો છે. **માત્ર દ્રવ્યસહિષ્ણુતા જ નહિ, પરંતુ સંયમ અને શાસનના અવિહડ રાગને લીધે ભાવ ઉપસર્ગો પણ તેઓએ એવા જ સહન કર્યા છે. સત્યની રક્ષા માટે અપમાન અને અપશબ્દો સાંભળવામાં પણ તેઓ જરાય અકળાયા નથી. એ રીતે તેઓ સમતા જાળવીને તે તે પ્રસંગે શાસનની વફાદારી કેળવી ગયા છે કે - આજે પણ તે પ્રસંગો યાદ આવતાં તેઓના ધૈર્ય સામે મસ્તક નમી પડે છે. માત્ર તેઓએ સહન કર્યું છે એટલું જ નહિ, પરંતુ બીજા સાધુઓને એવા પ્રસંગે સહાય પણ ઘણી કરી છે. તેઓના જીવનકાળ દરમ્યાન દેવદ્રવ્ય, દીક્ષાવિરોધ, જડવાદ અને નાસ્તિકતાનો પ્રચાર ઇત્યાદિ એવા પ્રસંગો ઉપસ્થિત થયા હતા, કે જે સમયે સત્યનો પક્ષ કરનારાઓને ઘણું સહન કરવું પડ્યું હતું. તેઓશ્રી પોતાના સ્થાનને અને જવાબદારીને સમજનારા હતા અને એથી એ વિકટ પ્રસંગોને પોતાની અતુલ આરાધનાના પ્રસંગો માની, ખૂબ સ્થૈર્ય, ધૈર્ય અને માધ્યસ્થપૂર્વક સ્વકર્તવ્ય અદા કરી જીવનને અજવાળી ગયા હતા.**

**પદ પ્રદાન :**

દશ વર્ષ જેટલા ટૂંકા દીક્ષા પર્યાયમાં તો તેઓશ્રીએ ગુરુભક્તિ સાથે જ્ઞાન અને ક્રિયાથી જીવનને એવું સુંદર બનાવી દીધું હતું કે તે તેઓના જીવનની સુવાસ ઘણા જીવોને આકર્ષણરૂપ બની હતી. જે કાળે સમાજમાં પદપ્રદાનની બહુ મહત્તા અંકાતી તે કાળમાં તેઓશ્રીના ગુણથી આકર્ષાયેલા સંઘોએ તેઓને પદસ્થ બનાવવાની ભાવનાઓ વ્યક્ત કરી હતી, વારંવાર વિનંતી થવાને યોગે પૂજ્ય ગુરુદેવે પણ યોગ્યતા જોઈને ભગવતી સૂત્રના યોગોદ્વહનાદિ કરાવી વિધિપૂર્વક છાણીમાં તેઓને **વિ.સં. ૧૯૭૯ના કારતક વદ ૪ના રોજ ૧૧ વર્ષના દીક્ષા પર્યાયમાં ગણી અને પંન્યાસપદથી વિભૂષિત કર્યા હતા.** તે પછી પણ વધતી જતી યોગ્યતાએ પૂજ્ય ગુરુદેવનું અને સંઘનું આકર્ષણ વધારી દીધું હતું. જેના ફલરૂપે રાજનગરના આગેવાન શ્રાવક વર્ગના અતિ આગ્રહને કારણે **વિ.સં. ૧૯૮૧**ના **માગસર સુદ ૫**ના રોજ પૂ. પરમ ઉપકારી સંઘસ્થવિર ગુરુદેવે તેઓશ્રીને **આચાર્યપદ** ઉપર આરૂઢ કર્યા હતા.

**શિષ્ય વર્ગ :**

પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર ૨૫ ઉપરાંત હતો.

**તીર્થયાત્રા :**

મારવાડની પંચતીર્થી, કેસરીયાજી, સૌરાષ્ટ્રનાં બધાં તીર્થો, ગુજરાતનાં નાનાં મોટાં તીર્થો અને સુરત-અમદાવાદ-પાટણ વગેરેની શહેર યાત્રાઓ તેઓશ્રીએ કરી હતી. સંઘવી છોટાભાઈ લલ્લુભાઈ ઝવેરીએ કાઢેલા અમદાવાદથી શ્રી સિદ્ધાચળજીના છ'રી પાળતા સંઘમાં તથા શેઠ માણેકલાલ મનસુખલાલે વિ.સં. ૧૯૯૧માં શ્રી શત્રુંજય ગિરિરાજના મહાન શાસન પ્રભાવક છ'રી પાળતા કાઢેલા સંઘમાં તેઓશ્રીએ યાત્રા કરી હતી, ઉપરાંત પૂજ્યપાદ ગુરુદેવની છત્રછાયામાં રહીને અનેકવાર ઉપધાન તપ, ઉદ્યાપન મહોત્સવો, વ્રતપ્રદાન વગેરે આરાધના કરાવવાનો પણ લાભ તેઓશ્રીએ લીધો હતો.

**અંતિમ આરાધના :**

વિ.સં. ૧૯૯૯નું અમદાવાદ-હાજાપટેલની પોળમાં પગથીયાના ઉપાશ્રયનું અંતિમ ચાતુર્માસ લગભગ માંદગીમાં જ પૂર્ણ થયું. તાવ લગભગ ચાલુ જ રહેતો, શરીર ઉતરી ગયું હતું, ભાદ્રપદ માસમાં બિમારીએ ઉગ્રરૂપ પકડ્યું. વૈદ્ય-ડૉક્ટરોએ ઘટિત ઉપચારો કરવા છતાં સુધારાની આશા તૂટી ગઈ અને સહુનું દિલ આરાધના કરાવવામાં લાગી ગયું. પરભવના પ્રયાણની તૈયારીઓ શરૂ થઈ ગઈ, બે દિવસ વધુ બગડે, વળી કંઈક સ્વસ્થતા આવે, એમ ભાદ્રપદ પૂરો થયો અને છેલ્લી અમાસની રાત્રી આવી. તેઓમાં અસ્વસ્થતા વધી અને સહુ મુંઝાયા. રાત્રે શ્રાવકવર્ગ સ્થળે-સ્થળેથી આવવા લાગ્યો. વિદ્યાશાળાએ પૂ. ગુરુ મહારાજને પણ સમાચાર મળ્યા અને તેઓશ્રી સવારે પગથિયાંના ઉપાશ્રયે પધાર્યા. સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાવર્ગથી ઉપાશ્રય ભરાઈ ગયો. તેઓ રાત્રે અસ્વસ્થ થયેલા તે પછી પુનઃ સ્વસ્થ થયા અને તેઓએ સવારનું પ્રતિક્રમણ પૂર્ણ સાવધપણે સૂતાં સૂતાં કર્યું. પ્રતિલેખનાદિ કર્યા પછી આરાધનાની શરૂઆત થઈ ગઈ, તે સમયનું દૃશ્ય ખૂબ અનુમોદનીય હતું. ગુરુભક્તિથી ભરેલાં હૈયાંએ છેલ્લી ભેટ

તરીકે હજારો ઉપવાસ, આયંબિલ, એકાસણાં, સામાયિક, લાખ્ખો પ્રમાણ સ્વાધ્યાય, તેમજ જીવદયામાં રોકડ રકમ વગેરે એટલું થયું હતું કે - તેની નોંધ અશક્ય બની ગઈ હતી.

એક પાટ ઉપર પૂ. ગુરુદેવ, લગોલગ બીજી પાટ ઉપર પોતે, આજુબાજુ આશરે પચાસ સાધુ ભગવંતો સામી બાજુ સેંકડો સાધ્વીઓ અને નીચે મોટા પ્રમાણમાં શ્રાવક-શ્રાવિકાવર્ગ હાજર હતો, છતાં શાંતિ અજબ હતી. તેઓશ્રી આરાધના માટે જેમ એકાગ્ર ચિત્તે શ્રવણ કરતા હતા, તેમ હાજર રહેલા શ્રીસંઘ પણ એકાગ્ર બની ગયો હતો. તે વખતે તેઓશ્રીના શિષ્યવર્ય પૂ. આચાર્ય **શ્રી વિજય મનોહરસૂરિજી મ. 'સંવેગ રંગશાળા'** ગ્રંથમાંથી આત્માના અભ્યંતર શત્રુઓ ક્રોધાદિની દુષ્ટતાનું વર્ણન ગ્રંથકારના શબ્દોમાં જ સંભળાવી રહ્યા હતા, અને 'ભૂખ્યો બે હાથે જમે' તેમ ઉભય કાન માંડીને દત્તચિત્તે તેઓશ્રી શ્રવણ કરતા હતા.

## વૈયાવચ્ચ :

એ વાત્ પણ નોંધ્યા વિના ચાલે તેમ નથી કે આ પૂજ્ય ગુરુદેવની વૈયાવચ્ચ અને નિર્યામણા અનુમોદનીય થઈ હતી. તેઓશ્રીની સેવામાં સહુ આદર ધરાવતા હતા. પણ તેઓશ્રીના મુખ્ય શિષ્ય પૂ.આ.**શ્રી વિજયમનોહરસૂરિજી,** પૂ. ગુરુભક્ત મુનિ **શ્રી સુમિત્રવિજયજી** અને તે ઉપરાંત પ્રશિષ્ય મુનિ **શ્રી મનકવિજયજીની** સેવા નોંધપાત્ર હતી. સદૈવ ગુરુસેવામાં આત્મ કલ્યાણ માનનારા એ મુનિવરો દરેક પ્રસંગોમાં એક અદના સેવક તરીકે આજ્ઞા ઉઠાવતા, જ્યારે આ છેલ્લી માંદગી પ્રસંગે તો તેઓએ ઊંઘ કે ઊજાગરા, ભૂખ કે તૃષા, કોઈની પણ દરકાર કર્યા વિના અવિરત પણે ખડે પગે વૈયાવચ્ચ કરી જીવન કૃતાર્થ કર્યું હતું. **મુનિ શ્રી મનકવિજયજીની** સેવા તો અજબ કોટિની હતી, દીક્ષા લીધી ત્યારથી પૂ. ગુરુદેવે તેમને વૈયાવચ્ચનો ઉચ્ચ અપ્રતિપાતી મંત્ર એવો શીખવ્યો હતો કે ખરેખર, આ કાળમાં મુઠ્ઠી હાડકાંવાળા કૃશ શરીરે શ્રમમાં જ આરામનો અનુભવ કરનાર મુનિ શ્રી મનકવિજયજીની સેવા બીજા ઘણા મુનિવરો કરતાં વધુ પ્રશંસા માગી લે તેવી હતી. તે ઉપરાંત મુનિ શ્રી સુબોધવિજયજી, મુનિ શ્રી સુભદ્રવિજયજી આદિએ પણ યથાશક્ય વૈયાવચ્ચ કરી ગુરુના અતુલ ઉપકારની કૃતજ્ઞતા દાખવી હતી.

## નિર્યામણા :

પૂજ્યપાદ્ સ્વર્ગત આચાર્ય ભગવંતના નિર્યામકો ઉત્તમ હતા, મુખ્યમાં પરમ વાત્સલ્યવંત પોતાના જ ગુરુદેવ (શ્રી બાપજી મહારાજા) વારંવાર ધ્યાનસ્થ રહેવાની પ્રેરણા આપતા હતા, તે ઉપરાંત અત્યંત લઘુતા ગુણનું ભાજન પ્રશમનિધિ **પૂ.આ.શ્રી વિજયકનકસૂરિજી મહારાજ,** ગીતાર્થ સેવાભાવી **પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરિજી મહારાજ,** બાજુમાં છેક નજીકમાં તેઓશ્રીના વિનીત મુખ્ય શિષ્ય **પૂ.આ.શ્રી વિજયમનોહરસૂરિજી મહારાજ,** તેમજ **પૂ.આ.શ્રી વિજયજંબૂસૂરિજી મહારાજ** પાંચ-પાંચ આચાર્ય ભગવંતોના સાનિધ્યમાં તેઓશ્રી સુંદર આરાધના કરી રહ્યા હતા, બીજી બાજુ વિદ્વાન શાંતમૂર્તિ પૂ. પંન્યાસજી શ્રી **કલ્યાણવિજયજી મહારાજ** પ્રસંગને અનુરૂપ પ્રેરણા આપતા હતા અને એ સિવાય પણ લગભગ ૫૦ જેટલો સુવિહિત સાધુવર્ગ તેઓશ્રીની સમાધિને ઈચ્છતો હાજર હતો. અંતકાળે આવા ઉત્તમ નિર્યામકોનો સંયોગ પ્રાપ્ત થવો એ જીવનની સુંદરતાને માપવાનું મીટર છે.

**અંતિમ ક્ષણો :**

એ રીતે નિર્યામકોની વચ્ચે સમાધિને સાધતા તેઓશ્રીને ૨-૫૦ મિનિટે પૂજ્ય ગુરુદેવે પૂછયું કે, 'શાતામા છો ને ?' તેઓશ્રીએ પ્રસન્નચિત્તે સંજ્ઞાથી હકારાત્મક જવાબ વાળ્યો.

મિનિટો વધવા લાગી અને શ્વાસોચ્છ્વાસ ઘટવા લાગ્યા. પૂ. ગુરુદેવના ચરણમાં મસ્તક મૂકી પડખે સૂતેલા એ પુણ્ય પુરુષનો આત્મા **વિ.સં. ૧૯૯૯ આસો સુદ-૧ બપોરે ૨-૫૫ મિનિટે જરા પણ પીડાના અનુભવ વિના** પગથીયા ઉપાશ્રયે પોતાના દેહને છોડીને પરલોકે પહોંચી ગયો. તેઓના શરીરની આકૃતિ ચેતના ગયા પછી પણ તે જ સ્વરૂપમાં ટકી રહી. તેઓશ્રીના નેત્ર કે મુખના આકારમાં વિકાર થયેલો નહિ ઉત્તમ આત્માઓ જેમ જીવી જાણે છે, તેમ સુંદર સમાધિથી જીવનને સંકેલી પણ શકે છે.

શ્વાસ અટકતાં જ ચતુર્વિધ શ્રીસંઘનાં હૈયાંને શોકે ઘેરી લીધાં, નેત્રો નીતરતાં થયાં, રાગે રાગી કે ત્યાગી સહુની ઉપર ઓછા-વધુ પ્રમાણમાં પોતાનો પ્રભાવ પાથર્યો અને થવા યોગ્ય થઈ ગયું. આખરે 'દુઃખનું ઓસડ દહાડા' - એમ ધીમે ધીમે એ વિસરાતું ગયું, પણ સ્વ.નો ઉપકાર અવિસ્મૃત રહ્યો. વિજળીના વેગે આ સમાચાર ફેલાયા, અનેક સ્થળોએ ખબરો પહોંચી ગઈ, સ્મશાનયાત્રા બીજે દિવસે કાઢવાનું નિશ્ચિત થયું અને **ભક્તિવંત આત્માઓએ જીવંત દેહની જેમ મૃતદેહને પણ ભક્તિ-પૂજા કરી સુંદર પાલખી બનાવી તેમાં પધરાવ્યો.**

**અંતિમયાત્રા :**

આસો સુદ-૨ની સવારે શહેર અને બહારથી માનવસમૂહ આવવા લાગ્યો અને લગભગ દશ હજાર જેટલી માનવમેદની વચ્ચે સ્વ.ની અંતિમયાત્રા નીકળી. તે પુણ્યાત્માના પુણ્યે પક્ષ-પ્રતિપક્ષના ભેદની જાળને તોડી નાખી, સહુને એકસરખી રીતે આકર્ષ્યા, સુરત વગેરે બહારગામથી પણ ભાવુકો આવી પહોંચ્યા, તેમજ પોળે પોળેથી અને પરાઓમાંથી રાજનગરનો શ્રાવકવર્ગ પણ આવ્યો. શહેરના મુખ્ય ગણાતા શ્રીમંત શ્રાવકો શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ પન્નાલાલ ઉમાભાઈ, શેઠ ચિમનલાલ લાલભાઈ, શેઠ ભોગીલાલ છોટાલાલ સુતરીયા, શેઠ બકુભાઈ મણિલાલ, શા. કેશવલાલ લલ્લુભાઈ, શેઠ મયાભાઈ સાંકળચંદ, ઇત્યાદિ દરેક ઉપાશ્રયના અગ્રેસરો વગેરે તથા બહારગામથી પણ અનેક શ્રાવકો આવ્યા અને બરાબર આઠ વાગતાં **'જય જય નંદા-જય જય ભદ્દા'**ની ઘોષણાપૂર્વક સ્વ.ની અંતિમયાત્રા નીકળી. શહેરના રાજમાર્ગોમાં શેરીએ અને અટારીએ **જૈન-જૈનેતર માનવસમૂહ હજારોની સંખ્યામાં એ પુણ્યદેહનાં દર્શન કરી કૃતાર્થ થતો હતો. 'પુણ્યવાન આત્માનો આધારદેહ પણ એટલો જ પૂજ્ય બને છે' - એમ તે દશ્ય જોનારને સાક્ષાત્ અનુભવ થતો હતો.** આગળ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ દેઘ લઈને ચાલતા હતા અને પાછળ હજારોની સંખ્યામાં પાલખી લઈ ભાવુકો વેગથી ચાલી રહ્યા હતા. રસ્તે જતાં દેઘ તથા પાલખી ઉપાડવાનો લાભ લેવા માટે ભાવુક શ્રાવકો બદલાતા જતા હતા. **ખરેખર ! એ દશ્ય જોનારા પણ ભાગ્યવંત આત્માઓ પોતાના આત્માને નિર્મળ કરી રહ્યા હતા.** સ્મશાનભૂમિમાં છેક સુધી હજારો શ્રાવકોની હાજરી રહી હતી. નિર્વિઘ્ને અગ્નિસંસ્કારનું કામ પૂર્ણ કરી શોકાચ્છાદિત મુખે પાછા ફરેલા તેઓએ ઉપાશ્રયે જઈ પરમપૂજ્ય દાદા શ્રી **વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના મુખે મંગલ

સાંભળ્યું હતું. તે પ્રસંગના વાતાવરણને દરેકની આંખો ભીની કરી દીધી હતી, ચ્હેરા ગંભીર બનાવી દીધા હતા અને વાતાવરણ શાંત બની ગયું હતું.

ઉપાશ્રયમાં પણ પરમપૂજ્ય દાદા મહારાજની નિશ્રામાં દેવવંદનની ક્રિયા વગેરે વિધિ કરવામાં આવ્યો હતો. તેમાં શહેરના સર્વ ઉપાશ્રયોથી પદસ્થો અને મુનિવરો પધાર્યા હતા. સર્વના હૃદય ઉપર સ્વર્ગસ્થના વિરહનો ભાર દેખાતો હતો. ક્રિયા પૂર્ણ થયા પછી પરમપૂજ્ય દાદા મહારાજે હિતશિક્ષા રૂપે સંભળાવેલા શબ્દો હૃદયને કોતરી નાખે તેટલા અસરકારક મંગળરૂપ હતા, કે જેનું સાચું સ્વરૂપ શબ્દોથી આલેખી શકાય તેમ નથી.

**મહોત્સવની ઉજવણી :**

તેઓના પવિત્ર જીવનના ઉદ્યાપન નિમિત્તે શ્રીસંઘે હાજા પટેલની પોળમાં એક મોટો મહોત્સવ ઉજવ્યો હતો. એ અંતિમયાત્રા, મહોત્સવ વગેરેને જોનારાઓ એમ માને છે કે-સો વર્ષમાં આવું દૃશ્ય જોવામાં આવ્યું નથી. ખરેખરે ! સ્વર્ગત પૂ. ગુરુદેવના આત્માની પવિત્રતાનાં એ દૃશ્યો હતાં એમ કહી શકાય.

દેશ-પરદેશમાં પણ તેઓશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે ભાવુક આત્માઓએ મહોત્સવો ઉજવવાના સમાચાર મળતા હતા.

એમ એ પુણ્યાત્મા ૨૬ વર્ષની વયે દીક્ષિત થયા અને ૪૧ વર્ષ ચારિત્રની નિર્મળ આરાધનાથી સ્વ-પર કલ્યાણ સાધીને ૬૭ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા. ક્રોડો વંદન હો, એ પરમ ઉપકારી પૂ. ગુરુદેવને ! તેઓના પવિત્ર ચારિત્રને !

**વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિરાજ પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શબ્દોમાં**

તેઓશ્રી એક સારામાં સારા ઉપદેશક હતા. ઉપદેશ આપવાની તેમની પદ્ધતિ અનોખી અને અદ્ભુત હતી. શાસ્ત્રના મર્મની વાતોને ઘોળી ઘોળીને શ્રોતાઓને પાવાની તેમનામાં બહુ સુંદર કળા હતી. મેં તેમને સારી રીતે સાંભળ્યા છે. બાલ્યકાળમાં દરેક સારા વ્યાખ્યાનકારને સાંભળ્યા વિના હું રહેતો નહિ. આજે તો એવો સાંભળવાનો ગુણ નાશ પામવા લાગ્યો છે.

વિ.સં. ૧૯૮૧-૮૨-૮૩માં અમે ભેગા થયા. તેમની સેવા કરવાની મને તક મળી. તે વખતે કાળ બહુ વિલક્ષણ હતો. સમાજના મોટા વર્ગને શાસ્ત્રજ્ઞાનની જરૂર ન હતી. શ્રમણસંસ્થામાં પણ બહુ ગરબડ હતી. ઘણા વિરોધ અને ઊહાપોહના કારણે વાતાવરણ બહુ ડહોળાયેલું હતું. એવા વખતે તેમણે મને કહ્યું કે, 'અમદાવાદની આ પાટ તારે સંભાળવી પડશે. અમદાવાદને સાચવવાનું છે. તારી પાસે શક્તિ છે તેનો તારે ઉપયોગ કરવાનો છે.' મેં કહ્યું, 'આપ વડીલો બેઠા છો તેમાં મારા જેવાનું કામ શું ?' પણ તેઓએ મને કહ્યું કે, 'તારું જ કામ છે અને તારે એ સંભાળવાનું છે.' નામરજી છતાં મારે બેસવું પડ્યું. તેમના આગ્રહને વશ થવું પડ્યું. તમે જાણો છો કે, આ તો ભગવાન શ્રી મહાવીર પરમાત્માની, ભગવાન શ્રી સુધર્માસ્વામીને સોંપેલી પાટ છે. એ પાટને અભડાવનારા પણ ત્યારે ઘણા હતા. તમે તો 'હા જી હા' કરીને

એ પાટને અભડાવવા દો એવા છો. એ મહાપુરુષે મને કહેલું કે - **'જો ! આજે લેભાગુઓ વધ્યા છે. શાસ્ત્રાજ્ઞાને નહિ માનનારા ઘણા છે. આપણે ઘણાને ખેંચવાના ખરા, ખેંચવા માટે જેટલી જેટલી કળા આવડે તે અજમાવવાની, પણ બોલવાનું તો શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જ, તેમાં જરાય આઘાપાછા નહિ થવાનું.' તેઓશ્રીએ આવું સુંદર અમીપાન મને કરાવ્યું છે.**

તે સમયના આ બધા મહાપુરુષોની કૃપા મેળવીને હું જીવ્યો છું. પૂજ્ય શ્રી બાપજી મહારાજાની મારા પર ઘણી જ કૃપા હતી. એ રીતે આ મહાપુરુષની તો એટલી બધી કૃપા હતી કે તેઓ વાત વાતમાં મારા માથે હાથ મૂકતા અને મારી પીઠ થાબડતા. અમારા ગુરુઓનો પણ મેં વિશ્વાસ સંપાદન કર્યો છે અને તેમની કૃપાના બળે જ આ પાટની વફાદારી હું જાળવી શક્યો છું, તેનો મને આનંદ છે, અને તે વફાદારી જીવનભર જાળવી શકીશ તેવો મને વિશ્વાસ છે. **આ પાટ ઉપર બેસીને જેમ તેમ મરજી મુજબ બોલાય નહિ અને મરજી મુજબ બોલવું હોય તેણે આ પાટ ઉપર બેસવું ન જોઈએ.**

મારે તેઓશ્રીની નિઃસ્પૃહતા અને નિખાલસતાની વાત તમને સમજાવવાની છે. અમારાથી તો તેઓશ્રી ઘણા મોટા, પણ નિઃસ્પૃહતા અજબ. ગામેગામ સામૈયાં થાય, તેઓશ્રી તો ફક્ત મંગલાચરણ કરે અને **તરત મને એક ગાથા આપી દે. મારે એ ગાથા પર વ્યાખ્યાન કરવાનું. આમ ગામેગામ જુદી જુદી ગાથાઓ આપતાં.** જેમ જેમ પાટણ નજીક પહોંચવા લાગ્યા તેમ તેમ પાટણમાં ઉત્તેજના વધવા લાગી. પાટણ નજીકના ગામે પહોંચ્યા ત્યાં પાટણથી વિરોધીઓનું એક ટોળું અમારી પાસે આવ્યું. તેમણે પૂજ્ય શ્રી મેઘસૂરિજી મ. પાસે જઈ પાટણ ન આવવા વિનંતી કરી. તેઓશ્રીએ એ બધાને મારી પાસે મોકલ્યા. હું ના કહું તો પાટણ ન જવું અને મારી મરજી હોય તો જવું, આવો તેમનો નિર્ણય હતો. આવા મોટા આચાર્યદેવની પણ કેટલી સરળતા ? મેં પેલા ભાઈઓને કહ્યું કે, **'અમે તમારી વિનંતીથી પાટણ આવતા નથી. જેઓ અમને વિનંતી કરી ગયા છે તેઓ ના પાડવા આવશે તો વિચારીશું. ત્યાં સુધી અમારા પાટણ આવવાના નિર્ણયમાં કોઈ ફેરફાર નહિ થાય.'** પછી તો અમે પાટણ ગયા, રહ્યા અને ચોમાસું પૂરું કર્યું. પરંતુ તેઓશ્રીનું પીઠબળ એવું મજબૂત હતું કે વિરોધના તોફાની વાવાઝોડા વચ્ચે પણ અમે સારી રીતે રહી શક્યા.

ભદ્રપરિણામી, દીર્ઘસંયમી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા

આરાધના પુરી તરીકે પ્રસિદ્ધ થયેલી રાધનપુર નગરીમાં નગર શેઠ તરીકે મસાલિયા કુટુંબ ભોંયરા શેરીમાં રહે. નગર શેઠ સીરચંદભાઈના લઘુબંધુ **ઉગરચંદના** ધર્મપત્ની **સૂરજબેન**ની કુખેથી જોડિલા બાળકોનો જન્મ થયો.

**જન્મ-માતા-પિતા :**

**વિ.સં. ૧૯૩૦ વૈ. સુ. ૧૫નો** એ શુભ દિવસ હતો. ઉગરચંદ શેઠના બન્ને જોડિયા બાળકોના નામ **ભોગીલાલ** અને **હરગોવન** પાડવામાં આવ્યા.

કાળનો પ્રવાહ અવિરત વહેતો રહે છે. બન્ને બાળકો ૬ વર્ષના થયા. માતાજીનો સ્વર્ગવાસ થયો. ૧૨ વર્ષના થયા પિતાજી સ્વર્ગે સંચર્યા. ૧૩ વર્ષની વયે ભોગીભાઈના લગ્ન મૂળ રાધનપુરના વતની અને ધંધાર્થે મહુવા (સૌરાષ્ટ્ર) વસતાં ત્રિભોવનદાસની પુત્રી જેકોર સાથે થયા.

નાનપણથી જ ધર્મના રંગે રંગાયેલા પ્રભુ ભક્તિમાં મસ્ત ભોગીલાલ ધંધાની જવાબદારી અને સંસારના બંધન છતાં આરાધનામાં ગળાડૂબ રહેવા લાગ્યા. ધાર્મિક અભ્યાસમાં પંચપ્રતિક્રમણ, નવ સ્મરણ, પ્રકરણો અને સંસ્કૃત બુકના ૧૮ પાઠો કર્યા.

ભક્તિ-મંડળી, નૃત્યમંડળીની સ્થાપના કરી. જે મંડળીએ દસકાઓ સુધી રાધનપુરમાં ભક્તિની રમઝટ બોલાવી.

વિધિ-વિધાન પ્રતિષ્ઠાદિ કાર્યોની સુંદર જાણકારી ભોગીભાઈએ મેળવી. પ્રતિષ્ઠાકારક તરીકે જાય ત્યારે પોતે ઉપવાસ કરતાં અને અણીશુદ્ધ ક્રિયા-વિધિવિધાન કરાવતા.

પ્રભુ ભક્તિની મસ્તીમાં ભોગીભાઈ કલાકો સુધી પ્રભુ સાથે વાતો કરતાં. ઊંડું સંવેદન કરતાં. એક દિવસ ભોગીભાઈએ પ્રભુને કહ્યું, **"પ્રભુ તારા ચરણે જીવન-સમર્પણ એ જ તારી શ્રેષ્ઠ ભક્તિ છે. પ્રભુ એ દિવસ ક્યારે આવશે કે હું તારા પ્રબોધેલા પ્રવ્રજ્યા માર્ગનો પથિક બનું !"**

એક દિવસ પુષ્પપૂજા કરતાં ભોગીભાઈની ભાવધારા પ્રબળ બની ઊઠી. પ્રભુ ! આ એકેન્દ્રિય પુષ્પને તારા ચરણોમાં સ્થાન મળે છે. મને ક્યારે મળશે ? સાચા દિલની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. ભોગીભાઈનો આત્મા પ્રબળ વૈરાગ્યના રંગે રંગાઈ ગયો. હવે દિલમાં એક જ જાપ છે : 'સંયમ કબહી મિલે સસનેહી પ્યારા હો.'

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : ભોગીલાલ | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૫૮ અ. સુદ ૧૦ **રાધનપુર** |
| જન્મ | : વિ.સં. ૧૯૩૦ વૈ. સુદ ૬ **રાધનપુર** | ગણિપદવી | : વિ.સં. ૧૯૭૦ મા. સુદ ૧૩ |
| માતા | : સૂરજબેન | પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૭૦ મા. સુદ ૧૫ |
| પિતા | : ઉગરચંદ | આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૮૯ પો. સુદ ૭ **રાધનપુર** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૫૮ વૈ. સુદ ૧૫ **રાધનપુર** | આચાર્ય પદ પર્યાય | : ૪૪ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૮ વર્ષ | સંયમ પર્યાય | : ૭૫ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.શ્રી જીતવિજય દાદા | કાળધર્મ | : વિ.સં. ૨૦૩૩ જે. સુદ ૮ **જૂના ડીસા** |
| ગુરુનું નામ | : મુનિ શ્રી વિનયવિજયજી મ.સા. | | |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ભક્તિવિજય મ. | આયુષ્ય | : ૧૦૪ વર્ષ |

સૌજન્ય

જૂના ડીસા નિવાસી **શ્રીમતી સવિતાબેન જેસિંગલાલ ચોથાલાલ મેપાણી પરિવાર**

મુંબઈ

જોકે મોહાધીન સ્વજનો પાસેથી રજા મેળવવાનું સરળ ન હતું. પણ ભોગીભાઈનો મક્કમ નિર્ધાર હતો. જીવન પ્રભુ ચરણોમાં સમર્પણ કરવું જ છે. એમણે ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. દીક્ષા ન લેવાય ત્યાં સુધી ઘી, ચોખા અને ઘઉંનો મૂળથી ત્યાગ.

ભોગીભાઈના ત્યાગ સામે સ્વજનો ઝૂકી ગયા.

લઘુબંધુ હરગોવન અને ધર્મપત્ની જેકોરબેનને પણ વૈરાગ્યનો રંગ લાગી ગયો.

ભોગીભાઈનું ગૃહસ્થ જીવન પણ આરાધનાઓથી ભરપૂર રહ્યું. પાલીતાણા જઈ ભવપૂજા કરી. ૩૬૦૦૦ જિનબિંબોની ચંદન, પુષ્પ, ફળ આદિથી પૂજા કરી.

**દીક્ષા :**

આ વખતે રાધનપુરમાં પૂ. બાપજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી વિનયવિજયજી મ.સા. પધારેલા. સંયમના ખપી અને અંતર્મુખતાના સ્વામી મુનિરાજનું દર્શન થતાં ભોગીભાઈનું હૈયું આદરથી ઝૂકી ગયું. આ ગુરુ મહારાજના ચરણોમાં જીવન-અર્પણ કરવાનો નિર્ધાર કર્યો. ગુરુ મહારાજ પાસે અભ્યાસ અને આરાધના કરવા વારંવાર જતાં. પૂ. વિનયવિજય મ. નિઃસ્પૃહ શિરોમણી હતા. એ કહે : "મારે કોઈ શિષ્ય કરવા નથી. હું મારી આરાધનામાં મસ્ત રહેવા માગું છું. તું બીજે ગમે ત્યાં દીક્ષા લે."

ભોગીભાઈના મનમાં ગુરુ પ્રત્યે આદર હતો તે અનેક ગણો વધી ગયો. કેવી નિઃસ્પૃહતા !

આ દરમિયાન પૂ. જિતવિજય દાદા રાધનપુર પધાર્યા. દાદાએ મુનિ વિનયવિજય મ. ને કહ્યું : "એક આત્મા તમારું આલંબન લઈ સંસારથી બહાર આવવા માંગતો હોય તો એવા આત્માનું કલ્યાણ કરવું જોઈએ." દાદાની વાત સ્વીકારાઈ.

**વિ.સં. ૧૯૫૮ના વૈશાખ સુદ ૧૫ના શુભ દિવસે રાધનપુરમાં રજવાડા જેવા ઠાઠમાઠ સહિત પૂ. જીતવિજયજી દાદાએ દીક્ષા આપી. પૂ. મુનિ શ્રી વિનયવિજયજી મ. (પૂ. બાપજી મ.ના શિષ્ય)ના શિષ્ય મુનિ ભક્તિ વિજયજી મ. નામ આપ્યું.** દીક્ષા મહોત્સવ ભવ્ય થયેલો. રાધનપુરના નવાબ બિસ્મિલ્લાખાન પણ પોતાના નગર શેઠના પરિવારની દીક્ષા પ્રસંગથી બહુ પ્રભાવિત થયેલા. બંધુ હરગોવનભાઈ મુનિ હંસવિજયજી મ., ધર્મપત્ની જેકોરબેન સાધ્વી શ્રી જયાશ્રીજી મ. બન્યા. હરગોવનભાઈના ધર્મપત્નીની દીક્ષા અગાઉ થઈ ગયેલી હતી.

વિ.સં. ૧૯૫૮ ના અષાઢ સુદ ૧૦ના પૂ. શ્રી જીતવિજયજીદાદા અને પૂ. પંન્યાસ શ્રી ભાવવિજયજી મ.ના હસ્તે વડી દીક્ષા થઈ.

પૂ. ગુરુ ભગવંત શ્રી વિનયવિજયજી મ. અનેક ગુણના ભંડાર હતા. મૂળ અમદાવાદના અને ધંધા માટે ગણદેવી રહેતા હતા. પૂ.આ.ભ.સિદ્ધિસૂરિ મ.સા. (બાપજી મ.) (ત્યારે મુનિ) સૂરતમાં ખરતરગચ્છના મુનિરાજની સેવા માટે રોકાયેલા. ગણદેવીથી સુરત અવાર-નવાર આવવાનું થતાં મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ. સંગે વૈરાગ્યનો રંગ લાગ્યો. ૨૦ વર્ષની યુવાન વયે વિ.સં. ૧૯૪૩માં દીક્ષા લઈ નિર્મળ સંયમજીવન પામેલા. મુનિ ભક્તિવિજયજી મ. ની દીક્ષાને હજુ બે વર્ષ થયા ન હતાં અને પૂ. ગુરુ ભગવંત શ્રી

વિનયવિજયજી મ. નાની વયે વિ.સં. ૧૯૬૧ મહા સુદ-૧નાં કાળધર્મ પામ્યા. મુનિ શ્રી ભક્તિવિજયજી મ. ને ઘણો આઘાત લાગ્યો. બે વર્ષથી પણ ઓછા સમયમાં ગુરુ ભગવંતના ગુણોથી એટલા બધા પ્રભાવિત થયેલા કે આજીવન તેઓશ્રીના ફોટાને દ્વાદશાવર્તવંદન કરીને પચ્ચક્ખાણ પારતા.

મુનિ ભક્તિવિજયજી મ. ની કાયા નાજુક હતી. ચામડી એટલી પાતળી કે લોચ કરતાંની સાથે લોહીની ધાર છૂટે. લોચ કરનાર મહાત્મા આ જોઈ ન શક્યા, એમણે લોચ કરવાની ના પાડી. મુનિ ભક્તિવિજયજી મ. એ જાતે લોચ કરી લીધો. કાયા કરતાં મન અનેકગણું મજબૂત હતું. દીક્ષા લઈ કાયમ એકાસણા ઉપરાંત અનેક નાની-મોટી તપશ્ચર્યા તેઓશ્રી કરતાં. ૫૦ વર્ષ એકાસણા અખંડ કરેલા પક્ખિનો ઉપવાસ ૯૫ વર્ષની વય સુધી ચાલુ રાખેલો. ત્રણવાર નવ્વાણુ યાત્રા શત્રુંજયની કરેલી.

## ગણિપદ-પંન્યાસ પદ :

જ્ઞાન-ધ્યાનમાં આગળ વધતાં મુનિ ભક્તિવિજય મ.ને વડીલોએ પદવીથી વિભૂષિત કર્યા. **વિ.સં. ૧૯૭૦માં માગસર સુ. ૧૩ના પૂ.પં. શ્રી ભાવવિજયજી મ.ના હસ્તે ગણિપદ** અને **બે દિવસ બાદ મા. સુ. ૧૫ના પંન્યાસપદ પ્રદાન થયું.**

## આચાર્ય પદ :

**વિ.સં. ૧૯૮૯ પો. સુ. ૭ના** પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરિ મ.સા.ના વાસક્ષેપ પૂર્વક પૂ.પં. શ્રી મેરુવિજયજી ગણિવરે **રાધનપુરમાં આચાર્યપદ પ્રદાનની વિધિ કરાવી.** પં. ભક્તિવિજય ગણિવર, **આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ. તરીકે નવું નામકરણ પામ્યા.**

પૂ.આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.ના વરદ્ હસ્તે અનેક દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ, સંઘો આદિ શાસનપ્રભાવક કાર્યો થતાં રહ્યા. પોતે પ્રભુના ભક્ત એટલે બધું નિષ્કામ ભાવે થતું રહે, પોતે પોતાની સાધનામાં મસ્ત.

વિ.સં. ૧૯૯૨માં બન્ને આંખનું તેજ ચાલ્યું ગયું. ભલભલા માણસો મૂંઝાઈ જાય ત્યાં આ પ્રભુભક્તે એ ઘટનાનો પણ સહજ સ્વીકાર કરી લીધો. બાલમુનિ ૐકાર વિજય મ. ત્યારે માત્ર ૧૩ વર્ષની વયના. દાદા ગુરુના બન્ને આંખના મોતિયાના ઓપરેશન નિષ્ફળ જતાં એ વ્યાકુળ થઈ ગયેલા. પણ આચાર્ય ભગવંત કહે : ચામડાની આંખ ગઈ તો શું થયું ? અંતરચક્ષુ ઉઘાડા છે, પછી શું વાંધો ? વાંચવાનું બંધ થયું તો જાપ વગેરે વધુ કરીશું.

પૂજ્યશ્રીની દિનચર્યામાં સૂરિમંત્રનો જાપ અને બીજી પણ અનેક આરાધના, કાઉસ્સગ્ગ વગેરે લગભગ ચાલુ રહેતું. અલ્પનિદ્રા કરી રાત્રે એક વાગે ઊઠી જાય. ચાર-પાંચ સુધી જાપ ચાલે.

વિ.સં. ૨૦૧૫માં રાજકોટ ચાતુર્માસમાં દેરાસર જતાં પગથિયું ચૂકાઈ જતાં પગે ફ્રેક્ચર થયું. પરંતુ તેની પીડાને ન ગણકારી ભગવદ્ ભક્તિમાં લીન થવા સાથે ભગવદ્ ભક્તિમાં શરીરને ભૂલવાની સિદ્ધિ મેળવી.

પાટણ નગીનદાસ પૌષધશાળા (મંડપ)ના જીર્ણોદ્ધાર માટે પૂજ્યશ્રીની નિશ્રામાં (વિ.સં. ૨૦૧૫માં) સુંદર ટીપ થયેલી. પછી એનો જીર્ણોદ્ધાર થયો.

વિ.સં. ૨૦૧૭માં રાધનપુરમાં ભયંકર બિમારી આવી ગઈ. પાલનપુરથી નવાબના ફેમિલી ડૉક્ટરને બોલાવ્યા. પૂજ્યશ્રીને તપાસીને એ ડૉ. તાજૂબ થઈ ગયા. પેટમાં આવી ભયંકર ગાંઠ, તીવ્ર વેદના છતાં દર્દીની કેવી ગજબની સમતા ! જ્યારે ડૉ. એ જાણ્યું કે, પૂજ્યશ્રી એમની બધી જ ક્રિયા આરાધના આદિ અચૂક પણે કરે છે ત્યારે ડૉ. આશ્ચર્ય પામી ગયા ! પાલનપુર પહોંચી નવાબને કહે, આજે હું એક ઓલિયા પુરુષનું દર્શન કરી આવ્યો. અપાર વેદના વચ્ચે ગજબની શાંતિના દર્શન કરી આવ્યો.

પાલનપુરના ડૉ. સૈયદે એવું નિદાન કરેલું કે પેટમાં બહુ મોટી ગાંઠ છે. ૮૭ વર્ષની વયના દર્દીનું ઓપરેશન પણ શક્ય નથી. હવે થોડા દિવસમાં ગાંઠ ફાટશે. ઝાડામાં લોહી અને માંસના લોચા જેવું નીકળે એટલે સમજવું કે હવે દર્દીની જિંદગી વધુમાં વધુ ૨૪ કલાક છે.

રાધનપુરમાં શ્રીસંઘે આચાર્ય શ્રી ભદ્રસૂરીશ્વરજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળાની સ્થાપના કરી.

આવી ગંભીર બિમારી વખતે જૂના ડીસાનો સંઘ પૂજ્યશ્રી પાસે વંદના સુખશાતા અર્થે આવ્યો અને ભીલડીયાજી તીર્થમાં રંગમંડપ મોટો કરવાની જરૂરી છે માટે એ બાબત માર્ગદર્શન માંગ્યું. પૂ.આ.શ્રી ભદ્રસૂરિ મ.સા. કહ્યું કે માત્ર રંગમંડપનો જ નહિ પૂરા જિનાલયનો પાયાથી જીર્ણોદ્ધાર કરવા જેવો છે અને તીર્થપતિ મૂળનાયક ભીલડીયાજી પાર્શ્વનાથ ભગવાન જે બાજુમાં બિરાજમાન છે તે પ્રભુને મુખ્ય ગાદી ઉપર બિરાજમાન કરવાની જરૂર છે. "ડૉક્ટર અને બીજા ગમે તે કહે હું ભીલડીયાજી તીર્થના જીર્ણોદ્ધાર અને દાદાની પ્રતિષ્ઠા પછી જ આ દુનિયામાંથી વિદાય લેવાનો છું એવી ભવિષ્યવાણી ઉચ્ચારેલી" અને સૌના આશ્ચર્ય વચ્ચે તેઓશ્રીએ ભીલડીયાજી તીર્થના ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પછી જ પ્રયાણ કર્યું.

જૂના ડીસા, વાવ, રાધનપુર આદિ પંથકો માટે તેઓશ્રી ધર્મદાતા હતા.

શ્રી જૂના ડીસા સંઘ ઉપર પૂજ્યશ્રીનો અનહદ ઉપકાર છે. પૂજ્યશ્રીએ જૂના ડીસા સંઘની વિનંતીથી છેલ્લો સ્થિરવાસ જૂના ડીસા કર્યો.

### અંતિમ આરાધના :

**વિ.સં. ૨૦૩૩ જેઠ સુદ ૮ના પૂજ્યશ્રીનો જીવન દીપક બુઝાયો** ત્યાં સુધી પૂજ્યશ્રી નિરોગી અને સમાધિમય હતા. વિદાયની થોડી ક્ષણો પૂર્વે જ પોતાના હાથમાંથી નવકારવાળી આપી દીધી. હવે હું આંગળીના વેઢાથી નવકાર ગણીશ. સકલ સંઘની હાજરીમાં નવકાર મંત્રની ધૂન વચ્ચે પૂજ્યશ્રીએ પરલોકના પંથે પ્રયાણ કર્યું. ત્યારે પૂ. મુનિ શ્રી અરવિંદવિજયજી મ., પૂ. મુનિ શ્રી યશોવિજયજી મ., પૂ. મુનિ શ્રી જિનચન્દ્રવિજયજી મ. આદિ પૂજ્યશ્રીની સેવામાં હતા.

પૂજ્યશ્રીના અગ્નિ સંસ્કાર સ્થળે ગુરુ કુલિકામાં ચરણ પાદુંકાની અને જૂના ડીસા ગામમાં શ્રીસંઘે ગુરુ મંદિરમાં પૂજ્યશ્રીની આરસની મૂર્તિની પ્રતિષ્ઠા કરેલ છે.

માડકા શ્રી જૈન સંઘે શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા પ્રસંગે જિનાલયના પરિસરમાં પૂજ્ય આ.ભ. શ્રી ભદ્રસૂરિ મ.સા.ની પંચધાતુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલ છે.

રાધનપુરના શ્રીસંઘે પણ ઉપકારી પૂ.આ.ભ.શ્રી ભદ્રસૂરિ મ.ની સ્મૃતિમાં ગુરુમંદિર નિર્માણ કરી પ્રતિષ્ઠા કરેલ છે.

સાધના, સમર્પણ અને સમાધિ સાધક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજા

**જન્મ-માતા-પિતા :**

પ.પૂ.આ. શ્રીમનોહરસૂરીશ્વરજી મ.સા.નો જન્મ સૌરાષ્ટ્રમાં **જામનગર પાસે બગસરા** ગામમાં **વિ.સં. ૧૯૪૯**માં થયો હતો. તે પુણ્ય પુરુષના **પિતા શ્રી કસ્તુરચંદભાઈ** તથા **માતા સંતોકબાઈ હતા.** તેમને ત્રિભુવનદાસ નામે નાનાભાઈ અને રંભાબેન નામે મોટા બહેન હતાં. **તેમનું નામ હેમચંદ્ર હતું.** ભણવાની વય થતા માતા-પિતાએ જામનગર-મુંબઈ વગેરે સ્થળોમાં વિદ્યાભ્યાસ શરૂ કરાવ્યા અને **બાર વર્ષની ઉંમર થતા પિતાજી પરલોક સિધાવી** ગયા.

માતા સંતોકબાઈ સાત્ત્વિક અને સુશીલ હતાં. તેમણે અસાર સંસારથી ઉગરી જવાનો નિશ્ચય કર્યો અને સંતાનોને પણ તે માટેના સંસ્કાર આપ્યા. ભવિતવ્યતાના પરિણામે તે વખતે સંયમ માટે કોઈ ઉત્સાહી ન બન્યા. પોતાનો વૈરાગ્ય દૃઢ થતાં માતા સંતોકબાઈએ પ.પૂ. શ્રી બાપજી મ.ના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી ચંદનશ્રીજીના શિષ્યા સા. શ્રી સુભદ્રાશ્રીજીના શિષ્યા થયા. તેમનું નામ સાધ્વીજી શ્રી**સરસ્વતીશ્રીજી** મ. રાખવામાં આવ્યું હતું.

**વૈરાગ્ય ભાવ : દીક્ષા :**

માતાની પ્રબળ ઈચ્છા હતી કે સંતાનો સંયમમાર્ગે વળે. એક પણ સંતાન તૈયાર ન થવાના કારણે માતાએ એકલા દીક્ષા લીધી. આ દીક્ષા ના અંતે હેમચન્દ્રને મનમાં રંજ રહી ગયો. માતાની દીક્ષાને જોત જોતામાં બે વર્ષ વીતી પણ ગયા. એકવાર પૂ. સાધ્વીજી મ. મહેસાણા મુકામે હતા. ત્યાં હેમચન્દ્ર વંદનાર્થે ગયા. ત્યાં માતા સાધ્વીજી મ. એ પ્રેરણા કરી કે હેમચંદ્ર મેં તો દીક્ષા લીધી, પણ તું રહી ગયો. તે તને ખટકે છે ? તું યોગ્ય છે. શક્તિ ભક્તિથી યુક્ત છે. તને વધારે શું કહેવું ? ગુરુદેવ અહીં જ બિરાજમાન છે, તેમની હિતશિક્ષા સાંભળીને આત્મહિત થાય તેમ કર.

હેમચંદ્રમાં પહેલેથી જ દાક્ષિણ્ય ગુણ સુંદર હતો. તેથી સાધ્વીજી મ.ના વચનો સાંભળી પૂ. ગુરુદેવની પાસે જઈ વંદન કર્યા, સુખ શાતા પૂછી. ગુરુદેવની આત્મહિતકર, મોક્ષમાર્ગે પ્રયાણ કરાવનારી અમૃત તુલ્ય વાણી સાંભળી. ગુરુ ભગવંતે કહ્યું, "હેમચન્દ્ર ! આ સંસારમાં મનુષ્યભવ, ઉત્તમકુલ, ધર્મસામગ્રી

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : હેમચંદ્ર |
| જન્મ | : વિ.સં. ૧૯૪૯ બગસરા (જામનગર) |
| માતા | : સંતોકબાઈ |
| પિતા | : શ્રી કસ્તુરભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૬ મ. વદ ૪ : માતર તીર્થ |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા દાતા | : પ.પૂ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ.સા. |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી મેઘસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી મનોહરવિજય મ. |
| ગણિપદવી. | : વિ.સં. ૧૯૮૧ જે. વદ ૧૦ સાણંદ |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૮૩ વૈ. વદ ૩ અમદાવાદ |
| ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૯૮૫ મ. સુદ ૧૧ ભોયણી |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૩ : અમદાવાદ |
| આચાર્ય પદ પર્યાય | : ૩૩ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૪ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૨૦ વૈ. સુદ ૧૧ : વિરાર |
| આયુષ્ય | : ૭૧ વર્ષ |

આદિ મોક્ષ સાધક વસ્તુ મળવી ઘણી ઘણી દુર્લભ છે. તે સર્વ તને તારા પુણ્યથી મલ્યું છે. તેને સફળ કરવા પ્રયત્ન કર."

**બીજ તો પડ્યું જ હતું.** તેમાં પ્રેરણા રૂપી પાણીનું સિંચન થયું અને કાળનો પણ પરિપાક થયો. તેથી હેમચંદ્રે ત્યાં જ ગુરુદેવ પાસે જાવજ્જીવ બ્રહ્મચર્યને સ્વીકારી સંસારના મૂળ ઉખેડવાનો પ્રારંભ કર્યો. ગુરુદેવે તથા માતા સાધ્વી મ. આશીર્વાદ આપ્યા અને અમદાવાદ રહી પ્રારંભિક ધાર્મિક અભ્યાસ કર્યો અને તે ભણતા ભણતા વૈરાગ્ય દિપક ઝળહળી ઊઠ્યો. **વિ.સં. ૧૯૬૬ મહા વદ ૩ માતર (જી. ખેડા)** શ્રી સાચા સુમતિનાથ ભગવાનના તીર્થમાં દીક્ષિત બન્યા. સંઘ સ્થવિર પ.પૂ.આ. શ્રી સિદ્ધસૂરીશ્વરજી મહારાજાએ પોતાના શિષ્ય મુનિરાજશ્રીમેઘવિજયજી મ. ના શિષ્ય કરી. મુનિશ્રી મનોહરવિજયજી મ. નામ રાખ્યું. તે સમયે અમદાવાદના સંઘે સુંદર લાભ લીધો હતો. શરૂઆતથી જ આ મહાપુરુષ પ્રશસ્ત રૂપ સંપન્ન અને ભરાવદાર શરીરના કારણે રાજા જેવા શોભતા હતા.

## સંયમની સાધના અને જ્ઞાનાભ્યાસ :

માતા-પિતા તરફથી મળેલા વિનય, પરોપકાર વગેરેના સંસ્કારો સાધુ જીવનમાં ખીલી ઊઠ્યા. કહ્યાગરો અને કામગરો સ્વભાવ હોવાના કારણે સર્વને પ્રીતિપાત્ર બન્યા. મુનિ શ્રીમનોહર વિ.મ.સા. શાસ્ત્રાભ્યાસમાં ઉદ્યત બન્યા. પ.પૂ. કનકસૂરિ મ. (વાગડવાળા) પ.પૂ.પં. શ્રી કલ્યાણ વિ.મ., પ.પૂ. વયોવૃદ્ધ સૌભાગ્ય વિ.મ. તથા પ.પૂ.શ્રી રામવિજયજી મ. [વ્યા.વાચ.આ. શ્રી રામચન્દ્ર સૂ. મહારાજા]આદિ તે કાળે તેમના સહાધ્યાયી હતા. પૂ. મુનિ શ્રી રામવિજયજી મ. તથા પ.પૂ. મુનિ શ્રી મનોહરવિજયજી મ. કલ્યાણ મિત્ર હતા. તેઓ બંન્ને સાથે વાંચન કરતા. ઉપમિતિ ભવ પ્રપંચા કથા ગ્રંથ વાંચતા વાંચતા એવા ખૂશ થઈ જતાં કે ઉભા થઈ જતા. બંને પરસ્પર સંસ્કૃતમાં પત્ર વ્યવહાર કરતાં, પૂ. મુનિ શ્રી મનોહરવિજયજી મ., પૂ.મુનિ શ્રી રામવિજયજી મ. કરતાં પર્યાયમાં ૧ વર્ષ મોટા હતા તો પૂ.મુ. શ્રી રામવિજયજી મ. પૂ.મુ.શ્રી મનોહરવિજયજી મ. કરતાં આચાર્યપદવીમાં મોટા હતા. છતાં બંને પરસ્પર વિનય જાળવતા હતા. બધાની સાથે ધર્મ સ્નેહપૂર્વક વર્તતા. તેના પરિણામે તેઓ ગુરુકૃપાનું પાત્ર બન્યા.

**"ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पादम् ।**
**मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरुकृपा ।।"**

સેવા, એક એવો ગુણ છે કે જે શત્રુને મિત્ર બનાવે, આ ગુણ તેમને સહજ સિદ્ધ હતો. પૂર્વભવની કોઈ વિશિષ્ટ આરાધના જ તેમાં કારણ હતી. સેવાનો ગુણ તેમના જીવનમાં છેક સુધી અખંડ વધતો રહ્યો.

દીક્ષા પછી તેઓ પૂ. દાદા ગુરુ (પ.પૂ.શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ.સા.)ની સાથે રહી. જ્ઞાન-ક્રિયા રૂપ સંયમનું શિક્ષણ પ્રાપ્ત કરી. પોતાના ગુરુ પૂ. શ્રી મેઘસૂરીશ્વરજી મ.સા.ની સાથે અન્ય અન્ય દેશોમાં વિચર્યા. પોતે હંમેશા પણ વડિલની નિશ્રામાં જ રહ્યાં હતા.

## શિષ્યો-પ્રશિષ્યો :

તેઓએ સ્વયં કોઈને પોતાના શિષ્ય બનાવ્યા ન હતા. ફક્ત ધર્મોપદેશ કરવો એટલું જ આપણું કર્તવ્ય

એવું તે માનતા. તેઓની યોગ્યતા જોઈને પૂ. દાદા ગુરુએ તેમને શિષ્યો કર્યા. તેઓશ્રીને ક્રમશઃ શિષ્ય-પ્રશિષ્યો સત્તર [૧૭] થયા.

**વૈયાવચ્ચ ગુણ :**

શિષ્ય-પ્રશિષ્યો થવા છતાં પોતે પૂ. દાદા. ગુરુ ભગવંત અને પૂ. ગુરુ ભગવંતની સેવામાં તત્પર રહેતાં. તેઓ સદા સ્વાશ્રયી અને સેવાભાવી હોવાથી કોઈપણ વૃદ્ધ સાધુ કે બિમાર સાધુની સેવામાં લાગી જતાં, પોતાના ગુરુ પ.પૂ.આ. શ્રીમેઘસૂરીશ્વરજી મ.સા. છેલ્લે ૧૦-૧૨ વર્ષ લગી અસ્વસ્થ રહ્યા હતા ત્યારે તેઓશ્રીની સેવા પૂર્ણભક્તિથી અંત સુધી કરી હતી. અંતિમ નિર્યામણામાં પણ તેઓ સંપૂર્ણ સહાયક બન્યા હતા. આ નૈષ્ઠિક સેવાગુણથી તેઓ અખંડ ગુરુકુલવાસમાં રહી શક્યા હતા. વડિલોને છોડીને અલગ વિચરવાનો વિચાર પણ તેઓએ કદી કર્યો ન હતો.

**ગંભીરતા :**

એક વાર તેઓને તાવ ત્રણ દિવસથી આવતો હતો તો પણ કોઈને કહ્યું નહિ. ચોથા દિવસે તાવ વધી ગયો. ત્યારે પણ પૂ. ગુરુ ભગવંતને વંદન કરતી વખતે પૂ. ગુરુદેવને હાથ ગરમ લાગતાં પૂછયું ત્યારે કહે છે કે સામાન્ય છે. પરંતુ તાવ માપ્યો ત્યારે ખબર પડી કે તાવ ૧૦૬ ડીગ્રી છે, છતાં ઔષધોપચાર કરવો નહિ. સમતાથી સહન કરવું. આ પરાકાષ્ઠાની સમતા હતી. ક્યારેક માન, ક્યારેક અપમાન બંનેમાં તેમના મુખકમલ પર તેની અસર કદી જોવા મળે નહિ. સદા પ્રસન્ન મુદ્રા અને વિનોદભર્યો વર્તાવ વગેરે ગુણો તેઓશ્રીજીની સાથે રહેનારને જોવા મળતા હતા.

**વિહાર ચર્યા :**

ગુરુ ભગવંતની નિશ્રામાં જ રહેવામાં તત્પર એવા તેઓશ્રીએ સ્વતંત્ર વિહાર બહુ ઓછો કર્યો છે. પૂ. દાદા ગુરુદેવને (પૂ.આ. સિદ્ધિસૂરિ મ.) ૮૫ વર્ષની વૃદ્ધવયે શ્રી શત્રુંજય અને શ્રી ગિરનારજી તીર્થની પદયાત્રાની ભાવના થતાં સાથે રહીને પૂ. શ્રી એ અનુપમ વૈયાવચ્ચ કરી હતી. વિ.સં. ૨૦૦૫ મારવાડ-આહોરમાં અચાનક અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે જવાનું થયું. ત્યારે ફક્ત ૧૩ દિવસમાં સાત શિષ્ય-પ્રશિષ્ય સાથે અમદાવાદથી આહોર પહોંચ્યા અને એ પ્રસંગ પૂર્ણ કર્યો. ત્યાર પછી એક ભોમિયાની પણ સહાય વિના નાકોડા-બાડમેર થઈ જેસલમેરની યાત્રા કરી. એ વિહારમાં લાંબા પંથ, સવાર-સાંજ વિહાર, શ્રમ ઘણો, આહાર પાણીની દુર્લભતા. આ પરિસ્થિતિમાં પણ તેઓની પ્રસન્નતા ઘણી. ખાસ અનુમોદનાની વાત તો એ છે કે દોષથી બચવાની સતત કાળજી તેઓ રાખતાં હતા અને કહેતા હતા કે વિહાર તો સંયમની શુદ્ધિ અને વૃદ્ધિ માટે એક પરીષહ રૂપે ભગવાને પ્રરૂપેલો માર્ગ છે. માટે ચિત્ત પ્રસન્નતા ગુમાવવી ન જોઈએ અને શક્યતા હોય ત્યાં સુધી આહાર-પાણી આદિમાં દોષ સેવવા ન જોઈએ. આવી **સાત્ત્વિક વિહારચર્યા પૂ.શ્રીજીની જાણીને જેસલમેરના દરબાર (રાજા)** આશ્ચર્ય પામ્યા. તેમણે દર્શન-વંદનાર્થે રાજમહેલમાં આમંત્ર્યા. સન્માન સત્કાર આદિ કર્યા બાદ ધર્મોપદેશ સાંભળ્યો. પછી મીઠો ઠપકો આપતાં કહ્યું કે, ગુરુદેવ ! મારા રણપ્રદેશમાં નિઃસહાય વિચરીને આપ મને કલંકિત કરશો નહિ.

હવે પાછા ફરતાં પૂર્ણ સહાય સાથે પધારજો અને પોતાના અધિકારીઓને છેક પોકરણ સુધી સગવડ સાચવવાની ભલામણ કરી, છતાં પૂ. શ્રી જેસલમેરથી પોકરણ સુધી સહાય વિના ગયા. જેસલમેરથી ૨૭ માઈલનો વિહાર એક જ દિવસમાં કરીને પોકરણ પહોંચ્યા. આ હતું સંયમનું બલ અને ગુરુ સેવાનું ફળ.

નાની-મોટી મારવાડમાં અનેક તીર્થોની યાત્રા કરી. વીસલપુર ચાતુર્માસ કરી. પૂ. ગુરુ મ. ની પાસે અમદાવાદ પધાર્યા.

**કૃતજ્ઞતા :**

શિષ્યો-પ્રશિષ્યો હોવા છતાં "આ મારા શિષ્ય-પ્રશિષ્ય છે" એવી મમતા કદી પણ કરી નથી અને "મારા ગુરુદેવ - મારા દાદાગુરુ" એ મમતા જીવનની અંતિમ પળો સુધી છોડી નથી. **તેમાં કૃતજ્ઞતા એ જ મુખ્ય ગુણ હતો.** આ રીતે તેઓશ્રીમાં પૂ. ગુરુદેવોનું વિશિષ્ટ વાત્સલ્ય પ્રગટ ઝળહળતું દેખાતું હતું. - આ તત્ત્વ તો ગુણાનુરાગ કે વિનય હોય તો જ સમજી શકાય.

## ગુરુવિરહ અને ગચ્છનું સંચાલન :

પૂ.શ્રીને વિ.સં. ૧૯૯૯માં ફાગણ સુદ ૩ના શુભ દિવસે આચાર્યપદ પર પ્રસ્થાપિત કરી વિ.સં. ૧૯૯૯ આ.સુ. ૧ ના રોજ પૂ. ગુરુદેવ આ.શ્રી. મેઘસૂરીશ્વરજી મ.સા. સ્વર્ગવાસી થયા અને પૂ. શ્રી દાદાગુરુની નિશ્રામાં રહ્યા. દાદાગુરુ પૂ.આ.ભ.શ્રી સિદ્ધિસૂરિ મ. પણ વિ.સં. ૨૦૧૫ના ભા.વ. ૧૪ના રોજ સ્વર્ગવાસી બન્યા. હવે તેઓના શિરે ગચ્છની જવાબદારી આવી અને વડિલોની છત્રછાયા જીવનમાંથી ઝુંટવાઈ તેનું દુઃખ હતું.

**વિ.સં. ૨૦૧૬નું ચાતુર્માસ અમદાવાદ તપાગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સાથે થયું** ત્યારે તે ચાતુર્માસમાં પૂ.શ્રી.ના શિષ્ય મુનિશ્રી ભદ્રંકર વિ.મ.ને તથા મુનિશ્રી વિબુધવિજયજીને પંચમાંગ શ્રી ભગવતીજીના યોગવહન કરાવીને વિ.સં. ૨૦૧૭ મા.સુ. ૬ના તે બંન્નેને ગણિ તથા પંન્યાસ પદે સ્થાપન કર્યા. ત્યાર પછી **પૂજ્ય શ્રી લગભગ વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સાથે જ વિચર્યા.** વિ.સં. ૨૦૧૭નું ચાતુર્માસ રાજકોટ કર્યું. અત્રે ૨૦૧૮ નું ચાતુર્માસ ખંભાત કર્યું ત્યાં લકવાની અસર થઈ. વિ.સં. ૨૦૧૯માં ભોયણી તીર્થમાં શાશ્વતી ઓળીની આરાધના કરી ત્યાંથી **પાંચોટ (મહેસાણા) નૂતન મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા** અને **૨૦૧૯ના વૈ.સુ. ૬ના પાંચોટમાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. શ્રી શંખેશ્વર તીર્થ પધારી ત્યાં પણ વિ.સં. ૨૦૧૯ વૈ.વ. ૬ના ભમતીની દહેરીઓમાં ૧૩ નૂતન જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી ત્યાં શિષ્ય-પ્રશિષ્ય નવ મુનિઓ સાથે હતા.** જો કે શંખેશ્વર જતાં ગરમીના દિવસો હોવાથી વિહાર કષ્ટકારી થયો. પણ ઉત્સાહના કારણે કષ્ટરૂપ લાગ્યું નહિ. પણ તેઓને થયું કે આ અંતિમ યાત્રા છે. **વૈ.વ. ૬ની પ્રતિષ્ઠા કરાવ્યા બાદ ત્યાં અઠવાડીયું સ્થિરતા કરી.** ત્યાંથી અમદાવાદ પધાર્યા. જો કે આ વિહાર કષ્ટકારી લાગતો હતો. પણ ભાવનાનું વીર્ય સબળ હોવાથી અમદાવાદ પહોંચી ગયા અને **વિ.સં. ૨૦૧૯નું ચાતુર્માસ અમદાવાદ કર્યું.** (વિદ્યાશાળામાં કર્યું) સંઘ સન્માર્ગ દર્શક પ.પૂ.આ.ભ.શ્રી.વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.નું ચાતુર્માસ અમદાવાદ હતું. આ ચાતુર્માસમાં શરીરની અશક્તિ તેમજ પ્રેશરની વૃદ્ધિ-હાનિના કારણે ઘણો વખત શહેર બહાર શાંતિનગર-શ્રીપાલનગરમાં રહ્યા.

## છેલ્લું વર્ષ અને વિહાર :

હવે ૨૦૨૦નું ચાતુર્માસ પ.પૂ.આ.ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.નું મુંબઈ નક્કી થયું હતું. તેમની ભાવના પ.પૂ.આ.ભ. શ્રી મનોહરસૂરીશ્વરજી મ.ને સાથે રાખવાની હતી. પણ પૂજ્યશ્રીના શરીરની અસ્વસ્થતા મુંબઈ સુધીનો લાંબો વિહાર, ગરમીના દિવસો તથા પૂ. દાદાગુરુની પોતાના સાધુ-સાધ્વીજીને મુંબઈ નહિ જવાની મર્યાદા ઈત્યાદિ કારણે મુંબઈ જવું ન જવું વિચારતાં હતા. છતાં ભવિતવ્યતા વશ **વિ.સં. ૨૦૨૦ ફા. સુ. ૫ના** રોજ અમદાવાદથી વિહાર મુંબઈ બાજુ થયો. ત્યારે કોને ખબર હતી કે આ રાજનગરની છેલ્લી સ્પર્શના હશે ? છાણી ગામે પૂ.આ.ભ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. મળ્યા, તેમની સાથે આગળ વિહાર કર્યો. સુરત પહોંચતા તેઓને મુશ્કેલી તો નડી. અમદાવાદથી પણ શ્રાવકોએ આવીને પાછા વળવા માટે વિનંતી કરતાં. તેમજ બીજા સંઘો પણ રોકાઈ જવા આગ્રહ કરતા હતા.

બિલિમોરામાં શરીરના કારણે હતાશ થયા અને એક દિવસ ત્યાં રહ્યા. પણ પાછા જરા સ્વસ્થતા લાગવાથી વિહાર આગળ કર્યો. તેઓ પણ પોતે સમજી શક્યા નહિ કે મને આગળ કોણ દોરે છે, અનિચ્છા છતાં આગળ કેમ વધી રહ્યો છું ? કોઈ અગમ્ય શક્તિ કે નિમિત્ત તેઓને આગળ વધારવામાં પ્રેરક હશે ! સૌને લાગતું કે આ વિહાર સાહસરૂપ છે. પૂ.આ.મ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. પણ તેઓને રોકાઈ જવા કહ્યું, પણ મુંબઈ નજીક થતા આશા વધી વિ.સં. ૨૦૨૦ વૈ.સુ. ૧૧ સવારે વિરાર પહોંચ્યા. તે સમયે વિરારમાં સ્થાન (ઉપાશ્રય) ન હોવાથી ચાલીમાં જુદી જુદી રૂમમાં સર્વે સાધુ ભગવંત ઉતર્યા, ત્યાં સેંકડો ભાઈ-બેનો વંદનાર્થે આવ્યા હતા. પૂ.શ્રી વિરાર સુધી આવી ગયા. તેનો આનંદ સૌના ચિત્તમાં હતો, પરંતુ ભાવિભાવને જ્ઞાની વિના કોણ જાણી શકે ?

## અંતિમ આરાધના :

વિરાર મુકામે વૈ.સુ. ૧૧નો આખો દિવસ સુખરૂપ પસાર થયો, સાંજનો આહાર પણ કર્યો. પોતે જ્યાં આસને બેઠા હતાં ત્યાં જ અચાનક અણધારી મસ્તકમાં અસહ્ય વેદના થઈ અને બોલ્યા કે મને **"માથામાં સખત વેદના થાય છે"** તરત જ પ.પૂ.પં.શ્રી વિબુધવિજયજી મ.સા. તથા પ.પૂ.મુનિ શ્રી હેમેન્દ્રવિ.મ.સા. તેઓની પાસે ગયા. પરિસ્થિતિ ગંભીર જોઈને મહામંત્રનું શ્રવણ કરાવવા લાગ્યા અને **પૂ.આ.ભ. શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ** મુનિ ભગવંતો પણ આવી ગયા. નવકાર મંત્રનું શ્રવણ કરતાં કરતાં માત્ર થોડી જ ક્ષણોમાં જરા પણ બોલ્યા વિના **વિ.સં. ૨૦૨૦ની વૈશાખ સુદ-૧૧ના સાંજે ૫ કલાકે અને ૫૫ મિનિટે કાળધર્મ પામ્યાં.**

સર્વત્ર ગમગીની ફેલાઈ ગઈ, મુંબઈ, અમદાવાદ, સુરત વગેરે શહેરોમાં સમાચાર મળતાં સારી સંખ્યામાં ભક્ત વર્ગ આવી ગયો.

ચૈતન્ય રહિત પણ દેહમાં પ્રસન્ન મુદ્રા હતી. તેઓની અંતિમ સમાધિની અનુમોદના કરતા કરતા શ્રાવકોએ તેઓશ્રીની સંયમપૂત એ કાયાને નમન-વંદન કરી શોકાતુર હૃદયે અંતિમ સંસ્કારની તૈયારી કરી.

## મહાપુરુષોને જીવતાં ય આવડે અને મરતાં ય આવડે :

છેલ્લા વર્ષોમાં તેમની સેવા-સુશ્રુષાનો લાભ પ.પૂ.પં.શ્રી વિબુધવિજયજી મ. તથા પ.પૂ.મુનિ શ્રી હેમેન્દ્રવિ.મ.સા. આદિ મુનિઓને મળ્યો. વૈ. સુ. ૧૨ના ઘણી સંખ્યામાં ભાવિકો મુંબઈના અલગ-અલગ પરામાંથી તથા સુરત અમદાવાદથી આવ્યા હતા. ભવ્ય સ્મશાન યાત્રા નીકળી અને **વિરારના વતની એક ભક્ત શ્રાવકે અગ્નિ સંસ્કાર** માટે **અર્પણ કરેલી પૂણ્યભૂમિમાં ચંદનની ચિતા રચી.** તેમાં તેઓશ્રીના પવિત્ર દેહથી ભૂષિત પાલખી સંઘે અશ્રુભર્યા નેત્રે સ્થાપના કરી.

**ખંભાતના વતની સુશ્રાવક શ્રોફ શ્રીકાન્તિભાઈ ઉજમશીએ અગ્નિ સંસ્કારનો ઉછામણી દ્વારા લાભ લઈ અગ્નિદાહ કર્યો.** તે પ્રસંગે ઉછામણીની રકમ સારી થઈ, **તે રકમનો ઉપયોગ વિરારમાં પૂ.શ્રી.**નું સ્મારક બનાવવામાં કરવો, એમ નિર્ણય કરીને આ કામ પાટણવાલા ઝવેરી કાન્તિભાઈ મણિલાલને સોંપ્યું. પ.પૂ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રીસંઘે દેવવંદન કર્યું.

## શેષકિંચિત્ :

વિરાર મુકામે ઝવેરી **કાન્તિભાઈ મણિલાલે** ભવ્ય "શ્રી સિદ્ધિ મેઘ મનોહર સ્વાધ્યાય મંદિર" બંધાવી શ્રીસંઘના સહકારથી તેમાં પૂ.શ્રી ગુરુદેવના દેહપ્રમાણ ભવ્યમૂર્તિની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૬ના વૈ.સુ. ૧૧ સુંદર મહોત્સવપૂર્વક કરી છે. આજે પણ ત્યાં ભવ્ય જીવો વંદન-પૂજન કરી સ્વ આત્માને પાવન કરી રહ્યા છે.

### સાધુએ ગૃહસ્થને મંત્ર તંત્ર વગેરે ન કહેવું

શ્રુતકેવલી પૂ. આચાર્ય શ્રી **શય્યંભવસૂરિ** વિરચિત **દશવૈકાલિક સૂત્ર**ના આઠમા અધ્યયનમાં જણાવ્યું છે કે :

**નક્ખત્તં સુમિણં જોગં, નિમિત્તં મંત-ભેસજં, ગિહિણો તં ન આઇક્ખે, ભૂયાહિગરણં પયં ॥૫૧॥**

**અર્થ** : (સાધુ) નક્ષત્રને, સ્વપ્નને, જ્યોતિષના યોગને, નિમિત્તને, મંત્રને, ઔષધને (અંગે) ગૃહસ્થને ન કહે. કારણ કે આ બધાં સ્થાનો જીવોનો નાશ કરનારાં છે.

ગૃહસ્થ નક્ષત્ર સંબંધી શુભ અથવા અશુભ વિચાર પૂછે, અથવા સ્વપ્ન સંબંધી ફળ પૂછે, અથવા વશીકરણ વગેરેના યોગ પૂછે તથા ભૂતકાર્ય વગેરે સંબંધી નિમિત્ત પૂછે, અથવા વીંછી વગેરેનો મંત્ર પૂછે તેમજ અતિસાર વગેરેનું ઔષધ પૂછે **તો તે બીજા જીવોને પીડારૂપ જાણીને સાધુએ ગૃહસ્થોની આગળ ન કહેવું,** પણ ગૃહસ્થને અપ્રીતિ ન થાય માટે કહેવું કે,

**હે ભદ્ર ! આ કહેવાનો અધિકાર સાધુનો નથી.**

(સાધુએ ફક્ત ધર્મનો ઉપદેશ આપવાનો છે.)

**પૂ. હરિભદ્રસૂરિ કૃત ટીકાનું ભાષાંતર કરનાર**

પૂ. મુનિ **શ્રી માણેક મુનિ**

### પ્રશાંતમૂર્તિ, અનુપમ આરાધક

## પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજા

### જન્મ - માતા-પિતા :

ધર્મના સંસ્કારથી વાસિત સુશ્રાવક **સાકરચંદભાઈ** અને તેમના ધર્મપત્ની સુશ્રાવિકા **રાજીમતીબેન** (ગુજરાત) મહેસાણામાં વસતા હતા. સુશ્રાવિકા રાજીમતીબેનની કુક્ષીએ **વિ.સં. ૧૯૭૩ના આસો સુદ ૧૫ શરદપૂર્ણિમાએ** પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ **વ્રજલાલ** રાખવામાં આવ્યું.

### ધર્મના સંસ્કારો વૈરાગ્ય :

પૂર્વના પુણ્યયોગે સંસ્કાર વાસિત ગૃહમાં જન્મ પામતાં તેમને બાલ્યકાળમાં જ સહજપણે ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા. તેથી એ સંસ્કારોનો વિકાસ થતાં તેમની રુચિ અને પ્રવૃત્તિ ધર્મમય થવા લાગી.

પિતા સાકરચંદભાઈ શુભ ભાવના ભાવતા કે જો મારો પુત્ર સંયમના માર્ગે જાય તો મારો સંયમ માર્ગ પણ સરળ બને એ આશયથી ઉત્તમ ધર્મ સંસ્કારનું સિંચન કર્યું. જેથી વ્રજલાલમાં ધર્મ ભાવના સાથે વૈરાગ્ય ભાવપણ વધવા લાગ્યો.

વયની સાથે પ્રભુ ભક્તિ, ધર્મજ્ઞાન, સત્ સમાગમ અને તપ-આરાધનામાં પણ વૃદ્ધિ થવા લાગી. આ વૃત્તિ-પ્રવૃત્તિ દિવસે દિવસે ગાઢ બનતાં તેમનું મન સંસારનો ત્યાગ કરવા અને વૈરાગ્યનો માર્ગ સ્વીકારવા ઝંખી રહ્યું હતું.

### દીક્ષા :

માત્ર ૧૫ વર્ષની કુમાર વયે તેમની ઝંખના સાકાર બની. વિ.સં. ૧૯૮૮ના પોષ વદ ૫ના દિવસે જૈનપુરી - અમદાવાદમાં પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ મ.સા. (પૂ. બાપજી મ.)ના વરદ હસ્તે ભાગવતી દીક્ષા અંગીકાર કરીને પૂ.આ.શ્રીમદ્ વિજય મનોહરસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે મુનિ શ્રી વિબુધપ્રભવિજયજી નામે ઘોષિત થયા.

### વૈયાવચ્ચ :

સંયમ જીવનના સ્વીકાર સાથે પૂજ્ય શ્રી સંયમની ઉત્કૃષ્ટ સાધના કરવાપૂર્વક જ્ઞાનાભ્યાસ અને તપ-ત્યાગમાં વિકાસ સાધવા લાગ્યા અને વિનય વૈયાવચ્ચ દ્વારા ગુરુ ભક્તિનો પણ ઉત્તમ લાભ પ્રાપ્ત કર્યો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **વિબુધપ્રભસૂરીશ્વરજી** મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : વ્રજલાલભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૩ આ. સુદ ૧૫ **મહેસાણા** |
| માતા | : રાજીમતીબેન |
| પિતા | : સાકરચંદભાઈ |
| દીક્ષા | : વિ. સં. ૧૯૮૮ **અમદાવાદ** |
| દીક્ષાની ઉંમર | : ૧૫ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી મનોહરસૂરિ મહારાજા |
| દીક્ષાં પછીનું નામ | : મુનિ શ્રી વિબુધવિજય મ. |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૧૭ મા. સુદ ૬ **અમદાવાદ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મા. સુદ ૨ **સાણંદ** |
| આચાર્યપદ પર્યાય | : ૨૩ વર્ષ |
| સંયમ પર્યાય | : ૬૪ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૫૨ શ્રા. સુદ ૪ **શિવગંજ (રાજસ્થાન)** |
| આયુષ્ય | : ૭૯ વર્ષ |

પૂ. બાપજી મહારાજ અને પૂ. ગુરુદેવ શ્રી વિજય મનોહરસૂરિ. મ.ની સેવા વૈયાવચ્ચ માટે તેઓશ્રી અમદાવાદ-વિદ્યાશાળામાં ઠીક-ઠીક સમય રહ્યા ત્યાં જ્ઞાન અને તપમાં વિકાસ સાધતા રહ્યા. પિતા સાકરચંદભાઈ પણ જૈન શાસનના અણગાર બનેલા. તેમનું નામ મુનિરાજ શ્રી નયવિજયજી મ. હતું. તેમણે દીક્ષાથી માંડી ૪૨ વર્ષ એકાંતરે ઉપવાસ કરેલા. પિતા મુનિની પણ પૂજ્યશ્રીએ આજીવન સુધી અદ્ભુત ભક્તિ કરેલી.

**પંન્યાસ-આચાર્ય પદ :**

તેઓશ્રીની યોગ્યતા જાણી પૂ. ગુરુદેવે **વિ.સં. ૨૦૧૭ મા. સુ. ૬ના** દિવસે અમદાવાદમાં **પંન્યાસપદથી** વિભૂષિત કર્યા. ત્યાર બાદ સ્વ-પર કલ્યાણના માર્ગે તેઓશ્રી વધુ ને વધુ પ્રભાવક અને પ્રેરક બનતા. તેઓશ્રીને **વિ.સં. ૨૦૨૯ મા. સુ. ૨ના** દિવસે સાણંદ મુકામે **આચાર્યપદે આરૂઢ કરી આચાર્ય શ્રીમદ્ વિજય વિબુધપ્રભસૂરિજી મ.સા.**ના નામે ઉદ્ઘોષિત કરવામાં આવ્યા.

**તપશ્ચર્યા :**

તપનો તેમને ખૂબ જ પ્રેમ હતો. પાંચ તિથિ ઉપવાસ, પોતાના ગુરુ મહારાજશ્રીની વાર્ષિક તિથિએ અઠ્ઠમ અને માસિક તિથિએ ઉપવાસ કરતા હતા. સાંજના બે ઘડી પહેલા પચ્ચક્ખાણ કરી લેતા, માંદગીમાં પણ પ્રાયઃ બે ઘડી છોડી નથી. દિવાળીનો અઠ્ઠમ મૌન અને જાપપૂર્વક કરતાં. આચાર્યપદે આરૂઢ થયા પછી પણ **૬૭ વર્ષની ઉંમરે સિદ્ધગિરિ તીર્થમાં** શાસન પ્રભાવક પ.પૂ. આ.શ્રી. **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની નિશ્રામાં મહાન **માસક્ષમણ (મૃત્યુંજય તપ) તપની આરાધના અપ્રમત્ત ભાવે કરેલ.**

તેઓશ્રીએ જીવનમાં બે કરોડ નમસ્કાર મહામંત્રનો જાપ કર્યો હતો. સવા કરોડનો જાપ તો ગિરિરાજની સાનિધ્યમાં પૂર્ણ કરેલો. પૂજ્યશ્રીને ભગવાનની ભક્તિનો અપાર પ્રેમ સાથે કંઠની મધુરતા પણ પુણ્યોદયે સાંપડેલી. તેથી સ્તવન, સજ્ઝાયનો પૂજ્યશ્રી પાસે ખજાનો હતો માટે ભાવપૂર્વક સ્તવન - સજ્ઝાય બોલી ભક્તિમાં સહુને તરબોળ કરતાં.

સ્વાધ્યાયનો રસ અનોખો હતો. સૂત્રોચ્ચાર માટે ખૂબ કાળજી રાખતા. દરેક પચ્ચક્ખાણ - પ્રત્યેક આગારો છૂટા પાડી - પાડીને બોલતા. જેથી પચ્ચક્ખાણ લેનાર વ્યક્તિ સંપૂર્ણ રીતે આગારોને સાંભળી શકે. પ્રતિક્રમણ એવું ભણાવતા કે સાંભળનારને પ્રત્યેક શબ્દો પૂર્ણ રીતે સમજી શકાય.

પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક દીક્ષાઓ વિવિધ અનુષ્ઠાનો, પ્રતિષ્ઠાઓ અને ધર્મ કાર્યો સંપન્ન થયા હતા. વિશેષ કરીને ગુજરાતમાં અને રાજસ્થાનમાં અનુપમ શાસન પ્રભાવના કરી હતી. **૧૫૦ થી વધુ સાધ્વીજી ભગવંતોનું નેતૃત્વ ધરાવતા હતા.**

**સિદ્ધાંત નિષ્ઠા :**

પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. (પૂ. બાપજી મ.)ને સિદ્ધાંત ઉપર અપાર પ્રેમ હતો માટે તો સિદ્ધાંત રક્ષાના ખમીર સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય

રામચન્દ્રસૂરીશ્વરજી મ. માં દેખ્યા હોવાથી **સિદ્ધાંતની વાતમાં પૂ. બાપજી મ. તેમને આગળ કરતાં.** જીવનભર તેમને સિદ્ધાંત રક્ષામાં પીઠબળ પૂરું પાડ્યું અને તેથી જ વારસામાં મળેલી સિદ્ધાંત નિષ્ઠાની ખુમારી પૂજ્યશ્રીએ (પૂ.આ.ભ. શ્રી વિબુધપ્રભસૂરિજીએ) આજીવન જાળવી રાખી હતી. **અમદાવાદમાં વિ.સં. ૨૦૪૨-૨૦૪૪ના મુનિ સંમેલન સમયે ઘણું દબાણ આવવા છતાં સિદ્ધાંતને વળગી રહ્યા હતા** અને પોતાના શિષ્યગણને પણ કહેતા કે જ્યારે પણ હું ન હોઉં ત્યારે સિદ્ધાંતની અડગતા પૂ.આ.ભ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. પાસે દેખાતી હોવાથી **તેમની આજ્ઞાનો સ્વીકાર તમારે કરવો.** જેથી સત્યપક્ષની આરાધના મારા આશ્રિતો પણ કરી શકે એવી તેમની શુભ ભાવના હતી. તેમનો શિષ્યગણ પણ અત્યારે શાસ્ત્રિય સત્ય પક્ષની આરાધના કરે છે.

ચરિત્રનાયક શ્રી વ્રજલાલભાઈની ઘોડીયામાંથી જ સગાઈ કરેલી. ખેમકોર નામની તે કન્યા પાલીતાણામાં **શ્રાવિકાશ્રમમાં** ભણતી હતી. પતિની ભાવના દીક્ષા લેવાની સાંભળતા તે કન્યાનું મન પણ સંસારથી ઉઠી ગયું હતું. તેણે પણ પતિએ જે માર્ગ લીધો તે માર્ગ મારે પણ લેવો તેવો દૃઢ સંકલ્પ કર્યો હતો. અંત વૈરાગ્ય ભાવમાં વધારો કરી **સંયમનો માર્ગ સ્વીકાર કરી સાધ્વીજી શ્રી ખાંતિશ્રીજી મ. બન્યા.**

## અંતિમ આરાધના :

અંતિમ ચાતુર્માસ **વિ.સં. ૨૦૫૨નું શિવગંજ (રાજસ્થાન) મુકામે હતું.** સ્વાધ્યાય કરવાની સાથે સ્વાધ્યાય કરાવવાનો પણ પ્રેમ હતો. પૂજ્યશ્રીએ છેલ્લા દિવસ સુધી આચારાંગ સૂત્રની વાચના આપી હતી. આચારપાલન એ આપણા શાસનનો સાર છે. એમ માની આચારાંગ સૂત્રની વાચના ગોઠવેલી. આચાર ચૂસ્તતા હોવી ખૂબ જરૂરી છે. તેમ પૂજ્યશ્રી માનતા હતા. **વિ.સં. ૨૦૫૨ શ્રાવણ સુદ**-૪નો એ કમભાગી દિવસ હતો. રાત્રિના જરાક છાતીમાં દુઃખાવો થતાં દરેક સાધુ ભગવંતો તેમજ શ્રીસંઘ ભેગો થઈ ગયો. તકલીફ એકદમ વધી ગઈ. શ્રી નમસ્કાર મહામંત્રની ધૂન વચ્ચે સમાધિ મરણ સાધી ગયા.

"બાળદીક્ષા એ જૈનશાસનની સાથે જ જન્મેલી છે અને સાથે જ રહેવાની છે. એટલે કે, જૈનશાસનની હયાતીમાં તેની (બાળદીક્ષાની) હયાતી છે જ ! કારણ કે, જે આત્માઓ વિષય કષાયથી ખરડાયા નથી, તે આત્મામાં શાસ્ત્ર વધુ યોગ્યતા માને છે !"

**પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : લાલચંદ | ગુરુનું નામ | : પૂ.આ.શ્રી વિજયકમલસૂરિ મહારાજા |
| જન્મ | : વિ.સં. ૧૯૪૦ પ્રથમ પો. સુદ ૧૨ ભોયણી તીર્થ પાસે **બાલશાસન** | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી લબ્ધિવિજય મ. |
| | | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૫૯ મ. સુદ ૫ - ઉંઝા |
| માતા | : મોતીબહેન | આચાર્ય પદવી | : ૧૯૮૧ મ. સુદ ૫ - **છાણી** |
| પિતા | : પિતામ્બરદાસ | આચાર્ય પદ પર્યાય | : ૩૬ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૫૯ કા. વદ - ૬ **બોરૂ** | સંયમ પર્યાય | : ૫૮ વર્ષ |
| | | કાળધર્મ | : વિ.સં. ૨૦૧૭ શ્રા સુદ ૫ **લાલબાગ ભૂલેશ્વર, મુંબઈ** |
| દીક્ષાની ઉંમર | : ૧૯ વર્ષ | | |
| દીક્ષા દાતાનું નામ | : પૂ.આ.શ્રી વિજય કમલસૂરિ મહારાજા | આયુષ્ય | : ૭૭ વર્ષ |


સૌજન્ય

**પ્રભાસપાટણ નિવાસી શ્રીમતિ મંજુલાબેન મણિકાંત**

**હરખચંદ વસનજી શાહ પરિવાર. મુંબઈ**

જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ - કવિકુલકિરીટ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા

**जयो वादे स्मयो भक्तौ लयो व्याख्यासु सर्वगः ।**
**श्रीलब्धिसूरिभिर्वाचा साधितो योऽक्षयोऽस्ति सः ।।**

પ.પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ પોતાની વાણી દ્વારા વાદમાં વિજય મેળવ્યો હતો. ભક્તિ ભાવમાં આનંદનો ઉમંગ માણ્યો હતો, શાસ્ત્રોનાં વિવરણમાં અને વ્યાખ્યાન કરવામાં વિશિષ્ટ શૈલી સર્જી હતી, હજી પણ તેમની વાણીનો આ પ્રભાવ અકબંધ છે.

મહાન ધર્મધુરંધર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના પુણ્યનામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે ! પૂજ્યશ્રી પોતાની તપશ્ચર્યાથી, અપ્રતીમ શાસનરાગથી, અસાધારણ વિદ્વત્તાથી, હૃદયંગમ વાક્કૌશલ્યથી, રસમધુર કવિત્વશક્તિથી, વત્સલ પ્રકૃતિથી અને સુદીર્ઘ સંયમપર્યાયથી જૈન-જૈનેતર સમાજમાં આદરણીય સ્થાન પામ્યા હતા. તેમ જ પોતાના સંપાદિત કરેલા વિદ્વત્તાપૂર્ણ શાસ્ત્રગ્રંથોથી વિદ્વદ્વર્ગમાં પણ અત્યંત પ્રતિષ્ઠા પામ્યા હતા.

**જન્મ-માતા-પિતા :**

આ મહાપુરુષનો **જન્મ** ઉત્તર ગુજરાતમાં આવેલા શ્રી મલ્લિનાથ ભગવાનના તીર્થરૂપ ભોયણીગામની નજીકના **બાલશાસન** ગામમાં થયો હતો. આ ગામમાં પંદરસો માણસની વસ્તી હતી. તેમાં મોટો ભાગ ખેડૂત તથા ઠાકરડાઓનો હતો તથા વણિક જાતિના માત્ર દશ બાર ઘરો હતાં તે ધીરધાર તથા અનાજ કાપડનો ધંધો કરનારા હતા. તેઓમાં જિનપ્રરૂપિત દયાધર્મનું પાલન હતું અને યથાશક્તિ આરાધના થતી. વણિક વસ્તીમાં દશાશ્રીમાલી જ્ઞાતીય **શેઠ પીતાંબર ઉગરચંદ** પોતાના નિખાલસ સ્વભાવથી આગળ પડતા હતા અને રાજપુર ગામના ઠાકુરનું કામકાજ સંભાળતા હતા. તેઓ ઝાલાવાડના **કારોલ ગામની મોતી** નામની સુશીલ કન્યાથી વિવાહીત થયા હતા. તેમના ઘરની સામે એક શ્રી પદ્મપ્રભુનું જિનમંદિર હતું. બે ત્રણ પુત્રીઓ બાદ એક ખોડીદાસ નામના પુત્રનો જન્મ થયો હતો. ત્યાર બાદ **વિક્રમ સંવત ૧૯૪૦ના પ્રથમ પોષ સુદ ૧૨ના દિવસે બીજા પુત્રનો જન્મ** થયો હતો અને **તેનું લાલચંદ** એવું નામ આપવામાં આવ્યું હતું. તેઓ માતાની સાથે કાયમ જિનમંદિરે દર્શન કરવા જતા હતા. અઢી વર્ષની ઉંમરે

તેમણે માતા-પિતા સાથે ભોયણી તીર્થની જાત્રા કરી અને તેમની સ્મરણ શક્તિ ખૂબ તેજ હતી, આ વખતે બાલશાસનમાં નિશાળ ખુલ્લી ન હતી, એટલે તેઓ પોતાના પિતાજીની પાસે ભણ્યા હતા. માત્ર આઠ મહિનામાં ત્રણ ચોપડીનો અભ્યાસ કરી લીધો હતો. **લાલચંદ જ્યારે નવ વર્ષની ઉંમરનો થયો ત્યારે તેમના પિતા મરણ પામ્યા હતા.** એક વખત તેમને સ્વપ્નું આવેલ કે, 'તીર્થંકર ભગવાન સમવસરણમાં બેઠા દેશના આપે છે અને તેમના સાનિધ્યમાં બેઠો છું અને વંદન પૂજન સ્તવન કરી રહ્યો છું.' વિ.સં. ૧૯૫૪માં પૂજ્ય ન્યાયામ્ભોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજે ભોયણી તીર્થની યાત્રા કર્યા બાદ બાલશાસન ગામને પાવન કર્યું અને પ્રતિદિન વૈરાગ્યરસભીની વાણીનો પ્રવાહ વહેવરાવ્યો. લાલચંદને આ વાણીએ ખૂબ અસર કરી અને સૌ પ્રથમવાર વૈરાગ્યનાં બીજ વવાયાં. વિ.સં. ૧૯૫૬માં પ. પૂ.આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પૂ. મુનિરાજ ઉદ્યોતવિજયજી મહારાજે માણસામાં ચાર્તુમાસ કર્યું. તેમના સત્સંગે લાલચંદની વૈરાગ્ય ભાવના પ્રબળ બની.

**દીક્ષા :**

**વિ.સં. ૧૯૫૯ ના કાર્તિક વદ ૬ના દિવસે ઘેરથી છાનામાના નીકળીને બોરૂ ગામમાં લાલચંદભાઈએ સંઘ સમક્ષ પૂ.આ.શ્રી કમલસૂરિ મ.સા.ની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી,** અને તેઓશ્રીના શિષ્ય બન્યા તેમનું શુભ નામ **મુનિશ્રી લબ્ધિવિજયજી મ. રાખવામાં આવ્યું** અને લાલચંદને ઘરમાં ન જોતાં ચારે બાજુ તપાસ કરતાં કરતાં સગાવ્હાલાં બોરૂમાં આવ્યા. ત્યારે ગુરુ મહારાજે કહ્યું, 'દીક્ષા લેવા માટે તમારી રજા માંગી હતી. હવે અંતરાય કરવાથી શું ફાયદો ? ધાંધલ ધમાલ કરવાને બદલે તમો આશીર્વાદ કેમ આપતા નથી ?' અંતે ! ગુરુ મહારાજની સમજાવટથી સર્વ સંમત થયા. માર્ગ મોકળો થયો. બોરૂથી વિહાર કરીને તારંગાતીર્થની યાત્રા કરીને **ઊંઝા** પધાર્યા. ત્યાં **વિ.સં. ૧૯૫૯** ના **મહા સુદ ૫ ના રોજ દશ સાધુઓને વડી દીક્ષા આપવામાં આવી. જેમાં પૂ. મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મ. પણ સાથે હતા.** વિ.સં. ૧૯૫૯નું પ્રથમ ચાતુર્માસ ઈડરમાં થયું.

દીક્ષા ગ્રહણ કરીને **'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ'** એ સનાતન વચનને સાર્થક કરી બતાવ્યું. સતત સ્વાધ્યાય પરાયણતા, અપૂર્વ ઉત્સાહ, અવિહડ પુરુષાર્થ, ગુરુસેવા અને સ્વ-પર કલ્યાણની ભાવના - આ સર્વ ગુણોને કારણે તેઓશ્રી ટૂંક સમયમાં બહુશ્રુત વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થયા. તેઓશ્રી શાસનમાં કુશળ મુનિરાજ, ન્યાયમાં નિપુણ અને તપ-જપ-ધ્યાનમાં સમર્થ આરાધક તરીકે સફળ બનતા રહ્યા. ખાસ કરીને અઢાર હજાર શ્લોકવાળા વાદિચૂડામણિ શ્રીમલ્લવાદિક્ષમાશ્રમણ વિરચિત પ્રાચીન દ્વાદશારનયચક્ર નામના દાર્શનિક ગ્રંથ ઉપર પૂ. સિંહ ક્ષમાશ્રમણ ગણિએ સંક્ષિપ્ત વૃત્તિ રચી હતી. હાલ તે વૃત્તિ જ ઉપલબ્ધ હતી. મૂળગ્રંથ અપ્રાપ્ત હતો તે વૃત્તિના આધારે મૂળગ્રંથને સૌ પ્રથમવાર તેઓશ્રીએ શોધ્યો. ૧૪ વર્ષના પરિશ્રમ પછી ચાર ભાગમાં તેનું સંપાદન કર્યું. તે **ઈ.સ. ૧૯૬૦માં ભારતના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના શુભ હસ્તે દાદરમાં ચારે ભાગોનું ઉદ્ઘાટન થયું હતું. તે પ્રસંગે પૂજ્ય સૂરીશ્વરજીએ ગીર્વાણગિરા-સંસ્કૃતમાં વક્તવ્ય આપીને સર્વ પંડિતોને**

**મંત્ર મુગ્ધ કરી દીધા હતા.** ત્યારે સમસ્ત સંઘે એમના જ્ઞાનની અદ્‌ભુત શક્તિ માટે ગૌરવ અનુભવ્યું હતું. ત્યાર બાદ તે જ ગ્રંથ ઉપર સ્વતંત્ર ટીકાની રચના પણ તેઓશ્રીએ કરી. આવા જટીલગ્રંથનું સંશોધન-સંપાદન અને આગળ વધી તેના ઉપર વૃત્તિનું સંરચન તેઓશ્રીની જ્ઞાનગરીમાને દર્શાવે તેવું છે.

વક્તૃત્વશક્તિમાં પણ પૂજ્યશ્રી પારંગત હતા. સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી પર એકસરખું પ્રભુત્વ ધરાવતા હતા. તેઓશ્રીમાં વિદ્વત્તા અને કવિત્વનો સુભગ સમન્વય થયો હતો. તેથી તેઓશ્રીના પ્રવચનો સાંભળવા હજારો ભાવિકો એકત્રિત થતા હતા. **ઈડરના શ્રીસંઘે વિ.સં. ૧૯૭૧માં પૂજ્યશ્રીને "જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ"ના માનવંતા બિરૂદથી અલંકૃત કર્યા હતા.** જ્યારે પંજાબી જૈન સમાજ તેઓશ્રીને **"છોટે આત્મારામજી"** ના હુલામણા નામે સંબોધતો હતો. ૨૬-૨૭ વર્ષની ભરયુવાન વયે મુલતાન જેવા અનાર્ય પ્રદેશમાં વિચરી સુંદર છટાથી, નીડરતાપૂર્વક, બુલંદ અવાજે ગામડે ગામડે જાહેર પ્રવચનો આપ્યા હતા; જેના પરિણામે સેંકડો માંસાહારીઓએ માંસાહારનો ત્યાગ કર્યો હતો. પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિ ભારતવર્ષમાં સર્વત્ર વિહાર કરીને શ્રીવીરપ્રભુના અહિંસાદિ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. હિંસકને અહિંસક, દુરાચારીને સદાચારી અને સ્વચ્છંદીને સંયમી બનાવવાના ભગીરથ પ્રયત્નો કર્યા હતા. પૂજ્યશ્રી આ કાર્યોમાં અવિરત ઉત્સાહ અને કરુણા દર્શાવતા હતા અને પ્રજાજીવનમાં અહિંસા, સંયમ, ત્યાગ, નીતિ, તપશ્ચર્યા અને સદાચારના ગુણો પ્રગટે - વિકસે તેની કાળજી રાખતા હતા.

**આચાર્ય-પદ :**

વિ.સં. ૧૯૮૦ની સાલમાં છાણી મુકામે સ્વગુરુદેવની સાથે વ્યાખ્યાન વાચસ્પતિ મુનિશ્રી લબ્ધિવિજયજી મહારાજનું ચાતુર્માસ થયું. આ વર્ષે પણ જાહેર વ્યાખ્યાનો દ્વારા અખિલ નગરમાં ધર્મ પ્રભાવના અનુપમ થઈ હતી. પૂ. પંન્યાસ શ્રી દાનવિજયજી મહારાજ પણ સ્વપરિવાર સાથે સદ્ધર્મસંરક્ષકની સેવામાં આવેલ હતા. પૂ. પંન્યાસજી મહારાજ પાસે શ્રીભગવતીસૂત્રના યોગનું મંગલ કાર્ય વ્યાખ્યાન વાચસ્પતિજીએ પ્રારંભ્યું હતું અને **વિ.સં. ૧૯૮૧ ના માગસર સુદ પંચમીના પ.પૂ.આ.શ્રી.વિજય કમલસૂરીશ્વરજી મહારાજે પ્રસન્નવદને પોતાના વરદ હસ્તે પૂ. પંન્યાસજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિશ્રીજીને આચાર્યપદાર્પણ કરીને સ્વપટ્ટધર આ.શ્રી.વિજયદાનસૂરિજી મ. અને વ્યા. વા.આ.શ્રી.વિજયલબ્ધિસૂરિજી મ. રૂપે જાહેર કર્યા.** આ પ્રસંગે છાણી સંઘે અષ્ટાહ્નિકા મહોત્સવ, શાન્તિસ્નાત્ર તેમજ નવકારશી જમણો કરીને પોતાની ચંચલ લક્ષ્મીનો અઢળક વ્યય કરીને સાર્થકતા મેળવી.

તેમની શ્રુત-ભક્તિ અતિ જ્વલંત હતી. તેઓશ્રીએ આગમોની વાચનાઓ આપી શિષ્ય સમુદાય તેમજ અન્ય મુમુક્ષુ વર્ગને શ્રુતજ્ઞાનનો ભવ્ય વારસો આપ્યો હતો.

સ્વરચિત સંસ્કૃત ગ્રંથો--સંકલન અને સંપાદન સાથે 'વૈરાગ્ય રસમંજરી' વિ.સં. ૧૯૮૨ ના બુહારીના ચાર્તુમાસમાં માત્ર ૧૫ દિવસમાં રચ્યો. તે ઉપરાંત પણ બાર ગ્રંથો રચ્યા છે. ન્યાય અને વ્યાકરણના પ્રખર અભ્યાસનું આ પરિણામ હતું. સ્વરચિત હિન્દી 'વેદાંત વિચાર' વગેરે સાત ગ્રંથો છે, તથા ગુજરાતી 'દેવદ્રવ્યાદિ સિદ્ધિ' અને 'ભગવતીસૂત્રનાં વ્યાખ્યાનો' વગેરે ત્રણ ગ્રંથો છે. સંસ્કૃત ગ્રંથમાં સંમતિતર્ક

ગ્રંથની અતિપ્રૌઢ દાર્શનિક ચર્ચાથી ભરપૂર વાદમહાર્ણવ નામની ટીકા જે અત્યંત અઘરી અને અશુદ્ધ પાઠોથી ભરેલી હતી. તેનો ઉદ્ધાર કરવા માટે તેનો સંક્ષેપ કરીને સરળતાથી સમજાય તે રીતે સંમતિ તત્ત્વસોપાન નામે ગ્રંથની રચના કરી અને સંસ્કૃત ભાષામાં જ વિદ્વદ્ભોગ્ય પ્રસ્તાવના પણ લખેલ. સ્વરચિત ગ્રંથ સમૃદ્ધિ હોવા સાથે એમનામાં શીઘ્ર કવિત્વ શક્તિના ગુણનો અપૂર્વ વિકાસ હતો, જે વડે તેઓશ્રીએ પંચકલ્યાણક પૂજા, પંચ જ્ઞાનપૂજા, નવતત્ત્વપૂજા, શ્રી શાંતિનાથકલ્યાણકપૂજા, શ્રી પાર્શ્વનાથકલ્યાણકપૂજા વગેરે સોળ પૂજાઓ ભિન્ન ભિન્ન મધુર રાગરાગિણીથી ગેય ભાષામાં બનાવેલી છે.

તેઓશ્રીની અગણિત કાવ્યકૃતિઓ સરળ અને સુંદર હોવાને લીધે એટલી લોકપ્રિય છે કે આજે પણ મહાનગરોનાં મહાન જિનાલયોથી માંડીને નાનાં ગામડાનાં આબાલવૃદ્ધ નરનારીઓના કંઠે ગવાય છે. આવા અસાધારણ પ્રભાવને લીધે તેઓશ્રી **"કવિકુલકિરીટ"** ના નામે ઓળખાય છે. પૂજ્યશ્રીએ રચેલાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષાનાં ગીતોની સંખ્યા ત્રણ હજાર ઉપર છે. આ ભક્તિ ગીતોના ભાવ અને હૃદયસ્પર્શી લય એટલાં તો સુંદર છે કે આ ભક્તિગીતોના પ્રભાવથી કેટલાય પુણ્યાત્માઓને વૈરાગ્યભાવ પ્રગટે છે.

અઠ્ઠાવન વર્ષના સુદીર્ઘ દીક્ષા પર્યાયમાં પૂજ્યશ્રીએ અનેક નાના-મોટા, ગદ્ય પદ્યના, ગુજરાતી, હિન્દી, ઉર્દુ તથા સંસ્કૃત ભાષામાં, લોકોપયોગી તથા વિદ્વદ્ભોગ્ય ગ્રંથોનું નિર્માણ, સંકલન અને સંપાદન કરીને સાહિત્યની અજોડ સેવા કરી છે.

તેઓશ્રીને અનેક વાર અન્ય દર્શનકારો સાથે વાદ-વિવાદ કરવાના પ્રસંગો ઉપસ્થિત થયા હતા. તેમાં પણ પૂજ્યશ્રીએ **દરેક વખતે વિજય પ્રાપ્ત કર્યો હતો.** કુશાગ્ર બુદ્ધિ, તીક્ષ્ણ તર્કશક્તિ અને અદ્‌ભુત વાક્ચાતુર્યથી તેઓ પ્રતિસ્પર્ધીને પરાસ્ત કરી દેતા. નરસંડામાં આર્યસમાજવાળાં સાથે વિવાદમાં મૂર્તિપૂજાની સાર્થકતા-અનિવાર્યતા સિદ્ધ કરી હતી. ખંભાત પાસેના વટાદરા ગામમાં મુકુન્દાશ્રમ નામના સંન્યાસી સનાતનીઓ સાથે વેદ વિષયક શાસ્ત્રાર્થ ચાલ્યો ત્યારે **પૂજ્યશ્રીએ 'વેદ હિંસાવાદી છે અને જૈનધર્મ દયામય ધર્મ છે' એમ પ્રતિપાદન કરી સિદ્ધ કરી આપ્યું હતું.** પંજાબમાં તો અનેક સ્થળોએ વાદ વિવાદના પ્રસંગો ઉપસ્થિત થયા હતા; અને તેમાં **દરેક વખતે પૂજ્યશ્રીએ જયજયકાર મેળવ્યો હતો.**

કવિત્વપણાની જેમ વાદવિજયની પણ આઠ પ્રભાવકોમાં ગણના થાય છે; તે સિદ્ધિઓ પૂજ્યશ્રીને વરેલી હતી. તેઓશ્રી જેમ બહુશ્રુત, શ્રેષ્ઠ કવિ, વાદ વિજેતા અને શાસન પ્રભાવક થયાં, નવ્ય ગ્રંથોના સર્જક થયા, તેવી જ રીતે તે સમયના સુધારકોનાં આક્રમણોમાં મોખરે રહી તે સુધારકોને નાબૂદ કરવાનું કામ કર્યું.

ઉદ્‌યાત્ તિથિ રક્ષા વગેરે સન્માર્ગ સ્થાપનાના કાર્યોમાં પ.પૂ.આ.દે.શ્રી.વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની સાથે જ રહેતા.

શાસન સામે આવતાં અનેકવિધ આક્રમણો સામે લડવા માટે વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.ને માર્ગદર્શન આપતાં, પોતાનું પ્રબલ કોટીનું પીઠબળ પણ પૂરું પાડતાં. પૂ.આ.શ્રી.

વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા વગેરે જે શાસન રક્ષાના કાર્યો કરી શક્યાં. તેમાં આવા મહાપુરુષોનું પીઠબળ પણ મજબૂત કારણ હતું.

જૈન શાસનની પ્રભાવના કરનારા પૂજ્યશ્રીની નિશ્રામાં ઠેર ઠેર જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપનો, ઉપધાનો, છ'રી પાળતા સંઘો, દીક્ષાઓ, પદ-પ્રદાનો, સાધર્મિક વાત્સલ્ય તથા અન્ય અનેક મંગલકારી મહોત્સવો મોટી સંખ્યામાં થયાં હતા. ઘણીવાર વિપરીત સ્થિતિમાં અડગ સિંહગર્જના કરીને, વિજય પ્રાપ્ત કરીને જૈન શાસનનું આચાર્યપદ શોભાવ્યું હતું. સતત સ્વાધ્યાય તપશ્ચર્યા પૂજ્યશ્રીનો અનુપમ ગુણ હતો. તેથી જ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય સમુદાયમાં વિદ્વાનો, કવિઓ, વક્તાઓ મોટી સંખ્યામાં છે અને પૂજ્યશ્રીની પાટે આઠ-આઠ આચાર્યો થયા હતા. જેમાં દક્ષિણ દેશોદ્ધારક શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું નામ મોખરે હતું.

આવી એક મહાન વિભૂતિ કે જેમનું આધ્યાત્મકિ જીવન વિવિધ દૃષ્ટિબિંદુઓવાળું અને સ્વ-પર ઉપકારક હતું. એમણે સંયમી જીવનની સાર્થકતા કરવા દ્વારા છેલ્લા દિવસોમાં નમસ્કાર મંત્રનું નવસ્મરણોનું, ચતુ:શરણ પયન્ના વગેરે પદ્યોનું સાધુ ભગવંતો અને ગૃહસ્થો દ્વારા શ્રવણ કરી, આત્મભાવને સાધી, મુંબઈ-ભૂલેશ્વર (મોતીશા-લાલબાગ) મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. શાસન પ્રભાવક એવા તે પુણ્ય પુરુષ **વિ.સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ ૫ ના કાળધર્મને પામ્યાં.**

પૂજ્યશ્રીનું જીવન ભવ્ય હતું, તેમ તેઓશ્રીની અંતિમયાત્રા પણ ભવ્ય બની હતી. એકાદ લાખ માણસોની અશ્રુભીની આંખોએ પૂજ્યશ્રીને ઐતિહાસિક વિદાય આપી હતી. ગુરુભક્તિનો અત્યુત્તમ લાભ લેવા ભક્ત **સંઘવી પુત્ર કાંતિભાઈ**એ રૂ. ૧૩૦૦૧/- બોલી બોલીને અગ્નિ સંસ્કાર કર્યો. તે પ્રસંગે ઠેર ઠેર સભાઓ અને મહોત્સવો થયા હતા.

## જિનેશ્વરદેવે ગુરુતત્ત્વની સ્થાપના શા માટે કરી ?

એટલા જ માટે કે એમની ગેરહાજરીમાં પણ એ ગુરુઓ અર્થકામની આસક્તિ, અર્થકામની વાસના કાપતાં રહે. પોતાના માનપાનની પરવા કર્યા વિના શુદ્ધ ધર્મનું અખંડિત રીતે પાલન કરે. જગતના ભવ્યજીવોને એ સન્માર્ગ આપે અને થોડી શક્તિવાળાં પણ આરાધના કરી સહેલાઈથી મુક્તિ પામી શકે. ગુરુતત્ત્વમાં આવી, એવી રીતે વર્તી, શાસન દીપાવવા સાથે સ્વપરનું શ્રેય સાધી ગયા હોય કે સાધી રહ્યા હોય, એવા મહાપુરુષોની મન, વચન, કાયાથી અનુમોદના કરવી, એમનો જય અને વિજય યાદ કરવો, કારણ કે, એ કરવાથી જ જીવન સફળ થાય તેમ છે અને એ રીતે જીવનને સફળ કરવું, એ આપણું કર્તવ્ય છે.

પૂ.આ.શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

विदर्भना विजयवंत विहारी

## પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજા

ભુવનમાં તિલક સમા શોભતા પ.પૂ.આ.શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજા કવિકુલકિરીટ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની પાટ પર નંદનવનમાંના કલ્પતરુ સમાન શોભી રહ્યા હતા.

**જન્મ-માતા-પિતા :**

પૂજ્યશ્રીની **જન્મભૂમિ વડોદરા પાસેનું છાણી ગામ.** ત્યાં **વિ.સં. ૧૯૬૨માં પિતા ખીમચંદભાઈ અને માતા સૂરજબહેનને ઘેર એક પુણ્યાત્માએ જન્મ લીધો.** બાળકનું નામ **છબીલદાસ** (અપરનામ મગુભાઈ) રાખવામાં આવ્યું. પૂર્વભવના સંસ્કારો, માતાપિતાનાં ધર્મ સંસ્કારો અને ગુરુ ભગવંતોના સમાગમથી નાનપણમાં જ છબીલભાઈમાં વૈરાગ્યનાં અંકુરો ફૂટવા લાગ્યા હતા. જેમ વૈરાગ્યભાવના તેમ સંગીતપ્રીતિની પણ છબીલભાઈને કુદરતી બક્ષીસ હતી. નાનપણથી સ્તવનો-સજ્ઝાયો એવી સુમધુર સ્વરમાં અને સંગીતની શાસ્ત્રીયતાથી ગાતાં કે ભલભલા સંગીતકારો પણ મંત્રમુગ્ધ બની જતા.

**વૈરાગ્ય-દીક્ષા :**

એક વાર વ્યાખ્યાન-વાચસ્પતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ છાણી પધાર્યા; તેઓશ્રીની મનોહર વાણીએ છાણી સંઘનાં મન હરી લીધાં. એ વાણીના પ્રવાહમાં પરિપ્લાવિત થઈને અનેક જીવો જૈન શાસનના પરમ આરાધક બન્યા હતા. જ્યારે એ વાણીએ છબીલભાઈના અંતરમાં વૈરાગ્યની ભાવના પેદા કરી. તેમણે ગુરુદેવશ્રીનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું અને **વિ.સં. ૧૯૭૮માં ઉમેટા મુકામે દીક્ષા ગ્રહણ કરી,** સંસારના રંગીન વસ્ત્રો ફગાવી ક્ષીરસાગરસમા શ્વેત વસ્ત્રોનું પરિધાન કર્યું અને **મુનિ શ્રી ભુવનવિજયજી મ. તરીકે જાહેર થયા.**

**ગણી-પંન્યાસ ઉપાધ્યાય-આચાર્ય પદ :**

મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજે પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં ગુરુભક્તિ સાથે અખંડ સ્વાધ્યાયનો યજ્ઞ આરંભ્યો. ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું. ગુજરાતી અને સંસ્કૃતમાં કાવ્યરચના કરવાની કુશળતા પ્રાપ્ત કરી. જેના પ્રતાપે ગુરુદેવશ્રીની અસીમ કૃપા પામીને પ્રવર્તક, **ગણિ, પંન્યાસ** અને **ઉપાધ્યાયની પદવી પ્રાપ્ત કરી. વિ.સં. ૨૦૦૧ના ચૈત્ર સુદ ૪ ના શુભ દિવસે પાલિતાણામાં**



# પૂજ્ય આચાર્યદેવ
# શ્રીમદ્ વિજય
# ભુવનતિલકસૂરીશ્વરજી
# મહારાજા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : છબીલદાસ | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી ભુવનવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૬૨ છાણી | પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૩ - છાણી |
| માતા | : સૂરજબેન | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૦૧ ચૈ. સુદ ૪ પાલીતાણા |
| પિતા | : ખીમચંદભાઈ | આચાર્યપદ પર્યાય | : ૭ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૭૮ ઉમેટા | સંયમપર્યાય | : ૫૦ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૧૬ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૮ જેઠ સુદ ૨ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી. લબ્ધિસૂરિ મહારાજા | | દાવણગિરિ (કર્ણાટક) |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી લબ્ધિસૂરિ મહારાજા | આયુષ્ય | : ૬૬ વર્ષ |

**મહામહોત્સવપૂર્વક** પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વરદ્ હસ્તે **આચાર્યપદે આરૂઢ કરવામાં** આવ્યા. ત્યારથી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ તરીકે જગપ્રસિદ્ધ થયા.

**શાસન પ્રભાવના :**

એક દીપકથી હજારો દીપક પ્રગટે, તેમ પૂજ્યશ્રીની દીક્ષા થયા બાદ છાણી ગામમાં ઘર-ઘરમાંથી કોઈને કોઈ ભાઈ કે બહેન દીક્ષા ગ્રહણ કરવા તત્પર બન્યા અને જોતજોતામાં છાણીમાંથી જ **૧૨૫** જેટલી દીક્ષાઓ થઈ. આચાર્ય શ્રીવિજયભદ્રંકરસૂરિજી મહારાજ આદિ શિષ્ય-પ્રશિષ્યોને વિદ્વાન, લેખક, કવિ, વક્તા, તપસ્વી, અવધાનકાર બનાવવા સાથે શાસન અને સમુદાયની અવિચ્છિન્ન પરંપરાના રક્ષક અને સંવર્ધક બન્યા. તેમ જ ૧૫૦ જેટલા સાધુ-સાધ્વીજીઓના શિરછત્ર રૂપે **ગચ્છાધિપતિના** બિરૂદને શોભાવી રહ્યા. શાસન સેવાની ભાવના હૈયે ધરીને કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર આદિ પ્રાંતોમાં વિચર્યા. મધુર વાણી, સરળ હૃદય અને **પ્રવચનકૌશલ્યતા** ગુણોને લીધે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં **સંઘોની એકતા કરી;** જિનાલયોના જીર્ણોદ્ધાર અને નવનિર્માણ કર્યા; **આયંબિલ શાળાઓ, પાઠશાળાઓ, ઉપાશ્રયો આદિની સ્થાપના કરી;** પ્રતિષ્ઠા-અંજનશલાકા, ઉદ્યાપન, ઉપધાન તપ, છ'રી પાલિત સંઘો કાઢીને વિવિધ અનુષ્ઠાનો દ્વારા જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવ્યો.

તે સમયમાં જેસલમેરની યાત્રા કપરી ગણાતી, જ્યારે પૂજ્યશ્રીની નિશ્રામાં **જેસલમેરનો છ'રી પાલિત સંઘ નીકળ્યો હતો. અંતરીક્ષજી જેવા પ્રભાવક** અને ચમત્કારિક તીર્થ પર **દિગંબરોનો પ્રભાવ વધ્યો હતો** ત્યારે પૂજ્યશ્રીની નિશ્રામાં **શાંતિસ્નાત્ર, અઢાર અભિષેક આદિ ઉત્સવો યોજાયા હતા.** ખાનદેશમાં અંતરીક્ષ પાર્શ્વનાથ નજીક **વિઘ્નહર પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન પામીને તૈયાર થયું.** આથી પૂજ્યશ્રી વિદર્ભના વિજયવંત વિહારીનું બિરૂદ પામ્યા.

તેઓશ્રી **સારા કવિ અને સંગીતજ્ઞ હતા.** તેની પ્રતીતિ તો **'ભુવનેશ ભક્તિ વહેણ'**ની ૨૬-૨૬ આવૃત્તિઓ કરાવે જ છે ! એવી જ રીતે, 'જિનેન્દ્ર-સ્તવન-ચોવીશી', 'કવિકુલકિરીટ' ભાગ ૧-૨, 'ભુવનબોધ' ભાગ ૧-૨, 'જિનપૂજા પ્રભાવ' આદિ ગ્રંથો તેઓશ્રીના સિદ્ધહસ્ત લેખક પદવીને યથાર્થતા બક્ષે છે.

**અંતિમ આરાધના :**

વિ.સં. ૨૦૨૮માં પરમારાધ્યપાદ, પરમતારક ગુરુ ભગવંત મ્હૈસુર રાજ્યાન્તર્ગત ચિત્રદુર્ગમાં સ્વશિષ્યોના વર્ષીતપના પારણા અર્થે પધાર્યા હતા. અત્રે પૂજ્યપાદને અશાતાના ઉદયથી બન્નેય બાજુની કીડનીમાં ખરાબી થતાં પેશાબ અટકવા માંડ્યો અને ડોક્ટરોએ ભેગા થતાં રીપોર્ટો તપાસીને જણાવ્યું કે, 'પૂજ્યશ્રીને વેલૂર યા મુંબઈ લઈ જાવો કીડની સાફ થાય તો સ્વસ્થતા આવી શકે, બીજો ઉપાય નથી' આ વાત સાંભળતા **પૂ. ગુરુદેવે સ્પષ્ટ જણાવ્યું કે, 'આપણે ક્યાંક જવું નથી તમો મને આરાધનાનું ઔષધ આપો.'** આગામી ચાતુર્માસ દાવણગિરિ નક્કી થયેલ હોવાથી ચિત્રદુર્ગના સંઘની વિનંતી હોવા છતાં ય શિષ્ય વર્ગે ગુરુ આજ્ઞા શિરોધાર્ય કરીને દાવણગિરિ તરફ પ્રસ્થાન કર્યું. દરરોજ પૂ. ગુરુદેવ સમયસર પ્રતિક્રમણ,

દર્શન, સવાર બપોર સ્વાધ્યાય, જાપ આદિમાં ખૂબ અપ્રમત્તપૂર્વક રહેતા હતા. વૈ. વ. ૮ના દિવસે રોગે ઉપદ્રવ કરતાં પૂ. ગરુદેવે સર્વ પાસે ક્ષમાપના માંગવાપૂર્વક ફરીથી પાંચ મહાવ્રત ઉચ્ચાર્યા ધુઓએ પદ્માવતી આરાધના, સ્તવન ઇત્યાદિ અંતિમ આરાધના ધૈર્ય રાખીને કરાવી. આમ ચાર પાંચ દિવસો નીકળી ગયા. અન્ય સ્થળોમાં શ્રી ચતુર્વિધ સંઘમાં થયેલી આરાધના પણ સાંભળીને અનુમોદના કરી હતી. જે સુ. ૧ ના નિદ્રા ન આવતાં પૂ. ગુરુદેવે શિષ્યોને કહ્યું, **'કંઈક મને વીર વાણીનું સુધાપાન કરાવો.'** એટલે નવસ્મરણ આદિ સંભળાવવા માડ્યું. **વિ.સં. ૨૦૨૮ જે. સુ. ૨ ના** સવારના પ્રતિક્રમણ દેવદર્શન કર્યાં. પછી સાધુઓના મુખેથી ઋષિમંડલ, પાર્શ્વનાથ આદિ સ્તોત્રો નવકારમંત્રનું સ્મરણ કરતાં સાં **૧૦ મિનિટે બપોરે પૂ. ગુરુદેવ પ્રસન્ન મુખે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં.** પ્રાણપંખેરૂં કા પજર છોડીને ઉડી ગયું. ગુરુદેવેશે તો ફાગણ માસમાં બેલ્લારીમાં જણાવેલ કે, 'હું હવે આ કાયામાં છ માસથી વધારે જીવીશ નહિ.' ત્યાર પછી વૈશાખ માસમાં પણ જણાવેલ કે, 'આ માંદગી મારી જીવલે નશે. બન્યું પણ તેમજ પોતે ઈત્વરીક પચ્ચક્ખાણ કરતાં, સખ્ત વેદનામાં પણ જરાય 'હોય કે ઓય બાપરે' એવો શબ્દ ન ઉચ્ચારતાં સમતાની ધૂનમાં મસ્ત રહેતા હતા.

### અગ્નિ સંસ્કાર યાત્રા :

પૂ. ગુરુદેવના પાર્થિવ દેહને શિષ્યોએ દુઃખિત હૈયે અંતિમ ક્રિયા કરીને શ્રી સંઘને સુપરત કરી દીધો, શ્રાવક સંઘે સ્નાન વિલેપન કરીને નૂતન વસ્ત્રોથી દેહ વિભૂષિત કરીને સૂરિવરના દેહને પાટ પર સ્થાપન કર્યો, બાદ પાંચ ગુરુ પૂજનની બોલી થઈ.

આ પ્રસંગે બેંગ્લોરથી લઈને બિજાપુરના આસપાસના ૫૦ થી ૬૦ ગામોમાંથી ૧૫૦૦ થી ૨૦૦૦ ની જનતા આવેલ હતી. અત્રે ચમત્કાર એ થયો કે પૂ. ગુરુદેવનો દેહ ૨૪-૨૪ કલાક રહ્યો છતાં જરાયે કાળો પડ્યો ન હતો.

જેઠ સુદ ૩ના સવારના લગભગ ૧૦ વાગે સ્મશાન યાત્રાનો પ્રારંભ થયેલ. ગામની બહાર રૂ. ૨૫ હજારમાં ખરીદાયેલ પૂના-બેંગ્લોર રોડ પરની જમીનમાં સૂરીશ્વરજીના દેહને પધરાવ્યો. મુદેબિહાલ નિવાસી ડૉક્ટર રતનચંદ અસલાજીએ આદેશ મેળવીને અગ્નિ સંસ્કાર કર્યો. જેમાં ૫૦૦ કીલો સુખડ બે ડબ્બા ઘી, ૫૦૦ શ્રીફળ વપરાયા હતા. સર્વે ઉપજ લગભગ રૂ. ૨૬ હજાર થઈ હતી.

શ્રીસંઘે ઉપાશ્રયમાં પૂ. ગુરુદેવની મૂર્તિ સ્થાપના અને અગ્નિ સંસ્કાર સ્થળે ચરણ પાદુકા સ્થાપના કરીને અને અષ્ટોત્તરી સ્નાત્ર સહ નવાહ્નિકા મહોત્સવ, ૧૪ જમણ, અનુકંપા દાન આપવા સહિત ઉજવ્યો હતો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય મુનિરાજ શ્રી જિતવિજયજી દાદા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : જયમલ્લભાઈ મહેતા | દીક્ષા દાતા | : પૂ. મુનિ શ્રી પદ્મવિજયજી મ. (પૂ. શ્રી મણિવિજયજી મ.ના શિષ્ય) |
| જન્મ | : વિ.સં. ૧૮૯૬ ચૈ. સુદ ૨ કચ્છ વાગડ-**મનફરા** | ગુરુનું નામ | : પૂ.મુનિ શ્રી પદ્મવિજયજી મ. |
| માતા | : અવલબેન | દીક્ષા પછીનું | : મુનિ શ્રી જીતવિજય મ. |
| પિતા | : ઉકાભાઈ | સંયમપર્યાય | : ૫૫ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૨૫ વૈ. સુદ ૩ **આડીસર** (કચ્છ વાગડ) | કાળધર્મ | : વિ.સં. ૧૯૭૯ અષાઢ વદ ૬ **પલાંસવા** (કચ્છ વાગડ) |
| દીક્ષાની ઉંમર | : ૨૯ વર્ષ | આયુષ્ય | : ૮૪ વર્ષ |

સૌજન્ય

**શાહ કલ્યાણજી હેમરાજ સહ પરિવાર. આધોઈ (કચ્છ વાગડ)**

શ્રી ભીમશીભાઈ, શ્રી સામંતભાઈ, શ્રી રવજીભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી વિજપારભાઈ

શ્રમણરત્ન-સંયમમૂર્તિ

# પૂજ્ય મુનિરાજશ્રી જીતવિજયજી દાદા

**જન્મ-માતા-પિતા :**

કચ્છની ખમીરવંતી ધરતી સંતો અને સતીઓને જન્મ આપીને પોતાનું ગૌરવ વધારતી રહી છે. એ પ્રદેશમાં ભચાઉ તાલુકામાં મનફરા ગામ છે. **મનફરામાં ઉકા શેઠ** અને એમના **ધર્મપત્ની અવલબાઈ** રહે. એ ધર્મપ્રેમી દંપતીને ત્યાં **વિ.સં. ૧૮૯૬ના ચૈત્ર સુદ બીજના દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો** અને કોઈ ગૌરવપૂર્ણ ભાવિનો સંકેત હોય તેમ તે પુત્રનું નામ જયમલ્લ રાખવામાં આવ્યું. માતા અવલબાઈ વ્રતપરાયણ - ભદ્રિક હતા. એમણે માત્ર બાજરીના લોટ પર રહી આયંબિલ કરેલ હતા.

**સંયમ જીવન માટે સંકલ્પ :**

ધર્મના અને વિદ્યાભ્યાસના સંસ્કારોમાં ઉછરી રહેલા જયમલ્લના જીવનમાં બાર વર્ષની ઊગતી ઉંમરે જ એક એવો વળાંક આવ્યો કે જેથી એની જીવનસરિતાનો પ્રવાહ બદલાઈ ગયો. આ વળાંક હતો પીડાકારી, પણ તેનો અંત આવ્યો મંગલકારી. આ ઉંમરે **જયમલ્લને આંખનો દુઃખાવો** થઈ આવ્યો. અનેક ઉપચારો કર્યા છતાં ચાર ચાર વરસ સુધી એકધારો દુઃખાવો સહન કરવો પડ્યો. અંતે જયમલ્લે ધર્મનું અમૃતમય શરણ સ્વીકાર્યું અને મનોમન નિશ્ચય કર્યો કે, **જો આ દર્દ મટી જશે તો મારું જીવન સાધુપણાને અર્પણ કરીશ.** આ સમયે જયમલ્લની ઉંમર, સોળ વરસની હતી. છતાં આ સંકલ્પ દૃઢ હતો અને એનું પરિણામ પણ મધુર આવવાનું હતું.

સમયના વહેવા સાથે જયમલ્લની વય સાથે કાયા વિકસતી જતી હતી; બુદ્ધિ તેજસ્વી બનતી જતી હતી. એટલે સ્વાભાવિક જ માતા-પિતાએ લગ્નનો લ્હાવો લેવાનો વિચાર કર્યો. પરંતુ તેઓને ક્યાં ખબર હતી કે જયમલ્લનું અંતર તો કયારનું ત્યાગનો માર્ગ લઈ બેઠું હતું ! જયમલ્લને આ વાતની જાણ થઈ ત્યારે અંતરથી વૈરાગી વ્યક્તિને શોભે એવી શાંતિ અને સ્વસ્થતાથી તેણે માતા-પિતાને દીક્ષા લેવાની પ્રતિજ્ઞાની વાત કરી. લાગણીમય શબ્દોથી કરેલી વાતથી માતા-પિતાએ પણ જયમલ્લની ઈચ્છામાં પોતાના મનોરથોને વિલીન કરી દીધા; અને પોતાના કુળતારક પુત્રની ધર્મભાવનાનો ધ્વજ ઊંચે લહેરાતો રહે. તેમાં સહયોગ આપવાનું નક્કી કર્યું. જયમલ્લને દીક્ષા લેવાની અધીરાઈ વધતી જતી હતી. એમને હંમેશાં એમ જ થયા કરતું હતું કે સર્વસંગ અને સર્વસંગ્રહનો સર્વથા પરિત્યાગ કરવાની એ મંગલ ઘડી

ક્યારે આવે ? એમ કરતાં, **૨૪ વર્ષની ઉંમરે તેણે માતા-પિતા સાથે શત્રુંજ્ય મહાતીર્થની યાત્રાએ જવાનો નિર્ધાર કર્યો.** ત્યાં સિદ્ધગિરિની છત્રછાયામાં આજીવન બ્રહ્મચર્ય પાલનના દુષ્કર વ્રતનો સ્વીકાર કર્યો. સંસારમાં રહેવા છતાં જળકમળવત્ નિર્લેપ રહેવાનો આરંભ કર્યો. પરંતુ, સંસારત્યાગ અને સંયમ સ્વીકારવાની ધન્ય ઘડી આવતાં બીજાં પાંચ વર્ષ પસાર થઈ ગયા.

## દીક્ષા :

એવામાં એક વાર સુવિહિત સંત પૂજ્ય મુનિપ્રવર **શ્રી પદ્મવિજયજી મહારાજ** મુનિવરો સાથે કચ્છના આડીસર ગામમાં પધાર્યા. એમનાં દર્શન અને સત્સંગથી જયમલ્લના મનનો મોરલો નાચી ઊઠ્યો. તેણે ગુરુદેવને ચરણે જીવન સમર્પિત કરવાની ભાવના દર્શાવી અને **વિ.સં. ૧૯૨૫ના અક્ષયતૃતીયાના મહાપર્વના દિવસે એમના શિષ્ય તરીકે દીક્ષા આપી અને મુનિશ્રી જિતવિજયજી મ. નામ આપ્યું.** આ દીક્ષા મહોત્સવ વખતે બે ચમત્કારો થયા : જે કૂવાના ખારા પાણીથી જયમલ્લે છેલ્લું સ્નાન કર્યું હતું તે કૂવાનું પાણી મીઠું બની ગયું અને જે રાયણના વૃક્ષ નીચે દીક્ષાક્રિયા થઈ તેને ફરી ફળ આવ્યાં ! આ જોઈને જયમલ્લનો આત્મા મનોરથ ફળ્યાનો અપૂર્વ આનંદ અનુભવી રહ્યો.

## સંયમ-આરાધના :

સંયમયાત્રામાં અપ્રમત્તભાવે વિચરવાના નિર્ણયવાળા પૂ. મુનિ શ્રી જીતવિજયજી મ. ત્યાગ-વૈરાગ્યની મૂર્તિ સમા ગુરુદેવની પ્રેરક છત્રછાયામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયીની ઉત્કટ આરાધનામાં મન-વચન-કાયાથી પરોવાઈ ગયા. ગુરુદેવની સેવા-શુશ્રૂષામાં અને સંયમસાધનામાં સ્હેજે ઊણપ ન આવે તેની સતત કાળજી રાખતાં મુનિરાજ અધ્યયન-તપમાં આગળ વધતા રહ્યા. તેઓશ્રી દર મહિને છ (૬) ઉપવાસ કરતા. તે સિવાય પ્રત્યેક દિવસે એકાસણાનો તપ કરતા. માંદગીના પ્રસંગોમાં પણ તપશ્ચર્યાને ગૌણ ન કરતા. ગુરુ-નિશ્રાનો લાભ નિરંતર પામવા માટે તેઓશ્રીએ વિ.સં. ૧૯૨૫ થી ૧૯૩૭ સુધીનાં તેર ચોમાસા પોતાના ગુરુદેવ સાથે કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં શહેરોમાં કર્યાં. વિ.સં. ૧૯૩૮ના વૈશાખ સુદ ૧૧ના તીર્થ પ્રવર્તનના શુભ દિવસે કચ્છના પલાંસવા ગામમાં ગુરુ મહારાજનો સ્વર્ગવાસ થતાં પૂ. મુનિ શ્રી જીતવિજયજી મ. કેટલોક વખત ઘેરી શૂન્યતા અને તીવ્ર એકલતા અનુભવી રહ્યા. પરંતુ સંસારી ભાવો અને કર્મની ગતિઓને ઓળખનાર આ સંયમશીલ મુનિએ થોડા જ સમયમાં સ્વસ્થતા પ્રાપ્ત કરી અને તે પછી ૪૨ વર્ષ સુધી સતત અવિરામ શાસન સેવામાં વીતાવ્યા. તેમની વચનસિદ્ધ મહાપુરુષ તરીકે પ્રસિદ્ધિ હતી. એમના મુખેથી નીકળેલું વાક્ય સત્ય બને જ, એવી ઘણી ઘટનાઓ લોકોને પ્રત્યક્ષ જોવા મળેલી. આંબરડી ગામે એક ગુલાબચંદ ઝોટા નામના લંગડાભાઈને નવકાર મંત્રના જાપ દ્વારા તે જ વખતે ચાલતા કરી દીધેલા.

વિ.સં. ૧૯૫૫માં સૂઈ ગામમાં બિરાજમાન પૂજ્યશ્રીની નજર આકાશ પર જતાં "હવે તો એવો કાળ આવશે કે જેની પાસે ધાન હશે તેની પાસે ધન હશે" એવા શબ્દો તેમના મુખમાંથી સાહજીક નીકળી પડ્યા. આ સાંભળીને ત્યાંના શેઠ નેણશી પોપટલાલે અનાજનો વિપુલ સંગ્રહ કરેલો અને ખરેખર વિ.સં. ૧૯૫૬માં ભયંકર દુષ્કાળ પડ્યો. પૂજ્યશ્રીની વાણી સાચી સાબિત થઈ.

તેઓશ્રીની નિશ્રામાં ઉપધાન - ઉદ્યાપન, ઘણી દીક્ષાઓ, સિદ્ધગિરિનો છ'રિપાલિત સંઘ, અઠ્ઠાઈ મહોત્સવ વગેરે ઘણાં શાસનના કાર્યો થયા છે.

આત્મશુદ્ધિ માટે અનેક પ્રકારની નાનીમોટી તપસ્યાઓ કરતાં રહી તેઓશ્રીએ અનેક સ્થળોએ ચાતુર્માસ કરીને અને અનેક તીર્થભૂમિની યાત્રા કરીને સમાજમાં ધર્મજાગૃતિ લાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો હતો. મા-બાપને પોતાના નબળા સંતાનો ઉપર વિશેષ પ્રીતિ હોય તેમ પૂ. જીતવિજયજી દાદાને કચ્છના અને ખાસ કરીને વાગડના પછાત કે ઓછા ધર્મસંસ્કારો ધરાવતા પ્રદેશ પ્રત્યે વિશેષ લાગણી હતી. તેથી, પોતાના ૫૫ વર્ષના લાંબા દીક્ષાપર્યાયના અડધાથી પણ વધુ ૩૦ જેટલાં ચોમાસા કચ્છમાં-વાગડમાં જ કરીને ત્યાંના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહ્યા હતા. તેઓશ્રી સાચા અર્થમાં વાગડના ઉદ્ધારક હતા, તેથી તેઓશ્રીના આજ્ઞાવર્તી સાધુ-સાધ્વીઓની પરંપરા આજે પણ વાગડવાળા તરીકે ઓળખાય છે.

## અંતિમ આરાધના :

પોતાની વયોવૃદ્ધ અવસ્થામાં અને નાદુરસ્ત તબિયતને કારણે વિ.સં. ૧૯૭૪ થી ૧૯૭૯ સુધીનાં પાંચ ચોમાસા પણ વાગડ દેશના પલાંસવા ગામમાં જ કર્યા હતા અને પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ પણ "સિદ્ધ અનંત નમુ નિશદિન" એ પંક્તિની ધૂન સાથે, ૮૪ વર્ષની પરિપક્વ વયે, **વિ.સં. ૧૯૭૯ના અષાઢ વદ ૬ને શુક્રવારે ચડતે પહોરે પલાંસવા (કચ્છ) ગામમાં જ થયો હતો** અને તેથી પછાત ગણાતું પલાંસવા ગામ એક ગૌરવશાળી ગુરુતીર્થ ભૂમિ બની રહ્યું !

તેઓશ્રીના આત્મશ્રેયાર્થે પરિવારના સાધુ-સાધ્વીજી ભગવંતો આદિ સકલ શ્રીસંઘે ૧૨૨૫ ઉપવાસ, ૩૨૦૦ એકાસણા, ૧૨૫ આયંબિલ, ૭૦૦૦ સામાયિક, ૧૨૫ પૌષધ, ૫૦૦૦ રૂ. જીવદયામાં આદિ સુકૃતો કર્યા.

કચ્છ-વાગડ દેશોદ્ધારક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મહારાજા

પરમ પૂજ્ય મુનિપ્રવર શ્રી જીતવિજયજી દાદાએ વાગડ પ્રદેશની ધર્મભાવનાને જાગૃત કરીને ત્યાંના જૈનસંઘના ધર્મજીવનમાં સંસ્કારોની વાવણી કરીને એને પ્રફુલ્લિત કરવાનો જે પરમ ઉપકાર કર્યો હતો; એની સાચવણી અને અભિવૃદ્ધિ કરવાની પ્રવૃત્તિને ચાલુ રાખનાર સંતપુરુષોની પરંપરા અત્યાર સુધી ટકી રહી છે, તે એ ભૂમિનું મોટું સદ્ભાગ્ય જ ગણાય.

પૂજ્યશ્રી જીતવિજયજી દાદાની પછી એ જવાબદારીને સવાઈ રીતે શોભાવી જાણનાર જે આચાર્યપ્રવર થયા તે એમના વિનીત પ્રશિષ્ય અને સમર્થ શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજ હતા.

**જન્મ-માતા-પિતા :**

વાગડ પરગણાની ધર્મ સંસ્કારોથી કાયાપલટ કરનારા આચાર્ય મહારાજનો **જન્મ** વાગડ પરગણાના **પલાંસવા** ગામમાં **વિ.સં. ૧૯૩૯ના ભાદરવા વદ પાંચમના રોજ** થયો હતો. પોતાનું સંસારી નામ **કાનજીભાઈ,** પિતાનું નામ **નાનજીભાઈ ચંદુરા,** માતાનું નામ **નવલબાઈ;** અને જ્ઞાતિએ સાતચોવિશી **વીસાશ્રીમાળી હતા.**

કુટુંબના સંસ્કાર ધર્માનુરાગથી સુરભિત હતા. શ્રી કાનજીભાઈના કાકા હરદાસભાઈએ વૈરાગ્યભાવનાથી પ્રેરાઈને પૂજ્ય જીતવિજયજી દાદા પાસે દીક્ષા ગ્રહણ કરી હતી; અને મુનિ **શ્રી હીરવિજયજીના નામથી તેઓના શિષ્ય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.**

શ્રી કાનજીભાઈને બચપણથી ધર્મસંસ્કારનો વારસો મળ્યો હતો. વળી સરળતા, સુશીલતા, વિનમ્રતા, વિવેકશીલતા, ન્યાયનીતિની પ્રીતિ, કાર્યકુશળતા, સંતોષ જેવા સદ્ગુણો એમના જીવન સાથે નાનપણથી જ વણાઈ ગયા હતા. આથી શ્રી કાનજીભાઈના વર્તન અને વ્યવહારમાં આવા ગુણિયલપણાનો સૌને સહજપણે જ અનુભવ થતો. એમાં, જાણે એમનો ભવિતવ્યતાયોગ વિશેષ મંગલમય બનવાનો હોય એમ, એમને **સંયમ-ત્યાગ-વૈરાગ્યના** અવતાર સમા પરમ પૂજ્ય સાધ્વીજી **શ્રી આણંદશ્રીજી મહારાજના સત્સંગનું અનેરું** બળ મળ્યું અને એ સંપર્કને પરિણામે એક બાજુ એમનું ચિત્ત ધાર્મિક અભ્યાસ તરફ વળી ગયું અને બીજી બાજુ અંતરમાં સંયમમાર્ગનો સ્વીકાર કરવાના સર્વ કલ્યાણકારી બીજનું વપન થયું.

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

नमामि नित्यं गुरुरामचंद्रम्



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મહારાજા (કચ્છ-વાગડવાળા)

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : કાનજીભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૩૯ ભા. વદ-૫ **પલાસવા** (વાગડ) |
| માતા | : નવલબેન |
| પિતા | : નાનજીભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૨ મા. સુદ ૧૫ **ભીમાસર** |
| દીક્ષાની ઉંમર | : ૨૩ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. શ્રી જીતવિજયજી દાદા |
| ગુરુનું નામ | : પૂ. શ્રી હીરવિજયજી મ. |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી કીર્તિવિજય મ. |
| વડી દીક્ષામાં નામ | : મુનિ શ્રી કનકવિજય મ. |
| પંન્યાસ પદવી | : કા. વદ ૫, ૧૯૭૬ **પાલીતાણા** |
| ઉપાધ્યાય પદવી | : મ. સુદ ૧૧, ૧૯૮૫ **ભોયણીતીર્થ** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૮૯ પો. વદ ૭ **અમદાવાદ.** |
| આચાર્ય પદ પર્યાય | : ૩૦ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૮ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૧૯ શ્રા. વદ ૪/૫ ભચાઉ (કચ્છ-વાગડ) |
| આયુષ્ય | : ૮૦ વર્ષ |

સૌજન્ય

**શાહ કલ્યાણજી હેમરાજ સહ પરિવાર. આધોઈ (કચ્છ વાગડ)**

શ્રી ભીમશીભાઈ, શ્રી સામંતભાઈ, શ્રી રવજીભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી વિજપારભાઈ

નાનપણથી જ વૈરાગ્ય-વાસિત આ આત્મા વિરાગીની સાથે બુદ્ધિશાળી પણ હતા. એમની ઉત્કટ બુદ્ધિને જોઈને પલાંસવાના ઠાકોર તેમને બૅરિસ્ટર બનાવવા ઇંગ્લૅન્ડ મોકલવા તૈયાર થયા, પણ જે ધર્મનાયક બનવાના હોય તેમને બૅરિસ્ટર થવું કેમ ગમે ? કાનજીભાઈએ સ્પષ્ટ ના કહી.

પછી તો, જાણે વૈરાગ્યભાવનાએ એમના હૃદયને વશ કરી લીધું હોય એમ, દિવસ-રાત ઘર સંસારનો ત્યાગ કરીને ત્યાગમાર્ગનો સ્વીકાર કરવાની ઝંખના જ એમના રોમેરોમમાં ધબકવા લાગી અને સમય જતાં, આ ઝંખના એવી તીવ્ર બની ગઈ કે, પોતાના કુટુંબીજનો પોતાના લગ્નનો લ્હાવો લેવાની વાત ઊભી કરીને પોતાને સંસારના બંધનમાં જકડી ન દે એટલા માટે, એમણે **પવિત્ર સિદ્ધગિરિ મહાતીર્થમાં ચોથા વ્રતની-બ્રહ્મચર્યની ભીષ્મ પ્રતિજ્ઞા લઈ લીધી.** આ પ્રતિજ્ઞા લઈને તેઓ સંસારમાં પડવાના ભયથી હંમેશને માટે મુક્ત થઈ ગયા હતા. એમનું આ પગલું મુક્તિમાર્ગના પ્રવાસીને શોભે એવું હતું. **વિ.સં. ૧૯૫૮ની એ સાલ હતી. કાનજીભાઈ ૧૯ વર્ષના** ઊગતા-ખીલતા યૌવનને આરે ત્યારે પહોંચી ગયા હતા.

ઊગતી ઉંમરે આજીવન બ્રહ્મચર્યવ્રતના સ્વીકારનું શ્રી કાનજીભાઈનું આ પુણ્ય પગલું ઘરસંસારના બંધનમાંથી વહેલાંમાં વહેલાં મુક્ત થવા માટે “પાણી પહેલાં પાળ બાંધવા” જેવું દૂરંદેશી ભર્યું કાર્ય હતું; અને એથી કુટુંબીજનોની ઈચ્છાઓ ઉપર એક પ્રકારનું પાકું નિયંત્રણ આવી ગયું હતું; અને બધાં સગાં-સ્નેહીઓને એ સમજાઈ ગયું હતું કે કાનજી હવે સંસારમાં વધુ સમય રહે એ બનવા જોગ નથી.

**દીક્ષા :**

કાનજીભાઈ તો હવે એ અવસરની જ રાહ જોઈ રહ્યા હતા કે ક્યારે પોતાના ત્યાગ-વૈરાગ્યના સ્વીકારના મનોરથ સફળ થાય. પણ “ઉતાવળે આંબા ન પાકે” એ શીખામણ મુજબ, એ ઘડી પાકે એ માટે એમણે રાહ જોવાનું ધૈર્ય દાખવ્યું અને એના પરિણામે, એમના વડીલો અને કુટુંબીજનોએ દીક્ષાનો માર્ગ સ્વીકારવાની અનુમતિ એમને રાજીખુશીથી આપી. એટલે બ્રહ્મચર્યનું વ્રત સ્વીકાર્યા બાદ ચાર જ વર્ષે, **૨૩ વર્ષની ભરજુવાન વયે, વિ.સં. ૧૯૬૨ના માગશર સુદ પૂનમના દિને, ભીમાસર નગરમાં, મહાન પ્રતાપી પૂજ્ય જીતવિજયજી દાદાના વરદ હસ્તે કાનજીભાઈ દીક્ષિત થયા,** અને એમની કાયા ત્યાગ-વૈરાગ્ય-સંયમના આજીવન ભેખધારીના વસ્ત્રોથી શોભી ઊઠી. એ દૃશ્યે ભલભલાનાં અંતરને લાગણીભીનાં અને નેત્રોને અશ્રુભીનાં બનાવી દીધાં. એમનું નામ **મુનિ કીર્તિવિજયજી રાખવામાં** આવ્યું અને એમને એમના **સંસારીપણે કાકા-પૂજ્ય મુનિવર શ્રી હીરવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.**

મુનિ શ્રી કીર્તિવિજયજીનું ચિત્ત જેમ ભૂખ્યા માનવીને ભોજન મળે અને આહ્લાદ અને આનંદ થાય તેવો જ અનુભવ વીતરાગનો માર્ગ પ્રાપ્ત થતા અનુભવી રહ્યું અને તેઓ ગુરુસેવામાં અને દર્શન-જ્ઞાન-ચારિત્રની રત્નત્રયી આરાધનામાં એવા એકાગ્ર બની ગયા કે જેથી એક પળ જેટલો સમય પણ એળે જવા ન પામે.

આ રીતે કેટલોક સમય ગુરુસેવા અને શાસ્ત્રાભ્યાસમાં ગાળી, ગુરુવર્યની આજ્ઞાથી, અન્ય મુનિવરો સાથે પૂ. મુનિ શ્રી કીર્તિવિજયજી પણ સંઘસ્થવિર પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. (તે કાળે પંન્યાસ શ્રી સિદ્ધિવિજયજી ગણી)ની પાસે છાણી મુકામે આવી પહોંચ્યા અને ત્યાં એમણે યોગોદ્વહનપૂર્વક **વિ.સં. ૧૯૬૨ના મહા વદ બીજના રોજ વડી દીક્ષા અંગીકાર કરી.** વડી દીક્ષા વખતે એમના નામમાં ફેરફાર કરવામાં આવ્યો અને એમનું નામ **કીર્તિવિજયજીના બદલે મુનિ શ્રી કનકવિજયજી રાખવામાં આવ્યું.** આ નામ પરિવર્તનમાં પણ જાણે કોઈ ભાવીનો શુભ સંકેત રહેલો હશે કે એમની સંયમસાધના કનક જેવી વિમળ અને બહુમૂલી થવાની જાણે એમાં આગાહી કરતી હોય અને આ શ્રમણ ભગવંતની જીવનકથા એ વાતની સાક્ષી પૂરે છે કે આ આગાહી પૂરેપૂરી સાચી પડી હતી.

દીક્ષા લીધા પછી વિ.સં. ૧૯૬૨થી ૧૯૭૬ સુધીનાં પંદર ચોમાસાં પૂ. મુનિ શ્રી કનકવિજયજીએ ગુજરાત, કચ્છ અને માળવામાં જુદા જુદા ગ્રામ-નગરોમાં કર્યાં. તેમાં ક્યારેક પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજની નિશ્રામાં અને ક્યારેક અન્ય મુનિવરો સાથે કર્યાં. આ અરસામાં ત્રણ પ્રસંગો વિશેષ નોંધપાત્ર બન્યા. જે આ પ્રમાણે છે :

(૧) વિ.સં. ૧૯૭૧માં, પાટણમાં, પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ જુદા જુદા સમુદાયના સાધુ મહારાજો સમક્ષ આગમવાચના આપવાના હતા. તેમાં પૂજ્ય જીતવિજયજી દાદાએ, પોતાના પ્રશિષ્ય કનકવિજયજી મહારાજની આ માટેની સુપાત્રતાનો વિચાર કરીને, અન્ય મુનિવરો સાથે આ અવસરનો લાભ લેવા, એમને પણ પાટણ મોકલ્યા. એમનું એ ચોમાસું પાટણમાં જ થયું.

## ગણી તથા પંન્યાસ પદ :

(૨) પૂજ્ય મુનિ **શ્રી કનકવિજયજી** મ.ની યોગ્યતાને સાર્થક બનાવવા પૂજ્ય આચાર્યપ્રવર **શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજે વિ.સં. **૧૯૭૨ના કારતક વદ પાંચમ**ના રોજ ગિરિરાજ શત્રુંજયની પવિત્ર છાયામાં, **પાલીતાણા શહેરમાં, એમને ગણિપદ તથા પંન્યાસપદ અર્પણ કર્યું હતું.**

(૩) આ બે પદોથી વિભૂષિત બનીને પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણી પોતાના પરમ ઉપકારી દાદાગુરુ પરમ પૂજ્ય શ્રી જીતવિજયજી મહારાજના દર્શનવંદન કરવાં કચ્છ વાગડમાં પલાંસવા ગામે પધાર્યા ત્યારે, પોતાના પદવીધારી પ્રશિષ્યની પદવીનું બહુમાન કરવાની ઉમદા ભાવનાથી પ્રેરાઈને ૭૭ વર્ષના અતિ વયોવૃદ્ધ અને સંયમવૃદ્ધ પરમ પૂજ્ય જીતવિજયજી દાદાએ શ્રીસંઘને સામૈયું કરવાની પ્રેરણા કરી અને સામે ચાલીને એમના સામૈયામાં ઉપસ્થિત રહ્યા હતા. દાદાગુરુ અને પ્રશિષ્યના મિલનનું દેવોનેય દુર્લભ એવું અદ્‌ભુત આ દૃશ્ય જેમણે જોયું તે ધન્ય થઈ ગયા અને એમનાં નેત્રો કૃત્યકૃત્ય બની હર્ષાશ્રુ વરસાવી રહ્યાં. કેવી સરળ પરિણામી હતી એ દાદાગુરુ અને પ્રશિષ્યની સંતબેલડી !

પરમ પૂજ્ય શ્રી જીતવિજયજી દાદાની માંદગી અને વૃદ્ધાવસ્થાની અશક્તિને કારણે વિ.સં. ૧૯૭૬ થી ૧૯૭૯ સુધીનાં ચાર ચોમાસાં પૂજ્ય પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજ આદિએ પલાંસવામાં જ કર્યાં. તેમાં ચોથા ચોમાસામાં દાદાગુરુની તબિયત વધારે અસ્વસ્થ થતાં તેઓ એમની સેવા વૈયાવચ્ચમાં ખડે

પગે રહ્યા. પણ ચોમાસાની શરૂઆતમાં જ, તબિયતે ગંભીર સ્વરૂપ પકડતાં, વાગડદેશોદ્ધારક પૂજ્ય **શ્રી જીતવિજયજી દાદા, વિ.સં. ૧૯૭૯ના અષાઢ વદ છઠ્ઠના રોજ, શાંતિ-સમતા-સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા !** ચતુર્વિધ સંઘમાં, પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી આદિ મુનિવરોના તથા સુવિશાળ સાધ્વી સમુદાયના અંતરમાં પોતાના પરમ ઉપકારી મહાપુરુષના કાયમી વિરહથી સૂનકાર વ્યાપી ગયો ! પછી તેમના પૂ. ગુરુ મ. **શ્રી હીરવિજયજી મ. વિ.સં. ૧૯૮૬માં કાળધર્મ પામ્યા.**

દાદાગુરુના કાળધર્મ પછી પૂરાં ૪૦ વર્ષ સુધી પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મહારાજે વાગડ પરગણાની ધર્મભાવનાની રક્ષા અને વૃદ્ધિ કરવાની, અઢીસો જેટલાં સાધ્વીજીઓના વિશાળ સમુદાયને સાચવવાની, શ્રીસંઘને ધર્મમાર્ગે દોરવાની, અનેક ભાવિકજનોને દીક્ષાના પંથે વાળવાની તેમજ **પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાન** અને **ઉજમણાં જેવાં ધર્મકાર્યો કરાવવાની અને આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે પોતાની સંયમ સાધનાને અખંડ** અને અપ્રમત્ત રાખવા સાથેની જે વ્યાપક જવાબદારી બજાવી હતી, તેની વિગતો એક પ્રેરક, પ્રશાંત અને શૌર્યભાવનાનો બોધ આપતી ધર્મકથા બની રહે એવી અદ્ભુત છે.

**ઉપાધ્યાય પદ :**

**વિ.સં. ૧૯૮૫ના મહા સુદ ૧૦ને દિવસે ભોંયણીતીર્થની** વર્ષગાંઠ પ્રસંગે એકત્ર થયેલ સંઘમેળામાં, પૂ. આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. આદિની શુભ નિશ્રામાં અને ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ હાજરીમાં પૂ. **પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજને ઉપાધ્યાય પદથી અલંકૃત કરવામાં આવ્યા.**

**આચાર્ય પદ :**

ત્યાર પછી, ચાર વર્ષ બાદ, **વિ.સં. ૧૯૮૯ના પોષ વદિ ૭ના રોજ, જૈનપુરી અમદાવાદમાં** પૂજ્ય **સંઘસ્થવિર** આચાર્ય **શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના વરદ્ હસ્તે ઉપાધ્યાય **શ્રી કનકવિજયજી મહારાજને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું;** અને તેઓશ્રી ત્યારથી આચાર્ય શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજના નામે સંબોધાવા લાગ્યા. આવા આદર્શ શ્રમણરત્નને પામીને આચાર્યપદ પોતે પણ જાણે ધન્ય બની ગયું.

આ ત્રીસ વર્ષ દરમ્યાન ૨૭ વર્ષ સુધી તો પૂજ્યશ્રીએ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ પ્રદેશો અને શહેરોમાં વિચરીને જે તે સ્થાનના શ્રીસંઘને ધર્મભાવનાનાં વિવિધ પ્રકારનાં અનેકાનેક સત્કાર્યો કરવાની પ્રેરણા આપીને પોતાના સંઘનાયકપદને વિશેષ ચરિતાર્થ અને શોભાયમાન બનાવ્યું હતું.

વિ.સં. ૨૦૧૨માં કચ્છમાં જ્યારે ધરતીકંપનો આંચકો લાગ્યો ત્યારે પૂજ્યશ્રી ભચાઉ મુકામે હતા. ધરતી-ધણધણી ઉઠી. પણ પૂજ્યશ્રીના પ્રભાવથી ભચાઉ-કિલ્લામાં રહેલું એક પણ મકાન પડ્યું નહિ કે કોઈને કોઈપણ પ્રકારની ઈજા થઈ નહિ. જ્યાં પૂજ્યશ્રી હતા તે ઉપાશ્રય નવો જ બનેલો હતો તે છત પર પાંચ હજાર મણ પત્થર હતા. છતાં એક કાંકરી પણ નીચે પડી નહિ.

રાધનપુરથી શ્રાવકો પૂજ્યશ્રીને વંદન કરવા આવેલા ત્યારે તે શ્રાવકો રાત્રિના જવા માટે તૈયાર થયા

તે સમયે પૂજ્યશ્રી દ્વારા જણાવાયું કે રાત્રિના વિરાધના શા માટે કરો છો ? કુદરતી તે જ રાત્રિના ટ્રેઈનમાં અકસ્માત થયેલો. એટલે શ્રાવકો બચી ગયા.

દરરોજ પોતે ૧૨૦૦ શ્લોકનું વાંચન કરતા.

નિયમિત એકાસણાં કરતાં. દરેકને એકાસણા કરવાનું કહેતા. ચા ના વિરોધી હતા.

મુહપત્તિનો ઉપયોગ સારો રાખતા.

થોડો અવાજ થઈ જાય તો ઈરિયાવહિયા કરતા.

બીજાની ભૂલને - પચાવી લેવાની શક્તિ હતી.

**સિદ્ધાંતને વફાદાર હતા. શાસ્ત્ર વિરુદ્ધ વાતમાં સંમત થતા નહિ. વિવિધ વિવાદાસ્પદ કોઈ વાત આવે ત્યારે સ્વસ્થ ચિત્તે બધાની વાત સાંભળે અને શાસ્ત્રાનુસારી જવાબો આપે. તિથિ વગેરે દરેક સિદ્ધાંતિક વિષયોમાં સત્ય પક્ષે રહેલા અને પોતાના આશ્રિતોને પણ તિથિ વગેરે વિષયમાં પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરિ મ.સા.ના માર્ગદર્શન મુજબ ભવિષ્યમાં કરજો તેવા પ્રકારની સૂચના આપતા ગયેલા.**

તેમની નિશ્રામાં ૧૭ જેટલા છ'રી પાલિત સંઘો શ્રી સિદ્ધગિરિ આદિ તીર્થોના નીકળેલા.

તેઓ માટે કર્મ સાહિત્ય નિષ્ણાંત પરમ **પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરિ મ.શ્રીએ** એક પત્રમાં લખેલ કે સ્વર્ગસ્થ આચાર્ય ભ. સાધ્વીગણના સારા નાયક હતા. તેઓ સંયમના ખપી હતા. ચારિત્રનું સુંદર પાલન કરતાં તેથી તેમની નિશ્રામાં રહેલ સાધ્વીગણ પણ ચારિત્રસંપન્ન બન્યા છે.

સહનશીલ ગુણ સારો હતો. કોઈ વસ્તુ મળે - યા - ન મળે. છતાં ચલાવી લેતા. આ ગુણને લીધે જ કચ્છ-વાગડમાં રહ્યા અને ઘણાં ચાતુર્માસ ત્યાં કર્યા અને લોકોને ધર્મપ્રેમી બનાવ્યા.

ત્રણ પચીસી વટાવીને આગળ વધેલી વૃદ્ધ ઉંમરને કારણે અને સતત વિહાર અને કર્તવ્ય પરાયણતાને કારણે કાયા અસ્વસ્થ થાય અને થાકવા લાગે એ સ્વાભાવિક છે. એટલે એ વિચક્ષણ સંતપુરુષે, વાસ્તવિકતાનો સ્વીકાર કરીને, વિ. સં. ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯નાં ત્રણ ચોમાસાં કચ્છના **ભચાઉ શહેરમાં** જ કર્યાં.

ત્રીજા ચોમાસામાં પૂજ્ય આચાર્યશ્રીનું સ્વાસ્થ્ય વધુ નાદુરસ્ત થઈ ગયું. તે નાદુરસ્ત તબિયતમાં પણ તેઓશ્રીએ દવા-ઇંજેક્શન આદિનો ઉપયોગ ન કર્યો. પરંતુ ભાવ સમાધિ માટેની તૈયારી કરી. પોતાને ઈષ્ટ પંચસૂત્ર સંભળાવવાનું કહ્યું. ત્યારે ચતુર્વિધ શ્રીસંઘ દ્વારા સંભળાવાતાં પંચસૂત્રને સમતા ભાવે શ્રવણ કરતાં કરતાં **શ્રાવણ વદ ૪+૫ના (પંદરના ઘરના) પુણ્યદિને, પૂજ્યપાદ આચાર્ય મહારાજ, ૮૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે, પૂર્ણ સમાધિભાવમાં કાળધર્મ પામ્યા.**

એ શાસન પ્રભાવક પૂજ્ય સૂરીશ્વરજીને આપણાં ભાવભીનાં વંદન હો !



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી દાદા

## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : ગોપાલભાઈ મહેતા | દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી દીપવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૪૮ ફા. વદ ૧૨ **લાકડીયા (કચ્છ-વાગડ)** | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૩ ચૈ. વદ ૩ **સમી** |
| માતા | : મૂળીબેન | પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૦૪ મહા સુદ-૫, **રાધનપુર** |
| પિતા | : લીલાધરભાઈ મહેતા | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૦ વૈ. સુદ ૧૧ **કટારીયા** |
| દીક્ષા | : વિ.સં.૧૯૮૩ પો. વદ ૫ **લાકડીયા** | આચાર્ય પદ પર્યાય | : ૯ વર્ષ |
| | | સંયમપર્યાય | : ૪૭ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૩૫ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૯ ચૈ. સુદ ૧૪ **આધોઈ (કચ્છ-વાગડ)** |
| દીક્ષા દાતાનું નામ | : પૂ. પં. શ્રી કનકવિજયજી મ. | | |
| ગુરુનું નામ | : પૂ. પં. શ્રી કનકવિજયજી મ. | આયુષ્ય | : ૮૧ વર્ષ |

સૌજન્ય

**શ્રી કલ્યાણજી હેમરાજજી સહ પરિવાર. આધોઈ (કચ્છવાગડ)**

શ્રી ભીમશીભાઈ, શ્રી સામંતભાઈ, શ્રી રવજીભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી વિજપારભાઈ

તપોમૂર્તિ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

**જન્મ-માતા-પિતા :**

વાગડ પ્રદેશના ઓશવાળ જૈન ભાઈઓનો ઉદ્ધાર કરવા માટે કચ્છની પવિત્ર ધરતી પર આ મહાપુરુષનું અવતરણ થયું હતું. આ ધરતીના લોકોએ જેઓને **દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા** તરીકે પીછાણ્યા હતા. તેવા આ મહાપુરુષનો **જન્મ વિ.સં. ૧૯૪૮ના ફાગણ વદ ૧૨ લાકડીઆ** (કચ્છ-વાગડ)ની **પુણ્ય ધરા પર થયેલો હતો.**

**માતા મૂળીબેન, પિતા લીલાધરભાઈ મહેતા,** અને પોતાનું સંસારી નામ **ગોપાળભાઈ** હતું.

**અભ્યાસ વૈરાગ્ય ભાવના :**

બાળ એવા ગોપાળ, પૂજ્યશ્રી જીતવિજયજી મહારાજ આદિના સંપર્કથી, તેમજ પૂર્વ જન્મના પ્રબળ સંસ્કારથી વૈરાગ્ય-વાસિત થયા. **મહેસાણાની પાઠશાળામાં** ધાર્મિક અભ્યાસ કરવાથી એ વૈરાગ્ય અત્યંત પુષ્ટ થયો. દીક્ષા માટે મક્કમ નિર્ધાર કર્યો... પણ... ગોપાળ પર માતા મૂળીબેનને અપાર સ્નેહ હતો. તેઓ રજા આપવા તૈયાર ન થયા. પણ ગોપાળભાઈનો વૈરાગ્ય દૃઢ હોવાથી તે મક્કમ હતા. ગમે તે થાય પણ આ જીદંગીમાં દીક્ષા તો લેવી જ છે, એમના અંતરાત્માનો આ દૃઢ સંકલ્પ હતો. અગમચેતી વાપરી પોતાના ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. તે દ્વારા સંસારવૃદ્ધિના દ્વારને બંધ કરીને નિશ્ચિંત બન્યાં. માને તરછોડીને દીક્ષા લેવાની તેઓની ભાવના ન હતી. આથી માતાની સમ્મેતશિખર આદિની તીર્થયાત્રા કરવાની ભાવના પૂર્ણ કરાવી માતાની અનુમતિની રાહ જોવામાં ૩૫ વર્ષની ઉંમર થઈ ગઈ. **ત્યાં સુધી તેમણે આધોઈ, મનફરા, સામખીયારી આદિ સ્થળે પાઠશાળાઓ ચલાવી. જૈન ઓશવાળ ભાઈઓમાં ધર્મના સંસ્કારો રોપ્યા-આજે પણ ઓશવાળ ભાઈઓ તેમના પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છે.** એક દિવસે આધોઈ મુકામે કોઈ બહેનનું મ્હેણું સાંભળી દીક્ષા માટે સજ્જ થયાં.

**દીક્ષા :**

**વિ.સં. ૧૯૮૩માં પોષ વદ ૫ના મંગળમુહૂર્તે** મહોત્સવપૂર્વક લાકડીઆ મુકામે ૩૫ વર્ષે દીક્ષા સ્વીકારી. **પ. પૂ. કનકસૂરિજી મ.સા.** (તે વખતે પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજીગણી) ના શિષ્ય થયા. નામ પડ્યું

**મુનિશ્રી દીપવિજયજી મ.** સંયમ જીવનની નિર્મળતા, અંતર્મુખતા, સ્વાધ્યાય રુચિ, જીવોના ઉદ્ધારની ભાવના આદિ દ્વારા સંયમજીવનમાં આગળ વધ્યાં. વડીલોના વિનય વૈયાવચ્ચ દ્વારા કૃપા પ્રાપ્ત કરી.

## પંન્યાસ-આચાર્યપદવી :

**વિ.સં. ૨૦૦૪માં રાધનપુર તીર્થમાં** પૂજ્ય ગુરુદેવે જ્યારે યોગ્યતા જોઈ ત્યારે સ્વહસ્તે **પંન્યાસ** પદથી વિભૂષિત કર્યા. વિ.સં. ૨૦૧૯માં પૂજ્ય આ.શ્રી વિજય કનકસૂરિજી મ.સા. ના સ્વર્ગવાસ પછી **વિ.સં. ૨૦૨૦માં વૈ. સુ. ૧૧ના કટારીઆ મુકામે** પૂ.પં. શ્રી જયંતવિજયજી ગણિએ **આચાર્યપદથી અલંકૃત કર્યા.** ત્યારથી તેઓશ્રી **આ.શ્રી વિજયદેવેન્દ્રસૂરિજી મ.** ના નામથી વિશેષ સન્માનિત થયા ને વાગડ સમુદાયના નાયક બન્યા.

પૂજ્ય આચાર્યશ્રી તીવ્ર સ્મરણ શક્તિ, બુલંદ અને મધુર અવાજ તથા અપૂર્વ વ્યાખ્યાન શૈલીના સ્વામી હતા. તેમના વ્યાખ્યાનો તથા તેમના મધુર કંઠેથી સ્તવન-સજ્ઝાયો વગેરે સાંભળવું તે જીવનનો લ્હાવો ગણાતો. એમના વ્યાખ્યાનો સાંભળવા વિદ્યાશાળા (અમદાવાદ)નો હોલ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ જતો.

## અંતિમ આરાધના :

વિ.સં. ૨૦૨૬માં નવસારી મુકામે પૂજ્યશ્રીને ફ્રેક્ચર થયું. ત્યાર બાદ ક્રમશઃ વૃદ્ધાવસ્થા થતાં હાલવા-ચાલવાનું બંધ થઈ ગયું. શરીર વ્યાધિગ્રસ્ત હોવા છતાં પણ મન સમાધિમસ્ત જ હતું. વિ.સં. **૨૦૨૯માં પૂ. પં.શ્રી કલાપૂર્ણવિજયજી ગણિવરને આચાર્ય પદવી આપી હતી.** એ જ વર્ષે **આધોઈ મુકામે ચૈત્ર સુદ ૧૪ના દિવસે ઉપવાસના પચ્ચક્ખાણપૂર્વક સાંજે ૫-૦૦ વાગે કાળધર્મ પામ્યા.** એમના જવાથી ખરેખર જૈન સંઘને એક મહાન તપસ્વી, ત્યાગી, ક્રિયાપ્રેમી, સંયમી, સ્વાધ્યાયરસિક અને શાસન-પ્રભાવક એક આત્માની મહાન ખોટ પડી.

"સત્યને પ્રકાશવામાં આપણે હતા ન હતા થઈએ તો તેમાં આપણે કશું ગુમાવતા નથી. પણ આપણે હયાત હોઈએ અને સત્ય હતું ન હતું થાય તો આપણી કિંમત અવશ્ય ઘટે; એટલું જ નહિ પણ આપણે જીવતા મૂઆ જેવા જ ગણાઈએ."

પૂ.આ.શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્

# પૂજ્ય મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજી મ.સા. (ભાભર)



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : બાદરભાઈ | ગુરુનું નામ | : પૂ. શ્રી હીરવિજયજી મ.સા. (પૂ. જિતવિજયજીદાદાના શિષ્ય) |
| જન્મ | : વિ.સં. ૧૯૪૦ - **ભાભર** | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી બુદ્ધિવિજય મ. |
| માતા | : જડાવબેન | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૬૧ અ. સુદ ૧ **પાલીતાણા** |
| પિતા | : માનચંદભાઈ રોળીયા | સંયમ પર્યાય | : ૪૬ વર્ષ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૧ જે. સુદ-૧૦ **પાલીતાણા** | કાળધર્મ | : વિ.સં. ૨૦૦૭ મહા વદ ૧૧ **ભાભર** |
| દીક્ષાની ઉંમર | : ૨૧ વર્ષ | આયુષ્ય | : ૬૭ વર્ષ |
| દીક્ષાદાતા | : પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ મહારાજા | | |

## બંધુ બેલડી પૂજ્ય મુનિરાજ શ્રીબુદ્ધિવિજયજી મ.સા. તથા
## પૂજ્ય પંન્યાસ શ્રી તિલકવિજયજી ગણિવર (ભાભર)

**ત્રિભુવનદાસ તથા બાદરભાઈનો જન્મ : માતા-પિતા :**

અનુપમ કોટિની ધર્મભાવનાથી વાસિત, બનાસકાંઠાનું ભાભર ગામ. આ ભાભરની ભૂમિ અનુપમ ધર્મભાવનાને વરેલી છે. તે ભૂમિએ આજ સુધીમાં અનેકાનેક શાસનરત્નો આપ્યા છે. તે ભાભર ગામનો એક ધર્મનિષ્ઠ પરિવાર એટલે જ રોળીયા પરિવાર. આ વીશા શ્રીમાળી જ્ઞાતીય રોળીયા પરિવારના ધર્મપ્રેમી શ્રેષ્ઠી **માનચંદ ચન્દ્રભાણ**. ધર્મપત્ની **જડાવબેન**. તેમને પાંચ પુત્રો. તેમાંના ત્રિભુવનભાઈ અને બાદરભાઈ એ જ આપણા ચરિત્રનાયકો. **ત્રિભુવનભાઈનો જન્મ વિ.સં. ૧૯૩૮માં શ્રાવણ સુદ પૂનમે** થયેલો અને **બાદરભાઈનો જન્મ વિ.સં. ૧૯૪૦માં થયેલો**. બન્ને ભાઈઓ પૂર્વભવના સારા સંસ્કારો લઈને આવેલા. નખશીખ સુશ્રાવક તરીકેની છાપ એમના પ્રત્યેક વ્યવહારમાં જણાતી હતી.

વિ.સં. ૧૯૫૯માં કચ્છવાગડદેશોદ્ધારક **દાદા શ્રી જીતવિજયજી મ.**નું ભાભરમાં આગમન થયું. જનમથી જ જે વૈરાગ્યને લઈને આવેલા તે વૈરાગ્ય આ ગુરુદેવને પામીને તીવ્ર બન્યો. વૈરાગ્યવાસિત તેઓએ નિર્ધાર કર્યો કે આ જીવનમાં દીક્ષા લેવી જ છે.

વડીલબંધુ કપૂરભાઈને વાત કરી. માતા-પિતાને વાત કરવામાં કદાચ એવું બને કે કાયમ માટે દીક્ષાની વાત પર પડદો પડી જાય. એટલું જોખમ હતું તે કાળે દીક્ષા માટે. માતા-પિતાની અનુમતિ મેળવવી તે ઈડરિયો ગઢ જીતવા બરાબર કહેવાતું. કપૂરભાઈએ કુનેહપૂર્વક હળવાશથી માતા-પિતા આગળ દીક્ષાની રજૂઆત કરી. પણ પરિણામ શૂન્ય !

**બાદરભાઈની દીક્ષા :**

છેવટે પાંચ ભાઈઓએ લાંબા વિચાર-વિમર્શના અંતે એવો નિર્ણય કર્યો કે બેમાંથી કોઈ એક ભાઈ ગુપ્ત રીતે દીક્ષા લે. કારણ કે બન્નેની દીક્ષા જો એક સાથે થશે તો તે આઘાત કદાચ માતા-પિતા સહન નહિ કરી શકે. બાદરભાઈનો ઉત્કટ વૈરાગ્ય જોઈ અને દીર્ઘદૃષ્ટિથી વિચારી ત્રિભુવનભાઈએ રોકાઈ જવાનું પસંદ કર્યું. ખૂબ જ પીઢ અને સમજુ વ્યક્તિ જ કરી શકે એવું આ કામ હતું અને અંતે **વિ.સં. ૧૯૬૧ના જેઠ સુદ દશમના દિવસે પાલિતાણા મુકામે પૂ. સિદ્ધિવિજયજી મ. સા.ના વરદહસ્તે બાદરભાઈ દીક્ષિત બન્યા.**

ગુરુનું નામ હતું **પૂ. હીરવિજયજી મ.સા.** અને તેઓનું **મુનિ બુદ્ધિવિજયજી મ.** તરીકેનું નૂતન નામ રાખવામાં આવ્યું. વરસોનું સપનું સાકાર થયું. **વડી દીક્ષા અષાઢ સુદ ૧ના** શુભ દિવસે થઈ હતી.

## ત્રિભુવનભાઈની દીક્ષા :

હવે ત્રેવીશ-ચોવીશ વર્ષના ત્રિભુવનભાઈ માટે એક પછી એક માગા આવતા જાય છે. પિતા માનચંદભાઈનું દબાણ વધતું જાય છે. છેવટે એક દિવસ ત્રિભુવનભાઈએ પોતાનો આખરી નિર્ણય સુણાવી દીધો. **'હું આજીવન બ્રહ્મચારી રહેવાનો છું.'** પિતા માનચંદભાઈ કાળક્રમે જીવનના અંતિમ તબક્કામાં પહોંચ્યા. મરણ પથારીએ પહોંચેલા માનચંદભાઈનો અંતરાત્મા અંત સમયે જાગૃત થઈ ગયો. તેમણે સાચા દિલથી આજ સુધી દીક્ષા માટે અનુમતિ ન આપવા અંગેની ત્રિભુવનભાઈની ક્ષમા માંગી અને ઉછળતા આશિષથી ત્રિભુવનભાઈને ભીંજવી દીધા. માર્ગ મોકળો થઈ ગયો.

દાદા ગુરુદેવની અનુજ્ઞા પામીને પૂ. મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજી મ. પોતાના ગુરુ ભાઈ મુ. મુનિરાજ શ્રી કનકવિજયજી મ. (પૂ.આ.શ્રી કનકસૂરિ મ.સા.)ની સાથે પોતાની જન્મભૂમિ ભાભરનાં આંગણે પધાર્યા. પૂ. ગુરુદેવોના તાત્ત્વિક અને સાત્ત્વિક જિનવાણીના શ્રવણના સુપ્રભાવે સાંસારિક વડીલ બંધુ શ્રી ત્રિભુવનદાસનો પણ વૈરાગ્ય પ્રજ્વલિત બન્યો.

મળેલા માનવ જીવનની મહામૂલી તક સંયમ સાધના વગર ગુમાવી દેવી એ નરી મૂર્ખતા છે. આવા ઉત્તમ સદ્‌વિચારોમાં સતત રમણ રહેનારા **ત્રિભુવનદાસે** ઉત્કટ વૈરાગ્યપૂર્વક ભાભરમાં **વિ.સં. ૧૯૬૭ના વૈશાખ સુદ ૬ના પુણ્યદિને અપૂર્વ ઉમંગ સહિત સંયમ જીવન સ્વીકાર્યું.**

આ દીક્ષા ભાભર જ નહિ, પરંતુ સમગ્ર બનાસકાંઠામાં નજીકના ઇતિહાસમાં ન થઈ હોય તેવી ભવ્યાતિભવ્ય મહોત્સવપૂર્વક થઈ. દીક્ષિત થનારા કુલ ત્રણ આત્માઓ હતા. તેમાં ત્રિભુવનભાઈ તથા અન્ય બે કચ્છના પુણ્યાત્માઓ કાલિદાસભાઈ અને માવજીભાઈ હતા. દીક્ષાદાતા હતા **પૂ. બુદ્ધિવિજયજી** મ.સા., દીક્ષા ગુરુ હતા **પૂ. હીરવિજયજી મ.સા.**, ત્રિભુવનભાઈને **મુનિ તિલકવિજયજી મ.** તરીકેનું નવું નામ મળ્યું. આ દીક્ષાનો ઉત્સવ આઠ દિવસ હતો. જમણવારો રોજે રોજના હતા. કહેવાય છે કે એક જમણવારમાં ૬૦ મણ લાડવા વપરાયેલા. દીક્ષા પ્રસંગે દૂર-દૂરથી લોકો આવેલા. સાંભળવા પ્રમાણે ૧૨૪ બળદગાડાઓ, ૧૨૮ ઉંટો અને અનેક ઘોડાઓ પર બહારગામથી લોકો આવ્યા હતા.

એ વર્ષનું ચાતુર્માસ ભાભરમાં જ થયું. ચાતુર્માસ બાદ મુનિવરો વિહાર કરીને **છાણી** મુકામે પહોંચ્યા ત્યાં **પૂ.શ્રી સિદ્ધિવિજયજી** ગણિવરના હસ્તે **વિ.સં. ૧૯૬૮ મહા સુદ ૫નાં દિને વડીદીક્ષા સંપન્ન થઈ.**

## સંયમ સાધના અને પદપ્રદાન :

બન્ને'ય બાંધવબેલડી હવે સંયમ સાધનામાં લીન બની હતી. વર્ષોથી જેની ઝંખના હતી તે પ્રાપ્ત થયું હતું. એક એક ક્ષણનો પૂરો કસ કાઢવાનો હતો. બંન્ને મુનિવરોએ જ્ઞાન સંપાદન માટે તનતોડ મહેનત કરી હતી. કેટલાય ચાતુર્માસો માત્ર જ્ઞાન સાધનાના ઉદ્દેશથી ગુરુદેવની આજ્ઞાપૂર્વક ગુરુદેવથી છૂટા પડવાની ઈચ્છા ન હોવા છતાં જુદા કર્યા હતા. વિ.સં. ૧૯૬૯માં પૂ. બાંધવ-બેલડી મહેસાણા શહેરમાં પધાર્યા,

# પૂજ્ય પંન્યાસ શ્રી તિલકવિજયજી ગણિવર (ભાભર)



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : ત્રિભુવનદાસ | ગુરુનું નામ | : પૂ.શ્રી હીરવિજયજી મ.સા. (પૂ. શ્રી જીતવિ.દાદાના શિષ્ય) |
| જન્મ | : વિ.સં. ૧૯૩૮ શ્રા. સુદ-૧૫ : **ભાભર** | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી તિલકવિજય મ. |
| માતા | : જડાવબેન | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૬૮ મ. સુદ-૫ **છાણી** |
| પિતા | : માનચંદ રોળીયા | ગણિ-પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૮૯ મા. સુદ ૫ **રાધનપુર** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૭ વૈ. સુદ-૬ **ભાભર** | સંયમપર્યાય | : ૩૨ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૨૯ વર્ષ | કાળધર્મ | : વિ.સં. ૧૯૯૯ કા. સુદ ૫ **પાટણ** |
| દીક્ષાદાતા | : પૂ. મુનિ શ્રી બુદ્ધિ વિ.મ.સા. | આયુષ્ય | : ૬૧ વર્ષ |

ત્યાં શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં પંડિતવર્યો પાસે અભ્યાસ કરીને સુંદર વિદ્વત્તા પ્રાપ્ત કરી. **વિ.સં. ૧૯૮૨માં માંડલ નિવાસી બુદ્ધિલાલભાઈને ટાકરવાડા મુકામે દીક્ષા આપી. પૂ. બુદ્ધિવિજયજી** મ.સા.ના શિષ્ય તરીકે **મુનિ શ્રી શાન્તિવિજયજી મ.** ના નામે સ્થાપ્યા. ત્યાર બાદ મારવાડમાં અનેક ચાતુર્માસો કરી, નાગોર ખાતે બે મુમુક્ષુઓને દીક્ષા આપી. રતનશીભાઈનું નામ મુનિ રામવિજયજી મ. રાખ્યું. ગુરુ હતા શ્રી તિલકવિજયજી મ.સા. અને મણિલાલભાઈનું નામ મુનિ મંગલવિજયજી મ. રાખ્યું. ગુરુ હતા પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ.સા. આ રીતે અનેક વિધ શાસન પ્રભાવના કરતા. તેઓ રાજનગર પધાર્યા ત્યાં પોતાના જ સંસારી પરિવારના બે લઘુવયના બાળકો જોઈતાલાલ (ઉ.વ. ૧૪) તથા ફોજાલાલ (ઉ.વ. ૧૦)ને અમદાવાદ હઠીસિંહની વાડી ખાતે ભવ્ય મહોત્સવપૂર્વક દીક્ષા પ્રદાન કરવામાં આવી.

## પૂ. મુનિ શ્રી તિલક વિ.મ.ને ગણી-પંન્યાસ પદવી :

વિ.સં. ૧૯૮૮માં પ.પૂ. ભદ્રસૂરીશ્વરજી મહારાજાની હાર્દિક લાગણીથી રાધનપુર મધ્યે ચાતુર્માસ કર્યું. ત્યાં પૂ. મુનિ શ્રી તિલકવિજયજી મ.સા.ને પંચમાંગ ભગવતીજીના યોગોદ્વહન કરાવાયા અને **પ. પૂ. ભદ્રસૂરિ મ.સા.ના વરદ્ હસ્તે વિ.સં. ૧૯૮૯માં મા.સુ. ૫ના દિને ગણી - પંન્યાસ પદે આરૂઢ કર્યા.**

## શાસન પ્રભાવના :

આ મુનિયુગલ જ્યાં જ્યાં વિચર્યું ત્યાં ત્યાં અનેક લોકોને ધર્મભાવનાથી વાસિત કર્યા. મુખ્યત્વે ઉત્તર ગુજરાત, બનાસકાંઠા વિસ્તાર અને રાજસ્થાનના ગામ - નગરોમાં પૂજ્યોનું વિશેષ વિચરણ રહ્યું. ભાભરથી ભોરોલનો ભવ્ય છ'રી પાલક સંઘ, નાના-મોટા અનેક મહોત્સવો, દીક્ષાના મહોત્સવો વિગેરે અવસરો વખતે પૂજ્યશ્રીએ અનેક લોકોને ધર્માભિમુખ કરવાનું કામ કર્યું.. **ઊંઝાનગરે પૂ. મુનિ શ્રી શાન્તિવિજયજી મ.નો ગણી-પંન્યાસ પદ પ્રદાનનો અવસર પણ ખૂબ શાનદાર રીતે ઉજવાયો હતો.**

## શિષ્ય-પરિવાર :

પૂ. મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ.ને મુનિ શાન્તિવિજયજી મ., મુનિ મંગલવિજયજી મ. તથા મુનિ રત્નપ્રભવિજયજી મ. એમ ત્રણ શિષ્યો હતા. જેમાં મુનિ શ્રી શાન્તિવિજયજી મહારાજ પાછળથી પૂ.આ.શ્રી શાન્તિચન્દ્રસૂરીશ્વરજી મ.ના નામે જિનશાસનના તૃતીયપદને પામ્યા હતા. તે દ્વારા સમુદાયનું યોગક્ષેમ કર્યું હતું. પૂ.પં. પ્રવર શ્રી તિલકવિજયજી ગણિવરને મુનિ રામવિજયજી મ., મુનિ ભુવનવિજયજી મ. (આ. શ્રી ભુવનશેખર સૂરીશ્વરજી), મુનિ શ્રી કેશરવિજયજી મ., મુનિ રંજનવિજયજી મ. (આ.શ્રી રત્નશેખરસૂરીશ્વરજી), મુનિ વિદ્યાવિજયજી મ. એમ પાંચ શિષ્યો હતા.

## પૂ.પં.શ્રી તિલકવિજયજી ગણિવરની અંતિમ આરાધના :

વિ.સં. ૧૯૯૮ની સાલનું ચાતુર્માસ કલિકાલસર્વજ્ઞ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાના પરમપવિત્ર પરમાણુઓથી પવિત્ર થયેલા અણહિલપુર પાટણમાં હતું. આ ચોમાસામાં તબિયતે રૂખ બદલી હતી. દિવસે દિવસે શરીર લથડી રહ્યું હતું. પણ સમાધિ અકબંધ હતી. જીવનભર જે સાધના કરેલી તેના સરવૈયારૂપે પૂજ્યશ્રી સહજ સમાધિમાં લીન બની ગયેલા. માંદગીની હાજરીમાં'ય વર્ધમાન તપની ઓળી

ચાલુ હતી. પણ બિમારી વધતા છેવટે વડીલ ગુરુ ભ્રાતાના આગ્રહથી આયંબિલો અટકાવ્યા. વિવિધ ઉપચારો કરાવ્યા. પણ તબિયત વધુને વધુ બગડી રહી હતી.

વિક્રમનું નવું વર્ષ ૧૯૯૯ આરંભાયું, જ્ઞાન પાંચમ આવી. પૂજ્યશ્રીએ સવારે જ કહી દીધું, **'આજે મારે ઉપવાસ છે એટલું જ નહિ. આજે મને અણાહારી પણ કોઈ જ દવા આપશો નહિ'** પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય એ હદે વણસી ગયેલું કે આરાધક શ્રાવકો ખૂબ ચિંતાગ્રસ્ત હતા. પૂજ્યશ્રીએ સૌને કહ્યું, 'મારી કશી ચિંતા ન કરશો. મારા માટે કોઈ આરાધનામાં વિક્ષેપ ન કરશો.' સાંજ પડી. પ્રતિક્રમણ કર્યું સંથારા પોરિસી ભણાવી. સૌ જીવરાશિ સાથે ખામણા કર્યા. પાપોના વળામણા કર્યા ને અંતે પૂજ્યશ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં જ **વિ.સં. ૧૯૯૯ના કા.સુ. ૫ જ્ઞાનપંચમીની રાત્રે સ્વર્ગલોકની વાટે સંચરી** ગયા.

આખું જીવન જ્ઞાનસાધનામાં વિતાવનારા પૂજ્યશ્રી જતા જતા પણ જ્ઞાનનું આલંબન છોડતા ગયા.

## પૂ.મુ. શ્રી બુદ્ધિવિજયજી મ.સા.ની અંતિમ આરાધના :

લગભગ જન્મ્યા ત્યારથી જે બંધુના સહારે આગળ વધેલા તે બંધુ પરલોક સિધાવી ગયા. પછી પણ પ. પૂ. બુદ્ધિવિજયજી મ.સા.ની માનસિક સ્વસ્થતા અકબંધ હતી. એ જ ઉત્સાહથી પ્રભુશાસનના પ્રચારક બનીને પૂજ્યશ્રી અનેકાનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ આપી રહ્યા હતા.

વિ.સં. ૧૯૯૯ પછીના કેટલાક ચાતુર્માસ મારવાડમાં થયા. વિ.સં. ૨૦૦૬ અને ૨૦૦૭નાં ચાતુર્માસો ધાનેરાનગરે થયા. તે પછી પૂજ્યશ્રીની તબિયત નાદુરસ્ત બનતી ચાલી. **ભાભર**નો શ્રીસંઘ વિનંતી કરવા આવ્યો. ભાભર પધારવા માટેની વિનંતીનો સ્વીકાર કરી પૂજ્યશ્રી સ્વજન્મભૂમિ તરફ પધાર્યા. શારીરિક સ્વાસ્થ્ય દ્રુતગતિએ કથળી રહ્યું હતું. તે સમયે પોતાના વડીલ અને વિનયી પટ્ટધર પંન્યાસ શ્રી શાન્તિવિજયજી ગણિવર ગુરુદેવની આજ્ઞાથી અન્યત્ર વિચરી રહ્યાં હતા. તાર અને ટપાલથી જેવા પૂજ્ય ગુરુદેવના માંદગીના સમાચાર મળ્યા કે તુર્ત જ ગુરુદેવની સેવા માટે પૂ. પં. શાન્તિવિજયજી ગણીએ ઉગ્ર વિહાર આરંભ્યો. પણ હંમેશા ઇતિહાસમાં પ્રાયઃ બનતું આવ્યું છે તેમ તે મિલન ન થઈ શક્યું. પૂજ્ય ગુરુદેવે કાર્યદક્ષ મુ. શ્રી કંચનવિજયજી મ.ને તથા **ભાભર સંઘને** પોતાના આ વિનયી પટ્ટધર પંન્યાસ શ્રી શાંતિવિજયજી ગણીને આચાર્યપદ પ્રદાન કરવાની ખાસ ભલામણ કરી.

પૂ.મુ. શ્રી કંચનવિજયજી મ. અને પૂ. મુ. શ્રી મંગલવિજયજી મહારાજે પૂજ્યશ્રીની અદ્‌ભુત સેવા કરી. મહા વદ ૧૧ના દિને સાંજનું પ્રતિક્રમણ ખૂબ સમાધિમાં કરી પૂજ્યશ્રી સંથારાવશ થયા. ત્રણ કલાક પછી સ્વયં જ સંથારામાંથી બેઠા થઈ અરિહંતનું ધ્યાન કર્યું અને જાણે ગંભીર બનીને મૃત્યુ આવકારતા ન હોય તેવી અદ્‌ભૂત સમાધિ સાથે **વિ.સં. ૨૦૦૭ મહા વદ ૧૧ના રાત્રે બાર કલાકે** ભાભરમાં પૂજ્યશ્રી પરલોકના પંથે સંચરી ગયા. પોતે તો જીવન ધન્ય બનાવ્યું. પણ અનેકોને આલંબનરૂપ બન્યા.

પ્રાન્તે, સાચા અર્થમાં આવા ગુણિયલ ગુરુઓના જીવનને આંખ સામે રાખી આપણે સૌ આત્માનો ઉદ્ધાર કરનારા બનીએ એ જ એક શુભાભિલાષા.

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

नमामि नित्यं गुरुरामचंद्रम्

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા



## તેજસ્વી તવારિખ

| | | | |
|---|---|---|---|
| સંસારી નામ | : બુદ્ધિલાલ | દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રીશાંતિવિજય મ. |
| જન્મ | : વિ.સં. ૧૯૫૨ જે. સુદ-૨ **માંડલ** | વડી દીક્ષા | : વિ.સં. ૧૯૮૨ વૈ. વદ-૫ **વિસનગર** |
| માતા | : નાથીબાઈ | ગણિપદવી | : વિ.સં. ૧૯૯૬ પો. સુદ-૭ **ઊંઝા** |
| પિતા | : પોપટલાલ | પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૬ પો. વદ-૧ **ઊંઝા** |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૨ ફા. વદ ૭ **ટાકરવાડા** (પાલનપુર) | આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૦૯ મા. સુદ-૧૧ **પૂરણ** |
| | | આચાર્ય પંદ પર્યાય | : ૧૯ વર્ષ |
| દીક્ષાની ઉંમર | : ૩૦ વર્ષ | સંયમ પર્યાય | : ૪૬ વર્ષ |
| દીક્ષાદાતા | : પૂ. મુનિ શ્રીબુદ્ધિવિજયજી મ.સા | કાળધર્મ | : વિ.સં. ૨૦૨૮ જે. વદ-૪ **ભાભર** |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રીબુદ્ધિવિજયજી મ.સા. | આયુષ્ય | : ૭૬ વર્ષ |

**સૌજન્ય :** પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ઉપકારની સ્મૃતિમાં
સ્વ. પિતાશ્રી દલાજી તથા સ્વ. માતુશ્રી ચુનીબાઈના સ્મરણાર્થે.
**સંઘવી વીરચંદ પુનમચંદ બાપલાવાળા (ગુજરાત)**

તપ-ત્યાગ-સંયમ મૂર્તિ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાંતિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## જન્મ-માતા-પિતા :

વિ.સં. ૧૯૫૨ની સાલ. પૂ. આત્મારામજી મહારાજાના નામ-કામથી ગાજતી એ સાલ. એ મહામહિમ મહાપુરુષને આ અવનિથી અલવિદા લેવાની હજી છ દિવસની વાર હતી. દિવસ જેઠ મહિનાની સુદ-૨નો. મધરાતની વેળા.

શંખેશ્વર જેવા મહિમાશાળી તીર્થની પાવનભૂમિથી શોભતો વઢિયારદેશ. શંખેશ્વર મહાતીર્થથી થોડાક જ અંતરે આવેલું **માંડલ** નામનું નગર. ત્યાંના મહાજનની ખ્યાતિ ખરેખર જ આખા વઢિયાર દેશમાં વખણાતી. ધર્મકાર્યમાં ખૂબ અગ્રેસર ગણાતા **પોપટભાઈ**ના ધર્મપત્ની **નાથીબેને** આ મંગલઘડીએ વરસોના અરમાન પછી **વિ.સં. ૧૯૫૨ જેઠ સુદ ૨ના એક પુત્રરત્નને જન્મ આપ્યો.** દેસાઈ પરિવારના ડેલામાં તે દિવસે આનંદનો મહાસાગર હિલોળે ચડેલો. દાદીમા આ પોતરાનું મુખ જોવા જ જાણે ટકી રહેલા. પૌત્રના જન્મ પછી નજીકના જ સમયમાં દાદીમા સ્વર્ગે સીધાવી ગયા. બુદ્ધિના નિધાન જેવા દેખાતા આ બાળકનું **'બુદ્ધિલાલ'** એવું નામ રાખવામાં આવ્યું. 'બુદ્ધિલાલ'ની ઉંમર માંડ બે-ત્રણ વર્ષની થઈ હશે ને પિતા પોપટલાલ પણ પરલોક પધારી ગયા. તે વખતે નાથીબેને ખરેખર એક ધૈર્યવતી શ્રાવિકાને છાજે એ રીતે સૌને સાચવ્યા.

## ધાર્મિક અભ્યાસ :

બુદ્ધિલાલ વયથી જ બાલ હતા. નામથી અને કામથી તો તેઓ પંડિત હતા. નાનપણથી જ તેમને જોનાર વડિલો બોલી ઉઠતા. 'છોકરો સાચે જ મોટો ધર્માચાર્ય બનશે.'

માંડલમાં રહીને જ સંસ્કારોની સાથે શિક્ષણ પ્રાપ્ત કર્યું. પૂર્વભવની આરાધનાને લઈને આવેલા જીવોની સ્થિતિ જ નિરાળી હોય છે. પૂર્વજન્મથી જ તેઓ વૈરાગ્યની મૂડી લઈને આવેલા હોય છે. બુદ્ધિલાલ પણ તે જ શ્રેણિના એક મહાપુરુષ હતા. યૌવન એમના અંગે અંગમાં પ્રવેશ્યું હતું. પણ વિકારને તેમના મનમાં પ્રવેશ મળ્યો નહોતો. એમના સાડા ત્રણ કરોડ રૂવાંડા ધર્મ રંગે રંગાયેલા હતા. એક દિવસ તક જોઈને સંયમ ગ્રહણ અંગેની પોતાના હૈયાની વાત તેમણે રજૂ પણ કરી હતી. માતા નાથીબેન ક્ષણભર આંચકો ખાઈ બેઠા. એક જ ક્ષણમાં તેમણે પોતાનો આદેશ જણાવી દીધો. 'હું જીવતી છું ત્યાં સુધી એ બની શકશે

જ નહિ. મારા કાળજાની કોરને હું કેવી રીતે અળગી કરી શકું ?' બુદ્ધિલાલ મૌનપણે સાંભળી લેતા. આખા ગામમાં દરેકને તર્કપૂર્ણ જવાબોથી મૌન કરી દેનારા બુદ્ધિલાલ માની લાગણી આગળ મૌન થઈ જતા.

**સંસારના બંધનો :**

બુદ્ધિલાલનું જીવન સંપૂર્ણપણે ધર્મના રંગે રંગાયેલું હતું. આ વાતથી દેસાઈ કુટુંબના વડિલો એકદમ વાકેફ હતા અને એટલે જ વધુ કાંઈ જોખમ ઉભું થાય તે પહેલા જ તેઓ આ વૈરાગી છોકરાને સંસારના ખીલે જડી દેવા ઈચ્છતા હતા. એક દિવસ ધર્મસ્થાનેથી આવશ્યકાદિ ક્રિયા કરીને બુદ્ધિલાલ ઘરે આવ્યા ત્યાં કુળના તમામ વડીલો એકઠા થઈને તેમની જ રાહ જોતા બેઠા હતા. બધાને આમ બેઠેલા જોઈ તેઓ વિચારમાં તો પડ્યા. છેવટે સૌથી વડેરા વૃદ્ધે મૌનભંગ કરતા કહ્યું, 'સુરેસ ગામની ઝવેરી બલ્લુભાઈ જેચંદભાઈની સુપુત્રી મીરાંતનું માંગુ આવ્યું છે. અત્યાર સુધી માએ તને ઘણું કહ્યું, પણ તેં વાત કાને ધરી નથી. હવે અમે પણ તારી વાત સાંભળવાના નથી.' બુદ્ધિલાલ પાસે કોઈ વિકલ્પ જ નહોતો. વિ.સં. ૧૯૭૦માં માગસર સુદ પૂનમે બુદ્ધિલાલ કુમારી મીરાંત સાથે લગ્નગ્રન્થિથી જોડાયા.

**વૈરાગ્યનો રસ :**

લગ્નજીવનના દિવસો પર દિવસો વીતે છે. બુદ્ધિલાલનો વૈરાગ્ય રંગ જરા'ય ઝાંખો નથી પડતો. વારંવાર પત્નીને સમજાવવાના પ્રયત્નો પણ કર્યા. પરંતુ પત્નીનો ઉલ્લાસ એ દિશામાં વધ્યો નહિ. વિ.સં. ૧૯૩૨ની સાલમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. (કાશીવાળા) માંડલને આંગણે પધાર્યા. આ ગુરુદેવના સત્સંગે બુદ્ધિલાલની બુદ્ધિને વૈરાગ્ય રંગથી વધુ ભીંજવી દીધી. ગુરુદેવની સમક્ષ બુદ્ધિલાલ વારંવાર સંસારથી કેમ છૂટાય ? તે પ્રશ્ન પૂછતાં. એકવાર તો બુદ્ધિલાલે ગુરુદેવને ત્યાં સુધી કહી દીધું કે, 'ગુરુદેવ ! હું નાસી છુટીને આપના ચરણે આવી જાઉં તો મને સ્વીકારી લેશો ને ? પૂજ્યશ્રી મૌન રહ્યા. પૂજ્ય આચાર્ય ભ.શ્રીએ માંડલથી વિહાર કર્યો. એક દિવસ આ વૈરાગી જીવડાના વૈરાગ્યે એવો ઉછાળો માર્યો કે અચાનક જ ગૃહ ત્યજીને આચાર્ય ધર્મસૂરીશ્વરજી મ. (કાશીવાળ) પાસે પહોંચી ગયા. આચાર્ય મહારાજે પૂછયું, 'મહાનુભાવ ! સંમતિ લઈને આવ્યા છો' 'ભગવન્ ! હવે એક ક્ષણ પણ સંસારમાં રહી શકું એમ નથી.' બુદ્ધિલાલના જવાબમાં ગજબ રણકો હતો. આચાર્ય મહારાજે અગમચેતી ઉચ્ચારી 'પણ તો તો તમારા સગાઓ વિરોધ માટે અહીં આવ્યા જ સમજો' બન્યું પણ તેવું જ. સગાઓ બુદ્ધિલાલની પાછળ જ આવી પહોંચ્યા. ઘણી રકઝકને અંતે પણ સગાઓ એકના બે ન જ થયા. બુદ્ધિલાલને માંડલ પણ લઈ આવ્યા. પછી લગભગ ૮ વર્ષનો સમય પસાર થયો.

વિ.સં. ૧૯૮૦ની સાલમાં પૂ.પં.શ્રી કુમુદવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં વિરમગામમાં સુશ્રાવક બુદ્ધિલાલે ઉપધાન તપની આરાધના કરી અને ઉપધાનમાં રહીને સાધુતાનો આસ્વાદ ચાખવા મળ્યો.

સમય પસાર થતો જાય છે. કાળની ગતિ અકળ છે. ક્યારે કોના પર તેનો પંજો ફેલાય તે કહી શકાય નહિ. અહીં પણ બુદ્ધિલાલના ધર્મપત્ની મીરાંતબેન અચાનક જ માંદગીના બિછાને પટકાયા. બુદ્ધિલાલે તેમને ખૂબ સુંદર રીતે સમાધિ આપી અને અંતે તેમનો જીવનદીપ બૂઝાઈ ગયો.

હવે તો બુદ્ધિલાલનો વૈરાગ્યનો રંગ પરાકાષ્ઠાએ પહોંચ્યો. લગભગ સંપૂર્ણ સમય તેઓ ધર્મારાધનામાં વીતાવવા લાગ્યા. અલબત્ત, સગા-સ્નેહીઓએ બીજા લગ્ન માટે દબાણ કર્યું તો ખરું પણ બુદ્ધિલાલનો મેરૂ જેવો અચલ નિર્ણય જોઈને જ તેઓને લાગી ગયું કે હવે આ વૈરાગી જીવને સંસારનો રંગ ચઢાવવામાં બ્રહ્માને'ય સફળતા નહિ મળે.

### ગુરુવરનો યોગ :

એક દિવસ માંડલ નગરમાં બંધુ બેલડી પૂ. બુદ્ધિવિજયજી મ.સા. અને પૂ. તિલકવિજયજી મ.સા. પધાર્યા. આ મુનિયુગલના જીવનની બુદ્ધિલાલના દિલ પર ઘેરી અસરો પડી. આજ દિન સુધી હૈયું જેવા ગુરુને ઝંખતું હતું તે ઝંખના આજે પૂરી થઈ. નિઃસ્પૃહતા, આચારચુસ્તતા, સ્વાધ્યાયરસ આ બધા ગુણોથી આકર્ષાઈને બુદ્ધિલાલે મનોમન સમર્પણ કરી દીધું. એક દિવસ મનની વાત હોઠ પર આવી. ગુરુદેવને વિનંતી કરી કે આપ મને આપના ચરણોમાં સ્વીકારો. ગુરુદેવે કહ્યું, 'મહાનુભાવ ! એ માટે અમારી સાથે રહીને પરિચય કેળવવો પડશે. અધ્યયન કરવુ પડશે. બુદ્ધિલાલે ગુરુદેવના વચનાનુસાર ટાકરવાડાના ચાતુર્માસમાં ગુરુ નિશ્રાએ રહીને સંયમ જીવનની તાલીમ મેળવી. પોતાની લાયકાતનો ગુરુદેવને પરિચય કરાવ્યો.

### સત્યનો પ્રેમ :

ચાતુર્માસ બાદ જ્યારે માંડલ પાછા આવ્યા ત્યારે ઘરના દરેક સભ્યને લાગી ગયું કે હવે આ બુદ્ધિલાલ ઝાઝો વખત સંસારમાં નહિ રહે. એટલે સ્નેહીઓએ તેમને બેસાડીને કહ્યું, 'જુઓ બુદ્ધિલાલ ! અમને હવે સ્પષ્ટ લાગે છે કે તમો સંસારમાં રહેશો નહિ. તો અમે પણ તમને દીક્ષા અપાવવા રાજી છીએ. પણ અમારી એક વાત તમારે માનવી પડશે. આપણા વડવાઓથી આપણો આખો પરિવાર અચલગચ્છનો ચુસ્ત આરાધક રહ્યો છે અને અત્યારે અચલગચ્છમાં જો તમારા જેવા વ્યક્તિ સાધુપણું લે તો આપણા ગચ્છની શોભાને ચાર ચાંદ લાગી જાય માટે તમો અચલગચ્છમાં દીક્ષા લો.' બુદ્ધિલાલે જણાવ્યું કે, **'મેં મારા જીવનના તારણહાર ગુરુદેવ શોધી લીધા છે. દીક્ષા આત્માના ઉદ્ધાર માટે લેવાની છે. મને મારા આત્માનો ઉદ્ધાર કરી શકે તેવા જે ગુરુદેવ લાગ્યા છે. તેમને ચરણે આ જીવન સોંપાઈ જ ગયું છે. તેમાં હવે ફેર નહિ પડે.'** મક્કમ સ્વરે બુદ્ધિલાલ બોલ્યા. સામી બાજુ સ્વજનો પણ મક્કમ હતા. 'તો અમે તમને કદી અનુમતિ નહિ આપીએ.' સ્વજનોનો આ આખરી જવાબ હતો. પૂજ્યશ્રીનો આ સત્ય પ્રેમ જીવનના અંત સુધી અણનમ હતો. વિ.સં. ૨૦૨૦માં જ્યારે સંઘ એકતાના આશયથી આપવાદિક આચરણાની વાત આવી ત્યારે પૂજ્યશ્રીએ શરૂઆતમાં સ્પષ્ટ નિષેધ કરી દીધો હતો. પછીથી પ.પૂ.આ.ભ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ભલામણથી સંમતિ આપી હતી અને આમ પૂજ્યશ્રીએ પોતાના સત્યપ્રેમની ઝાંખી કરાવી હતી.

### દીક્ષા :

છેવટે ઘરમાં કોઈને'ય જાણ કર્યા વિના બુદ્ધિલાલ એક દિ' નીકળી પડ્યા. પહોંચ્યા સીધા પાલનપુર જ્યાં ગુરુદેવો બિરાજમાન હતા. જઈને સઘળી હકીકત નિવેદિત કરીને વિનંતી કરી. 'ભગવન્ ! મને

દીક્ષા આપી. મારી વર્ષોની આરજૂ પૂર્ણ કરો.' ગુરુદેવોએ કહ્યું, 'મહાનુભાવ ! તમારી ભાવના છે તો એ પ્રમાણે જ થશે. પણ આ માટે **ટાકરવાડા** જ વધુ અનુકૂળ રહેશે.' ગુરુદેવો વિહાર કરીને **ટાકરવાડા** આવ્યા ત્યાં સકળ સંઘે ઉત્સાહથી મહોત્સવપૂર્વક બુદ્ધિલાલની દીક્ષાનો અવસર ઉજવ્યો. **વિ.સં. ૧૯૮૨ ફાગણ વદ ૭ના** દિવસે વરસોના સેવેલા સપના સાકાર થયા હતા. **'મુનિ શ્રીશાન્તિવિજયજી મ.'** નવું નામ મળ્યું હતું. ગુરુ હતા - **મુનિરાજ શ્રીબુદ્ધિવિજયજી મ.સા.'** વડી દીક્ષા વિસનગરમાં પૂજ્ય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની છત્રછાયામાં વૈશાખ સુદ પાંચમના દિવસે થઈ હતી. દીક્ષાની સાથે જ નવદીક્ષિત મુનિરાજ નિતનવા અભિગ્રહોમાં લાગી ગયા હતા. એક દિવસ પોતાના ગુરુદેવ પાસે નિયમ લીધો પાંચ વર્ષ સુધી દરરોજ એકાસણાં કરવા અને દશ વર્ષ સુધી પોતાના ગુરુદેવોથી અલગ વિહાર ન કરવો. સંયમની સાધના દ્વારા ગુરુદેવોના હૃદયમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું. અનેક જીવોને પ્રતિબોધ આપવાની સાથે સ્વ આરાધના પણ એવી ને એવી જ ચાલુ હતી. વિ.સં. ૧૯૮૯માં પૂજ્યશ્રીએ વર્ષીતપ કર્યો. વિ.સં. ૧૯૯૧ની સાલમાં તનમાં ટી.બી.નો વ્યાધિ ફેલાયો. તે કાળે ટી.બી. એ જીવલેણ વ્યાધિ ગણાતો હતો. થોડા દિવસ ઉપચારો કર્યા. તેમાં પર્યુષણ આવ્યા અને મુનિશ્રીએ ગુરુદેવને વિનંતી કરી. **'ભગવન્ ! મને અટ્ઠાઈનું પચ્ચક્ખાણ આપો.'** ગુરુદેવ ચકિત થઈ ગયા. 'આ અવસ્થામાં અટ્ઠાઈ !' પણ મુનિશ્રીની ભાવના એટલી પ્રબળ હતી કે ગુરુદેવે પણ રજા આપી અને આશ્ચર્ય ! અટ્ઠાઈની પૂર્ણાહુતિ વખતે ટી.બી.ની પણ પૂર્ણાહુતિ થઈ ગઈ.

**પદ પ્રદાન : ગણી, પંન્યાસ તથા આચાર્ય પદ :**

મહાનિશીથ સૂત્રના યોગોદ્વહન પૂજ્ય ભદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં કર્યા. વિ.સં. ૧૯૯૫માં ઉંઝાના ચાતુર્માસમાં યોગ્ય સમય જાણી, મુનિશ્રીની લાયકાતો જોઈ ગુરુદેવે પંચમાંગ ભગવતીજીના યોગોદ્વહન કરાવ્યા. **વિ.સં. ૧૯૯૬માં પોષ સુદ ૭ના દિવસે ઉંઝા નગરે જ ગણિપદ પ્રદાન થયું.** ત્યાર પછી શેઠ ગોકળદાસ મોહનલાલે મહોત્સવ ઉજવ્યો અને **પોષ વદ ૧ ગુરુવારના રોજ પંન્યાસ પદવી થઈ.** ગુરુદેવ પૂ. બુદ્ધિવિજયજી મ.સા. સ્વર્ગવાસી થયા તે વખતે ભાભરના શ્રીસંઘને ભલામણ કરીને ગયેલા કે વહેલામાં વહેલી તકે પંન્યાસ શ્રી શાન્તિવિજયજી મ.ને આચાર્યપદારૂઢ કરજો. વિ.સં. ૨૦૦૮નું ભવ્ય ચાતુર્માસ ભાભરમાં થયું. તે વખતે **પૂરણ** ગામનો સંઘ પ્રતિષ્ઠા મહોત્સવ માટે વિનંતી કરવા આવ્યો અને તેમની એવી પણ ભાવના હતી કે આ પ્રતિષ્ઠા અવસરની સાથે જ આચાર્યપદનો અવસર પણ ઉજવાય. સૌ ગુરુભક્તો ઝિંઝુવાડામાં બિરાજમાન પૂ. ભદ્રસૂરીશ્વરજી મહારાજા પાસે ગયા અને વિનંતી કરી કે આપ પધારીને પૂજ્ય પંન્યાસજી મહારાજને આચાર્યપદારૂઢ કરો. પૂજ્ય આચાર્ય ભગવંતે કહ્યું, 'પંન્યાસ શાન્તિવિજયજી ગણિવર ખરેખર જ તૃતીયપદ માટે લાયક છે. હું તો આવી શકું તેમ નથી. પણ મારો વાસક્ષેપ મોકલું છું અને **પંન્યાસ શ્રી મેરૂવિજયજી ગણિવર** પદ પ્રદાન કરશે.' આ રીતે **વિ.સં. ૨૦૦૯ માગસર સુદિ ૧૧ના શુભદિને પૂજ્યશ્રી જિનશાસનના તૃતીયપદે આરૂઢ થયા** અને પૂ. આચાર્ય શ્રી વિજય શાન્તિચન્દ્રસૂરીશ્વરજી મ. તરીકે પ્રખ્યાત થયા.

## શાસન પ્રભાવના :

પૂજ્યશ્રીના વરદ હસ્તે (૧) વાતમ (૨) બાપલા (૩) જેતાવાડા (૪) રૈયા (૫) દુનાવાડા (૬) માંડલ (૭) આરખી (૮) આજોદર (૯) ભોરોલ તીર્થ (૧૦) સણવાલ (૧૧) ભાભર અને (૧૨) નિંબજ આટલા સ્થળે પ્રતિષ્ઠા મહોત્સવો યોજાયેલા વિ.સં. ૨૦૧૫માં મહા સુદ ૫નાં દિને પોતાના સમુદાયના **પૂ.મુ. શ્રી કંચનવિજયજી મ.સા., પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ.સા., પૂ.મુ. શ્રી સોહનવિજયજી મ.સા., પૂ. મુ. શ્રી સુજ્ઞાનવિજયજી મ.સા. તથા પૂ.મુ. શ્રી રંજનવિજયજી મ.સા. આ પાંચ મુનિરાજોને પંન્યાસપદથી** અલંકૃત કર્યા હતા અને વિ.સં. ૨૦૨૮માં મહા સુદ ૬ના શુભદિને પૂ.પં. શ્રી કંચનવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી ભુવનવિજયજી ગણિવર અને પૂ.પં. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર. આ **ત્રણ પંન્યાસભગવંતોને આચાર્યપદે આરૂઢ કર્યા હતા.** પાથાવાડા, ઉંઝા અને ભાભરમાં પૂજ્યશ્રીએ ઉપધાન તપમાં નિશ્રા પ્રદાન કરી હતી. અનેક છ'રી પાળતા સંઘો, ઉજમણા વિગેરે પૂજ્યશ્રીની નિશ્રામાં થયા હતા.

**નિંબજના નરેશ શેરસિંહજી પૂજ્યશ્રીના સંપર્કથી ખૂબ ધર્મની નજીક આવ્યા હતા. પૂજ્યશ્રીના સદુપદેશને ઝીલી પોતાના તાબાના ગામોમાં તેમણે જીવદયા પાળવાનું ફરમાન પણ આપેલું** અને પૂજ્યશ્રીની નિશ્રામાં પોતાના ગૃહાંગણે (મહેલમાં) શાંતિસ્નાત્ર સહ મહોત્સવ પણ ઉજવેલો.

પૂજ્ય આચાર્યદેવની સંયમ-સુરભિ સર્વત્ર પ્રસાર પામી હતી. પ્રશાન્ત સ્વભાવ-ક્રિયા માર્ગમાં અપ્રમાદ... સંયમની નિષ્ઠા અને પરિપાલન - શાસ્ત્રીય માર્ગનું પાલન નિખાલસતા વગેરે અનેક ગુણોના કારણે અનેક ભવ્ય જીવો પૂજ્યશ્રી પ્રત્યે આકર્ષાતા અને તેઓશ્રીના પરમ ભક્ત બની જતા.

## શિષ્ય-પરિવાર :

પૂજ્ય બુદ્ધિવિજયજી મહારાજા સ્વર્ગવાસી થયા પછી આખા સમુદાયનું સંચાલન પૂજ્યશ્રી સુપેરે બજાવી રહ્યા હતા. પૂજ્યશ્રીના પોતાના પાંચ (૫) શિષ્યો હતા. (૧) આચાર્ય શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મ.સા. (૨) પૂ.પં. શ્રી સોહનવિજયજી ગણીવર, (૩) પૂ. આચાર્ય શ્રી સોમચન્દ્રસૂરીશ્વરજી મ.સા. (૪) પૂ.મુ. શ્રી દેવભદ્રવિજયજી મ.સા., (૫) પૂ.આચાર્ય શ્રી જિનચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, પૂજ્યશ્રી અનેક આત્માઓને પ્રવ્રજ્યાના પરિણામો જગાડવામાં નિમિત્તરૂપ બન્યા હતા.

## તપસાધના-તપશ્ચર્યા :

તમામ જવાબદારીઓ પોતે વહન કરતા હોવા છતાં પૂજ્યશ્રીની તપ સાધના પણ પરાકાષ્ઠાની હતી. ૧-માસક્ષમણ, ૧-વીસ ઉપવાસ, ૧-સત્તર ઉપવાસ, ૧-પંદર ઉપવાસ, ૧-બાર ઉપવાસ, ૩ વખત અગિયાર ઉપવાસ, ૪ વખત દશ ઉપવાસ, પાંચ વખત નવપદની ઓળી નવ ઉપવાસથી, ૧૬ અઠ્ઠાઈ, ૧ સિદ્ધિ તપ, ૧ ચત્તારિ અઠ્ઠ દસ દોય, ૧ અષ્ટાપદ તપ, છઠ્ઠથી વરસીતપ ૧ વાર, ઉપવાસથી વરસીતપ ૪ વાર, છ માસી બે વાર, ચાર માસી, ત્રણમાસી, બે માસી અને એક માસી તપ ૧-૧ વાર, વીસ સ્થાનકની ૧૭ ઓળી, વર્ધમાન તપની ૨૧ ઓળી, નવપદજીની ૩૫ ઓળી, ૯૯ યાત્રા બે વાર, સાત છઠ્ઠ અને બે અઠ્ઠમ દ્વારા સિદ્ધાચલની આરાધના, અઠ્ઠમ ૫૦, છઠ્ઠ ૭૦, પંચરંગી તપ બે વાર, છ ઉપવાસ પાંચ વાર અને ચાર ઉપવાસ ૧૭ વાર આવી આકરી તપસ્યા પૂજ્યશ્રીએ જીવનમાં કરી હતી.

## અંતિમ આરાધના :

છેલ્લા વિ.સં. ૨૦૨૭ અને ૨૦૨૮ના બન્ને ચાતુર્માસો ભાભરનગરમાં આનંદ, ઉલ્લાસ અને ઉમંગભેર વીત્યા. આચાર્ય પદપ્રદાન, અંજન શલાકા વિગેરે શાસન પ્રભાવના મહત્ત્વના કાર્યો સુખરૂપ થઈ ગયા અને પૂજ્યશ્રીના દેહમાં વ્યાધિએ પક્કડ જમાવી. ધીરે-ધીરે વ્યાધિ બેકાબૂ બનતો ગયો. પૂજ્યશ્રીએ પોતાના જવાના અણસાર આપી દીધા. તનમાં વ્યાધિ હતો. પણ મન તો સમાધિમાં લીન હતું. આખું જીવન જે રીતે આરાધનામાં વીતાવ્યું.હતું તે જ રીતે મરણને પણ ગંભીરતાથી આવકારવા માટે પૂજ્યશ્રી સજ્જ હતા.

અને છેવટે **ભાભરમાં જેઠ વદ ૪ વિ.સં. ૨૦૨૯ના દિવસે બપોરે ૨-૨૦ કલાકે** ચતુર્વિધ સંઘની મંગલ ઉપસ્થિતિમાં નવકાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા, પૂજ્યશ્રી પરમ ધ્યાનમાં લીન બનીને આ નશ્વર દેહને તજીને **કાળધર્મને પામ્યા.** પૂજ્યશ્રીનું આખું જીવન પ્રેરણાદાયી હતું તો મૃત્યુ તો વળી એથી'ય વધુ પ્રેરણાદાયી હતું.

બીજે દિવસે જેઠ વદ પાંચમના બપોરે ૧૨ કલાકે પૂજ્યશ્રીની ભવ્ય પાલખી નીકળી. ભાભર શહેરમાં હજારોની મેદની ઉભરાઈ હતી. બહાર ગામથી પણ અનેક ભક્તવર્ગ આવેલ હતો. અંતે ચઢાવો બોલીને **જે.બી. પરીખ મામલતદાર** (વડોદરા) અને **શ્રી ધરણેન્દ્ર વાસણ ભંડારવાળા મફતભાઈએ** (અમદાવાદ) ગુરુદેવના દેહને અગ્નિદાહ દીધો.

અંતે આપણે સૌ આવા સાચા ગુરુદેવોને પામી તેમના ગુણોને જીવનમાં વણી મનુષ્યભવને સફળ બનાવીએ.

### ધર્માચાર્યો કઈ ચિંતા કરે ?

સાચી વસ્તુમાં કોઈની પરવા નહિ હોવી જોઈએ. એ પરવા રાખે તો નિઃસ્પૃહતા આવે નહિ. જ્યાં સુધી એ દશામાં નહિ, ત્યાં સુધી ધર્માચાર્ય પદને યથાર્થ શોભાવી શકાય નહિ. દુનિયાની વાહવાહની ચિંતા, એ ધર્માચાર્યના પદથી ભ્રષ્ટ કરનારી ચિંતા છે. ધર્માચાર્યોએ તો જેમ બને તેમ વધારે જીવોને ધર્મ પમાડવાની, સારામાં સારી રીતે શાસનને આરાધવાની, સાધુઓને સાચા સાધુઓ બનાવવાની અને ગૃહસ્થાશ્રમ કે ગૃહવાસને નહિ. પણ ગૃહસ્થ ધર્મ પાળવાને ઈચ્છતા જીવોને ગૃહસ્થધર્મના નિરતિચાર પાલનમાં સ્થિર અને ઉત્સાહિત કરવાની તેમ જ શાસનમાં જાગતા વિઘ્નને શમાવવાની તથા બહારનાં આક્રમણોથી શાસનને નિર્લેપ રાખવાની ચિંતા કરવી જોઈએ. આ ચિંતા હોય તો જ લોક હેરીથી પર રહી શકાય. લોકહેરીની ચિંતા, સાચી અને ફરજરૂપ ચિંતાનો નાશ કરે છે.

**પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકપ્રભસૂરીશ્વરજી મહારાજા (ભાભર)

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી | : જોઈતાલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૨ મા. સુ-૫ ભાભર |
| માતા | : કકલબેન |
| પિતા | : ચુનીલાલ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૮૭ વૈ. સુદ-૩ **અમદાવાદ (હઠીભાઈની વાડી)** |
| દીક્ષાની ઉંમર | : ૧૫ વર્ષ |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી શાંતિચન્દ્રસૂરિ મહારાજા |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી કંચનવિજય મ. |
| ગણી પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૧૫ મ. સુદ-૧૦ **ભાભર** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મ. સુદ-૬ **ભાભર** |
| આચાર્ય પદ પર્યાય | : ૧૭ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૯ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૪૬ ચૈ. વદ-૭ **હાડેચા** |
| આયુષ્ય | : ૭૪ વર્ષ |

**સૌજન્ય**

**ટીપુબેન મિશ્રીમલજી ધરમાજી ચંદન પરિવાર. સાંચોર**

હ. ચંપાલાલ, કાંતિલાલ, નરપતલાલ, નરેન્દ્રકુમાર - મણીરત્ન મેટલ્સ. મુંબઈ.

શુદ્ધ માર્ગ પ્રેમી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકપ્રભસૂરીશ્વરજી મહારાજા

**જન્મ - માતા-પિતા :**

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં **ભાભર** નામનું ગામ છે. ત્યાં વીસમાં તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીનું ૧૧૩ વર્ષ પ્રાચીન જિનાલય છે. તેના પરિસરમાં શ્રીશાંતિનાથ ભગવાનનું અને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય તથા શ્રીગૌતમસ્વામી મહારાજાનું પૂજ્ય મુનિરાજ શ્રીબુદ્ધિવિજયજી મ.સા.નું અને પૂજ્ય આચાર્ય શ્રીકનકપ્રભસૂરીશ્વરજી મ.સા.નું ગુરુમંદિર છે.

આ ભાભરનગરમાં ૧૦૦ વર્ષ પૂર્વે ધર્મપરાયણ રોળીયા પરિવારના મોભી સુશ્રાવક માનચંદભાઈ રહેતા હતા. તે માનચંદભાઈને પાંચ પુત્રો હતા. ૧-કપૂરચંદભાઈ, ૨-ત્રિભોવનદાસ ૩-બહાદુરભાઈ (બાદરમલ) ૪-ચુનીભાઈ અને ૫-કેશવલાલ. તે પાંચ પુત્રોમાં **બહાદુરભાઈને દીક્ષા** લેવાની ભાવના થતા પાલીતાણા **શ્રીસિદ્ધાચલજી તીર્થની** પાવન ભૂમિ પર પ.પૂજ્ય આ.**શ્રીસિદ્ધિસૂરીશ્વરજી** (પૂ.બાપજી મ.) મહારાજાના વરદ હસ્તે કચ્છ વાગડ દેશોદ્ધારક પ.પૂ.દાદા શ્રીજિતવિજયજી મ.સા.ના શિષ્ય **પૂ.શ્રી હીરવિજયજી મ.સા.ના શિષ્ય મુનિ શ્રીબુદ્ધિવિજયજી મ.** થયા. તે પછી ત્રિભોવનભાઈની દીક્ષા **ભાભરમાં** ઉલ્લાસ અને મહોત્સવપૂર્વક થઈ અને તેઓ પૂ.મુનિરાજ **શ્રી હીરવિજયજી મ.સા.** ના શિષ્ય **મુનિ શ્રી તિલકવિજયજી મ.** બન્યા.

**રોળીયા** માનચંદભાઈના પુત્ર **ચુનીલાલભાઈ**ના ધર્મપત્ની સુશ્રાવિકા **કકલબેનની** રત્નકુક્ષીએ **વિ.સં. ૧૯૭૨ના માગસર સુદ ૫ના શુભ દિને એક પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ જોઈતાલાલ** પાડવામાં આવ્યું. ચુનીલાલભાઈને અન્ય ત્રણ પુત્રો ૧-ફોજાલાલ ૨-હાલચંદ અને ૩-સંપ્રીતલાલ હતા. જોઈતાલાલ પાંચ વર્ષના થતાં ગામઠી શાળામાં ભણવા બેસાડ્યા. પાંચ-સાત વર્ષ વ્યવહારિક શિક્ષણ મેળવ્યું.

**દીક્ષા :**

ધર્મપ્રેમી **ચુનીલાલભાઈ**નું અંતર એક આદર્શ પિતાના પિતૃત્વથી શોભતું હતું. એટલે જ તેમને પોતાના બંને પુત્રોના આત્માની હિતચિંતા થઈ. પરિણામે **જોઈતાલાલ** અને **ફોજાલાલ** બંન્નેને ધર્મના સંસ્કાર આપવા માટે પોતાના જ વડીલ બંધુમુનિરાજોની નિશ્રામાં મૂક્યા. જિનશાસન જેને હૈયે વસ્યું હોય તેની

આ નિશાની છે. બંને દિકરાઓ જ્યારે વૈરાગ્યથી વાસિત થયા ત્યારે તેમની દીક્ષા માટે ચુનીલાલભાઈએ તજવીજ ગોઠવી.

પત્ની કકલબેનની પુત્રો પ્રત્યે મોહના કારણે દીક્ષા માટે ના હતી. પરંતુ ચુનીલાલભાઈનું હૈયું દીક્ષા આપવા માટે તૈયાર જ નહિ પણ તલપાપડ હતું. છેવટે પત્નીને જાણ ન થાય તે રીતે જેની નસેનસમાં જિનશાસન રમી રહ્યું છે, તેવા પિતાએ પોતાના ૧૫ અને ૧૧ વર્ષના દિકરાઓને કર્ણાવતીમાં (અમદાવાદમાં) હઠીસિંહની વાડી જેવા ઐતિહાસિક સ્થળે અનેકાનેક સૂરિ ભગવંતોની નિશ્રામાં **વિ.સં. ૧૯૮૭ વૈશાખ સુદ ૩ના શુભ દિને દીક્ષા અપાવી.** જે કાળમાં દીક્ષા જ દુર્લભ હતી તે વખતે બાળદીક્ષા અપાવીને ચુનીલાલભાઈએ પોતાના ધર્મપ્રેમની પરાકાષ્ઠાનો પરિચય કરાવ્યો. ૧૫ વર્ષના **જોઈતાલાલને** પ.પૂ. મુનિરાજ **શ્રી શાંતિવિજયજી** મ.સા.ના શિષ્ય મુનિ **શ્રી કંચનવિજયજી** મ. અને ૧૧ વર્ષના **ફોજાલાલને** પ.પૂજ્ય મુનિરાજ **શ્રી તિલકવિજયજી** મ.સા.ના શિષ્ય મુનિ **શ્રી ભુવનવિજયજી** મ. બનાવ્યા.

બંને નૂતન મહાત્માઓની વડી દીક્ષા અમદાવાદમાં થઈ.

## પૂ. ગુરુદેવોની નિશ્રામાં સંસ્કરણ :

પ્રથમ ચાતુર્માસ કર્ણાવતી (અમદાવાદ)માં જ શાહપુર મંગળ પારેખના ખાંચે થયું. ચાતુર્માસ બાદ ભોયણીતીર્થની સાલગિરિ નિમિત્તે ત્યાં કર્મસાહિત્યનિપુણમતિ **પ.પૂજ્ય શ્રી પ્રેમવિજયજી** ગણિવર તથા જિનવાણીના જાદુગર **પ.પૂજ્ય મુનિરાજ શ્રીરામવિજયજી** મ. આદિ મુનિગણની પાવન નિશ્રામાં ચાલી રહેલ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવમાં જવાનું થયું. ત્યાં **મુનિ શ્રીરામવિજયજી મ.ની હૃદયને આરપાર વીંધતી જિનવાણી મુનિ શ્રી કંચનવિજયજી મ.ના હૃદયને સ્પર્શી ગઈ.**

'મારે આ પૂજ્યોની નિશ્રામાં રહી સંયમ જીવનને વધુ ઉજ્જ્વળ બનાવવાની તાલીમ લેવી છે' આ ભાવના તેમણે ગુરુદેવને જણાવી. ગુરુદેવે સહર્ષ એ ભાવનાને સ્વીકારી લઈ બંન્ને બાલ મુનિરાજોને પૂજ્યોની નિશ્રામાં રહેવા માટે મોકલ્યા. ત્યાં મોટી સંખ્યામાં શ્રમણ સમુદાય વચ્ચે રહેવાથી **"શુભવીરય તિંહા સુવિહિત કિરિયા દેખાદેખે વાધેરે"** એ પંક્તિ અનુસાર સંયમ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી. અવસરોચિત પૂ.શ્રી પ્રેમવિજયજી ગણિવરે કરેલ મંગલ પ્રેરણા ઝીલી લઈ પૂજ્યશ્રીએ જીવનમાં તપ સાધના પણ વધારી. એ ચાતુર્માસ વઢવાણમાં થયું. **પૂ. મુનિ શ્રીરામવિજયજી મ.સા.** હૃદયપરિવર્તક **જિનવાણી દ્વારા** જે રીતે જિનશાસનની રક્ષા-પ્રાણના જોખમે કરી રહ્યાં હતા તે નજરોનજર જોઈને **પૂ. મુનિ શ્રીકંચનવિજયજી મ.નો જિનશાસન પ્રત્યેનો, તેના સંરક્ષક ધુરંધરો પ્રત્યેનો અહોભાવ અનેકગુણો વધી ગયો.** જેની અસરો જીવનના અંત સુધી એવી ને એવી જ રહી.

## ગુરુદેવની સેવા - ગણી-પંન્યાસ પદવી :

પુનઃ પોતાના વડીલ ગુરુ ભગવંતોની નિશ્રામાં આવી સુંદર રીતે વડીલોની સેવા ભક્તિ અને સંયમ જીવનની આરાધના કરી. પૂ. દાદા ગુરુદેવ શ્રી બુદ્ધિવિજયજી મ.ના અંતિમ સમયે તેમના પ્રથમ શિષ્ય પૂ. શ્રીશાંતિવિજયજી મ.સા. તો સંયોગવશાત્ હાજર ન હતા. પણ પૂ. શ્રી શાંતિવિજયજી મ.સા.ના પ્રથમ

શિષ્ય એવા આપણા ચરિત્ર નાયક પૂ. શ્રીકંચનવિજયજી મ.શ્રીએ અદ્‌ભુત જવાબદારી વહન કરી. અપ્રમત્તપણે દાદા ગુરુદેવને નિર્યામણા કરાવી હતી. આ બધી લાયકાતો જોઈને જ **વિ.સં. ૨૦૧૫ મહા સુદ ૧૦ના** દિને **ભાભર મુકામે** ગુરુદેવ પ.પૂજ્ય આચાર્ય ભ. શ્રીમદ્‌ વિજય **શાન્તિચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ પૂજ્ય મુનિ **શ્રીકંચનવિજયજી મ.ને ગણી તથા પંન્યાસ પદથી વિભૂષિત કર્યા.**

## આચાર્યપદ :

પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય શાન્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા. પોતાની અંતિમ અવસ્થામાં **વિ.સં. ૨૦૨૯ મહા સુદ ૬ના ભાભરનગરમાં** પૂ. પંન્યાસ શ્રી કંચનવિજયજી ગણિવરને, પૂ. પંન્યાસ શ્રી ભુવનવિજયજી ગણિવરને, પૂ. પંન્યાસ શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવરને તથા પૂ. પંન્યાસ શ્રી રંજનવિજયજી ગણિવરને **શ્રી જૈન શાસનના પંચ પરમેષ્ઠીમાં તૃતીય પદ આચાર્યપદે સ્વહસ્તે સ્થાપન** કર્યા અને સમુદાયની જવાબદારી પોતાના પટ્ટધરરત્ન **પૂ. આચાર્ય શ્રીમદ્‌ વિજય કનકપ્રભસૂરિ મ.સા.ને સોંપી.**

## ભવ્યોપકાર અને શાસન પ્રભાવના :

પૂજ્યશ્રી મુનિઅવસ્થામાં હતા ત્યારથી જ એક મુદ્રાલેખ જીવનમાં અંકિત કરેલો કે આપણાથી શાસન પ્રભાવનાના મોટા કાર્યો થાય કે ન થાય - ભલે ઓછા થાય. પરંતુ આપણું એક પણ વર્તન એવું ન હોવું જોઈએ કે જેથી કોઈ જીવ અધર્મ પામે. પૂજ્યશ્રી પોતાના જીવનમાં જ્યાં જ્યાં પણ ગયા ત્યાં ત્યાં જીવોને પાયાના ધર્માચરણમાં જોડવાનું કામ કર્યું. ભોરોલ, રામપુરા, સવપુરા, સાંચોર, હાડેચા, ઝાલ, ચીતલવાણા, માંડોલી, માંડાણી, જાવાલ વિગેરે રેતાળ પ્રદેશોમાં ઢીંચણ સુધીની રેતીઓ ખૂંદીને વિહાર કરવો પડે તેવાં સ્થળોમાં વિચરી પ્રાથમિક આચારોથી પણ વેગળા બની ગયેલા જૈનોને જૈનત્વ તરફ પાછા વાળવાનું કામ તેઓશ્રીજીએ કર્યું. ઘરોમાં બહેનોએ ચંદરવા રાખવા, ગળણું રાખવું જેવા પાયાના આચારોનું જ્ઞાન આપી જૈનત્વનો પાયો તૈયાર કરાવતા. જૈનો જ નહિ અનેકાનેક જૈનેતરો પણ પૂજ્યશ્રીની ઉપદેશ ધારાથી પાવન થઈ માર્ગાનુસારિતા તરફ વળ્યા હતા. **જ્યારે કોઈ ભક્ત કંકુના પગલાં કરવા વિનંતી કરે તો પૂજ્યશ્રી ઘસીને ના પાડતા અને કહેતા કે અમારા સાધુનો તે આચાર નથી.** શ્રી સંઘોના અધૂરા કામો કોઈ મતભેદના કારણે અટકયા હોય તો પૂજ્યશ્રી બન્ને પક્ષને સમજાવી અધૂરાં કામો પૂર્ણ કરવા ઉપદેશ આપતા. પાંજરાપોળ - જીવદયા માટે યથોચિત ઉપદેશ આપવાનું તેઓ ક્યારેય ચૂકયા નથી.

પૂજ્યશ્રીની નિશ્રામાં ધાનેરા, હાડેચા, સાંચોર અને કાગમાલામાં ઉપધાન થયેલા. શ્રી ભાભરથી શ્રી શંખેશ્વરજી તીર્થનો અને શ્રી ટાકરવાડાથી શ્રી મેત્રાણાતીર્થનો સંઘ, સવપુરા નિવાસી શેઠ રામચંદ ગમાનચંદ પરિવારે સાચા જરીના પાંચ છોડનું ઉદ્યાપન કરેલ. તેમજ પૂજ્યશ્રીની નિશ્રામાં ૧૦૦ ઉપરાંત દીક્ષા થયેલ હતી.

## શિષ્ય પરિવાર :

પૂજ્યશ્રીનો શિષ્ય પરિવાર આ મુજબ હતો. મુ. શ્રી મુક્તિવિજયજી મ. મુ. શ્રી ભદ્રંકર વિજયજી મ., શ્રી સુભદ્રવિજયજી મ., મુ. શ્રી મણિપ્રભવિજયજી મ., મુ. શ્રી કીર્તિપ્રભવિજયજી મ., મુ. શ્રી મુનિચંદ્રવિજયજી મ.

## શાસ્ત્રીય - શુદ્ધ માર્ગનો પ્રેમ :

પૂજ્યશ્રીનો આ ગુણ કદાચ સૌથી વધુ ઝળહળા થતો ઉડીને આંખે વળગે તેવો હતો.

**અમદાવાદ વિ.સં. ૨૦૪૨ ના પટ્ટકમાં** સહી લેવા માટે આવનારા કાર્યકરોને તેમણે સ્પષ્ટ જણાવેલ કે, **"મારા ઉપર પરમ પૂજ્ય આચાર્ય ભ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો મહાન ઉપકાર છે. શાસ્ત્રીય દૃષ્ટિએ તે જે કરે છે તે પ્રમાણે અમારે કરવાનું છે.**

**વિ.સં. ૨૦૪૪ના સંમેલન વખતે** અસત્યના પાયા ઉપર એકતાની ઈચ્છા ધરાવનાર આચાર્ય ભગવંતો તથા મુખ્ય આગેવાનોએ **પૂ.આ.ભ. શ્રીકનકપ્રભસૂરિ મ.સા.**ને સંમેલનના કાર્યમાં ટેકો આપવા માટે ઘણું દબાણ કરેલ. **પરંતુ તેઓશ્રી સિદ્ધાન્ત પક્ષે સુસ્થિત રહ્યા અને તેમાં ટેકો આપ્યો નહિ.**

તે અંગે આરાધક સુશ્રાવકોની વિનંતીથી **પૂ.આ.ભ. શ્રીકનકપ્રભસૂરિ મ. શ્રીએ શ્રીભાભર જૈન સંઘ ઉપર એક પત્ર લખીને જણાવ્યું કે,**

**"પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા કહે તે પ્રમાણે આપણે દરેકે કરવાનું છે. તે આલંબનથી બધુ ચલાવવાનું છે.**

**પટ્ટકમાં સહી મારી નથી માટે કોઈએ કુસંપનું બીજ રોપવું નહિ. ગામમાં જે સંભારે તે દરેકને ધર્મલાભ જણાવશો."**

તે પત્ર આજે પણ શ્રીભાભર જૈન સંઘની પેઢીમાં છે.

આ સમયે પૂજ્યશ્રીના બંન્ને લઘુગુરુ બંધુઓ પરમ **પૂજ્ય આચાર્ય શ્રીસોમચન્દ્રસૂરિ મ.સા.** અને પરમ **પૂજ્ય પંન્યાસ શ્રીજિનચન્દ્રવિજયજી** ગણિવર (હાલ પૂ. આચાર્ય શ્રી જિનચન્દ્રસૂરિ મ.સા.) પૂજ્યશ્રીની સાથે જ હતા.

આવો હતો પૂજ્યશ્રીનો શુદ્ધ શાસ્ત્રીયમાર્ગ પ્રત્યેનો પ્રેમ !

## અંતિમ સાધના :

વિ.સં. ૨૦૪૫નું ચાતુર્માસ ભાભર કરી, ભીલડીયાજી તીર્થે સાંચોરથી શત્રુંજયના છ'રી પાલક સંઘમાં એક દિવસ હાજરી આપી. પૂજ્યશ્રી વાંકડીયા વડગામ પધાર્યા. ત્યાં પૂ. પંન્યાસ શ્રીજિનચન્દ્રવિજયજી ગણિવરની નિશ્રામાં ચાલી રહેલ ઉપધાન તપમાં થોડા દિવસો સુધી હાજરી આપી. ધાનેરા દીક્ષા પ્રદાન કરવા માટે પ્રયાણ કર્યું. પૂજ્યશ્રીને જાણે અંત સમયનો અંદાજ આવ્યો હોય તેમ વિહાર કરતા પંન્યાસજી મ.સા.ને કહ્યું, **'શાતામાં રહેજો, છેલ્લા જુહાર.'**

ચૈત્ર માસની ઓળી સાંચોરમાં કરાવી ત્યારે ભાભરમાં પંન્યાસ શ્રીજિનચન્દ્રવિજયજી મ.સા.ની આચાર્યપદવીની જોરદાર તૈયારી ચાલુ હતી. ભાભરનો સંઘ સાંચોર આવ્યો, પૂજ્યશ્રીને પધારવા માટે આગ્રહભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ વિચાર્યું. આ બાજુ જે ઝાલ, હાડેચા, ચિતલવાણા વિગેરે સંઘો મારી આવવાની રાહ જોઈને બેઠા છે. તેમને નિરાશ કરવા ઉચિત નથી. તેથી ઓળી પછી **ચૈત્ર વદ ૫ના હાડેચા**

**પધાર્યા** ત્યાં તબિયતે એકદમ રૂખ બદલી પૂજ્યશ્રીના શિષ્ય મુ.શ્રી મુનિચન્દ્રવિજયજી મ. પૂજ્યશ્રીની વૈયાવચ્ચમાં નિમગ્ન હતા. ભાભરના સુશ્રાવક ફોજાલાલ પણ પૂજ્યશ્રીની સેવામાં ખડે પગે હાજર હતા. **વિ.સં. ૨૦૪૬ના ચૈત્ર વદ સાતમના દિવસે** સવારે પ્રતિક્રમણાદિ ક્રિયા કરી, ભગવાન પધરાવીને દર્શન પણ કર્યા. અંતે ચતુર્વિધ સંઘની હાજરીમાં, સૌએ સંભળાવેલ તપ, સ્વાધ્યાય, સાતક્ષેત્રાદિમાં દાન વિગેરે સુકૃતોની અનુમોદના કરી નવકારની ધૂન વચ્ચે, સવારે ૯ કલાકે પરમ સમાધિમાં રહી પૂજ્યશ્રી કાળધર્મને પામ્યા.

આવા ગુરુદેવના જીવનમાંથી સદ્‌બોધ લઈ સદ્‌ગુરુને સમર્પિત બની મોક્ષમાર્ગમાં આપણે સૌ આગળ વધીએ.

## મુનિનો પહેલો ગુણ નિઃસ્પૃહતા જોઈએ

ઉપદેશક, પરિગ્રહધારી લાલસાવાળો **'તમે છો તો અમે છીએ'** એવી ભાવનાવાળો ન જોઈએ. **'ગૃહસ્થોના આધારે અમે' 'તમે છો તો અમે છીએ'** એ ભાવના ઉપદેશકમાં ન જોઈએ. એ આવ્યું એટલે બગડ્યું. ગૃહસ્થની વસ્તુનો ઉપયોગ કરાય, એ વાત જુદી ! **મુનિ રહે ગૃહસ્થની નિશ્રાથી, એટલે કે આહારપાણી વગેરે તો લે, પણ કમળવત્ નિર્લેપ ! ગૃહસ્થ ભેગો ન ભળે.** કાદવમાં ઉગેલું અને પાણીથી વધેલું કમળ નોખું જ રહે છે. પાણીનો લેપ પણ કમળના પત્તાને ન લાગે. કમળના પત્તાને પાણી ભીનું ન બનાવે, તેમ સંયમ રક્ષા માટે જોઈતાં સાધન માટે મુનિ ગૃહસ્થના પરિચયમાં આવે, પણ તેઓથી લેપાય તો નહિ જ ! જો એ અલગ ન રહે, 'તમારાથી જ અમે' એ ભાવના હોય, તો તો શાસ્ત્રની બધી વાત પાનામાં જ રહે. 'મોર, પીંછાથી રળિયામણા' એ રીતે 'તમારાથી અમે' એમ થાય તો તો અમે તમને શાસ્ત્રની વાત કહી શકીએ જ નહિ. માટે જ શાસ્ત્રે લોકહેરીને ત્યાજ્ય કહી છે. તમારાથી અમારી શોભા ખરી, પણ એમાં આ આગમ હોય તો ! તમારી જરૂર શા માટે ? તમારામાં આ [આગમ] મૂકવા માટે ! એ ક્યારે બને ? તમારાથી ખેંચાઈએ નહિ તો ! ખેંચાઈએ તો થઈ રહ્યું.

- પૂ.આ.શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સંયમમાર્ગના પ્રખર પથદર્શક

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

ગુજરાત બનાસકાંઠા વિસ્તારમાં થરાદ પાસે મોટી પાવડ નામે ગામડું જ્યાં નહિ દેરાસર કે નહિ ઉપાશ્રય.

મોટી પાવડમાં સુશ્રાવક અનોપચંદભાઈના સૌથી મોટા પુત્ર સગથાચંદભાઈ રહેતા હતા. વિ.સં. ૧૯૭૧ શ્રાવણ સુદ ૧૫ના શુભ દિવસે સગથાચંદભાઈના ધર્મપત્ની અ.સૌ. પાર્વતીબેને એક પુત્ર રત્નનો જન્મ આપ્યો. તેમનું નામ હાલચંદભાઈ રાખવામાં આવ્યું. હજુ તો **હાલચંદની ઉંમર** નાની છે. **માંડ ૧૦ વરસની...** તે અવસરે પૂર્વ જન્મના કો'ક પુણ્યોદયે બે શુભ નિમિત્તો સંપ્રાપ્ત થઈ ગયા. એ શુભ નિમિત્તોએ આત્મામાં પડેલા સુષુપ્ત ધર્મ સંસ્કારોને જાગૃત કરી મૂક્યા.

**બે શુભ નિમિત્તોની પ્રાપ્તિ :**

**પહેલું નિમિત્ત :** મોટી પાવડ ગામમાં પૂ. પ્રશાંતરસપયોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયશાંતિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી **પૂ. સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજી મ. પધાર્યા. હાલચંદભાઈ તેમના સંસર્ગમાં આવ્યા.** સાધ્વીજીની ધર્મની મીઠી વાતો હાલચંદને ભાવી ગઈ. મનની મૂંઝવણોના યોગ્ય સમાધાન મળ્યા અને ઋજુ-પરિણામી **હાલચંદે ત્યાં જ કેટલાક નિયમો ગ્રહણ કરી લીધા.**

વળી સાંજે પ્રતિક્રમણના સમયે હાલચંદભાઈ સાધ્વીજી મ. પાસે હાજર થઈ ગયા. સાધ્વીજી મ.ની સાથે તો પુરુષથી પ્રતિક્રમણ કરાય નહિ, પરંતુ દૂર બેઠા રહીને આખું પ્રતિક્રમણ સાંભળતા રહ્યા. તેમાં ય **સાધ્વીજી** મ.ના મુખેથી **'પૃથ્વીચન્દ્ર ગુણસાગરની સજ્ઝાય' સાંભળીને તો હાલચંદભાઈનું હૈયું હાલી ગયું.** એમના હૃદયના ભાવ, સંસારના બેહાલ અને બેતાલ સ્વરૂપને ઓળખી લઈને **વૈરાગ્યરસથી ભાવિત બની ગયા.** આ સજ્ઝાયે હાલચંદભાઈના અંતરમાં વૈરાગ્યનું ઉજ્જ્વળ બીજારોપણ કરી મૂક્યું.

અને **બીજું નિમિત્ત :** એક વાર થરાદમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ૨૭ ભવના જીવનનું પુસ્તક હાથમાં આવી ગયું. એ પુસ્તકનું વાંચન કરતા અને તેમાં **કર્મસત્તાએ ભગવાનના પણ પૂર્વ ભવોમાં કેવા હાલ-હવાલ કર્યા હતા.** તે વાંચતા **હાલચંદભાઈનો આત્મા ધ્રુજી ઊઠ્યો :** 'આ જાલિમ કર્મોએ અરિહંતદેવના આત્માને ય નથી છોડ્યો, તો મારા જેવા અબુધ અને હીનને શું કર્મરાજ છોડશે ખરો ?'

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમામિ નિત્યં ગુરુરામચંદ્રમ્



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : હાલચંદભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૭૧ શ્રા. સુદ ૧૫ **મોટીપાવડ** |
| માતા | : પાર્વતીબેન |
| પિતા | : સગથાચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૯૧ ચૈ. વદ ૭ : **પાલીતાણા** |
| દીક્ષાની ઉંમર | : ૨૦ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. મુનિ શ્રી બુદ્ધિવિજયજી મ. સા. |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રી શાંતિવિજયજી મ. |
| દીક્ષા પછીનું નામ | : મુનિશ્રી સુજ્ઞાનવિજય મ. |
| ગણિપદવી | : વિ.સં. ૨૦૧૪ મા. વદ ૫ **શંખેશ્વરતીર્થ** |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૧૫ મ. સુદ ૧૦ **ભાભર** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૨૯ મ. સુદ ૬ **ભાભર** |
| આચાર્યપદ પર્યાય | : ૧૯ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૭ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૪૮ જે. સુદ ૧૧ શાહપુરના ખાંચે, **અમદાવાદ** |
| આયુષ્ય | : ૭૭ વર્ષ |

ઉત્તમ જીવોનું એ શુભ લક્ષણ છે કે તેઓને નાનકડું નિમિત્ત પામીને પણ અંતરમાં ધર્મની ભાવના પેદા થતી હોય છે.

## સંસાર-ત્યાગનો ભીષ્મસંકલ્પ :

**હાલચંદ** નામનો આ ઉત્તમ જીવ પણ, એક સજ્ઝાય સાંભળવાના અને એક પુસ્તક વાંચવાના, પ્રમાણમાં સાવ સામાન્ય ગણી શકાય તેવા, **નિમિત્તોને પામીને સંસાર-ત્યાગના ભીષ્મ સંકલ્પનો સ્વામી બન્યો.**

હાલચંદભાઈએ નિર્ધાર કરી લીધો : **'સંસાર ન ખપે અને સંયમ જ ખપે.'** ઉત્તમ આત્માઓને આવા ઉજ્જવળ સંકલ્પો સહજ સંપ્રાપ્ત હોય છે.

હાલચંદભાઈના સંયમલક્ષી નિર્ધારની ગંધ તેમના પિતા શ્રી સગથાચંદભાઈને આવી ગઈ. તેથી તેમણે હાલચંદ પર ચાંપતી નજર રાખવા માંડી. આના કારણે હાલચંદ માટે ધર્મપ્રવૃત્તિ કરવાની ઈચ્છા પ્રબળ હોવા છતાં મુશ્કેલી ઊભી થઈ ગઈ.

તે કાળમાં સામાન્ય જનસમૂહમાં 'દીક્ષા' પ્રત્યે એટલો અહોભાવ નહિ, તેમાંય બાળદીક્ષા અને યુવાદીક્ષાઓ પ્રત્યે વિરોધના વાયુમંડળ આકાશમાં ગૂંજે, પાવડ ગામમાં તો 'દીક્ષા' શબ્દ સાંભળીને લોકોમાં જાણે ગભરાટ પેદા થઈ જાય, વળી પિતાજીનો સ્વભાવ પણ ઉગ્ર, આ સ્થિતિમાં હાલચંદ દીક્ષાની વાત કરે તો ય શી રીતે કરે ?

પિતાજીના ઉગ્ર સ્વભાવના કારણે હાલચંદમાં આમેય પિતાજીની સામે બોલવાની ક્ષમતા ન હતી. ૧૯ ૧૯ વર્ષ સુધી હાલચંદભાઈ પિતાજીની સામે વિરોધી-સૂરમાં વાત કરવાની હિંમત ધરાવતા ન હતા.

## હાલચંદભાઈની અદ્‌ભુત જ્ઞાન-લગન :

હાલચંદને અવારનવાર થરાદ જવાનું થતું. તેથી ત્યાં જિનપૂજાદિ કરીને પ્રભુચરણના સ્પર્શથી તેઓ ચિત્તપ્રસન્નતા પામતા. ખેતરોમાં ફરતા અને ઘાસ વાઢતા. ઘાસના ઓથારે પુસ્તક રાખીને તેઓ બે પ્રતિક્રમણની સૂત્રની ગાથાઓ મોઢે કરતા અને પોતાના જ્ઞાનાવરણીય કર્મોને ય વાઢી નાખતા. **આ રીતે બે પ્રતિક્રમણ-સૂત્રો મોઢે કરી લીધા.** આવી અનુમોદનીય હતી હાલચંદભાઈની જ્ઞાન-લગન !

પૂ. સાધ્વીજી મહારાજોનું આગમન થતાં હાલચંદભાઈ ઝટ સત્સંગ કરવા પહોંચી જતા. એવામાં એકદા આપણા ચરિત્રનાયકના ભાવિ ગુરુદેવ પૂ. **મુનિરાજ શ્રી શાન્તિવિજયજી મ.** (પાછળથી પૂ.આ.શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.) **મોટી પાવડમાં પધાર્યા.** તેમના લોકરૂચિકર શૈલીના વ્યાખ્યાનોથી ગામના જૈનોને ધર્મરંગ લાગ્યો. હાલચંદભાઈ પણ આ સદ્‌ગુરુના સંગમાં રહેવા લાગ્યા; એટલું જ નહિ, વધુને વધુ સમય તે ગુરુચરણોમાં રહેતા, ગુરુદેવ દ્વારા સન્માર્ગનું દાન પામતા અને ધર્મરંગે વધુ ને વધુ રંગાતા.

**હાલચંદભાઈના** સંયમપ્રાપ્તિના નિર્ણયની જાણ તેમના પિતાજીને થઈ ગઈ હતી. તેથી તેમણે પુત્ર પર ચાંપતી નજર રાખવા માંડી. આથી હાલચંદની હાલત મુશ્કેલ બની ગઈ.

## પરમાત્મા પાસે અભિગ્રહ-ધારણ :

એકવાર હાલચંદભાઈ ભોરોલ તીર્થની યાત્રાર્થે ગયા. ત્યાં બાળ બ્રહ્મચારી દાદા શ્રી નેમિનાથ પ્રભુની યાત્રા કરી. હૈયું ગદ્ગદિત બની ગયું અને ભાવભર્યા હૈયે પરમાત્મા પાસે અભિગ્રહ ધારણ કર્યો કે, "મને ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થશે, તો તે પછી આપના દર્શન કરીને જ ટોપરૂ વાપરીશ. ત્યાં સુધી ટોપરાનો સંપૂર્ણ ત્યાગ."

અને... પ્રભુ નેમિનાથનો અચિંત્ય પ્રભાવ કે હાલચંદભાઈનો મનોરથ સફળ થાય તેવો અવસર આવી મળ્યો. હાલચંદભાઈને વ્યાપારાર્થે અમદાવાદ જવાનું બન્યું. તેઓ દિવસે કાપડ વેચતા અને રાત્રે પ્રતિક્રમણાદિ-આરાધના કરતા. તે દરમિયાન **માકુભાઈ શેઠનો રાજનગર** (અમદાવાદ)થી **પાલીતાણાનો** છ"રી" **પાળતો સંઘ નીકળવાના સમાચાર હાલચંદભાઈને મળ્યા.** એમનું હૃદય આ યાત્રા સંઘમાં જોડાવા માટે ઉત્સુક બન્યું. તેમણે પોતાના પિતાશ્રીને પૂછાવ્યું કે, 'આ યાત્રા સંઘમાં યાત્રિક તરીકે જવાની મારી અંતરેચ્છા છે. તો આપ કૃપા કરીને રજા આપશોજી.' પુણ્યોદય જાગી ગયો. પિતાશ્રી તરફથી સંમતિ મળી ગઈ અને હાલચંદભાઈ યાત્રા-સંઘમાં જોડાઈ ગયા.

## સિદ્ધગિરિજીના સંઘમાં... અને નવ ઉપવાસમાં રોજ જાત્રા :

**આ સંઘમાં અનેક આચાર્યાદિ** મુનિ ભગવંતો વિદ્યમાન હતા. તેમાંય પૂજ્યપાદ **બુદ્ધિવિજયજી** મ., પૂ. પાદ **તિલકવિજયજી મ.,** તથા પૂ. **પાદ શાંતિવિજયજી મ.** પણ ઉપસ્થિત હતા. પૂ. પાદ શ્રી શાંતિવિજયજી મ. પૂર્વ-પરિચિત હતા. તેથી હાલચંદભાઈ તેઓશ્રીની નિશ્રામાં જ રહેતા અને ભારે ભાવોલ્લાસપૂર્વક છ"રી" પાલન સહિત સુંદર આરાધના કરતા.

શ્રીસંઘ સિદ્ધગિરિજીની શીતળ છાયામાં પહોંચ્યો. હાલચંદભાઈ પૂ. ગુરુદેવોના નિવાસસ્થાનમાં જ રહ્યા. દાદા આદિશ્વરદેવના દર્શન-વંદન કર્યા. હાલચંદભાઈના હૈયાની હાલત હર્ષથી તરબતર બની ગઈ. સંઘ તો પૂરો થયો. પણ હાલચંદભાઈ તો ગુરુદેવની સાથે જ રોકાઈ ગયા. સિદ્ધિગિરિનું સાન્નિધ્ય અને સદ્ગુરુનો સત્સંગ હાલચંદભાઈને ખૂબ ભાવી ગયો હતો. **તે દરમ્યાન તેમણે સળંગ નવ ઉપવાસની તપશ્ચર્યા આદરી. ઉનાળાની ઉગ્ર ગરમીમાં ૯ ઉપવાસની તપશ્ચર્યા સાથે હાલચંદભાઈ રોજ ગિરિરાજની જાત્રા કરતા** અને ઉપર જઈને પરમાત્માની ઉછળતા ઉલ્લાસ સાથે પૂજાભક્તિ કરતા. એટલું જ નહિ, ગિરિરાજ ઉપર વિદ્યમાન સેંકડો જિનબિમ્બોની પૂજા પણ કરતા. શાસ્ત્રો કહે છે કે...

**"अत्युग्रपुण्यपापानामिहैव लभ्यते फलम् ।"**

"અતિશય ઉગ્ર કક્ષાના પુણ્ય અને પાપ તરત જ ફળ આપે છે." અતિ ઉગ્ર શુભ ભાવથી કરેલી પૂજા ભક્તિના પ્રભાવે હાલચંદભાઈના ચારિત્ર મોહનીય કર્મનો ભુક્કો બોલાઈ ગયો.

**ચૈત્ર વદ ૧નો દિવસ** હાલચંદભાઈ ગુરુ ચરણોમાં આવીને બેઠા. ગુરુદેવે પૂછયું, "કેમ હાલચંદ ! આજે તો તારા **નવ ઉપવાસ પૂરા થઈ ગયા.** આજે પારણું કરવું છે ને ?"

**હાલચંદભાઈ કહે :** "ના ! ગુરુદેવ ! તમે **મને દીક્ષા આપો, પછી જ હું પારણું કરીશ.**" ગુરુદેવ તો આ સાંભળીને સાનન્દ આશ્ચર્ય પામ્યા.

ગુરુદેવ બોલ્યા : "હાલચંદ ! આવો દુરાગ્રહ ન રાખ. તારા પિતાનો સ્વભાવ તો તને ખબર છે. વળી તમારા ઘરમાં 'ધર્મ' જેવો શબ્દ પણ દુર્લભ છે. છતાં તારા પિતાજીની સંમતિ મેળવીને પછી અમે તને દીક્ષા આપીશું."

પણ હાલચંદભાઈ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. આ સમયે ત્યાંના **પાલીતાણાના નગરશેઠ શ્રી વનમાળીદાસ પૂજ્યશ્રીને વંદન** કરવા આવ્યા. તેઓએ પૂછયું, "ગુરુદેવ ! શી મુંઝવણ છે ? મને જણાવો તો કાંઈક રસ્તો નીકળે."

ગુરુદેવે, હાલચંદભાઈને દીક્ષાનો તીવ્ર મનોરથ અને સાથે દીક્ષા મળે તો જ પારણું કરવાની તેમની જીદ વગેરે વાત કરી. **વનમાળીદાસ શેઠ બોલ્યા, "સાહેબજી !** આ યુવાનનો આટલો તીવ્ર ભાવ છે તો તેને દીક્ષા આપવાની આપ શા માટે ના પાડો છો ?"

ત્યારે ગુરુદેવ બોલ્યા : "આ યુવાન થરાદ પાસેના મોટી પાવડ ગામનો છે. તેના પિતાજી ઉગ્ર સ્વભાવના છે. વળી આખા કુટુંબમાં 'ધર્મ' અંગે કશી સમજણ નથી. દીક્ષાનું નામ સાંભળતા જ ધમાલ મચી જશે. ધર્મ વગોવાય અને શાસનહીલના થાય તો ? એ ડર મનને સતાવી રહ્યો છે. બાકી, અમે તો સાધુ છીએ. કોઈ પુણ્યાત્મા ચારિત્ર પંથે જવા ઈચ્છુક હોય તો અમે તો રાજીના રેડ થઈને તેને ચારિત્ર આપીએ. શા માટે ના પાડીએ ? પણ હાલચંદના હાલ જરા જુદા છે."

**ત્યારે શેઠ બોલ્યા : "ગુરુદેવ ! આપ નિશ્ચિંત બનીને દીક્ષા આપો. તેના માટે કોર્ટે જવું પડે તો ય હું જઈશ અને લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડે તો ય કરીશ. આપ ચિંતા કરશો નહિ."**

શેઠની વાત સાંભળીને ગુરુદેવના હૈયે પ્રસન્નતા પ્રગટી. હાલચંદભાઈનું હૈયું હર્ષાન્વિત બન્યું. ગુરુદેવે હાલચંદભાઈને સમજાવ્યું. "તરતમાં જ જે સારું મુહૂર્ત આવતું હશે, તે મુહૂર્તે તને દીક્ષા આપીશું. તું હવે પારણું કરી લે."

## સંયમ-પ્રાપ્તિ અને સ્વજનોની ઉપશાન્તિ :

ગુર્વાજ્ઞાને શિરસાવંદ્ય કરીને હાલચંદભાઈએ પારણું કર્યું. ગુરુદેવે ચૈત્ર વદ-૭નું મુહૂર્ત નક્કી કર્યું અને **વિ.સં. ૧૯૯૧ની સાલમાં ચૈત્ર વદ-૭ના શુભ દિને પાલીતાણામાં પૂ.પાદ શ્રીમદ્ બુદ્ધિવિજયજી મ.સા.ના વરદ હસ્તે હાલચંદભાઈએ હરખભર્યા હૈયે સંસાર ત્યાગીને સંયમપથ સ્વીકારી લીધો.** તેઓ સંસારી મટી સાધુ બન્યા. હાલચંદ મટીને "મુનિ શ્રી **સુજ્ઞાનવિજયજી મ.**" બન્યા. તેમને પૂ. **મુનિરાજ શ્રી શાન્તિવિજયજી મ.ના શિષ્ય તરીકે ઉદ્ઘોષિત કરવામાં આવ્યા.**

હાલચંદભાઈની દીક્ષા તો થઈ ગઈ. પરંતુ સહુના હૈયામાં ડર હતો કે હાલચંદભાઈના સંસારી સ્વજનો અહીં આવીને ધમાલ કરશે. તેથી એક મહિના સુધી હાલચંદભાઈની દીક્ષાના સમાચાર મોટી પાવડ મોકલ્યા જ નહિ. એક મહિના બાદ "હાલચંદભાઈની દીક્ષા થઈ ગઈ છે." એવા સમાચાર મોટી પાવડ મોકલાયા.

હાલચંદભાઈમાંથી પ્રવ્રજિત બનેલા મુનિવર શ્રી સુજ્ઞાનવિજયજી મ.ની શુભ ભાવનાઓનું વાયુમંડળ ત્યાં પણ અસર કરી ગયું. મોટી પાવડમાં હાલચંદભાઈની દીક્ષાના સમાચાર પહોંચતા જ **સૌના હૈયા વિષાદ-વિરોધની જગ્યાએ આનંદવિભોર બની ગયા.** તેમના અનેક સ્વજનો **પાલીતાણા આવી પહોંચ્યા.** ત્રણેય વડીલ પૂજ્ય ગુરુદેવોને વંદન કરીને સહુ સ્વજનો નૂતન મુનિવરને વંદના કરીને તેમની પાસે બેઠા. પૂર્વે ધર્મનો અને દીક્ષાનો વિરોધ કરનારા હાલચંદભાઈના ઉગ્ર સ્વભાવી પિતાશ્રી પણ શાંતવદને બેઠા હતા. તેમનામાં પણ હવે ચિત્તપ્રસન્નતા વરતાતી હતી.

પૂ. મુનિ શ્રી સુજ્ઞાનવિજયજી મ.ના શુભ ભાવો સ્વજનોના હૈયામાં ય શુભ રૂપે પ્રતિબિમ્બિત બન્યા. એમાંથી સિદ્ધગિરિ જેવી શાશ્વત તીર્થભૂમિનું પવિત્ર વાતાવરણ પણ સ્વજનોના મનમાં ભક્તિભાવ જગાડી ગયું. નૂતન મુનિવરના સ્વજનોએ ભગવાનની ભક્તિ કરી. જિનભક્તિ-મહોત્સવ કર્યા અને ગામમાં સાકરના પડાની પ્રભાવના કરીને પોતાનો હૃદયાનન્દ પ્રગટ કર્યો. પૂ. ગુરુદેવોને અને નૂતન મુનિવરને ય વિનંતી કરી કે, "ચોમાસુ પૂર્ણ થયે અમારા ગામમાં પધારજો; ગુરુદેવ !"

## મોટી પાવડમાં જિનભક્તિ-મહોત્સવ :

એટલું જ નહિ, ચાતુર્માસ પૂર્ણ થયા બાદ આગ્રહ કરીને પૂજ્યોને પોતાના ગામ મોટી પાવડમાં લઈ ગયા. ધામધૂમપૂર્વક પૂજ્યોનો નગર-પ્રવેશ કરાવ્યો. નૂતન મુનિવરની સંયમ-પ્રાપ્તિની ખુશાલીરૂપે પંદર દિવસનો જિનભક્તિ-મહોત્સવ કરવામાં આવ્યો.

આપણા ચરિત્રનાયક પૂ. મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મ.ની સંયમયાત્રા આગળ ધપી રહી હતી. પણ લોકહૃદયમાં હજી એમજ હતું કે, 'આ ગામડામાં જન્મેલો અને ઉછરેલો જુવાન સાધુ બીજું તો શું કરી શકશે ? પાણીના ઘડા ઉપાડશે અને બીજા સાધુઓની સેવા કરશે.' પણ... ભલા ! ભાવિના લેખ મહાજ્ઞાની સિવાય કોણ વાંચી શકે છે ?

## ધૂણી રે ધખાવી તે તો, સમ્યગ્જ્ઞાનની :

પૂ. મુનિ શ્રી સુજ્ઞાનવિજયજી મ. તો ગુરુનિશ્રામાં રહીને અને ગુર્વાજ્ઞાને સદૈવ શિરસાવંદ્ય કરતા રહીને સુંદર સંયમસાધના કરવા લાગ્યા. તેમણે જ્ઞાન મેળવવા પણ ધૂણી ધખાવી. તેઓ સંયમનું મૂલ્ય અને તેને સફળ કરવા માટે સમ્યગ્જ્ઞાનનું ઝાઝેરું મૂલ્ય પણ સમજતા હતા.

સમ્યગ્જ્ઞાનને પામવા માટે પૂજ્યશ્રીજી જ્ઞાનના રોજ ૫૧ ખમાસમણાં દેતા. રોજ પાંચ જ્ઞાનનો ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરતા અને જ્ઞાનપદની માળા પણ ગણતા. એટલું જ નહિ, **જે દિવસે જે જે ગાથાઓ મોઢે કરવાની હોય, તે તે ગાથાઓના જેટલા અક્ષર હોય, તેટલી સંખ્યામાં જ્ઞાનપદના ખમાસમણા આપતા** અને પછી જ ગાથા ગોખવા બેસતા. જ્ઞાનની આવી ઉત્તમ ભક્તિ કરતાં કરતાં તેમના જ્ઞાનાવરણીય કર્મો ખરવા લાગ્યા. તે કર્મનો ક્ષયોપશમ ખીલવા લાગ્યો. આના પ્રભાવે **એક દિવસમાં એક-એક આખા પ્રકરણો કંઠસ્થ કરવાની શક્તિ પૂજ્યશ્રીજીના આત્મામાં ઉત્પન્ન થઈ.**

જ્ઞાન અને જ્ઞાનીનો આદર-બહુમાન કરવાથી કેવું ઉત્તમ ફળ પામી શકાય, તેનું જ્વલંત ઉદાહરણ પૂજ્યશ્રીના જીવનની ઉપર્યુક્ત ઘટના છે.

## અદ્ભુત સંયમનિષ્ઠા, ક્રિયારુચિ અને ગુરુવિનય :

પૂ. શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજમાં સમ્યગ્જ્ઞાનની સાથે સંયમનિષ્ઠા અને સત્ક્રિયાની રુચિનો ય ભારે સુમેળ જોવા મળતો હતો. તેમના હૃદયમાં ગુરુ-બહુમાન અને ગુરુ-વિનય પણ અદ્ભુત હતો અને તેથી તેમને નિજ-ગુરુદેવની અપાર કૃપા પણ સંપ્રાપ્ત થવા પામી હતી.

એકવાર સદ્ગુરુદેવે પોતાના આ સુવિનીત શિષ્યરત્નની સુયોગ્યતાને નિરખીને સ્વતંત્રપણે ચાતુર્માસ કરવા જવાની આજ્ઞા ફરમાવી. બસ... પછી તો ગુર્વાજ્ઞા મુજબ સ્વતંત્રપણે ચાતુર્માસ કરવાનો સિલસિલો પૂજ્યશ્રીના જીવનમાં ચાલુ જ રહ્યો.

પૂજ્યશ્રીજી જ્યાં જ્યાં પણ ચાતુર્માસ કરતા, ત્યાં ત્યાં સર્વત્ર ચારિત્ર જીવનની સુવાસ પ્રસરાવી જતા. પોતાના પ્રવચનો દ્વારા અને નિર્મળ ચારિત્રમય જીવન દ્વારા લોકોને ધર્મ-આરાધનાના રંગે એવા રંગી દેતા કે, ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પણ મહિનાઓ અને વર્ષો સુધી લોકો પૂજ્યશ્રીને યાદ કરતા રહેતા અને તેમના ગુણોને ગાતા કહેતા કે 'સાધુ હો તો આવા.'

## ગણિ-પંન્યાસપદથી અલંકૃત પૂજ્યશ્રી :

વર્ષોના વર્ષો પસાર થઈ ગયા. પૂજ્યશ્રીનો સંયમપર્યાય ૨૨ વર્ષનો થયો. પૂજ્યશ્રીની યોગ્યતાને નિહાળીને તેઓશ્રીના ગુરુદેવે તેમને **ભાભર નગરે શ્રી ભગવતી સૂત્રના જોગમાં પ્રવેશ કરાવ્યો.** એ જોગની પૂર્ણાહૂતિ થતાં પૂજ્યશ્રીને તેમના પૂ. ગુરુદેવશ્રીએ વિ.સં. **૨૦૧૪**ની સાલમાં **મા. વદ ૫ શંખેશ્વરમાં ગણિ પદ** અને **વિ.સં. ૨૦૧૫ મહા સુદ ૧૦ના ભાભરમાં પંન્યાસપદવીથી અલંકૃત કર્યા** અને જિનશાસનની વિશિષ્ટ જવાબદારી તેમને સોંપવામાં આવી.

પૂ. મુનિરાજ **શ્રી સુજ્ઞાનવિજયજી મ.** હવે **'પંન્યાસ પ્રવર'** બન્યા હતા. જવાબદાર શાસનપ્રભાવક પુરુષ બન્યા હતા. ગુરુકૃપાને પામીને તેમણે પોતાના શિર ઉપર વધેલી શાસન પ્રભાવના અને રક્ષણની જવાબદારી સમજદારીપૂર્વક નિભાવી હતી. એટલું જ નહિ, પૂજ્યશ્રીના આત્મામાં સમ્યગ્જ્ઞાનની સાથે સાથે અન્ય પણ અનેક સદ્ગુણોનો વિકાસ થવા લાગ્યો.

## પૂજ્યશ્રીજીની દર્શનીય પ્રભુભક્તિ અને ક્રિયારુચિ :

પરમાત્મા પ્રત્યેની એમની ભક્તિ ખરેખર અવિહડ હતી. પ્રભુના દર્શને પૂજ્યશ્રીનો આત્મા આનન્દી ઉઠતો. હૈયું હર્ષ-વિભોર બની જતું. ભગવાનની પ્રતિમાને તેઓ સાક્ષાત્ તારક વિહરમાન તીર્થંકર પ્રભુ જ સમજતા અને પ્રભુ પાસે હૈયાના ભાવોને, નાનો બાળક જેમ મા પાસે ખુલ્લા મને નિજ-ભાવોને વ્યક્ત કરે તેમ, વ્યક્ત કરતા. ભગવાન સમક્ષ હૃદયના ઉમળકાપૂર્વક ભાવોને પ્રગટ કરતી અનેક વિવિધ પ્રાર્થનાઓ કરતા.

પૂજ્યશ્રીજી હૈયાથી માનતા કે મોક્ષની પ્રાપ્તિ માટે મુખ્ય હેતુરૂપ એક તો સતૂક્રિયાઓ છે અને બીજી, તપોધર્મની આરાધના છે અને માટે જ પૂજ્યશ્રી વીર્ય ફોરવીને પણ તપની આરાધના કરતા. જીવનના અંતિમ વરસોમાં, શરીર બળ સાથ ન આપતું, ત્યારે પૂજ્યશ્રી કરતા તો નવકારશી, પણ તેમાં તેઓશ્રીની ત્યાગવૃત્તિ ઝળહળાં તેજ વેરતી દેખાતી. ખાવા પ્રત્યે કોઈ અનુરાગ નહિ, **'અલ્પ સંખ્યક દ્રવ્ય અને અલ્પ આહાર' એ એમનું જીવન સૂત્ર હતું.**

## લોકહૈયામાં પૂજ્યશ્રીજીની ઊંચી પ્રતિભા :

પૂજ્યશ્રીજીની સિદ્ધાન્તનિષ્ઠા અને સત્યનિષ્ઠાના એ રૂડાં પ્રતાપ હતા કે તેઓશ્રીએ ધર્મદૃષ્ટિએ ઉખર જેવી ગણાતી ભૂમિઓ ઉપર વિહાર કરીને ય કેટલાય સંઘોનો અને કેટલાય ભવ્યાત્માઓનો ઉદ્ધાર કર્યો. પોતાની કુશળ ધર્મશક્તિના પ્રતાપે હજારો જીવોને પ્રભુશાસનનો માર્ગ અને મર્મ સમજાવીને શાસનરસિક બનાવ્યા.

અનેક ગામોના જૈન સંઘોમાં ઉત્પન્ન થયેલા વિકટ પ્રશ્નોને પણ, કોઈને અપમાન ન થાય તેવી રીતે, પોતાની આગવી કોઠા-સૂઝથી સત્યમાર્ગને અવરોધ્યા વગર, પૂજ્યશ્રી સુલઝાવી આપતા. આના કારણે સમગ્ર સંઘોમાં સર્વત્ર આનંદ છવાઈ જતો. ક્યારેક લોકો એવું પણ **બોલતા જોવા મળતા કે, "મહારાજશ્રી ભલે કડક અને આકરા દેખાતા હોય, પણ સાચા સાધુ તો આવા જ હોવા જોઈએ. જેઓ સત્યમાર્ગને રજૂ કરવામાં અને તેને સ્થાપિત કરવામાં કોઈની શેહ-શરમ ન રાખે."**

આવી હતી લોક-હૈયામાં જામેલી પૂજ્યશ્રીની એક ઊંચી પ્રતિભા !

## શિલ્પ-જ્યોતિષ શાસ્ત્રમાં પરમનિષ્ણાત પૂજ્યશ્રીજી :

પૂજ્યશ્રીજી શિલ્પકળામાં અને જ્યોતિષ-શાસ્ત્રમાં ય પરમ નિષ્ણાત હતા. આ અંગેનું તેમનું જ્ઞાન અને અનુભવ વિશાળ હતા. અનેક સંઘોના જિનાલયોના ગૂંચવાયેલા કાર્યો અને મુહૂર્ત સંબંધી મુંઝવણોને પૂજ્યશ્રીએ પોતાની અનુભવી બુદ્ધિના અર્કથી એવી રીતે દૂર કરી આપી હતી કે સંઘના આગેવાનો સાનંદ-આશ્ચર્ય અનુભવતા. વિવાદમાં સામે આચાર્ય હોય, જ્યોતિષી હોય કે શિલ્પી-સોમપુરા હોય પણ પૂજ્યશ્રીજીની દલીલો-વાતો સાંભળીને તે બધાય વિચાર કરતા થઈ જતા. એટલું જ નહિ, બીજીવાર એ વિષયમાં પૂજ્યશ્રીની સામે દલીલબાજી કરવાની કોઈ હિંમત કરી શકતું નહિ. કારણ કે આ મહાપુરુષ આવા વિષયમાં 'નબળી વાત' ચલાવી લેવાની તૈયારી ધરાવતા ન હતા. અવસરે **પૂજ્યશ્રી સ્પષ્ટપણે કહી દેતા કે, "જ્યોતિષ અને શિલ્પશાસ્ત્રના વિષયમાં હું નિશ્ચિતરૂપે શાસ્ત્રાધારે ચાલનારો સાધુ છું. તેમાં તમારી વ્યક્તિગત અનુકૂળતા-પ્રતિકૂળતા પ્રમાણે વર્તવું હોય તો મારી પાસે બીજીવાર આવવુ નહિ."**

શાસ્ત્રના અને સત્યના તેઓ સદાગ્રહી હતા. તેઓશ્રીના જીવનમાં આ અંગેના અનેક પ્રસંગો બનવા પામ્યા હતા.

આ બધા અનુભવોના પ્રતાપે અનેક આચાર્યાદિ મુનિ ભગવંતો, શિલ્પીઓ અને જ્યોતિષીઓ કહેતા કે, **"જિનાલયના શિલ્પ-વિષયમાં અને જ્યોતિષ-વિષયમાં પૂજ્યશ્રી સુજ્ઞાનવિજયજી મ.સા. અદ્ભુત**

**જ્ઞાની છે.** આ વિષયમાં તેમણે આપેલ માર્ગદર્શન કે સૂચના પછી બીજું કાંઈ વિચારવાનું હોય જ નહિ. આ અંગે અન્ય પ્રકારની દલીલને હવે અવકાશ રહેતો નથી.”

આવું હતું : પૂજ્યશ્રીનું શિલ્પ અને જ્યોતિષ સંબંધી અદ્ભુત જ્ઞાન !

**પૂજ્યશ્રીજી શ્રી જિનશાસનના સૈદ્ધાંતિક સન્માર્ગમાં પણ સુદૃઢ હતા. શાસન સંબંધી વિકટ પ્રશ્નો જ્યારે જ્યારે ઉપસ્થિત થતા ત્યારે સન્માર્ગેથી પીછેહઠ તેમણે કદી કરી નથી.** તેઓશ્રીના હૈયે સદા આ જ વાત રમતી રહેતી કે, **“હું શાસનનો છું અને શાસન મારું છું.”** આ શુભ ભાવ પૂજ્યશ્રીના હૈયે જીવનના છેલ્લા શ્વાસ સુધી રમતો હતો અને માટે જ તેઓશ્રી સૈદ્ધાંતિક માર્ગમાં સદૈવ અડીખમ ઊભા રહ્યા અને અનેકોને તે માર્ગે ટકાવી પણ રાખ્યા.

## શાસન, સમુદાય અને સ્વગુરુદેવો પ્રતિ પૂર્ણ વફાદાર : પૂજ્યશ્રીજી

પૂજ્યશ્રીજીની નીડરતા વંદનીય હતી.

પૂજ્યશ્રીજીની સાહસિકતા પ્રશંસનીય હતી, તો પૂજ્યશ્રીજીની શાસન પ્રત્યેની અડગતા અભિનંદનીય હતી.

**પૂજ્યશ્રીજીની શાસન ખુમારીના કારણે ‘ખોટા’ લોકો તેઓશ્રી પાસે આવી શકતા નહિ અને આવતા તો ફાવતા નહિ.**

સંયમનો રાગ, શાસનનો અનુરાગ અને ગુરુદેવની કૃપા આ ત્રણેના બળે પૂજ્યશ્રીજી સ્વ-સમુદાયમાં, ભક્તવર્ગમાં અને અનેક શ્રીસંઘોમાં આદરણીય બન્યા હતા. એટલું જ નહિ, પોતાના ગુરુદેવોના હૈયામાં પણ તેમણે અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પૂજ્યશ્રીજી સ્વભાવે ‘ઉગ્ર’ લાગતા; પણ તે ‘ઉગ્રતા’ ક્યારેય પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા માટે ન હતી. સમુદાયનું રખોપું કરવા માટે, ભક્તોને સદ્ધર્મમાં સુસ્થિર રાખવા માટે, શ્રીસંઘોને પણ શાસનમાર્ગમાં ટકાવી રાખવા માટે, જિનસિદ્ધાંતોનું સંરક્ષણ કરવા માટે અને અવિધિને દૂર કરીને વિધિમાર્ગનું સ્થાપન કરવા માટે અવસરે કડક બન્યા વગર ચાલતું નથી.

**પૂજ્યશ્રીજી ઉગ્ર હતા, છતાં હૈયાના ખૂબ સરળ હતા. અવસર આવે પોતાની ભૂલ સમજાતાં તેને કબૂલ કરી લેતાં પણ તેઓ અચકાતા નહિ.**

શાસન, સમુદાય અને સ્વ-ગુરુદેવો પ્રત્યે પૂજ્યશ્રીજીની વફાદારી જીવનભર ટકી રહી હતી. પોતાના પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ.સા. જ્યાં સુધી વિદ્યમાન હતા, ત્યાં સુધી ચાતુર્માસ પૂર્ણ થતાં જ પૂજ્યશ્રી, પોતાના ગુરુદેવના ચરણોમાં વંદનાર્થે પહોંચી જતા. સ્વ-ગુરુદેવ અને સ્વ-સમુદાય પ્રત્યે પૂજ્યશ્રીજીના હૃદયમાં ભારે અહોભાવ હતો. **એક અવસરે પોતાના શક્તિ સમ્પન્ન શિષ્ય સાથે મતભેદ થતાં જુદા પડી ગયા. છતાં પોતે અણનમ રહ્યા. સિદ્ધાંતને છોડવાના બદલે મજેથી એકલા રહ્યા. પરંતુ સિદ્ધાંતની વફાદારી ન જ છોડી.** આવી હતી પૂજ્યશ્રીજીની શાસનનિષ્ઠા અને સિદ્ધાંતનિષ્ઠા.

જીવનમાં પ્રાપ્ત કરેલા વિશિષ્ટ સદ્‌ગુણો શાસનરાગ, શાસનરક્ષા કાજે અવિચલતા, ક્રિયામાર્ગનો અવિહડ રાગ અને શાસનપ્રભાવકસત્‌કાર્યો... આ બધી વિશિષ્ટતાઓના કારણે જૈનશાસનના અતિ ઉત્તમ આચાર્યપદ પર આરૂઢ કરવાનો મનોરથ પૂજ્યશ્રીજીના ગુરુદેવશ્રીજી મનમાં સેવી રહ્યા હતા.

## નિજ-ગુરુદેવના હસ્તે સૂરિપદ-સંપ્રાપ્તિ :

પૂજ્યશ્રીજીના ગુરુદેવશ્રીજી (પૂ.આ.શ્રી વિજય શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ.)નું સ્વાસ્થ્ય જ્યારે છેલ્લા બે વર્ષથી અસ્વસ્થ રહેવા લાગ્યું ત્યારે તેઓશ્રીની એ હૃદય-ભાવના હતી કે પોતાના જ સ્વહસ્તે પોતાના વિનીત શિષ્ય પૂ. શ્રી સુજ્ઞાનવિજયજી મ.સા.ને સૂરિપદ સમર્પણ થઈ જાય. મનની આ ભાવનાના કારણે ગુરુદેવે પૂજ્ય **ચરિત્રનાયકશ્રીજીને આજ્ઞા ફરમાવી કે, "મારી પાસે ભાભર આવી પહોંચો."**

પૂ. સ્વ-ગુરુદેવની આજ્ઞા પ્રાપ્ત થતાં જ પૂજ્યશ્રીજી પોતાના અન્ય મહત્ત્વના કાર્યોને ગૌણ કરીને પૂ. ગુરુદેવની ચરણ સેવામાં ભાભર નગરે ઉપસ્થિત થઈ ગયા. બે દિવસ પસાર થયા બાદ શિષ્યે વિનીત ભાષામાં ગુરુદેવને પૂછયું, "સાહેબજી ! આપે અચાનક મને આપની પાસે કેમ બોલાવ્યો ?" ત્યારે ગુરુદેવે વત્સલ સ્વરે કહ્યું, **"મારા હૃદયની એક મહત્ત્વની ઈચ્છા બાકી રહી છે; તે હવે પૂર્ણ કરવી છે. હવે બધી રીતે તારામાં યોગ્યતા પ્રાપ્ત થઈ ગઈ છે. તેથી તને જૈનશાસનના તૃતીયપદે (આચાર્યપદે) આરૂઢ કરવા છે. માટે જ તને બોલાવ્યો છે."**

તે સમયે આ સુવિનીત શિષ્ય બોલ્યા : "ગુરુદેવ ! જૈનશાસનના આ મહત્ત્વપૂર્ણ પદને વહન કરવાની યોગ્યતા હજી મારામાં ઉત્પન્ન થઈ હોય... તેવું લાગતું નથી. હજી તો મારે ઘણી ઘણી યોગ્યતા પામવાની બાકી છે. માટે, ગુરુદેવ ! આવી મહાન જવાબદારી આપ મને ન સોંપો."

ત્યારે ગુરુદેવે જવાબ આપ્યો : "સુજ્ઞાનવિજયજી ! તારી યોગ્યતાનો નિર્ણય મારે કરવાનો છે; તારે નહિ. મારી તને સ્પષ્ટ આજ્ઞા છે. માટે તારે આચાર્યપદવી લેવાની જ છે. તારે હવે બીજો કોઈ વિચાર કરવાનો નથી."

બસ... વાત પૂરી થઈ. **"ગુરુની આજ્ઞાનું કદી ઉલ્લંઘન થઈ શકે નહિ."** પછી ભાભર નગરનો સકળ સંઘ પૂ. આચાર્ય ગુરુદેવની નિશ્રામાં એકત્ર થયો. પૂજ્યશ્રીએ પોતાનો નિર્ણય જણાવી દીધો કે, **"ત્રણ પુણ્યાત્માઓની આચાર્યપદવી ભાભર** જૈન સંઘના ઉપક્રમે કરવાની છે. તેમાંના એક **પં. શ્રી સુજ્ઞાનવિજયજી મ.** છે." સકળ સંઘ તો આ અવસરના આગમનની કલ્પનામાત્રથી આનંદવિભોર બની ગયો. સંઘે ઉલ્લાસપૂર્વક "શ્રી જૈનશાસનદેવની જય" બોલાવી દીધી અને તડામાર તૈયારીઓ આરંભી દીધી.

ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવપૂર્વક પૂ. પ્રશાંતમૂર્તિ, આચાર્ય ગુરુદેવ શ્રીમદ્ **વિજયશાંતિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે, વિ.સં. ૨૦૨૯ના મહા સુદ-૬ના મંગળ દિવસે, ભાભરના આંગણે આપણા ચરિત્રનાયકશ્રીજી 'આચાર્યપદે આરૂઢ' કરાયા** અને આજ સુધી જેઓ **"પૂ.પં.શ્રી સુજ્ઞાનવિજયજી મ."** તરીકે ઓળખાતા હતા, તે પૂજ્યશ્રીજીનું આચાર્યપદ-પ્રસંગે નવું નામકરણ, **"પૂ.આચાર્ય શ્રી વિજય સોમચન્દ્રસૂરીશ્વરજી મ." કરવામાં આવ્યું.**

## સમુદાય, સંઘ અને શાસનરક્ષક : પૂજ્યશ્રીજી :

ગુરુકૃપા-પ્રાપ્ત ગુરુદેવ જિનશાસનની ધુરાને સમર્થ બનીને વહન કરવા લાગ્યા. પૂ. ગુરુદેવનો **સૂરિપદનો કાળ વિ.સં. ૨૦૨૯ થી વિ.સં. ૨૦૪૮ સુધીનો હતો.** આ સમય દરમ્યાન પૂજ્યશ્રીજીએ માન-અપમાનની કદી પરવા કરી નથી. દુનિયા મારા માટે શું વિચારે છે, તેનો વિચાર કર્યા વગર તેઓશ્રીએ આચાર્યપદને નિભાવ્યું અને દીપાવ્યું અને પોતાના પૂ. ગુરુદેવે પોતાના ઉપર મૂકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવ્યો તથા પૂજ્યશ્રીએ સદૈવ જિનશાસનની રક્ષા, આરાધના અને પ્રભાવનાને જ પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું.

**અમદાવાદ-રાજનગરમાં વિ.સં. ૨૦૪૨ના પટ્ટક-નિર્માણ સમયે તથા વિ.સં. ૨૦૪૪ના શ્રમણ-સંમેલન સમયે વિરોધી-વિચારવાળાઓ પણ પૂજ્યશ્રીજીની સામે આવવાની હિંમત કરી શકતા ન હતા.** પૂજ્યશ્રીની શાસ્ત્ર-ચુસ્તતા અને નીડરતા ખૂબ જાણીતી હતી. **પૂજ્યશ્રી શાસ્ત્રીય રીતે સત્યપક્ષમાં રહ્યા - અને સંમેલનના નિર્ણયો સામે પ્રચંડ વિરોધ જાહેર કર્યો.**

આમ, પૂજ્યશ્રીજી સમુદાયરક્ષક તો હતા જ, પણ સંઘ સંરક્ષક અને સંઘ-સન્માર્ગદર્શક પણ હતા. પૂજ્યશ્રી સાચા સિદ્ધાંતરક્ષક, શાસન પ્રભાવક અને ભક્તોના માર્ગદર્શક પણ હતા. બીજા શબ્દોમાં કહીએ તો પૂ. ગુરુદેવ સકલસંઘ માટે એક પરમોપકારી માર્ગદર્શક "ભોમિયા" સમાન હતા. **વિરોધી-વિચારધારાના વાવંટોળની સામે પણ પૂજ્યશ્રીજી સદા અણનમ રહ્યા હતા અને પોતાની શક્તિ પ્રમાણે સતત તેઓશ્રીએ શાસનરક્ષા અને પ્રભાવના કરી.**

**પૂ.આ.શ્રી વિજય સોમચન્દ્રસૂરિ મ.સા. જૈન પ્રવચન ના વાંચનથી પૂ.આ.શ્રી.વિજય રામચન્દ્રસૂરિ મ. સાહેબ પ્રત્યે સમર્પિત ભાવવાળા થયેલ. શાસન સિદ્ધાન્તના પ્રશ્નોમાં તેઓશ્રી હંમેશા પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્રસૂરિ મ. સાહેબની સાથે જ રહેલા. તેઓશ્રી પૂજ્યપાદશ્રીજીની વાતને ગુરુવત્ સ્વીકારતા.**

**વિ.સં. ૨૦૨૦નો પિંડવાડાનો પટ્ટક રદ કરવા-કરાવવામાં તેઓશ્રી તપાગચ્છાધિરાજ પૂ.આ.દે.શ્રી.વિ. રામચન્દ્રસૂરિ મહારાજા સાથે જ હતા.**

## પૂજ્યશ્રીજીને કિડનીની બિમારી :

વિ.સં. ૨૦૪૮ના મહા મહિનામાં પૂજ્યશ્રીજીની તબિયત વધુ અસ્વસ્થ થઈ. ડૉક્ટરોને બતાવવામાં આવ્યું. ડૉક્ટરી નિદાન થયું કે, "કિડની કામ કરતી નથી." આ ઘટના પૂર્વે એટલે કે **દીક્ષા-સ્વીકાર બાદ થોડાંક જ વર્ષમાં પેટમાં ગાંઠની તકલીફ થતાં એક કિડની તો કાઢી જ નાંખવી પડેલી. તે પછી વરસોથી એક જ કિડની ઉપર પૂજ્યશ્રીજીની જીવનનૈયા ચાલી રહી હતી.**

તેમાં વિ.સં. ૨૦૪૮ના મહા મહિનામાં ડૉક્ટરી-નિદાન પ્રમાણે બીજી કિડની પણ બરાબર કામ આપતી ન હોવાનું નક્કી થયું. ડૉક્ટરોએ કહ્યું, "દવાઓ ચાલુ રાખો. આયુષ્ય જેટલું હશે તેટલું પૂજ્યશ્રીજી જીવશે." આ સાંભળી શિષ્યો ભાંગી પડ્યા. અને નિરાશા-ઘેરી વળી. હજારોને પ્રકાશ આપતો આ ટમટમતો દીવડો હવે થોડો દિવસ જ પ્રકાશ આપીને શું બુઝાઈ જશે ? લાખોના સન્માર્ગદર્શક

આ ગુરુદેવ શું અલ્પકાળમાં જ આંખોથી ઓઝલ બની જશે ? સહુના હૈયાની વેદના અપરંપાર હતી, પણ કોઈ ઈલાજ સુઝતો નહતો.

ડૉક્ટરોના યથાશક્ય ઉપચાર ચાલુ જ હતા. છેલ્લે વધુમાં પૂજ્ય ગુરુદેવને **પ્રોસ્ટેટની પણ તકલીફ શરૂ થઈ.** તેના કારણે કિડની ઉપર વધુ ખરાબ અસર થવા પામી. આ સ્થિતિમાં તત્કાળ હોસ્પિટલમાં દાખલ કરવા માટે ડૉક્ટરોએ સલાહ આપી. પૂ. ગુરુદેવને અમદાવાદ **રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.** અનેક ઉપચારો કરવા છતાં પણ રોગ ઉપર નિયંત્રણ મેળવી શકાયું નહિ.

## સમાધિ માટે સાવધાન પૂજ્યશ્રીજી :

ત્યાર બાદ સવારે રાજસ્થાન હોસ્પિટલમાંથી પૂજ્યશ્રીજીને **અમદાવાદ-શાહપુરના ઉપાશ્રયે લાવવામાં આવ્યા.** પૂજ્યશ્રીજીને તપાસવા માટે પુનઃ ડૉક્ટર આવ્યા. તે સમયે પૂજ્યશ્રીજીને તપાસ્યા બાદ ડૉક્ટરને પૂજ્યશ્રીએ પૂછયું : "ડૉક્ટર ! તમે જે હોય તે સત્ય કહેજો. મને મરણનો ડર નથી. પણ મરણ સમયે અસમાધિ ન થઈ જાય તેની મને ચિંતા છે." ત્યારે ડૉક્ટરે કહ્યું કે, "સાહેબજી ! તમે આખી જીંદગી આરાધના-સાધના કરી છે. છતાં છેલ્લે છેલ્લે હજી વધુ સાધના કરી લો." આ શબ્દોથી પૂજ્યશ્રી સચેત બની ગયા.

## અંત સમયની ઉત્તમ આરાધના :

**વિ.સં. ૨૦૪૮, જેઠ સુદ-૫ના રોજ ડૉક્ટરે કહેલા શબ્દો** - "હવે છેલ્લે છેલ્લે વધુ સાધના કરી લો." ના શ્રવણે પૂજ્યશ્રીજી ખૂબ સાવધાન બની ગયા. પૂજ્યશ્રીજીએ શિષ્યોને સ્પષ્ટ સૂચના આપી દીધી કે, **"હવે મને કોઈ દવા આપશો નહિ, અને આજથી મારું વાપરવાનું પણ સંપૂર્ણ બંધ."**

ત્યાર બાદ **છેલ્લા પાંચ દિવસ દરમ્યાન પૂજ્યશ્રીજીએ પાણી સિવાય કાંઈ જ લીધું ન** હતું. છતાં પૂજ્યશ્રીજીના મુખ ઉપર અપૂર્વ પ્રસન્નતા દેખાતી હતી.

**ગૃહસ્થોને પૂજ્યશ્રીજી કહેતા : "શાસનના રાગી બનજો અને શાસનના કામો કરજો."**

સાધુ-સાધ્વીજીઓને પૂજ્યશ્રી કહેતા : **"સુંદર સંયમનું પાલન કરજો."** સાથે સાથે પૂજ્યશ્રી **સહુની સાથે ક્ષમાપના પણ જરૂરથી કરતા.**

સાધુઓ પૂ. ગુરુદેવને સતત સમાધિપ્રદ સ્તવનો અને સ્તોત્રો સંભળાવતા જ હતા. આ સાંભળવામાં પૂજ્યશ્રીજી અત્યંત મગ્ન બની જતા અને પોતાની બિમારીને પણ ભૂલી જતા.

પૂજ્યશ્રીજી જીવનની ક્ષણો અંતિમ સમય તરફ ગતિમાન હતી. તેમની અંતિમ આરાધના સુંદર રીતે ચાલુ જ હતી. આમ કરતાં ચાર દિવસ પસાર થઈ ગયા.

## પૂ. ગુરુદેવનો સમાધિપૂર્ણ સ્વર્ગવાસ અમદાવાદ શાહપુરના ખાંચે :

**વિ.સં. ૨૦૪૮ વર્ષની જેઠ સુદ-૧૧ની તિથિનો એ દિવસ !** આજે તો જાણે સૂરિદેવ વધુ પ્રસન્ન જણાતા હતા. બુઝાતો દીપક વધુ ઝગમગે ને !! છેલ્લા ચાર દિવસથી ચાલતી અંતિમ આરાધના આજે પણ યથાવત્ ચાલુ હતી. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ પૂજ્યશ્રીજીની તબિયત વધુ ગંભીર

થતી ચાલી. શિષ્યો સહુ સાવધ બની ગયા હતા. શ્રી નવકાર મંત્ર અને "અરિહંત-અરિહંત" નામ સ્મરણ, ધૂન જોરદાર ચાલુ હતી. વચ્ચે વચ્ચે પૂજ્યશ્રીજીને પૂછવામાં આવતું. "આપ બરોબર સાંભળો છો ને ?" પૂજ્યશ્રી તેનો સંમતિસૂચક જવાબ આપતા. ક્યારેક માથું હલાવીને પણ 'હા' જણાવતા. પૂજ્યશ્રીજી અંતરથી સાવધાન હતા, તેમ તેમના જવાબ ઉપરથી સ્પષ્ટ જણાતું હતું.

અંતે બરાબર સાંજના ૬-૦૧ મિનિટે નવકાર મંત્રની સતત ધૂન સાંભળતા અને નિજ શિષ્ય પૂ.આ.ભ.શ્રી સોમસુંદરસૂરિ મ.સા.ના મુખેથી 'અરિહંત'નું નામ ધ્યાનપૂર્વક સાંભળતા ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં પૂ. ગુરુદેવ કાળધર્મને પામ્યા.

**આચાર્યોના અને સંઘોના હૃદયોદ્‌ગાર :**

અનેક આચાર્ય ભગવંતો અને શ્રીસંઘોના આ હૃદયોદ્‌ગાર હતા કે, "શ્રી જિનશાસન ઉપર આવી રહેલા બાહ્ય-અભ્યંતર આક્રમણોના આ કાળમાં એમના જેવા ભડવીર અને પ્રતાપી પુરુષની જ્યારે તાતી જરૂરિયાત હતી, ત્યારે જ એમની વિદાય થઈ ગઈ !! હજી બાર મહિના પૂર્વે (સ્વ. ચરિત્રનાયકશ્રીજીના કાળધર્મની અપેક્ષાએ) જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. જેવા એક સિંહપુરુષને તો આપણા શ્રીસંઘે ગુમાવ્યા. એમાં આ બીજા સિંહપુરુષ પણ ચાલ્યા ગયા. સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીના કાળધર્મ બાદ હૈયાને એક આશ્વાસન હતું, શાસનના ગંભીર પ્રશ્નોમાં સમાધાન મેળવવાનું એક ધામ હતું, એ પણ હવે ન રહ્યું, એ ભારે દુઃખદાયી ઘટના ગણાય."

જેમના નામની આગળ હવે 'સ્વર્ગસ્થ' વિશેષણ લાગી ચૂક્યું હતું, તેવા પૂ. ગુરુદેવના અંતિમ દર્શનાર્થે રાજનગરનો જૈન-માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. દર્શનાર્થીઓની ભારે ભીડના કારણે પૂજ્યશ્રી ગુરુદેવના પાર્થિવ દેહને ઉપાશ્રયની બહારના વિશાળ ચોકમાં પાટ ઉપર પધરાવવામાં આવ્યો હતો. પૂ. ગુરુદેવના અંતિમ દર્શન કરતા ભક્તગણની આંખોમાં આસું ઉભરાઈ રહ્યા હતા.

**પૂજ્યશ્રીજીની ભવ્ય અંતિમ-યાત્રા :**

જેઠ સુદ-૧૨ના દિવસે સવારે ૧૦-૦૦ કલાકે પૂ. ગુરુદેવની અંતિમયાત્રા નીકળેલ હતી. સખત ગરમી હોવા છતાં ગોમતીપુર સુધી વિશાળ સંખ્યા ગયેલ હતી.

પૂજ્યશ્રીજીની સ્મશાનયાત્રા બપોરે બરોબર ૧-૩૦ મિનિટે ગોમતીપુર પહોંચી. સુખડની ચિતા ઉપર પૂજ્યશ્રીજીનો નિશ્ચેતન દેહ પાલખીયુક્ત ગોઠવાઈ ગયો હતો. ત્યાર બાદ પૂ. ગુરુદેવના દેહને અગ્નિ સંસ્કાર આપવાની બોલી શરૂ થઈ. લાખો રૂપિયાની બોલી બોલીને **અગ્નિસંસ્કારનો લાભ પૂ. ગુરુદેવના પરમ ભક્ત જેતાવાડા નિવાસી પન્નાલાલ પ્રતાપચંદ પરિવારે લીધો હતો.**

આમ જિનશાસનના એક મહાન જ્યોતિર્ધર પરમપદના પંથ પ્રતિ આગેકૂચ કરી ગયા.

પૂજ્યશ્રીના પટ્ટધર શિષ્યરત્ન પૂ.આ.ભ. શ્રી સોમસુંદરસૂરિ મ.સા. અનેક પ્રકારની સુંદર શાસન પ્રભાવના કરી રહ્યા છે.

તપોમૂર્તિ

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજા

**જન્મ - માતા-પિતા :**

સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ જિલ્લાના **સાયલા** નામના ગામમાં વિ.સં. **૧૯૨૮ માગશર સુદ ૩ના** પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. પૂજ્યશ્રીનું સંસારી નામ **મોહનલાલ** હતું. તેઓશ્રીના **પિતાનું નામ શેઠ પુંજાભાઈ** અને **માતાનું નામ ઉજમબેન** હતું. તે કુટુંબ ખૂબ ધર્મનિષ્ઠ હતું;

**અભ્યાસ :**

પુંજાભાઈ શેઠ વ્યવસાયાર્થે ખેડામાં આવી રહ્યા. 'જ્યાં રોટલો ત્યાં ઓટલો' એ કહેવત મુજબ **ખેડામાં વસવાટ કર્યો.** આ વખતે મોહનલાલની ઉંમર **સાતેક વર્ષની હતી.** તેમણે ગુજરાતી સાત અને અંગ્રેજી બે ચોપડીનો અભ્યાસ કર્યો. સાથે ધાર્મિક જ્ઞાનમાં પંચ પ્રતિક્રમણ જેટલો અભ્યાસ કર્યો. દુકાને બેસવા છતાં નિત્ય પૂજા, પ્રતિક્રમણ તેમજ ચતુર્દશીએ પૌષધ કરવાનો તેમને નિયમ હતો. વિ.સં. ૧૯૫૫માં ખેડામાં પૂ. આચાર્ય શ્રીવીરસૂરિજી મ.નું ચાતુર્માસ થયું. ઉપધાન તપના મંડાણ થતા મોહનલાલ તેમાં જોડાયા અને માળા પરિધાન પછી નિયમિત એકાસણું કરવા લાગ્યા.

મોહનલાલને મિત્રો પણ ધર્મનિષ્ઠ હતા. ધર્મગોષ્ઠી કરતાં એકવાર એ મિત્રોએ દીક્ષા ન લઈએ ત્યાં સુધી દૂધપાક ન ખાવો એવો નિયમ કર્યો અને એ મિત્રોએ આગળ વધી ટૂંક સમયમાં દીક્ષા પણ લીધી.

પહેલાં મિત્ર **ગફુરભાઈ** ત્રિભોવનદાસ. તેમણે પૂ. મૂલચંદજી મ.ના શિષ્ય પૂ. આ.શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ. પાસે વિ.સં. **૧૯૫૭માં પૂ. મુનિ શ્રી જ્ઞાનવિજયજીના નામથી દીક્ષા લીધી,** જેઓએ ૩૫ ઉપવાસ આદિ તપશ્ચર્યા કરી. પ્રાંતે ડભોઈ ખાતે કાળધર્મ પામ્યા. બીજા મિત્ર દુર્લભદાસ છબાભાઈ. જેઓએ પૂ. બુટેરાયજી મ.ના શિષ્ય પૂ.પં. શ્રી આણંદવિજયજી ગણિવર્યના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી હર્ષવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી દુર્લભવિજયજી તરીકે વિ.સં. ૧૯૬૦માં દીક્ષા લીધી. જેઓ પંન્યાસપદ પણ પામ્યા હતા. આ બંને મિત્રોની દીક્ષાથી સંવેગભાવ તીવ્ર બનતા આપણા ચરિત્ર નાયક **મોહનલાલ પુંજાભાઈ**એ પણ પૂ. મુલચંદજી મ.ના શિષ્ય પૂ.આ.**શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મ.ના હસ્તે વિ.સં. **૧૯૬૮માં પૂ. બુટેરાયજી મહારાજના શિષ્ય પૂ. પં. શ્રી આણંદવિજયજી ગણિવરના** શિષ્ય પૂ. મુનિ શ્રી **હર્ષવિજયજી મ.ના શિષ્ય** પૂ. **કર્પૂરવિજયજી મ. તરીકે દીક્ષા લીધી હતી.** ધન્ય છે આ કલ્યાણ મિત્રતાને.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : મોહનલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૨૮ મા. સુદ ૩ સાયલા |
| માતા | : ઉજમબેન |
| પિતા | : પુજાભાઈ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૮ સુરત |
| દીક્ષાની ઉંમર | : ૪૦ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી કમલસૂરિ મહારાજા |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રીહર્ષવિજયજી મ.સા. |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી કર્પૂરવિજય મ. |

| | |
|---|---|
| વડી દીક્ષા | : વિ.સં. ૧૯૬૯ કા. વદ ૪ બારડોલી |
| ગણીપદવી | : વિ.સં. ૧૯૯૦ કા. વદ ૪ અમદાવાદ |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૦ કા. વદ ૭ અમદાવાદ |
| ઉપાધ્યાય | : વિ.સં. ૧૯૯૬ વૈદ વદ ૧ બેડા (રાજસ્થાન) |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૩ અમદાવાદ |
| આચાર્ય પદ પર્યાય | : ૨ વર્ષ |
| સંયમ પર્યાય | : ૩૨ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૦૧ મ. સુદ ૧૧ પાંથાવાડા |
| આયુષ્ય | : ૭૩ વર્ષ |

## દીક્ષા માટે ત્યાગ :

મોહનલાલભાઈને દીક્ષા લેવામાં તેમના પરિવાર તરફથી ઘણી જ મુશ્કેલીઓ નડી હતી. જ્યારે તેમને દીક્ષા લેતાં અટકાવ્યા ત્યારે તેમણે પ્રતિજ્ઞાઓ કરી હતી કે, (૧) રોજ ચાર આના દેરાસરે મૂકવા; (૨) કોઈપણ પ્રકારનો વ્યાપાર કરવો નહિ; (૩) ઘેર ભોજન કરવું નહિ; (૪) એકાસણું કરવું; અને (૫) બ્રહ્મચર્યનું પાલન કરવું.

મોહનભાઈને દીક્ષાની કેવી તીવ્ર અભિલાષા હતી તે નિયમો જોતાં જણાઈ આવે છે. આ સાથે તેમણે પોતાના જીવનને અનેક તપશ્ચર્યાઓથી રંગી દીધું હતું.

## દીક્ષા :

છેવટે વિ.સં. ૧૯૬૮માં તેમને દીક્ષા લેવાની તક સાંપડી અને **સુરત** મુકામે પૂ. મૂલચંદજી મ.ના શિષ્ય પૂ. આ.શ્રી વિજય **કમલસૂરીશ્વરજી** મ.ના હસ્તે **૪૦ વર્ષની ઉંમરે દીક્ષા** લીધી. નામ મુનિ **શ્રી કર્પૂરવિજયજી મ.** રાખ્યું. વિ.સં. ૧૯૬૯માં કારતક વદ ૪ના **બારડોલીમાં** તેઓશ્રીને વડી દીક્ષા આપવામાં આવી. પૂ. બુટેરાયજી મહારાજના શિષ્ય પૂ.પં. શ્રી આણંદવિજયજી ગણિવરના શિષ્ય પૂ. મુનિરાજ **શ્રી હર્ષવિજયજી મહારાજ** તથા મુનિ **શ્રી કર્પૂર વિ.**મ. પ્રાયઃ પૂ. મુલચંદજી મહારાજ સાથે તેમની વિદ્યમાનતા સુધી રહ્યા હતા.

## ગણી તથા પન્યાસ પદ :

પૂ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મ. ઉગ્ર તપશ્ચર્યા સાથે જ્ઞાનધ્યાનમાં આગળ વધતા રહ્યા. તેમની દરેક પ્રકારની યોગ્યતા જોઈને પૂ. હર્ષવિજયજી મહારાજે ગણિ-પંન્યાસપદ આપવાનું નક્કી કર્યું અને અમદાવાદ ખાતે વિ.સં. **૧૯૯૦ના કા. વ. ૪ના ગણિપદ** અને **કા.વ. ૭ના પંન્યાસપદ** પૂ. તપોનિધિ **આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજની નિશ્રામાં પ્રદાન થયાં.

## ઉપાધ્યાય પદ :

જ્યોતિષમાર્તંડ, કૃતજ્ઞ શિરોમણિ પૂ.આ.**શ્રી વિજય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજે બેડા** (મારવાડ)માં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂ.પં. શ્રી કર્પૂરવિજયજી ગણિવરને વિ.સં. **૧૯૯૬ના વૈશાખ વદ ૧ના ઉપાધ્યાય પદ** પ્રદાન કર્યું.

## આચાર્યપદ :

વિ.સં. ૧૯૯૮માં પૂ. ઉપાધ્યાયજી મહારાજ સપરિવાર સંઘસ્થવિર પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા તથા પ્રશમનિધિ આચાર્ય શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ. આદિને વંદનાર્થે અમદાવાદ-જૈન વિદ્યાશાળાએ પધાર્યા. ચોમાસું પણ ત્યાં જ કર્યું. આ ચાતુર્માસમાં **પૂજ્યશ્રીને ૧૦૦ ઓળી પૂર્ણ થતાં ભવ્ય મહોત્સવ ઉજવાયો.** વિ.સં. **૧૯૯૯ના ફાગણ સુદ ત્રીજના** પ.પૂ. સંઘસ્થવિર આચાર્ય ભગવંત તથા પૂ.આ.શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે પૂ. ઉપાધ્યાયશ્રીમનોહરવિજયજી તથા પૂ. તપસ્વીરત્ન ઉપાધ્યાયશ્રીકર્પૂરવિજયજી મહારાજને આચાર્યપદે વિભૂષિત કરવામાં આવ્યા.

## તપશ્ચર્યા :

પૂજ્યપાદ તપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજશ્રીએ કરેલા અનેકવિધ તપોની ટૂંકી નોંધ નીચે મુજબ છે :

ઉપવાસથી વર્ષીતપની આરાધના. ઉપવાસથી વીશસ્થાનકની આરાધના (૪૦૦ ઉપવાસ). છઠ્ઠથી વીશસ્થાનકની આરાધના (૪૦૦ છઠ્ઠ). છઠ્ઠથી વરસીતપની આરાધના. અઠ્ઠમથી વીશસ્થાનકની આરાધના (૪૦૦ અઠ્ઠમ). અઠ્ઠાઈથી વીશસ્થાનકની આરાધના શરૂ કર્યા બાદ ૧૧૦ અઠ્ઠાઈઓ થઈ. વર્ધમાન તપ (પ્રાયઃ) ૩૫ ઓળી. છ અઠ્ઠાઈ પર્વો ઉપવાસથી આરાધના. બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, ચૌદશ વગેરેની પૂર્ણ આરાધના. હમેશાં પ્રાયઃ એકાસણું ચાલુ જ. ગંઠસી મુઠસી પચ્ચક્ખાણ કાયમ. છ વખત ૧૬ ઉપવાસ. પ્રાયશ્ચિતના છઠ્ઠ-અઠ્ઠમ આદિ. છૂટક અઠ્ઠાઈઓ અનેક. ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય તપ. તેમ જ ગૃહસ્થપણામાં ઉપધાન, ચૌદપૂર્વ તપ (ત્રણ-ચારવાર), પીસ્તાલીશ આગમ તપ, અક્ષયનિધિ આદિ અનેક તપો.

વિ.સં. **૧૯૯૪માં અઠ્ઠાઈથી** વીશસ્થાનકની ચાલુ તપશ્ચર્યામાં પાંચ વિગઈઓ (દૂધ, દહીં, ગળપણ, તેલ અને કડા વિગઈ)નો મૂલથી યાવજ્જીવ ત્યાગ કર્યો હતો.

તપસ્વી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અનેક સ્થળે અનેકવિધ શાસન પ્રભાવના થઈ હતી. વિ.સં. ૨૦૦૦માં ડીસા પાસે **પાંથાવાડામાં** ચાતુર્માસ થયું. ત્યાં તેઓશ્રીની તબિયત નબળી થઈ હતી.

## અંતિમ આરાધના :

વિ.સં. ૨૦૦૧ના મહા સુદ ૧૧ના એકાસણું કરતાં કરતાં તેમણે કહ્યું કે, આજે મને સ્મૃતિ બરાબર રહેતી નથી. એકાસણું કરી રહ્યા પછી વાંચન, જાપ વગેરે સાંજે કર્યું. સાંજે પ્રતિક્રમણ કરી પોરસી ભણાવી સંથારો કર્યો. રાત્રે બાર વાગે માત્રુ કરી. નવકારવાળી ગણીને પુનઃ સૂઈ ગયા. કોને ખબર કે આ નિદ્રા સદાની હતી. પૂ. મુનિશ્રીદેવેન્દ્રવિજયજી મ. રાત્રિના ૧૨ થી ૨ સુધી પાસે જ બેઠા નવકારવાળી ગણતા હતા. **સાડા ત્રણ વાગ્યા** સુધી પૂજ્યશ્રી જાગ્યા નહિ એટલે બોલાવ્યા; પણ બોલ્યા નહિ. ત્યારે ખબર પડી કે પૂજ્યશ્રી આ નશ્વર દેહને છોડી સ્વર્ગે સંચર્યા છે. આમ, **મહા સુદ ૧૧ના મધ્યરાત્રિએ ૩૨ વર્ષનો દીર્ઘ દીક્ષાપર્યાય પાળી, ૭૩ વર્ષની વયે પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા.** તેમના કાળધર્મ નિમિત્તે અનેક ઉત્સવ આદિ થયા. **પાંથાવાડામાં** તથા **રાસંગપુરમાં** પૂજ્યશ્રીની **મૂર્તિઓ** પણ પધરાવાઈ છે.

આ મહાપુરુષના શિષ્યરત્ન પૂજ્ય તપોમૂર્તિ આચાર્ય શ્રી હાલારદેશોદ્ધારક પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ થયાં.



# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : અંબાલાલ |
| જન્મ | : વિ.સં. ૧૯૫૫ આ. સુદ ૨ **સોજીત્રા** |
| માતા | : પરશનબેન |
| પિતા | : માણેકચંદભાઈ |
| દીક્ષા | : વિ.સં.૧૯૮૦ કા. સુદ ૧૫ **મહેસાણા** |
| દીક્ષાની ઉંમર | : ૨૫ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મ. |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી અમૃતવિજય મ. |
| ગણિપદવી | : વિ.સં. ૧૯૯૧ અ. સુદ ૯ **ખેડા** |
| પંન્યાસ પદવી | : વિ.સં. ૧૯૯૧ અ. સુદ ૧૦ **ખેડા** |
| ઉપાધ્યાય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૩ **અમદાવાદ.** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૯૯ ફા. સુદ ૧૦ **અમદાવાદ** |
| પદ પ્રદાતા | : પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ મહારાજા |
| આચાર્ય પદ પર્યાય | : ૨૪ વર્ષ |
| સંયમ પર્યાય | : ૪૩ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૨૩ના ફા. સુદ ૧૦ **વિછીયા (હાલાર)** |
| આયુષ્ય | : ૬૮ વર્ષ |

**સૌજન્ય**

**જવેરબેન લાલજી નેણશી ગાલા**

હ. પંકજ, ઉર્મિલા, પ્રદીપ, હેમલતા, મુકેશ, મીના, કમલેશ, જ્યોતિ

કવિરત્ન, હાલાર દેશોદ્ધારક,

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજા

**જન્મ-માતા-પિતા :**

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનો **જન્મ સોજીત્રા** (જી. ખેડા) ગામે **વિ.સં. ૧૯૫૫ આસો સુદ ૨ના થયો હતો.** તેમના **પિતાનું નામ માણેકચંદભાઈ, માતાનું નામ પરશનબેન** અને તેમનું **સંસારી નામ અંબાલાલ હતું.** તેમના પિતા શ્રી ઉદેલના વતની પણ તેમને વ્યાપાર અર્થે ખંભાત આવવાનું થયું; અને તેના કારણે પૂજ્ય ગુરુદેવોના પરિચયમાં પણ વિશેષ આવવાનું થયું. સં. ૧૯૭૮ની સાલમાં તેઓશ્રી યોગશાસ્ત્રનું અધ્યયન કરતા હતા અને તેનો અર્થ પણ તે વખતે લખેલો.

**વૈરાગ્ય ભાવ :**

એકવાર રાત્રે ખાટલા ઉપર સૂતા હતા. તૃષાને કારણે જાગ્યા અને નીચે પાણી મુકેલું તે પી ગયા; પણ છેલ્લે ખ્યાલ આવ્યો કે તેમાં ખૂબ કીડીઓ હતી. ભારે વિરાધના થવાથી તે પાપ ધોવા વધુ જાગૃત બન્યા અને સંયમનો ભાવ જાગ્યો.

વિ.સં. ૧૯૭૯માં પૂ. શ્રી અમીવિજયજી મહારાજની સાથે વેરાવળ ગયા. ત્યાં સંબંધીઓ પાછા લેવા આવ્યા. તેઓએ જૂનાગઢ-ગિરનારજીની યાત્રા કરી ઘેર આવવા કહ્યું... પણ યાત્રા થયા પછી કહ્યું, ઘેર નહિ આવું. કાં તો મહારાજ પાસે રહીશ કાં મહેસાણા પાઠશાળામાં ભણવા જઈશ.

સંબંધીઓ બીજી વાતે સંમત થયા અને મહેસાણા પાઠશાળામાં ભણવા મોકલ્યા. તેમના મોટાભાઈ છોટાલાલને ઘરમાંથી કોઈ દીક્ષા લે તો રોકવા નહિ તેવો નિયમ હતો; પરંતુ ઘરમાં બીજા રજા આપતા ન હતા.

**દીક્ષા :**

ચોમાસું આવ્યું અને **મહેસાણામાં** પૂજ્યપાદ શ્રી હર્ષવિજયજી દાદા તથા પૂજ્યપાદ શ્રી કર્પૂરવિજયજી મહારાજ ચાતુર્માસ રહ્યા હતા. તેમના સાનિધ્યમાં ચારે મહિના અધ્યયન સાથે પૌષધ કર્યા અને દીક્ષા માટે મહારાજશ્રીને વિનવણી કરી. છેવટે **વિ.સં. ૧૯૮૦ના કારતક સુદ ૧૫**ને દિને પૌષધ પારીને ગામ બહાર જઈને દીક્ષા લીધી. પાછળથી સંબંધીઓ આવ્યા. પણ, દીક્ષિતની દૃઢ ભાવના જોઈ ઠંડા પડ્યા.

આમ, **વિ.સં. ૧૯૮૦ના કારતક સુદ ૧૫ ના શુભ દિવસે** ૨૫ વર્ષની ઉંમરે દીક્ષા થઈ અને **પૂજ્ય કર્પૂરવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિ શ્રી અમૃતવિજયજી મ. નામ જાહેર થયું.**

જ્ઞાનનો ક્ષયોપશમ જોરદાર ન હોવા છતાં સખત પુરુષાર્થ કરે. આઠ કલાક ગોખે ત્યારે ચાર ગાથા આવડે; પણ પછી તે મનમાંથી જાય નહિ.

કચ્છ તરફ રાયપુર (અમદાવાદ)ના પોપટલાલને દીક્ષા આપવા જતાં ચાણસ્મામાં પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજ, પૂ. શ્રી રામવિજયજી મહારાજ, પૂ. શ્રી ભુવનવિજયજી મહારાજ આદિ મળ્યા. ત્યાં પૂ. મુ. **શ્રી રામવિજયજી મહારાજ**નું **પ્રવચન પહેલીવાર સાંભળ્યું.** પણ, **પૂજ્યશ્રી કહેતા કે છ મહિના સુધી એ પ્રવચનના વૈરાગ્ય જનક શબ્દો મારા કાનમાં ગુંજતા રહ્યા.**

કચ્છમાં જતાં પાટડી અને બજાણાની વચ્ચે પોપટલાલની દીક્ષા કરી મુ. પાર્શ્વવિજયજી મ. નામ રાખી **પૂ. હર્ષવિજયજી દાદાના** શિષ્ય પૂજ્ય પં. **શ્રી પુષ્પવિજયજી મહારાજના શિષ્ય કર્યા.** કચ્છમાં ૩ ચોમાસા કર્યા અને બાદ **વિ.સં. ૧૯૮૩નું ચોમાસું** જામનગર હરજી જૈનશાળામાં કર્યું. જ્યાં પૂ. પં. **શ્રી પુષ્પવિજયજી મહારાજ કાલધર્મ પામ્યા.** જેઓ વિદ્વાન હતા; સંસારીપણે જ્ઞાતિએ પાટીદાર હતા; અને પૂ. સાગરજી મહારાજની આગમવાચનામાં લાભ લીધો હતો.

વિ.સં. **૧૯૮૪માં** પૂ. મુ. શ્રી અમૃતવિજયજી મહારાજને **પ્રથમવાર વ્યાખ્યાન વાંચવાનું થયું.** ત્યારના સાણંદના ચોમાસામાં વંદિત્તાસૂત્રની અર્થ દીપિકા-ટીકા વ્યાખ્યાનમાં વાંચી. વિ.સં. ૧૯૮૫માં પૂજ્ય સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાથે ચાતુર્માસ કરવા જામનગર તરફ પધાર્યા. ધુંળાવમાં તેમના પરિચિત, ખંભાતના, ૫૦ વર્ષની ઉંમરના શ્રાવક નેમચંદભાઈને દીક્ષા આપી અને મુનિ શ્રી નેમવિજયજી મ. નામ રાખ્યું.

પૂજ્ય મુનિ શ્રી અમૃતવિજયજી મહારાજ અભ્યાસમાં આગળ વધતા રહ્યા. તેમાં સુધારકોના લખાણ સામે તેમણે **'વીરશાસન'**માં સિદ્ધાંત રક્ષાના લેખો લખ્યા અને જૈન સંઘમાં ખૂબ જાણીતા થયા.

પૂજ્યશ્રીમાં પૂજા ભણાવવાની અને બાલજીવોને ધર્મમાં જોડવાની કળા સુંદર હતી. જેથી અનેક શહેરોમાં અને ગામડાઓમાં તેમની સ્થિરતા જ્યાં જ્યાં હોય તે તે સ્થાનોમાં જિનભક્તિનો રસ જાગતો અને બાળજીવો સારી રીતે ધર્મમાં જોડાતા.

**ગણિ-પંન્યાસ પદ :**

પૂજ્ય શ્રી હર્ષવિજયજી દાદા તથા પૂ.પં. શ્રી કર્પૂરવિજયજી **ગણિવરની** નિશ્રામાં **ખેડામાં** વિ.સં. **૧૯૯૧ના અષાઢ સુદ ૯ ના ગણીપદ અને અષાડ સુદ ૧૦ ના પંન્યાસપદ આપવામાં આવ્યું.**

તેઓશ્રીના ઉપદેશથી વિ.સં. **૧૯૮૯ના શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલાની સ્થાપના થઈ** અને તેમાં પૂજ્ય સાગરાનંદસૂરીજી મહારાજ સંકલિત "દીક્ષાનું સુંદર સ્વરૂપ" એ નામનું પુસ્તક સૌ પ્રથમ પ્રકાશિત થયું. ત્યાર પછી તો ઘણાં ગ્રન્થો પ્રગટ થયા અને આજે તો આગમ મૂળ સંશોધન કરાવીને આ સંસ્થાએ પ્રગટ કર્યા છે.

વિ.સં. ૧૯૯૨માં ખંભાતમાં જૈનશાળામાં ચોમાસુ કર્યું અને જૈનશાળા સંઘમાં તિથિના સત્યમાર્ગની આરાધના કરાવી શ્રીસંઘને સાચી આરાધનામાં દૃઢ બનાવ્યો.

તેઓશ્રી શાસ્ત્રના સારા અભ્યાસી હતા અને તેઓશ્રીએ સંસ્કૃતમાં સંક્ષિપ્ત શ્રાદ્ધધર્મ, ચતુર્વિંશતી ચૈત્યવંદનાદિ સ્તુતિઓ તથા જયવિજય કથાનક વગેરે ગ્રંથો લખ્યા છે. ન્યાયના વિષયમાં તર્કસંગ્રહ ઉપર પ્રભા નામની ટીકા લખેલી છે જે અપ્રગટ છે. ઉપરાંત અનેક ગુજરાતી પુસ્તકો લખ્યા છે, અમૃતબિન્દુ (સુવાક્યો) લખ્યા છે અને પૂજાઓ રચી છે.

તેઓશ્રીની જૈન દર્શનને સમજાવવાની સરળ ઢબને કારણે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં દૃઢ ધર્મશ્રદ્ધા ઉત્પન્ન કરી છે.

**ઉપાધ્યાય તથા આચાર્યપદ :**

વિ.સં. **૧૯૯૯**માં ફાગણ સુદ ૩ના પૂજ્યપાદ આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી દાદાના શુભ હસ્તે પૂ. મુનિ શ્રી મનહરવિજયજી મ.સા. તથા પૂ. મુનિ શ્રી કર્પૂરવિજયજી મ.સા.ની આચાર્યપદવી થઈ. તે સાથે પૂ. મુનિ શ્રી **અમૃતવિજયજી** મહારાજની **ઉપાધ્યાય પદવી થઈ** અને ત્યાર બાદ, પૂ. ઉપાધ્યાયશ્રીને **ફાગણ સુદ ૧૦ ના અમદાવાદ જૈન વિદ્યાશાળામાં આચાર્યપદવીથી** અલંકૃત કરવામાં આવ્યા. એ વખત અઢી મહિના સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો.

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજા કવિ પણ હતા. પૂજ્ય આ.શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના માર્ગદર્શનથી તેઓશ્રીએ પ્રાથમિક સ્તવનાદિ રચ્યા અને બાળ જીવોને ભક્તિમાં જોડવા માટે વિ.સં. ૨૦૦૩ પછી અનેક પૂજાઓની રચના તેઓશ્રીએ કરી હતી. તે પૂજાઓની ઢાળો સરળ હોવાથી ભાવિકો આજે પણ ભક્તિપૂર્વક સારા ઉલ્લાસથી ગાઈ શકે છે; અને ભક્તિમાં ખૂબ આનંદ પ્રાપ્ત કરે છે.

**શાસન-સિદ્ધાંત રક્ષા :**

**શાસન-સિદ્ધાન્ત રક્ષા** અને ઉત્સૂત્રનો પ્રતિકાર કરવા અંગે તેઓશ્રીને સંઘસ્થવિર પ.પૂ.આ.દે.શ્રી.વિ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા તથા જિનવાણીના જાદુગર પ.પૂ.આ.દે.શ્રી.વિ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શુભ આશિષ પ્રાપ્ત થયા હતા. અનેક પ્રસંગોમાં તેમણે સિદ્ધાન્ત રક્ષાના પ્રયત્નો કરી સ્વ-પરની આરાધનાને અખંડ બનાવી હતી. ગુજરાતમાં બોરસદ, પાંથાવાડા, લોદ્રા વગેરે અનેક ક્ષેત્રમાં જાગૃતિ લાવ્યા હતા. સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશમાં અને છેલ્લે ઝાલાવાડ તથા બોટાદ વિસ્તારમાં વઢવાણ, લીંબડી, અલાઉ આદિ ગ્રામ-નગરોમાં વિચરી ત્યાંની ગ્રામ્યપ્રજામાં સુંદર ધર્મ જાગૃતિ લાવ્યા હતા. ધ્રાંગધ્રામાં તપાગચ્છનો ઉપાશ્રય તેઓશ્રીના ઉપદેશથી નિર્માણ પામ્યો હતો.

**શાસન પ્રભાવના :**

તેઓશ્રીના માર્ગદર્શન અને નિશ્રા પામીને હાલાર પ્રદેશમાં અનેક દેરાસરોના નવનિર્માણ થયા અને પડાણા તથા જામનગરમાં અંજનશલાકાઓ થઈ હતી. આ પ્રદેશમાં સાધુ ભગવંતોનુ વિચરણ અલ્પ

હોવાને કારણે જૈનો ધર્મમાં પાછળ હતા, તે પૂજ્યશ્રીનુ તે ક્ષેત્રમાં સતત વિચરણ અને પ્રબળ પ્રેરણાથી સારી એવી ધર્મજાગૃતિ આવી; અને તેના ફલસ્વરૂપે પૂજ્યશ્રી **હાલાર દેશોદ્ધારક કહેવાયા**.

**જૈનશાસનના** પ્રચાર અને રક્ષા માટે તેઓશ્રીના ઉપદેશથી લાખાબાવળથી **'શ્રીમહાવીરશાસન'** પત્ર શરૂ થયું હતું.

તેઓશ્રીએ અનેક પુસ્તકો, કથાઓ, લેખો તથા પ્રશ્નોત્તરો અને અમૃતબિંદુઓ સારા પ્રમાણમાં લખેલ છે. શાસ્ત્રીય રહસ્યોમાં તેઓ ઊંડા મર્મજ્ઞ હતા અને એક ગ્રંથ અનેકવાર વાંચી રહસ્યો તારવતા હતા.

## પ્રતિષ્ઠા વગેરે :

હાલારમાં રાસંગપુર, ભાણવડ, લાખાબાવળ, પડાણા, જામનગર પ્લોટ વગેરે જિનમંદિરોની પ્રતિષ્ઠા ઉપરાંત રાજકોટના માંડવી ચોકમાં શ્રી સુપાર્શ્વનાથ દેરાસરજી તથા સદરમાં શ્રી મણીયારના દેરાસરની પ્રતિષ્ઠા તેમજ બગસરા અને કારીયાણી (બોટાદ) દેરાસરની પ્રતિષ્ઠા તેઓશ્રીના વરદ હસ્તે થઈ હતી. પ્રખ્યાત પ્રભાસ પાટણના નૂતન મહામંદિરનું તથા ધનિયાવાડા (ડીસા) દેરાસરનું શીલારોપણ પૂજ્યશ્રીની નિશ્રામાં થયું હતું. લીંબડીના શ્રી સુબાહુજિનના મહામંદિરનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીના ઉપદેશથી થયો હતો. પૂજ્યશ્રીના હસ્તે દીક્ષાઓ પણ અનેકની થઈ હતી.

## તપશ્ચર્યા :

પૂજ્યશ્રીને ગૃહસ્થપણાથી એકાસણાનો અભ્યાસ હતો અને સાધુપણામાં પણ વિ.સં. ૨૦૧૭ સુધી ૩૭ વર્ષ પર્યંત પ્રાયઃ એકાસણા કર્યા હતા. ત્યાર પછી તબિયતને કારણે એકાસણા છોડી ઉપવાસ શરૂ કર્યા. એકાંતર ઉપવાસ કરે. વચ્ચે તિથિએ વાપરવાનું આવે તો છઠ્ઠ કરી લે, કેટલાક સમય તો અઠ્ઠમ કરે. મોટાભાગે ઉપવાસ ચોવિહારા કરે. હાલારમાં કેટલાક સમય છ વિગઈનો ત્યાગ અને ચાર દ્રવ્ય જ છૂટા રાખે. **૪૩ વર્ષના દીક્ષાપર્યાયમાં ક્યારે પણ લીલું શાક તેમણે વાપર્યું નથી. સાંચોર (મારવાડ) દેરાસરના જીર્ણોદ્ધાર માટે ૧૫ વર્ષ ઘીનો ત્યાગ રાખેલ.** જૂના દેરાસરમાં થતી આશાતના જોવાથી આવો અભિગ્રહ કરેલો. સદા સ્વાધ્યાયમગ્નતા તે તેમનો ખોરાક હતો.

છેલ્લું ચોમાસું લીંબડી કર્યું. ત્યાંથી વઢવાણ શહેર પધારી બે કુમારીકાઓને દીક્ષા આપી અને **વીંછીયા** પધારી વિ.સં. ૨૦૨૩ ફાગણ સુદ ૪ ના એક કુમારીકા બહેનને દીક્ષા આપી.

## અંતિમ આરાધના :

**વિ.સં. ૨૦૨૩ ફાગણ સુદ ૧૦ ના** વીશસ્થાનકની ૧૭મી સંયમપદની ઓળીનો **છેલ્લો ચોવિહારો ઉપવાસ હતો.** શ્રાવકો સાંજે પ્રતિક્રમણ કરવા આવી રહ્યા હતા અને પૂજ્યશ્રીને ઓડકાર આવ્યા. ત્રણ મોટા ઓડકાર આવ્યા તે સાથે તેઓશ્રી અરિહંત બોલતા-બોલતા જ **સાંજે સાત વાગ્યે કાલધર્મ પામ્યા.** ચતુર્વિધ સંઘ ખેદ પામ્યો અને સર્વત્ર શોકનું વાતાવરણ છવાઈ ગયું.

ચારે બાજુ કાળધર્મના સમાચાર ફરી વળ્યા. અનેક ગામોના ભાવિકો આવી પહોંચ્યા અને વિ.સં. ૨૦૨૩ ફાગણ સુદ ૧૧ ના ૨ વાગ્યે ભવ્ય પાલખી નીકળી અને સ્ટેશન રોડ ઉપર ઝવેરીજીન સામે એક

પ્લોટ ખરીદી વીંછીયા શ્રીસંઘે ત્યાં અગ્નિ સંસ્કાર કરવાનું નક્કી કર્યું. તેઓશ્રીના સંસારી બંધુ ચીમનભાઈ આદિ ખંભાતથી આવ્યા હતા. તેમણે પાલખીનો લાભ લઈને અગ્નિ સંસ્કાર કર્યો.

આમ, પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજા જૈન શાસનના અપ્રમત્ત સાધક, આરાધક, પ્રભાવક અને રક્ષક હતા.

તેઓશ્રીના ઉપકારોને યાદ કરીને અલાઉ, લાખાબાવળ, નાઘેડી, બાલંભા, શેતાલુશ, જાંબુડા, ધોળા જંકશન, કનસુમરા અને રાજકોટમાં તેઓશ્રીની મૂર્તિઓ પધરાવવામાં આવેલ છે.

પૂજ્યશ્રીના પટ્ટધર શિષ્યરત્ન પૂ.આ.શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરિ મ. હતા.

## ગુરુવંદનથી કર્મ નિર્જરારૂપ મોટું ફળ મળે છે.

શ્રી ગૌતમસ્વામીજી ભગવાનને પ્રશ્ન પૂછે છે,

"वंदणएणं भंते ! जीवे किं अज्जिणइ ?" "गोयमा ! अट्ठकम्मपगडीओ निबिडबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ करेइ, चिरकालट्ठिइआओ अप्पकालट्ठिइआओ करेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ करेइ, बहुपएसग्गाओ अप्पपएसग्गाओ करेइ, अणाइअं अणवदग्गं संसारकंतारं नो परिअट्टइ ।।"

અર્થ : શ્રી ગૌતમસ્વામીજી ભગવાનને પૂછે છે કે, "ભગવન્ ! ગુરુવંદનથી જીવ શું (ફળ) પામે છે ? " (ઉત્તરમાં) "હે ગૌતમ ! (પ્રકૃતિથી) જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મપ્રકૃતિઓ-કર્મો ગાઢ બંધનથી બાંધ્યા હોય તે ઢીલાં બંધનવાળાં, (સ્થિતિથી) દીર્ઘ સ્થિતિવાળાં બાંધેલા હોય તે અલ્પ સ્થિતિવાળાં, (રસથી) તીવ્ર રસવાળાં બાંધેલા (અશુભ કર્મો) હોય તે મંદ રસવાળાં અને ઘણા પ્રદેશવાળાં બાંધ્યા હોય તે થોડા (અલ્પ) પ્રદેશવાળાં કરે છે અને તેથી અનાદિઅનંત સંસારરૂપી અટવીમાં તે (લાંબોકાળ) પરિભ્રમણ કરતો નથી."

બીજા પ્રશ્નમાં પણ કહ્યું છે કે :

"वंदणएणं भंते ! जीवे किं अज्जिणइ ?" "गोयमा ! वंदणएणं नीआगोअं कम्मं खवेइ, उच्चागोअं कम्मं निबंधइ, सोहग्गं च अप्पडिहयं आणाफलं निवत्तेइ त्ति ।।"

પ્રશ્ન : "હે ભગવંત ! ગુરુવંદનથી જીવ શું ફળ પ્રાપ્ત કરે છે ?"

ઉત્તર : "હે ગૌતમ ! ગુરુવંદનથી જીવ નીચ ગૌત્ર કર્મ ખપાવે, ઉચ્ચ ગોત્રકર્મનો બંધ કરે અને અપ્રતિહત આજ્ઞાવાળું એટલે જેની આજ્ઞા કોઈ ઉલ્લંઘી શકે નહિ તેવા ફળવાળું સૌભાગ્ય નામકર્મ પણ બાંધે છે."

- ધર્મસંગ્રહ ભા. ૧

હાલાર કેશરી

# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

હાલારની સરળ અને ભદ્રીક પ્રજામાં ધર્મના સંસ્કારોનું સિંચન કરવા અનેક પૂજ્યોના યોગદાનમાં વિશિષ્ટ યોગદાન **હાલાર દેશોદ્ધારક** પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **અમૃતસૂરીશ્વરજી** મહારાજા તથા તેમના શિષ્યરત્ન **હાલાર કેશરી** પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજનું છે.

**જન્મ-માતા-પિતા :**

પૂજ્યશ્રીનો જન્મ **વિ.સં. ૧૯૮૯**ની સાલમાં પોષ સુદ બીજના શુભ દિને હાલારના **લાખાબાવળ** ગામે પિતા **વાઘજીભાઈ,** માતા **કુંવરબેનના** ઘરે થયો હતો. તે પુત્રનું નામ **ખેતશીભાઈ** રાખવામાં આવ્યું. 'પુત્રના લક્ષણ પારણામાં' આ કહેવત અનુરૂપ લક્ષણો તે પુત્રના પારણામાં ચમકતા. તેઓ છ ભાઈઓ હતા. તેમાં ખેતશીભાઈની ધર્મની ભાવના નાની વયથી હતી. મોટા થતાં તેઓ જામનગર બોર્ડિંગમાં ભણવા ગયા. ત્યાં વ્યાવહારિક અભ્યાસ દરમ્યાન પણ તેઓશ્રીનું મન પ્રભુ વીરના ચીંધેલા સંયમ માર્ગે સંચરવાનું હતું. સંયમ ગ્રહણની ભાવના શરૂઆતથી જ તેઓમાં પ્રગટેલી હતી.

બોર્ડિંગમાં પાંચ પ્રતિક્રમણ સુધીના સૂત્રનો અભ્યાસ કર્યો અને સામાયિક-પ્રતિક્રમણરૂપ આવશ્યક ક્રિયાઓ હંમેશા કરતા હતા.

## ગુરુ ભગવંતનો ભેટો :

જ્યારે ખેતશીભાઈ બોર્ડિંગમાં અભ્યાસ કરતાં હતાં ત્યારે પૂ.આ.શ્રી.**અમૃતસૂરિ** મહારાજાનો ભેટો થયો. વિ.સં. ૨૦૦૫માં પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરિ મહારાજા પહેલી જ વાર હાલારમાં પધારેલા. પૂ.આ.શ્રીના પરિચયથી વૈરાગ્યભાવમાં વધારો થયો. દીક્ષાના રંગે રંગાવા લાગ્યાં અને મનોમન તેઓ શ્રીમદ્‌ના ચરણે પોતાનું જીવન ધરી દીધું.

'વીર શાસન' નામે સાપ્તાહિક શાસન સામે આવતાં આક્રમણોને ખાળતું હતું. તેનું પ્રકાશન વિ.સં. ૨૦૦૯ બંધ થતા 'મહાવીર શાસન' નામથી પાક્ષિક પ્રકાશિત થયું. જેમાં ખેતશીભાઈ વાઘજીભાઈ ગુઢકા તંત્રી પદે હતા. શાસનના તે કાર્યોનાં કાળમાં પણ સંયમના મનોરથમાં જ તેઓ રમતા.

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः — 





# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| સંસારી નામ | : ખેતશીભાઈ |
| જન્મ | : વિ.સં. ૧૯૮૯ પો. સુદ ૨ **લાખાબાવળ** |
| માતા | : કુંવરબેન |
| પિતા | : વાઘજીભાઈ ગુઢકા |
| દીક્ષા | : વિ.સં. ૨૦૧૦ જે. સુદ-૧૧ **વેરાવળ** |
| દીક્ષાની ઉંમર | : ૨૧ વર્ષ |
| દીક્ષા દાતા | : પૂ.આ.શ્રી અમૃતસૂરિ મ.સા. |
| ગુરુનું નામ | : પૂ.આ.શ્રી અમૃતસૂરિ મ.સા. |
| દીક્ષા પછીનું નામ | : મુનિ શ્રી જિનેન્દ્રવિજય મ. |
| વડી દીક્ષા | : વિ.સં. ૨૦૧૧ પો. વદ ૧૧ **લાખાબાવળ** |
| ગણિ-પંન્યાસ પદવી | : વિ.સં. ૨૦૨૩ પો. સુદ ૧૦ **લીંબડી** |
| આચાર્ય પદવી | : વિ.સં. ૨૦૩૮ વૈ.સુદ ૩ **જામનગર** |
| આચાર્ય પદ પર્યાય | : ૨૭ વર્ષ |
| સંયમ પર્યાય | : ૫૫ વર્ષ |
| કાળધર્મ | : વિ.સં. ૨૦૬૫ મ. વદ દ્વિ. ૦)) **જામનગર** |
| આયુષ્ય | : ૭૬ વર્ષ |

## દીક્ષા :

વર્ષોની ભાવના **વિ.સં. ૨૦૧૦ના જેઠ સુદ ૧૧ના** ફળીભૂત થઈ. તે શુભ દિને પૂ.આ.શ્રી વિજય **અમૃતસૂરિ મહારાજાના** શુભ હસ્તે **વેરાવળમાં સંયમ જીવનનો સ્વીકાર કર્યો.** તેઓશ્રીના શિષ્ય તરીકે નૂતન નામ મુનિ **શ્રી જિનેન્દ્રવિજય** રાખવામાં આવ્યું. **વડી દીક્ષા પણ વિ.સં. ૨૦૧૧ પોષ વદ ૧૧ના** તેમના વતન **લાખાબાવળમાં** થઈ.

સંયમના સ્વીકાર પછી ગુરુ નિશ્રાએ જ્ઞાનાદિકની આરાધના તેઓ કરતા. ગુરુમુખે શાસનની મહાનતા, શાસન રક્ષક સૂરિપુરંદરોની ગૌરવ કથાઓ સાંભળીને તેઓશ્રીએ પણ શાસનની અનેકવિધ સેવાઓ શરૂ કરી. સિદ્ધાતના અનેક પ્રશ્નોમાં કલમની કરામતથી સત્યનો સંદેશ જન માનસ સુધી પહોંચાડવામાં પ્રારંભ કર્યો.

## પંન્યાસ-આચાર્યપદ :

તેઓશ્રીની સંયમની ઉત્કૃષ્ટ સાધના તેમજ વિસ્તરતી જતી શક્તિ-ભક્તિથી આકર્ષાઈ પૂ. ગુરુદેવે તેઓશ્રીને પંન્યાસ પદવીથી અલંકૃત કરવાની ભાવના દર્શાવી હતી. પરંતુ તે દરમ્યાન પૂ. ગુરુદેવ કાળધર્મને પામી ગયાં.

ત્યાર બાદ તેઓશ્રીના વડીલ ગુરુ-બંધુ પૂ.પં.**શ્રી રાજેન્દ્રવિજયજી** ગણિવરે **ગણી તેમજ પંન્યાસ પદવી વિ.સં. ૨૦૨૩ પોષ સુદ ૧૦ના લીંબડી** મુકામે આપી. પોતે સિદ્ધાંત નિષ્ઠ હતા, 'સત્યના જ પક્ષે રહેવું' એવું સતત બોલતા, સત્યની વિરુદ્ધ બોલવાવાળા સામે પણ અડગ રહીને સામનો કરતા. ક્યારેય સત્ય માર્ગથી પાછા ડગતા નહિ એવા એ મહાપુરુષ અજોડ શાસન રક્ષક હતા. આવા અનેક ગુણોથી મંડિત તે મહાપુરુષને જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પ.પૂ.આ.દે.શ્રી.વિ.**રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં આચાર્યપદ અર્પણનો મહોત્સવ નક્કી થયો હતો. પરંતુ તેઓશ્રીને નાજૂક તબિયતના કારણોસર પાટડી સ્થિરતા કરવી પડેલ હોવાથી તેઓશ્રીમદ્‌ના વાસક્ષેપપૂર્વક આજ્ઞા-આશીષથી **વિ.સં. ૨૦૩૮ વૈશાખ સુદ ૩**ના રોજ **જામનગરમાં** ઓસવાલ કોલોનીનાં આંગણે પ્રતિષ્ઠા મહામહોત્સવમાં સત્યનિષ્ઠ પ.પૂ.આ.દે.શ્રી.વિ.**સોમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શુભ હસ્તે **આચાર્યપદવી** અર્પણ કરવામાં આવી. ત્યારથી **પૂ.આ.શ્રી.વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ** નામે પ્રખ્યાત થયાં.

નમસ્કાર મહામંત્રના તૃતીય પદ આચાર્યપદે આરૂઢ થયાં. પછી તેઓશ્રીની નિશ્રામાં અનેક **શાસન પ્રભાવના-રક્ષા અને આરાધનાનાં કાર્યો થયાં.** તેમાં મુખ્ય કાર્યો નીચે ક્રમશઃ જણાવ્યાં છે.

* શ્રી મહાવીર શાસનની જેમ શાસ્ત્રીય સિદ્ધાંતોની રક્ષા માટે વિ.સં. ૨૦૪૪ના સંમેલન દ્વારા જે અશાસ્ત્રિય નિર્ણયો જાહેર થયેલા તેના પ્રતિકાર માટે **'જૈન શાસન'** સાપ્તાહિકનાં પ્રકાશનની પ્રેરણા માર્ગદર્શન આપવાનું કાર્ય તેઓ શ્રીમદે કર્યું હતું.

- ૨૫ અંજન શલાકા, નાની-મોટી ૫૦ પ્રતિષ્ઠાઓ, ૧૬ છ'રી પાલિત સંઘો, લગભગ ૫૫ પુણ્યાત્માઓને પ્રવજ્યા પ્રદાન, ૧૧ ઉપધાન તપ આરાધના. તે ઉપરાંત અષ્ટાહ્નિકા. પંચાહ્નિકા આદિ અનેક જિનેન્દ્ર ભક્તિ મહોત્સવો થયાં.
- પ્રાચીન સાહિત્યનો પુનરુદ્ધાર કરવામાં અથાગ પરિશ્રમ ઉઠાવ્યો. અંતિમ ક્ષણ સુધી લેખન-સંપાદન કાર્ય અવિરત તેઓશ્રી કરતા હતા.
- તેઓશ્રીના માર્ગદર્શન-પ્રેરણાથી દિગ્વિજયપ્લોટ જામનગર મુકામે શ્રી શ્રુતભવન જૈન સાહિત્યનો મહામૂલો ખજાનો બન્યું.
- હાલારના ગામડાઓમાં વૃદ્ધશ્રાવકો માટે દેરાસર નિર્માણનાં કાર્યો થયા. રાજકોટમાં કાલાવડ રોડ ઉપર ભવ્ય બાવન જિનાલય બન્યું. શ્રી ડોળીયા તીર્થ તેઓશ્રીના માર્ગદર્શનથી જ આસ્થાનું કેન્દ્ર બન્યું. શંખેશ્વર મહાતીર્થમાં પણ માર્ગદર્શનથી સ્વતંત્ર હાલાર સમાજનું ભવ્ય જિનાલય, ઉપાશ્રય ધર્મશાળા આદિથી ભરપૂર સંકુલ નિર્માણ પામ્યું. આમ તેઓશ્રીની નિશ્રામાં અનેક નવાં દેરાસરો બન્યા. બેંગ્લોર મુકામે પણ પ્રેરણા પામી જિનમંદિર, ઉપાશ્રય અને આયંબિલ ભવનનું નિર્માણ થયું.
- આગમ પંચાગી, અનેક મહાપુરુષોના પ્રકીર્ણક ગ્રન્થો, સટીક ગ્રન્થો, કથા ગ્રંથો, સાહિત્ય ગ્રંથો, ન્યાય વ્યાકરણના ગ્રન્થોનું સંપાદન તેઓશ્રીના હાથે થયું.
- શ્વેતામ્બર જૈન તીર્થ દર્શન ભાગ-૧ અને ૨નું સંકલન-સંપાદન તેઓશ્રીના શુભ હસ્તે થયું.
- અનેક સંઘોમાં શ્રુતજ્ઞાન પ્રદાયક પાઠશાળોઓનો પ્રારંભ કરાવ્યો.
- આફ્રીકા-લંડનમાં વસવાટ કરતા હાલાર સમાજને પણ ધર્મમાં આગળ વધારવાનું કામ અહીં રહ્યાં. તેઓશ્રીએ કર્યું હતું.
- ૨૫૦૦ની રાષ્ટ્રીય સ્તરે થનારી ભગવાન શ્રી મહાવીરસ્વામીની અશાસ્ત્રીય ઉજવણી અંગે સત્ય સિદ્ધાંત રક્ષક પ.પૂ.આ.દે.શ્રી.વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ પ્રચંડ વિરોધ દર્શાવેલ તે વિરોધમાં પૂજ્યશ્રીએ મુખ્ય સેનાપતિ તરીકેનું કાર્ય કરેલ.
- જીવનકાળ દરમ્યાન શાસન રક્ષાના દરેક પ્રસંગોમાં સદા માટે અગ્રેસર રહેતા. તપાગચ્છાધિરાજ પ.પૂ.આ.દે.શ્રી.વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની સાથે રહીને દરેક કાર્યો કરતા.
- પર્વ તિથિની ક્ષય-વૃદ્ધિ નિર્ણય જેવા તિથિરક્ષાના કાર્યોમાં પોતાના ગુરુદેવની જેમ જ તેઓશ્રી પણ પરમ શાસન પ્રભાવક સૂરિરામની સાથે જ રહી ઉદ્‌યાત ચોથની આરાધના કરતા.
- વિ.સં. ૨૦૪૨ અને વિ.સં. ૨૦૪૪ ના અમદાવાદ (રાજનગર) સ્થિત મુનિસંમેલનમાં થનારા અશાસ્ત્રીય નિર્ણયોના વિરોધમાં મોખરે રહી સત્ય પક્ષનું કાર્ય કરેલ.

## અંતિમ આરાધના :

છેલ્લા ત્રણ વર્ષથી તબિયત વધારે નાજુક થતી હતી. છતાં પણ શાસનના કાર્યોમાં માર્ગદર્શન-નિશ્રા આપવાનું ચાલુ જ હતું. ભીવંડી-જામનગર આદિ ચાતુર્માસમાં અનેક તકલીફો શરીરમાં રહેતી. તે સ્થિતિમાં પણ ધૈર્યતા, ગંભીરતા, સમાધિ અને પ્રસન્નતા અપૂર્વ રાખતા.

છેલ્લે પંદર દિવસમાં વધારે તબિયત બગડતા રાજકોટ મુકામે ચિકિત્સા કરવામાં આવી. ત્યાં મુનિ **શ્રી હેમેન્દ્રવિજય મ.** તથા **મુનિ શ્રી નમ્રેન્દ્રવિજય મ.** ખડે પગે તેઓશ્રીની સેવા કરતા.

પૂજ્યશ્રીને જાણે ખબર પડી ગઈ હોય કે, 'હવે આયુષ્ય બહું લાંબુ નથી' તેમ પહેલેથી જ આહાર પાણીનો ત્યાગ કર્યો. મોટે ભાગે જાણે સમાધિ લીધી હોય તેમ તેઓ રહ્યાં હતાં. **જામનગર** મુકામે હોસ્પિટલમાં **વિ.સં. ૨૦૬૫ની મહા વદ દ્વિ. અમાસના** રોજ સમાધિપૂર્વક તેઓશ્રી કાળધર્મને પામ્યાં.

- અગ્નિ સંસ્કારનો લાભ સારી ઉછામણી બોલીને પૂ.આચાર્ય મહારાજશ્રીના સંસારી કુટુંબીજનોએ લીધો હતો અને દિગ્વિજય પ્લોટમાં વેચાતી લીધેલી જગ્યામાં અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ.

### સંયમ વિરુદ્ધ અનુષ્ઠાન કરવાથી દુરંત સંસારની વૃદ્ધિ થાય છે.

ભગવાન મહાવીર પરમાત્માના હસ્તે દીક્ષિત થયેલા અવધિજ્ઞાની શ્રી ધર્મદાસ ગણિવર જણાવે છે કે,

**जोइस - निमित्त अक्खर - कोउयआएस भूइकम्मेहिं ।**
**करणाणुमोअणाहि अ, साहुस्स तवक्खओ होइ ।।११५।।**

- ઉપદેશમાલા

**ભાવાર્થ** : ગૃહસ્થને જ્યોતિષ કહેવું, તેમની કુંડલી ગણી આપવી, કુંડલી જોઈને ફળાદેશ કહેવો, તે દ્વારા તેનું ભવિષ્ય ભાખવું, હોરાદિક નિમિત્તો કહેવાં, અક્ષરોનો અનુયોગ, મંત્ર બીજ કહેવાં, સ્નાનાદિક કૌતુક કથન કરવું. **'આ વસ્તુ આમ જ બનશે'** તેવો નિર્ણય કરવો, રક્ષા-પોટલી આદિ ભૂત-કર્મ દોરા-ધાગાદિક કરી આપવા, મંત્ર, તંત્ર આપવા, ઇત્યાદિક વિષયો પોતે કરવા, બીજા પાસે કરાવવા, કરતાને સારા માનવા-અનુમોદના કરવી. **તેમ કરનાર સાધુ અનશનાદિક બાર પ્રકારનો તપ કરતો હોય તો પણ તે કરેલો તપ ઉપર કહેલ કાર્ય કરવાથી નિષ્ફળ થાય છે** માટે આ સમજી **પહેલેથી જ આવાં પ્રકારના સંયમ વિરુદ્ધ અનુષ્ઠાન દૂરથી જ પરિહરવાં. કારણ કે, તેનાથી દુરંત સંસારની વૃદ્ધિ થાય છે. (૧૧૫)**

**ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા.**

**ગુજરાતી ભાષાંતર કરનાર પૂજ્ય આચાર્ય શ્રી હેમસાગરસૂરિ મહારાજ**

**પરમાત્માના સ્વહસ્ત દીક્ષિત ગ્રંથકારની આ વાત દરેક સાધુ-ભગવંતોએ લક્ષમાં રાખવા જેવી છે. તેમજ શ્રાવકોએ પણ સંસાર સંબંધી કોઈ કાર્ય માટે સાધુ ભગવંતો પાસે જવું ન જોઈએ.**

## પરિશિષ્ટ

# શાસન પ્રભાવક સૂરિવરો

### આ પુસ્તકમાં નીચે મુજબ પુસ્તકનો આધાર લીધેલ છે.


૧. શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો
૨. સન્માર્ગ પાક્ષિકના વિવિધ વિશેષાંકો
૩. ગુણાનુવાદ પ્રવચન
૪. સાગર કાંઠે છબછબીયા
૫. સિદ્ધ-મેઘ-ગુણ કિર્તન
૬. આગમપ્રજ્ઞ આચાર્યદેવ
૭. યશોગુણગાન
૮. સાધુતાનો આદર્શ
૯. મહાપંથનો યાત્રી અને અમરતપો એ સાધુ ચરિતસૂરિ દેવ
૧૦. કવિકુલકિરીટ યાને સૂરિશેખર
૧૧. પૂ. ઉપાધ્યાય શ્રીવીરવિજયજી મ.સા.
૧૨. મુક્તિનો મારગ ''ીઠો
૧૩. શ્રી હીરસૂરિજીનો રાસ
૧૪. વાગડ સમુદાય દર્શન
૧૫. સંભારણાં સૂરિ પ્રેમના
૧૬. પ્રેમ પયોનિધિ
૧૭. પ્રેમગુણ ગંગામાં સ્નાન કરીએ
૧૮. પૂ.આ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જિનવાણી વિશેષાંક
૧૯. રામને પ્રણામ.
૨૦. આ છે ગુરુદેવ અમારા
૨૧. નમામિ રામચન્દ્રમ્
૨૨. પૂ.આ.શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા સ્મૃતિ ગ્રંથ
૨૩. પરમશ્રદ્ધેય સૂરિદેવ
૨૪. કમલપ્રબંધ યાને જગત્ જ્યોત
૨૫. અમર ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ.
૨૬. પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી પ્રવચનમાલા
૨૭. પૂ.આ.શ્રીલબ્ધિસૂરિ મ.સા. કલ્યાણ વિશેષાંક
૨૮. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર કલ્યાણ વિશેષાંક
૨૯. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરનું જીવન ચરિત્ર
૩૦. પૂ.આ.શ્રી કનકચન્દ્રસૂરિ મ.સા.નું જીવન ચરિત્ર તથા કલ્યાણ વિશેષાંક
૩૧. પૂ.આ.શ્રીરાજતિલકસૂરિ મ.સા. જિનવાણી પાક્ષિક
૩૨. સૂર્ય જેવા તેજસ્વી ચંદ્ર જેવા શીતળ
૩૩. પૂ.આ.શ્રી વિજયા નંદસૂરિ મ.સા. (પૂ. આત્મારામજી મ.)નું જીવનચરિત્ર

## "શાસન પ્રભાવક સૂરિવરો" - પુસ્તકનું શુદ્ધિ પત્રક

### પ્રસ્તાવના ૧ થી ૧૬ પાના

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬ | ૧૦ | શાસની | શાસનની |
| ૬ | ૨૦ | બુટેરાયાજી | બુટેરાયજી |
| ૧૩ | ૨૧ | વૈ.સુ. ૧૦ | વૈ.સુ. ૧૧ |

### પુસ્તકના પાના ૧ થી ૩૭૦

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૭ | ૧૩ | પ્રાણંત | પ્રાણાંત |
| ૮૩ | છેલ્લી | વિ.સં. ૧૯૫૨ | વિ.સં. ૧૯૯૨ |
| ૧૭૦ | ૧૬ | પો.વદ-૫ | પોષ વદ-૧+૨ |
| ૧૯૫ | ૨ | ગણિપદ વિ.સં. ૨૦૧૩<br>પોષ વદ-૨ | ગણિપદ વિ.સં. ૨૦૧૨<br>આસો વદ-૫ |
| ૨૧૧ | ૧૬ | ૮૪ વર્ષની વયે | ૮૨ વર્ષની વયે |
| ૨૪૩ | ૩ | ભાયખલાના | ભૂલેશ્વર લાલબાગ-મુંબઈના |
| | ૧૭ | માંડલમાં | વઢવાણમાં |
| ૩૦૦ | ૭ | વૈ.સુ. ૧૫ | વૈ.સુદ-૫ |
| ૩૨૬ | ૨૧ | વિ.સં. ૧૯૭૨ | વિ.સં. ૧૯૭૬ |
| ૩૨૭ | ૧૪ | મહા સુદ-૧૦ | મહા સુદ-૧૧ |

### સચિત્ર તવારીખના પાના (ફોટાના પેજ)

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| * ૧ | - | જન્મ - મા.વ. ૯ પંન્યાસ ઉ. પદવી<br>વિ.સં. ૧૬૦૮ નાડલાઈ | જન્મ - મા.સુ. ૯ પંન્યાસ પદવી<br>વિ.સં. ૧૬૦૭ નાડલાઈ, ઉપાધ્યાય-<br>પદવી વિ.સં. ૧૬૦૮ નાડલાઈ |
| * ૨૫ | - | જન્મ - ભા. સુદ -અધાર | જન્મ, ભા. સુદમાં ગામ-અઘાર |
| * ૩૩ | - | જન્મ : વિ.સં. ૧૮૯૩ | જન્મ : વિ.સં. ૧૮૯૨ |
| ૩૩ | - | સ્થાનકવાસી દીક્ષા - જીરા | સ્થા. દીક્ષા - માલેર કોટલા |
| * ૮૪ | - | પં.પદવી વિ.સં. ૧૯૮૧<br>કા.વદ-૬ | પં.પદવી વિ.સં. ૧૯૮૧<br>મા.સુ. ૫ |
| * ૧૭૩ | - | આચાર્ય પદવી - મા.સુદ-૩ | આચાર્ય પદ - મા.સુદ-૨ |
| * ૧૭૮ | - | આયુષ્ય - ૭૯ વર્ષ | આયુષ્ય - ૬૦ વર્ષ |
| * ૧૯૫ | - | ગણિપદવી - વિ.સં. ૨૦૧૩ | ગણિપદવી - વિ.સં. ૨૦૧૨ |
| * ૧૯૮ | - | ગણિ - કા.વદ-૫ | ગણિ - ફા.સુદ-૩ |
| * ૨૦૬ | - | આયુષ્ય - ૮૩ વર્ષ | આયુષ્ય - ૮૨ વર્ષ |
| * ૨૪૧ | - | આચાર્ય પદવી - મા. સુદ-૩ | આચાર્ય પદવી મા.સુદ-૨ |
| * ૩૧૦ | - | દીક્ષા વિ.સં. ૧૯૮૮ અમદાવાદ | દીક્ષા વિ.સં. ૧૯૮૮<br>પોષ વદ-૫ અમદાવાદ |
| * ૩૧૮ | - | આચાર્ય પદ પર્યાય - ૭ વર્ષ | આચાર્યપદ પર્યાય - ૨૭ વર્ષ |
| * ૩૩૪ | - | વડી દીક્ષા - વૈ. વ. ૫<br>કાળધર્મ - વિ.સં. ૨૦૨૮ | વડી દીક્ષા - વૈ. સુદ-૫<br>કાળધર્મ - વિ.સં. ૨૦૨૯ |
| * ૩૫૮ | - | ઉપાધ્યાય - વૈદ વદ-૧ | ઉપાધ્યાય - વૈશાખ વદ-૧ |

**નોંધ : * ચિહ્ન ફોટા સહિત તવારીખના પાના સૂચવે છે.**



## મહાપુરુષોનાં જીવન ચરિત્રો એકથી અનેકવાર શા માટે લખવાં અને વાંચવાં?

ચૌદસો ચુંમાલીસ ગ્રંથ રત્નોના પ્રણેતા પરમર્ષિ શ્રીમાન હરિભદ્રસૂરીશ્વર મહારાજશ્રીના લલિત-વિસ્તરા ગ્રંથમાં દર્શાવેલ **यतितव्यमुत्तमपुरुषनिदर्शनेषु** આ એક જ વચન જેઓના સ્મરણમાં હશે તેઓને **'મહાપુરુષોનાં જીવન ચરિત્રો એકથી અનેકવાર શા માટે લખવાં કે વાંચવાં ?'** એનું રહસ્ય અગમ્ય નથી. મકાન ચણનારા કારીગરોને જેમ નકશાનો આધાર લેવો પડે છે, નૂતન ચિત્રકારને જેમ ભિન્ન ભિન્ન શિલ્પીઓના જુદા જુદા નમુનાઓનો આધાર લેવો પડે છે, **તેમ દુનિયામાં નવીન અસાધારણ અનુભવ પ્રમાણે જીવન ઘડવામાં નિર્બળતાની છેક હદે પહોંચવા જેવી આપણી દયાજનક સ્થિતિમાંથી કાંઈક અપૂર્વબળ, અપૂર્વ ઉત્સાહ, અપૂર્વ ગુણ તેમજ અપૂર્વ ઉદય પ્રાપ્ત કરવામાં આપણને આ લોકમાં થઈ ગયેલા તે લોકોત્તર મહાપુરુષોનાં જીવન ચરિત્રો, સત્ય આધારરૂપે છે.** એ ચરિત્રો વાંચનારને અને સાંભળનારાને ખચિત ઉપકારક અને માર્ગદર્શક છે એ નિઃસંશય છે.

– પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સન્માર્ગ પ્રકાશન

ISBN-978-81-87163-66-4